શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૫

# શ્રી આનંદઘન-ચોવીશી

[ પાઠાંતર, શબ્દાર્થ, અર્થ, શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ટબાના
આધુનિક ભાષામાં અવતરણ તથા વિવેચન સહિત ]

લેખક

**સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા**

બી. એ., એલએલ. બી., સોલિસિટર અને નોટરી પબ્લિક

સંપાદક

રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રકાશક

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦૦૩૬

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૫

# શ્રી આનંદઘન-ચોવીશી

[ પાઠાંતર, શબ્દાર્થ, અર્થ, શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ટબાના
આધુનિક ભાષામાં અવતરણ તથા વિવેચન સહિત ]

લેખક

**સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા**

બી. એ., એલએલ. બી., સોલિસિટર અને નોટરી પબ્લિક

સંપાદક

**રતિલાલ દીપચંદ દેસાઈ**

પ્રકાશક

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦૦૩૬

**પ્રકાશક :**

જયંતીલાલ રતનચંદ શાહ
જગજીવન પોપટલાલ શાહ
ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ
  મંત્રીઓ

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ
**મુંબઈ-૪૦૦૦૩૬**

પહેલી આવૃત્તિ
વિ. સં. ૨૦૨૬; શ્રાવણ
વીરનિર્વાણ સંવત ૨૪૯૬
ઈ. સ. ૧૯૭૦ : ઑગસ્ટ
દ્વિતીય આવૃત્તિ
વિ. સં. ૨૦૪૧ ચૈત્ર
વીર નિર્માણ સંવત ૨૫૧૧
ઈ. સ. ૧૯૮૫ : માર્ચ

## કિંમત વીસ રૂપિયા

નકલ : ૨૦૦૦

**મુદ્રક :**

ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
શારદા મુદ્રણાલય
જુમ્મા મસ્જિદ સામે, પાનકોર નાકા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

# પ્રકાશકીય નિવેદન

## (બીજી આવૃત્તિ પ્રસંગે)

જેઓનું નામ અને કામ શ્રી મહાવીર જૈન વિદ્યાલય સાથે સતત જોડાયેલ છે તે સ્વ. શ્રી મોતીચંદભાઈ કાપડિયાને રોજ સામાયિક કરીને લખવાનો નિયમ હતો. એમણે ઊંડા શાસ્ત્રાભ્યાસને કારણે યોગીરાજ આનંદઘનજીના તાત્ત્વિક સ્તવનોનું ગહન ચિંતન-મનન કર્યું હતું. આ રીતે 'શ્રી આનંદઘનજી ચોવીશી'ની કૃતિનું સર્જન થયું છે. પરિણામે શ્રી આનંદઘનજીની રચેલ સર્વ કૃતિઓ સરળ અને લોકપ્રિય શબ્દાર્થ અને ભાવાર્થ વાચકોને કંઠસ્થ કરવાનું સરળ થઈ રહ્યું છે.

શ્રી આનંદઘન ચોવીસીનું સંપાદન વિદ્વાન વિચારક, ચિંતક અને લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કરતાં આ ગ્રંથની સામગ્રીની વિશેષતા અને ચાહના વધી છે, આ ગ્રંથ ઉપરનું સંપાદકીય વિવેચન બહુ સરળ અને સાદી ભાષામાં આલેખાયેલ હોઈ સામાન્ય વ્યક્તિ પણ તુરત ગ્રહણ કરી શકે છે, અને સંશોધકોને નવી કેડી પ્રાપ્ત થાય છે. પરિણામે શ્રી આનંદઘનજીની કૃતિઓની વિશેષતા નવો વિચારપ્રવાહ પૂરો પાડે છે.

આ ગ્રંથની સતત માગણી રહેતાં, તેનું પુનર્મુદ્રણ થયું છે. જિજ્ઞાસુ અને વાંચકોને આ પ્રકાશન જરૂર ઉપયોગી થશે અને લાંબા સમયની વાંચકોની જરૂરિયાત આ રીતે સંસ્થા દ્વારા સંતોષાય છે એનો અમને આનંદ છે.

આ ગ્રંથનું સ્વચ્છ અને સુઘડ મુદ્રણ અમદાવાદના શારદા મુદ્રણાલયે કરી આપ્યું, તેના પ્રુફ રીડિંગનું કામ શ્રી ગોહિતભાઈ શાહે સંભાળી લીધું અને બાઇન્ડિંગ ભગવતી બાઈંડિંગ વર્કસવાળા શ્રી નાનાલાલ વ્યાસે કરી આપ્યું છે, તેઓ સર્વ પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણીઓ દર્શાવીએ છીએ.

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ
**મુંબઈ-૪૦૦૦૩૬**
ચૈત્ર સુદિ ૧૩, બુધવાર
તા. ૩-૪-૧૯૮૫

**જયંતિલાલ રતનચંદ શાહ**
**જગજીવન પોપટલાલ શાહ**
**ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ**
મંત્રીઓ

# પ્રકાશકનું નિવેદન

卐

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નામ અને કામનો વિચાર કરીએ અને સ્વર્ગસ્થ સ્વનામધન્ય શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાનું પુણ્યસ્મરણ ન થઈ આવે એવું બને જ નહીં : એવા ગાઢ આત્મીય ભાવે તેઓ વિદ્યાલય સાથે સંકળાયલા હતા. વિદ્યાલયની સ્થાપનામાં, એના કારોબારને સુવ્યવસ્થિત બનાવવામાં, એને આર્થિક દૃષ્ટિએ પગભર કરવામાં, ઝંઝાવાત જેવી મુસીબત વખતે એના અસ્તિત્વને ટકાવી રાખવામાં અને સંસ્થાના વિદ્યાર્થીઓના સંસ્કાર-ઘડતરમાં તેઓએ જે લાગણી અને નિષ્ઠાભરી કામગીરી બજાવી હતી તે બેનમૂન અને અન્ય સંચાલકોને માટે ઉત્તમ આદર્શની કે પ્રકાશની ગરજ સારે એવી હતી. સાચે જ, તેઓ સંસ્થાના પ્રાણ હતા, અને એમના રોમરોમમાં સંસ્થાના હિત અને વિકાસની તમન્ના ધબકતી હતી.

શ્રી મોતીચંદભાઈના જીવનમાં જેમ સમાજકલ્યાણની ભાવના ઓતપ્રોત બનેલી હતી, તેમ ધર્માનુરાગ અને વિદ્યાનુરાગ પણ એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયા હતા. એમની ધર્મભક્તિ બાહ્યાડંબરી કે ઉપરછલ્લી રહેવાને બદલે જીવનસ્પર્શી બની હતી; અને તેથી એ એમને ધર્મશાસ્ત્રોના અવલોકન-અધ્યયન –ચિંતન તરફ દોરી ગઈ હતી : શાસ્ત્રીય વિષયોનું અધ્યયન અને આલેખન એ એમનો નિત્યનો ક્રમ બની ગયું હતું. સંખ્યાબંધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ તેઓ સ્વસ્થ ચિત્તે સમાયિક કરવાનું ન ચૂકતા, અને એમાં શાસ્ત્રીય વાચન-મનન અને લેખનનું કાર્ય અવિરતપણે કરતા. ઉપમિતિભવપ્રપંચાકથા, અધ્યાત્મકલ્પદ્રુમ કે શ્રી આનંદઘનજીનાં પદો જેવા પ્રાચીન, દુર્ગમ ગ્રંથોનું સરળ–સુગમ–રોચક ભાષાંતર કે વિવેચન, એ એમના સામાયિકનું જ ફળ લેખી શકાય. પ્રાચીન ધર્મગ્રંથોનાં ભાષાંતર-વિવેચન ઉપરાંત તેઓએ કેટલીક સ્વતંત્ર કૃતિઓ પણ રચી છે. આ ઉપરથી એમ કહી શકાય કે ધર્માત્મા પૂણિયા શ્રાવકનું સામાયિક એક રીતે અમર બની ગયું, તો શ્રી મોતીચંદભાઈ સામાયિક સાહિત્યસર્જનરૂપે, બીજી રીતે, યાદગાર બની ગયું ! "શ્રી આનંદઘનપદ્યરત્નાવલી" (બીજી આવૃત્તિ "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ પહેલો)ની પ્રસ્તાવનામાં તેઓએ પોતે જ કહ્યું છે કે–"દરરોજ સવારના સામાયિક કરવાના નિયમનું આ પરિણામ છે."

આજે "શ્રી આનંદઘન-ચોવીશી"નો આ દળદાર ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે તે પણ શ્રી મોતીચંદભાઈના સામાયિક અને શાસ્ત્રાભ્યાસનું જ સુપરિણામ છે. પોતાના અવસાનના છ-સાત મહિના પહેલાં– સને ૧૯૫૦ ના ઑગસ્ટ માસમાં–જ શ્રી મોતીચંદભાઈએ આ ગ્રંથ પૂરો કર્યો હતો અને પ્રકાશન માટે વિદ્યાલયને સોંપ્યો હતો. આજે વીસે વર્ષે એ ગ્રંથ પહેલી જ વાર સંસ્થા તરફથી પ્રગટ થાય છે, અને વિદ્વાનો અને જિજ્ઞાસુઓ સમક્ષ આ કૃતિ રજૂ કરવાનો સુઅવસર અમને સાંપડે છે, એનો એમને ખૂબ સંતોષ અને હર્ષ છે. આવા પ્રસંગે શ્રી મોતીચંદભાઈની વિશિષ્ટ શક્તિઓ અને અનેકવિધ સેવાઓનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ થઈ આવે એ સ્વાભાવિક છે. અમે તેઓના પવિત્ર આત્માને અમારી ભાવભરી અંજલિ અર્પણ કરીએ છીએ.

આ ગ્રંથમાં, શ્રી મોતીચંદભાઈએ યોગીરાજ શ્રી આનંદઘનજીએ રચેલ તાત્ત્વિક અને આધ્યાત્મિક સ્તવનોના પાઠાંતરો, અર્થ, શબ્દાર્થ તથા શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ટબાનો સાર આપવા સાથે, બધાંય સ્તવનોની એકએક કડીનું સવિસ્તર વિવેચન કર્યું છે. અને તેથી આ ગ્રંથ પણ, એમના બીજા કેટલાક ગ્રંથોની જેમ,

ઠીક ઠીક મોટો બન્યો છે. શ્રી મોતીચંદભાઈના "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજો નામે વિવેચન-ગ્રંથની જેમ, આ ગ્રંથનું સંપાદન પણ ભાઈ રતિલાલ દીપચંદ દેસાઈને સોંપવામાં આવ્યું હતું. એ કામ તેઓએ પૂરું કરી આપ્યું, તેનો અમને આનંદ છે, અને તે માટે એમને ધન્યવાદ ઘટે છે. શ્રી આનંદઘનજીનાં સ્તવનો તેમ જ શ્રી મોતીચંદભાઈના વિવેચન વગેરે અંગે કે સમગ્ર રીતે આ ગ્રંથ અંગે જે કંઈ કહેવા જેવું છે તે વિશે તેઓએ એમના સંપાદકીય નિવેદનમાં લખ્યું છે, એટલે એ બાબતમાં અમારે કંઈ કહેવાનું રહેતું નથી.

આ ગ્રંથનું સ્વચ્છ-સુઘડ મુદ્રણ અમદાવાદના સુપ્રસિદ્ધ મધુરમ્ ટાઇપ સેટિંગ્સે કરી આપ્યું છે. અને એનું બાઈંડિંગ સાંભારે એન્ડ બ્રધર્સે કરી આપ્યું છે. એ બન્નેનો અમે આભાર માનીએ છીએ.

શ્રી આનંદઘનજીની ખૂબ જાણીતી છતાં અત્યાર લગી અલ્પવિવેચિત આ કાવ્યકૃતિઓ જેટલી દુર્ગમ અને અર્થગંભીર છે, એટલી જ, એનો અર્થ સ્ફુટ થતાં, નિજાનંદ ઉપજાવે એવી હૃદયસ્પર્શી છે. શ્રી મોતીચંદભાઈની જ્ઞાનોપાસનાની પ્રસાદીરૂપ આ વિવેચનથી આ કૃતિઓ સુગમ અને વિશેષ આસ્વાદ્ય બનશે, એવી અમને ઉમેદ છે.

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઈ-૨૬
વિ. સં. ૨૦૨૬, જેઠ વદિ ૯
તા. ૨૭-૬-૧૯૭૦

**ચંદુલાલ વર્ધમાન શાહ**
**જયંતીલાલ રતનચંદ શાહ**
**બાલચંદ જી. દોશી**
માનદ મંત્રીઓ
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

# સંપાદકીય

સ્વર્ગસ્થ શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાની ધર્મરુચિ અને વિદ્યાપ્રીતિ જાણીતી હતી. એમના જીવનમાં સધાયેલ ધર્મ અને વિદ્યાના સુમેળને લીધે તેઓ ધર્મશાસ્ત્રોના અભ્યાસ તરફ સારી રીતે આકર્ષાયા હતા, એટલું જ નહીં, ધર્મગ્રંથોનું સતત અધ્યયન અને ચિંતન તેમ જ ધર્મતત્ત્વોના પરિચાયક અને ધર્મ-સંસ્કારોના પોષક સાહિત્યનું સર્જન, એ એમના જીવનનો નિત્યક્રમ બની ગયો હતો. સાહિત્યના અવલોકન અને આલેખનની આવી ઉત્કટ રુચિને લીધે તેઓ સોલિસિટર જેવા ગંભીર વ્યવસાય વચ્ચે તેમ જ રાષ્ટ્રીય, સામાજિક અને શિક્ષણને લગતી જવાબદારીભરી સંખ્યાબંધ પ્રવૃત્તિઓની વચ્ચે પણ ચિત્તની સ્થિરતા, બુદ્ધિની નિર્મળતા અને આત્માની સ્વસ્થતારૂપે નિજાનંદનો અનુભવ કરી શકતા હતા, અને પોતાના સમગ્ર જીવનને ધાર્મિકતા અને સંસ્કારિતાથી સુરભિત બનાવી શક્યા હતા. વિદ્યાપરાયણતા, ધાર્મિકતા અને સંસ્કારપરાયણતારૂપ ત્રિવેણીસંગમ સાધીને તેઓએ પોતાના જીવનને કૃતાર્થ બનાવ્યું હતું. તેઓની ધાર્મિકતા કદાગ્રહી સાંપ્રદાયિકતા, અંધશ્રદ્ધાભરી સંકુચિતતા અને માર્ગ ભુલાવનાર અહંકારથી મુક્ત, વ્યાપક તેમજ ગુણોની ગ્રાહક હતી તેથી જ તેઓ જૈન ધર્મશાસ્ત્રોની જેમ અન્ય ધર્મોના સાહિત્યનું પણ આદરપૂર્વક વાચન-મનન કરી શક્યા હતા.

આમ તો શ્રી મોતીચંદભાઈએ અનેક વિષયના ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું હતું અને એમાંના કેટલાક ગ્રંથોનું ભાષાંતર કે વિવેચન પણ કર્યું હતું. પણ, એમ લાગે છે કે, યોગીરાજ શ્રી આનંદઘનજીએ એમના ચિત્ત ઉપર જાણે એક જાતનું કામણ કર્યું હતું; અને એને લીધે તેઓ, પદો અને સ્તવનોરૂપે વ્યક્ત થયેલી, એમની તાત્ત્વિક અને મસ્તીભરી બધીય કાવ્યકૃતિઓનો મર્મસ્પર્શી અને સર્વગ્રાહી અભ્યાસ કરવા પ્રેરાયા હતા. મર્મી આનંદઘનજીની ચિંતનપૂર્ણ કાવ્યકૃતિના મર્મને પામવામાં દિવસો અને મહિનાઓ સુધી સહૃદયતા અને નિષ્ઠાભર્યો પ્રયત્ન કરવામાં તેઓએ ક્યારેય સમયનો લોભ કર્યો નથી; ઊલટું, એ રીતે સમયનો ઉપયોગ કરવામાં તેઓએ એક પ્રકારના આંતરિક સંતોષ અને આહ્લાદનો જ અનુભવ કર્યો હતો. યોગપુરુષ આનંદઘનજી સાથે શ્રી મોતીચંદભાઈના સર્વ યોગો જાણે એકરૂપ બની ગયા હતા. તેથી જ વિ. સં. ૧૯૬૭થી શરૂ થયેલ તેઓનો આનંદઘન-સ્વાધ્યાય છેક વિ. સં. ૨૦૦૬ સુધી, લગભગ ચાર દાયકા સુધી, છૂટક છૂટક ચાલતો રહ્યો હતો! અને એના પરિપાકરૂપે તેઓ શ્રી આનંદઘનજીની સમગ્ર કાવ્યકૃતિઓનું (૧૦૮ પદો અને ૨૨+૬ ક્ષેપક મળીને કુલ ૨૮ સ્તવનોનું) સવિસ્તર વિવેચન લખી શક્યા હતા.

આ પદોના અભ્યાસની શરૂઆત કેવી રીતે થઈ, તે અંગે શ્રી મોતીચંદભાઈએ પોતે જ "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ પહેલો કે જેની પહેલી આવૃત્તિ "શ્રી આનંદઘન પદ્ય-રત્નાવલી" નામે પ્રગટ થઈ હતી, તેની પ્રસ્તાવનામાં લખ્યું છે કે—

> "આ પદો જિનમંદિરમાં, અન્ય ધાર્મિક પ્રસંગે ગવાતાં સાંભળ્યાં હતાં, પરંતુ એક પ્રસંગે તે વાંચવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં જણાયું કે તે પદો સામાન્ય રીતે સમજી શકાય તેમ નથી. તે સમજવાં માટે શાસ્ત્રશૈલીનું ઘણું સ્પષ્ટ જ્ઞાન હોય અને શ્રી આનંદઘનજીની ભાષા સમજતા હોય તેવા અભ્યાસી વિદ્વાનની મદદની ખાસ આવશ્યકતા છે એમ લાગ્યું. અધ્યાત્મકલ્પદ્રુમનું મૂળ સંસ્કૃતમાં છે, તેનો લાભ લેનારા કરતાં પણ આવાં પદોનો શ્રવણ-મનન દ્વારા લાભ લેનાર વિશેષ મળવા સંભવિત ધારી તેની અર્થગવેષણા કરવા માંડી. દરમિયાન સંવત ૧૯૬૭ ના ચૈત્ર-વૈશાખની ઉનાળાની રજાના વખતમાં શ્રી ભાવનગર જવાનું થતાં ત્યાં શાંતમૂર્તિ શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી ગણિ, જેઓનું આગમનું જ્ઞાન અનુભવસિદ્ધ અનેક પ્રસંગે થયું હતું, તેઓને આ પદના અર્થો સંભળાવવા વિજ્ઞપ્તિ કરી.

તેઓએ જરા ઇચ્છા બતાવી તેથી બીજે દિવસે છાપેલ પુસ્તકની એ કોપી લઈ તેઓ પાસે ગયો. તેઓએ પ્રથમ ત્રણ પદ સમજાવ્યાં, તેમાં બહુ જ આનંદ થયો."

આ રીતે વિ. સં. ૧૯૬૭ માં શ્રી મોતીચંદભાઈએ શ્રી આનંદઘનજી મહારાજની રચનાઓનો અભ્યાસ શરૂ કર્યો. આ જ હકીકત શ્રી મોતીચંદભાઈએ "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજાની વિ. સં. ૨૦૦૧ના માહ શુદિ પાંચમના રોજ લખેલી પ્રસ્તાવનામાં પણ આપી છે. આ અભ્યાસના પહેલા ફળરૂપે "શ્રી આનંદઘન-પદ્યરત્નાવલી" નામે ગ્રંથ કે જેમાં શ્રી મોતીભાઈએ શ્રી આનંદઘનજીનાં ૫૦ પદોનું વિવેચન કર્યું હતું, તેની પહેલી આવૃત્તિ વિ. સં. ૧૯૭૧ માં, ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી પ્રગટ થઈ હતી. આનો અર્થ એ થયો કે શ્રી મોતીચંદભાઈએ આ પદોનો અભ્યાસ કરવાની શરૂઆત કરી તે પછી ચાર જ વર્ષમાં ૫૦ પદોના સવિસ્તર વિવેચન અને ૧૦૨ પાનાં જેટલા વિસ્તૃત, માહિતીસભર, અભ્યાસપૂર્ણ ઉપોદ્ઘાત સાથે આ દળદાર ગ્રંથ પ્રગટ થયો હતો. ઉપર જે ફકરો આપ્યો છે, તે આ આવૃત્તિની પ્રસ્તાવનામાંથી લેવામાં આવ્યો છે. આ પુસ્તક અલભ્ય બનતાં એની બીજી આવૃત્તિ, 'શ્રી આનંદઘનજીનાં પદો' એ નામથી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી, શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળાના ત્રીજા ગ્રંથાંકરૂપે, વિ. સં. ૨૦૧૨ માં, પ્રગટ કરવામાં આવી હતી.

શ્રી મોતીચંદભાઈએ "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજાની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ, તેઓએ શ્રી આનંદઘનજીનાં ૫૦ પછીનાં પદોનું વિવેચન લખવાનો નિશ્ચય વિ. સં. ૧૯૯૦ માં કર્યો હતો. આ પછી આ કાર્ય તેઓએ તરત જ શરૂ કર્યું હતું એમ ૫૧ મા પદનું વિવેચન ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી પ્રગટ થતા "શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકના વિ. સં. ૧૯૯૦ ના વૈશાખ માસના અંકમાં છપાયું હતું, તે ઉપરથી જાણી શકાય છે. ૫૧ મા પદ ઉપરાંત ૫૨ થી ૬૨ સુધીનાં અને ૧૦૦ મા એમ કુલ ૧૩ પદોનું વિવેચન "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના વિ. સં. ૧૯૯૦ થી તે વિ. સં. ૧૯૯૯ સુધીના અંકોમાં છૂટક છૂટક છપાયું હતું. આ ૧૩ પદોનું વિવેચન ક્યારે લખાયું હતું, તેની માહિતી મળી નથી, પણ તે સિવાયનાં ૬૩ થી ૧૦૮ સુધીનાં પદોનું વિવેચન સને ૧૯૪૨ની શરૂઆતથી તે સને ૧૯૪૪ના અંત સુધીમાં લખાયું હતું. ૫૧ થી ૧૦૮ સુધીનાં પદોનું વિવેચન 'શ્રી આનંદઘનજીનાં પદો' ભાગ બીજો એ નામથી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી, શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળાના ચોથા ગ્રંથાંકરૂપે, વિ. સં. ૨૦૨૦માં પ્રગટ થયું હતું. શ્રી આનંદઘનજીનાં સ્તવનોનું વિવેચન સને ૧૯૪૭ ના ઑગસ્ટથી તે સને ૧૯૫૦ના ઑગસ્ટ સુધીમાં ૩ વર્ષ દરમ્યાન શ્રી મોતીચંદભાઈએ લખ્યું હતું, જે અત્યારે આ પુસ્તકરૂપે પ્રગટ થાય છે. આ વિગતો ઉપરથી જોઈ શકાશે કે મોતીચંદભાઈએ શ્રી આનંદઘનજીની બધી કૃતિઓનું છૂટક છૂટક પરિશીલન કરવામાં અને એ ઉપર વિવેચન લખવામાં લગભગ ૪૦ વર્ષ જેટલો સમય લીધો હતો—અલબત્ત, આ સમય દરમ્યાન તેઓએ અધ્યયન અને લેખનની બીજી પણ પ્રવૃત્તિ કરી હતી, એમ તેઓના સાહિત્યસર્જનની વિગતો ઉપરથી જાણી શકાય છે.

## શ્રી આનંદઘનજીની કૃતિઓ

અત્યારની પ્રચલિત પરિભાષામાં વિચારીએ તો 'આનંદઘન' એ નામ નહીં પણ તખલ્લુસ છે; એમનું પોતાનું નામ તો લાભાનંદ હતું. અને તે એ તખલ્લુસના ધારક સંતના ચિત્તનું નિજાનંદગામી એટલે કે આત્મિક આનંદના અનુભવના આશક વલણનું સૂચક છે. આવી આત્મિક કે આધ્યાત્મિક મસ્તી તરફની આંતરિક ચાહનાથી પ્રેરાઈને જ શ્રી લાભાનંદજીએ બાહ્ય ક્રિયાકાંડો અને ગચ્છ અને પંથની માન્યતાઓના અતિઆગ્રહોનો શુષ્ક અને લાંબો માર્ગ મૂકીને આત્મતત્ત્વના સાક્ષાત્કારમાં સીધેસીધો ઉપયોગી થઈ શકે એવો યોગસાધનાનો માર્ગ પસંદ કર્યો હતો; અને સર્વ આશાઓ, આકાંક્ષાઓ અને લોકૈષણાઓથી પર બનીને અથવા તો પર

બનવા માટે શાંત, એકાંત, એકલવાયું, સમતાસભર અને મસ્તીભર્યું જીવન જીવવાનો રાહ અપનાવ્યો હતો. પોતાના આત્મદેવને પ્રસન્ન કરવા માટે તેઓએ આદરેલી આંતરિક સાધના દરમ્યાન એમના હૃદયમહેરામણમાં પ્રાર્થના, પસ્તાવા, મસ્તી કે તત્ત્વદર્શનરૂપે કેટકેટલી લાગણીઓના કેવા તરંગો ઊઠયા હશે, એ તો કોઈક યોગી-પુરુષ જ જાણી શકે. એમાંની જે લાગણીઓ પ્રબળ અને અદમ્ય બનીને ભાષારૂપે વહી નીકળી તે તેઓની હૃદયસ્પર્શી કાવ્યકૃતિઓ બની ગઈ.

શ્રી આનંદઘનજીની બધી કાવ્યકૃતિઓને બે ભાગમાં વહેંચવામાં આવી છે : પદો અને સ્તવનો. એમનાં પદોના સંગ્રહ માટે 'આનંદઘન બહોંતેરી' એવું નામ પ્રચલિત છે. અને એમના સ્તવનોના સંગ્રહ માટે 'આનંદઘન-ચોવીશી' એવું નામ પ્રસિદ્ધ છે. આ નામોનો અર્થ એવો થાય કે શ્રી આનંદઘનજીએ રચેલાં પદોની સંખ્યા બહોંતેર અને સ્તવનોની સંખ્યા ચોવીસ છે. પણ વસ્તુસ્થિતિ આથી જુદી છે. નામ પ્રમાણે એમનાં પદો બહોંતેર હોવાં જોઈએ, છતાં જે પદને અંતે એમનું નામ મળે છે એવાં પદોની સંખ્યા એથી બરાબર દોઢી એટલે કે ૧૦૮ જેટલી છે. સ્વર્ગસ્થ યોગાભ્યાસી આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ એમના "આનંદઘન પદ સંગ્રહ–ભાવાર્થ" નામે ગ્રંથમાં તેમ જ શ્રી મોતીચંદભાઈએ એમના "શ્રી આનંદઘનજીનાં પદો" નામે બે ભાગમાં પ્રકાશિત થયેલ ગ્રંથમાં ૧૦૮ પદો ઉપર વિવેચન કર્યું છે. આનાથી ઊલટું, સ્તવનો માટે 'ચોવીશી' શબ્દનો પ્રયોગ થયેલ હોવા છતાં, તેમ જ જેમાં કર્તા તરીકે 'આનંદઘન' નામનો સ્પષ્ટ નિર્દેશ મળે છે એવાં સ્તવનોની સંખ્યા ૨૪ કરતાં પણ વધારે મળી આવતી હોવા છતાં, કેટલાક પ્રમાણભૂત પુરાવા એવા મળે છે કે જેને આધારે નિશ્ચિતપણે માનવું પડે કે તેઓએ બાવીશ જ સ્તવનો રચ્યાં હતાં. આ પુરાવાઓ આ છે : (૧) આ મૂળ સ્તવનોની પ્રાચીન પ્રતોમાં બાવીશ જ સ્તવનો મળે છે. (૨) શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ બાવીશ સ્તવનો ઉપર જ ટબો રચ્યો છે. (૩) શ્રી જ્ઞાનસારજીએ પણ બાવીશ સ્તવનોનો જ અર્થ લખ્યો છે— જોકે તેઓએ પાછળથી મળેલાં અને અંતમાં 'આનંદઘન' શબ્દનો ઉલ્લેખ ધરાવતાં બે સ્તવનો પણ શ્રી આનંદઘનજીનાં હોવાનું સૂચવ્યું છે ખરું. (૪) શ્રી મોતીચંદભાઈએ પોતે પણ આ ગ્રંથમાં આપેલ ભગવાન મહાવીરસ્વામીનું ત્રીજું સ્તવન કે જે, એ સ્તવનને અંતે આવતા સ્પષ્ટ નામનિર્દેશને કારણે, શ્રી જ્ઞાનવિમલ-સૂરિજીની જ કૃતિ છે, એના વિવેચનના ઉપસંહારમાં ( પૃ. ૪૯૮ ) નિશ્ચિતરૂપે લખ્યું છે કે "મારા પોતાના મત પ્રમાણે તો પ્રથમ બાવીશ સ્તવન આનંદઘન (લાભાનંદ)નાં પોતાનાં બનાવેલાં છે અને બાકીનાં ક્ષેપક છે."

આનો સામાન્ય અર્થ એ થયો કે, નરસિંહ મહેતા, મીરાંબાઈ કે કબીરજી જેવા સંતોની કાવ્યકૃતિઓની જેમ, શ્રી આનંદઘનજીની કૃતિઓ પણ જનસમૂહમાં અને ખાસ કરીને યોગ દ્વારા આત્મસાધના માટે પ્રયત્નશીલ રહેનાર સાધકોના વર્તુળમાં એવી લોકપ્રિય અને માર્ગદર્શક બની ગઈ હશે કે, આવી સાધના કરતાં કરતાં, કેટલાક આત્માઓએ પોતાના અંતરમાં પ્રગટેલ કાવ્યકૃતિઓને, નિર્મમભાવે, શ્રી આનંદઘનજીના નામે અર્પણ કરી દેવામાં ધન્યતા અનુભવી હશે. બીજાઓએ આનંદઘનજીના નામે ચડાવી દીધેલી કૃતિઓમાં આનંદઘનજીની પોતાની કૃતિઓ જેટલી ગુણવત્તા ન હોય એ બનવા જોગ છે; પણ આ રીતે શ્રી આનંદઘનજીને નામે પોતાની કૃતિઓ ચડાવી દેનાર સાધકનો આશય ખોટો હતો એવું દોષારોપણ તો એમના ઉપર ન જ કરી શકાય. એટલે આપણે તો એવા અજ્ઞાત સાધકોની નિર્લેપવૃત્તિ અને સમર્પણભાવનાની કદર જ કરવી ઘટે.

## પ્રસ્તુત ગ્રંથ અને તેનું સંપાદન

આ ગ્રંથમાં શ્રી મોતીચંદભાઈએ કુલ અઠ્ઠાવીસ સ્તવનો, દરેકના પાઠાંતરો,[1] શબ્દાર્થ, અર્થ, શ્રી જ્ઞાન-વિમલસૂરિકૃત ટબાના[2] અત્યારની ગુજરાતી ભાષામાં અવતરણ અને સવિસ્તર વિવેચન સાથે, આપ્યાં છે, તેની વિગત આ પ્રમાણે છે : શ્રી આનંદઘનજીએ પોતે રચેલાં બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન સુધીના

૨૨ તીર્થંકરોનાં ૨૨ સ્તવનો; શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૩ સ્તવનો, જેમાં એના કર્તા તરીકે સ્તવનની છેલ્લી કડીમાં 'આનંદઘન' નામ આવે છે, અને ત્રીજું સ્તવન શ્રી જ્ઞાનવિમલસૂરિજીની કૃતિ છે; એ જ રીતે શ્રી મહાવીરસ્વામીનાં પણ ૩ સ્તવનો આપ્યાં છે, જેમાં એના કર્તા તરીકે સ્તવનની છેલ્લી કડીમાં 'આનંદઘન' નામ આપેલ છે, અને ત્રીજું સ્તવન શ્રી જ્ઞાનવિમળસૂરિજીની રચના છે.[3] વિવેચન લખતી વખતે શ્રી

૧. ૨૩ (૨); ૨૩ (૩), ૨૪ (૨), (૨૪) (૩) એ અંકોનાં શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામીનાં સ્તવનોમાં પાઠાંતર આપેલ નથી.

૨. ૨૩ (૧), ૨૩ (૨), ૨૪ (૧), ૨૪ (૨) અંકોનાં ૪ સ્તવનો શ્રી જ્ઞાનવિમલસૂરિજીની સામે ન હોવાથી એના ઉપર ટબો ન હોય એ સ્વાભાવિક છે. ૨૩ (૩) અંકનું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન શ્રી જ્ઞાન-વિમલસૂરિજીનું પોતાનું છે, અને એ ઉપર એમણે ટબો રચ્યો હતો. પણ, શ્રી મોતીચંદભાઈએ પોતે જ (પૃ. ૪૬૨, ફૂટનોટ) સૂચવ્યા મુજબ, એનું આધુનિક ગુજરાતીમાં અવતરણ આ ગ્રંથમાં આપ્યું નથી.

૩. અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે મુંબઈના જૈન સાહિત્ય વિકાસ મંડળનું સંચાલન સંભાળતા, વિદ્યાવ્યાસંગી ભાઈ શ્રી સુબોધચંદ્ર નાનાલાલ જૈનને, જૂની હસ્તપ્રતોના સંશોધન દરમ્યાન આશરે બસો વર્ષ જૂના એક ગુટકામાંથી શ્રી વીર જિનેશ્વરનું એક અપ્રગટ સ્તવન મળી આવ્યું હતું, જેને અંતે કર્તા તરીકે 'આનંદઘન'નું નામ આપવામાં આવ્યું છે. આ સ્તવન તેઓએ સૌરાષ્ટ્રમાં લાખાબાવળથી પ્રસિદ્ધ થતા "શ્રી મહાવીર શાસન" માસિકના વર્ષ ૧૪, અંક ૯, વિ. સં. ૨૦૨૨ના ભાદ્રપદ માસના અંકમાં પ્રસિદ્ધ કર્યું હતું. મારી વિનતિથી એમાં કેટલીક અશુદ્ધિઓ હતી તે તેઓએ સુધારી આપી હતી. એ સુધારેલું સ્તવન અહીં સાભાર રજૂ કરવામાં આવે છે:

**આનંદઘનજીવિરચિત શ્રી વીરજિનસ્તવન**

વીર જિણેસર પરમેસર જયો, જગજીવન જિનભૂપ;
અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી, દાખ્યું તાસ સરૂપ. વીર જિણેસર૦ ૧
જેહ અગોચર માનસ વચનનેં, જેહ અતીન્દ્રિય રૂપ;
અનુભવ મિત્તે રે વ્યક્તેં શક્તિસ્યું, ભાખ્યું તાસ સરૂપ. વીર જિણેસર૦ ૨
નય નિક્ષેપેં રે જેહ ન જાણીઈ, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સરૂપેં રે તે સદ્ય દાખવે, કેવલ અનુભવ ભાણ. વીર જિણેસર૦ ૩
અલખ અગોચર અનુપમ અરથનો, કુણ કહિ જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધાં રે અનુભવ વિણ જે, શાસ્ત્ર તે સઘલો રે ખેદ. વીર જિણેસર૦ ૪
દિસી દેખાડી શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત એ, અનુભવ મિત્ર વિખ્યાત. વીર જિણેસર૦ ૫
અહો ચતુરાઈ રે અનુભવમિત્તની, અહો તસ પ્રીત અપ્રીત;
અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્રશું પ્રીત. વીર જિણેસર૦ ૬
અનુભવ સંગે રે રંગે પ્રભુ મિલ્યા, સફલ ફલ્યાં સવિ કાજ;
નિજ પદ સંપદ સહજેં અનુભવે, '**આનંદઘન**' મહારાજ. વીર જિણેસર૦ ૭

મોતીચંદભાઈએ આ અંકોનાં ૧૧ સ્તવનોના વિષયોનાં નામ આપ્યાં છે: ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૧૭, ૧૮, ૧૯, ૨૦; આ અંકો સિવાયનાં બાકીનાં સ્તવનોના વિષયનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

વિ. સં. ૨૦૨૦ની સાલમાં "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજાનું પ્રકાશન શ્રી મહાવીર જૈન

વિદ્યાલય તરફથી થયું, તે પછી આ ગ્રંથનું પ્રકાશન હાથ ધરવાનું વિદ્યાલયે નક્કી કર્યું અને એનું સંપાદન પણ વિદ્યાલયના સંચાલકોએ મને સોંપ્યું. શ્રી આનંદઘનજી જેવા મર્મી અને નિજાનંદી સંત-યોગીપુરુષના અક્ષર-દેહના અમૃતનું યત્કિંચિત્ પાન કરવાનો આ બીજો અવસર વિદ્યાલયે મને આપ્યો, તે માટે હું વિદ્યાલયના ભાલનાશીલ સંચાલકોનો અંતઃકરણથી આભાર માનું છું.

આ રીતે આ ગ્રંથના સંપાદનનું કામ તો મને પાંચેક વર્ષ પહેલાં સોંપવામાં આવ્યું હતું, પરંતુ વિદ્યાલયના સુવર્ણ મહોત્સવની અને સુવર્ણ મહોત્સવ ગ્રંથની પૂર્વતૈયારીનાં તેમ જ મહોત્સવની ઉજવણીનાં તથા સુવર્ણ મહોત્સવ ગ્રંથના પ્રકાશનનાં તાત્કાલિક કામોને લીધે ત્રણેક વર્ષ સુધી એ કામ હાથ ધરવાનું ન બન્યું, એટલે હું આશરે બે વર્ષ પહેલાં જ આ ગ્રંથનું સંપાદન શરૂ કરી શક્યો. આજે આ ગ્રંથ પ્રગટ થાય છે, તેથી સ્વાભાવિક રીતે જ ચિત્ત આહ્લાદ અનુભવે છે.

શ્રી આનંદઘનજીનાં સ્તવનોનું વિવેચન પણ શ્રી મોતીચંદભાઈએ, શ્રી આનંદઘનજીનાં પદોના વિવેચનની જેમ, વિસ્તારથી અને પોતાની સમજણને સ્પષ્ટ કરવાની દૃષ્ટિથી તેમ જ મુખ્યત્વે પોતાના સંતોષ ખાતર કર્યું છે. એટલે એમાં અવારનવાર વિષયનિરૂપણની કે દાખલા-દલીલોની પુનરુક્તિ જોવામાં આવતી હતી. તેથી એવી પુનરુક્તિઓને તેમ જ વિષય નિરૂપણના વિસ્તારને યથાશક્ય કમી કરીને વિવેચનને બની શકે તેટલું ટૂંકાવવું જરૂરી લાગતું હતું. આમ કરવાથી ગ્રંથની મહત્તા કે ઉપયોગિતામાં કોઈ પણ પ્રકારની ખામી આવવાનો સંભવ ન હતો, એટલું જ નહીં, ઊલટું ગ્રંથ વધારે વાચનક્ષમ અને રોચક બનવાની મને ખાતરી હતી. અટલે મેં, "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજાના લખાણની જેમ, આ લખાણનો પણ સંક્ષેપ કરવાની અનુમતિ વિદ્યાલયના સંચાલકો પાસેથી મેળવીને સ્તવનોના વિવેચનને ટૂંકાવ્યું છે. મૂળ લખાણને આ રીતે ટૂંકુ કરવાને લીધે ગ્રંથના કદમાં આશરે છાપેલાં પોણાબસોથી બસો પાનાં જેટલો ઘટાડો થઈ શક્યો છે.

આ ગ્રંથમાં સંપાદન-પદ્ધતિ તથા એની પાછળની મારી દૃષ્ટિ "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજા જેવી જ છે; એટલે એનો ખ્યાલ આપવા માટે, કંઈ નવું નિરૂપણ લખવાને બદલે, 'શ્રી આનંદઘનજીનાં પદો' ભાગ બીજાના મારા સંપાદકીય નિવેદનમાંનો આ બાબતને લગતો ઉલ્લેખ જ અહીં રજૂ કરવો ઉચિત છે. મારા એ નિવેદનમાં મેં કહ્યું હતું કે—

> "અહીં હું નમ્રતાપૂર્વક એટલું જણાવવાની રજા લઉં છું કે આ ગ્રંથનું સંપાદન કરતાં એક ધર્મગ્રંથનું સંપાદન કરવાની જવાબદારી માથે લીધી હોય એવી ચિંતાની લાગણી મેં સતત અનુભવી છે; એટલે વિવેચનમાંથી પુનરુક્તિ વગેરે દૂર કરીને એનો સંક્ષેપ કરવામાં મેં એ બાબતની પૂરેપૂરી ચીવટ રાખી છે કે જેથી અર્થસંગતિમાં જરા પણ ખામી ન આવવા પામે, વિવેચનમાં જરાય અધૂરાપણું ન રહે કે કોઈ પણ મુદ્દો અસ્પષ્ટ ન રહી જાય. મતલબ કે વિવેચનકારના મૂળ હેતુને કે કથનની મૂળ વસ્તુને જરા પણ હાનિ ન પહોંચે એ રીતે જ આ સંક્ષેપ કરવામાં આવ્યો છે. આમ છતાં આવી કોઈ ક્ષતિ આમાં આવી જવા પામી હોય તો તે તરફ ધ્યાન દોરી વિદ્વાનો મને આભારી કરે એટલું માગી લઉં છું.
>
> "આ સંક્ષેપ એવી રીતે કર્યો છે જેથી વચમાંનું અમુક લખાણ કમી કરવા છતાં આગળપાછળનો સંબંધ બરાબર મળી રહે અને અર્થસંગતિ, વાક્યસંગતિ કે વિષયસંગતિમાં કોઈ પણ જાતનો વિસંવાદ રહેવા ન પામે. આ રીતે લખાણની સુસંગતતા જાળવવામાં મારા તરફથી મેં એક પણ અક્ષર ઉમેર્યો નથી; જે કંઈ છે તે શ્રી મોતીચંદભાઈનું જ છે. મોતીચંદભાઈની મૂળ હસ્તપ્રતમાંથી (પ્રેસ-કોપીમાંથી) જે લખાણ મેં કમી કર્યું છે તે લાલ પેન્સિલથી કમી કર્યું છે, અને એ અનોખી હસ્તપ્રત સાચવી રાખી છે, એટલે જરૂર લાગે ત્યારે એનો ઉપયોગ થઈ શકશે."

પદોના વિવેચન-ગ્રંથની જેમ આ ગ્રંથમાં પણ દરેક સ્તવનના વિવેચનની શરૂઆતમાં ભૂમિકા કે ઉત્થાનિકા-રૂપે **'સંબંધ'** નામે લખાણ મૂકયું છે. પછી સ્તવનની એક એક કડી મૂકીને એની નીચે પાદનોંધરૂપે તે તે કડીના પાઠાંતરો અને શબ્દાર્થ મૂકયા છે, અને કડીની સાથે જ્ઞાનવિમલસૂરિજીના ટબાનું વર્તમાન ગુજરાતીમાં અવતરણ અને છેવટે વિવેચન મૂકયું છે. અને આખા સ્તવનના વિવેચનને અંતે **'ઉપસંહાર'**નું લખાણ મૂકયું છે. આ રીતે પ્રત્યેક સ્તવનનું વિવેચન **'સંબંધ'**થી શરૂ થાય છે, અને **'ઉપસંહાર'**થી પૂરું થાય છે. બધાં સ્તવનોનું વિવેચન પૂરું થયા પછી, પદોના વિવેચનગ્રંથોમાં સ્વીકારેલ પદ્ધતિ પ્રમાણે, બધાં મૂળ સ્તવનો એકસાથે આપી દીધાં છે.

## આ ગ્રંથનું લખાણ

શ્રી મોતીચંદભાઈની હયાતીમાં પ્રગટ થયેલ એમનું છેલ્લું પુસ્તક હતું **"વ્યાપારકૌશલ્ય"**. એ પુસ્તક સને **૧૯૫૦** (વિ. સં. ૨૦૦૬)માં પ્રગટ થયું હતું. એનું પ્રારંભિક નિવેદન તેઓએ તા. ૨૩–૬–૧૯૫૦ ના રોજ લખ્યું હતું; જ્યારે "શ્રી આનંદઘન-ચોવીશી"ના છેલ્લા સ્તવનનું વિવેચન તેઓએ સને ૧૯૫૦ના ઑગસ્ટ માસમાં (વિ.સં. ૨૦૦૬ માં) પૂરું કર્યું હતું. આ ચોવીશીના પહેલા સ્તવનનું વિવેચન તેઓએ સને ૧૯૪૭ના ઑગસ્ટમાં, બીજા સ્તવનનું વિવેચન સને ૧૯૪૭ના ઑક્ટોબરમાં અને ત્રીજા સ્તવનનું વિવેચન સને ૧૯૪૮ના એપ્રિલમાં લખ્યું હતું, સને ૧૯૪૮ના ઑગસ્ટમાં તેઓ ગંભીર માંદગીમાં સપડાયા. તેથી ચોથાથી લઈને તે બાકીનાં બધાં સ્તવનોનું વિવેચન તેઓએ ૧૯૪૯ના મે માસથી તે સને ૧૯૫૦ના ઑગસ્ટ માસ સુધીમાં પૂરું કર્યું હતું. અને છેલ્લા સ્તવનના વિવેચન પછી સાત મહિને, તા. ૨૭–૩–૧૯૫૧ ના રોજ, તેઓનો સ્વર્ગવાસ થયો! આનો અર્થ એ થયો કે તેઓએ આ ગ્રંથનો મોટો ભાગ તેઓની માંદગી દરમ્યાન જ લખ્યો હતો. એટલે આ ગ્રંથને તેમ જ શ્રી ઉમાસ્વાતિવાચકવિરચિત 'પ્રશમરતિ'ના વિવેચનને એમની અંતિમ સાહિત્ય-પ્રસાદી લેખી શકાય.

આ વિવેચન શ્રી મોતીચંદભાઈએ માંદગી દરમ્યાન છેલ્લી અવસ્થામાં લખ્યું; તે પછી, એમની ટેવ મુજબ, એમને પોતાને એ ઝીણવટપૂર્વક ફરી તપાસી જવાનો કે, "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજાની જેમ, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ કે એમના જેવા અધિકારી વિદ્વાન મિત્ર પાસે વંચાવી–તપાસરાવી લેવાનો અવકાશ મળ્યો નહીં. જો એમ થઈ શકયું હોત તો વિવેચનના લખાણમાં તેઓએ જાતે જ કેટલાક સુધારા-વધારા કરીને એને વધારે સ્પષ્ટ અને સચોટ બનાવ્યું હોત આમ છતાં તેઓએ જે કંઈ લખ્યું છે, તે પૂરેપૂરું ઉપયોગી અને ઉપકારક છે, એમાં તો જરાય શંકા નથી. અને આ માટે આપણે તેઓના ચિરકાળ પર્યંત ઋણી રહીશું.

આ ગ્રંથમાં શ્રી જ્ઞાનવિમલસૂરિજીના ટબાનું શ્રી મોતીચંદભાઈએ ચાલુ ગુજરાતી ભાષામાં અવતરણ આપ્યું છે. પણ આ અવતરણ સ્તવનોનો ભાવ સમજવામાં શ્રી મોતીચંદભાઈએ પોતે કરેલા અર્થ અને વિવેચન કરતાં, ભાગ્યે જ વિશેષ ઉપયોગી થતું હોય એમ લાગે છે. એટલે મારો નમ્ર મત એ છે કે, જ્યારે પણ આ ગ્રંથની બીજી આવૃત્તિ છાપવામાં આવે ત્યારે યા તો ટબાનું આ અવતરણ કમી કરવામાં આવે, અથવા તો મૂળ ટબાનું અધિકારી વિદ્વાન પાસે સંશોધન-સંપાદન કરાવીને ટબાના અવતરણના સ્થાને એ ટબો જ ગ્રંથમાં આપી દેવામાં આવે. જેઓને શ્રી મોતીચંદભાઈએ ટબાનું ચાલુ ભાષામાં કરેલ અવતરણ જોવું હશે તેઓ આ પહેલી આવૃત્તિ ઉપરથી એ જોઈ શકશે. એ જ રીતે પાઠશુદ્ધિ અને અર્થસંગતિની દૃષ્ટિએ આ ગ્રંથમાં આપવામાં આવેલા પાઠાંતરોમાં પણ, બીજી પ્રતોના આધારે, કેટલોક ફેરફાર કરવાની જરૂર દેખાય છે.

## શ્રી મોતીચંદભાઈની ભાવના

આ ગ્રંથનું શ્રી મોતીચંદભાઈનું લખાણ જોતાં તેઓની ભાવના આ ગ્રંથને સમજવામાં ઉપયોગી થાય

એવું કેટલુંક લખાણ તૈયાર કરવાની હતી, એમ જાણી શકાય છે. તેની વિગતો તેઓની નીચે મુજબની નોંધો ઉપરથી મળી શકે છે :

(૧) ત્રીજા સ્તવનના વિવેચનની શરૂઆતમાં તેઓએ નોંધ્યું છે કે "કારણ–કાર્ય પર નોટ લખવી."

(૨) ચોથા સ્તવનના પહેલે પાને તેઓએ નોંધ કરી છે કે "આ સ્તવન છપાવતાં વિસ્તારથી ઇંડેક્સ કરવી અને શબ્દોની પણ કરવી; ભેદ-પેટાભેદના પારિભાષિક શબ્દોની કરવી; વિષયોની કરવી."

(૩) પૃ. ૬૧માં તેઓ લખે છે કે "આને મળતી હકીકત હજુ બે–ત્રણ સ્થાન પર આગળ જતાં આપવાની છે. ત્યાં અને **ઉપોદ્‌ઘાત**માં એની સ્પષ્ટતા થશે."

(૪) પૃ. ૯૬ માં તેઓ લખે છે કે "એ મૂળ ગાથા મેળવવાનો પ્રયાસ ચાલુ છે. તેનો ઉલ્લેખ જરૂર થશે."

(૫) પૃ. ૧૩૧ માં તેઓ નોંધે છે કે "તે (નયવાદના) વિષય પર સ્વતંત્ર પુસ્તિકારૂપે ઉલ્લેખ કરવાની ભાવના છે."

(૬) પૃ. ૧૪૭ માં તેઓ લખે છે કે "તેને માટે (દર્શનને માટે), બનશે તો સ્વતંત્ર ઉલ્લેખ કરવાનો વિચાર રાખ્યો છે."

(૭) પૃ. **૨૦૭**માં લખ્યું છે કે "તેની વિગત તદ્યોગ્ય **ઉપોદ્‌ઘાત**માં તમને પ્રાપ્ત થશે."

(૮) પૃ. ૨૬૯માં તેઓએ લખ્યું છે કે "તે માટે જુઓ **ઉપોદ્‌ઘાત**માં આનંદઘનચરિત્ર."

(૯) પૃ. ૨૮૪માં નિર્દેશ છે કે "આ નયવાદ માટે ઘણું કહેવાનું છે અને આયુષ્ય હશે તો તે પર એક લેખ લખવાનો મારો વિચાર છે."

(૧૦) પૃ. ૩૧૬માં લખ્યું છે કે "જૈન દૃષ્ટિએ યોગ'ના બીજા વિભાગમાં હું એ વિષય ઉપર 'યોગ-બત્રીશી' વગેરેના અભ્યાસનો સાર આપવા ઇચ્છું છું."

(૧૧) પૃ. ૩૩૫માં ઉલ્લેખ છે કે "આનંદઘનની ભાષા પરત્વે **ઉપોદ્‌ઘાત** ઉપર ધ્યાન ખેંચવામાં આવશે."

(૧૨) પૃ. ૪૩૫માં તેઓ લખે છે કે "તે સંબંધી (નવ રસ સંબંધી) અલંકારશાસ્ત્રના અભ્યાસ અનુસાર, એક લેખ લખવાની ભાવના છે."

આ ગ્રંથમાંના ઉપરના ઉલ્લેખો જોતાં શ્રી મોતીચંદભાઈ આ ગ્રંથનો સવિસ્તર ઉપોદ્‌ઘાત લખવા ઇચ્છતા હતા, તે જ બીજી કેટલીક બાબતોનું સ્પષ્ટીકરણ–વિવેચન લખવાની એમની ભાવના હતી, એ સ્પષ્ટપણે જાણી શકાય છે. આયુષ્ય પૂરું થવાને કારણે તેઓ આ કાર્યો ન કરી શક્યા એમાં ખરી ખોટ એમને નહીં પણ તત્ત્વજિજ્ઞાસુઓઓને ગઈ. તેઓ તો જિંદગીની છેલ્લી ક્ષણ સુધી ધર્મ અને ધર્મશાસ્ત્રોનું જ ચિંતન–મનન કરીને પોતાના જીવનને કૃતાર્થ અને ઊર્ધ્વગામી બનાવીને "भावना भवनाशिनी" એ મર્મવાણીને ચરિતાર્થ કરતા ગયા !

## સ્તવનોના સર્જક અને વિવેચક

યોગીશ્વર આનંદઘનજીનું સ્મરણ થાય છે અને આત્માની ખોજ માટે અંતરની ઊંડી, અગોચર અને કષ્ટસાધ્ય કેડીઓનું પૂર્ણ હર્ષોલ્લાસથી ખેડાણ કરનાર કોઈ મસ્ત આત્મવીરનાં દર્શન થાય છે. શરીરની, સુખ-સગવડની, નામના-કીર્તિની કશી જ ખેવના નહીં; ઝંખના એકમાત્ર આત્મતત્ત્વનાં સાંગોપાંગ દર્શન પામીને સમગ્ર વિશ્વ સાથે તાદાત્મ્ય સાધવાની—मित्ती मे सव्वभूएसु નો વિશ્વમંત્ર જીવનના અણુઅણુમાં ધ્વનિત કરવાની ! એમ લાગે છે કે શ્રી આનંદઘનજીએ પોતાની શાંત, એકાંત, ઉત્કટ આત્મસાધનાને બળે પોતાના જીવનમાં જાણે ભક્ત અને ભગવાનની એકરૂપતા પ્રાપ્ત કરી લીધી હતી. આવા એક પ્રશાંત પુરુષાર્થી સંતના જીવન અને એમની સાધનાની ઝીણી-મોટી વિગતો જાણવાની કેટલી તીવ્ર જિજ્ઞાસા અંતરમાં જાગે છે ! પણ જાણે

એમનું જીવન "પોતાની જાતનું સંપૂર્ણ વિલીનીકરણ કરો અને પરમાત્માના સ્વરૂપને પોતાની જાતમાં પ્રગટાવો" —એ સત્યનું પ્રત્યક્ષ ઉદ્‌બોધન કરતું હોય એમ આવી બધી જિજ્ઞાસાઓ અણપૂરાયેલી જ રહે છે. એટલે આ મહાત્મા પુરુષ અંગે "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજામાં અંજલિરૂપે જે કંઈ લખ્યું છે, તેથી વિશેષ અહીં લખી શકાય એમ ન હોવાથી ત્યા જે કંઈ રજૂઆત થઈ છે તેટલાથી જ સંતોષ માનવાનો રહે છે.

જે વાત શ્રી આનંદઘનજી સંબંધી વિશેષ માહિતી ન મળવા અંગે ઉપર કહી, એ જ વાત સ્તવનોના વિવેચક શ્રી મોતીચંદભાઈ અંગે અહીં કહેવી પડે એવી સ્થિતિ છે. "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજામાં શ્રી મોતીચંદભાઈના જીવન, કાર્ય અને સાહિત્યસર્જન સંબંધી જે સવિસ્તર માહિતી મેં મારી અંજલિમાં રજૂ કરી હતી, તેથી વિશેષ નવી માહિતી આ ગ્રંથમાં આપવાની મારી હોંશ હતી. પણ, એ માટે પ્રયત્ન કરવા છતાં, આવી કશી સામગ્રી હું મેળવી શક્યો નહીં હોવાથી મારી એ ઇચ્છા પૂરી થઈ શકી નથી. શ્રી મોતીચંદભાઈ અંગે એટલું જરૂર કહેવું જોઈએ કે, જેમ શ્રી આનંદઘનજીના જીવનમાં ભક્ત અને ભગવાન એકરૂપ બની ગયા હતા, તેમ શ્રી મોતીચંદભાઈના જીવનમાં ભક્તિ અને વિદ્વત્તા એકરૂપ બની ગઈ હતી; અને આ એકરૂપતા એમને જીવનની ધન્યતા તરફ દોરી ગઈ હતી.

## સંશોધનની જરૂર

શ્રી આનંદઘનજીની પદો કે સ્તવનોરૂપ કૃતિઓનું અત્યાર સુધીમાં જે કંઈ અલ્પ-સ્વલ્પ વાચન-ચિંતન થઈ શક્યું તે ઉપરથી સ્પષ્ટ લાગે છે કે આ બધી જ કૃતિઓનું ધરમૂળથી અધ્યયન અને સંશોધન થવાની ખાસ જરૂર છે. ઉપલબ્ધ પદો અને સ્તવનોમાંથી સાચેસાચ એમની કૃતિ કઈ હોઈ શકે એ નક્કી કરવાની સાથે સાથે એક એક પદ કે સ્તવનની પ્રત્યેક કડીનું, અર્થસંગતિની દૃષ્ટિએ, શુદ્ધિકરણ થવાની ખાસ જરૂર છે. આ માટે મૂળ પદો કે સ્તવનોની તેમ જ એના ઉપરના ટબા કે બાલાવબોધરૂપ વિવેચનની સંખ્યાબંધ હસ્તપ્રતો જ્ઞાનભંડારોમાંથી મળી શકે એમ છે. એ બધી સામગ્રી તેમ જ બીજી પણ ઉપયોગી સામગ્રી એકત્ર કરીને યોગપ્રક્રિયાના તથા આત્મતત્ત્વના અનુભવી જાણકારો, જિજ્ઞાસુઓ અને વિદ્વાનોનું—ખાસ કરીને આવા મુનિવરોનું—એક જૂથ અમુક વખત સુધી એકાગ્રતાપૂર્વક આ કામ કરે તો જરૂર એ કામ સાંગોપાંગ પૂરું થઈ શકે. શ્રી આનંદઘનજીના આ અપૂર્વ વારસાને સુરક્ષિત કરવાની દૃષ્ટિએ આ કાર્ય કરવું એ આપણી ફરજ છે.

## ઉપસંહાર

શ્રી મોતીચંદભાઈના હસ્તાક્ષરની છબી "શ્રી આનંદઘનજીનાં પદો" ભાગ બીજામાં આપેલ છે, તેથી આ ગ્રંથમાં નવી છબી આપી નથી.

પ્રુફો તપાસવામાં પંડિત શ્રી હરિશંકરભાઈ અંબારામ પંડ્યાએ સહાય કરી છે; શુદ્ધિપત્રક પણ તેઓએ જ તૈયાર કરી આપ્યું છે. જરૂર પડતાં ટબાનો અર્થ સમજવામાં તેમ જ પ્રાચીન પાઠોને શુદ્ધ કરવામાં પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલે જરૂરી મદદ કરી છે. આ બન્ને સાથીઓનો હું આભાર માનું છું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આગમ પ્રકાશનના કાર્ય નિમિત્તે એકસાથે કામ કરવાનો અમને ત્રણેને લહાવો મળ્યો છે.

બે જણે પ્રુફો તપસ્યાં હોવા છતાં પુસ્તકમાં સંખ્યાબંધ અશુદ્ધિઓ રહી જવા પામી છે, તે શરમ ઉપજાવે એવી બિના છે, એ માટે તેમ જ મૂળ વસ્તુના નિરૂપણમાં, સરતચૂકથી કે સાચી સમજણના અભાવને કારણે, પુસ્તકમાં જે કંઈ ભૂલ રહી ગઈ હોય તે માટે હું માફી ચાહું છું.

લુણસાવાડા, મોટી પોળ સામે જૈન ઉપાશ્રય,
**અમદાવાદ-૧.**
વિ. સં. ૨૦૨૬, શ્રાવણ સુદિ એકમ;
તા. ૩-૮-૧૯૭૦, સોમવાર.

**રતિલાલ દીપચંદ દેસાઈ**

## અનુક્રમણિકા


પ્રકાશકીય નિવેદન ( બીજી આવૃત્તિ પ્રસંગે ) ... ... ... ... ... ૩
પ્રકાશકનું નિવેદન ( પહેલી આવૃત્તિ પ્રસંગે ) ... ... ... ... ... ૪
સંપાદકીય ... ... ... ... ... ૬
અનુક્રમણિકા ... ... ... ... ... ૧૪

૧. **શ્રી ઋષભદેવ સ્તવન** ( ઑગસ્ટ : ૧૯૪૭ ) ૩–૨૯

**[ પરમ પ્રભુપ્રેમનું સ્વરૂપ; અલખની લીલા–વીતરાગતા; ચિત્તપ્રસન્નતા–આનંદમયતા ]**

અનુષ્ઠાનના ચાર પ્રકાર : પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ; 'પ્રીતિ–અનુષ્ઠાન', 'ભક્તિ–અનુષ્ઠાન,' 'વચન–અનુષ્ઠાન,' 'અસંગ–અનુષ્ઠાન,' ( પાંચ પ્રકારની ક્રિયાઓ– ) ૧. વિષ, ૨. ગરલ, ૩. અનુષ્ઠાન, ૪. તદ્ધેતુ, ૫. અમૃત–૨૪; વિષક્રિયા, ગરલક્રિયા, અનુષ્ઠાનક્રિયા –૨૫; તદ્ધેતુક્રિયા, અમૃતક્રિયા–૨૬.

૨. **શ્રી અજિતનાથ સ્તવન** ( ઑક્ટોબર : ૧૯૪૭ ) ૩૦–૬૨

**[ માર્ગદર્શનના ચાર ઉપાયો; વર્તમાને ચારે ઉપાયોની વિરલતા; ભવિષ્યમાં પ્રદર્શનની આશા ]**

ચેતનના મુખમાં શા માટે? માર્ગપ્રાપ્તિની વિષમતા–૩૧.

૩. **શ્રી સંભવનાથ સ્તવન** ( એપ્રિલ : ૧૯૪૮ ) ૬૩–૧૦૨

**[ સેવન–કારણ : ભગવાનની સેવા અગમ અને અનુપ છે; ભૂમિકામાં નિર્ભયતા, દ્વેષરહિતતા, અથાકતા છે; સાચી સેવા પ્રાપ્ત કરવી એ જીવનનો લહાવો છે. ]**

અભય–૧. 'ઇહલોકભય', ૨. 'પરલોકભય', ૩. 'આદાનભય', ૪. અકસ્માતભય', ૫. 'આજીવિકાભય', ૬. 'મૃત્યુભય', ૭. 'અપયશભય' –૭૨; 'અદ્વેષ' –૭૩; 'અખેદ'–૭૪; 'અબોધ'–૭૬; 'પુદ્ગળપરાવર્ત'–૭૭; 'ચરમકરણ'–૭૯; (૧) યથાપ્રવૃત્તિ-કરણ'–૮૦; (૨) અપૂર્વકરણ–ગ્રંથિભેદ, (૩) અનિવૃત્તિકરણ–ચરમકરણ–અંતરકરણ –૮૧; (क) સાધુપરિચય અથવા સત્સંગ, (ख) માનસિક અકુશળતાનો ત્યાગ–૮૮; (ग) અધ્યાત્મ-ગ્રંથોનું પરિશીલન–'વાચના', 'પૃચ્છના', 'પરાવર્તના'–૯૦; 'અનુપ્રેક્ષા', 'ધર્મકથા', 'અધ્યાત્મ'–૯૧; 'નયહેત' –૯૨; કાર્યકારણસંબંધ–૯૩.

૪. **શ્રી અભિનંદન જિન સ્તવન** ( મે : ૧૯૪૯ ) ૧૦૩–૧૫૦

**[ દર્શનપ્રાપ્તિની તલાસના; દર્શનપ્રાપ્તિની દુર્લભતા; પ્રભુકૃપાથી એની સુલભતા ]**

તત્ત્વાર્થશ્રદ્ધા, મિથ્યાત્વ–૧૦૬; સમ્યક્ત્વ, દર્શન, સમ્યક્ત્વ ક્યારે–૧૦૭; દર્શનનો મહિમા, સદ્દહણા, તત્ત્વરુચિ–૧૦૮; ( મિથ્યાત્વના પ્રકાર– ) (क) અભિગ્રહિક, (ख) અનભિગ્રહિક, (ग) આભિનિવેશિક, (घ) સાંશયિક, (ङ) અનાભોગિક; રુચિના દશ પ્રકાર : (૧) નિસર્ગરુચિ અથવા નિસર્ગરુચિ–૧૦૯; (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજ-

રુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ, (૯) સંક્ષેપરુચિ, (૧૦) ધર્મરુચિ –૧૧૦; સમ્યક્ત્વનાં પાંચ લક્ષણો : સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય –૧૧૧; ‘તરસીએ’, ‘મત મત ભેદે પૂછીએ’–૧૧૫; ‘સહુ થાપે અહમેવ’, ‘અહમેવ’–૧૧૬; સાંખ્યદર્શન અને વેદાંતદર્શન, વૈશેષિક અને નૈયાયિકો, બૌદ્ધ–૧૧૭; આત્મદર્શન–૧૧૮; (क) તત્ત્વજ્ઞાન પરિચય, (ख) તત્ત્વજ્ઞાનીની સેવા, (ग) વ્યાપન્નદર્શનીવર્જન –૧૨૦; (घ) કલિંગીસંગવર્જન –૧૨૧; દોહિલું (૧) શુશ્રૂષા, (૨) સેવા, (૩) વૈયાવચ્ચ –૧૨૨; ‘નિર્ણય’ ‘સકળ વિશેષ’–૧૨૩; ‘મદમેં ધાર્યો’, ‘વિલેખ’, ‘અંધો’, (૧) શંક –૧૨૪: (૨) ‘આકાંક્ષા’, (૩) વિતિગિચ્છા, (૪) પ્રશંસા (૫) ‘સંસ્તવ’–૧૨૫; નયવાદ–૧૨૮; આઠ પ્રકારના પ્રભાવક : (૧) ‘પ્રાવચની’, (૨) ‘ધર્મકથી’, (૩) ‘વાદી’, (૪) ‘નિમિત્તી’, (૫) ‘તપસ્વી’, (૬) ‘વિદ્યાસિદ્ધ’, (૭) ‘સિદ્ધિસંપન્ન’–૧૩૦; (૮) ‘કવિ’, આગમવાદ –૧૩૧; “ગુરુગમ”, ‘વિષવાદ’–૧૩૨; ‘ધાતીડુંગર’–૧૩૫; ‘સેંગૂ’–૧૩૬; તેર કાઠિયા–૧૩૭; ‘તરસ’–૧૪૧; પાંચ ભૂષણ : (૧) ‘સ્થૈર્ય’, (૨) ‘પ્રભાવના’, (૩) ‘ભક્તિ’, (૪) ‘કુશળતા’, (૫) ‘તીર્થસેવા’–૧૪૨; દશ વિનય, ‘દરિસન દુર્લભ’, ‘સુલભ’, ‘કૃપાથકી’–૧૪૩; સડસઠ બોલ—ત્રણ શુદ્ધિ, ત્રણ લિંગ, પાંચ લક્ષણ, પાંચ દૂષણ, પાંચ ભૂષણ, આઠ પ્રભાવક, ૭ આગાર –૧૪૬; ચાર સદ્દહણા, ૭ જયણા, ૭ ભાવના, ૭ સ્થાન, દસ નિયમ –૧૪૭.

**૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન** (નવેમ્બર : ૧૯૪૯) **૧૫૧–૧૬૬**

‘આત્મા છે’–૧૫૧; આત્માર્પણ–૧૫૩; આત્માના પ્રકાર–બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા–૧૫૪.

**૬. શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન** (ડિસેમ્બર : ૧૯૪૯) **૧૬૭–૧૮૧**

**[ આંતરો–છેટાપણું ]**

૧. પ્રકૃતિ –૧૭૦; ૨. સ્થિતિ, ૩. રસ, ૪. પ્રદેશ –૧૭૧.

**૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન** (ડિસેમ્બર : ૧૯૪૯) **૧૮૨–૧૯૫**

**[ અનેક–નામો ]**

૧. ઇહલોકભય, ૨. પરલોકભય, ૩. આદાનભય, ૪. અકસ્માતભય, ૫. આજીવિકાભય, ૬. અપયશભય, ૭. મરણભય –૧૮૬.

**૮. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન** (જાન્યુઆરી : ૧૯૫૦) **૧૯૬–૨૦૭**

**[ પ્રભુનાં દર્શન ]**

**૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન** (જાન્યુઆરી : ૧૯૫૦) **૨૦૮–૨૨૫**

(૧) નિસીહીત્રિક, (૨) પ્રદક્ષિણાત્રિક, (૩) પ્રણામત્રિક, (૪) પૂજાત્રિક–૨૧૨; (૫) અવસ્થાત્રિક, (૬) ત્રિદિશનિવૃત્તદષ્ટિત્રિક, (૭) ભૂમિપ્રમાર્જનત્રિક, (૮) આલંબનત્રિક, (૯) મુદ્રાત્રિક, (૧૦) પ્રણિધાનત્રિક –૨૧૩.


**૧૦. શ્રી શીતળનાથ જિન સ્તવન** (ફેબ્રુઆરી : ૧૯૫૦) **૨૨૬–૨૩૭**

**૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન** (ફેબ્રુઆરી : ૧૯૫૦) **૨૩૮–૨૪૭**

| | | |
|---|---|---|
| ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન | (ફેબ્રુઆરી : ૧૯૫૦) | ૨૪૮–૨૫૮ |
| ૧૩. શ્રી વિમળ જિન સ્તવન | (ફેબ્રુઆરી : ૧૯૧૦) | ૨૫૯–૨૭૦ |
| ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન | (ફેબ્રુઆરી : ૧૯૫૦) | ૨૭૧–૨૮૪ |
| ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન | (ફેબ્રુઆરી : ૧૯૫૦) | ૨૮૫–૨૯૯ |
| ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન | (માર્ચ : ૧૯૫૦) | ૩૦૦–૩૨૫ |
| ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન [મન] | (ફેબ્રુઆરી-માર્ચ : ૧૯૫૦) | ૩૨૬–૩૪૦ |
| ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન [ધર્મ] | (માર્ચ : ૧૯૫૦) | ૩૪૧–૩૫૭ |
| ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન [અઢાર દૂષણો] | (માર્ચ : ૧૯૫૦) | ૩૫૮–૩૭૬ |
| ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન [આત્મતત્ત્વ] | (એપ્રિલ-મે : ૧૯૫૦) | ૩૭૭-૩૯૩ |
| ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન<br>ચૂરણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર, અનુભવ—૪૦૭; અક્ષર, ન્યાસ–૪૦૯. | (મે : ૧૯૫૦) | ૩૯૪–૪૧૪ |
| ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન | (મે : ૧૯૫૦) | ૪૧૫–૪૩૮ |


પુરવણી


| | | |
|---|---|---|
| ૨૩ (૧). શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | (મે–જૂન : ૧૯૫૦) | ૪૪૦–૪૫૧ |
| ૨૩ (૨). ,, | જૂન : ૧૯૫૦) | ૪૫૨–૪૬૦ |
| ૨૩ (૩). ,, | (જુલાઈ : ૧૯૫૦) | ૪૬૧–૪૬૮ |
| ૨૪ (૧). શ્રી મહાવીર જિન સ્તવન | (મે : ૧૯૫૦) | ૪૬૯–૪૭૭ |
| ૨૪ (૨). ,, | (જુલાઈ : ૧૯૫૦) | ૪૭૮–૪૮૬ |
| ૨૪ (૩). ,, | (ઑગસ્ટ : ૧૯૫૦) | ૪૮૭–૪૯૯ |
| મૂળ સ્તવનો | | ૫૦૦–૫૧૯ |



શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

(જન્મ: તા ૭-૧૨-૧૮૭૯, ભાવનગર • અવસાન તા. ૨૭-૩-૧૯૫૧ મુંબઈ)

૧

# શ્રી ઋષભદેવ સ્તવન

[ખરા પ્રભુપ્રેમનું સ્વરૂપ; અલખની લીલા-વીતરાગતા; ચિત્તપ્રસન્નતા-આનંદમયતા]

**સંબંધ**—શ્રી આનંદઘનજીની ચોવીશી ઉપર જ્ઞાનસાર અને જ્ઞાનવિમળસૂરિના બાળાવબોધ અને ટબો ઉપલબ્ધ છે. શ્રી જ્ઞાનસારનો બાલાવબોધ શ્રી ભીમશી માણેકે છપાવેલ છે. જ્ઞાનવિમળસૂરિનો ટબો સંક્ષિપ્ત અને સુંદર છે. તેની ભાષાને જરૂરી વર્તમાન રૂપક આપી અર્થ પછી મૂકેલ છે. એનો આશય લઈને શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ વિ. સં. ૧૯૮૨માં અર્થ-ભાવાર્થ પ્રકટ કર્યા છે. એ સાધનોનો મેં ઉપયોગ કર્યો છે. બે-ત્રણ પ્રતો મૂળના પાઠાંતરો જાણવા એકઠી કરી છે. તે પ્રતો મને શ્રી મુંબઈ ગોડીજી મહારાજના ભંડારમાંથી મળી છે.

એક એક સ્તવન પર લગભગ એક એક માસ સુધી મેં વિચાર કર્યો છે. દેરાસરમાં તે ગાયેલ છે, તેના પર યથાવકાશ પરિશીલન કર્યું છે અને તેને અંગે જે વિચાર થયો તે અત્ર મારા પોતાના વિચારોની સ્પષ્ટતા માટે નોંધી લીધો છે. મને ઘણાં વર્ષોથી એમ લાગ્યું છે કે જ્ઞાનસારજીની ભાષામાં કહીએ તો 'આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર' હોઈ, તેના પર જેમ જેમ વિચારણા કરવામાં આવે તેમ તેમ નવીન નવીન સત્યો સાંપડે તેમ છે. લેખક પોતે જાતે અનુભવી હતા, મહાન યોગી હતા અને સ્પષ્ટ વક્તા હતા. એમના મનમાં જૈન ધર્મનો રંગ બરાબર લાગી ગયેલો હતો. અને એમને દુનિયાની દરકાર નહોતી, એટલે એમના વચનમાંથી સારતત્ત્વ ખૂબ સાંપડે તેવું છે અને એમની જીવનદોરી આત્મલક્ષ્યી અને આંતરલક્ષ્યી હોઈ અંદરથી જાગ્રત કરે તેવી તેમની માર્મિક શબ્દરચના છે. પોતે કવિ હોવાનો દાવો ન કરનાર હોઈ, મનમાં સૂઝ્યું તે ગાઈ બતાવનાર છે, અને લોકપ્રશંસા કે જનસ્તુતિથી પર હોઈ માત્ર ચેતન-પ્રગતિસાધક છે; એટલે એમના હૃદયગાનમાંથી ઘણાં જીવવા-જાણવા જેવાં તત્ત્વો સાંપડે તેમ છે. આ દૃષ્ટિથી માત્ર સ્વલાભની નજરે જે સૂઝ્યું તે અહીં નોંધી લીધું છે. એમાં અન્ય કોઈ અપેક્ષા નથી, પ્રશંસાનો મોહ નથી, સાક્ષરતા બતાવવાનો આશય નથી. આ દૃષ્ટિ સતત ધ્યાનમાં રહી છે. હું આ પ્રત્યેક સ્તવન ગાઉં છું, ત્યારે મને ઊંડી અનુભવવેદના થાય છે, અને તેનો કોઈ કોઈ ભાગ લેખરૂપે કાયમ થાય તો સર્વ રીતે સ્વને લાભકારક છે એટલી દૃષ્ટિએ આ નોંધો કરી છે.

* * *

જનપ્રવાહમાં એવી દંતકથા ચાલે છે કે, એક વખત આનંદઘન મહારાજ (લાભાનંદજી) ચાલ્યા જતા હતા, ત્યાં કોઈ સ્ત્રી પોતાના પતિ પાછળ સતી થવાને શ્મશાનયાત્રામાં જતી હતી. લોકો સતીનો જય જય પોકારતા હતા અને સતીના મુખમાંથી કંકુ નીકળતું હતું. આજુબાજુ બનતા બનાવો તરફ સાધારણ રીતે દુર્લક્ષ કરનાર યોગીરાજને કોઈએ કહ્યું કે આ બાઈ પોતાના પ્રીતમ-ધણી પાછળ સતી થવા જાય છે. પોતાના ખોળામાં પતિનું માથું રાખી પોતે પતિની

ચિતામાં સાથે બળશે અને લોકો વાજાં વગાડશે. આનંદઘનજીને આ અજ્ઞાન-મરણ પર વિચાર આવ્યો, સંસારના મોહની વિષમતા પર વિચાર આવ્યો, કર્મના સ્વરૂપ અને સંસારની વિષમ પર્યટના પર ખ્યાલ આવ્યો અને અજ્ઞાન-કષ્ટ પર વિચાર કરતાં ખરી પ્રીત કેવી હોય, ક્યારે થાય અને કેવી રીતે થાય, તેની ભવ્ય કલ્પના તેમને નૈસર્ગિક રીતે બેસી ગઈ. એટલે એમણે પ્રીતિ–પ્રેમનું આખું સ્વરૂપ આ સ્તવનમાં વણી દીધું. ચોવીશીનું આ પ્રથમ સ્તવત ગાનરૂપે આનંદઘનજીના મુખમાંથી નીકળી પડવાનો આ પ્રસંગ હતો, એવી એક લોકવાયકા છે.

અન્ય કહે છે કે તેમને કોઈ જિજ્ઞાસુએ સવાલ કર્યો કે પ્રભુ-પ્રેમ કેવો હોય અને સાચું પૂજન કેમ થાય અને પરમાત્માની સાચી રિઝામણ ક્યારે થાય? તેના જવાબમાં પોતાને થયેલા અનુભવની નોંધણીરૂપે આ સ્તવનની રચના થઈ. એ ગમે તેમ હોય, આ સ્તવનમાં પ્રેમ–પ્રીતિનું તત્ત્વજ્ઞાન અને સાચી પ્રભુપૂજાની વિચારણા ખૂબ સરસ શબ્દોમાં વગર પ્રયાસે આંતર-ધ્વનિ-તરીકે નીકળી છે. આપણે તે નજરે પ્રેમનું તત્ત્વજ્ઞાન વિચારીએ.

**સ્તવન**

("કર્મ પરીક્ષા કરણ કુમર ચલ્યો"–એ રાગ; રાગ–મારુ)

ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત:
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.
ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે. ૧.

**અર્થ**—મારો ખરો પતિ–દેવ તો મારો ઋષભદેવ ભગવાન છે અને બીજા કોઈને હું મારા પતિ તરીકે ચાહતી પણ નથી, કારણ કે મારો પતિ જો એક વાર બરાબર રીઝી જાય, તો સાદિ-અનંતમે ભાંગે એ મારી સોબત ન છોડે, એ મારો સથવારો ભાંગી ન પાડે. (૧)

**ટબો**—(કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરી) પ્રથમ સ્તવનનો ટબો લખતાં શ્રી જ્ઞાનવિમળસૂરિ કહે છે:—

श्रीआनंदघनअर्हतः स्तवचतुर्विंशते : स्फुटं भावार्थो लिख्यते श्रीमत्ज्ञानविमलसूरिभिः ।

ચિદાનંદમય જિનવરૂ, સદા મુદા ધરી પ્રેમ;
પ્રણમી પરમ પ્રમોદશું, જયનાયક જગખેમ. ૧
જિનગુણથુતિ કરતાં થકાં, પૂજક જિન હુઈ જાય;
તે ભણી જિનગુણકીર્તના, કરતાં પાપ પુલાય. ૨

---

**પાઠાંતર**—જિનેસર – જિનેશ્વર. રે – બે પ્રતમાં રે નથી. પ્રીતમ – પ્રિતમ. (સંસ્કૃત નિયમ પ્રમાણે દીર્ઘ ઈ છે. તદ્‌ગમ શબ્દમાં રચના ફેરવાય નહિ.) પરિહરે રે – પરિહરઈ, (રે મૂકી દે છે.) ભાંગે – ભાંગિ. (૧)

**શબ્દાર્થ**—ઋષભજિનેશ્વર = આદિનાથ, પ્રથમ તીર્થંકર. પ્રીતમ = વલ્લભ, વહાલો વણી. માહરો = મારો. ઓર = બીજો. ચાહું = ઇચ્છું. કંત = પતિ, ધણી. રીઝયો = રાજી થયેલો, સંતોષ પામેલો. સાહેબ = ઈશ્વર, મોટો માણસ. સંગ = સોબત, સમાગમ. પરીહરે = છોડે, તજી દે. ભાંગે = પ્રકારે, વિભાગે (જૈન પારિભાષિક શબ્દ છે. વિવેચન જુઓ). સાદિ = જેની આદિ એટલે શરૂઆત છે તે. અનંત = જેનો અંત–છેડો નથી તે. (૧)

ૐ નમઃ શ્રી આનંદઘનની ચોવીશી અર્થ કરી લખીએ છીએ. શુદ્ધ ચેતના અને આત્માને શિક્ષારૂપ વિનંતી દ્વારે શ્રી વીતરાગ–સ્તુતિ–સ્તોત્ર કરી લખીએ છીએ તે અધ્યાત્મરૂપ છે. શ્રી ઋષભજિનેશ્વર તે મુજને અત્યંત વલ્લભ છે. શુદ્ધ ચેતના કહે છે તે '**વૃષ**' કહેતાં આત્મસ્વભાવરૂપ ધર્મ, તેણે કરી '**ભ**'૦ કહેતાં શોભે એવો જિનેશ્વર રાગદ્વેષનો જિપક; તેહી જ મારે પ્રીતમ–વાલહો છે. અવર અશુદ્ધ રાગાદિ મલિન આત્મા તથા દેવ, તેહને કંત પરે ચાહું નહિ, ઇચ્છું નહિ. તે સાહેબ રીઝચો હોય તો કહીં–એક વાર પણ–સંગ ન મૂકે, અભેદ રૂપે મળ્યો ભિન્ન ન થાય, તે સાદિ અને અનંત ભાંગે સંગ ન મૂકે. 'ભંગી' એટલે અનંત શુદ્ધ સ્વભાવ પ્રગટયો તે સાદિ અનંત સ્વભાવ તે ત્રિકાલે અક્ષય, તે માટે તથા વીતરાગપણે પ્રતીત કર્યો તે સાદિ, તત્સ્વરૂપભાવી તન્મયીભાવ આચરણ હેતુએ કરી થયો તે અનંત.

**વિવેચન**—ખરા પ્રેમનું લક્ષણ એ છે કે જેની સાથે પ્રીતિ બાંધી તેની સાથે હંમેશને માટે પ્રીતિ ચાલુ રહેવી જોઈએ. આજે એક સ્ત્રીને 'વહાલી–વહાલી' કરી બોલાવવી, બે-પાંચ માસ કે વર્ષ ગયા પછી બીજી સ્ત્રીના વિયોગે ઝૂરવું અને વળી ત્રીજી સ્ત્રી સાથે પ્રેમમાં મસ્ત થવું, એનું નામ ખરો પ્રેમ કહેવાય નહિ 'કોળીભાઈનો કૂબો અને એક મૂઓને બીજો ઊભો' એ સાચી પ્રીતિનું લક્ષણ નહિ.

આપણે પૂર્વકાળનાં ચરિત્રો વાંચીએ છીએ, તો ત્યાં આજીવન એકપત્નીવ્રત અને એકપતિવ્રતનો મહિમા ગવાયો છે. શ્રી રામના અનેક ગુણોમાં એકપત્નીવ્રતને બહુ આગળ પડતું સ્થાન રામાયણમાં મળે છે. અને અનેક સતી સ્ત્રીઓ પોતાના પતિ પાછળ ઝૂરી ઝૂરીને મરતી અથવા સતી થતી આપણે જાણીએ છીએ. એટલે સાચી પ્રીતમાં આંતરો ન હોય, ત્રુટિ ન હોય; એ તો જેને હૃદય એક વાર સોંપ્યું તે સોંપ્યું, તેમાં પછી મીનમેખ થાય નહિ. પછી ગમે તેટલી યાતના સહન કરવી પડે, પણ જેને હૃદય એક વાર અર્પ્યું તે આમરણાંત પતિ : આર્ય સંસ્કારનો પતિપ્રેમ આવા પ્રકારનો હોય છે. પતિ એને મારે–કૂટે, પણ એ પતિપ્રાણા, પતિવત્સલા જ રહે. એના સંકલ્પમાં પણ અન્ય તરફ પ્રેમ ન થાય. આનંદઘનજી કહે છે કે આવો આર્ય સંસ્કૃતિનો આજીવન પ્રેમ છે, તેના કરતાં પણ આત્મપ્રેમ–પ્રભુપ્રેમ વધારે સ્થાયી, વધારે ચોક્કસ અને તેટલા કારણે વધારે અનુકરણીય છે. 'આત્માની શુદ્ધ દશામાં વર્તના'ને શુદ્ધ **ચેતના** કહેવામાં આવે છે. શુદ્ધ ચેતના એટલે આત્માની વિશુદ્ધ દશા. એને રૂપક આપી તેની પાસે આ સ્તવન ગવરાવ્યું છે. એ શુદ્ધ ચેતના ખૂબ ઉલ્લાસમાં આવી ગાન કરે છે. એના ઊર્મિ-ઉદ્‌ગાર આપણે સાંભળીએ, ધ્યાઈએ.

એ કહે છે કે મારો પ્રીતમ તો શ્રી ઋષભદેવ ભગવાન છે. એને ચરણે મારું મસ્તક છે, એની બાજુએ રહેવાના મારા કોડ છે, એની સાથેની મારી પ્રીતિ ભારે મૂલ્યવતી, પરિણામવતી, સસત્ત્વા ( Pregnant ) છે. એ મારા પતિદેવને જ હું ચાહું છું, એના પર વારી જાઉં છું, એની સોબતમાં મારા અસ્તિત્વની સફળતા માનું છું. એનું એક મુખ્ય કારણ એ છે કે એ મારા પતિદેવને રીઝવ્યો હોય તો પછી અનંતકાળ સુધી એ મારો સંગ છોડે તેવો નથી. દુનિયા-

દારીના પતિ તો વધારે દેખાવડી પત્ની મળે કે અન્ય કોઈ બહારનું પ્રેમપાત્ર મળી જાય, તો પોતાનો પ્રેમ ફેરવી નાખે. સ્ત્રી ઘરડી થાય કે માંદી પડે કે ધીમે ધીમે પ્રેમમાં ઢીલાશ થતી જાય, પણ આ મારો પતિ તો એક વાર મારી ઉપર રિઝાયો એટલે પછી અનંતકાળ સુધી મારી સોબત મૂકે નહિ. જે પ્રીતિમાં આંતરો પડે, જે પ્રીતિ સદાકાળ ચાલે નહિ, જે પ્રીતિમાં સ્વાર્થ, આકાંક્ષા કે આશય હોય તે પ્રીતિ ખરી જામે નહિ, જામે તો ટકે નહિ અને ટકે તો હંમેશને માટે સ્થાયી થાય નહિ. એને ખરી પ્રીતિ કેમ કહેવાય? કારણ કે એવી પ્રીતિ, બહુ બહુ તો, આ જીવન પર્યંત ચાલે, પછી અંતે એનો છેડો આવ્યા વગર ન રહે. વિયોગનાં અનેક કારણો બને, અને સદંતર વિયોગ પણ થઈ જાય; પણ ભગવાન સાથેનો મેળાપ તો સાદિ-અનંતમે ભાંગે હોઈએ સ્થાયી જ રહે અને એને જ ખરો પ્રેમ કહેવાય.

આ સાદિ-અનંત ભાંગો આ રીતે થાય; પ્રેમ અને પ્રેમના છેડાને અંગે ચાર વિકલ્પ શક્ય છે : (૧) જેની શરૂઆત હોય અને છેડો પણ હોય તે સાદિ-સાંત. દુનિયાદારીનો પ્રેમ ઘણોખરો આ કોટિમાં આવે. (૨) પ્રેમની જેમાં શરૂઆત જ ન હોય, પણ અંત હોય એ અનાદિ-સાંત વિકલ્પ અશક્ય છે; જેની આદિ ન હોય તેમાં અંતની શક્યતા જ ન હોય. (૩) અનાદિ અને અનંત વિકલ્પ એક વ્યક્તિને અંગે હોઈ શકે નહિ; વૈયક્તિક પ્રેમને શરૂઆત હોવી જ જોઈએ. અને (૪) ચોથો વિકલ્પ સાદિ-અનંત છે. એમાં પ્રેમની શરૂઆત હોય, પણ શરૂઆત થયા પછી એનો અનંતકાળે પણ અંત ન જ આવે. આ ચોથો વિકલ્પ અહીં પ્રસ્તુત છે.

ત્યારે શુદ્ધ ચેતનાના પતિદેવ ખરેખરા રીઝે અને પ્રેમ બાંધે, તો પછી એ તો જીવ-સટોસટની વાત થાય; એમાં પ્રેમનો છેડો કે અંત ન જ હોય. એ તો એક વાર પ્રેમ બાંધ્યો તે બાંધ્યો. શુદ્ધ ચેતના કહે છે કે મારા ઋષભદેવ પતિ એ જ મારા પ્રીતમ છે. એને જ હું ચાહું છું અને બીજાને હું ચાહતી નથી, કારણ કે મારા નાથને મેં એક વાર રીઝવ્યો હોય તો પછી એ સાદિ-અનંતમે ભાંગે (વિકલ્પે) મારો સંગ છોડે નહિ, મારે પછી અનંત કાળ સુધી કોઈને રીઝવવાનું રહે નહિ અને મારી ભવની ભાવઠ ભાંગી જાય.

ઋષભ શબ્દમાં ઘણો ચમત્કાર છે. દુનિયામાં સારામાં સારી ચીજ હોય તેને ઋષભ અથવા વૃષભ કહેવામાં આવે છે. દા. ત. નરવૃષભ એટલે માણસોમાં શ્રેષ્ઠ. અથવા ઋષ્ એટલે આગળ વધવું. પ્રગતિસૂચક એ ધાતુમાં ' ભ ' વધવાથી એની શોભા વધે છે. આવા ઋષભદેવ એ મારા હૃદયના નાથ છે. એમનામાં મારું જીવન-સર્વસ્વ અર્પણ કરી દઉં છું, અને એમના સિવાય અન્ય કોઈને હું મારા પતિ તરીકે ચાહતી નથી. (૧)

પ્રીતમ-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત-સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨

**પાઠાંતર**—રે – એ પ્રત છોડી દે છે : પહેલા અને ત્રીજા બન્ને પદમાં પ્રીત – પ્રિત ( સાચું રૂપ પ્રી માં દીર્ઘ ઈ છે. (૨)

**શબ્દાર્થ**—પ્રીત = પ્રેમ, હેત. સગાઈ = સંબંધ, વિવાહનો સંબંધ. જગમાં = દુનિયામાં, લોકમાં. સહુ =

**અર્થ**—પ્રેમસંબંધ તો જગતમાં સર્વે કરે છે, પણ એ પ્રેમસંબંધ કાંઈ નથી, એમાં દમ નથી. પ્રેમસગપણ-સંબંધ તો ચિંતા-જંજાળ વગરનો હોય તે જ સાચો સંબંધ કહેવાય. કારણ કે ઉપાધિવાળો સંબંધ તો (આત્મ)ધનનો પણ નાશ કરે. (એટલે એ સાચો સંબંધ કહેવાય નહિ.) (૨)

**ટબો**—જગમાં સહુ કોઈ પ્રીતિની સગાઈ તથા પ્રીત બાંધીને સગાઈ-સંબંધ કરે છે, પણ પ્રીતની સગાઈ-સંબંધ કોઈ નથી તે જાણવું. જે માટે પ્રીતિ-પ્રીતસગાઈ તે નિરુપાધિક કહી છે. જ્યાં પરભાવ મેળવી પ્રીત બાંધવી, તે સોપાધિક કહી છે અને સોપાધિક પ્રીતિ-સગાઈ તે ધન ખોવો—આત્મગુણનો નાશ કરવો—એટલો અશોભ છે. (અશોભનીક શબ્દ હોય એમ લાગે છે. ન શોભે તેવો.) ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો છે. (૨)

**વિવેચન**—પ્રીતિ કે સગપણ-સંબંધ તો દુનિયામાં સહુ કોઈ કરે છે. જનાવરો પણ પરસ્પર આકર્ષણ કરે છે, અને સ્ત્રી-પુરુષો પણ એકબીજા તરફ ખેંચાય છે; પણ એ દુન્યવી પ્રેમમાં ખરી પ્રીતિ નથી, એમાં દેહસંબંધ થાય છે. એમાં મોહનો આવિર્ભાવ હોય છે, એમાં બાહ્ય આકર્ષણનું વધતું-ઓછું તત્ત્વ હોય છે, એમાં ખબર ન પડે તેવી રીતનું પૌદ્ગલિક આકર્ષણ વચ્ચે હોય છે; એમાં ચેતન-ચેતનનો સીધો મેળાપ થતો નથી, એમાં આત્મા-આત્માને સંબંધ થતો નથી, પણ એમાં રાગ-કેસરી મહારાજના ઇંદ્રિયવિષયો કામ કરે છે. એમાં આકાંક્ષા, વિયોગ, રુદન આદિ અનેક પ્રકારની બાહ્ય ઉપાધિઓની દરમિયાનગીરી હોય છે. એમાં આકાંક્ષા, આકર્ષણ અને ધબકારા હોય છે. આ સર્વ પૌદ્ગલિક ઉપાધિઓ છે. આ સર્વ ક્ષણિક રંગરાગ છે. એક વાત સમજી લેવા જેવી છે : જ્યાં જ્યાં બાહ્ય ઉપચાર, દેખાવ કે દખલગીરી આવી, ત્યાં ઉપલકિયાપણું અને અલ્પસ્થાયીપણું આવે છે. એવા પ્રકારની પ્રીતિ ચાલી ચાલીને કેટલી ચાલે? પૌદ્ગલિક બાહ્ય પ્રેમ તો, પ્રેમનું કારણ ઢીલું થતાં, ખલાસ થઈ જાય, એટલે આવી બાહ્ય ઉપાધિવાળીને પ્રીતિનું નામ આપવું તે પણ ચેતન જેવા મહારાજને અઘટિત છે. ચેતનરાજની પ્રીતિ તો ઉપાધિ વગરની હોય, અપેક્ષા-આશા વગરની હોય, અંત વગરની હોય.

પ્રેમમાં ઉપાધિ આવી એટલે પ્રેમ પ્રેમના નામને અયોગ્ય બની જાય છે. અને અહીં તો કહેવાતો પ્રેમ અનેક મનોવિકારને વશ હોઈ, ગમે ત્યારે ખલાસ થઈ જવાનો સંભવ છે. અને કદાચ બહુ ચાલે તો દેહ છૂટતાં તો તેનો છેડો જરૂર આવે છે. આખું મોહરાજાનું કાર્યશીલન વિચારીએ તો એવા રાગને પરિણામે થતા પ્રેમમાં સ્થાયીપણું દેખાતું નથી. ઘડપણ, ઇર્ષ્યા, હરીફાઈ વગેરે અનેક કારણે એ પ્રેમનો બંધ ત્રુટી જાય છે અને હોય ત્યારે પણ આત્મધનને ઓછું કરે છે. આવા સંબંધને પ્રીતસગાઈ કહેવી તે ખોટી વાત છે. એમાં તો અંદરનું જે સાચું આત્મધન છે તે ઊલટું ખોઈ બેસાય છે.

---

સર્વ, બધાં. ન કોઈ = નકો (મરાઠી) કોઈ નથી, જેવી ચીજ જ નથી. પ્રીતસગાઈ = પ્રીતિનો સંબંધ, સ્નેહસંબંધ. નિરુપાધિક = ઉપાધિ વગરની. (ઉપાધિ = જંજાળ, પીડા, આપદા.) કહી = બતાવી, પ્રતિપાદન કરી. સોપાધિક = ઉપાધિવાળી. ધન = આત્મધન. ખોય = નાશ કરે. (૨)

આવી સોપાધિક પ્રીતિને, ખરી રીતે, પ્રીતિ કે સગપણ કહેવાય જ નહિ. એમાં તો ચેતન નરમ પડે, નીચો ઊતરે, વમળમાં અટવાઈ જાય અને ભારે થતો જાય. નિરુપાધિક પ્રીતિ હોય તે સાચી પ્રીતિ; જ્યાં પૌદ્ગલિક ભાવ કે રાગદ્વેષ આવ્યા ત્યાં રખડપાટા અને દુનિયાદારી આવી જાય. એમાં પછી આત્મભાવ ઘટતો જાય છે, એમાં આત્મા અટવાઈ જાય છે, એમાં ચેતનને શોધવો પણ મુશ્કેલ પડે છે. એવી પ્રીતિને પ્રીતિ કહેવાય નહિ. જગતમાં થતા દુન્યવી પ્રેમ કે સંબંધો આત્મિક નજરે અર્થશૂન્ય અને આડે રસ્તે દોરનાર હોઈ તે ખરી પ્રીત કે સગાઈના નામને પણ યોગ્ય નથી.

સોપાધિક સંબંધ અને નિરુપાધિક સંબંધ ખૂબ સમજી લેવા જેવો છે. સ્ત્રી-પુરુષના સંબંધમાં કામદેવ ખૂબ કામ કરે છે, એ તો આપણે જાણીએ છીએ; પણ બહેન-ભાઈના સંબંધમાં પણ મોહરાજા અંદરથી ઘણું કામ કરે છે. એમાં મોહ જુદા પ્રકારનો આકાર ધારણ કરે છે. પુત્ર-પિતાના પ્રેમમાં એનું ત્રીજું સ્વરૂપ હોય છે. અને વ્યવહારથી નિર્દોષ દેખાતા મિત્ર-મિત્રના સ્નેહમાં અલગ સ્વરૂપ ધારણ કરે છે. જ્ઞાતિજન પ્રત્યેનો પ્રેમ, દેશનો પ્રેમ એ સર્વની પાછળ અમુક આકાંક્ષા, અમુક અપેક્ષા, અમુક હેતુ હોય છે. સામાન્ય જનતાની કક્ષાએ એ પ્રેમની માત્રા ઊંચી હોય, તોપણ એમાં મોહરાજાનો મહિમા પૃથક્કરણમાં તરી આવે છે, એમાં મારાપણાનો ભાવ આવે છે અને મોહરાજાનો મંત્ર જ अहं અને मम છે. મારું અને તારું થયું, ત્યાં દુનિયાદારી છે, વ્યવહાર છે, અંતરના ભામા છે અને પારિણામિક રખડપાટો છે. આવી કોઈ પણ પ્રકારની બાહ્ય ઉપાધિ હોય, ત્યાં અંતરનો પ્રેમ થતો નથી, અનંતકાળ ચાલે તેવો પ્રેમ થતો નથી અને સાચા પ્રેમના નામને છાજે તેવી ચિરસ્થાયી પ્રીતિની જમાવટ થતી નથી. સાચી પ્રીતિમાં ઉપાધિનું નામ ન હોય, બાહ્ય ઉપચાર ન હોય, ગણતરી, ગાંઠ કે એકપક્ષીયતા ન હોય. ભવભૂતિ કહે છે કે—

व्यतिषजति पदार्थानान्तर : कोऽपि हेतुः न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयन्ते ।

એનો ભાવ એવો છે કે પદાર્થોને કોઈ અંદરનો હેતુ જોડે છે, એમાં બહારની ઉપાધિને સ્થાન નથી; આટલી વાત કરીને પછી એ કમળ ને સૂર્યના ઉદયનો સંબંધ અંતરના હેતુ તરીકે જણાવે છે. ચંદ્ર ઊગે અને કુમુદ ખીલે : આ તો મનની કલ્પના છે, પણ એમાં ઊંડો ભાવ ઉપાધિનો છે. ખરા પ્રેમમાં બાહ્ય ઉપાધિ ન હોય એ સાચી વાત છે. અને આપણે આસપાસ જે પ્રીતિ જોઈએ છીએ, તેમાં તો બાહ્ય ઉપાધિ જ દેખાય છે. ચાલુ નજરે, ઉપરચોટિયા ભાવે જોતાં એ ન દેખાય તો તેમાં જોનારની શક્તિનું માપ છે; પણ ઉપાધિ જરૂર છે અને એ પ્રીતિનો અંત ચોક્કસ છે.

આનંદઘન અનુભવને અંતે કહે છે કે, એવી પ્રીતિ તો આત્મિક ધન હોય તેને ખોઈ બેસે છે; જરા જરા આત્મદ્રવ્યનો સંચય કરેલો હોય, તેને પણ એ ખોવરાવી નાંખે છે અને એટલા માટે એ પ્રીતિના નામને યોગ્ય નથી. (૨)

કોઈ કંત કારણ કાષ્ઠ-ભક્ષણ કરે રે, મિલસ્યું કંતને ધાય;
એ મેલો નવિ કહિયેં સંભવે રે, મેલો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩

**અર્થ**—કોઈ કોઈ તો પતિ( ને મળવા )ની ખાતર લાકડાંભેગાં થાય છે ( સાથે બળી મરે છે ). ( એનો હેતુ એવો હોય છે કે ) એમ કરી પતિને જલદી મળી જવાશે. પણ એવા પ્રકારનો મેળાપ કોઈ પણ સ્થળે થવો સંભવતો નથી, કારણ કે મેળાપનું એમાં ઠેકાણું નથી, ઠેકાણું એક સ્થાનકે ચોક્કસ રહેવાનું નથી. (૩)

**ટબો**—કેટલાએક કંતને પામવાને કષ્ઠભક્ષણાદિ કષ્ટ કરે છે એટલે અજ્ઞાન-કષ્ટાદિ તથા કાઠે ( લાકડાની ચિતા પર ) ચઢવાદિક સાધે છે; એમ કરતાં કંતને જઈને મિલશું એવું ઘણા ચિત્તમાં ધરે છે; પણ એ મેળો કહીંએ સંભવે નહિ, મિથ્યા અજ્ઞાન-કષ્ટ કીધે પરમાત્મા ન પામીએ. એ મેળામાં પરમાતમ પ્રીત શું ? ? ઠામઠેકાણું નથી જાણતો, તો પતિને કિંહાથકી પામીએ ? ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો છે. (૩)

**વિવેચન**—દુનિયાદારીના પ્રેમ-પ્રીતિના ઊંચા પ્રકારના દાખલા જોઈએ. પેમલા-પેમલીનાં ચેનચાળા, રાતના નિસાસા, વિયોગનાં રુદન વગેરેમાં તો મોહરાજાનું સામ્રાજ્ય ઉઘાડું છે, પણ સાધારણ રીતે ઊંચી કક્ષાઓના દાખલાઓમાં પણ પ્રીતિની વિડંબના જ છે, મેળાપનાં ભામાં છે, વિવેકદૃષ્ટિનો અભાવ છે. આ વાત વિચારણાથી આપણને જણાશે.

પૂર્વકાળમાં પતિને મળવા માટે સ્ત્રીઓ સતી થતી હતી. એ પતિ પરભવમાં મળે એટલા સારુ એના માથાને ખોળામાં મૂકી ચિતામાં પતિની સાથે સૂતી હતી. આ દેહાર્પણ અર્થ વગરનું હતું. એ બળી મળનાર સ્ત્રી એમ માનતી હતી કે પતિ પાછળ બળી મરવાથી આવતા ભવમાં એ જ પતિ મળશે. આ આખી માન્યતા ભ્રામક હતી, વ્યવહારમૂલક પણ પાયા વગરની હતી, આત્મઘાતી હતી. એનું આખું તત્ત્વજ્ઞાન વિચારી જોતાં એમાં આત્મદૃષ્ટિની અલ્પતા, વિશ્વવ્યવસ્થાનું અજ્ઞાન, ગતિ-આગતિનાં કારણોનું અલ્પ ભાન અને નામ રાખવા અભિમાનના અંશને પરિણામે કરેલ આપઘાતને સ્થાન મળેલું દેખાય છે. એમાં સ્થાયી પ્રેમ કે અનંત પ્રીતિને અવકાશ જ નથી. એમાં પ્રીતિને ખરા અર્થમાં સ્થાન પણ નથી. આ હકીકત આપણા પૂર્વગ્રહને આઘાત કરાવે તેવી છે, પણ પૃથક્કરણ કરીને ગ્રાહ્યમાં લેવા જેવી છે. આપણે તે

---

**પાઠાંતર**—કરે રે – કરે, કરઈ. મિલસ્યું – મળશું. કંતને ધાય – કંતનઈ ધાય. કહિયેં – કઈ એ, કહીઈ. સંભવે રે – સંભવઈ. મેલો – મેળો. (૩)

**શબ્દાર્થ**—કોઈ = કોઈ કોઈ દુનિયાદારી જીવો. કંત = પતિ, નાથ. કારણ = માટે. કાષ્ઠભક્ષણ = લાકડે ચઢવું, ચિતાએ સૂવું, સાથે બળવું ( સતી થવું તે ). મિલસ્યું = મળશું, પાઠા એકઠા થશું. ધાય = દોડીને, જલદી, સત્વર. મેળો = મેળાપ, સંયોગ નવિ = નહિ, ના. કહિયેં = કદી પણ, કોઈ પણ સ્થળે. સંભવે = શક્ય. ઠામ = પત્તો, ઠેકાણું. ન ઠાય = સ્થિર નથી, ચોક્કસ નથી. (૩)

જરા વિચારી જઈએ. કોઈ ધનવાન પતિની સ્ત્રી પતિ મરે એટલે સગાંવહાલાંથી વીંટળાઈ જાય, બધાં કકળાટ કરવા લાગે, મોં વાળે, છાજિયાં લે અને અત્યારે ચૂડીકર્મ કરતાં જેણે અવલોકન કર્યું હોય તેવી સ્થિતિ નીપજાવે. સ્ત્રી પરાધીન બને, એને આભ ફાટયું હોય તેમ લાગે, એને જીવન અકારું અને પરાધીન દેખાય, અને પછી એ સહસા નિર્ણય કરે કે પતિ સાથે બળી મરવું એ જ એને માટે સારું છે. આમાં નર્યું અજ્ઞાન, વિવેક વગરનો મોહ અને દુઃખમાંથી છૂટી જવાનાં અર્થ વગરનાં ફાંફાં છે. જો સતી થનાર બાઈ આવતા ભવમાં એ જ પતિ મળશે, એ અપેક્ષાએ સતી થવા જતી હોય તો એવો મેળાપ સંભવતો પણ નથી. પતિ કઈ ગતિએ જશે અને પોતે કયાં જશે તેનું પણ ઠેકાણું નથી. ત્યાં પોતે સ્ત્રી થશે કે પુરુષ તેનો પણ નિર્ણય નથી. એનો બાળક પતિ એને જ વરશે એનો પત્તો નથી અને ભવચક્રની સ્થિતિ વિચારતાં અને ગતિઓની વિવિધતા જોતાં એ મેળો કદાચ થાય તોપણ કેટલો ટકે? અને એવા મેળાનું ઠેકાણું શું? આખા સંસારચક્રનો વિચાર કરીએ તો આ પ્રકારનો આપઘાત તદ્દન અજ્ઞાનમૂલક છે, કર્મના અચળ સિદ્ધાંતનું અજ્ઞાન છે વ્યવહારની સામાન્ય બુદ્ધિનું દેવાળું છે. એમાં માત્ર કુળવાનપણાના અભિમાનનું પોષણ છે અને દુનિયામાં નામના કાઢવાની તમન્નાનું દિગ્દર્શન છે. સવાલ સ્વાભાવિક છે કે માણસ નામના ખાતર ધન ખરચે, કષ્ટ–અગવડ વેઠે, ભૂખ્યા રહે, પણ પ્રાણ આપે ખરા? જવાબ સીધો છે: કેસરીઆ કરનાર રજપૂતોના દાખલા જાણીતા છે, ફાંસીએ જનાર બારવટીઆઓના દાખલા પ્રસિદ્ધ છે અને રાજદ્વારી ક્ષેત્રમાં તો અમુક વાદને ખાતર પ્રાણ આપનારના દાખલા નોંધાયેલા છે.

આવા પ્રકારની પ્રીતિને ખરી પ્રીતિ ન કહેવાય. જે પ્રીતિ સ્થાયી નથી, જેમાં સ્વાર્થ અને અંધતા છે, જે પ્રીતિ ઘડપણ આવતાં ટકતી નથી, તેવી પ્રીતિ ખાતર મનખાદેહ એળે ગુમાવવો અને ચિતા ઉપર ચઢવું એમાં પ્રીતિના આખા શાસ્ત્રનું અજ્ઞાન છે. 'કાષ્ઠભક્ષણ'માં પંચાગ્નિ તપનો પણ સમાવેશ થાય. ચારે બાજુ સળગતો અગ્નિ રાખવો અને માથે સૂર્યનો સખ્ત તાપ, એ પંચાગ્નિ તપ કહેવાય છે. એની ભાવના, એવા અજ્ઞાન-તપને પરિણામે, અંતે પરબ્રહ્મને મેળવવાની હોય છે. પંચાગ્નિ તપથી તો માનસિક અવ્યવસ્થા જ થાય, ગરમીથી શાંતિનો લોપ થાય. અને અજ્ઞાન-કષ્ટથી કદાચ ખરાબ કર્મ બંધાતાં ઓછાં થાય, તોપણ એમાં પરબ્રહ્મ ન મળે; એવા મેળાપનો સંભવ જ ન ગણાય. આવા અજ્ઞાન-મરણ કે કષ્ટ-સહનને બાળમરણ કહેવામાં આવે છે. એનાથી કદાચ સ્વર્ગ મળે, પણ પરબ્રહ્મ–ચેતનરાજનો મેળાપ ન થાય. એમાં મેળાનું ઠામઠેકાણું પણ નથી, એટલે એ અજ્ઞાન–કષ્ટ પણ પ્રીતિની નજરે અર્થ વગરનું છે, માત્ર ઐહિક દેહદમન જ છે.

અહીં સામાન્ય રીતે દેહદમનના બીજા અનેક પ્રસંગો કલ્પી–ચર્ચી શકાય. કોઈ ભૈરવ-જપનો આશ્રય લઈ પ્રભુ–મેળાપ માટે ઊંચેથી પડતું મૂકે, કોઈ હિમાચળમાં જઈ બરફમાં સમાઈ જાય (હિમાળો ગળી જાય), કોઈ કાશીએ જઈ કરવત મુકાવે, કોઈ ઘોડી સામે રાખી લાંઘણ કરે, કોઈ જમીનમાં–માટીમાં અરધા દટાઈ જાય, કોઈ આસન કરે, કોઈ ઊંધે માથે લટકી

રહે વગેરે અનેક કષ્ટો ખમે, પણ એ જો પ્રીતિ શી ચીજ છે, કોની સાથે કરવાની છે, શા માટે કરવાની છે, એનાં પરિણામ શું છે—એ વિચાર્યા વગર કરે તો એનો પ્રયાસ નકામો થાય, અને એની ધારણા ભ્રષ્ટ થાય. સમજ્યા વગર થતી ક્રિયામાં આ જ મોટી અગવડ છે. પ્રાણી લાંબો થઈ જાય છતાં એને પ્રયાસપૂરતો ઇષ્ટલાભ ન મળે. એવી પ્રીતિને કે પ્રીતિનાં વલખાંને બરાબર ઓળખવાં જોઈએ, પ્રીતિના આખા વિષયને વિચારવો જોઈએ અને અજ્ઞાન-કષ્ટ કે બાળઆચારથી ચેતવું જોઈએ. બાહ્ય પ્રીતિ શરીર પૂરતી છે, શરીરનો નાશ થતાં એનો છેડો આવે છે અને એવી પ્રીતિ તો સંસારવિડંબનાને વધારે છે, રખડપાટાને ટેકો આપે છે અને મનને દુર્ધ્યાન કરાવે છે. બાહ્ય પ્રીતિનું આ સ્વરૂપ છે, સમજ્યા વગરના કષ્ટસહનનાં આ પરિણામ છે અને વસ્તુ-અજ્ઞાન અને આત્મસ્વરૂપના અણુજાણપણામાં આ રીતે પ્રાણી સંસારને વધારી મૂકે છે. આ બાહ્ય મોહને—અજ્ઞાન-કષ્ટ, સમજણ વગરના પ્રેમને—હજુ વધારે બારીકાઈથી વિચારીએ. (૩)

કોઈ પતિ રંજણ અતિ ઘણો તપ કરે રે, પતિ રંજણ તનું તાપ;
એ પતિ રંજણ મેં નવિ ચિત્ત ધર્યો રે, રંજણ ધાતુ-મિલાપ. ઋષભ૦ ૪

**અર્થ**—કેટલાંક માણસો પતિ (પરમાત્મા—નાથ)ને રીઝવવાને અંગે ઘણાં આકરાં તપ કરે છે અને એવા પ્રકારના રંજન સારુ (આતાપના, સ્નાન વગેરે) શરીરનાં કષ્ટો પણ ખમે છે. (આનંદઘન કહે છે કે) આવા પ્રકારનાં રંજનને પણ મેં મનમાં સ્થાન આપ્યું નથી. હું ધાતુના મેળાપ જેવું એકરૂપ થનાર રંજન હોય તેને જ રંજન કહું. (૪)

**ટબો**—વળી, કેટલાંએક પ્રાણી પતિને રંજવા—રાજી કરવાને ઘણાં તપ કરે છે—દ્રવ્ય સંવરાદિક. એમ કરી પતિ—કંતને રાગી કરવો. તે તનું—શરીરને તાપ હોય. એવો પતિરંજન તો મેં ચિત્તમાં નથી ધર્યો, પણ મેં શુદ્ધ ચેતના રૂપ પરમાત્મા, તે મેં ધર્યો છે. કોણ આત્મા પતિરંજન, તે કહું છું. જે ધાતુએ ધાતુ મળે, વીતરાગને વીતરાગપણે મળે તે ધાતુમિલાપ. બીજો તો તનુ તાપ જાણવો. ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો. (૪)

---

**પાઠાંતર**—રંજણ – રંજન. ઘણો – ઘણું. તનું – તન. કરે રે – કરઈ. મેં – મઈ. ધર્યો – ધર્યું. મિલાપ – મેળાપ. રે – બન્ને પ્રતમાં બન્ને સ્થાને નથી. (૪)

**શબ્દાર્થ**—કોઈ = કેટલાંક (પ્રાણીઓ). પતિરંજણ = નાથને રીઝવવા માટે. અતિ ઘણો = બહોત, ખૂબ, સારી પેઠે. તપ = તપસ્યા, ઇંદ્રિયદમન, લાંઘણ, ઉપવાસ, એકાસણાં. પતિરંજણ = પરમાત્માને રાજી કરવા સારુ તનું તાપ = કાયાને કષ્ટ આપવું તે. એ = એવા પ્રકારનું. પતિરંજણ = નાથને રાજી કરવાનું. મેં = મેં, લેખકે, આનંદઘને. નવિ = નહિ. ચિત ધર્યું = મનથી સ્વીકાર્યું, કબૂલ કર્યું. રંજણ = ખરું રિઝામણ. ધાતુમિલાપ = સાત ધાતુના મેળાપ જેવું એકરૂપ હોય તે. ધાતુ સાત છે : રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર; અથવા સોનું, રૂપું, ત્રાંબુ, કથીર, જસત, સીસું અને લોઢું. એ ધાતુઓના જોડાણ જેવું. (૪)

**વિવેચન**—આત્માની શુદ્ધ દશા, જેને 'આપણે શુદ્ધ ચેતના'ના નામનું રૂપક આપ્યું છે, તે કહે છે કે વીતરાગદશાનો સાક્ષાત્કાર કરનાર, વ્યવહારદશામાંથી ઊંચે ચાલી જનાર અને નિરંજન નિરાકાર ભાવનો સાક્ષાત્કાર કરનાર ઋષભ જિનેશ્વર જ મારો પતિ છે. મારે એની સાથે એકતાન જમાવવું છે. મારે મોહ–માયામાં મસ્ત થનાર, થોડા વખતના સ્નેહમાં પણ અનેક પલટા મારનાર દુન્યવી પતિનો પ્રેમ ન ખપે, સર્વ કાળ મને સહકાર આપે, અનંત કાળ સુધી મને પોતામય બનાવી દે, અને કદી પણ મને વિયોગનું દુઃખ ન આપે એ જ મારો હૃદયેશ્વર છે.

શુદ્ધ ચેતના વ્યવહારુ દાખલા આપી પોતાનો નિર્ણય મક્કમપણે જણાવે છે. એ કહે છે કે વ્યવહારમાં કે વનવાસમાં તમે પતિરંજનના અનેક દાખલાઓ જોશો. કેટલીક સ્ત્રીઓ પતિને પ્રસન્ન કરવા નાનાં–મોટાં બાળ–અજ્ઞાન તપ કરે છે, સૌભાગ્ય માટે સધવા સ્ત્રીઓને ચાંદલા કરે છે, રાત્રિજાગરણ કરે છે—એ દેહદમનનો તપ થાય. અને કેટલાંક પ્રાણીઓ પરબ્રહ્મને પામવા કાયાકષ્ટ કરે છે, ભૂખ્યાં રહે છે, મહિના મહિનાના ઉપવાસ કરે છે અને વનવાસ વેઠે છે, વનમાં મળતાં ફળ-કંદ પર ઉદરનિર્વાહ કરે છે; અને એવી રીતે અનેક પ્રકારનો શરીરનો તાપ ખમે છે. આવા પ્રકારનું સ્ત્રીઓનું-અજ્ઞાન-તપ કે આત્માની બરાબર ઓળખાણ કર્યા વગરનો તન-તાપ મેં મારા મનમાં મોટો માન્યો નથી. મારી નજરમાં તો ધાતુએ ધાતુનો મેળાપ થાય તેવા પ્રકારનું પતિરંજન હોય, તેને હું સાચો મેળાપ કહું છું. ધાતુએ ધાતુનો મેળાપ થાય ત્યારે ત્યાં એકરસ જામી જાય છે, એકતા થઈ જાય છે. તેવા મેળાપ તે સાચો મેળાપ કહેવાય. સોના અને રૂપાનો કે સોને સોનાનો કે લોહ સાથે કાંસાનો મેળાપ થાય ત્યારે એકજીવ થઈ જાય છે, એમાં સોનું જુદું તરી આવે અને કથીર જુદું રહી જાય, એવો ઉપર ઉપરનો મેળ હોતો નથી. ચેતના કહે છે કે હું તો ખરો મેળાપ એને જ કહું કે જેમાં તદ્રૂપતા થઈ જાય, એકવાક્યતા થઈ જાય, પ્રેમ કરનાર અને પ્રેમપાત્રમાં અભેદ થઈ જાય.

અંબડ તાપસે એટલી મોટી તપસ્યા કરી હતી કે એનું વર્ણન વાંચતાં રોમાંચ થઈ આવે, પણ એને સમ્યગ્જ્ઞાન થતાં એ સાચું પતિરંજન શીખ્યો અને જ્યારે ભગવાન શ્રી મહાવીરે એની મારફત સુલસાને ધર્મલાભ કહેવરાવ્યા ત્યારે એને વિચાર થયો કે ભગવાન નાગસારથિ (ગાડી હાંકનાર)ની પત્નીને ધર્મલાભ કહેવરાવે, તેને બોલાવજો એમ કહે, એ તો ભારે નવાઈની વાત કહેવાય! આ સુલસાના આખા ઇતિહાસની પાછળ સાચા પતિરંજનનું આબેહૂબ ચિત્ર છે. એના દેવદત્ત બત્રીસ છોકરાઓ એકસાથે નાશ પામી ગયા, ચિલ્લણાને મેળવવામાં શ્રેણિકે બત્રીશનો ભોગ આપ્યો, ત્યારે પણ એ પતિરંજન કરનાર માતાનું હૃદય ધડક્યું નહિ, તેનું કારણ એનામાં વાત્સલ્યનો અલ્પ ભાવ કે અભાવ નહોતો, પણ એ ખરું પતિરંજન સમજતી હતી. અંબડ પરિવ્રાજકે એની પરીક્ષા કરી ત્યારે તપથી થતા દેહદમન અને સાચા પતિરંજન વચ્ચેનો તફાવત તેના સમજવામાં આવ્યો. સાચા પતિરંજનમાં આનંદના તાંતણા ચાલે છે, અંતરનો વિકાસ થાય છે અને નિરંતરની પ્રીતિ જામે છે. સુલસાને લલચાવવા અંબડ મહાવીરનું રૂપ ધારણ કરે કે

સમવસરણની રચના કરે, પણ જ્યાં સુધી અંતરના તાંતણા હાલે નહિ, ત્યાં સુધી સુલસા તેને નમવા જાય નહિ. આવા પ્રકારનું નિર્મળ પતિરંજન એ રંજનના સાચા નામને યોગ્ય ગણાય, બાકી બધી વાત ઠીક જ છે. માર્ગે ચઢાવનાર કોઈ કોઈ હકીકત બને, પણ શુદ્ધ ચેતના જેવી નિર્મળ ગૃહિણીના મનમાં એવા વેવલાપણાના પતિરંજનને સ્થાન ન હોય. એની નજરે તો સો ટચનું સોનું જ જોઈએ. એમાં ૯૯.૯૯ ટચ પણ ચાલે નહિ.

આ ગાથામાં પતિરંજનની ઉત્કૃષ્ટ દશાની ભાવના છે, શુદ્ધ સ્વરૂપે ચેતન કેવો હોય, તેની પરિણતિ કેવી હોય અને તેનો આખો ઝોક કેવો હોય તેની રજૂઆત છે. એટલે સુવિહિત સાધન-ધર્મોનો ત્યાગ સમજવો નહિ, પણ સાધનને સાધ્ય માની લેવાની ભૂલ ન કરવી. સાધનનું મૂલ્ય સાધન જેટલું જરૂર ગણવું, પણ મૂળ પ્રાપ્ય વસ્તુ તરફ ધ્યાન બરાબર રાખવું. નહિ તો ઘણીવાર સાધનમાં ને સાધનમાં જ જીવતર પૂરું થઈ જાય છે અને એમાં ઇતિકર્તવ્યતા માનનાર ભુલાવામાં રહી જાય છે. ઉચ્ચ વિશિષ્ટ દૃષ્ટિએ બાહ્ય ભાવ, ઉપર ઉપરનો તપ કે દ્રવ્ય પૂજનને અહીં શું સ્થાન છે તે વ્યવહાર નજરે સમજવું, નિશ્ચયને લક્ષ્યમાં રાખવો અને સાચું પતિરંજન સાધવાની વિચારસ્પષ્ટતા અને આદર્શ રાખવો, એ માર્ગશોધનમાં વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય છે અને એની આવડત એ જૈન તત્ત્વજ્ઞાનની મહાન ફતેહ છે.

અહીં એક વાત જરા સ્પષ્ટ કરવી જરૂરી લાગે છે. જે આદીશ્વર ભગવાનનું આ સ્તવન છે, તેમણે એક વર્ષ સુધી ઉપવાસ કર્યા એ દેહદમનની કક્ષામાં આવે કે નહિ, કે શ્રી મહાવીર પરમાત્માએ સાડા બાર વર્ષ સુધી ઉગ્ર ઉપસર્ગો સહન કર્યા એમાં પતિરંજન થાય કે નહિ, તે સવાલ વિચારણા માગે છે. અહીં શુદ્ધ ચેતનાની દૃષ્ટિ છે. એ કહે કે તમારે પતિરંજન કરવું હોય તો ધાતુમેળાપ થાય તેવું કરો. ધાતુનો મેળાપ કરવા માટે તમારે તેને ગરમ કરવી પડે કે તેને ૫૦૦ ડિગ્રીનો તાપ આપવો પડે, તેની સાથે મારે લેવાદેવા નથી. તમારે જોઈએ તે રીતે કામ લો, પણ રંજન એવું કરો કે એકમયતા થઈ જાય. આદિનાથ ભગવાનનું રંજન કે શ્રી મહાવીરનું ઉપદ્રવસહન યોગ્ય માર્ગે હતું. પણ મારે તેની સાથે લેવાદેવા નથી. મારી તો એક જ વાત છે, તમને ગમે તે માર્ગ લો, તમારે ફાવે તેવાં સાધનોનો ઉપયોગ કરો, મારે સાધનની વિચારણાની જરૂર નથી, મારે તો એક જ વાત છે : ધાતુમેળાપ થાય, એવો પતિમેળાપ કરો. શુદ્ધ ચેતના અહીં દેહદમનનો નિષેધ નથી કરતી, પણ એ વાતને પોતે મોટી માનતી નથી. આ વાત સ્પષ્ટ કરવાની જરૂર એટલા માટે લાગી છે કે વ્યવહાર નિશ્ચયનો સમન્વય ન કરનાર કોઈ વખત આ પદનો એકાંત અર્થ કરવા જતાં આડે માર્ગે ચઢી જાય. અહીં તપનો નિષેધ નથી, પણ પતિરંજન વિશિષ્ટ નજરે કેવું હોવું જોઈએ, તેનું પ્રતિપાદન છે. મુદ્દો સમજ્યા વગર, પ્રતિષ્ઠા મેળવવા ખાતર કે ચેતનને બરાબર ઓળખ્યા વગર ગમે તેટલાં દૈહિક કષ્ટ સહન કરવામાં આવે કે ભૂખ્યા રહેવામાં આવે, તે શુદ્ધ આત્મદશાને ખ્યાલમાં રાખતાં નિરર્થક છે. આ તફાવત બરાબર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. અને વ્યવહાર-નિશ્ચયનો સમન્વય કરવાની આવડત બને તેટલી ખીલવવા યોગ્ય છે.

'ધાતુ'નો અર્થ મેદ, માંસ, અસ્થિ (હાડકાં), રસ, રુધિર, મજ્જા અને વીર્યને પણ શક્ય છે, પણ તેનો મેળાપ પતિરંજન સાથે ઘટી શકતો નથી. અને ક્વચિત્ 'ધાતુ' શબ્દમાં પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશનો સમાવેશ કરવામાં આવે છે; અને કોઈ વાત, પિત્ત, કફને ધાતુ ગણે છે. આમાંનો કોઈ ભાવ સ્થાયી પતિરંજન સાથે મેળ ખાય તેમ ગોઠવવો. મને તો ધાતુનો અર્થ સોના, રૂપાદિ મૂળ ધાતુ સાથે બંધબેસતો બરાબર લાગ્યો છે. આ આખી હકીકત શુદ્ધ ચેતનાના મુખમાં મૂકી છે અને એ વિશિષ્ટ પતિરંજન બતાવે છે, તે વાત અર્થવિચારણા કરતાં લક્ષ્યમાં રાખવી. (૪)

કોઈ કહે લીલા રે લલક અલખ તણી રે, લખ પૂરે મન આસ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ-વિલાસ. ઋષભ૦ ૫

**અર્થ**—આ તો અલખના લક્ષ્ય રૂપની લીલા-ક્રીડા છે એમ કેટલાક કહે છે અને લક્ષ્ય-સ્વરૂપ મનની જે કાંઈ આશા હોય તે સર્વ સંતોષે છે, પૂરી કરે છે. પણ (આનંદઘન કહે છે કે) જે સર્વ પાપ-દોષથી રહિત હોય તેને લીલા-ક્રીડા જ ઘટે નહિ, શોભે નહીં, સંભવે નહિ; કારણ કે લીલા તો દોષોની જન્મભૂમિ છે, રંગભૂમિ છે. (૫)

**ટબો**—અલખ લખી ન જાય, કળી ન જાય; જેવી ભક્તની ઇચ્છા તેની તેમ પૂરે. તેને કીસી (શેની) ખોટ છે? ઈલાવે (અલાવે-મેળવી આપે) તેના મનની આશા પૂરવે છે. એ પણ બાધક વચન છે. જે માટે દોષ રહિત પરમેસરને લીલા, જે સાંસારિક અવસ્થા કલા, તે પરમેસરને ઘટતાં નથી, નિશ્ચયે. સંસારી લીલા તે દોષના વિલાસ, તેની લહરી છે. જે રાગે દોસ હોય તે સંસારની લીલા વાંછે-આપે. ઉત્પત્તિ, સૃષ્ટિ, પાળવું ઇત્યાદિક તેના વિલાસ છે. ઋષભ૦ (૫)

**વિવેચન**—હવે આ પ્રેમના વિષયને બીજી ભૂમિકા પર લઈ જાય છે. દુનિયાદારીના પ્રેમની નિરર્થકતા વિચાર્યા પછી કેટલાંક પ્રાણીઓ પ્રેમ કરવા કે પ્રેમ મેળવવા બિલકુલ પ્રયાસ કરવા ઇચ્છતા નથી, તે આખી માન્યતા સમજણ વગરની છે, એ વાત બતાવવા દ્વારા પ્રચલિત નિર-પેક્ષતા પણ નિરર્થક છે એ બતાવે છે.

એની વિચારણામાં અલખ અને લખનું સ્વરૂપ જાણી લેવું પડે. અલખ એટલે અલક્ષ્ય-Incomprehensible, જે સમજી ન શકાય, જેની તુલના કે ગણતરી ન થઈ શકે તે અલખ.

---

**પાઠાંતર**—કહે – કહઈ. લલક અલખ – અલખ અલખ, લલકઅલષ, લલકઅલક. લખ – લષ. પૂરે – પૂરઈ. મન – મનિ. આસ – આશ. રહિતને – રહિતને રે. ઘટેરે – ઘટઈ. (૫)

**શબ્દાર્થ**—કોઈ= કેટલાક. કહે = જણાવે છે કે. લીલા = ક્રીડા. લલક = લક્ષ્યમાં આવે તેવી. અલખતણી = અલક્ષ્ય-ન જાણી શકાય તેવાની. લખ = લક્ષ્ય, જાણી શકાય તે. પૂરે = સંતોષે, ધરવી દે. મન આશ = મનઆની આશાઓ, ઇચ્છાઓ. દોષ રહિતને = પાપ વગરનાને. લીલા = ક્રીડા. નવિ = ન. ઘટે = શોભે, સંભવે. દોષવિલાસ = ઉપાધિ પાપનું રમણ-રટણ છે, સ્થાન છે. (૫)

પરબ્રહ્મ એટલા ભવ્ય છે, એવા વિશાળ છે કે એનો ખ્યાલ કરવો એ પણ માણસની બુદ્ધિથી પર છે. આ અલખને અનેક જોગીઓ–બાવાઓ જગાવે છે, અહ્‌લેક કરે ત્યારે આ અલક્ષ્ય સ્વરૂપને ધ્વનિનું રૂપ આપે છે; આ અલક્ષ્ય સ્વરૂપ પ્રમાણે માણસની મર્યાદિત બુદ્ધિમાં પરબ્રહ્મનું સ્વરૂપ અવતરવાની અશક્યતા માનવામાં આવે છે; પણ એ અલખનું લક્ષ્ય સ્વરૂપ પણ હોય છે. એટલે એ અલખમાંથી લક્ષ્ય સ્વરૂપ જન્મે છે, જે મર્યાદિત બુદ્ધિશક્તિવાળા માણસોનાં મગજમાં પણ ઊતરી શકે. દાખલા તરીકે ગૂઢ અલખના કૃષ્ણ વગેરે રૂપો કલ્પાય કે હોય, તે તેનું લક્ષ્ય સ્વરૂપ છે. અલખનું લખ બ્રહ્મરૂપ સૃષ્ટિનું ઉત્પાદન કરે, અલખનું લખ વિષ્ણુરૂપ સૃષ્ટિનું સંરક્ષણ કરે, અલખનું લખ શિવ–રૌદ્ર રૂપ સૃષ્ટિનો સંહાર કરે. આ લક્ષ્ય સ્વરૂપ જેમ ઇચ્છે તેમ સૃષ્ટિનો ઉદ્‌ગમ, રક્ષણ અને નાશ થાય છે અને એ અલખના લખ સ્વરૂપની જ્યારે ઇચ્છા થશે ત્યારે લખ સાથે આપણી સાચી પ્રીતિ થશે, અને ટકશે. એટલા માટે ભગવાનની ઇચ્છા બળવાન છે, ભગવાનનું લખ રૂપ આપણી આશાઓ પૂરશે, આપણામાં સાચી પ્રીતિ જન્માવશે અને એમ થશે ત્યારે આપણો દહાડો વળશે. માટે પ્રભુની પ્રીતિ મેળવવા માટે કે પરબ્રહ્મની પ્રાપ્તિ માટે તપ કરવાં કે કાષ્ઠમાં બળી મરવું એ કાંઈ જરૂરનું નથી, ઈશ્વરેચ્છા બલીયસી–પ્રભુની ઇચ્છા બળવાન છે. એ જ્યારે થશે ત્યારે સર્વ સારાં વાનાં થઈ આવશે. ભક્તની જે કાંઈ ઇચ્છા હશે તે લખ (લક્ષ્ય) પૂરશે, કારણ કે આ સર્વ ભગવાનની લીલા છે, અલખના લખ સ્વરૂપની લીલા છે, માટે કાંઈ કરવાની જરૂર નથી જ્યારે લખ તુષ્ટમાન થશે, ત્યારે પ્રભુની પ્રીતિ મળશે અને તેમ થશે ત્યારે મનની સર્વ આશા ફળશે. આ લક્ષ્યાલક્ષ્ય સ્વરૂપ, લીલાની પરમ કારણભૂત માયા અને અલખલખ વચ્ચેનો સંબંધ ખાસ સમજવા યોગ્ય છે. છતાં એને એવી પરિભાષામાં ગૂંચવી નાખ્યો છે કે એ જાણે વચનાતીત હોય, માણસની શક્તિની બહારનો વિષય હોય અને ઊંડી અકલ્પ્ય ગૂઢતાથી આચ્છાદિત હોય, તેવી તેને ફરતી માયા રચાઈ ગઈ છે. માયાને સમજવાની વાત પણ માયામાં ગૂંચવાઈ ગઈ છે; અલખના લખ સ્વરૂપને સમજવાની કે વિચારવાની વાત પણ ગોટે ચઢી ગઈ છે; ભગવાનની લીલા જાણે બુદ્ધિને લીલામમાં મૂકી દેતી હોય એવી પરિસ્થિતિ થઈ છે. પ્રશ્ન એ થાય છે કે અલખનિરંજન જ્યોતિમય પરબ્રહ્મ તો રાગદ્વેષથી પર છે. એને પુદ્‌ગલ સાથે સંબંધ નથી. એની વિચારણામાં પુદ્‌ગલને સ્નાન નથી. એવા અલખ ભગવાન, સચ્ચિદાનંદ સ્વરૂપને લીલા હોય? લીલા તો લહેર છે, મોજ છે, આનંદ છે. તો આવા અલખ પરબ્રહ્મ લીલા કરે? શા માટે કરે? એવી લીલાની પ્રેરણા કોણ કરે? આવી લીલા કરવાનો હેતુ શો? અને લીલા કરે તો આવી સૃષ્ટિ બનાવે? બનવાની વિચારણા કરે તો આવી સૃષ્ટિ કરે? લીલા કરે એમાં સમજણ–અક્કલ તો હોય ને? આ દુનિયામાં જે જાતની વક્રતા છે, જે વિયોગ-શોક-કંટાળો-દુઃખ-દારિદ્ર છે, આંટાફેરા-નિરાશા-નિસાસા અને મનોવિકારો છે, જેમાં ભય, દુગંછા, માયા, કપટ, અભિમાન, નિંદા વગેરે અનેક ગોટાળા અને પશ્ચાત્તાપો છે, તેવી સૃષ્ટિની રચના કરવાની વિચારણા કે વ્યવસ્થા કોઈ કરે? અને એવી રચના કરે તેને અલખની લીલા કહેવાય? લીલા કોઈ વિષયી રાજા કરે, કોઈ અક્કલ વગરનો શેઠિયો કરે,

કોઈ નાટક જોવાનો શોખીન માણુસ કરે-કરાવે; પણ રાગદ્વેષથી પર, દુનિયાના વૈભવને પૌદ્ગલિક ગણનાર, માયાથી અતીત, સ્વગુણમાં મસ્ત સમજુ માણુસ લીલા કરે ખરો ? લીલા તો દોષોની રંગભૂમિ છે, રખડપટ્ટીની પશ્ચાદ્ભૂમિ છે અને અહુલેક જગાડનારને શરમાવે તેવી મોહમાયા અને ઐહિક અધમ દશા છે. ક્યાં અલખની વિશિષ્ટ ઉચ્ચ ભૂમિકા અને ક્યાં લખની આ કલ્પિત લીલા ! એનો મેળ જ બેસે તેમ નથી. દોષ રહિત નિરક્ષર પરબ્રહ્મ કે એના લક્ષ્ય સ્વરૂપમાં લીલા સંભવે નહિ, લીલાનો આભાસ પણ ઘટી શકે નહિ. રાગદ્વેષ વગર આવી લીલા સંભવે નહિ. અને લક્ષ્યસ્વરૂપ કરી કરીને આવી લીલા કરે એ વાત અક્કલમાં ઊતરે તેમ પણ નથી. આવી લીલા તો દોષનો વિલાસ છે.

કોઈ એવે ભરોસે બેસી રહે કે આ તો લખની લીલા છે, અને પ્રભુની ઇચ્છા થશે ત્યારે તે સાહેબ રીઝશે; બાકી, ત્યાં સુધી ચાલે તેમ ચાલવા દેવું અને વહેવારમાં નાચ્યા કરવું, લખની પ્રીતિ થવાની હશે ત્યારે થશે, અને તેમ ન થાય ત્યાં સુધી નિષ્ક્રિય રહેવું અને પાછળથી ધક્કો આવે કે પવન આવે તે પ્રમાણે ચાલ્યા કરવું, તો તે વાતમાં પણ માલ નથી. લીલાની પાછળ રાગદ્વેષ છે; અલખમાં તો રાગદ્વેષની કલ્પના પણ ન ઘટે; પણ લક્ષ્ય સ્વરૂપમાં પણ રાગ-દ્વેષ ન હોય. અને રાગદ્વેષ વગર આવી સંસારની લીલા કોઈ વાંછે નહિ, ઇચ્છે નહિ અને એવી લીલાની પ્રેરણા કરનાર રાગદ્વેષ વગરના હોઈ શકે નહિ. અને આવી લીલાની કલ્પના કરી, પછી ભગવાનને ઇચ્છા થશે ત્યારે આપણને બોલાવી લેશે એની પ્રીતિ થશે ત્યારે આપણી લીલા સંકેલાઈ જશે, આ આખી વિચારણા પાછળ દેખીતો વિરોધ છે. ભગવાનની અનંત દયા અને લીલાનો દોષવિલાસ જોતાં આખી કલ્પના પાછળ વિચારણાનો અભાવ છે. આવી રીતે પ્રભુની પ્રીત થશે એવી કલ્પના પાછળ બેસી રહેવા જેવું નથી; એમ કરવા જતાં તો આખો પુરુષાર્થ-વાદ માર્યો જાય તેમ છે.

અહીં સૃષ્ટિકર્તૃત્વનો આખો સવાલ પ્રસ્તુત થાય. એ સવાલ અહીં ચર્ચી શકાય તેટલું સ્થાન નથી. વાત અનાદિત્વની છે. પ્રીતિ એ સાંસારિક અર્થમાં પૌદ્ગલિક છે, આત્મિક જગતમાં ઉચ્ચ કોટિની છે, તેને કોઈ બનાવે, પ્રેરે કે પૂરે એ ન બની શકે તેવી વાત છે. એટલે આવી અલૌકિક પ્રીતિ ઈશ્વરાધીન છે. એમ કહી એ વાતને અળગી કરવી એ તદ્દન અજુગતી વાત છે. અલખ ગમે તેટલા અનિર્વચનીય હોય, પણ એક સાદી વાત તો આપણી મર્યાદિત બુદ્ધિમાં પણ ઊતરે તેવી છે અને તે એ છે કે એમાં મારા-તારાપણું, રાગ-દ્વેષ કે માયા-મમતા તો ન જ હોવાં જોઈએ. અને કહેવાતી લીલા રાગદ્વેષ વગર અશક્ય છે. અને આવી લીલા કરવા પાછળ ઉદ્દેશ શો ? શું અલખસ્વરૂપી કે અલખના લખસ્વરૂપી બેઠા બેઠા નાટક જુએ છે ? આપણે જાણે રંગભૂમિ પર નાટક કરતા હોઈએ અને દેખનાર વ્યક્તિ આપણા પ્રત્યેક વિકારને જોઈ નોંધ કરી રાખતા હોય ! આ આખો વિચાર મગજમાં બેસે તેવો નથી, અને અલખ પરબ્રહ્મની વીતરાગદશાને બાધક થાય તેવો છે. માટે પ્રીતિ કરવાને અંગે બાહ્ય તપ કે કાષ્ઠનું શરણ લેવું જેટલું બિનજરૂરી છે તેટલું જ બિનજરૂરી લીલાના સ્વરૂપની - માન્યતા રાખી

ઈશ્વરની ઇચ્છા થશે ત્યારે પ્રીતિ મળશે, એવી આશાએ બેસી રહેવાનું છે. માટે મારા પ્રીતમ તો ઋષભદેવ જ સાચા છે, અને બીજા પતિને હું ચાહતી નથી. કોઈ લખ સ્વરૂપ મારી આશા પૂરશે અને મને પતિ સ્વરૂપે પ્રાપ્ત થશે એ વાત બને તેવી નથી, અને તેને આધારે રહી નિષ્ક્રિય થવા જેવું નથી. મારે તો નિરુપાધિક, અનંત કાળ ચાલે તેવો અને પારકી આશા પર નહિ પણ પોતાના પુરુષાર્થને પરિણામે જન્મેલો અનંત પ્રેમ જોઈએ. (૫)

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યો રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ આપણો રે, 'આનંદઘન' પદ રેહ. ઋષભ૦ ૬

**અર્થ**—ચિત્ત અંદરથી રાજી રાજી થઈ જાય ત્યારે પૂજનનું ખરું ફળ પ્રાપ્ત થાય છે, એમ કહેવામાં આવ્યું છે. અને સળંગ અખંડ પૂજા તો એ જ ગણાય. એમાં કોઈ પ્રકારની માયા કે દંભ–કપટ વગર આપણો આત્મા આનંદઘનની રેખા રૂપ થઈ જાય છે. ('અરપણા' અગત્યનો પાઠાંતર છે. તો તેનો અર્થ આ પ્રમાણે કરવો : કપટ રહિત થઈને આત્માર્પણ કરવું તે આનંદઘન પદની રેખા છે.) આ અખંડ પૂજા છે. એના પાત્ર ઋષભદેવ મારા પ્રીતમ છે. (૬)

**ટબો**—ચિત્તપ્રસન્નતા–નિર્વિકાર નિર્વિકલ્પ ચિત્તે વર્તવું–એને જ પૂજનફળ કહેલ છે એમ જાણવું. અખંડ પૂજા અવિચ્છેદપણે પૂજે તેને જ કહીએ, જે ચિત્ત માંહેથી વિકલ્પ ટાળી શુભ કરે તે કલ્પવાસી મન. એટલા માટે આપણા આત્માને કપટ રહિત થઈને આપણું જે આનંદ છે ઘનનિવિડપણે જ્યાં, એવો પદ લે શિવપદ, તેની રેખા–મર્યાદા તે ભજે–પામે. કોણ ? આનંદઘન સેવક. શું કહ્યું ? નિરુપાધિક ધર્મમય શ્રી ઋષભદેવ તેહી જ કંત, તેહી જ વલ્લભ. એવાને જે શુદ્ધ ચેતના કહે છે, જે નિરુપાધિક સ્વભાવે નિઃકપટપણે કરી ભજીએ. (૬)

**વિવેચન**—પ્રીતિનું અનેક દૃષ્ટિબિન્દુઓથી દર્શન કર્યું, તેના પર વિચારો કર્યા. જગતની વ્યાવહારિક પ્રીતિ એ ખરી પ્રીતિ નથી, કારણ કે એનો છેડો આવ્યા વગર રહેતો નથી, તેમ જ પતિ પાછળ ચિતામાં પોઢવું, ત્યાં તો મેળાપ થવાનો સંભવ પણ નથી. અને પતિને મેળવવા તપ કરવાં, કરવત મુકાવવું કે શરીરકષ્ટ ખમવાં એવું રંજન પણ ધ્યાનમાં ન આવ્યું, કારણ કે એવા મેળાપમાં પણ એકરૂપતા થતી નથી અને અલક્ષ જગાવી લખ આશા પૂરશે એવી આશાએ

---

**પાઠાંતર**—પ્રસન્ને રે – પ્રસન્નઈ રે. કહ્યો. રે – કહ્યું, કહ્યો પૂજા – પૂજ. આપણો રે–અરપણા રે (પ્રતોમાં અરપણા કોઈ સ્થાને જોવામાં આવતું નથી.). પ્રતોમાં પહેલા અને ત્રીજા પાદમાં 'રે' છોડી દીધેલ છે; અસલ રાગની લૈં માં કદાચ તેની જરૂર નહિ જ હોય એમ લાગે છે.(૬)

**શબ્દાર્થ**—ચિત=મન. પ્રસન્ને = રાજી થયે, રિઝાઈ ગયે. પૂજન = પૂજાનું. ફળ = પરિણામ. કહ્યું = બતાવ્યું. પૂજા = અર્ચા, અખંડિત = અત્રુટિત, ભાંગફોડ વગરની, આખી. એહ = એ. કપટ = માયા, દંભ, દેખાવ. રહિત = વગર. આતમ = આત્મા, ચેતન. આપણો = પોતાનો. રેહ = (દાંતે જડાવેલી સોનાની નાની) ટપકી, નાની ખીલી, ઉખર ભૂમિની ખારી માટી, ઉત્તર-દક્ષિણ રેખા, લંકાથી મેરુની લાઈન. (૬)

બેસી રહેવું એ તો લીલા-લહેરના પ્રદેશમાં જાય છે અને અલખના આખા સ્વરૂપને અપમાને છે. ત્યારે ખરી પ્રીતિ કેમ થાય? ક્યારે થાય? કોની સાથે થાય?—એ સવાલનો મુદ્દામ રીતે, વિચારણાના સારરૂપે અને શાસ્ત્રના દોહનરૂપે નિર્ણય આવે છે તે ખાસ અવધારવા યોગ્ય છે.

પૂજન બે પ્રકારનું છે: દ્રવ્ય અને ભાવ. દ્રવ્ય-પૂજનમાં તો સ્થૂળ દ્રવ્યોથી ઔપચારિક પૂજન થાય. એ તો બાહ્ય જીવનની વાત થાય. ભાવ-પૂજનમાં પૂજક, પૂજ્ય અને પૂજાની એકતા થાય, પૂજા કરનાર ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા સાધે, અનંત પરમાત્મા સાથે તન્મય થતો જાય. અને તે વખતે એના દિલમાં પ્રસન્નતા થઈ જાય, એમાં મન દ્વારા શરીરમાં રોમાંચ થઈ આવે, એને આત્મસંતોષના ઓડકાર આવે, એને ચારે તરફ નીરવ શાંતિ, સંતોષ અને સુવ્યવસ્થા લાગે એ સાચી પૂજા છે. એમાં પૂજાનું ખરું ફળ બતાવ્યું છે, એમાં સાચું પતિસેવન છે અને એવા પતિસેવનમાં જીવનની સફળતા છે. આવા પ્રકારનું પતિસેવન કરવું એ અખંડ પૂજા છે, એમાં વીતરાગ ભગવાન સાથે મેળાપ થાય તે અખંડ રહે છે, અને એવા પ્રકારનો પતિમેળાપ એ સાચો નિરંતરનો આદર્શ મેળાપ છે. એટલે પતિદેવ સાથે સાચો અને સ્થાયી મેળ બેસાડવો હોય તો ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ.

એવા પ્રકારની પૂજાને અખંડ પૂજા કહેવાય, એમાં સાચા પૂજનની ચાલુ ધારા સતત વહ્યા કરે, એમાં આપણો આત્મા કપટ રહિત થઈ કોઈ જાતના દેખાવ, ધમાલ કે તમાશાનો ખ્યાલ છોડી દઈ આનંદઘનપદની રેખાએ પહોંચી જાય, એની મર્યાદા આનંદસ્વરૂપ સુધી પહોંચી જાય.

ઘણી વખત પૂજનમાં બાહ્ય ભાવ થઈ જવાનો સંભવ રહે છે. લોકો પોતાને ધર્મી કે આસ્તિક કહે તેટલા માટે પ્રાણી પૈસા ખરચે છે, મોટા મેળાવડા કરે છે અને લોકોની પ્રશંસા સાંભળી રાજી થાય છે. એમાં દુન્યવી આબરૂ મળે ખરી, પણ આપણો આત્મા આનંદઘનની રેખાને ન ભજે. એ રેખા તે આખી જુદી વસ્તુ છે. એમાં અંદરના કલ્લોલ થાય છે, એમાં અનિર્વચનીય આંતર સુખ અનુભવાય છે. આવું સુખ તે આનંદઘનપદની રેખા છે, એ પ્રભુ પ્રત્યેની સાચી પ્રીતિ છે, એ નિરતિશય આનંદ છે, એ ભવ્ય ભાવ ભાવિત આત્મિક દશા છે. આવા પ્રકારની પ્રીતિ કરવી એ ખરા પ્રેમના નામને યોગ્ય છે.

'કપટ રહિત' શબ્દ મૂકવામાં ભારે વિચારણા દાખવી છે. એ શબ્દના ઉપયોગથી આખી માનસિક કલ્પના અને ચાલુ વ્યવહારનું સ્વરૂપ એક સપાટે બાદ કરી નાખ્યું છે અને એમાં વ્યવહારનો જરા પણ લોપ કે વિરોધ કર્યા વગર આંતર વિશિષ્ટ દશાને પ્રાધાન્ય આપ્યું છે.

અને 'આનંદઘન'પદની વાત કેવી છે? એની રેખા-જડ ક્યાં આવે? કેમ આવે? ક્યારે આવે?—તેની આખી ચાવી આ સ્તવનમાં બતાવી છે. આનંદ એટલે અંતરનો આનંદ, વિકલ્પ વગરનો આનંદ, વિકાર વગરનો આનંદ. એમાં પૌદ્ગલિક ભાવને સંબંધ નહિ, માન-આબરૂને સંબંધ નહિ. એ આત્મિક દશા બતાવનાર યોગરૂઢ શબ્દ પર અનેક સ્થાને વિવેચન કર્યું છે. આનંદઘનનાં ઘણાં પદોને છેડે એ શબ્દ પર વિવરણ થઈ ગયું છે. એમાં કોઈ વ્યક્તિનું નામ

નથી, કોઈ ગચ્છ, ગણ કે ઉપાસકનું નામ નથી, એમાં કોઈ મત, ફિરકા કે દર્શનનું નામ નથી. આનંદ એટલે આત્માની નિર્વિકારી દશા અને તેની વિપુલતા; તેની નક્કરતા તે આનંદઘન લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ, એ ત્રણેના સમૂહને ઘન (Cubic) કહેવામાં આવે છે. અથવા છ સરખી બાજુની આકૃતિને ઘન કહેવામાં આવે છે. એટલે આનંદના ઘનને અહીં નજર સન્મુખ રાખ્યા છે, એમાં યોગ ભાષામાં સમજાવેલ આનંદનો નિર્વિકારી મૂળભાવ ઠાંસી ઠાંસીને ભરેલ હોય છે. આનંદઘન એ આત્મદશા છે, ચૈતન્યભાવ છે, વચનાતીત વિશિષ્ટ યોગદશા છે. એ આનંદઘનપદ પ્રાપ્ત કરવા આપણા સર્વના કોડ છે. ઋષભદેવની—વીતરાગદશાની પ્રીતિને અને વ્યવહારુ સાંસારિક સ્નેહને કેવો સંબંધ છે તે બતાવી છેવટે એ પ્રીતિને જમાવવાની ભલામણ કરતાં યોગિરાજ કહે છે કે મન જેમાં અંદરથી પ્રસન્ન થાય, અને નિષ્કપટ ભાવમાં આપણો આત્મા વર્તે ત્યારે આનંદઘનપદની રેખા એ અનુભવે છે, અથવા એવા પ્રકારની પૂજામાં આનંદઘનપદની જડ છે.

'રેહ' શબ્દ ખાસ વિચારવા જેવો લાગે છે. સામાન્ય ભાવ ઉપર રજૂ કર્યો છે, પણ એ શબ્દમાં ઘણું રહસ્ય હોય એમ ભાસે છે. 'રેહ'નો અર્થ હિંદી કોષ પ્રમાણે 'ઊખર (ખારાપાટવાળી જમીન, જેમાં કાંઈ પાકે નહિ તેવી) જમીન, મેદાનમાં ખાર મળેલી માટી' એવો થાય છે. એ પ્રમાણે આત્મા કપટ રહિત અખંડ પૂજા કરે ત્યારે તેની સાથેની ભૂમિકા ઊખર જમીન થઈ જાય છે; એમાં પછી કર્મનો પાક જ આખો અટકી જાય છે અને મેદાન સફાચટ થઈ જાય છે.

'રેહ' શબ્દનો અર્થ ઘણાખરા અર્થકારોએ 'રેખા' કર્યો છે. એ રેખા શબ્દ પણ ભારે ચમત્કારી છે. લંકાથી મેરુ સુધી, દક્ષિણથી ઉત્તર સુધી જે સીધી લીટી દોરવામાં આવે, જેમાં બરાબર સમાંશે ઉજ્જયિની નગરી વચ્ચે આવે છે. તેને (longitude ની પંક્તિને) રેખાંશ કહેવામાં આવે છે. આ પવિત્ર રેખાંશમાં સર્વદા પવિત્રતા, પ્રકાશ અને વિશુદ્ધ નિર્મળતા રહે છે. ભયંકર અંધકારમાં પણ તે રૂપેરી દોરારૂપે સર્વદા પ્રકાશંત અને માર્ગદર્શક રહે છે. ચેતનના આઠ રુચકપ્રદેશનું એ રૂપક છે અને યોગીરાજ કહે છે કે અખંડ પૂજામાં ચિત્તની પ્રસન્નતા થાય અને એ વખતે કપટ રહિત દશામાં આપણો આત્મા વર્તે તે જ આનંદઘનપદની રેખા છે. એ અનંત કલેશમય સંસારમાં રૂપેરી દોરી છે અને એને ઓળખવાથી સંસારની આધિ વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે.

'રેહ'નો રેખા અર્થ કરી જ્ઞાનવિમળસૂરિ એની અર્થમર્યાદા કરે છે, અને પછી 'ભજે—પામે' એ શબ્દ અધ્યાહાર ગણી રેખાને મર્યાદાના અર્થમાં મૂકે છે તે વિચારણીય છે. જ્ઞાનસાર રેખાનો અર્થ મેળાપ કરે છે, તે વાત બેસતી નથી. એકંદરે આ પ્રથમ સ્તવન ઘણું રહસ્યમય છે અને છેલ્લી ગાથા યોગપ્રવેશમાં ખૂબ ઉપયોગી છે અને દીર્ઘ વિચારણા માગે છે એમ મને વારંવાર લાગ્યું છે.

આ છેલ્લી ગાથામાં આધુનિક પ્રતોમાં **'કપટ રહિત થઈ રે આતમ અરપણા રે'** એવો પાઠ જોવામાં આવે છે અને ખાસ કરીને છાપેલ સ્તવનોમાં અને જ્ઞાનસાર દ્વારા તે પાઠ સ્વીકારાયેલો છે. એ પાઠને સ્વીકારવામાં આવે તો તેનો અર્થ નીચે પ્રમાણે બેસે છે:

આવા પ્રકારની અખંડ આસેવનામાં મનનાં મનામણાં કરવાનાં નહિ કે મુત્સદ્દીપણાની ચાલ ચલાવવાની નહિ. એ પ્રેમની પાછળ તો ગાંડા થઈ જવું ઘટે; એની ખાતર ખુવાર થઈ જવામાં પણ સંકોચ આણવો ન ઘટે. નિષ્કપટ ભાવે, શાંત નજરે પોતાની જાતનું સર્વસ્વ પ્રભુચરણે રજૂ થઈ જાય અને પ્રભુમય જીવન બની જાય, એ ખરી પૂજા, એ સાચો પ્રેમ, એ અખંડ પ્રીતિ. આ આત્માર્પણનો આખો સિદ્ધાંત ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય છે. એમાં અને વૈષ્ણવીય સમર્પણના સિદ્ધાંતમાં ખૂબ ફેરફાર છે. આમાં તો આદર્શ ખાતર પોતાની જાતને વીસરી જવાની વાત છે. આમા તદ્રૂપતા કેળવવાનો આદર્શ છે અને આમાં પર ભાવને છોડી આત્મભાવ સાથે એકતા સાધવાની હકીકત છે. આ આત્માર્પણના વિષય પર પાંચમા સુમતિનાથના સ્તવનમાં ખૂબ વિસ્તાર કરવાનો હોઈ અત્ર તો સમર્પણની હકીકતને માત્ર સ્પર્શ કરવામાં આવ્યો છે.

હકીકત એમ છે કે આત્માની ત્રણ પ્રકારની દશા વર્તે છે: બહિરાત્મભાવ, અંતરાત્મદશા અને પરમાત્મદશા. ઘરબાર, ધનદોલત, સ્ત્રીપુત્રાદિને પોતાનાં માનવાં અને તેને માટે તનતોડ મહેનત કરવી, તે **બહિરાત્મદશા.** મનોવિકારો પર વિજય મેળવી આત્મદશાની વિચારણામાં ઊંડા ઊતરવું અને વ્યવહારનાં કાર્યોમાં અથવા શરીરના સંબંધમાં માત્ર સાક્ષીભાવ રાખવો તે **અંતરાત્મદશા,** અને બાહ્ય ઉપાધિનો ત્યાગ કરી જ્ઞાનાનંદમાં મસ્ત રહેવું અને વિષય-કષાયની ઉપર થઈ જવું તે **પરમાત્મદશા.** કોઈ પણ પ્રકારના કપટભાવને છોડી દઈ આત્માનું સમર્પણ કરી દેવું, બહિરાત્મદશાનો ત્યાગ કરી અંતરાત્મદશામાં વિહરવું એનું નામ આત્માર્પણ કહેવાય છે. આવા પ્રકારનું શુદ્ધ આત્માર્પણ થાય, બાહ્યાત્મદશાનો ત્યાગ થાય અને ખોટો દેખાવ કે ઢોંગ કરવાની વૃત્તિ પણ ન રહે, એવા પ્રકારની આત્મદશા થાય તે આનંદઘનપદની રેખા છે, જડ છે. એ સાચી પ્રીતિ છે, એ અનંત પ્રેમ છે.

'આતમ અરપણ'માં આત્માના બાહ્ય ભાવનું વિસર્જન, બુદ્ધિના વિલાસ પર અંકુશ, પર ભાવનો ત્યાગ અને શુદ્ધ ચેતનાના પતિ વિશુદ્ધ આત્માની સાથે એકલયતા એવી થઈ જાય કે એમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એક થઈ જાય: આવું આત્માર્પણ થાય તે ખરી પ્રીતિ છે, અને યોગીનું લક્ષ્ય હમેશ એ પ્રીતિનો સાક્ષાત્કાર કરવામાં હોય છે.

આવા પ્રકારનો ભાવ પાઠાંતરમાં આવતા 'સમર્પણ'ને અંગે કહી શકાય.. જ્ઞાનસારે એ પાઠ સ્વીકાર્યો છે અને ત્યાર પછી જે પુસ્તકોમાં આ સ્તવન છપાયું, તેમાં એ પાઠ સ્વીકારાયો છે. છેવટે એટલું જણાવવાનું કે 'કપટ રહિત થઈ આતમ અરપણો રે' પાઠ વધારે સુયોગ્ય, રુચિકર અને ચાલતા વિષયને વધારે બંધબેસતો મને લાગતો હોઈ મેં મૂળમાં એ પાઠને સ્વીકાર્યો છે. (૬)

### ઉપસંહાર

**પ્રભુપ્રીતિ**—આ પ્રથમ સ્તવનનો મુખ્ય ઝોક પ્રીતિનું સ્વરૂપ બતાવવાનો અને દુનિયાદારીની પ્રીતિમાં અને આત્મિક પ્રીતિમાં તફાવત ક્યાં, કેવો અને શા માટે છે તે વાત ધ્વનિરૂપે રજૂ કરવાનો

જણાય છે. શ્રી દેવચંદ્રજી મહારાજે પણ ચોવીશીની શરૂઆત પ્રીતિના સ્વરૂપદર્શનથી કરી છે. એમણે પ્રીતિ શા માટે કરવી તેનો ચતુર માણસને સવાલ પૂછ્યો છે. અને પછી પ્રીતિનું શાસ્ત્ર ચર્ચ્યું છે. એમણે તો ઉઘાડી રીતે જણાવ્યું છે કે દુનિયાદારીની પ્રીતિ તે ઝેરથી ભરેલી છે, નાશવંત છે એને રાગ રહિત ભગવંતમાં એવી પ્રીતિ સંભવે નહિ. અને છેવટે 'પર' સાથેની ચાલુ પ્રીતિ તોડે તે પ્રભુ સાથેની પ્રીતિ જોડે એ વાત કરી છે અને એવા પ્રકારની પ્રીતિને એકત્વતા જ કહી છે. આવો પ્રીતિનો આખો વિષય તેમણે પ્રથમ સ્તવનમાં ચર્ચીને પ્રીતિના વિષયને લગભગ આનંદઘનજીની રીતે જ ચર્ચ્યો છે; પણ આનંદઘનજીએ યોગીની દૃષ્ટિએ ચર્ચ્યો છે, જ્યારે દેવચંદ્રજીએ બુદ્ધિની નજરે ચર્ચ્યો છે. પ્રભુપ્રેમ કેવો કરવો, એને અંગે દેવચંદ્રજીનું એ પ્રથમ સ્તવન (ઋષભજિણંદશું પ્રીતડી) વાંચવા-વિચારવા યોગ્ય છે, ત્યારે તત્વશિરોમણિ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પ્રભુપ્રીતિના વિષયને તદ્દન જુદી રીતે હાથ ધર્યો છે. એ બીજા શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુપ્રીતિની આદેયતા સ્વીકારીને જ ચાલે છે, અને પછી એવી પ્રીતિમાં જે રસ લેનાર હોય, તે બીજી દુન્યવી પ્રીતિની લપછપમાં પડે જ નહિ, એ ધોરણે ચાલ્યા છે. એમણે 'રાગ'ના વિષયને ચર્ચતાં, રાગની દશમી સજ્ઝાયમાં કહ્યું છે કે 'રાગ ન કરશો કોઈ જન કોઈશું રે, નહિ રહેવાય તો કરજો મુનિશું રે.' એનો આશય એમણે તદ્દન જુદી રીતે લીધો છે. એ તો કહે છે કે રાગ કરવો જ નહિ અને કરવો તો મુનિ સાથે કરવો, દેવ સાથે કરવો, કારણ કે રાગ વ્યાધિ છે, અને ભગવાન સાથે સ્નેહ કરવાથી રાગમાં રહેલું ઝેરનું તત્ત્વ નાશ પામી જાય છે. આવી રીતે એમણે રાગના પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે પ્રકાર પાડ્યા છે અને પછી પ્રશસ્ત રાગ તરફ ભળી જવા સૂચન કર્યું છે.

અને પછી, એક વાર પ્રભુ પ્રત્યે રાગ થયો એટલે, મનનું આખું વલણ જ એવું થઈ જશે કે સ્થૂળ પૌદ્ગલિક રાગ ગમશે જ નહિ; રાગ તરફ કાં તો વિરાગ થાય અથવા રાગના પ્રવાહને સારે માર્ગે ઉતારી દેવાય. આવી રીતે પ્રભુપ્રેમ જેવા સાદા વિષયને યોગનો વિષય બનાવી શકાય છે. આપણે ચાલુ વ્યવહારુ કવિઓને જોઈશું તો તેઓ ભક્તિમાર્ગને એવી રીતે સૂચવશે કે પ્રભુપ્રેમમાં લયલીનતા બતાવી આપશે, પછી પ્રભુને અનેક રૂપકો આપશે, એની સાથે વાતો કરાવશે, એને માશૂકનું રૂપક આપશે એની સાથે ઇશ્ક સધાવશે વગેરે. વ્યવહારુ–દુન્યવી પ્રેમને ચાલુ કક્ષામાંથી ઊંચે લઈ જવાનો આ એક પ્રકાર છે, કારણ કે પ્રાણી હજુ બાહ્ય દશામાં હોય ત્યાં એની પાસે ઉચ્ચ ભૂમિકાની વાત કરવાથી એ પોતાની ભૂમિકાને ગોટાળે ચઢાવી દે અને એકદમ ઉચ્ચ ભૂમિકાએ ચઢી ન શકે. એટલા માટે શરૂઆતમાં બાહ્ય આકર્ષણને પણ સ્થાન આપવામાં આવ્યું છે અને પ્રેમની ભૂમિકામાં આગળ ધપવાના પાઠો આપવામાં આવ્યા છે. ગમે તે રીતે પ્રભુપ્રેમ કરીને અંતે તેને આત્મિક દશામાં લઈ જવો અને યોગમાર્ગે પ્રગતિ કરી ચેતનનો વિકાસ સાધવો એ આ પ્રેમમાર્ગદર્શનનો આશય હોય છે. અને છતાં એમાં સ્વાર્થાંધતા નથી, એમાં પરમાર્થ દૃષ્ટિ છે અને એમાં આત્માની મૂળ સ્થિતિ પ્રકટ કરવાના કોડ છે. બાકી તો, પરમાર્થને એક નજરે ઉત્કૃષ્ટ સ્વાર્થ પણ કહી શકાય, પણ એ સ્વાર્થ પણ આદેયની કક્ષામાં આવી જાય છે.

લગભગ જૈન કવિએ પ્રભુપ્રેમને પ્રાથમિક દશામાં કર્તવ્યરૂપે વર્ણવેલ છે. લટકાળા મોહનવિજયે 'પ્રીતલડી બંધાણી રે અજીત જિણંદશું' એવું કવન કરી પ્રેમનું ગાંડપણ પણ કર્તવ્યરૂપે ગાયું છે અને પ્રેમ દ્વારા ભવભયભાવઠ ભાંગવાની કક્ષા સુધી પ્રેમને લઈ ગયા છે. અનેક કવિઓએ આ પ્રભુપ્રેમના વિષયને ઘણી ઘણી રીતે બહલાવ્યો છે, અને સર્વનો આશય વિશુદ્ધ હોઈ, ખૂબ વિચારણા માગે તેવી રીતે તે વિષયને ઝળકાવ્યો છે. અને યશોવિજયજી ઉપાધ્યાયે તો એ પ્રેમને અનેક દિશાએ દાખવ્યો છે. ચંદ્રપ્રભુના સ્તવનમાં એને ચાતક અને વરસાદની રાહ સાથે સરખાવી એક લહેરમાં દુઃખ હરવાની કોટિ સુધી ખેંચી આણ્યો છે. અને પંડિત વીરવિજયજીએ પ્રેમને વ્યવહારુ રૂપમાં અનેક પૂજાઓ અને સ્તવનોમાં મૂકયો છે. એટલા માટે પ્રેમનું સ્વરૂપ બરાબર સમજવાની જરૂર છે. પોતાની ભૂમિકા વિચારી પ્રથમ બાહ્ય રૂપે, આગળ વધતાં આંતર રૂપે, પછી ત્યાગ રૂપે અને છેવટે આત્મપ્રેમની સાથે એકતા સાધવાની, અને યોગમાં પ્રગતિ કરી પ્રભુના આત્માની પોતાના આત્મા સાથે ગુણદૃષ્ટિએ એકતા વિચારી પ્રભુમય-વીતરાગમય અને છેવટે નિરંજન-નિરાકાર દશાએ ક્રમસર વધવાની આવશ્યકતા સ્વયં દેખાઈ આવે છે. અને એમાં પ્રગતિ કરતાં આત્મદર્શન થવાની શકયતા હોવાથી 'પ્રેમ' ને માર્ગે પ્રભુપ્રેમ જમાવવાની અને તેમાં આગળ વધારો કરવાની વાત અત્ર કરી છે.

એમ કરવા જતાં ઘણી વખત સ્થૂળ પ્રેમના આભાસમાં ઘસડાઈ જવાય છે, ઘણી વાર પોતાના સુખચેન માટે પ્રેમના દેખાવો કરવાનું મન થઈ જાય છે અને કોઈ વાર પ્રારંભિક દશાને અંતિમ સાધ્ય દશા માની લેવાની ભૂલ થઈ જાય છે. એટલા માટે અગ્નિમાં બળી મરવાની અને બાળતપની વાતો કરી ચેતવણી આપવામાં આવી છે અને આત્મિક પ્રેમ પર આધાર રાખવાની અને તેમાં પ્રગતિ કરવાની ભલામણ કરવામાં આવી છે. પ્રેમ કરવા દ્વારા રાગ પર વિજય મેળવવાની, અને જે સાહેબ અનંત કાળ સુધી સંગતિ ન છોડે તેનો આશ્રય કરવાની વાત સ્વીકારવા જેવી છે. પ્રભુપ્રેમની મુદ્દામ વાત આ સ્તવનમાં કરી છે. એમાં વીરા સાળવીની કૃષ્ણ તરફની દુન્યવી ભક્તિ ન ચાલે, એમાં લક્ષ્મણા સાધ્વીની ઉપરઉપરની અધૂરી ભક્તિ ન ચાલે, એમાં મેઘકુમાર જેવો પરીષહસહન તરફ અભાવ ન ચાલે; એમાં તો ગૌતમસ્વામી જેવો વીર ભગવાન તરફનો પ્રેમ જોઈએ, એમાં મૃગ, બળદેવ અને રથકારક જેવો પ્રેમ જોઈએ, એમાં મુનિ તરફ નયસાર જેવો સાચો પ્રેમ જોઈએ. એમાં ગૌતમસ્વામી જેવી પ્રશસ્ત રાગતા હોય તો અંતે રસ્તો જડી આવે; પણ બાહુબળ જેવું કષાયનું સામ્રાજ્ય હોય તો વાત વટકી પણ જાય. મમ્મણશેઠે મુનિરાજને મોદક આપી પછી પોતાની જાતની નિંદા કરી તેવી અથવા અત્યારે ફાળો ભરી ઘેર આવે ત્યારે પશ્ચાત્તાપ કરવાની વાતને સ્થાન ન હોય. આવી પ્રભુપ્રીતિને સમજવી, કાયમ કરવી અને છેવટે ધ્યાનધારાએ ચઢી સાધક અને સાધ્યની એકતા વિચારી પોતાની જાતને પરમાત્મભાવમાં એકરસ કરી નાખવી—આ માર્ગ પ્રભુપ્રેમનો છે. એટલા માટે શ્રી યશોવિજય ઉપાધ્યાયે શ્રી ધર્મનાથના સ્તવનમાં નીરાગીની સેવાનો પ્રશ્ન પણ હાથ ધર્યો છે. અને કોઈને સવાલ થાય કે વીતરાગ જેવા નીરાગી આપણને શું આપી દેવાના હતા ? આનો જવાબ આપતાં પ્રભુભક્તિ શું

કરે તેનો વિસ્તાર કરતાં પ્રભુપ્રેમની મહત્તા તેમણે દાખવી છે અને ચિંતામણિનો દાખલો આપી નીરાગી તરફનો પ્રેમ સ્વીકાર્ય બતાવ્યો છે. એ જ મહાન દ્રષ્ટાએ અનંતનાથના સ્તવનમાં પ્રભુપ્રેમનો ચોળ મજીઠનો રંગ જમાવવા ખૂબ પ્રેરણા કરી છે. જગગુરુ તરફનો સાચો પ્રેમ પ્રાણીને અંતે અક્ષય અને અભંગ બનાવે છે, એ વાત એમણે મુક્તકંઠે સ્વીકારી છે. એમનો અભિપ્રાય એવો છે કે ચંદનનો સ્વભાવ શીતળતા નીપજાવવાનો છે, અગ્નિનો સ્વભાવ ગરમી આપવાનો છે, તેમ જ પ્રભુગુણપ્રેમનો સ્વભાવ સેવકનાં દુઃખ દૂર કરવાનો અને ભવોભવ ભટકવાની વિડંબના દૂર કરવાનો છે.

આવી રીતે પ્રીતિને વ્યવહારુ અને આત્મિક એવા બે ભાગમાં વહેંચી, મોહથી ભરેલી, કષાયમાંથી ઉદ્ભવેલી અને પુદ્ગળભાવથી પોષાયલી પ્રીતિને અનાદેય ગણાવી છે. અને સાધનધર્મ તરીકે પ્રભુપ્રીતિને સ્વીકાર્ય ગણાવી છે. આનંદઘનજીએ તો એને શરૂઆતથી જ બહુ ઊંચી કક્ષામાં મૂકી છે અને પ્રેમનું આખું શાસ્ત્ર ગ્રાહ્ય વિભાગમાં લાવવા સાથે એની અતિ વિશિષ્ટ ઉચ્ચ ભાવના જાળવી રાખીને એને યોગની ભૂમિકા પર મૂકી દીધી છે. અને અલખની લીલા અને લખની આશા પૂરવાની ભૂમિકાનો સ્પર્શ કરીને એમણે આદર્શ પ્રભુનું દર્શન કરાવ્યું છે. એમની યોગદૃષ્ટિમાં લક્ષ્યાલક્ષ્ય સ્વરૂપ બરાબર સમજાયું છે અને પોતાના અનુભવને અંતે એમણે સ્થાપના કરી છે કે કહેવાતી લીલા દોષ રહિત પ્રભુમાં ન ઘટે. પ્રથમ સ્તવનનો અગત્યનો ઝોક પ્રેમનું સ્વરૂપ બતાવવાના પ્રસંગને અંગે આખું 'લીલા'નું સ્વરૂપ વિશિષ્ટ પ્રેમની કોટિમાં ન આવે તે બતાવવાનો છે. એમ કરતાં એમણે આડકતરી રીતે જગતનું અનાદિત્વ, બહારની કોઈ શક્તિ આપણને મોક્ષ અપાવી દે (મન આસ પૂરે)એ વાતની અનાદેયતા અને અનંત શક્તિના ધણી ચેતનરાજાની પોતાના બળની વિશિષ્ટતા બતાવી આપી છે. પ્રથમ સ્તવનમાં આ બીજો મહત્ત્વનો વિષય છે. અને યોગી લક્ષ્યાલક્ષ્ય સ્વરૂપ તરફ કઈ નજરે જુએ, અથવા તેમણે તે તરફ કયા દૃષ્ટિબિંદુથી જોવું જોઈએ, તેનું નિદર્શન કરાવ્યું છે. અને ખરી કમાલ તો પૂજનને અંગે ચિત્ત-પ્રસન્નતાના ભાવને આગળ કરવામાં કરી છે. પ્રેમ–પ્રીતિમાં બાહ્ય વિનોદ કે દેખાવ કરવાના ન હોય, ત્યાં તો મન પ્રસન્ન થાય, અંતરાત્મા પોતાની દશામાં મસ્ત રહે અને પરભાવને બદલે આત્મભાવ અંદરનું સ્થાન લે, ત્યારે આનંદઘનની રેખા અનુભવાય છે, ત્યારે અખંડ પૂજા થાય છે અને વિશુદ્ધ પરિણતિએ ચઢેલ ચેતનરાજ ખરા પ્રેમના પાત્ર થાય છે. વ્યવહારુ પ્રેમ શબ્દને અહીં આત્મિક ભૂમિકા પર લઈ જવામાં આવ્યો છે, અને સ્વનો સ્વીકાર અને પરનો ત્યાગ અહીં આદર્શ પ્રીતિમાં સ્થાન પામેલ છે. પૂજનને ભાવપૂજનની કક્ષામાં કઈ રીતે લઈ જવાય, પૂજનનો સાચો લાભ કેમ લઈ શકાય, એની ચાવી બતાવી દીધી છે. પ્રેમને અને પ્રેમીના ચિત્તને અભેદ છે એમ બતાવતાં બાહ્ય ભાવને ઠોકર મારી ફેંકી ન દેતાં ચિત્તપ્રસન્નતાના આંતર ભાવને ખૂબ મહત્તા આપી છે.

આ પ્રાણી વિભાવમાં એટલો ઓતપ્રોત થઈ ગયો છે કે એને આત્મભાવનાં દર્શન થવાં દુર્લભ થઈ પડ્યાં છે. યોગીરાજ કહે છે કે તમે પૂજન કરી ખરો લાભ લેવા ઇચ્છતા હો તો ચિત્તની પ્રસન્નતા મેળવો, ચેતનના મૂળગુણને જમાવો અને બાહ્ય ભાવને વિસારી મૂકો. આ રીતે

પૂજાનું ખરું ફળ બેસશે. બાકી, તમે બાહ્ય–દ્રવ્ય પૂજન કરશો તો તેમાં વાંધો નથી, પણ આનંદઘનપદની રેખા જોવી હોય તો ચિત્તપ્રસન્નતાને માર્ગે લાગી જાઓ. વિચારસ્પષ્ટતાને અંગે, તેટલા માટે, અનુષ્ઠાનના પ્રકારોની વિચારણા કરવી પ્રસ્તુત છે. ધર્મની ક્રિયાના હાર્દમાં ઊતરતાં તેમાં કેટલો ફેર હોય છે તે જાણવામાં આવતાં ' ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે ' એનો અંતર આશય સ્પષ્ટ થશે. આ ક્રિયા–અનુષ્ઠાનનો આખો વિષય ખુબ વિચારવા યોગ્ય છે, અને તે બરાબર ખ્યાલમાં આવશે ત્યારે આપણે વિકાસમાર્ગમાં કઈ ભૂમિકા પર છીએ તેનો ખ્યાલ આવશે.

**અનુષ્ઠાનના ચાર પ્રકાર** બતાવવામાં આવ્યા છે : **પ્રીતિ, ભક્તિ, વચન** અને **અસંગ.**

'**પ્રીતિ-અનુષ્ઠાન**માં અનુષ્ઠાન કરતી વખતે મનમાં તે તરફ રાગ થાય. દાખલા તરીકે છ આવશ્યકો પૈકી પ્રતિક્રમણ ( શ્રાવક માટે વંદિતાસૂત્ર, સાધુ માટે યતિપગામસજ્ઝાય ), કાઉસગ્ગ અને પચ્ચખ્ખાણ અનુષ્ઠાનોમાં પ્રીતિ-અનુષ્ઠાનનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

'**ભક્તિ-અનુષ્ઠાન**'માં પ્રથમનાં ત્રણ આવશ્યકમાં ભક્તિનો પ્રાગભાર જાગ્રત થાય છે. સામાયકરૂપ ચારિત્ર, ચોવીશ તીર્થંકરના નામરૂપ લોગસ્સ અને વાંદણામાં નમસ્કાર એટલે સામાયકમાં ચારિત્ર, લોગસ્સમાં દેવવંદન અને વાંદણામાં ગુરુવંદન—આ ત્રણેમાં ભક્તિપૂર્ણ ક્રિયા છે.

પૂર્વ પુરુષોનાં વચન અનુસાર અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવામાં આવે તે **વચન-અનુષ્ઠાન** અને પોતાની ટેવ પડી જતાં કોઈના આધાર વગર સ્વયં અનુષ્ઠાન થાય તે '**અસંગ-અનુષ્ઠાન.**'

આ ચાર પ્રકારનાં અનુષ્ઠાનમાં પ્રીતિ અને ભક્તિ-અનુષ્ઠાનમાં આ લોકનો આશય અને પરલોકમાં સુખપ્રાપ્તિની કલ્પના હોવાનો સંભવ રહે. વચન-અનુષ્ઠાન કરતાં કરતાં આગળ ઉપર અસંગ–અનુષ્ઠાન કરવાના પ્રસંગો પ્રાણી સહેજે પ્રાપ્ત કરી શકે. અસંગ-અનુષ્ઠાન ઉત્તમોત્તમની કોટિમાં આવે. પ્રીતિ-અનુષ્ઠાન કે ભક્તિ-અનુષ્ઠાન કાઢી નાખવા જેવાં નથી. પ્રાથમિક દશામાં એ બન્ને પ્રકારનાં અનુષ્ઠાનોનો પણ ઉપયોગ છે અને તેની ઉપયોગિતા એ દૃષ્ટિએ સ્વીકારવામાં આવી છે.

અનુષ્ઠાનના આ ચાર પ્રકાર જાણ્યા પછી તેને અંગે થતી ક્રિયાના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે, તે પણ જાણી લેવા યોગ્ય છે. એક રીતે એ અનુષ્ઠાનના જ પ્રકારો છે, કારણ કે અનુષ્ઠાન અને ક્રિયા પર્યાયવાચી શબ્દો છે. પાંચ પ્રકારની ક્રિયાનાં નામો અનુક્રમે આ પ્રમાણે છે :

**૧. વિષ, ૨. ગરલ, ૩. અનુષ્ઠાન, ૪. તદ્ધેતુ, ૫. અમૃત.**

આ પાંચે પ્રકારની ક્રિયાને સમજતાં વિચારસ્પષ્ટતા જરૂર થઈ જશે. એમાં ત્રીજી અનુષ્ઠાન-ક્રિયા આવે છે, તે ક્રિયાના એક પ્રકારનું પારિભાષિક નામ છે, જે એની વ્યાખ્યા કરતાં વિચારપથમાં આવી જશે.

ક્રિયાઓ પૈકી પ્રથમની ત્રણ ક્રિયા ધર્મક્રિયા હોવાને કારણે ઠીક છે, પણ એ ચારિત્રવંતનું ચારિત્ર દગ્ધ કરનાર હોવાથી, સંસાર-પરિભ્રમણ વધારનાર હોવાથી અને પરિણામે દુઃખ આપનાર

હોવાથી આદરવા લાયક નથી. પાછળના બે પ્રકારોવાળી ક્રિયા પરિણામે સંસાર-બંધન મુકાવનાર હોવાને કારણે આદરવા યોગ્ય છે. આ પાંચે પ્રકારની ક્રિયાઓને સ્પષ્ટ સમજવા પ્રયત્ન કરીએ.

**વિષક્રિયા**—'ધર્મની ક્રિયા કરું તો લોકોમાં મારું માન વધે, મને વ્યાખ્યાન-પૌષધમાં આગળ પડતું સ્થાન મળે, હું દીક્ષા લઉં તો મોટા રાજા-મહારાજા મને પગે લાગે—આવી કોઈ પણ પ્રકારની આ ભવની ઇચ્છાથી ક્રિયા કરે તે વિષક્રિયા કહેવાય. આ સર્વ કપટક્રિયા છે. એનાથી નજીવો લાભ થાય, પણ એકંદરે નુકસાન ઘણું થાય અને જન્મજન્માંતરની સંખ્યામાં વધારો થઈ જાય. વિષ–ઝેર લેવાથી પ્રાણીનું તુરત મરણ થાય છે, તેમ આવા કોઈ પણ આશયથી કરેલ ક્રિયાને પરિણામે દુર્ગતિ તુરત થાય છે; અને ધર્મદૃષ્ટિએ એ તાત્કાલિક મરણ જ ગણાય. માનપત્ર કે હારતોરા ખાતર થતી ક્રિયાઓ આ કક્ષામાં આવે. સેવાના બદલામાં સત્કાર થાય, સ્વયં આદર થાય તે જુદી વાત છે અને તે મેળવવા ખાતર ક્રિયા થાય એ અલગ બાબત છે. તે પ્રકારની ધર્મક્રિયાઓને વર્જ્ય ગણવામાં આવી છે.

**ગરલક્રિયા**—ક્રિયાનો બીજો પ્રકાર 'ગરલ'ના નામથી ઓળખાય છે. ગરલ નામનું ધીમું ઝેર આવે છે; તાલપુટ વિષ લેતાંની સાથે મારે છે, ત્યારે ગરલ નામનું ઝેર ધીમે ધીમે વરસે-છ મહિને મરણ નિપજાવે છે. જ્યારે પરભવમાં રાજ્યઋદ્ધિ કે દેવદેવેન્દ્ર-વિદ્યાધર-ચક્રવર્તીની પદવી મેળવવાની ઇચ્છાથી ધર્મક્રિયા કરવામાં આવે ત્યારે તે ક્રિયાઓને ગરલક્રિયાનું નામ આપવામાં આવે છે. આવાં પ્રાણી ક્રિયા બરાબર કરે, પણ અંદરનો આશય ક્રિયારુચિપૂર્વકનો અને ક્રિયા ખાતર ક્રિયા કરવાનો ન હોઈ અને પરભવમાં કે લાંબે ગાળે ભવિષ્યમાં પૌદ્ગલિક લાભ લેવાનો આશય હોઈ, એવા પ્રકારની ક્રિયાઓને પણ વર્જ્ય ગણવામાં આવે છે. આ ક્રિયા કરનારને ઘણીવાર ઇષ્ટ વસ્તુ મળે પણ ખરી, પણ સંસારવૃદ્ધિ થવાને કારણે એ ક્રિયાને ત્યાજ્ય –અનાદરણીયના વિભાગમાં મૂકવામાં આવી છે.

**અનુષ્ઠાનક્રિયા**—ક્રિયાનો ત્રીજો પ્રકાર 'અનુષ્ઠાન'ના નામથી જાણીતો છે. કવચિત્ એને 'અનનુષ્ઠાન' પણ કહેવામાં આવે છે. ગતાનુગતિક રીતે ક્રિયા કરવી, વિધિ કે આશયનો વિવેક ન રાખવો, આગળ બેસનાર કરે તેમ કર્યા કરવું, એ આ અનુષ્ઠાન-વિભાગમાં આવે છે. આવા નકલી ક્રિયા કરનાર ગતાનુગતિકો પડિલેહણ, પ્રતિક્રમણ, આવશ્યકાદિ કરે એ માત્ર યંત્રવત્ હોય છે. એવા ક્રિયા કરનારમાં વિવેક, વિચારણા કે આશય–રહસ્યનો અભ્યાસ કે એને માટેની જિજ્ઞાસા કે રુચિ હોતાં નથી; એનામાં દેખાદેખી જ માત્ર હોય છે. આવી ગતાનુગતિક ક્રિયાઓ પણ નિષ્ફળ નીવડે છે, અને ચેતનના વિકાસમાં પોતાનો સુદામ ફાળો આપતી નથી. વિષ અને ગરલક્રિયાની માફક આ અનુષ્ઠાનક્રિયા પણ ઉપયોગી ક્રિયાની કોટિમાં નથી આવતી. એને માટે 'અન્યાનુષ્ઠાન' શબ્દ પણ વપરાય છે અને તે શબ્દપ્રયોગ આ પ્રકારની ક્રિયા માટે વધારે સમીચીન લાગે છે. આ પ્રથમની ત્રણે ક્રિયાઓ થોડો–ઘણો લાભ તો જરૂર કરાવે છે, પણ ઉચ્ચ આશયને અંગે એ બિનકારગત નીવડે છે.

**તદ્ધેતુક્રિયા**—ક્રિયાના હેતુ અને આશય સમજી સંસારથી ઉદ્વિગ્ન થઈ તેનો ત્યાગ કરે, ક્રિયાના રહસ્યનો અભ્યાસ કરે અને સમજવા પ્રયત્ન કરે, તેને પરિણામે થતી ક્રિયાને તદ્ધેતુક્રિયા કહેવામાં આવે છે. આ પ્રકારની ક્રિયા કરનારાઓમાં એનો આશય અને રુચિ, એની ક્રિયા તરફની પક્ષપાતતા, એનો સ્વીકાર્ય ભાવ અને પ્રશ્નો પૂછવાની કે આશય જાણી લેવાની વૃત્તિ ઉત્કટ હોય છે. આવા પ્રકારની ક્રિયામાં વિધિની ચોખવટ કે સેવન ઓછાં હોય તોપણ આશયની વિશુદ્ધિ અને જિજ્ઞાસાવૃત્તિને કારણે આવા પ્રકારના ક્રિયાકલાપને આદરણીય વિભાગમાં મૂકવામાં આવ્યો છે. હેતુ-રહસ્યના જ્ઞાનપૂર્વક, પૃથક્કરણના પ્રયત્નપૂર્વક અને તત્ત્વજિજ્ઞાસાના પ્રયત્નને અંગે થતી ક્રિયામાં કદાચ વિધિદોષ થોડો થઈ જાય તો તે ક્ષંતવ્ય ગણાય છે, કારણ કે ક્રિયાની ફલાવાપ્તિમાં ક્રિયા કરનારનો આશય વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે.

**અમૃતક્રિયા**—અને છેલ્લી 'અમૃત' ક્રિયામાં ઉત્કૃષ્ટ ક્રિયાયોગની સાધના થાય છે. ક્રિયાનો આશય સમજી, વિગતવાર વિધિની ઘટનાઓમાં ઊતરી, માત્ર ચેતનની પ્રગતિ સાધવા ક્રિયા થાય, જેમાં આ ભવનો કે પરભવનો કોઈ પ્રકારનો આશય ન હોય, જેમાં પરિણામની ધારા નિર્મળ હોય, તે પ્રકારની ક્રિયાને અમૃતક્રિયા કહેવામાં આવે છે. અમૃત જેમ દેવોને સંજીવન-કાર્ય કરે છે, અમૃત જેમ તાત્કાલિક અને પારિણામિક લાભ કરે છે, તેમ આ અમૃત-વિભાગમાં આવતી ક્રિયાઓ, કોઈ જાતના હેતુ કે આશયથી થયેલ ન હોવાને કારણે અને રહસ્ય અને વિધિના જ્ઞાન પૂર્વક થઈ હોવાને કારણે, ખાસ સુગ્રાહ્ય છે અને ચિંતામણિરત્ન સમાન હોઈ રક્ષણ, પોષણ અને વિકાસને યોગ્ય છે. ક્રિયા કરવામાં ક્રિયા ખાતર ક્રિયા કરવાની ન હોય, ક્રિયાનો આશય આત્મવિકાસ હોય, ક્રિયા કરવાને પરિણામે કોઈ સાંસારિક અપેક્ષા ન હોય, અને તેના રહસ્ય, હેતુ અને આત્મવિકાસ સાથે સંબંધ સમજાવેલ હોય; એ ક્યારે કરવી, કેમ કરવી, શા માટે કરવી એ બરાબર સમજી ક્રિયા થાય એ આ અમૃતક્રિયાની કક્ષામાં આવે છે.

વિશિષ્ટ વિચારકોએ શુદ્ધ ક્રિયાનાં નીચે પ્રમાણેનાં લક્ષણો બતાવ્યાં છે. એ સર્વ લક્ષણોની પ્રાપ્તિ અમૃતક્રિયામાં થાય છે. એ લક્ષણો આ પ્રમાણે છે—

(૧) ધર્મક્રિયા કરવામાં ખૂબ પ્રીતિ રાખવી (પ્રીતિ-લિંગ).

(૨) ધર્મક્રિયા તરફ અંતરનો આદર હોય, એમાં દેખાડા કે ગોટાળાને સ્થાન ન હોય (આદર-લિંગ).

(૩) ક્રિયાના રહસ્યને અને એના પ્રયત્નને જાણવાની અંદરથી જિજ્ઞાસા રહે. રહસ્ય-જિજ્ઞાસા ખૂબ તીવ્ર હોય (જિજ્ઞાસા-લિંગ).

(૪) એ સોબત ક્રિયારુચિ જીવની જ કરે, એને વિકથા કરનાર, ગપ્પાં મારનારની સંગતિ ન ગમે, એને હરવા-ફરવા-બેસવા-ઊઠવાનું સ્થાન ક્રિયારુચિવંત જ હોય (સંગ લિંગ).

(૫) મૂળ ગ્રંથોમાં કે આકર ગ્રંથોમાં વિશુદ્ધ ક્રિયાયોગ બતાવ્યો હોય તે જાણે, તેને સદ્દહે, તેને સ્વીકારે (શુભાગમ-લિંગ)

(૨) નિર્વિઘ્નતા એ શુદ્ધ ક્રિયાનું છેલ્લું લિંગ છે. બીજાં વ્યાવહારિક ગમે તેટલાં વિઘ્નો આવે તેની તે દરકાર ન કરે. આજે લૌકિકે જવું છે અને કાલે નાતના મેળાવડામાં જવું છે, બપોરે જમણમાં જવું છે અને રાત્રે ઊંઘ આવે છે—આવાં બહાનાં કે પ્રસંગો એ ઓઠાં તરીકે સેવે નહિ (નિર્વિઘ્નતા લિંગ). એને મન ક્રિયા એ સર્વસ્વ હોય, એ ક્રિયા કરે ત્યારે જ એના મનમાં મજા આવે અને એ ક્રિયાના પ્રસંગો અને એની તકો શોધતો ફરે. એને ગોટા વાળવાનું હોય નહિ, એને બહાનાં શોધવાનું ગમે નહિ અને એ તો ક્રિયા કરે ત્યારે જાણે પોતાને ઘેબર–ઘારીનું કે દૂધપાક-પૂરીનું ભોજન મળે છે એવી એને તૃપ્તિ થાય.

અમૃતક્રિયાનું લક્ષણ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રીપાળના રાસમાં (ખંડ ચોથો, ઢાળ પહેલી) બહુ સ્પષ્ટ રીતે આપ્યું છે. તેઓ સાતમી ગાથામાં કહે છે :—

> તદ્ગત ચિત્ત સમય વિધાન, ભાવની વૃદ્ધિ ભવભય અતિઘણો જી;
> વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન, લક્ષણ એ છે અમૃતક્રિયા તણો જી.

જે ક્રિયા કરતો હોય તે જ ક્રિયાનો તેને ઉપયોગ થતો હોય (૧);

સમયવિધાન એટલે પૂર્વ-પુરુષોએ જે સમયે જે ક્રિયા કરવાની કહી હોય તે સમય સાધવો(૨);

સમયોચિત ક્રિયા કરતો હોય તેમાં અંદર ચિત્તનો ઉલ્લાસ હોય અને ક્રિયા કરનારની પરિણામધારા વૃદ્ધિ પામતી ચાલે (૩);

ક્રિયા કરતી વખતે એને સંસારનો સાચો ભય લાગે, એને જન્મ-જરા-મરણના ફેરા આકરા લાગે, એને ખાડામાં પડવા-આખડવાનો કંટાળો આવે (૪);

ક્રિયાથી પોતાને ખૂબ લાભ થનાર છે, ક્રિયામાં પુષ્ટતર સાધ્યની કારણતા છે, એ વિચારથી એના મનમાં અસાધારણ ચમત્કાર લાગે, એને વિશિષ્ટ આશ્ચર્ય લાગે (૫);

એને ક્રિયા કરતી વખતે રોમોદ્ગમ થાય, આખા શરીરની રોમરાજી હર્ષથી પુલકિત થાય; જાણે કાંઈ નૂતન વસ્તુ મેળવું છું એ વિચારે એ ખુશખુશ થઈ જાય (૬);

અને એને અંદરથી ખૂબ હરખ થઈ જાય, રોમરાજી ઊભી થવા ઉપરાંત એને આત્મિક સુખાનુભવ થાય (૭).

આંધળાને ઓચીંતી આંખ મળી જાય કે લડાઈમાં મોટી જીત થાય, તે વખતે જે આનંદ-કલ્લોલ અંદર જામે છે, તેને હરખ–હર્ષ કહેવામાં આવે છે. આવું અમૃત–ક્રિયાનું વર્ણન શ્રી મયણાસુંદરી પોતાની સાસુ કમળપ્રભા પાસે કરી રહી હતી. એ કહેતી હતી કે આજે સાયંપૂજામાં મને એટલો આનંદ થયો, મને ભય કે હર્ષનું કોઈ બીજું કારણ ન હોવા છતાં મારા આખા શરીરમાં એનો રોમોદ્ગમ થયો અને હજુ પણ મારા દિલમાં એવો હર્ષ ઊભરાઈ રહ્યો છે કે હજુ પણ મારા મનમાં આનંદ સમાતો નથી.

આવા પ્રકારની અંદરથી જાગતી અને જામતી પુલકોદ્ગમની રેખાને અમૃત-ક્રિયા કહેવામાં આવે છે. એવા પ્રકારની પૂજા જીવનમાં એકાદ વખત થઈ જાય તોપણ પૂજા કરવાના અનેક

વખત કરેલાં પ્રયાસને માથે ફળ બેસે છે. એને માટે આનંદઘનજી કહે છે કે ચિત્તની પ્રસન્નતા થાય ત્યારે પૂજનનું ફળ બેસે છે. મયણાને સાંસારિક ફળ લેવું નહોતું, પણ એવા પ્રકારના પુજનનું વર્ણન કરી એ પોતાની સાસુ કમળપ્રભાને કહે છે કે અમૃતક્રિયા હમેશાં તાત્કાલિક ફળ આપે છે, એટલે નિમિત્તશાસ્ત્ર પ્રમાણે તમારા પુત્રની સાથે આજે મેળાપ થવો જ જોઈએ.

ધ્યાનમાં રહે કે મયણા સુંદરી અમૃતક્રિયાનું ફળ માગતી નથી, ઇચ્છતી નથી, પણ એ જ્ઞાનવાન છે, લક્ષણવંતી છે, અને પુત્રપ્રેમી વાત્સલ્યભરપૂર માતાની શાંતિ માટે કહે છે કે, 'માજી! આજે તમારા પુત્ર અને મારા વાલમનો મેળાપ જરૂર થવો જોઈએ.'

આમાં ધ્યાન, તદ્ગત ચિત્તવિધાન, ધર્મરુચિ, બનાવ ઉપરથી બનવાના બનાવની આગાહી કરવાની આવડત અને અમૃતક્રિયાને પારખવાની શક્તિ, એ સર્વ ધ્યાન ખેંચે તેવી બાબત છે. અમૃતક્રિયા તો મોક્ષ આપનાર છે, પણ આડકતરી રીતે એ વ્યાવહારિક લાભ પણ જરૂર આપે છે અને તત્કાળ આપે છે એ વાત પણ ખૂબ આકર્ષક બને છે. અને તે જ વખતે પોતાની પ્રિયાનું વચન સાચું કરવા 'માજી! બારણાં ઉઘાડો' એમ શ્રીપાળ કહે છે ત્યારે શ્રોતાને રોમોદ્ગમ થાય છે. આનું નામ અમૃતક્રિયા! આનું નામ ચિત્તપ્રસન્નતા! આનું નામ પૂજન! આનું નામ અસંગ-અનુષ્ઠાન! ઘરનાં બારણાં ખૂલે છે, શ્રીપાળ મહારાજ ઘરમાં પેસે છે, પોતે માતાજીને પગે લાગે છે, મયણા શ્રીપાળને પગે લાગે છે, ન ધારેલું બને છે! આખા નગરની ચારે બાજુ લશ્કર છે, નગરના સર્વ દરવાજા બંધ છે, આખું નગર પરચક્રના ભયથી સમસમી રહ્યું છે, ત્યારે શ્રીપાળના ઘરમાં ભવ્ય નાટક જામી ગયું છે, ન કલ્પી શકાય તેવો અણધાર્યો મેળાપ થયો છે અને અમૃતક્રિયાની તાત્કાલિક ફલવત્તાનાં પરિણામોનો અનુભવ થાય છે. પછી માતાને ખભા ઉપર, મયણાને જમણા હાથ પર બેસાડી શ્રીપાળ નગરની બહાર નાખેલી પોતાની લશ્કરી છાવણીમાં જાય છે. ત્યાં ભદ્રાસને બેસાડેલાં માતાજીને આઠ સ્ત્રીઓ એક પછી એક નમે છે, અને મોટી બહેન મયણાસુંદરીને પણ નમે છે. આ સર્વ વિશિષ્ટ પૂજનનો પ્રતાપ છે. અમૃત-ક્રિયા કરનાર કદાપિ સાંસારિક ફળ માગે નહિ, પણ એને લાભ જરૂર થઈ આવે અને આવું અસંગ અનુષ્ઠાન ચિત્તના આહ્લાદ સાથે જિંદગીમાં કોઈ કોઈ વખત થઈ જાય તોપણ સર્વ તકલીફ અને તૈયારી પર વિશિષ્ટ ફળ બેસે છે.

આવી પૂજા તે અખંડિત પૂજા કહેવાય. આવી પૂજા કરે ત્યારે આપણો આત્મા આનંદ-ઘનની રેખાને અનુભવે છે, અને સંસારમાં રહ્યા રહ્યા પણ મુક્તિના સુખની વાનગી ચાખે છે. સામાન્ય ચાલુ પૂજાને જરા પણ હીણી પાડ્યા વગર આ વિશિષ્ટ પ્રકારની પૂજાની મહત્તા આનંદ-ઘને ગાઈ છે,

આ અમૃતક્રિયા કરતાં ચેતનને અંદરથી પ્રીતિ જામે, એને પાછી એવી ક્રિયા કરવાની તાલાવેલી લાગે, પાછો બીજે દિવસે એવો વખત ક્યારે આવે કે જ્યારે પોતે ક્રિયા કરે—એવી એને અંતરની ઊર્મિ જામે. ક્રિયા કર્યા પછી 'ચાલો, હવે છૂટ્યા! નિરાંત થઈ' એવી વૃત્તિ

એને કદી ન થાય. એને તો મનમાં થયા જ કરે, ક્યારે બીજી સવાર પડે અને પોતે ક્રિયા ફરી વાર આદરી બેસે. આ વૃત્તિ અમૃતક્રિયા કરનારની, અસંગ-અનુષ્ઠાન કરનારની હોય, અને એના ચિત્તની પ્રસન્નતા એટલી પુષ્ટ હોય કે એને, મહાન ઋદ્ધિ પ્રાપ્ત થતાં જેવો આનંદ સંસાર-રસીઆને થાય છે તેવો, બલકે તેથી પણ વધારે નિજાનંદ, કોઈ પણ પ્રકારના ઢોંગ કે આડંબર વગર થયા કરે.

પ્રીતિના આખા તત્ત્વજ્ઞાનનું રહસ્ય, ટૂંકામાં કહીએ તો, એ જ છે કે વ્યાવહારિક–સાંસારિક સ્થૂળ પ્રીતિ એ થોડા વખત માટેની છે, અને સોપાધિક છે. ખરી પ્રીતિ કરવી હોય તો પહેલાં પ્રીતિને ઓળખવી, પ્રીતિના પ્રકાર જાણી લેવા, એમાં જે સ્થાયી પ્રીતિ હોય તે સ્વીકારવી અને એવી પ્રીતિમાં આનંદઘનપદની રેખા છે એમ સમજી એનો સ્વીકાર કરવો. આ પ્રમાણે પ્રીતિનું આખું રહસ્ય સમજી સાચી, સ્થાયી, અખંડ પ્રીતિ કરવાની વાત બહુ સ્પષ્ટ રીતે કરી છે. તેની ચોખવટમાં આખા ક્રિયાયોગનું રહસ્ય લાવી શકાય તેમ છે. તેમાંની થોડી વાત અત્ર રજૂ કરી.

છેવટે '**આનંદઘન**' શબ્દ ખૂબ વિચારણા માગે છે. તે પર પ્રાસંગિક જરૂરી વિચાર કરી લઈએ. સાંપ્રદાયિક હકીકત એમ સંભળાય છે કે આ સ્તવન કરનારનું સાધુ તરીકેનું નામ **લાભાનંદ** હતું, પણ પોતે જે કૃતિઓ કરી છે તેમાં **આનંદઘન** શબ્દનો ઉપયોગ કર્યો છે. આ વાત બરાબર છે એમ સ્વીકારી આ 'આનંદઘન' શબ્દમાં શો ચમત્કાર છે, એની પાછળ શો ઇતિહાસ છે, એ પર વિચારણા અને સંશોધન કરી **આનંદ** શબ્દના રહસ્યને પકડવા પ્રયત્ન કરીએ. (૧)

ઑગસ્ટ, ૧૯૪૭]

२

# શ્રી અજિતનાથ સ્તવન

**[માર્ગદર્શનના ચાર ઉપાયો; વર્તમાને ચારે ઉપાયોની વિરલતા; ભવિષ્યમાં પંથદર્શનની આશા]**

**સંબંધ**—પ્રથમ સ્તવનમાં શુદ્ધ ચેતનાએ પોતાના આદર્શ પતિ તરીકે ઋષભદેવનો સ્વીકાર કર્યો. એણે જોયું કે આ દુનિયામાં જે સંબંધ પ્રીતિરૂપે થાય છે, તે ઉપાધિ સહિત હોવાને કારણે અંતે ઘટી જાય છે, તૂટી જાય છે, વીસરાળ થઈ જાય છે, અને પોતાને તો અનંત કાળ સુધી ચાલે તેવી પ્રીતિ કરવી છે, એટલે એણે એવી પ્રીતિના પાત્ર શ્રી વીતરાગદેવને આનંદ સ્વરૂપે સ્વીકાર્યા. આ રીતે પ્રેમપાત્રનો આદર્શ નક્કી કર્યો. અને છેવટે નિર્ણય કરી લીધો કે કપટ રહિત વિશુદ્ધ ભાવે આપણો આત્મા–પોતે જાતે પ્રસન્ન થાય, સર્વ પ્રકારના દંભને છોડી વીતરાગભાવ સાથે એકતા સાધે ત્યારે તે આનંદસ્વરૂપ બને. સદરહુ નિર્ણયને અંગે એણે સાંસારિક પ્રીતિની અવાસ્તવિકતા વિચારી લીધી અને જે પ્રીતિનો વહેલે કે મોડે અંત આવે, તેને ખરી પ્રીતિનું નામ આપવું એ પણ યોગ્ય નથી એમ મનમાં નક્કી કરી નાખ્યું. એણે સતીનું કાષ્ઠભક્ષણ કે ભગવાનની લીલા જેવી ઉચ્ચ પ્રકારની ત્યાગવૃત્તિની પણ ગૌણતા બતાવી દીધી અને યોગીની નજરે ચિત્તપ્રસન્નતાને ઉચ્ચ સ્થાને મૂકી.

**પૃથક્કરણ**—શુદ્ધ ચેતનાએ આંતર વૃત્તિને આટલું આગળ પડતું સ્થાન આપ્યું, ત્યારે વ્યવહારમાં રાચી રહેલો છતાં આંતર વૃત્તિથી વિકાસ કરવાની ઇચ્છાવાળો ચેતનરાજ આ આખી વિચારણામાં ભાગ લઈ રહ્યો હતો. એને આ આખી વિચારણા અતિ ઉન્નત સ્થાનીય પણ અભિનવ લાગી. એને ઋષભદેવમાં રસ પડ્યો, વીતરાગભાવમાં આનંદ દેખાયો, ચેતનાની વિચારણામાં સુગ્રાહ્ય ભાવ લાગ્યો. એટલે એને વર્તમાન પરિસ્થિતિમાં વીતરાગભાવનો આખો માર્ગ કેવી રીતે ચાલે છે અને પોતાનું સ્થાન એમાં ક્યાં છે એ શોધવાનું મન થયું. એટલે એણે અવલોકન કરવા માંડ્યું. આ પંથના અવલોકનમાં અને તેને અંગે પોતાના સ્થાનની શોધમાં અને તેના નિર્ણયમાં આ બીજું સ્તવન રચવામાં આવ્યું જણાય છે. એ વ્યવહારમાં વર્તતા આત્મલક્ષી ચેતનરાજના મુખમાં મૂક્યું છે. આખા સ્તવનનું નીચે પ્રમાણે પૃથક્કરણ થઈ શકે :

क. આત્મવિકાસમાં ચેતનનું વર્તમાન સ્થાન.

ख. માર્ગદર્શનના ચાર પ્રકારના ઉપાયો અને વર્તતે કાળે એ ચારે ઉપાયોની વિરલતા.

ग. અને યોગ્ય કાળે પંથદર્શનની આશા.

આ ત્રણે વિભાગો પરસ્પર સાલંબન છે અને છતાં ચેતનને ખૂબ લાભકારી છે; મહાન સત્યોને સ્પષ્ટ કરે છે અને વાસ્તવિકને છોડી દીધા વગર અને જાતે નિરાશ થયા વગર એને સુયોગ્ય માર્ગે રાખે છે તે આપણે જોઈશું. પ્રથમ સ્તવન શુદ્ધ ચેતનાના મુખમાં મૂક્યું છે; આ બીજું સ્તવન વિકાસમાર્ગે ચઢવાની તીવ્ર ઇચ્છાવાળા, વીતરાગભાવને સ્વીકારવાને રસ્તે ચઢેલ વહેવારુ અંતરાત્માના મુખમાં મૂક્યું છે.

**ચેતનના મુખમાં શા માટે?**—કોઈ વિવેચનકારે આ સ્તવન શુદ્ધ ચેતનાના મુખમાં મૂક્યું છે, પણ આ સ્તવનની પ્રથમ ગાથામાં 'પુરુષ' શબ્દ અને છેલ્લી ગાથામાં 'જન' શબ્દ એમ કરવામાં આડા આવે છે, એટલે આ આખા સ્તવનને, પ્રથમ સ્તવનને અંતે કરેલા નિર્ણયને પરિણામે, ચેતનરાજના મુખમાં મૂકવું એ મને વધારે વાસ્તવિક લાગે છે. ચેતનાના મુખમાં એને મૂકીએ તો કાવ્યનું ગેયતત્ત્વ કવિનાં હૃદયન અને કલ્પનાને ભવ્યતર બતાવે છે; માર્ગપ્રતીક્ષા પ્રેમી સ્ત્રી કરે, વિરહી સ્ત્રી પતિના માર્ગની અવલોકના કરે, એ વાત સમુચિત લાગે છે, પણ એમ કરવા જતાં પ્રથમ ગાથાનું આખું વાક્ય અને વિચારધારા અપ્રસ્તુત થઈ જાય છે, એટલે ચાલુ પરિસ્થિતિમાં વર્તતા પણ વિકાસ સાધવાને ઉદ્યુક્ત થયેલા ચેતનરાજના મુખમાં મૂકવું એ વધારે વાસ્તવિક લાગ્યું છે. અને આખા સ્તવનમાં વિરહી સ્ત્રીની માર્ગપ્રતીક્ષાને બદલે મુમુક્ષુની માનસિક તાલાવેલી વધારે કામ કરતી જણાય છે અને છેલ્લી ગાથામાં 'જન' શબ્દનો ઉપયોગ એ વાતને વધારે સ્પષ્ટ રીતે દર્શાવે છે. એટલે હું આ સ્તવનને ચેતનરાજના મુખમાં મૂકવાની હકીકતને વધારે સાર્થક અને સંબંધને અનુરૂપ માનું છું.

આ ચેતન હજુ સંસારી છે, સંસારમાં હરતોફરતો છે, મનોવિકાર પર સામ્રાજ્ય મેળવવાની ઇચ્છાવાળો છે, પણ શુદ્ધ ચેતાનાના સ્વામીત્વ ભાવને સંપૂર્ણ ભાવે વરેલ નથી, પણ એ લાયકાતવાળો થતો જાય અથવા તે માર્ગે છે, એટલી વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ચેતનનું અત્યારે શું સ્થાન છે એ પ્રથમ ગાથામાં પોતાના શબ્દોમાં જ બતાવનાર છે, ત્યાં એનો પરિચય થઈ જશે. એ દૃષ્ટિએ વર્તમાન જિજ્ઞાસુ અને મુમુક્ષુ સ્થિતિમાં મધ્યમ કક્ષાના મારા-તમારા જેવા વહેવારુ મુખમાં મૂક્યું છે.

**માર્ગપ્રાપ્તિની વિષમતા**—વીતરાગભાવને પ્રાપ્ત કરવાની અને તેને સાચે માર્ગે ચઢવાની વિષમતા કેટલી છે, તેનો પૂરો ખ્યાલ ઊંડી વિચારણા વગર આવે તેમ નથી. વિચાર કરતાં જણાશે કે પ્રાણી અનેક વાર પોતાની જાતને છેતરે છે, વધારે પડતું ડહાપણ કરવા જતાં આડે માર્ગે ઊતરી જાય છે અને માત્ર બુદ્ધિ પર આધાર રાખવા જતાં કથોરે ચઢી જાય છે કે ઠોકર ખાઈ બેસે છે. તેથી વિશુદ્ધ પતિદેવના માર્ગની ગવેષણા કરવાના અદ્ભુત આંતર નિષ્ઠાવાળા આ સ્તવનનો ઊંડો ભેદ સમજવા પ્રયત્ન કરવા યોગ્ય છે. એમાં વ્યવહારને ભોગે નિશ્ચયની પોષણા નથી, પણ વાસ્તવિક પરિસ્થિતિનું સ્પષ્ટ લાક્ષણિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. એને સમજવાના પ્રયત્નમાં પણ એક પ્રકારનો આનંદ થાય તેમ છે અને ચેતન પોતે ઊભો છે તેનો ખ્યાલ આવે તેમ છે. એક વાત પર ધ્યાન ખેંચવાની જરૂર ગણાય છે : માત્ર બુદ્ધિના માર્ગો અને પ્રગત યોગીની આત્મિક વિચારણાના ઝોકમાં તફાવત તો રહે જ, પણ એનો સમન્વય કરવાની કળા પ્રાપ્ત થઈ જાય તો પછી જે વાસ્તવિકતાનું સહજ ભાન થાય છે, તેની મોજ ઔર પ્રકારની છે. એ આંતર દૃષ્ટિએ પ્રેરક બને છે અને સહજભાવે ચેતનને વિકાસને પંથે આગળ ધપાવે છે. માર્ગપ્રાપ્તિની વિષમતા જોઈ-જાણી ચેતનરાજ ગભરાઈ જાય તેવા તે કાચાપોચા નથી, પણ એની બુદ્ધિજન્ય જિજ્ઞાસાવૃત્તિ એને વાસ્તવિક વિચારણાને પંથે લઈ જઈ એને કેવા સુંદર નિર્ણય પર લઈ આવે છે તે ખાસ વિચારવા જેવું છે.

**ગેયતા**—સ્તવન પરનું સીધું વિવેચન શરૂ કરવા પહેલાં તેને અંગેના જરૂરી ખુલાસા કરવા પ્રાસ્તાવિક છે. આનંદઘનમાં સર્વ સ્તવનોની ગેયતા અદ્‌ભુત હોય છે, પણ તેમાં પણ આ સ્તવનની ગેયતા તો કાંઈ અનેરી છે. દરેક ગાથાને છેડે 'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે'—એ બોલતાં મનમાં ભારે લહેર આવે છે. જાણે વાયુવાન (એરોપ્લેન)માં બેઠા બેઠા રેલમાર્ગ, નદીમાર્ગ, સમુદ્રમાર્ગ, ગાડાના ચીલા અને ખેતરની કેડીઓ નિહાળતા હોઈએ એવો ભાવ આવે છે; પણ જ્યારે બીજી વાર 'વાટડી વિલોકું રે બીજા જિનતણી રે' તેની પછી તુરત ગાવામાં આવે છે, ત્યારે તો અંતરની મોજ પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. જો આ સ્તવન પદ્ધતિસર ગાવામાં આવે તો અંદરથી ભારે હલક લાગે તેવું છે, એને હૃદયમાં ઉલ્લાસ જાગે તેવી એની પદ્ધતિસર આગળ ધપતી રચના છે, અને છતાં એમાં કવિની રચના કરતાં યોગીના હૃદયના આલાપોનું એકત્રીકરણ હૃદયંગમ થયા વગર રહે તેમ નથી. આ 'વાટડી વિલોકવા'ની ટેક ( આંકણી ) પ્રતોમાં જ છે, પણ ભારે અસરકારક છે અને પ્રભુમંદિરમાં કે એકાંત સ્થાનમાં શાંતિ વચ્ચે બોલવામાં આવે ત્યારે ભારે સુંદર વાતાવરણ જમાવે છે.

'રે'કારને અંગે પાઠાંતરોમાં ઘણો ભેદ છે. કોઈ કોઈ પ્રતમાં તો 'રે'કાર કોઈ પણ સ્થાને નથી. 'રે'કાર ગાવાની પદ્ધતિ પર આધાર રાખે છે અને એનો વધારો કે ઘટાડો કરવામાં આવે તો તેથી પાઠની અશુદ્ધિ થતી નથી. એનું કારણ એ છે કે આ કાવ્ય કાંઈ માત્રામેળનો છંદ નથી. અને દેશીના રાગોમાં 'રે' કે 'લાલ' વધારી-ઘટાડી શકાય છે. આ સ્તવન ખૂબ અનુભવને અંતે લખાયેલું જણાય છે અને એમાં ઊંડી વિચારણા અને લાંબી દૃષ્ટિની નજર તારવી શકાય તેમ છે. આ સ્તવન ખૂબ વિચારણા માગે છે અને પૃથક્કરણ કરી સમજવા યોગ્ય છે.

એક વધારે ખુલાસો પણ પ્રસ્તુત છે. આ સ્તવનોમાં તીર્થંકરદેવનું નામ આવે ત્યારે તેનો અર્થ અંતરાત્માને ગમતી પરમાત્મદશા અથવા વીતરાગભાવનું રૂપક સમજવું. એ દૃષ્ટિએ સર્વ જિનેશ્વરો એકસરખા છે, સર્વમાં અનંત ગુણ ભરેલા છે, સર્વ વીતરાગ, વીતદ્વેષ છે, અઢાર દૂષણોથી રહિત છે અને વિષય-કષાય પર વિજય મેળવી બહિરાત્મભાવ છોડી, અંતરાત્મદશા પ્રાપ્ત કરી છેવટે પરમાત્મદશાએ પહોંચેલ હોય છે. આ દૃષ્ટિએ સર્વ વીતરાગોમાં સમાનતા છે; એ આદર્શ ગુણોને અજિતદેવને નામે ઓળખીએ કે શાંતિનાથને નામે વર્ણવીએ, તેમાં જરા પણ ફેર પડતો નથી. એટલે આદિનાથની મૂર્તિ કે ચિત્તમૂર્તિ સામે આપણે અજિતનાથનું સ્તવન બોલીએ તો તેમાં જરા પણ વાંધો નથી; કારણ કે વીતરાગદેવ કાંઈ લેતા નથી, દેતા નથી; એ તો પોતે જન્મ-જરા-મરણથી મુક્ત થયેલા, રાગદ્વેષ વગરના, કોઈ પર ઉપકાર-અપકાર ન કરનાર, માત્ર આદર્શ છે અને પરમાત્મભાવની સમજણ દ્વારા અંતરાત્મદશા તરફ પ્રેરક છે, એટલે જ્યાં જ્યાં અમુક એક તીર્થંકરનું નામ આવે ત્યાં આદર્શ પરમાત્મા વીતરાગ છે એમ સમજવું. એટલે આ બીજું સ્તવન અજિતનાથ ભગવાનને ઉદ્દેશીને લખાયેલું છે, છતાં એ વીતરાગભાવને પામેલ મહાઉપકારી ભાવત્યાગી કોઈ પણ વીતરાગને લાગુ પડી શકે.

આ વીતરાગદશા આંતરસ્પર્શી છે, અંદરના હૃદયતંતુઓને હલાવનાર છે અને તેને જાગૃત કરી ચાલુ કરવી એ આ સ્તવનોનો ઉદ્દેશ હોય છે. ભક્તિ દ્વારા, જ્ઞાન દ્વારા, વિચારણા દ્વારા, ધ્યાન દ્વારા, એકાગ્રતા દ્વારા કે સમાધિ દ્વારા આ અંતરના તારને હલાવવાના પ્રયત્ન વખતે નામથી ગોથવાઈ જવા જેવું નથી; નામ એક હોય અને સામે મૂર્તિ અનેરાની હોય એમાં કોઈ પ્રકારનો વિરોધ થઈ જાય છે એમ ધારવા જેવું નથી. આ આદર્શોને યોગીઓએ કે કવિઓએ ચિત્ર તરીકે રજૂ કર્યા છે અને તેના નામ સાથે કશો ખાસ સંબંધ નથી એ ધ્યાનમાં રાખવું. આટલી ચોખવટની ખાસ જરૂર છે. સર્વ સ્તવનોનો આંતર ધ્વનિ શું છે એ પર લક્ષ્ય રાખવા જેવું છે. બાકી, ચાર, નિક્ષેપામાં નામનિક્ષેપો સમજી જવાય તો નામનું નિક્ષેપણ ગમે તેના પર ગમે તેમ થઈ શકે તેમ છે. મતલબ, જ્યાં અમુક તીર્થંકરની મૂર્તિ મનમાં કે સ્થૂળ રૂપે સામે હોય તેની પાસે અનેરા તીર્થંકરના નામનું સ્તવન બોલવામાં જરા પણ વાંધો નથી. એટલે જ્યાં જ્યાં તીર્થંકરનું નામ આવે ત્યાં સ્તવનમાં પરમાત્મસ્વરૂપને સમજવું, નામ ઉપચાર માત્ર છે એમ ધારવું અને અંતરંગ શત્રુ પર વિજયના આદર્શને લક્ષ્યમાં રાખી એ રચાયેલું છે એ વાત પર ધ્યાન આપવું. આ પ્રકારનો આત્મનિર્ણય થતાં ગમે તે વખતે ગમે તે મંદિરમાં કોઈ પણ સ્તવન બોલવામાં. ગૂંચવણ નહિ થાય. આ બાબત આનંદઘનજીનાં યોગ-સ્તવનોને તો ખાસ લાગુ પડે તેવી છે. નામનિક્ષેપો સમજનારને આ વાત દીવા જેવી લાગે તેમ છે. આટલા જરૂરી ખુલાસા પ્રસ્તાવનારૂપે વિચારી આપણે હવે સ્તવન પર વિચારણા કરીએ.

## સ્તવન

(વેલીની દેશી; મનડું મોહ્યો રે શ્રી સિદ્ધાચલે રે–એ દેશી)*

પંથડો નિહાલું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતીયો રે, પુરુષ કિસ્યું મુજ નામ.
પંથડો નિહાલું રે બીજા જિનતણો રે.
વાટડી વિલોકું રે બીજા જિનતણી રે. ૧

---

**પાઠાંતર**—નિહાલું રે – નિહાલૂં રે. તણો રે—(કેટલી પ્રતમાં 'રે' નથી.) તેં – સ્થાને તઈં. તેણે – તિણઈ. મુજ – માહરું. વિલોકું = જોઉં. વાટડી વિલોકું રે બીજા જિનતણી રે – એ આખું ટેકનું પદ એક પ્રતમાં કે છાપેલ પુસ્તકમાં નથી. રે – ત્રીજા ચરણ તથા ટેકને અંતે નથી. (૧)

**શબ્દાર્થ**—પંથડો = રસ્તો, માર્ગ, વાટ. નિહાલું = જોઉં, અવલોકું. બીજા = પહેલા પછીના, દ્વિતીય. જિન = તીર્થંકર. તણો = નો. અજિત = બીજા તીર્થંકર મહારાજનું નામ. અજિત = (સામાન્ય રીતે) નહિ જિતાયલા એવા. ગુણ = સારાં લક્ષણ, સદ્ગુણ. તેના ધામ = ઘર, ઠેકાણું, સ્થાન. જે = જે રાગદ્વેષ, કષાય

* કોઈ પ્રતમાં રાગનું નામ 'આસાઉરી' જણાવે છે. છાપેલ પુસ્તકમાં 'મારું મને મોહ્યું રે શ્રી વિમલાચલે રે'–એ દેશી બતાવી છે.

**અર્થ**—શ્રી અજિતનાથ ભગવાન–બીજા જિનેશ્વરદેવ–નો માર્ગ–આવવાનો રસ્તો, તેમને પહોંચવાનો રસ્તો–હું બારીકીથી તપાસું છું. એમણે જે માર્ગે કામ સાધ્યું તે બારીકાઈથી અવલોકું છું. એ અજિતનાથ ભગવાન કેવા છે? મારા જેવાએ નહિ જીતેલા સદ્‌ગુણોના ધામ છે. તેમનો માર્ગ નિહાળતાં તેમને હું નીચે પ્રમાણે કહું છું : મારા દેવ! જેને તેં જીત્યા છે, તેણે મને જીત્યો છે અથવા તેનાથી હું જિતાઈ ગયો છું. આવા બીજાથી જિતાઈ ગયેલા એવા મુજનું –મારું પુરુષ નામ કેમ કહેવાય? મારી પુરુષ તરીકેની–નર તરીકેની–ગણના કેમ થાય? હાલ તો હું તમે જે માર્ગે ગયા તે આખી વાટ જોવાનો, તેને અવલોકવાનો પ્રયત્ન કરું છું. (૧)

**ટબો**—(અજિતનાથ ભગવાનના–બીજા સ્તવનનો જ્ઞાનવિમળસૂરિનો ટબો.) પ્રથમ સ્તવનમાં કહ્યો છે એવો સ્વામી કેમ પામીએ તેનો પંથ જોવાને કહે છે બીજું સ્તવન. પંથડો એટલે વાટ. નિહાળું એટલે જોઉં. બીજા જિન એટલે અજિત નાથનો. મનમાં કુણ વાટે આવશે તે જોઉં પંથ. તે પંથ બે પ્રકારે છે, એક શુદ્ધ, બીજો અશુદ્ધ. તેમાં શુદ્ધ પંથ આવશે. તે અજિતનાથ કેવા છે? અજિત જે ગુણ, તેના ધામ એટલે ઘર છે શ્રી જિન. જે કર્માદિ શત્રુ રાગદ્વેષને તમે જીત્યા તેણે રાગાદિકે હું જીત્યો છું, તેને વશ થયો છું. તેવારે (ત્યારે) મારું પુરુષ નામ તે શું? પુરુષકારપણું શું કામે આવ્યું, જેવારે (જ્યારે) મોહાદિક જીતી ન શકીએ. એવા બીજા અજિતનાથની વાટ જોઉં છું. (૧)

**વિવેચન**—સ્તવનના વિવેચનની શરૂઆતમાં એક બાબત ખૂબ વિચારવા જેવી લાગી છે. આ સ્તવનમાં માર્ગ 'નિહાળવા'ની હકીકત કહી છે, એમાં ઊંડો ભાવ જણાય છે. નિહાળવામાં અને જોવામાં, નજર નાખવામાં અને પ્રતીક્ષા કરવામાં, દેખવામાં અને અવલોકન કરવામાં બહુ ફેર છે. અમુક રસ્તા પર નજર નાખી જવી અને રસ્તાને નિહાળવો, એમાં જમીન–આસમાન જેટલો ફેર છે. 'નિહાળવું' એટલે ધારીને જોવું, ઉદ્દેશ પૂર્વક જોવું. પ્રેમીનો પંથ જોઈને તેની પ્રતીક્ષા કરવી અને વીતરાગના માર્ગને નિહાળવો, એ બન્ને વચ્ચે ઘણો તફાવત છે. એમાં માત્ર નજર નાખી ઉપર ટપકેથી આંખને પસાર કરી જવાની વાત નથી. નિહાળવામાં ધારીધારીને જોવાની, જોઈને અંતરમાં ઉતારવાની અને ઉતારીને તદનુસાર વિકાસમાર્ગ ગોઠવવાની વાત સાથે જ છે. વંધ્ય અવલોકનને આત્મવિકાસકક્ષામાં સ્થાન નથી, માત્ર જ્ઞાનને, જૈન યોગીઓ મહત્ત્વ આપતા નથી; ત્યાં જ્ઞાનનું ફળ વિરતિ બતાવ્યું છે અને ફળ વગરના જ્ઞાનમાં અને અજ્ઞાનમાં તફાવત નથી એમ પણ બતાવ્યું છે. અને કોઈ કોઈ વાર તો શુષ્ક જ્ઞાનને નિધ્વંસપણું કરનાર હોઈ નુકસાન કરનાર તરીકે પણ બતાવ્યું છે. એ સર્વ બાબતનો આશય વિચારતાં '**નિહાળવા**'ની બાબત ખૂબ વિચારણા માંગે છે. આ ધારી ધારીને જોવાની પદ્ધતિનાં સારાં ફળ આ સ્તવનમાં આગળ જતાં સ્પષ્ટ થઈ જશે.

---

વગેરેને બીજી વિભક્તિ છે. જીત્યા = જેના પર તેં વિજય મેળવ્યો, જેને તેં જીત્યા. તિણે = તેણે, તે શત્રુઓએ હું = મને, તે શત્રુઓએ મને જીત્યો અથવા તેના વડે હું જિતાયો. પુરુષ = ભાયડો, માણસ, નર. શૂરવીર. કિસ્યું = શા માટે, કેમ. મુજ = મારું. નામ = સંજ્ઞા, કીર્તિ. વાટડી = પંથડાનો પર્યાય શબ્દ. વિલોકું = જોઉં (૨)

સ્તવનના ત્રણ વિભાગ ઉપર પાડ્યા તેનો પ્રથમ વિભાગ આ પહેલી ગાથામાં આવે છે. આત્મવિકાસમાં પોતાનું શું સ્થાન છે, તેની પ્રસ્તાવના કરી પછી ચેતનરાજ માર્ગઅવલોકના કરવા અને તેને નિહાળવા પ્રયત્ન કરશે.

પ્રથમ એ વીતરાગભાવને અજિતનાથ ભગવાનના નામાભિધાન સાથે ઉદ્દેશે છે. મારા જેવા સંસારમાં રખડતા પ્રાણીથી નહિ જિતાયેલા ગુણોના ધામરૂપ હે અજિતનાથ! હે વીતરાગદેવ! મારી વાત સાંભળો! આપ તો અનંત ગુણના તીર્થસ્થાન બનીને ખરેખરા અજિત બની ગયા છો. આપે ગુણસૃષ્ટિ પર વિજય મેળવ્યો છે. આપના અનંત ગુણનું ગાન કરવા તો આપ પોતે કે કોઈ પણ વ્યક્તિ શક્તિમાન નથી. અનંત ગુણો તો શબ્દનો વિષય પણ થયા નથી. આવા અનંત ગુણોની શી વાત કરું? પણ આપ અઢાર દૂષણોથી રહિત હોઈ જે ગુણો નીપજાવ્યા છે, તેની નામનિદર્શના તો જરૂર કરું. આપ અઢાર દૂષણ રહિત હોઈ આપનામાં અનંત ગુણો પ્રકટ થયા છે. એ અઢાર દૂષણો નીચે પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| ૧. દાનાંતરાય. | ૨. લાભાંતરાય. | ૩. ભોગાંતરાય. |
| ૪. ઉપભોગાંતરાય. | ૫. વીર્યાંતરાય. | ૬. હાસ્ય. |
| ૭. રતિ. | ૮. અરતિ. | ૯. શોક. |
| ૧૦. ભય. | ૧૧. દુગંછા. | ૧૨. કામ. |
| ૧૩. અજ્ઞાન. | ૧૪. મિથ્યાત્વ. | ૧૫. નિદ્રા. |
| ૧૬. અવ્રત. | ૧૭. રાગ. | ૧૮ દ્વેષ. |

આ અઢાર મહાદૂષણો છે. એ અઢાર દૂષણો પર ખૂબ વિસ્તારથી વિચારણા ઓગણીશમા શ્રીમલ્લિનાથ ભગવાનના સ્તવનમાં કરવાની છે.[1] અત્રે વક્તવ્ય એક જ છે કે પ્રત્યેક દૂષણની ઉપર વિજય મેળવવાને પરિણામે શ્રી વીતરાગદેવે અનેકાનેક ગુણો મેળવ્યા છે, એ ગુણોના એ 'ધામ' બની ગયા છે. આપણે બનારસ કે શત્રુંજય જઈએ ત્યારે તેને 'ધામ' કહીએ છીએ. તીર્થસ્થાનને પવિત્ર ભૂમિ તરીકે 'ધામ' કહેવામાં આવે છે. સ્થાનમાં અને ધામમાં ઘણો મોટો તફાવત છે. ધામ એ તો પોતે જ પવિત્ર છે, એના ક્ષેત્રનો મહિમા મોટો છે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એ ક્ષેત્રને અંગે ભવ્ય કક્ષા ભોગવે છે.

એક એક દૂષણ ઉપરના વિજયથી અનેક ગુણો આવે છે. દાનાંતરાયના વિજયથી, દાખલા તરીકે, અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્તિદાન, ઉચિતદાનના ગુણો આવે છે, વિવેકબુદ્ધિ આવે છે, અંતરથી સહાનુભૂતિ ખીલે છે; અને ત્યાગધર્મની શરૂઆત દાનાંતરાય પર વિજય મેળવવાથી થાય છે. આ સિવાય સ્વપરની વિવેચના અને આત્મસ્વરૂપ તરફ લક્ષ્ય આ દાનગુણથી આવે છે અથવા દાનાંતરાયના દૂષણ પર વિજય મેળવવાથી પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે રાગ કે દ્વેષ પર વિજય મેળવવાથી આખા સંસાર પર કાબૂ આવી જાય છે, વસ્તુને વસ્તુ સ્વરૂપે

૧. અઢાર દૂષણોના વર્ણન માટે તે સ્તવન અને તે પરનું વિવેચન જુઓ.

જોવાની આવડત આવી જાય છે, અને આડાઅવળા રખડવાના ચેનચાળાનો છેડો આવી જાય છે. રાગ અને દ્વેષ એટલે સંસાર, મારું-તારું, મોહ-મમત્વ અને અર્થ વગરની અવ્યવસ્થિત દોડાદોડ. આખા સંસાર પર કાબૂ અપાવનાર આ રાગદ્વેષ પરનો વિજય એક જ અનંત ગુણોને આણી આપે છે. એનાથી કષાયો પર વિજય આવી જાય છે, મન પર અંકુશ આવી જાય છે અને આવતા સંભવનાથ ભગવાનના સ્તવનમાં આવનાર મહાવિશાળ અભય, અદ્વેષ અને અખેદ વિશેષણોની પ્રાપ્તિ થાય છે.

આગમગ્રંથોમાં અને પ્રકરણગ્રંથોમાં સ્તુતિરૂપે આપના ગુણોને અંગે અનેક વિશેષણો વપરાયાં છે. એ વિશેષણોનો સંગ્રહ કરું તોપણ પાર આવે તેમ નથી. નામ-સ્તવમાં આપના ગુણોને અંગે કહે છે કે चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा । सागरवरगंभीरा (ચંદ્રથી પણ વધારે નિર્મળ, સૂર્યથી પણ વધારે પ્રકાશ કરનારા, મોટા સમુદ્રથી પણ વધારે ગંભીર)—આ ત્રણ વિશેષણો પર વિચાર કરતાં આપની ગુણસમૃદ્ધિનો મહિમા મન પર આવે છે. આવાં તો અનેક વિશેષણો આપને સમુચિત રીતે લાગુ પડે છે. આપ તો ગુણના ધામ રહ્યા અને મારે તો હજુ એને ઓળખવાના છે. આપના પંથનો બારીક અભ્યાસ કરવા પ્રયત્ન કરી રહ્યો છું.

આપનો રાગદ્વેષ પરનો, હાસ્ય-રતિ-અરતિ પરનો, ક્રોધ-માન-માયા-લોભ પરનો વિજય કે આપનો કામદેવ પરનો વિજય જ્યારે હું વિચારું છું ત્યારે પ્રથમ નજરે જ મને દેખાઈ આવે છે કે આપે જેને જીત્યા છે, તેનાથી જ હું તો જિતાઈ ગયો છું. આપ ખરેખરા વિજયી મહાપુરુષ છો. આપે તો એવા એવા આંતર શત્રુઓ પર વિજય મેળવ્યો છે કે આપની હું કેટલી પ્રશંસા કરું? જ્યારે આપનો પંથ હું નિહાળું છું, ત્યારે મને થાય છે, પુરુષના નામને પણ કેમ યોગ્ય ગણાઉં?

મારા અજિતનાથ દેવ! આપ આપની માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી વિજયા રાણી માતા (અજિતનાથ ભગવાનની માતા) આપના પિતા જિતશત્રુ સાથે ચોપાટ કે શતરંજ ખેલવામાં કદી હાર્યાં નહિ, એટલે આપનું એમણે '**અજિત**' નામ આપ્યું. એ તો વહેવારું વાત થઈ, પણ આપે જીવન જીવી ગુણપ્રાપ્તિ એવી કરી કે જે ગુણોને હું જીતી શકયો નથી તેના આપ તો ધામ બની ગયા. જ્યારે જ્યારે આપનો વિચાર કરું છું, ત્યારે મને આપનો માર્ગ ધારી ધારીને જોવાની તીવ્ર ઇચ્છા થઈ આવે છે, આપના ગુણોને બહુલાવવાની વૃત્તિ થઈ આવે છે; અને તેની સાથે મારી જાત પર નજર કરું છું, ત્યારે મને શંકા પડી જાય છે કે મારું પુરુષ નામ મને છાજે છે?

આપના પંથદર્શનની જિજ્ઞાસાવાળા મારા આતમરામને થાય છે કે આ તો પુરુષ નામને ન છાજે તેવી તેની પોતાની (મારી) દશા બની રહી છે, તો માર્ગદર્શન તો કરીએ. રસ્તો જોયો હશે તો એ રસ્તે જવાનું કોઈ વખત બનશે. એટલે આપના પંથનું અવલોકન કરવા હું નિર્ણય કરી રહ્યો છું. આ પ્રાથમિક અવલોકનામાં મને શું દેખાયું છે તે આપની પાસે નમ્ર ભાવે રજૂ કરું.

પાંચ સમવાયી કારણમાં 'પુરુષાર્થ' પાંચમા ભવ્ય સ્થાને આવે છે. કાળ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ અને પુરુષાર્થ એ પાંચે કારણોનો સમુદાય એકઠો થાય ત્યારે કોઈ પણ કાર્ય બને છે. જૈન તત્ત્વમાં આ પાંચ કારણમાં પુરુષાર્થને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. જો પુરુષાર્થ અથવા ઉદ્યમને સ્થાન ન હોય તો કર્મો તો જોર પકડી પ્રાણીને સંસારમાં રખડાવ્યા જ કરે. અને, ખરી રીતે જોઈએ તો, સારાં કે ખરાબ કર્મને બાંધનાર પણ પુરુષાર્થ (ઉદ્યમ) જ છે. વળી, આત્મા જ્યારે ઉદ્યમ કરે ત્યારે એ કર્મની ઉપર વિજય મેળવી લે છે અને પોતા માટે અજર-અમર-નિરંજન-નિરાકાર સ્થાન પ્રાપ્ત કરી શકે છે. એટલે પુરુષાર્થને વિકાસમાર્ગમાં અતિમહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. એ પુરુષાર્થનો જે અમલ કરે તે 'પુરુષ' કહેવાય. વીતરાગ ભગવાનને ચેતનરાજ કહે છે કે આપે તો પુરુષાર્થ કરી કર્મો પર વિજય મેળવ્યો એટલે આપ તો સામ્રાજ્યશાળી નરપુંગવ થયા, પણ મને એમ થાય છે કે મારું 'પુરુષ' નામ કેમ ઘટે? કોઈ મને ચેતનરામ કહે, કોઈ મને આત્મારામ કહે, કોઈ મને આનંદઘન કહે કે કોઈ મને લડવૈયો વીર કહે, પણ હું એ (ઉપર જણાવેલા–પુરુષ) નામને યોગ્ય કેમ કહેવાઉં? એટલા માટે મેં વીતરાગ દેવનો આદર્શ સ્વીકાર્યો. આપને પ્રીતમ–પ્રિયતમ તરીકે સ્વીકાર્યા, તો આપનો માર્ગ નિહાળી, આપને માર્ગે આવી જવાની હવે મારી ફરજ બને છે.

ચેતનરાજને અહીં શંકા પડી કે જેને ભગવાનને જીત્યા તેનાથી જ પોતે જિતાઈ ગયો છે; ભગવાનને જે પગ તળે છે, તે પોતાને માથે સરદારી કરી રહ્યા છે; તો ભગવાનના જેવા થવાનો રસ્તો ખરેખરો તો એ જ છે કે વીતરાગ જે માર્ગે ચાલ્યા તે પંથને નિહાળવો અને વીતરાગના પંથને અનુસરવું એ રસ્તે પોતાનો નિસ્તાર થશે અને એમ બનશે ત્યારે પોતાનું 'પુરુષ' નામ સાર્થક થશે એ વિચારે ચેતનજીએ અજિતનાથ ભગવાન–વીતરાગદેવના માર્ગનું વિલોકન કરવા નિર્ણય કર્યો. વિલોકન માત્ર જિજ્ઞાસા તૃપ્તિ માટે નથી, પણ એમાં પોતાના પુરુષાર્થને અવકાશ આપવાની તીવ્ર ઇચ્છા પણ જણાઈ આવે છે. ચેતન વીતરાગના આદર્શ માર્ગને નિહાળવાના કામમાં પડે છે, ત્યાં એને કેવો અનુભવ થાય છે અને છેવટે એ આશાવાદી ચેતનરાજ કેવા નિર્ણય પર આવે છે તે હવે વિચારીએ. (૧)

ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલો સયલ સંસાર;
જિણ નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨

---

**પાઠાંતર**—ચરમ – ચર્મ (છાપેલ પુસ્તકમાં જ). નયણ – નયણે. જોવતો – જોવતાં. ભૂલો – ભૂલ્યો (છાપેલમાં જ). એક પ્રતમાં ટેકનું પદ 'વાટડી વિલોકું રે' દરેક ગાથાને છેડે મૂકે છે. (૨)

**શબ્દાર્થ**—ચરમ = અંતિમ; ચર્મ, ચામડાની, સ્થૂળ. નયન કરી = નયણ વડે નયને, આંખો વડે (તૃતીયા). જોવતાં = જોતાં, દેખતાં. ભૂલો = આડે રસ્તે ચઢી ગયેલો, ખોટે મારગે ઊતરી ગયેલો, (વિશેષણ). ભૂલ્યો = ગફલતી ખાઈ ગયો (ક્રિયાપદ). સયલ = આખો. સંસાર = જનતાનો સમૂહ, લોકોનું સમુચ્ચય નામ. જિણ = જે. જોઈએ = જોવો જોઈએ. નયણ = આંખ. દિવ્ય = અદ્‌ભુત, અલૌકિક, વિશિષ્ટ. દિવ્ય નયન = જ્ઞાનદૃષ્ટિ (જુઓ ગાથા પાંચમી) વિચાર – જાણ, ધાર, સમજ (અનિયમિત વર્તમાન બીજા પુરુષનું એક વચન). (૨)

**અર્થ** મારી સ્થૂળ (ચામડાની–ચાલુ) નજરે તમારો માર્ગ જોતાં આખો સંસાર ભૂલો પડી ગયો હોય એમ લાગે છે; અથવાં આખો સંસાર ભૂલ ખાઈ ગયો હોય એમ દેખાય છે. જે નજરે કરીને તમારો માર્ગ જોવો જોઈએ, તે તો દિવ્ય નયન જોઈએ, એન તું ધાર. (ચાલુ નજરથી જોતાં સંસાર આડો ઊતરી ગયો એમ જણાય છે, પણ વધારે ઉચ્ચ નજરે જોઈ એ સંબંધી વિચાર કરવાની જરૂર જણાય છે.) (૨)

**ટબો**—ચરમ ચક્ષુએ કરી વીતરાગભાવ માર્ગ જોઈએ છીએ, સકલ સંસારી ભૂલો ભ્રમ રૂપ હોઈ સંસારમાર્ગે છે, વીતરાગભાવપણું ન પામે, અને જેણે કરી વીતરાગમાર્ગ જોઈએ, તે તો નયન દિવ્ય એટલે જ્ઞાનદષ્ટિ કરીએ, જ્ઞાનનેત્રે જોતાં વીતરાગમાર્ગ પામીએ, જાણીએ. (૨)

**વિવેચન**—પ્રભુના પંથને નિહાળવાના ચાર જુદા જુદા માર્ગો છે, ચાર પ્રકારના ઉપાયો છે:—

(૧) ચર્મ નયણથી–સ્થૂળ નજરથી પંથદર્શન કરવું.

(૨) પુરુષપરંપરાની નજરે પંથદર્શન કરવું.

(૩) આગમ–મૂળ સૂત્રો વાંચી–સાંભળી–સમજી પંથનિર્ણય કરવો.

(૪) તર્ક–ન્યાયની ચર્ચા કરી પંથ–માર્ગ પર નિર્ણય પર આવવું.

આ ચારે પ્રકારના પંથ-દર્શનના માર્ગોમાં મને શું સૂઝ્યું છે તે આપને હું કહી બતાવું. અને પછી મારું સ્થાન ક્યાં આવશે અને આ આશાવાદી ચેતન છેવટે ક્યાં જશે, તેની વાત પણ મારી નજરે મને બેઠી છે તે, આપની પાસે કહી બતાવું છું. આપ તે સાંભળી લેશો. (ચેતનરાજ પોતે ભગવાનને આ સર્વ હકીકત કહે છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ.)

આપણી સ્થૂળ આંખે સંસારને જોતાં જાણે આખો સંસાર ભૂલો પડી ગયો હોય એમ લાગે છે. યૂથભ્રષ્ટ થયેલ હરિણી કે રસ્તો ભૂલેલ માણસ જે ફાંફાં મારે છે, તે તો આપણે જોયેલાં છે; એ જ પ્રકારે સંસારી જીવ કોઈ જાતના ઉદ્દેશ વગર પુદ્ગલમાં રાચે છે, નાટક કરે છે અને અહીંથી ત્યાં અને ત્યાંથી પણે—એમ અફળાયા કરે છે. એ બાળક હોય ત્યારે પરાધીન હોય છે, જુવાન થાય ત્યારે કામદેવ કે ધનદેવને આધીન હોય છે અને ઘરડો થાય ત્યારે તદ્દન પરાધીન થઈ જાય છે. એના હાલવા-ચાલવામાં, બોલવા-બેસવામાં ધન એકઠું કરવામાં કે ભીખ માગવામાં કાંઈ વ્યવસ્થા લાગશે નહિ. ધન કમાવા ખાતર એ કંઈક કાળાં-ધોળાં કરે અને આખરે દોરાનો ધાગો પણ અહીં મૂકી જાય છે. એ જ પ્રમાણે એ આળસમાં પડ્યો રહે, તો તેમાં પણ કામધંધા વગરનો, અને જાણે જીવનમાં કાંઈ સત્ત્વ જ ન હોય તેમ ભૂલો પડી બેસી ગયેલો દેખાય છે. એ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય, એ એક ખાડામાંથી બીજામાં પડે, એ ચારે તરફ અથડાય–કુટાય, છતાં એ સંસારને ચાટ્યે જતો જાય. એને સ્ત્રી લાત મારે અને એ સ્ત્રીને પગે પડતો જાય; એને શેઠ પાઈનો કરી નાખે, તોપણ એ શેઠનાં વખાણ કર્યા કરે; અને એ કૂથલી કરવા બેસે તો જાણે આખી દુનિયાનું

ડહાપણ એનામાં આવી ગયું છે એવો એનો દમામ દેખાય. એના મનોવિકારો, એની સ્વાર્થાંધતા, એની મુત્સદ્દીગીરી, એના કાવાદાવા અને ભાવા-અભાવા જોયાં હોય તો તુરત જણાઈ આવે છે કે એની શેઠાઈમાં સાર નથી, નમ્રતામાં કસ નથી, આદરમાં અંતરંગ નથી; અને માત્ર એક જ ચીજ દેખાય છે કે એ હેતુ વગર, લાંબી વિચારણા વગર, પાછળથી ધક્કો આવે તેમ, તેની ગાડી ચલાવે રાખે છે, અને ગાડી અટકે એટલે એ અહીંથી ચાલતી પકડી બીજે ઘેર જાય છે. પાંચ-પચીસ કે સો વર્ષ માટે આટઆટલી જમાવટ કરવી અને હાશ કરી ઠરી ઠામ થવાય–ન થવાય ત્યાં તો ચાલતી પકડવી અને છતાં એવા ટૂંક વખતના રહેઠાણ પર મોહ કરવો, અને એવી નોકરી પર વારી જવું, એ તો ભૂલા પડેલા માણસનાં ફાંફાં જ છે. અને આવાં ફાંફાં મારતો સંસાર આખો હેતુ વગર કુટાયે જ જાય છે. અને આપનો વીતરાગમાર્ગ ઉપલકિયા નજરે જોઈએ તો ત્યાં પણ જગત જાણે ભૂલું પડી ગયું હોય તેમ જ દેખાય છે. બાહ્ય નજરે આપના પંથમાં પણ શું દેખવામાં આવે ? એ તો જોનારની જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ચર્મચક્ષુએ જોતાં આપ કેમ સ્નાન કરતા હતા, કેવી ગાડીમાં બેસતા હતા, પરણ્યા ત્યારે આપે કેવાં વસ્ત્ર પહેર્યાં હતાં, આવી આવી વાત જ નજરે પડે. દીક્ષા કે કેવળજ્ઞાન થયા પછી આપ આહાર લેતા હતા કે નહિ, વસ્ત્ર રાખતા કે નગ્ન રહેતા—આવું આવું ચર્મચક્ષુથી દેખાય અને એ વિચારણા કે દર્શનમાં તો સંસાર ભૂલો પડી જાય. વસ્તુનું હાર્દ સમજવામાં ન આવે, એમાં ઊંડા ઊતરવાની આવડત ન હોય, તો ઉપલકિયા દર્શનમાં કંઈ વળે નહિ, અને આપ અજિતગુણના ધામ કેમ બન્યા તેનો ખુલાસો બેસે નહિ.

એટલે, મને એમ લાગે છે કે, આપના પંથનું અવલોકન તો દિવ્ય નજરે જ કરવું ઘટે. આપનો પંથ જાણવા માટે લાંબી નજરવાળી, રહસ્ય સમજનારી ચક્ષુઓ જોઈએ. નહિ તો બાહ્ય પ્રવર્તન પરથી કેટલીયે વાત ન સમજાય તેવી લાગે તેમ છે. આખો સાધુધર્મ સમજવા માટે દેહ–આત્માનો સંબંધ, સ્વપર ભાવ, કર્મનો સંબંધ વગેરે અનેક વાતો જાણવી જોઈએ. સ્યાદ્વાદની રચનામાં રહેલ ભેદ પામવો જોઈએ અને આખા ચક્રપરિભ્રમણની ગોઠવણ સમજવી જોઈએ; બાહ્યાત્મભાવ, અંતરાત્મસ્વરૂપ અને તમે પોતે પરમાત્મા થયા તેનો આખો માર્ગ સમજવો જોઈએ અને તેને માટે આત્માના ભવાંતરોના ભેદો પકડવા જોઈએ. એને માટે મારાં સ્થૂળ ચક્ષુ પૂરતાં ન ગણાય; એને માટે અલૌકિક નજર અને ઊંડો અભ્યાસ જરૂરી થઈ પડે. આ સર્વ ભૂલા પડેલા સંસારી જીવના આંટાફેરા પાછળ કાંઈ ધોરણ છે કે અકસ્માત માત્ર જ છે, આવી અનેક હકીકત તો અલૌકિક નજરે સમજી શકાય; એમ કરવામાં આવે તો ચેતનનો આખો વિકાસમાર્ગ જોઈ શકાય.

બાકી, ચર્મચક્ષુથી જોતાં તો, અત્યારના અનેક પંથો અને દર્શનો જાણે ગોથાં ખાઈ રહ્યાં હોય એમ લાગે છે. આપનો માર્ગ સમજવા માટે અને બીજાઓ કેવી રીતે માર્ગ ભૂલ્યા છે, એનો સાચો નિર્ણય કરવા માટે માત્ર ચર્મચક્ષુ પૂરાં કારગત નીવડે એમ મને લાગતું નથી. તેટલા માટે ચેતન કહે છે કે, જે નજરે માર્ગ જોવો જોઈએ તે દિવ્ય નયન છે, એમ તું વિચાર.

માત્ર સ્થૂળ ચક્ષુથી જોતાં તું જોઈ જોઈને કેટલું જોવાનો હતો? તારી લાંબામાં લાંબી સ્થૂળ નજર કેટલા માઈલ પહોંચે? તું સ્થૂળ નજરે આગળપાછળનો હિસાબ, કે નયભંગ, અંશસત્ય, પ્રમાણુસત્ય અને કુદરતના નિયમો કેમ જાણુ? એટલે આપના પંથને નિહાળવા માટે ચર્મચક્ષુ માત્ર પૂરતાં હોય એમ મને લાગતું નથી.

'ભૂલો – ભૂલ્યો' – આ શબ્દ અટપટો છે; એ વિશેષણ હોય તો તેનો અર્થ ઉપર કર્યો છે તે થાય એટલે કે આડે રસ્તે ચઢી ગયો હોય એમ લાગે છે. ક્રિયાપદ તરીકે તેને ગણવામાં આવે તો તેનો અર્થ ભૂલમાં પડી ગયો, એમ થાય; 'લોભાઈ ગયો' અને 'ખોઈ બેઠો' એવો ભાવ પણ નીકળે છે. મતલબ, સંસાર ખોટે રવાડે ચઢી હોય, અને હેતુ કે અર્થ વગરની પ્રવૃત્તિનો ભોગ થઈ પડ્યો હોય, એવો ભાવ એમાંથી તારવી શકાય. સમજુ માણસ વગર પરિણામનું કે શૂન્ય પરિણામનું કામ ન કરે, એને બદલે સંસાર આખો જાણે આડમાર્ગે ચઢી ગયો હોય, એમ લાગે છે. માર્ગ ભૂલેલા સંસારને સમજવા માટે તો કોઈ દિવ્ય ચક્ષુની જરૂર પડે. આ વાત પાંચમી ગાથામાં વધારે સ્પષ્ટ થશે.

પોતાની જાતને ભાન ભૂલેલી કહેવી એ આકરી વાત છે, પણ સંસારનો માર્ગ અને પ્રભુનો આખો પંથ જોતાં સમજુ ચેતનને એમ જરૂર થાય તેમ છે કે આ બધી દોડાદોડ શેની? વધારે બારીકીથી નિહાળતાં એને એમ લાગે છે કે સંસારને બરાબર સમજવા માટે ચર્મચક્ષુ[1] પૂરતાં નથી; એને માટે આંતર ચક્ષુ જોઈએ. અને તેને અત્ર 'દિવ્ય' ચક્ષુ કહેવામાં આવ્યાં છે. દિવ્ય ચક્ષુ એટલે આંતર ભાન, અંદરનું ઊંડું જ્ઞાન.

> પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પીલાય;
> વસ્તુ વિચારે રે જો આગમે કરી, ચરણ ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩

**પાઠાંતર**—જોવતાં રે — જોયતા રે. પીલાય — પલાય, પુલાય, પિલાય. ચરણુ — તો ચરણ (૩)

**શબ્દાર્થ**—પુરુષપરંપર = સંપ્રદાયથી ચાલ્યું આવતું, ઊતરી આવતું, વગર લખાયલું, કર્ણાનુકર્ણ ચાલ્યું આવતું જ્ઞાન. અનુભવ = માર્ગદર્શન, શૈલી, પદ્ધતિ. જોવાતાં = જોતાં, દેખતાં. અંધોઅંધ પીલાય = અંધની પાછળ અંધની જેમ કુટાઈ પડે; 'પીલવું'નું પ્રેરક અને કર્મણિરૂપ પીલાય થાય છે. પીલવાનો અર્થ હેરાન કરવું, કનડવું થાય છે. હિંદીમાં તેનો અર્થ ઝુકવું, લાગી પડવું અથવા પ્રવૃત્ત થવું એમ થાય છે. વસ્તુ = દ્રવ્ય, કોઈ પણ ચીજ કે પ્રવૃત્તિનું મૂળ. વિચારે = (પ્રાણી) નિગાહમાં લે, એના મૂળ પર લક્ષ્ય આપે. આગમે કરી = આગમ દૃષ્ટિએ, સિદ્ધાન્તને મુદ્દે. ચરણ = પગ, ચર્યા. ધરણ = મૂકવાનું, ધારણ કરવાનું. ઠાય = ઠામ, પત્તો, ઠેકાણું. (૩)

૧. 'ચર્મ' ને બદલે 'ચરમ' પાઠ ઘણી પ્રતોમાં છે. 'ચરમ'નો અર્થ 'છેલ્લું', 'અંતિમ' એવો થાય. ચરમ નયણ એટલે છેવટની નયણ, આખરી આંખ, એવો અર્થ કરીએ તો વિશિષ્ટ – સંપૂર્ણ – જ્ઞાનીની આંખ, એવો ભાવ નીકળે. એટલે આવી ચરમ નજરે જોતાં સંસાર ભૂલો સંસાર પડી ગયેલો લાગે, એ અર્થ બરાબર છે; પણ એ અર્થ કરવા જતાં ચરમ અને દિવ્ય નયણ લગભગ એક જ હોઈ આ જ ગાથાના છેલ્લા પાદ સાથે એનો મેળ બેસે તેમ નથી, તેથી 'ચરમ' પાઠને મેં ચાલુ ભાષાનો 'ચર્મ'નો અપભ્રંશ આકાર જ સ્વીકાર્યો છે. આ બાબત મને જે સૂચિત અર્થ લાગ્યો તે અત્ર નોંધ્યો છે; પણ એ સૂચિત અર્થ આખા સ્તવનના સ્થૂળ રૂપને વિચારતાં બંધબેસતો લાગતો નથી.

**અર્થ**—સંપ્રદાયથી ચાલ્યું આવતું અનુભવજ્ઞાન અથવા પરંપરાની નજરે દેખતાં તો આંધળાની હારની હાર એકની પાછળ એક ચાલી જતી હોય એમ લાગે છે. અને મૂળ સિદ્ધાન્તની નજરે વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં આવે તો, ત્યાં તો જાણે પગ મૂકવાનું ઠામ–ઠેકાણુંયે ન હોય એમ લાગે છે. (૩)

**ટબો**—એવા બીજા પુરુષપરંપરાએ જો અનુભવ જોઈએ તો ગાડરિયો પ્રવાહ થાય તે વારે તો 'અંધોઅંધ પીલાય' એ ન્યાય થાય છે, તો મારે તે પ્રમાણે થાય. અને જો વસ્તુગત વિચાર જોતાં આગમસિદ્ધાંત કરી ચારિત્રમર્યાદા દુર્લભ લાગે, તો ચરણના ધરણહાર ચારિત્રમર્યાદાએ ધરતી પર પ્રગટતા નથી અથવા ચરણસ્થાનક તે સંયમસ્થાનક આગમે કરી દુર્લભતા લાગે છે. બીજા અજિતજિન. (૩)

**વિવેચન**—આપને નિહાળવાને, આપનો પંથ બરાબર જોવાને માટે સ્થૂળ ચક્ષુ પૂરતાં નથી, એમ જણાતાં માર્ગદર્શનના બીજા ઉપાયો તરફ નજર કરવી રહી. એટલે તેને માટે ચાલી આવતી પરંપરા તરફ જોવાની સહજ વૃત્તિ થાય. જ્યાં આપણી નજર ન પહોંચે, ત્યાં બીજા અનુભવીઓ તેને અંગે શું કહે છે, તે જોવા–તપાસવાનું કે પૂછવાનું જરૂર મન થાય. માર્ગદર્શન માટે તેટલા સારુ પુરુષપરંપરાનો અનુભવ જોઈ–તપાસી જવાની ઇચ્છા થાય તે માર્ગપ્રાપ્તિ અંગે સ્વાભાવિક વલણ રહે છે. શાસ્ત્ર-સંપ્રદાયમાં કેટલીયે વાત લખાયલી હોતી નથી; તે પરંપરાથી ચાલી આવતી હોય છે. અનેક વાતો ગુરુ પોતાના જિજ્ઞાસુ શિષ્યને ભણાવતી વખતે કહી આપે અને શિષ્ય પોતાના શિષ્યને સમજાવી દે. આવું સંપ્રદાય-જ્ઞાન ઘણું મહત્ત્વનું ગણાય છે, કારણ કે જ્યાં શાસ્ત્રમાં વાત સીધી લખેલી ન હોય, ત્યાં સાંપ્રદાયિક જ્ઞાન ઉપર જ આધાર રાખવાનો રહે છે અને ઘણી પ્રેરક અને ખુલાસો આપનારી બાબતો ત્યાંથી મળતી રહે છે.

એક-બે દાખલા આપવાથી આ વાત વધારે સ્પષ્ટ થશે. દા. ત. પ્રતિક્રમણ કરવા બેસતી વખતે નવકાર–પંચિંદિયસંવરણોથી સ્થાપના કરવી તેમાં જમણા હાથને લાંબો કરી સ્થાપનાજી સન્મુખ અવળો રાખવો અને પારતી વખતે સવળો રાખવો. આટલો વિધિ બતાવવામાં આવ્યો હોય, પણ અવળા–સવળાનું કારણ શાસ્ત્રમાં ન જણાવ્યું હોય, પણ ગુરુપરંપરાએ તે ઊતરી આવેલ હોય. ગુરુ સમજાવે, શિષ્ય ધારી લે, એવી જ રીતે અનેક પ્રકારની મુદ્રાઓ, અનેક આસનોનાં કારણો તો સંપ્રદાયાંતર્ગત પરંપરા દ્વારા જ જણાય. વિધિવાદને અંગે અનેક બાબતો પરંપરાથી જણાય. આવા પરંપરા–જ્ઞાનને અંગે અનુભવનો માર્ગ નિહાળતાં એમાં મતાગ્રહ અને અંધપરંપરા ખૂબ ચાલી દેખાય છે. આપણે આજ સુધીનો જૈન ઇતિહાસ તપાસીએ છીએ ત્યારે એમાં ગચ્છના ભેદો અને પેટાભેદો અને એને અંગેના હઠાગ્રહો અને પક્ષના ભેદો અને કોઈ કોઈ સંયોગોમાં અંદરઅંદરનાં વૈમનસ્યો જોતાં એ રસ્તે પરિપૂર્ણ માર્ગદર્શન થાય કે કેમ તેનો આ જિજ્ઞાસુને પ્રશ્ન થાય છે.

સાંવત્સરિક પ્રતિક્રમણ ચોથે કરવું કે પાંચમે કરવું, પ્રતિક્રમણ કે દેવવંદનમાં ત્રણ સ્તુતિ

( થોય ) બોલવી કે ચાર બોલવી, સામાયક કરતી વખતે કરેમિ ભંતેનો પાઠ એક વાર બોલવો કે ત્રણ વાર બોલવો, મૂર્તિપૂજા કરવી જોઈએ કે નહીં—આવા નાના-મોટા મતભેદો પાર વગરના થયા છે. એમાંના બહુ જાણીતા ઝઘડા કે મતભેદોનો ઉપરછલ્લો ઉલ્લેખ "નવયુગનો જૈન" નામના મારા પુસ્તકમાં થયો છે. એ ઝઘડાનાં મૂળોનો આખો ઇતિહાસ જોતાં શ્રી સુયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધના પ્રથમ અધ્યયનના બીજા ઉદ્દેશકની ૧૯મી ગાથા યાદ કરવાનું મન થઈ જાય છે. ત્યાં જણાવવામાં આવ્યું છે કે—

अंधो अंधं पहं नितो दूरमद्धाण गच्छति ।
आवज्जे उप्पहं जंतू अदुवा पंथाणुगामिए ।।

અંધ માણુસ આંધળાને દોરીને લઈ જાય તો વિવક્ષિત માર્ગથી જુદા જ માર્ગે લઈ જાય છે અર્થાત્ અંધ જન્તુ ઉત્પથમાં જઈ પડે છે. અથવા તો અન્ય માર્ગને અનુસરે છે.

દોરવણી આપનાર અને દોરવણી લેનાર બન્ને અંધ હોય ત્યાં ધારેલ સ્થાનકે પહોંચવાનો સવાલ જ રહેતો નથી. એમાં તો આખું લશ્કર કૂવામાં પડી જવાનો પણ ભય રહે. આવી બાબત અનેક પ્રસંગે બની છે. સ્યાદ્વાદના પ્રરૂપક, ભાષાસમિતિને ખૂબ મહત્ત્વ આપનાર જ્યારે સંપ્રદાય કે ગચ્છના ઝઘડામાં પડી જાય છે, ત્યારે વિવેક, સભ્યતા કે અનેકાંતવાદિતા સર્વ ભૂલી જાય છે. એને પોતાના અભિપ્રાયનો એવો આગ્રહ થઈ જાય છે કે એને પોતાની માન્યતાવાળી વાત જ સાચી લાગે છે અને તે સિવાય અન્ય કે અન્યત્ર સત્ય હોઈ શકે, એવો ખ્યાલ પણ બેસી શકતો નથી. ધર્મની બાબત આવે ત્યાં અપેક્ષાવાદને સમજનાર પણ અપેક્ષાદૃષ્ટિ ગુમાવી બેસે છે; ત્યાં મતાગ્રહ એવો ચીકટ જામી જાય છે કે એ એકાંતવાદી બની જાય છે. પુરાણા કાળના મતભેદો જુઓ કે વર્તમાન કાળના ઝઘડાઓ તપાસો, એમાં અંધપરંપરા અને એકાંત ઉપદેશ જ દેખાશે. આવા નાના-મોટા મતભેદોમાં એના આગેવાનો પરંપરાને જ આગળ કરે છે. એમાં વિવેક કે વિચારણા કરતાં પોતાની વાત ખરી કરવાની વૃત્તિ જ વધારે આગળ પડતો ભાગ લે છે.

ગચ્છના અને પરંપરાના મતભેદોને અંગે આપણો ઇતિહાસ અત્યંત દુઃખ ઉપજાવે તેવો છે. અને એનું પૃથક્કરણ કરતાં ત્યાંથી નિર્ભેળ સત્ય કે સ્યાદ્વાદ-સત્ય મળે તેને માટે ઘણી ચિંતા થાય તેવું છે. આવી પરિસ્થિતિમાં અંધપરંપરા ચાલે છે અને પરસ્પર કુટાઈને અથડાયા કરે છે. એટલે પંથ નિહાળવાને અંગે પરંપરા—સંપ્રદાયના આશ્રયમાં શી પરિસ્થિતિ છે તેનો ખ્યાલ આવશે. એટલે જેમ સ્થૂળ નજરથી પ્રભુપંથને નિહાળવાનો ઉપાય કારગત લાગ્યો નહિ, તેમ પરંપરાગત સંપ્રદાયમાં પણ અંધની હાર ચાલી જતી હોય તેમ જોવામાં આવે છે. આ રીતે પંથડો નિહાળવામાં આ પરંપરાગત સંપ્રદાયનો આશ્રય પણ ખેંચતાણ અને એકાંતપ્રિયતાનું પોષણ કરનાર હોઈ પૂરતું કામ આપે તેવો જિજ્ઞાસુની દૃષ્ટિએ લાગતો નથી, એમ કહેવાનો આશય જણાય છે.

અહીં જણાવવાની જરૂર છે કે ખૂદ આનંદઘન મહારાજને પરંપરા-અનુભવને માટે ખૂબ માન છે. એ સમયપુરુષનાં છ અંગ બરાબર સ્વીકારે છે. એકવીશમા (નમિનાથના) સ્તવનની આઠમી ગાથામાં એ સમયપુરુષનાં અંગ બતાવતાં નીચેની છયે બાબતોને પૂરતું સ્થાન આપે છે : મૂળસૂત્રના અર્થ કરવામાં-(૧) ચૂર્ણિ એટલે તદ્વિદકૃત છૂટક પદની વ્યાખ્યા, (૨) ભાષ્ય એટલે સૂત્રમાં કહેલો અર્થ, (૩) સૂત્ર એટલે ગણધરરચિત મૂળસૂત્ર, (૪) નિર્યુક્તિ એટલે નિષ્ણાતે કરેલ પ્રાકૃત ટીકા અને (૫) વૃત્તિ એટલે પૂર્વાચાર્યકૃત સંસ્કૃત ટીકા. સમયપુરુષનાં આ પાંચ અંગો ઉપરાંત એની સાથે જ છઠ્ઠા અંગ તરીકે પરંપરા-અનુભવને એટલું જ મહત્ત્વનું સ્થાન તેઓશ્રી આપે છે. એટલે એ પરંપરાગત સંપ્રદાયજ્ઞાનને ફેંકી દેતા નથી, એટલું જ નહિ, પણ એવા અંગને જે છેદે–કાપી નાખે-તેને દુર્ભવી કહે છે, સંસારમાં ખૂબ રખડનાર ગણે છે અને ચૌદમા (અનંતનાથના) સ્તવનમાં નિરપેક્ષ અને સાપેક્ષ વચનને અગત્ય કેટલી આપવી તેની તુલના કરે છે (જુઓ સદર સ્તવનની ગાથા ૪ થી). છતાં ભગવાનનો પંથડો નિહાળવાની બાબત આવે છે ત્યારે આ અંધપરંપરાને શું સ્થાન આપવા યોગ્ય તેમને લાગ્યું છે, તે ખાસ વિચારવા યોગ્ય છે.

અને ‘અંધો અંધ પીલાય’ એનો સ્પષ્ટ અર્થ સમજવા માટે આંધળાની હાર ચાલી જતી કલ્પવી. તેઓનો અંદરઅંદરનો આલાપ સાંભળવો. તેઓ પોતાના વગર દીઠેલ હકીકતના નિર્ણયને વળગી રહેવાની બાબતમાં કેવા ચીકણા હોય છે તે જોવું, એટલે ‘અંધો અંધ પીલાય’ એ વાતની કલ્પના બરાબર બેસી જશે. એટલે પંથ નિહાળવાની જિજ્ઞાસાવૃત્તિ થાય ત્યારે શાંત ચિંતવન, નિર્ભેળ સત્ય શોધવાની વૃત્તિ, અમુક ક્રિયાને અંગે દેશ-કાળ-ભાવને મળેલું સ્થાન વગેરે મહત્ત્વની બાબતો વિચારવાને બદલે પરંપરાને વળગી રહેવાની જ બાબતને આગળ કરવામાં આવે તો અંધપરંપરાની સ્થિતિ નીપજે છે એ વાત અત્ર બતાવી.

કોઈ સ્થાને ‘પલાય’ એવો પાઠ જોવામાં આવે છે, તેનો અર્થ ‘દોડ્યો જાય’ એવો થાય છે. એટલે અંધની પાછળ અંધ દોડે એવો ભાવ પ્રાપ્ત થાય છે. તે પાઠને અને ‘પીલાય’ પાઠને કાંઈ વાંધો આવતો નથી.

જિજ્ઞાસુ જ્યારે વીતરાગમાર્ગને નિહાળે છે, ત્યારે એને માત્ર પરંપરાને અનુસરવામાં રહેલા જોખમનો ખ્યાલ નજર સન્મુખ થાય છે. એ પરંપરાના અનુભવને માનની અને સ્વીકારની નજરે જુએ છે, છતાં પંથડાની અવલોકનામાં વર્તમાન અને ભૂતકાળના સમાજની કેવી સ્થિતિ થઈ ગઈ છે, માત્ર પરંપરાનો આધાર રાખી પંથને નિહાળવામાં કઈ જગ્યાએ ભયસ્થાન છે, તેની તાત્ત્વિક નજરે મીમાંસા કરે છે અને સમયપુરુષના અંગ તરીકે પરંપરાના અને સંપ્રદાયના જ્ઞાનની અગત્ય સ્વીકારવા છતાં માર્ગદર્શનના ઉપાય તરીકે તેનું કારગતપણું કઈ કક્ષામાં આવે છે તેનો અત્ર નિર્દેશ કર્યો છે.

એક વાત ખ્યાલમાં રાખવા જેવી છે : આનંદઘનજી પરંપરાનો બરાબર સ્વીકાર કરે છે,

પણ તેના ઉપર જ મક્કમપણે આધાર રાખનારા અને એમાં કારણ, ઉપયુક્તતા અને અસરકારકતાને અંગે દેશ-કાળનાં સૂત્રોને વિસારી મૂકનારાએ કેવી અંધપરંપરા ચલાવી છે તે તરફ ધ્યાન ખેંચ્યું છે. આ સંબંધી ખૂબ વિચારણા કરવાની અને તુલનાત્મક દૃષ્ટિ વિકસાવવાની જરૂર છે. આ દૃષ્ટિ સમજાય નહિ તો આનંદઘનજીને નિશ્ચયવાદી સમજવાની ભૂલ અનેકે કરી છે તે સ્ખલનામાં તુરત પડી જવાય તેમ છે. એ વાત તથ્ય નથી. નિશ્ચય-વ્યવહારનો સમન્વય કરવાની સ્યાદ્વાદમાર્ગમાં ખાસ આવશ્યકતા છે અને તે ચાવી યોગી આનંદઘનને બરાબર પ્રાપ્ત થઈ હતી તે વાત અત્ર વિચારકને જરૂર પ્રાપ્ત થાય છે અને તે સમજવા જેવી છે. જેને એમ કરતાં આવડ્યું નથી, તેમણે આનંદઘનજીને ઘણીવાર સમજ્યા વગર અન્યાય કર્યો છે તે વાત પર યથાસ્થાને વિચારણા થશે. અહીં તો પંથદર્શનને અંગે માર્ગઅવલોકનામાં પુરુષ–પરંપરાનું શું સ્થાન છે તેનો નિર્દેશ કર્યો છે.

આવી રીતે, માત્ર સ્થૂળ નજરે જોતાં, આખો સંસાર ભૂલો પડી ગયેલો જણાયો અને માત્ર પરંપરાને નિહાળવામાં અંધપરંપરા ચાલતી દેખાણી એટલે જિજ્ઞાસુ ચેતનરાજે મૂળ આગમગ્રંથો દ્વારા માર્ગ નિહાળવાનો માર્ગ શોધ્યો. શ્રી વીર પરમાત્માને સંપૂર્ણ જ્ઞાન (કૈવલ્ય) પ્રાપ્ત થયા પછી તેઓ ગણધરોની સ્થાપના કરે છે. ગણધરો તેમના મુખ્ય શિષ્ય થાય છે અને ભગવાન તેમને ત્રિપદી આપે છે તેના પર વિચાર કરીને તેઓ જે દ્વાદશાંગીની રચના કરે તેને ‘ આગમ ’ ગ્રંથો કહેવામાં આવે છે. આ આગમગ્રંથો મૂળ સૂત્રો છે, અને તે જૈન ધર્મનાં ‘બાઈબલ’ છે. એમાં ચાર પ્રકારના અનુયોગો ભરેલા હોય છે એને એમાં મૂળમાર્ગનો વિસ્તારથી પણ મુદ્દામ આદર્શ રજૂ થયેલ હોય છે. ભગવાનનો મૂળ માર્ગ શો છે તેના સંબંધમાં વિચારણા ચાલે ત્યારે આગમગ્રંથોનો આધાર છેવટનો ગણાય છે. એ જૈન સિદ્ધાંત( આગમ )ના ગ્રંથોમાં તત્ત્વજ્ઞાન, ચારિત્રક્રિયા, ગણિત, વર્તનવિકાસના પ્રકાર, સમ્યક્ત્વનું સ્વરૂપ, ગુણસ્થાનક્રમારોહ, ત્રણ કરણ, ભેદાભેદ, જીવના પ્રકાર, સપ્તભંગી, સાત નય, નિગોદ, નવ તત્ત્વ વગેરે અનેકાનેક વાતો, સવાલ-જવાબ, કથાઓ અને વિધિઓ બતાવેલ હોય છે. જૈનધર્મના મૂળ સિદ્ધાંત, સાધન-ધર્મોની વિગતો અને વર્તનના નિયમોના આકર જેવા આ આગમો આપણો આધાર છે અને માર્ગ નિહાળવા માટે એની ઉપર નજર જાય તે તદ્દન સ્વાભાવિક છે.

આગમોમાં તત્ત્વજ્ઞાન અને ચરણકરણની વિગતો ભેળસેળ કરી આપવામાં આવેલ હોય છે એટલે એમાં સંયમ, ત્યાગ અને અહિંસાની બાબતોને વણી નાખવામાં આવેલી હોય છે. ચેતનને ઓળખવા માટે ચેતનનો વિકાસ કઈ રીતે થાય છે, એને વિકાસ કરવામાં કેવી કેવી મુશ્કેલીઓ નડે છે, એને આગળ વધતાં કેવી કેવી લાલચો આવે છે અને એ સંસારમાં ક્યાં અને કેવી રીતે અટવાઈ જાય છે, એની વિગતો પણ આગમોમાં બતાવવામાં આવેલ હોય છે. એની સાથે આગમમાં ત્યાગમાર્ગને બહુ વિસ્તારથી બતાવવામાં આવેલ હોય છે. એના સાધુ-ધર્મની વિગતોમાં ઊતરતાં કે એના પિંડના ૪૨ દોષો વિચારતાં, એના અહિંસાના સ્વરૂપનો

ખ્યાલ કરતાં કે એના પરિષહો અને ઉપસર્ગોને બરાબર લક્ષ્યમાં લેતાં, એનાં તપ, ત્યાગ અને મહાવ્રતની ભાવનાઓ વિચારતાં કે એના ત્યાગ વખતે થતી વિચારણાને લક્ષ્યમાં લેતાં એ માર્ગ ઘણો આકરો લાગે છે.

જે માર્ગે પ્રભુ ગયા, જે મહાન ત્યાગ પ્રભુએ કર્યો, જે ભોગો વીતરાગ દેવે આપ્યા, જે સ્વપરનું વિવેચન જિનદેવે કર્યું, જે સંસારને ભગવાને તિલાંજલિ આપી, જે ખાવાપીવાની કે ભોગવવાની વસ્તુ પર કાબૂ મેળવ્યો, ત્યાં તો આપણને પગ મૂકવાનું પણ સ્થાન રહેતું નથી, ત્યાં નિહાળવાની વાત તો બાજુ પર રહી, પણ અંદર પગ ટકાવવાનું કે મૂકવાનું ઠેકાણું પણ મળતું નથી.

'ચરણધરણ'ના બે અર્થ સૂઝે છે : ચરણ એટલે પગ અથવા ચરણ એટલે ચારિત્રમાં ચર્યા. માત્ર આગમદૃષ્ટિએ વસ્તુનો વિચાર કરવામાં આવે તો ચરણસિત્તરી-કરણસિત્તરી ધારણ કરવાનું મહાઆકરું લાગે છે, એને માટે ઠામ મળતું નથી અથવા આગમદૃષ્ટિએ વસ્તુ-વિચારણા કરવામાં આવે તો પગ મૂકવાનું ઠામ પણ મળતું નથી. વીતરાગદેવે વસ્તુના વસ્તુગત ભાવો બતાવ્યા છે, એમાં ઇન્દ્રિય પર અને કષાય–વિકારો પર સંયમ રાખવાની જે વિગતો બતાવી છે, એમણે જે પરિષહ–ઉપસર્ગો સહન કર્યા છે, એમણે જે ૪૨ દોષ રહિત આહાર લેવાનો પિંડ-વ્યવહાર બતાવ્યો છે અને એમણે જે શરીર પર મોહમમતાનો ત્યાગ બતાવી મન પર સંયમ રાખવાની અનેક બાબતો ભારે ઝીણવટથી પણ ચોખવટ પૂર્વક બતાવી છે, ત્યાં તો માર્ગ નિહાળવાનું એટલે એને સમજીને અનુસરવા કે તેમણે બતાવેલ માર્ગે વર્તવાની વાત તો શી કરવી, પણ ત્યાં તો પગ મૂકવાની વાતનાં પણ ઠેકાણાં પડે તેવું નથી.

અહીં માર્ગ નિહાળવામાં અને અવલોકન કરવાની બાબતનો તફાવત બરાબર ધ્યાન પર આવે છે. માર્ગનું અવલોકન કરી જવું હોય તો તો આગમના ગ્રંથોની અવલોકના થાય એટલે વાત પતી જાય, એના અભ્યાસથી માર્ગ કેવો છે તે સમજાય અને વસ્તુવિચારણા થઈ જાય; પણ એ વંધ્ય અવલોકનાને 'પંથડાના નિહાળવામાં' સ્થાન નથી. ફળ વગરની અવલોકના નિરર્થક છે, ત્યાગ-ભાવ વગરનું જ્ઞાન નિષ્ફળ છે, લીધ્યા વગરની કથા–વાર્તા કે ચર્ચા નકામી છે. 'પંથડાને નિહાળવો' એટલે માર્ગને જોઈ–જાણી–વિચારી તેને અનુસરવો. અને એ રીતે જોતાં પ્રભુ વીતરાગદેવે જેને જીત્યા તેનાથી પોતે જિતાઈ ગયો એ વાતની એને પ્રતીતિ થાય છે. એટલા માટે જ્ઞાનવિમળસૂરિ ચરણનો અર્થ ચર્યા બતાવી ચારિત્રની દુર્લભતા લાગે એટલે ચરણના ધરણહાર ધરતી પર પ્રગટતા નથી અથવા ચરણસ્થાનક એટલે સંયમસ્થાનકની આગમદૃષ્ટિએ દુર્લભતા લાગે છે એવો અર્થ સૂચવે છે, તે પણ ખાસ વિચારવા યોગ્ય છે. ત્યાં 'ધરણ' એટલે ધરણી–પૃથ્વી એવો અર્થ કર્યો છે એટલે ચરણ–ચારિત્ર–સંયમને ધરણી પર ઠામ નથી એવો ભાવ બતાવ્યો છે તે વીતરાગમાર્ગની દુર્લભતા સૂચવે છે. આ સૂચિત અર્થ વિચારતાં ચારિત્રની મુશ્કેલી સૂચવાય છે, પણ અશક્યતા બતાવાતી નથી, એ ધ્યાન પર રાખવા યોગ્ય છે. બાકી માર્ગ નિહાળવાની બાબત,

એ બચ્ચાના ખેલ નથી એ વાત પર ધ્યાન ખેંચવા સાથે એની અશક્યતા ખૂંચે તો બારીક અવલોકન થાય, એ વાત પણ ધ્યાનમાં રાખવા લાયક છે.

આ રીતે આ ત્રીજી ગાથામાં માર્ગદર્શનના બે અગત્યના ઉપાયો—પુરુષપરંપરાના અનુભવનું દર્શન અને આગમશાસ્ત્રોમાં બતાવેલ વસ્તુ વિચારણા—એની મુશ્કેલી કે વિરલતા બતાવી અને એ રીતે વીતરાગદેવના પંથને ઊંડા ઊતરી વ્યવહારુ આકારે નિહાળવામાં કેવી કેવી અડચણો નડે છે તેને બહાર આણી. પણ હજુ પણ આ પ્રાણી અવલોકનાને છોડી દેતો નથી. એને ચીવટ ઘણી છે, એને અંદરથી તમન્ના લાગી ગઈ છે અને એ અવલોકના દ્વારા નિહાળવાની વાતની પાછળ પડચો છે. હજુ પણ તે નિહાળવાના યામમાં આગળ વધે છે.

આમાં અમુક રીતે ક્રિયા થાય તો જ ભગવાનનો પંથ સાંપડે, એથી ઊલટી રીતે કે ફેરફાર કરનાર ધર્મવિરોધી કહેવાય અને ક્રિયામાર્ગમાં એકાંત આગ્રહીને ધર્મવિકાસમાં કયું સ્થાન આપે તે સ્વતઃ વિચારી લેવું. ક્રિયાની સમાનતા ઉપયોગી છે, પણ અપેક્ષાદૃષ્ટિએ સમજણપૂર્વક ફેરફાર કરવામાં આવે તો, ધર્મબુદ્ધિ નાશ ન થતી હોવાને કારણે, આરાધક ભાવ રહે છે એ વાત સમજી જવાય તો ગચ્છ કે મતના જે ઝઘડા ઠામઠામ દેખાય છે, તે અર્થ વગરના થઈ જાય છે અથવા એની અંદરનું અણઇચ્છવા યોગ્ય ઝેરી તત્ત્વ ખલાસ થઈ જાય, એ વાત ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે. ચરણસ્થાનકને જરા પણ ઢીલું પાડ્યા વગર ગચ્છના ભેદોની અપેક્ષા સમજવામાં આવે તો ઇરિહાવહિયા બે વાર બોલનાર અને એક વાર બોલનાર અપેક્ષાએ આરાધક હોઈ શકે; પાંચમ કે ચોથને દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરનાર ઐતિહાસિક દૃષ્ટિએ સાચા હોઈ શકે. આવી અપેક્ષા સમજવામાં આવે તો વસ્તુવિચારણાને અંગે અને સાપેક્ષ નજરે બન્ને સાચા હોઈ શકે અને છતાં જૈન સંયમસ્થાન કે ચારિત્રવર્ધનને વાંધો ન આવે, એટલું સમજાય તો પોતપોતાની સમજણ પ્રમાણે ક્રિયા કરવા છતાં ધર્માનુસારીપણું ચાલુ રહી શકે છે, એ વાત ગળે ઊતરી જાય. આ દૃષ્ટિએ આખી વીતરાગમાર્ગની વાટડીને અવલોકવાની ખાસ જરૂર છે. એ માર્ગને નિહાળવાના બીજા એક વધારે ઉપાયની વિચારણા કરીએ. (૩)

તર્કવિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

**અર્થ**—તર્કની રીતે–ન્યાયની ઝડીમાં ઊતરીએ છીએ તો તેમાં તો વાદવિવાદની ચર્ચામાં તણાઈ જવાય છે અને તે રીતે તો કોઈ છેડો–કાંઠો મેળવી શકતું નથી. અને આપણને લાભ

---

**પાઠાંતર**—પહુંચે – પહોંચે, પોહચે. અભિમત – અભિમતે. વસ્તુગતે – વસ્તુગતિ. જગ – જગિ (૪)

**શબ્દાર્થ**—તર્કવિચારે = ન્યાયમાર્ગે, વાદવિવાદ–ચર્ચાની નજરે, અથવા તર્ક એટલે કલ્પના, મનઘડંત વિચારણ વાદ = ભાંજગડ, શાસ્ત્રાર્થ, થીયરી Theory. પરંપરા = શ્રેણી, હાર. પાર = છેડો, કાંઠો. ન પહોંચે = ન જઈ શકે. કોય = કોઈ પણ. અભિમત = ઇચ્છિત, ઇષ્ટ, મેળવવા યોગ્ય, પરિણામે લાભકારક. વસ્તુ = ચીજ, સાર, તત્ત્વ. વસ્તુગતે = જેવી હોય તેવી, બરાબર, યુક્ત. કહે = જણાવે, બતાવે, સમજાવે. વિરલા = ભાગ્યે જ મળી આવતા, થોડા. જગ = જગતમાં, દુનિયામાં. જોય = જોવામાં આવે છે, જોઈએ છીએ.(૪)

કરનાર ઇચ્છિત વસ્તુને, એના લાભકારક અને પરિપૂર્ણ અંશે બરાબર કહે તેવા માણુસો તો આ દુનિયામાં ભાગ્યે જ સાંપડે છે, કવચિત જ મળી આવે છે.

**ટબો**—અને તર્કવિચાર કરતો વાદપરંપરાવચન વિતંડા થાય છે, કુયુક્તિનો પાર કોઈ પામતા નથી. અભિમત જે આગમદૃષ્ટિ વસ્તુગત મધ્યસ્થભાવે હઠ વિના જે કહે તેવા પુરુષ સંસારમાં થોડા દીસે છે. બીજા શ્રી અજિતનાથ. (૪)

**વિવેચન**—તર્ક-ન્યાયને માર્ગે પંથ નિહાળવાનો ઉપાય વિચારતાં આખું જૈન તત્ત્વજ્ઞાન તર્કને અનુકુળ , એનો આખો નયવિભાગ, સપ્તભંગી, મોક્ષમાર્ગનું વાહીપણું વગેરે અનેક બાબતો તર્કની સાથે, તર્કની કસોટીમાં બરાબર મેળ ખાય તેવી છે. અને 'સ્યાદ્વાદરત્નાકર' 'અનેકાંતજયપતાકા' અને 'સન્મતિતર્ક' આદિ ગ્રંથો અને તત્ત્વાર્થ પરની મહાન ટીકાઓ તથા 'ખંડનખાદ્ય' જેવા તર્કના આકર ગ્રંથોનો વિચાર કરતાં અથવા 'સ્યાદ્વાદમંજરી' આદિ અનેક ગ્રંથવૈભવનો ખ્યાલ કરતાં ન્યાય કે તર્કનો એ જબરજસ્ત કિલ્લો છક કરી નાખે તેવો છે. પણ ન્યાય અને તર્કના इति चेत्...न—(એમ ધારતા હો તો........નહિ.) એ રીતે શંકા–જિજ્ઞાસા અને ચર્ચાને એમાં એટલું બધું સ્થાન છે કે એનો પાર જ આવે નહિ. એક આત્માની સિદ્ધિમાં આયુષ્ય પૂરું થઈ જાય એટલા ગ્રંથો હોય કે એક પરભવ હોય કે નહિ એની વિચારણા અને ચર્ચામાં અરધો ભવ પૂરો થઈ જાય તેટલી રાત-દિવસ ચર્ચા ચાલે ત્યાં પાર કયાં પમાય? અને ચર્ચા કે પ્રશ્નપરંપરા, શંકાસમાધાન કે વાદવિવાદનું તો એવું છે કે એની ઝપટમાં પ્રાણી આવે તો પછી એક વાતમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી–એમ ચાલ્યા જ કરે છે. ઘણીવાર તર્કપરંપરાની રમઝટમાં કયાંથી વાત શરૂ કરી હતી અને કઈ વસ્તુથી સિદ્ધિ માટે દલીલબાજી આદરી હતી, તેનું પણ ધ્યાન રહેતું નથી અને વાદવિવાદનું રૂપ લઈ અનેકવાર અંગત આકાર પકડી લે છે. અને કેટલીક વાર ચર્ચા શરૂ કર્યા પછી કઈ બાબતની ચર્ચા ચાલી હતી તે વીસરાઈ જતા આડે રસ્તે ઊતરી જવાય છે. અને કેટલીક વખત કયા ગ્રંથોને કે કયાં વચનોને આધારભૂત–પ્રમાણભૂત ગણવાં તેની આડચર્ચામાં મૂળ વાત વીસરાઈ જાય છે. તર્કની વાત જેટલી તત્ત્વને લાગે છે, તેટલી જ ક્રિયામાર્ગને પણ લાગુ પડે છે. આત્મા છે કે નહિ વગેરે તત્ત્વની બાબતમા તર્ક મોટાં રણાંગણો રચે છે તેટલી જ ગંભીરતાથી ક્રિયામાર્ગના ઝઘડામા તર્કનો ભારે દુરુપયોગ થાય છે અને સામસામા આક્ષેપના મોરચા મંડાય છે. અને કેટલીક વાર તો છાવણીઓ બંધાઈ જાય છે. તો ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે તેમ—

वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चतान् तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तीलपीलकवद् गतौ ॥

(વાદવિવાદ અને પ્રતિવાદ કરતાં ઘાંચીની ઘાણીની ગતિ થાય છે, તેમાં તત્ત્વનો પાર પમાતો નથી.) અને ઘાણીની માફક ગોળ ગતિ (arguments in a circle) બહુ ભયંકર ચીજ છે; પણ વાદવિવાદ કરનારને ખૂબ સુલભ છે. તેઓની પોતાની વાત સાચી કરવાની પદ્ધતિ જરા ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી હોય તો એમાં તો કદી છેડો આવે કે કોઈ ચર્ચા

કરનાર પોતાનો પક્ષ છોડે એમ થતું દેખાતું નથી. એવી ચર્ચા-વાર્તામાં પણ જ્યાં હેત્વાભાસોની ઝડી ચાલતી હોય, જ્યાં પ્રમાણગ્રંથોની એકતા ન હોય, જ્યાં એક પક્ષકાર આસ્તિક હોય અને સામો બિનજવાબદાર તકરારી હોય, ત્યાં તો ન્યાયની પદ્ધતિસરની ચર્ચાને સ્થાને આખો ઉઠાવ અંગત બની જાય છે અને પછી તો સત્યશોધને બદલે વિદ્વત્તાનું પ્રદર્શન બની જાય છે. એટલે તર્ક કે ન્યાયની ચર્ચા દ્વારા પંથ નિહાળવાની આશા રાખવાને બદલે ગૂંચવણમાં વધારો અને નિર્ણયમાં ગોટાળો થવાનો સંભવ વધારે રહે તેમ છે. અહીં તર્કશાસ્ત્રો પર આક્ષેપ નથી, પણ તેનો ઉપયોગ કરવામાં વિદ્વાન ગણાતા માણસો જે પદ્ધતિ સ્વીકારે છે, તે માર્ગે વસ્તુગત તત્ત્વને નિહાળવાનું બની શકે કે નહિ તે પર યોગનિષ્ણાત સ્તવનકારનો અભિપ્રાય છે, અને તેનો અનુભવ કરવો હોય તો બે-ચાર નૈયાયિકોને નિત્યત્વ કે અનિત્યત્વ કે એવા કોઈ વિષય પર ચર્ચા કરતા સાંભળવા અથવા ન્યાય કે તર્કના કોઈ પણ ગ્રંથનું અવગાહન કરી જવું.

એટલે જૈન તત્ત્વજ્ઞાનની તર્કશીલતા છે એમ આપણે શરૂઆતમાં સ્વીકાર્યું, છતાં એ તર્કશાસ્ત્રનો જે રીતે ઉપયોગ થતો જોવામાં આવે છે, તે રીતે પાર પાર પામવાની વાત તદ્દન જુદો જ આકાર ધારણ કરે છે. એટલે વાડાભેદ, ખેંચતાણ, દુરાગ્રહ અને સત્યશોધનવૃત્તિને સ્થાને પોતાના અભિપ્રાયને સાચો કરવાની મનુષ્યસુલભ અહંવૃત્તિની પોષણાને પરિણામે સત્યશોધન કે માર્ગનું નિહાલન તર્ક દ્વારા થાય તે પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં ઉપાય તરીકે કારગત થાય તેમ લાગતું નથી.

આ વાત સત્તરમી સદીમાં હતી તે જ પ્રમાણે વીશમી સદીમાં પણ ઉપાય તરીકે નિરર્થક માલૂમ પડે તેમ જણાય છે. અત્યારે વસ્તુને સમજવાની શક્તિ વધારે વિસ્તૃત પ્રમાણમાં પ્રાપ્ય છે, સાધનોની સુલભ્યતા છે, ચર્ચાનાં શાસ્ત્રોનો વિસ્તાર વધ્યો છે, પણ વસ્તુગત સત્યના શોધનની વૃત્તિને સ્થાને મતાગ્રહ ઘણો વધ્યો છે. એમાં વળી બેવડી અગવડ પણ ઊભી થઈ છે. અત્યારે લોકોને પંથ નિહાળવાની કે અંતિમ સત્ય શોધવાની પડી પણ નથી; આત્મા, પરભવ, પુણ્ય-પાપ કર્મ વગેરે ચર્ચા નવરા માણસનું કામ છે અથવા કાર્ય વહેંચણીને અંગે ત્યાગી વર્ગની જવાબદારી છે, એવી ધારણાને પરિણામે વસ્તુધર્મવિચારણા તરફ કાં તો બેદરકારી વધતી જાય છે, અથવા એની ઉપેક્ષા રહે છે. અતિવ્યવસાયમાં પડેલ પ્રાણીઓના વ્યવસાયો પાછળ ક્યાં જીવનતત્ત્વો કામ કરી રહ્યાં છે અને જીવનવિકાસમાં આંતર વિકારોને કયું સ્થાન છે, અને આકાંક્ષા, મોહ, રતિ, અરતિ, કષાયનું અંતિમ પૃથક્કરણ કરતાં શું હાથમાં આવે છે, તે વિચારવાનું પણ બંધ થઈ જાય છે; એટલે વધેલ તર્કશક્તિનો ઉપયોગ કાં તો ઉપેક્ષા તરફ ઘસડી જાય છે અથવા ઘણી ઉપરચોટિયા ચર્ચા સત્યશોધનની આખી વાતને જ મારી નાખે છે. આ રીતે વીતરાગનો માર્ગ નિહાળવાના ચારે ઉપાયોનો વિચાર કર્યો. સ્થૂળ આંખથી સંસારને નિહાળતાં આખો સંસાર ભૂલો પડી ગયો હોય અને આડે રવાડે ચઢી ગયો હોય એમ લાગે છે; પુરુષપરંપરામાં અંધની પાછળ અંધની હાર આંખો બંધ રાખીને ચાલતી જણાય છે. માત્ર આગમદૃષ્ટિએ વસ્તુવિચારણા કરવામાં આવે તો પગ મૂકવાનું ઠેકાણું કે ચારિત્ર ધારણ કરવાનું

ઠામ મળતું નથી અને તર્કવિચારણામાં તો છેડો દેખાતો નથી, નિશ્ચય થઈ શકે તેવું અવલોકન પ્રાપ્ત થતું નથી.

એટલે આપણે જે વસ્તુ પામવા માટે પ્રયત્ન આદર્યો છે, તેવી વસ્તુને વસ્તુગત ધર્મના અસલ સ્વરૂપે કહે એવાં પ્રાણી તો દુનિયામાં વિરલ જ દેખાય છે. પંથને નિહાળવા માટે પ્રયત્ન કરતાં શુદ્ધ વસ્તુને વસ્તુધર્મનો પૂરતો ખ્યાલ કરી આપણે સમજી શકીએ તેવી શુદ્ધ સ્પષ્ટ સરલ ભાષામાં કહેનાર કે સમજાવનારની ભારે અલ્પતા છે અને ઉપર જે ચારે ઉપાયો પંથ સમજવા માટે વિગતથી વિચાર્યા તે દૃષ્ટિએ જોઈએ તો તો એવા પુરુષોનો મેળાપ અશક્ય ન હોય તો વિરલ તો જરૂર છે. વસ્તુને વસ્તુગતે કહેવી, પોતાના રાગદ્વેષથી મુક્ત રહીને કહેવી, અંગત તત્ત્વનો તેમાં પ્રવેશ સરખો પણ થવા દેવો નહિ, એ બહુ મુશ્કેલ બાબત છે; જ્યાં નજર કરવામાં આવશે ત્યાં વ્યક્તિગત અહંભાવ, સત્ય પોતાને જ પ્રાપ્ત થયું છે એવો દાવો, બીજી આંખ ઉઘાડવાની વાંતનો પણ ઇનકાર અને સત્યદર્શનને બદલે અખંડ મોરચા અને ગૂંચવણમાં વધારો જ પ્રાપ્ત થાય તેવી પરિસ્થિતિ છે, અને બરાબર અવલોકન કરવમાં આવે તો એ એક અથવા બીજા આકારમાં પ્રવર્તમાન પંચમ કાળમાં, પૂર્વ કાળમાં અને વર્તમાન કાળે ચાલુ જ છે.

વસ્તુગત વસ્તુનું દર્શન એટલે વસ્તુના અસલ ધર્મ હોય તેવે સ્વરૂપે તેનું રજૂ કરવું. તેમાં રાગદ્વેષ વગર કે પોતાના અંગત અભિપ્રાય કે પૂર્વગ્રાહને અવકાશ આપ્યા વગર જેવું બતાવવામાં આવ્યું છે તેવા સ્વરૂપમાં રજૂ કરવું એ હકીકત હઠભાવ વગર મધ્યસ્થભાવે અભિમત વસ્તુના કહેનાર ઘણા વિરલ છે, છતાં જ્યારે પણ એવા અધિકારી પાસે પંથ નિહાળવા માટે જવાનું થાય, ત્યારે તેમનો દાવો તો આગમદૃષ્ટિનો રહેવાનો, એટલે એમને કદી હઠ કે આગ્રહમાં પોતે પણ પડી ગયા છે એ વાત તો બેસવાની જ નહિ.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજે સત્તરમા પાપસ્થાનકની સજ્ઝાયમાં શુદ્ધ ભાષકની બલિહારી બતાવી છે અને ' અધ્યાત્મસાર ' ગ્રંથમાં દંભ પર આખું પ્રકરણ લખ્યું છે, તેનો આશય વિચારતાં શુદ્ધ ભાષકની વિરલતા બરાબર સમજાઈ જાય છે; એવા અધિકારપદે બેઠેલાને તો આ વાત રુચે નહિ તેવી છે, પણ ઉપાધ્યાય મહારાજ જેવાની સાક્ષી ન હોય તો યોગીરાજ જેવાને તો એઓ નિશ્ચયમાર્ગી કહેવા લલચાઈ જાય. સવાલ-જવાબ વખતે, કાં વ્યાખ્યાન પ્રસંગે પોતાના મતાગ્રહને કેવી રીતે ખેંચવામાં આવે છે, તેનું બરાબર અવલોકન કરવામાં આવે, તો શુદ્ધ ભાષકની વિરલતા સાલે તેમ છે અને એ હકીકતને આનંદઘન મહારાજે બહાર પાડવામાં ધર્મની અને આત્મસાક્ષાત્કારની સેવા જ કરી છે.

વસ્તુગત ધર્મોને ધ્યાનમાં રાખી વસ્તુના ભાવો કહેવા, તેની વિરલતા ક્રિયામાર્ગને અંગે દેખાય છે, તે તો સમજી શકાય તેવી વાત છે. ત્યાં સત્યશોધનવૃત્તિને બદલે સ્વીકારેલ વાત સાચી છે અને પછી સાચી હોવી જ જોઈએ, એ ધોરણે જ વસ્તુગત પદાર્થોનું દર્શન કરાવાય છે. એમાં ત્રણ સ્તુતિ માનનાર એને ફાવે તેવાં સૂત્રોને આગળ કરે; ચાર સ્તુતિવાળો એનાં

સૂત્રોને આગળ કરે; બન્ને આંખ મીંચીને આંધળુકિયા કરે, સામા પક્ષની દલીલમાં કાંઈક તો વિચારવા જેવું હશે, એટલું માન પણ સામાની દલીલશક્તિને ન આપે અને કાળે-અકાળે આક્ષેપ કરવા મંડી જાય. પણ ખરી મજાની વાત તો શાસ્ત્રનાં દાખલા કે દૃષ્ટાંતોને લાગુ પાડવામાં એ કેવી આત્મવંચના કરે છે તે વખતે બને છે. જ્યાં દાખલા પોતાને અનુકૂળ ન હોય ત્યાં એ ચોથા આરાના દાખલા કહી એને ઉવેખી મૂકશે; જ્યાં પોતાનો ઘાટ ન બેસે તેવો દાખલો આવે ત્યાં એને અપવાદની કોટિમાં મૂકશે અને એવી રીતે આખી વિચારદર્શન કે ચર્ચાની બાબતના પાયામાં સુરંગ ભરશે. ક્રિયામાર્ગની ચર્ચામાં તો આવું ખૂબ થયું છે, પણ તત્ત્વચર્ચામાં પણ પોતાનો એકાંત પક્ષ સ્થાપવાની, સાબિત કરવાની અને તેને ચીવટથી વળગી રહેવાની વાતને મોટા નૈયાયિકો છોડી શકતા નથી. આ રીતે તત્ત્વચર્ચા કે વિજ્ઞાન-નિદર્શનમાં, ચારિત્રગુણોના પ્રકાશનમાં કે ક્રિયામાર્ગની સ્પષ્ટતામાં અભિમત વસ્તુને વસ્તુસ્વરૂપે કહેનાર વિરલ છે એ વાતનો અત્ર ખેદ બતાવ્યો.

વસ્તુગત એટલે વસ્તુ જેવી હોય તેવી બરાબર કહેવી તે. એમાં જરા પણ અતિશયોક્તિ ન કરવી, ખેંચતાણ ન કરવી, જેવી જાણી હોય તેવી તેને બરાબર સ્વરૂપે કહેવી, તે વસ્તુને વસ્તુગતે કહેવી એમ ભાવ બેસે છે. આગ્રહ, ખેંચતાણ વગર ક્રિયા કે તત્ત્વજ્ઞાનની હકીકતને કહેનારાની વિરલતા કેટલી છે એનો અભ્યાસ કરવો હોય તો ગચ્છના ભેદો અથવા નૈયાયિકો-તાર્કિકોની દલીલબાજી જોવી. એમાં પોતાના મતનું ઝનૂન અને વાતાવરણમાં જે ગરમી દેખાય છે, તે જોતાં ત્યાંથી વસ્તુગત વસ્તુવિચારની પ્રાપ્તિ વિરલ છે એ વાતની પ્રતીતિ થાય તેમ છે. (૪)

વસ્તુવિચારે રે દિવ્ય નયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ ૫.

**અર્થ**—વસ્તુતત્ત્વની વિચારણાને અંગે દિવ્યનયન–પ્રત્યક્ષજ્ઞાનનો વિરહ ચોક્કસ પડ્યો છે. એટલે ઓછાં-વત્તાં સાધનોને કારણે અત્યારે બોધ થાય છે તે પણ ઓછા-વધતા સંસ્કારની ગંધવાળો થાય છે અને (હાલ તો) તે જ આધાર છે, તેનો ટેકો છે. (૫)

**ટબો**—આગમની દૃષ્ટિ જોઉં તે વસ્તુ વિચાર; તે દિવ્ય નયને કરી વસ્તુનો વિચાર કરે તે દિવ્ય નયન. તેવાનો તો વિરહ પડ્યો, અતિશય જ્ઞાનીનો વિરહ નિરધાર. તે વાટે શું માર્ગ નહિ છે એમ પણ નહિ. તરતમયોગે યથાયોગે તરતમવાસનાએ જેવા આપણા ક્ષયોપશમ એ ગુરુ-પારતંત્ર્યે, એ શાસ્ત્રે વાસિત બોધ, તેનો આધાર, વચનનો આધાર છે. જ્ઞાન શબ્દે જ્ઞાન–તત્ત્વાતત્ત્વની પ્રાપ્તિ. બોધ તે જ્ઞાન, જાણવા સ્વરૂપ વચનાત્. બીજા શ્રી અજિત.

---

**પાઠાંતર**—દિવ્ય-દૈવ. જોગે-યોગે. આધાર-આચાર.

**શબ્દાર્થ**—વસ્તુ = સાર, તત્ત્વ. વિચારે = વિચારણાને અંગે. દિવ્ય = જ્ઞાન, સ્થૂળથી પર, વિશિષ્ટ. દિવ્ય નયન = જ્ઞાનનેત્ર, પ્રત્યક્ષજ્ઞાન. વિરહ = અંતર, વિયોગ, જુદા પડવું તે. પડ્યો = થઈ ગયો. નિરધાર = ચોક્કસ. તરતમ = ઓછુંવતું. જોગે = પ્રાપ્તિએ. તરતમ = વધારે ઓછી, મળી આવતી. વાસના = સંસ્કાર, જ્ઞાનહેતુ, અભિલાષા, શ્રદ્ધા. વાસિત = ગંધિત, એની ગંધવાળો. બોધ = સમજણ, જ્ઞાન. આધાર = ટેકો, આલંબન.

**વિવેચન**—આવી રીતે અજિતનાથ ભગવાનના પંથનું અવલોકન કરતાં તો ખરેખર એમ લાગી જાય છે કે આ કાળમાં દિવ્ય ચક્ષુની ખરેખર ખામી પડી ગઈ છે. આ દિવ્ય નયણની ગેરહાજરી સાલે તેવી છે, કારણ કે વસ્તુવિચારણામાં જ્યાં મતભેદ પડે ત્યાં સાચી વિચારણા કઈ હશે તેનો પાકો અને ચોક્કસ નિર્ણય કરવા માટે જે વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાન જોઈએ અથવા તેને બતાવનારને શોધીએ તો આ કાળમાં તે પ્રાપ્ત થઈ શકતા નથી.

જ્ઞાન બે પ્રકારનું છે : પ્રત્યક્ષ અને પરોક્ષ. આત્માને સીધેસીધું જ્ઞાન થાય તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. એમાં આંખ, કાન કે બીજી કોઈ પણ ઇન્દ્રિયની દરમિયાનગીરી હોતી નથી. આત્મા પોતે જ જે વાત દેખે તેને જૈન પરિભાષામાં પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. अक्षो : प्रति प्रत्यक्षम् । અહીં 'અક્ષન્'નો અર્થ આત્મા થાય છે. આપણે વ્યવહારમાં જેને પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ, તેને જૈન પરિભાષામાં 'પરોક્ષ' જ્ઞાન કહેવામાં આવે છે, જે કોઈ જ્ઞાન થવામાં વચ્ચે ઇંદ્રિય આવે, ઇંદ્રિય ન હોય તો જ્ઞાન ન થાય, તે પરોક્ષ જ્ઞાન સમજવું. આંખ જાય કે બંધ કરવામાં આવે તો તે વગર જ્ઞાન ન થાય. તે પ્રમાણે બાકીની ચાર ઇંદ્રિયો—સ્પર્શ રસ, ઘ્રાણ કે શ્રોત્ર–માટે સમજવું.

પરોક્ષ જ્ઞાન અને ઉપર 'ચરમ નયણ' (ગાથા બીજી)ની હકીકત આવી તે એક જ વાત છે. ત્યાં ચરમ નયણથી જોતાં સંસાર કેવો લાગે છે તે બતાવ્યું હતું. દિવ્ય નયન પ્રાપ્ત થાય, આત્મપ્રત્યક્ષ જ્ઞાન થાય, ત્યારે વસ્તુગતે વસ્તુનું રહસ્ય સમજાય, એટલે અત્યારે દિવ્ય નયન આપણને પોતાને નથી અથવા દિવ્ય નયણવાળા અન્યની પ્રાપ્તિ આ કાળમાં આ ક્ષેત્રમાં અશક્ય છે, એટલે એનો વિરહ વસ્તુવિચારણામાં જરૂર લાગી આવે તેમ છે.

બાકી, જ્યાં શંકા પડે કે મતભેદ પડે ત્યાં જો દિવ્ય જ્ઞાન હોય અથવા દિવ્ય જ્ઞાનવાળા નજીકમાં હોય, તો તેની પાસેથી વસ્તુગત પદાર્થની ચોખવટ કરી શકાય. આત્મપ્રત્યક્ષ જ્ઞાનમાં અવધિજ્ઞાન; મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનનો સમાવેશ થાય છે, જ્યારે અત્યારે આપણને થતાં પરોક્ષ જ્ઞાનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો સમાવેશ થાય છે. આ જ્ઞાનનો વિષય ઘણો વિસ્તૃત છે. પ્રત્યક્ષ–પરોક્ષ જ્ઞાનને સમજવાની અને તેનો તફાવત સમજવાની જરૂર છે. (જુઓ, 'જૈન દૃષ્ટિએ કર્મ' નામનો મારો ઉલ્લેખ) અહીં કહેવાની વાત એ છે કે વસ્તુગતે વસ્તુની વિચારણા કરવામાં આવે છે, ત્યારે દિવ્ય નયણનો–પ્રત્યક્ષ જ્ઞાનનો–વિરહ પડેલો છે. અત્યારે તેની આપણને પ્રાપ્તિ નથી એ વાત બરાબર યાદ આવે છે. એટલે હવે આ કાળમાં કેવા પ્રકારના જ્ઞાનનો આધાર લેવો એ જ વિચારવાનું રહ્યું. દિવ્ય નયનનો વિરહ છે; એટલે પંથ નિહાળવાની વાત જ મૂકી દેવી કે જેવા પ્રકારનો નિહાળવાનો માર્ગ સાંપડે તેથી ચલાવી લેવું, એની વચ્ચેની પસંદગીનો પ્રશ્ન પ્રાપ્ત થાય છે.

ધર્મપ્રાપ્તિને માટે યોગ થવો એ પણ મહાવિકાસનો હેતુ છે. યોગાવંચકપણું પણ મહાલાભનું નિમિત્ત છે. પ્રાણીની સ્થિતિ પાકવા આવી હોય ત્યારે યોગાવંચકપણું પ્રાપ્ત થાય

છે. યોગ એટલે જોગ–મેળાપ. એ શબ્દ મેળાપ અથવા સહચારના ખાસ અર્થમાં વપરાય છે. મિત્રનો યોગ–જોગ થાય, ધનનો જોગ થાય, એ યોગનો એક અર્થ છે. એ રીતે જ્ઞાન, જ્ઞાનને બતાવનાર, જ્ઞાનપ્રાપ્તિ માટે પુસ્તક આદિ સાધન, જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ, સંગ્રાહક–પૃથક્કરણ–સમીકરણ શક્તિ—એ સર્વનો યોગ થાય તેને યોગાવંચકપણું કહેવામાં આવે છે. પ્રાણી સંસાર તરફ, પરભાવ તરફ એટલો આસક્ત હોય છે કે એને યોગાવંચકપણું પ્રાપ્ત થવું જ દુર્લભ છે. એ ધન, માલ, સ્ત્રી, પુત્ર કે સ્થાનના મોહમાં ધર્મ તરફ કે આત્મા તરફ નજર પણ કરતો નથી. છતાં કોઈ વખત એને 'નદી ગોળ પાષાણ' ન્યાયે યોગ થઈ જાય છે.

આ યોગ થાય, ધર્મપ્રાપ્તિના કે વિશિષ્ટ જ્ઞાનના પ્રસંગો આવે, ત્યારે તેનો લાભ લે તે પ્રમાણે એનું અજ્ઞાન ઓછું થાય છે, અને વસ્તુસ્વરૂપનો પ્રકાશ તેના પર પડે છે. એ જ્ઞાન પ્રમાણે એની વાસના જાગે છે. ધર્મજિજ્ઞાસા, ધર્મરુચિ અને ધર્મભાવના યોગાવંચકપણાને પરિણામે એને થતી જાય છે.

આ વાસના એટલે અભિલાષા અથવા શ્રદ્ધાને સંસ્કાર સાથે ખાસ સંબંધ છે. યોગ થાય તો સંસ્કાર જાગે, જાગ્યા પછી જામે અને જામ્યા પછી સ્થિર થાય. આવા પ્રકારનો વાસિત બોધ હોય તેનો જ આ કાળમાં આધાર છે. પ્રાણીને જેવો યોગ થાય તેવી–તેના પ્રમાણમાં વાસના થાય અને એવી વાસનાથી સુગંધિત થયેલો બોધ થાય. હવે યોગાવંચકપણામાં તો વધઘટ ઘણી હોય છે, કોઈ પ્રાણીને વધારે સારા યોગો મળી જાય, એના ગુરુ ખૂબ પ્રૌઢ અને અનુભવી હોય, એને સ્થાન-સંયોગ-સહચાર-સોબત બોધને અનુકૂળ હોય, બીજાને ગુરુ સારા હોય પણ પોતાની ગ્રહણશક્તિ–ગ્રાહ્યશક્તિ કમ હોય, એટલે આ યોગાવંચકપણામાં તરતમતા ઘણી રહે છે. આ રીતે યોગની વધઘટને પરિણામે વાસનાની તરતમતા જરૂર થાય.

આપણે ચારે તરફ નજર કરીએ તો જણાય છે કે પ્રાણીના બોધમાં વધઘટ ઘણી હોય છે. કોઈને ક્ષયોપશમ એવો જબરો હોય છે કે એની પાસે ગમે તેવી નવી વાત મૂકવામાં આવે તો એના જામી ગયેલા બોધ અને વિશાળ વાચન અને અનુભવને પરિણામે એ બરાબર પાકા નિર્ણય પર નવા સંયોગોમાં પણ આવી શકે છે. આપણે હીરપ્રશ્ન, સેનપ્રશ્ન વગેરે ગ્રંથો જોઈએ છીએ ત્યારે એમ જણાય છે કે તેઓ તદ્દન નવીન સંયોગોના પ્રશ્નના જવાબો ખૂબ બુદ્ધિપૂર્વક આપે છે. બોધની તરતમતાના આ ઉત્કૃષ્ટ દાખલા છે. અને જૈન શાસ્ત્રકાર તો અનેક સ્થાનકે કહે છે કે શ્રુતજ્ઞાની જ્યારે બરાબર ઉપયોગ મૂકે અને તેનો બોધ બરાબર જામેલ અને પૂરતો વિશાળ હોય, તો તેઓ ગમે તેવા સૂક્ષ્મ ભાવોને કેવળી ભગવાનની સમાન કહી શકે. પ્રાણીને તરતમ યોગ થાય તે પ્રમાણે એને સંસ્કાર થાય છે અને એવા સંસ્કારીને જે બોધ થાય તે આ કાળમાં તો આધાર ભૂત છે. એટલે અત્યારે તો એવો સમય વર્તે છે કે જેમાં દિવ્ય જ્ઞાનનો વિરહ પડેલો છે, જેમાં માર્ગદર્શનના ચારે પ્રકારો પૂરતા કારગત નીવડવાની મુશ્કેલી દેખાય છે. આવા વખતમાં તરતમ યોગથી વાસિત થયેલ બોધનો આધાર લેવો જ રહ્યો. દિવ્ય નયણ નથી તેથી બોધ ન જ થાય એમ ધારવાનું નથી. પણ ગૂંચવણ આવી પડે ત્યારે, દિવ્ય નયણની

ગેરહાજરીમાં, ઉત્કૃષ્ટ બોધથી વાસિત થયેલા વિશિષ્ટ જ્ઞાની પાસેથી બોધ લેવો, એમાં જરા પણ વાંધો નથી.

જો એમ કરવામાં ન આવે અને માત્ર દિવ્ય જ્ઞાની મળશે તો જ બોધનો સ્વીકાર કરવામાં આવશે એવો આગ્રહ રાખવામાં આવે તો ભારે અગવડ થાય; થોડી વધારે પ્રગતિ પણ અટકી જાય અને આત્મા ભારે થઈ સંસારચક્રમાં રખડી પડે અને અટવાઈ જાય. માટે મળી શકતાં સાધનનો લાભ લેવો અને જે પ્રાપ્ય બોધ છે તેનું અવલંબન કરી તેનાથી બનતી પ્રગતિ સાધવી; માત્ર તેની મર્યાદા ક્યાં છે અને શા માટે છે, તેનો ખ્યાલ કરી રાખવો. આ ખ્યાલને પરિણામે બોધને તજી દેવાથી દુર્બુદ્ધિ ન થાય, પણ પ્રાપ્ય સાધનોનો બનતો આધાર લેવાય અને તેની સાથે સાધનોની મર્યાદા ધ્યાનમાં રહે, એ વાત સમજણમાં રાખવા યોગ્ય છે. (૫)

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી ! જાણીયો રે, "આનંદઘન" મત અંબ. પંથડો૦ ૬

**અર્થ**—સારો વખત આવશે ત્યારે આપનો માર્ગ આગળ ઉપર જોશું, પ્રાપ્ત કરશું, એવી આશાને ટેકે હે ભગવાન ! આ પ્રાણી (હું) અત્યારે તો આનંદઘનના શુદ્ધ આત્મદશારૂપ આંબાના ફળની આશાએ જીવે છે, ટકી રહે છે, કાળ નિર્ગમન કરે છે. અથવા હે આનંદસ્વરૂપ આંબા ! આ પ્રાણી એના ફળની પ્રાપ્તિ ભવિષ્યમાં થઈ જશે, એ આશાએ હાલ તો ટકી રહેલ છે. (૬)

**ટબો**—કાળલબ્ધિ પામી જે શુદ્ધ પંથ-માર્ગ નિહાળશે, જોશે એ જ આશાનો અવલંબન છે. તેટલા માટે હે જિનજી ! એમ કરી જાણજો કે એ જન-પ્રાણી મારી સરખો એમ જ કરી જીવે છે. તે આનંદઘન મત, જે સ્યાદ્વાદ મત, એ જ આંબો ફળે છે અથવા અંબર-આકાશ અનંત છે. બીજા એટલે બીજા તીર્થંકર શ્રી અજિતનાથની વિનતી એ કહી. (૬)

**વિવેચન**—પણ આ પ્રાણી (નિહાળનાર ચેતનરાજ) તો વિકાસગામી છે. પ્રગતિસાધક માર્ગે ગમન કરનાર (Optimist) છે અને માર્ગદર્શનના ઉપાયોની પૂરી કારગતતાને અભાવે એ વાતને છોડી દે તેવો નથી. એટલે એનો આશાવાદ આખરે ઝળકી ઊઠે છે. એને પંથ જરૂર નિહાળવો છે, એટલે એને વીતરાગમાર્ગનું અવલોકન કરી એનું અનુસરણ જરૂર કરવું છે. એને મનોવિકારોએ એટલે રાગદ્વેષ આદિ અનેક શત્રુઓએ જીતી લીધો છે, એના માર્ગ નિહાલનના ઉપાયો પૂરતા નથી એ વાત એના ધ્યાનમાં છે, તરતમ યોગના આધારે થયેલ બોધના

---

**પાઠાંતર**—નિહાળશું રે - નિહાલસઈ રે, નિહાળશે રે, નિહાળીએ રે. અવલંબ - અવિલંબ જાણીયો રે - જાણજો રે, નહિ જાણીઓ રે. ત્રીજું ચરણ - એ જન જીવે રે જિન નહિ જાણિયા રે (૬)

**શબ્દાર્થ**—કાળ = સમય, તક લબ્ધિ = પ્રાપ્તિ, લાભ. લઈ = મેળવી. પંથ = માર્ગ. નિહાળશું = જોશું, દેખશું, મેળવશું. આશા = આસ્થા, આકીન, વિશ્વાસ. અવલંબ = ટેકો, આધાર. એ જન = હું પોતે. જીવે = ચલાવ્યા કરે છે, સમ પસાર કરે છે. જિનજી = પ્રભુજી, નાથજી. આનંદઘન = આત્માનંદ. મત = દર્શન, અભિપ્રાય. અંબ = આંબો, આમ્ર વૃક્ષ, સદા ફળતું ઝાડ, અવલંબન. (૬)

આધારે એણે માર્ગદર્શન કરવાનું હાથ ધર્યું છે, પણ એને પૂરેપૂરી આશા છે કે વખત જતાં, યોગ્ય અવસર આવશે ત્યારે, વીતરાગમાર્ગને બરાબર નિહાળશું. અહીં, આગળ જણાવ્યું છે તેમ, નિહાળવાનો અર્થ અવલોકવાનો કે ઉપરઉપરથી જોઈ જવાનો નથી, પણ સ્પષ્ટતાથી તેને અનુસરવાનો છે. તરતમ બોધને પરિણામે આ વીતરાગમાર્ગ અનુસરવા યોગ્ય છે એમ તો એને બરાબર જણાયું છે, પણ શારીરિક-માનસિક નિર્બળતાને કારણે અને તદ્યોગ્ય નિર્ણય-શક્તિને અભાવે એ પંથને નિહાળવાનું કામ હાલમાં પૂરેપૂરું કરી શકે તેમ નથી. પણ એથી એ નાસીપાસ થતો નથી. એને મનમાં પૂરેપૂરી આશા છે કે વખત થશે, સ્થિતિ પાકશે, ત્યારે એનું માર્ગ નિહાલનનું કામ બરાબર થઈ જશે.

'કાળલબ્ધિ'ને બરાબર ઓળખવાનો પ્રયત્ન કરીએ. પાંચ સમવાયી કારણમાં કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યોગ—એમ પાંચેને જૈન વિકાસમાર્ગમાં ઉપયુક્ત સ્થાન છે. પાંચે કારણનો યોગ મળે ત્યારે એક કાર્ય થાય છે. કોઈ પણ વસ્તુ થવામાં એ થવાનો સમય પાકવો જોઈએ. આંબો અમુક સમયે જ પાકે, ગર્ભ નવ માસે જ પાકે, ઉનાળામાં ગરમી પડે, શિયાળામાં ઠંડી પડે, દૂધનું દહીં ત્રણ પહોર પછી જ થાય વગેરેમાં કાળને સમવાયી કારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલે જ્યારે કાળનો લાભ (લબ્ધિ) પાકશે ત્યારે પંથનું નિહાલન મારાથી બની આવશે એ આશાના ટેકાએ હાલ તો હું જીવું છું. આ આશા કાંઈ જેવી તેવી ચીજ નથી અને એ નિરાશાવાદીનું વચન નથી. તરતમ બોધથી એ સમજી ગયો છે કે માર્ગદર્શનની મુશ્કેલી છે, છતાં જ્યારે એનો સ્થિતિકાળ પાકશે ત્યારે એનું પંથ નિહાલનનું કામ જરૂર પૂરું થશે; આખરે આનંદઘનના મત રૂપ આંબો જરૂર ફળવંતો થશે, અને યોગ્ય સમયે આપે જે ગુણો પર વિજય મેળવી આપ તેના ધામ બન્યા છો, અને જેનાથી હું જિતાઈ ગયો છું, તેના ઉપર વિજય મેળવીને હું પણ માર્ગે ચઢી જઈશ.

પ્રથમ 'કાળલબ્ધિ' શબ્દને સમજીએ. પાઈયસદ્દમહણ્ણવોમાં લબ્ધિ (લદ્ધિ) શબ્દના અનેક અર્થ આપ્યા છે.[1] કાળલબ્ધિ એટલે સમયનો પરિપાક. તદ્યોગ્ય કાળનો વિપાક. આ 'કાળલબ્ધિ' શબ્દ પર ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શ્રીસંભવનાથના સ્તવનમાં ભારે મજા કરી છે. તેઓ કહે છે:

કાળલબ્ધિ નહિ મતિ[2] ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગજવર સાથે રે. સંભવ જિનવર વિનતિ.

પ્રભુને કહે છે કે, અત્યારે કાળલબ્ધિ નથી એમ આપ ન ગણી લો; એ ગણતરી કરો તો મારે રખડવું પડે. એટલે અત્યારે મોક્ષ જવા યોગ્ય કાળ નથી એમ આપ ન ગણો; આપ એમ ગણો તો મારે આપને જણાવવું પડશે કે આપની પાસે ભાવલબ્ધિ છે, મોક્ષગમન યોગ્ય

---

૧. 'લબ્ધિ'નો અર્થ ક્ષયોપક્ષમ, સામર્થ્યવિશેષ, અહિંસા, પ્રાપ્તિ, લાભ, યોગ્યતા—આટલા અર્થ પ્રાકૃત શબ્દકોશમાં આપ્યા છે.

૨. 'મતિ' એટલે મત નહિ (dont); મતિનો અર્થ અહીં બુદ્ધિ નથી.

આત્મશક્તિ આપનામાં વ્યક્ત થયેલી છે. તેમાંથી જરૂર જેટલી શક્તિ મને આપો. એકલી ભાવ-લબ્ધિથી મારું કામ થઈ જશે. એકાદ દાખલો આપું : હાથીના બચ્ચામાં ચાલવા જેટલી શક્તિ હોતી નથી, એનું શરીર ડગમગતું હોય છે, એના પગ જમીન પર ટકતા નથી; આવું બચ્ચું પણ જ્યારે ગજવરની પાસે હોય ત્યારે એના અંગમાં જોર આવી જાય છે અને એ ગાજવા મંડી જાય છે. તેમ આપ મારામાં શક્તિ પ્રેરો, તો મારું કામ થઈ જાય. મારે તો આપના (ગજવરના) ટેકાની જરૂર છે; માટે કાળલબ્ધિની વાત જવા દો અને આપની પાસે ભાવલબ્ધિ છે તેમાંથી જરા મને આપો.

આ ટાંચણમાં 'કાળલબ્ધિ' શબ્દ સમયની યોગ્યતાના અર્થમાં વપરાયો છે. તે અર્થમાં ચાલુ છઠ્ઠી ગાથામાં આનંદઘનજીએ એ શબ્દ વાપર્યો હોય, એમ છે. આ ચેતનરાજને ખાતરી છે કે પાંચ સમવાયી કારણો પૈકી કાળ–સમયની યોગ્યતા પ્રાપ્ત થશે, તદ્યોગ્ય સમય આવશે, ત્યારે પંથને નિહાળવાનું કામ બરાબર થઈ આવશે. ત્યાં સુધી તો તરતમ યોગે ઓછી-વત્તી વાસના થાય તેની છાંટવાળો બોધ જ આધારભૂત છે.

'આશા'ના સંબંધમાં આનંદઘનજી પોતે અઠ્ઠાવીશમા પદમાં ગાઈ ગયા છે કે 'આશા ઓરનકી કયા કીજે?' અને છતાં અહીં આશા ઉપર મોટો ટેકો ગણ્યો છે. બન્ને વાતમાં જરા પણ વિરોધ નથી. ત્યાં પારકી આશા એટલે તેમાં સ્થૂળ અથવા પૌદ્‌ગલિક વસ્તુની પ્રાપ્તિને અંગેની હકીકત છે અને એવી આશા કરનારને પૂંછડી હલાવનાર કૂતરાની સાથે સરખાવેલ છે; પણ કાળલબ્ધિ મળે ત્યારે પંથ નિહાળવાના પરિણામની આશા રાખી તેનું અવલંબન કરવું તેનો વાંધો નથી, કારણ કે કાળલબ્ધિ પ્રાપ્તિ થયે જે અનુભવ થવાનો છે, તેમાં તો આશા દાસી પર વિજય મેળવવાનો છે. એટલે એવી આશા રાખીને બેસી રહેવું અથવા તદ્યોગ્ય પ્રયાસ કરવો, એમાં જરા પણ વિરોધ નથી. આ ચેતનરાજ (પ્રાણી)–પોતે આવા પ્રકારની આશાના અવલંબને જ ટકી રહ્યો છે.

'આનંદઘનમત'—શુદ્ધ આત્મદશાનો મત. આનંદઘન મહારાજનું આખું જીવન આત્મશોધન, આત્મચિંતવન અને આત્મમાર્ગના વિલોકનમાં ગયું છે. એને એક રીતે આનંદઘન મત કહી શકાય. બાકી ગચ્છના અને વાડાના ભેદો તરફ અણગમો તેમણે દાખવ્યો છે; તે જોતાં આનંદઘન પોતાનો કોઈ જાતનો મત ચલાવવા ઇચ્છતા હોય કે તેવો કોઈ મત તે કાળે ચાલતો હોય, તે વાત તો વ્યવહારથી, ઇતિહાસથી કે ધાર્મિક દૃષ્ટિથી અકલ્પ્ય છે. 'આનંદઘનમત'નો બીજો અર્થ 'સ્યાદ્વાદમત' એમ પણ થઈ શકે. આનંદઘન મહારાજનો કોઈ પણ અલગ મત, સંપ્રદાય કે ગચ્છ નહોતો, તે તો તે કાળનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. શ્રીમાન યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ જેવા એમને અષ્ટપદી લખીને મોટું માન આપે એ વાત મતના ઉપરના અર્થની સાથે મેળ ખવરાવે તેવી પણ નથી.

એ જિનજી કેવા છે? એ આનંદઘનના મત એટલે અભિપ્રાયના આંબા જેવા છે. આંબા દર વર્ષે ફળે છે, એની મીઠાશ સદૈવ વધતી છે અને એમાં કડવાશ, તુરાશ કે ખારાશને સ્થાન

નથી. આવા આનંદઘનના અભિપ્રાયના આંબા તુલ્ય હે જિનરાજ દેવ! આ પ્રાણી આપને આનંદઘન-અભિપ્રાયના આંબા તુલ્ય ગણે છે અને આપનો પંથ કોઈ કાળે બરાબર નિહાળવાનું એને બની આવશે એ આશા પર જીવે છે. સંસારી જીવને ધન, સંતતિ, સુખચેન પ્રાપ્ત કરવાની આશા હોય છે, અને એવી આશાના તાંતણા પર એ ટકી રહે છે; તેવી રીતે આ ચેતન કાળની યોગ્યતા પ્રાપ્ત કરી વખત આવ્યે પંથડાને જરૂર નિહાળશે, એ આશાએ એ ટકી રહેલ છે; એના આત્મિક જીવનનું જીવનપણું, એનું ધ્યેયલક્ષ્યીપણું અને એની સમુચિતતા એ આશાના અવલંબન પર છે એમ, મારા દેવ! આપ બરાબર જાણશો : આ પ્રમાણે અર્થ કરવામાં 'આનંદઘનમતઅંબ' ને એક સમાસ ગણી એક શબ્દ તરીકે એને સંબોધનમાં મૂક્યા છે, અને એનું વ્યાકરણ 'જિનજી!' શબ્દની સાથે સમાનાધિકરણ–સમાન વિભક્તિમાં ગણ્યું છે. આ અર્થ પ્રથમ દૃષ્ટિએ બંધબેસતો લાગે છે. આનંદઘન-અભિપ્રાયના આંબા–કેરી તુલ્ય હે જિનદેવ! આપ બરાબર સ્વીકારજો કે આગળ ઉપર કાળલબ્ધિ પ્રાપ્ત થતાં આપના પંથને નિહાળવાની મને પૂરેપૂરી આશા છે અને એ આશાના ટેકા પર જ આ પ્રાણી અત્યારે તો ટકી રહેલ છે. ઉન્નત ભાવનાશાળી, પ્રગતિગામી, આત્મલક્ષ્યી જીવને પોતાના જીવનની વાસ્તવિકતા કાં તો પ્રાપ્તિમાં લાગે, કાં તો પ્રાપ્તિના પ્રયત્નમાં લાગે અથવા છેવટે પોતે પ્રાપ્તિની આશાને માર્ગે છે તે પર લાગે. આ રીતે પોતાના જીવનની વાસ્તવતા બતાવવા સાથે પંથ નિહાળી શક્યો નથી એ વાતનો સ્વીકાર પણ કરી દે છે.

આનંદઘનમતને 'આંબો' શા માટે કહ્યો, એ વાત તો ઉઘાડી છે. એ જુદો મત નથી, એ સંપ્રદાય નથી, એ તો આત્મદર્શનનો માર્ગ છે, અનેકાંતમતનું જીવન છે, આત્માનો સક્ષાત્કાર કરવાનો રસ્તો છે. એટલે આંબો જેમ ગરમીથી ત્રાસ પામેલાને આશ્રય આપે અને ફળરૂપે મધુર કેરીઓ આપે, તેમ સંસારના પારાવાર તાપથી ગરમ બની ગયેલ પ્રાણીઓને આ આનંદઘનમત શાંતિ અને આશ્રય આપે અને યોગ્ય કાળે મધુર ફળ આપે. આવા આનંદઘનમતના આંબા તુલ્ય તો જિનવરદેવ છે અને તેના સંબોધનમાં આ 'આનંદઘનમત અંબ' શબ્દ વપરાયો છે, એ ભાવ મુખ્યત્વે આ ગાથામાંથી ફલિત થાય છે. આનંદઘનમતને આ કારણે આંબાનું રૂપ યોગ્ય રીતે અપાયું હોય એમ લાગે છે.

સંસારી જીવની અપેક્ષાએ જોઈએ તો, પ્રાણી અમુક શેઠ કે અધિકારી, રાજા મહારાજા કે દીવાન કોઈ દિવસ ફળશે એવી આશામાં વર્ષો ગાળે છે, તેમ આ સાધ્યસન્મુખ થયેલો ચેતન ભગવાનને કહે છે કે કાળલબ્ધિ લેશું ત્યારે પંથને જરૂર નિહાળશું : આવી આશાના અવલંબને આ પ્રાણી પોતાનું આત્મિક જીવન ટકાવી રહેલ છે. એટલે પ્રથમ સ્તવનમાં પ્રભુનો પ્રીતમભાવ સ્વીકાર્યો અને બીજા સ્તવનમાં એને પ્રભુનો માર્ગ નિહાળવાની સાચી આશા બંધાણી એટલે સુધી વાત આવી. ધ્યાનમાં રહે કે હજુ સુધી એના વિશિષ્ટ અર્થમાં પ્રાણીને માર્ગપ્રાપ્તિ થઈ નથી, માર્ગદર્શન થયું નથી, યોગાવંચકપણું પ્રાપ્ત થયું નથી, પણ સાચી દિશા સાંપડી છે અને એ માર્ગે અંતે પોતાનો ઉદ્ધાર થશે એવી ખાતરી થતાં એ માર્ગે આગળ વધવા એ આશાના

અવલંબને એંચાયો છે. વિકાસમાર્ગમાં એનું હજુ કયું સ્થાન છે એ લક્ષ્યમાં રાખવું.

**સૂચિત અર્થ**—'આનંદઘન મત અંબ' આ પદનો મને એક નવીન અર્થ સૂચિત થાય છે. હે આનંદઘન! તું ખાટો થઈ જા મા, તું નારાજ ન થા. 'અંબ' શબ્દનો અર્થ પ્રાકૃત કોશ પ્રમાણે ખાટો, અમ્લ થાય છે. અંબ શબ્દ નામ હોય ત્યારે તેનો અર્થ આંબો થાય છે; 'છાશ, મઠ્ઠો, નિષ્ઠુર વચન' વગેરે અર્થો પણ થાય છે. અને એ શબ્દ વિશેષણ હોય ત્યારે એનો અર્થ 'તામ્ર કે લાલવર્ણવાળો' થાય છે. એ ક્રિયાપદ હોય તો 'અંબ' ધાતુનો અર્થ 'જવું' થાય છે. હકીકત એમ છે કે પ્રભુની સ્તુતિ કરતાં અને પંથનું અવલોકન કરતાં આ પ્રાણી જરા મૂંઝવણમાં પડી ગયો, એને અવલોકન કરતાં જણાયું કે રાગ-દ્વેષાદિ મહામલ્લોને ભગવાને જીત્યા છે, તેનાથી તો પોતે જિતાઈ ગયો છે. એને શંકા પડી કે પોતે એવા સંયોગોમાં પુરુષનું-નરનું -બહાદુરનું નામ ધારણ કરી શકે ખરો? અને પછી એણે માર્ગ નિહાળવાના એકથી વધારે ઉપાયો વિચાર્યા, એમાં પણ એને બરાબર ઘાટ ન બેઠો, એને માર્ગદર્શનના ચારે માર્ગોમાં વિરલતા લાગી. અંતે એને દિવ્ય નયન (વિશિષ્ટ જ્ઞાન)નો વિરહ સાલ્યો અને છેવટે વત્તા-ઓછા યોગને અનુસારે વત્તો-ઓછો બોધ માત્ર આધાર છે એમ લાગ્યું. પણ એને ખાતરી થઈ ગઈ કે કાળલબ્ધિની નજરે યોગ્ય કાળે આવશે ત્યારે પોતે માર્ગને બરાબર નિહાળશે. આ આશાના ટેકાએ આ પ્રાણી જીવે છે, એમ હે પ્રભુ! તમે જાણજો. અહીં ચેતનની સ્તવના કે ચિંતવના પૂરી થાય છે.

પછી એ પોતાની જાતને કહે છે કે હે આનંદઘન! હે ચેતન! તું ખાટો થઈ જઈશ મા, નિરાશા ધારણ કરીશ નહિ. તને એમ લાગ્યું કે તારું નામ પુરુષ કેમ હોઈ શકે?—એવી ચિંતા કરવાની જરૂર નથી. કાળલબ્ધિને લઈને તારાથી પણ પંથને નિહાળવાનું કામ બની શકશે અને એ સફળ આશાના ટેકા ઉપર જ જીવવાનું બને છે, એમ એ પોતે ભગવાનને ચોખ્ખા શબ્દમાં કહી દે છે અને છેવટે પોતાની જાતને કહે છે કે હે આનંદમય ચેતન! તું અંબ (ખાટો) મત (મા નહિ) થઈ જા! તારે માટે સારું ભવિષ્ય છે, સ્થિતિ પરિપકવ થવાની તારે આશા છે અને એ આશા એ મોટો ટેકો છે.

આ પ્રમાણે સૂચિત અર્થ કરતાં ચેતનરાજે પંથડો નિહાળવાનું જે કામ સ્તવનની શરૂઆતમાં આદર્યું અને માર્ગદર્શનમાં જે મુશ્કેલીઓ જણાય તેને અંગે ભવિષ્યમાં સર્વ ઠીક થઈ જશે એ આશા પર વાત મૂકી, ત્યાં એનું કથન પૂરું થાય છે અને પછી તે પોતાની જાતને

૧. આ પ્રમાણે સૂચિત અર્થ કરવામાં 'અંબ' શબ્દને આજ્ઞાર્થ બીજા પુરુષનું એક વચન ગણ્યું અને 'મત'નો અર્થ 'મા' 'નહિ' એમ ગણ્યો. આ સૂચિત અર્થ વિચારવા યોગ્ય છે. સંસ્કૃત કોશ પ્રમાણે 'अम्ब्' ધાતુ આત્મને પદ, પ્રથમ ગણનો છે, તેનો અર્થ 'જવું' એવો થાય છે. अम्बते. આ ભાવ લેવામાં આવે તો 'હે આનંદઘન, તું જા મા'—નિરાશ ન થઈ જા, તારે માટે હજુ ભવિષ્ય છે—આ પ્રમાણે ભાવાર્થ થાય છે.

કહે છે કે તેટલા માટે તારે ખાટા-પીળા થઈ જવાની જરૂર નથી. તું પુરુષ નામને યોગ્ય નથી એમ ધારીને માથે હાથ દઈ બેસી જવા જેવું નથી. તારે માટે આધાર છે, ભવિષ્ય છે, આશા છે, અવલંબન છે, ટેકો છે, માટે આગળ ધપાવ. આ સૂચિત અર્થ વિચારવા યોગ્ય છે. એમાં પ્રથમ ગાથામાં જે નિરાશાવાદ આવ્યો છે, તેમાંથી જરા માર્ગ મળે છે, ભવિષ્યનો રસ્તો આશાસ્પદ લાગે છે અને પોતાની આશાના અવલંબનને ઇષ્ટ માર્ગ મળે છે. અને આનંદઘનનો અમુક મત, સંપ્રદાય કે ગચ્છ હતો એવો અર્થ કરવાની જરૂર રહેતી નથી. જે મહાન યોગીએ ગચ્છના ભેદ પર ટીકા કરી હોય, ગચ્છનાયકો તત્ત્વની વાત કરતાં લાજતા નથી, એવું આકરું વચન વાપર્યું હોય અને જે પોતાના આત્મા સાથે વાત કરી 'નમો મુજ, નમો મુજ રે' એવી વાત કરી શકતા હોય, તે પોતાનો મત ચલાવે કે મત જેવો શબ્દ પોતાના સંબંધમાં વાપરે, એ વાત જરા બંધબેસતી પણ લાગતી નથી; એટલા માટે આ છેલ્લા ચરણનો અર્થ બીજી રીતે ઘટાવવા પ્રયત્ન કર્યો છે—એ યોગમાર્ગના ખપી જીવોની વિચારણા માટે છે.

ગમે તે અર્થ કરવામાં આવે, પણ મુદ્દાની વાત એ છે કે આ પ્રાણીને પોતાના ભવિષ્યની ચિંતા થઈ છે, આશા બંધાણી છે અને એ આશાના અવલંબને જ પોતે ટકી રહેલ છે. અને કાળલબ્ધિના પ્રસાદના સ્વીકારમાં જ એની ભાવી ભવ્યતા રહેલ છે. હજુ સુધી માર્ગદર્શન થયું નથી, પણ ભાવના જાગી છે, રસ્તો દેખાયો છે, પ્રભાત થયું છે અને કામ પાર પડવાની આશા પૂરેપૂરી બંધાણી છે: આટલે સુધી આ બીજા સ્તવનની આખરે આવ્યા. (૬)

## ઉપસંહાર

અજિતનાથ ભગવાનનું આ સ્તવન બહુ ઊંડા ભાવાર્થથી ભરપૂર છે. એનો મુખ્ય આશય પંથને અવલોકી બેસી રહેવાનો નથી, પણ એને અનુસરવાનો છે અને ત્યાં રહેલ સાધ્ય પ્રાપ્ત કરવાનો છે. એ આશય પાર પાડવામાં એમણે માર્ગદર્શનના ચારે ઉપાયો પર ચર્ચા કરી તે ખૂબ વિચારણા માગે છે. દર્શનપ્રાપ્તિ ઘણી સહેલી ચીજ છે એમ ધારવા જેવું નથી; તેની સાથે તે ભારે મુશ્કેલ ચીજ છે એમ પણ ધારવા જેવું નથી. એમણે ચારે ઉપાયોની વિચારણા કરી; તેની આખી ધાટી જ બળવત્તર છે. અને તે ચારે ઉપાયોની અપૂર્ણતા એમને બરાબર દેખાણી છે. એ વ્યક્ત કરવાની તેમની આખી રીત અનોખી છે, અને એમનું વિચારણાનું ધોરણ બહુ ઉચ્ચ છે. સાધારણ રીતે પ્રાણી પોતાની પાસે પ્રાપ્ત થયેલાં સાધનોથી અવલોકન કરે, બહુ બહુ તો વૈજ્ઞાનિક પદ્ધતિનાં નવીન સાધનો વધારે ઊંડા ઊતરવા સારુ વાપરે, પણ આ યોગીને સ્થૂળ માર્ગ જોવો નથી, એને તો આત્મિક માર્ગ જોવો છે, એટલે વર્તમાન સાધનો એની નજરે તદ્દન નબળાં કે નકામાં દેખાય, એમાં નવાઈ નથી. એટલે એને સ્થૂળ દૃષ્ટિની અવલોકનાને પરિણામે જણાયું કે માત્ર સ્થૂળ નજરે માર્ગદર્શન અધૂરું જ રહેવાનું છે.

સ્થૂળ દૃષ્ટિની વ્યવહારુ અવલોકનાની અપૂર્ણતા એમના લક્ષ્યમાં આવવા પછી એમની નજર પરંપરાથી ચાલ્યા આવતા માર્ગ પર ગઈ. ત્યાં એમણે નિરર્થક બાબતો પરનાં મમત્વો,

પોતાનો મત સ્થાપવાની આતુરતા, અને અનુભવ કરતાં ગાદીનો બચાવ કરવાની વૃત્તિ દેખી, એટલે એમને એમ લાગ્યું કે અહીં પણ સાચો માર્ગ સાંપડે તેવા પ્રસંગો ઓછા છે. ત્યાર પછી એમની નજર આગમ–મૂળ સૂત્રો–ઉપર જાય છે. માર્ગ નિહાલનના આ ત્રીજા ઉપાયમાં પણ તેમને વહેવારુ મુશ્કેલી જણાય છે. માત્ર આગમની દૃષ્ટિએ વિચારણા કરવામાં આવે તો તો પગ મૂકવાનું કે બોલવા–બેસવાનું ઠામ રહે તેમ નથી. કારણ કે ત્યાં તો જે પ્રકારનાં જીવ-સ્થાનો, જીવભેદો અને ક્રિયાના દોષો બતાવ્યાં છે, તે રીતે તો હાલીચાલી કે બોલી શકાય તેમ નથી. માર્ગપ્રવર્તન માટે આગમનું સંપૂર્ણ ઉચ્ચ ધોરણ ઇચ્છવા યોગ્ય હોય, છતાં વ્યવહારુ ન જ નીવડે. એમાં વહેવારને સ્થાન આપવું જ પડે. નહિ તો વાઉકાયની રક્ષા, સર્વ જીવની રક્ષા બને નહિ અને કાંઈ નહિ તો ઇર્યાપથિકી ક્રિયા તો લાગે જ લાગે. એટલે માત્ર આગમને ધોરણે માર્ગનું નિહાલન કરવું એ પણ પૂરું કારગત નીવડે તેવું તેમને લાગ્યું નહિ. ત્યારે તેમણે માર્ગદર્શન માટે તર્ક-વિચારણા પર નજર માંડી. ત્યાં 'ननु न च' અને 'इति चेन्न'ની હારની હાર જોઈ, નિત્યાનિત્યની બાબત પર કે આત્માના અમરત્વની બાબતમાં કે પરભવ કે મુક્તિની બાબતમાં પાર વગરના ઝઘડા જોયા; એમાં પક્ષકારોના મોરચા અને સામસામી દલીલ-બાજીમાં થતી માનસિક કુસરતો જોઈ એમને લાગ્યું કે આ રીતે તો જીવનભર તકરારો અને દલીલો ચાલે તોપણ એમાંથી સાર્વત્રિક નિર્ભેળ સત્ય લાધવું ભારે મુશ્કેલ જણાય છે. આ રીતે પંથ નિહાળવાના ચારે મુખ્ય માર્ગો એમને કપરા માલૂમ પડ્યા છે એમ તેમનું વક્તવ્ય છે. એમાંના કોઈ માર્ગ ખોટા છે કે અયોગ્ય છે એમ એમનું કહેવું નથી, પણ જે ઉદ્દેશથી માર્ગ નિહાળવામાં આવે છે, તે ઉદ્દેશ વર્તમાન સમયમાં પૂરેપૂરો બર આવે એવું એમને લાગતું નથી.

એટલે એમની ઇચ્છા માર્ગ નિહાળી તેને અનુસરવાની હતી તેમાં તેમની નજરે દિવ્ય જ્ઞાનની ગેરહાજરી સાલતી હોય એમ લાગે છે. તેઓ જાણે છે કે આપણી નજર અત્યારે મર્યાદિત છે, આ કાળમાં કોઈ વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાન થાય તેવું નથી, એટલે માર્ગ નિહાળવાની બાબતમાં પ્રત્યક્ષ જ્ઞાનને અભાવે અમુક પ્રકારની ગૂંચવણ તેમને લાગે છે. એમની બારીક નજરે દેખાયું છે કે આવા દિવ્ય જ્ઞાનની ગેરહાજરીવાળા વખતમાં વસ્તુને વસ્તુસ્વરૂપે કહે તેવા તો વિરલા પ્રાણીઓ છે. બાકી તો, 'સબ અપની અપની ગાવે'–એવી વાત બને છે અને એમાંથી નિર્ભેળ સત્ય પામવાની મુશ્કેલીઓ દેખાય છે. ત્યારે આ કાળમાં તો ઓછા-વત્તા સંયોગ અનુસાર જે બોધ પ્રાપ્ય થાય તેનો જ આધાર રહે છે. આ યોગાવંચકપણે પ્રાપ્ત થતો વત્તો–ઓછો બોધ, એ ઘણી મહત્ત્વની બાબત છે. એ કોણ છે? કેવો હોય? અને એની મહત્તા શી છે? તેનો બરાબર ખ્યાલ કરવો હોય તો સિદ્ધર્ષિ મહારાજની 'ઉપમિતિભવપ્રપંચાકથા'માં જીવંત કરેલ 'સદાગમ'નું પાત્ર વિચારવું. એ પાત્રનો બરાબર બારીકીથી અભ્યાસ કરવામાં આવે તો આ 'બોધ' શી વસ્તુ છે, એનો ઉપયોગ કેવો અને કેટલો છે, તેનો ખ્યાલ આવે. બીજા પ્રસ્તાવમાં તે પાત્રનો પરિચય કરાવતાં પ્રજ્ઞાવિશાળા તેનું જે વર્ણન કરે છે,[1] તે વાંચતાં આ અતિગંભીર

---

૧. જુઓ ઉપમિતિ, ભાષાંતર, પ્રસ્તાવ ૨, પ્રકરણ ૫, પૃષ્ઠ ૨૮૦

મહાપુરુષને બરાબર પિછાની શકાય છે. એ જ મહાપુરુષ સ્પર્શનની સાથેનો ભવજંતુનો સંબંધ છુકાવે છે તે વખતે જે ભારે કુનેહથી કામ લે છે,[1] તે સદાગમ અને તે ખરેખરો 'બોધ' છે; બાકી ચારિત્રરાજના પરિવારમાં સદ્બોધ મંત્રીના પાંચ મિત્રો પૈકી આ બીજા મિત્ર સદાગમનું જે વર્ણન રજૂ કરવામાં આવ્યું છે, તે પરથી જણાય છે કે ચારિત્રરાજના આખા પરિવારમાં એનું અતિભવ્ય સ્થાન છે. સદ્બોધ મંત્રીનો આ સદાગમ મિત્ર બોલકો છે; બાકીના ચારે મિત્રો (આભિનિબોધ, અવધિ, મનઃપર્યાય અને કેવળ) તો મૂંગા છે.[2] આવી રીતે પરિચિત થયેલો બોધ આ કાળમાં તો ખાસ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. અને એ સદાગમને બરાબર ઓળખવા માટે શ્રી સિદ્ધર્ષિ મહારાજના સદર પુસ્તકનો આઠમો પ્રસ્તાવ વાંચવો જરૂરી છે. કહેવાની વાત એ છે કે આ કાળમાં તો વત્તા-ઓછા યોગને આધારે જે સુવાસના થાય તેની ફોરમથી થતો બોધ જ આધારભૂત છે અને એ માર્ગે ચઢેલ પ્રાણીના સંબંધમાં ભવિષ્યમાં પંથને જરૂર નિહાળવાનો સંભવ ગણાય, એ આશા પર મુમુક્ષુનું જીવન છે. આ પ્રમાણે આ બીજા સ્તવનમાં સંક્ષેપોમાં તાત્પર્યાર્થ જણાયો છે.

પ્રથમ સ્તવનમાં સાધ્યને અંગે કોને અનુસરવું એની જિજ્ઞાસા થતાં વીતરાગદેવને સાધ્ય તરીકે સ્વીકારવા નિર્ણય કર્યો અને એની સાથે પ્રીતિ કરવી તો કેવી કરવી, એના નિર્ણય સાથે એ આરાધ્ય માર્ગે આગળ ધપવાને પરિણામે ચેતનરાજ આનંદમય થઈ જાય એમ જણાવ્યું. આ બીજા સ્તવનમાં એ ઈષ્ટ-વલ્લભ શ્રી વીતરાગદેવના માર્ગને નિહાળવામાં ભાસતી અડચણો અને ભવિષ્ય સાટે રહેતી આશાઓનું અવલંબન સ્વીકારવાનું લક્ષ્ય-ધ્યેય સ્વીકાર્યું. આ રીતે ચેતનરાજની પ્રગતિ થતી જાય છે. હજુ એના પ્રગતિપંથમાં અનેક પ્રકારની વિચારણાઓ અને ગૂંચવણો છે, તેને કેવી રીતે વટાવવી તે આગળ ઉપર વિચારાશે. ભગવદ્દર્શન થતાં પહેલાં કેવી ભૂમિકા તૈયાર કરવી જોઈએ, તે પર પણ વિચાર થશે. સમર્પણ અને આત્માર્પણનો સિદ્ધાંત પણ વિચારવામાં આવશે. આ સર્વ વિચારણાની ભૂમિકા હજુ તો તૈયાર થાય છે.

આ પ્રાણી પંથ નિહાળવાનો વિચાર કરે છે. અહીં નિહાળવું એટલે, ઉપર જણાવ્યું તેમ, માત્ર જોઈ જવું એ અર્થ નથી, પણ આ નિહાળવાનું કાર્ય એટલે એને જોઈ-જાણી-વિચારી-સમજી એના મય થઈ જવાનું કાર્ય સમજવું. એને અંગે આ પ્રાણીને જે જે અડચણો નજરમાં આવી તે તે એણે પ્રભુ પાસે ગાઈ બતાવી છે; તેનો આશય એ અગવડોને આગળ કરી તેમાંથી નીકળી જવાનો માર્ગ શોધવાની વાત નથી; હૃદયથી યોગગાન કરનારનો એવો આશય હોય પણ નહીં. પણ એ હકીકતને આકાર આપી તેમાંથી માર્ગ શોધવાની એની તમન્ના છે. આ આશય જો બરાબર ધ્યાનમાં ન આવે તો વસ્તુ-વિચારણાનો આખો પ્રસંગ માર્યો જાય તેમ છે. કારણ કે વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય સાધવાની ભારે વિશિષ્ટ આવડત શ્રી આનંદઘનજીના સંબંધમાં દેખી-દેખાડી શકાય છે. અને કોઈ તેમને નિશ્ચયવાદી કહેવા લલચાઈ જાય છે, તે તેમને પૂરા ન સમજવાનું જ પરિણામ છે.

૧. જુઓ સદર, પ્રસ્તાવ ૩, પ્રકરણ ૩, પૃષ્ઠ ૩૭૬ થી આગળ (ભાષાંતર)

૨. જુઓ સદર ભાષાંતર, પ્રસ્તાવ ૪, પ્રકરણ ૩૬, પૃષ્ઠ ૧૦૯૧-૨.

જૈન મત એટલે જ વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય; જેને એ સમન્વય કરતાં ન આવડે, તે જૈન ધર્મ કે જૈન તત્ત્વનો અધૂરો અભ્યાસી છે એમ જાણવું. અને આનંદઘન જેવા મહાન યોગીએ આ સમન્વયની ચાવીઓ પ્રાપ્ત કરી છે એવું એમના ઊંડા અભ્યાસને પરિણામે લાગ્યા વગર રહે તેમ નથી.

આટલી ચોખવટ ખાસ કરીને પુરુષ-પરંપરાને અંગે 'અંધોઅંધ પીલાય'ના સંબંધમાં કરી નાખવાની જરૂર છે; માત્ર ક્રિયામાં રાચનારની નજરમાં આ શબ્દો આકરા લાગે તેવા છે. એને ક્રિયામાં જરા ફેરફાર થાય, ત્યાં આખું શાસન જોખમાઈ જતું લાગે છે, અને એવા ફેરફારને અંગે મોટા મોરચા બાંધવાના આવેશમાં એ ખૂબ જહેમત ઉઠાવીને પોતાના અભિપ્રાયને અંગે જંગ જમાવી બેસે છે. મહાન ત્યાગી, આત્માર્થી ચેતનને આ બાબતમાં ભારે આઘાત થાય તે હકીકત સમજાય તેવી છે અને તેથી તે 'અંધ પરંપરા' શબ્દ વાપરે તો તેમાં જરા પણ વાંધા જેવું નથી. આને મળતી હકીકત હજુ બે–ત્રણ સ્થાન પર આગળ જતાં આવવાની છે; ત્યાં અને ઉપોદ્‌ઘાતમાં એની સ્પષ્ટતા થશે. એમાં કોઈ પર આક્ષેપ નથી, એમાં મોરચા સામે મોરચા બાંધવાની વાત નથી, પણ એમાં સાપેક્ષવૃત્તિ તરફ લક્ષ્ય ખેંચી ભાવનાશીલ થવાની અને ખેંચતાણ છોડી દઈ આત્મવિકાસ પર એકલક્ષી થઈ જવાની સૂચના છે. આ હકીકત પર પ્રસંગે ઘણું કહેવા યોગ્ય પ્રાપ્ત થયું છે અને થશે. વાત કહેવાની એ છે કે આત્માર્થી યોગી ભાવનાશીલ અને આંતર વિકાસના ઇચ્છક હોઈ, એને આવા પ્રકારની ચર્ચામાં કે સંપ્રદાયવાદમાં ખેંચતાણ અને શક્તિનો દુર્વ્યય જ લાગે. આ પ્રસંગ આત્મદૃષ્ટિએ અવધારી રાખવા જેવો છે અને ગચ્છ-મત-વાદમાં ન પડેલા યોગીને માટે સુલભ છે; જ્યારે ચાલુ પ્રવાહમાં રાચનારને માટે દુર્ઘટ છે.

આ બીજા સ્તવનનો સર્વથી રોચક અને મોહક ભાવ **આશાના** અવલંબનનો છે. પંથને નિહાળવાનું અત્યારે સંપૂર્ણ અંશે બને તેમાં અનેક મુશ્કેલી દેખાણી છે, પણ તેથી ચેતનરાજ હિંમત હારી જતો નથી; એ પ્રયત્ન છોડી દેતો નથી. એનું યોગજીવન કે ધર્મજીવન સાધ્ય-પ્રાપ્તિ તરફ જ દોરાયેલું છે. એને પોતાના પ્રીતમને પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગી છે અને એને અંદર ઊતરી આનંદઘનપદ પ્રાપ્ત કરવું છે. તે માટે એ પંથનું અવલોકન કરે છે, ત્યારે તેને એમાં વિશિષ્ટ જ્ઞાનને અભાવે અડચણો દેખાય છે, પણ ભવિષ્યમાં એ ગૂંચ પણ નીકળી જશે અને પોતે પંથનું નિહાલન બરાબર કરશે, એવી આશા એ સેવી રહ્યો છે. આ આશા અને 'આશા ઓરનકી કયા કીજે ?' એ અઠ્ઠાવીશમા પદમાં બતાવેલી આશામાં ઘણો ફેર છે. સ્થૂળ, પૌદ્‌ગલિક, સાંસારિક આશાને એમણે ઘર ઘર ભટકનાર કૂતરાની સાથે સરખાવી છે, ત્યારે તે જ પદમાં અનુભવની લાલી ક્યારે અને કેમ જાગે એ બતાવી આપ્યું છે. એવા અગમ 'પિયાલાને પીવો' એ તો જીવનનો લહાવો છે, પ્રગતિનો પંથ છે. અને એમાં ચેતનના ખેલ છે. એ ખેલ ચેતન ખેલે છે, જ્યારે દુનિયા તમાસો જોયા કરે છે. આવા પ્રકારના જીવનને જીવવું એ આનંદઘનનો વિલાસ છે અને એની આશા પર જીવવું એ આખા સ્તવનનો સાર છે. એ આશા અને

અઠ્ઠાવીશમા પદમાં બતાવેલી આશાને બરાબર સમજી અહીં બતાવેલી આશા અને ત્યાં બતાવેલી આશા વચ્ચેનો ફરક ધ્યાનમાં રાખવા જેવો છે.

બાકી, અહીં પંથડાને નિહાળવાની આશા બંધાણી એ પણ વિશાળ આત્મભાવના છે. એમાં મતવાદ નથી, સંકુચિત મનોદશા નથી. આનંદઘન મતવાદ કે ભેદવાદથી વિરુદ્ધ છે, એ તો એમણે અનેક સ્થાને બતાવ્યું છે. એ સત્તાવીશમા પદમાં મતવાળાને મતમાં રાતા કહી એને મઠધારીની સાથે જ મૂકે છે અને અનેક સ્થાને એમણે મતાગ્રહ કે પંથસંકુચિતતા સામે પ્રહારો કર્યા છે. અહીં 'પંથનિહાલન' એ યોગનો શબ્દ છે. 'નિહાલન' એટલે 'અનુસરણ' છે અને આત્મદૃષ્ટિવાળા આત્મપ્રગતિવાંછુની હૃદયભાવના છે. આ છેલ્લી વાત બરાબર લક્ષ્ય પર લેવા માટે આનંદઘનની ભાવના અને ઉદ્દેશ સાફ રીતે સમજવાં, અને ચેતનરાજના વિકાસ માટે વીતરાગદેવના પંથનું નિહાલન કરવું અથવા આ કાળમાં તે માટેની આશા સેવવી.

આશાના અવલંબનને વળગી રહેલો ચેતન હવે પોતાની ભૂમિકાશુદ્ધિના રસ્તા કેવી રીતે શોધે છે તે આગળ જોશું. અહીં સુધી પ્રીતિના પાત્રની પિછાણ અને તેના પંથના નિહાલનની આશા ઉત્પન્ન થઈ. આ સર્વ વિચારની ભૂમિકા છે, નિર્ણય થયા પહેલાંની પ્રાથમિક દશા છે, એ ધ્યાનમાં રાખવું. હજુ એને માર્ગ સાંપડ્યો નથી, આત્મદર્શન થયું નથી; કાર્ય કરવા પહેલાંની વિચારદશામાં વર્તતા જીવને આશા બંધાણી છે, પોતાનો પંથ નિહાળીને તેને અનુસરવામાં પોતાના કર્તવ્યની પરિસીમા છે એમ તેને જણાયું છે, અને દરમ્યાન પોતાનો ઉદ્ધાર (આધાર) બોધ–સદાગમ–પ્રાપ્તિ પર અવલંબે છે અને તેની પ્રગતિ થતાં યોગ્ય કાળે પંથ નિહાળવાનું બનશે એવી વિચારણા સુધી તે આવ્યો છે. (૨)

ઑક્ટોબર : ૧૯૪૭]

## ૩

# શ્રી સંભવનાથ સ્તવન

*[સેવન-કારણ : ભગવાનની સેવા અગમ અને અનુપ છે; ભૂમિકામાં નિર્ભયતા, દ્વેષરહિતતા, અથાકતા છે; સાચી સેવા પ્રાપ્ત કરવી એ જીવનનો લહાવો છે.]*

**સંબંધ**—પ્રથમ આદિનાથ ભગવાનના સ્તવનમાં પોતાનો આદર્શ મુકરર કર્યો, વીતરાગનો પ્રીતમ તરીકે સ્વીકાર કર્યો અને એની ભાવનાએ પહોંચી એના જેવા થવા માટે એને પરમ પ્રેમી-ઇષ્ટ વલ્લભ-તરીકે ભજવા, એવો નિર્ણય કર્યો. બીજા અજિતનાથ ભગવાનના સ્તવનમાં જે વીતરાગનો આદર્શ તરીકે સ્વીકાર (પ્રથમ સ્તવનમાં) નિર્ણય કર્યો, તેનો માર્ગ નિહાળવા માંડ્યો. નિહાળવામાં માત્ર અવલોકન કરી જવાની વાત નથી, પણ અનુસરણની વાત સામેલ છે, એટલું લક્ષ્યમાં રાખી નિહાલનના ચારે ઉપાયોની વિષમતા વિચારી લીધી; અને કાળલબ્ધિએ પંથનું બરાબર નિહાલનકાર્ય થશે એ આશા પર વાતને છોડી. પણ માત્ર આશા પર વાત છોડી દેવી અને હાથ-પગ હલાવવા નહિ, એ તો પ્રગતિને પંથે પડેલા પ્રાણીને પાલવે નહિ. એણે વીતરાગદેવનું સાધ્ય સ્વીકાર્યું, એણે આદર્શનો નિર્ણય કર્યો અને આદર્શને સાધવા ધારણા કરી. એટલે હવે આદર્શ સિદ્ધિને માટે આગળ ધપવાનું રહ્યું. આ આગળ ધપવાના કાર્યને 'યોગ' પ્રવૃત્તિ કહેવામાં આવે છે. જૈન આમ્નાય પ્રમાણે 'મોક્ષ સાધક શુભ વ્યાપાર'ને યોગ કહેવામાં આવે છે. युज ધાતુનો અર્થ 'જોડવું' થાય છે. એ ધાતુમાંથી નીકળેલ 'યોગ' શબ્દ મોક્ષ સાથે આત્માને જોડે તે અર્થમાં વપરાય છે. એટલે મોક્ષસાધક ધર્મવ્યાપારને અથવા મોક્ષપ્રાપક શુભ વ્યવહારને **યોગ** કહેવામાં આવે છે.

સંસાર અભિમુખ વૃત્તિને રોકવી અને મોક્ષને અનુકૂળ વ્યાપાર કરવો એને યોગ કહેવાને પરિણામે હરિભદ્રસૂરિની 'યોગ' શબ્દની આ વ્યાખ્યા એટલી વિશાળ બની છે કે એમાં સર્વ શુભ વ્યાપારનો સમાવેશ થઈ જાય છે. યોગની વિચારણામાં આ વ્યાખ્યા ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે. એ વ્યાખ્યા પ્રમાણે નાની પ્રશસ્ત શુભ ક્રિયાથી માંડીને સંપ્રજ્ઞાત યોગ સુધીની અથવા જૈન પરિભાષા પ્રમાણે શૈલેશીકરણ સુધીની સર્વ ક્રિયાઓ અને ચિત્તવૃત્તિનો નિરોધ—એ સર્વનો યોગમાં સમાવેશ થાય છે. આ રીતે યોગનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. એમાં માર્ગાનુસારીના વ્યવહારથી માંડીને યોગનિરોધ સુધીની સર્વ અવસ્થાનો સમાવેશ થાય છે.

આનંદઘનજીએ યોગની આ જુદી જુદી અવસ્થાનો ખ્યાલ બહુ સારી રીતે આપ્યો છે. એમણે પ્રાથમિક યોગથી માંડીને ઉત્કૃષ્ટ યોગ સુધીની દશાનો અનુભવ બહુ અસરકારક રીતે કરાવ્યો છે. સ્તવનો અને પદોનાં વિવેચનમાં આપણે તેનો ખ્યાલ કરવા પ્રયત્ન કરીએ છીએ. આ સ્તવનમાં યોગપ્રાપ્તિ માટે પૂર્વસેવાને અંગે ભૂમિકાની શુદ્ધિ બતાવી છે; તે પર વિચાર કરવાને અંગે યોગપ્રાપ્તિ માટે 'પૂર્વસેવા'ની વિગત શ્રી હરિભદ્રસૂરિએ 'યોગબિન્દુ' ગ્રંથમાં બતાવી છે, તેની સંક્ષેપથી વિગત રજૂ કરીએ :—

શ્રી હરિભદ્રસૂરિએ 'યોગબિન્દુ' ગ્રંથમાં 'પૂર્વસેવા'ના વિષય પર શ્લોક ૧૦૯ થી ૧૫૧ શ્લોક સુધીમાં વિવેચન કર્યું છે, તેનો સાર 'જૈન દૃષ્ટિએ યોગ' (પૃ. ૯૬–૧૦૦)માં મેં આપ્યો છે. તેમાં મુદ્દો એ છે કે મુક્તિપ્રાપ્તિને અંગે વિશિષ્ટ યોગમાં પ્રવેશ કરવા પહેલાં પ્રાણી તેના ઉપાયોની સેવા કરે છે. વ્યાધિ મટાડવા માટે જેમ ઔષધની સેવા કરવી પડે છે, તેમ સંસારવ્યાધિ મટાડવા માટે પૂર્વસેવા કરી ધર્મશરીર-સ્વાસ્થ્ય સુધારવા માટે પ્રયત્ન કરવા પડે છે, શ્રી હરિભદ્રસૂરિ મહારાજે એ પૂર્વસેવાના ચાર પ્રકાર બતાવ્યા છે :

૧. દેવગુરુપૂજન; ૨. સદાચાર (દાન વગેરે); ૩. તપ વગેરે; ૪. મોક્ષ–અદ્વેષ.

પૂર્વસેવામાં આ ચાર પ્રકારની બહુ વિગતો આપી છે. પ્રાણીનો આખો ઝોક સંસાર તરફ હોય છે, એને સંસારના રગડાઝઘડા, મનોવિકાર અને પરભાવ-રમણમાં મોજ પડે છે. એને વિષયસેવનમાં મજા આવે છે. એમાંથી ઓસરવા પૂરતો જ્યારે એનો ઝોક ફેરવાય છે, ત્યારે એને પ્રથમ આ ઉપરની ચાર બાબતમાં મજા આવવા માંડે છે. એને પોતાના ઇષ્ટ દેવ કે વડીલ વર્ગ તરફ પ્રેમ અને ભક્તિ થાય છે, પરિગ્રહવૃત્તિમાં પ્રવૃત્તિને સ્થાને ત્યાગમાં મજા આવે છે, અને આ સંસારમાં રસ પડવો ચાલુ રહે તોપણ મોક્ષ તરફ અદ્વેષ થાય છે, એટલે એની સંસારપરિણતિમાં મોટો ફેર પડવા માંડે છે.

આ પૂર્વસેવાના ચારે પ્રકારમાં ઘણી વિશાળતા બતાવવામાં આવી છે. એમાં 'દેવ' શબ્દમાં સર્વ દેવોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને 'ચારિસંજીવનીચાર' ન્યાયે એ એમાંથી સાર તત્ત્વ પ્રાપ્ત કરી લે છે, અને છેવટે જિતેંદ્રિય, જિતક્રોધ વિશેષણોનો આશ્રય કરીને ભયંકર અભેદ્ય લાગતા કિલ્લાઓને પણ તરી જવાની શક્તિ પ્રાપ્ત કરે છે એમ બતાવ્યું છે. ગુરુ શબ્દમાં માતા-પિતા, વડીલ ભાઈ-બહેન, જ્ઞાનવૃદ્ધ કે વયોવૃદ્ધનો તેમ જ સગાંસંબંધીનો સમાવેશ કરે છે. આવી વિશાળતાને પરિણામે પ્રાણી યોગમાર્ગમાં પ્રવેશ કરી પછી તેમાં પ્રગતિ કરે છે. અને સદાચારને પૂર્વસેવામાં અગ્ર સ્થાન આપવાનું કારણ તો વર્તન પર અંકુશ આવવાનું સમજાય તેવું છે. એમાં લોકાપવાદભીરુપણું, દીન–અનાથનો ઉદ્ધાર, કરેલ ગુણનો બદલો વાળવાની વૃત્તિ અને સુજનપણું તથા પરનિંદાનો ત્યાગ, સાધુપુરુષોના ગુણોનું સંકીર્તન, આપત્તિમાં અદીનતા, સંપત્તિમાં નમ્રતા જેવા સાદા પણ વિશિષ્ટ આચારનો સમાવેશ થઈ જાય છે. એમાં નીતિનાં સારાં નિયમો અને ધોરણોનો પણ સમાવેશ થાય છે. આ પૂર્વસેવામાં ત્રીજું સ્થાન 'તપ'ને આપવામાં આવ્યું છે. એમાં બાહ્ય તપના અનેક પ્રકાર બતાવવામાં આવ્યા છે. મુદ્દો સંયમમાર્ગ પર જવાનો છે અને બાહ્ય ત્યાગથી થતી શરૂઆત અંતે સર્વત્યાગના માર્ગે ગમન કરાવી શકે એવી એમાં શક્યતા છે. અને પૂર્વસેવાને અંગે ચોથો પ્રકાર 'મુક્તિ-અદ્વેષ' બતાવ્યો છે. મોક્ષ તરફ દ્વેષ ન હોવો એ અતિ ઉપયોગી અધ્યવસાય છે; એ નકારાત્મક હોવા છતાં બહુ ઉપયોગી અને ખાસ જરૂરી પૂર્વસેવા છે. એને અંગે આ સ્તવનના વિવેચનમાં વિસ્તાર કરવાનો હોવાથી અત્રે તો તેના નામનો નિર્દેશ માત્ર કરવામાં આવ્યો છે.

પૂર્વસેવાના આવા પ્રકારોથી પ્રાણી યોગપ્રાપ્તિને લાયક બને છે. જ્યાં સુધી ભૂમિકાની શુદ્ધિ ન થાય, ત્યાં સુધી તેના પર ચિતરામણ થતું નથી. તે જ પ્રમાણે આ પૂર્વસેવાના પ્રકારો કરવા માટે પણ આત્મિક ભૂમિકાની શુદ્ધિ કરવાના અનેક માર્ગો બતાવવામાં આવ્યા છે. આ ભૂમિકા-શુદ્ધિને માટે એક દૃષ્ટાંત રજૂ કરવા યોગ્ય જાણવામા આવેલ છે. એક રાજાને ત્યાં બે સુપ્રસિદ્ધ ચિતારાઓ આવ્યા અને પોતાના કામની પ્રશંસા કરવા લાગ્યા. બન્ને દૂર દેશના અને એક-બીજાથી તદ્દન સ્વતંત્ર હોઈ રાજા પાસે કામ અને ઇનામ ચાહતા હતા. રાજાએ બન્નેના કામને જોઈ ઇનામ આપવાની ઇચ્છા વ્યક્ત કરી. બન્ને ચિત્રકારોએ પોતાની આવડતનો પરિચય કરાવવા કબૂલાત આપી. રાજાએ તેમને એક વિશાળ મંદિરના મોટા હોલની બે સામસામી ભીંતો પર પોતપોતાની કારીગીરી બતાવવા હુકમ કર્યો, અને એકબીજાના કાર્યની છેવટ સુધી ગુપ્તતા જળવાય તેટલા માટે વચ્ચે પડદો કરાવી દીધો. બન્ને ચિત્રકારોએ પોતપોતાની ભીંતો પર કામ આદર્યું. એક ચિત્રકારે સૃષ્ટિસૌંદર્યનાં અનેક દૃશ્યો પોતાને સોંપેલ ભીંત પર ચીતર્યાં. એ તો દરરોજ અવનવા રંગો મંગાવે અને તેનાં મિશ્રણો અજમાવે અને કામ ધપાવે. બીજા ચિત્રકારે તો રંગ જ ન મંગાવ્યા. તેણે ભીંતને સાફ કરી ઘસવા માંડી; ઘસતાં ઘસતાં એને બિલોરી કાચ જેવી શુદ્ધ બનાવી. રાજાને બરાબર ખાનગી સમાચાર મળ્યા કરતા હતા : એક ચિત્રકાર નવા નવા રંગો દરરોજ મંગાવે છે; અને બીજો ચિત્રકાર તો જાતે અને માણસોને રાખીને ભીંતને ઘસ ઘસ કર્યા કરે છે, કાંઈ રંગ કે પીંછી મંગાવતો નથી. એ વાત સાંભળી રાજાને ઘણી નવાઈ લાગી. બન્ને કારીગરોને છ માસનો સમય આપવામાં આવ્યો હતો. રાજાજી જાતે નિહાળવા અગાઉથી મુકરર કરેલ દિવસે હાજર થયા. પ્રથમ ખૂબ રંગ-રોગાન વાપરનારનું ચિત્રકામ જોયું. રાજાને ચિત્રકારની દૈવી કળા માટે ખૂબ માન થયું. પછી રાજા બીજા ચિતારા પાસે આવ્યો. તેણે ભીંતને ઘસી ઘસીને બિલોરી કાચ જેવી બનાવી દીધી હતી, પણ તેના પર રંગનું છાંટણું પણ કર્યું ન હોતું. રાજાને થયું કે એ ચિત્રકાર કાં તો ગાંડો અથવા તોરી હશે. એણે ચિત્રકારને પૂછ્યું કે આમાં ચિત્રકામ ક્યાં ? ચિતારાએ કહ્યું : 'વચ્ચેનો પડદો દૂર કરાવો.' પડદો દૂર થતાં સામા ચિત્રકારની ભીંતનાં ચિત્રોની છાયા આ ભીંત પર પડી. અદ્ભુત દૃશ્યો નજરે પડ્યાં. સામેના ચિત્રકારનું કામ છાયાચિત્રમાં હજારગણું સુંદર રજૂ થયું. રાજાને આશ્ચર્ય લાગ્યું. ચિત્રકારે ખુલાસો કર્યો કે ચિતરામણ રજૂ કરવા માટે ભીંતની ભૂમિકાની શુદ્ધિ કરવી ઘટે અને ભીંત શુદ્ધ થાય તો તેમાં જે છાયા પડે તે અલૌકિક સ્વરૂપ ધારણ કરે. રાજાને ખાતરી થઈ કે ચિતરામણ બરાબર કરવું હોય તો ભૂમિકાની શુદ્ધિ એ અગત્યની વસ્તુ છે. રાજાએ પ્રથમના ચિત્રકારને ઇનામ આપ્યું, પણ બીજા ભીંત ઘસનાર ચિતારાને ભારે સન્માનપૂર્વક મોટું ઇનામ આપ્યું. એટલા માટે યોગપ્રગતિ કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુને તદ્યોગ્ય ભૂમિકા તૈયાર કરવાની ખૂબ જરૂર છે. આ ભૂમિક-શુદ્ધિ માટે ઉપર જણાવેલા ચારે પ્રકારો (દેવગુરુપૂજન, સદાચાર, તપ અને મોક્ષ-અદ્વેષ) એના વિશાળ અર્થમાં બહુ ઉપયોગી ભાગ ભજવે છે.

આની સાથે એક બીજી અગત્યની વાત એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે અનંત કાળ-ચક્રમાં ફરતાં–રખડતાં પ્રાણી જ્યારે છેવટના ભ્રમણ-પરાવર્તમાં આવે છે, ત્યારે સ્વભાવકારણ નિમિત્તે એનામાં મહાન ફેરફારો થાય છે. અને તે માટે પાંચે સમવાયી કારણોનો એને આશ્રય કરવો પડે છે. એની આત્મપરિણતિમાં પ્રગતિની સ્વાભાવિકતા હોવી જોઈએ; એ માટેનો સમય પાકેલ હોવો જોઈએ; તદ્યોગ્ય ભવિતવ્યતા હોવી જોઈએ; કર્મ પર સામ્રાજ્ય મેળવવાની યોગ્યતા આવવી જોઈએ અને તેવો પુરુષાર્થ હોવો જોઈએ. આ પાંચે સમવાયી કારણોનો સહયોગ કેટલો જરૂરી અને ઉપયોગી છે, તે ઝીણવટથી સમજી લેવાની જરૂર છે. જ્યાં સુધી સંસારનો સદ્‌ભાવ લાંબો હોય, મલિનતાની અતિશયતા હોય, અને અતત્ત્વનો અભિનિવેશ હોય, ત્યાં સુધી યોગપ્રગતિ થતી નથી. એટલા માટે આ કાર્યકારણભાવ સૂક્ષ્મ બુદ્ધિથી સમજી લેવાની જરૂર છે. આ સમવાયી કારણોનો સામાન્ય બોધ મેં 'કર્મના પરિચય'માં આપ્યો છે, તેને માટે વિનયવિજય ઉપાધ્યાયનું પંચ કારણનું સ્તવન વાંચવા યોગ્ય છે; અને વિસ્તારથી સમજવા માટે યોગબિન્દુ અને શાસ્ત્રવાર્તાસમુચ્ચય (હરિભદ્ર) જોવા યોગ્ય છે. અત્ર પ્રસ્તુત વાત પ્રસ્તાવના-રૂપે એટલી કરવાની છે કે ભૂમિકાશુદ્ધિ જેટલી જ અગત્યની વાત પાંચે કારણોની અનુકૂળતા થઈ જવાની છે. કારણ-કાર્યસંબંધ સમજી પંચ કારણનો સહયોગ મેળવવાની અને તેને માટે યોગ્યતા પ્રાપ્ત કરવાની તાલાવેલી ઉત્પન્ન કરવાની કેટલી જરૂર છે, તે આ સ્તવનના વિવેચનમાં વિચારવાનું પ્રાપ્ત થશે.

અને સેવાનું કામ ઉપરચોટિયું યા ઔપચારિક હોય, તો વાત જલદી જામે તેવી સહેલી નથી. દેખાવ કે આડંબરને અવકાશ નથી. આ આખી સેવનની ભૂમિકા તૈયાર કરવાનો, તૈયાર કરવા માટે તેને સમજવાનો અને સમજીને તેને વ્યવહારમાં મૂકવાનો આ સ્તવનનો આશય છે. એ યોગપ્રગતિની ભૂમિકા માટેની ભૂમિકા તૈયાર કર્યા પછી આપણે હવે એ સ્તવનના હાર્દમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરીએ.

અહીં એક હકીકત, પુનરાવર્તનને ભોગે પણ, સ્પષ્ટ કરવાની જરૂર છે: જ્યાં જ્યાં અમુક તીર્થંકરનું નામ આવે ત્યાં ત્યાં આદર્શ મહાન યોગી, સ્વપરઉપકારી, ભવ્ય આદર્શ સમજી લેવો. એમાં અમુક વ્યક્તિ સાથે સંબંધ નથી, અમુક નામ સાથે સંબંધ નથી કે અમુક ઇતિહાસ (વૈયક્તિક) સાથે સંબંધ નથી. એટલે તીર્થંકરનાં નામ ઔપચારિક હોવા છતાં આદર્શ રજૂ કરે છે, એ હકીકત સર્વદા મન પર રાખવી.

ઉપરના મુદ્દાને ધ્યાનમાં રાખીને અત્ર વક્તવ્ય એટલું છે કે સંભવનાથ ચાલતી ચોવીશીમાં ત્રીજા તીર્થંકર થયા. પિતા જિતારિ, માતા સેના રાણી અને જન્મસ્થાન શ્રાવસ્તી નગરી, એને સાવત્થીનું નામ પણ અપાય છે; કુણાલ દેશની એ રાજધાની હતી. ગોંડા જિલ્લામાં અકૌનાથી પાંચ માઈલ દૂર અને બલરામપુરથી પશ્ચિમે બાર માઈલ દૂર રાપતી નદીના પશ્ચિમ તટ પર આ શહેર હતું; અત્યારે સહેઠમહેઠના નામથી એ ગામ પ્રસિદ્ધ છે અને એ શ્રાવસ્તીનું અવશેષ

છે, એમ શોધક વિદ્વાનો કહે છે.* પિતાને ઘેર એમના અવતરણ પછી વરસાદ વરસ્યો, દુકાળ દૂર થયો અને ધન-ધાન્ય પાકવાની સંભાવના થઈ તેની યાદગીરીમાં માત-પિતાએ તેમનું 'સંભવ' નામ રાખ્યું. એમનો સુવર્ણ દેહ અને અશ્વચિહ્ન છે. આ પ્રાસંગિક નોંધ જાણવા માટે જ કરી છે, બાકી સ્તવનના મજકુર કે ભાવાર્થ સાથે અમુક તીર્થંકરને કશો સંબંધ નથી, એ વાત લક્ષ્યમાં રાખવી.

## સ્તવન

(રાગ–રામગિરિ; રાતલી રમીને કિહાંથી આવીઆ રે–એ દેશી)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ-સેવન ભેદ;
સેવન-કારણ પહિલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.
સંભવદેવ તે ધુર સેવો સવે રે. ૧.

**અર્થ**—પ્રભુ—વીતરાગદેવની સેવાનું ઊંડું રહસ્ય સમજી–જાણી સર્વે સૌથી અગાડી વીતરાગ આદર્શ શ્રી સંભવનાથ ભગવાનની સેવા કરો અથવા સંભવનાથના દેવત્વને સેવો. સેવા કરવાના કારણરૂપ સૌથી અગત્યની વાત ભૂમિકાનું સંમાર્જન છે, એટલે ભૂમિકાની શુદ્ધિ કરવાની છે. એ ભૂમિકાનાં ત્રણ વિશેષણો સમજી લો, એ અભય (ભયરહિતપણું), અદ્વેષ–(દ્વેષરહિતપણું) અને અખેદ (થાકરહિતપણું) છે. (આ ત્રણ ભૂમિકાશોધનના વિશેષણ પર નીચેની બીજી ગાથામાં યોગી કવિ પોતે જ થોડી વિગતો આપે છે.)

*ટબો*—(જ્ઞાનવિમળસૂરિનો ટબો) એ જિનને જે વારે તેડ્યા તે વારે તેમની સેવા કેમ કરીએ તે કહે છે. સુખ ઉપજે તેનાથી એવા સંભવનાથ કહીએ, ત્રીજા તીર્થંકર. તે પ્રત્યે-દૈવત કહેતાં સાચ કરી સકલ પ્રાણી જન સેવો; અથવા દૈવત કહેતાં ધૈર્ય તથા ભાવ ધરી પ્રથમ

**પાઠાંતર**—દેવ તે – દૈવત. ધુર સેવો સવે રે – ચિત ધરી સેવીએ. લહી – લહે. પ્રભુ – ધ્રજુ, રે – પ્રથમ અને ત્રીજા પદમાં એક પ્રતમાં મૂકી દીધેલ છે (૧)

**શબ્દાર્થ**—સંભવદેવ = આ વર્તમાન ચોવીશીના ત્રીજા તીર્થંકર; વીતરાગ આદર્શના એક પ્રતીક. દૈવત = (પાઠાંતર) સત્ત્વ, સાર, ધૈર્ય (જ્ઞા.). ધુર = પ્રથમ, સર્વથી પહેલાં. સેવો = પૂજો, ની સેવા કરો. સવે = સર્વે, બધાં. લહી = મેળવી, પ્રાપ્ત કરી, જાણી. સેવનભેદ = સેવાના પ્રકાર, સેવાનું અંદરનું રહસ્ય, તફાવત. સેવન–કારણ = સેવા કરવાનો પ્રસંગ, સેવાનો હેતુ. પહેલી = મૂળે, શરૂઆતમાં. ભૂમિકા = ચિત્તની અવસ્થા (દા. ત. યોગમાં પાંચ બતાવેલી છે : ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ. આનંદઘન મતે નીચે બતાવેલી મનની ત્રણ અવસ્થા અભય = (ચિત્તની અવસ્થાની પ્રથમ ભૂમિકા) ભયરહિતપણું; વિશેષ માટે બીજી ગાથા. અદ્વેષ = (ચિત્તની અવસ્થાની બીજી ભૂમિકા) દ્વેષરહિતપણું; વિશેષ માટે બીજી ગાથા. અખેદ = (ચિત્તની અવસ્થાની ત્રીજી ભૂમિકા) થાકરહિતપણું; વિશેષ માટે બીજી ગાથા. (૧)

* પં. શ્રી કલ્યાણવિજયજીકૃત 'શ્રમણ ભગવાન મહાવીર', પૃ. ૩૯૧

આપીને સેવો. પ્રભુસેવાના અનેક પ્રકાર છે તે લહો–જાણો. સેવના કારણ પ્રત્યે–સેવના અર્થે પહેલી ભૂમિકા સમારવી. ત્યાં ત્રણ દોષ ટાળવા, ભય ૧, દ્વેષ ૨, ખેદ ૩, એ ત્રણે દોષ ટાળવા. તે ટાળવાથી ત્રણ ગુણ ઉપજે, તે કયા : અભય ૧, અદ્વેષ ૨, અખેદ ૩. સંભવદેવ પ્રત્યે ચિત્ત ધરી સેવીએ. (૧)

**વિવેચન**—સંભવનાથ આદર્શ તીર્થપતિ થયા, તેને 'દેવ' શબ્દના ઉપનામથી બોલાવીને તેની સેવા કરવાની પ્રેરણા કરતાં તે સેવાને લાયક થવાની ભૂમિકા ઉત્પન્ન કરવાની હકીકતથી શરૂઆત કરે છે. 'દેવ' એટલે ધૈર્ય, ગાંભીર્ય, પરોપકાર, અનંત જ્ઞાનાદિ ગુણોથી અનુભવિત ~~એવા~~ સેવ્ય વ્યક્તિ. સામાન્ય કે વધારે-થોડા ગુણો હોવાથી દેવત્વ પ્રાપ્ત થતું નથી; પણ પરિપૂર્ણતાના શિખરે પહોંચનાર દેવ તરીકે ઓળખાય છે, એ અભિધાનથી ઉદ્દેશાવાને યોગ્ય હોય છે અને એ આદર્શનું સ્થાન બને છે. 'દેવ' શબ્દ સાથે કવચિત્ જનતા કે પ્રાણીઓના વ્યવહારનો નિયંતૃભાવ અથવા સારાં–ખરાબ કાર્યના ફળને આપવાની શક્તિમત્તાનો સમાવેશ થઈ જાય છે, તેવો અત્રે કોઈ આશય નથી. અહીં તો દેવ એટલે પોતાના પુરૂષાર્થના ઉપયોગથી મહાન ગુણોને પ્રાપ્ત થયેલ વ્યક્તિ અને આદર્શ પૂરો પાડનાર મહાયોગી. આ આદર્શ ભાવના-મૂર્તિને ગુણાનુરાગથી 'દેવ' કહેવામાં આવે છે. એનામાં મહાન દૈવત હોય છે, એનામાં અનંત ગુણોનો એના ઉત્કૃષ્ટ આકારમાં આવિર્ભાવ થયેલો હોય છે અને એવા 'દેવ' નમન–સેવન–પૂજન કરવાને યોગ્ય હોય છે. પણ અહીં તો એ દેવ સેવન કરવા યોગ્ય છે કે નહિ એ સવાલ નથી. એટલે એની વિચારણા કે ચર્ચા કરવાનો પ્રસંગ પણ રહેતો નથી; નહિ તો બતાવી શકાય તેમ છે કે ન્યાય કે તર્કવિચારણામાં આ દુનિયાના પ્રપંચ-વ્યવહારનો કોઈ નિયંતા હોઈ શકે નહિ અને એનો કોઈ બનાવનાર કે રચનાર હોય તો તે આવી કચવાટ–કકળાટ ભરેલી દુનિયા બનાવે નહિ. અહીં તો આદર્શ નક્કી કરવા માટે મહાન ઉપકારી દેવને સેવ્ય સ્થાન આપવામાં આવ્યું છે અને તેને સેવન કરવા માટે પોતાની લાયકાત મેળવવાની ભૂમિકા તૈયાર કરવાની સૂચનાથી શરૂઆત કરવામાં આવી છે. કોઈ પણ કાર્ય કરવું હોય તો તે માટેની ભૂમિકા તૈયાર કરવી પડે છે; ભૂમિકા વગર કોઈ કાર્ય થઈ શકતું નથી.

બીજા સ્તવનની આખરે પંથ નિહાળવાના કોડ કર્યા અને તેને પરિણામે વિચારણા કરતાં જણાયું કે યોગ્ય સમય આવી પહોંચશે ત્યારે પંથના નિહાલનનું કાર્ય બની આવશે. આવી આશા પર જીવતો ચેતનરાજ હવે પોતાની જાતને અને અન્ય મુમુક્ષુઓને કહે છે કે તમે બીજાં સર્વ કામ છોડી દઈને એ મહાત્યાગી, તપસ્વી, વૈરાગી, ઉપકારી શ્રી જિનદેવને ભજો. જો તમને આ ચક્રભ્રમણનો કંટાળો આવ્યો હોય, જો તમારી પંથને નિહાળવાની આશા પાકા પાયા પર રચાઈ હોય, જો તમારે સર્વસંગત્યાગી થવું હોય, તો તમે સેવાનું રહસ્ય જાણી આદર્શ દેવની સેવા કરો. જો સેવન કરવાની ઇચ્છા બરાબર થઈ હોય તો સેવનના ભેદ બરાબર જાણી લો.

આ સેવનના ભેદમાં તેના અનેક પ્રકારો અને તેની અંદરના રહસ્યને જાણી લેવાની વાત છે. કોઈ પણ વસ્તુની કે વ્યક્તિની રક્ષા કરવી હોય તો તેનું રહસ્ય મેળવવાની ખાસ જરૂર છે.

એટલે આદર્શ દેવને સેવન કરવા માટે એના સેવનના પ્રકારો અને તેનું રહસ્ય અને તેનો અંગેનો તફાવત પ્રથમ જાણી લો. જો આ ભેદ લક્ષ્યા વગર સેવન કરવામાં આવે તો ભૂલા પડી જવાય છે. પણ આ રહસ્યજ્ઞાનની પણ પહેલાં તમારે તદ્યોગ્ય ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે. તમારે સારી છબી ચીતરવી હોય તો કેન્વાસ સારું સાફ અને ડાઘડૂઘ વગરનું જોશે. તે પ્રમાણે સંભવદેવથી કે કોઈ પણ આદર્શની સેવા કરવી હશે તો તે માટેની ભૂમિકા તૈયાર કરવી પડશે.

'કારણ' ત્રણ પ્રકારનાં હોય છે : સમવાયી, અસમવાયી અને નિમિત્ત. સમવાયી કારણ નિત્ય કારણ છે, જુદું ન પડે તેવું કારણ છે; અસમવાયી તે સમવાયી કારણની તદ્દન નજીકનું કારણ હોય છે; જ્યારે નિમિત્તકારણ પ્રસંગ ઊભો કરે છે. અહીં સેવન–કારણની હકીકત કહી છે તે નિમિત્તકારણને અંગે છે. તમે જો આદર્શ દેવની સેવા કરવા તત્પર થયા હો તો તદ્યોગ્ય ભૂમિકાની તૈયારી કરવાની ખાસ જરૂર છે એ વાતને બરાબર જાણી લો. સેવનનું નિમિત્ત ભૂમિકા છે, એ વાત તમારા ધ્યાનમાં લઈ લો. ભૂમિકાને સેવન યોગ્ય કર્યા વગર તમે સેવાના કાર્યમાં પ્રવેશ કરશો તો તમે જોઈએ તેવું પરિણામ લાવી શકશો નહિ. માટે સેવનનો ભેદ સમજી સેવન યોગ્ય ભૂમિકા તૈયાર કરો. ભૂમિકા બરાબર તૈયાર થઈ હશે તો તેના ઉપર સેવનનું ચિતરામણ થઈ શકશે. ધ્યાનમાં રાખવું કે સેવનનું નિમિત્તકારણ મળવાથી સેવન થઈ જશે એમ સમજવાનું નથી. પણ સેવન થયાનું નિમિત્ત પ્રાપ્ત થશે, સેવન થવાનો પ્રસંગ સાંપડશે અને આદર્શને નિહાળવાના પંથે પ્રગતિ થશે.

આ રીતે સેવનનું નિમિત્ત–ભૂમિકા મેળવવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી યોગીમહારાજ પોતે જ યોગભૂમિકાનું વર્ણન કરે છે અને તેને માટે ત્રણ વિશેષણો વાપરે છે : અભય, અદ્વેષ, અખેદ. એટલે તમારે જો યોગ–પ્રગતિ કરી પંથડો નિહાળવો હોય અને દેવદર્શન કરી તેના જેવું થવું હોય તો પ્રથમ આ ત્રણ વિશેષણથી વિશિષ્ટ ભૂમિકા તૈયાર કરો. આ ત્રણ વિશેષણોની સમજણ જરૂરી વિસ્તારથી સ્તવનકાર પોતે જ આગળ આપનાર છે. એ વિશેષણોમાં ભારે ખૂબી છે, એમાં યોગનું રહસ્ય છે; એમાં ચેતનના ઉત્થાનનાં ઊંડાં તત્ત્વો છે, એમાં પ્રગતિનાં સુનિશ્ચિત સ્થાનો છે અને એમાં ચેતન સન્મુખ દશા છે.

જે ભૂમિકા સેવનનું નિમિત્ત થવાની શક્યતા ધરાવે છે તે ઉપર જણાવેલાં ત્રણ વિશેષણોથી વિશિષ્ટ હોવી ઘટે. એ ત્રણેનો વિસ્તાર આવતી બીજી ગાથામાં આ જ સ્તવનમાં યોગીકવિ કરવાના છે. એ ભૂમિકા ન હોય તો પ્રગતિ મુશ્કેલ છે, એ વાત કરવા સાથે બીજી પણ એક વાત સ્પષ્ટ કરી દેવાની જરૂર છે કે, આ ત્રણ વિશેષણોથી વિશિષ્ટ ભૂમિકા તૈયાર કરવા ઉપરાંત યોગપ્રગતિને અંગે બીજી પણ અનેક પ્રાસંગિક ભૂમિકા તૈયાર કરવાની હકીકત આગળ આવશે; જેમ કે, પ્રગતિ યોગ્ય કાળ પરિપક્વ થવો જોઈએ; યોગદૃષ્ટિમાંથી પ્રથમની ચાર દૃષ્ટિ લાધવી જોઈએ; પ્રાણીમાં કાંઈ નહિ તો માર્ગાનુસારીના ગુણો હોવા જોઈએ અને મોક્ષસન્મુખ દશા હોવી જોઈએ. એટલે એ ત્રણ વિશેષણો ભૂમિકા તૈયાર કરવા માટે દાખલારૂપે અથવા અંતર્ગણનારૂપે હોય તેમ જણાય છે, પણ તે પરિપૂર્ણ નથી; છતાં તે એટલાં મહત્ત્વનાં છે કે એ ત્રણ વિશેષણો હોય તો ભૂમિકા લગભગ તૈયાર થઈ જાય તેવું છે.

આ ગાથામાં 'દેવત' પાઠાંતર છે તેનો અર્થ જ્ઞાનવિમળસૂરિએ 'ધૈર્ય' કર્યો છે, તે જરા તાણીખેંચીને કર્યો હોય તેમ જણાય છે; અને 'દેવ તે' પાઠ બરાબર બેસતો આવે છે; અને; ઘણીખરી પ્રતોમાં એ જ પાઠ છે, એટલે 'દેવત' પાઠને વિચારવાની બહુ જરૂર રહેતી નથી.

'ધુર' શબ્દ બહુ સૂચક છે. એનો અર્થ 'સર્વથી પહેલાં' એમ થાય છે; એટલે તમારે યોગપ્રગતિ કરવી હોય તો સર્વથી પહેલાં તો તમારે આદર્શ દેવની સેવા કરવી, આ પ્રમાણે આદેશ આપીને પછી સેવન યોગ્ય ભૂમિકા તૈયાર કરવાની વાત કરે છે; ત્યાં પણ 'પહિલી' શબ્દ વાપરીને આ ભૂમિકા તૈયાર કરવાના ભાવને ખૂબ ભાર આપે છે.

મુદ્દાની વાત એ છે કે યોગવંચકપણું પ્રાપ્ત કરવા પહેલાં ભૂમિકા તૈયાર થવાની જરૂર છે. આ યોગાવંચકપણાની હકીકત આગળ આઠમા સ્તવનમાં કહેવાની છે. તે પહેલાં તેની પ્રાથમિક તૈયારી કરવા માંટે અને આદર્શ દેવનાં દર્શન કરવા માટે આ સ્તવનમાં મુદ્દામ છ બાબતો પૂર્વપીઠ તરીકે બતાવી છે, તેને અનુક્રમે આપણે વિચારીશું. મારા આ સ્તવનના વાચન અને વિચારણાને અંગે નીચે પ્રમાણે પીઠિકા મને લાધી છે :—

૧. ભૂમિકા–સંમાર્જન : અભય, અદ્વેષ, અખેદ.
૨. પરિણતિનો પરિપાક ( કાળકારણની પ્રાપ્તિ ).
૩. પ્રવચનની પ્રાપ્તિ. યોગાવંચકતા.
૪. સંત–સાધુપુરુષોનો પરિચય.
૫. અકુશળ ચિત્ત પર વિજય.
૬. અધ્યાત્મગ્રંથોનું પરિશીલન.

પૃથક્કરણ કરતાં આ પીઠિકારૂપે છ બાબતો આ સ્તવનમાંથી પ્રાપ્ત થાય છે. બાકી તો, પાંચે સમવાયી કારણોને પણ તેમાંથી તારવી શકાય તેમ છે. આ રીતે પીઠરચના થઈ જાય, પછી પ્રભુદર્શનની તીવ્ર લાલસા જાગે, પછી તેવા થવાથી તમન્ના થાય અને એ રીતે ક્રિયાવંચકપણું અને છેવટે ફળાવંચકપણું પ્રાપ્ત થતાં આત્મદર્શન થતું જાય અને અંતે પરમાત્મભાવ પ્રાપ્ત થાય. આ આખો ક્રમ પદ્ધતિસર આ સ્તવનોમાં યોગીરાજે બતાવ્યો છે, તે આપણે વિવેચનમાં જોતા જઈશું.

રખડતો–રઝળતો આત્મા પોતે અંતરાત્મભાવમાં વિલીન થઈ પરમાત્મા થઈ શકે છે અને આપણે સર્વ પ્રયાસ પરભાવરમણતા છોડી ચેતનનો સ્વભાવ પ્રાપ્ત કરવાનો છે : આટલી વાત સમજાય તો આખું યોગનું રહસ્ય પ્રાપ્ત થઈ જાય છે. તે શોધીને સમજવાનો માર્ગ અત્ર બતાવ્યો છે. ઉત્કૃષ્ટ પરમાત્મદશામાં પણ તેનું વ્યક્તિત્વ રહે છે તે ભાવ સમજવા માટે ખૂબ વિચારણા થશે પ્રયાસનું પરિણામ અનુકૂળતાના ઉપયોગને લઈને એ ભાવ પ્રાપ્ત કરવામાં આવશે. એ વિચારણાથી પરિણામધારા મજબૂત થશે. આપણે તેટલા માટે આદર્શ-સેવનની ભૂમિકાને વિચારીએ. એ સેવાનું રહસ્ય જાણવા અને સ્વીકારવાની જરૂર આત્મપ્રગતિને અંગે પ્રથમ સ્થાન ધરાવે છે. (૧)

ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લિખાવ. સંભવ૦ ૨

**અર્થ** — પોતાના વિચારોનું અસ્થિરપણું તે **ભય; **હકીકત પર અરુચિ કે ઘૃણા થાય તે **દ્વેષ;** અને સેવા કરવાનો વ્યવસાય કરતાં થાક લાગે તે **ખેદ**—આ ત્રણે (ભય, દ્વેષ અને ખેદ) અજ્ઞાનનું પરિણામ છે એમ સમજવું (અથવા તું એમ જાણ). અબોધનું પરિણામ જાહેર કરે છે. (૨)

**ટબો**—તેનો અર્થ કહે છે જે પરિણામની ચપળતા-ત્રિયોગે મનયોગની અથિરતા—તે ભય કહીએ-૧. ધર્મકરણી વિષેની બાબતમાં રુચિભાવ નહિ તે દ્વેષ-૨. જે ધર્મકરણી કરતાં શ્રમ પામીએ-થાકીએ-રાજવેઠની પરે (જેવું) થાય તે ખેદ કહીએ-૩. એ દોષને શું જાણે? અબોધ-અજ્ઞાનપણું જણાવે. સંભવદેવ પ્રત્યે ચિત્ત ધરી સેવીએ. (૨).

**વિવેચન**—ભૂમિકા સંમાર્જનમાં ત્રણ બાબતો કહી છે: અભય, અદ્વેષ અને અખેદ. જો આપણે આત્મદર્શન કરવું હોય, જો આપણે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું હોય, જો આ સંસારના દ્વંદ્વનો છેડો લાવવો હોય, જો પૌદ્ગલિક ભાવના સંબંધ સાથે આપણને ખરો કંટાળો આવ્યો હોય, તો સ્વભાવપ્રાપ્તિને માર્ગે પ્રગતિ કરવા માટે પ્રથમ તદ્યોગ્ય ભૂમિકા તૈયાર કરવી ઘટે. એ ભૂમિકા તૈયાર કરવા માટે અત્ર ત્રણ વિશેષણો વાપર્યાં છે; એટલે તેવી ભૂમિકા બનાવવી જોઈએ.

ઉપર જણાવ્યું તેમ, પૂર્વસેવનના અનેક માર્ગો બતાવ્યા છે. શ્રી હરિભદ્રસૂરિએ ભૂમિકા તૈયાર કરવાને અંગે દેવગુરુપૂજન, સદાચાર, તપ અને મોક્ષ-અદ્વેષનું આસેવન શ્રી યોગબિંદુ ગ્રંથમાં બતાવ્યું છે. શ્રીમાન હેમચંદ્રાચાર્યે તેને માર્ગાનુસારીના ૩૨ ગુણો પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે અને યોગીરાજ આનંદઘને ત્રણ વિશેષણોથી વિશિષ્ટ ભૂમિકા બનાવવાની હકીકત કહી છે. આપણે આ ત્રણ વિશેષણોનો ભાવ સમજવા પ્રયત્ન કરીએ.

પૂર્વભૂમિકા સેવનકારણરૂપે હોવાથી તેના અનેક રસ્તાઓ બતાવવામાં આવે તે, જુદા જુદા દૃષ્ટિબિન્દુને લઈને હોય છે; અને શાસ્ત્રકાર મહારાજા કહે છે કે યોગ તો અસંખ્ય છે; જે યોગ દ્વારા પોતાના આત્માનો નિસ્તાર થાય તે યોગ તેને માટે ઉપયોગી ગણાય.

---

**પાઠાંતર**—રે-પ્રથમ અને ત્રીજા પદમાં મૂકી દીધા છે. આ દરેક ગાથાને લાગુ પડે છે. પ્રવૃત્તિ=પ્રવર્ત લિખાવ=લખાવ, લખાવિ. (૨)

**શબ્દાર્થ**—ભય=બીક, ડર. ચંચળતા=અધીરાપણું. ક્ષણિકપણું ડગમગાટ, અસ્થિરપણું. પરિણામની=મનની (જૈન), વિચારની. દ્વેષ=ઈર્ષા, વૈર, તિરસ્કાર. (સામાન્ય અર્થ); અહીં અર્થ યોગીએ સાથે જ આપ્યો છે તે અરોચક ભાવ=વસ્તુ ન ગમવી તે, વસ્તુ તરફ ઘૃણા થાય તે (એ જીવ-અજીવને લાગે). ખેદ=શોક, સંતાપ, દિલગીરી; અહીં આગળ અર્થ આવ્યો છે તે થાકસહિતપણું. પ્રવૃત્તિ=વ્યવસાય, ઉદ્યોગ, હિલચાલ, મચ્યા રહેવું તે. થાકીએ=વિસામો લઈએ, કામ કર્યાને લઈને શિથિલ થઈએ. દોષ=ખોડ ખાંપણ, ખામી. અબોધ=અજ્ઞાન, સમજણની ગેરહાજરી. લિખાવ=સમજાવ, જણાવે. (નામ હોય તો હિંદીમાં તેનો અર્થ લક્ષણ, ચિહ્ન અથવા પિછાણ થાય છે. (૨)

તેથી, સાપેક્ષ દૃષ્ટિએ, સર્વ યોગનું ઉપયોગીપણું સ્વીકારાયેલું છે. સાધ્યનું સ્પષ્ટપણું નિર્ણીત હોય તો તદ્યોગ્ય વાતાવરણ કે ભૂમિકા જમાવવાને અંગે યોગની ઉપયોગિતા છે; એમાં વિરોધ કે વિસંગતપણું હોઈ શકે નહિ. એ ચાવી જે સમજી જાય તે ક્રિયામાર્ગના મતભેદથી ગભરાઈ જાય નહિ કે મતભેદને કારણે વિતંડામાં પડી જાય નહિ. આપણે ભૂમિકાશુદ્ધિનાં યોગીરાજે બતાવેલાં સેવનકારણરૂપે ખાસ આવશ્યક ગણાતાં ત્રણે વિશેષણો વિચારીએ :

**અભય :** સાત પ્રકારના ભય બતાવવામાં આવ્યા છે. પ્રથમ તેમનો પરિચય કરીએ, પછી તે શું છે તે સમજવા પ્રયત્ન કરીએ :—

૧. **'ઇહલોકભય'** : દુષ્ટ મનુષ્યના તરફથી અથવા બળવાન મનુષ્ય તરફથી અડચણ, ત્રાસ થશે એવી કલ્પના કે વિચારણા. અથવા અગાઉથી થતી ચિંતાની આગાહી કે ધ્રુજારો.

૨. **'પરલોકભય'** : મરણ પછી ક્યાં જવાનું થશે, કઈ ગતિમાં આંટા મારવા પડશે, ત્યાં પરમાધામીના કેવા ત્રાસો થશે, અથવા ઢોર, કીડા, વનસ્પતિ કે પાણીમાં કેવા હાલ થશે તેનો ડર.

૩. **'આદાનભય'** ઘર-દુકાનમાં ચોરી થઈ જવાની બીક, એક ગામથી બીજે ગામ જતાં લૂંટારાની બીક. પોતાનાં નાણાં રોકયાં હોય તેના ભાવ બેસી જવાની આગાહીથી થતી થરથરાટી.

૪. **'અકસ્માતભય'** : કોઈના તરફથી ન થાય તે એકાએક થતો ભય. વીજળી પડવાથી કે મોટરથી, એરોપ્લેનથી કે રેલવેનો ડબો આડો પડવાથી પીડા થવાનો ભય લાગ્યા કરે તે.

૫. **'આજીવિકાભય'** : ભાવ વધતા જાય છે, જીવનકલહ આકરો થતો જાય છે, નોકરી ચાલી જશે, વેપારધંધા તૂટી પડશે, બૈરીછોકરાં ટળવળશે, આવી ચિંતા ચાલુ રહ્યા કરે તે.

૬. **'મૃત્યુભય'** : ક્યારે મૃત્યુ થશે તેની ચિંતા, મરણ પછી ઘરબાર, બાળક-પત્નીનું શું થશે, આ વસાવેલી રિયાસત મૂકી ચાલ્યા જવું પડશે, એવી ચિંતા. મંદવાડમાં થતાં આર્ત્તધ્યાન, પરલોકભય અને મૃત્યુભય તદ્દન જુદા છે. અને માનસ દૃષ્ટિએ બરાબર અલગ રાખવા યોગ્ય અને રાખી શકાય તેવા છે.

૭. **'અપયશભય'** : આ કામ કરવાથી કે અમુક લાઈન લેવાથી દુનિયામાં કલંક લાગશે, સગાંસ્નેહીમાં માનહાનિ થશે, નાતજાતમાં પોતે હલકો પડશે અથવા રાજદરબારમાં પોતાનું સ્થાન જશે આવી ચિંતા થયા કરે તે.

આવા પ્રકારના ભયોથી મુક્ત થઈ જવું, ભય લાગે નહિ તેવું માનસ કેળવવું અને પોતાના અંતરાત્માને યોગ્ય લાગે તે કાર્ય આત્મદૃષ્ટિએ કરવાની વૃત્તિ કેળવવી, એ 'અભય ભૂમિકા' કહેવાય છે. ભય રાખવાથી પ્રાણી પૂરા જોસથી કામ કરી શકતો નથી અને શંકાશીલ આત્મા વિનાશ પામે છે. પણ જ્યારે પ્રાણી અભયતા કેળવે છે ત્યારે એનામાં એક પ્રકારનું આંતરિક બળ આવે છે અને નીડરપણે કાર્યસાધના કરે છે.

ભય કે-બીક એ માનસિક વ્યાધિ છે. કારણ વગર સામાની શેહમાં દબાઈ મરવું, સામો શું કરશે કે પોતાનું કે પોતાનાંનું શું થશે, એવી ચિંતા કર્યા કરવી એ સર્વનો સમાવેશ 'ભય'-માં થાય છે. અને ભય એક પ્રકારની મોહની છે, મોહજાળ છે, અને એ વિચાર વાતાવરણને ડોળી નાખનાર હોઈ ભારે નુકસાન કરનાર નીવડે છે.

'પરિણામ'નો અર્થ સાધારણ રીતે નતીજો કે અંત થાય છે, પણ જૈન પરિભાષામાં તેનો અર્થ 'વિચારધારા' થાય છે. મનમાં જે વિચારો આવે તેને પરિણતિ કહેવામાં આવે છે અને પરિણતિના કાર્યને પરિણામ કહેવામાં આવે છે. પરિણામ એટલે વિચારધારા; અધ્યવસાય, મનોભાવ (પાઈયસદ્દમહણ્ણવો. પૃ. ૬૮૪). એ પરિણામમાં ચંચળતા હોય ત્યારે કાર્યનું જોશ તૂટી જાય છે. આવા પ્રકારની વિચારધારાની અસ્થિરતા, માનસિક અધીરાપણું અથવા વિચારની ક્ષણિકતાને ચંચળતા કહેવામાં આવે છે. પરિણતિની અસ્થિરતા પર કાબૂ આવે ત્યારે 'અભય'ભાવ ખીલે છે. અને સેવનકાર્ય નીપજાવવા માટે અભયપણાની ભૂમિકા ખાસ જરૂરિયાતની હોય તે વાત સમજણ અને નિર્ણય માગે છે. અને ભયમાંના ઘણાખરા તો કલ્પિત અને મગજના તરંગનાં આંદોલનો જ હોય છે. ચિત્તવિકાર (emotions)માં સર્વથી ભારે હાનિકારક ભાવ તે 'ભય' છે. ભયવાળો કે ભયને આધીન થનારો માણસ માનસિક દૃષ્ટિએ બાપડો કે બિચારો થઈ જાય છે. પરિણામની ચંચળતાને ભય કહેવામાં આવે છે. ભયવાન પ્રાણી કોઈ કાર્ય છાતી ઠોકીને કરી શકતો નથી અને જ્યાં સુધી ઉદ્દેશની ચોખવટ ન હોય અને તેને પહોંચવાનો પાકો નિર્ણય ન હોય, ત્યાં સુધી ત્યાં ગબડી જતાં વાર લાગતી નથી. માટે સેવન-કારણ-ભૂમિકામાં 'અભય'ને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. ભયની અંદર જે ચંચળ ભાવ રહેલા છે, તે યોગની એકત્વતાનો મોટો વિરોધ કરનાર માનસિક દશા છે, એટલે યોગમાં પ્રવેશ કરનારે, સેવન-કારણ-ભૂમિકા તૈયાર કરવા સારુ નિર્ભયપણું કેળવવું જ રહ્યું.

**'અદ્વેષ'**: સેવન-કારણ-ભૂમિકા તૈયાર કરવામાં બીજું સ્થાન આવે છે અદ્વેષનું. અદ્વેષને ઓળખવા માટે દ્વેષને ઓળખવો પડે. અહીં જે અદ્વેષ નિરૂપવામાં આવેલ છે તેને શ્રી હરિભદ્ર-સૂરિ મહારાજ યોગપૂર્વસેવામાં 'મોક્ષ-અદ્વેષ' કહે છે તે સમજવો. એનું સ્વરૂપ બતાવતાં યોગબિન્દુ ગ્રંથમાં તે મહાન યોગી કહે છે તેની મતલબ એ છે કે સર્વ કર્મના ક્ષય થવા-વાળી મુક્તિ ઇંદ્રિયના ભોગ સંબંધથી રહિત હોઈ ભવાભિનંદી પ્રાણીઓને એના પર દ્વેષ થાય છે. એને વિચાર થાય છે કે મોક્ષમાં તો ખાવાપીવાનું નહિ, નાચગાન નહિ, એમાં મજા શું આવે? ખુદ શ્રી હરિભદ્રસૂરિએ **ગાલવ** નામના તત્કાલીન પંથપ્રવર્તકનો દાખલો યોગબિન્દુ (શ્લોક ૧૩૮)માં આપ્યો છે. એ ગાલવ પોતાના શિષ્યને ઉપદેશ કરે છે કે વૃન્દાવનમાં શિયાળ-પણું મળે તે સારું, પણ તદ્દન અવિષય મોક્ષમાં તે શી મજા આવે? આવા આવાં શ્રવણને પણ અયોગ્ય આલાપો મોક્ષની વિરુદ્ધના સંભળાય છે, એનું કારણ એમ સમજાય છે કે પ્રાણીને સંસાર તરફ એટલી આસક્તિ લાગેલી હોય છે કે, મોક્ષની સામે ગમે તેવો બકવાદ કરનારા

પણ નીકળી આવે છે. ભવબીજનો ત્યાગ કરનાર કલ્યાણભાગી પ્રાણીઓમાં મોક્ષ તરફ આવા પ્રકારનો દ્વેષ ન હોય. એ કદાચ સંસારનો ત્યાગ ન કરી શકે કે આસક્તિ-મુક્ત ન થઈ શકે, તોપણ એને મોક્ષ તરફ દ્વેષ તો ન જ હોવો જોઈએ; છેવટે કાંઈ નહિ તો એને મોક્ષ તરફ અદ્વેષ તો હોવો જ જોઈએ, દ્વેષ ન હોવો અને અદ્વેષ હોવો એ અલગ અલગ ભાવો છે. અદ્વેષ એટલે મધ્યસ્થ ભાવ.

આનંદઘન મહારાજ દ્વેષને અરોચક ભાવની કક્ષામાં મૂકે છે. કોઈ પણ પ્રકારના રોચક ભાવની ગેરહાજરી તે અરોચકભાવ. શુભ પ્રવૃત્તિમાં આગળ વધવા તરફ અરુચિ, એને અરોચકભાવ કહેવાય, એટલે યોગપ્રવૃત્તિ તરફ સુરુચિનો અભાવ તે દ્વેષ. ભૂમિકા-શુદ્ધિ કરવા માટે ભૂમિને 'અદ્વેષ' બનાવવી ઘટે. એમાં સુરુચિનો ભંગ થવો ન ઘટે અને અરુચિને સ્થાન ન હોવું જોઈએ. પ્રગતિ થાય કે નહિ, પ્રવૃત્તિ બને કે નહિ, તે સવાલ અત્ર નથી, પણ પ્રગતિ કે પ્રવૃત્તિ તરફ રુચિનો અભાવ તો ન જ હોવો જોઈએ અને તેટલા જ માટે શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય અગિયારમા પાપસ્થાનક 'દ્વેષ'ની સજ્ઝાયમાં સ્પષ્ટ રીતે કહે છે કે—

'યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું લાલન, તેહથી વહેલું.'

એટલે યોગના અંગની શોધ કરવી હોય તો તેની ચાવી બતાવતાં તેઓ કહે છે કે અષ્ટાંગ યોગનું સાધન કરવા ઇચ્છનારને પ્રથમથી જ અદ્વેષી થવું ઘટે છે. આ પ્રમાણે અદ્વેષમય ભૂમિકા તૈયાર કરવાની ખાસ જરૂરિયાત પર સર્વ યોગીઓએ ભાર મૂક્યો છે. દ્વેષનો સાધારણ અર્થ દ્વેષ, વૈર, ઈર્ષ્યા વગેરે થાય છે. અહીં યોગની ભૂમિકા તરીકે અદ્વેષ એટલે અરુચિપણાનો અભાવ એવો અર્થ છે, એમ યોગીરાજ પોતે જ જણાવી દે છે. આવી રીતે યોગપ્રવેશ કરતી વખતે યોગના સેવન માટે ભૂમિકા તૈયાર કરવાની—એને અભય અને અદ્વેષ બનાવવાની—જરૂરિયાત બતાવી.

બાકી, ઉપમિતિભાવપ્રપંચા કથામાં અવિવેકિતાના પતિ અને મહારાજા મોહરાયના ફટાયા તરીકે જે દ્વેષગજેન્દ્રને બતાવવમાં આવ્યો છે, તેવો દ્વેષ સર્વથા ન હોવાની દશા તો વીતરાગભાવ મળે ત્યારે પ્રાપ્ત થાય છે. વીતરાગભાવ આવે ત્યારે સાથે વીતદ્વેષ થવાય છે. એ ભાવ અત્ર નથી. ધર્મ તરફ અરુચિપણાનો અભાવ, મોક્ષ તરફ તિરસ્કારનો અભાવ, સચ્ચારિત્ર તરફ અરુચિનો અભાવ, એને અદ્વેષ કહેવામાં આવેલ છે અને સેવનકાર્ય માટે એવી ભૂમિકા તૈયાર કરવાની જરૂરિયાત પર અત્ર ધ્યાન ખેંચવામાં આવ્યું છે. એ જ હકીકતને હકારાત્મક આકારમાં મૂકીએ તો એમાં ધર્મ કે મોક્ષ તરફ અંતરની રુચિ રહ્યા કરે, ચિત્ત એવા પ્રકારના પ્રસંગો આવી પડે ત્યારે હોંસથી એને ગ્રહણ કરે એવી ભૂમિકા થવી જોઈએ. આ રીતે મોક્ષ તરફ રુચિ અને ધર્મ, ક્રિયા, ધ્યાન–એકાગ્રતા તરફ આકર્ષણ થાય તેને 'અદ્વેષ' ભૂમિકા કહેવામાં આવે છે. આ 'અદ્વેષ'ની ભૂમિકાનો સ્વીકાર સર્વ યોગીઓએ એકમતે કર્યો છે.

**'અખેદ'** : સેવન–કારણ–ભૂમિકા તૈયાર થઈ હોય કે થતી હોય તેનું ત્રીજું વિશેષણ 'અખેદ' છે. આ ભૂમિકામાં શુભ ક્રિયાને અંગે થાક ન લાગવો જોઈએ, એનો કંટાળો ન થવો જોઈએ,

એના તરફ -શ્રમની લાગણી પણ ન થવી જોઈએ. દરરોજ સવારે ઊઠીને પડિકમણું કરવું કે દરરોજ બે વાર દેરાસરે જવું કે વળી સાંજના પ્રતિક્રમણ કરવું અથવા ડુંગર ચઢી યાત્રા કરવી, એમાં ખેદ ન લાગવો જોઈએ; ઊલટું એમાં મજા આવવી જોઈએ. અથવા મોટી પ્રતિષ્ઠાવિધિ કે પર્યુષણના આઠ દિવસ આલોચનક્રિયા–ખમતખામણાં કર્યા પછી નવમે દિવસે ' હાશ ! છૂટયા' એવો ભાવ ન થવો જોઈએ; પણ મનમાં વિચારણા થવી જોઈએ કે મારે એવો દિવસ વળી ફરી વાર ક્યારે સાંપડશે ? સામાયક બે ઘડીનું લેવામાં આવે છે ત્યાર બાદ સામાયક પૂરું થાય તે વખતે ગુરુશિષ્ય વચ્ચે રજા માંગવાને અંગે સવાલજવાબ યોજ્યા છે તે આ ' અખેદ ' ભૂમિકાને અંગે વિચારવા યોગ્ય છે.

શિષ્ય પૂછે—સામાયક પારું ?

ગુરુ જવાબ આપે—पुनो वि कायव्वो–એટલે સમાયક ફરી વાર કર્તવ્ય છે, એની ગુરુએ જવાબમાં સૂચના કરી.

શિષ્ય તે જવાબ સાંભળી કહે—यथाशक्ति–શક્તિ પ્રમાણે કર્તવ્ય બજાવીશ.

પછી શિષ્ય પોતાનો નિર્ણય બતાવે. તે કહે–' સામાયક પાર્યું.'

આના જવાબમાં ગુરુ કહે–आयरो न मुत्तव्वो. આ સામાયક તરફનો આદર છોડી દેવા યોગ્ય નથી. એનો આશય એવો છે કે અત્યારે તને સમય ન હોય તોપણ મારી તને ભલામણ છે કે એ સામાયક તરફનો આદર ન મૂકતો, એટલે જ્યારે જ્યારે તને વખત મળે ત્યારે ત્યારે સામાયક કરવાની વૃત્તિ રાખજે.

એના જવાબમાં મુમુક્ષુ तहत्ति–ગુરુદેવનું વચન બરાબર છે, એવો જવાબ આપે.

આવા પ્રકારનો આદરભાવ એ અખેદ ભૂમિકા છે. એક-બે દાખલા વિચારીએ એટલે આ ભૂમિકાની વધારે સ્પષ્ટતા થશે. એક વ્યક્તિએ ઉપધાન કર્યાં. ૪૫ દિવસ સુધી ઉપવાસ-નીવિ કર્યાં, વિધિવિધાન કર્યાં. પારણાને દિવસે એ એમ વિચારે કે ચાલો, હવે આ પંચાતમાંથી છૂટયા !—તો એની અખેદ-ભૂમિકા થઈ નથી એમ સમજવું. એના મનમાં તે દિવસે ભાવના થાય કે ધન્ય અવતાર થયો ! વળી બીજી અનુકૂળતા થશે તો પાંત્રીશું ( બીજાં ઉપધાન ) કરીશ. આમ થાય તેને અખેદની ભૂમિકા મળી છે એમ માનસ પૃથક્કરણ નજરે સમજાય છે. નાનોભાઈ વિદ્વાન, સેંકડો શિષ્યને પાઠ આપે. મોટો ભાઈ ભલો-ભોળો, યોગ્ય ચારિત્ર પાળે. નાનાભાઈને એક રાત્રે ઊંઘ આવતી હતી, શિષ્ય રાત્રે પાઠ લેવા આવ્યો. કંટાળીને એ બોલી ગયો કે આ ભણતર અને ફફડાટને બદલે મોટો ભાઈ સુખી છે ( પાંચમી કથા–વરદત્ત ચરિત્ર ). આવી વૃત્તિ થાય અને અભ્યાસ તરફ ખેદ થાય ત્યારે સમજવું કે હજુ એ વ્યક્તિને ' અખેદ ' ભૂમિકા પ્રાપ્ત થઈ નથી. વાત એ છે કે પ્રાણીને વિભાવદશામાં પૌદ્ગલિક બાબતોમાં જેવી મજા આવે તેવી જ મજા યોગપ્રવૃત્તિમાં અને પ્રગતિમાં આવવી ઘટે. એ આવે ત્યારે એને અખેદ–ભૂમિકા પ્રાપ્ત થઈ છે એમ સમજવું.

આ રીતે થતા ત્રણે દોષો—ભય, દ્વેષ અને ખેદ—એ અજ્ઞાનને પરિણામે થાય છે. આ અબોધ–અજ્ઞાનને બરાબર સમજવા યોગ્ય છે.

**'અબોધ'** : અજ્ઞાન, અલ્પ પરિચય. અબોધને પરિણામે સંસાર તરફ રુચિ રહે છે, આત્માનું ભાન નહિવત્ બની જાય છે, પાપમાં આસક્તિ જામતી જાય છે અને ભવાભિનંદીપણાને મોકળાશ મળે છે. એને પરિણામે પ્રાણી દીન, મત્સરી, બીકણુ, માયાવી મૂર્ખ અને સંસારમાં આસક્ત રહે છે. અને પરિણામે અનેક ખોટાં કામો કરી પોતાના આત્મિક પ્રગતિના માર્ગને ડોળી-ડખોળી નાખે છે. અજ્ઞાન અને અબોધ લગભગ એક જ છે. અનાદિ સંસારનું એ મૂળ કારણ છે. સાંખ્ય એને 'દિદક્ષા' કહે છે; શૈવો એને 'ભવબીજ' કહે છે, વેદાન્તિકો એને ભ્રાંતિરૂપ 'અવિદ્યા' કહે છે; બૌદ્ધો એને અનાદિક્લેશરૂપ 'વાસના' કહે છે અને જૈનો એને 'મિથ્યાત્વ,' 'અજ્ઞાન' અથવા 'અબોધ' કહે છે.[1] ઉપર જણાવેલા ત્રણે દોષો—ભય, દ્વેષ, અને ખેદ—અબોધને લઈને થાય છે એમ સમજ. લિખાવમાં 'લિખા' એ સંજ્ઞા છે.[2] 'એમ સમજ,' એ એનો ભાવ છે. અજ્ઞાનને પરિણામે પ્રાણી પોતાને પણ બરાબર પિછાનતો નથી, અને પવન આવે તેમ વિકારવશ થઈ આંટા મારે છે, માટે જેણે સેવન યોગ્ય ભૂમિકા તૈયાર કરવી હોય, તેણે ભય, દ્વેષ અને ખેદ નામના દોષો પર વિજય મેળવવો અને તેમ કરવા માટે તે દોષોને બરાબર ઓળખવા અને પછી અભય, અદ્વેષ અને અખેદની ભૂમિકાને તૈયાર કરવી.

જ્યાં પરિણામની ચંચળતા બતાવનાર ભય હોય, જ્યાં અરોચક ભાવથી વ્યક્ત થતો દ્વેષ હોય અને જ્યાં શુભ પ્રવૃત્તિ કરતાં થાક લાગતો હોય ત્યાં ખેદ નામનો દોષ છે અને તે અબોધનું પરિણામ છે અને ભવાભિનંદીપણાની પિછાણ છે. આ છેલ્લો ભાવ વધારે સુસ્પષ્ટ જણાય છે. આ પ્રમાણે અર્થ ઘટાવતાં આખી ગાથાનો ભાવ પરસ્પર મેળ ખાઈ જાય છે. આ રીતે ભૂમિકાશુદ્ધિ થાય ત્યારે પ્રાણી યોગમાર્ગે પ્રગતિ કરે છે. હવે આપણે તદ્યોગ્ય સમય અને વાતાવરણ ક્યારે તૈયાર થાય તે યોગદૃષ્ટિએ વિચાર કરીએ. (૨)

ચરમાવરત ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે; પ્રાપતિ પ્રવચન વાક. સંભવ૦ ૩

**પાઠાંતર**—ચરમાવરત – ચરમાવર્તન. પ્રાપતિ – પ્રાપ્તિ. (૩)

**શબ્દાર્થ**—ચરમાવરત = ચરમ એટલે છેલ્લું; આવર્ત = આંટો, ચકરાવો; ચરમાવર્ત એટલે પુદ્ગળપરાવર્તનો છેલ્લો કાળચક્રનો કાળ (વિવેચન જુઓ). ચરમકરણ = યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણમાંનું છેલ્લું કરણ (જુઓ વિવેચન). ભવ = સંસાર, ગત્યાગતિમાં જવું-આવવું તે. પરિણતિ = સ્વભાવ, તે તરીકે થવું તે, ટેવ. પરિપાક = છેડો આવવો તે, અંત આવવો તે. દોષ = (ઉપર જણાવેલી) ખામીઓ. ટળે = દૂર થાય, ખસી જાય. વળી = અને, એ ઉપરાંત. દૃષ્ટિ = નજર (outlook). ભલી = સરસ, મજાની. પ્રાપતિ = પ્રાપ્તિ, લાભ. પ્રવચન = સિદ્ધાંતવાક્ય, ભલે પ્રકારે શ્રોતાને સમજાવીને કહેવું તે. વાક = વાણી, વાક્ય, વચન. (૩)

---

૧. યોગબિન્દુ, શ્લોક ૧૬૯.

૨. 'લિખાવ'નો અર્થ હિંદમાં 'ચિહ્ન' અથવા 'લક્ષણ' થાય છે.

**અર્થ**—અને જણાવે છે કે, જ્યારે છેલ્લું પુદ્ગળપરાવર્ત આવી પહોંચે અને ત્રણ કરણમાંનું ત્રીજું કરણ થાય અને સંસારમાં રખડવાની ટેવનો છેડો આવી પહોંચે, ત્યારે ઉપર જણાવેલા દોષો (ભય, દ્વેષ અને ખેદ) ખસી જાય, સારી મજાની દૃષ્ટિ ઊઘડી જાય અને પ્રવચન–સિદ્ધાંતનાં વચનનો લાભ થાય. (૨)

**ટબો**—છેલ્લું પુદ્ગળપરાવર્તન તથા ચરમ યથાપ્રવૃત્તિકરણ એટલે શું કહ્યું? અનંત પુદ્ગળપરાવર્ત થયા, યથાપ્રવૃત્તિકરણ પણ અકામનિર્જરા હેતુ થયા, પણ ચરમપુદ્ગળપરાવર્ત તથા યથાપ્રવૃત્તિકરણ મિથ્યાત, અવિરતિ, કષાય, મદ ટળે; પરિણામે તે યથાપ્રવર્તિ કહીએ; ભવ; ઉપમા જેહને નહિ. અને વળી માર્ગાનુસારી ગુણની દૃષ્ટિ વચનની પ્રાપ્તિ ખૂલે, ઉઘડે તે વારે પ્રવચનના વચનની પ્રાપ્તિ થાય. રાગદ્વેષરહિતનું વચન તે પ્રવચન એટલી વાસના નિસર્ગપણે થાય. (૩)

**વિવેચન**—યોગપ્રાપ્તિના સદુપાયો કરવા જોઈએ તેને અંગે મહાન યોગીઓએ અધ્યાત્મ-પ્રાપ્તિનો માર્ગ બતાવતાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'અધ્યાત્મ' એ એક જ યોગ પ્રગતિનો સાચો ઉપાય છે, વાદ-વિવાદમાં કદી તત્ત્વપ્રાપ્તિ થતી નથી અને તત્ત્વપરિણતિ થયા વગર જ્ઞેયમાં જ્ઞાનની પ્રવૃત્તિ થતી નથી. એટલે અધ્યાત્મ ઉપર લક્ષ્ય ખેંચતાં યોગમાર્ગના જ્ઞાતા નિષ્પાપ મહાયોગીઓએ ભાવી યોગીના હિતને માટે અધ્યાત્મ પર ખૂબ ભાર મૂક્યો છે અને એને જ યોગપ્રાપ્તિનો પરમ ઉપાય બતાવ્યો છે (યોગબિન્દુ શ્લોક ૬૮.) આવા અધ્યાત્મ-સદુપાય ક્યારે મળે તેને અંગે હવે વાત કરે છે.

ઉપર જણાવ્યું તેમ, પાંચે સમવાયી કારણ (કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષાર્થ)–નો સહયોગ થાય ત્યારે એક કાર્ય બને છે. યોગપ્રગતિને અંગે કાળ અને તદ્યોગ્ય વાતાવરણ ક્યારે થાય તેની સ્પષ્ટતા કરે છે. યોગબિન્દુના ૭૨મા શ્લોકમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિ કહે છે કે જીવ શુક્લપાક્ષિક હોય તે જ્યારે છેલ્લા પુદ્ગળપરાવર્તમાં આવે અને ગ્રંથિનો ભેદ કરે, જાતે દેશથી કે સર્વથી ચારિત્રી (સાવદ્ય આસારથી નિવૃત્ત) થાય, તેને અધ્યાત્મની પ્રાપ્તિ થાય. તો આ ચરમ (છેલ્લું) પુદ્ગળપરાવર્ત શું અને ગ્રંથિભેદ એટલે શું અને તે કેવી રીતે ક્યારે થાય, તે પ્રથમ સમજવા પ્રયત્ન કરીએ.

'**પુદ્ગળપરાવર્ત**'[૧] એ જૈન પારિભાષિક શબ્દ છે. દ્રવ્યથી સામાન્ય પ્રકારે સર્વ પુદ્ગળોનું ગ્રહણ અને ત્યાગ (ઉંઝન) થાય તેનું નામ પુદ્ગળપરાવર્ત કહેવાય છે.[૨] ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મનોવર્ગણાપણે ચૌદ રાજલોકમાં સર્વ

૧. આ પુદ્ગળપરાવર્ત અને ત્રણ કરણનો વિષય પારિભાષિક છે; તેને સરળ કરવા પ્રયત્ન કર્યો છે. એમાં ગુરુગમ હોય તો તેને સમજવામાં સરળતા થાય તેમ છે.

૨. જુઓ યોગબિન્દુ શ્લોક ૭૨ સ્વોપજ્ઞ ટીકા : चरमे पर्यन्तवर्तिनि पुद्गलावर्ते द्रव्यतः सामान्येन सर्व-पुद्गलग्रहणोज्झरूपे प्रवृत्ते सति ।

પુદ્ગળો ભરેલાં છે, તેને પરિણમાવે એટલે પ્રત્યેક વર્ગણારૂપે દરેક પુદ્ગળ-પરમાણુ પરિણમાવે ત્યારે **દ્રવ્યથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય છે. એ જ પુદ્ગળ-પરમાણુને પ્રથમ ઔદારિક વર્ગણારૂપે ભોગવે, ત્યાર પછી અનુક્રમે વૈક્રિય વર્ગણારૂપે ભોગવે, યાવત્ મનોવર્ગણા રૂપે ભોગવે, તેમાં એક પરમાણુને ઔદારિક તરીકે ભોગવ્યા પછી વચ્ચે વૈક્રિયાદિરૂપે ગમેતેટલી વાર ભોગવે તે ન ગણાય. એવી રીતે અનુક્રમે સાતે વર્ગણારૂપે સર્વ પુદ્ગળો ભોગવાય ત્યારે **દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત** થાય. લોકાકાશના અસંખ્ય પ્રદેશ છે. પ્રત્યેક પ્રદેશને મરણથી સ્પર્શવામાં આવે ત્યારે **ક્ષેત્રથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશને અનુક્રમે એક પછી એકને મરણથી સ્પર્શે ત્યારે **ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત થાય** આ ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્તમાં કોઈ પણ એક પ્રદેશે મરણ થયા પછી તેના અનંતર પ્રદેશે મરણ થાય તે જ પ્રદેશ ગણવો; બાકી અન્ય પ્રદેશોએ વચ્ચે વખતમાં ગમે તેટલાં મરણ થાય તે ગણવાનાં નહિ. ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો આડાઅવળા મરણથી સ્પર્શે ત્યારે **કાળથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય, અને ઉપર બતાવેલી રીત પ્રમાણે કાળચક્રના સમયને મરણ વડે અનુક્રમે સ્પર્શે ત્યારે **કાળથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત** થાય. આ પછવાડેની ગણતરીમાં ઉત્સર્પિણીમાં પ્રથમ સમયે કાળ કર્યા પછી તેની પછીના બીજા સમયે બીજી કોઈ પણ ઉત્સર્પિણીમાં કાળ કરે તે જ ગણતરીમાં આવે; બાકીના વચ્ચેના મરણસમયો ગણાતા નથી. કષાયથી અધ્યવસાય થાય અને તેને લઈને કર્મબંધ થાય. કષાય મંદ, મંદતર, તીવ્ર, તીવ્રતર હોય તે પ્રમાણે કર્મબંધ બહુ તરતમતા થાય છે. કષાયની મંદતા-તીવ્રતાનાં અસંખ્ય સ્થાનો હોય છે, એટલે અનુબંધસ્થાન અસંખ્ય છે. વાસના વિવિધ પ્રકારની છે અને તેટલાં અનુબંધસ્થાન થાય છે, એટલે અનુબંધસ્થાન અસંખ્ય છે. એ સર્વ અનુબંધસ્થાનક આગળ-પાછળ મરણ વડે ફરસીને પૂરાં કરે ત્યારે **ભાવથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય. અને પ્રથમ અલ્પ કષાયોદયના અધ્યવસાયે મરણ પામે, ત્યાર પછીના અનંતર રહેલા અધ્યવસાયસ્થાનને મરણ પ્રાપ્ત કરે તેને જ ગણવાનો, બાકીનાં બીજાં અધ્યવસાયસ્થાનો ગણવાં નહિ. એ રીતે અનુક્રમે સર્વ અધ્યવસાયસ્થાનોને મરણથી સ્પર્શે ત્યારે **ભાવથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત થાય.**

આવાં અનંત પુદ્ગળપરાવર્તો પ્રાણીએ કર્યાં છે. સંસારમાં એણે એટલાં પુદ્ગળપરાવર્તો કર્યાં છે કે એનો ગણતરીએ તો પાર આવે તેમ નથી. આવી રીતે અથડાતાં-કુટાતાં પ્રાણી સંસારમાં રખડતો આવ્યો છે. એણે પાર વગરનાં અનંત પુદ્ગળપરાવર્તો અત્યાર સુધીમાં કરી નાખ્યાં છે. શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહી છે કે ઉપર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અંગે બાદર પરાવર્તો બતાવ્યાં છે, તે તો માત્ર સમજવા ખાતર જણાવ્યાં છે; બાકી પ્રાણીએ જે અનંત પુદ્ગળપરાવર્તો કર્યાં એમ જણાવ્યું તે તો સૂક્ષ્મ સમજવાં.

હવે જરા વિચાર કરીએ. દશ કોડાકોડી સાગરોપમનો કાળ જાય ત્યારે એક ઉત્સર્પિણી થાય. તેના એક પ્રથમ સમયે મરણ થાય ત્યાર પછી બીજી ઉત્સર્પિણીમાં બીજે જ સમયે

મરણ થાય તે ગણાય અને વચ્ચેના સમયમાં અનેક મરણ થયાં તે ફોક. અને બીજી ઉત્સર્પિણી પણ અનંતર બીજે સમયે મરણ થાય તે જ ગણવાનું અને આંખ મીંચીને ઉઘાડીએ તેમાં તો અસંખ્ય સમય થાય. અને સાગરોપમનાં તો અસંખ્ય વર્ષો થાય. એવા દશ કરોડને કરોડે ગુણીએ એવડો મોટો ઉત્સર્પિણી કાળ થાય. કલ્પના કરતાં અધધધ થઈ જાય તેવી આ ગણતરી છે અને તેવા તો અનંત પુદ્ગળપરાવર્તો થઈ ગયા અને તે પણ બાદર નહિ પણ સૂક્ષ્મ ગણતરીએ ! આવી રીતે સંસારમાં રખડતાં જ્યારે પ્રાણીનું છેલ્લું પુદ્ગળપરાવર્ત આવે, ત્યારે તેની ઓઘદૃષ્ટિ મટીને યોગદૃષ્ટિ થવા માંડે છે. એ ક્યારે થાય અને થાય ત્યારે શું થાય, તે હવે પછી જોઈશું. પ્રાણી જ્યારે ફરતો ફરતો છેલ્લા પુદ્ગળપરાવર્તમાં આવે ત્યારે આ યૌગિક ફેરફાર થાય છે. એટલી વાત સુધી આપણે આવ્યા.

**ચરમકરણ** : આ સંસારમાં પરિભ્રમણ કરતાં, ઉપર પુદ્ગળપરાવર્તના વિવેચનમાં જણાવ્યું તેમ, પ્રાણી અબોધ–અજ્ઞાનદશામાં અનંત કાળથી સબડ્યા કરે છે, એ રાગદ્વેષમાં આસક્ત, સંસારમાં રસિક થઈ અનેક પ્રકારની સ્થૂળ અને સૂક્ષ્મ યાતનાઓ સહન કરે છે; એક ખાડામાંથી બીજામાં પડે છે; કોઈ વાર દેવગતિમાં જઈ સ્થૂળ સુખો અનુભવે છે તો વળી અનેક વાર નરકગતિમાં જઈ મહાકદર્થના પામે છે; અને કોઈ વાર એક આંખ મીંચીને ઉઘાડીએ તેટલા કાળમાં સોળ વાર મરે છે અને સત્તર વાર જન્મે છે. જ્યાં સુધી એને સાચા દેવ ગુરુ-ધર્મની પિછાણ નથી થતી, જ્યાં સુધી એને પૌદ્ગલિક ભાવોમાં મોજ આવે છે, ત્યાં સુધી સંસારની રખડપાટી, પરભાવરમણતા, એ એનો સ્વભાવ બની જાય છે. અને ધમાધમ એ એની રંગભૂમિ બની જાય છે. આ ધમપછાડામાં કોઈ વાર એને પૌદ્ગલિક સુખ પણ મળે છે; પણ તે ક્ષણજીવી અને નાશ પામનારું હોઈ અંતે સાચા સુખની વ્યાખ્યામાં આવતું નથી. જ્યારે એનો સાચા માર્ગ પર આવવાનો રાહ થવા માંડે ત્યારે, ઉપર જણાવ્યું તેમ, ચરમ પુદ્ગળપરાવર્તમાં આવી પહોંચેલ હોય છે. અહીં ઓઘદૃષ્ટિ મૂકી એ યોગદૃષ્ટિમાં પ્રવેશ કરે છે. એ ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિનું સ્વરૂપ ખૂબ સમજવા યોગ્ય છે. તેને માટે 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ખૂબ સુંદર ખ્યાલ આપ્યો છે.[1] જૈનનો આખો વિકાસમાર્ગ સમજવા માટે આ ઓઘદૃષ્ટિ, યોગદૃષ્ટિ અને ત્રણ કરણની વાત ખાસ સમજમાં લેવાની જરૂર છે. ચાલુ વ્યવહારની દૃષ્ટિ છોડી દઈ, જ્યારે એ યોગદૃષ્ટિમાં પ્રવેશ કરે છે, ત્યારે તે ધીમે ધીમે તેમાં આગળ વધતો જાય છે. આત્મવિચારણા, યોગ્યનિયંત્રણ અને યોગ્ય માર્ગે વર્તન કરીને અને સુનીતિને પંથે અનુસરીને એ ગુણપ્રાપ્તિમાં ધીમે ધીમે આગળ વધતો જાય છે અને વ્યવહારકુશળ તથા આત્માર્થી બને છે.

અહીં સમકિત-પ્રાપ્તિ થયા પહેલાં પ્રાણી ત્રણ કરણ કરે છે, તે અત્ર પ્રસ્તુત વિષય છે. તેને સમજતાં ચરમકરણ સમજાઈ જશે. ત્રણ કરણોમાં ચરમ (છેલ્લું) કરણ અત્ર ખાસ પ્રસ્તુત છે.

---

૧. તેનાં જરૂરી અવતરણ માટે જુઓ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયકૃત આઠ દૃષ્ટિની સજ્ઝાય અને મારો 'જૈન દૃષ્ટિએ યોગ' પૃ. ૧૬ થી આગળ.

**(૧) યથા પ્રવૃત્તિકરણ** : ત્રણે કરણો સમ્યક્ત્વપ્રાપ્તિનાં કારણો છે. સમ્યક્ત્વ એટલે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મની પિછાણ અને સ્વીકાર. પ્રથમ યથાપ્રવૃત્તિકરણ એટલે પ્રાણીની પૂર્વકાળમાં ચાલુ પ્રવૃત્તિ હતી, તેમાં ફેરફાર ન થાય, એ પ્રવૃત્તિ હતી તેવી ચાલુ રહે, પરંતુ એની પ્રગતિ થવા માંડેલી હોવાથી અને સાતે કર્મોની સ્થિતિ ઘટેલી હોવાથી મિથ્યાત્વનું જોર અહીં મંદ થતું જાય છે. પ્રાણી સકામ અને અકામ નિર્જરા દ્વારા કર્મ પર કાંઈક કાંઈક કાબૂ મેળવતો જાય છે. નિર્જરા એટલે કર્મનો ક્ષય અથવા પચાવ. ઇચ્છાપૂર્વક આત્મસંયમ વડે થાય તેને 'સકામ નિર્જરા' કહેવામાં આવે છે. તપસ્યા, વાચન, ધ્યાન અને ત્યાગ દ્વારા નિર્જરા થાય તે સકામ નિર્જરા કહેવાય છે; એનાથી કર્મનો ત્યાગ સમજણપૂર્વક થાય છે. ઇરાદા વગર પણ વેદનથી નિર્જરા થાય તે 'અકામ નિર્જરા'. બે, ત્રણ, ઇંદ્રિયવાળા જીવો મન વગર દુઃખો ખપે છે. એવાં પ્રાણીઓ સમજ્યા વગર, ઇરાદા વગર કે ઈચ્છા વગર પડે-આખડે તે વખતે જે કર્મ ખપે તેને અકામ નિર્જરા કહેવાય. પશુઓ, મનુષ્યો પરાધીનપણે સહન કરે, કે પ્રાણીનાં છેદન-ભેદન વખતે સહન કરવાની બાબતો બની આવે, તેનો અકામ નિર્જરામાં સમાવેશ કરવામાં આવે છે. આવી રીતે સમજીને અથવા પરિસ્થિતિને તાબે થઈને કર્મનિર્જરા થાય, થઈ જાય; તેમ કરતાં કરતાં કોઈ વખત આયુષ્યકર્મની સ્થિતિ એક કોડાકોડિ સાગરોપમની થઈ જાય છે. એની હકીકત આ પ્રમાણે બને છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય, એ ચારે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડિ સાગરોપમની હોય છે. એકડા ઉપર ચૌદ મીંડાં ચઢે ત્યારે કોડાકોડિ થાય; એવા સાગરોપમો ૩૦ વખત થાય ત્યારે જેટલો કાળ જાય તેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ એ ચાર કર્મોની હોય છે. એટલે એક વખત બાંધેલા જ્ઞાનાવરણીય કર્મનો વધારેમાં વધારે ઉદયકાળ તેટલા વખત સુધી ચાલે છે, એટલે કર્મફળ વધારેમાં વધારે એટલાં વર્ષો સુધી ચાલે છે. આ તો એક વખત બાંધેલાં જ્ઞાનવરણીય કર્મની હકીકત થઈ. એના ઉદયકાળમાં કે દરમ્યાનમાં તો બીજાં જ્ઞાનવરણીય કર્મ બાંધેલાં હોય છે. અને તે પ્રકારે દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મ માટે સમજવું. એ પ્રમાણે નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ ઉદયકાળ સ્થિતિ વીશ કોડાકોડિ સાગરોપમની હોઈ શકે છે અને મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડિ સાગરોપમની હોય છે : આવી કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેમાંથી સહજ ઓછી એક કોડાકોડિ સાગરોપમની સ્થિતિ પ્રાણી રહેવા દે ત્યારે પ્રાણીએ 'યથાપ્રવૃત્તિકરણ' કર્યું કહેવાય છે. આમાં આઠમા આયુષ્ય કર્મની વાત ન કરી, તેનું કારણ એ છે કે એ કર્મ ભવઆશ્રયી હોઈ એનો યથાપ્રવૃત્તિકરણ સાથે સંબંધ રહી શકતો નથી. સાત કર્મની સ્થિતિ, એ રીતે, એક કોડાકોડિ સાગરોપમથી કાંઈક ન્યૂન પ્રાણી પોતે પુરુષાર્થથી કરે અથવા અકામ નિર્જરાને પરિણામે થઈ જાય, તેને યથા-પ્રવૃત્તિકરણ કહેવામાં આવે છે.

અહીં કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના પ્રમાણમાં સાતે કર્મોની સ્થિતિ ઘણી ઓછી બની જાય છે. આવું કરણ તો સંસાર-પરિસ્થિતિમાં ચેતને અનેક વાર કરેલ હોય છે; એવી પરિસ્થિતિ આત્મવીર્યથી અને

કોઈ વાર સંયોગ બળે બની આવે છે. આ યથાપ્રવૃત્તિકરણની બાબત તો સંસારના રખડપાટમાં અનેક વાર બની આવતી કે બની જતી હોઈ તેની ઉપયોગિતા ખાસ નથી, પણ એવી સ્થિતિ થયા પછી કોઈ વાર પ્રાણી બીજું કરણ કરે છે અને એ ગ્રંથિભેદ કરે છે તેને મહત્ત્વનું ગણવામાં આવે છે. આ ગ્રંથિભેદ અને બીજા કરણને આપણે ઓળખવા પ્રયત્ન કરીએ. જો ગ્રંથિભેદ કર્યા વગર પ્રાણી પાછો ચાલ્યો જાય, તો યથાપ્રવૃત્તિકરણનો ઉપયોગ રહેતો નથી. અને આવા પ્રકારનાં યથાપ્રવૃત્તિકરણ તો પ્રત્યેક પ્રાણીના સંબંધમાં અનેક વાર બની ગયેલાં હોય છે. આવેલી તક નજીક હોય, છતાં ગુમાવી બેસવાની હકીકતો અનેક વાર બને છે તેનો આ દાખલો છે. ભવચક્રના પરિભ્રમણમાં પ્રાણીએ આવાં યથાપ્રવૃત્તિકરણ તો અનંત વાર કરી નાખેલ હોય છે.

**(૨) અપૂર્વકરણ–ગ્રંથિભેદ :** બીજું કરણ તે અપૂર્વકરણ કહેવાય છે. યથાપ્રવૃત્તિકરણ કરેલ પ્રાણી રાગદ્વેષની નિબિડ ગાંઠને કાપી નાખે તેને ગ્રંથિભેદ કહેવામાં આવે છે. કરણ આત્માના અધ્યવસાયરૂપ છે અને કરણમાં આગળ વધતા જવાય છે તેમ પરિણતિની નિર્મળતા વધારે વધારે થતી જાય છે. રાગદ્વેષની આકરી ગાંઠને કાપી નાખવાની સત્ક્રિયાને ગ્રંથિભેદ કહેવામાં આવે છે. પ્રાણીએ પોતાની સંસારચર્યામાં આવો ગ્રંથિભેદ કોઈ વાર કરેલ ન હોવાને કારણે અને એ રાગદ્વેષની પાકી ગાંઠને તોડી નાખવાનો આ પહેલો જ પ્રસંગ હોવાને કારણે આ અભૂતપૂર્વ આત્મશક્તિના ઉજ્જ્વલ કાર્યને 'અપૂર્વકરણ' કહેવામાં આવે છે. એની ગ્રંથિ તૂટવાથી ચેતન રાગદ્વેષ ઉપર કુઠારાઘાત કરે છે, પોતાની પ્રગતિ માટે આખો નવો યોગમાર્ગ ઉઘાડો કરી દે છે અને અપૂર્વ આત્મશક્તિનો ચમત્કાર આગળ ધપાવવાની શરૂઆત કરે છે. આ ગ્રંથિભેદના કાર્યને અપૂર્વકરણ કહેવામાં આવે છે. યથાપ્રવૃત્તિકરણ કરેલ પ્રાણી જ આ બીજું અપૂર્વકરણ કરી શકે છે, એટલે આ બીજા અપૂર્વકરણના પૂર્વકરણ તરીકે પ્રથમ જણાવેલા યથાપ્રવૃત્તિકરણની ઉપયુક્તતા ખૂબ મોટી છે. યથાપ્રવૃત્તિકરણ કરનાર અપૂર્વકરણ જરૂર કરે એવું નથી, પણ અપૂર્વકરણ કરનારે યથાપ્રવૃત્તિકરણ કરેલું હોવું જ જોઈએ.

અપૂર્વકરણને અંગે કીડીનો દાખલો આપવામાં આવે છે. ચાલતી ચાલતી કીડી ખીલા કે ભીંત નજીક આવે, એટલે કોઈ કોઈ પાછી ચાલી જાય છે અને કોઈ ભીંત પર કે ખીલી પર ચડી બેસે છે અને કોઈ આગળ વધે છે. આમાં જે ભીંત કે ખીલાને જોતાં પાછી ચાલી જાય તેને કાંઈ લાભ ન થાય; ખીલા પર ચઢી બેસે તે અપૂર્વકરણ કરે; અને આગળ વધે તે અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ કરે. સંસારમાં રહેવાનો કાળ અર્ધપુદ્ગળપરાવર્ત બાકી રહે ત્યારે આ અપૂર્વકરણ થાય છે. અહીં ગ્રંથિ તૂટવાથી રાગદ્વેષનો નાશ થતો નથી, પણ એની ગાંઠ પડેલી હોય છે તે છૂટી જાય છે અને એનો સર્વથા નાશ કરવાનો માર્ગ ખુલ્લો થાય છે.

**(૩) અનિવૃત્તિકરણ–ચરમકરણ–અંતરકરણ :** અપૂર્વ વીર્યોલ્લાસને પરિણામે ગ્રંથિભેદ કર્યા પછી પ્રાણી અંતર્મુહૂર્ત કાળમાં અનિવૃત્તિકરણે જાય. અહીં અપૂર્વકરણ કરતી વખતે પ્રાણીની નિર્મળતા થઈ હતી તે કરતાં પણ વધારે નિર્મળતા થાય છે. મિથ્યાત્વ–અજ્ઞાનનાં

એકઠાં કરેલાં દળિયાંના એ અહીં બે ભાગ પાડી દે છે. એક વિભાગમાં એ અંતર્મુહૂર્ત કાળ ભોગવાય તેટલો તેનો પુંજ કરે છે અને બીજા વિભાગમાં સહજ ઊણાં એક કોડાકોડિ સાગરોપમ કાળમાં વેદ્ય મોહનીય દળિયાં રહ્યાં હતાં તેમાંથી અંતર્મુહૂર્તનાં ઓછાં કરે છે. આવી રીતે કરેલા બે પુંજમાંથી અંતર્મુહૂર્ત કાળનાં દળિયાંવાળો નાનો પુંજ હતો તેનો એ ક્ષય કરે છે અને બાકીના પુંજને ઉપશમાવી દે છે. અંતર્મુહૂર્ત કાળ એટલે ૪૮ મિનિટથી સહેજ ઓછો કાળ. ઉપશમાવવું એટલે અંદર પડી રહે તેમ દાબી દેવું. જેનો તાત્કાલિક ઉદય ન થાય, તેમ જ સર્વથા નાશ ન થાય, તેને ઉપશમ કહેવાય છે. આ રીતે અનિવૃત્તિકરણે પ્રાણી બે કાર્ય કરે : મિથ્યાત્વ સ્થિતિના બે ભાગ કરી અંતકરણ કરે, નાના પુંજનો ક્ષય કરી નાખે અને તે જ ક્ષણે એને ઉપશમ નામનું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય. આનું નામ 'અંતરકરણ'. અંતરકરણને પ્રથમ સમયે સમકિતની પ્રાપ્તિ થાય અને એ રીતે થતું આ અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ તે ચરમકરણ સમજવું. આવશ્યકમાં કહ્યું છે કે અનાદિ કાળચક્રમાં ભમતાં પ્રાણી કર્મોને ખપાવીને 'નદીગોળપાષાણ' ન્યાયે યથાપ્રવૃત્તિકરણ કરે, એટલે નદીની અંદરનો પથ્થર અથડાતો-કુટાતો ગોળ થઈ જાય એ રીતે આગળ વધતાં એણે કદી ભેદી નથી એવી રાગદ્વેષની ગાંઠને એ ભેદે અને એ માટે એ અપૂર્વકરણની આકરી વજ્રધારાનો ઉપયોગ કરે અને પછી બહુ કર્મોને ખપાવે તે વખતે મિથ્યાત્વનાં દળિયાં ઉદય આવે તેનો ક્ષય કરે અને ઉદયાભિમુખ ન થયાં હોય તેને ઉપશમાવે, એટલે ઉદીરણાદિક કરણના જોરથી પણ જે દળો વિપાકોદય કે પ્રદેશોદયમાં જઈ ન શકે તેને દાબી દે.

મિથ્યાત્વનાં દળિયાંમાં આવી રીતે અંતર પાડવામાં આવે તે વખતે પ્રાણીને જે આનંદ થાય તેની સરખામણી આકરા રણમાં ઉનાળાના કાળમાં બપોરના બાર વાગે લૂ અને તાપથી પ્રાણી વિહ્વળ થયેલ હોય તે વખતે કોઈ એના પર બાવનાચંદનનાં છાંટણાં કરે અથવા એને oasis (રણમાં લીલો પ્રદેશ) મળી જાય તે વખતે જેવો આનંદ થાય અને એ શાતા પામે તેની તેની અદ્‌ભુત આનંદમય પરિસ્થિતિ થઈ જાય છે. આવો આનંદ અનિવૃત્તિકરણને અંતે અને અંતરકરણને પ્રથમ સમયે પ્રાણીને થાય છે. એ વખતે એના ગાઢ તિમિર અજ્ઞાન મિથ્યાત્વમાં તીવ્રતા ઓછી થઈ જાય, એના આકરા (અનંતાનુબંધી) કષાયો ખસી જાય અને મિથ્યાત્વે તેને નિપજાવેલો ચાલુ આકરો પરિતાપ મટી જાય. જે મિથ્યાત્વના જોરે પ્રાણી સંસારમાં રખડતો હતો અને અનાદિકાળથી જેની જાળમાં એ ફસાયલો હતો તેનો અંત આવતો જોઈ એને ખૂબ આનંદ થાય છે અને પછી એને સમકિતની પ્રાપ્તિ થાય એટલે એની પ્રગતિ થતી જાય છે. એ સમકિત કેવું હોય, એના પ્રકાર કેટલા હોય અને એક વાર સમકિત પામેલા પ્રાણીનો વિકાસ કઈ ધારાએ વધે તે ચોથા અભિનંદન સ્વામીના સ્તવનમાં આવશે. અહીં તો ચરમપુદ્‌ગળપરાવર્તમાં ત્રીજા અનિવૃત્તિકરણ સુધી પ્રાણી આવ્યો.

'ભવપરિણતિપરિપાક' એટલે સંસારમાં પરિણમન પામી જવાની ચાલુ ટેવનો છેડો આવે ત્યારે. ભવ એટલે સંસાર. આ ચેતનનો મૂળ અસલ સ્વભાવ તો અનંત જ્ઞાન, અનંત

દર્શન, અનંત ચારિત્ર આદિ અનંત ગુણમય છે; પણ રાગદ્વેષની પરિણતિને લઈને એનો મૂળ સ્વભાવ દબાઈ ગયો છે અને એની અનંત ગુણદશા દબાઈ ગયેલી હોઈ ભવપરિણતિ એ એનો સ્વભાવ થઈ પડ્યો છે. એટલે અનંત ગુણવાળો એ ચેતનરાજ જાણે કે સંસારસ્વભાવવાળો થઈ ગયો છે, જાણે કે સંસારમાં મરવું-જન્મવું, આંટા મારવા, પૌદ્ગલિક બાબતો કે ચીજોને પોતાની માનવી, એમાં માણવું–રાચવું, એ એનો સ્વભાવ થઈ પડ્યો છે. પરભાવરમણતા કે પરપરિણતિમાં રસોત્પાદન એ સંસારની રખડપાટનું દિગ્દર્શન છે. આવા પ્રકારની પરપરિણતિનો છેડો આવે ત્યારે રસ્તો સાંપડે છે, સેવન કરવાની બુદ્ધિ થાય છે અને તે વખતે ભૂમિકાશુદ્ધિ કરવાની સૂઝ પડે છે. અનંત સંસારમાં હોય ત્યાં સુધી તો એને સંસારના સર્વ સંબંધોમાં રસ પડે છે; સંસારની વસ્તુને એ પોતાની માની બેસે છે; પરભાવ એનો સ્વભાવ બની ગયેલ હોય છે અને રાગદ્વેષ એના ઘરના મનોવિકાર હોય એમ લાગે છે. આનું નામ 'ભવપરિણતિ.' આવા પ્રકારની ભવપરિણતિનો કાંઠો દેખાવા માંડ્યો હોય ત્યારે, એટલે હજુ સંસારનો છેડો નથી આવ્યો, પણ સંસાર તરફની પરિણતિનો અંત આવ્યો હોય છે, ત્યારે.

એટલે ચરમપુદ્ગળપરાવર્તમાં આવ્યા પછી, પ્રાણી ત્રીજું અનિવૃત્તિકરણ કરે, તે વખતે એની સંસારપરિણતિનો છેડો આવે, એનું અનાદિ અજ્ઞાન દૂર થઈ જાય, ત્યારે શું શું થાય તે હવે બતાવે છે. અહીં ચરમ આવર્ત એટલે છેલ્લું પુદ્ગળપરાવર્તકાળ (નામનું કારણ) બતાવે છે; ત્રીજું અનિવૃત્તિકરણ એ પુરુષાર્થ (નામનું કારણ) બતાવે છે; ભવપરિણતિનો પરિપાક તે સ્વભાવ (નામનું કારણ), ભવિતવ્યતા (નામનું કારણ) અને કર્મ (નામનું કારણ) બતાવે છે. એટલે પાંચે સમવાયી કારણો[1] એકઠાં થાય ત્યારે આ પાંચે કારણ પર આ જ સ્તવનની પાંચમી ગાથામાં વધારે પ્રસંગો આવશે ત્યારે વિસ્તાર થશે. આમાં ગ્રંથિભેદ વખતે કાળ, ભવિતવ્યતા, પુરુષાર્થ, કર્મ અને સ્વભાવનો સહકારી કારણ તરીકે કેવો નિયોગ થાય છે અને એ પાંચેની સામગ્રી કાર્યહેતુ તરીકે કેવી રીતે કામ કરે છે, તેનો ખૂબ વિસ્તાર શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કર્યો છે અને તેનો ઉલ્લેખ યોગબિન્દુમાં પણ પોતે કર્યો છે.[2] ત્યાં આ હકીકતનો વિસ્તાર કરતાં શ્રીમાન્ કહે છે કે ચરમપુદ્ગળપરાવર્ત વગરના તે પહેલાંના કાળમાં પ્રાણી ભવાભિનંદી હોય છે અને કદાચ કોઈ વાર સહજ ધર્મ કરે તો તે લોકસંજ્ઞાએ કરનારા હોઈ એમાં એનો દહાડો વળે નહિ. આ લોકપક્તિથી પ્રાણી કેટલીક વાર દાન આપે, સંભાષણ કરે, સન્માન આપે; પણ તે લૌકિક ભાવે હોય છે, એને લોકપક્તિ કહેવામાં આવે છે; એ યોગાભાસ છે, એનાથી કદાચ સંસાર લાભ થાય, પણ આત્મપ્રગતિ થતી નથી.

પણ જ્યારે પ્રાણી ચરમપુદ્ગળપરાવર્તમાં આવે, એ ત્રીજું કરણ કરે અને એને ભવસ્થિતિ પરિપાકદશાને પામી હોય ત્યારે શું થાય તે હવે કહે છે :

---

૧. સમવાયી કારણો પાંચ છે : કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યોગ. આ ગાથાના પ્રથમ બે ચરણમાં એ પાંચે કારણોનો ઉલ્લેખ છે એમ અત્ર બતાવ્યું છે.

૨. જુઓ. યોગબિન્દુ, શ્લોક ૮૩.

'દોષ ટળે' : ઉપર પ્રમાણે કારણોની પ્રાપ્તિ થાય ત્યારે સંસારસન્મુખપણાના અનેક દોષો ટળી જાય. એટલે કે ભય, દ્વેષ અને ખેદ રૂપ જે ત્રણ દોષો ઉપર બતાવ્યા તે દૂર થઈ જાય; અથવા ક્રોધ, માન, માયા અને લોભ, જેને અનંતાનુબંધીની સંજ્ઞા આપવાવામાં આવી છે, તેવા પ્રકારના ચીકણા આકરા હોય તે દોષો ટળી જાય. અહીં ધ્યાન એ રાખવાનું છે કે દોષોનો સર્વથા નાશ થતો નથી, પણ એ દૂર ખસી જાય છે.

અને ચરમપુદ્ગળપરાવર્તમાં આવી, પ્રાણી, ત્રીજું અનિવૃત્તિકરણ કરે અને એની ભવ-સ્થિતિનો પરિપાક થયો હોય, ત્યારે બીજું વધારે શું થાય તે કહે છે :

'ભવ દૃષ્ટિ ખૂલે' : આ 'દૃષ્ટિ' શબ્દ યોગનો છે એના પર શ્રી હરિભદ્રસૂરિએ યોગ-દૃષ્ટિસમુચ્ચય નામનો ગ્રંથ લખ્યો છે. એના પર સંક્ષિપ્ત વિવેચન અને ટૂંક સાર મેં મારા 'જૈન દૃષ્ટિએ યોગ'માં કરેલ છે (પૃ. ૧૬ થી ૫૫). 'દૃષ્ટિ' એટલે 'સાચી શ્રદ્ધા સાથેનો બોધ' સમજ્યા વગરની શ્રદ્ધા રાખવી તે બિનઉપયોગી બાબત છે અને બોધ વગરની શ્રદ્ધા ટકી શકતી નથી. દૃષ્ટિમાં શ્રદ્ધા અને બોધ બન્નેનો સહકાર અને સહચાર છે. એટલે વિચારપૂર્વક શ્રદ્ધા રાખી નિર્ણય કરવો અને સાચા સ્વરૂપનું જ્ઞાન કરવું એનું નામ 'દૃષ્ટિ' કહેવામાં આવે છે. શરૂઆતમાં ઓઘદૃષ્ટિ હોય છે. ચાલુ સંસારી જીવો ગતાનુગતિક રીતે ચાલ્યાં આવતાં કામો કર્યા કરે, વ્યવહારને પોષે, જનસંમત કામ કર્યા કરે, પોતાની અક્કલ-આવડતનો ઉપયોગ પ્રગતિ માટે ન કરે, એનું નામ ઓઘદૃષ્ટિ. આમાં એકાંત દૃષ્ટિબિન્દુ હોય છે, પરભાવમાં રમણતા હોય છે અને ચાલુ વ્યવહારમાં આંટાફેરા ખાવાનો અને લોકસંજ્ઞા જાળવવાનો મુદ્દો હોય છે. વિવેક દૃષ્ટિ ખીલતી જાય, સ્વપરનું વિવેચન થાય, તપ-ત્યાગના મુદ્દા પર પ્રાણી આવતો જાય, તેમ તેમ તેની દૃષ્ટિ આત્મસન્મુખ થતી જાય છે. એવી ખૂલતી દૃષ્ટિના આઠ વિભાગ પાડવામાં આવ્યા છે. તેનાં નામો અનુક્રમે મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા છે. આ પ્રત્યેક દૃષ્ટિમાં ચેતન આગળ વધતો જાય છે, તેમ તેમ તેના આત્મગુણો વધારે વધારે વિકાસ પામતા જાય છે, એનું દૃષ્ટિબિન્દુ સંસાર સન્મુખ હતું તેની દિશા બદલાતી જાય છે; એ ચેતનની પ્રગતિ કરવાના આત્મિક માર્ગે આવતો થાય છે, મોક્ષ સન્મુખ થતો જાય છે અને એનો વિકાસ સાચે માર્ગે થતો જાય છે. આ દૃષ્ટિનો વિષય ખાસ સમજવા યોગ્ય છે અને સમજીને પોતાનું સ્થાન શું છે અને ક્યાં છે એની શોધ-ભાળ કરવા યોગ્ય છે. મુમુક્ષુએ ઉપર લખેલ ગ્રંથનો અભ્યાસ કરવાથી એ કાર્યમાં ઘણી મદદ મળશે.

એમાં ઓઘદૃષ્ટિ પછી ઉન્નતિક્રમમાં જે યોગદૃષ્ટિઓ બતાવવામાં આવી છે, તે દૃષ્ટિ ખૂલવા લાગે છે એટલે પ્રાગતિક પંથે પડેલ ચેતનની દૃષ્ટિ ઊઘડતી જાય છે. ધીમે ધીમે પ્રાણી મનો-વિકારો પર વિજય મેળવતો જાય છે, એની અનેકાંત દૃષ્ટિ ખીલતી જાય છે, એના અત્યાર સુધીના અભિનિવેશો દૂર થતા જાય છે, એનો સંસાર પરનો રાગ ઓછો થતો જાય છે, એનામાં સ્થિરતા, શાંતિ અને નમ્રતા આવતી જાય છે, એનો કદાગ્રહ દૂર થતો જાય છે, એ પોતાનું શું છે અને પારકું શું છે, પોતાને લાભકારક શું છે અને સંસારમાં રખડાવનાર કોણ છે-

આવી બાબતનો એને વિચાર આવતો જાય છે અને એ ધીમે ધીમે આગળ ધપતો જાય છે. આ પરિસ્થિતિમાં ઓઘદૃષ્ટિને મૂકી એ યોગદૃષ્ટિમાં આવે અને મોક્ષમાર્ગ તરફ નજર કરે, એનું નામ 'દૃષ્ટિ ખૂલે' એવો ભાવ અત્ર યોજાયો છે.

શ્રી જ્ઞાનવિમળસૂરિ 'એને માર્ગાનુસારીની દૃષ્ટિ ખૂલે' એવો અર્થ કરે છે. એ વાત પણ સમુચિત છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં ગુણની પ્રાપ્તિ થાય છે તે સર્વ માર્ગાનુસારીપણાના ગુણોનો વિસ્તાર છે, એટલે કે પ્રાણીને હજુ સમકિતની પ્રાપ્તિ થઈ નથી, હજુ તેણે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મને જાણી–સમજીને તેનો સ્વીકાર કર્યો નથી, પણ તે રસ્તે ચઢી ગયો છે. સમ્યક્ત્વ-પ્રાપ્તિના માર્ગનું અનુસરણ તે 'માર્ગાનુસારીપણું' છે. એનું વર્ણન કરતાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પોતાના યોગશાસ્ત્રમાં તેના પાંત્રીશ ગુણોને વર્ણવે છે. આ ગુણો જેનામાં હોય અથવા જેનો જીવનપ્રવાહ એ પાંત્રીશ વિશેષણને અનુરૂપ થાય, તે રસ્તે ચઢ્યો છે એમ સમજવું.

શ્રી યોગશાસ્ત્રના પ્રથમ પ્રસ્તાવ ગાથા ૪૭–૫૬ દશ ગાથામાં એને (માર્ગાનુસારીને) વર્ણવી એને ગૃહસ્થધર્મને માર્ગે ચઢેલ કહે છે. આ હકીકત યોગસેવાને માર્ગે આગળ વધવાની ઇચ્છાવાળા મુમુક્ષુને અતિ ઉપયોગી હોઈ અત્ર તેનો ઉલ્લેખ કર્યો છે, જિજ્ઞાસુએ યોગશાસ્ત્ર (શ્રી હેમચંદ્રાચાર્યકૃત)માંથી એનો વિસ્તાર જોઈ લેવો. અહીં ધ્યાનમાં લેવાની વાત એ છે કે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોવાળો પ્રાણી હજુ રસ્તે ચઢ્યો છે, એટલે કે અત્યાર સુધી ભવાટવીમાં ભટકતાં એ માર્ગ ભૂલ્યો હતો, આડોઅવળો રખડતો–રઝળતો હતો, તેને બદલે એને હવે સડક હાથ લાગી છે, એની આડીઅવળી રખડપાટી પૂરી થઈ છે; પણ છતાં હજુ એને સમકિત પ્રાપ્ત થયું નથી, હજુ એનો સંસારનો છેડો ચોક્કસ થવાનો છે એમ એના સંબંધમાં ધારવાનું નથી. માર્ગાનુસારીપણાના ગુણોનો વિચાર કરતાં એ પ્રતિના ઘણા પ્રાણીઓ યથાપ્રવૃત્તિકરણની કક્ષા સુધી પહોંચેલ છે એમ કહી શકાય. એણે મોક્ષમાર્ગનું અનુસરણ કરવું શરૂ કર્યું છે એમ કહી શકાય, પણ હજુ એની રાગદ્વેષની ગાંઠનો ભેદ થયો નથી; હજુ એનો સંસાર મર્યાદિત થયો છે એમ કહી શકાય નહિ; હજુ એણે વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત કર્યું છે એમ કહેવાય નહિ. પ્રથમની ચાર દૃષ્ટિમાં આ માર્ગાનુસારીપણાના ગુણો આવે અને એ ગુણની પ્રાપ્તિ એટલે દૃષ્ટિ ખૂલવાનું ચેતનને બને એવા અર્થની જે સૂચના જ્ઞાનવિમળસૂરિએ કરી છે તેનો આ આશય જણાય છે. સ્થળસંકોચને કારણે માર્ગાનુસારીના ગુણો તથા પ્રથમની ચાર દૃષ્ટિનું વર્ણન અત્ર પ્રસ્તુત છે, તેને યોગ્ય સ્થાનેથી જોઈ લેવા સૂચવન કર્યું છે. આ સ્તવનમાં બીજી ઘણી બાબતો જણાવવા યોગ્ય લાગવાથી અત્ર સદર બાબતો પર સીધો ઉલ્લેખ કરવાનું છોડી દીધું છે.

એટલે ચરમપુદ્ગળપરાવર્તમાં પ્રાણી આવે, ત્રીજું અનિવૃત્તિકરણ કરે અને સંસારની પરિણતિનો પરિપાક થાય, ત્યારે એના દોષો દૂર થતા જાય છે અને એની દૃષ્ટિ ખૂલતી જાય છે. એની ચાર દૃષ્ટિ ખૂલી જાય છે ત્યારે એને વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે અને પછી એની દૃષ્ટિ આગળ આગળ ખૂલતી જાય છે અને એનો વિકાસ આગળ વધતો જાય છે.

આ પ્રસંગે એક વધારે હકીકત પણ તેના સંબંધમાં બને છે તે હવે કહે છે :

'પ્રાપતિ પ્રવચન વાક' એટલે ચેતનને પ્રવચનની વાણીની પ્રાપ્તિ થાય; 'પ્રવચન' એટલે સિદ્ધાંતવાકય. વક્તાના સુયોગ્ય ગુણપૂર્વક શ્રોતાને મહામૂલ્યવાન સિદ્ધાંતનાં મહાન સત્યો સમજાવવાનું કાર્ય તે **પ્રવચન** કહેવાય. સિદ્ધાંતના યથાસ્થિત વાકયને પણ પ્રવચન કહેવામાં આવે છે. આવા પ્રકારના પરમોપકારી સિદ્ધાંતનાં મહાન સૂત્રોની પ્રાપ્તિ થાય છે. દુનિયાદારીનાં સૂત્રોમાં સંસારરસિકતા, પૌદ્ગલિક પ્રેમ અને આકર્ષણો એવાં જોડાઈ જાય છે કે ઘણીવાર સંભાળ રાખવા છતાં પણ પ્રાણી સંસારનું પોષણ કરી બેસે છે, પણ જ્યારે એની પાસે પ્રવચનનાં નિર્દોષ પ્રેરક વચનો આવી પહોંચે, જ્યારે એને પ્રવચનની વાણી પર શ્રદ્ધા બેસે, ત્યારે એને સેવન-કારણ-ભૂમિકાની પ્રાપ્તિ થાય છે.

જૈન શાસ્ત્રકાર જેમ શ્રદ્ધાની અગત્ય વારંવાર સમજાવે છે અને દેવ-ગુરુ-ધર્મ પરની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહે છે, તેમ જ શ્રદ્ધાની સ્થિરતા માટે બોધની જરૂર સ્વીકારે છે. બોધ માટે શુદ્ધ પ્રવચનનો મહિમા તેમાં વારંવાર ભાર મૂકીને બતાવ્યો છે. આ પ્રવચન-અંજનનો મહિમા પંદરમા ધર્મનાથના સ્તવનમાં આગળ ખૂબ વિસ્તારથી આપવાનો છે; ત્યાં તે પ્રસંગે જરૂરી વિવેચન થશે. અહીં કહેવાની બાબત એ છે કે ભવપરિણતિનો પરિપાક થાય તે વખતે દોષો ટળી જાય છે. દૃષ્ટિ ખૂલતી જાય છે અને શુદ્ધ પ્રવચનની વાણીના શ્રવણનો લાભ પ્રાપ્ત થાય છે.

'પ્રવચન'નો અર્થ જિનદેવપ્રણીત સિદ્ધાંત થાય છે. ભગવતીસૂત્ર અને વિશેષાવશ્યકના મતે એ શબ્દ પારિભાષિક છે અને આગમજ્ઞાનના અર્થમાં વપરાય છે. પ્રવચન માટે માગધી શબ્દ 'પવયણ' છે અને તેનો અર્થ 'જૈન સંઘ' પણ થાય છે. અત્ર પ્રવચનની વાણીની પ્રાપ્તિની હકીકત સૂચવી છે, તે સુવિહિત જિનાગમની વાણી સમજવી. એ પ્રવચનથી સંસારનું સ્વરૂપ ઓળખાય છે, સ્વપરનું વિવેચન થાય છે અને મોક્ષમાર્ગના પ્રયાણને વધારે પાકું અને ચોક્કસ સ્થિર બનાવાય છે. આવા પ્રવચનના વચનથી પ્રતીતિ બરાબર થાય છે અને જામેલ શ્રદ્ધા કે કરેલ પ્રગતિ પાકી બનતી જાય છે.

શ્રી ઉપમિતિભવપ્રપંચા કથામાં પ્રથમ પ્રસ્તાવમાં જે સ્થાન 'ધર્મબોધકર' રસવતીપતિને આપવામાં આવ્યું છે, બીજા પ્રસ્તાવમાં સદાગમને જે સ્થાન આપવામાં આવ્યું છે, તેવા સદ્ગુરુનો યોગ એ પ્રવચનપ્રાપ્તિ છે. એવા પ્રવચનની પ્રાપ્તિ કરાવનાર શાંત, ધીર, નિષ્પક્ષ અને સમતાવાન હોય; એનામાં સહિષ્ણુતા, આવડત અને સમજાવટ કરવાની કુનેહ હોય; એની ઉપકારબુદ્ધિ અતુલ્ય અને અજોડ હોય; એનામાં આક્ષેપદૃષ્ટિ કે તોડી પાડવાની પદ્ધતિ ન હોય—એવા વિશિષ્ટ ઉપદેશક પાસેથી પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય, ત્યારે માર્ગપલટો થાય છે. પ્રવચનવાણીની પ્રાપ્તિનું મહત્ત્વ આગળ જતાં તેરમા સ્તવન (ગાથા ૪)માં આવવાનું છે. સદ્ગુરુકૃત પ્રવચન-અંજનનો મહિમા પંદરમા સ્તવનમાં (ગાથા ૩)માં આવવાનો છે અને વિશિષ્ટ વાણીનાં પરિણામો કેટલાં સુંદર નીવડે છે, તે પર વિચારણા અનેક દૃષ્ટિબિન્દુથી કરવાના પ્રસંગ આગળ આવે છે. અહીં વાત એટલી થઈ કે પ્રાણી છેલ્લા પુદ્ગળપરાવર્તમાં આવે અને ત્રીજું કરણ કરે અને જ્યારે એની સંસારપરિણતિનો પરિપાક થાય ત્યારે

(૧) એના દોષ ટળતા જાય છે, (૨) એની દૃષ્ટિ ખૂલતી જાય છે અને એને (૩) શુદ્ધ પ્રવચનની વાણીના શ્રવણનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત એને શું શું થાય તે હજુ આગળ વિસ્તારે છે. (૩)

પરિચય પાતિક ઘાતક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભવ૦ ૪

**અર્થ**—(એમ થાય ત્યારે) પાપોનો નાશ કરનાર સાધુ સાથે પરિચય વધતો ચાલે અને મન સંબંધી અકલ્યાણકારિતાનો ઘટાડો થતો જાય અને આત્મિક વિચારણા કરનાર (અધ્યાત્મના) ગ્રંથોનું સાંભળવાનું અને વિચારવાનું, આત્મિક સેવન માટે અને દૃષ્ટિબિન્દુ ધારવા માટે બની આવે. (૪)

**ટબો**—તે વારે (ત્યારે) પાતિકના ઘાતક એટલે અશુભ કર્મને હણે એવા સાધુનો પરિચય કરે તે વારે અકુશળ–માઠો સંકલ્પ ન જોડે તે અકુશળ કહીએ; એનો અપચય એટલે નાશ કરે એવું ચિત્ત થાય; તે વારે (ત્યારે) અધ્યાતમ ગ્રંથ-જ્ઞાન-દર્શન-ચારિત્રાદિકની જ્યાં સુગમતા એવા જે ગ્રંથ—આપ્તપ્રણીત, તેને અધ્યાત્મ ગ્રંથ કહીએ. તેનું શ્રવણ–સાંભળવું, મનન એટલે વિચાર, તેણે કરી સકળ નય–નૈગમાદિક હેતુ ઉપાદાન અસાધારણ, કારણાદિક, તેની પરિશીલના સ્યાદ્વાદમુદ્રાએ અભિગ્રહાદિ હઠરહિતપણે સેવે. (૪)

**વિવેચન**—તદ્યોગ્ય ભૂમિકાની તૈયારી થાય ત્યારે બીજી કઈ કઈ બાબતો બને તે બતાવે છે. ધ્યાનમાં રહે કે, અંતિમ પુદ્ગળપરાવર્તમાં ત્રીજું કારણ થયા પછી આ હકીકત બને છે. કોઈ પ્રાણી સન્મુખ થયેલ છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે પણ આ બાબતો ઉપયોગી છે, એ પ્રગતિનું નિદર્શન કરાવનાર છે અને પ્રગતિપોષક છે. આ ગાથામાં પ્રગતિપોષક અને નિદર્શન ત્રણ બાબતો તરફ ધ્યાન ખેંચ્યું છે તે આ પ્રમાણે છે :

क. સત્સંગતિ–સાધુપરિચય ख. માનસિક અકુશળતાનો નાશ. ग. અધ્યાત્મગ્રંથોનું પરિશીલન. આ ત્રણે બાબતો ખૂબ મહત્ત્વની છે અને તેટલા માટે ખૂબ વિચારણા માગે છે. આપણે એ પ્રત્યેકને વિચારીએ :—

---

**પાઠાંતર**—પાતિક – પાતક. ઘાતક – ઘાતિક. સાધુશું – સાધશું. મનન – મનને. પરિશીલન – પરિસલનયનય હેત. (૪)

**શબ્દાર્થ**—પરિચય = સહવાસ, ઓળખાણ. પાતિક = પાપો. ઘાતક = નાશ કરનાર, દૂર કરનાર. સાધુશું = સાધુ–ત્યાગી સાથે. અકુશળ = પરિણામે નહિ સારું, અકલ્યાણકારી. અપચય = ક્ષય હાનિ, ઘટાડો. ચેત = (વિશેષણ) ચિત્ત સંબંધીની, મન સંબંધી; (નામ) ચિત્તવૃત્તિ. ગ્રંથ = પુસ્તક, શાસ્ત્ર. અધ્યાતમ = અધ્યાત્મ, આત્મા સંબંધી. શ્રવણ = સાંભળવું તે. મનન = ચિંતવન, વિચારણા. કરી = કરવામાં આવે પરિશીલન = દીર્ઘ સેવન, કોઈ પણ વિષયને સારી રીતે સોચી – વિચારીને ધ્યાન પર લેવો, ભેટવું તે. નય = દૃષ્ટિબિન્દુ, કારણ–વિચારણ. હેત = હેતુઓ, માટે. (૪)

(क) **સાધુપરિચય અથવા સત્સંગ**—પ્રાણીના અનંત સંસારનો છેડો આવે અને એ માર્ગને અનુસરતો થઈ મોક્ષ સન્મુખ થાય, ત્યારે એને સજ્જન પુરુષોની સોબત થાય, અને એને સંત પુરુષોના સમાગમમાં જ આનંદ આવે. માણસ કેવો છે તેની પિછાન કરવી હોય તો તેના સોબતીઓ કેવા છે તેની તપાસ કરવી, કારણ કે એકસરખી ટેવ હોય અને એકસરખું ચારિત્ર હોય તેનો જ મેળ ખાય છે: समानशीलव्यसनेषु सख्यम्–એ જાણીતી વાત છે. મતલબ, સારા માણસને સારા સાથે સોબત થાય છે, અને એવા પ્રકારની સંગતિ જામે છે. મૈત્રી કે પરિચયની વાત અલગ છે અને અકસ્માત મેળાપની વાત અલગ છે. દીર્ઘ પરિચય, લાંબી મૈત્રી કે સ્થાયી સોબત તો સરખી કક્ષાના માણસો વચ્ચે જ થાય છે, અને પરિચયની બાબત લાંબા વખતનો સહવાસ અને વારંવાર મળવાનું માગે છે. હાલતાંચાલતાં કે મુસાફરીમાં ઉપરછલ્લી ઓળખાણ થઈ જાય તેને પરિચય કહેવાય નહિ. પ્રાણીની પ્રગતિ થાય અથવા એ પ્રગતિને પંથે ચઢે, ત્યારે તેને સાધુપુરુષ સાથે પરિચય થાય છે. સાધુપુરુષની સંગતિ કે પરિચય મહાન પુણ્ય હોય ત્યારે જ થાય છે એવી લોકોક્તિમાં ભારે રહસ્ય છે. સાધુપુરુષો પોતાનું આત્મિક તેજ પોતાના પરિચિત જનોમાં જરૂર આપે છે. એક જાણીતા સુભાષિતમાં કહ્યું છે કે 'સત્સંગ બુદ્ધિની જડતાનો નાશ કરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માન અપાવે છે, ઉન્નતિનો રસ્તો બતાવે છે, પાપને ધોઈ નાખે છે, ચિત્તની પ્રસન્નતા કરાવે છે, ચારે દિશામાં કીર્તિને ફેલાવે છે—સત્સંગતિ પ્રાણીના સંબંધમાં શું શું નથી કરતી તે કહે.[1] આવો સત્સંગનો મહિમા અનુભવીઓએ ગાયો છે અને અનેક આકારમાં સંગ્રહી રાખ્યો છે. સાધુપુરુષની સલાહમાં હમેશા સીધા, સરળ અને પ્રગત માર્ગો જ હોય અને એની વાણી, વિચાર કે વર્તનમાં પાપની વાત ન હોય; એનું માર્ગદર્શન પાપનો નાશ કરનારું હોય, ત્યારે, પ્રગતિનો પંથ ખૂબ કપાઈ જાય છે અને પાછા પડવાની બાબત પર એક પ્રકારની બ્રેક (અટકાયત) આવી જાય છે. ભૂમિકા-શુદ્ધિ થાય ત્યારે પાતિકનો નાશ કરનાર સાધુપુરુષનો પરિચય થાય છે. સાધુપુરુષ એટલે અમુક પ્રકારનો વેશ ધારણ કરેલી વ્યક્તિઓ, એમ ધારવાનું નથી. જે ખરા સજ્જન હોય, જેનાં વર્તન, વાણી અને વિચારમાં એકતા હોય, જેના જીવનવ્યવહારમાં આત્મવિચારણાને અગ્ર સ્થાન હોય, જેને સંસારની રખડપાટીનો ત્રાસ લાગ્યો હોય અને જેનો વ્યવસાય આત્મ-પ્રગતિ તરફ હોય, આવા પ્રાણીનો પરિચય થાય તે પાતિકનો ઘાત કરાવનાર નીવડે છે. અને એવા સાચા સત્પુરુષનો પરિચય એ સેવન-કારણ નીવડતી ભૂમિકાની પ્રાપ્તિને અંગે અથવા તેના સંબંધના અનુસંધાનમાં પ્રાપ્ત થાય છે.

(ख) **માનસિક અકુશળતાનો ત્યાગ**—સેવન-કારણ-ભૂમિકા તૈયાર કરવામાં અકુશળ ચેતનો અપચય થાય છે એટલે અકલ્યાણકારી મન સંબંધી પરિસ્થિતિનો ક્ષય અથવા ઘટાડો થાય છે. 'અપચય' શબ્દમાં चि ધાતુને अप ઉપસર્ગ લાગેલો છે તેનો અર્થ વ્યય, હાનિ કે અપહરણ

---

૧. जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं, मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं, सत्संगतिः कथय किं न करोति पुंसाम् ? ॥

થાય છે. અને 'ચેત'નો અર્થ કોશકાર ચિત્તની વૃત્તિ કે ચેતના કરે છે. એ નામ પણ છે અને વિશેષણ તરીકે પણ વપરાય છે. તથા અકુશળ એટલે અકલ્યાણકારી. મતલબ કે અકલ્યાણકારી ચિત્તવૃત્તિનો તે વખતે નાશ થાય છે : આવો ભાવ થાય છે. આ અકુશળ ચેત–ચિત્તવૃત્તિ કેવા પ્રકારની હોય છે, તે જાણી લેવા જેવું છે. એના સ્વરૂપ સંબંધમાં શ્રી ઉપમિતિભવપ્રપંચા કથામાં શ્રી સિદ્ધર્ષિ મહારાજે ત્રીજા પ્રસ્તાવમાં વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. ત્યાં પ્રસંગ સ્પર્શન-ઇંદ્રિયનો પ્રભાવ બતાવવાનો છે. એને અંગે બાળ, મધ્યબુદ્ધિ અને મનીષીના સંબંધમાં સ્પર્શન કેવી રીતે કામ લે છે તે બતાવતાં બાળની માતાને 'અકુશળમાળા'નું સુયોગ્ય નામધેય આપવામાં આવ્યું છે. એ અકુશળમાળાની સલાહથી બાળ કેવી ભૂલો કરે છે અને ઇંદ્રિયોના વિકારને અંગે સ્પર્શન-ઇંદ્રિયના ભોગો ભોગવવા જતાં કેવો હેરાન થાય છે અને કર્મવિલાસ મહારાજાનો આ અકુશળમાળા સાથે કેવો સંબંધ હોય છે, તે વિચારતાં અકુશળ માનસનાં ભયંકર પરિણામો ખ્યાલમાં આવે છે. મતલબ એ છે કે જ્યાં સુધી ચિત્તમાં સ્થિરતા ન આવે, જ્યાં સુધી એને પૌદ્ગલિક બાબતો, ભોગવિલાસ કે ઉપભોગમાં આનંદ આવે અને જ્યાં સુધી એના પર રાગકેસરીનો દોર ચાલ્યા કરે, ત્યાં સુધી એનું ચેતસ્ અકુશળ છે. એને વસ્તુસ્વરૂપની ઓળખાણ થઈ નથી, એની સંસારની વાસના ઓછી થઈ નથી અને એણે વસ્તુનાં મૂલ્યાંકનો બરાબર કર્યાં નથી એમ સમજવું. યોગમાર્ગે ચઢવા પહેલાં યોગનો રસ્તો સાંપડવો જોઈએ અને એનો રસ્તો મેળવવા માટે મનમાં એને વસ્તુની કિંમત થવી જોઈએ. જ્યાં સુધી એ મનમાં સાચાં મૂલ્યો ન સમજે ત્યાં સુધી એને સાચા રાહ પર આવવાની તક પણ મળતી નથી. અને અકુશળમાનસવાળો ભવાભિનંદી પ્રાણી તો વસ્તુઓનો, વસ્તુ અને ચેતનનો અને બન્નેનો પરસ્પર સંબંધ કેવો, કેટલો અને કેટલા વખત સુધીનો છે, એ જાણતો ન હોવાથી એના ઉપરચોટિયા ખ્યાલમાં તન્મય થઈ જાય છે અને સંસારને ચાહવા જતાં તેમાં ડૂબી જાય છે. આવા પ્રકારનું અકુશળ માનસ હોય ત્યાં સુધી પ્રાણીનો નિસ્તાર થતો નથી. એનું અજ્ઞાન અને એનો અબોધ એને સંસાર-સન્મુખ રાખે છે. એને વ્યવહારમાં રાચવામાં મજા આવે છે. એને ઇંદ્રિયના ભોગોમાં જીવનનું સાર્થક્ય લાગે છે અને એ પોતાનો પારિણામિક લાભ ક્યાં છે તે સમજી શકતો નથી, અને ઉપર ઉપરના ખ્યાલમાં લેવાઈ જાય છે. અકુશળપણું હોય ત્યાં સુધી પ્રાણી ક્રોધ-માન-માયા-લોભ જેવા માનસિક વિકારોને ઓળખી શકે નહિ, એ રાગ-દ્વેષને યથાસ્વરૂપે જાણી શકે નહિ અને પછી તો ભય, શોક, રતિ, અરતિ કે કામક્રીડામાં લેવાઈ જાય, મોહના ચકરાવામાં પડી જાય અને અતત્ત્વાભિનિવેશનો ભોગ બની અનાદિ સંસારમાં ગમે ત્યાં તણાઈ જાય છે અને પરિણામે જરા ઊંચો આવ્યો હોય, જરા રસ્તાસર સ્થિતિમાં આવતો થયો હોય તે પણ ગુમાવી બેસે છે અને સંસારના રાગ-દ્વેષની તાણાતાણમાં ભયંકર વાયરે ચઢી જાય છે. આવા પ્રકારના માનસને અકુશળ માનસ કહેવામાં આવે છે. એમાં પરિણામદર્શિતા ન હોય. એમાં સદસદ્વિવેક ન હોય, એમાં સ્વપરના ભેદ ન હોય, એમાં લાંબા ગાળાની દીર્ઘ નજર ન હોય અને એમાં વસ્તુ

અને ચેતનના સંબંધની કે વસ્તુની મૂલ્યવત્તા ન હોય.

અકુશળમાળાના સંબંધને કારણે અને તેની સલાહને અનુસરવાને પરિણામે બાળકના કેવા હાલહવાલ થાય છે તે ( ઉ. ભ. પ્રપંચા કથાના ) ત્રીજા પ્રસ્તાવમાંથી વાંચી વિચારવા યોગ્ય છે. અને એ હાલહવાલ તો એક ઇંદ્રિય( સ્પર્શન )ની પરાધીનતાનાં પરિણામો છે, પણ પ્રાણીની સર્વ ઇંદ્રિયો મોકળી હોય, એની એને સાચી પિછાન પણ ન થઈ હોય કે એને ઓળખાવનાર પ્રબોધકાચાર્ય જેવા સાથે એનો પરિચય[1] પણ ન હોય, તો પછી એણે સેવન-કારણ-ભૂમિકા પ્રાપ્ત કરવાની પણ આશા શા માટે રાખવી? ચાલુ વ્યવહારમાં ઘસડાવાને ટેવાયેલા પ્રાણીને આ ટાયલાં લાગે તેવી વાત છે, પણ સંસારનો છેડો લાવવા સારુ યોગ માર્ગે ચઢવાની પાકી ઇચ્છા હોય તો આ હકીકતને પચાવે જ છૂટકો છે. એમાં તો પ્રબોધનરતિ જેવા આચાર્યનો પરિચય જોઈએ અને અકુશળમાનસનો ત્યાગ જોઈએ. હજુ એક વધારે ચીજની પણ આ પ્રાથમિક પૂર્વસેવાને અંગે જરૂર છે તે પણ બતાવવામાં આવેલ છે.

**(ग) અધ્યાત્મગ્રંથોનું પરિશીલન**—પ્રગતિપોશક અને પ્રગતિનિદર્શન મહત્ત્વની બાબત અધ્યાત્મગ્રંથોનું પરિશીલન છે. કર્મનિર્જરાને અંગે છ પ્રકારનાં અભ્યંતર તપ બતાવવામાં આવ્યાં છે : પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ, તે પૈકી ચોથો પ્રકાર, સ્વાધ્યાયનો છે. ચારિત્રધર્મરાજનાં દાનમુખ, શીલમુખ, તપમુખ અને ભાવમુખ વર્ણવી એ વિશિષ્ટ મહારાજાને ચતુર્મુખ બતાવ્યાં છે, ત્યાં તપનું સ્થાન ત્રીજું આવે છે.[2] લાગેલાં કર્મોને દૂર કરવાનું કારણ તપ બને છે; તેમાં પણ સ્વાધ્યાયને ઘણું અગત્યનું સ્થાન છે. શ્રદ્ધાને સ્થિર કરનાર, યોગમાર્ગમાં પાકી પ્રગતિ કરાવનાર 'સ્વાધ્યાય' મનુષ્યગતિનો લહાવો છે, અને સાધુ-જીવનની પરાકાષ્ઠા છે. આત્માને ઓળખાવનાર, સ્વપરનું પૃથક્કરણ કરી આપનાર અને પુદ્ગળને યથાસ્વરૂપની કક્ષામાં ગોઠવી આપનાર સ્વાધ્યાયની તો ખરેખર બલિહારી છે. 'સ્વાધ્યાય'—સજ્ઝાય-ધ્યાન એ અભ્યંતર તપનો વિભાગ છે. અભ્યાસને અંગે એના પાંચ ભેદ પાડવામાં આવ્યા છે, તેનો પ્રથમ ખ્યાલ કરી લઈએ. તેનાં નામો અનુક્રમે વાચના, પૃચ્છનાં, પરાવર્તના અનુપ્રેક્ષા અને ધર્મકથા છે.

**'વાચના'**—એટલે વાચન, વાંચવું તે; લખેલું મનમાં કે મોટેથી ઉકેલવું તે; પોતે ભણવું, શિષ્યને ભણાવવું અથવા જાહેરમાં કે એકાંતમાં લખેલું ઉકેલી જવું તે.

**'પૃચ્છના'**—ગુરુ કે જ્ઞાનીને શંકા પૂછવી, અંદર અંદર ચર્ચા કરવી, શંકાનું નિવારણ સવાલ-જવાબ દ્વારા કરવું તે.

**પરાવર્તના**—પૂર્વે અભ્યાસ કરેલ બાબતોને યાદ કરી જવી, કરેલ પાઠને ફરી ફરી સંભારવો. આમાં revision અને review પુનરીક્ષણ અને પુનર્દર્શન તથા પરીક્ષણનો સમાવેશ

---

૧. ઉપમિતિભવપ્રપંચા કથા, અવતરણ, પ્રસ્તાવ ૩, સ્પર્શન-કથનાક પૃ. ૩૭૪ થી શરૂ થાય છે. ચૌદમા પ્રકરણ સુધી એ કથા ચાલે છે. ૨. સદર, પ્રસ્તાવ ૪, પ્રકરણ ૩૪.

થાય છે. સંશોધનકાર્યનો સમાવેશ પણ આ પરાવર્તન–વિભાગના સ્વાધ્યાયમાં આવે.

**'અનુપ્રેક્ષા'**—અગાઉ જે અર્થ ધારેલો હોય તેનું ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા. પરાવર્તનામાં ગ્રહણશક્તિ અને યાદશક્તિ સાથે સંબંધ રહે છે, જ્યારે અનુપ્રેક્ષામાં વિચારશક્તિ અને પૃથક્કરણશક્તિ સાથે સંબંધ રહે છે.

**'ધર્મકથા'**—ધર્મકથા કહેવી, ધર્મનો ઉપદેશ કરવો, અને ધર્મમય વાતાવરણ જમાવવા માટે વિવિધ પ્રકારના જાહેર પ્રયત્ન કરવા.

આ પાંચ પ્રકારના તપને સ્વાધ્યાય નામનો અભ્યંતર તપ કહેવામાં આવે છે અને સર્વ અભ્યંતર તપોની પેઠે કર્મનિર્જરા માટે એ બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ધર્મમાં સ્થિર કરવા માટે તત્ત્વનું જ્ઞાન ભારે મહત્ત્વનો ભાગ ભજવે છે. અહીં ભૂમિકા તૈયાર કરવામાં યોગપ્રવેશને અંગે અધ્યાત્મગ્રંથનું શ્રવણ, મનન અને પરિશીલન કરવાની હકીકત કહી છે. એટલે પ્રથમ અધ્યાત્મગ્રંથો કોને કહેવા તે માટે અધ્યાત્મને ઓળખવા પ્રયત્ન કરીએ.

**'અધ્યાત્મ'**—આત્માને લગતી બાબત તે અધ્યાત્મ કહેવાય છે. आत्मनि इत्यध्यात्मम्. જે ગ્રંથોમાં આત્માને લગતી વાતો આવે તે અધ્યાત્મગ્રંથ કહેવાય. આત્મા છે કે નહિ, એનો અનાદિ કર્મ સાથે સંબંધ કેવો છે, તે સંબંધ કેમ દૂર થાય, એ આવતાં કર્મોને કેમ રોકાય, એ લાગેલાં કર્મોનો ભોગવટો કેમ થાય, નવીન કર્મો અને જૂનાં કર્મોનો સંબંધ કેમ થાય, કર્મબંધન અને કષાયનો સંબંધ કેટલો છે, મનોવિકારોને એમાં શું સ્થાન છે, અનાભોગ અને કર્મસંબંધ, કર્મ પર સામ્રાજ્ય મેળવવામાં ભાવનાને સ્થાન, આત્માનું અમરત્વ, એની છુપાયલી શક્તિ, એ શક્તિને વ્યક્ત કરવાનાં સાધનો, યોગના પ્રકારો, ત્રિકરણશુદ્ધિ, રાગ.દ્વેષનો આત્મા સાથે સંબંધ, કર્મ ફળ આપે ત્યારે ચેતનમાં થતા પારિણામિક ભાવો, આત્મા અને પરભાવનો સંબંધ, આત્માનો મોક્ષ થવાનાં સાધનો—વગેરે અનેક બાબતો 'અધ્યાત્મ'ની કહેવાય અને જે પુસ્તકોમાં આ બાબતો પૈકી કોઈ કોઈની વિચારણા બતાવી હોય તેને આધ્યાત્મગ્રંથ કહેવાય. શાસ્ત્રના ઘણા ગ્રંથોમાં આત્મા સંબંધી વાતો હોય છે. પણ કટલાંક પુસ્તકો તો આત્માની જ વાત કરે છે તે ખાસ અધ્યાત્મગ્રંથો કહેવાય. દાખલા તરીકે, હરિભદ્રસૂરિ મહારાજના યોગબિન્દુ, યોગદૃષ્ટિસમુચ્ચય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય કે શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયની બત્રીશ બત્રીશી કે અધ્યાત્મસાર અથવા શ્રી મુનિસુંદરસૂરિ મહારાજનો અધ્યાત્મકલ્પદ્રુમ કે શ્રી વિનયવિજય મહારાજનો શાંતસુધારસ કે શ્રી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર—એ અને એવા આત્મા સંબંધી વિચાર આપનારા ગ્રંથો અધ્યાત્મગ્રંથો કહેવાય. ભૂમિકા તૈયાર કરવામાં અધ્યાત્મગ્રંથો બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સાધુપુરુષોનો પરિચય, અકુશળ ચિત્ત પર અંકુશ અને અધ્યાત્મગ્રંથોનું વારંવાર મનન કરવાથી યોગકારણની ભૂમિકા તૈયાર થાય છે અને તૈયાર થયેલી ભૂમિકા પર સમુચિત ચિતરામણ થાય છે, જે પ્રગતિને ખૂબ મદદ આપે છે. અહીં યાદ રાખવાનું કે શાસ્ત્રમાં જેને 'અધ્યાત્મયોગ' કહેવામાં આવે છે અને જેના પર શ્રી યોગબિન્દુ ગ્રંથમાં પુષ્કળ વિવેચન કરવામાં

આવ્યું છે અને જેના પર શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાની અઢારમી બત્રીશીમાં વિસ્તાર કર્યો છે, તેવા પ્રકારનો અધ્યાત્મયોગ હજુ પ્રાપ્ત થયો નથી કે તેમાં પ્રવેશ થયો નથી,[1] પણ એને પ્રાપ્ત કરવાની ભૂમિકા મેળવવા માટે અધ્યાત્મગ્રંથોનું શ્રવણ, મનન, પરિશીલન બહુ જરૂરી છે.

**'નયહેત'**—નય એટલે દૃષ્ટિબિન્દુ, તેને સમજવા માટે અને તેનો વિવેક કરવા માટે અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ ખાસ ઉપયોગી છે. નયવાદ એ જૈન તત્ત્વજ્ઞાનનો અપૂર્વ વિષય છે. જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓને લક્ષ્યમાં રાખવાથી અંશ-સત્ય મળે છે અને એવાં અનેક દૃષ્ટિ-બિન્દુઓ નજરમાં રહે ત્યારે પ્રમાણ-સત્ય પ્રાપ્ત થાય છે. અપેક્ષાવાદમાં આ સર્વ હકીકત બતાવવામાં આવી છે. આ અંશ-સત્ય અને પ્રમાણ-સત્ય, જેને નયવાદ અથવા અપેક્ષાવાદ કહેવામાં આવે છે અને જે તત્ત્વજ્ઞાનની ખાસ વિશેષતા છે, તેના પર જૈનનો અનેકાંતવાદ રચાયલો છે અને એ જૈન તત્ત્વજ્ઞાનની ખાસ વિશેષતા ગણાય છે. અધ્યાત્મગ્રંથનું શ્રવણ કરવું, એમાં બતાવેલ આદર્શોનું મનન કરવું અને એનું દીર્ઘ સેવન કરવું, તેમાં મુદ્દો દૃષ્ટિબિન્દુઓ (નય) સમજવાનો છે. દૃષ્ટિબિંદુ સમજવામાં આવે તો પછી આ સંસારમાં વર્તતા આસક્તિભાવો, એનાં કારણો અને પરિણામોના મુદ્દા પર લક્ષ્ય જાય અને અધ્યાત્મગ્રંથની પ્રસાદીના ઉપયોગને લઈને છેવટે આ સંસારચક્રની રખડપાટીનાં કારણો સમજાય અને તેમાંથી બહાર નીકળી જવાના મુદ્દા પર લક્ષ્ય જાય. આ નયવાદને સમજવો એ જૈનધર્મની ચાવી છે. એના બોધ કે એ તરફ લક્ષ્ય જતાં સેવનકારણની ભૂમિકા તૈયાર થઈ જાય છે. એટલે મુદ્દાઓ અને વિગતો સમજવા માટે, આખા સંસારનાં કારણો અને એના સ્વરૂપનો ખ્યાલ કરવા માટે નય–દૃષ્ટિબિન્દુઓ જાણવાની જરૂર છે અને તેની પરસ્પરની કિંમત સમજવા માટે અધ્યાત્મગ્રંથનું શ્રવણ, મનન કે પરિશીલન ખાસ ઉપયોગી નીવડે છે. અથવા 'નયહેત' એટલે 'નય માટે' એવો પણ અર્થ થાય. નયવાદ એ જૈન તત્ત્વજ્ઞાનનો પાયો છે, દરેક અંશ–સત્યને સમજવાનો રાજમાર્ગ છે અને અનેકાંતવાદનો આધાર છે. એટલે અધ્યાત્મગ્રંથોથી આત્માને ઓળખી ધર્મ–તત્ત્વજ્ઞાનને બરાબર સમજવા કે ઓળખવાની ભૂમિકા આ નયજ્ઞાન પૂરી પાડે છે અને સેવન દ્વારા આત્મ-પ્રગતિ સાધવાનું એ અગત્યનું દ્વાર છે.

નયવાદની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તેવા વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર[2] તે નયવાદ. નયવાદમાં પરસ્પર વિરોધી દેખાતા અને છતાં વાસ્તવિક રીતે જોતાં અવિરોધી એવા વિચારોના અવિરોધીપણાનાં કારણોનું ગવેષણ મુખ્યપણે હોય છે. આ ગવેષણના કાર્યને પરિણામે ચેતન આત્માને (પોતાને) ઓળખે છે, અંશ-સત્યોની મર્યાદા સમજી પ્રમાણ-સત્ય શોધે છે અને એ રીતે એની ભૂમિકા વિશિષ્ટ થતી હોવાને પરિણામે એ સેવનકાર્યમાં આગળ ધપે છે.

---

૧. અધ્યાત્મયોગના સંક્ષિપ્ત વર્ણન માટે જુઓ મારો 'જૈન દૃષ્ટિએ યોગ' પૃ. ૬૧ – ૬૫ (પ્રથમાવૃત્તિ.)

૨. તત્ત્વાર્થ, અધ્યાય ૧, સૂત્ર ૩૪, (પં. સુખલાલજીકૃત વિવેચન) પૃ. ૬૯.

આ રીતે ચેતન જ્યારે ચરમ પુદ્ગળપરાવર્તમાં આવે, ત્રીજું અનિવૃત્તિકરણ કરે અને એની ભવપરિસ્થિતિ પરિપાક થઈ હોય, ત્યારે એ ભૂમિકાને અભય, અદ્વેષ અને અખેદ બનાવે અને એની વિશુદ્ધિ માટે એ સાચા સત્પુરુષોનો પરિચય કરે, મનની અકુશળતાનો ઘટાડો કરે અને અધ્યાત્મના ગ્રંથોનું શ્રવણ, મનન, ચિંતવન કરે.[1] (૪)

કારણ જોગે હો કારજ નીપજે રે, એહમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીએ રે, એ નિજ મત ઉનમાદ. સંભવ૦—૫

**અર્થ**—(સહકારી કે સમવાયી) કારણોની પ્રાપ્તિ થયે કાર્ય નીપજાવી શકાય, એ બાબતમાં કોઈ પ્રકારની ભાંજગડ કે મતભેદને અવકાશ નથી; કારણની પ્રાપ્તિ વગર અમે કાર્ય નિપજાવી શકીશું એવી સ્થાપના કે વિચારણા, એ તો નર્યો પોતાના અંગત અભિપ્રાયનો તોર છે, એ એક પ્રકારની ઘેલછા છે. (૫)

**ટબો**—જે માટે કારણને યોગે જ કાર્ય નીપજે એવો ન્યાય છે. જેવું કારણ તેવું કાર્ય. સ્યાદ્વાદ હેતુએ સ્યાદ્વાદ પ્રાપ્તિ ફળ કાર્ય થાય. હઠના હેતુએ હઠપ્રાપ્તિ ફળ નીપજે—એમાં કોઈ વાદ નથી, સર્વ સંમત છે. પણ વળી કારણ મેળવ્યા વિના જે કાર્ય સાધવા જાય, તે તો આપ મતનો ઉન્માદ જાણવો. કારણ કે વચન માત્રે વીર્ય ફેરવતા હતા, પણ કરણીના નહિ અને ફળ સાધવા હીંડે; થયા વાઙ્‌માત્રસારા–પરમાર્થશૂન્યા એ ન્યાય થાય. એક પ્રતમાં ઉમેરે છે એ રીતના પરિપાકે કરી અનાદિના આઠ દોષ–ક્ષુદ્રાદિક ટળે; ક્ષુદ્ર ૧, લોભ ૨, રત ૩, ભયવાન ૪, મચ્છરી ૫, શઠ ૬, અજ્ઞ ૭, ભવાભિનંદી ૮. (૫)

**વિવેચન**—ઉપર પ્રમાણે ભૂમિકા તૈયાર કરવાની વાત કરી, તેમાં કાર્યકારણભાવસંબંધ કેવો હોય છે તે બતાવી યોગી મહારાજ ન્યાયના એક મોટા જાણીતા સૂત્રની વાત રજૂ કરી તેને પોતાના સેવાભાવની પ્રેરણાની ભૂમિકા સાથે વણી દે છે; એને માટે પ્રથમ આપણે કાર્યકારણસંબંધ શું છે તે જાણી લઈએ.

**કારણકાર્યસંબંધ**—જેના વગર પરિણામ ન નીપજે તે કારણ કહેવાય. કારણ ગતિમાન થાય, એટલે જ્યારે એનો વ્યાપાર ચાલુ થાય, ત્યારે તેમાંથી કાર્ય થાય. જે કાર્યની સાથે સમવાય

**પાઠાંતર**—જોગે–યોગઈ.નીપજે–નિપજઈ. એહમાં–એમાં. વિણ–વિણુ. સાધીએ–સાધીઈ. ઉનમાદ–ઉન્માદ.(૫)

**શબ્દાર્થ**—કારણ=કાર્યની ઉત્પત્તિનું મૂળ, હેતુ, સબબ. જોગે=યોગે, પ્રાપ્તિએ. કારજ=કાર્ય, પરિણામ. નીપજે=ઉત્પન્ન થાય, પેદા થાય, લાભ થાય. વાદ=ભાંજગડ, તકરાર. કારણ વિણ=પ્રયોજન વગર, પ્રાથમિક પ્રસંગ વગર. કારજ=ધારેલ મુદ્દો, સાધ્ય. સાધીએ=નીપજાવીએ. નિજ=પોતાના. મત=મતિ, બુદ્ધિ, અભિપ્રાય, પંથ, ધર્મ, સંપ્રદાય. ઉનમાદ=ગાંડાપણું, કેફીપણું, ઘેલછા, તોર, તોફાન. (૫)

[1] ૧. આ ચોથી ગાથામાં 'સાધુશું'ને બદલે કોઈ પ્રતમાં 'સાધશું' એવો પાઠાંતર છે એ અર્થ વગરનો છે; સ્તવન બોલતાં બોલતાં સાધશું એટલે વશ કરશું એવો ભાવ જમાવી દીધો છે, પણ એનો પરિચય પાતિક અને ઘાતક સાથે કાંઈ મેળ ખાય તેમ નથી. એટલે એ પાઠનો સ્વીકાર થઈ શકે તેમ નથી. બાકીનાં પાઠાંતરો સમજાઈ જાય તેવાં છે.

સબંધે વર્તે, એટલે જેનો સંબંધ ખૂબ ગાઢ હોય તે 'સમવાયી કારણ' કહેવાય. સમવાયી કારણમાં એક જ પરિણામ લાવવા સાટે સમવેત રહી કાર્ય લાવવામાં કાર્ય તરીકે કે કારણ તરીકે જોડાઈ બાજુમાં સાથે રહે તે 'અસમવાયી કારણ' અને માત્ર નિમિત્ત પૂરું પાડે તે 'નિમિત્તકારણ.' સૂતરમાંથી કાપડ બને એટલે સૂતર અને કાપડનો સંબંધ સમવાયસંબંધ કહેવાય. પટ બનાવવાના કાર્યની સાથે તંતુમાં રહે તે તંતુસંયોગ પટનું અસમવાયી કારણ કહેવાય. બાકી શાળ વગેરે નિમિત્તકારણો છે. તે જ પ્રમાણે ઘટ બનાવવામાં માટી સમવાયી કારણ છે, માટીનો રંગ અસમવાયી કારણ છે અને કુંભારનો દંડ, ચાકડો, દોરી વગેરે નિમિત્તકારણ છે. કોઈ પણ કાર્ય નિપજાવવા માટે કારણોની હાજરી જરૂર જોઈએ. કારણની હાજરી વગર કાર્ય થઈ શકે નહિ, નીપજી શકે નહિ. ઉપાદાન કારણ તે સમવાયી કારણ છે, તે બહુ જ જરૂરી ગણાય છે; નિમિત્તકારણ તો પ્રસંગ પૂરો પાડે છે. આવી રીતે કારણકાર્યસંબંધ વિચારી કારણોને સંગ્રહવા પ્રયત્ન કરવો જોઈએ.

એટલે અહીં જણાવે છે કે કારણનો યોગ હોય તો કાર્ય થાય, એ વાતમાં કોઈ જાતનો વાદવિવાદ કે મતભેદ નથી. જો તમારે પ્રગતિ કરવી હોય, જો તમારે ચેતનનો કર્મ સાથેનો સંબંધ સદાને માટે દૂર કરવો હોય, તો તમારે સેવન યોગ્ય ભૂમિકા તૈયાર કરવી જ રહી. જો ઘડો તૈયાર કરવો હોય તો દંડ, ચક્ર, ચીવર, દોરી મેળવી તદ્યોગ્ય પરિસ્થિતિ જમાવવી જ પડે. તે વગર તમે ઘડો તૈયાર કરવાની આશા રાખો એ વહેવારુ વાત નથી. તમારે બહારગામ જવું હોય તો તદ્યોગ્ય તૈયારી કરી તેનાં સાધનો એકઠાં કરવાં જ પડે. અહીં તમારે સ્વરૂપાનુસંધાન કરવું છે, ચેતનનો કર્મમળ દૂર કરવો છે, તો તેને માટે ભૂમિકા તૈયાર કરવી જ પડે. આ બાબતમાં મતભેદ કે મતફેરને અવકાશ જ ન હોઈ શકે. આખા જીવનમાં અવલોકન કરી કારણકાર્યસંબંધ વિચારી જોશો તો જણાશે કે કારણો મેળવ્યા વગર અને કારણ યોગ્ય ભૂમિકા તૈયાર કર્યા વગર દુનિયામાં કોઈ કાર્ય થતું નથી. તમારે મંદિર બાંધવું હોય તો તે પહેલાં તદ્યોગ્ય ભૂમિ તૈયાર કરવી જ પડે. આવી રીતે કારણો સાંપડે તો કાર્ય જરૂર થાય, એ વાતમાં ભાંજગડ જેવું કાંઈ નથી; એ તો સ્વયંસિદ્ધ નિયમ છે, છતાં કોઈ ધૃષ્ટતાથી એમ માનતો હોય કે અમે તો વગર કારણે કાર્યને ઉત્પન્ન કરશું, અમે વગર ત્યાગ કર્યે ચેતનને કર્મજાળમાંથી છોડાવી દેશું, અમે ભૂમિકાની તૈયારી કર્યા વગર સેવનકાર્ય નિપજાવી શકીશું, તો તે પોતાના અભિપ્રાયનું ગાંડપણ છે. તમારે ત્યાગ કરવો નથી, મોજમજા માણવી છે, અને છતાં આનંદઘનપદ મેળવી નિત્ય શાંતિ માણવી છે : આ વાતમાં કાંઈ માલ નથી. આ વાત વિચાર વગરની, પરિણામશૂન્ય અને વગરવિચારનાં ભામાં છે.

જૈન તત્ત્વજ્ઞાનીઓ કહે છે કે કોઈ પણ હકીકત બનવાને અંગે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યોગ એ પાંચે કારણોની હાજરી જોઈએ. વસ્તુ બનવાનો સમય પાકવો જોઈએ; તે પ્રમાણે થવાનો વસ્તુનો સ્વભાવ હોવો જોઈએ; તે પ્રમાણે વસ્તુ બનવાની હોવી જોઈએ; તદ્યોગ્ય કર્મ હોવું જોઈએ; અને તે પ્રમાણે કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. આ પાંચે કારણોનો સમુદાય

એકઠો ન થાય તો કામ ન બને. આ કારણો પૈકી કોઈ કોઈ પ્રસંગે પાંચમાંના એકને અગ્રસ્થાન આપવાનો આગ્રહ કરવામાં આવે છે, પણ એ 'નિજ મતનો ઉન્માદ' છે, હાથથી પાંચ આંગળીનો મેળ મેળવવા જેવી એ હકીકત છે. લડાઈમાં ઘણીવાર સેનાપતિને જીત મેળવવાનું માન મળે છે, પણ સુભટોના કાર્યનું એ પરિણામ હોય છે; તેમ કારણો પૈકી એક કારણને કોઈ વાર આગળ પડવાનું દેખાઈ આવે છે, પણ પાંચે કારણો એકઠાં મળે ત્યારે જ કાર્ય થાય છે, એ વાત ધ્યાનમાં રાખવી. સ્વભાવ, કાળ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મ—એ પાંચે સહકારી કારણો એકઠાં થાય ત્યારે તાંતણાઓમાંથી પટ બને છે. એ પ્રમાણે નિયતિને વશ પડી હળુકર્મી થઈ પ્રાણી નિગોદમાંથી નીકળે છે; તદ્યોગ્ય સમય થાય ત્યારે અવ્યવહાર-રાશિમાંથી નીકળી વ્યવહાર-રાશિમાં આવે છે. એવી રીતે નીકળી આગળ વધવાનો અને અંતે નિઃકર્મા થઈ મોક્ષ જવાનો એનો સ્વભાવ હોવો જોઈએ. પુણ્યથી એને મનુષ્યગતિ, સદ્‌ગુરુયોગ વગેરે સાધનસામગ્રી મળે છે અને પુરુષાર્થ કરી એ પોતાના નિજગુણો પ્રકટ કરે છે. આ સહકારી કારણો હોય તો ભવસ્થિતિપરિપાક થાય ત્યારે તેનામાં પંડિતવીર્યની સ્ફુરણા થાય છે અને એ શિવગતિ પ્રાપ્ત કરે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી કારણયોગ મેળવ્યા વગર કાર્ય સાધી લેવાની ધૃષ્ટતા બતાવવી એ ખરેખરો એક જાતનો ઉન્માદ છે. તમારે જો સંભવદેવની સાચી સેવના કરવી હોય, તમારે આકરા સંસાર-સમુદ્રને તરી જવો હોય, તો ભૂમિકાને અભય-અદ્વેષ-અખેદ બનાવો, સાચા સાધુપુરુષોનો પરિચય કરો, અકુશળ ચિત્ત ઉપર અંકુશ લાવો, આધ્યાત્મગ્રંથોનું પરિશીલન કરો; બાકી સ્વનો સ્વીકાર અને પરનો ત્યાગ કરવો નથી અને છતાં આનંદઘન પદ મેળવવું છે તો તમને સીધો જવાબ એ છે કે એ તો દુરાગ્રહનું પ્રદર્શન છે.

'મત'નો અર્થ બે પ્રકારનો છે : એક પોતાનો અભિપ્રાય અથવા મતિ. કેટલાક ધૃષ્ટ પ્રાણીઓનો અંગત મત એવો હોઈ શકે છે કે કારણ-બારણ તો બહાનાં છે, કામ કરવા મંડો અને કામ થાય જ. આવા મતવાળાઓ એક જાતનાં ગાંડાં કાઢે છે, કોઈ બાબતમાં ફાવી ગયા હોય એટલે ગમે કેમ હાંકે રાખે છે. 'મત'નો બીજો અર્થ સંપ્રદાય કે પંથ છે. કેટલાક મતવાળા એમ માને છે કે કારણના ચકરાવામાં પડવાની જરૂર નથી, એ તો આગળ વધો અને સર્વ આવી મળશે. આવા સાંપ્રદાયિક અભિપ્રાયથી ખોટે રસ્તે દોરવાઈ જવા જેવું નથી. કારણ વગર કાર્ય ન જ થઈ જાય એ ચોક્કસ છે. માટે સાધ્યે પહોંચવું હોય તો તે માટે સમવાયી કારણો, નિમિત્ત-કારણો અને સાધનો મેળવો, તદ્યોગ્ય ભૂમિકા તૈયાર કરો, તેના પ્રસંગો જમાવો અને તેમાં આગળ વધતા જાઓ.

બાકી, જ્ઞાનવિમળસૂરિ કહે છે તેમ, વચનના ફડાકા માર્યા કરે, વાણીનો વિલાસ કર્યા કરે તેને તેઓ (જ્ઞાનવિમળસૂરિ) વાણીમાત્રસારા પણ પરમાર્થશૂન્ય કહે છે. આવા પ્રકારની સ્થિતિ ન થવા દેવી હોય તો સેવન યોગ્ય ભૂમિકા તૈયાર કરવાની ખાસ જરૂર છે, એને પ્રથમ અભય-અદ્વેષ-અખેદ બનાવી આગળ વધવા જેવું છે અને એ કરવામાં નિમિત્તો ઊભાં કરવાં

અને એનું વારંવાર પુનરાવર્તન કરવું, એ જ માર્ગ સાધારણ શક્તિવાળા વ્યવહારુ જીવો માટે સ્વીકાર્ય છે. ઘણા ઉન્માદી પ્રાણીઓ બહિરાત્મભાવમાં રાચી જઈ, પોતાની મામૂલી શક્તિનો ભાવ ઘણો મોટો માની લે છે અને શૈલીશીકરણની કે એકાગ્રતાના ધ્યાનની વાતો કરે છે, આ અસાધ્ય કોટિની ઘેલછા છે, કુમતિનો ચિત્તવિભ્રમ છે.

વાતનો સાર એ છે કે સેવન-કારણો મેળવે તે સિદ્ધિરૂપ કાર્ય પ્રાપ્ત કરી શકે છે અને આ વાતમાં બે મત નથી. આવી ભૂમિકાશુદ્ધિ કર્યા વગર મુક્તિ મેળવવાની ધારણા કરવી એ અઘટિત વાત છે. અહીં કાર્યમુક્તિ અને આત્મસિદ્ધિ છે; કારણ તે તદ્યોગ્ય સાધનસામગ્રી અને પરિસ્થિતિ છે. આવી રીતે કાર્યકારણસંબંધ ઓળખી કાર્ય યોગ્ય કારણો એકઠાં કરે તે પ્રાણી મુક્તિમંદિરનાં પગથિયાં ચઢે છે. આ કાર્યકારણભાવમાં કર્મ અને પુરુષાર્થનો સમાવેશ થાય છે. એટલે પુરુષાર્થને કેટલો અવકાશ છે, કર્મની કેટલે અંશે પરાધીનતા છે. આત્મવીર્ય સ્ફુરે ત્યારે કર્મ પર કેવું સામ્રાજ્ય આણી શકાય છે અને પરાધીનતામાંથી સ્વાધીનતા કેવી રીતે સુપ્રાપ્ય છે, એની ચાવીઓ યોગગ્રંથોમાં યોગીઓએ બતાવી છે એને સમજવી, પણ સમજ્યા વગર ઉન્માદમાં ન પડી જવાય તેનું ધ્યાન રાખવું.

જ્ઞાનવિમળસૂરિએ, એક પ્રત પ્રમાણે, જે વધારો આ ગાથાના અર્થમાં કર્યો છે, તે પ્રમાણે માત્ર વચન બોલી જનારા પરમાર્થશૂન્ય પ્રાણીઓના ઉન્માદને બતાવતાં તેમણે અનાદિના લાગેલો આઠ દોષોને આગળ કર્યા છે. એ મૂળ ગાથા મેળવવાનો પ્રયાસ ચાલુ છે. તેનો ઉલ્લેખ જરૂર થશે, પણ તેનો ભાવ તો જરૂર સ્ફુરે છે. તેઓ કહે છે કે માત્ર વાતો કરનારાં, પણ અભિગ્રહ કે નિયમનું કષ્ટ નહિ કરનાર પ્રાણી અનાદિના આઠ દોષને સેવનારાં હોય છે અને એ દોષને સેવનારમાં એક પ્રકારનો ઉન્માદ જ હોય છે અને તે અનાદિ કાળથી લાગેલો હોઈ ચાલુ રહે છે. પાઠમાં અશુદ્ધિ દાખલ થઈ ગઈ છે, પણ ભાવાર્થ સમજાય તેવો અને સુગમ્ય છે. તેમના મતે કારણ મેળવ્યા વગર કાર્ય સાધવાનો દાવો કરનારા અનાદિ કાળના આઠ દોષોમાં હજુ રચેલપચેલ છે એમ જાણવું. કારણ મેળવ્યા વગર, ભૂમિકાની શુદ્ધિ કર્યા વગર, કાર્ય થાય તેમ નથી, એ વાત બરાબર લક્ષ્યમાં લેવા યોગ્ય અને ધારી રાખવા યોગ્ય છે. (૫)

મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, "આનંદઘન" રસ રૂપ. સંભવ૦ ૬

---

**પાઠાંતર**—મુગધ – મુગ્ધ, મુગતિ, મુગધિ. દેજો – દેયો. ( ૬ )

**શબ્દાર્થ**—મુગધ = મુગ્ધ, અણસમજુ, ભોળો, અણઘડ, ભદ્રિક લોક. સુગમ = સહેલું, સહજ, આસાન, સરળ. કરી = ધારી, માની લઈ. સેવન = સેવાકાર્ય. આદરે = શરૂ કરે, આરંભે. આગમ = અગમ્ય કઠણ, અથાક, જ્યાં કોઈ જઈ ન શકે. અનૂપ = અનુપ, ઉપમારહિત, અજોડ, ઉત્તમ, શ્રેષ્ઠ. દેજો = આપજો, કદાચિત = ક્યારેક, કોઈ વખતે, કદી. સેવક = ઉપાસક, ભક્ત(ને). યાચના = વિનંતી, પ્રાર્થના, માગણી. આનંદઘનરૂપ = આનંદમયતાના તાદાત્મ્યસ્વરૂપ (સંબોધન) અથવા વિશેષણ-વિશેષ્ય; સેવા અધ્યાહાર. ( ૬ )

**અર્થ**—ભોળાભલા માણસો સેવનકાર્ય સહેલું માની લઈને શરૂ કરી દે છે, પણ તેમણે જાણવું જોઈએ કે સેવાનું કાર્ય જેના તેનાથી જાણ્યું ન જા જાય તેવું અને કોઈની સાથે સરખાવી ન શકાય તેવું છે. એ કઠણ અને અજોડ છે. તો આનંદઘનના રસમય પ્રભુ ! આ સેવકની માગણીને કોઈ વખત સફળ કરજો અથવા આનંદસમુચ્ચયના રસરૂપ સેવાની માગણીને કોઈ વખતે સફળ કરજો. ( ૬ )

**ટબો**—મુગતિને પામવું સેવનાએ સુગમ જાણીને સેવા આદરે, પણ તે સેવાનું સ્વરૂપ તો અગમ–કોઈથી જાણ્યું ન જાય અને એ અનૂપ એટલે ઉપમા જેની નહિ. એટલા માટે સેવકની યાચના પ્રાર્થના એવી છે કે કદાચિત્–કોઈ સમયે–આનંદઘનરસ રૂપ એટલે પરમ સહજાનંદરસ-સ્વરૂપ જે સેવાથી નીપજે એવી સેવા આપજો. એટલે શુદ્ધાત્મા ભગવંતની સેવાને ભૂમિકાશુદ્ધ દેખાડી. ત્રીજા સ્તવનમાં ભૂમિકાશુદ્ધપણે દર્શન દેખવું તથા દર્શન સમ્યક્ત્વની દુઃપ્રાપ્યતા કહી છે. (૬)

**વિવેચન**—સેવનકારણ ભૂમિકા તૈયાર કરવાની જરૂર બતાવી, સેવન મામૂલી કે નકામી ચીજ નથી, પણ બહુ ભારે અને ખૂબ સમજવા યોગ્ય અને સમજીને આદરવા યોગ્ય ચીજ છે, એ વાત હવે છેવટે જણાવે છે, ઘણા ભલા કે ભોળા માણસો સેવનકાર્યને સહેલું, સીધું અને વગર મહેનતનું ગણી એનો આરંભ કરી દે છે. એ બિનઅનુભવી અણઘડાયલા પ્રાણીઓ સેવન-કાર્યને બચ્ચાના ખેલ જેવી વાત ગણી તેની શરૂઆત કરી દે છે અથવા આદરી દેવાનો વિચાર કરે છે. એને એમ થાય કે થોડું પાણી રેડી દેશું, કે ટીલાંટપકાં કરશું અને અન્યચિત્ત નિરા-દરપણે માળાના મણકા ટપટપાવી દેશું એટલે બેડો પાર થઈ જશે. આ વાત બરાબર નથી. સેવન તો અગમ્ય છે, અનોપમ છે, મહામૂલ્યવાન છે, પ્રયત્નથી પ્રાપ્ય છે. આ વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરતાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ યોગબિન્દુની શરૂઆતમાં (શ્લોક ૭૧) સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'સાચો અને અસરકારક ઉપાય અધ્યાત્મ સિવાય બીજી કોઈ રીતે મળવો મુશ્કેલ છે અને અધ્યાત્મયોગનો લાભ ન થાય તો તત્ત્વપ્રતીતિ તો પછી ક્યાંથી જ થાય ?' આ અધ્યાત્મયોગની પ્રાપ્તિ ચરમપુદ્ગળ-પરાવર્તમાં થાય છે અને સંસારસમુદ્રમાં તેની પ્રાપ્તિ દુર્લભ છે. આ સેવનકાર્ય, એની સાધન–સામગ્રી મળવી ભારે મુશ્કેલ છે. એટલે એ વાત વહેવારુ માણસો ધારે તેટલી સહેલી નથી. આ હકીકત ખૂબ ન્યાયસંગત છે, એના ઉપર શાસ્ત્રવાર્તાસમુચ્ચય વગેરે ગ્રંથોમાં ખૂબ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. તેમાં બતાવવામાં આવ્યું છે કે સહકારી કારણો પણ કાર્યહેતુ હોવાને કારણે ખૂબ મહત્ત્વનાં છે.

આ આખી વિચારણા એક વાત બરાબર સૂચવે છે કે સામગ્રીનો લાભ લેવા માટે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યોગ એ પાંચે કારણોનો યોગ મેળવવો જોઈએ, અને એને માટે પૂર્વસેવા કરવી જોઈએ, ગુણપ્રાપ્તિ માટે યોગ્ય ક્રિયા કરવી જોઈએ, સદાચાર રાખવો જોઈએ અને મુક્તિ તરફ અદ્વેષ થવો જોઈએ. દરેક કાર્ય કર્તાના ભેદે જુદા જુદા આકાર ધારણ કરે છે. એટલે આ સેવનકાર્ય કેટલાંક પ્રાણીઓ સાધારણ સમજી સુગમ છે એમ ધારી લે છે એ વાત બરાબર નથી. સંસારચક્રમાં ફરતાં ફરતાં જ્યારે સત્ક્રિયા થાય, ગુણપ્રાપ્તિ તરફ સ્વા-

ભાવિક રુચિ થાય અને સાંસારિક અપેક્ષા વગર ઉચિત ક્રિયા અને વર્તન થાય ત્યારે સેવનયોગ્ય ભૂમિકા તૈયાર થાય છે. આવી-પરિસ્થિતિ અનુપમેય છે, સંસાર-પરિભ્રમણમાં અનંત કાળે પ્રાપ્ત થાય તેવી છે, પણ થાય ત્યારે કામ થઈ જાય તેવી ભારે વાત છે.

અનુષ્ઠાનના પાંચ પ્રકાર અન્યત્ર બતાવ્યા છે : વિષ, ગરલ, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત. બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારનાં અનુષ્ઠાનોમાં ફળની અપેક્ષાએ કે પરિણામની નજરે કેટલો ફરક પડે છે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.[1] વાત એ છે કે સેવનકારણભૂમિકા તૈયાર કરવામાં જે અનુષ્ઠાનો કરવાનાં હોય, જે પૂર્વતૈયારી કરવાની જરૂરિયાત બતાવાઈ છે, તેની પ્રાપ્તિ તદ્દન સહેલી કે સુપ્રાપ્ય છે, એમ ધારી લેવા જેવું નથી. એ સેવનયોગ્ય ભૂમિકા સાંપડી જાય તો પછી સેવનકાર્ય આગળ ધપે, ગુણપ્રાપ્તિ થતી જાય અને સંસારઅટવીના ચકરાવા દૂર થવા યોગ્ય માર્ગ સાંપડે.

'અગમ'—અગમ્ય શબ્દમાંથી એ નીકળેલ છે. એનો અર્થ 'કઠણ' અથવા 'આકરો' વધારે બંધ બેસતો છે. અગમ્ય એટલે જ્યાં કોઈ ન પહોંચી શકે તેવું એવો અર્થ પણ થાય છે. અહીં કઠણ અર્થ જ બંધ બેસે છે. અગમ્યનો અર્થ ઇંદ્રિયાતીત પણ થાય છે, પણ તેટલી આકરી ઊંચી હદનો આ શબ્દપ્રયોગ અહીં નથી થયો એમ સંબંધ પરથી જણાય છે.

અનુપ-અનૂપ—આ સમુચિત વિશેષણનો ઉપયોગ બહુ સુસંગત હોઈ માનસિક વાતાવરણમાં અને હૃદય પર સીધી અસર કરે તેવો છે, સેવનકાર્ય ખરેખર અનુપમેય છે, અજોડ છે, ઉત્તમ છે, ભવચક્રના અત્યાર સુધીના રખડપાટામાં અનનુભૂત છે. સંસારના આંટાનો છેડો લાવવા માટે એ અગમ્ય એટલે કઠણ હોવા છતાં અજોડ સાધન છે અને એટલા માટે સેવનકારણભૂમિકા તૈયાર કરવામાં એનો ભારે ઉપયોગ છે. એટલે સેવનનું રહસ્ય(ભેદ) લઈ (સમજી) સેવન કરવાની શરૂઆતમાં પ્રેરણા કરી તે સેવાકાર્ય મામૂલી કે નજીવું છે, એમ ન ધારતાં એની મુશ્કેલી સમજી એની સાથે જ એની અજોડતા વિચારવા સ્વરૂપદર્શન કરાવ્યું છે.

મુગ્ધ-ભોળા લોકો કોઈક વાર સેવાનું કાર્ય સહેલું કે સરળ છે એમ ધારીને પછી એની શરૂઆત કરે છે, પણ તે ધારવામાં આવે છે તેવું સહેલું નથી; એમાં તો બાહ્ય ભાવ છોડી અંદર જવું પડે છે, એમાં ભૂમિકા તૈયાર કરવામાં અભય, અદ્વેષ, અખેદનાં વિશેષણો ઓળખવાં પડે છે અને એની અદેયતા જાણવા સાથે એની અગમ્યતાનો ખ્યાલ જરૂર રાખવો પડે છે. ભૂમિકા મળવી સહેલી નથી, એમ જાણવા સાથે મનમાં એ પણ સમજી લેવા જેવું છે કે એ ભૂમિકાની પ્રાપ્તિ અશક્ય નથી; એની અગમ્યતા વિચારી ભડકીને બેસી જવા જેવું નથી. ત્યારે એનો ઉપાય શું? એ કેમ મળે? એ અગમ છે એમ જાણ્યા પછી એની 'ગમ્યતા' કેમ કરી શકાય? ઉપર એનાં નિમિત્તકારણો બતાવ્યાં છે તેનો પ્રયોગ કરવો અને જેમણે એ ભૂમિકા મેળવી હોય તેનો વિચાર કરતાં તેના જેવા થઈ જવાની ભાવના કરવી એ જ એનો માર્ગ છે.

---

૧. આ વિષ, ગરલાદિ પાંચ અનુષ્ઠાન માટે જુઓ 'જૈન દૃષ્ટિએ યોગ' પૃ. ૧૦૦:

સાધુપુરુષોનો પરિચય કરવાથી, ચિત્તની અકુશળતામાં ઘટાડો કરવાથી અને અધ્યાત્મગ્રંથોનાં શ્રવણ, મનન અને પરિશીલનથી ભૂમિકા પ્રાપ્ત થવાનો ઘણો સંભવ ગણાય.

આવા પ્રકારની આનંદઘનરસરૂપ માગણી છે એટલે આનંદમયતાનો રસ જેમાં છબછબે છે, તેવા પ્રકારની મારી માગણી કોઈ વખતે મને આપી દેજો, કોઈ વખતે મારી માગણીનો સ્વીકાર કરી દેજો, એટલે મારા સંસારના ફેરા અટકી જાય, મારી રખડપટ્ટી દૂર થાય અને હવે શાંતિથી નિર્ભય થઈ એક ઠામે ઠરીને બેસું, એવી મારી આનંદસ્વરૂપ માગણી છે. જ્યારે કોઈ વાતની તીવ્ર ઇચ્છા થાય છે ત્યારે તે મેળવવા માટે માગણી થાય છે; જેની તેની પાસેથી તો એ મળે તેમ નથી એમ જાણવામાં છે, એટલે જે પરમાત્માએ એ મેળવી છે તેને કહે છે કે મારી આ માગણી આનંદમયતાના તાદાત્મ્ય સ્વરૂપ હોઈ આપ મને આપજો, મને આપના જેવો બનાવજો. પ્રાણીનો જે આદર્શ હોય તેને સામે રાખી તેના જેવા થવાની વિચારણા તેની પાસે મૂકવી એ આદર્શ સિદ્ધિને રસ્તે ચઢવાનો સુંદર માર્ગ છે. બાકી એમાં કાર્ય તો પોતાનો પુરુષાર્થ જ નીપજાવી શકે છે. વીતરાગ ભગવાન કાંઈ આપી દેતા નથી, ઇચ્છા પૂરી શકતા નથી, પણ સેવક જ્યારે સેવ્ય સન્મુખ હાજર થઈ તેના જેવા થવા પ્રાર્થે ત્યારે અંદરથી જે પાકો નિર્ણય થાય છે, તે પ્રાણીને રસ્તા પર લાવી મૂકે છે. સંસારમાં રખડતો આ ચેતન કહે છે કે હે દેવ! સેવા અગમ અને અનુપ છે, છતાં મારી વિજ્ઞપ્તિ સાંભળજો અને સેવનભૂમિકા મને અપાવજો.

'આનંદઘનરસ રૂપ'—આ શબ્દપ્રયોગના ઘણા ભાવો નીકળે છે:

(क) 'આનંદઘનરસ રૂપ' સંબોધન હોઈ શકે. આનંદસમૂહનો રસ, તદ્રૂપ હે ભગવાન! મારી આ યાચના કોઈ વખત મને આપજો, મારી માગણી પૂરી પાડજો, મારી ભાવના સફળ કરશો. આપ તો જાતે આનંદના રસ રૂપ છો! આપ જાતે આનંદમય છો અને આપની સેવા અગમ અને અનુપ છે, પણ મારે આપની સેવા કરી આપના જેવા થવું છે. તો તદ્યોગ્ય ભૂમિકા કરી આપશો એટલી મારી વિજ્ઞપ્તિ છે.

(ख) મારા સેવનની ભૂમિકા આનંદરસ રૂપ છે, સેવનકાર્યનું પરિણામ આનંદરસને જ મળનાર છે અને જે જેને સરજનાર હોય તે તેના રૂપ હોઈ તન્મય ગણાય છે. તો આનંદ-ઘનરસ રૂપ સેવન છે તે મને કોઈ વખત આપશો, મને આનંદઘનરસ રૂપ સેવન સાંપડી જાય એવો મારી સ્થિતિમાં પલટો લાવી દેશો.

(ग) અથવા મારી યાચના આનંદઘનરસ રૂપ છે, એ માગણી જ એવી છે, એ આનંદ સ્વરૂપ છે, આનંદમય છે, આનંદજનક છે; એ માગણી મને આપી દેજો, એ આનંદ-મંગળમય મારી ભાવના પૂરી પાડજો અને મારા અંતરાત્માને કોઈ વખતે આનંદમય બનાવી દેજો.

પહેલા અર્થમાં આનંદઘનરસ રૂપનો પ્રયોગ નામ તરીકે ગણી સંબોધન વિભક્તિમાં ગણ્યો છે. બીજા બે અર્થમાં તેને સમાસ વિશેષણ ગણી એક વાર તેના વિશેષ્ય તરીકે આગલા પદનો 'સેવક' શબ્દ સ્વીકાર્યો છે અને ત્રીજા અર્થમાં તેના વિશેષ્ય તરીકે 'યાચના'ને ગણેલ છે.

વાત તો એક જ છે કે આંતર આત્મપ્રદેશમાં પ્રગતિ કરવી હોય તો શરૂઆતમાં તદ્યોગ્ય ભૂમિકા તૈયાર કરવી જોઈએ, તેની અંદરના કષાય–વિકારો દૂર કરવા જોઈએ અને એના ઉપર બરાબર ચિતરામણ કરવા માટે એને અભય, અદ્વેષ અને અખેદ બનાવવી જોઈએ. આ રીતે તૈયાર થયેલી ભૂમિકા ઉપર ચિતરામણ બને તેમ હોવાથી એ ભૂમિકા પ્રાપ્ત કરવાની અત્ર આકાંક્ષા બતાવી.

એક બીજી પણ વાત છે. આત્મપ્રગતિ કરવાની ઇચ્છા થઈ હોય તો જે માર્ગે અનુકરણીય પુરુષોએ પ્રયાસ કે ગમન કરેલ હોય તેની દોરવણી કે શિક્ષા-સૂચન અનુસાર કામ લેવામાં આવે તો કામ સરળ બને છે અને કાર્યસિદ્ધિ હસ્તગત થાય છે. એમ થાય તો યોગપ્રગતિ જેવા ગહન વિષયમાં આત્મપ્રતારણા કે સ્ખલિત પ્રયોગનો ઘણો ઓછો સંભવ રહે છે, એટલે આવા પ્રગત પુરુષનો વિનય કરી, તેમની પાસે માગણી મૂકી, પ્રવાસ શરૂ કરવો અથવા શરૂ કરવાની જોગવાઈ કરી આપવા વિજ્ઞપ્તિ કરવી એ ઘણો સલામત રસ્તો છે. કેટલાંક નિશ્રા વગરનાં પ્રાણીઓ યોગને નામે હઠયોગ, કદર્થના અને આત્મવંચનામાં પડી ગયા છે. અને અણસમજથી આડે રસ્તે ચઢી ગયા હોય તેને ઠેકાણે લઈ આવવા માટે બેવડી માર્ગવિચારણા કરવી પડે છે. ઊંધે રસ્તે જઈ ચઢાય તો ખોટો રસ્તો પાછો કરવામાં અને નવીન મેળવવામાં બેવડા પ્રયત્ન અને શક્તિનો વધારે પડતો વ્યય કરવો પડે છે, એટલે આ યાચના કરવાની પાછળ ઘણી ભવ્ય વિચારણા હોય એમ પણ જણાય છે.

અને આનંદઘનરસ માટે તો અનેક સ્થળે ઘણી વિચારણા કરી છે. એ શબ્દમાં જ ચમત્કાર છે. એના ચિંતવનમાં લહેર છે, એના ઉચ્ચારણમાં લહાવો છે. અને એના વાતાવરણમાં શાંતિ અને ઉચ્ચગ્રાહિતા છે. એના પર અનેક દૃષ્ટિબિન્દુથી વિચાર કરવા જેવો છે. ભૂમિકા તૈયાર થયા પછી પણ આનંદમય થવાનું છે, ભૂમિકા તૈયાર કરવા માટે પણ આનંદને ઓળખવો પડે તેમ છે અને આ ભૂમિકાની પ્રાપ્તિ થયા પછીય આનંદમાં પ્રગતિ કરી કેવા આંતર સામ્રાજ્યનાં સોણલાં સેવવાનાં છે તેની કલ્પના પણ બનતી ચોખવટથી અત્યારે જ કરી નાખવા જેવી છે. જેવી ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે, તેથી ધૃષ્ટતા કર્યા વગર તદ્યોગ્ય વાતાવરણ જમાવવા અથવા તૈયાર કરવાનો નિર્ણય કરી નાખવા જેવું છે અને તેને યોગ્ય સામગ્રી તો જરૂર જમાવવા યોગ્ય છે.

આ છેલ્લી ગાથામાં 'મુગ્ધ' શબ્દને સ્થાને કોઈ પ્રતિમાં 'મુગતિ' શબ્દ આપ્યો છે અને જ્ઞાનવિમળસૂરીએ એ પાઠને સ્વીકારી તે પર પણ ખાસ અર્થવિવેચના કરી છે. મુગતિ એટલે મોક્ષ. મોક્ષ મેળવવો સહેલો છે એમ ધારી કેટલાક પ્રાણીઓ સેવાનો માર્ગ સ્વીકારી લે છે. તેમને મન એવું હોય છે કે થોડી માળાઓ ગણશું કે થોડો વખત ચેતનરામની વાત ગંભીર મુદ્રાએ કરશું એટલે બેડો પાર પડી જશે, અને મુક્તિ મળી જશે. આવી પ્રકૃતિના માણસોએ જાણવું જોઈએ કે સેવન અગમ્ય છે, અનુપમેય છે, અદ્‌ભુત છે, ચમત્કારી છે. આ પાઠ પણ સારો ભાવ આપે છે. જ્ઞાનવિમળસૂરિએ 'આનંદઘનરસરૂપ' ને 'દેજો'નું કર્મ બનાવ્યું છે તે પણ બહુ સારો ભાવ આપે છે, અને વિચારણીય છે.

આવી રીતે ભૂમિકાની શુદ્ધિના દર્શનની આતુરતા–જિજ્ઞાસા જાગૃત કરનાર, સેવનના પ્રસંગો ઊભા કરી આપનાર વિચારણા આ સ્તવનમાં શરૂ કરી, અને એનાં કારણોની મહત્તા બતાવવા સાથે એ ભૂમિકા મળે ત્યારે શું શું થાય તેનો આછો ચિતાર આપ્યો અને એની પ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના કરી. (૬)

## ઉપસંહાર

સંભવનાથ તીર્થંકરના નામ સાથે જોડાયલા આ સ્તવનમાં ભારે મહત્ત્વની વાત કરી છે. એનો આખો ઝોક સેવનનું મહત્ત્વ બતાવવાનો અને ચેતનનો વિકાસ કરવાની ભૂમિકા તૈયાર કરવાની આકાંક્ષા ઉત્પન્ન કરવાનો છે. અને છ ગાથામાં યોગપ્રવાહની ગંભીરતા, વિશેષતા અને ભયસ્થાનવાહિતા તરફ ધ્યાન ખેંચી ભારે વિચારણાઓ જાગતી કરી છે.

શરૂઆતમાં ભૂમિકાની શુદ્ધિની મહત્તા તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું તે વાતમાં કેટલું મહત્ત્વ છે તે આખા સ્તવનનો ઝોક જાણ્યા પછી બરાબર સમજાઈ જાય તેમ છે. અને ભૂમિકામાં અભય, અદ્વેષ અને અખેદનાં વિશેષણોમાં કેવી અર્થવાહિતા છે તે પર ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. માનસશાસ્ત્રની નજરે જોઈએ ત્યારે અસ્થિર માનસ અને ચંચળ પરિણામો આખા જીવન પર કેટલી અવ્યવસ્થા કરે છે, એનો ખ્યાલ આવે છે. અને યોગમાર્ગનો વિચાર કરતાં જણાય છે કે એમાં ચિત્તવૃત્તિ પર કાબૂ મેળવવો, એ વાતને જ પ્રાધાન્ય અપાયું છે અને પરિણામની ચંચળતા જ્યાં હોય ત્યાં વૃત્તિ પર કાબૂનો સવાલ જ રહેતો નથી. અને યોગમાં જેટલી અગત્ય મન પર કાબૂ મેળવવાની બાબતને આપવામાં આવે છે, તેટલું જ મહત્ત્વ મનને રાગદ્વેષ વગરનું બનાવવાની બાબતને અપાય છે. ભગવાનમાં રાગ ન હોય ત્યારે વીતરાગતા પ્રાપ્ત થાય છે, તેની સાથે જ વીતદ્વેષતા સમજવાની છે. દ્વેષની અધમતા ઉઘાડી છે, એટલે વીતરાગ શબ્દમાં વીતદ્વેષની હકીકત કરતાં વીતરાગતાને ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું છે, પણ એમાં વીતદ્વેષિતાને તો પાકું અગત્યનું સ્થાન છે જ. અને અહીં તો દ્વેષના સર્વથા ત્યાગની ભૂમિકાએ પહોંચવાની વાત નથી, પણ ભૂમિકાની શુદ્ધિ માટે અરોચકભાવનો ત્યાગ કરવાની હદ સુધી જ જવાનું છે. માત્ર કોઈ વસ્તુ કે પ્રાણી તરફ ઘૃણા ન હોવી જોઈએ, તુચ્છકાર ન થવો જોઈએ : આ અદ્વેષની પ્રાથમિક ભૂમિકા બહુ મહત્ત્વનું માનસિક કામ બજાવે છે અને વિકાસ માર્ગ પર ચઢવા માટે બહુ જરૂરી છે. જૈનના આચાર-ઉપદેષ્ટાઓએ રાગ અને દ્વેષ પર આખો સંસાર રચાય છે તે વાતને બતાવી તેનું સ્વરૂપ ખૂબ વિસ્તારથી બતાવ્યું છે. દ્વેષ તો દેખાય છે, પણ રાગ મીઠો છે, અંદરથી અજાણપણામાં ઘૂસી જાય તેવો છે અને તેથી વીતરાગ દશામાં રાગને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે; પણ દ્વેષની અધમતા કે સંસારવાહિતા તેથી જરા પણ ઓછી થતી નથી. મોહ રાજાના એ બન્ને દીકરાઓ એટલે સંસારવિસ્તાર છે.

અને અખેદની ભૂમિકા તો ખાસ ચીવટથી વિચારવા યોગ્ય છે. કેટલીક વાર શુભ કાર્ય કે વિચારણા કરતાં પ્રાણી થાકી જાય છે. સારી સમાજસેવાનાં કામો કરે, થોડા આંટાફેરા ખાય, કે

ધનધાન્ય વસ્તુ આપે અને પછી વિચાર કરે કે હાશ છૂટ્યા ! આ ભાવ ખેદ સૂચક છે. જેને વસ્તુનો, ક્રિયાનો કે એના ત્યાગનો લય લાગ્યો હોય એ તો એ વસ્તુના છેડા પર આવે ત્યારે એને એમ થાય કે ધન્યભાગ્ય કે આવો અવસર આવ્યો ! આવી તક વારંવાર મળે તે માટે તેની ઝંખના હોય. એ ઉપવાસ કરે કે ઉત્સવ કરે, એ પૌષધ કરે કે ત્યાગ કે સેવનકાર્ય કરે ત્યારે તેને તેમાં આનંદ જ હોય, અને થાક ન હોય.

આવી રીતે ભૂમિકાની તૈયારી થવાની જરૂરિયાત બતાવી, સંસાર-પરિભ્રમણમાં તેનો પ્રાપ્તિકાળ બતાવ્યો. આ હકીકત બહુ લાંબી નજરે જોતાં શીખવે છે. પુદ્ગળપરાવર્તની કલ્પના થથરાવી નાખે તેવી છે, પણ એ તો ભૂતકાળનો વિષય થઈ ગયો. એ વાતનો આપણે તો એટલો લાભ લેવાનો છે કે આવા અનંત પુદ્ગળપરાવર્તો થઈ ગયા, પણ હજુ કાંઈ સંસારનો નિસ્તાર થયો નથી અને જો આ વખતે મળેલી તક ગુમાવવામાં આવશે તો પાછા સંસારના પરિક્રમણમાં ક્યાંના ક્યાં ઘસડાઈ જવાશે.

અને ભૂમિકાની પ્રાપ્તિ થઈ છે કે નહિ તેના નિદર્શનમાં સત્સંગ, ચિત્તની અકુશળતા પર અંકુશ અને આત્મા સંબંધી ગ્રંથોના શ્રવણ, મનન, ચિંતવન અને પરિશીલનની વાત પણ ખૂબ વિચારવા યોગ્ય છે. પ્રાણીમાં સેવન યોગ્ય ભૂમિકા જામી છે કે નહિ તેના નિદર્શક તરીકે એ ત્રણે બાબતો ખૂબ મહત્ત્વની દેખાય છે. જ્યારે ભવપરિણતિનો પરિપાક થાય, જ્યારે દોષ ટળી જાય અને યોગદૃષ્ટિ ખૂલતી જાય, ત્યારે સત્સંગ, મનમાલિન્ય પર અંકુશ અને અધ્યાત્મ-ગ્રંથનું મનન-ચિંતવન-શ્રવણ થાય છે અને એ રીતે સેવન યોગ્ય ભૂમિકા જામતી જાય છે. માટે સેવન યોગ્ય કારણો જમાવવાં, એનો અભ્યાસ કરવો, એને માટે ચીવટ રાખવી અને એમાં પ્રગતિ કરવાનું પોતાનું કર્તવ્ય ખ્યાલમાં રાખવું. કેટલાંક પ્રાણી આ સેવનકાર્ય મામૂલી ગણી એને પૂરતી મહત્તા આપતા નથી, તેમને ખાસ ચેતવણી આપતાં યોગી ગુરુદેવ કહે છે કે ભાઈઓ સેવન તો ભારે મહત્ત્વની વાત છે, અજોડ હકીકત છે. આ વાત સેવનકાર્યમાં જોડાતાં અટકાવવા માટે નથી કહી, પણ સેવનકાર્યની મહત્તા સમજી એનો સ્વીકાર કરવા માટે અને એને ચીવટથી વળગી રહેવા માટે પ્રાર્થના કરવામાં આવી છે.

આ સ્તવનમાં કારણકાર્યભાવ પર અને સંસારના પરિવર્તન માટે ભારે સરસ વાત કરી છે. 'આનંદ' શબ્દ પર લેખન-મર્યાદાને અંગે વધારે વિવેચન કર્યું નથી અને સેવનભૂમિકા પ્રાપ્ત કરવા ભારે પ્રેરણા કરી છે, અને છતાં એ વાત નજીવી, સારી કે સહેલી ન સમજાઈ જાય તે માટે તેનું અનુપમ સ્થાન દર્શાવ્યું છે. યોગીની આ પ્રેરણા ખૂબ વિચારવા યોગ્ય છે, વિચારીને પચાવવા યોગ્ય છે, પચાવીને જીવવા યોગ્ય છે. (૩)

એપ્રિલ : ૧૯૪૮ ]

४

# શ્રી અભિનંદન જિન સ્તવન

[ દર્શનપ્રાપ્તિની તલસના; દર્શનપ્રાપ્તિની દુર્લભતા; પ્રભુકૃપાથી એની સુલભતા ]

**સંબંધ**—આદિનાથના પ્રથમ સ્તવનમાં પોતાના આદર્શ પતિ તરીકે જિનદેવને મુકરર કરી ચિત્તની પ્રસન્નતાએ પૂજનફળ પ્રાપ્ત કરવા નિર્ણય કર્યો. બીજા સ્તવનમાં એ પતિના પંથનું અવલોકન કર્યું. ત્રીજા સ્તવનમાં સેવનની ભૂમિકાની શુદ્ધિ કરવાને અંગે એને અભય, અદ્વેષ અને અખેદ થવાનો આદર્શ રજૂ કર્યો. હવે અહીં આગળ વધતાં એ આદર્શ પતિના દર્શનની શુદ્ધિ કરવાનો નિર્ણય કરવાની ઇચ્છાથી એની આકાંક્ષા રજૂ કરે છે. ત્યાં પ્રથમ દર્શન શું, એમાં કયા ભાવ રહ્યા છે અને એ શબ્દ અહીં કયા અર્થમાં વપરાયો છે, એની ચોખવટ કરી લેવાની જરૂર પ્રાપ્ત થાય છે.

'દર્શન' શબ્દના અર્થ કોષ પ્રમાણે વિવિધ છે : દર્શન શબ્દ નીચેના અર્થમાં વપરાય છે :—

જોવું, નજર, દૃષ્ટિ, અરીસો, દેખાડવું, ડોળ, ઘાટ, ઉપદેશ, સ્વપ્ન, ધર્મ સંબંધી જ્ઞાન, બુદ્ધિ, અક્કલ, સાંખ્ય, પાતંજલ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત એવા ષડ્દર્શન પૈકી એક; હોમ, યજ્ઞ, દૃષ્ટિમાં પડવું, વારંવાર જોવું, મન, વગેરે (શબ્દચિંતામણિ).

અથવા શ્રી હરિભદ્રસૂરિના 'ષડ્દર્શનસમુચ્ચય'ના અભિપ્રાય પ્રમાણે બૌદ્ધ, નૈયાયિક. સાંખ્ય, જૈન, વૈશેષિક અને મીમાંસા (વેદાન્ત) પૈકી એક તત્ત્વજ્ઞાન કે મત-અભિપ્રાય.

દર્શનનો અર્થ જૈન પરિભાષામાં 'તત્ત્વરુચિ' અથવા સમ્યક્ત્વ થાય છે. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મની ઓળખાણ, તેનો તે તરીકે સ્વીકાર અને અશુદ્ધ દેવ, ગુરુ અને ધર્મનો પરિહાર તેને જૈન પરિભાષામાં દર્શન તરીકે બતાવવામાં આવેલ છે. પ્રભુને અથવા પ્રભુને યાદ કરાવનાર આદર્શને દેખવું તેને પણ જૈન પરિભાષામાં દર્શન શબ્દથી ઓળખવામાં આવેલ છે.

અથવા વસ્તુના સામાન્ય બોધને દર્શન અને વિશેષ વિગતવાર બોધને 'જ્ઞાન' કહેવામાં આવે છે. દા. ત. સામેથી ચાલી આવનાર દૂરથી દેખાય ત્યારે તે માણસ છે એટલો બોધ થાય તેને 'દર્શન' કહેવામાં આવે છે, અને તે હિંદી છે, કપડાં પહેરેલ છે, વાણીઓ છે વગેરે ઓળખાણ, તેનું નામ-ગામ જણાય તે 'જ્ઞાન' કહેવાય છે. જાતિનો બોધ Knowledge of genus તે દર્શન અને વિશેષ વિગતનો બોધ Knowledge of species તે જ્ઞાન. એ રીતે પણ જ્ઞાન અને દર્શન વચ્ચેનો તફાવત બતાવી શકાય.

શ્રી દેવચંદ્રજીએ છઠ્ઠા પદ્મપ્રભુના સ્તવનમાં 'તુંજ દરિસણ મુજ વાલહો રે લાલ'–એ ટેક સાથે 'દર્શન' શબ્દ પર વિસ્તારથી તત્ત્વજ્ઞાન સંકલિત કરી આપ્યું છે, તેમાં પ્રભુના દર્શનને અનેક પ્રકારે જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી ખચીં એની મહત્તા બતાવી છે. ત્યાં એમણે 'દર્શન' શબ્દનો

ઉપયોગ તત્ત્વરુચિ અથવા સમ્યક્ત્વના અર્થમાં લીધો છે. તેઓશ્રી એ દર્શનને જ કારણરૂપ ગણી શુદ્ધ અને પવિત્ર બતાવે છે અને નયદૃષ્ટિથી દર્શનની મહત્તા બહુ સારી રીતે વર્ણવે છે.

આ નયવાદની હકીકત સ્તવનની ત્રીજી ગાથામાં આવવાની છે ત્યાં તેનાં પર ગુરુગમની દૃષ્ટિએ વિસ્તાર થશે, અત્રે નયની નજરે 'દર્શન'ને દેવચંદ્રજી મહારાજના નિરૂપણ પ્રમાણે જોઈ લઈએ. સત્તાની નજરે જોઈએ તો જીવ સિદ્ધ સમાન છે, કારણ કે એનામાં સર્વ કર્મમલ દૂર કરી મૂળગુણોમાં સ્થિરતા લાવવાની શક્તિ છે અને તે એનું પારિણામિક ભાવે સાચું અંતિમ સ્વરૂપ છે. એટલે જુદાજુદા નયે દર્શનને વિચારીએ તો નીચે પ્રમાણે પરિણામ આવે છે :—

વસ્તુની સત્તા (potentility)ને પકડે તે સંગ્રહ નય. પ્રાણીમાં મોક્ષ જવાની સત્તા છે, માટે તે સંગ્રહનયની નજરે સિદ્ધ કહેવાય.

વસ્તુના નામમાત્રને પકડે તે શબ્દ નય.

પણ એ સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે ત્યારે એવંભૂત નયની અપેક્ષાએ એ સિદ્ધ થયો કહેવાય.

સંગ્રહ નય ભવિષ્યની તાકાતને પણ ગ્રહણ કરે છે; જ્યારે એવંભૂત નય તો વર્તમાન રોકડી પરખને જ સ્વીકારે છે.

માત્ર આંખેથી પ્રભુનું દર્શન કરવું તે સ્થૂળ બાબત નૈગમ નય સ્વીકારે છે. પ્રભુદર્શનને એ દર્શન ગણે, પ્રભુમુદ્રાને જુએ તો પ્રભુદર્શન થયાં છે એમ એ માને : આ વિચારણા નૈગમ નયને આશ્રયીને થઈ.

પ્રભુને કે પ્રભુની સ્થાપનાને વંદન–નમન કરે, તેની આશાતના વર્જી પ્રભુ-શરીરનાં દર્શન કરે તે વ્યવહારનયે પ્રભુદર્શન.

પ્રભુના ગુણનો યોગ તથા વિકલ્પરૂપ ઉપયોગ ગમે તે ઇંદ્રિયે કરે, એના ગુણગ્રામ કહે અને પ્રશસ્ત રાગે પ્રભુ તરફ આકર્ષાય તે ઋજુસૂત્રનયે પ્રભુદર્શન.

અને અંતરંગ પરિણામથી પ્રભુ સાથે વળગણ થાય, તેમની યોગમુદ્રાનું અવલંબન વીતરાગ-ભાવે થાય અને અંતરંગ આત્મસત્તા પ્રગટ કરવા રૂપ સાધ્યરુચિ સાથે તેમનું દેખવું થાય ત્યારે શબ્દ નયે પ્રભુદર્શન થયું કહેવાય.

આવી રીતે જુદા જુદા નયની દૃષ્ટિએ 'દર્શન'નો આકાર અથવા સ્વરૂપ ફરતા જાય છે; તે 'દર્શન' શબ્દને અનેક મુદ્દાથી જોવાની, એનો અભ્યાસ કરવાની અને એનું રહસ્ય સમજવાની જરૂરી બાબત પર આ સ્તવનની વિચારણામાં ધ્યાન ખેંચવાનું છે.

'દર્શન' શબ્દનો જુદા જુદા નયોની અપેક્ષાએ ઉપર પ્રમાણે ભાવ બતાવી દેવચંદ્રજી મહારાજ સદર સ્તવનમાં કહે છે કે જેમ બીજમાં અનંત વૃક્ષ ઉપજાવવાની સત્તા રહેલી છે, પણ તેને સારી જમીન, સુયોગ્ય ખાતર, પાણી વગેરેનો યોગ થાય તો એ વૃક્ષ મૂળ ઘાલે, ઊગે, ફૂલે-ફળે, એ પ્રમાણે ચેતનમાં અનંત શક્તિ છે, પણ તેને શુદ્ધસ્વરૂપી વીતરાગનો યોગ મળે

તો તેની અનંત આત્મસંપદા પ્રકટ થાય. એ આત્મસંપત્તિને પ્રકટ કરવાનું નિમિત્તકારણ જિનવરદેવનું ધ્યાન છે અને એ ધ્યાનનું નિમિત્ત જિનવર દર્શન છે; માટે એમણે દર્શનને આત્મગુણ પ્રકટ કરવામાં નિમિત્તકારણ તરીકે ખૂબ મહત્ત્વ આપ્યું છે. અહીં એમણે દર્શન શબ્દને તત્ત્વરુચિ અને સામાન્ય દેખવું એ બન્ને અર્થમાં વાપર્યો છે અને આત્મપ્રગતિ માટે બન્ને અર્થમાં વપરાતો દર્શન શબ્દ બહુ ઉપયોગી છે એમ બતાવી દર્શનની બાબતમાં ખૂબ ચોક્કસ થવા પ્રેરણા કરી છે. એ રીતે 'દર્શન' શબ્દના તત્ત્વરુચિ, શ્રદ્ધાન અથવા શાસનસેવાનો એક અર્થ અને બીજો સામાન્ય દેખવું તે; બીજો અર્થ ખૂબ વિચારવા યોગ્ય છે.

દર્શનાવરણ કર્મમાં 'દર્શન' શબ્દનો તદ્દન જુદી રીતે ઉપયોગ થયો જણાય છે. દર્શન એટલે સામાન્ય બોધ, અને જ્ઞાન એટલે વિશેષ બોધ. ઉપર જણાવ્યું તેમ દૂરથી આવનાર માણસ છે એટલો બોધ થાય તેને દર્શન કહીએ તો, તે પુરુષ છે, અમુક નામનો છે, અમુક જાતનો છે તેની વિગતો સાથેનો બોધ થાય તે જ્ઞાન કહેવાય છે. તર્કમાં સામાન્ય અને વિશેષને 'પદાર્થ'નું સ્થાન આપવામાં આવ્યું છે. એમાં સામાન્ય પદાર્થ અને દર્શનબોધને સરખાવવા યોગ્ય છે અને વિશેષ પદાર્થને જ્ઞાનબોધ સાથે સરખાવવા યોગ્ય છે.

બધાં કારણોનું છેવટનું કારણ આત્મા છે અને તેટલા માટે તેને ઉપાદાનકારણ કહેવામાં આવે છે. પણ ઉપાદાનને એનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે નિમિત્તો મેળવવાં પડે છે. નિમિત્ત ન મળે તો એનામાં ગમે તેટલી શક્તિ કે સત્તા હોય, પણ એ સર્વ અંદર દબાયલી પડી રહે છે અને ચેતનરાજ પોતે સંસારમાં અહીં તહીં અફળાયા-કુટાયા કરે છે. આપણામાં વેપાર કરી ધન-પ્રાપ્તિ કરવાની કે પગ ચલાવી બે માઈલ પગપાળા મુસાફરી કરી ધારેલ સ્થાનકે પહોંચવાની શક્તિ હોય, પણ વેપાર (પ્રવૃત્તિ) કરવા યોગ્ય સાધનો મેળવીએ અથવા પગ ચલાવી મુસાફરી કરીએ તો સાધ્ય ફળે છે, તેમ આત્મામાં ગમે તેટલી શક્તિ હોય, પણ તદ્યોગ્ય નિમિત્તો એને મળે, મેળવી અપાય, તો એની અનંત શક્તિ બહાર તરી આવે છે. અને એને માટે દરિસણ-દર્શન બહુ ઉપયોગી ભાગ ભજવે છે. માટે 'દર્શન'ને એના જુદા જુદા આકારમાં અને અર્થમાં સમજવાની જરૂર છે. સમજીને ઓળખાણ થાય તો પછી તેનો વહેવારુ ઉપયોગ કરાય અથવા ઉપયોગને પરિણામે એ સાધ્યને નજીક લઈ આવે અને છેવટે પ્રાપ્ત કરી આપે. આ દૃષ્ટિએ નિમિત્તકારણની ઉપયોગિતા ઘણી મોટી છે. એમાં પણ 'દર્શન'ને ઘણું આગળ પડતું સ્થાન છે, કારણ કે એ સાધ્ય મેળવવાની બાબત પર સીધી આંતરિક અસર ઉત્પન્ન કરે છે.

આત્માનો મૂળ ગુણ ચેતના છે, એના પર્યાયને ઉપયોગ કહેવામાં આવે છે. આ ઉપયોગના બે ભેદ છે : જ્ઞાન અને દર્શન. જ્ઞાનને સાકાર ઉપયોગ કહેવામાં આવે છે; દર્શનને નિરાકાર ઉપયોગ કહેવામાં આવે છે. જે ઉપયોગ પદાર્થના વિશેષ ધર્મોના ગ્રાહક હોય એટલે જેમાં જાતિ, ગુણ, ક્રિયા વગેરેનું ગ્રહણ થતું હોય, તેને જ્ઞાન કહેવામાં આવે છે; જે ઉપયોગ પદાર્થના સામાન્ય ધર્મનો ગ્રાહક હોય એટલે કે જે માત્ર સત્તાને જ ગ્રહણ કરે તેને દર્શન-ઉપયોગ કહેવામાં આવે

છે. અહીં દર્શન-ઉપયોગમાં દર્શન શબ્દ વપરાયો છે. અને જેને દર્શનાવરણીય કર્મ સાથે સંબંધ છે તે દર્શન શબ્દનો એક પ્રકારનો અર્થ બતાવે છે. આ અર્થ પણ દર્શન શબ્દનો છે, પણ આ સ્તવનમાં દર્શન શબ્દ બીજા અર્થમાં વપરાયો છે તે પર હવે લક્ષ્ય આપીએ.

દર્શન શબ્દનો બીજો અર્થ જે વસ્તુ જેવી હોય તેવી તેને સમજવી તે છે. **તત્ત્વાર્થશ્રદ્ધાને** દર્શન કહેવામાં આવે છે. એ આત્માનો ગુણ છે અને એનો ઘાત કરનાર કર્મનું નામ દર્શન-મોહનીય છે. આ દર્શનમોહનીય કર્મ ચેતનની એવી દશા કરી મૂકે છે કે તેને પરિણામે એને વસ્તુનો સાચો બોધ થતો નથી. એ લાંબી નજરે પોતાનો ખરો લાભ ક્યાં થાય છે કે થવાનો છે તે સમજી શકતો નથી અને પૌદ્‌ગલિક પરભાવમાં રાચી એ સંસારમાં રખડ્યા કરે છે. એ દર્શનની પ્રાપ્તિ માટે દર્શનમોહનીય કર્મ પર વિજય મેળવવો પડે છે. એવી રીતે દર્શનમોહનીય કર્મને દૂર કરી જે બોધ થાય તેને સમ્યક્ત્વ અથવા તત્ત્વશ્રદ્ધા કે ધર્મરુચિ કહેવામાં આવે છે અને એનું નામ **દર્શન** છે.

દર્શનને બરાબર સમજવા માટે **મિથ્યાત્વને** ઓળખી લેવું જોઈએ. નીચેના મિથ્યાત્વના દશ પ્રકાર[1] સમજવાથી તેનો ખ્યાલ આવશે :—

૧. જેને સંસારનાં આકર્ષણો લોભાવી ન શકે, જેને કંચન-કામિની પોતા તરફ ખેંચે નહિ, જેને સાંસારિક લોકોની પ્રશંસા લોભાવી શકે નહિ, એવા સાધુપુરુષોને સાધુ ન માનવા.

૨. અને જે સંસારમાં લુબ્ધ હોય, જે પરભાવમાં રાચતા હોય, જે સ્ત્રી-પરિચયમાં રસ લેતા હોય, જે સ્ત્રીકથા કે સ્ત્રીસંયોગમાં મોજ માણતા હોય, સાંસારિક વૈભવ, ભોગ કે પ્રશંસામાં રાચતા હોય તેવા સાધુવેશધારીઓને સાધુ માનવા.

૩. ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારના ધર્મને અધર્મ માનવો.

૪. હિંસા કરવી, દારૂ પીવો, જુગાર રમવો, બીજાનું ખરાબ ઇચ્છવું વગેરે પ્રક્રિયાને અથવા એવી પ્રક્રિયા પ્રરૂપનારને ધર્મ કે ધર્મી માનવા.

૫. શરીર, ઇન્દ્રિય અને મન જડ છે એને આત્મા સમજવો, અથવા, ટૂંકામાં કહીએ તો, અજીવને જીવ માનવો.

૬. અને જીવને અજીવ માનવો; જેમ કે ગાય, બકરી, બેલ, મરઘી આદિ પ્રાણીઓમાં આત્મા નથી અને તેટલા માટે તેને ખાવામાં કાંઈ પાપ નથી આવી માન્યતા કરવી.

૭. ખોટી કુરીતિ હોય તેને ચલાવી લેવી. પુરાણી કે નવી રીતિ ખોટી હોય તેને સાચી તરીકે સ્વીકારવી. ઉન્માર્ગને સુમાર્ગ માનવો.

---

૧. નીચેના દશમાં ક્રમ ફેરવ્યો છે, મૂળ પાઠ નીચે પ્રમાણે છે :—

जीवे अजीवसन्ना, अजीवे जीवसन्ना, मग्गे उमग्गसन्ना, उमग्गे मग्गसन्ना, सुदेवे अदेवसन्ना, अदेवे सुदेवसान्न, सुसाहुसु असाहुसन्ना, असाहुसु साहुसन्ना, धम्मे अधम्मसन्ना, अधम्मे धम्मसन्ना ।

૮. અને સુમાર્ગને ઉન્માર્ગ માનવો. ધર્મનો પુરાણો કે નવો સારો હિતવહ માર્ગ હોય તેને ખોટા માર્ગ તરીકે ગણવો. ધર્મની જેનાથી વૃદ્ધિ થાય તે સુમાર્ગ; એને ખોટો માનવો.

૯. કર્મરહિતને કર્મસહિત માનવા. પ્રભુ રાગદ્વેષ વગરના હોવા છતાં પોતાના ભક્તને નવાજી નાખશે એમ માનવું અથવા ભગવાન દૈત્યનો–દાનવનો નાશ કરશે એવી માન્યતા સ્વીકારી નિઃકર્માને સકર્મા ગણવા.

૧૦. કર્મસહિતને કર્મરહિત માનવા. શત્રુનો નાશ કે ભક્તની રક્ષા રાગદ્વેષ વગર બની શકે નહિ. અને રાગદ્વેષ કર્મસંબંધ વગર બને નહિ. આવા પ્રકારનાં રાગદ્વેષનાં કાર્ય કરનારને કર્મરહિત માનવા; અને એવી અનેક બાબતો કરે છે છતાં તેવા ભગવાન અલિપ્ત છે એવી માન્યતા રાખવી.

આ દશ પ્રકારની માન્યતા હોય તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. આ દશ પ્રકારમાંથી કોઈપણ પ્રકાર ચાલુ હોય ત્યાં મિથ્યાત્વ હોય, ત્યાં દર્શન ન હોય, ત્યાં સાચું વસ્તુસ્થિતિનું જ્ઞાન ન હોય, ત્યાં સાચું તત્ત્વશ્રદ્ધાન ન હોય, ત્યાં પૃથક્કરણપૂર્વકની સાચી ગવેષણા ન હોય. આ દર્શનમોહનીય–મિથ્યાત્વદશા સાચા દર્શનને અટકાવે છે. એ દર્શનને પ્રાપ્ત કરવાની વાત આ સ્તવનમાં મુખ્યત્વે કરીને આગળ કરવામાં આવી છે. મતલબ કહેવાની એ છે કે ‘ દર્શન ’ શબ્દના અનેક અર્થ છે. તેમાં સાચી સદ્દહણા અને વિવેકપૂર્વકની શ્રદ્ધાના અર્થમાં અત્ર દર્શન શબ્દ વાપરવામાં આવ્યો છે. છતાં દર્શન શબ્દમાં કોઈ પણ તત્ત્વજ્ઞાન આવે; તેમાં બૌદ્ધ, સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક દર્શન આવે તેટલા માટે જિનદર્શનને સમકિતદર્શન કહેવામાં આવે છે. એમાં શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મની પિછાણ અને સ્વીકાર અને અશુદ્ધ દેવ-ગુરુ-ધર્મને ઓળખી એનો અસ્વીકાર કરવો એનું નામ **સમકિત** અથવા **સમ્યક્ત્વ** કહેવામાં આવે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ દર્શનમોહનીય કર્મ પરના કાબૂ ઉપર આધાર રાખે છે.

આ સમ્યગ્દર્શનના પ્રકાર ઘણા છે અને તેના પર તત્સ્થાને વિવેચન થશે. **અહીં** પ્રસ્તુત વાત એટલી છે કે આ ચોથા સ્તવનમાં આનંદઘન મહારાજે **દર્શન શબ્દ**નો વારંવાર ઉપયોગ કર્યો છે, તે સામાન્ય ઉપયોગને દાખવતા અને જ્ઞાન ( વિશેષ ઉપયોગ ) પહેલાં થતા ઉપયોગના અર્થમાં સમજવાનો નથી, પણ **દર્શનમોહનીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી થતી તત્ત્વરુચિ અને સદ્દહણાના અર્થમાં વપરાયેલ છે,** એ વાતનું પ્રસ્તાવનારૂપે ધ્યાન ખેંચવામાં આવ્યું છે. અને સમ્યગ્દર્શન એક વાર બરાબર થઈ જાય, ને સાચો બોધ અંદર એક વાર પણ થઈ જાય અને તત્ત્વરુચિ થઈ જાય તો બેડો પાર થઈ જાય તેમ છે અને વહેલો મોડો પણ આ જન્મ-મરણના ચકરાવાનો અંત આવી જાય તેમ છે. તેથી આ દર્શનને એના વિશાળ અર્થમાં ખૂબ વિસ્તારથી–વિગતથી સમજી લેવાની જરૂર છે.

**સમ્યક્ત્વ ક્યારે**—સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં આ ભયંકર અટવી જેવા અનાદિઅનંત સંસારમાં પ્રાણી ભટક્યા કરતો હોય છે, એને બધા પ્રસંગો જ એવા મળે કે એ પરભાવને સ્વભાવ માન્યા કરે, એ રાગ-દ્વેષમય થઈ જાય, એ કષાયોને તાબે થઈ જાય અને પરાધીન થઈ

અજ્ઞાનમાં સબડ્યા કરે. એને સાચી વસ્તુ સાંપડે નહિ, સાચી વસ્તુ બતાવનારનો પરિચય થાય નહિ, અને એને સાચો માર્ગ મળે નહિ અને કોઈ વાર દેવગતિમાં લહેર કરે, તો કોઈ વાર પરાધીન તિર્યંચ થાય, તો વળી કોઈ વાર મનુષ્ય પણ થઈ જાય. આમ કુટાતો-પિટાતો એ રખડ્યા કરે, પણ એની રખડપટ્ટી પૂરી ન થાય. આમ રખડતાં-કુટાતાં જ્યારે, અગાઉ ત્રીજા સ્તવનમાં કહ્યું તેવું, ચરમાવર્ત અને ચરમકરણ એને પ્રાપ્ત થાય ત્યારે એને સમ્યક્ત્વ-દર્શન થાય છે. આ સમ્યગ્દર્શન. એ **દર્શનનો મહિમા** શાસ્ત્રકારે ખૂબ ખૂબ બતાવ્યો છે. વીતરાગ દેવનું વિશિષ્ટપણું, નિર્લેપપણું, અભિમાનરહિતપણું અને કીર્તિ યશ કે નામનાની આસક્તિનું અભાવપણું જાણી લઈ, તેમને સત્યપ્રદર્શન કરવામાં કાંઈ સ્વાર્થ કે સ્વમત સ્થાપનની ઇચ્છા ન હોતી એની ખાતરી કરી લીધા પછી, તેમના વચન પર શ્રદ્ધા અને રુચિ રાખવી તેને દર્શન કહે છે, તેને સમ્યક્ત્વ કહે છે, તેને **સદ્દહણા** કહે છે. એ તત્ત્વરુચિ અને એમાં પરમાર્થબુદ્ધિ કેટલાંક પ્રાણીઓને પોતામાંથી સ્વયં ( નિસર્ગેણ ) જાગ્રત થાય છે અને કેટલાકને ગુરુઉપદેશથી થાય છે. આ **તત્ત્વરુચિ** બહુ ઉપયોગી વસ્તુ છે અને જૈન દર્શનને સમજવાની ચાવી છે; અથવા, એક રીતે જોઈએ તો, એનો બોધ એ આખા જીવનનો ઉત્કૃષ્ટતમ લાભ છે; કારણ કે એનાથી ભવાટવીમાં ભ્રમણને મોટો અસરકારક આઘાત પડી જાય છે અને સાચા માર્ગની પ્રાપ્તિને પરિણામે ચેતનના માર્ગનો આખો ઝોક બદલાઈ જાય છે; એટલે ચેતનની સાચે માર્ગે પ્રગતિનું બીજ આ દર્શનનો બોધ થવામાં, તેમાં રુચિ થવામાં અને તેની સદ્દહણા-સ્વીકારમાં રહેલ છે. આ કારણે દર્શનને બરાબર સમજવાની અને સમજીને તેનો સ્વીકાર કરવાની બાબત ઘણી મહત્ત્વની બાબત છે. આ આખા સ્તવનમાં આ દૃષ્ટિએ 'દર્શન' શબ્દ પર, તેના આશય પર અને તેના ભાવ પર વિચારણા થશે, તેટલી પ્રાસ્તાવિક વાત રજૂ કરી, દર્શનને લગતી ખાસ અગત્યની વાત જણાવી સ્તવનના હાર્દમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરીએ.

સર્વથી મુદ્દાની વાત એ છે કે દર્શનરુચિને અતિ મહત્ત્વનું સ્થાન છે તે ધ્યાનમાં રાખવું. ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે 'બનવા જોગ છે અને સાચી વાત છે કે ચારિત્ર વગરનો માણસ કદાચ પણ સિદ્ધ થઈ જાય, પણ દર્શન વગરનો પ્રાણી તો સિદ્ધ ન જ થાય.'[1] જે શાસ્ત્ર ચારિત્ર ઉપર ખૂબ ખૂબ ભાર મૂકે છે, જેનો આખો ઝોક વિષય-કષાયની મંદતા પર જ છે, જે અહિંસા, સંયમ અને તપને ધર્મસર્વસ્વ કહે છે, જેના માર્ગાનુસારીપણાની શરૂઆત પ્રામાણિકપણાના સ્વીકાર અને અમલથી થાય છે, તે જ, શાસ્ત્રકાર કહે છે કે, ચારિત્ર વગર મુક્તિની કલ્પના કરી શકાય તેમ છે, પણ દર્શન વગર તો તે અશક્ય જ છે. એટલે ચારિત્રના કરતાં પણ સમ્યક્ત્વને આત્મવિકાસને અંગે ઘણું વધારે અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે એ બાબત ખૂબ ધ્યાનમાં રાખવા લાયક છે. એટલા માટે એના વિરોધી **મિથ્યાત્વ**ને સારી રીતે સમજી લેવાની જરૂર છે. એક સ્થાનકે એના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે, તે આપણે સમજી લઈએ :—

---

૧. दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥

(क) **અભિગ્રહિક**—પોતે ગ્રહણ કરેલ ધર્મ સાચો છે એમ માને, એની પરીક્ષા કરે નહિ, પ્રવાહધર્મને માને, બાપદાદાની માન્યતાને સમજ્યા–વિચાર્યા વગર પકડી રાખે, પોતાના મતનો હઠ રાખે, સારંભી, પરિગ્રહી, કુશીલવાનને ધર્મબુદ્ધિએ પકડ્યા તેને આદર્શ માને, પોતાનો ધર્મ જ સાચો છે એવો આગ્રહ રાખે—આ અભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. આમાં આગ્રહને પ્રાધાન્ય હોય છે.

(ख) **અનભિગ્રહિક**—બધાં દર્શન સારાં છે, દરેક ધર્મ ઉત્તમ છે એવી વાત કરે, કાચને અને મણિને સમાન કક્ષાએ મૂકે, આંખ ઉઘાડી જુએ નહિ, પરીક્ષા કરી તુલના ન કરે, બધાને એક લાકડીએ હાંકે એ અનભિગ્રહિક મિથ્યાત્વ. એમાં બુદ્ધિની મંદતા અને જડતાને પ્રાધાન્ય હોય છે.

(ग) **આભિનિવેશિક**—પોતાના આગ્રહને પરિણામે જાણીને જૂઠું બોલે, ઊલટું બોલે, સાચી વાત જાણ્યા છતાં ખોટાને વળગી રહે, જોરશોરથી વિપરીત પ્રરૂપણા કરે, નવો મત કાઢવામાં આગેવાની લે અને પોતાના નવા મતને નિશ્ચય બાજુ કે એક બાજુ ઢાળી દેવામાં અને તેને પકડી રાખવામાં ગૌરવ માને—આ અભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય. જમાલિ જેવા નિહ્નવ એકદેશીય નયવાદને મુખ્યતા કરનાર–નવા ચોતરા ઊભા કરનાર–આ વર્ગમાં આવે છે.

(घ) **સાંશયિક**—ધર્મના સત્યને સમજે નહિ, તેને અંગે મનમાં શંકા, આશંકા કે કુશંકા રાખે, આ સાચું હશે કે તે, તેની ઘડ ન બેસાડે અને આશંકાનો ભોગ બની શ્રદ્ધામાં ડગી જાય, એને સાંશયિક મિથ્યાત્વ કહેવામાં આવે છે. અભ્યાસ, ચર્ચા, વાદ, શંકા-સમાધાનને અંગે તંદુરસ્ત ચર્ચા માટે વાંધો નથી, પણ અંદરથી શંકા-કુશંકા રાખવી એ મિથ્યાત્વ છે.

(ङ) **અનાભોગિક**—પોતાની ઇચ્છા વગર અનાદિકાળથી એકેંદ્રિય વગેરે જીવને લાગેલ ચાલ્યું આવતું મિથ્યાત્વ. સમજણ પૂર્વકનું નહિ, પણ સમજણનો વિકાસ ન થયેલ હોવાને કારણે આ અનાભોગિક મિથ્યાત્વ અનાદિકાળથી ચાલ્યું આવતું હોય છે, અને વિકાસ ન પામેલા એકેંદ્રિયથી માંડી ઘણા જીવોને હોય છે.

આવા પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ થાય, પાંચેમાંથી કોઈ પણ પ્રકારનો મિથ્યાત્વનો અંશ ન રહે ત્યારે રુચિ થાય છે, એ **રુચિના દશ પ્રકાર**[1] બતાવવામાં આવ્યા છે. તે પણ ખાસ વિચારણા માગે છે :—

(૧) પોતાના બુદ્ધિવિજ્ઞાનથી કે જે ભાવો મહાપુરુષોએ બતાવેલા છે તે ભાવને પોતાના નિસર્ગ બળથી સ્વીકારી તે સાચા છે, તે પ્રમાણે જ બરાબર છે અને તે અનુકરણ યોગ્ય છે એવા પ્રકારની રુચિને **નિશ્ચલરુચિ** અથવા **નિસર્ગરુચિ** કહેવામાં આવે છે.

૧. निसग्गुवएसरुइ, आणरुइ सुत्तबीयरुइमेव।
अभिगमवित्थाररुइ, किरियासंखेविधम्मरुइ॥
રુચિ એટલે Test, સ્પૃહા, ઇચ્છા, આસક્તિ.

(૨) પારકાની પાસેથી જીવાજીવાદિ ભાવ જાણે, તે સાંભળી તેવો ઉપદેશ વારંવાર સાંભળવાની લાલસા થયા કરે, ઉપદેશશ્રવણમાં આહ્લાદ આવે, એમાં એકતા જામે, એની હોંશ થયા કરે તે **ઉપદેશરુચિ.**

(૩) પ્રાણી રાગ, દ્વેષ કે **અજ્ઞાનથી** અસત્ય બોલે છે, એ ત્રણે દોષો જેના નાશ પામી ગયા હોય તે ખોટી વાત ન કરે, એ ભળતી વાત ન કરે : આવી વીતરાગની વીતરાગતા તપાસી તેની આજ્ઞા તરફ અંતરનો આદર દાખવે, એવા પ્રાણી અજાણે પણ જૂઠું ન બોલે એવી ભાવના એ **આજ્ઞારુચિ**

(૪) સૂત્રસિદ્ધાંતને ભણવાની–સાંભળવાની અંતરથી ઇચ્છા રહે, એને માટે ચાહના થયા કરે, એમાં પરમ હિતકારી સત્ય રહ્યું છે અને ત્યાંથી સાચું માર્ગદર્શન થાય છે એવી અંતરની વલણ તે **સૂત્રરુચિ.**

(૫) મુદ્દાની વાત પકડી લે, વસ્તુની જડ પકડે, મુદ્દાની ચાવી હાથ કરી લે અથવા કરવાની ઊંડી ભાવના રાખે, થોડું જાણતાં અંદરની બુદ્ધિપ્રભાથી વિસ્તાર કરી લે, ન કહેલી વાત ઉઠાવથી સમજી જાય, પાણીમાં પડેલા તેલના ટીપાની માફક બુદ્ધિવિસ્તારથી ફેલાવે તે **બીજરુચિ.**

(૬) મૂળ અંગ, ઉપાંગ અને પ્રકીર્ણ ગ્રંથો ઉત્તરાધ્યયનના મૂળ તથા અર્થના જાણપણાને માટે અંદરથી રુચિ જાગે, એના અર્થ જાણવા-વિસ્તારવા માટે તમન્ના લાગે તે **અભિગમરુચિ.**

(૭) ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્ય, તેના ભાવો, દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણથી સ્યાદ્વાદશૈલીથી જાણે, સ્યાદ્વાદનું સ્વરૂપ જાણવાની ઉત્કંઠા રાખે તે **વિસ્તારરુચિ.**

(૮) જ્ઞાન, દર્શન, ચારિત્રને અંગે ક્રિયા કરવામાં આનંદ આવે, બાહ્ય–અભ્યંતર તપ, વિનય, સમિતિ, ગુપ્તિની ક્રિયા કરવામાં મોજ આવે, કરનારને સહાય કરવામાં રસ પડે તે **ક્રિયારુચિ.**

(૯) થોડું કહેવામાં ઘણું સમજી જાય, બુદ્ધિનો ઉપયોગ સારગ્રાહીપણામાં કરે, ચિલાતિપુત્ર ત્રણ શબ્દમાં ધર્મ પામી ગયા તેમ મુદ્દાનો પણ ટૂંકો ભાગ પકડી લે, સરળતાથી અને નિપુણતાથી થોડું કહ્યે ઘણું સમજી જવામાં લાભ માને તે **સંક્ષેપરુચિ.**

(૧૦) અસ્તિકાયનું સ્વરૂપ જાણવા, હેય ઉપાદેયને ઓળખવા, સ્વભાવ અને પરભાવનો ભેદ પારખવા અને પોતાનું ખરું હિત ક્યાં અને શેમાં છે તે શોધવાની અંતરંગથી લાગણી હોય તે **ધર્મરુચિ.**

આવા પ્રકારની રુચિવાળા જીવો મિથ્યાત્વનો ત્યાગ કરી દર્શન પામે છે. એ દર્શનને બરાબર સમજવું એટલે જૈન દર્શનને સમજવા જેવું છે, કારણ કે આખા તત્ત્વજ્ઞાન અને ક્રિયા-વિજ્ઞાનનો પાયો દર્શનશુદ્ધિ, દર્શનવિજ્ઞાન અને દર્શનની ચોખવટમાં છે. દર્શન સમ્યક્ત્વ કે પર સાચી સદ્દહણા અને અંતરગની શ્રદ્ધા પર ખૂબ વિસ્તાર કરવા યોગ્ય છે. સમકિતનાં ૬૭ સ્થાન સમજવા યોગ્ય છે અને સમજીને અનુકરણ યોગ્ય છે. આ ચોથા સ્તવનના વિવેચનમાં આ દર્શનની અનેક લક્ષણાઓ પર વિસ્તાર થશે. અહીં એ સમ્યક્ત્વનાં **પાંચ લક્ષણો**[૧] વિચારી

૧. લક્ષણ = સ્વરૂપપ્રતિપાદક ધર્મો; Characteristic attributes.

જઈએ. તે પાંચ આ પ્રમાણે છે : સમ, સંવેગ, નિર્વેદ, આસ્તિકય અને અનુકંપા. બહુ સંક્ષેપથી આ લક્ષણોને અત્ર વિચારી જઈએ :

**સમ**—રાગ-દ્વેષની મંદતાના પ્રમાણમાં સમની વૃદ્ધિ થાય છે. સુખ-દુઃખના પ્રસંગે હર્ષ-વિષાદ ન થાય તે સમ. એ જાણે અને માને કે પાપનો ઉદય થાય ત્યારે દુઃખ થાય, પુણ્યનાં ફળ મળે ત્યારે સગવડ કે લહેરના પ્રસંગો થાય અને ત્યારે સુખ દેખાય. એ બન્નેમાં રાચે નહિ, લેવાઈ જાય નહિ, ઊંડાણમાં ઊતરી જાય નહિ, ગભરાઈ જાય નહિ, તે 'સમગુણ.' એના મનની સ્થિરતા એકસરખી સર્વ સંયોગોમાં હોય, એને રાગદ્વેષની મંદતા થતી જાય અને એ સુખ-દુઃખ પ્રસંગે હર્ષ-વિષાદ ધરે નહિ.

**સંવેગ**—સમ્યક્ત્વનું બીજું લક્ષણ સંવેગ છે. સંવેગ એટલે મોક્ષનો અભિલાષ. એને હંમેશાં એમ રહે કે આ સંસારની આળપંપાળમાંથી ક્યારે છૂટું અને આ રગડા અને ચાલુ ઉપાધિથી રહિત થઈ ક્યારે મારા રખડપાટાનો અંત આવે. આવી અંતરની ભાવનાને પરિણામે એ મોક્ષનાં જે જે નિમિત્તો મળે તેમાં ખૂબ રસ લે, મોક્ષ યોગ્ય ક્રિયા કરવાની તક આવે ત્યારે તેમાં તે એકરસ થઈ જાય; અને સ્વભાવમાં રમણતા કરે ત્યારે જાણે તે પોતાના ઘરમાં હોય તેવી તેને મોજ આવે. પરભાવમાં રમણ કરે ત્યારે તે આંગળીથી નખ વેગળા હોય તેવી બુદ્ધિએ વર્તે અને નિજાનંદના પ્રસંગે એના રસની જમાવટ થાય. આ 'સંવેગ' નામનું સમ્યક્ત્વનું બીજું લક્ષણ.

**નિર્વેદ**—સંસાર ઉપર ઉદાસીનતા. અહીં એને ગમે તેટલી સગવડ મળી હોય, છતાં એને આ સંસાર કેદખાના જેવો લાગે, એને પૌદ્‌ગલિક વિલાસમાં કૃત્રિમતા, અધમતા અને હેયતા લાગે અને એ બંધનમાંથી છૂટવાની તીવ્ર ઇચ્છા રહ્યા કરે. સંવેગમાં મોક્ષની અભિલાષા સામી નજર હોય, ત્યારે નિર્વેદમાં આંતર નજર હોય. સંવેગ objective છે; નિર્વેદ subjective છે. હકારાત્મક અને નકારાત્મક દૃષ્ટિએ બન્ને લક્ષણ ખૂબ વિચારણા માગે છે. ત્રીજા લક્ષણ નિર્વેદમાં પૌદ્‌ગલિક સર્વ ભાવોને પરભાવ ગણી તેનાથી નાસી છૂટવાની તીવ્ર ઇચ્છાને મુખ્યતા છે.

**અનુકંપા**—સમકિતનું ચોથું લક્ષણ અનુકંપા છે. એમાં મૈત્રીભાવને પ્રાધાન્ય છે. સંસારી જીવોનાં દ્રવ્ય દુઃખો જોઈ એનું હૃદય કમકમી ઊઠે; એ જનતાની કે સમાજની સેવાને પોતાનું કર્તવ્ય સમજે; એ પરોપકાર કરવામાં આનંદ લે; કોઈ જીવ પાપ ન કરે, કોઈ જીવ દુઃખી ન થાય, સર્વ જીવો દ્રવ્ય-ભાવથી દુઃખમુક્ત થાય—આવી વાસના તે અનુકંપા લક્ષણ. એના મનમાં એમ થાય કે મારું ચાલે તો આ સર્વ જીવોને ચાલુ બળતી ભઠ્ઠીમાંથી ઉગારી લઈ એવા સ્થાનકે લઈ જઉં કે જ્યાં જન્મ-જરા-મરણના રગડા ન હોય, જ્યાં ધનના ઝઘડા ન હોય, જ્યાં સંગ્રહની પંચાત ન હોય અને જ્યાં અખંડ આનંદ, આંતરિક લહેર અને અનંત સુખ હોય. આ લક્ષણને ચોથું અનુકંપા લક્ષણ કહેવામાં આવે છે.

**આસ્તિકય**—પાંચમું લક્ષણ આસ્તિકપણાનું છે. એ ધર્મની પરીક્ષા કરે, એની આપ્તતા જાણી લે, એનું આત્મા તરફનું ધ્યેય સમજી લે અને પછી એના વચનમાં પ્રતીતિ માને. એ

ચર્ચા કરે, દલીલ કરે, પ્રશ્નોત્તર કરે, પણ એના દિલમાં શંકા-કુશંકા ન થાય. એને ધર્મ પર આસ્થા હોય, એ ધર્મરંગથી વાસિત હોય. સમકિતના આ પાંચમા લક્ષણનું નામ 'આસ્તિક્ય' કહેવાય છે.

આવી રીતનાં દર્શનનાં લક્ષણો જાણવાં. એ અતિ ઉપયોગી આત્મિક ગુણને બરાબર ઓળખવા માટે સમકિતનાં ૬૭ અધિષ્ઠાન ખાસ બરાબર સમજવા યોગ્ય છે. આ સ્તવનના વિવેચનમાં એ ૬૭ પ્રકારની સમ્યક્ત્વની બાબત જુદા જુદા આકારમાં આવશે. જૈનધર્મનું સ્વરૂપ જાણવા માટે, અને ભવસ્થિતિનો મૂળથી અભ્યાસ કરવા માટે આ 'દર્શન' શબ્દનો ખૂબ અભ્યાસ કરવાની જરૂર છે, માટે આ દર્શનને બરાબર ઓળખી, પ્રભુકૃપાથી એને સુલભ્ય કરવાની વિચારણા દ્વારા એને ઓળખવા પ્રયત્ન કરીએ.

**સ્તવન**

[ રાગ-ધન્યાસિરિ; સિંધુઓ; આજ નિહેજો રે દીસે નાઈલો રે-એ દેશી ]

અભિનંદન જિન ! દરિસણ તરસીએ, દરસણ દુરલભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.
અભિનંદ જિન ! દરિસણ તરસીએ. ૧.

**અર્થ**—ચોથા ભગવાન શ્રી અભિનંદન દેવના દર્શનની ઝંખના કરીએ, અને સમજીએ કે દેવનું દર્શન મુશ્કેલ છે; કારણ કે મત-મતાંતરોના ભેદ ( કરનારાઓ )ને જઈને જો સવાલ કરીએ તો દરેકેદરેક પોતપોતાની સ્થાપના કરે છે; પોતાનો માર્ગ એ જ ભગવાનનો માર્ગ છે, એવું પ્રતિપાદન કરે છે. (૧)

**ટબો**—શ્રી જ્ઞાનવિમળસૂરિ આ સ્તવન સંબંધે લખે છે : શુદ્ધપણે દર્શન દેખવું તથા સમ્યક્ત્વ દર્શનની પ્રાપ્યતા કહે છે શ્રી અભિનંદન ચોથા તીર્થંકર. સમસ્ત જગમાં વ્યાપક આનંદ છે જેનો એવો શુદ્ધાત્મા, તેનું દર્શનસ્વરૂપ જોવું. શ્રી અભિનંદન જિનનું દેખવું અથવા દરસન-સમકિત-તેને તરસીએ; પણ તે દર્શન દુરલભ-દુઃખે પામવા યોગ્ય-દુઃપ્રાપ્ય છે. હે

---

**પાઠાંતર**—દરિસણ = દરસણ. દરસણ = દરિસણ. જો જઈ = જો તે. (૧)

**શબ્દાર્થ**—અભિનંદન = સામાન્ય નામ, ચોથા તીર્થંકરનું નામ. જિન = રાગ વગેરે શત્રુ પર જય મેળવનાર. દરસણ = દર્શન, શાસ્ત્ર, સમ્યક્ત્વ, શ્રદ્ધા. (તેને). તરસીએ = આતુરતા પૂર્વક ઇચ્છીએ, ચીવટથી સ્વાધીન કરવા ઇચ્છીએ. દુરલભ = દુર્લભ. દુઃખે મળે તેવું, મળવું મુશ્કેલ. દેવ = પ્રભુ, આપ; ( છઠ્ઠી વિભક્તિ) આપનું. મત મત ભેદે = જુદા જુદા મતોને, અભિપ્રાયોને, દર્શનકારોને, તરફ. જો = શરત બતાવે છે; 'જો' સાથે 'તો' હોય જ; સંબંધી અવ્યય છે. જઈ = બીજા ક્રિયાપદ સાથે આવતાં તે ક્રિયા બરાબર યા ચોક્કસ થવાનો કે ચાલુ રહેવાનો ભાવ બતાવે છે. પૂછીએ = તપાસ કરીએ, સવાલ-જવાબથી હકીકત મેળવીએ (તો) સહુ = સર્વ, પ્રત્યેક. થાપે = ભાર પૂર્વક પ્રતિપાદન કરે, સ્થાપન કરે. અહમેવ = હું જ, હું કહું છું તે જ બરાબર છે, સાચો માર્ગ છે. (૧)

દેવ પ્રભુ! તમારું દર્શન દુર્લભ; તેને પામવા માટે અનેક મતના ભેદ છે તેને જોતાં થકાં પૂછીએ તે વારે સહુએ મત આપ આપણા અહમેવ અહંકાર ધરી દર્શનની પ્રાપ્તિ થાયે. (૧)

**વિવેચન**—ચોથા અભિનંદન ભગવાન ગર્ભમાં આવ્યા, અયોધ્યા નગરીમાં સંવર રાજા પિતા અને સિદ્ધાર્થા રાણીની કુખે તેમણે અવતાર લીધો, ત્યારથી દેવેંદ્ર તેમને અભિનંદન કરી જતા, એટલે માત-પિતાએ એમનું ગુણનિષ્પન્ન 'અભિનંદન' નામ આપ્યું. અભિનંદન નામ ધરનાર એ ચોથા પ્રભુના નામ સાથે 'દર્શન'નો આખો મહત્ત્વનો વિષય શ્રી આનંદઘન મહારાજે વણી દીધો છે. બાકી, અમુક તીર્થંકરની સ્તવના એ તો નિમિત્ત માત્ર છે. સ્તવનમાં થતી આત્મવિચારણા કે પ્રભુસ્તુતિ સર્વસામાન્ય છે. પ્રભુસ્તવનું નિમિત્ત મેળવી આત્મદર્શન કરવાનો પ્રસંગ હાથ ધરવામાં આવે છે અથવા ભક્તિ કે ગુણગાનની તક લઈ પ્રભુના ગુણની મહત્તા વિચારતાં અને એની સ્તવના કરતાં એ રીતે આત્મગુણની પ્રશંસા થાય છે અને તે પણ આત્મવિકાસનું મજબૂત સાધન છે. મતલબ, પ્રભુના નામનું નિમિત્ત હાથ ધરી આત્મગુણની પિછાણ થાય છે. એટલા પૂરતો જ નામનિર્દેશનો મહિમા છે. બાકી, પ્રત્યેક સ્તવન દરેક તીર્થંકરને લાગુ પડે છે, દરેક આત્મવિકાસ ઇચ્છકના પોતાના આત્મિક ગુણને લાગુ પડે છે અને ભક્તિયોગ અથવા આત્મવિચારણાનું પોષક બને છે.

આ સ્તવનમાં દર્શનનો વિચાર હોઈ અને ધર્મ અને આત્મવિકાસને અનેક દૃષ્ટિએથી વિચારી શકાય તેવી તેમાં અર્થગંભીરતા હોઈ આ સ્તવન ચેતનપ્રગતિની વિચારણામાં ખાસ ઉપયોગી સ્થાન ધરાવે છે.

આ સ્તવનના પ્રાક્કથન–પ્રસ્તાવનામાં જણાવ્યું તેમ, આ સ્તવનમાં દર્શન શબ્દ 'સદ્દહણા'-ના અથવા 'શુદ્ધ શ્રદ્ધા'ના અર્થમાં વપરાયો છે. દર્શન એટલે તત્ત્વજ્ઞાનનો અર્થ પણ થાય. તત્ત્વદર્શન બતાવનાર દરેક દર્શનકારે સાધ્યપ્રાપ્તિ માટેના માર્ગોનું દર્શન પણ બતાવ્યું હોય છે. આત્મા કેવો છે, કેવો થઈ ગયો છે, અસલ સ્વરૂપે કેવો હતો, એની એ અસલ સ્થિતિ કેમ લાવી શકાય અને એના સાધનધર્મોમાં વિવિધતાની પસંદગી માટે કેટલો અવકાશ છે, એની વિચારણા જેમ દર્શનકારે કરી છે તેમ જ આત્મા છે કે નહિ, છે તો કેવો છે, બીજે વિકૃત સ્વરૂપે શા માટે દેખાય છે અને એનું સ્વરૂપ કેવું હતું અને કેવી રીતે પ્રકટ કરી શકાય, એ હકીકત પણ બતાવી છે. મતલબ, દર્શનકારે ચેતનને એના મૂળ સ્વરૂપથી માંડીને અનેક રીતે ચર્ચ્યો છે, એટલે દર્શનનો અભ્યાસ કે તેની વિચારણા કરવી એ પોતાની (આત્માની) વિચારણા કરવા જેવી હકીકત છે અને એનું સાચું દર્શન પ્રાપ્ત કરવું એ મુશ્કેલ હોવા છતાં ખાસ કરવા યોગ્ય બાબત છે, એની ભૂમિકા અત્ર બતાવવામાં આવી છે.

જે સાચા દર્શનની ઉપર વાત કરી તે દર્શનની પ્રાપ્તિ ઘણી મુશ્કેલ છે. અનંતકાળથી સંસારમાં રખડપાટો ચાલુ હોવા છતાં સાચા દર્શનની પ્રાપ્તિ, તે તરફ સદ્દહણા કે તેની પિછાન ન થવાને કારણે પ્રાણી સંસારમાં રખડ્યા કરે છે. જો એકાદ વાર પણ પ્રભુનું સાચું

દર્શન થઈ ગયું હોત તો તેની સંસારવાસના ચાલુ રહી જ ન હોત. તેને હજુ રાગદ્વેષ, કષાય, મોહ હેરાન કર્યા કરે છે અને તે સંસારમાં રાચ્યા કરે છે, કારણ કે તેને સંસારપરિભ્રમણમાં સાચું દર્શન કદી મળ્યું નથી. શ્રી સિદ્ધસેનસૂરિ પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં કબૂલ કરે છે કે :—

'મારા દેવ! મોહના અંધકારથી મારી ચક્ષુઓ અવરાઈ ગયેલી છે. એવા પ્રકારના મેં અત્યાર સુધીમાં અગાઉ કોઈ પણ વખતે આપનું દર્શન કરેલું જ નથી, કારણ કે અત્યારે મર્મ-સ્થાનને ભેદનારાં જે અનેક કષ્ટો મને ચાલુ થયા કરે છે અને જેનો આગળ પડતો ઓક હજુ આકરો આકાર ધારણ કરી રહ્યો છે તે, જો આપનું દર્શન થયું હોત તો, મને પીડા કેમ જ આપ્યા કરે[1]?'

એનો હેતુ એમ બતાવવામાં આવ્યો છે કે સાચા દર્શનની એક વાર પણ પાકી સદ્દહણા, અંદરની રુચિ સાથે, થઈ જાય તો પછી સંસાર તરફની અનેક અનર્થપરંપરાનો એને સ્પર્શ ન જ હોવો ઘટે. એક વાર પણ સાચું દર્શન એને થઈ જાય તો એની ભવની ભાવઠ ભાંગી જાય અને એની રખડપાટી અટકી જાય. એટલા ઉપરથી જણાય છે કે દેવનાં દર્શન દુર્લભ છે, આ મનખાદેહ મળવો ભારે મુશ્કેલ છે, અનંતકાળ પરિભ્રમણ કરતાં કોઈ વાર એ દેહ મળી જાય અને મળે અને તેનો સાચો ઉપયોગ કરવામાં આવે તો કામ થઈ જાય તેમ છે, એ સ્પષ્ટ બતાવવા દશ દાખલાઓ આપવામાં આવ્યા છે. દશ દૃષ્ટાન્ત દોહિલો એ મનુષ્યભવ મળવો જેમ મુશ્કેલ છે, તેમ તેથી પણ વધારે દુર્લભ છે પ્રભુદર્શન થવું. આપણે નાનપણમાં સાંભળ્યું છે અને ગાયું છે કે :—

પ્રભુદરશન સુખસંપદા, પ્રભુદરશન નવનિધ;  
પ્રભુદરશનથી પામીએ, સકળ પદારથ સિધ

નાનપણથી બોલતા અને સાંભળતા આવેલા આ દુહાનો પરમાર્થ વિચારીએ છીએ ત્યારે જણાય છે કે ભગવાન-દર્શનમાં સુખ છે, સંપત્તિ છે, નવનિધાન છે અને એથી સર્વ પદાર્થોની સિદ્ધિ થાય છે. આ સર્વ સિદ્ધિકર અને મહાસંપત્કર પ્રભુદર્શન જેમ બાહ્ય દૃષ્ટિએ સામે ઊભા રહી દેખવા-જોવાનું કે મેળાપનું કાર્ય સૂચવે છે, તેમ વિશિષ્ટ દૃષ્ટિએ એ ભગવાનના મતની સદ્દહણા, સ્વીકાર અને શ્રદ્ધા બતાવે છે. એટલા માટે એ દર્શનનો મહિમા અનેક સ્થાને શાસ્ત્રકારે ગાયો છે. આ દર્શનની પ્રાપ્તિ દુર્લભ છે અને અત્યાર સુધી સંસારમાં રખડપાટી ચાલુ રહી છે તેનું મુખ્ય કારણ દર્શનની પ્રાપ્તિની ગેરહાજરી છે. માટે એવા દુર્લભ સમ્યગ્દર્શનને મેળવવા માટે અંતરથી એની ઝંખના કરીએ. એને માટે શરૂઆતમાં જ **ત્રણ** પ્રકારની **શુદ્ધિ**

---

૧. नूनं न मोहतिमिरावृतलोचनेन, पूर्वं विभो! सकृदपि प्रविलोकितोऽसि ।  
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः, प्रोद्यत्प्रबंधगतयः कथमन्यथैते ॥  
કલ્યાણમંદિરસ્તોત્ર, ગાથા ૩૭ મી.

કરવાની વાત બતાવવામાં આવી છે : સાચું દર્શન કરવા માટે મનશુદ્ધિ, વચનશુદ્ધિ, અને કાયશુદ્ધિની ખાસ ઉપયોગિતા છે. મન–વચન–કાયાની શુદ્ધિ પર અત્ર વિસ્તાર નહિ કરીએ, કારણ કે એ તો સ્વતંત્ર વિષય છે. સામાન્ય રીતે એટલું કહેવા જેવું છે કે મનશુદ્ધિ, વચનશુદ્ધિ, અને કાયશુદ્ધિ પર યોગપ્રગતિનો આધાર છે અને એની ઉપેક્ષા કરવાથી યોગમાર્ગમાં પ્રગતિ થતી નથી કે પ્રવેશ પણ થતો નથી, અને દર્શનપ્રાપ્તિની જે દુર્લભતા અત્ર વિચારી રહ્યા છીએ તે એ ઉપેક્ષાને પરિણામે કાયમ રહે છે. મનમાં શુદ્ધ વિચાર કરવા, મનોવિકાર પર કાબૂ રાખવો, એ 'મનશુદ્ધિ' બતાવે છે; ત્યારે સત્ય–પ્રિય–હિત–મિત અને તથ્ય વચન બોલવું તે 'વચનશુદ્ધિ' બતાવે છે. શરીર પર અંકુશ રાખવો, તેની પાસેથી કામ લેવું અને તેને ભાડું આપવું, એ 'કાયશુદ્ધિ' છે. આ મન–વચન–કાયાની ત્રણ પ્રકારની શુદ્ધિ એ દર્શનપ્રાપ્તિની પ્રથમ ભૂમિકા છે. એ ત્રણ પ્રકારની શુદ્ધિ વગર પ્રાણીનો રસ્તો સીધો થાય નહિ, એ માર્ગ પર આવે નહિ અને એનો ઘાટ બેસે નહિ. અને, અગાઉ જણાવ્યું તેમ, દર્શન રહિત પ્રાણીની સિદ્ધિ થાય નહિ, તેના સંસારનો છેડો આવે નહિ અને એને કર્મથી મુક્તિ મળે નહિ. માટે આવા દુર્લભ દર્શનની ઝંખના કરીએ. અને એને માટે વિવિધ ઉપાયોની શોધ કરીએ.

**'તરસીએ'**—એટલે પ્રભુનું દર્શન મેળવવા માટે અંતરથી તલસના કરીએ, એ મેળવવા ખૂબ ખૂબ મનોરથો કરીએ અને એ મળે ત્યારે જ અંદરથી આરામ થાય તેવી વૃત્તિને કેળવીએ.

સાચા 'દર્શન' નામને લાયક તે કહેવાય, જેમાં ઉપર ઉપરની વાતો ન હોય, અને જેમાં અરસપરસનો કે આગળપાછળનો વિરોધ ન હોય. સાપેક્ષ દૃષ્ટિ વગર દર્શનમાં વિરોધ આવ્યા વગર ન રહે અને એકાંત દૃષ્ટિ થઈ ગઈ કે પ્રાણી મત-આગ્રહમાં પડી ગયા વગર ન જ રહે. આ સર્વ મહત્ત્વની હકીકત આ સ્તવનના વિવેચનમાં આગળ આવવાની છે. અહીં મુદ્દો એક જ છે કે દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં રાખનાર, એકાંત વાત કદી પણ ન કરનાર અને સ્યાદ્વાદની સુદામ વાતને આગળ કરનાર અને અપેક્ષાવાદ પર રચાયેલ અભિનંદન જિનનું દર્શન જોકે મળવું દુર્લભ છે, પણ તલસના કરવાથી અને એની પાછળ ચીવટ રાખવાથી પ્રભુકૃપાએ એ સુલભ થઈ શકે તેવું છે. આ દર્શનમાં તો આત્મદર્શન અને પરમાત્મભાવપ્રકાશનનાં બીજ હોવાને કારણે ખાસ મેળવવા યોગ્ય છે. તેથી આ અનેકાંતવાદવિશુદ્ધ દર્શન, જેને બીજી રીતે અભિનંદન જિનદેવનું દર્શન અથવા સાધારણ રીતે 'જૈન દર્શન' કહેવામાં આવે છે, તેને પ્રાપ્ત કરવાની તાલાવેલી લગાવીએ; કારણ કે વિશુદ્ધ દર્શન તરીકે રજૂ થવાની તેમાં પૂરેપૂરી ગુણવત્તા છે. એમાં એકાંત આગ્રહ નથી. એમાં આંખ મીંચીને સ્વીકાર કરવાની સૂચના નથી. એમાં પરીક્ષા કરવાની પરવાનગીનો અભાવ નથી. અને એમાં બતાવેલ આત્મદર્શન વિશુદ્ધ અને દોરવણી આપનાર હોવા સાથે હૃદયંગમ છે, વિશિષ્ટ છે અને અક્કલમાં ઊતરે તેવું છે.

**'મત મત ભેદે પૂછીએ'**—તમે કોઈ પણ મત, સંપ્રદાય કે પંથમાં જઈ પૃચ્છા કરશો તો તે તમને એક જ વાત કરશે : અમે કહીએ છીએ તે જ સાચું છે, તે સિવાય કોઈને સત્ય

સમજાયું નથી, કોઈને સત્ય પ્રાપ્ત થયું નથી અને કોઈએ સત્ય જાહેર કર્યું નથી. તમે ગમે તે ધર્મ કે દર્શનકાર પાસે જશો તો તે સત્યનો ઇજારદાર છે એ ભાવે જ તમારી સાથે વાત કરશે અને તમને દાવા સાથે કહેશે કે ભગવાને પોતે એને સત્યની સાચી ચાવીઓ આપી દીધી છે અને તે બોલે કે સમજાવે છે તે જ સાચી વાત છે અને સાચી વાત તેનામાં જ છે અને અન્યત્ર નથી.

આનંદઘનજી મહારાજે આ વિચારને પોતાના અડતાળીશમા પદમાં ખૂબ સુંદર રીતે મૂક્યો છે. એમાં વિશુદ્ધ દૃષ્ટિને કોઈએ નિષ્પક્ષ મૂકી નથી અને સર્વેએ પોતપોતાનું ખેંચીને આ શુદ્ધ દૃષ્ટિને પીંખી નાખી છે, અને જેને જેમ ફાવ્યું તેમ તેને થાપી છે, ઉત્થાપી છે, અને એ રીતે એનો અયોગ્ય ઉપયોગ કર્યો છે. અને એને અંગે પોતાની વાત સ્થાપવા જતાં એ વાત જ સાચી છે અને બીજે સાચી વાત છે જ નહિ અને હોઈ પણ શકે નહિ, આ રીતે પોતાનાં ડંફાણ ચલાવ્યાં છે.

**'સહુ થાપે અહમેવ'**—પરિણામે આપણે કોઈ પણ મત, સંપ્રદાય, મઝહબ કે ધર્મને જઈને પૂછીએ તો દરેક 'અપની અપની ગાવે'—પોતાની જ વાતને આગળ કરે, અને તમે જરા વિચાર કે શંકા કરશો તો અધર્મી થઈ જશો; અને સત્ય અમને જ સાંપડ્યું છે એ વાતની જ સ્થાપના કરશે. એ દલીલ કરવા દેશે નહિ, એ સાચી સ્થિતિ સમજવાની તમારી તાકાત છે એનો સ્વીકાર પણ કરશે નહિ. એકાંતનો પક્ષ કરનાર, એકાંત સત્યમાં ગૂંચવાઈ જનાર નાના-મોટા મતો આ રીતે પોતપોતાના તાનમાં મસ્ત થઈ ગયા છે.

**'અહમેવ'**—अहं एव—હું જ. હું કહું તે બરાબર છે. एव—અવ્યય છે; એનો અર્થ 'જ'—નિશ્ચયાત્મક છે. હું જ અને બીજો કોઈ નહિ. જ્યાં એકાંતવાદ હોય, જ્યાં બીજી આંખ ઉઘાડવાની બંધી હોય, જ્યાં સત્યશોધનની દશા જ ન હોય, ત્યાં આવી હુંકારાત્મક દશા હોય અને એ સમ્યગ્દર્શન સિવાય સર્વવ્યાપી છે, સર્વસાધારણ છે અને સત્યપ્રાપ્તિની આડે આવનાર હોય છે. મત, સંપ્રદાય કે દર્શન તથા મઝહબની આ દશા એના ફિરકાઓમાં, એના પેટા વિભાગોમાં, એના ગચ્છોમાં અને એના સંઘાડામાં પણ એ જ આકારે ચાલુ જણાશે. દરેક ગચ્છવાળો પોતે જ સાચું સમજેલ છે એવા દાવાનાં ધોરણે જ ચાલે છે. અનેકાંતવાદનો ઉપાસક પણ જ્યારે પોતાના સંપ્રદાય કે ગચ્છની ગૂંચવણીમાં પડી જાય છે ત્યારે એ પોતાનો કક્કો ખરો કરવાના આગ્રહમાં પડી જાય છે. આ હકીકત પર ચૌદમા શ્રી અનંતનાથના સ્તવનમાં વિવેચન થવાનું છે; એ બાબત ત્યાં માટે મુલતવી રાખી અત્ર એક વાતને જાણી લઈએ કે ગમે તે મત, સંપ્રદાય કે દર્શનકારની પાસે જઈને પૂછપરછ કરીએ તો તે પોતાની વાત સાચી છે, અને પોતે જે વાત કહે છે તે ભગવાને પોતે કહી બતાવેલ છે, એવી સ્થાપના વગર સંકોચે કરશે. સત્ય તરફ આંખ બંધ રાખવાની આવી વૃત્તિને પરિણામે દુનિયા કેવા ખોટા રસ્તે ઊતરી ગઈ છે, એકાંતવાદની પોષણામાં સત્યને કેટલું ખોરંભે નાખી દેવાયું છે, અને પ્રેમ કે એકદિલીને સ્થાને કેટલા દ્વેષ અને મોરચાઓ ઊભા થઈ ગયા છે, તેનો આખો ઇતિહાસ વિચારવા યોગ્ય છે.

આ આખી એકાંતદૃષ્ટિ જનતાને પીડતી રહી છે, પક્ષના મંડાણને નભાવતી રહી છે અને પોતાપણાના અભિમાનને પોષતી રહી છે, અને તેને લઈને સાચા દર્શનની દુર્લભતા પર જે વાત ઉપર જણાવી તે વાતની અગત્ય આપણા લક્ષ્ય પર થતી જાય છે.

**સાંખ્ય** દર્શન અને **વેદાંત** દર્શન આત્માને કૂટસ્થ નિત્ય માનતા હોઈ એમાં કોઈ જાતનો પરિણામ માનતા નથી. હથોડાના ગમે તેટલા ઘા પડે છતાં જેમ એરણ સ્થિર રહે છે, તેમ દેશકાળ વગેરેના વિવિધ ફેરફારો થવા છતાં વસ્તુ જરાય ફેરફાર નથી પામતી એવી માન્યતા તે કૂટસ્થનિત્યતા. આવી માન્યતાને પરિણામે જ્ઞાન, સુખદુઃખ વગેરે પરિણામોને તેઓ પ્રકૃતિના જ માને છે. એ દર્શનકારો પાસે જવાનું થાય તો તે પોતાની વાતને જ સ્થાપશે, એમાં જરા પણ ફેરફાર કરશે નહિ અને પોતાની આંખ ઉઘાડી સત્યની બીજી બાજુ તપાસવાનો પ્રયાસ પણ કરશે નહિ.

**વૈશેષિક** અને **નૈયાયિકો** જ્ઞાન, સુખ–દુઃખને આત્માનો ગુણ માને છે ખરા, પણ આત્માને એકાંત નિત્ય માનતા હોઈ એને અપરિણામી માને છે.

**બૌદ્ધ** દર્શનકારો આત્મા નિરન્વય પરિણામોનો પ્રવાહ માત્ર છે એમ માને છે. એટલે એમના દર્શન પ્રમાણે ભિન્ન ભિન્ન ક્ષણોમાં સુખ-દુઃખ આદિનું ભાન થાય છે તેને પરિણામ માત્ર માનવામાં આવે છે, પણ એ જુદા જુદા ક્ષણના અનુભવને જોડનાર વચ્ચે સૂત્રરૂપ અખંડ ચાલુ તત્ત્વની ગેરહાજરી માનતા હોઈ એને નિરન્વય પરિણામોનો પ્રવાહ કહેવામાં આવે છે.

આવી રીતે જે જે દર્શનકારો પાસે જવામાં આવે તે તે સર્વ પોતપોતાના અભિપ્રાયની સ્થાપના કરે છે અને પોતે જ માત્ર સત્ય સમજ્યા છે એવો દાવો કરે છે અને પોતા સિવાય અન્યને સત્યની જરા ઝાંખી માત્ર પણ થઈ છે એટલો સ્વીકાર પણ કરતા નથી.

એ જ પ્રમાણે આત્માના અને પુદ્ગળના, ચેતનના અને વસ્તુના સંબંધને અંગે, વસ્તુ અને આત્માનો સંબંધ છૂટ્યા પછી આત્માની થતી સ્થિતિને અંગે દરેક દર્શનકાર જુદા જુદા મત ધરાવે છે, પણ દરેક પોતાની વાતને જ આગ્રહપૂર્વક પકડી રાખે છે અને પરિણામે સત્ય-શોધનની ઉન્નત ભાવનાને બદલે પોતાની વાત સાચી છે એવી મક્કમ સ્થાપના કરે છે.

આત્મિક અને પૌદ્ગલિક બાબતો ઉપરાંત નાની-મોટી અનેક બાબતમાં ઘણાખરા દર્શનકારો પોતાના મતની વાતને આગ્રહપૂર્વક પકડી રાખવામાં ગૌરવ માને છે. એ વાતને પરિણામે પ્રાણીમાં એકાંતવાદનો આગ્રહ થાય છે. તે કેટલો હોય છે અને તેની ગાઢતા કેટલી ચિકાશ ભરેલી હોય છે તે આ સ્તવનના વિવેચનમાં વિસ્તરાયલી માલૂમ પડશે.

માત્ર અભિનંદનસ્વામીનું દર્શન–જૈન દર્શન–જ એવું દર્શન છે કે જેણે નયવાદ અને પ્રમાણવાદ દ્વારા અનેક દૃષ્ટિબિન્દુઓ ઉઘાડાં રાખ્યાં છે અને અનેકાંતવાદના ધોરણનો સ્વીકાર કરીને એક પક્ષમાં કે એક વાદમાં ઢળી જવાની વાત છોડી દીધી છે અને તે હકીકતને એટલો વ્યવહારુ આકાર આપવામાં આવ્યો છે કે એ કોઈ અન્ય દર્શનને તિરસ્કારશે નહિ, અન્ય દર્શનને

અસત્ય કહેશે નહિ. એના અનેકાંતદર્શનમાં એ સર્વ દર્શનકારોને અંશસત્યગ્રાહી કહેશે; એ કહેશે કે તમને જે સ્વરૂપ સમજાયું છે તે તેટલા પૂરતું સાચું છે, પણ તમારા સ્વરૂપજ્ઞાનને બીજી બાજુ પણ હોઈ શકે છે, અને અંશસત્યને સર્વ સત્ય માનવાની ગફલતી કરવા જેવું પણ નથી. મતલબ, જૈનદર્શનકાર ઢાલની બન્ને બાજુએ જોવાનો અને અંશસત્યને પૂર્ણ સત્ય માનવાની ભૂલથી બચવાનો આગ્રહ રાખે છે.

અને દૃષ્ટિબિન્દુ (નય) ના વિવેકી સિદ્ધાન્તને અપનાવી જૈન દર્શને તો કમાલ કરી છે. એણે કોઈને કડવું કહ્યું નથી; એને કોઈને આકારા શબ્દોમાં ઉદ્દેશવાની જરૂર પડી નથી અને એના સપ્તભંગી અને સ્યાદ્વાદના સિદ્ધાન્તો એને તર્કાનુસારી, ન્યાયબદ્ધ અને પદ્ધતિસરની પરિસ્થિતિમાં રાખી એને સ્વીકાર કરવા યોગ્ય કક્ષામાં રાખે છે. આ હકીકત ખૂબ વિચારણા માગે છે અને દર્શનની સમજણની ચાવીરૂપ છે.

વાત એ છે કે દર્શનકારોને અંગે જ્યાં જ્યાં વિચારણા કરીએ કે એની પાસે સત્ય સમજવા પૃચ્છા કરીએ, ત્યાં ત્યાં તેઓ તો પોતપોતાની જ વાત કરશે, અને પોતા સિવાય અન્ય સર્વ દર્શનકારોએ ગોથાં ખાધાં છે એવી હકીકત જણાવશે. અંશસત્ય અને પ્રમાણસત્યના ખુલાસા દ્વારા જૈન દર્શન તો આથી તદ્દન જુદી જ વાત કરે છે. એ કોઈ દર્શનકારને જૂઠો નહિ કહે, એ કોઈ દર્શનકારની નિંદા નહિ કરે, એ પોતાના અભિપ્રાયનો સ્વીકાર કરાવવાનો આગ્રહ નહિ રાખે; એ તો માત્ર આંખ ઉઘાડી રાખવાની ભલામણ કરશે અને દર્શનકારોને અંશસત્યની પ્રાપ્તિ થઈ છે એટલું જ જણાવશે. એના નયજ્ઞાનના દૃષ્ટિબિન્દુમાં એને સત્યનો અંશ જણાશે. પણ એની નજરમાં તે જ વખતે પ્રમાણસત્યનો ખ્યાલ રહેશે અને એ કદી **એકાંત સ્થાપના કરશે નહિ.** એટલા માટે અભિનંદન જિનદેવના દર્શનનો તલસાટ કરીએ, એ દર્શન પ્રાપ્ત થાય તેવી ઊંડી ચાહના રાખીએ અને મતમતના ભેદને અંગે દર્શનકારોએ એકાંતનું પોષણ કર્યું છે તેને સમજવા દ્વારા સહિષ્ણુતા રાખીએ.

સાધારણ રીતે શાંત પ્રાણી હોય તે પણ જ્યારે દર્શનની વાતચીત કે ચર્ચામાં ઊતરે છે ત્યારે ઘણી વાર વિવેક ભૂલી જાય છે અને પછી તો દર્શનના કે **મતાગ્રહના મોરચા** જમાવવા મંડી જાય છે. તેવા પ્રાણીઓને નિર્ભેળ સત્ય સાંપડવું અશકય છે. જ્યાં આગ્રહ બંધાઈ ગયો ત્યાં જ્ઞાનચક્ષુ આડું આવરણ આવી જાય છે અને પછી સત્યશોધન બુદ્ધિને સ્થાને પોતાની પકડેલી કે કોઈએ પકડાવેલી હકીકતને લૂલી-પાતળી, અસ્પષ્ટ દલીલથી કે દલીલાભાસથી બચાવવાની વૃત્તિ થઈ જાય છે, અનેકાંતદૃષ્ટિબિન્દુ સમજનાર, અંશસત્ય અને પરિપૂર્ણ સત્યનો તફાવત જાણનાર **અભિનંદનસ્વામીનું દર્શન** આ પ્રકારની સ્ખલનાથી મુક્ત છે, એટલે એને માટે વાંછના કે ઝંખના કરવા યોગ્ય છે.

અથવા અભિનંદનજિનદર્શન એટલે **આત્મદર્શન** ચેતનને એના મૂળ સ્વરૂપે જોવો. એ કામ દુર્ઘટ તો છે જ; પણ આ જીવનવ્યવસાયનો એ ખરો લહાવો છે. દરેક દ્રવ્યક્રિયાનો

ઉદ્દેશ આત્મદર્શન કરવાનો હોઈ અને દરેક નાનું-મોટું સાચું આત્મદર્શન દુર્લભ હોઈ ખૂબ વિચારણા માગે છે. અંશસત્યનો સ્વીકાર કરવા જતાં એકાંતપક્ષ-મતાગ્રહ-બંધાઈ ન જાય તેની સાવધાની રાખવાની જરૂર છે. કોઈ પણ દર્શનકારે પોતાના દર્શનથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, એમ કહ્યું નથી; સર્વનો દાવો શુદ્ધતા, સ્પષ્ટતા અને યોગ્યતાનો છે. તેમાંથી સત્યની શોધ કરવી એમાં વિવેક છે, આવડતનો ઉપયોગ છે. અને જીવનનું મહાન કર્તવ્ય છે.

સહિષ્ણુતાને ઉચ્ચ આકારમાં રજૂ કરતું, નય દૃષ્ટિબિન્દુના જ્ઞાનના રહસ્યમાં અંશસત્યોને હાલની એક બાજુ તરીકે બતાવતું અને છતાં વેરવિરોધ ન દાખવતું એ અભિનંદનજિનનું દર્શન-દુર્લભ હોવા છતાં પ્રભુકૃપાથી સુલભ છે એ વાતને સ્પષ્ટ રીતે સમજાવી સાબિત કરતાં પહેલાં દર્શનને અંગે ચાલુ જનતાનો અથવા પ્રવાહમાં પડેલાનો રસ્તો કેવો હોય છે, તે બતાવી છેવટે દર્શનની સુલભ્યતાના રસ્તા બતાવશે.

આ સ્તવનથી જે ઝોક આનંદઘન મહારાજે લીધો છે તે તેમની વિશાળતા, સર્વ દર્શન તરફની સહિષ્ણુતા અને માર્ગદર્શન કરાવવાની પોતાની કર્તવ્યપરાયણતા બતાવે છે. દર્શનની દુર્લભતા બતાવી દર્શનપ્રાપ્તિ સુલભ કેમ થાય તેને માર્ગે યોગિરાજ અજબ રીતે લઈ જાય છે, તે આપણે જોઈએ. દર્શનપ્રાપ્તિની ચાવી હાંસલ કર્યા પછી દર્શનને અંગે આંતર ક્રિયા, દ્રવ્યક્રિયા, ફિરકાભેદ, ગચ્છની તકરારો વગેરે બાબતો પર આગળ ઉપર અન્યત્ર ધ્યાન ખેંચવામાં આવશે. અહીં તો અનેકાંતદૃષ્ટિને બહુલાવનાર એ દર્શનને પ્રાપ્ત કરવાની અંદરથી પાકી ઇચ્છા જાગ્રત કરાવવા માટે દર્શન યાને મતમતમાં રહેલા આગ્રહને નરમ પાડી દેવાની હકીકતને મુખ્ય કરવામાં આવશે અને પંથડો નિહાળવાને પરિણામે ભૂમિકા શુદ્ધ કરવાના કાર્યનો લાભ ઉઠાવવાની સાચી રીતને દર્શાવી તે દ્વારા આત્મદર્શન કરવાની પ્રેરણા રજૂ થાય છે, તે વાત ખાસ હિતની હોઈ અવધારણ યોગ્ય છે. (૧)

સામાન્યે કરી દરિસણ દોહિલું, નિરણય સકલ વિશેષ;
મદમેં ધાર્યો રે અંધો કિમ કરે, રવિ-શશિ-રૂપ વિલેખ. અભિનંદન૦ ૨

**અર્થ**—સાધારણ રીતે જોઈએ તો (પ્રભુનું) દર્શન પ્રાપ્ત થવું મુશ્કેલ છે અને તે સંબંધી પાકો નિર્ણય થવો એ તો વળી એથી પણ વધારે મુશ્કેલ છે; કારણ કે નશાથી ચકચૂર બનેલો અંધ પ્રાણી સૂર્ય કે ચંદ્રના સ્વરૂપનો ચિતાર કેમ લઈ-જાણી-સમજી શકે? (૨)

---

**પાઠાંતર**—સામાન્યે – સામાન્યઈ. ધાર્યો – ઘેર્યો. કિમ – કેમ (૨)

**શબ્દાર્થ**—સામાન્યે = સાધારણ. કરી = ને લીધે, કારણે. સામાન્યે કરી = સાધારણ રીતે. દરિસણ = દેખવું, માર્ગ પામવું. દોહિલું = દોહ્યલું, અઘરું, મુશ્કેલ. નિરણય = નિર્ણય, ફેંસલો. સકળ = સંપૂર્ણ, તમામ. વિશેષ = વિશેષતઃ અથવા ખાસ કરીને. મદમેં = નશામાં, દારૂની અસરમાં. ધાર્યો = ઘેરાઈ ગયેલો, ચારે તરફથી વીંટળાઈ ગયેલો, તેમાં ડૂબેલો. અંધો = આંધળો માણસ. કિમ = કેમ, કેવી રીતે. રવિ = સૂર્ય(નું), શશી = ચંદ્રનું રૂપ = સૌંદર્ય, આકાર, દેખાવ. વિલેખ = વિશેષે જાણવું તે, સમજવું તે. (૨)

**ટબો**—દર્શન શબ્દે સામાન્ય ગ્રહ (ગ્રાહક ?), તે પણ દોહિલું, તો સકળ વિશેષ નિર્ણય તો દુર્લભ હોય, એટલે વસ્તુના ધર્મ બે છે : સામાન્ય અને વિશેષ. તે વસ્તુને વિષે અભ્રાંતિ રૂપપણે તેહને પણ દુર્લભ. કોણ દૃષ્ટાંતે ? જેમ અંધ પુરુષ મદમાં ઘાર્યો-છંદમાં પડ્યો-હોય (અથવા વનમાં પડ્યો હોય) ત્યારે રવિ સૂર્ય અથવા ચંદ્રમાનું રૂપ સામાન્ય-વિશેષે લીખી-જાણી ન શકે, તેમ અહંકારનો ઘાર્યો મિથ્યાત્વે અંધ આવરણ છંદમાં પડેલો પ્રાણી સમ્યગ્પણે સ્વરૂપદર્શન ન જાણે. (૨)

**વિવેચન**—મતમતાંતરોને અંગે જ્યાં જ્યાં જઈને તપાસ કરવામાં આવે ત્યાં સર્વ અભિમાનપૂર્વક પોતાની વાત સાચી છે એવી સ્થાપના કરે છે. તેનું પરિણામ શું થાય તે પર હવે વિચાર કરે છે, અને એ પરિસ્થિતિમાં દર્શન પ્રાપ્ત કરવાની મુશ્કેલી વધી જાય છે. તે વાત બતાવવા દ્વારા વસ્તુતત્ત્વના નિર્ણયની મુશ્કેલી પર ધ્યાન ખેંચે છે.

આપણે ઉપર જોઈ ગયા કે દર્શનનો અર્થ આ સ્તવનમાં વસ્તુતત્ત્વનો બોધ અને તેની સાચી સમજણપૂર્વકની શ્રદ્ધા એમ કરવાનો છે. આ દર્શનની મુશ્કેલી બતાવતાં સદ્દહણાનું સ્વરૂપ ધ્યાનમાં લેવા યોગ્ય છે. સમ્યક્ત્વની સ્વરૂપવિચારણાને અંગે ૬૭ મુદ્દાઓ અધિષ્ઠાનો ઉપર જૈનદર્શનકારોએ ભાર મૂક્યો છે; તેમાં સદ્દહણાને અંગે ચાર બાબતોને ખાસ અગત્ય આપી છે. સદ્દહણાના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે :

(क) **તત્ત્વજ્ઞાનપરિચય**—તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયા વગર શાસ્ત્રનું રહસ્ય સમજાય નહિ, અંદરના ભેદની ચાવી સાંપડે નહિ અને નિરર્થક શક્તિનો વ્યય થતો અટકે નહિ. તેટલા માટે તત્ત્વજ્ઞાનનો પરિચય એ સદ્દહણાને અંગે બહુ અગત્યની વાત છે. શ્રદ્ધાને સ્થિર રાખનાર, મગજને અવ્યવસ્થિત થતું અટકાવનાર અને ગૂંચવણવાળી દલીલ કે હેત્વાભાસના જાળામાં અટવાઈ પડતાં અટકાવનાર તત્ત્વજ્ઞાનનો પાકો પરિચય અનિવાર્ય છે, અતિઆવશ્યક છે, અને ચાલુ પ્રગતિને પોષક હોઈ કષ્ટ કે ઉદ્યમને સફળ બનાવનાર થાય છે.

(ख) **તત્ત્વજ્ઞાનીની સેવા**—તત્ત્વજ્ઞાનની સેવા જેટલી અગત્યની છે તેટલું જ મહત્ત્વ તત્ત્વજ્ઞાનીની સેવાને આપવામાં આવ્યું છે. લખી લખીને કેટલી વાત લખાય ? અનેક ભાવો તો ગુરુ શિષ્યને પોતાની સામે બેસાડી સમજાવે, કેટલીક વાતો બતાવે અને કેટલીક ક્રિયા કરી બતાવે. પડિલેહણ, પચ્ચખ્ખાણવિધિ વગેરે અનેક બાબતો, ક્રિયા કરવાની વસ્તુના આકારો અને બનાવટો અને તત્ત્વજ્ઞાનના રહસ્યની ચાવીઓ અને યોગમુદ્રાઓ જ્ઞાનીની સેવા કરે ત્યારે જ સાંપડે. વિલાયતમાં રહી પુસ્તક વાંચનારા વિદ્વાનને ઓઘો-રજોહરણ એટલે ઝાડુ જ લાગે, પણ એનો આકાર અને ઉપયોગ નજરે જુએ, કે જ્ઞાનીના પરિચયથી જાણે, ત્યારે તેને અવનવી અને અદ્ભુત હકીકત પ્રાપ્ત થાય છે. સદ્દહણાને અંગે જ્ઞાનીનો પરિચય ઘણી અગત્યની બાબત છે.

(ग) **વ્યાપન્નદર્શનીવર્જન**—'વ્યાપન્ન' એટલે ઇજા પામેલ, મરેલ. દર્શનભ્રષ્ટ મનુષ્યની સોબત ન કરવી. જેને ધર્મશ્રદ્ધા ન હોય, જેણે શ્રદ્ધા ગુમાવી નાખી હોય, જેણે એક

વખત દર્શનના સ્વીકાર પછી સ્વાર્થને અંગે કે બેદરકારીને અંગે દર્શનને તજી દીધું હોય તેવા પ્રાણીની સોબત કરવાથી પોતે પણ શ્રદ્ધાભ્રષ્ટ થઈ જવાય. એવા ભ્રષ્ટ થયેલાનો પરિચય કરતાં પોતાની મૂળ પૂંજી પણ ગુમાવી બેસાય. એટલા માટે સદ્દહણા રાખવાની ઇચ્છાવાળાએ જે પ્રાણીમાંથી દર્શન ગયું છે–વ્યાપન્ન થયું છે–તેની સંગતિ ન કરવી. આ સદ્દહણાનો ત્રીજો પ્રકાર છે.

(ઘ) **કુલિંગીસંગવર્જન**—ઉઘાડી રીતે જે પરલિંગ ધારણ કરતા હોય તેની સોબત ન કરવી. એની સોબતમાં લાભ ન થાય અને સૂકા સાથે લીલાને બળવાનું થઈ જાય. કુલિંગ-સંગવર્જનમાં અને વ્યાપન્નદર્શનીસંગવર્જનમાં ઘણો ફેર છે. કુલિંગી ઉઘાડી રીતે ધર્મ વિરુદ્ધ હોય છે અથવા ઉપેક્ષાવાળો હોય છે, ત્યારે વ્યાપન્નદર્શનીએ તો એક વાર શુદ્ધ દર્શનનો સ્વીકાર કર્યા પછી તેનો ત્યાગ કરેલો હોય છે. ધર્મશ્રદ્ધા કાયમ રાખવા માટે ધર્મના વિરોધી અને પરધર્મનો સ્વીકાર કરનાર બન્નેની સોબત છોડવાની અથવા ન જ કરવાની બાબત ખૂબ સમજવા યોગ્ય છે. એમાં પરલિંગ તરફ તિરસ્કાર નથી, પણ મનુષ્યના સ્વભાવના અભ્યાસની તારવણી છે. સોબત અને પરિચયની અસર કેટલી છે તે તો દરરોજના અનુભવનો વિષય છે. અને જેને દર્શન પર સાચો પ્રેમ જાગ્યો હોય અથવા જગવવા યોગ્ય છે એવો નિર્ણય થયો હોય, તેવો પ્રાણી વ્યાપન્નદર્શનીની કે કુલિંગીની સોબત ન કરે એ સ્વતઃ સમજાઈ જાય તેવી વાત છે.

આવા પ્રકારની સદ્દહણાને ઝીલતું દર્શન પ્રાપ્ત થવું એ સાધારણ રીતે મુશ્કેલ છે. એ દર્શનપ્રાપ્તિને અંગે છ સ્થાન બતાવવામાં આવ્યાં છે તે નીચે પ્રમાણે છે :

(૧) જીવ છે એમ ચોક્કસ માનવું.

(૨) જીવ શાશ્વત છે, એનો કદી નાશ થવાનો નથી એમ માનવું.

(૩) પુણ્ય-પાપનો કર્તા જીવ છે એવી સ્પષ્ટ માન્યતા રાખવી.

(૪) અને કરેલ કર્મનો ભોક્તા તે જ જીવ છે એવી ચોખ્ખી માન્યતા કરવી.

(૫) યોગ્ય રીતે પુરુષાર્થ કરતાં એ જીવની મુક્તિ છે એવી નિર્ભેળ માન્યતા.

(૬) અને એની મુક્તિ માટેના ઉપાય છે એવી માન્યતા રાખવી.

આ છ સ્થાનકોનો વિચાર કરતાં અને સ્વીકાર કરતાં દર્શનપ્રાપ્તિની અગત્ય સમજાશે. છ સ્થાનોની ચોખવટ અને સ્વીકાર ન થાય તો પ્રાણી આ દુનિયામાં રખડ્યા કરે છે. શા માટે પોતે અફળાય–કુટાય છે તે તે પોતે જાણી પણ શકતો નથી અને આંટા માર્યા કરે છે. એને છ સ્થાનની ખાતરી થાય ત્યારે એની સાચી ઓળખાણ થાય છે અને પછી પોતે આ સંસારમાં શા સારુ 'અરહોપરહો' અથડાય છે, એ તેના ધ્યાનમાં આવે છે.

**'સામાન્યે કરી'**—જેમાં ચાર પ્રકારની સદ્દહણા અને ઉપર પ્રમાણે બતાવેલાં છ સ્થાનો હોય તેવા દર્શનની પ્રાપ્તિ સામાન્ય રીતે કઠણ છે, સંસારના રસમાં લદબદ થઈ ગયેલા આ

પ્રાણીને સંસારદશામાં મજા આવે છે, એને અંતરમાં ઊતરવું ફાવતું નથી, એમાં એની સર્વ પ્રકારની તકલીફનો છેડો છે એ વાત એને બેસતી નથી અને ઘણાખરા તો એવી વાતની વિચારણાની નજીક પણ આવી શકતા નથી. એને આત્માનો અને પુદ્દ્ગળનો તફાવત જણાતો નથી, એને પુદ્દ્ગળભાવની રમણતા એ વિભાવરમણતા છે એ વાત બેસતી નથી અને એને પ્રભુના દર્શનની પ્રાપ્તિ જ થતી નથી. દીર્ઘ કાળના અભ્યાસથી એ દુનિયામાં રાચે છે, અને વિષયકષાયના કીચડમાં સબડે છે.

**'દોહિલુ'**—ઘણાંખરાં પ્રાણીઓ તો આત્મદર્શનનો વિચાર પણ કરતાં નથી એને સંસારના વ્યવહાર-વેપાર-ધંધામાં કે આળસમાં એટલો આનંદ આવે છે કે એને દર્શન સંબંધી વિચાર કરવાની કે એ પ્રાપ્તવ્ય છે એવો ખ્યાલ કરવાની તક પણ મળતી નથી. બીજો એક વર્ગ એવો છે કે એ મત-મતાંતરના ઝઘડામાં પડી મિથ્યા જ્ઞાનના ચક્કરમાં એવા ચઢી જાય કે એ પોતાની માન્યતાથી છૂટી શકતો નથી અને પકડેલ પુચ્છને પાટુ વાગે તોપણ મજબૂતપણે ઝાલી રાખે છે. આવા દુરાગ્રહીને અને આંખ ન ઉઘાડનારને દર્શનપ્રાપ્તિ સામાન્ય રીતે જ કઠણ છે. જેને ચાર પ્રકારની સદ્દહણા થઈ નથી અથવા જેને ઉપર જણાવેલાં છ સ્થાનો પ્રાપ્ત થયાં નથી તેને દર્શનપ્રાપ્તિ સામાન્ય રીતે દુર્લભ છે. દર્શનપ્રાપ્તિ માટે ત્રણ લિંગ (ચિહ્ન) બતાવવામાં આવ્યાં છે, તે નીચે પ્રમાણે છે :

(૧) **શુશ્રૂષા**—એને દર્શન સંબંધી હકીકત સાંભળવાની ખૂબ તમન્ના રહ્યા કરે. જ્યાં દર્શન પર વિવેચન થતું હોય, ત્યાં એ પોતાનાં બીજાં કામો છોડી દોડી જાય, એને તત્ત્વ-વિચારણા, ચર્ચા, શ્રવણ કે વ્યાખ્યાનમાં સ્વાભાવિક રીતે ખૂબ રસ પડે અને એવો પ્રસંગ પ્રાપ્ત થાય કે તુરત જ એ તક એ આતુરતાથી ઝડપી લે.

(૨) **સેવા**—એને ધર્મકરણીમાં ખૂબ મજા પડે. પોતાનો જેટલો સમય ધર્મકરણીમાં જાય તેટલો જ સાચો સફળ સમય ગયો છે એમ તે અંતઃકરણથી માને અને કોઈવાર બીજા કામમાં પડી જાય ત્યારે પણ ક્યારે પોતાને તક મળે અને ધર્મકરણીમાં પોતે જોડાઈ જાય એવી એને ઇચ્છા રહ્યા કરે.

(૩) **વૈયાવચ્ચ**—આ પારિભાષિક શબ્દ છે. એનો અર્થ દેવ અથવા ગુરુની સેવા-ચાકરી એવો થાય છે. ઉપકાર કરનાર ગુરુને જરૂરિયાતી ચીજો લાવી આપવી, રોગીની સેવા કરવી, વૃદ્ધને સહાય કરવી, તપસ્વીને સગવડ કરી આપવી—આનું નામ વૈયાવચ્ચ કહેવાય છે. નવયુગ આ વૈયાવચ્ચગુણ (લિંગ) તુરત સમજી શકશે. માંદાની માવજત, સેવા કરનારની સગવડ, સેવા કરવા જનારના કુટુંબીઓની કદર વગેરે વૈયાવચ્ચના અનેક પ્રકાર છે.

આ ત્રણ ચિહ્નો (લિંગો) જ્યાં હોય ત્યાં દર્શનપ્રાપ્તિની શક્યતા છે. આ ત્રણ ચિહ્નોને બરાબર ઓળખવા જેવાં છે. આના સંબંધમાં શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય બહુ સુંદર ઉપમાન પોતાની સડસઠ બોલની સજ્ઝાયમાં રજૂ કરે છે એ ધ્યાન ખેંચવા લાયક છે. એ શુશ્રૂષા

લિંગને અંગે કહે છે કે માણસ પોતે જુવાન હોય, એની સ્ત્રી લાવણ્યશાલી, સમજુ અને ઘરરખ્ખુ હોય અને એની પાસે કોઈ સંગીત સંભળાવવા આવે અથવા કિન્નરો ગાન કરે ત્યારે તેને સંગીતશ્રવણમાં જેવી મજા આવે તેવી ધર્મશ્રવણમાં આવે એ પહેલું લિંગ શુશ્રૂષા નામનું છે. બીજા ધર્મરાગ નામના લિંગને વર્ણવતાં શ્રી ઉપાધ્યાયજી કહે છે કે કોઈ માણસ મોટી અટવી વટાવીને થાકીને લોથ થઈ ગયો હોય, એને સખત ભૂખ લાગી હોય, તે વખતે એ મનમાં ઇચ્છા કરે કે અત્યારે ખીર-ખાંડ-ઘેબરનાં ભોજન મળે તો ભારે કામ થઈ જાય! એ વખતે ઘેબરના ભોજન તરફ એનું આકર્ષણ થાય તેવી જ ઇચ્છા ધર્મપ્રાપ્તિ માટે થાય એ રાગ નામનું બીજું લિંગ બતાવ્યું છે. અને વૈયાવચ્ચ નામના ત્રીજા લિંગને અંગે એમણે વિદ્યાસાધકનો દાખલો આપ્યો છે. જેમ વિદ્યા સાધવા તત્પર થયેલ આકાંક્ષી વિદ્યાપ્રાપ્તિની પાછળ પોતાની સર્વ શક્તિ વાપરે, અને તેને અંગે લગારેક પણ આળસ કરે નહિ એમ વૈયાવચ્ચ કરનાર પ્રાણી પોતાના કર્તવ્યમાં વગર સંકોચે વળગી રહે.

આવા ત્રણ લિંગવાળું દર્શન પ્રાપ્ત થવું સાધારણ રીતે દોહ્યલું છે, કારણ કે એને અંગે જે માનસિક વિચારધારા, શિસ્ત અને અંકુશો જોઈએ તે આવેલાં હોતાં નથી અને એને સદ્‌હણા પ્રાપ્ત કરવાનો અંતરથી, ઉપર જણાવ્યો તેવો, રાગ પણ થયેલ હોતો નથી. એની દાનત એવી હોય છે કે જરા પણ ઘસારો ખાધા વગર કે તપ–ત્યાગ–સંયમ કર્યા વગર દર્શનપ્રાપ્તિ થઈ જતી હોય તો તેને વાંધો નથી. પણ ઘસારો ખાધા વગર અને અંતરના ઉમળકા વગર દર્શનપ્રાપ્તિ સામાન્ય રીતે મુશ્કેલ છે. મતમતાંતરના ભેદો, ઝઘડાઓ અને પક્ષબુદ્ધિ એટલી આકરી હોય છે અને દર્શનની બાબત આવે ત્યારે પ્રાણીની રાગદશા એટલી તીવ્ર બની જાય છે કે એમાં સાચ ક્યાં છે અને સાચું કોણ છે એનો નિર્ણય કરવો એ તો એથી પણ વધારે આકરી વાત બની જાય છે.

**'નિર્ણય'**—એક તો દરેક દર્શન પોતાની જ વાત કર્યા કરે, બીજે સત્ય હોય તેને શોધવાની દરકાર પણ ન કરે અને પોતાના વિવેકચક્ષુને વાપરવાની તકલીફ પણ ન લે, ત્યાં દર્શનની પ્રાપ્તિ પણ મુશ્કેલ છે. અને કદાચ પ્રાપ્તિ થઈ જાય તો અરસપરસના વિરોધશોધક અને દર્શક વાતાવરણમાં સર્વથા નિર્ણય કરવો એ પણ એટલું જ મુશ્કેલ છે. કારણ કે ગમે તે મતમાં જાઓ, તેની વાત સાંભળો કે જાણવાનો પ્રયત્ન કરો તો સર્વ પોતપોતાની વાત જ કરશે, પોતે જ સત્યનો ઇજારો મેળવેલો છે એવો દાવો કરશે અને બીજી આંખ ઉઘાડવાની પણ સાફ ના સુણાવી દેશે; એટલે પોતા સિવાયના સર્વ જૂઠા છે, એવા અભિનિવેશથી જ વાત કરશે અને ભળતી દલીલોનો સાચો-ખોટો ટેકો મેળવી પોતાનો કક્કો ખરો કરવાની જ પેરવી કરશે.

**'સકળવિશેષ'**—પોતે કહે છે તે સિવાય અન્યને સત્ય સાંપડ્યું હોય, સત્યના અંશો અન્યત્ર પણ હોઈ શકે છે, જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી વાતને ઘટાવવાની શક્યતા છે એ વાત જ એને બેસે નહિ, એટલે નિર્ણય કરવો, નિર્ણય મેળવવો કે નિર્ણય નિરધારવો એ દર્શનની પ્રાપ્તિ કરતાં પણ વધારે મુશ્કેલ છે.

**'મદમેં ઘાર્યો રે, અંધો કિમ કરે, રવિ-શશિરૂપ-વિલેખ'**—એ નિર્ણયની મુશ્કેલી બાબત પર એક બરાબર ઘટતો આવે એવો દાખલો આપે છે. મદમાં ચકચૂર થયેલો માણુસ હોય અને જાતે આંધળો હોય તે સૂર્ય-ચંદ્રના રૂપને કેવી રીતે દેખી શકે? એક તો જન્મથી અંધ હોય અને વળી દારૂ પી, નશો કરી એ ઘેનમાં ડૂબી ગયેલો હોય, તેવો માણુસ સૂર્યનો પ્રકાશ કે ચંદ્રની ચાંદની કેમ જાણી શકે? એ પ્રમાણે અજ્ઞાનથી કે મિથ્યા જ્ઞાનથી અંધ બનેલો માણુસ હોય તેને દીવા જેવી સાચી વાત પણુ કેમ સૂઝે? સર્વાંગસત્યદર્શનની ઝાંખી થવી દોહ્યલી છે. અને મિથ્યા જ્ઞાનમાં તણાઈ ગયેલો પ્રાણી પણુ દર્શનને પામી શકતો નથી. એ પોતાના અભિનિવેશમાં કે આગ્રહમાં એટલો ચકચૂર બની જાય છે કે એની સ્થિતિ અજ્ઞાનીના કરતાં પણુ બદતર થાય છે અને પોતાના ખોટા કે આડે માર્ગે ઉતારી દેનારા દલીલ-પ્રવાહમાં એ તણાઈ જઈ સાચા દર્શનની ઝાંખી કદી કરતો નથી.

**'મદમેં ઘાર્યો'**— ધારવું એટલે ઘેરાઈ જવું. જે પ્રાણી મદ—અભિમાનમાં દટાઈ ગયો હોય, તેને સ્વરૂપજ્ઞાન ક્યાંથી આવે? એને પોતાની જાતનું ભાન ન હોય, એને પોતાના કુળની કે આબરૂની ખેવના ન હોય; એ સારાખોટાની પરીક્ષા કરી શુદ્ધ નિર્ણય કેમ કરી શકે?

**'વિલેખ'**—'લેખ એટલે લખવું, જાણવું, જોવું. 'વિલેખ' એટલે વિશેષ કરીને અથવા વિગતવાર વધારે જાણવું. જાણવું એટલે વિવેકપૂર્વક સાચા—ખોટાનો ખ્યાલ કરવો, છાશમાંથી માખણુ તાવી લેવું.

**'અંધો'**—અંધને તો જોવાનું જ બનતું નથી અને સાથે એ પીધેલ હોય પછી તેને ગાંડપણુ લાગી જાય છે. પછી એનામાં સામાન્ય દર્શનનો સંભવ રહેતો નથી. તે પ્રમાણે અજ્ઞાન કે મિથ્યાજ્ઞાનમાં ફસડાઈ ગયેલો પ્રાણી સાચા દર્શનને કે સાચા નિર્ણયને કેમ કરી શકે? અને સાચા દર્શન વગર માર્ગની પિછાન નથી, માર્ગની પિછાન વગર માર્ગનો સ્વીકાર નથી અને માર્ગના સ્વીકાર વગર માર્ગે ગમન નથી. પરિણામે દર્શનપ્રાપ્તિની દુર્લભતા, ઉપર જણાવી છે તે, કાયમ રહે છે અને પ્રાણીને સંસારમાં પરિભ્રમણુ કરવાનું ચાલુ રહે છે.

સમકિતનાં પાંચ દૂષણુ બતાવ્યાં છે. એ પાંચ દૂષણુનો ખ્યાલ કરતાં દુરાગ્રહનો મદ પ્રાણીને કેવા કેવા આકારમાં ચઢે છે તેનો ખ્યાલ આવશે અને તેનાથી ચેતતા થવાય તો દર્શનની પ્રાપ્તિની સુલભતા સાંપડે એ છેવટે જણુાશે. આપણે સમકિતનાં એ પાંચ દૂષણો સંક્ષેપમાં સમજી લઈએ :

(૧) **'શંકા'**—આ પ્રથમ દૂષણુ છે. જીવ છે કે નહિ, ધર્મ છે કે નહિ, કર્મ છે કે નહિ —આવી મૂળ બાબતની શંકા થયા કરે, તે દૂષણુ છે, સમજવા માટે ચર્ચા કરવી, સ્પષ્ટતા કરવા માટે વાદવિવાદ કરવા એ એક વાત છે, અને મનમાં તેને માટે સંદેહ રાખવો એ અલગ વાત છે. વાદ, ચર્ચા, સવાલજવાબ, શોધખોળ એ કર્તવ્ય છે, પણુ અંદરખાનેથી એ હશે કે નહિ એવી તર્કવિચારણા સમાધાન માટે નહિ, પણુ સંદેહ તરીકે કરવી એ દૂષણુ છે. આવી શંકા સર્વવિષયી હોય અથવા દેશવિષયી હોય. ધર્મની શંકા, એની શક્યતા આ કાળમાં હોવા સંબંધી અંદરથી

વિચારણા એ સર્વ શંકા કહેવાય. નિગોદ વગેરેનો મેળ ન બેસે, સોયના અગ્ર ભાગ પર અનંત જીવન કેમ રહે એવા પ્રત્યેક મુદ્દા પરની શંકા તે દેશશંકા. આ શંકા નામનું પ્રથમ દૂષણ થયું.

(૨) '**આકાંક્ષા**'—પોતાની સંસારથી મુક્તિ અહીંથી થશે કે ત્યાંથી થશે એવી ભ્રમણામાં વિચારણા વગર, જ્યાં ત્યાં માથું નમાવ્યા કરે, કોઈ જગ્યાએ અલ્પસ્વલ્પ ગુણ જુએ ત્યાં તારણહારની કલ્પના કરી, ત્યાં અભિલાષાપૂર્વક દોડ્યો જાય એ આકાંક્ષાદૂષણ છે. પરધર્મમાં રહેલ સત્ય સમજી તેટલા પૂરતી તેની મહત્તા માનવી એ એક વાત છે, પણ એક ગુણમાં સર્વસ્વનો આરોપ કરી ત્યાં વિશ્વાસ ધારણ કરવો અને ઘરમાં અવિશ્વાસ રાખવો એ આકાંક્ષા-દૂષણ છે.

(૩) **વિતિગિચ્છા**—અમુક ક્રિયા કરવાથી લાભ થશે કે નહિ અથવા એનું પાકું ફળ બેસશે કે નહિ, આવા પ્રકારની શંકા તે વિતિગિચ્છા. ક્રિયા કોઈવાર સફળ થાય, કોઈવાર નિષ્ફળ થાય, આવા પ્રકારની મનની ડામાડોળ સ્થિતિ દૂષણરૂપ છે. શંકા નામનું પ્રથમ દૂષણ ઉપર જણાવ્યું તે દ્રવ્ય વિષયે હોય છે, જીવાજીવાદિ પદાર્થ પરત્વે થાય છે, જ્યારે ક્રિયા પરત્વે કે ક્રિયાના ફળ પરત્વે શંકા-કુશંકા થાય તેને વિતિગિચ્છા કહેવામાં આવે છે અથવા સાધુ-સાધ્વીનાં મલમલિન ગાત્ર જોઈ એના તરફ ઘૃણા થાય તેને પણ વિતિગિચ્છા કહેવામાં આવે છે.

(૪) **પ્રશંસા**—સાધારણ ત્યાગી કે ચમત્કારી, ઉપરચોટિયા ધર્મક્રિયા કરનાર અન્ય ધર્મીનાં ખૂબ જ વધારે પડતાં વખાણ કરવા જતાં અન્યને એ વર્તન કે સ્વીકારનું કારણ બને. ગુણ-પ્રશંસાનો વાંધો નથી, પણ અલ્પગુણીને આસમાને ચઢાવવા જતાં અન્યને અધર્મનું કારણ બને એટલે પ્રશંસાને પરિણામે હાનિ થાય. અનધિકારીની જાહેર પ્રશંસા પોતાના ગુણને મલીન કરે અને અન્યને અધઃપતનનું કારણ બને માટે અયોગ્યની જાહેર પ્રશંસા ત્યાજ્ય હોઈ દૂષણમાં પરિણમે છે.

(૫) '**સંસ્તવ**'—સદ્દહણા વગરના પ્રાણી સાથે વધારે પડતો પરિચય. કાળાની સાથે ધોળાને બાંધવામાં આવે તો વાન ન આવે તો સાન તો જરૂર આવે. એટલે કાચા ધર્મજિજ્ઞાસુને બહારના થરની વ્યક્તિની પ્રશંસા પણ ન ઘટે અને તેનું સંસ્તવન પણ ન ઘટે. પરિચય અને પ્રશંસા બન્ને નુકસાનકારક છે, આપેલ ગુણદશા ઉપર વજ્રાઘાત કરનાર થઈ પડે છે અને નવાસવા જિજ્ઞાસુને ઊંધે રસ્તે ચઢાવી દે છે કે ઊંધો પાડી નાખે છે.

આવાં આવાં દૂષણોવાળો પ્રાણી પ્રાપ્ત કરેલ ગુણને મલિન કરે છે, તે જ પ્રમાણે ગુણપ્રાપ્તિ પહેલાં પણ શંકા, કુશંકા, વિતિગિચ્છા, પ્રશંસા કે સંસ્તવને કારણે ગુણપ્રાપ્તિ જ અટકી જાય છે. જેમ મહમાં ઘેરાઈ ગયેલો પ્રાણી સૂર્ય-ચંદ્રનું દર્શન કરી શકતો નથી, તેમ આ પાંચ દૂષણોમાંથી કોઈ પણ દૂષણવાળો પ્રાણી દર્શનને દોહ્યલું બનાવે છે; એ કોઈ પણ જાતનો સ્પષ્ટ નિર્ણય લઈ શકાતો નથી અને તદ્દન અચોક્કસ દશામાં મસ્ત બની રહી દોહ્યલા દર્શનને વધારે મુશ્કેલ બનાવે છે. આ રીતે ઓઘે–સામાન્ય રીતે–દર્શનપ્રાપ્તિ દોહ્યલી છે, મતમતાંતરની ગૂંચવણને કારણે વધારે દોહ્યલી છે અને, હવે પછી જોવામાં આવશે તેમ, એનો પાકા નિર્ણયને પરિણામે થતો સ્વીકાર વધારે મુશ્કેલ છે.

અહીં અન્ય મતવાદીઓની સાથે કેવી રીતે કામ લેવું ઘટે તેની વિચારણા પ્રાપ્ત થાય છે. સાધારણ રીતે આ દર્શનનો વિષય અટપટો છે, એટલે બહારની વ્યક્તિના ખોટા પરિચય કે વધારે પડતી પ્રશંસાને કારણે દર્શનપ્રાપ્તિ જ દુર્લભ બની જાય છે. આ વાત કરવામાં અન્ય ધર્મની અસહિષ્ણુતાની વાત નથી, પણ રસ્તે ચઢેલ પ્રાણી શરૂઆતમાં તો તુરત આડોઅવળો ગબડી જાય કે ઘર ચૂકી પરઘરમાં ચાલ્યો જાય, તેટલા માટે, અન્યલિંગ, પરમત કે બહારના દર્શન તરફ જરા પણ ધિક્કાર કે તિરસ્કાર બતાવ્યા સિવાય એટલું કહી શકાય તેમ છે કે સાચા દર્શનની પ્રાપ્તિ મુશ્કેલ છે, અને તેમાં પણ છેવટનો પાકો નિર્ણય લેવો તે તો તેથી પણ વધારેપડતી બાબત છે. આમાં અંધની કક્ષામાં મતધારી આવે અને દારૂડિયાની કક્ષામાં શિથિલાચારી અથવા આગ્રહી ગચ્છધારી આવે. આવા પ્રસંગો કે સોબતને પરિણામે દર્શનપ્રાપ્તિ દોહ્યલી છે એમ બતાવ્યું.

અથવા 'સામાન્યે' એટલે સાધારણ રીતે, બહુ પારિભાષિક ન થતાં સાધારણ બુદ્ધિએ, દર્શનપ્રાપ્તિ મુશ્કેલ છે. અહીં સામાન્યની સરખામણી હવે પછી આવનાર તર્કવાદ, નયવાદ સાથે સમજવી. એટલે કોઈ પણ પ્રકારના પારિભાષિક ન થતાં માત્ર સામાન્ય બુદ્ધિએ જોઈએ તોપણ દર્શનપ્રાપ્તિની દુર્લભતા દેખાય છે, પારિભાષિક દૃષ્ટિએ નિર્ણયની મુશ્કેલી એટલી જ મોટી છે, તે હવે પછીની આગલી (ત્રીજી) ગાથામાં જોઈશું.

અહીં ગચ્છની દૃષ્ટિને મદિરા સાથે સરખાવી છે તે વાત આગળ ઉપર ચૌદમા સ્તવનમાં ખૂબ વિસ્તારવાની છે. યોગીની દશા કેવી વિશિષ્ટ રહે છે, વસ્તુ અને ભાવ તરફ એનું કેવું વલણ રહે છે, તે બરાબર વિચારવા યોગ્ય છે અને પાંચ દૂષણને પણ વિચાર કરી પૂરતો ન્યાય આપવા યોગ્ય છે. એ દૂષણ તરફ ઉપેક્ષા કરવાથી આખો વિષવાદ કેમ થઈ જાય છે તે હવે પછીની ત્રીજી ગાથામાં આ સ્તવનમાં જ જોશું.

આખી ગાથાનો સાર એ છે કે જે પ્રાણી મિથ્યાદર્શનથી અંધ થયેલો છે અથવા સ્વ-અભિપ્રાયના દુરાગ્રહરૂપ દારૂની અસર નીચે આવી ગયેલો છે, તે સૂર્ય-ચંદ્રના દર્શન જેવા વિશિષ્ટ દર્શનને કેમ કરીને જાણે ? એની પ્રાપ્તિ એને કેમ થાય ? (૨)

હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબળો વિષવાદ. અભિનંદન૦ ૩

**પાઠાંતર**—સબલો – શબલો (૩)

**શબ્દાર્થ**—હેતુ = કારણ, સબબ, તર્ક અનુમિતિસાધન વ્યાપ્ય. વિવાદ = ચર્ચા, પૂર્વપક્ષ-ઉત્તરપક્ષના મોરચા (તેના વડે). ચિત્ત = મનમાં. ધરી = ધારી, વિચારીને. જોઈએ = સમજીએ. અતિ = ઘણો. દુરગમ = દુર્ગમ, મુશ્કેલીથી સમજી શકાય તેવો કઠણ, ગમ ન પડે તેવો. નયવાદ = નય (દૃષ્ટિબિન્દુ)નું પ્રતિપાદન. વાદ = તત્ત્વ જાણવાની ઇચ્છા વડે કરેલું કે થયેલું કથન આગમ = મૂળ સૂત્રો, સિદ્ધાંત, ધર્મશાસ્ત્ર. વાદ = કથન, વિચાર, exposition. ગુરુગમ = જાણકાર શિક્ષકની દોરવણી, સંપ્રદાયથી ચાલ્યું આવતું જ્ઞાન બતાવનાર અધ્યાપકે આપેલ જ્ઞાન. કો = કોણ, કોઈ. સબળો = આકરો, ભારે. વિષવાદ = વિખવાદ, ઝેર પેદા થાય તેવી બોલચાલ, કજિયો, તકરાર. (૩)

**અર્થ**—તર્કના પૂર્વપક્ષ-ઉત્તરપક્ષના ઝઘડાઓ દ્વારા મનમાં ધારણા કરીને જોઈએ તો દૃષ્ટિબિન્દુનો આખો સવાલ ઘણો આકરો, કઠણ અને ગમ ન પડે તેવો મુશ્કેલ દેખાય છે. અને આગમના કથનને અંગે જો ગુરુગમ ન હોય તો એ તો ભારે આકરો-વિખવાદ ઝગડો થઈ જાય છે. (અથવા અત્યારે એવો ગુરુગમ આપે તેવો કોઈ નથી એટલે એ રીતે પણ ભારે આકરું ભયસ્થાન દેખાઈ આવે છે.) (૩)

**ટબો**—હેતુ કારણાદિકના વિવાદ ચિત્તમાં ધરીને જોઈએ, વિચારીએ તો નયવાદ અત્યંત ગુહીર (ગુહ્ય-ગૂઢ) છે અને આગમવાદે જોઈએ તો ગુરુગમ-ગુરુપરંપરાનો માર્ગ ન પામીએ એ જ મોટો વિષવાદ મનમાં ઉપજે છે. (૩)

**વિવેચન**—ત્યારે આપણને માલૂમ પડે છે કે સામાન્ય રીતે દર્શનપ્રાપ્તિ દોહ્યલી છે અને સર્વથા નિર્ણય થવો એ એથી પણ વધારે મુશ્કેલ છે. એમાં આવી પડતા દોષો અને અજ્ઞાનની અંધતા અથવા દુરાગ્રહનો કેફ સાચા દર્શનની પ્રાપ્તિ આડે આવે છે. ત્યારે હવે શું કરવું? દર્શનપ્રાપ્તિ વગર મુક્તિ નથી અને મુક્તિ ન થાય ત્યાં સુધી આરો નથી; તો પછી દર્શનની પિછાણ કયે રસ્તે કરવી? ત્યારે મોટા વિદ્વાનોને ચર્ચા કરતા સાંભળીને મનમાં એમ આવે કે દર્શનપ્રાપ્તિને માટે તર્ક કે ન્યાયનો આશ્રય લીધો હોય તો પંથડો નિહાળવાનો ઉપાય કદાચ હસ્તગત થાય; ત્યાં તો હમણાં જ વિચારી ગયેલ આનંદઘન મહારાજનું સૂત્ર સ્મરણમાં આવે છે કે :

"તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે રે કોય." (સ્તવન ૨, કડી ૪)

ત્યાં આ મુદ્દા પર વિચાર કર્યો હતો. ત્યાં જણાવ્યું હતું કે તર્કની વિચારણામાં અથવા તર્ક દ્વારા પંથના દર્શનમાં તો વાદવિવાદ જ ચાલે છે અને સાચું રહસ્ય વાદવિવાદની ઝડીમાં સપડાઈ જઈ પ્રાણીને ગોળ ચક્કરમાં નાખી દે છે. અહીં તર્ક કે ન્યાયશાસ્ત્રને નિરર્થક બતાવવાનો આશય નથી, હોઈ શકે પણ નહિ; પણ કાચી બુદ્ધિના સંસારરસિયા પ્રાણી જ્યારે પોતાનું બુદ્ધિબળ બતાવવા મંડી જાય છે ત્યારે સત્યશોધનની નિષ્ઠાને બદલે પોતાનું હોય તે ખરું કરવાની લાલચમાં પડી જાય છે અને પછી તો ભ્રામક દલીલો, મરડી-મચડીને કરાતા અર્થો અને હેતુને બદલે હેત્વાભાસોનો રાફડો ફાટી નીકળે છે અને સત્યશોધન કે માર્ગદૃષ્ટિને બદલે પોતાના અભિપ્રાયને સાચા કરવાને માટે છળના અનેક પ્રકારોનો આશ્રય લેવામાં આવે છે અને અતિ ઉપયોગી ન્યાય કે તર્કશાસ્ત્રની દલીલબાજી ઊલટી દર્શનપ્રાપ્તિને કોઈ કોઈ વાર વધારે દોહ્યલી બનાવે છે.

હરિભદ્રસૂરિ મહારાજ કહે છે તેમ[1] વાદ અને પ્રતિવાદ સામસામી કરતાં તત્ત્વોનો પાર પમાતો નથી અને તેમાં તો તલ પીલનાર બળદની ગતિને અનુસાર જરા પણ આગળ વધી શકાતું નથી.

---

૧. वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा।
तत्त्वान्तं नैव गच्छन्ति तीलपीलकवद् गतौ॥ યોગબિન્દુ, શ્લોક ૬૭.

અહીં તર્કના વિષયને નરમ પાડી દેવાનો ઇરાદો નથી, તર્કગ્રંથો કે ન્યાયગ્રંથો નકામા છે એમ કહેવાનો આશય નથી, સત્યશોધનને અંગે ન્યાય કે તર્ક નિરર્થક છે એમ જણાવવાનો હેતુ નથી, પણ પ્રાથમિક દશામાં પંથડો નિહાળવાની કામના હોય અને દર્શનપ્રાપ્તિને માટે વલખાં મારવામાં આવતાં હોય, ત્યાં હેતુ અને વાદવિવાદની ચર્ચામાં પડી જવામાં આવે તો ઘણીવાર સત્યદર્શનની સદ્દહણા પાકી થવાને બદલે 'દુર્લભ'ની કોટિમાં જ રહે છે એમ યોગીરાજનું કહેવું છે

આ હેતુવિવાદનો વિચાર કરતાં દર્શનપ્રાપ્તિની દુર્લભતા સમજાય તેમ છે. એમાં સમાનાધિકરણ, પૃથકત્વ, સમત્વ અને દાખલાદલીલોની ઝડી ચાલે ત્યાં મહાન ચર્ચા કરનારાં મગજો પણ થાપ ખાઈ જાય તેવી વાત છે. સામાન્ય વ્યક્તિને આ ન્યાયની ચર્ચા દ્વારા અથવા હેતુવિવાદની ઝડીઓ દ્વારા સમ્યગ્‌દર્શનની સદ્દહણા થાય એ ભારે દુર્લભ વાત છે. (અતિ વિદ્વાનોને માટે એ અશકય નથી, માટે જ એને દુર્લભ કહેવામાં આવેલ છે, એ વાત પર અત્ર ખાસ લક્ષ્ય દોરવું પ્રાસંગિક ગણ્યું છે.)

તર્ક-ન્યાયના અભ્યાસ દ્વારા દર્શનપ્રાપ્તિની મુશ્કેલી અત્ર રજૂ કરી, તેથી પણ વધારે મુશ્કેલી નયજ્ઞાન દ્વારા દર્શનપ્રાપ્તિની છે, એ વાત જણાવતાં પહેલાં નય શું છે તેનો પરિચય કરવો જરૂરી છે.

**નયવાદ**—વસ્તુના અનંત ધર્મો છે. નયજ્ઞાન એટલે અપેક્ષાજ્ઞાન. એક જ વસ્તુ જુદી જુદી અપેક્ષાએ જુદી જુદી લાગે, એ જુદી જુદી દૃષ્ટિનું જ્ઞાન તે નયવાદ. અનંત ધર્મોમાંથી અમુક ધર્મને મુખ્ય કરીને બોલાય તે દૃષ્ટિબિંદુ એટલે નય. વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન તો બધા નયોને-દૃષ્ટિબિન્દુઓને-એકત્ર કરવામાં આવે ત્યારે થાય. અને એ અનેક દૃષ્ટિબિન્દુઓને એકીવખતે જાણે-સમજે તે 'સર્વજ્ઞ' કહેવાય. દરમ્યાન જગતની સર્વ પ્રવૃત્તિઓ—પછી તે વ્યવહારિક હોય કે સામાજિક હોય, ધાર્મિક હોય આધ્યાત્મિક હોય, સમૂહગત હોય કે વૈયક્તિક હોય—જો એ અમુક અપેક્ષાને લક્ષ્યમાં રાખીને થયેલ હોય તો તે અપેક્ષામાર્ગને અવલંબનાર માર્ગ છે. સર્વજ્ઞ સર્વ મુદ્દા લક્ષ્યમાં રાખે તો વિશેષજ્ઞ ઘણા મુદ્દા લક્ષ્યમાં રાખે. આ આખો અપેક્ષાવાદ ખૂબ સમજવા જેવો છે. હાથી અને અંધ પુરુષોનો દાખલો નયવાદને સમજવા માટે પ્રસ્તુત છે. એક ગામમાં હાથી આવ્યો, તેને જોવા સાત જણા ગયા. એમાં છ અંધ હતા અને એક દેખતો હતો. એમણે હાથીને જોવાનું શરૂ કર્યું. એક અંધના હાથમાં હાથીનો કાન આવ્યો; તેણે હાથીને સૂપડા જેવો કહ્યો. બીજા અંધના હાથમાં હાથીની સૂંઢ આવી; તેણે હાથીને સાંબેલા જેવો કહ્યો. ત્રીજા અંધના હાથમાં હાથીનો દાંત આવ્યો; તેને હાથીને ભૂંગળા જેવો ધારી લીધો. ચોથાના હાથમાં હાથીનો પગ આવ્યો; તેણે હાથીને થાંભલાના આકારવાળો જણાવ્યો. પાંચમાના હાથમાં હાથીનું પેટ આવ્યું; તેણે પાણીની પખાલ જેવો વર્ણવ્યો. છઠ્ઠાના હાથમાં હાથીની પૂંછડી આવી; તેની નજરમાં હાથી સોટી અથવા વાંસડા જેવો જણાયો. આ છયેના હાથમાં હાથીનો એક એક

અંશ આવ્યો હતો. જે અંશ જેના હાથમાં આવ્યો તે અંશમાં એને પરિપૂર્ણ જ્ઞાન લાગ્યું. આ દરેક અંધ પોતાના મુદ્દામાં અંશભાવે સત્યનો સ્વીકાર કરનાર છે, પણ મર્યાદિત દષ્ટિવાળા છે. સાતમો જોનાર દેખતો હતો. એ છયે અંધની મર્યાદા સમજતો હતો, છતાં છયે અંધો પોતપોતાના દષ્ટિબિન્દુથી અંશસત્ય સ્વીકારનારા હતા તે પણ એ જોઈ શકતો હતો. આવી રીતે અંશસત્ય અને મર્યાદાસત્ય કે અપેક્ષાસત્યને સમજવું.

અપેક્ષાવાદ એટલે દષ્ટિબિન્દુના જ્ઞાનનો અભ્યાસ. જે પ્રાણી પોતાની વાત જ સાચી માને, અને પોતાને જ સત્ય જ્ઞાન સાંપડયું છે એમ માની લે તે નયાભાસી છે, કદાગ્રહી છે, ઐકાંતિક છે.

વસ્તુની વિચારણા કરવામાં અપેક્ષાઓના બે વિભાગ પડી શકે છે : દ્રવ્ય (substance) અને પર્યાય (changes or modifications)–પદાર્થ અને પદાર્થમાં ફેરફારો. દાખલા તરીકે આત્મા કે જીવ એ પોતે દ્રવ્ય છે; પછી તે કોઈવાર દેવતા થાય, કોઈવાર માણસ થાય અને કોઈવાર પશુપંખી થાય એ એના પર્યાય છે. પદાર્થ સંબંધી વિચારણા ઉત્પન્ન કરે તે 'દ્રવ્યાર્થિક નય' કહેવાય અને પદાર્થમાં થતાં ફેરફારો સંબંધી વિચારણા ઉત્પન્ન કરે તે 'પર્યાયાર્થિક નય' કહેવાય. દ્રવ્યની અપેક્ષાએ થતી વસ્તુવિચારણાના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે, અને ફેરફારો (પર્યાય)ની અપેક્ષાએ થતી વસ્તુ-વિચારણાના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. આ સાત વિચારણાના પ્રકારોને સાત નય કહેવામાં આવે છે. એમાં વસ્તુને અંગે ઉત્તરોત્તર વધારે વધારે સૂક્ષ્મ વિચારણા થતી જાય છે અને અપેક્ષાને લક્ષ્યમાં રાખી વસ્તુ-વિચારણા કરવામાં આવે કે તેના અંશને વિચારી, તે જ વખત બીજા અંશોની હયાતી હોય છે તે વાત સમજી અપેક્ષા પર વિચારણા કરવામાં આવે તો નયજ્ઞાન થાય છે. એ અંશસત્ય હોવા છતાં ઉપયોગી જ્ઞાન છે. એને જો પરિપૂર્ણ જ્ઞાન માની તેનો આગ્રહ ધરવામાં આવે તો તે નયાભાસ કહેવાય છે.

નયવાદ પર પુસ્તકો મોજૂદ છે, દ્વાદશારનયચક્ર છપાય છે.[૧] હરિભદ્રસૂરિ વગેરેએ એના પર પુષ્કળ લખાણો કર્યાં છે. અને આ નવા યુગમાં નયવાદ સમજાવનાર જ જનતા પાસે આ દર્શનનો સ્વીકાર કરાવી શકશે. હાલ તેના પ્રયત્નો થઈ રહ્યા છે. આ વિવેચન લખનારે પણ અન્યત્ર નયવાદ પર ઉલ્લેખ કર્યો છે. અહીં તો એ વિષયનો મહિમા બતાવી વક્તવ્ય એ પ્રાપ્ત થયું છે કે સાત વિભાગમાં વહેંચાયેલો નયવાદ એ જૈન દર્શનની ચાવી છે. અતિ મહત્ત્વનો ઉપયોગી વિષય હોવા છતાં આકરો વિષય છે. એકવીશમા નમિનાથના સ્તવનમાં આ નયવાદને લક્ષ્યમાં રાખી છયે દર્શનોને જૈન દર્શનનાં અંગો બતાવવામાં આવ્યાં છે અને લોકાયતિકને પણ એમાં જે સ્થાન આપવામાં આવ્યું છે તે જ્યારે વિચારવામાં આવશે ત્યારે નયવાદને આખા

૧. પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી દ્વારા સંપાદિત થઈને આ ગ્રંથ હવે છપાઈ ગયો છે; અને એનું પ્રકાશન ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા તરફથી થયું છે. —**સંપાદક**

તત્ત્વજ્ઞાનમાં કેવું ભવ્ય સ્થાન છે અને અપેક્ષાવાદની સિદ્ધિના અંતરમાં પરમતસહિષ્ણુતાને કેટલા ઉચ્ચ સ્થાન સુધી લઈ જઈ શકાય છે તે જાણવામાં આવશે. આ નયવાદની ઉપર ત્યાં પ્રાસંગિક વિવેચન કરવાનું રાખી અત્ર તો દર્શનપ્રાપ્તિને અંગે નયજ્ઞાનની જરૂરિયાત અને સાથે સાથે તેની દુરાપતા વિચારવી એટલી હકીકત પ્રસ્તુત ગણીએ.

નયવાદને સમજનારને પ્રભાવકમાં સ્થાન આપવામાં આવ્યું છે, એટલે એ દુર્ગમ વાદ ઝીલનાર, પચાવનાર અને પ્રસિદ્ધ કરનારને દર્શનને અંગે અગત્યનું સ્થાન છે. જૈન શાસ્ત્રકારે **આઠ પ્રકારના પ્રભાવક** બતાવ્યા છે, તે શાસન અને સમાજની તરક્કી કરે, પ્રચાર કરે અને દુનિયા પાસે એની ભવ્ય રજુઆત કરી ધર્મના ડંકા વગડાવે. એ આઠ પ્રકારના પ્રભાવક આ પ્રમાણે છે :–

(૧) **'પ્રાવચની'**—શ્રુતજ્ઞાનનો પારગામી, શ્રુતનો અર્થ કરનાર–સમજનાર, સમજાવનાર અને તેમાં ઊંડો પ્રવેશ કરનાર.

(૨) **'ધર્મકથી'**—વ્યાખ્યાન કરવામાં નિપુણ, હજારોની સભાને રંજન કરે, નંદિષેણની જેમ અનેકને બોધ પમાડે, લોકોના દિલમાં સંદેહ થાય તેને ભાંગે.

(૩) **'વાદી'**—તર્કવાદ–નયવાદમાં નિપુણ. અનેક રીતે અભિપ્રાયની સ્થાપના–ઉત્થાપના કરે, પણ કોઈ જગાએ સ્ખલના ન પામે, મુદ્દો ન ચૂકે; પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત યુક્તિ-કુયુક્તિમાં નિપુણ અને તીક્ષ્ણ બુદ્ધિથી ચર્ચા કરનાર, સ્યાદ્વાદમાં નિપુણ અને વાદના નિયમનો જાણકાર.

(૪) **'નિમિત્તી'**—કુદરતના નિયમો, અવલોકનશક્તિને પરિણામે કે ગણતરી દ્વારા, જાણે અને તેને આધારે ભવિષ્યકથન કરે. અત્યારે વાયુશાસ્ત્રી હવામાન કહે છે તે પદ્ધતિએ કામ કરનાર અને કામ લેનાર. સંભાવનાને પણ વિશિષ્ટ આગાહી દ્વારા સુસિદ્ધ બતાવે. ખાસ લાભનું કારણ હોય ત્યારે જ આ શક્તિનો ઉપયોગ શાસનસેવાને અંગે કરે.

(૫) **'તપસ્વી'**—ધર્મહિત માટે ભારે તપ કરનાર, આમરણાંત ઉપવાસ કરનાર, તપના પ્રભાવથી વધેલી આંતર શક્તિનો ધર્મ માટે ઉપયોગ કરનાર અને દેખાડા માટે નહિ પણ સામાન્ય હિતની વૃદ્ધિ માટે આકરી તપસ્યા કરનાર ધર્મની પ્રભાવના કરે છે.

(૬) **'વિદ્યાસિદ્ધ'**—પોતાની પાસે વૈદકીય કે વૈજ્ઞાનિક વિદ્યા હોય, ખાસ અભ્યાસ કે પ્રયોગ દ્વારા વિશિષ્ટતા મેળવેલ હોય, તેનો લાભ જનતાને આપે, સુખસગવડ વધે તેવી મોટી શોધખોળ કરે. આ પ્રભાવકનો સંબંધ સાયન્સ સાથે કરવો. એમાં હિંસક સાધનને પોષણ ન આપે.

(૭) **'સિદ્ધિસંપન્ન'**—કોઈ બાબતનું ખાસ જ્ઞાન હોય, કોઈ રાસાયણિક શોધખોળ કરેલ હોય કે વૈજ્ઞાનિક વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય તેનો ઉપયોગ જનતાના હિતની વૃદ્ધિમાં અથવા આધિવ્યાધિ-ઉપાધિ ઘટાડવા માટે કરે. વિદ્યાસિદ્ધ શોધખોળ કરનારને અંગે લાભકારક થાય છે, ત્યારે આ સંપન્નપ્રભાવક પ્રાયોગિક નજરે લાભ કરે છે.

(૮) '**કવિ**'—સાહિત્યસેવી. ચમત્કારી શબ્દપ્રયોગ કરનાર, ભાષાને દીપાવે તેવું સાહિત્ય બનાવનાર અને ધર્મઉન્નતિ માટે તેનો ઉપયોગ કરનાર. સાહિત્યકાર પણ રચના દ્વારા પ્રભાવક થઈ શકે એ નોંધવા જેવી બાબત છે.

આવા પ્રકારના શાસનપ્રભાવકોની ગણનામાં વાદીને પણ મૂકેલ છે તે બતાવે છે કે જૈન વિકાસમાર્ગમાં તર્ક કે ન્યાયના અભ્યાસને, નયવાદના જ્ઞાનને અને અંશસત્ય, પ્રમાણસત્યના વિજ્ઞાનને અગત્યનું સ્થાન છે. અને છતાં યોગીની નજરે 'તર્ક વિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે રે કોય' એ વાત તો રહે જ છે. એટલે અભિનંદનસ્વામીના દર્શનની પ્રાપ્તિ દુર્લભ છે અને એ દર્શનમાં બતાવેલ નયવાદ તો માથાં તોડી નાખે તેવો આકારો વાદ છે, એટલું અત્ર જણાવે છે. તે વિષય પર સ્વતંત્ર પુસ્તિકારૂપે ઉલ્લેખ કરવાની ભાવના છે. અત્ર તો એ વિષયની પ્રાપ્તિ કે અભ્યાસની મુશ્કેલી પર ધ્યાન ખેંચી આગળ વધીએ.

**આગમવાદ**—આ રીતે દર્શનપ્રાપ્તિને અંગે તર્કશાસ્ત્ર અને નયવાદની દુરાપતા વિચારી. હવે એ દર્શનપ્રાપ્તિનું ત્રીજું સાધન આગમવાદ ગણાય તે પર વિચાર કરે છે. 'આગમ' એટલે જૈન દર્શનનાં મૂળ સૂત્રો, જેમાં જૈન દર્શનના ચારે અનુયોગની બાબત ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલ હોય છે. આ આગમના જ્ઞાનને ઉપમિતિભવપ્રપંચકથાકારે 'સદાગમ' નામના પાત્રમાં મૂર્તિમાન કરેલ છે. સદાગમની દોરવણી, એનું સૌમ્ય, એની દીર્ઘદર્શિતા અને સર્વ સંયોગોમાં એનો આત્મસંયમ અને આજ્ઞાઆરાધકપણા માટેની ચીવટ અને ઉપદેશ ખાસ નોંધવા લાયક છે. આગમ અથવા સૂત્ર-સિદ્ધાંત એટલે ભગવાનના સમયમાં તેમના ગણધરે ત્રિપદી-પ્રાપ્તિને અંગે રચેલ તથા પૂર્વના સમયમાં રચાયેલ મૂળ ગ્રંથો. એમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, કથાનુયોગ અને ગણિતાનુયોગ એમ સર્વ અનુયોગનો સમાવેશ થાય છે. આ સૂત્રનાં પાંચ અંગો બતાવવામાં આવ્યાં છે અને તેના જેટલું મહત્ત્વ પરંપરાના અનુભવને અથવા ગુરુસંપ્રદાયથી ઊતરી આવતા જ્ઞાનને આપવામાં આવે છે. એ પાંચ અંગ અને છઠ્ઠો પરંપરાવાદ એ છયેને સમયપુરુષનાં અંગ કહ્યાં છે. એના પર વિસ્તારથી વિવેચન શ્રી નમિનાથ ભગવાનના એકવીશમા સ્તવનની આઠમી ગાથાના વિવરણ પ્રસંગે થશે. અત્રે તો તેનો નામનિર્દેશ કરવામાં આવ્યો છે. એમાં પરંપરા-જ્ઞાનને અથવા સંપ્રદાયશિક્ષણને જે મહત્ત્વ અને સ્થાન આપવામાં આવ્યું છે તે ખૂબ વિચારણીય હોઈ આ સ્તવનની વિચારણામાં ખાસ પ્રસ્તુત છે.

આ આગમોમાં તો ચાલુ ધોરણોની હકીકત પણ હોય; આપવાદિક (exceptional) સંયોગોમાં પ્રાપ્ત થતી છૂટછાટોની વાતો હોય; એના દાખલાઓ અમુક સંયોગોને આધીન હોય અને એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવાની, સંયોગો અને જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની ચાવીઓ હોય; એમાં દ્રવ્યાનુયોગની સાથે ચારિત્રવ્યવહારની સંકલના કરેલ હોય; ધર્મકથાના એકદેશીય, અનેકદેશીય, સર્વદેશીય દાખલાઓ હોય; એમાં વિધિસૂત્રો, વર્ણનસૂત્રો ભયસૂત્રો, હોય; એટલે આવાં પરસ્પર સાંબંધિક તુલનાત્મક સૂત્રોનો અમલ કરવામાં, ઉપદેશ કરવામાં, માર્ગદર્શન

કરવા-કરાવવામાં, વિશાળ વાચન, પરંપરાનું જ્ઞાન, મનુષ્યસ્વભાવનું અવલોકન અને દરેક બાબતને આપવા યોગ્ય ઓછી-વધતી અગત્યની તુલનાશક્તિ જોઈએ. આ તુલનાશક્તિ ઘણા વિશાળ વાચન પછી, ખૂબ અભ્યાસ પછી અને ગુરુકુળવાસ સેવ્યા પછી જ આવે. એમાં એકલું વાચન કામ ન આવે. એટલે આગમવાદને અંગે સ્થિર પ્રકૃતિના વિશાળ વાચન અને બહોળા અનુભવવાળા ગુરુગમની બહુ જરૂર રહે છે.

**'ગુરુગમ'**—એટલે જાણકાર ગુરુ-ઉપદેશકની દોરવણી. આનું મહત્ત્વ બહુ મોટું છે. સંપ્રદાયજ્ઞાન વગર કેવી સ્થિતિ થાય તેનો દાખલો મેં એક વાર અનુભવ્યો હતો. અમેરિકાથી તાજા અહીં આવેલ એક જૈનધર્મના અભ્યાસી (સ્કૉલર) સાથે ચર્ચા દરમ્યાન જ્યારે 'રજોહરણ' સંબંધી વાત ચાલતી હતી ત્યારે મેં એને ચરવળો બતાવ્યો, એટલે એ તો ખરેખર હર્ષના આવેશમાં કૂદી પડ્યો. એણે ઓઘો, ચરવળો કે પૂંજણી નજરે જોયેલ નહિ. એનો અર્થ કરતાં એણે 'ઝાડુ' શબ્દ વાંચેલો, એટલે એના ખ્યાલમાં broom એટલે લાંબા હાથાવાળું ઝાડુ કે સાવરણી કે સાવરણો જ કલ્પેલ હતાં. પણ રજોહરણને નજરે જોતાં એને સંપ્રદાયજ્ઞાન, સંવિગ્ન વ્યવહાર અને ગુરુગમના જ્ઞાનની આવશ્યકતા ખ્યાલમાં આવી અને તે એણે સરળ ભાવે સ્વીકારી. મતભેદો, ગચ્છભેદો, સંપ્રદાયભેદો કે ક્રિયાભેદો થાય છે તે પણ આ સંપ્રદાજ્ઞાન અને વિશાળ દૃષ્ટિના અલ્પભાવ કે અભાવને લઈને જ થાય છે. અનેકાંતવાદની પ્રરૂપણા કરનાર જ્યારે પોતાને તે વાદ લગાડવાની કક્ષામાં આવી જાય છે ત્યારે એ પાકા ઐકાંતિક બની જાય છે. એને બન્ને સ્થાને સત્ય હોઈ શકે એમ બેસતું જ નથી. ચોથને દહાડે સંવત્સરી કરનારા પાંચમમાં માનનારા અસત્ય બોલનાર, માર્ગ લોપનાર મિથ્યાત્વી માને. અને આ રીતે, સામાનું દૃષ્ટિબિન્દુ નહીં સમજવાને કારણે, વૈરવિરોધ વધતાં જાય, પછી મોરચા મંડાય અને એ તોફાનમાં સત્ય માર્યું જાય! સાચી દોરવણી મળે, સંપ્રદાયજ્ઞાન થાય, સત્યનો ઈજારો એક સ્થાને હોઈ શકતો નથી એટલું જણાય, તો એકાંત સત્યપ્રાપ્તિની ચાવી અમુકને જ મળી ગઈ છે એવો દાવો ન કરે; આ ગુરુગમની મહત્તા છે.

**'વિષવાદ'**—કેટલાક સૂક્ષ્મ ભાવો, પદાર્થનાં સ્વરૂપો ગુરુગમ વગર પ્રાપ્ત થાય જ નહિ. મુહુપત્તિ શું, એના હેતુ શા, એ સર્વ ગુરુમહારાજ શિષ્યને સામે બેસાડી શીખવાડે; એમ ન થાય તો આગમવાદ આખો વિષવાદ થઈ પડે. વિષવાદ એટલે ઝેર થાય, તકરાર થાય તેવી બોલચાલ, ગચ્છના ભેદના ભવાડા—આ વિષવાદના નમૂના છે. એમાં સત્યશોધનની વૃત્તિ પર હડતાલ પડેલી હોય છે, એમાં અંગત અભિમાનની તમન્ના જ મુખ્ય ભાગે હોય છે. એ મતભેદ, ગચ્છભેદ, સંપ્રદાયભેદને સમજવા માટે ગુરુગમની જરૂર છે, તે જ પ્રમાણે વસ્તુના સૂક્ષ્મ ભાવો સમજવા માટે ગુરુગમની જરૂર છે. ઘણું જ્ઞાન લખાયેલ નથી, ગુરુએ શિષ્યને સામે બેસાડીને સમજાવેલ હોય છે અને તે પરંપરાથી ચાલ્યું આવતું હોય છે. એના દાખલામાં **છ આગાર** વિચારવા યોગ્ય છે. એમાં બહુ મહત્ત્વના અપવાદના માર્ગો હોય છે, તે ગુરુગમ વગર સમજાય જ નહિ. તેના છ પ્રકાર નીચે પ્રમાણે છે: ૧. રાયાભિયોગેણ ૨. ગણાભિયોગેણ. ૩. બલાભિ-

યોગેણ. ૪. દેવાભિયોગેણ. ૫. ગુરુનિગ્રહ. ૬. વૃત્તિકાંતાર. સમકિતનાં ૬૭ અધિષ્ઠાનમાં આ છ પ્રકાર છે. સ્વીકારેલ નિયમમાં આ છ પ્રસંગોએ અપવાદ કરવાથી અભિગ્રહનો ભંગ થતો નથી.

(૧) એમાં રાજા અથવા રાજ્યનો હુકમ પ્રથમ સ્થાન લે છે. રાજાના હુકમથી ન જવું હોય ત્યાં જવું પડે, ન ખાવું હોય તે વખતે ખાવું પડે, રાજ્યના હુકમ નીચે ચોક્કસ સંયોગોમાં આ અપવાદ-સેવનની પરવાનગી લઈ શકાય તેની વ્યવસ્થા ગુરુગમથી અનુભવે સાંપડે. (૨) નાત-જાત-સંઘ-દેશના હિત ખાતર અપવાદ સેવવો પડે તે ગણાભિયોગેણ કહેવાય છે. (૩) ત્રીજો બલાભિયોગેણનો પ્રકાર સામો બળવાન માણસ જોર કરીને મારીને મુસલમાન બનાવે, અભક્ષ્ય વસ્તુ મોંમાં નાખી દે એવા પ્રસંગે નિયમભંગ ન થાય એવા પ્રકારની અપવાદને તોળવાની શક્તિ પ્રાપ્ત થાય તેને 'બલાભિયોગ' નામનો આગાર કહેવામાં આવે છે. (૪) 'દેવાભિયોગ'-માં દેવતા ચલાયમાન કરે, દિવ્ય શક્તિથી માનવી શક્તિને વિકળ કરે, મરણાંત કષ્ટ કરે, તેવે પ્રસંગે અપવાદ સેવવો પડે તેથી નિયમનો ભંગ થતો નથી (૫) 'ગુરુનિગ્રહ'માં માતાપિતા, શેઠ, વિદ્યાદાતા વગેરે વડીલ વર્ગનો સમાવેશ થાય છે. ગુરુ કે માબાપ કાંઈ કહે તે અનિચ્છાએ કરવું પડે, એવા પ્રસંગોને ઓળખવા અને ઓળખીને તે વખતને યોગ્ય અપવાદ સેવવાના જ્ઞાનને અંગે ગુરુગમ અને પરંપરાજ્ઞાનની જરૂરિયાત રહે છે. (૬) અને છઠ્ઠો આગાર 'વૃત્તિકાંતાર'નો બતાવ્યો છે. એમાં ભારે સમજણ અને દીર્ઘદૃષ્ટિ છે. વૃત્તિ એટલે આજીવિકા, એ જ કાંતાર એટલે વન. બને ત્યાં સુધી ખેંચે, પણ ખેંચવાની શક્તિ પણ ન રહે તે પ્રસંગે અપવાદ સેવવો પડે, તે છઠ્ઠો વૃત્તિકાંતાર આગાર.

આ છયે આગારનું સ્વરૂપ ગુરુગમથી જણાય. આવા પ્રસંગો સમજવામાં અને તેવે પ્રસંગે વર્તન કરવામાં પણ ગુરુગમની જરૂર રહે છે. એટલે જ્યાં આગમની નિશ્રાએ જાણવું–સમજવું કે વર્તવું હોય ત્યાં ગુરુગમ ન હોય તો સર્વ ઝેર બની જાય છે, માટે આગમવાદને જો ઝેર જેવો બનવા ન દેવો હોય તો ગુરુગમની જરૂરિયાત ઘણી છે.

અને દરેક ગુરુ થવાની યોગ્યતાવાળા હોતા નથી. માત્ર વાંચન ઘણું હોય તેથી ગુરુ થઈ જવાતું નથી. દીર્ઘ અભ્યાસ, શાંત આસેવન, શ્રદ્ધાપૂર્વક ધર્મનું પચાવન થયેલ હોય, તે ગુરુ થઈ શકે, તે માર્ગદર્શન કરાવી શકે અને તેની આસેવના દ્વારા દર્શનપ્રાપ્તિ થાય ત્યારે માર્ગ મળે.

અહીં સાચા માર્ગનાં દર્શન કરવાને અંગે આ ગાથામાં ત્રણ પ્રકારની મુશ્કેલી બતાવી : ૧. તર્ક અને ન્યાય અથવા હેતુ અને વાદવિવાદ અટપટા છે. ૨. નયવાદની સમજણ મેળવવી મુશ્કેલ છે. અને ૩. પરંપરાના જ્ઞાન વગર અથવા સંપ્રદાયના સાધક ગુરુ વગર આખો વિષવાદ થઈ જાય છે, અને જિનદેવના દર્શનની તરસના અણુસંતોષાયેલી રહે છે. આવી રીતે દર્શન-પ્રાપ્તિની દુરાપતા વધારે સાલે છે. ત્યારે હવે શું કરવું ? એટલે પાછી વિચારપરંપરા આગળ ચાલે છે, અને દર્શનપ્રાપ્તિ કઈ રીતે થાય તેના માર્ગશોધનનું કાર્ય વધારે તીવ્ર બને છે.

'**સબળો**'—એટલે આકરો. આ કાળમાં નિષ્પક્ષ, નિરભિમાની, સ્વયંપ્રેરિત અને પૂર્ણ

દીર્ઘદૃષ્ટિવાળા, નવયુગ અને પ્રાચીન યુગને સમજનાર અને ધર્મનાં પરસ્પરાવલંબી સૂત્રો અને વિધિઓને યથોચિત મૂલ્ય આપી અપનાવનાર ગુરુનો યોગ થવાની મુસીબત ભારે છે, એ વાત ખૂબ સમજી લેવા જોગ છે. (૩)

ઘાતી ડૂંગર આડા અતિઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ કોઈ ન સાથ. અભિનંદન૦ ૪

**અર્થ**—હે જગતના નાથ ! મારા દેવ ! તારા સાચા દર્શનની આડે આવનાર અનેક ઘાતી ડુંગરો–પહાડો વચ્ચે પડેલા છે અને પક્કાઈ કરી કદાચ રસ્તે પડી જઉં, ચાલવા માંડું, તો માર્ગ દેખાડે તેવો કોઈ સથવારો પણ નથી. (૪)

**ટબો**—ઘાતી કર્મરૂપી ઘણા ડુંગરા વચમાં પડ્યા છે, તમારું દર્શન પામવાને હે જગનાથ ! પોતાની ધીઠાઈને અવલંબીને હઠાનુજોગે કરી તે માર્ગે સંચરુ તો કોઈ સાથે સાથીઓ –માર્ગ દેખાડનાર જ્ઞાતા પુરુષ–સાથે નથી. (૪)

**વિવેચન**—અને મારા નાથ ! તમારું દર્શન પ્રાપ્ત કરવાની આડે અનેક ડુંગરો પડેલા છે. દર્શનની આડે તો નાની સરખી ભીંત હોય તોપણ દર્શન અટકી જાય, તો તમારા સાચા દર્શનની આડે તો મોટા મોટા ડુંગરો દેખાયા કરે છે. અત્યાર અગાઉ ઉપર રજૂ કરેલ ડુંગરોનો સંગ્રહ આ પ્રમાણે થાય :

૧. મતવાળાનો પોતાના મત સ્થાપવાનો આગ્રહ. ૨. સામાન્ય રીતે દર્શનપ્રાપ્તિની દુર્લભતા. ૩. નિર્ણય પર આવવાની તેથી પણ વધારે મુશ્કેલી. ૪. મદના નશા તળે અને અંધકારની અસર તળે સ્વરૂપદર્શનની અશક્યતા. ૫. ન્યાય–તર્કની દલીલબાજીની જટિલતા. ૬. નયવાદની દુર્ગમતા. ૭. ગુરુગમની મુસીબત. ૮. સાચા માર્ગદર્શકની ગેરહાજરીને પરિણામે આગમવાદમાં જામી પડેલો વિષવાદ.

આટલા ઘાતી ડુંગરોની વાત કરી. તે ઉપરાંત દર્શનની આડે આવનારા અનેક ઘાતી ડુંગરો માર્ગમાં પડેલા છે. જ્ઞાનાવરણીય કર્મો, દર્શનાવરણીય કર્મો, દર્શનમોહનીયની વિપુલતા અને અંતરાયકર્મો—એ પ્રત્યેક અને એ પ્રત્યેકના પેટાવિભાગો મોટા ડુંગર જેવા છે.

---

**પાઠાંતર**—ઘાતી – ઘાતિયાં. ડૂંગર – ડૂંગર હો. દરિસણ – દરસણ. મારગ – મારગિ. સાંચરું – સાંચરું. (૪)

**શબ્દાર્થ**—ઘાતી = અડચણ કરનારા, વિઘ્ન કરનાર; કર્મનું વિશેષણ; જૈન પારિભાષિક શબ્દ છે ( વિવેચન જુઓ ). ડૂંગર = પર્વત, આડે આવતી ચીજ, આડા = વચમાં, અતિઘણા = ઘણા વધારે, ખૂબ સંખ્યામાં. તુજ = તારા, તમારા. દરિસણ = દર્શન, સ્વીકાર, ભાવશ્રદ્ધા, ભેટ, અવલોકન. જગનાથ = દુનિયાના પ્રભુ, ભગવાન. ધીઠાઈ = ધૃષ્ટતા, બેશરમીપણું, ખંધાઈ, બેદરકારી. કરી = સ્વીકારી, અમલમાં મૂકી. મારગ = રસ્તે. સંચરું = ચાલી નીકળું, કૂચ કરું. સેંગુ = માર્ગ બતાવનાર, રસ્તો દેખાડનાર, ભોમિયો, સાથી. ( આ શબ્દ ગુજરાતી, હિંદી કે સંસ્કૃત કોષમાં નથી; પ્રચલિત લાગે છે. ) કોઈ = ગમે તે એક. સાથ = સોબત, સથવારામાં. (૪)

**'ઘાતી ડુંગર'**—'ઘાતી' એટલે વિઘ્ન કરનાર અને 'ડુંગર' એટલે પહાડ. એટલે એના જેવાં મોટાં, આકરાં આવરણો એવો અર્થ સમજાય છે. અનેક આવરણો માર્ગમાં આડાં પડ્યાં છે, ત્યાં મારી દર્શન કરવાની કે આપને સાચે સ્વરૂપે ઓળખવાની તૃષા કેમ તૃપ્ત થાય? જ્ઞાનાવરણ કર્મના ડુંગરા આપને સાચે સ્વરૂપે સમજવા ન દે; કાંઈક ઝાંખી થવાની તક મળે ત્યાં વાદવિવાદ કે હેત્વાભાસની ઝપટમાં નાંખી દે, પૂરતી સમજણને અભાવે શંકા-કંખામાં કે એકાંત આગ્રહમાં સપડાવી દે. આવા ઘાતી ડુંગરોના થોડા દાખલાઓ યોગીરાજે પોતે આપ્યા છે તે પૂરતા છે. અને તે ઉપરાંત ઘાતી ડુંગરોની સંખ્યા ઘણી મોટી છે. રાગદ્વેષનાં દ્વંદ્વો, મતના આગ્રહો, બુદ્ધિના દુરુપયોગો અને સર્વથી વધારે સાંસારિક દશા તરફનું આકર્ષણ દર્શનની આડે આવે છે અને સાચા દર્શનનું ભાન થવા દેતાં નથી.

જૈનનો કર્મનો સિદ્ધાંત આ 'ઘાતી' શબ્દને પારિભાષિક બનાવે છે. કર્મના બે વિભાગ પાડવામાં આવે છે: ઘાતી અને અઘાતી. ચેતનના મૂળ ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-ઉપયોગ વગેરેનો પરિપૂર્ણ કે ઓછો-વધતો ઘાત કરે તે ઘાતી કર્મો કહેવાય છે. તેના ચાર પ્રકાર બતાવ્યા છે: જ્ઞાન–જાણપણાનો વધતો–ઓછો કે સંપૂર્ણ ઘાત કરે તે જ્ઞાનાવરણીય કર્મ. સામાન્ય બોધ થતો અટકાવે તે દર્શનાવરણીય કર્મ. બુદ્ધિને ચક્કરમાં નાખી રાગદ્વેષનો આશ્રય કરાવી મનોવિકાર દ્વારા, કષાય દ્વારા, વેદોદય દ્વારા વર્તન (ચારિત્ર) પર અસર કરે તે ચારિત્રમોહનીય અને ખૂદ દર્શનની આડે આવે તે દર્શનમોહનીય એ ત્રીજું અતિ આકરું મોહનીય કર્મ. અને ચેતનની શક્તિને ખીલવા ન દે તે અંતરાય કર્મ. આ ચારે ઘાતી કર્મો દર્શનની આડે મોટા ડુંગરાની જેમ પડેલાં છે. બાકીનાં અઘાતી કર્મો વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ સંસારમાં રખડાવનાર તો જરૂર છે, પણ એ ચેતનના મૂળ સ્વભાવનો ઘાત કરનારાં નથી. આ કર્મગ્રંથના સ્વતંત્ર વિષય પર જુદો ઉલ્લેખ કર્યો છે.[1] અહીં કહેવાની બાબત એ છે કે એ ઘાતી કર્મો દર્શન પ્રાપ્ત થવા દેતાં નથી. અને તેવા ઘાતી ડુંગરો બે-ચાર-પાંચ નથી, પણ અતિ ઘણા છે. પણ મારે તો એ રસ્તે જવું જ છે. મેં અજિતનાથ મહારાજનો પંથડો નિહાળવાનો સંકલ્પ કર્યો છે અને સંભવનાથ ભગવાનની સેવના કરવા માટે ભૂમિકાશુદ્ધિ કરવાના પ્રસંગો જાણી લીધા છે. એટલે હવે મને દર્શનને માર્ગે ચઢવા આકાંક્ષા થઈ છે; મને એ દર્શનની અનેકાંત પદ્ધતિ અને ચેતનની મૂળ દશાએ એ તરફ આકર્ષ્યો છે, ત્યારે હવે આ ઘાતી ડુંગરો આડા આવે છે, અને મને દર્શન થવા દેતા નથી. ત્યારે માર્ગદર્શનને અંગે હવે તો એક માર્ગ રહે છે અને તે એ કે થવાનું હોય તે થાય, હું તો ગમે તેમ કરીને રસ્તો મેળવી લઉં. જ્યારે પ્રાણીને ચારે તરફ મુસીબતો લાગે છે, ત્યારે પછી એ ગમે તેમ કરીને કાર્ય સાધવાની લતમાં પડી જાય છે અને ત્રાગું કરવાની લાઈન ઉપર ઊતરી જાય છે. મુમુક્ષુ કહે છે કે આવી કોઈ જબરદસ્તી કરી આ રસ્તે સંચાર કરું તો તેમાં પણ અગવડ છે; તે હવે બતાવે છે.

---

૧. જુઓ મારો 'જૈન દષ્ટિએ કર્મ' નામક લેખ.

'સેંગૂ'—અસલ એક ગામથી બીજે ગામ જવું હોય તો રસ્તો ન ભુલાય તેટલા માટે ભોમિયાને સાથે લેવા પડતા હતા. આવા ભોમિયા અથવા રખેવાળને સેંગૂ અથવા સેગૂ કહેવામાં આવતા હતા. એ મારવાડી ભાષાનો શબ્દ છે. હિંદી કે ગુજરાતી કોઈ પણ કોષમાં એ શબ્દ મળતો નથી, પણ ચાલુ ઉપયોગમાં વપરાતો શબ્દ જણાય છે. ભગવાનને આ મુમુક્ષુ કહે છે કે કદાચ ધીઠાઈ કરી–ધૃષ્ટતા કરી–રસ્તે સંચાર કરું તો માર્ગદર્શક–સથવારો મળતો નથી. એટલે મારે તો બાર ગાઉની અટવીમાં અક્કરે ચઢી જવાનો ઘણો સંભવ રહે છે. અહીં સેવક ભગવાનને જણાવે છે કે તમારા દર્શનને પ્રાપ્ત કરવાને રસ્તે ચઢું તો મને માર્ગ બતાવનાર સાથ મળતો નથી. એટલે રસ્તામાં આવતાં ડુંગરા, નદીનાળાં અને ઝાંખરાંમાં હું તો ક્યાંનો ક્યાં ચાલ્યો જાઉં, અને અટવીમાં ભૂલો પડી જાઉં. 'સેંગૂ' તરીકે કામ કરનારા કાં તો મળતા જ નથી અથવા કોઈ ઢોંગ કે ધૃષ્ટતા કરી ભોમિયા હોવાનો દાવો કરનારા હોય છે, તે પોતે પણ રસ્તો જાણનારા હોતા નથી, એટલે એવા ભોમિયા મળ્યા તે ન મળ્યા બરાબર જ ગણાય. શાસ્ત્રકાર આવા ખોટા માર્ગદર્શકની સામે ચેતવણી આપતાં **છ** પ્રકારની **જયણા** રાખવાનું બતાવે છે. તે જણાવે છે કે:

(૧) અધકચરા, વિમાર્ગગામી, કુતીર્થી કે સંસારરસિયા માર્ગદર્શકને 'વંદન' ન કરવું. (૨) બીજું, એવા અધૂરા અપાત્રને 'નમન' ન કરવું, એટલે પદ્ધતિસર–વિધિપૂર્વક એને નમવું નહિ. વંદન બાહ્ય વંદન હોઈ વધતે ઓછે અંશે ઔપચારિક હોય છે, ત્યારે વિધિપૂર્વક થાય તેને નમન કહેવામાં આવે છે. હાથ જોડવા તે વંદન, માથું નમાવવું તે નમન. (૩) એવા સંસારપોષકોને 'દાન' ન આપવું. એવાને દાન આપવાથી અયોગ્યનું પોષણ થાય અને સાચા ધર્મને બદલે અનેક માણસોને આડે રસ્તે ચઢવાનું નિમિત્ત પાકું થાય. (૪) અને વારંવાર આપવાના પ્રસંગો ઊભા કરવા તેને 'પ્રદાન' કહેવામાં આવે છે. એથી પોતાની જાતને અને અન્યને માટે નુકસાન થવાના પ્રસંગો ઊભા થાય છે. (૫–૬) એવા સંસારપોષક કહેવાતા ઉપદેશકો કે પ્રચારકો સાથે 'આલાપ' અને 'સંલાપ' ન કરવો. એક વખત બોલવું તે આલાપ કહેવાય, અથવા વગર બોલાવ્યે સામાની સાથે વાતચીત ઉપાડવી તેને આલાપ કહેવાય; અને વારંવાર વાતચીત–ચર્ચા કરવી તે સંલાપ કહેવાય. આવી રીતે અન્ય તીર્થીની સાથે છ પ્રકારનો વહીવટ કરતાં ખૂબ સંભાળ રાખવી તે છ પ્રકારની યતના કહેવાય.

કોઈ કોઈ આ જયણાના છ પ્રકારનો અર્થ એવો કરે છે કે તમે અન્યધર્મીની સાથે વાતચીત, પરિચય કે સોબત કરો, તેને કાંઈ આપો-લો અથવા તેની સાથે વ્યવહાર કરો, તો તમારું સમકિત ચાલ્યું જાય. આ અર્થ બરાબર નથી. વાત એ છે કે જ્યાં સુધી તમે પાકા માર્ગદર્શની ન થઈ ગયા હો ત્યાં સુધી આ નિમિત્તવાસી આત્માને ખોટી સોબતે પણ ચઢાવવા જેવો નથી. એટલે અન્ય મત તરફ જરા પણ ઘૃણા બતાવ્યા સિવાય અને પરમતસહિષ્ણુતાના આદરણીય ગુણ તરફ જરા પણ અવફાદારી બતાવ્યા સિવાય માર્ગદર્શનના અભિલાષીને ચેતવણી આપી શકાય કે ભાઈ! તમે જેની તેની સાથે પરિચય કરતાં, વાતચીત કરતાં સાવધાન રહેશો,

માર્ગદર્શનની સામે **તેર કાઠિયા** બતાવવામાં આવ્યા છે. તે પણ દર્શનની આડા આવી રસ્તો સાંપડવા દે નહિ, અને માર્ગે ચઢવા દે નહિ. આ ઘાતી ડુંગર જેવું કાર્ય કરનારા તેર કાઠિયાનું સામાન્ય સ્વરૂપ જોઈ લઈએ :

(૧) આળસ કાઠિયો : ધર્મ કરતાં આળસ થાય, પછી વાત એમ થાય. (૨) મોહ કાઠિયો : સ્ત્રી, પુત્ર, છોકરાં-છૈયાંમાં લપટાઈ જવું તે. (૩) અવર્ણવાદ કાઠિયો : ધર્મની નિંદા કરે, વાંકુ બોલે તે. (૪) દંભ કાઠિયો : ધર્મી હોવાનો દેખાવ કરે, મુખમેં રામ બગલમેં છૂરી. (૫) ક્રોધ કાઠિયો : ધર્મની વાત કરે ત્યાં પોતે ધમધમી ઊઠે, રિસાઈ જાય. (૬) પ્રમાદ કાઠિયો : વ્યસનમાં પડી જાય, ચકચૂર બની જાય. (૭) કૃપણ કાઠિયો : ફંડ-ફાળા ભરવા પડશે એવી ચિંતાનું ઘર બને. (૮) ભય કાઠિયો : નરકાદિકની વાતો સાંભળવી પડશે, એ ચિંતાથી સાંભળવું જ બંધ કરે. (૯) શોક કાઠિયો : સગાના ઘરના કે કોઈના મરણનો પ્રસંગ થાય એટલે ખરખરાનું કારણ. (૧૦) અજ્ઞાન કાઠિયો : ધર્મ–અધર્મનો મર્મ ન જાણે, અજાણપણે રખડે. (૧૧) વિકથા કાઠિયો : લોકકથા, રાજકથા, ગામગપાટા આડે ફુરસદ ન મળે. (૧૨) કુતૂહળ કાઠિયો : નાટક, સિનેમા, સરકસ જોવામાં રસ લે. (૧૩) વિષય કાઠિયો : ઇંદ્રિયના ભોગ, ખાવા-પીવામાં, સ્ત્રીસેવનમાં પડી જાય.

આ તેર કાઠિયાનું સ્વરૂપ વિચારતાં એ પૌદ્ગલિક આનંદ અને પરભાવમાં રમણતા બતાવે છે. એ પ્રત્યેક કાઠિયા એવા છે કે એ ધર્મને નજીક આવવા ન દે. આવા કાઠિયા પણ ઘાતી ડુંગરનું કામ કરે છે અને વિશુદ્ધ દર્શનની ઝાંખી થવાના માર્ગની આડે આવે છે.

અહીં 'સેંગૂ'ની વાત બરાબર લક્ષ્યમાં લેવા યોગ્ય છે. ઘણુંખરું તો પ્રાણીને સાચા દર્શનની ખેવના જ હોતી નથી, કારણ કે એ દર્શનની આડા ઘાતી ડુંગરો ઘણા પડ્યા છે. અને બહારનાં અને અંદરનાં આવરણોની દરકાર કર્યા વગર ધૃષ્ટતા કરીને રસ્તે ચઢવા પ્રયત્ન કરું છું તો કોઈ રસ્તો દેખાડનાર મળતો નથી. (૪)

દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. અભિનંદન૦ ૫

**પાઠાંતર**—દરિસણ – દરસણ, દરશણ. ફિરું – ફરું. તો – તે. રણરોઝ – રાનિ રોજ. ભાંજે – ભાજે. વિષપાન – વિસપાન. (૫)

**શબ્દાર્થ**—દરિસણ = દર્શન, આત્મદર્શન, શુદ્ધ માર્ગ. રટતો : આરડતો, (ગળામાંથી ખેંચીને અવાજ કાઢવો તે, વારંવાર બોલ બોલ કરવું તે). ફિરું = ફરું, આમતેમ ચાલું, ગતિ કરું. રણ = જંગલ, જંગલી. રોઝ = જંગલમાં રહેનાર ઘોડાના આકારનું પ્રાણી, અક્કલ વગરનું, ઉપયોગ વગરનું રખડુ જનાવર. સમાન = જેવો, જેની સાથે સરખાવી શકાય તેવો (હું). જેહને = જેને. પિપાસા = તરસ, પાણી પીવાની તીવ્ર વાંછના. અમૃતપાનની = ઠંડા સુંદર પીણાની. કિમ = કેમ, કઈ રીતે. ભાંજે = ભાંગે, છીપે, તૃપ્ત થાય. વિષપાન = કડવાટનું પીણું, ઝેરનું પીણું. (૫)

**અર્થ**—અને 'દર્શન' 'દર્શન' એવા શબ્દો આરડતો આરડતો જંગલી રોઝડાની માફક જ્યાં ત્યાં ફર્યા કરું તો મારી અમૃતનું પાન કરવાની તરસ, મારી ઉચ્ચ પીણું પીવાની તમન્ના, તે ઝેર જેવી કડવાટ પીવાથી કેમ છીપે? કેમ તૃપ્ત થાય?

**ટબો**—દર્શન દર્શન કરી, સ્વમતનું પોષણ હઠે પ્રાપ્ત કરીને, જો ફરતો રહું છું તો જેમ રણમાં રોઝ પશુ ફર્યા કરે છે તેમ તે પ્રાપ્તિ વેગળી થાય છે. જેમ ઉપદેશરત્નાકરમાં ષટ્ પુરુષ સાધ્યા તેમ જેને અમૃતપાનની ઇચ્છા હોય–પિપાસા હોય, તે કાંઇ વિષ પીધે ન ભાંજે; અથવા અમૃતપાનની–દૂધપાનની ઇચ્છા તે વિષ કહેતાં પાણીએ તે ન ભાંજે. પીવઉં પીવઉં સર્વ કહે તેમ દરશણ દરશણ સર્વ કહે, પણ મિથ્યાદર્શન સમ્યગ્દરશનને ન ઓળખે. (૫)

**વિવેચન**—દર્શનની દુર્લભતાનો વિચાર કરતાં તો ગૂંચવણ વધતી દેખાય છે. નથી તર્કવાદમાં એની શાંતિ મળતી કે નથી આગમવાદમાં, અને જ્યાં જઈએ ત્યાં અનેક પ્રકારનાં આવરણો, ખાડા-ટેકરાઓ રસ્તામાં જણાય છે. અને એવા માર્ગે સંચાર કરવા ધૃષ્ટતા કરું તો પેલા ઘાતી ડુંગરોમાંથી રસ્તો બતાવે એવો સાચો ભોમિયો મળતો નથી. ત્યારે હવે કરવું શું? આ તો મારા મનમાં દર્શનની તાલાવેલી થઈ છે એટલે 'દર્શન' 'દર્શન'ની બૂમ માર્યા કરું છું અને અહીંથી દર્શન પ્રાપ્ત કરું કે ત્યાંથી સાચું દર્શન મેળવું એવી ઘોષણા કરી દ્વારે દ્વારે રખડું છું, પણ એમાં વળે શું? જંગલમાં એક રોઝ નામનું વનચર પશુ થાય છે. એનો આકાર ઘોડા જેવો હોય છે. એને કોઈ નીલગાય પણ કહે છે. એને ઉનાળામાં પાણીની તરસ લાગે ત્યારે એ 'પાણી' 'પાણી' એવા પોકાર કરે અને એને મીઠાં ઠંડાં વહેતાં નિર્મળ જળની તરસ હોય એ કાંઈ ખારા કડવાઝેર જેવા પાણીથી તૃપ્ત થાય? એમાં 'પાણી' 'પાણી' ના પોકાર કરવાથી કાંઈ વળતું નથી અને એની તરસ છીપતી નથી. ત્યારે મારી તો અત્યારે વગડાઉ રોઝ જેવી દશા થઈ છે. હું 'દર્શન' 'દર્શન' બોલ્યા કરું અથવા ગમે ત્યાં જેવું મળે તેવું અંશસત્ય હોય તેને સર્વસત્ય માની મેં સુંદર જળપાન કર્યું છે એમ માની લઉં, એમાં મારા દહાડા શા વળે? પંથડો નિહાળતાં માર્ગદર્શનની ભૂખ લાગી કે તરસ જાગી, પણ તેટલા માટે કાંઈ દર્શન શબ્દના નામની બૂમ પાડું તેમાં મારું વળે નહિ. અને 'દર્શન' 'દર્શન' બોલવાથી ભૂખ ભાંગતી નથી, તે જ પ્રમાણે ગમે તેવું દર્શન સ્વીકારવાથી તૃપ્તિ થતી નથી. ખાવાની ઇચ્છા હોય દૂધપાક કે ઘેબરની, અને એને કુશકા કે કળથી મળે એમાં કાંઈ ભૂખ ભાંગે નહિ. એટલે 'દર્શન' 'દર્શન'ના પોકાર કરવાથી તો જંગલના રોઝ જેવી મારી દશા થાય.

રોઝના દાખલામાં બે પ્રકારની હકીકત જણાય છે: એક વાત 'દર્શન' શબ્દની રચનાને અંગે જણાય છે. એટલે ખાલી 'દર્શન' 'દર્શન' શબ્દના પોકાર કરવા એમાં કદી દર્શનની પ્રાપ્તિ ન થાય. અહીં દર્શનનો ભેળ ન થાય તે એક વાતનું દૃષ્ટાંત થાય. અને દર્શન મળે છતાં તે કુદર્શન હોય, દર્શનને નામે ચાલતું ઢંગધડા વગરનું એકાંત દર્શન હોય, તો તેથી દર્શનની તરસ કેમ ભાંજે? આ બન્ને ભાવ સમીચીન છે, વિચારવા યોગ્ય છે, સંબંધને બંધબેસતા છે,

સુયોગ્ય છે. મતલબ કહેવાની એ આવે છે કે માત્ર 'દર્શન'ની બૂમ મારવાથી દહાડો વળતો નથી. અમૃત પીવાની પાકી ઇચ્છા જાગી હોય અને પછી કડવું ઝેર જેવું પાણી મળે તો તેમાં કાંઈ તરશ છીપે નહિ અને ઠંડા પીણાના ઓડકાર આવે નહિ.

જ્યાં ત્યાં અવ્યવસ્થિતપણે આંટા મારવાથી દર્શનની પ્રાપ્તિ ન થાય. એને માટે ખરું સ્વરૂપ સમજવું હોય તો સમ્યક્ત્વની છ ભાવના વિચારી તદ્રૂપ અનુકૂળ દર્શનની શોધ કરવી ઘટે. સમ્યકત્વની **છ ભાવના**, આ પ્રકારો ખૂબ વિચારવા જેવા છે. એ ભાવના સમજવાથી દર્શનની તલસના કેવા પ્રકારની હોવી જોઈએ તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે :—

(૧) ધર્મ '**મૂલ**' સમ્યકત્વ છે. સાચી સદ્દહણા છે, એનો વિચાર કરવો એ પ્રથમ ભાવના છે. સાચા સમ્યકત્વ વગર માત્ર બાહ્ય વૃત્તિએ કે ગર્વના પોષણ ખાતર ક્રિયા કરે તે નકામી છે, અને અંતિમ ઉત્કૃષ્ટ લાભ કરનાર નથી એવી ભાવના કરવી.

(૨) શુદ્ધ સમ્યકત્વ એ ધર્મનગરનું દ્વાર છે ધર્મ અને સમ્યકત્વના પરસ્પરના સંબંધને પ્રવેશદ્વાર સાથે સરખાવી, એ ભાવના પર આખા સમ્યકત્વની આલોચના કરી એ રીતે સમ્યકત્વનું ચિંતવન કરવું એ બીજી ભાવના છે.

(૩) અથવા ધર્મપ્રસાદનો **પાયો** સમકિત છે, એ રીતે ચિંતવી ધર્મ-મહેલના ચણતરમાં સાચી સદ્દહણા વિવેકપૂર્વકની જોઈએ, તે સમ્યકત્વ-વિચારણાનો ત્રીજો પ્રકાર છે. કોઈ બંગલો પાયા વગર ઊભો ન રહે, તેમ ધર્મપ્રાસાદનો પાયો સમ્યકત્વ છે, એ દૃષ્ટિબિન્દુથી સમકિતની ભાવના કરવી એ ત્રીજો પ્રકાર છે.

(૪) અથવા સમકિત તે 'નિધાન' છે, અખૂટ ખજાનો છે અને એકસાથે એકઠા થયેલ ગુણગણની ખાણ છે, એ રીતે સમકિતની ભાવના કરવી એ ચોથો પ્રકાર છે.

(૫) સમ્યકત્વનો 'આધાર' શમ-દમ-સંવેગ છે, આ પ્રકારની વાસનાને આગળ કરી જેમ પૃથ્વી સર્વ વસ્તુને આધાર આપે છે તેમ સમ્યકત્વની વાસના ઉપર સર્વ ધર્મનો આધાર છે, એ રીતે સમ્યક્ત્વ સંબંધી ટેકારૂપે વિચારણા કરવી એ પાંચમો ભાવનાનો પ્રકાર છે.

(૬) અને સમ્યકત્વ અનેક ગુણોને ઝીલવાનું ભાજન છે, એમાં અનેક ચીજો—ગુણો સમાઈ જાય છે, એવી ભાવના એ સમ્યકત્વની વિચારણાનો છઠ્ઠો પ્રકાર છે.

આ પ્રકારની ભાવના વિચારતાં દર્શનની ભાવના કેવા પ્રકારની હોવી જોઈએ તેનો વિચાર બંધાશે. આવ. દર્શનની ભાવના થઈ હોય, આવી વિશિષ્ટ કોટિની પ્રાપ્તિ માટે તીવ્ર ઇચ્છા અને તરસના થઈ હોય, તેને કુસકા કે ફોતરાં મળે એમાં એ કેમ રાજી થાય? અને એમાં એનો દહાડો શું વળે?

આ પાંચમી ગાથામાં દર્શનની તૃષ્ણાને ખૂબ બહલાવી છે. એમાં અમૃતપાન અને વિષપાનને પણ સમજવા જેવાં છે. કોઈ કોઈ વાર પ્રાણી ફાંફાં મારીને પછી જે મળે તે લઈ લે

છે અને પોતાની મુરાદ પાર પડી એમ માની મનને મનાવી લે છે. એમાં એની તરશ છીપતી નથી; તરશ તો અમૃતપાન થાય ત્યારે જ છિપાય. બાકી વ્યવહારદર્શન કરી એ દર્શન પ્રાપ્ત થયું છે, એમ માને તો એની અથડાઅથડી મટતી નથી, અંદરની આત્મિક ભૂખ ભાંગતી નથી. અમૃતપાન કયા અને કેવા દર્શનની પ્રાપ્તિથી થાય તે જીવનશોધન કરવા યોગ્ય છે. અને માલતી ફૂલે મોહવાની ભાવના રાખનારે બાવળથી રાચવું નહિ. અને ગંગાજળમાં રમવાની ઇચ્છા હોય એણે ખાડાના છિલ્લર જળમાં રાચી જવું નહિ. અમૃતપાન ક્યારે થાય તે શોધવા જેવું છે. અંશસત્ય તો ઘણી વાર વિષપાન જેવું નીવડે છે અને એને સર્વસત્ય માનવા જતાં પ્રાણીની ફસામણી થાય છે તે વાત આગળ જતાં સમજાશે.

અનેકાંતવાદની ભૂમિકાની પ્રાપ્તિ માટે આગલા સ્તવનમાં 'અભય, અદ્વેષ અને અખેદ'નાં વિશેષણો આપીને જે ભવ્ય દશા જગવવા જિજ્ઞાસા જાગ્રત કરી હતી, તેને અત્ર અનેકાંત-સ્વરૂપદર્શનપ્રાપ્તિની તૃષાના આકારમાં આગળ કરવામાં આવી છે અને એ તૃષા આત્માને સંસારમાં રખડાવનાર ભૌતિક દર્શનની પ્રાપ્તિથી તૃપ્ત ન થાય એવો અંદરનો ગર્ભિત આશય છે, તે ખાસ સમજી રાખવા જેવો છે. એ દશા પરત્વે હજુ આગળ ઘણી વિચારણા થવાની છે. અમૃતપાન કોને કહેવું તે વાતનું અત્રે તો સ્પર્શજ્ઞાન છે. જિજ્ઞાસારૂપ અત્ર તેનો બીજક્ષેપ થયેલ છે, વિશેષ વાત આગળ વિકાસના વધારામાં આવશે. અત્ર ધારણા માત્ર કરવામાં આવી છે. વિકાસની પ્રાથમિક દશાની અત્ર હજી શરૂઆત છે તે ધ્યાનમાં રહે. (૫)

તરસ ન આવે હો મરણજીવન તણો, સીજે જો દરિસણકાજ;
દરિસણ દુરલભ સુલભ કૃપા થકી, 'આનંદઘન' મહારાજ. અભિનંદન૦ ૬.

**અર્થ**—જો આપના દર્શનની પ્રાપ્તિનું મારું કામ થઈ જાય, જામી જાય, તો મરણ-જીવનના રખડપાટાનો મને જે ત્રાસ થઈ રહ્યો છે તે ન રહે. (દૂર થઈ જાય). સાધારણ રીતે દર્શનપ્રાપ્તિ દુર્લભ છે, પણ આપશ્રી-આનંદઘન મહારાજ-ની કૃપાથી એ સુલભ છે. એટલા માટે (અભિનંદન) પ્રભુના-જૈનના સાચા દર્શનની અમે ઝંખના કરીએ છીએ.

**ટબો**—તૃષાનો તરસ મરણજીવન જન્મમરણનો પાર ન આવે, પાર ન પામીએ. જો દર્શનપ્રાપ્તિને કાજે સીજે તો એહવું દરસણ દુરલભ છે તે માટે તુજ કૃપા થકી સુલભ. આનંદઘન

---

**પાઠાંતર**—તરસ-પાર. સીજે-સીઝે. કાજ-કાજિ. સુલભ-તુંજ. દુરલભ-દુર્લભ. (૬)

**શબ્દાર્થ**—તરસ = ત્રાસ, હેરાનગતિ, પીડા, દુઃખ; તૃષા અર્થ પણ થઈ શકે; તરસ એટલે કૃપા, દયા, રહેમ અર્થ પણ થાય. ન આવે = ન થાય. તરસન = કાપી નાંખવું તે, છેડો. મરણજીવન તણો = મરવાનો અને જીવવાનો, રખડપાટીનો, આંટા મારવાનો. સીજે = સીઝે, પાર પડે, સિદ્ધ થાય. દરિસણકાજ = દર્શન પ્રાપ્ત કરવાનો મુદ્દો, દર્શન મેળવવાનો ઉદ્દેશ. દુરલભ = મુશ્કેલીથી મળે તેવું, દુર્લભ્ય. સુલભ = સુલભ્ય, સહેલાઈથી મળે તેવું. કૃપા=મહેરબાની, દયા, રહેમનજર. આનંદઘન = આનંદના સમૂહ. મહારાજ = ભગવાન (ની); છઠ્ઠી વિભક્તિ. (૬)

મહારાજ શુદ્ધ સ્વરૂપ આત્માનું દર્શન પામે. (એવું દર્શન તે કયા આત્માને સુગમ થાયે તે વાસ્તે પાંચમું તવન કહે છે.)

**વિવેચન**—આવી રીતે અમૃતપાન જેવા દર્શનની પ્રાપ્તિ માટે અંતરની જિજ્ઞાસા ઉત્પન્ન કરી, અને જાણે દર્શનપ્રાપ્તિ એ જીવનનું 'કાજ'–કામ હોય તેમ જણાવ્યું અને એની પ્રાપ્તિ આડે કેટલી અડચણો છે તે વાતની રજૂઆત કરી અને એ પ્રાપ્તિને અંગે સ્થૂળ વ્યાવહારિક, માનસિક અને આધ્યાત્મિક સગવડો થાય તો કામ થવાની શરૂઆત થાય એમ મનમાં ધારણા કરી, એ પરમપ્રભુ પરમાત્મા પાસે મનછૂટી વાત અને છેવટની પ્રાર્થના એની પ્રાપ્તિ માટે કરે છે : મારા પ્રભુ ! અત્યારે તો હું ચક્કરે ચઢી ગયો છું. અહીં જરા ઠરીઠામ થાઉં, ત્યાં જમદેવ મને બીજે ધકેલી દે છે, ચારે ગતિમાં રખડાવે છે અને મને જન્મ-મરણનો ત્રાસ થયા કરે છે. એમ રખડપાટીમાં હું તો હેરાન હેરાન થઈ ગયો છું. જો આપના દર્શનની પ્રાપ્તિનું મારું કામ થાય તો અત્યારે મને થતો જન્મ-મરણનો ત્રાસ ન આવે–ન થાય. આ તો દર્શનની પ્રાપ્તિના અભાવે મારો કૂટો થઈ રહ્યો છે અને હું જાણે કોઈ વેચવા-લેવાની વસ્તુ હોઉં તેમ મારી ફેંકાફેંક થઈ રહી છે.

**'તરસ'**—અહીં તરસનો અર્થ ત્રાસ કર્યો. જન્મ-મરણનો ત્રાસ તો આપણો દરરોજનો વિષય થઈ ગયો છે. સંસારમાં આવવું અને પાછો પડદો પડે એટલે બીજે ચાલ્યા જવું, ત્યાં ગયા એટલે અહીં કરેલી સર્વ જમાવટ ખેદાનમેદાન થઈ જાય અને ત્યાં નવે નામે બીજી સૃષ્ટિ માંડવી અને એ રીતે ઠામ ઠામ કુટાવું, એના ત્રાસનો કાંઈ પાર નથી. પ્રભુને કહે છે કે આપના દર્શનની પ્રાપ્તિ થાય તો આ જન્મ-મરણનો ત્રાસ થતો અટકી જાય અને મને ઠરીઠામ બેસવાના દહાડા મળે. તરસનો બીજો અર્થ, કોશ પ્રમાણે, કૃપા, દયા, રહેમ થાય છે. આ ભાવ અત્ર લાગતો નથી. એક 'તરસના' શબ્દ હિંદી કોશમાં છે, તેનો અર્થ 'કોઈ વસ્તુ મેળવવા માટે વ્યાકુળ અથવા ઉત્કંઠિત હોવું' એમ કર્યો છે. મને આ 'તરસના' શબ્દ અહીં 'તરસન'ને અંગે વિચારવા યોગ્ય લાગે છે. જો આપના દર્શનની પ્રાપ્તિનું કામ સિદ્ધ થઈ જાય તો મરણ-જીવનની તીવ્ર ઉત્કંઠા આવે, તે પર વિચારણા થાય અને આ બધી શી બાજી મંડાઈ રહી છે તેનો ખ્યાલ આવે, તેની ક્ષણિકતા અને ક્ષુલ્લકતા વ્યક્ત થાય. કોઈ પણ રીતે 'તરસ' શબ્દને 'તરસીએ' શબ્દની સાથે લાવવો જોઈએ; તો જ ખરો અર્થ જામે, એમ મને બેસે છે. ઉપર પ્રથમ અર્થ કરી તેનો અર્થ ત્રાસ કર્યો છે; તેમ કરવામાં તરસવાની અંદર રહેલી તૃષાનો આખો ભાવ માર્યો જાય છે આ રીતે અર્થ બેસાડવાનો અને તરસના સમાનાધિકરણમાં આ 'તરસન' ના લાવવાનો પ્રયાસ કરવા જેવો છે. આપનું દર્શન પ્રાપ્ત થાય તો જીવવા-મરવાનો ત્રાસ ન આવે, એ અર્થને હાલ તો કાયમ રાખ્યો છે, પણ વાંચનારે 'તરસન'ને એક શબ્દ ગણી અર્થ કરવા યોગ્ય છે, એટલા સૂચવન સાથે એ વાત અનિર્ણીત પરિસ્થિતિમાં છોડી દેવામાં આવે છે. સૂચવન ખાસ વિચારણીય છે, કારણ કે તૃષા અને ત્રાસનો મેળ બરાબર જામતો નથી અને તરસનમાં તૃષાનો ભાવ લાવી શકાય તેવી શકયતા છે. અર્થ કરવામાં પ્રક્રમભંગ

ન થવો જોઈએ એ સર્વથા યાદ રાખવાં જેવું છે અત્રે 'ત્રાસ' એવો અર્થ કરવામાં તૃષા–તરસની ઉપમા આખી મારી જાય છે, એટલે આ સ્પષ્ટતા સાહિત્ય દૃષ્ટિએ કરવાનું અત્ર પ્રાસંગિક ગણ્યું છે.

હિંદી શબ્દકોષમાં 'તરસ' શબ્દનો અર્થ આપતાં—કાટના, તરાસના આ પ્રમાણે અર્થ આપી તેના દાખલામાં 'પટ–તતૂન ઊંદર જ્યોં તરસે'–એ પ્રમાણે દાખલો મૂકયો છે. એ અર્થ બરાબર બેસે છે. આપના દર્શનની પ્રાપ્તિનું કામ જો થઈ જાય તો મારાં જનમ-મરણ કપાઈ જાય, આ અર્થ બરાબર બેસતો આવે છે અને હિંદી શબ્દ મારવાડી ભાષામાં વપરાય ત્યારે તે તે નરજાતિમાં વપરાય છે. આ રીતે અર્થ કરવામાં 'તરસન' શબ્દને એક આખા શબ્દ તરીકે ગણવાનો છે અને એ નરજાતિનો શબ્દ કાપવા–ખલાસ કરવા–ના અર્થમાં નામ તરીકે વપરાયો છે. ઉપર પ્રમાણે છેલ્લો સૂચિત અર્થ મને વધારે બંધબેસતો અને સમીચીન જણાય છે.

જન્મમરણનો ત્રાસ એટલો મોટો છે અને રખડપાટાનો થાક એવો આકરો છે કે દર્શન-પ્રાપ્તિની આવી તલસના સર્વથા યોગ્ય છે, કારણ કે દર્શનપ્રાપ્તિ બરાબર થાય ત્યારે તેને અંગે બીજી ગાથાના વિવેચનમાં પાંચ દૂષણો બતાવ્યાં તે જાય છે; તે ઉપરાંત પાંચ ભૂષણની પ્રાપ્તિ થાય છે તે વિચારવા લાયક છે. **પાંચ ભૂષણ** નીચે પ્રમાણે બતાવ્યાં છે; શરીર જેમ અલંકાર ઘરેણાંથી શોભે છે તેમ ધર્મદેહ આ ભૂષણોથી શોભે છે :—

(૧) '**સ્થૈર્ય**'—ચિત્તની ચપળતા દૂર થાય, ધર્મમાં નિર્ણીત વિચાર ચાલુ રહે, અંતરની ગડમથલ અટકી જાય અને કોઈનો ચળાવ્યો પ્રાણી ચલિત ન થાય : આ પાકો નિર્ણય જીવને ભારે લાભદાયક નીવડે છે.

(૨) '**પ્રભાવના**'—એ ધર્મજીવનનો મહિમા વધારે, એ આત્મધર્મની પ્રસિદ્ધિ અને પ્રચાર કરે અને એની ઉપયોગિતા જનતામાં પ્રસારી એ દર્શનનું મૂલ્ય વધારે, જનતાના હાથમાં જાય તેવો તેનો અનેક પ્રકારે વિસ્તાર કરે. આમાં ધર્મ દીપી નીકળે છે.

(૩) '**ભક્તિ**'—જે વસ્તુ કે વિચારની પ્રાપ્તિથી પોતે માર્ગ પર આવી ગયો તે તરફ બહુમાન થાય, તેના તરફ ખૂબ પ્રેમ થાય અને વ્યક્ત કરવા તેના દર્શક દેવ કે તેના જીવતા પ્રતીક ગુરુ વગેરે તરફ રાગ થાય તેની સેવા થાય, તેનું બહુમાન થાય. આથી સદ્દહણા વધારે દીપી નીકળે છે.

(૪) '**કુશળતા**'—ધર્મવિચારણામાં કુશળતા; પરિકર્મિત બુદ્ધિબળથી માર્ગને દીપાવવાની અને અન્યને માર્ગે લઈ આવવાની કુશળતા.

(૫) '**તીર્થસેવા**'—તીર્થ એટલે તરવાની જગ્યા. દ્રવ્યથી તીર્થક્ષેત્ર અને ભાવથી સદ્‌જ્ઞાન એ બાહ્ય અને અંતરક્ષેત્રની હૃદયપૂર્વક સેવા કરવી એ પાંચમું ભૂષણ છે.

આ પાંચે ભૂષણો આત્મશરીરને–દર્શનપ્રાપ્તિને–વધારે વધારે શોભાવે છે, એને હૃદય સાથે જોડે છે અને બાહ્ય પ્રચાર કે આંતર સ્થિરતા દ્વારા એ સદ્દહણાને વધારે દીપાવે છે.

દર્શનપ્રાપ્તિને પરિણામે પ્રાણીમાં દશ પ્રકારના વિનયગુણો આવી જાય છે. એ **દશ વિનય** સદ્દહણાની નિર્મળતાને અંગે પ્રાપ્ત કરવા યોગ્ય ગણાય છે. અત્રે દસ પ્રકારના વિનયનો નામનિર્દેશ કરી જઈએ. નીચે જણાવેલ દશામાંથી બને તેટલાને તેમના સ્થાનને યોગ્ય માન આપવાથી અને તેમને અનુકૂળ થવાથી પોતાના ગુણની નિર્મળતા થાય છે. એ દશનાં નામો આ પ્રમાણે છે :—

(૧) આકરાં કર્મો પર વિજય મેળવી દુનિયાને ઉપદેશ આપનાર 'અરિહંત'; (૨) સર્વ કર્મોનો ક્ષય કરી મૂળ–અસલ આત્મદશા પ્રાપ્ત કરનાર 'સિદ્ધ'; (૩) પ્રભુની ગેરહાજરીમાં તેમના પ્રતીક માટેનું સ્થાન તે 'ચૈત્ય'; (૪) વિશુદ્ધ જ્ઞાન દ્વારા આત્મસ્વરૂપ અને ક્રિયામાર્ગ બતાવનાર 'શ્રુત'; (૫) નય, નિક્ષેપ, સપ્તભંગી, આત્મદશા, વીતરાગભાવ બનાવનાર 'ધર્મ'; (૬) મોક્ષમાર્ગનો સાધક, બાહ્ય ઉપાધિનો ત્યાગી, આદર્શ આરાધક 'સાધુ'; (૭) સાધુ-સમુદાયને આચાર શીખવે, પોતે પાળે, વર્ગની નિયામણા કરે તે 'આચાર્ય'; (૮) ધર્મનાં અંગો વગેરેનો અભ્યાસ કરનાર-કરાવનાર, અર્થ પઢાવનાર 'ઉપાધ્યાય'; (૯) ધર્મના દ્રવ્યાનુયોગ-ચરણયોગનો ઉપદેશ આપનાર વક્તા તે 'પ્રવચની'; (૧૦) જેની પ્રાપ્તિનો આપણે આ સ્તવનમાં વિચાર કરી રહ્યા છીએ તે 'દર્શન.'

આ દશે પ્રકારના વિનયનો વિચાર કરતાં જેમાં 'દર્શન' કેન્દ્ર સ્થાને છે, તેમાં આંતર શક્તિ કેટલી વૃદ્ધિ પામતી જાય છે, તે ગ્રાહ્યમાં લેતાં એનું મહત્ત્વ સમજાય છે અને એનો વિચાર કરતાં દર્શનની તલસના, જે આ સ્તવનની શરૂઆતથી જાગતી જતી બતાવી છે; તે ખૂબ વધી જાય છે અને તે મેળવવા વધારે વધારે જિજ્ઞાસા જામતી જાય છે.

ભગવાનને કહે છે કે આપના દર્શનને પ્રાપ્ત કરવાની મારી તલસનારૂપ કામ હું હાથમાં લઈને બેઠો છું, તે જો પાકી જાય, જો તે કામ થઈ જાય, તો મારા જન્મ-મરણનો ત્રાસ આળસી જાય અથવા એનું તરસણ થઈ જાય, એની કાપણી થઈ જાય.

**'દરિસન દુર્લભ'**—દર્શનપ્રાપ્તિની દુર્લભતા આ આખા સ્તવનમાં ગાઈ છે. જો આપના દર્શનની પ્રાપ્તિનું કામ થઈ જાય તો જનમ-મરણનો ત્રાસ મટી જાય. વસ્તુની મહત્તા લાગી અને સાથે એની દુર્લભતા લાગી, એટલે આ તો વામનજીને ઝાડ પર લટકતું અમૃત જેવું આમ્રફળ મેળવવાની સ્થિતિ થઈ. એ ફળને મૂકયું જાય નહિ અને સહજભાવે એ પ્રાપ્ત થઈ શકે તેમાં ઘણી વિષમતા દેખાણી.

**'સુલભ કૃપા થકી'**—પણ એ દર્શન મારા આનંદઘન દેવ! આપની કૃપાથી સુલભ થાય તેમ છે. આ કૃપાની હકીકત ખૂબ વિચારણા માગે છે જ્યાં સૃષ્ટિકર્તા ઈશ્વર માનવામાં આવે ત્યાં તો ઈશ્વર-અનુગ્રહ કે ભગવાનની કૃપાથી કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ થઈ શકે એ વાત સમજાય તેવી છે, પણ અનાદિ સૃષ્ટિ માનનાર જૈન તત્ત્વજ્ઞાનમાં ભગવાનની કૃપાને શું સ્થાન હોઈ શકે, તે ખાસ વિચારણીય પ્રશ્ન છે. આ આખા પ્રશ્નની વિચારણા, પ્રસંગ ઉપસ્થિત

કરીને, શ્રી સિદ્ધર્ષિ ગણિએ ઉપમિતિભવપ્રપંચાકથાના પીઠબંધમાં બહુ સારી રીતે રજૂ કરી છે. નિષ્પુણ્યક નામનો દરિદ્રી ભિખારી રોગથી સડેલો અને ત્રાસથી હેરાન થયેલો જ્યારે રાજમંદિરમાં દાખલ થાય છે ત્યારે ધર્મબોધક મંત્રી જણાવે છે કે સાતમા માળ ઉપર સ્થિત થયેલા સુસ્થિત મહારાજની 'કૃપાદષ્ટિ' તેના ઉપર પડી. આ 'કૃપાદષ્ટિ'નો વિસ્તારથી ઉપનય સમજાવતાં શ્રી સિદ્ધર્ષિ ગણી કહે છે[1] :

"એવા મહાત્મા સર્વજ્ઞ મહારાજે અનેક રોગોથી પીડાતા અને બીભત્સ દર્શનવાળા પેલા નિષ્પુણ્યક દરિદ્રીને કરુણાપૂર્વક જોયો, તેવી રીતે આ પ્રાણી પણ પોતાની તથાભવ્યતા પાકી જવાથી આગળ પ્રગતિ કરે છે અને ઉન્નતિના માર્ગ પર આગળ પ્રયાણ કરતો જાય છે, ત્યારે તેના ઉપર પણ ભગવાનની કૃપા થાય છે, કારણ કે ભગવાનની કૃપા વગર માર્ગાનુસારીપણું પણ પ્રાપ્ત થતું નથી. આ મહાત્માની કૃપા હોય તો જ ભાવપૂર્વક ભગવાનમાં બહુમાન થાય છે, તે વગર થતું નથી. કારણ કે આ બાબત કર્મના ક્ષય અથવા ઉપશમ અથવા તો તેવા બીજા હેતુઓ મુખ્ય ભાગ ભજવી શકતા નથી. પ્રગતિ કરવા માટે કર્મના ક્ષય અથવા ઉપશમની જરૂર છે, પણ તેથી થયેલ વિકાસ ટકી શકતો નથી, એટલે વાસ્તવિક રીતે તેવી ઉપર ઉપરની પ્રગતિ કામની નથી, જ્યારે ભગવાનની કૃપા થાય ત્યારે જ ખરો વિકાસ થાય છે. આ હકીકત લક્ષ્યમાં રાખીને આ પ્રાણી ઉપર ભગવાને વિશેષે કરીને નજર નાખી–દૃષ્ટિ કરી, એ પ્રમાણે હકીકત ઉપરની કથામાં કહી છે. એ પરમાત્મા–પરમેશ્વરમાં અચિંત્ય શક્તિ હોવાને લીધે અને અન્ય ઉપર ઉપકાર કરવાનું તેઓને તાન લાગેલું હોવાથી આ પ્રાણીની મોક્ષસન્મુખ અથવા મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિનું પરમ કારણ તેઓ જ છે એમ લક્ષ્યમાં રાખવું. આ પરમાત્માનું નિરાકાર સ્વરૂપ પણ આખા જગતના સર્વ જીવોનું કલ્યાણ કરી શકે એટલી શક્તિવાળું છે, એટલે તેઓ રૂપ રહિત છે છતાં તેના આલંબનથી સર્વ પ્રાણી ભાવપૂર્વક મોક્ષે જઈ શકે એ બરાબર હકીકત છે, તોપણ તે, પ્રાણીનું ભવ્યત્વ, કર્મ, કાળ, સ્વભાવ અને નિયતિ વગેરે કારણોની અપેક્ષાપૂર્વક નિરાકાર રૂપ જગત ઉપર ઉપકાર કરવામાં પ્રવૃત્ત થાય છે; તેથી એકસાથે સર્વ પ્રાણીઓ મોક્ષે જઈ શકતા નથી. જે પ્રાણીનાં કાળ, સ્વભાવ વગેરે કારણો પરિપાકદશાને પામે તે જ પ્રાણી આગળ વધે છે અને તેના ઉપર ભગવાનની દૃષ્ટિ પડે છે. જે જીવનું કલ્યાણ થવાનું હોય છે અને જે ભદ્રક પરિણામી હોય છે તેના ઉપર જ, તેટલા માટે, ભગવાનની દૃષ્ટિ–નજર પડે છે એમ હકીકત કહી છે તે હકીકત આગમાનુસાર જાણવી."

ત્યાર પછી ધર્મબોધકર મંત્રી બે કારણોને લઈને અમુક પ્રાણી પર સુસ્થિત મહારાજાની કૃપા-નજર પડેલી હોવાનો નિર્ણય કરે છે : એક સ્વકર્મવિવરદ્વારપાળે એને મંદિરમાં કરાવેલો પ્રવેશ; અને બીજું, એ મંદિર તરફ સદર પ્રાણીને થયેલો પક્ષપાત.

---

૧. ઉપમિતિભવપ્રપંચાકથા ભાષાંતર, ભાગ પ્રથમ (બીજી આવૃત્તિ), પૃ. ૧૧૧-૧૧૨.

પાંચ સમવાયી કારણોની જે હકીકત ઉપર કહી અને સર્વ પ્રાણી એકસાથે મોક્ષે જતા નથી અને પ્રભુની કૃપા કેવી રીતે થાય છે તે પર ત્યાં નીચે પ્રમાણેની અતિ આવશ્યક નોટ મૂકવામાં આવી છે :

"પાંચ સમવાયી કારણ કહેવાય છે : કાળ (સમય-વખત), સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ અને ઉદ્યોગ (પુરુષાર્થ). આ પાંચે કારણો એકઠાં થાય ત્યારે જ કોઈ પણ કાર્ય બને છે. સર્વ પ્રાણીઓનો એકસાથે મોક્ષ થઈ શકતો નથી તેનું કારણ અત્ર બતાવ્યું. પ્રભુની કૃપા તો સર્વને મોક્ષ લઈ જાય તેવી છે, પણ બીજાં સમવાયી કારણોની મોક્ષ જવામાં અપેક્ષા રહે છે એ ધ્યાનમાં રાખવું. સિદ્ધોનો અને ગુણોનો શાશ્વતભાવ આવશ્યકનિર્યુક્તિમાં બતાવ્યો છે તે અહીં સ્પષ્ટ કર્યો છે. આનંદઘન મહારાજ પણ સિદ્ધને વર્ણવતાં છેવટે કહે છે કે—'શાશ્વતભાવ વિચારકે, પ્રાણી ખેલો અનાદિ અનંત, વિચારી કહા વિચારે રે' (પદ ૨૨ મું). સિદ્ધનું ઉપકારીપણું શાશ્વતભાવને લઈને છે."

પ્રભુકૃપાને આવી રીતે તત્ત્વદૃષ્ટિએ આગમમાં બહુ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. કહેવાની વાત એ છે કે દર્શનપ્રાપ્તિ તો પાંચ સમવાયી કારણોના મેળાપને અંગે અને આ આખા સ્તવનમાં રજૂ કરેલાં કારણોને અંગે ભારે મુશ્કેલ છે, પણ પ્રભુની કૃપા થઈ જાય તો મારો જન્મમરણનો ત્રાસ દૂર થાય અને મને અભિનંદનજિનના દરશનની તરસ થઈ છે તે છીપી જાય.

**'આનંદઘન મહારાજ'**—આનંદસ્વરૂપ પરમાત્મા! આપની કૃપા થાય અને મારો સંસારવાસ દૂર થાય, મારું આપના દર્શનનું કામ સિદ્ધ થઈ જાય અને મારો જન્મમરણનો ત્રાસ દૂર થઈ જાય. 'આનંદઘન' શબ્દ પર આગળપાછળ ચિંતવન થયા કરે છે. એ 'આનંદ' શબ્દમાં એટલો ચમત્કાર છે કે એનું નામ લેતાં, એને બોલતાં, એના સંબંધમાં વિચારણા કરતાં, એક અનોખી શાંતિ અંદરથી થઈ આવે છે અને એવા અનંત આનંદના આશ્રયરૂપ ભગવાનની જ્યારે કૃપા થાય, મીઠી નજર આ પ્રાણી ઉપર પડે, એટલે ભવની ભાવઠ ભાંગી જાય, ધારેલ કામ સિદ્ધ થઈ જાય અને અમૃતપાનની પિપાસા છીપી જાય. (૬)

## ઉપસંહાર

આ સ્તવનમાં દર્શનની મહત્તા બતાવી, એને માટે તૃષા ઉત્પન્ન કરી, એને મળવામાં કેટલી મુશ્કેલીઓ છે તેનું વર્ણન કર્યું, એને મેળવવાની આડા ઘાતી ડુંગરો ઘણા પડ્યા છે તેનું નિદર્શન કર્યું, ઠંડાં જળ પીવાની તરશ વિષપાનથી છીપતી નથી એ બતાવ્યું અને પ્રભુ-દર્શનનું કામ થાય તો જન્મમરણના ત્રાસ મટી જાય, એની પ્રાપ્તિને માટે પ્રભુના અનુગ્રહની, સુલભતા થઈ જાય, એટલી વાત કરી.

આ સમ્યક્ત્વનો વિષય ખૂબ મહત્ત્વનો છે, સાચો જૈનધર્મ છે, ધર્મનું રહસ્ય છે અને શરૂઆતમાં જણાવ્યું તેમ, એક રીતે એ ધર્મસર્વસ્વ છે. દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગના

અનેક ગ્રંથોમાં એ સમ્યક્ત્વનો ગુણ ખૂબ ગાયો છે અને એની મહત્તા બતાવતાં ત્યાં સુધી કહ્યું છે કે દર્શનથી ભ્રષ્ટ રહેલો પ્રાણી ભ્રષ્ટ છે, કારણ કે ચારિત્ર રહિત પ્રાણીનો મોક્ષ કદાચ થાય, પણ દર્શન રહિત પ્રાણીનો તો મોક્ષ કદાપિ પણ ન જ થાય. એટલા માટે રસ્તે ચઢવા ઇચ્છનાર પ્રાણીના અંતરમાં તત્ત્વરુચિ, સદ્દહણા અને દર્શનપ્રાપ્તિ માટે તીવ્ર ઇચ્છા ઊભી કરવી એ અતિમહત્ત્વની બાબત છે અને ભૂમિકાશુદ્ધિ કરી આગળ વધવા ને રસ્તે ચઢવાની ઇચ્છા રાખનારને માટે ખાસ વિચારણીય બાબત છે. સમકિત અથવા સમ્યક્ત્વને ઓળખવા માટે એના ૬૭ બોલ બહુ વિચારવા યોગ્ય છે. એનો બરાબર ખ્યાલ કરવાથી સમ્યક્ત્વનો ખ્યાલ આવે તેમ છે અને તેથી શાસ્ત્રગ્રંથોમાંથી તારવી એને આ સ્તવનના વિવેચનમાં વણી દીધા છે.

**સડસઠ બોલ**—'બોલ' એટલે મુદ્દા, લક્ષ્ય આપવા યોગ્ય સ્થાનો, તારવી સંક્ષિપ્તમાં એકઠાં કરેલાં સારમય રહસ્યો. આ 'બોલ' શબ્દ જૈનનો પારિભાષિક છે; એ ખૂબ પ્રચલિત છે. અનેક ભેદ, વિભેદ, પેટાભેદ યાદ રાખવા માટે આવા 'બોલો'ના થોકડાઓ તૈયાર કરેલા છે અને તેને મુખપાઠ કરવાનો પહેલાં રિવાજ પણ હતો. એવા ગતિ-આગતિ, દેવવંદન, ગુરુવંદન વગેરેના બોલો પ્રચલિત છે અને અન્યત્ર મુદ્રિત થયેલા છે. સમકિતને લગતા સડસઠ બોલો સુપ્રસિદ્ધ છે. એના પર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે એક પુસ્તક[1] રચેલ છે. અને એ સમકિતના સડસઠ બોલ પર શ્રી યશોવિજય ઉપાધ્યાયે ગુજરાતી ભાષામાં સજ્ઝાય[2] લખેલી છે. એ સ્વાધ્યાય ખૂબ સરસ રાગો અને ભાવાર્થથી ભરપૂર છે અને વારંવાર પઠન પાઠન કરવા યોગ્ય છે. સમકિતના એ સડસઠ બોલોને આ વિવેચનમાં આડાઅવળા વણી દીધા છે. એની તારવણી, નામનિર્દેશ અને સ્થાનનિદર્શન સાથે, અત્રે સમુચ્ચયીકરણરૂપે જણાવી દેવી જરૂરી છે. એ આખા ઉલ્લેખને કેન્દ્રસ્થાને હોઈ, પુનરાવર્તનને ભોગે પણ, સ્પષ્ટ દર્શન માગે છે :—

**ત્રણ શુદ્ધિ** : મન, વચન, કાયા. (વિવેચન : પ્રથમ ગાથા)

**ત્રણ લિંગ** : શુશ્રૂષા, રાગ, વૈયાવચ્ચ. (વિવેચન : દ્વિતીય ગાથા)

**પાંચ લક્ષણ** : શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય, અનુકંપા. (પરિચય : આરંભે)

**પાંચ દૂષણ** : શંકા, આકાંક્ષા, વિતિગિચ્છા, પ્રશંસા, સંસ્તવ. (વિવેચન : દ્વિતીય ગાથા)

**પાંચ ભૂષણ** : સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, કુશળતા, તીર્થસેવા. (વિવેચન : છઠ્ઠી ગાથા)

**આઠ પ્રભાવક** : પ્રાવચની, ધર્મકથી, વાદી નિમિત્તભાખી, તપસ્વી, વિદ્યાસંપન્ન, સિદ્ધ, કવિ. (વિવેચન : ત્રીજી ગાથા)

**છ આગાર** : રાયાભિયોગેણં, ગણાભિયોગેણં, બલાભિયોગેણં, દેવાભિયોગેણં, ગુરુનિગ્રહ, વૃત્તિકાંતાર (વિવેચન : ત્રીજી ગાથા)

---

૧. જુઓ સમ્યક્ત્વસપ્તતિકા.

૨. જુઓ સજ્ઝાયમાળા; સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

**ચાર સદ્દહણા** : તત્ત્વજ્ઞાનનો પરિચય, તત્ત્વજ્ઞાનીની સેવા, વ્યાપન્નદર્શનીવર્જન, કુલિંગીસંગવર્જન. ( વિવેચન : ગાથા બીજી )

**છ જયણા** : કુદેવ કે કુચૈત્ય સાથે છ પ્રકારનો વ્યવહાર ન કરવો : વંદન, નમન, દાન, પ્રદાન, આલાપ, સંલાપ. ( વિવેચન : ચોથી ગાથા )

**છ ભાવના** : આલંકારિક–સરખામણીના શબ્દો, મૂળ, દ્વાર, પાયો, નિધાન, આધાર, ભાજન. ( પાંચમી ગાથા )

**છ સ્થાન** : અસ્તિ, નિત્ય, કર્તા, ભોક્તા, મુક્તિ, ઉપાય. ( બીજી ગાથા )

**દસ વિનય** : નિર્મળતા માટે નીચેના દશનો વિનય કરવો : અરિહંત, સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચની, દર્શન. ( વિવેચન : છઠ્ઠી ગાથા )

આ રીતે સમ્યક્ત્વનાં ૬૭ અધિષ્ઠાન છે. એને ઓળખતાં અને એનો અમલ કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, હોય તો તેની નિર્મળતા થાય છે અને એ વિશિષ્ટ ગુણો અંતે પ્રાણીને સર્વ જન્મ-જરા-મરણનાં દુઃખથી મુક્ત કરી એનો સંસાર પૂરો કરી મૂકે છે, એને સંસારને પેલે છેડે લઈ જાય છે અને એને નિરવધિ સુરસમય કરી સત્ ચિત અને આનંદ સ્વરૂપ બનાવી દે છે. અનંત સુખનો પાયો આ સમ્યક્ત્વ છે. એનાં અધિષ્ઠાન ઉપર જણાવ્યાં તે ૬૭ છે અને એનો અમલ કરવો તે જીવનનો લહાવો છે. એટલા માટે દર્શનની દુર્લભતા વિચારવા સાથે એ પ્રાપ્ત થાય ત્યારે તેનું સ્વરૂપ કેવું હોય અને તેની પિછાણ કેમ થાય તેનો અભ્યાસ કરી લેવો યોગ્ય છે અને તેટલા માટે આ ૬૭ અધિષ્ઠાનોને આ સ્તવનના વિવેચનમાં યથાપ્રસંગ વણી લેવામાં આવ્યાં છે.

કોઈ સ્થાને આ ૬૭ (સડસઠ) બાબતોને સમકિતના સડસઠ ભેદ તરીકે વર્ણવેલ છે. મને સમકિતનાં ૬૭ અધિષ્ઠાન શબ્દ વધારે વાસ્તવિક લાગે છે. સમકિતના પ્રકાર ન હોઈ શકે, પણ એમાં વિકાસને અંગે તરતમતા અને આવિષ્કારમાં અંશભેદ, અવસ્થાભેદ, દશાભેદ હોઈ શકે. એ સડસઠ અધિષ્ઠાનો બરાબર અભ્યાસ કરીએ છીએ ત્યારે એમાં બહુ તારતમ્ય, અનેક આવિષ્કાર-પ્રકાર અને વત્તા-ઓછાપણું જણાય છે. સદ્દહણાને અંગે એ દર્શન જ છે એટલી વાત ધ્યાનમાં રાખવામાં આવે તો એને ભેદ તરીકે ન ઓળખી શકાય, પણ સ્થાન તરીકે જ ઓળખી શકાય. એટલે એને માટે અધિષ્ઠાન શબ્દ વધારે ઉચિત છે અને દર્શનના આવિર્ભાવની તરતમતાને બરાબર બતાવી એના કેન્દ્રસ્થ ભાવને આગળ લાવે છે.

દર્શનને માટે ઘણું જાણવા જેવું છે : એના પ્રકાર, એનાં ગુણસ્થાન, એને પુષ્ટિ કરનાર આઠ ગુણો, એને અંગે મિથ્યાત્વની ઓળખાણ, એની આત્મીય ગુણતા વગેરે અનેક બાબતો વિચારવા યોગ્ય છે. તેને માટે, બનશે તો, સ્વતંત્ર ઉલ્લેખ કરવાનો વિચાર રાખ્યો છે. અહીં એના પર બહુ સામાન્ય અને ખાસ જરૂરી મુદ્દામ ઉલ્લેખ જ કરવામાં આવ્યો છે.

એક વાત સ્પષ્ટ કરવી અહીં પ્રાસંગિક છે: શ્રદ્ધા કે સદ્દહણામાં જ્ઞાનને વિરોધ નથી. કેટલાક શ્રદ્ધા અને અંધશ્રદ્ધામાં ગૂંચવાઈ જાય છે. 'અંધ' શબ્દ એમને ભડકાવી મારે છે. એમાં જરા વધારે પૃથક્કરણની જરૂર છે. જે શ્રદ્ધા સમજણ, વિચારણા અને અભ્યાસ પર રચાયલી હોય છે તે જ કાયમ ટકે છે, તેના પર જ ખરો આધાર રાખવા યોગ્ય છે. અને દર્શન શબ્દમાં અંદરખાનેથી જ્ઞાનનો મહિમા સાથે જ ગણાય છે. બાકી, અલૌકિક ભાવો અને બાહ્ય દૃષ્ટિથી ન પહોંચી શકાય તેવા પદાર્થોને અંગે સદ્દહણામાં વિશ્વાસને સ્થાન તો જરૂર રહે. એ વિશ્વાસને અંગે એના પ્રણેતાની નિરભિમાન વૃત્તિ અને રાગદ્વેષ પર મેળવેલા વિજયને અંગે એની પ્રામાણિકતા પર નજર રખાય અને એવી સુજ્ઞતાદર્શક પરીક્ષાને પરિણામે અતિસૂક્ષ્મ ભાવોની વિચારણામાં શ્રદ્ધાનું તત્ત્વ આવે તો ખરું, પણ એની સાથે 'અંધ' શબ્દ વાપરવાથી મૂળ વાત સાવ મારી જાય છે. એ શ્રદ્ધા જ્ઞાન પર રચાયલી કે બંધાયલી હોય તો એની સાથે 'અંધ' શબ્દ વાપરી એ દર્શનની અતિ મહત્ત્વની બાબતને વીંખી-પીંખી નાખવી ન ઘટે. બાકી શ્રદ્ધામાં સ્વીકારનો અંશ તો જરૂર આવે આપણી પાસે પ્રયોગનાં સાધનો ન હોય, અતિ સૂક્ષ્મ ભાવ ગ્રહણ કરી પચાવી શકે એટલો બુદ્ધિનો વિકાસ ન હોય, તો પરીક્ષાપૂર્વક પસંદ કરેલા પુરુષની વાણી પર વિશ્વાસ રાખવો ઘટે. એને અંધતા કહેવી એ અંધતાના સ્વરૂપની વિકૃત સમજણ બતાવે છે.

આ સ્તવનમાં અમૃતપાનની તરસ વિષપાનથી ન ભાંગે એમ વિચારદર્શન કરાવ્યું છે, તે ઊંડા રહસ્યથી ભરપૂર છે: અમૃતપાનની ઇચ્છા થાય તો અમૃત મેળવવું, તેને માટે પ્રયાસો કરવા અને અમૃત મેળવ્યે જ રહેવું. એમાં વિષપાનથી તરશ છીપે નહીં. ઘણા પ્રાણીઓ દર્શન દર્શનની વાતો કરે છે, ઝંખના કરે છે, પણ એને અમૃતપાનની ઇચ્છા હોય છતાં એ વિષપાનના મથાળા નીચે મૂકેલા કોઈ એક પ્રકારના જળનું પાન કરી લે છે; પણ એમ કરવામાં એની તરસ છીપતી નથી અને એનું કામ થતું નથી. એકાંતવાદ હોય, સંસારવૃત્તિ હોય, પોતાનો મત કે પંથ ચલાવવાની આકાંક્ષા હોય, દુનિયામાં નામના કે માન મેળવવાની ઇચ્છા હોય, ત્યાં ચલાવેલ મત કે પ્રસારેલ સંપ્રદાય વિષપાનનું સ્થાન લે છે. એમાં કદાચ તાત્કાલિક દેખાવ પર રાચવાનું મન થઈ આવે, તોપણ એમાં અમૃતપાન થતું નથી, એમાં તરસ છીપતી નથી અને આત્મિક વિકાસ થતો નથી.

અને તેટલી જ અગત્યની વાત 'ઘાતી ડુંગરો'ની છે. દરશનપ્રાપ્તિની આડે બહુવિધ લાલચો, તોફાનો અને ડુંગરાઓ છે. કષાયના અનેક આવિર્ભાવો આ ઘાતી ડુંગરમાં આવે છે. પોતાની વાતને સાચી કરવા અને એકાંતવાદને પોષવા પ્રાણીઓ કેવાં કેવાં ડંગલો ચલાવે છે અને દર્શનને નામે કેવા ઢોંગ-ધતૂરા ચલાવી રહ્યા છે તે જોઈએ છીએ ત્યારે ઘાતી ડુંગરોની વિવિધતા અને નામ રાખવાની તુચ્છ અધમતાનો ખ્યાલ આવે છે.

અને માર્ગદર્શક ભોમિયાનો-'સેંગૂ'નો સથવારો મેળવવો એ ભારે મહત્ત્વની બાબત છે.

ઘણાખરા તો સાચો સાથ આપતા નથી, કેટલાયે અર્ધે રસ્તે સાથ મૂકી દે છે અને ઘણાખરાને સાથ આપવાની શક્તિ કે સવડ જ હોતી નથી. અગાઉ સાથ આપનાર પોતાની સાથે ચોકી-પહેરાનો બંદોબસ્ત રાખતા, સાથે આવનારને રસ્તા બતાવતા, એને કોઈ વખત ભાતું કે પાણી ખૂટે તો મદદ કરતા અને આખે રસ્તે તેનો ભાવ પૂછતા અને તેની ચિંતા રાખતા. આવા 'સંગૂ' મળી જાય તો તો ઠીક વાત છે, પણ પોતે માર્ગના જ્ઞાતા અને બીજાને અટવી ઓળંગાવવાની ચિંતા સેવનારા તો ભાગ્યયોગે જ સાંપડે છે. એટલે પછી કઠણ થઈ, ધૃષ્ટ બની રસ્તે પડવામાં આવે તોપણ ભોમિયાને અભાવે અટવીના ચક્કરમાં ફસાઈ જવાય છે અને વાટ ભૂલેલાની જે દશા થાય તેવી દશા થાય છે.

સર્વથી મહત્ત્વની વાત મુદ્દો સમજી ધ્યાનમાં લઈ લેવાની છે અને તે એ છે કે દર્શન-સમ્યક્ત્વ એ એકડો છે. એના પર જ્ઞાન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ આદિ અનેક ગુણોના આંકો ચઢાવવામાં આવે તેમ આત્મિક મૂલ્ય વધતું જાય છે. પણ એ એકડો ન હોય તો તેના વગર ગમે તેટલાં મીંડાં ચઢાવવામાં આવે તેમાં આત્મવિકાસની દૃષ્ટિએ કાંઈ દહાડો વળતો નથી. તેથી ભૂમિકાશુદ્ધિ કરી ત્યાં સાફ જમીન પર દર્શનનો આલેખ કરવો. દર્શન શબ્દનો મહિમા મોટો છે. દર્શન આત્માનો મૂળ ગુણ હોવાથી ખૂબ આસેવન અને ચીવટ માગે છે. દર્શનને સમજવું એટલે વિગતવાર સમસ્ત જૈન દર્શનની સમજણ હાથ ધરવા જેટલું ઊંડાણ લાગશે, પણ એના સાદા ખ્યાલમાં તો સાચી સદ્દહણા, ઊંડો પ્રેમ અને સાચા માર્ગ તરફ જવા અંદરનો ઉત્સાહ એટલી જ બાબત છે. એટલે દર્શનનાં ૬૭ અધિષ્ઠાન જોઈને કે એના પ્રભાવકો કે ભાવનાઓનાં વર્ણન વાંચીને ચિંતામાં પડી જવા જેવું નથી. સડસઠ અધિષ્ઠાનમાં એકની પ્રાપ્તિની અંદર દર્શન-પ્રાપ્તિ થઈ જાય તેમ છે. ગુણપ્રાપ્તિ કાયમ કરવી હોય તો આગળ પ્રગતિ કર્યા કરે તો જ સાંપડેલ ગુણ કાયમ રહે એવો નિયમ હોઈ દરેક અધિષ્ઠાને પહોંચવા પ્રયત્ન કરવા યોગ્ય છે; પણ એનાં મોટાં નામો કે ભવ્ય કલ્પનાથી એ દુષ્પ્રાપ્ય છે, અતિ આકરાં છે, એમ માની લેવા જેવું નથી. એને માટે ચીવટ રાખી પ્રયત્ન કરવામાં આવે તો જનતાના મોટા ભાગને તો એ સુગ્રાહ્ય છે, ચીવટપૂર્વકના અલ્પ પ્રયાસે પણ આરાધ્ય છે અને વિશેષ ચીવટે પ્રગતિ કરાવી આગળ વધવામાં પરસ્પર અસરકારક મદદ કરે તેવા છે. દર્શનની બાબતમાં ઘણું લખી શકાય તેમ છે, એને લગતું સાહિત્ય ઉપલબ્ધ છે અને પૃથક્કરણ કરી સારતત્ત્વરૂપે ખૂબ સ્વીકારવા-સમજવા-મનન કરવા યોગ્ય છે અને જાણીને જીવવા યોગ્ય છે.

કેવા પ્રકારના આત્માને આ દર્શનપ્રાપ્તિ થાય એનો વિચાર હવે કરવાનો છે. એ થતાં આત્માનો અને દર્શનનો અનિવાર્ય સંબંધ, આત્માની અને દર્શનની એકતા અને દર્શન એ જ આત્મા છે એનો સ્પષ્ટ ખ્યાલ થઈ જશે અને ત્યારે દર્શનની અત્ર બતાવેલી મહત્તા કેવી રીતે કારગત થઈ પડશે, કેવી રીતે કાર્યકર નીવડી શકે છે અને એની ભૂમિકાશુદ્ધિ સાથે વાતાવરણ-શુદ્ધિ કેવા પ્રકારની લાભકારક થાય છે તે જાણ્યા પછી દર્શનની મહત્તા વધારે સ્પષ્ટ થશે.

આપણે હવે સમર્પણનો સિદ્ધાંત અને આત્મવિકાસને રસ્તે પડતા ચેતનના ત્રણ ભેદો વગેરે અગત્યની બાબત વિચારવા પાંચમા સ્તવન તરફ પ્રયાણ કરીએ. એ વિચારણા પણ દર્શનની તરશને વધારે ઉઘાડશે; એ દર્શનની તૃષાને વધારી મૂકશે અને એની ખાતર આખા આત્માનું સમર્પણ થઈ જશે એવી ભવ્ય ભાવનાની પોષણાના આશાવચન સાથે આ આનંદઘનના અદ્ભુત કવન પરના વિવેચનને અત્ર અત્યંત પ્રેરણા, આંતરિક આનંદ અને પ્રભુકૃપાની અપેક્ષાની સૂચનાના ઉત્સાહ સાથે વિરમાવીએ.[૧] (૪)
મે : ૧૯૪૯ ]

---

૧. શ્રી મોતીચંદભાઈએ આ ચોથા સ્તવનના વિવેચનને અંતે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત સમકિતના સડસઠ બોલની આખી સજ્ઝાય પરિશિષ્ટરૂપે આપી છે. પણ આ સજ્ઝાય અનેક પુસ્તકોમાં છપાઈ ગયેલી હોવાથી આ ગ્રંથમાં એ ફરી નથી છાપી. જિજ્ઞાસુઓએ એ પુસ્તકમાંથી જોઈ લેવી. —સંપાદક

૫

# શ્રી સુમતિનાથ જિન સ્તવન

**સંબંધ**—અભિનંદનસ્વામીના દર્શનને નિમિત્તે આપણે આત્માને ચારે તરફ ફેરવી આવ્યા અને તેની આડા ઘાતી ડુંગરો હતા તેને પણ સમજી આવ્યા. આ બહારની બાબતો જતી કરી આત્માને પોતાને જ બરાબર ઓળખવો જોઈએ, એટલે એના ત્રણ અવસ્થાપ્રકારો છે તે જ બતાવી આપી તેના વિવેચનમાં આ આખું સ્તવન આનંદઘન (લાભાનંદ) લખે છે. અત્યંત દિલગીરીની વાત છે કે જે આત્માનો ઉત્કર્ષ કરવો છે, તે આત્માને જ આપણે ઓળખતા નથી. તેથી બીજી દર્શન અને ઘાતી ડુંગરોની વાત હાલ તુરતને માટે રહેવા દે છે. આપણે આપણા આત્માને બરાબર જાણી–સમજી લઈએ. આત્માને ન જાણ્યો હોય તો તો બીજી સર્વ વાત જાણેલી નકામી છે. કારણ કે આત્માને જાણવો અને એના સર્વ પ્રકારોને બરાબર પિછાનવા એ તો કેન્દ્રસ્થાને હોવું જોઈએ. બીજી વાતો જાણીએ પણ ખુદ આત્માને ન ઓળખીએ તો સર્વ જાણ્યું નકામું થઈ પડે. શાસ્ત્રકાર કહે છે કે 'જે એક આત્માને જાણે તે સર્વને જાણે છે, અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે.' એટલે આ બધી ધમાલ આત્માને ઓળખવા માટેની હોઈ એને અનેક દૃષ્ટિબિંદુથી જાણવો એ આપણી પવિત્ર ફરજ છે.

**'આત્મા છે'** એમ તો આપણને જરૂર લાગે છે, કારણ, મૃતક શરીરને જોઈએ તો શરીર તો તેનું તે રહે છે, પાંચે ઇન્દ્રિયો–જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયો–સર્વ તેનું તે તેમાં રહે છે, છતાં તે હાલતુંચાલતું નથી, જવાબ આપતું નથી, વિચાર કરી શકતું નથી, તે બતાવે છે કે તેને ચેતના આપનાર કોઈ વસ્તુ તેનામાંથી નીકળી ગઈ છે. આ મૃતક શરીરને હલાવનાર, ગતિમાં મૂકનાર આત્મા છે. એક બીજી વાત જોઈએ. સમાન સંયોગોમાં જન્મનાર એક મોટો ધનવાન થાય છે અને બીજો તદ્દન ગરીબ. આવી જ રીતે શરીરનાં બંધારણમાં ફેરફાર; આલ-વાની રીતભાતમાં ફેરફાર બતાવે છે કે એ કમાણી પૂર્વભવની છે. આ પૂર્વભવને સિદ્ધ કરનાર સર્વ દલીલો પણ આત્માની હયાતી સૂચવે છે. આત્મા ન હોય તો એ કમાણી કોની સાથે આવે ? આપણે જોઈએ છીએ, ઘર, પૈસા કે કોઈ પણ ચીજ મરનાર સાથે જતી નથી, પણ તેણે કરેલ સારાં કે ખરાબ કામ તેની સાથે જતાં હોવાં જોઈએ, નહિ તો મોટો અન્યાય થઈ જાય અને સારાં કે ખરાબ કામનો બદલો ન મળે. આ પરભવને સાબિત કરતી બાબત પણ આત્મા જેવી ચીજની હયાતી બતાવે છે અને તેની સાથે તે કૃત્યોનાં ફળો જરૂર જાય છે. આ આત્મા છે એમ સ્વીકારવું અને તેની જુદી જુદી અવસ્થા સમજવી એ આ સ્તવનનો મુખ્ય વિષય છે. આત્મા જેવી કોઈ પ્રેરક અને સંગ્રાહક ચીજને માન્યા વગર ચાલે તેમ જ નથી. નહિ તો કરેલ કાર્યનો નાશ થઈ જાય, તે નકામું–નહિવત્ બને; અને ન કરેલ કામ અથવા તેનાં પરિણામ

આવી પડે. તેટલા માટે આ આત્માને હયાતીને અંગે સ્વીકારીને જ ચાલીએ અને તેની જુદી જુદી અવસ્થાઓ કેવી થાય છે તે યોગીશ્વરની નજરે સમજવા પ્રયત્ન કરીએ. આટલી પ્રસ્તાવના સાથે આપણે આ પાંચમા પ્રભુ શ્રી સુમતિનાથના સ્તવનમાં પ્રવેશ કરીએ.

### સ્તવન

(રાગ—વસંત તથા કેદારો ભવિ લોકા તુજ દરશન હોઈ એ—દેશી)

સુમતિ-ચરણ-કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુગ્યાની;
મતિ તરપણ બહુસમ્મત જાણીએ, પરિસરપણ સુવિચાર સુગ્યાની.
સુમતિ-ચરણ-કજ આતમ અરપણા. ૧

**અર્થ**—પાંચમા શ્રી સુમતિનાથના ચરણ એટલે પગને માટે તેને આત્મસમર્પણ કરવું; જેમ કાચમાં કોઈ જાતનો વિકાર થતો નથી, જેવી હોય તેવી બરાબર છાપ પડે છે. બુદ્ધિની તૃપ્તિ થાય છે. એ વાત ઘણા માણસોએ માન્ય રાખેલી છે એમ જાણવું. એથી સારા માણસો પાછા હઠે છે એ સારો વિચાર છે. (૧)

**ટબો**—જ્ઞાનવિમલસૂરિ પોતાનો આ સ્તવનનો ટબો લખી ગયા છે તે જણાવે છે કે :- (સુધારીને) (૧) હે ચિદાનંદ આતમ! શ્રી સુમતિનાથના ચરણકજ—ચરણકમળની રોપણા આપણા આત્મામાં કરો. દર્પણ—અરીસાની પેરે અવિકાર—વિકાર રહિત—નિર્મળ છે, પાપપંકે મલિન નથી. મતિનું જે તર્પણ થાપવું તે તો બહુસંમત જાણીએ છીએ. અનેકભેદે મતિના વૈભવ છે તે ભલે વિચારે કરી પરિસંપૂર્ણ કરીએ, અવતારીએ, તે વારે પામીએ (૧)

**વિવેચન**—સુમતિનાથ નામના પાંચમા તીર્થંકરના ચરણકમળમાં આત્માર્પણ કરવું તે યોગની પ્રાથમિક ભૂમિકા છે. આત્માર્પણ કરે પ્રાણી પોતાનાં અને પોતાના શરીરનાં સર્વ કાર્યો પ્રભુને અર્પણ કરે છે. પહેલાં તે આત્માર્પણ એ વસ્તુ સમજી લઈએ. तत् कुरुष्व मदर्पणं એટલે તારાં સર્વ કાર્યો મને અર્પણ કર, એ જાણીતો વૈષ્ણવીય સિદ્ધાંત છે. એમાં ખાવું કે પહેરવું, તેનાથી માંડીને જે જે કામ કરવાં તે સર્વમાં મમત્વબુદ્ધિ, પોતે કે પોતા માટે કર્યાં છે એમ ન માનતાં તે પ્રભુને માટે કર્યાં છે અથવા પ્રભુએ પોતે આ વ્યક્તિ મારફત

---

**પાઠાંતર**—'આતમ અરપણા'ને સ્થાને પ્રતમાં 'આતમ રૂપણ' પાઠ છે. પ્રતમાં પ્રથમનું સુગ્યાની નથી. 'સમ્મત' સ્થાને પ્રતમાં 'સુમતિ' એવો પાઠ છે. (૧)

**શબ્દાર્થ**—સુમતિ = સારી બુદ્ધિવાળા, પાંચમા તીર્થંકર. ચરણ-કજ = ચરણકમળ. અરપણા = અર્પણ કરવું તે. દરપણ = દર્પણ, અરીસો, કાચ. જિમ = જેમ, જેવા. અવિકાર = વિકાર રહિત, ફેરફાર વગર. મતિ = બુદ્ધિ. તરપણ = તર્પણ, તૃપ્તિ, ભરાઈ જવું તે. બહુસંમત = બહુ જનોને પસંદ, ઘણા માણસોને સ્વીકૃત. પરિસરપણ = પાછા હઠવું તે, આગળ વધી જવું તે, ફેલાવો થવા દેવો તે. સુવિચાર = એ સારો વિચાર છે, સાચો નિર્ણય છે. (૨)

કર્યાં છે એમ માનવું તે **આત્માર્પણ** કહેવાય છે. આત્માર્પણ કરનારો વેપાર કરે કે લડાઈ કરે, શોધખોળ કરે કે રસોઈ બનાવે, ટૂંકમાં, એ જે કાંઈ પ્રવૃત્તિ કરે તે પ્રભુના નામે કરે, પ્રભુ પ્રેરણાથી અને કોઈ જાતની બદલાની અપેક્ષા ન રાખતાં પ્રભુપ્રીત્યર્થ કરે, એ આત્માર્પણ કહેવાય છે. આવી જાતનું ફળની અપેક્ષા રહિતપણું રાખવું એ યોગની શરૂઆતમાં ઘણું ઉપયોગી છે. એથી પ્રભુમાં એવી એકલીનતા થઈ જાય છે કે તે પ્રાણી જ પ્રભુમય થઈ ગયો એમ લાગે છે. એને લઈને પ્રાણી એક પ્રકારની નિઃસ્પૃહવૃત્તિ કેળવી પોતાની જાતને ભૂલી જાય છે.

આ સમર્પણનો સિદ્ધાંત બુદ્ધિને સંતોષ આપે છે, કારણ કે ભગવાન પોતે પણ કાચ જેવા અવિકારી છે. કાચને અવિકારી કહેવાનું કારણ એ છે કે એ જેવો હોય તેવો આદર્શ બતાવે છે, એ કોઈની શરમ રાખતો નથી. આવી રીતે ભગવાન પોતે પણ અવિકારી છે. તેના હૃદયમાં પણ સાચો ખ્યાલ અવિકારીપણે આવી જાય છે. કોઈ કામ પોતાને હિસાબે કે જોખમે ન રાખતાં ભગવાનને અર્પણ થાય તો એમાં બુદ્ધિ સંતોષાય છે અને પોતે જાણે એનો દ્રષ્ટા જ માત્ર રહે છે. લોકોની નજરે આ આત્મર્પણમાં સંમતિ હોય છે, કારણ કે આ આત્માર્પણનો સિદ્ધાંત ઘણાખરા ધર્મોને માન્ય હોય છે અને પોતાની યોગપ્રવૃત્તિ જનસંમત છે એમ જાણી એ પ્રાણીને પણ એક જાતનો સંતોષ થાય છે. આ વ્યવહારનજરે સારી વાત થઈ. પણ એ આત્માર્પણની બુદ્ધિથી પાછા હઠવું તે સાચો વિચાર છે. લોકોની સંમતિ ઉપર ન રાચતાં સમર્પણથી આગળ વધવું અને સમર્પણથી પાછા હઠવું અથવા સમર્પણ તે સર્વસ્વ છે અને હવે સાક્ષીભાવ સિવાય કાંઈ કરવાનું રહેતું નથી એવી જે એકાંત બુદ્ધિ થાય તે બુદ્ધિથી પાછા હઠવું તે સારો વિચાર છે, તે કર્તવ્ય છે, તે અનુકરણીય છે. અહીં લોકસંમતિ અને આત્મપ્રગતિ વચ્ચે ઘણો વિરોધ આવે છે. ઘણા માણસો પસંદ કરે એટલે પોતાનું કર્તવ્ય થઈ ગયું અને પોતામાં પરિપૂર્ણતા આવી ગઈ—એમ ન સમજતાં આગળ વધવું. પૂર્વના સમર્પણના વિચારમાં સર્વસ્વ માનવું એ તો પોતાની બુદ્ધિની કિંમત કરાવે છે. જે પ્રગતિશીલ આત્મા હોય તે આગળ વધે છે; અને સમર્પણમાં સર્વ આવી ગયું એમ માનતો હતો તેથી પાછો હઠે છે.

'પરિસર્પણ'નો કોશનો અર્થ 'ચારે તરફ જવું' એમ થાય છે; એ રીતે વિચાર કરતાં સર્પની જેમ આગળ જ વધવું, એકલા આત્મસમર્પણથી અટકવું નહિ, પણ સર્પ જેમ અવાજ કર્યા વગર આગળ વધે છે તેમ યોગમાર્ગમાં આગળ પ્રગતિ કરવી. યોગમાર્ગમાં પ્રગતિ કેમ થાય તે આપણે આગળ જોશું. એ માર્ગમાં આગળ જવું અને પ્રગતિ કરવી આવો અર્થ પણ નીકળે છે. સમર્પણનો સિદ્ધાંત ઠીક છે, પણ તેથી અને તેના પૂરતું અટકવાનું નથી, પણ યોગમાર્ગે બતાવેલ રસ્તે આગળ પ્રગતિ કરવી એ પણ સારો વિચાર છે. આ અર્થ કરતાં પાછા હઠવાની કે અર્પણ કરતાં અટકવાની વાત આવતી નથી, પણ બુદ્ધિને સંતોષ આપે તેવા સમર્પણમાં સંપૂર્ણતા ન માનવી અને સમર્પણ કરતાં પણ આગળ વધવું એવો ભાવ નીકળે છે. અને મને

તેમ અર્થ કરવો વધારે ઉચિત લાગે છે, તે આપણે આગળ ઉપર જોશું. અને 'પરિસર્પણ'નો અર્થ 'ફેલાવો' થાય છે તે તે અર્થને પુષ્ટ કરે છે. આ રીતે અર્થ કરીને આપણે પ્રથમ તો આત્માના પ્રકાર વિચારીએ. આત્માને ઓળખવાથી સર્વ વસ્તુ ઓળખાઈ જાય છે, તેથી યોગમાર્ગ જાણવા પહેલાં આત્માને ઓળખી લેવાનો આપણે પ્રયત્ન કરીએ. (૧)

ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુગ્યાની;
બીજો અંતર આતમા તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુગ્યાની. સુમતિ૦ ૨

**અર્થ**—સર્વ શરીરધારી (માણસો) ના આત્મા ત્રણ જાતના હોય છે. તેનો પહેલો પ્રકાર **બહિરાત્મા** નામનો છે, બીજો પ્રકાર **અંતરાત્મા** નામનો છે અને ત્રીજો પ્રકાર **પરમાત્મા** નામનો છે; જે ત્રીજો પ્રકાર કોઈ પ્રકારના વિભાગ વગરનો છે. (૨)

**ટબો**—ત્રણ પ્રકારના આત્મા સકલ સંસારી જીવને શરીરધારીને વ્યાપ્ત છે. આતમા તે માંહે પ્રથમ ભેદ બહિરાત્મા, બીજો ભેદ અંતરાત્મા, તીસરો પરમાત્મા તે અછેદ, અભેદ, અક્ષય છે. (૨)

**વિવેચન**—શરીરધારીના શરીરને ગતિમાં મૂકનાર આત્મા ત્રણ પ્રકારનો છે. એટલે, એની દશાની અપેક્ષા ધ્યાનમાં લેતાં, દરેક આત્મા આ ત્રણ પ્રકારમાંથી એક પ્રકારમાં આવે. પોતાનો આત્મા આમાંથી કયા પ્રકારમાં આવે છે તે તેનાં લક્ષણ, જે હવે પછી કહેવામાં આવશે, તેનાથી જાણી લઈ નક્કી કરવું. એ પ્રકાર નક્કી કરવાનું કારણ પણ જણાવવામાં આવશે. પણ આત્માના આ ત્રણ પ્રકારો ઘણી અગત્યની બાબત છે એ પ્રથમ સમજવા. તે હવે પછીની ગાથામાં ગ્રંથકાર પોતે જ કહેશે અને વિવેચનમાં આપણે બીજા ગ્રંથોનો આધાર પણ લેશું. આ ગાથામાં તો તે ત્રણે પ્રકારને નામમાત્ર જણાવવામાં આવ્યા છે :—

પ્રથમ પ્રકાર **બહિરાત્મા**નો છે. આત્માના ત્રણ પ્રકારમાંથી આ પ્રથમનો ભેદ છે. બહિરાત્મા કોને કહેવો તે આપણે ગ્રંથકારના પોતાના શબ્દોમાં આગળ ત્રીજી ગાથામાં જાણવા પ્રયત્ન કરશું. અહીં તેની સંજ્ઞા જ માત્ર આપવામાં આવે છે.

બીજો આત્માનો પ્રકાર છે તે **અંતરાત્મા**ના નામથી ઓળખવાનો છે. એનું વિસ્તારથી વર્ણન આપણે આ ગ્રંથકાર અને બીજાઓની સમજણને અંગે ત્રીજી ગાથાના વિવેચનમાં કરશું.

અને આત્માનો ત્રીજો પ્રકાર તે **પરમાત્મા** નામથી ઓળખાય છે. એનો વિસ્તાર આપણે ચોથી ગાથાના વિવેચન ઉપર રાખશું. આ પરમાત્મા નામનો આત્માનો પ્રકાર છે તે અવિનાશી છે, એક સ્વરૂપે સર્વથા રહેનાર છે અને પછી એના જન્મવા, મરણ પામવાનો અને સંસારમાં

**પાઠાંતર**—'સકલ' સ્થાને 'સક્લ'. ધુરિ ભેદ સ્થાને 'અધરૂપ સુગ્યાની' આ પાઠ પ્રતમાં છે. આતમા સ્થાને આતમ. 'પરિમાતમ' એવો પાઠ પણ છેલ્લે છે.

**શબ્દાર્થ**—ત્રિવિધ = ત્રણ પ્રકારનો. સકળ = સર્વ, અપવાદ વગર કુલ. તનુધર = શરીરધારી, દેહધારી. ગત = તેમાં રહેલો. બહિરાતમ = બાહ્ય આત્મા. એ એની પ્રથમ દશા થઈ. ધુરિ = પહેલો. ભેદ = અવસ્થા, પ્રકાર. તીસરો = ત્રીજો. અવિચ્છેદ = શુદ્ધ, એકસરખો. (૨)

ભાગ લેવાનો છેડો આવવાથી એ સર્વદા માટે પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે. એ આત્માનો નિર્વિભાજ્ય વિભાગ છે અને સર્વથી વધારે સારો પ્રકાર છે, જે આપણે તેના ચોથી ગાથાના વિવેચનમાં વિસ્તારશું.

આ આત્માના ત્રણ પ્રકાર કેવી રીતે પાડવામાં આવ્યા છે તે આપણે વિસ્તારથી સમજવા યત્ન કરીએ. ગ્રંથકારે પોતે જ તેનો ત્રીજી અને ચોથી ગાથામાં વિસ્તાર કર્યો છે. આ બીજી ગાથામાં તો તેના નામમાત્ર પ્રકાર બતાવવામાં આવ્યા છે. મોક્ષમાં ગયા પછી તે સર્વ આત્મા એકસરખા હોવાથી તેના ભેદ પડતા નથી, પણ આ ત્રણ પ્રકાર શરીરધારી આત્માના પડે છે તેમ સમજી આપણે હવે આગળ વધીએ. (૨)

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુગ્યાની;
કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ સુગ્યાની સુમતિ૦૩

**અર્થ**—શરીર, વસ્તુ વગેરેને આત્માની બુદ્ધિએ ગ્રહણ કરે તે પાપરૂપ પ્રથમ બહિરાત્માનો પ્રકાર સમજવો. અને શરીર વગેરેનો પોતે સાક્ષી થઈ રહે અને દરેક ચીજનો પણ સાક્ષી થઈને રહે, તે બીજો અંતરાત્માનો પ્રકાર જાણવો. (૩)

**ટબો**— તેહનાં લક્ષણ કહે છે. કાયાદિક પુદ્‌ગળ પિંડને આત્મારૂપે કરી સંગ્રહ્યો, વિષય-કષાયાદિકને આપણા કરી જાણે તે બહિરાત્મા અધિક પાપરૂપ તે જાણવો. અને કાયાદિકને સાક્ષી માત્ર જાણે, પણ સ્વરૂપમાં ભિન્ન જાણે તે અંતરાત્મા, તે સાધકરૂપ થાય. (૩)

**વિવેચન**—આત્મા ત્રણ પ્રકારના હોય છે તેમાંથી બહિરાત્મા નામના પ્રથમ પ્રકારનો આ ગાથામાં વિસ્તાર કરે છે. જે શરીરને આત્મા માને તે પાપરૂપ પ્રથમ બહિરાત્માનો પ્રકાર છે. એ ઘણી જાડી બુદ્ધિથી શરીરને જ આત્મા સમજે છે. તે જ પ્રમાણે ઘર-સામગ્રી કે ફર્નીચરને આત્મા માનનારી અથવા તે–મય થઈ ગયેલા અને પૈસાને આત્મા માનનાર પણ અનેક પડ્યા છે. તેઓ સર્વ આ બહિરાત્માના પ્રકારમાં આવે છે. પોતાના ઘરને સળગતું જોઈ પોતે બળી–જળી જાય તે પણ ઘરને આત્મા જેવું માનનાર બહિરાત્મારૂપ જ છે અને તે આત્માના પ્રથમ પ્રકારમાં આવે છે. બાહ્ય કોઈ પણ વસ્તુમાં તે એવો તન્મય થઈ જાય કે તેની અને પર વસ્તુ વચ્ચે તફાવત ન રહે, તે બહિરાત્મા નામના પ્રથમ પ્રકારમાં આવે છે. આ સંબંધમાં શાસ્ત્રકાર શું કહે છે તે આપણે આગળ ઉપર જોશું. એવા બહિરાત્માઓ પાપરૂપ છે, પાપી છે, જાતે દોષિત છે અને તેના સંબંધમાં આવનારને પણ તે મિથ્યા વાતોથી સંગદોષથી દોષિત

---

**પાઠાંતર**—'કાયાદિકનો' પછી 'હો' વધારે છે, તે પાદ પૂરણાર્થે છે. (૩)

**શબ્દાર્થ**—આતમબુદ્ધે = એ આત્મા છે એવી બુદ્ધિએ, શરીર અને આત્મા એક જ છે એવી બુદ્ધિએ. બુદ્ધે = સમજણે. કાયાદિક = શરીર વગેરે વડે લેવાયલો. અઘરૂપ = પાપરૂપ. કાયાદિકનો = શરીર વગેરેનો. સાખીધર = દ્રષ્ટા, જોનારો. (૩)

બનાવે છે. બહિરાત્માની વ્યાખ્યા કરતાં શુભચંદ્ર મુનિ પોતાના 'જ્ઞાનાર્ણવ' નામના ગ્રંથમાં કહે છે કે—

"સમજુ અને મોક્ષની વાંછા કરતા હોય તેણે પરપર્યાય રહિત થઈને આત્મા સંબંધમાં સમ્યગ્ રીતે નિશ્ચય કરવો, એ બહુ જરૂરી છે. દેહધારી સર્વ પ્રાણીઓના આત્મા ત્રણ પ્રકારના હોય છે એવી વિશ્વવ્યવસ્થા છે: બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, આ ત્રણેનું સ્વરૂપ હવે કહેવામાં આવે છે. આત્મવિભ્રમને પરિણામે જે શરીર વગેરેમાં આત્મબુદ્ધિ રાખે છે, એની ચેતના મોહથી ઊંઘી ગયેલી અને અસ્ત પામેલી હોય છે અને તે પહેલા પ્રકારનો બહિરાત્મા છે એમ જાણવું. બાહ્ય ભાવને તજી દઈને આત્મામાં જ આત્મનિશ્ચય કરે છે તેવા પ્રકારના આત્માને જ્ઞાની પુરુષોએ અંતરાત્મા કહેલ છે. જે આત્મા કોઈ જાતનો લેપાતો નથી એટલે જે નિર્લેપ રહે છે, જેને શરીર સાથે કશો સંબંધ નથી એટલે જે નિષ્કલ છે અને પોતે તદ્દન શુદ્ધ છે એટલે જેને રાગ-દ્વેષની જરા પણ અસર થતી નથી, રહી નથી અને તદ્દન નિવૃત્ત છે અને જેનામાં કોઈ જાતનો વિકલ્પ થતો નથી તેને પરમાત્મા કહેવામાં આવે છે. આ આત્માને નિર્વિ-કલ્પ કેવી રીતે ઓળખવો તે મોટો પ્રશ્ન છે. એને શરીર વગેરે પદાર્થોથી અલગ ગણવો જોઈએ. એ અતીંદ્રિય છે એ રીતે એને પરમાત્મા તરીકે શોધી યોગીએ તેને જુદો ગણવો જોઈએ. તેટલા માટે યોગી બહિરાત્માને છોડી દઈને, પોતે જાતે કલ્પના વગરનો થઈ આત્માને બરાબર ઓળખે અને તેમાં સુસ્થિર થઈને તેનું ધ્યાન કરે તે ખરેખરા યોગીનું લક્ષણ છે. જેઓની બુદ્ધિ બહેર મારી ગઈ છે, તેઓ આત્માને શરીર સાથે જોડે છે. શરીરથી શરીરધારીને જ્ઞાની માણસ જુદો ધારે છે. શરીરમાં આત્મબુદ્ધિની કલ્પના કેટલાક પ્રાણીઓને થાય છે અને એવા બહિરાત્માઓ આ જગતને પણ પોતાની સંપત્તિ માની ઠગાય છે અને કાંઈ આત્મહિત કરી શકતા નથી. શરીરમાં આત્મા છે અને તે પોતે છે, શરીર જ આત્મા છે: આ સંસારબીજ છે. માટે એ બાહ્ય ભાવનો ત્યાગ કરવો અને અંતરંગમાં પ્રવેશ કરવો."

આ પ્રમાણે થોડી હકીકત જણાવી. જ્ઞાનાર્ણવની અસલ હકીકતો ધર્મધ્યાનની છે. તેમાં આત્માને કેવી રીતે ઓળખવો અને ચિંતવવો એ સવીર્ય ધ્યાનની રચનામાં આ હકીકત આપી છે તેને પ્રસ્તુત ધારીને અત્ર આપવામાં આવી છે. આ રીતે બહિરાત્માનો પ્રકાર સમજવા આપણે કાંઈક પ્રયાસ કર્યો. અને ઉપર નામ આપ્યાં તે પદાર્થો અને શરીરનો જે સાક્ષીભાવ રાખે છે, તેને માત્ર સાધનરૂપ ગણે છે, તે આત્માનો બીજો પ્રકાર છે, તેને અંતરાત્મા કહેવામાં આવે છે. આ ત્રણે પ્રકારના આત્માને ઓળખવા માટે શ્રી જ્ઞાનર્ણવમાં શુભચંદ્ર મુનિએ ઘણું કહ્યું છે તે અત્ર પ્રસ્તુત હોવાથી અવતરણ યોગ્ય છે. તેઓ જણાવે છે કે:—

"જ્ઞાની વિચાર કરે છે કે ઇન્દ્રિયો દ્વારા આત્મસ્વરૂપથી છૂટો થઈને પોતે વિષયોમાં મગ્ન થઈ જઈને મેં ખરેખર આત્માને અહંભાવથી બરાબર જાણ્યો નથી. બાહ્ય શરીરાદિકમાં આત્મબુદ્ધિને છોડી દઈને જે અંતરાત્મારૂપ થઈ જાય છે અને જે વિષયાદિકમાં પણ આત્મબુદ્ધિ કરતો

નથી તે યોગી પરમેષ્ઠીના સ્વરૂપને પ્રકાશ કરે છે. જે જે દેખવા યોગ્ય રૂપ છે એ તો પારકું છે, પર છે, અને પોતાનું જે જ્ઞાનમય રૂપ છે તે તદ્દન જુદા પ્રકારનું છે. મારું અસલ રૂપ છે તે જ્ઞાનવાન રૂપ છે તે તદ્દન અન્ય પ્રકારનું છે. એ ઇન્દ્રિયજ્ઞાનથી અજ્ઞાત છે. ત્યારે મારે બોલવું પણ કોની સાથે? લોકો પોતાની સાથે બોલે અને પોતે લોકોની સાથે બોલે, એ બન્ને પણ વિભ્રમનું સ્થાન છે. કારણ કે પોતે (આત્મા) તો પાપ-રહિત છે, આવો વિચાર કરીને એ કોની સાથે વાતચીત કરે અને કોને ઉદ્દેશીને વાત કરે? જે આત્મા પોતાને જ ગ્રહણ કરે છે અને જે પોતાથી પરને ઓળખે છે, પણ તેને ગ્રહણ કરતો નથી, તે સમજુ માણસ વિકલ્પ રહિત થઈને ભાવના કરે છે કે હું મારી જાતને જ જાણવા યોગ્ય છું. આવી રીતે વિચાર કરીને અરસપરસ લેવાદેવાનો વ્યવહાર છોડી દે છે. જેની સાંકળમાં સર્પની બુદ્ધિ છે એવા માણસને ક્રિયાનો ભ્રમ થાય છે. એ રીતે શરીર વગેરેમાં આત્મબુદ્ધિના ભ્રમથી ભેદજ્ઞાન હોવા પહેલાં ભ્રમરૂપ એણે અનેક ક્રિયા કરી છે. જ્યારે સાંકળમાં સર્પનું જ્ઞાન નાશ પામે તેમ શરીર વગેરે પરથી આત્મત્વનો ભ્રમ દૂર થાય, પોતે ભ્રમથી રહિત થઈ જાય છે. આવી રીતે શરીર વગેરેને પર-દ્રવ્ય માનીને તેને લગતો સર્વ મમત્વ એ છોડી દે, અને આ નપુંસક છે, આ સ્ત્રી છે, આ પુરુષ છે, કે આ એક છે, બે છે, બહુ છે એવી લિંગ અને સંખ્યાની એને માટે પરવા હોતી નથી; કારણ કે એ પોતાને પોતાની અંદર બરાબર જાણે છે. આ રીતે એ લિંગ અને સંખ્યાનો વિકલ્પ પણ છોડી દે. જે જ્ઞાન નહિ હોવાથી હું અત્યાર સુધી ઊંઘતો હતો અને જેનું જ્ઞાન થવાથી હું ઊઠ્યો છું એ સ્વરૂપ મારે બરાબર પ્રત્યક્ષ જાણવું જોઈએ : આવા આવા એ પ્રાણી વિચાર કરે. એ આત્માને જ્યોતિર્મય જ્ઞાનપ્રકાશરૂપ દેખે. એના રાગદ્વેષ ક્ષય પામી જાય, એટલે એને કોઈ શત્રુ કે કોઈ મિત્ર ન હોય. આવું પોતાનું સ્વરૂપ, જે લોકોએ દેખ્યું ન હોય, જાણ્યું ન હોય, તે પોતાનો મિત્ર કે શત્રુ નથી અને જેણે આવું પોતાનું સ્વરૂપ જાણ્યું હોય તે પણ તેનો મિત્ર તેમ જ શત્રુ નથી આવા પ્રકારનો એ વિચાર કરે. એવી નજરે જોનારને તે વખત સુધી જાણ્યા પહેલાંની, સર્વ પ્રકારની ચેષ્ટા એને સ્વપ્ન જેવી અથવા ઇંદ્રજાળ જેવી લાગે. એ પોતાના આત્માને પરમ પ્રકાશમય અને અખંડ જ્યોતિમય માને, પોતાના આત્માને પરમાત્માસ્વરૂપ જાણે અને દેખે. ત્યાર પછી આ અંતરાત્મપ્રકારનો પ્રાણી બાહ્ય આત્માને છોડી દઈને પ્રસન્નરૂપ અંતરાત્મા દ્વારા પોતાની સર્વ કલ્પનાજાળને મટાડી દે, અને પરમાત્માને અભ્યાસગોચર કરે. બંધ અને મોક્ષ ભ્રમમય અને નિર્ભ્રમમય જાણે. આમાં પરસંબંધથી બન્ધ થાય છે અને પર-દ્રવ્યના ભેદથી મોક્ષ થાય છે એવું એ ચિંતવન કરે. અને પછી એ જ્ઞાની પુરુષના આચરણને સમજી લે. એ વિચારે કે જે આચરણથી અજ્ઞાની કર્મબંધ કરે છે તે આચરણમાં જ જ્ઞાની કર્મથી છૂટી જાય છે : એ વાતનું એને આશ્ચર્ય લાગે છે. એ અંતરાત્મા ત્યાર પછી વધારે વિચાર કરે છે કે આ સંસારમાં અત્યાર સુધી પોતે ખેદ પામી કંટાળી ગયો તે આત્મા અને અનાત્માનો તફાવત ન જાણવાને પરિણામે થયેલ છે અને પોતાને તે અત્યંત દુઃખનું ખરું કારણ લાગે છે. બીજા લોક આ સંસારમાં કેમ ડૂબે છે, કેમ રખડે છે અને આત્માને કેમ દેખતા નથી?—આવી રીતની તે ચિંતવના કરે છે. આત્મા આત્મામાં

જ આત્મા દ્વારા સ્વયં એવ અનુભવન કરે, એનાથી બીજું બીજે ઠેકાણેથી જાણવાનો પ્રયાસ કરે તે નકામું છે, ફળ વગરનું—આ પ્રમાણે તે જાણે. 'એ હું છું, એ હું છું' એમ નિરંતર અભ્યાસ કરતો પુરુષ આ વાસનાને દૃઢ કરે છે અને આત્મામાં અવસ્થિત થાય છે. અજ્ઞાની પુરુષને જે જે વિષયો પ્રીતિને માટે હોય છે તે જ્ઞાનીને આપત્તિનું સ્થાન થાય છે અને અજ્ઞાની જે તપસ્યાદિકમાં ભય કરે છે તેમાં જ જ્ઞાની આનંદ લે છે. આ રીતે ઇન્દ્રિયના સમૂહ જેને પ્રસન્ન હોય છે તે અંતરાત્મા પરમેષ્ઠીરૂપ છે. જે સિદ્ધનું આત્મસ્વરૂપ છે તેવો જ મારો આત્મા છે, હું અન્ય કોઈની પૂજા કરવા યોગ્ય નથી અને મને બીજો જાણીને અન્ય કોઈ પોતાની ઉપાસના કરે તેને પોતે યોગ્ય નથી : આવી રીતની એ ભાવના કરે. પોતાના આત્માને ઇન્દ્રિયરૂપ વાઘના મુખમાંથી ખેંચી લઈને આત્માની મારફત જ પોતે ચિદાનંદમય છે અને પોતે પોતાના આત્મામાં જ સ્થિર થઈ જાય છે. આ રીતે એ ચૈતન્ય અને આનંદરૂપમાં લીન થઈ જાય. વિભ્રમ રહિત જે મુનિ આત્માને દેહથી રહિત જાણે તે તીવ્ર તપ કરે તોપણ કર્મબંધનથી છૂટે નહિ. ભેદને જાણનાર મુનિ આત્મા પારકાના અંતરનો ભેદ કરી આનંદરૂપ થઈ જાય છે. એ તપ કરે તોપણ તેના શરીરથી ખિન્ન ન થાય. જે મુનિનું મન રાગાદિક મળથી ભિન્ન થઈ જાય અને તદ્દન નિર્મળ થઈ જાય તે મુનિ આત્માને ભલે પ્રકારે જાણે અને બીજા કોઈ પણ હેતુથી આત્માને ન જાણે. વિકલ્પ વગરનું મન તત્ત્વ સ્વરૂપ છે. જે મન વિકલ્પોથી પીડિત છે તે તત્ત્વસ્વરૂપ નથી હોતું. એ કારણે તત્ત્વની સિદ્ધિને માટે મનને વિકલ્પ રહિત કરવું. જે મન અજ્ઞાનથી બગડેલું હોય તે નિજસ્વરૂપથી છૂટી જાય છે અને જે સમ્યગ્જ્ઞાનથી વાસિત થયેલું હોય તે પોતાના અંતઃકરણમાં પરમાત્માને દેખે છે. મુનિનું મન મોહના ઉદયથી રાગાદિથી પીડિત હોય તો મનને આત્મસ્વરૂપમાં લગાડીને એ પોતાના રાગાદિકને ક્ષણમાત્રમાં ક્ષેપણ કરે છે એટલે તેને તેઓ દૂર કરે છે. અજ્ઞાની આત્મા કાયામાં રત થઈ જાય છે; એ જ મનને સમજુ ચિદાનંદમાં લગાડીને પછી કાયા ઉપરનો પ્રેમ છોડી દે છે. આપણા વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ આપણા જ્ઞાનથી દૂર થઈ જાય છે. આત્માના વિજ્ઞાનથી રહિત પુરુષ તપથી પોતાને થતું દુઃખ મટાડી શકતો નથી. બહિરાત્મા જે પ્રાણી હોય તે પોતાને માટે સુંદર રૂપ, આયુ, બળ ઇત્યાદિક ચાહે છે અને જે ખરો વિજ્ઞાની પુરુષ છે તે પોતામાં જે સ્વરૂપ કે એવું કાંઈ પણ હોય તેનાથી છૂટવા ચાહે છે. બહિરાત્મા આત્મસ્વભાવથી ચ્યુત થઈ અન્ય પદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે અને તેથી બંધાય છે, ત્યારે જ્ઞાની માણસ આત્મામાં જ આત્મબુદ્ધિ કરીને પર પદાર્થોથી છૂટી જાય છે. આ રૂપ અચેતન છે અને ઇન્દ્રિયગ્રાહ્ય છે, પણ એ ચેતનદૃશ્ય નથી, એથી રૂપાદિક પર પદાર્થો ઉપર જે મારો રાગાદિક છે તે સર્વે નિષ્ફળ છે. હું મારા પોતાના સ્વરૂપનો આશ્રય કરું છું—આ પ્રમાણે એ વિચાર કરે. અજ્ઞાની પ્રાણીઓ બાહ્ય ત્યાગ કરે છે, પણ ખરા તત્ત્વજ્ઞાનીઓ અંતરંગ ત્યાગને ગ્રહણ કરે છે અને જે શુદ્ધાત્મા હોય તે બાહ્ય અને અંતરંગ બન્ને પ્રકારનો ત્યાગ કરે, અને કોઈ પ્રકારને ગ્રહણ ન જ કરે. મુનિ આત્માને વચન અને કાયાથી ભિન્ન કરીને મનથી તેનો અભ્યાસ કરે અને બીજાં કાર્યો વચન અને કાયાથી કરે, પણ ચિત્તથી ન કરે; ચિત્તથી

તો આત્માનો જ અભ્યાસ કરે. અજ્ઞાન ચિત્તવાળાને આ દુનિયા વિશ્વાસ ને આનંદનું સ્થાન થઈ પડે છે, પણ આત્માનંદ જાણનારને એમાં જરા પણ આનંદ પડતો નથી. પોતે જ પોતાને આનંદરૂપ બનાવે, માને. આત્મજ્ઞાની મુનિ જ્ઞાન સિવાય કોઈ પણ કાર્યમાં મનને એક ક્ષણમાત્ર પણ ધારણ કરે નહિ. કદાચ કોઈ કામ કોઈ કારણવશ થઈને કરે તો વચન અને કાયાથી એ આદર વગર તે કામો કરે, પણ જ્ઞાનની વાસના તો તેના મનમાં જરૂર નિરંતર રહે. આત્મજ્ઞાની મુનિ વિચારે કે ઇન્દ્રિય વિષયરૂપ મૂર્તિ છે એ તો પોતાના આત્મસ્વરૂપથી વિલક્ષણ છે અને પોતાનું રૂપ તો અંતરંગ જ્યોતિર્મય છે, અને આનંદથી ભરેલ અને અંતરંગ જ્યોતિર્મય છે. યોગાભ્યાસી સાધક મુનિઓના અંતરંગમાં દુઃખ હોય અને બાહ્યમાં સુખ હોય, અને સુપ્રતિષ્ઠિત યોગીઓને તેથી ઊલટું હોય, એટલે પ્રતિષ્ઠિત યોગીને અંતરંગમાં સુખ હોય છે અને બાહ્યમાં દુઃખ હોય છે. આ સાધક–અવસ્થાની વાત થઈ. મુનિ સર્વ પ્રકારની ભ્રાંતિને છોડીને આત્માની સ્થિતિ આત્મામાં જ છે અને એ વિષય જાણવો જોઈએ અને એ વિષય પર પોતે બોલવું, સાંભળવું અને વિચાર કરવો જોઈએ—આવી મુનિની સ્થિતિ હોય છે. ઇંદ્રિયના વિષયોમાં એવું કાંઈ પણ નથી કે જીવોને હિતકારી હોય, પરંતુ અજ્ઞાની મૂર્ખ પ્રાણીને એ વિષયોમાં જ પ્રીતિ થાય છે. આ અજ્ઞાનની ચેષ્ટા છે. મૂર્ખ માણસને કોઈ કાંઈ કહે તોપણ તે આત્માને પ્રાપ્ત કરી શકતો નથી અને તેને કહેવાનો પ્રયત્ન કરવો તે પણ નકામો છે (નિષ્ફળ છે). જે પોતે પારકાને જણાવવા ચાહે છે તે આત્મિક વસ્તુ નથી અને હું પોતે આત્મા છું, તે પરને ગ્રહણ કરવા યોગ્ય નથી. આથી બીજાને સંબોધન કરવાનો મારો પ્રયત્ન કે ઉદ્યમ નકામો છે, કારણ કે આત્મા તો પોતાનાથી જ જણાય છે, પારકાનું કહેવું કે તેને સાંભળવું તે તો નિમિત્ત માત્ર છે. આ માટે આ સંબંધમાં આગ્રહ રાખવો વૃથા છે. અજ્ઞાની પ્રાણી પોતાથી ભિન્ન વસ્તુ ઉપર સંતુષ્ટ થઈ જાય છે, કારણ કે એની અંતર્જ્યોતિ રુદ્ધ થઈ ગઈ હોય છે. જ્ઞાની પુરુષ આત્મામાં જ સંતોષ પામે છે, કારણ કે એનો બાહ્ય વિભ્રમ નાશ પામી ગયેલો હોય છે. આ પ્રાણી જ્યાં સુધી મન–વચન–કાયાના સમૂહને આત્માની ઇચ્છાથી ગ્રહણ કરે છે ત્યાં સુધી એને સંસાર છે, જ્યારે એને ભેદજ્ઞાન થાય ત્યારે એને સંસારનો અભાવ થઈ જાય છે. જેમ વસ્ત્ર જીર્ણ થઈ જાય, લાલ થઈ જાય, દઢ થઈ જાય અથવા નાશ પામી જાય તો તેથી જેમ આત્મા કે શરીર જીર્ણ અથવા લાલ થતું નથી, એ પ્રમાણે શરીર જીર્ણ થઈ જાય કે નાશ પામી જાય તોપણ આત્મા જીર્ણ થતો નથી કે નાશ પામતો નથી, આ દૃષ્ટાંતને બરાબર ઘટાવવું. જે મુનિની આત્મા-અચળ-અવસ્થિતિ થાય અથવા હોય તેનો મોક્ષ થાય, પણ જે મુનિની આત્માને વિષે અવસ્થિતિ થાય તેનો મોક્ષ થતો નથી. સાંખ્ય, નૈયાયિકાદિ કેટલાક એકલા માત્ર જ્ઞાનથી મુક્તિ માને એ વાત બરાબર નથી, પણ સમ્યગ્ જ્ઞાનપૂર્વક દર્શન અને ચારિત્ર એ જ આત્માની અવસ્થિતિ કહેવાય. અવસ્થિતિ એટલે રહેઠાણ, રહેવું તે. શરીર સહિત પોતે દઢ છે, સ્થૂલ (મોટો) છે, સ્થિર છે, લાંબો છે, જીર્ણ છે, અતિ પાતળો છે, હલકો છે, અથવા ભારે છે આવો શરીર સહિત સંબંધ ન કરે તે પુરુષ જ આત્માનું જ્ઞાનસ્વરૂપ જાણે છે, અને તેનો

અનુભવ કરે છે. જે આત્માને જાણતો નથી તે પર્વત, ગામ આદિકમાં પોતાને રહેવાનું સ્થાન જાણે છે, પણ જે જ્ઞાની છે તે સર્વ અવસ્થામાં પોતાના આત્મામાં જ પોતાનું નિવાસસ્થાન સમજે છે. શરીરમાં આત્મા છે તે, શરીરને જ આત્મા માને એ પ્રકારના માણસોને આગામી પરિપાટીનું કારણ બને છે. અને પોતાનો આત્મા જ આત્મા છે એવું જ્ઞાન આ શરીરથી બીજાં શરીર હોવાનો અભાવ થવાનું કારણ છે. આ આત્મા પોતે જ પોતાનો સંસાર રચે છે અને પોતાની મારફત જ પોતે જ પોતાને માટે મોક્ષ નીપજાવે છે, આ કારણને લઈને આપ પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો ગુરુ છે, આમ સ્પષ્ટ સમજો. બાકી બીજા પર માણસો કે વસ્તુઓ તો નિમિત્તમાત્ર છે. આત્માને જાણવાવાળો શરીરને આત્માથી જુદું જાણે છે અને શરીરને આત્માથી ભિન્ન જાણે છે, વગર શંકાએ એ શરીરનો ત્યાગ કરી દે છે; જેમ સામાન્ય માણસ મેલાં કપડાંને જોઈ નારાજ થાય છે અને તેનો વગર શંકાએ ત્યાગ કરે છે, તેમ જ આ શરીર પણ ગ્લાનિનું સ્થાન છે, એ કારણે એનો ત્યાગ કરવો પડે કે થાય ત્યારે જરા પણ શંકા આણે નહિ. જ્ઞાની માણસ આત્માના સ્વરૂપને અંતરંગમાં દેખીને અને શરીરને બાહ્યમાં દેખીને બન્ને વચ્ચેના તફાવતથી નિષ્ણાત જ્ઞાતા થઈને આત્માના નિશ્ચયમાં ડગતો નથી અને એવી રીતે એ નિશ્ચળ અંતરાત્મા થઈને રહે છે. જેને આત્માનો નિશ્ચય થઈ ગયો છે એવા, જ્ઞાનીની નજરે આ જગતને ગાંડા (ઉન્મત્ત) જેવું વિચારે છે, ત્યાર પછી આત્માનો દૃઢ અભ્યાસ કરીને એ આખા જગતને પથ્થર જેવું જુએ છે. જે પુરુષ આત્મા અને શરીરને જુદા જુદા સાંભળીને તે પ્રમાણે કહેતો હોય પણ ભેદાભ્યાસથી તેવી નિષ્ઠાવાળો ન થાય ત્યાં સુધી એ શરીરથી છૂટો થતો નથી, કારણ, નિરંતર ભેદજ્ઞાનના અભ્યાસથી જ એનો મમત્વ છૂટે છે. આત્માને આત્માની જ મારફત આત્મામાં જ વિચાર કરવો કે આત્મા શરીરથી ભિન્ન છે. જ્યાં સુધી આવા ભેદાભ્યાસથી એ નિષ્ઠિત (નિષ્ઠાવાળો) ન થાય, ત્યાં સુધી એ છૂટતો નથી, કારણ, નિરંતર ભેદજ્ઞાનથી અને તેના અભ્યાસથી જ તેનો મમત્વ છૂટે છે. આત્માને આત્મા દ્વારા આત્મામાં એ શરીરથી જુદો (ભિન્ન) છે એવો વિચાર કરવો, વિચારણા કરવી; એનાથી આ આત્મા સ્વપ્નમાં પણ શરીરની સોબતને પ્રાપ્ત ન થાય, એટલે પોતે શરીરમાં છે એવી બુદ્ધિ સ્વપ્નમાં પણ ન થાય એવો નિશ્ચય કરવો જોઈએ. તેવો નિશ્ચય થતાં વ્રત અને અવ્રત શુભ અથવા અશુભ બંધનું કારણ થાય છે અને શુભ અથવા અશુભ કર્મના અભાવથી મોક્ષપ્રાપ્તિ થાય છે, એટલાં કારણથી મોક્ષની ઇચ્છા કરનાર મુનિ વ્રત અથવા અવ્રત બન્નેનો ત્યાગ કરે છે અને તે પોતે કર્યું છે અથવા પોતે નથી કર્યું તેનું અભિમાન કરતો નથી. વ્રત અને અવ્રતને ત્યાગવાનું કહ્યું છે એ ત્યાગની પહેલાં પ્રથમ એ અસંયમને છોડીને સંયમમાં રક્ત થઈ જાય છે. પછી સમ્યગ્ પ્રકારે આત્મામાં અવસ્થિતિને પ્રાપ્ત કરીને એ સંયમથી પણ વિરક્ત થઈ જાય, અસંયમ છોડી દઈ, ત્યાર પછી આત્મામાં અવસ્થિતિ પ્રાપ્ત કરીને એ સંયમથી પણ વિરક્ત થઈ જાય. આ રીતે એ સંયમના અભિમાનને પણ ન રાખે અને જાતિ અને લિંગ બન્ને દેહને આશ્રિત છે, અને આ દેહસ્વરૂપ સંસાર છે; મુનિ એટલા માટે લિંગ અને જાતિનો

ત્યાગ કરે, એટલે એ બન્ને સંબંધમાં પણ કોઈ પ્રકારનું અભિમાન ધારણ ન કરે. જેમ આંધળા મનુષ્યની કાંધ પર પાંગળો માણસ ચઢીને ચાલે છે, પણ એનો ભેદ ન જાણનાર માણસ એ પાંગળાની આંખોને આંધળા મનુષ્યની એ પાંગળાને આંખો ગણે છે એ પ્રમાણે આત્મા અને શરીરનો સંબંધ છે. પણ જે એનો ભેદ નહિ જાણવાવાળો અજ્ઞાની આત્મા જે દેખાય છે તેને અંગનું દશ્ય જાણે છે. પણ આંધળા અને પાંગળાનો ભેદ જાણનાર પુરુષ પાંગળાની આંખોને આંધળાની આંખો છે તેમ નથી જાણતો, એ રીતે આત્મા અને શરીરનો ભેદ જાણનાર પુરુષ આત્માને દશ્ય હોય તેને દેહના દશ્ય તરીકે જાણે નહિ, કારણ કે આત્મા ચૈતન્ય જ્ઞાનવાન છે, પણ દેહ વગર ચાલી શકતો નથી, તેથી તે પાંગળાની માફક એ ભેદને એ જાણતો નથી. દેહ અચેતન (જડ) છે એટલે આ આત્મા અંધ સમાન છે. આ ભેદને જે જાણે તે દેહમાં કાંઈ નથી એમ જાણીને આત્મામાં જ આત્મા છે એમ જાણે છે. અજ્ઞાની કોઈને ગાંડો (ઉન્મત્ત) થયેલો જાણે છે અને તે આત્મા છે એવા વિભ્રમમાં પડી જાય છે એટલે અજ્ઞાની પોતાના આત્માને ભૂલી જાય છે, અને એ ચૈતન્યવંત થાય ત્યારે પોતાની જાતને ઓળખે છે, પણ જે તત્ત્વદર્શી હોય છે તે સર્વ અવસ્થામાં વિભ્રમમાં ન જ પડી જાય અને સર્વ અવસ્થામાં આત્માને ઓળખે અને કદી ભૂલે નહિ. જે પ્રાણીની શરીર પરત્વે આત્મબુદ્ધિ હોય છે એવો મિથ્યાદષ્ટિ કદાચ જાગતો હોય કે ભણતો હોય તોપણ તે કર્મથી છૂટતો નથી, પણ જેનો આત્મા આત્મા સંબંધી નિશ્ચિંત થઈ ગયો હોય છે તે સૂઈ જાય કે ઉન્મત્ત બની જાય તોપણ કર્મબંધથી છૂટી જાય છે. જેવી રીતે બત્તી દીવાને પ્રાપ્ત કરીને દીવો પોતે જ થઈ જાય છે તે પ્રકારે આ આત્મા સિદ્ધસ્વરૂપ અનુભવ કરીને સિદ્ધપણું પ્રાપ્ત કરી લે છે, આત્મા આત્માને આરાધીને પરમાત્માપણાને પામે છે. જેમ ઝાડ પોતાને પોતાથી જ ઘસીને અગ્નિમય થઈ જાય છે તે રીતે તે પરમાત્મા થઈ જાય છે. આ આત્મા ઉપર જણાવેલ પ્રકારના વચનને અગોચર પરમેષ્ઠિપદને ધ્યાવીને એ પદને પ્રાપ્ત કરે છે અને પછી કદી પાછા આવતા નથી. જે આત્માનું વિજ્ઞાન માત્ર સમ્યગ્ પ્રકારે ચાહે છે તેણે જાણવું જોઈએ કે જ્ઞાનીને પરમ પદ (મોક્ષ) વિના પ્રયત્ન જ થઈ ગયું છે. જેમ સ્વપ્નમાં પોતાની જાત ખલાસ થઈ ગઈ, નાશ પામી ગઈ એવું દેખાવામાત્રથી આત્મા નષ્ટ થતો નથી, એમ જ જાગતાં હૃદયનો પણ વિનાશ નથી. પણ બન્ને જગોએ જગતના વિનાશનો ભ્રમ વિશેષતા વગરનો થાય છે. તું આત્માને આત્મામાં પોતાથી જ જાણ કે પોતે અતિન્દ્રિય છે અને પોતે ઇંદ્રિયને ગોચર નથી. શરીરમાં આ શરીર જ આત્મા છે એ પ્રકારનો અભ્યાસ કરનાર અથવા જાણનાર તેણે શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય તોપણ એ કર્મથી છૂટતો નથી, શાસ્ત્રશૂન્ય છે. અને જે આત્મામાં આત્માને જાણે અને માને છે તે કર્મથી છૂટી મુક્ત થઈ જાય છે. જે જ્ઞાનનો સુખે સુખે અભ્યાસ કર્યો હોય છે તેવું જ્ઞાન દુઃખ આવે ત્યારે સર્વ મૂકે છે, તેથી યોગી દુઃખને અંગીકાર કરે છે અને તત્ત્વનો અનુભવ કરે છે.

આટલું લંબાણ ટાંચણ કરવાનું કારણ બહિરાત્મા અને અંતરાત્માને ઓળખાણ આપે તેવું વિવેચન અન્યત્ર (વિવેચકને) અપ્રાપ્ત હોવાથી મેં કર્યું છે. ત્યાં પ્રસંગ તો અન્ય છે પણ આપણે આ આત્મસ્વરૂપ સમજવા માટે બહુ કામનો છે એમ ધારી આ ટાંચણ યોગ્ય આત્માના ઉપયોગ અને સમજણ સારુ કર્યું છે તે યોગ્ય લાગે તેણે સમજવા પ્રયત્ન કરવો. જે દેહ, ઇન્દ્રિય, ધન, સંપત્તિ વગેરેને બાહ્ય વસ્તુમાં આત્મબુદ્ધિ કરે તે બહિરાત્મા હોય છે. જે અંતરંગ વિશુદ્ધ દર્શન કરે અને જ્ઞાનમયી ચેતનામાં આત્મબુદ્ધિ કરે અને ચેતનામાં વિકાર થાય છે તે કર્મજનિત છે તે અંતરાત્મા છે. આ જીવનમાં જે સર્વ કર્મોનો ક્ષય કરી કૈવલ્ય પ્રાપ્ત કરે છે તે પરમાત્મા છે. તે પરમાત્માને આપણે આવતી ગાથામાં ઓળખવા પ્રયત્ન કરશું. મોક્ષમાં ગયેલા આત્મા માટે આ વાત નથી, પણ દેહધારી મનુષ્યના આત્માના આ રીતે ત્રણ પ્રકાર પડે છે.

આ ગાથામાં આપણે બહિરાત્મા અને અંતરાત્માના સંબંધમાં વિચાર કર્યો અને પ્રસંગે પરમાત્માને પણ વિચાર્યા. આ આત્માના ત્રણે પ્રકારો તનુધારી ( શરીરી )ને લાગે છે, તે યાદ રાખવું. હવે આપણે પરમાત્માની પિછાન કરીએ. (૩)

જ્ઞાનાનંદે પુરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ, સુગ્યાની;
અતીંદ્રિય ગુણગણમણિઆગરુ, ઇમ પરમાતમા સાધ, સુગ્યાની. સુમતિ૦ ૪

**અર્થ**—જ્ઞાનના આનંદમાં, તેનાથી પરિપૂર્ણતાને પામેલ અને જાતે પવિત્ર હોય અને સર્વ પ્રકારની ઉપાધિ (દુઃખ) વગરનો હોય તે પ્રાણી ઇન્દ્રિયથી ન માલૂમ પડે તેવો છે અને અનેક ગુણના સમુદાયરૂપ રત્નની ખાણરૂપ થઈ જાય છે—આ રીતે પરમાત્માના ત્રીજા પ્રકારને તું સમજ. (૪)

**ટબો**—જ્ઞાનઆનંદે પૂર્ણ પવિત્ર પરમ આનંદમય સકળ કર્મ ઉપાધિ વર્જિત અતીંદ્રિય સુખ–મોક્ષસુખનો સાધક છે તે પરમાત્મા. ભાવપ્રતિજ્ઞા દર્શનાદિ અતીંદ્રિય ગુણ, તેના ગણ–સમુદાયરૂપ મણિ–રત્નનો આગર છે એવો પરમાત્મા–સિદ્ધ રૂપ તે સાધીએ. એવા ત્રણ આતમા જાણીને શું કરવું ? (૪)

**વિવેચન**—જ્ઞાનાનંદથી સંપૂર્ણ, પવિત્ર અને સાંસારિક કોઈ પ્રકારની ઉપાધિ રહિત તેમ જ અતીંદ્રિય ગુણની ખાણ એવો આત્માનો ત્રીજો પ્રકાર છે : આવી રીતે પરમાત્માની સાધના કરવી. આ પરમાત્માને કોઈ પણ પ્રકારની સાંસરિક ઉપાધિ હોતી નથી. એને કર્મની પણ

---

**પાઠાંતર**—પ્રતમાં 'પાવનો' ને બદલે 'પાવતો' એણ પાઠ છે. અતીંદ્રિય સ્થાને આતિંદ્રિય શબ્દ છે, તેમાં હ્રસ્વઈ દીર્ઘઈનો ફેર છે. પુરણને બદલે પૂરણ શબ્દ છે તે માત્ર હ્રસ્વઉ કે દીર્ઘઊનો ફેર છે. પણ તે સંસ્કૃતના નિયમને અનુસરતો ફેરફાર છે. 'સાધ' સ્થાને પ્રતમાં 'સાધઈ' પાઠ છે. (૪)

**શબ્દાર્થ**—જ્ઞાનાનંદે = જ્ઞાનના આનંદથી. પુરણ = સંપૂર્ણ, તદ્દન. પાવનો = પવિત્ર–purified–થયેલો. વરજિત = જે સર્વ ઉપાધિ તજી દીધેલ છે તેવો. ઉપાધિ = માનસિક દુઃખ. (૪)

ઉપાધિ નવી થતી નથી અને એ કર્મબંધનથી તદ્દન મુકાયેલો રહે છે. આ શરીરધારી આત્મામાં ઇંદ્રિયાતીત ગુણનો ભંડાર હોય છે અને એ સર્વ ઉપાધિથી રહિત હોય છે. એ અતીંદ્રિય સર્વ ગુણોની ખાણ હોય છે, અને અનેક ન કલ્પી શકાય તેવા તેનામાં ગુણ હોય છે. બીજાને ઉપદેશ આપવો અને બની શકે તેટલી દુનિયાની પ્રગતિ કરાવી, એવી આ ત્રીજા પ્રકારના આત્મામાં સ્વાભાવિક ટેવ પડી જાય છે. આવા પ્રકારના પરમાત્મભાવની સિદ્ધિને તું પ્રાપ્ત કર. આ જીવનનો એ ઉદ્દેશ છે અને પરમાત્મભાવ પ્રકટ કરી કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરવું એ ખરી આત્મસિદ્ધિ છે. એ પરમાત્મા પણ આ જ આત્માનો ત્રીજો પ્રકાર છે, કારણ કે એક જ આત્મા શરીરધારીનો હોય તે આ ત્રણે બહિરાત્મભાવ, અંતરાત્મભાવ અને પરમાત્મભાવને પામે છે. પરમાત્મભાવ કેવળીને હોય છે. તેમને ચાર ઘાતી કર્મોનો તો ક્ષય થયેલો હોય છે, એટલે સાંસારિક ઉપાધિઓથી તેઓ રહિત થયેલા હોય છે અને આપણ જે ઇંદ્રિયાતીત ગુણો કલ્પી શકીએ તે તો તેમનામાં ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે અને એવો પરમાત્મભાવ પ્રગટ કરવો એ આ યૌગિક જીવનનો ઉદ્દેશ છે; એ ભાવ પ્રકટ કરવા છેવટે પ્રેરણા કરી છે અને તે ભાવ મેળવવાનો પોતાનો ઉદ્દેશ છે

સાંસારિક સર્વ આનંદો અલ્પકાલીન હોય છે, પણ આ પરમાત્મભાવ પ્રકટ થતાં જે આનંદ થાય છે તે નિરવધિ છે, મહાકલ્યાણકર છે અને માત્ર અનુભવગમ્ય જ છે. એ પરમાત્મભાવ પ્રયત્નસિદ્ધ છે અને ખરેખરો આનંદ આપનાર છે. તેથી શરીરધારીએ તો પરમાત્મભાવને જરૂર વિચાર કરી મેળવવો ઘટે. (૪).

બહિરાતમ તજ અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ સુગ્યાની;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ સુગ્યાની. સુમતિ૦ ૫

**અર્થ**—(આ આત્માના ત્રણે પ્રકાર પૈકી) બહિરાત્મભાવને છોડી દઈને અંતરાત્મભાવના બીજા પ્રકારમાં સ્થિર થઈ જવાથી પરમાત્મભાવ, જે આત્માનો ત્રીજો પ્રકાર છે, તે આત્મસાધનનો ખરેખરો ઉપાય છે. (૫)

**ટબો**—બહિરાત્મા જે પ્રથમ આત્મા કહ્યો છે, તેને તજીને અંતરઆત્મા બીજો તે રૂપ થઈ સ્થિરભાવપણે સાધે તો કર્મઉપાધિને નિરાકરે, તે વારે પોતાનો આત્મા તે પરમાત્માનુરૂપ થાય; એવો જે આતમા તેનો અર્પણ થાપનાનો દાવ કહેતાં યોગ્યતા પામીએ. (૫)

**વિવેચન**—આ ત્રણ પ્રકાર જે આત્માના આપણે જાણ્યા તે પૈકી બહિરાત્માને તજીને અંતરાત્મરૂપ થઈ જવું એટલે શરીર કે સંપત્તિથી આત્માને અલગ જાણી પોતાનો મોક્ષ સાધી

---

**પાઠાંતર**—આતમાને સ્થાને આતમ છે, માત્ર શબ્દફેર છે, અર્થ ફરતો નથી થિર સ્થાને થીર અક્ષરો છે તે માત્ર હ્રસ્વઈ દીર્ઘઈનો ફેર છે, જે ભાષામાં સામાન્ય છે. (૫)

**શબ્દાર્થ**—તજ = છોડી દઈ ને, તજીને. થિર ભાવ = સ્થિર ભાવ. ભાવવું = વિચારવું દાવ = પ્રસંગ. (૫)

ઘાતી કર્મોનો ક્ષય કરી સ્થિર ભાવે પરમાત્મા બનવું. આપણો પોતાનો જ આત્મા અંતરાત્મભાવમાં આવતાં એ ધીમે ધીમે પ્રગતિ કરી પરમાત્મા થાય છે; આવી રીતે વિચારણા કરવી તે સાચું 'આત્માર્પણ' છે અને આત્માર્પણ કરવાનો સાચો ઉપાય પણ તે જ છે એમ જાણવું. આ સ્તવનની શરૂઆતમાં આત્માર્પણ કેવું હોવું જોઈએ એવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો, તેનો અત્ર ખુલાસો થઈ જાય છે: અંતરાત્મામાં પોતાની જાતને અર્પવી અને તેમાં તન્મય થઈ જવું એ ખરું આત્માર્પણ છે. અને આત્માર્પણ બુદ્ધિને તૃપ્ત કરે છે, પણ તે અને ખરું આત્માર્પણ તદ્દન જુદાં જ છે. એટલે બહુજનસંમત જે આત્માર્પણ છે, તેનાથી ઓસરી જઈ આ અંતરાત્મમય થઈ જવું એ ખરું આત્માર્પણ છે. અને બુદ્ધિ, જે પૌદ્ગલિક છે, તેને સંતોષવાની ઇચ્છા ન રાખવી, પણ અંતરાત્મામાં પોતાની જાતને લય કરવી, અને એ આત્મસમર્પણનો મોટો ઉપાય છે અને ખરો ઉપાય છે એમ સમજવું.

તમે ભાઈ ભાઈના રગડાઓ જુઓ કે વ્યાપારી વ્યાપારી વચ્ચેની લેવડદેવડના ઝઘડાઓ વિચારો, તો તુરત તે સર્વમાં તમને બહિરાત્મભાવ દેખાશે. પણ આત્માને ખરેખરો ઓળખવો અને આ વસ્તુઓ તથા શરીરથી તેને પર જાણી તેમાં પોતાનું સર્વ ધ્યાન પરોવવું તે ખરેખરું આત્મસમર્પણ છે. તો સાચો આત્મસમર્પણનો સિદ્ધાંત તમે સમજો અને તન્મય થાઓ એટલે પ્રગતિ કરતાં આ શરીરે તમે પરમાત્મભાવ પામશો. બાકી, યાદ રાખજો કે, આ જીવનમાં જેને તમે તમારા માનો છો તે કોઈ સાથે આવનાર નથી અને મરણ વખતે તે તમને ટેકો આપનાર પણ નથી. આ જીવ એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. આ અંતરાત્મામાં તન્મય થવાની સ્થિતિ એ જ ખરું સમર્પણ છે એમ તમે જાણો અને તમે અંતરાત્મમય થઈ જાઓ, જેથી આખરે તમે પરમાત્મભાવ પામો એ સ્તવનકર્તાની ભાવના છે. (૫)

આતમ-અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુગ્યાની;
પરમ પદારથ સંપતિ સંપજે, 'આનંદઘને' રસપોષ સુગ્યાની. સુમતિ૦ ૬

**અર્થ**—આત્માર્પણરૂપ ખરેખરી વસ્તુનો વિચાર કરતાં આપણાં મનમાં જે કાંઈ શંકા-આશંકા હોય તે દૂર થઈ જાય છે અને બુદ્ધિના સર્વ દોષો નાશ પામે છે અને અખંડ શાંતિનું અજરામર સ્થાન, તે રૂપ દોલત આપણને પ્રાપ્ત થાય છે અને અનંત આનંદના સમુદાયરસને પુષ્ટિ મળે છે. (૬)

---

**પાઠાંતર**—આતમ અરપણ એ એક સ્થાને જુદા પાડ્યા છે. આતમ પછી જગા રાખીને અરપણ લખેલ છે તે માત્ર મતભેદ છે, અર્થભેદ એમાં થતો નથી. સંપતિ સ્થાને સંપત્તિ શબ્દ છે, પણ મૂળનો સંપત્તિ શબ્દ સંસ્કૃત વ્યવહારને વધારે અનુકૂળ છે. સંસ્કૃતમાં તેનો સ્પેલીંગ સંપત્તિ થાય છે તે કોશ જોવાથી જણાશે. પ્રતમાં સ્તવન પૂરું કરતાં લખે છે 'ઇતિ શ્રી સુમતી જિનસ્તવન સંપૂર્ણ' સુમતીમાંની દીર્ઘ ઈ તેમાં લખે છે. (૬)

**શબ્દાર્થ**—વસ્તુ = ચીજ; આત્માર્પણની ચીજ વિચારતાં ભરમ = ભ્રમ, ગોટાળો, આહદદોહદ. મતિદોષ = બુદ્ધિના દોષો. પરમ પદારથ = પરમ પદાર્થ, મોક્ષ. સંપતિ = મિલકત. સંપજે = મળે, સાંપડે. પોષ = પોષાઈ જાય, સાંપડે. (૬)

**ટબો**—એવું આત્માનું જે અર્પણ થાપવું, વસ્તુ વિચારતાં નીપજે વસ્તુ તેને વસ્તુપણે વિચારવું તેને જ પરમાત્માનું અર્પણ કહીએ. તે વખતે શું થાય? ભ્રમ, વિપર્યાસાદિક મતિના દોષ છે તે ટળે, તે વારે પરમ ઉત્કૃષ્ટ પદાર્થ સંપજે નીપજે, અને આનંદઘન અતિશય અનિર્વાચ્ય રસનો પોષ–પુષ્ટિપણું થાય. એવા શ્રી પરમાત્મા શ્રી સુમતિનાથ આપણે બહિરાત્મપણું ટાળી અંતરાતમામાં વસીએ તે વારે પરમાત્મા થઈએ. (૬)

**વિવેચન—'આત્માર્પણ'**—વસ્તુને તત્ત્વરૂપે વિચારતાં આ રીતે આત્માનો વિચાર કરવો તે ખરું આત્માર્પણ છે એમ જણાય છે. એટલે આત્માર્પણ કરતાં આત્મવિચારણા કરવી એ જ ખરેખરું આત્મસમર્પણ છે એમ જણાય છે. અને તેથી આ સ્તવનની શરૂઆતમાં જે વિભ્રમ થયો હતો તે ટળી જાય છે. આત્માર્પણ એ જરૂર વિચારવા લાયક છે : આત્માને બરાબર ઓળખી આ રીતે તેનું પૃથક્કરણ કરવું અને બહિરાત્મભાવ તજી અંતરાત્મભાવમાં લીન થઈ પરમાત્મપદ આ શરીરે પ્રાપ્ત કરવું અને પછી અનંત કાળ સુધી જન્મ–જરા–મરણની પીડા દૂર કરવી. આ જાતની વિચારણાથી આપણે ખરો આનંદ શો છે તે સમજીએ અને પોષીએ તો તેનાથી જીવનની ખરી સફળતા થાય છે. વાસ્તવિક રીતે બહિરાત્મમાં જરા પણ આનંદ આવે તેવું નથી. તમે પાંચે ઇંદ્રિયમાં સુખ માનીને ભોગવો, તેમાં સ્થાયી આનંદ નથી એને પરમાત્મ–ભાવપ્રાપ્તિ પછી તમે જે આનંદ પ્રાપ્ત કરી શકશો તે તો અનંત છે. નિરવધિ કાળને માટેનો આનંદ શબ્દમાં જે ચમત્કાર છે તેનો રસ તો આ આનંદ સાથે સરખાવવા જેવો છે અને ખરેખરા આનંદનામને તે જ યોગ્ય છે. એવા પ્રકારનો સ્થાયી આનંદ પ્રાપ્ત કરી આ જીવનને સફળ કરવું અને એ આનંદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એ આ જીવનનું કર્તવ્ય છે. અને આ બહિરાત્મભાવનું પોષણ કરવું એ તો આત્મશક્તિનો વ્યય કરવા જેવું છે. એટલે આ અનંતકાળ સુધી ચાલે તેવો પરમાત્મભાવ વિચારો અને તે પ્રાપ્ત કરવા અંતરાત્મભાવમાં સ્થિર થાઓ, એ આ સ્તવનનો મુખ્ય લય છે. આ ગાથામાં આનંદઘનજીએ પોતાનું નામ કર્તા તરીકે જણાવી દીધું છે તે પણ આડકતરી રીતે છે એમ સમજવું.

## ઉપસંહાર

આવી રીતે આ પાંચમા પ્રભુના સ્તવનનો અર્થ આપણે વિચાર્યો અને તે વિચારણા કરતાં જ્ઞાનાર્ણવ ગ્રંથમાંથી આપણે બહિરાત્મભાવ, અંતરાત્મભાવ અને પરમાત્મભાવ કેવો હોય તે શરીરધારી આત્માના પ્રકારો જાણ્યા, અને આત્મસમર્પણ કરવાનો કર્તાનો વિચાર જાણ્યો. આ સંસારરસિક પ્રાણી સંસારમાં રહ્યો રહ્યો બહિરાત્મભાવને ખૂબ પ્રેરણા અને પોષણ આપે છે. જરા સંપત્તિ મળે અથવા જાય ત્યારે એને પોતાની સંપત્તિ આવી અથવા ગઈ એમ માને છે : એ સર્વ બહિરાત્મભાવ છે એમ સમજવું એ આ પાંચમા સ્તવનનો મુખ્ય ઉદ્દેશ છે. એ ગમે તેવા ઇન્દ્રિયના ભોગો ભોગવે, ગમે તેની ખુશામત કરે, ગમે તેને રાજી કરવા પ્રયત્ન કરે એ સર્વ પણ બહિરાત્મભાવ છે. એ બહિરાત્મભાવનો ત્યાગ કરી અંતરાત્મભાવનો વિકાસ કરતાં

એ છેવટે પરમાત્મપદમાં આ જીવનમાં જ ખરેખરો પ્રવેશ કરે છે અને ત્યાર પછી એનો મોક્ષ થાય ત્યારે તે ચિરકાળને માટે સાચા સુખને અનુભવે છે. એ સુખને સાચું સુખ કહેવાનું કારણ એ છે કે એ સુખ હંમેશને માટે ટકી રહે તેવું છે, તેનો છેડો જ આવતો નથી અને આ પ્રકારે એ નિરવધિ આનંદ પ્રાપ્ત કરી વિલાસમાં મોજ કરે છે અને એની જન્મ-મરણની સ્થિતિ અટકી જાય છે. એ જ ખરેખરી મોજ છે, કારણ કે પછી આ એક ખાડામાંથી નીકળી બીજા ખાડામાં પડવાનું તેને રહેતું નથી. એ આનંદ પ્રાપ્ત કરવાના માર્ગો પણ આ સ્તવનમાં બતાવેલ છે. આવી રીતે બહિરાત્મભાવ છોડી દઈ, અંતરાત્મભાવમાં પ્રવેશ કરવો અને પરમાત્મપદની ભાવના કરવી એ આપણું જીવનકર્તવ્ય છે, એ રીતે આ સમર્પણનો સિદ્ધાંત બરાબર સમજી આપણા જીવનને સફળ કરીએ અને તે દ્વારા સ્તવનકર્તાની ભાવનાને પોંખીએ એ જરૂરી છે. (૫)

નવેમ્બર : ૧૯૪૯ ]

# શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

## આંતરો—છેટાપણું

**સંબંધ**—આ છઠ્ઠા સ્તવનમાં પ્રભુ અને મારી વચ્ચે પડેલા આંતરાની વાત કરી છે તે કલ્પિત નથી, વાસ્તવિક હકીકત છે. એ આંતરો દૂર કરવાનો અહીં ઉપાય વિચારાય છે, અને ચેતનને ખાતરી છે કે વહેલો-મોડો તે આંતરો ભાંગશે. એ ઉપાયો કયા છે અને તેને કારગત કરવા તે આ સ્તવનમાં વિચારવામાં આવ્યું છે. આપણે તેને સ્તવનકર્તાના શબ્દોમાં જ વિચારીએ. સ્તવન સ્વયં પરિપૂર્ણ છે અને ખૂબ વિચારવા લાયક છે.

### સ્તવન

(રાગ–મારુ તથા સિંધુઓ; ચાંદલીઆ, સંદેશો કહેજે મારા કંતને—એ દેશી)

પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?
કરમ વિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પદ્મપ્રભ૦ ૧.

**અર્થ**—હે પદ્મપ્રભુ ! હે જિનદેવ ! મારું અને તમારું જે છેટું પડી ગયેલું છે તે હે ભગવંત ! કેવી રીતે દૂર થાય ? એ આંતરો કેમ ટળે ? કર્મની પરિપકવતા જોઈને કોઈ પણ ડાહ્યા માણસે એવું–કર્મવિપાકનું કારણ જાણી એનો જવાબ આપ્યો (કર્મ પાકે ત્યારે તે તેનાં ફળ આપે, આ કર્મના વિપાકમાં તેનું કારણ છે, એમ કોઈ સમજુ બુદ્ધિમાને કહ્યું. એટલે એમાં કર્મનો વિપાક જ છે અને કર્મવિપાકે એ આંતરો ભાંગે એમ તેણે જણાવ્યું.) (૧)

**ટબો**—આ સ્તવનનો અર્થ કરતાં **જ્ઞાનવિમળસૂરિ** કહે છે (અર્વાચીન ગુજરાતીમાં) :– એવા શ્રી પરમાત્મા શ્રી સુમતિનાથ આપણે બહિરાત્મપણું ટાળી અંતરાત્મા આત્મામાં વસે તે વારે પરમાત્મા થઈએ. શ્રી વીતરાગ પરમાત્મા અને સંસારી બહિરાત્મા તેની વચ્ચે અંતર છે તે કહે છે. છઠ્ઠા હે શ્રી પદ્મપ્રભુ જિન ! એવું જે આંતરું તારી અને મારી વચ્ચે છે, તમે

---

**પાઠાંતર**—'પદ્મ'ને સ્થાને એક પ્રતમાં 'પદમ' શબ્દ છે. 'ભગવંત'ને સ્થાને એક પ્રતમાં 'અરિહંત' શબ્દ છે. 'જોઈને રે' સ્થાને 'જોઈ ને રે' એવો પાઠ એક પ્રતમાં છે. 'મતિમંત' ને સ્થાને એક પ્રતમાં 'મતિવંત' પાઠ છે. (૧)

**શબ્દાર્થ**—પદ્મપ્રભ = છઠ્ઠા તીર્થંકર, છઠ્ઠા ભગવાન; તુજમુજ = તારું-મારું, તમારું અને મારું. આંતરું= અંતર, છેટાપણું, ફેર. કિમ = કેમ, કઈ રીતે ? ભાંજે = ભાંગે, મટે, એનો છેડો આવે. ભગવંત = ભગવાન, નસીબદાર, સર્વને નમન યોગ્ય. કર્મવિપાકે = કર્મનો પરિપાક, કર્મનું પાકવું તે, કર્મનું ફળ. જોઈ ને = જાણીને, જ્ઞાન વડે સમજીને. મતિમંત = બુદ્ધિમાન, હુશિયાર, જેણે કર્મનાં ફળ જાણ્યાં છે તે. (૧)

ગુણસિદ્ધ છો, હું ગુણસિદ્ધિ–વિકળ છું, તો સમાન કેમ થાય? હે શ્રી પદ્મપ્રભજિન! તમારી અને મારી વચ્ચે અંતર ઘણો, તે આંતરું કેમ ભાંગે? હે શ્રી ભગવંત! કોઈ એવો ડાહ્યો–મતિમંત, કોઈ કર્મવિપાકે કારણ જોઈને કહે. બીજાય પ્રાણી સંસારમાં કર્મવિપાક ગ્રંથ જોવરાવી પોતાના કૃતકર્મનો દોષ કાઢે છે તે માટે મને પણ આ હેતુ–દોષ ટાળો હે પ્રભુ! તે વારે કર્મવિપાક ગ્રંથ જોઈને અંતરનું કારણ કહે છે. (૧)

**વિવેચન**—ભગવાન અને મારી વચ્ચે છેટું ઘણું પડી ગયું. એ તો સાત રાજ પછી આવેલા મોક્ષમાં ચાલ્યા ગયા અને હું તો અહીં ભગવાનથી સાત રાજ દૂર રહી ગયો. આ છેટું એટલું બધું છે કે પ્રભુ અને મારી વચ્ચે જે આંતરો પડી ગયો છે તેનું હું તો હજુ કારણ શોધું છું અને આંતરો તો કાંઈ ઘટતો નથી. એ છેટાપણું શાથી દૂર થાય અને છેટું પડવાનું કારણ શું તે હું જાણવા માટે વિદ્વાન માણસોને પૂછું છું. મુસાફરી કરવા ગયા હોઈએ ત્યારે આપણા સાથી મુસાફરો અને આપણા વચ્ચે છેટું કેમ પડી ગયું અને એ બન્ને વચ્ચેનો તફાવત કેમ ભાંગે અને આપણે આપણા સાથીદારની સાથે કેમ થઈ જઈએ એ સ્વાભાવિક સવાલ રહે છે. ભગવાન મારી સાથે રમતા હતા, તેને બદલે આજે મારી અને એમની વચ્ચે ભારે આંતરું પડી ગયું, તેનાં કારણો શોધતાં કોઈ બુદ્ધિશાળી માણસ કર્મવિપાકનું કારણ મને બતાવે છે. કર્મના વિચારે પ્રાણી પૈસાદાર, ગરીબ, રૂપાળો, કદરૂપો, લૂલો, લંગડો થાય અને એ કર્મના વિપાકને લઈને ભગવાનને અને મારે આટલું છેટું પડી ગયું છે. ભગવાનને તો કોઈ પ્રકારનાં કર્મ અત્યારે લાગતાં નથી અને આપણે તો અત્યારે જ્યાં ત્યાં ટળવળીએ છીએ. મારી અને ભગવાનની વચ્ચે તો આંતરો પડવાનું કારણ આ કર્મના વિપાકમાં છે, અને એ છેટું ભાંગવાનો ઉપાય પણ કર્મના વિપાકમાં જ મારે શોધવાનો છે. કર્મનો વિપાક કેમ થાય છે અને સર્વ કર્મથી રહિત થતાં આંતરો કેમ ભાંગી જાય છે, એ મારે સમજી લેવું અને કર્મનો વિપાક મને ન લાગે તે પ્રકારનો મારે પ્રયાસ કરવો, તો આંતરું તૂટી જશે અને હું પણ ભગવાન જેવો થઈ નિરંતર આનંદમાં રહીશ. આટલા ઉપરથી હું કર્મવિપાક શું છે અને કેવો થાય છે તે સમજવા પ્રયત્ન કરું છું, અને કર્મનું આખું તત્ત્વજ્ઞાન જાણવા ઇચ્છું છું. કર્મ સંબંધી કમ્મપયડી, કર્મગ્રંથ જેવા ગ્રંથોનો અભ્યાસ કરો અને કર્મના વિપાકને સમજી નિઃકર્મા કેમ થવાય અને ભગવાન જે જગ્યાએ ગયા છે ત્યાં કેમ જવાય એ જાણી એનો આંતરો ભાંગી નાખવાના કામમાં તમે પણ લાગી જાઓ. પ્રયત્ન કરવાથી સર્વ કાર્ય થાય છે. ભગવાન ભાગ્યશાળી થયા, તેવા થઈ જવાની જેની ઇચ્છા હોય તેણે આ સ્તવનમાં બતાવેલ માર્ગ લેવો. કર્મવિપાક નામનો પ્રથમ કર્મગ્રંથ છે. અને કર્મવિપાક અને દેવી કાળપરિણતિનું ચિત્ર સિદ્ધર્ષિગણિએ સુંદર રીતે તેમના ગ્રંથમાં આપ્યું છે. તે સર્વ વિચારતાં કર્મના વિપાકરૂપે જ મારી અને ભગવાનની વચ્ચે આ છેટું પડી ગયું છે એમ સમજુ માણસો વાજબી રીતે ધારે છે. અને આંતરાનું તે જ કારણ છે એમ મને જણાય છે. તમે આ કર્મનો વિષય અહીં સામાન્ય રીતે બતાવ્યો છે તે સમજો, બીજાં પુસ્તકોથી સારી રીતે જાણો અને તમને પણ આ

છેટું ભાંગી નાખવાની મરજી થતી હોય તો તમે પણ આ કારણની શોધમાં મારી સાથે સામેલ થાઓ. મારો કર્મ[૧] વિષયનો ઉલ્લેખ પણ આ સંબંધમાં કેટલુંક અજવાળું પાડે તેમ છે. આપણે અહીં પ્રભુ અને આપણી વચ્ચે પડેલ અંતર દૂર કરવા ઇચ્છીએ છીએ. આત્મા અને કર્મનો સંબંધ કેમ બંધાણો ? એ કર્મોનું પરિણામ શું છે ? એ આંતરો કેમ છૂટે ?—એ સર્વ બાબતોની આપણે શોધ કરવા ઉદ્યુક્ત થયા છીએ અને પ્રભુ અને આપણી વચ્ચેનું છેટું કાપી નાંખવાની આપણને ઇચ્છા થઈ છે. કર્મના વિપાકમાં આ કારણ આપણે શોધી રહ્યા છીએ. હવે આપણે આગળ વધીએ. (૧)

પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂળ-ઉત્તર બહુ ભેદ;
ઘાતી-અઘાતી હો બંધોદય-ઉદીરણા રે, સત્તા કર્મ-વિછેદ. પદ્મપ્રભ૦ ૨

**અર્થ**—પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ, એ ચારને સમજતાં તથા કર્મના મૂળ ભેદો અને ઉત્તર ભેદને સમજતાં તથા કેટલાંક કર્મો ઘાતી કર્મ હોય છે અને બાકીનાં અઘાતી કર્મો હોય છે તે અંતર પડવાનું કારણ છે. તથા બંધ, ઉદય, ઉદીરણા તથા સત્તા અને તેનો વિનાશ થાય એ અંતર પડવાનું કારણ સમજવા જેવું છે. (૨)

**પાઠાંતર**—'પયઈ' સ્થાને એક પ્રતમાં 'પૈરી' શબ્દ મૂક્યો છે; અર્થમાં ફેર પડતો નથી. 'બંધ ઉદય'ને સ્થાને એક પ્રતમાં 'બંધોદય' પાઠ છે; અર્થ એ જ રહે છે. 'સત્તાને' સ્થાને 'સંત' શબ્દ છે; એનો અર્થ તે જ છે. 'બહુ'ને સ્થાને એક પ્રતમાં 'બીહુ' પાઠ છે; અર્થ તે જ રહે છે. 'હો' સ્થાને એકપ્રતમાં 'હો એ' પાઠ છે; અર્થ તે જ રહે છે. (૨)

**શબ્દાર્થ**—પયઈ = પ્રકૃતિ, કર્મના બંધ પૈકી પ્રથમ પ્રકૃતિબંધ; એ કર્મ શું ફળ આપનાર છે તેનો નિર્ણય. ઠિઈ = સ્થિતિ. કર્મ ઉદયમાં આવે તે કેટલો વખત રહે અને ક્યારે એનો ઉદયકાળ થાય તે બીજો સ્થિતિબંધ; ઉદયકાળ. અણુભાગ = કર્મનું જોર અથવા કર્મની શક્તિ Intensity; એનું કાર્ય શું છે તેનો નિશ્ચય. પ્રદેશ = કર્મ કેટલા પરમાણુ, પ્રદેશ કે કર્મવર્ગણાનું બનેલ છે તે ચોથી બાબત. ૧. પ્રકૃતિબંધ. ૨. સ્થિતિબંધ, ૩. અનુભાગબંધ અને ૪. પ્રદેશબંધ. આમાંનો ચોથો પ્રકાર. મૂળ = કર્મનો મૂળભેદ, કર્મના આઠ પ્રકાર છે તે. નામો માટે જુઓ વિવેચન. મૂળ ભેદ = એટલે કર્મના મુખ્ય આઠ પ્રકાર. ઉત્તર = પેટા ભેદો, આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિ. (કર્મનો મારો લેખ જુઓ). બહુ = ઘણા. ઉપરની વિગતો માટે જુઓ વિવેચન. ભેદ = એના મૂળ ભેદો એટલે પ્રકારો આઠ છે અને ઉત્તર ભેદ ૧૫૮ છે. (જુઓ મારો કર્મનો ઉલ્લેખ.) ઘાતી = મૂળ ગુણનો ઘાત કરનાર ચાર કર્મ અને તેના ઉત્તર ભેદો; જુઓ વિવેચન. અઘાતી = ચાર ઘાતી કર્મને બાદ કરતાં રહેલાં બાકીનાં ચાર કર્મ; જુઓ વિવેચન બંધોદય = બંધ અને ઉદય, કર્મનો બંધ અને કર્મનો ઉદય. ઉદીરણા = કર્મનાં ફળને આપવાની–કર્મફળ મળવાનું હોય તે પહેલાં ફળ આપવાની–પ્રેરણા. સત્તા = કર્મના ઉદય પહેલાં આત્મા સાથે વળગેલ કર્મો જોડાઈને નિષ્ક્રિય રીતે ફળાવાપ્તિ પહેલાં પડી રહ્યાં હોય તે. સત્તા એટલે Potentiality. વિચ્છેદ = નાશ, મોક્ષ; કર્મ ઉદયથી વિચ્છેદ થાય, ભોગવવાથી ખપી જાય અને નિર્જરાથી ઉદયમાંથી નાશ પામી જાય અને તેનો સર્વથા વિચ્છેદ તો તેનો મોક્ષ થયે થાય. (૨)

૧. હવે પછી પ્રગટ થવાનો સંભવ છે.

**ટબો**—પ્રકૃતિબંધ તે કર્મનો સ્વભાવ, જેમ જ્ઞાનાવરણ પટ સમાન જ્ઞાનાદિ આવરણ સ્વભાવ (૧) સ્થિતિબંધ તે કર્મના બંધનો સ્થિતિકાળ (૨) અનુભાગબંધ તે કર્મના રસ શુભાશુભ રૂપ (૩) પ્રદેશબંધ તે કર્મવર્ગણાનાં દળિયાં (૪) એ ચારે ભેદે બંધ હોય. કેનો ? કર્મપ્રકૃતિનો. તે પણ બહુ ભેદે મૂળ પ્રકૃતિ ૮, અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ ઇત્યાદિક. તે આઠ કર્મમાં પણ ચાર ઘાતી, જ્ઞાન, દર્શન, મોહનીય, અંતરાય એ આત્માના ગુણને હણે તે માટે ઘાતી, અને વેદની, નામ, ગોત્ર અને આયુ એ આવનારા જ્ઞાન દર્શન સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે. પ્રકૃતિ રૂપે ધ્રુવ બંધી ૪૭, અધ્રુવ બંધી ૭૩, ધ્રુવોદયા ૨૭, અધ્રુવોદયા ૯૫, ધ્રુવ સત્તા ૧૩૦, અધ્રુવ સત્તા ૧૨૮, ભવવિપાકી ૧૪, ક્ષેત્રવિપાકી ૪, જીવવિપાકી ૭૮, પુદ્ગળવિપાકી ૩૬, સર્વઘાતીય ૨૦, અઘાતી ૭૫, દેશઘાતી ૨૫, પુણ્યપ્રકૃતિ ૪૨, પાપપ્રકૃતિ ૮૨—એની વિગત કર્મગ્રંથથી જાણવી. ઇત્યાદિ.

पड–पडिहार–सि–मच्ज–हड–चित्त–कुलाल–भंडगारीणं ।
जह एएसिं भावा कम्माण वि जाण तह भावा ॥

નવતત્ત્વ પ્રકરણ, ગાથા ૩૬

તેણે કરી મળવું થાય તે પ્રકૃતિબંધ. વળી પ્રકૃતિબંધ ૧૨૦, ઉદયે ૧૨૨, સત્તાએ ૧૫૮, એ સર્વ સમજવું. (૨)

**વિવેચન**—આપણે પ્રથમ તો કર્મ લાગવાનાં કારણો વિચારીએ. કર્મ લાગવાનાં કારણોમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. તેને સત્તાવન બંધહેતુ કહેવામાં આવે છે. આત્માની સાથે કર્મનું જોડાણ આ સત્તાવન બંધહેતુ પૈકીના એક અથવા વધારે હેતુઓની હાજરીથી થાય છે. આપણે એ સત્તાવન બંધહેતુઓ પર અગાઉ ઉપર વિચાર કરી ગયા છીએ. એ બંધહેતુના ઉપર આપણે વિજય મેળવીએ તો પછી કર્મબંધનું અને કર્મને મેળવવાનું કારણ ટળી જાય. એ એક વાત થઈ. કર્મબંધન થાય છે ત્યારે તેની ૧. **પ્રકૃતિ**, ૨. **સ્થિતિ**, ૩. **રસ**, અને ૪. **પ્રદેશ** એમ ચાર બાબત બંધન વખતે મુકરર થાય છે. તે શાસ્ત્રપ્રસિદ્ધ મોદકના દૃષ્ટાંતથી આપણે સમજીએ અને તે સમજી તે કર્મનો વિચ્છેદ કરીએ. તે ચાર બાબત પર પણ વિવરણ ઉપર થઈ ગયું છે, પણ મૂળગ્રંથકારે એને અગત્ય આપી છે તે જોતાં તેને સંક્ષેપથી અહીં વિચારી જઈએ.

૧. **પ્રકૃતિ** : મોદક કોઈ વાયુને હરનાર હોય, કોઈ પિત્તને હરનાર, કોઈ કફને હરનાર હોય, તેમ કર્મ કોઈ જ્ઞાનનું આવરણ કરનાર હોય, કોઈ દર્શનનું આવરણ કરનાર હોય, કોઈ સુખ આપે અને કોઈ પીડા નિપજાવનાર હોય, કોઈ મમતા-માયામાં પાડી દે તેવું હોય, કોઈ તે જન્મમાં કેટલાં વર્ષ રહેવાનું થશે તે દર્શાવનાર હોય, કોઈ શરીરના આકાર બાંધનાર હોય, કોઈ જાતિમાં હલકાભારેપણું કરનાર હોય, અને કોઈ લાભ કે શક્તિને રોકનાર હોય. એવી દરેક કર્મની પ્રકૃતિ મુકરર કરનાર જે વિભાગ તે પ્રકૃતિ. કર્મનો સ્વભાવ મુકરર કરે તે સ્વભાવને દર્શાવનાર પ્રકૃતિબંધ.

૨. **સ્થિતિ** : અમુક કર્મ ક્યારે ફળ આપશે અને આપવા માંડ્યા પછી કેટલા વખત સુધી તે કર્મ ફળ આપશે તે બન્ને બાબતો આ સ્થિતિબંધમાં મુકરર થાય છે. કેટલા વખત સુધી તે કોઈ પણ પ્રકારનું ફળ આપ્યા વગર આત્મા સાથે જોડાયલું જ રહે છે, તે પણ આ સ્થિતિબંધ કરતી વખત મુકરર થાય છે. લાડવો કેટલા દિવસ સારો રહેશે, ક્યારે બગડી જશે, તેના વખતનો નિર્ણય સ્થિતિબંધમાં થાય છે. મોદકને સારા રહેવાનો સમય, બગડવા માંડવાનો સમય અને બગડી જવાનો સમય આ સ્થિતિબંધમાં મુકરર થાય છે.

૩. **રસ** : અમુક કર્મની ઘટ્ટતા કેટલી છે, તેનું જોર કેટલું છે, તે રસબંધમાં મુકરર થાય છે. જેમ આપણે દવા લઈએ છીએ તે ગાઢી, પોચી, નરમ, ગરમ હોય છે; મોદક કોઈ એક ગુણ ગળપણવાળો હોય, કોઈ દ્વિગુણ અને કોઈ પાંચ ગુણવાળો ગળ્યો હોય, તેમ કર્મની તરતમતા, ગાઢતા વગેરે રસબંધમાં મુકરર થાય છે.

૪. **પ્રદેશ** : તે કર્મ કેટલી કર્મવર્ગણાનું બનેલ છે તે એક-બે-હજાર-લાખ વગેરે કર્મની સંખ્યા contents આ પ્રદેશવિભાગમાં મુકરર થાય છે. કોઈ એક વર્ગણામય હોય, કોઈ હજારો વર્ગણામય હોય. એવી રીતે કર્મની વર્ગણાની સંખ્યા આ પ્રદેશબંધમાં મુકરર થાય છે. જેમ કોઈ લાડવો પાશેર, કોઈ દોઢ પાશેર અને કોઈ તેથી પણ નાનો–મોટો થાય તે તેના વિસ્તાર પર આધાર રાખે છે, તેમ કર્મના પ્રદેશની સંખ્યા આ પ્રદેશબંધ મુકરર કરે છે.

આવી રીતે કર્મ જ્યારે ઉપરોક્ત કારણે લાગે, આત્મા સાથે જોડાઈ જાય, તે વખતે તેની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચારે બાબત નિશ્ચિત થાય છે—એ પ્રથમ સમજવું. આ ચારે પ્રકારો માટે કર્મગ્રંથની શરૂઆતની બીજી તથા ત્રીજી ગાથામાં ઘણો વિસ્તાર છે, તે જાણી લેવો, સમજવા પ્રયત્ન કરવો. એ રીતે આ બીજી ગાથામાં પ્રથમ ચરણ થયું. આ વસ્તુ બરાબર યાદ રહે તે સારુ શાસ્ત્રસુપ્રસિદ્ધ એક ગાથા આ પ્રમાણે છે :

प्रकृतिः समुदायः स्यात्, स्थितिः कालावधारणम् ।
अनुभागो रसो ज्ञेयः, प्रदेशो दलसञ्चयः ॥

આ ગાથામાં ઉપરની જ વાત કહી છે, પણ તે યાદ રહે તેવી ભાષામાં એ વાત કહી છે. 'પ્રકૃતિ : સમુદાય છે; સ્થિતિ એટલે કાળનું અવધારણ કરવું તે; અનુભાગ ( intensity ) એ રસ સમજવો અને વર્ગણાના દળનો સંગ્રહ તે પ્રદેશ.' આ રીતે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશની વાત યાદ રહે તે ભાષામાં શાસ્ત્રકારે બતાવી છે. હવે આપણે આ ગાથાનાં બીજાં ચરણો સંબંધી વિવેચન કરીએ.

કર્મની મૂળ પ્રકૃતિ આઠ પ્રકારની છે. આગળ જણાવ્યું તેમ જ્ઞાનનું આવરણ કરે તે પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ. જ્ઞાન એ તો આત્માનો મૂળ ગુણ છે. આ ગુણને આવતો અટકાવે, તેની આડું આવરણ ધરી રાખે તે જ્ઞાનાવરણીય કર્મ. તેવી જ રીતે કર્મો આત્માના દેખવાના–દર્શન ગુણની આડું આચ્છાદન ધરી રાખે તે બીજું દર્શનાવરણીય કર્મ. પ્રાણીની માન્યતામાં સુખદુઃખ આવે તે

ત્રીજું વેદનીય કર્મ. પ્રાણીને સંસાર તરફ સન્મુખ રાખે તે ચોથું મોહનીય કર્મ. પ્રાણીને સંસાર ચીતરે, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય બનાવે, ત્યાં શરીર આપે, તેનાં અંગોપાંગો ગોઠવે તે પાંચમું નામકર્મ. આયુષ્યકાળ નિર્માણ કરે, પ્રત્યેક ભવમાં કેટલો કાળ રહેવાનું છે તે નક્કી કરી આપે તે છઠ્ઠું આયુષ્યકર્મ. તે પ્રત્યેક ગતિમાં ઊંચો-નીચો થાય તે ગોત્રકર્મ. અને છેલ્લું આઠમું એની શક્તિનું રોકાણ કરે, લાભ ન થવા દે તે અંતરાયકર્મ. આ રીતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુષ્ય, ગોત્ર અને અંતરાય એ કર્મના આઠ મૂળ ભેદો છે. આ આઠ કર્મના મૂળભેદ જાણી એ કર્મનો સર્વથા ત્યાગ કરવો એ સર્વ પ્રાણીનો આશય છે. સારાં અને ખરાબ કર્મોનો સર્વથા ત્યાગ કરવો તેનું નામ મોક્ષ. ભગવાનનાં સર્વ કર્મો ગયાં છે, આપણે તે ક્ષય કરવાં છે, તે સમજવાથી પ્રભુ અને આપણી વચ્ચેના અંતરનો નાશ થઈ શકે છે તે અહીં પ્રસ્તુત છે. આ કર્મના મૂળ આઠ ભેદ સમજી લેવા, જાણવા એ એનો સર્વથા ક્ષય કરવાનો માર્ગ છે.

અને એ આઠ કર્મની એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ છે, એની વિગત મારા કર્મના વિષયમાં મેં આપેલ છે, તેથી અત્ર તેનો વિસ્તાર કરતો નથી; ત્યાંથી જોઈ લેવું. જ્ઞાનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિ પાંચ છે, દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિ નવ છે, વેદનીયની બે, મોહનીયની ૨૮ ઉત્તર પ્રકૃતિ છે, નામકર્મની એકસો ને ત્રણ પ્રકૃતિ છે, આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિ ચાર છે, ગોત્રકર્મની બે અને અંતરાયકર્મની પાંચ ઉત્તર પ્રકૃતિ છે—એમ આઠે મૂળ કર્મની એકસોને અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિ છે. એની વિગત પ્રથમ કર્મગ્રંથમાં આપવામાં આવેલ છે તે જોવી, તેનો અભ્યાસ કરવો અને તે સર્વ પ્રકૃતિ પર વિજય મેળવી મોક્ષ જવાનો આપણો ઉદ્દેશ છે તે વારંવાર યાદ રાખવું.

આ આઠ કર્મો અને તેની ઉત્તર પ્રકૃતિઓ પૈકી ચાર ઘાતી કર્મ છે, ચાર અઘાતી કર્મ છે અને ઘાતીની ઉત્તર પ્રકૃતિઓ ઘાતી છે અને અઘાતી કર્મોની ઉત્તર પ્રકૃતિ અઘાતી છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો ઘાતી કર્મ કહેવાય છે, કારણ કે તે આત્મના મૂળ ગુણનો ઘાત કરે છે. તે સિવાયનાં ચાર કર્મો : વેદનીય, નામ, આયુ અને ગોત્ર એ અઘાતી કર્મો કહેવાય છે. તે સંસારમાં રઝળાવે છે, પણ તે આત્મિક ગુણને અસર કરતાં નથી, તેથી તેનું અઘાતી કર્મો તરીકે ઉપનામ આપવામાં આવ્યું છે. કર્મોનો ઘાતી તથા અઘાતી વિભાગ વિચારી તે પર સામ્રાજ્ય મેળવવું એ આપણું કર્તવ્ય છે.

હવે આપણે કર્મોનો બીજી રીતે વિચાર કરી તેને બરાબર ઓળખી લઈએ.

બીજા કર્મગ્રંથમાં કર્મને અંગે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા વિચાર્યાં છે, એ ખાસ વિચારવા યોગ્ય છે. કર્મના બંધનને અંગે આપણે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ વિચારી ગયા. એ દરેક ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિનો બંધ થાય તે પ્રથમ વિચાર્યું છે. એ કર્મનો બંધ એટલે કર્મોનું આત્મપ્રદેશ સાથે જોડાવું; તે પ્રત્યેક ગુણસ્થાનકે કેટલાં કર્મોનું થાય તે પ્રથમ કર્મને

અંગે બંધનો વિચાર છે તે પણ સમજીને લક્ષ્યમાં લઈ આખરે તે બંધનો પણ ત્યાગ કરવો જોઈએ.

આ કર્મો આત્મા સાથે લાગેલાં છે. તેનો કાળ પરિપકવ ક્યારે થાય અને કયે ગુણસ્થાનકે કેટલાં કર્મો ઉદયમાં આવે, એટલે કેવાં કેવાં કર્મો ભોગવવાં પડે, તે સંબંધી વિચારણા પણ બીજા કર્મગ્રંથમાં કરવામાં આવી છે. એ કર્મના ઉદયની વિચારણા કરવી તે કર્મને લગતો ઉદયનો બીજો વિષય છે. જ્યારે યોગ્ય કાળે કર્મો ફળ આપે ત્યારે તેનો ઉદય થયો છે તે સંબંધી વિચારણા તે ઉદય-વિચારણા. એ પણ સદર બીજા કર્મગ્રંથમાં વિગતવાર કરવામાં આવી છે.

જ્યારે કર્મનો ઉદયકાળ ન પહોંચી ચૂક્યો હોય તે વખતે તેનું ખેંચવું, તેનો કાળ થયા પહેલાં તેને ખેંચી–તાણીને ભોગવવાં, જે શાંત યુદ્ધ કરનાર વીર માણસ યુદ્ધ કરવા માટે બીજાથી પ્રેરાય, તેને છેડીને લડાઈ કરવા તેને પ્રવૃત્ત કરવામાં આવે, તેનું નામ કર્મની ઉદીરણા. આવી ઉદીરણા કર્મને છોડવાને અંગે કોઈ વાર થઈ આવે છે. કયે ગુણસ્થાનકે કેટલાં કર્મોની ઉદીરણા થાય તે વિચારવું તે કર્મોની ઉદીરણા સમજવી. એ પણ બીજા કર્મગ્રંથમાં વિસ્તારથી આપવામાં આવેલ છે; ત્યાંથી વિગત જોઈ જવી.

ઉદયકાળ પહેલાં કર્મો આત્માને લાગેલાં રહે, ભોગવાય નહિ પણ અંદર પડી રહે તે કર્મને અંગે **સત્તા**–વિચારણા સમજવી. સત્તા એટલે potentiality. કર્મો અંદર પડ્યાં હોય પણ હજુ ફળ આપવાને અંગે તેમનો સમય થયો નથી તે. સદર બીજા ગ્રંથમાં પ્રત્યેક ગુણ-સ્થાનકે કેટલાં કર્મો સત્તામાં પડ્યાં રહે તેની વિચારણા વિસ્તારથી કરવામાં આવી છે.

અને આ કર્મોનો અને આત્માનો સંબંધ સર્વથા દૂર કરી કર્મનો વિચ્છેદ કેમ કરવો, શું કરવાથી તે આવતાં અટકે અને શું કરવાથી તે નવાં ન બંધાય અને હોય તેનો ક્ષય થઈ જાય તે સર્વ આ વિચારણાનો સાર છે; કારણ કે પ્રાણીને મોક્ષ મેળવવો છે અને કર્મ સાથે કોઈ પણ પ્રકારનું જોડાણ ન કરવું એ માટે એનો આ સર્વ અભ્યાસ અને પ્રયત્ન છે. એ ખરેખર વિચારવાની અતિ મહત્ત્વની બાબત છે અને તે જેમ થઈ શકે તેમ બરાબર રીતે અને યોગ્ય આકારમાં યોગ્ય અંકુશ નીચે કેમ થાય તેની વિચારણા કરવી જોઈએ. કર્મનો સર્વથા વિચ્છેદ થાય તો આપણા સર્વ પ્રયત્નો સફળ છે અને જીવન સફળ બને છે.

આ કર્મનાં બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા ક્યારે થાય છે, કેમ થાય છે, તે ખાસ સમજવા જેવો વિષય છે; કારણ કે તેનો કર્મની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. અને તે સમજાય ત્યાર પછી કર્મનો સર્વથા છેદ કેમ થાય તે પ્રાણી સમજે છે અને તેનો છેદ કેમ થાય તે તેના અંતરમાં પછી જાગી ઊઠે છે. તેથી તેની અગત્ય સમજી તેનો કર્મગ્રંથ વગેરે ગ્રંથો દ્વારા અભ્યાસ કરવો. (૨)

કનકોપલવત્ પયડિ પુરુષતણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ૩

**અર્થ**—અનાદિ કાળથી અને પોતાના સ્વભાવથી જેમ સોનું અને માટી મળી રહે છે, તેમ સોના જેવો આત્મા અન્ય (કર્મ) સાથે જ્યાં સુધી જોડાઈ ગયેલો હોય ત્યાં સુધી એને સંસારી નામ અપાય છે. (૩)

**ટબો**—હવે તે પ્રકૃતિનો યોગ કનક-પાષાણુની પરે અનાદિ આત્મા એટલે પુરુષને લાગે છે એવો જે સ્વભાવ અનાદિ છે, જ્યાં લગે આત્મા અન્ય કર્માદિ પુદ્ગળસંયોગી છે ત્યાં લગે તે સંસારી કહેવાય છે; ચઉગતિભ્રમણ સંસારે કરે છે. (૩)

**વિવેચન**—આત્માની પ્રકૃતિ સોના જેવી છે. સોનું જેમ માટી સાથે મળેલ હોય ત્યારે પણ તે તો ત્રણ કાળે સુવર્ણ જ છે. આત્મા સુવર્ણ છે અને અનાદિ કાળથી તેનો માટીની પેઠે કર્મ સાથે સંયોગ થઈ ગયેલ છે. તેને અગ્નિમાં તપાવી આત્માનું સુવર્ણત્વ સાબિત કરવાનો આપણો પ્રયત્ન છે. આ પ્રયત્નમાં જે માનતા હોય તેણે ધ્યાનઅગ્નિથી આત્માનું સુવર્ણત્વ સિદ્ધ કરવાનું છે અને આપણા સર્વ પ્રયત્નો આત્માનું સુવર્ણત્વ પ્રગટ કરવા માટે જ થાય છે. આપણા જીવનનો ઉદ્દેશ, અનેક ઉપદેશનો હેતુ પણ આ સુવર્ણત્વ સિદ્ધ કરવાનો હોય છે. તેથી સુવર્ણત્વ સ્પષ્ટ કરવા માટે ધ્યાન અને યોગાગ્નિનો જરૂર પ્રયોગ કરવો અને તેમ કરી જીવન સફળ કરવું. આત્મા સાથે કર્મો અનાદિ કાળથી લાગેલાં છે. અને એવો એક પણ વખત અનાદિ કાળથી આવ્યો નથી, જ્યારે આત્મા કર્મ રહિત થયો હોય. કર્મ રહિત થવું તે પુરુષાતન માગે છે. તે ધ્યાનાગ્નિનું જળાવવું માગે છે. તે ઉત્તમ જીવનચર્યા માગે છે. તે સદ્ગુણસંપન્નતા માગે છે. અને તે પ્રાપ્ત કરવાનો આપણો આદર્શ છે.

જીવના બે ભેદ છે: સિદ્ધ અને સંસારી. જ્યાં સુધી પ્રાણી સંસારી હોય છે ત્યાં સુધી તે એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જાતિમાંથી બીજી જાતિમાં ભમ્યા કરે છે અને એ કર્મના ઉદય ઉપર આધાર રાખે છે. જ્યાં સુધી એનો આત્મા એક ભવમાંથી બીજા ભવમાં

---

**પાઠાંતર**—'વત'માં 'ત્' ખોડો એક પ્રતમાં નથી. અન્ય સંયોગી પછી 'હો' એક પ્રતમાં વધારે છે. 'લગે' સ્થાને 'લગૈ' પાઠ એક પ્રતમાં છે. ત્રીજી પંક્તિમાં 'રે' પ્રતમાં વધારેલ છે. 'કહેવાય' સ્થાને 'કહાય' પાઠ એક પ્રતમાં છે. (૩)

**શબ્દાર્થ**—કનક = સોનું. ઉપલ = પથ્થર. વત્ = જેમ, પેઠે. પયડિ = પ્રકૃતિ. જોડી = મળેલી છે, જોડાઈ ગયેલ છે. અનાદિ = જેને કોઈ પણ શરૂઆત નથી, અનાદિ સમયથી. સ્વભાવ = સ્વભાવે મળેલી, એનો સ્વભાવ જ એવો છે કે સંયોગ સ્વાભાવિક થઈ જાય. અન્ય = આત્મા સિવાયનું બીજું, પુદ્ગળ. સંયોગી = સંયોગવાળો, સંબંધવાળો. આત્મા જ્યાં સુધી પુદ્ગળસંયોગી હોય ત્યાં સુધી. જિહાં = જ્યાં. લગે = સુધી; આત્મા જ્યાં સુધી પુદ્ગળનો સંબંધ કરે. અથવા એ પુદ્ગળ સાથે મળી જાય. સંસારી = જીવના બે ભેદ: સિદ્ધ અને સંસારી, તેમાંથી બીજા પ્રકારનો, સંસારમાં રહેનારો, રખડનારો. કહેવાય = ઉદ્દેશાય, જણાય, ઓળખાય. (૩)

ગમન-આગમન કરે છે ત્યાં સુધી તે સંસારી કહેવાય છે. જ્યાં સુધી કર્મપુદ્ગળ સાથે એ જોડાયેલો—જકડાયેલો રહે છે ત્યાં સુધી એ સંસારી કહેવાય છે; અથવા કર્મનાં વિવિધ પ્રકારનાં ફળ એ જ સંસાર છે અને એ સંસારનો છેડો લાવવો એ આપણો ઉદ્દેશ છે, શાસ્ત્રનો ઉપદેશ છે; અને આપણી સર્વ ક્રિયાનું કેન્દ્ર ત્યાં છે. અહીં સવાલ પ્રભુ સાથે આંતરો પડી ગયો છે તે કેમ મટે એ છે. એથી કર્મ કેવાં છે, અને પ્રાણીને તે સંસારમાં કેવા રખડતા કરે છે તે બરાબર સમજી તે દૂર કરવાના ઉપાયો સેવવાને આપણે ઉદ્યુક્ત થવાનું છે. એમાં જરા પણ પ્રમાદ ન કરતાં એ કામમાં લાગી જવાની અત્ર સૂચના છે અને એ સૂચનાના અમલીકરણમાં આપણા જીવનનું સાર્થક્ય છે.

સોનાનો અને માટીનો સંબંધ ક્યારે થયો એ જેમ કહી શકાય તેવું નથી, તેમ જ જીવ અને કર્મનો અનાદિ કાળથી સંબંધ થયેલો છે. જેમ સોનાનો માટી સાથે થયેલો સંબંધ દૂર કરી શકાય છે, અગ્નિ વગેરેના પ્રયોગથી તેનું સુવર્ણત્વ પ્રકટે છે, તેમ આત્માનો સંબંધ કર્મ સાથે અનાદિ કાળથી થયેલો હોય તે પણ દૂર થઈ શકે છે; માટે આ આત્માનો ગમે તેટલા કાળથી કર્મ સાથે સંયોગ થયો હોય તે દૂર કરી શકાય છે અને તે દૂર કરવો તે આપણું કર્તવ્ય છે. જ્યાં સુધી આત્મા અને કર્મપુદ્ગળનો સંબંધ રહે ત્યાં સુધી તે સંસારી કહેવાય છે. એનું નામ સંસારી છે તે કાઢી નાખી તેને મુક્ત કરવો હોય તો આ પુદ્ગળ સાથેનો સંબંધ દૂર કરવો જ રહ્યો. ત્યારે તેનું નામ સંસારી મટી તે મુક્ત કહેવાશે અને પછી તેની જન્મમરણની અત્યારની રીતિ પણ મટી જશે. (૩)

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેય-ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ૪

---

**પાઠાંતર**—પ્રથમ પંક્તિમાં 'જોગે'ને સ્થાને એક પ્રતમાં 'યોગે' પાઠ મૂક્યો છે; અર્થમાં ફેર નથી. 'બંધને' ને સ્થાને 'બંધમે' એવો પાઠ એક પ્રતમાં છે. 'હો' નામનો અક્ષર પ્રથમ પંક્તિમાં છે તે પ્રતમાં મૂકી દીધો છે. 'હેય' સ્થાને ચોથી પંક્તિમાં 'હે' પાઠ છે; અર્થ એક જ લાગે છે. 'સુણાય' સ્થાને એક પ્રતમાં 'સુયાણઉ' પાઠ છે; અર્થમાં ફેર નથી. 'હેય ઉપાદેય'ને સ્થાને એક પ્રતમાં 'હેઉપાદેય' લખે છે તે અશુદ્ધ જણાય છે. (૪)

**શબ્દાર્થ**—કારણ = વસ્તુ ઉત્પન્ન થવાનું, મેળવવાનું કારણ. જોગે = તે મળી જાય, મળે, મેળવે ત્યારે, સંયોગે બાંધે = બંધ કરે, બંધાય. બંધન = કર્મના બંધનને બાંધે. કારણ = તેને મળતાં કારણો મળે, મેળવે ત્યારે. મુગતિ = મોક્ષ, કર્મનું દૂર થવું. મુકાય = મૂકે, કર્મોને દૂર કરે. આશ્રવ = કર્મની આવક, તળાવનું ગરનાળું. સંવર = કર્મની આવક સામે બારણાં બંધ કરવાં. નામ = નામો, અભિધાન. અનુક્રમે = એક પછી એક; કર્મની આવક તે આશ્રવ, કર્મ સામે બારણાં બંધ કરવાં તે સંવર. હેય = છોડી દેવા લાયક, ત્યાગ કરવા યોગ્ય. ઉપાદેય = લેવા, સંઘરવા લાયક. આશ્રવ હેય છે, સંવર ઉપાદેય, સુણાય = સાંભળીએ છીએ, સાંભળવામાં આવે છે. (૪)

**અર્થ**—જ્યારે કર્મબંધનું કારણ થાય છે ત્યારે આત્મા કર્મનો બંધ કરે છે, અને જ્યારે કારણ મળે ત્યારે કર્મથી મુક્તિ મેળવે છે. જ્યારે આત્મા કર્મબંધન કરે ત્યારે તે કર્મની આવકનું નામ આશ્રવ કહેવાય છે અને કર્મને આવતાં રોકે ત્યારે તેનો સંવર કર્યો એમ અનુક્રમે કહેવાય છે. એટલે કર્મની આવકને આશ્રવ અને નવાં કર્મોની આવકના રોકાણને સંવર કહે છે. આશ્રવ તજવા યોગ્ય છે, સંવર આદરવા યોગ્ય છે, એમ સાંભળવામાં આવે છે. (૪)

**ટબો**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ, અપ્રશસ્તાદિ યોગ—એ સર્વ કારણનો બંધ કરે અથવા એ કારણે બંધનો બંધ કહેવાય, એ કારણથી મૂકાણો તે વારે જીવને મુક્ત કહીએ. કારણનો અનુક્રમે બંધાય તે આશ્રવ કહેવાય, એહવે કારણે સંવરને રોકવે કરી સંવર થાય. તે આશ્રવ તે હેય – છાંડવા યોગ્ય. ઉપાદેય–આદરવા યોગ્ય તે સંવર. એ રીતે ઘણી આગમમાં સૂણાય વાર્તા. (૪)

**વિવેચન**—આવા પ્રકારનો આત્મા સંસારી કહેવાય છે, તેને હવે મુક્ત થવાના અને સંસારનો વિચ્છેદ કરવાના કોડ થયા છે, કારણ કે તેને આ જન્મમરણના અને ભવના ફેરા ટાળવાની ઇચ્છા થઈ છે. કારણનો જો સંયોગ થાય તો તે કર્મના બંધને કરીને બંધાઈ જાય છે. આ જીવ નિમિત્તવાસી છે. જો તેને સારાં સાધનો મળી આવે તો તે બંધનથી મુક્ત થઈ જાય અને સંસારને વધારનાર કારણો મળી આવે તો તે સંસારી રહી સંસારમાં રખડ્યા કરે. એને આ પદ્મપ્રભુ સંબંધી વિચાર આવતાંની સાથે જ એ પ્રભુ, જે સંસારમાં હતા અને લગભગ પોતાની જેવા જ હતા, તેમની અને પોતાની વચ્ચે આટલો બધો આંતરો કેમ પડી ગયો અને એ છેટું કઈ રીતે ભાંગી નાખવું તેનો વિચાર થવાની સાથે તેને માલૂમ પડ્યું કે જો પોતે સારાં કારણો મેળવે તો પોતે પ્રયત્ન કરી ભગવાન સાથે પડેલો આંતરો કાપી નાખે. આ કારણના વિષય ઉપર ખૂબ વિચાર કરવા યોગ્ય છે. જે વસ્તુ જેનાથી ઊપજે તે તેનું કારણ. તેને હવે સમજાયું કે કારણો સુધારી દેવામાં આવે તો આ સર્વ ભવની ભાવઠ ભાંગી જાય અને પ્રભુ સાથે પડેલ છેટું છૂટી જાય, અને પોતાને પણ આ સંસારમાં જે એક ખાડામાંથી બીજા ખાડામાં પડવાના પ્રસંગો બને છે તે અટકી જાય. તેનું સર્વ કામ કારણાધીન ચાલે છે. જો તેનાં કારણો સુધરે તો પ્રભુ સાથે પડેલું આંતરું એક સપાટે તૂટી જાય અને પોતે પ્રભુ જેવો થઈ જાય. સારી સોબત કરવી, પોતાની યોગ્યતા પ્રમાણે તપ-ત્યાગ કરવો અને યોગ્ય કારણો મેળવવાં એ એના મનમાં નિશ્ચય થઈ ગયો છે. અત્યારે એ શુભ અધ્યવસાયમાં આવી ગયો છે. ભવાટવીમાં રખડપાટો કરતાં મનુષ્યઅવતાર, દેવગુરુની જોગવાઈ, ધર્મ સમાજની તેની ઇચ્છા આવો સુંદર અવસર કોઈ કોઈ વાર જ આવે છે અને તેનો લાભ તેણે જરૂર લેવો જ જોઈએ.

કર્મબંધનના માર્ગને આસ્રવ નામ આપવામાં આવે છે. જેનાથી આ પ્રાણી બંધાઈ જાય, બંધન કરે તેનું નામ આસ્રવ. આ આસ્રવ અને સંવર કોનું નામ છે, તે કેવા હોય, તેની વિગત ઉમાસ્વાતિના પ્રશમરતિ ગ્રંથમાં છઠ્ઠા ભાવના અધિકારે આપવામાં આવી છે. ત્યાંની સમજણ પ્રમાણે આસ્રવના બેંતાલીશ અને સંવરના સત્તાવન પ્રકાર છે.

આ આસ્રવ અને સંવર આત્માની દૃષ્ટિએ અનુક્રમે હેય અને ઉપાદેય છે. જેનાથી આત્મા બંધાય અને સંસારમાં ભટકે તે આસ્રવો છે; તે હેય છે, એટલે તજવા યોગ્ય છે. અને જેનાથી આત્મા બંધનથી મુકાઈ જાય તે સંવર છે; તે ઉપાદેય છે, એટલે આદરને યોગ્ય છે. આ ત્યાગવા યોગ્ય આસંવનો ત્યાગ કરી અને સંગ્રહ કરવા યોગ્ય સંવરનો સ્વીકાર કરી જ્યારે તે પરમાત્મ-સ્વરૂપ થઈ જાય ત્યારે તેનો અને ભગવાનનો આંતરો તૂટે. આ પણ કર્મનો જ વિષય છે. જ્યારે સોના જેવા આત્મા સાથે લાગેલાં કર્મો આત્મામાં મળતાં બંધ થઈ જાય ત્યારે પ્રભુ સાથે પડેલો આંતરો ઘટે, અને પોતે પ્રભુમય થઈ જાય.

જો તારે પ્રભુમય થવું હોય તો આ સર્વ કારણો સમજી તેને સુધારી દે અને સંવરના માર્ગો સ્વીકારી તેનો સ્વીકાર કરી દે, જેથી તારો મનુષ્યદેહ સફળ થાય અને તારી મનઃકામના સિદ્ધ થાય. નહિ તો આ સંસારમાં ભમવાનું જ છે. તને તેનો સાચો ત્રાસ થયો હોય તો સંસારી મટી જા અને તારાં કારણો સંવરને અનુકૂળ કરી દે. એ મુક્તિ પામવાનો સાચો ઉપાય છે, સિદ્ધ માર્ગ છે અને તારે તે આદરવા યોગ્ય છે. કારણો સુધારવાં તે તારા હાથની બાજી છે અને આ મનખાદેહ સફળ કરવાનો એ એક જ માર્ગ છે. આ ભવની યાત્રા સફળ કરવા માટે તું આસ્રવ માર્ગોને છોડી દે અને સંવર માર્ગોનો સ્વીકાર કરી તેને અનુસર. (૪)

યુંજનકરણે હો અંતર તુજ પડયો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઊક્તે પંડિત જન કહ્યો રે, અંતરભંગ સુઅંગ. પદ્મપ્રભ૦ ૫

**અર્થ**—કર્મના જોડાવાથી મારો અને તમારો આંતરો પડી ગયો છે. પણ ગુણ કરવાથી એ આવકનો અટકાવ થઈ શકે તેમ છે. આપ તે ભંગને કહી શકો તેમ છો. આ પ્રમાણે વાત પંડિત લોકોએ મને જણાવી છે. આંતરો દૂર કરવાનો એ સારામાં સારો ઈલાજ છે. (૫)

**ટબો**—તે માટે યુંજનકરણે તમારો અને મારો અંતર પડયો છે. કરણ ત્રણ : એક જ્ઞાનકરણ તે ચેતનારૂપ તેણે કરી જુંજન જોડયા. આપણા સ્વરૂપે જાણવું તે જુંજનકરણ. તેણે જ અંતર પડયો અને તત્સ્વરૂપી જાણીને ગુણપણે આચરણ, તેનું નામ ગુણકરણ કહેવાય.

---

**પાઠાંતર**—પ્રથમ પંક્તિમાં ‘ રે ’ શબ્દને એક પ્રતે મૂકી દીધો છે. ‘ ઉક્તે ’ને સ્થાને ત્રીજી પંક્તિમાં ‘ ઉકતિ ’ પાઠ છે; એ તો ભાષાફેરને લીધે છે. (૫)

**શબ્દાર્થ**—યુંજનકરણ = કર્મોનું જોડાવું તે, કર્મ અને આત્માનો યોગ. અંતર = આંતરો, છેટાપણું. તુજ = તમારો, તમારી સાથેનો. ગુણકરણ = ગુણોનું કરવું તે. કરી = નીપજાવીને. ભંગ = ભાગી નાખવું, તોડી નાંખવું. ગ્રંથ = આધારભૂત પુસ્તકો, શાસ્ત્રની રચના. ઉક્તે = કહેલું છે, બતાવ્યું છે. કરી = સાતમી વિભક્તિનો પ્રત્યય. પંડિત જન = વિદ્વાનોએ, સમજુ ભણેલાઓએ. કહ્યો રે = કહ્યું છે, જણાવ્યું છે. અંતર = આંતરો, છેટાપણું; તેનો. ભંગ = ભાગી નાંખવો, તેનો છેડો લાવવો. સુઅંગ = સુંદર અંગમાં એ ઈલાજ બતાવ્યો છે. (૫)

તેનો ભંગ. એવો જે આંતરો તેનો ભંગ થાય તેને જ ભલો અંગ કહીએ; અથવા એ જ શ્રુત-આગમનું અંગ. એ રીતિ પંડિત જને એ કરણનો જુંજનવિધિ કહ્યો. અનુક્રમ તેના બંધ વિના ઉદય યોગ્ય તેની જ ઉદીરણા અને અનાદિ બંધ અપેક્ષાએ તે સત્તા ઇત્યાદિકે અને ત્રીજો સંસારી-કરણું હેતુરૂપ તે પરકરણ જુંજન તે અંતર ભાંજે. (૫)

**વિવેચન**—કર્મ સાથેનો સંબંધ તે જુંજનકરણ જ્ઞાનવિમળસૂરિના કહેવા પ્રમાણે, કરણ ત્રણ છે. જ્ઞાનકરણ, જુંજનકરણ અને ગુણકરણ. આત્માનું કર્મ સાથે જોડાવું તે જુંજનકરણ. અહીં સ્તવનની શરૂઆતમાં પ્રભુ સાથે આટલો બધો આંતરો કેમ પડી ગયો તેનો જવાબ આપે છે. મેં હવે જાણ્યું છે, કે આ કર્મોનું આત્મા સાથે જોડાવું થયું તે કારણે મારે પ્રભુ સાથે આંતરો પડી ગયો છે. આ છેટું, ગુણકરણે કરીને તેનો ભંગ થઈ શકે તેમ છે. આત્મા તેના અસલ ગુણોની અંદર વર્તે તે ગુણકરણ કહેવાય. આંતરો પડેલો છે તે આ ગુણ-કરણ દ્વારા તૂટી જાય. ત્રીજું જ્ઞાનકરણ, જે જાણવાની વાત છે. વસ્તુને વસ્તુ તરીકે ઓળખાય તે જ્ઞાનકરણ કહેવાય. આ ગુણકરણે કરી જ્યારે આત્મા પોતાના મૂળગુણમાં રમણ કરે ત્યારે નવીન કર્મ બંધાતાં નથી. તેથી પ્રભુ સાથે પડેલ આંતરું પણ ભાંગવાનો ઉપાય એ છે કે જુંજન-કરણ થવા ન દેવું. આવી રીતે જ્યારે કર્મો અટકી જશે અને જુંજનકરણ થશે નહિ ત્યારે ભગવાન સાથેનું પડેલું છેટાપણું દૂર થશે. અને એ આંતરું ભાંગવાનો આ જ અમોઘ ઉપાય છે.

જ્યારે નવીન કર્મોનો બંધ ન થાય અને આ રીતે આત્મા ભારે થતો અટકે, તે આંતરું ભાંગવાનો રામબાણ ઉપાય. તેમાં પણ જ્યારે આત્મા સંવરમાં વર્તતો હોય, એટલે એ અષ્ટપ્રવચન-માતાને પાળતો હોય, બાર ભાવના પૈકી પોતાને અનુકૂળ ભાવના ભાવતો હોય, દશ યતિધર્મમાં ઉદ્યુક્ત હોય, ત્યારે જરૂર એ નવાં કર્મ બાંધતો નથી. તે આસ્રવ રહિત થાય છે અને સંવરમાં પ્રવર્તી ગુણકરણ કરે છે. અટલે નવીન બંધ થતો અટકાવવો એ આંતરો ભાંગવાનો રામબાણ ઉપાય છે એમ મને વિચાર કરતાં માલૂમ પડે છે. આ જુંજનકરણ અટકાવવું એ આંતરો ભાંગવાનો સરસ ઉપાય છે એમ મને જણાય છે. પંડિત માણસોએ એ રામબાણ ઉપાયને અનેક સ્થળે બતાવ્યો છે. આપણે 'યોગબત્રીશી', 'યોગબિન્દુ' કે 'યોગશાસ્ત્ર' વગેરેમાંનો કોઈ પણ ગ્રંથ વાંચીએ તો તેઓ પણ આ જુંજનકરણને અટકાવી ગુણકરણ કરવાનું કહે છે.

આ જીવનમાં જો સફળ પ્રયોગ થાય તો સંસારયાત્રા સફળ નીવડે છે અને ભવનો ફેરો સફળ થાય છે, નહિ તો પછી જેમ અનાદિકાળથી આ જીવ એક ખાડામાંથી બીજા ખાડામાં પડતો આવ્યો છે, તેનું પુનરાવર્તન જ થાય છે. એ ખાડા અટકાવવા એ આપણો મૂળ ઉદ્દેશ છે અને તેના વ્યવહારપણામાં ,આ ભવની સફળતા છે. આ સ્તવનની શરૂઆત કરતાં એ આંતરો કેમ પડ્યો એ સવાલ થયો અને એ આંતરો કેમ ભાંગે તેનો ઉપાય આખરે આપણને પ્રાપ્ત થાય છે અને તે ઉપાય અજમાવવાની આપણી ફરજ છે. (૫)

તુજ મુજ અંતર અંતર ભાજસે રે, વાજસે મંગળ તૂર;
જીવ-સરોવર અતિશય વાધશે રે, 'આનંદઘન' રસપૂર. પદ્મપ્રભ૦ ૬

**અર્થ**—મારું અને તમારું આંતરું અંતે ભાંગી જશે, મારું અંતર તે આંતરાને કાપી નાખશે, મંગળ વાજાં વાગશે અને તે વખતે આત્મારૂપ સરોવર ખૂબ પ્રસન્ન થશે. તે વખતે આનંદનો સમૂહ અને તે રૂપ રસ, તેનું પૂર આવશે, પાણી વધશે, ભરતી થશે અને તે રસમાં હું રસબોળ થઈશ. (૬)

**ટબો**—એ રીતે જે વારે, જે સમયે તમારે મારે અંતર ભાજશે, ધ્યાતા–ધ્યાન–ધ્યેય એકભાવ થશે તે વારે નિર્વિઘ્ન મંગલિકનાં વાજાં વાગશે, તે વારે જીવસરોવર–આત્મામાનસરોવર–નો અતિશય ગુણ વાધશે, પરમ આનંદરૂપ ઘન મેઘ તેના રસરૂપ પ્રગટશે એટલે છઠ્ઠા પ્રભુનું સ્તવન થયું.

**વિવેચન**—પ્રભુ! હું હોંસ રાખું છું અને આશા ધરું છું કે મારી અને તમારી વચ્ચે જે આંતરો પડ્યો છે તેનું કારણ વિચારતાં એ છેટાપણું દૂર થશે એટલે કર્મવિપાકનું જે કારણ છે તે આસ્રવો અને સંવરો મારે આધીન હોઈ અંતે તે કારણ હું દૂર કરી શકીશ અને હું આશા રાખું છું કે તમારી અને મારી વચ્ચે જે આંતરો પડી ગયો છે તે અંતે દૂર થઈ જશે. આ આંતરો ભાંગવા હું પ્રયત્નશીલ થયો છું, તો કોઈક દિવસ એ આંતરું જરૂર ભાંગશે. જ્યારે ધ્યાન કરનાર ધ્યાતા, એનું ધ્યેય આપશ્રી પ્રભુ પોતે અને એનું ધ્યાન—તે ત્રણેની એકતા થશે એટલે ધ્યાન કરનાર પ્રભુમય થશે અને તેની અને ધ્યાન કરનાર મારી વચ્ચે જ્યારે એકતા થશે ત્યારે મારી અને તમારી વચ્ચે પડેલ આંતરો દૂર થઈ જશે, અને હું તમારામય થઈ જઈશ.

જૈનધર્મની વિશેષ ખૂબી એ છે કે એના તત્ત્વજ્ઞાન પ્રમાણે યોગ્ય પ્રયત્ન કરવાથી બહિરંગ આત્મા પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે, અને તેના જન્મ-મરણના ફેરા ટળી જાય છે. તે પરમાત્મરૂપ થઈ જાય એવી એનામાં શક્તિ છે અને મારે તે શક્તિ અજમાવવી છે. આ આત્મિક ગુણ છે અને તે ગુણકરણે કરીને પ્રાણીને પ્રાપ્ત થાય છે તેથી તેનું અનાદિ સંસારીપણું

---

**પાઠાંતર**—'ભાંજસે' ને સ્થાને એક પ્રતમાં 'ભાંજસ્યૈ' પાઠ છે. 'વાજસે' ને સ્થાને એક પ્રતમાં 'વાજસ્યૈ' એવો પાઠ છાપાફેરને લીધે છે. 'વાધસે' ને સ્થાને એક પ્રતમાં 'વાધસ્યૈ' પાઠ છે. 'પૂર' ને સ્થાને પ્રતમાં 'પુર' શબ્દ લખ્યો છે. (૬)

**શબ્દાર્થ**—તુજ મુજ = તમારી અને મારી વચ્ચેનો, તમારો અને મારો. અંતર = આંતરો, છેટાપણું, દૂર રહેવાપણું. ભાજસે = ભાંગી જશે, મટી જશે, દૂર થશે. વાજસે = વાગશે, વાગી ઊઠશે. મંગળ = પવિત્ર, માંગળિક. તુર = વાજાં, વાજિંત્રો. જીવ = ચેતન, આત્મારૂપ ચેતનસરોવર. સરોવર = પાણી રહે તેનું સાધન, તળાવ. અતિશય = ખૂબ, વધારે. વાધસે = રાજી થશે, વધશે, વાધશે. આનંદઘન = આનંદનો સમૂહ, આનંદની જાડાઈ, તેનો. રસ = પ્રવાહી. પૂર = ખૂબ વધી જશે. (૬)

નાશ પામે છે અને સિદ્ધના જીવોમાં તીર્થંકર કે સામાન્ય કેવળીનો જરા પણ તફાવત રહેતો નથી. પછી તો પ્રભુ અને આ જીવ એકસ્વરૂપે થઈ જાય છે અને આવા પ્રભુમય થવાને માટે યોગ્ય પ્રયત્ન કરવાની આ જીવને તમન્ના થયેલી છે. આસ્રવોને દૂર કરવાથી અને સંવરનો સ્વીકાર કરવાથી અંતે આ પડેલો આંતરો દૂર કરવો એ પ્રાણીના પોતાના પ્રયત્નની જ વાત છે અને તેથી એને આશા બંધાણી છે કે એ આંતરો ભાંગી જશે, અને એક દિવસ પોતે,પ્રભુ જેવો જ થઈ પ્રભુ પાસે પહોંચી જશે. માણસને જ્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે ત્યારે તે વાજાં વગડાવે એવો દુનિયાદારીનો નિયમ છે. આ નિયમને અનુસરી એ કહે છે કે જ્યારે પોતાનો અને ભગવાનનો આંતરો ભાંગી જશે ત્યારે આનંદનાં વાજાં વાગશે.

અને તેવો પ્રસંગ આવશે ત્યારે આ ચેતન આનંદ-સરોવરમાં ખૂબ મહાલશે, એ સરોવર-રૂપ જીવ પણ તેનો રસાસ્વાદ કરશે અને રસમાં પોતે લહેર માણશે, તે રસથી પોતે ભરાઈ જશે. આ સુદિન જલદી આવે તો સારું, એમ પ્રાણીની ઇચ્છા છે અને તે વાત પોતાના હાથમાં છે એમ જાણતાં આ પ્રાણી તે જલદી મેળવવા અને પ્રભુ સાથે પડેલ આંતરો ભાંગી નાખવા તત્પર થઈ ગયો છે. (૬)

## ઉપસંહાર

આ સ્તવનની શરૂઆતમાં તેના કર્તાએ એક ઘણો અગત્યનો પ્રશ્ન ઊઠાવ્યો : પ્રભુ ! મારી અને તમારી વચ્ચે આટલું છેટું કેમ પડ્યું ? હવે એ આંતરો કેમ ભાંગે ?—આવી રીતે ઊઠેલ સવાલનું નિરાકરણ આ આત્માએ શોધતાં એને માલૂમ પડ્યું કે પોતાનો જે પરની સાથે સંબંધ થયો છે તે જો કાઢી નાખવામાં આવે તો પડેલ આંતરો તૂટી જાય અને પ્રભુ જે સ્થાનકે ગયા છે તે સ્થાનકે પહોંચી આંતરો દૂર કરી શકાય. ઘણી તપાસને પરિણામે આ પર સાથેનો સંબંધ એ આંતરો પડી જવાનું કારણ છે એમ આ પ્રાણીને શોધતાં શોધતાં લાગી ગયું. એટલે આંતરો દૂર કેમ થાય તેના માર્ગો તેણે શોધવા માંડ્યા. આ કારણ કર્મની સાથે લાગે વળગે છે એમ આ પ્રાણીને કર્મના વિપાકથી જણાયું. એ કારણ દૂર થાય તો સંસાર મટી જાય અને પોતે પણ મોક્ષ પહોંચી જાય અને પ્રભુ સાથે જે છેટું પડ્યું છે તે દૂર થઈ જાય. ઊઠેલા પ્રશ્નનો આ નિકાલ છે એમ આ પ્રાણીને કર્મનો વિપાક વિચારતાં માલૂમ પડ્યું અને તે બાબતમાં બીજા પુસ્તકકારોની શહાદત પણ મળી. એને શરૂઆતમાં જે પ્રશ્ન ઊઠ્યો હતો તેનો નિકાલ આવી રીતે થતાં પોતે મોક્ષસ્થાનકે જરૂર એક વખત પ્રબળ પ્રયત્ને પહોંચી જશે અને આવડો મોટો આંતરો ભાંગી નાખશે અને એક વાર વિજયડંકા વાગશે અને આનંદરસનાં પૂર પોતે વહાવશે એવી ખાતરી થતાં એ રીતે જ કામ લેવાનો આ રસિક જીવનો-સંસારમાં રચેલપચેલ પ્રાણીનો-પ્રબળ નિશ્ચય થાય છે અને પોતાને વિજયનાદ ક્યારે સંભળાય અને પોતે આનંદના રસમાં ક્યારે ડૂબી જાય એ વિચારમાં તે પડ્યો છે. આપણે પણ એ વિચારણા સાથે ભળી જઈએ અને વિજયડંકા વગડાવવાની આશા સેવીએ.

જ્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા થાય ત્યારે પોતે આ આંતરો ભાંગી શકે તેમ છે, તેથી કર્મની વિપાકદશા, સત્તામાં પડી રહેવાની શક્તિ અને સર્વ વિચારણા અનેક ગ્રંથોમાંથી કરી, એ નિશ્ચય પર આવી જાય છે કે પદ્મપ્રભુની સાથે પડેલો આંતરો ભાંગી નાખવો અને પોતે આનંદરસના પૂરમાં નાહવું. આ તેનો કરેલો નિશ્ચય આ આખા સ્તવનનું ફળ છે. એટલા માટે કર્મો કેવા પ્રકારનાં છે, આત્મા સાથે કેમ બંધાય છે, ક્યારે ઉદયમાં આવે છે, કેવી રીતે તેને ખેંચીતાણીને ઉદીરણામાં ફેરવાય છે એ સર્વ વાત કર્મગ્રંથાદિક કર્મના વિષયને ચર્ચતા ગ્રંથોમાંથી જાણી એના આસ્રવો અને સંવરોના માર્ગો જાણી એ સંવરને રસ્તે કર્મ રહિત થવાનું જાણી એ રસ્તો આદરવા આ પ્રાણી પ્રેરાય છે. આ પ્રાણીને તો ખાતરી થઈ ગઈ છે કે આ આંતરો પાડવાનું કારણ જો જાય તો કર્મથી મુક્તિ થઈ જાય અને પોતે અનંત સુખ પ્રાપ્ત કરી આ જન્મમરણના ફેરાથી દૂર થાય અને પછી નિરંતરના આદરમાં પોતે લહેર કરે.

આને માટે કર્મનો મારો લેખ તેમ જ કમ્મપયડિ, કર્મગ્રંથાદિ પુસ્તકો જોવાં અને તે જેમ કહે છે તેમ આસ્રવના માર્ગો તજી સંવરમાર્ગે નવાં કર્મોને રોકવાં અને હોય તેને નિર્જરા દ્વારા દૂર કરવાં અને એ રીતે પ્રભુ જેવા થઈને પ્રભુ સાથે પડેલો આંતરો દૂર કરવો, ભાંગી નાખવો, એ આ સ્તવનનો મુખ્ય આશય અને ઉદ્દેશ છે.

આ આંતરો ભાંગી જશે એવી ખાતરી જેને હોય તે તો તેને માટે સુયોગ્ય છે. પણ આપણે તો જવું છે મદ્રાસ અને માર્ગ લીધો છે કાશ્મીરનો, એમાં આપણો પત્તો ન ખાય. પત્તો ખાય તેવા માર્ગે કામ લેવું અને ખબર ન પડે ત્યાં સુજ્ઞ ધર્મિષ્ઠ જનોને કે આચાર્ય સદ્ગુરુને પૂછવું. માર્ગ મળ્યા પછી રસ્તો સીધોસટ છે અને આંતરો ભાંગવાના નિશ્ચયમાં જ મોક્ષ છે એ યાદ રાખવું. બાકી તો આગળ મોક્ષ અને સંસાર સમ ગણવાની વાત આવવાની છે, પણ વ્યવહારથી આ આંતરો ભાંગવાની વાત ઠીક છે તેમ વિચારવું (૬)

[ડિસેમ્બર : ૧૯૪૯ ]

૭

# શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

### અનેક નામો

**સંબંધ**—આપણે ઘાતી ડુંગરો જોયા, તે હટાવી શકાય તેવું છે તે જોયું અને ચિત્તની પ્રસન્નતામાં પૂજનફળ થાય છે તે અનુભવ્યું. આદર્શ નિર્ણય થયા પછી પ્રભુ અને આપણી વચ્ચે પડી ગયેલો મોટો આંતરો ભાંગવા આપણે નિર્ણય કર્યો. તો હવે આપણે જેને ભજવા જઈએ છીએ અને જેની સાથે મોટો આંતરો પડી ગયો છે તેને ઓળખવા જોઈએ.

દુનિયામાં પ્રભુ અનેક નામે પ્રસિદ્ધ છે અને તેથી આપણે પ્રભુનાં અનેક નામો જાણી, તેમની સાથેની ઓળખાણ કરવી જોઈએ; કારણ, ઓળખાણનું પ્રથમ પગલું એ છે. તેમની સાથે આપણી, નામનિશાન અને પત્તા સાથે, ઓળખાણ કરાવનાર આનંદઘનજી જેવા સુજ્ઞ વિચારક મળ્યા છે અને તેઓ ઓળખાણ કરાવનાર હોઈ આપણે ભેખડે ભરાઈ પડીએ એવો તો જરા પણ સંભવ નથી. પરિચય કરાવનાર જ્યારે આ જીવની જન્મ-જરા-મરણથી મુક્તિ કેમ થાય એવો એમનો શુભ હેતુ હોય અને એ પરિચય કરાવવામાં તેમનો કોઈ પ્રકારનો અંગત સ્વાર્થ ન હોય ત્યારે આપણે એમના પ્રયત્નને બરાબર ઓળખવો જોઈએ અને તેનો બની શકતો લાભ લેવો જોઈએ. આવા સુંદર સંયોગોમાં થયેલા પરિચયને આપણે જરૂર અપનાવીએ અને એવા પરિચયને સ્નેહમાં ફેરવી નાખીએ.

કુશળ માણસનું કર્તવ્ય એ છે કે ઓળખાણ અને સ્નેહ એવી વ્યક્તિ સાથે કરવો કે જેને આપણી આવકની રાતી પાઈની પણ અપેક્ષા ન હોય અને જેઓ માન-પ્રતિષ્ઠાના ભૂખ્યા ન હોય. આવો નિઃસ્વાર્થ પરિચય લાંબો કાળ ટકે છે અને તે મિત્રત્વમાં અથવા સ્નેહમાં ફેરવાઈ જાય છે, અને એ પરિચય માટે આપણને જરા પણ ગ્લાનિ થઈ આવતી નથી.

તમને એમ લાગશે કે પ્રભુ તો એક ધર્મના છે, તો તમને અહીં જણાવવું પ્રાસંગિક થઈ પડશે કે જે આદરે તે સર્વના તેઓ પ્રભુ છે, એમનો જૈનો તરફ ખાસ પક્ષપાત કે પ્રેમભાવ નથી. તેઓ મોક્ષ ગયા છે અને પોતાની સાથે મોક્ષમાં અનેક આવે એવું ઇચ્છનારા છે. તેઓ માટે કોમીભાવ કલ્પવો એ તો જળમાં અગ્નિની કલ્પના તુલ્ય છે. આપણે તેઓની સાથે તો મોક્ષ ન જઈ શકયા, પણ તેઓના યોગમાર્ગે ચાલી તેઓ જેવા થવાનો અને તેમની સાથે પડેલો આંતરો ભાંગવાનો આપણો કાયમ હક્ક છે. એ રીતે પ્રભુ આ દુનિયામાં અનેક નામે ઓળખાયેલા છે તે સમજી, આપણે તેઓ જેવા થઈને તેમની સાથે પડેલ આંતરો ભાંગી નાખીએ, અને એ રીતે આપણી પ્રગતિના આપણે પોતે જ કારણ થઈએ. આ ભવનો ફેરો સફળ થાય અને આપણી જીવનયાત્રા ફળપ્રદ નીવડે, તેટલા કારણે સ્તવન બહુ ઉપયોગી પ્રભુ-પરિચય પૂરો પાડે છે.

### સ્તવન

(રાગ સારંગ, મલ્હાર; લલનાની દેશી)

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ–સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ લલના.
શ્રી સુપાસ જિન વંદીએ. (ટેક) ૧

**અર્થ**—શ્રી સુપાર્શ્વ નામના સાતમા તીર્થંકર દેવને નમીએ, વંદીએ, પૂજીએ, કારણ કે તેઓ સર્વ પ્રકારના સુખ અને વ્યાવહારિક તથા પારમાર્થિક ઋદ્ધિના હેતુ એટલે કારણ છે તે માટે. ભગવાન પોતે તો શાંત નામના નવમા રસના સમુદ્ર છે અને સંસારરૂપ સમુદ્રના પુલ જેવા છે. એ બન્ને કારણે એમને વંદીએ. (૧)

**ટબો—જ્ઞાનવિમળસૂરિનો** ટબો ભાષાફેર સાથે નીચે પ્રમાણે છે: છ એટલે છઠ્ઠા પદ્મપ્રભુનું સ્તવન થયું. એવા પ્રભુને સ્તવવાને એકતાન હોઈએ, અનેક નામે સ્તુતિ કહીએ છીએ. શ્રીયુક્ત જ્ઞાનાદિ લક્ષ્મીએ સહિત; ભલું પાસું સમીપ છે જેનું અને સુપાર્શ્વ નામના સાતમા જિન, તેને વંદીએ, ત્રિકરણશુદ્ધ, કારણ માટે સુખ અનંત વિવેદરૂપ સંપદા સ્વભાવ પ્રતિ. તે કેવા છે? સમતા રસ નવમો અનુભવ શાંત રસનો નિધિ–સમુદ્ર છે. એવા ભગવંત છે. ભવ–સંસારરૂપ સાગરને તરવા માટે સેતુ કહેતાં પાળીભૂત છે, અથવા સંસારસમુદ્ર તરવાને મહા-મોટી સેતુ–પાજ છે, પરંપાર પામવાને. (૧)

**વિવેચન**—શ્રી સુપાર્શ્વ ભગવાનને વંદીએ, નમીએ, પૂજીએ. સુપાર્શ્વ એટલે સારાં પડખાં છે જેમનાં એવા, શ્રી એટલે લક્ષ્મીએ કરીને યુક્ત. આવા સારાં પડખાંવાળા અને લક્ષ્મીએ કરીને સહિત જેઓ છે તેવા પ્રભુને આપણે જરૂર નમીએ, તેમની સેવા કરીએ. આવા પ્રભુને નમવામાં આપણને કારણ પણ રહેલું છે. તેઓ જેવા પ્રભુ થયા છે તેવા આપણે તેનું ધ્યાન કરવાથી થઈએ તે આપણા નમનનો હેતુ છે. અને નમનનાં બીજાં પણ કારણો છે. આ પ્રાણી સુખને વાંછે છે; સાચું સુખ કોને મળે અને ક્યારે મળે તે આપણે જોતા આવ્યા છીએ. જે

---

**પાઠાંતર**—'વંદીએ' સ્થાને પ્રતમાં 'વંદઈ' એવો પાઠ છે; અર્થમાં ફેર નથી. 'નિધિ'ને સ્થાને પ્રતમાં 'નિધી' એવો પાઠ છે. 'સુખ'ને સ્થાને 'સુષ' શબ્દ પ્રતમાં છે; અર્થ તે જ રહે છે. 'શાંત' સ્થાને શાંતિ પાઠ છે; અર્થ એક જ લાગે છે. 'ભવસાગરમાં' સ્થાને 'ભવસાગરમાંહે' પાઠ પ્રતમાં છે. એક પ્રતમાં 'માં' સ્થાને 'માંહે' પાઠ છે; અર્થ ફરતો નથી. (૧)

**શબ્દાર્થ**—શ્રી = લક્ષ્મી, જ્ઞાનાદિ લક્ષ્મીવાન. સુપાસ = પડખું છે જેનું સરસ એવા. વંદીએ = નમન કરીએ. સુખ = નવમા રસ શાંત, સમાધિ, શાંત રસના સુખને તે આપનાર છે તે માટે. સંપત્તિ = આત્મિક ઋદ્ધિ, તેને તે (પ્રભુ) આપનાર છે તે માટે. હેતુ = તે માટે; સુખ અને ઋદ્ધિની પ્રાપ્તિ માટે. ભગવાન કેવા છે? શાંતસુધારસ = શાંતિરૂપી અમૃતનો રસ; તેના, જલનિધિ = દરિયો, સમુદ્ર. ભવ = સંસાર, સાગર = દરિયો, સમુદ્ર. સેતુ = પાજ, પાળ, પુલ. (૧)

સુખ સ્થાયી ન હોય, જે સુખની પાછળ અસુખ અથવા દુઃખ ઊભું હોય તેને ખરેખરી રીતે સુખ ન જ કહી શકાય. શાશ્વત સુખ, જે એક વખત થયા પછી તેની પાછળ દુઃખ થતું નથી, એવાં પરમ શાશ્વત સુખ, આ પ્રભુ મારફત આપણને મળે છે, તે માટે આપણે તેમને નમીએ. મન જ્યારે પ્રભુમાં એકાગ્ર થાય, જ્યારે આપણે એકચિત્તે પ્રભુસેવા–ભક્તિ કરીએ, ત્યારે ધ્યાતા અને ધ્યેયની એકતા થતાં, આપણે પ્રભુ જેવા થઈ જઈએ અને અનંતકાળ માટે મોક્ષનું સુખ પામીએ. અનંત કાળનાં સુખ માટે પ્રયાસ કરવો તે આપણો ઉદ્દેશ છે. અને તે માર્ગે જવામાં જ આપણું સાચું હિત છે. તે માર્ગ બતાવનાર પ્રભુને આપણે નમીએ.

આમાં કદાચ સ્વાર્થ જેવું લાગશે, પણ ઊંચામાં ઊંચો સ્વાર્થ તે પરમાર્થ છે, અને તે મેળવા માટે ઉચિત રસ્તો લેવામાં જે પરમાર્થ રહેલો છે તેને આપણો સ્વાર્થ ગણવામાં આવે તો પછી પરમાર્થને પણ સ્વાર્થ ગણવો જોઈએ. જ્યાં પરમાર્થ સાધી શકાય ત્યાં સ્વાર્થ નથી. પ્રભુમય થતાં અનંત સુખ મળે એટલે આપણે તે માર્ગે આગળ ધપવું જ યોગ્ય છે. સ્વર્ગાદિકનાં કે મનુષ્યપણામાં પૌદ્ગલિક સુખો મળે તે તો થોડા વખત માટેનાં જ સુખ છે, અને જે સુખની પછવાડે અસુખ થવાનું હોય તેને વાસ્તવિક સુખનું નામ જ ન આપી શકાય. આવું અવ્યાબાધ શાશ્વત સુખ મેળવા માટે આપણે પ્રભુને નમીએ, અને નિરવધિ સુખ પ્રાપ્ત કરવાના કામમાં લાગી જઈએ.

પ્રભુને વંદન કરવાનો એક બીજો પણ હેતુ છે; તેઓ આપણી જે ખરેખરી આત્મઋદ્ધિ છે, તેને મેળવી આપનાર છે. આ દુનિયા પૈસા ખાતર અનેક વલખાં મારે છે અને અનેક ખુશામતો કરે છે. તે આખર વખતે જાણે છે કે એ ઋદ્ધિ કોઈની સાથે ગઈ નથી અને જવાની પણ નથી, છતાં તેની પાછળ આ જીવ પડે છે; તો પછી જે આત્મઋદ્ધિ મેળવી આપે અને આપણે અનંત કાળ સુધી સુખ ભોગવીએ તેવી આપણા આત્માની મિલકત મેળવવામાં જે કારણ થાય, તેને આપણે જરૂર વાંદવા–નમવા–પૂજવા જોઈએ. આપણને સ્થાયી સુખનાં કારણ હોવાથી અને આપણને આત્મઋદ્ધિ મેળવી અપનાર હોવાથી, આ બન્ને કારણે, આપણે તેમને વંદવા જોઈએ. અને તેમ કરવામાં આપણે પોતાની ફરજ જ બજાવીએ છીએ. અહીં આપણા મનમાં સવાલ થશે કે આ પ્રભુ કેવા છે? તેથી આ પ્રભુને બરાબર ઓળખવા જોઈએ. ચાલો, આપણે આનંદઘન સાથે તેમને ઓળખવા પ્રયત્ન કરીએ.

શાંત નામનો નવમો રસ છે. આ રસને રસ તરીકે સ્વીકારવો કે નહિ તેને માટે સંસારરસિક કવિઓમાં ચર્ચા ચાલે છે. તે ગમે તેમ હો, પણ આ શાંત રસ રસ છે તે માટે આ પુસ્તકમાં પૃથક્ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે શાંત રસના મોટા દરિયા પ્રભુ પોતે છે. શાંત રસનો નમૂનો જોવો હોય તો પ્રભુને એક વાર જોઈ લો. એ તો શાંતરસમય છે. આવા શાંત રસના સમુદ્રને આપણે નમીએ. આ શાંત રસથી તેઓ ભરપૂર હોવાથી તેઓ એ રસનું બીજાને દાન દેનાર છે એટલે આપણને જો શાંત રસ ગમતો હોય તો આપણે સાતમા જિનને નમીએ, અને તેમની સેવા કરી તેમની પાસેથી શાંત રસ મેળવવા ભાગ્યશાળી થઈએ.

અને વળી ભગવાન કેવા છે? તો તમારે જાણવું, આ સંસારસમુદ્રની પાજ જેવા છે. જેમ ગંગા, યમુના, સિંધુ વગેરે સમુદ્ર જેવી મોટી નદીઓ ઉપર મોટા પુલ બાંધવામાં આવે છે અને તે પુલ દ્વારા સામે પાર જવાય છે તેમ આ સંસારરૂપ સમુદ્રને તરી પેલે કાંઠે જવાને માટે પ્રભુ પુલની ગરજ પૂરી પાડે છે; સેતુ એટલે પાજ, પુલ, અંગ્રેજીમાં જેને bridge કહે છે; તે કાર્ય કરનાર અને સામે કાંઠે જવાની આપણી ઇચ્છા પૂરનાર પ્રભુ છે. પ્રભુ આવા હોવાથી આપણા અંતિમ હેતુ માટે આપણે તેમને નમીએ, અને તેમની અને આપણી વચ્ચે પડેલું છેટાપણું ભાંગી નાખીએ. (૧)

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના. શ્રી સુપાસ૦ ૨

**અર્થ**—આ સાતમા તીર્થંકર સાત મોટા ભયને દૂર કરનારા છે, તેટલા માટે સાવધાન થઈ એ જિનેશ્વર દેવના પગની સેવા કરો. (૨)

**ટબો**—સાત મહાભયને ટાળતા છે : ૧. ઈહલોકભય. ૨. પરલોકભય. ૩. આદાનભય. ૪. અકસ્માતભય. ૫. આજીવિકાભય. ૬. અપયશભય. ૭. મરણભય. ઈત્યાદિક દ્રવ્યભય; અને ભાવભય તે કામ, ક્રોધ, મદ, હર્ષ, રાગ, દ્વેષ, મિથ્યાત્વનો ટાળક એ સાતમો જિન છે. તે તરણતારણ સમર્થ છે. તે માટે સાવસાન, એકાગ્રતા મન કરી ચિતમાં (તેને) અવધારો, ધ્યાન કરો. એહી જ જિનચરણરેણુની કમળની પેઠે સેવા કરો. (૨)

**વિવેચન**—આવા શાંત સુધારસના સમુદ્ર અને આ સંસારમાં પુલ સમાન સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિનેશ્વરદેવ સાત મહાભયને ટાળનાર છે, એને દૂર રાખનાર છે. ભયમાં પણ **સાત મહાભય** છે તેનાં નામો આપણે પ્રથમ જાણી લઈએ.

૧. **ઇહલોકભય** : આ લોકમાં મને કોણ ખાવાનું આપશે? અથવા મારું શું થશે? તેની ચિંતા, ફિકર ૨. પરલોકભય : પરલોકમાં આવતા જન્મે હું કાગડો, નોળિયો થઈશ કે નારકીમાં પડી આકરાં દુઃખો સહન કરીશ તેની બીક લાગે તે. **આદાનભય** : હું ભિક્ષા લેવા કે કાંઈ માગણી કરવા જઉં છું તે શેઠ આપશે કે કાંઈ બહાનું કાઢી ગોટા વાળશે એવી પ્રથમથી જ ચિંતા કરવી અને પોતાની માગણી મુજબ મળશે કે નહિ તેની અગાઉથી જ બીક

**પાઠાંતર**—'સાત'ને સ્થાને એક પ્રતમાં 'શ્રીસાત' છે; અર્થમાં ફેર નથી, 'જિનવર' સ્થાને 'જીનવર' પાઠ પ્રતમાં છે; અર્થ એક જ છે. 'સાવધાન' સ્થાને એક પ્રતમાં 'સાવસાધાન' પાઠ છે; અર્થમાં ફેર નથી. 'જિનપદ' સ્થાને એક પ્રતમાં 'જિનવર' પાઠ છે, તે વિચારવા યોગ્ય છે. 'પદ સેવ' સ્થાને એક પ્રતમાં 'પ્રદેવ' પાઠ છે તેનો અર્થ ફેર થતો નથી (૨)

**શબ્દાર્થ**—સાત મહાભય = સાત પ્રકારના મોટા ભયો (વિગત માટે જુઓ વિવેચન). ટાળતો = દૂર રાખતો, ન થવા દેતો. સપ્તમ = સાતમા. જિનવર દેવ = જિનેશ્વર પ્રભુ. સાવધાન = એકાગ્ર. મનસા = મન વડે. કરી = કરીને, અમલમાં મૂકીને. ધારો = કરો, અમલમાં મૂકો. જિનપદ = પ્રભુના પગો, પ્રભુના પદો, પ્રભુ સેવ = સેવા, અનુસરો, એની પાછળ ચાલો. (૨)

રાખવી. ૪. **અકસ્માતભય** : એટલે હું રસ્તે ચાલીશ ત્યાં મોટર કે ઘોડાગાડીની ભીંસમાં આવી જઈશ કે નહિ તે જાતની અકસ્માત થયા પહેલાં બીક રાખવી તે; પોતાને કોઈ અકસ્માત થશે એવો ભય. ૫. **આજીવિકાભય** : મારું ભરણપોષણ થશે કે નહિ, મને આજે ખાવાનું મળશે કે મારે આજે નકોરડા થશે તેવી બીક રાખવી તે. ૬. **અપયશભય** : લોકોમાં મારે માટે કેવું બોલાશે તેની ચિંતા અથવા આ કામથી જરૂર ખરાબ બોલાશે અને પોતાનું નામ બગડશે, એવો ભય રાખવો તે. ૭. **મરણભય** : પોતે મરી જશે ત્યારે આ નાનાં બચ્ચાંઓનું શું થશે, તેમનું કોણ પૂરું કરશે તે જાતની બીક અથવા મરવાની જ બીક. મરવું જરૂર છે, પણ આ જીવને જવું ગમતું નથી અને અમુક કૃત્યથી પોતાનું મરણ થશે એવી આગાહી કરવી અને તે વાતની બીક મનમાં ધારણ કરવી તે ભય.

આવા સાત પ્રકારના ભયોને ટાળનાર પ્રભુ છે એટલે પ્રભુનું જે ધ્યાન કરે તેને આ સાત પ્રકારમાંથી કોઈ ભય ન થાય અથવા, એક વિદ્વાનના કહેવા પ્રમાણે, કામ ક્રોધ, મદ, હર્ષ, રાગ, દ્વેષ અને મિથ્યાત્વ કૃત ભયોને ટાળનાર પ્રભુ છે. એ બીજી રીતે ભય ગણવા તે પણ ઉચિતાર્થ છે. પ્રભુ એવા કોઈ પણ પ્રકારના ભયોને દૂર કરનાર છે.

આ સાતમા પ્રભુ એ ભયોને અટકાવનાર અને કદાચ કોઈ કારણે ભય થઈ જાય તો તેને દૂર કરનાર છે. માટે આવા મોટા ભયોને અટકાવનાર કે દૂર કરનાર હોય તેની સેવના સાવધાન મનથી કરવાની આપણી ફરજ છે. દુનિયાદારીનો નિયમ છે કે જે રાજા આપણો બચાવ કરે તેની સેવા-ચાકરી ઊઠાવવી, તેને યોગ્ય સન્માન આપવું, તો આ પ્રભુ તો સાત પ્રકારના મોટા ભયોને ટાળનાર હોવાથી તે આપણી સેવાને પાત્ર છે. આવા શાંત સુધારસના દરિયાને અને ભવસાગરના પુલને આરાધ્ય ગણી તેનું ધ્યાન કરવું અને તેમનામાં એકાગ્રતા રાખવી એ આપણું કર્તવ્ય છે. (૨)

શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તિત્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન, લલના. શ્રી સુપાસ૦ ૩

**પાઠાંતર**—'શંકર' સ્થાને એક પ્રતમાં 'સંકર' પાઠ છે; અર્થ એનો એ જ રહે છે. 'જગદીશ્વરુ' સ્થાને એક પ્રતમાં 'જગદીસરૂ' પાઠ છે; અર્થમાં ફેર નથી. 'અરિહા' સ્થાને 'અરિહંત' શબ્દ એક પ્રતમાં મૂક્યો છે; અર્થ ફરતો નથી 'અસમાન' સ્થાને 'સમાન' પાઠ એક હસ્તલિખિત પ્રતમાં છે. બીજી પ્રતમાં પણ 'સમાન' પાઠ છે. એક પ્રતમાં ત્રીજા પાદની શરૂઆતમાં શ્રી શબ્દ છે. (૩)

**શબ્દાર્થ**—શિવ = ત્રિમૂર્તિમાંના એક, પીડા નિવારક. શંકર = સુખકારી; 'શં' એટલે સુખ, તેને કરનાર, જગદીશ્વરુ = જગતના ઈશ્વર, સ્વામી, જગત ઉપર સત્તા ચલાવનાર; પરોપકારી, પારકા ઉપર ઉપકાર કરનાર. ચિદાનંદ = જ્ઞાનાનંદરૂપ, જ્ઞાનમાહાત્મ્ય, યશવીર્ય વૈરાગ્યવંત. ભગવાન = ઐશ્વર્યવાન્, સત્તાવાળા. જિન = રાગ, દ્વેષ, મોહાદિ શત્રુને જીતનાર અરિહા = અરિહંત, કર્મરૂપ શત્રુને હણનારા છે માટે. તિત્થંકરું = તીર્થના પ્રવર્તાવનારા, તીર્થંકર. ભગવાન પોતે તીર્થ સ્થાપે છે, ચાર પ્રકારનો સંઘ સ્થાપનાર. જ્યોતિસ્વરૂપ=શુભ ચૈતન્યરૂપ; તેજસ્વરૂપી. અસમાન = જેમની સરખામણી કોઈ સાથે ન થઈ શકે તેવા; તેમના સરખી કોઈ દુન્યવી વસ્તુ ન હોવાથી અસમાન; તેમના જેવા કોઈ નથી. (૩)

**અર્થ**—આ ભગવાનમાં શિવપણું છે, કારણ કે તે કર્મના ઉપદ્રવને નિવારનાર છે; તે શંકર છે, કારણ કે મહાકલ્યાણના કરનાર છે. તેમનામાં જ્ઞાનનો આનંદ હોઈ જાતે ચિદાનંદસ્વરૂપ છે. અને ઐશ્વર્યવાળા હોવાથી જાતે ભગવાન છે. વળી, તેઓ શત્રુને જીતનાર હોવાથી જાતે જિન છે, અને કર્મરૂપ શત્રુને જીતનાર હોવાથી પોતે અરિહંત છે. અને તીર્થના ચલાવનાર હોવાથી તીર્થંકર છે. વળી, તેઓ જાતે જ જ્યોતિ સ્વરૂપી છે, તેજવંત છે અને તેમની સાથે સરખાવી શકાય તેવું અન્ય કોઈ ન હોવાથી અસમાન છે. (૩)

**ટબો**—શિવ નિરુપદ્રવ છે, શંકર કહેતાં સુખકારી છે. ત્રણ જગતના ઈશ્વર–સ્વામી છે, પરોપકારી છે. ચિદાનંદ એટલે જ્ઞાનરૂપી છે. ભગવંત જ્ઞાનમાહાત્મ્યરૂપ યશ વીર્યવંત છે, ઘણા શ્રેષ્ઠ છે, રાગાદિક જીતનારા છે તેટલા માટે જિન કહેવાય. સકળ જગતના દ્રવ્ય–ભાવપૂજાને યોગ્ય માટે અરિહંત છે. તીર્થંકર કહેતાં ચાતુર્વર્ણ્ય, દ્વાદશાંગી, પ્રથમ ગણધર કરવા માટે તીર્થંકર જ્યોતિસ્વરૂપ છે. કોઈની જ્યોતિના ઉપમાનનું ઠામ નથી. (૩).

**વિવેચન**—હવે આ પ્રભુ અનેક નામને યોગ્ય છે, તેમાંથી થોડાં નામો બતાવી તે કેવી રીતે તેઓ એ નામને યોગ્ય છે તે આપણે વિચારીએ. એ વિચારણાથી પ્રભુ તરફનો તમારો સેવાભાવ વધારે જાગ્રત થશે અને તમે તમારી ફરજ બજાવતા થશો. આ પ્રભુ કર્મના ઉપદ્રવને અટકાવનાર હોવાથી તેઓ શિવ નામને યોગ્ય છે. શિવ એટલે કર્મની પીડાના નિવારક. શિવ એટલે ઉપદ્રવ-નિવારક. આ ભગવાન પોતે શિવ છે, કારણ કે તેઓ કર્મની પીડાનું નિવારણ કરનાર છે. આ દુનિયા જેને શિવ કહે છે તે તો સંહાર કરનાર છે, પણ ભગવાન પોતે કર્મના ઉપદ્રવનો અટકાવ કરનાર હોવાથી તેઓ શિવના નામને યોગ્ય છે. તેથી આપણે ભગવાનને ભજતાં સારા શિવને ભજીએ છીએ. શંકર પણ ભગવાન પોતે જ છે. જેઓ 'શં' એટલે સુખ, તેને કરનાર હોય તે શંકર, ભગવાન નિત્યકાળનું સુખ કરનાર હોવાથી શંકરના નામને કે વિશેષણને બધી રીતે યોગ્ય છે, એ ભગવાન 'જગદીશ્વર'ના નામને લાયક છે, કારણ કે તેઓ ખરેખરા જગતના ઈશ્વર છે. ઈશ્વર એટલે રાજ્ય કરનાર. તેઓ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એમ ત્રણે જગતના ઉપરી હોવાથી, તેઓ જગદીશ્વર કહેવાય છે; અને તેઓને જગદીશ્વર તરીકે ભજવા-માનવા-પૂજવા તે સર્વ રીતે યોગ્ય છે. તેઓનું ઐશ્વર્ય પણ ઈશ્વરના જેવું હોવાથી તેઓ ખરા જગદીશ્વર છે. વળી તેઓ જ્ઞાનાનંદમય હોવાથી ચિદાનંદના નામને યોગ્ય છે. સાતમા સુપાર્શ્વનાથ ભગવાન પોતે ભગવાન છે. ભગ શબ્દના ચૌદ અર્થો આપવામાં આવ્યા છે (આ માટે જુઓ બારસાની ટીકા–વિનયવિજયરચિત), તેમાંથી સૂર્ય અને યોનિ એ બે અર્થ છોડી દઈને બાકીના બાર અર્થ તેઓને લાગુ પડે છે. સુપાર્શ્વ-નાથને 'જિન' એટલે વિજય કરનારનું જે બિરુદ છે તે તદ્દન યોગ્ય છે. તેઓએ પોતાની જાત પર, કામ–ક્રોધાદિક પર, રાગદ્વેષ અને મોહ પર એવી જીત મેળવી છે કે તેઓ જિન તરીકે આ દુનિયામાં ખ્યાતિ પામ્યા છે. શ્રી સુપાસનાથ ભગવાન શત્રુને હરાવનાર હોવાથી અરિહંત છે. તેઓએ કર્મશત્રુઓ પર વિજય મેળવેલ હોવાથી તે સાચી રીતે અરિહંત છે. અરિ એટલે શત્રુ, તેને હણનાર અરિહંત કહેવાય છે. શ્રી સુપાર્શ્વનાથે પોતાનું તીર્થ પ્રવર્તાવેલું

હોવાથી તેઓ તીર્થંકરના નામને તદ્દન યોગ્ય છે. ચતુર્વિધ સંઘની સ્થાપના કરવી એ ધર્મપ્રવૃત્તિનું પ્રથમ પગલું છે અને ત્રિપદી લઈ ગણધરો સૂત્ર રચે તે બીજું પગલું છે. આવું તીર્થ શ્રી સુપાર્શ્વનાથે સ્થાપેલું હોઈ, તેઓ તીર્થંકર નામને સાર્થક કરે છે. શ્રી સુપાર્શ્વનાથ ભગવાન શુદ્ધ ચૈતન્યવાન હોવાથી તેઓ જ્યોતિસ્વરૂપી છે. અને શ્રી સુપાર્શ્વનાથ ભગવાન 'અસમાન' છે. આ દુનિયામાં એવી કોઈ ચીજ નથી, એવું કોઈ પ્રાણી નથી, જેની સરખામણી તેમની સાથે થઈ શકે. તેઓ કોના જેવા છે એવું કહી શકાય તેમ નથી. તેઓની ઉપમાને યોગ્ય કોઈ વસ્તુ કે પદાર્થ કે પ્રાણી નથી. તેથી આ અસમાનને વાંદો, પૂજો, નમો. (૩)

અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ, લલના;
**અભયદાન-દાતા સદા, પૂરણ આતમરામ, લલના. શ્રી સુપાસ૦ ૪**

**અર્થ**—અને સમજી શકાય તેવા, જાણ્યા જાય તેવા ન હોવાથી અલક્ષ્ય છે, અને લેપ વગરના હોવાથી જાતે નિરંજન છે. તેઓ સર્વ પ્રાણીનું હિત કરનાર હોવાથી વત્સલ છે અને સર્વ પ્રાણીઓને આરામસ્થાન હોવાથી તેઓ સર્વના વિશ્રામ છે; અને તેઓ હમેશાં અભય-દાનને દેવાવાળા હોવાથી અભયદાની કહેવાય છે. અને તેઓ આત્મામાં આરામ પામતા હોવાથી સંપૂર્ણ આત્મારામ છે. (૪)

**ટબો**—અલક્ષ્ય એટલે કોઈ સંસારીએ કલ્પ્યો ન જાય તેવા છે. નિરંજન કર્મરૂપ અંજન –લેપન નથી, એટલે સર્વ પ્રાણીને વાત્સલ્ય–હિતકારક, સર્વત્ર સ્થાવર જંતુ કહેતાં જીવના આધાર–વિશ્રામભૂત છે. સદૈવ–નિરંતર અભયદાનના દાતા છે, દાયક છે. આત્માના ગુણ તેણે કરી પૂર્ણ –ભર્યો આત્મારામ છે. (૪)

**વિવેચન**—અને બીજાં પણ પ્રભુનાં અભિધાનો અનેક છે. તેઓ મગજમાં સમજી શકાતા નથી, અક્ષરથી લખી શકાતા નથી અને ઉપમાને યોગ્ય નથી તેથી અલક્ષ્ય નામે ઓળખાય છે. દુનિયાનો કોઈ પ્રાણી તેમને જાણી, સમજી, લખી શક્યો નથી તેથી તેમનું અલક્ષ્ય નામ અપાય છે તે સાર્થક છે. તેઓનું એક વધારે નામ 'નિરંજન' છે. કર્મનો કોઈ પણ પ્રકારનો લેપ નથી. કર્મનું તેમના સંબંધમાં એક પણ પડ આવેલું નથી, તેથી તેઓ નિરંજન નામને યોગ્ય છે. અથવા અંજન એટલે આંજણ. તેઓમાં કોઈ પણ પ્રકારની કર્મની મશ–મશી ન

---

**પાઠાંતર**—'વચ્છલું' સ્થાને એક પ્રતમાં 'વછલુ' પાઠ છે. અર્થ તે જ છે. 'આતમરામ' સ્થાને એક પ્રતમાં આતમ શબ્દ છે. (૪)

**શબ્દાર્થ**—અલખ = સંસારી જીવથી જેની કલ્પના ન થઈ શકે તેવા. નિરંજન = જેમને કર્મનો અંજન એટલે લેપ નથી તેવા. વચ્છલુ = અનેક પ્રાણીઓનું હિત કરનાર. સકળ જંતુ વિસરામ = સર્વ પ્રાણીઓના આશરા, સર્વ પ્રાણીઓને ઊંચામાં ઊંચી સત્તા પામવાના સ્થાનક અને તેમના વિશ્રામસ્થાન. અભયદાનદાતા = બીકથી બચાવનાર, આશ્રિતને અભયદાન આપનારા. સદા = હમેશાં. પૂરણ = સંપૂર્ણપણું પામેલા. આતમરામ = આત્મામાં રહેલા. (૪)

હોવાથી તેઓ 'નિરંજન' નામે જગતમાં પ્રસિદ્ધ થયા છે. અંજનનો અર્થ અજ્ઞાન પણ થઈ શકે છે. ભગવાન શ્રી સુપાર્શ્વનાથ વત્સલ છે. એટલે સર્વ પ્રાણીને હિતકારી. ભગવાન આ જીવના હિત કરનારા છે, એને મોક્ષ, દેવલોક કે મનુષ્યલોક અપાવવામાં મદદ કરનાર છે; અને માતાપિતા જેમ પુત્રનું વાત્સલ્ય કરે તેમ વાત્સલ્ય કરનાર છે. આથી તેઓને વત્સલ–ભલું કરનાર તરીકેનું ઉપનામ મળે તે તદ્દન યોગ્ય છે. વળી, તેઓ સર્વ પ્રાણીને આરામ અપાવનાર હોવાથી તેઓનું નામ સકળજંતુવિશ્રામ થઈ શકે છે. આ પ્રાણી તો સંસારમાં અનેક ગતિમાં જઈ થાકી ગયો છે, હજુ ઠરીઠામ ન થાય ત્યાં બીજે જાય છે. આ પ્રભુ પાસે એવો ચમત્કાર છે કે એ જન્મમરણના ફેરા અળસાવી દઈ પ્રાણીને હમેશને માટે આરામ અપાવનાર છે. તમે ડુંગર ચડો ત્યારે એવા વિસામાનું મૂલ્ય જાણો. પ્રભુ થાકયાપાકયાનો આશરો છે, સર્વ પ્રાણીના આશરા છે. પ્રભુ પોતે જીવને સર્વ પ્રકારનું અભયદાન આપનારા છે; કોઈ પણ જીવને તેમની નજીકમાં કોઈ પ્રકારનો ભય નથી. તેઓની આજુબાજુમાં પણ કોઈ જાતનો ભય નથી—**अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः।** અને તેથી સર્વદા તેઓ અભયદાનના દાતા એ નામને સાચું કરે છે. વળી, પ્રભુ જાતે પૂર્ણ હોવાથી તેઓ પૂર્ણના નામને યોગ્ય છે. પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પણ પૂર્ણ જ બાકી રહે છે, આવા અદ્ભુત સ્વભાવવાળા પ્રભુ પૂર્ણ નામને બરાબર લાયક છે. અને પ્રભુ પોતે આત્મારામ છે, આત્મામાં જ રહેલા છે અને આરામ પણ ત્યાં પામનારા છે. એવા આત્મારામ પ્રભુને સેવો, વાંદો, પૂજો અને તેમને તેમના સ્થાનને યોગ્ય 'આતમરામ' તરીકે માન આપો. (૪)

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ લલના. શ્રી સુપાસ૦ ૫

---

**પાઠાંતર**—એક પ્રતકાર પ્રથમ પાદમાં 'શ્રી' શબ્દ ઉમેરે છે. 'મદ' સ્થાને એક પ્રતનો લેખક 'મત' કરે છે; તેનો અર્થ ફાવે તેમ નથી. 'યોગ' સ્થાને એક પ્રતમાં 'જોગ' પાઠ છે, એ પ્રાકૃતને કારણે જણાય છે. 'નિદ્રા' સ્થાને એક છાપેલ પુસ્તકમાં નિંદ્રા પાઠ છે, તે અશુદ્ધ જણાય છે. 'અબાધિત'ને સ્થાને એક પ્રતમાં 'અબાહિત' પાઠ છે; અર્થમાં ફેર પડતો નથી. (૫)

**શબ્દાર્થ**—વીતરાગ = જેમના રાગ–ઇષ્ટ પદાર્થોનો પ્રેમ–નાશ પામી ગયો છે જેઓ વહાલી ચીજ તરફ પણ પ્રેમ નથી કરતા. મદ = અભિમાન, મહત્તા બતાવવી તે. કલ્પના = મનમાં આલટદોલટ વિચારવા, પોતાની સર્જક શક્તિ છોડી મૂકવી તે, મનનાં સંકલ્પવિકલ્પ કરવા. રતિ = રાજી થવું, પ્રેમ કરવો તે. વસ્તુપ્રાપ્તિને અંગે તેમાં રાચી જવું તે. અરતિ = વસ્તુ ન ગમે તેવી હોય તેના તરફ અરાજી થવું, અપ્રીતિ, દ્વેષ, ભય = બીક, ઉપર જે ભય (સાત) કહેલા છે તે પૈકી એક અથવા વધારે. સોગ = શોક. પ્રિય વસ્તુની અપ્રાપ્તિ અથવા અપ્રિય વસ્તુની પ્રાપ્તિ વખતે થતી દિલગીરી. નિદ્રા = પાંચ પ્રકારની ઊંઘ : ૧. નિદ્રા. ૨. નિદ્રાનિદ્રા, ૩. પ્રચલા, ૪. પ્રચલાપ્રચલા અને ૫. સ્ત્યાનર્ધિ. તંદ્રા = આળસ, ઊંઘ આવી જવા જેવી સ્થિતિ. દુરંદશા = ખરાબ સ્થિતિ, દુર્દશા. રહિત = એ મદ, કલ્પના, રતિ, અરતિ, ભય, શોક, નિદ્રા તંદ્રા અને દુરંદશાને લાગે છે, તે વિનાના અબાધિત = પીડા વગરના; યોગ સાથે જેમના મન, વચન અને કાયાના યોગો = ઉપયોગો કોઈ ને પીડા કરતા નથી. (૫)

**અર્થ**—તેઓના રાગદ્વેષ ગયેલા હોવાથી તેઓ વીતરાગ છે. અને સર્વ પ્રકારના ગર્વ, કલ્પના, આનંદ (રતિ), પીડા (અરતિ), બીક (ભય), શોક, ઊંઘ, આળસ, ખરાબ સ્થિતિથી રહિત હોવાથી તેઓ મન-વચન-કાયાના યોગોથી પીડા વગરના છે. (૫)

**ટબો**—વીત કહેતાં ગયો છે, રાગ કહેતાં ઇષ્ટપ્રાપ્તિનો હર્ષ. મદ તે પ્રાપ્ત વસ્તુનો ઉત્કર્ષ, કલ્પના તે સંકલ્પજાલ, ઇષ્ટની બહુમાનતા તે રતિ, તદ્વિપરીત તે દીનતા તે અરતિ, ભય તે પૂર્વોક્ત, શોક તે ગત વસ્તુ સંબંધી ખેદ-આક્રંદન આદિ, નિદ્રા તે ઊંઘ, તંદ્રા તે આળસ, દુરંદશા તે અશુભાધ્યવસાય. ઇત્યાદિક અશુભ દશાથી રહિત, એટલા જ માટે અબાધિતયોગ, સાધ્યા સકલ જોગ. (૫)

**વિવેચન**—હવે આપણે પ્રભુનાં બીજાં થોડાંક નામો પણ લઈએ. પ્રભુ વીતરાગ છે, તેઓ રાગદ્વેષ વગરના છે; તે બેમાં પણ રાગ મીઠો દુર્ગુણ હોવાથી ખાસ તે વગરના છે એમ કહી તેઓ દ્વેષ વગરના છે એમ સમજાવી દીધું, કારણ કે દ્વેષ તો જાણી જવાય તેવો દુર્ગુણ છે. પ્રભુ મદ-અભિમાન વગરના છે, વીતમદ છે. એ પ્રભુમાં જે અનેક ગુણો છે તેનું તેમને અભિમાન નથી. પ્રભુ કલ્પના રહિત છે. પોતાનું શું થશે કે એવી કોઈ જાતની કલ્પનાજાળથી તેઓ રહિત છે. કલ્પના સંકલ્પ-વિકલ્પ કરાવે છે, અનેક જાતના આહટ્ટદોહટ્ટ કરાવે છે. આવી કલ્પનાના જાળો પ્રભુમાં નથી તેથી તેઓ વીતકલ્પના છે. અને કોઈ પણ બાબતમાં પ્રભુ આરામ કરતા નથી. તેઓને તેમાં મજા આવતી નથી. આ વીતરતિને તમે વાંદો, પૂજો. રતિ એટલે પ્રીતિ. પણ જેને કોઈ મારું તારું નથી, સર્વ પોતાનાં છે એવા પ્રભુમાં રાગ કે દ્વેષ જ ન હોય ત્યાં પ્રીતિની વાત જ કેમ હોય ? પ્રભુમાં અરતિ બિલકુલ નથી, તેથી તેઓ વીતઅરતિ છે. અરતિ એટલે આરામ કે પ્રેમથી ઊલટી દશા, જેમાં મનમાં ઉશ્કેરણી થાય અને પોતે શું નું શું કરી નાખે એવી ઉશ્કેરાણી થાય, તેથી પ્રભુ દૂર જ છે. તેઓમાં અરતિ ન હોવાથી તેઓ અરતિઅબાધિત નામને યોગ્ય છે. તે ઉપરાંત પ્રભુને કોઈની બીક લાગતી નથી. આવા ભીતિ વગરના પ્રભુ ખરેખર વીતભય છે. આવું નિર્ભયપણું તેઓએ પોતાની જાતમાં કેળવેલ હોવાથી તેઓ યોગ્ય રીતે વીતભય નામને યોગ્ય છે. પ્રભુ શોક વગરના છે, વહાલી વસ્તુના વિરહથી અથવા ન ગમે તેવી વસ્તુની સાથે તેમનો સંયોગ સંબંધ થવાથી તેમને કોઈ પણ પ્રકારનો ખેદ થતો નથી. આવા શોકથી અબાધિત પ્રભુ જ રહી શકે. દુનિયામાં તો વહાલાના વિયોગે અનેક પ્રકારના શોકો થાય છે, અને ધનનો નાશ તો કેટલીક વાર શરીરને ખરાબ કરીને જીવિતવ્યનો પણ નાશ કરાવે છે. પ્રભુ તો શોકથી અબાધિત હોવાથી આનંદમાં રહે છે. વળી પ્રભુ વિનિદ્ર છે, એટલે નિદ્રા વગરના છે. ઉજાગર દશાને પ્રાપ્ત થયેલા હોવાથી તેઓને ઊંઘ આવતી નથી અને પ્રભુ તંદ્રા વગરના છે. તેઓમાં કોઈ જાતનું આળસ નથી, તેઓ તો પોતાની આત્મિક દશામાં જાગૃત છે, મન-વચન-કાયાના યોગ વગરના છે, અને જરા પણ તંદ્રામાં પડતા નથી તંદ્રા એ ઊંઘ પહેલાંની સ્થિતિ છે. પ્રભુ તો નિરંતર જાગૃત રહેવા છતાં જરા પણ તંદ્રામાં પડતા નથી, આવા વિતંદ્ર પ્રભુને નમો, પૂજો, સેવો. તે ઉપરાંત પ્રભુ દુર્દશાથી તદ્દન રહિત છે.

પ્રભુને કોઈ પણ યોગો બાધા-પીડા કરતા નથી. તેઓને શરીર તો છે પણ શરીરના યોગો જે હેરાનગતિ કરે છે તે પ્રભુને થઈ શકતી નથી. તેથી આવા અબાધિત યોગીને નમો, વંદો.

આ ગાથામાં જે વિકારો બતાવ્યા તેમાં રાગ, મદ, કલ્પના રતિ, અરતિ, ભય, શોક અને દુર્દશા એ સર્વ માનસિક યોગો છે અને નિદ્રા અને તંદ્રા એ શારીરિક યોગો છે. આ સર્વ યોગો પ્રભુમાં ન હોવાથી તેઓ એક એક નામને ધારણ કરનારા થાય છે. એ અબાધિત યોગી છે અને એ નામને સાર્થક કરે છે. (૫)

> પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;
> પરમ પદારથ પરમેષ્ઠી, પરમ દેવ પરમાન, લલના. શ્રી સુપાસ૦ ૬

**અર્થ**—તેઓ જાતે પુરુષોમાં ઉત્કૃષ્ટ છે (Superman) છે, અને ઊંચા પ્રકારના આત્મા હોઈ પરમાત્મા છે; અને તેઓ જાતે ઈશ્વર છે, આપણા પર રાજ્ય કરનાર છે અને તેઓ ઊંચામાં ઊંચા છે. વસ્તુઓમાં તેઓ ઉચ્ચ છે અને સર્વોત્કૃષ્ટ છે. અને સર્વ દેવોમાં મોટા દેવ છે અને જાતે પ્રમાણરૂપ છે. (૬)

**ટબો**—પરમ ઉત્કૃષ્ટ પુરુષ પરાક્રમી, પરમાત્મા, નિરંજન આત્મા, પરમેશ્વર જગતનાયક પ્રધાન સર્વમાંહી છે. પરમ કહેતાં મોક્ષ તેહી જ અર્થ જેને પરમ જ્ઞાન તેહી જ ઇષ્ટ છે તે પરમઠ્ઠી કહીએ. ઉત્કૃષ્ટ લોકોત્તર ગુણે કરી દેવ છો તે ઉત્કૃષ્ટ નામ છે. એવાને પ્રણામ થાઓ અરહંતને (૬)

**વિવેચન**—આગલી ગાથામાં પ્રભુનાં કેટલાંક નામો ગણાવ્યાં, આ ગાથામાં વધારે નામો આપવામાં આવેલ છે, આપણે તેનો ભાવ સમજવા પ્રયત્ન કરીએ. પ્રભુ પરમપુરુષ છે, તેઓ બધી રીતે Superman છે, તેઓ ઉત્કૃષ્ટ પુરુષ છે. તેઓ મહાપરાક્રમી હોવાથી અને બીજા સાધારણ માણસો હોય તેનાથી પારંગત હોવાથી તેઓ પરમ પુરુષના અભિધાનને બરાબર યોગ્ય છે. પ્રભુ પરમાત્મા છે. તેમનો આત્મા પરમ છે, ઉત્કૃષ્ટ છે અને તેથી આપણે જે ચોથા સ્તવનમાં પરમાત્મસ્વરૂપને સમજી ગયા, તેવા પરમાત્મા હોવાથી તેઓ બહિરાત્મા અને

---

**પાઠાંતર**—'પરમેશ્વર' સ્થાને એ પ્રતમાં 'પરમેસર' પાઠ છે, તે ભાષાફેરને લીધે છે; અર્થમાં ફેર નથી. 'પરમેષ્ઠી' સ્થાને બ પ્રતમાં 'પરમીટ્ઠી' એવો પાઠ છે, તે પ્રાકૃતને લીધે છે; અર્થ તે જ છે. (૬)

**શબ્દાર્થ**—પરમપુરુષ = Superman, મોટામાં મોટો માણસ, પુરુષોમાં પ્રધાન, પરાક્રમી, પરમાતમા = આપણે છઠ્ઠા સ્તવનમાં જોયા તેવા બહિરંગ અને અભ્યંતર આત્માથી પણ વધે તેવા પરમાત્મા, સૌથી સુંદર આત્માવાળા પરમેશ્વર = જગતના નાયક, જગત પર શાસન ચલાવનાર. પરધાન = પ્રધાન; સર્વથી શ્રેષ્ઠ, ઉત્તમ, પરમપદારથ = મોક્ષરૂપ પોતે જ છે. એ પરમાત્મા પોતે પદાર્થોમાં ઉત્કૃષ્ટ છે પરમેષ્ઠી = ઉત્કૃષ્ટ જ્ઞાન જેને ઇષ્ટ છે તેવા, પરમ જ્ઞાન જેને ઇષ્ટ છે તેવા. પરમદેવ = ઉત્કૃષ્ટ દેવ, સૌથી મોટા દેવ. પરમાન = પોતે જાતે જ સિદ્ધ થયેલા પ્રમાણરૂપ. (૬)

અંતરાત્માથી આગળ વધી પરમાત્માના અભિધાનને બધી રીતે યોગ્ય છે. પ્રભુ વળી પરમેશ્વર છે, ઊંચામાં ઊંચા ઐશ્વર્યવાળા છે અને જ્યારે આ દુનિયામાં હતા ત્યારે સર્વની ઉપર શાસન ચલાવનારા–પરમેશ્વર હતા. તે ઉપરાંત પ્રભુ પ્રધાન એટલે મુખ્ય છે. આ નામનો મોટો મહિમા છે અને સમજી હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. એ પ્રધાન તરીકે સર્વમાં છે અને સર્વની ફરિયાદ સાંભળનાર છે. ભગવાન ઊંચામાં ઊંચી મોક્ષ પદવી રૂપ પરમ પદાર્થ છે માટે તેમને નમો, વંદો, પૂજો.

તેમ જ ભગવાન પરમેષ્ઠી છે, બધાને ગમે તેવા ઇષ્ટ પદાર્થને પામેલા છે, તથા તેઓ પરમેષ્ઠી નામને તદ્દન સાર્થક કરે છે. આવા મહાપુરુષ ઉત્કૃષ્ટ ઇષ્ટ જ્ઞાનને પામેલા છે તેથી તેઓ ખરેખર પરમેષ્ઠી છે. ભગવાનનું એક વધારે નામ પરમદેવ છે. તેઓ ઉત્કૃષ્ટ દેવ છે; તેમની સાથે સરખાવી શકાય તેવા કોઈ દેવ નથી. તેઓ જાતે પ્રમાણભૂત છે. આ પ્રમાણભૂત પ્રભુને પ્રમાણના નામને સાર્થક કરનારા હોઈને તેમને નમો, તેમની સેવા કરો. એમાં તમારા આત્માનું હિત છે, એટલું બરાબર યાદ રાખો. આ ગાથામાં પ્રભુનાં અનેક અભિધાનો જણાવ્યાં. પ્રત્યેક અભિધાન તેમને બરાબર લાગુ પડતું હોઈ, આપણી પાસે નમન માગી લે છે. (૬)

વિધિ વિરંચિ વિશ્વંભરુ, ઋષીકેશ જગનાથ, લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના. શ્રી સુપાસ૦ ૭

**અર્થ**—તેઓ નસીબના અધિષ્ઠાતા છે અને બ્રહ્મા હોઈ જાતે વિરંચિ છે. તથા સર્વ પ્રાણીઓનું પોષણ કરનાર હોઈ તેઓ જાતે જ વિશ્વંભર છે. તેમની પોતાની ઇન્દ્રિયોના નાથ હોવાથી તેઓ હૃષીકેશ છે અને ત્રણે સચરાચર જગતના નાથ હોવાથી જગન્નાથ છે. તેઓ પાપને દૂર કરનાર છે અને પાપથી મુકાવનાર છે. તેઓ સ્વામી છે, શેઠ છે અને મોક્ષ નામનું જે ઉત્તમ સ્થાન છે ત્યાં પહોંચવાના સાથ છે. (૭)

**ટબો**—દેશક, વિરંચી અનાશંસા યોગ એ યોગના સાધક, વિશ્વંભર યોગક્ષેમના કારક, વિધિ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વરરૂપ છે. ઋષીકેશ કહેતાં હૃષીક, ઇન્દ્રિય તેના ઈક એટલે ઇચ્છા, તેના નાશક હોય. ઇચ્છાના સ્પર્ધક છે, જય નાયક. અઘહર=પરના પાપને હરે સ્વયં પોતે. અઘમોચન એટલે પાપહર્તા છો, ધણી સ્વામી છો, કર્મથી મુક્ત રહિત છો, આલંબનભૂત છો. (૭)

---

**પાઠાંતર**—'વિશ્વંભરુ' સ્થાને એ પ્રતમાં 'વિશ્વંભર' પાઠ છે; અર્થ એક જ છે. 'મુક્તિ' સ્થાને 'મુક્ત' પાઠ છે; અર્થ ફરે છે; તે માટે વિવેચન જુઓ. (૭)

**શબ્દાર્થ**—વિધિ = સર્વનું વિધાન કરનારા, નસીબદેવી, જીવનનિર્માણ કરનાર નસીબ. વિરંચિ = યોગક્ષેમના કરનારા, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વરરૂપ. વિશ્વંભરુ દુનિયાનું પોષણ કરનારા. ઋષીકેશ = ઋષીક એટલે ઇન્દ્રિય, તેના માલેક, કારણ કે પ્રભુએ સર્વ ઇન્દ્રિયોને વશ કરેલી છે અટલે તેના નાથ છે. જગનાથ = જગતના નાથ, જગતના ધણી. અઘહર = અઘ એટલે પાપને હરણ કરનારા. અઘમોચન = પાપથી મુકાવનારા, પોતે પાપથી દૂર છે અને દુનિયામાં પાપને દૂર કરનાર છે. ધણી = પતિ, તેના ઉપર રાજ્ય કરનારા, સ્વામી. પરમપદ સાથ = પરમપદ એટલે મોક્ષ, ત્યાં લઈ જવામાં સાથે એટલે સથવારો આપનારા, આલંબનભૂત થઈ રહેનારા. (૭)

**વિવેચન**—આ સાતમી ગાથામાં ભગવાનનાં વધારે નામો આપવામાં આવે છે તે દીર્ઘ દૃષ્ટિથી વિચારમાં લેજો અને તે અર્થમાં પ્રભુને સમજવા યત્ન કરશો. ભગવાન પોતે વિધિ–વિધાતા છે; આપણે કેવા થાશું તે નિર્માણ કરનાર ભગવાન પોતે છે અને તેથી આ વિધિના નામને યોગ્ય છે. અથવા નસીબદેવી એટલે વિધિને પણ ઉપદેશ આપનાર પ્રભુ છે. ભગવાન પોતે વિરંચિ એટલે બ્રહ્મા છે. આ સૃષ્ટિને ઉત્પન્ન બ્રહ્મા કરે છે. પ્રભુ બધાનું સારું કરે છે જે પ્રભુને ભજે છે તેનું સારું થાય છે. આવી જાતનો શુભ કર્મનો બંધ થવાનું કારણ પ્રભુ બને છે તેથી તેઓને વિરંચિનું ઉપનામ આપવામાં આવ્યું છે તે તદ્દન સાચું છે. આમાં સૃષ્ટિકર્તા ઈશ્વર છે તે લોકમાન્યતા ચાલુ રાખી છે, બાકી કર્તા કે પ્રભુ તેનો સ્વીકાર કરતા નથી. ભગવાન પોતે આખા જગતનું જતન કરનાર છે તેથી તેઓ વિશ્વંભર નામને પાત્ર થાય છે. આખી દુનિયાનું જે પોષણ કરે, તે વિશ્વંભર નામને પાત્ર થાય. વળી, પ્રભુ ઇન્દ્રિયના ઈશ એટલે નાથ–ધણી હોવાથી હૃષીકેશ કહેવાય છે. ભગવાનને કોઈ પ્રકારની ઇચ્છા નથી, તેઓ પોતાની સર્વ ઇચ્છાઓના પ્રભુ છે, નાયક છે; તેવા હૃષીકેશ પ્રભુને તમે સેવો. ભગવાન જગતના નાથ છે, તેથી તેઓ જગન્નાથ કહેવાય છે. આ સિવાય પ્રભુ અઘહર છે; અઘ એટલે પાપ, તેને હરનારા એટલે દૂર કરનારા છે. આપણે પ્રભુને નમીએ તેથી પાપો હરાઈ જાય તેવા પ્રભુ છે. પ્રભુ પાપને હરનારા છે, એટલું જ નહિ પણ તેઓ અઘમોચન છે એટલે પાપથી છોડાવનાર–મુકાવનાર છે. તેમનું નામસ્મરણ અને એકાગ્રતા પાપ છોડાવે છે તેથી તે અઘમોચન નામને સાર્થક કરે છે. આ પ્રભુ ધણી એટલે સ્વામી છે, એ આપણા માલિક છે. 'મુક્તિ પરમપદ સાથ' એવું પ્રભુનું છેલ્લું ઉપનામ છે. આ સંસારના સર્વ તાપને શમાવનાર મોક્ષ છે, ત્યાં અત્યંત એકાંત સુખ છે, ત્યાં જન્મ-જરા-મરણ નથી, ત્યાં આધિ-વ્યાધિ-ઉપાધિ નથી; ત્યાં પરમસુખ છે; એવા પ્રકારના મોક્ષમાં–પરમપદમાં સથવારો દેનાર પ્રભુ છે.

આવી રીતે ભગવાનનાં **૪૫** નામો થયાં : ૧. શિવ, ૨. શંકર, ૩. જગદીશ્વર, ૪. ચિદાનંદ, ૫. ભગવાન, ૬. જિન, ૭. અરિહંત, ૮. તીર્થંકર, ૯. જ્યોતિસ્વરૂપ, ૧૦. અસમાન, ૧૧. અલક્ષ્ય, ૧૨. નિરંજન, ૧૩. વત્સલ, ૧૪. સકળ જંતુના વિશ્રામ, ૧૫. અભયદાનદાતા, ૧૬. પૂર્ણાત્મારામ, ૧૮. વીતરાગ, ૧૯. વીતમદ, ૨૦. કલ્પના રહિત ૨૧. વીતરતિ, ૨૨. વીત-અરતિ, ૨૩. વીતભય, ૨૪. વીતશોક, ૨૫. વિનિદ્ર, ૨૬. વિતંદ્ર, ૨૭. વીગતદુર્દશા, ૨૮. અબાધિત યોગી, ૨૯. પરમપુરુષ, ૩૦. પરમાત્મા, ૩૧. પરમેશ્વર, ૩૨. પ્રધાન, ૩૩. પરમપદાર્થ, ૩૪. પરમેષ્ઠી, ૩૫. પરમદેવ, ૩૬. પ્રમાણ, ૩૭. વિધિ, ૩૮. વિરંચિ, ૩૯. વિશ્વંભર, ૪૦. હૃષીકેશ, ૪૧. જગન્નાથ, ૪૨. અઘહર, ૪૩. અઘમોચન, ૪૪. ધણી, ૪૫. મુક્તિ પરમપદ સાર્થવાહ. આ આપણે ત્રીજીથી સાતમી ગાથામાં વિચારી ગયા. આવાં નામધારણ કરનારા જશનામી પ્રભુને તમે વંદો, પૂજો, નમો, સેવો.

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના;
જે જાણે તેહને કરે, 'આનંદઘન' અવતાર, લલના. શ્રી સુપાસ૦ ૮

**અર્થ**—આવી રીતે સુપાર્શ્વનાથ તીર્થંકર ઘણાં ઘણાં નામોને ધારણ કરે છે. એ નામો અનુભવથી સમજી શકાય તેવાં વિચારણીય છે. આ હકીકત જે જાણે તેને આનંદના સમૂહનો ઉતારનાર કરી આપે, તેવા પ્રભુને આપણે નમીએ, વંદીએ, પૂજીએ. (૮)

**ટબો**—એમ અનેક પ્રકારે ગુણનિષ્પન્ન નામ છે, તે નામના વિચાર અનુભવગમ્ય છે, એકનાં અનેક રૂપ-નામ છે, એવા જે તમારા નામના અર્થ જાણી ધ્યાન-સ્મરણ કરશે તે પ્રાણી આનંદઘન જ્ઞાનમય અવતાર કરે, અક્ષય ભાવે જ્ઞાન-દર્શન-ચારિત્રમયપણું પામે. (૮)

**વિવેચન**—આવાં આવાં અનેક નામોને-ઉપનામોને પ્રભુ ધારણ કરે છે. અહીં તો દાખલા તરીકે પિસ્તાલીશ નામો બતાવીને પોતાની અલ્પતા બતાવી છે, પણ પ્રભુમાં તો તેવાં અને તેને મળતાં સેંકડો નામો છે. જેમ राजानो ददते सौख्यम् ના એક વિદ્વાને અનેક અર્થ કર્યા છે, આઠ લાખ અર્થ કર્યા છે, તેમ એક બીજા વિદ્વાને પ્રભુનાં અનેક નામો દાખવ્યાં છે, તે સર્વ જાણીને પ્રભુને સેવો, પૂજો. આ પ્રભુને પણ પોતાના લાભ માટે જ નમવાના છે. તેઓની સેવા કરવી એ આત્મસેવા છે. આ નામના વિચારો અનુભવગમ્ય છે, જાતે અનુભવ કરવાથી પ્રાપ્ય થઈ શકે છે. જેમ જેમ પ્રાણીને અનુભવ થાય, સ્વયં સંવેદન થાય, તેમ તેને આ નામમાં રહેલો વિચાર-ચમત્કાર જણાય છે. નામો વાંચી જવાં કે પટપટ બોલી જવાં, એ એક વાત છે અને જાતે અનુભવ કરી તેને અવધારવાં, તે તો ઘણી ઊંચી વાત છે. અનુભવની વાત જ જુદી છે અને તેનો મહિમા કેટલો ભવ્ય છે તે તો આપણે અનુભવનાં પદોમાં જોઈ ગયા છીએ. એક વસ્તુનાં અનેક નામ હોવાં, તે સ્વાભાવિક છે, પણ તેનો જાતે અનુભવ કરવો, પોતાને તે લાગુ પાડવાં અથવા તે લાગુ પડી શકે છે એમ અવધારવું, તે તો બહુ જ સરસ વાત છે. એક પ્રભુનાં આ રીતે પિસ્તાલીશ કે તેથી વધતાં નામો જાણીને તમને કોઈ વાર આશ્ચર્ય થશે, તમને તેમાં અતિશયોક્તિ લાગશે, પણ જ્યારે તમે જાતે તેનું સંવેદન કરશો, ત્યારે તે સર્વ નામનો ચમત્કાર તમને જાતે અનુભવાશે અને ત્યારે તમને માલૂમ પડશે કે આ અનુભવની શાળા કાંઈ ઓર છે.

જે એ નામો અનુભવથી-સ્વસંવેદનથી જાણે છે, તેનો અવતાર આનંદના સમૂહ જેવો પ્રભુ કરે છે અને તેને પોતાના જેવો જ બનાવી દે છે. માટે પ્રભુને ભજવાનો નિર્ણય કરો,

**પાઠાંતર**—'એમ' સ્થાને એક પ્રતમાં 'અઈ' પાઠ છે, એનો અર્થ 'એમ' થાય છે. 'જે'ને સ્થાને એક પ્રતમાં 'જેહ' પાઠ છે; અર્થમાં ફેરફાર નથી. (૮)

**શબ્દાર્થ**—એમ = ઉપરોક્ત, ઉપર ગણાવ્યાં તે અને તેવાં. અનેક = એકથી વધારે, ઘણાં. અભિધા = નામો, ચાંદો, વિશેષણો, પદકો અનુભવગમ્ય = જાતઅનુભવ, તેનાથી સમજાય-જાણી શકાય તેવા. વિચાર = આ બધા અનુભવથી જાણી શકાય, સ્વસંવેદનથી સમજી શકાય તેવા વિચારો છે. જે જાણે = આ વિચારને જે જ્ઞાનમાર્ગે ઓળખે. તેહને = તેને. કરે = કરે છે. આનંદઘન = આનંદનો સમૂહ. અવતાર = જન્મ આનંદમય મનાવે પોતામય-આનંદસમૂહમય કરી દે. (૮)

જેથી તમે અનંત આનંદમય થઈ જાઓ, તમારા રોગ, શોક સઘળા ટળી જાય. પ્રભુમય થયા વગર, પ્રભુનાં અનેક નામો તમે જાણી શકશો નહિ. જાણ્યા પછી પણ તેને પોતાના આત્મામાં સંવેદવા યોગ્ય છે અને સંવેદીને છેવટે પ્રભુમય થઈ જવાય છે, એ પ્રભુનાં અનેક નામો જાણવાનો ચમત્કાર છે. પ્રભુ પોતે કેવા છે તે આવતા આઠમા સ્તવનમાં જાણશો, ત્યારે તમને આ તેમનાં અનેક નામો જાણવાની મહત્તા વધારે સમજાશે. અત્યારની તમારી ઘનઆવૃત દશામાં આ પિસ્તાલીશ કે તેથી વધારે અનેક નામો પ્રભુનાં હશે, એ વાતમાં અતિશયોક્તિ લાગશે, પણ એવું કાંઈ નથી. એમાં તો પ્રભુના મહિમાનો એક અંશ જ બતાવ્યો છે, તેનો ખરેખરો અભ્યાસ તો તમે સ્વસંવેદનથી કરી શકશો. (૮)

## ઉપસંહાર

આ રીતે આ સાતમું સ્તવન વિચાર્યું. આખા સ્તવનમાં પ્રભુનાં અનેક નામો જણાવવામાં આવ્યાં છે. એ જણાવવાનો હેતુ એ છે કે આપણે જેવા થવું છે તેની સાથે આપણે બરાબર ઓળખાણ કરવી જોઈએ. જે તે માણસને પકડી આપણે તેને અનુસરીએ અને તેમાં રાચીમાચી જઈએ એ આપણા જેવાને ઘટતું નથી. જેને પોતાનું સર્વસ્વ અર્પી, તેના જેવું થવું છે, તેને પ્રથમ તો એક દિશાએથી ઓળખવા જોઈએ; તેનામાં શી શી શક્તિઓ છે તેની તુલના આપણે કરવી જોઈએ. જેઓ પોતાના આરાધ્ય દેવની આ રીતે પરીક્ષા કરતા નથી અને આંખો મીંચીને ચલાવ્યે રાખે છે તેઓ આખરે પસ્તાય છે અને તે પસ્તાવો એવા સમયે થાય છે, કે જ્યારે ઘણું મોડું થઈ ગયેલું હોય. આવા પ્રકારના પશ્ચાત્તાપનો પણ કાંઈ અર્થ નથી. એટલે આપણી જે આદર્શમૂર્તિ ( ideal ) હોય, તેને અનેક દિશાએથી ઓળખવી જોઈએ. એ પછી એમના ચરણે શિર ઝુકાવવામાં અને જાતને તેમને સોંપવામાં દીર્ઘદૃષ્ટિ છે, સાચી સમજણ છે, વ્યવહારદક્ષતા છે.

આ સ્તવનમાં પ્રભુનાં જે અનેક નામો આપવામાં આવ્યાં છે તેને પ્રભુ દરેક રીતે યોગ્ય છે, એ તમે જાતે અનુભવી શકશો. અને અંતે એમ વારંવાર ધ્યાવતાં ધ્યાવતાં તમે આનંદના ઘનમાં એકરસ થઈ પ્રભુમય થઈ જશો અને આ તમારા જન્મ-મરણના ફેરા ટળી જશે. આ તો સીધી સડક છે. તમારું નિરતિશય સુખ આ પ્રભુના અનેક નામસ્મરણમાં જ છે. એટલા માટે પ્રભુને શાંતસુધારસના સમુદ્ર અને ભવસાગરના સેતુ કહેવામાં આવ્યા છે. અને, યાદ રાખજો કે, આ યોગની વાતમાં ગોટા વાળવા નહિ પાલવે. એમાં મન–વચન–કાયાના યોગોને સારી રીતે સ્થાપવા જરૂરી છે, તેથી આ પ્રભુને બરાબર ઓળખીને, તેમની સેવા એવી કરો કે તેમાં મન, વચન અને કાયાના યોગો એકબીજાના વગર વિરોધે એકત્વભાવે રહે અને તમારો મુદ્દો, જે પરમપદને પ્રાપ્ત કરવાનો છે, તે પ્રાપ્ત થાય. તે માટે મનમાં કંઈક, વચન જુદી જાતનું અને શરીરપ્રવૃત્તિ જુદી જાતની એમ ત્રિધા યોગ નહિ પાલવે. એમાં તો ત્રણે યોગોને એકત્ર કરી–એકત્વ સાધી –તે સર્વને શુભ ભાવે પ્રવર્તાવવાનો તમારો મુદ્દો જોઈએ, અને ગમે તેવે ભોગે પણ તે જળવાવો જોઈએ. જો આ ભયસ્થાનકને તમે ધ્યાનમાં રાખશો તો તમારી સેવના સાચી થશે અને તમે પરમપદને પ્રાપ્ત કરશો. એ હેતુ ધ્યાનમાં રાખી પ્રભુને તમે અનેક રીતે, અનેક દૃષ્ટિબિંદુથી ઓળખો તે માટે આ સ્તવનની રચના કરવામાં આવી છે. (૭)

[ડિસેંબર : ૧૯૪૯ ]

૮

# શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

## પ્રભુનાં દર્શન

**સંબંધ**—પ્રભુનું દર્શન થાય, તો પ્રભુ જેવા થવાની ભાવના થાય, અને, કદાચ તીર્થંકર ન થવાય તો, સામાન્ય કેવળી થઈ સિદ્ધસ્થાનકે પહોંચી જવાય અને આ જન્મ-મરણના ફેરા હુમેશને માટે દૂર થાય. માટે પ્રભુનું દર્શન ભાવ અને વિધિપૂર્વક થવું ઘણું જરૂરી છે. આ અનંત સંસારમાં પ્રાણી ફરી આવ્યો, અનેક ગતિમાં જઈ આવ્યો, પણ તે પ્રત્યેક ગતિમાં હજુ પ્રભુનું દર્શન થયું નથી, કારણ કે દર્શન બરાબર થયું હોય, તો તેને નસીબે લાગેલી આ રખડપટ્ટી હોય નહિ. એ રખડપટ્ટી જ બતાવી આપે છે કે એણે પ્રભુનું દર્શન અગાઉ કોઈ વાર કોઈ ગતિમાં કર્યું નથી. કલ્યાણમંદિર નામના સ્રોત્રમાં તેના કર્તા કહે છે કે न सकृदपि प्रविलोकितोऽसि. મને અનેક અનર્થો થયા છે, થાય છે અને હું સંસારમાં રખડું છું અને મને મર્મ વીંધી નાખે તેવી પીડાઓ અને અનર્થો હજુ સુધી ચાલુ હેરાનગતિ કર્યા કરે છે, તે સર્વ બતાવે છે કે ભગવાનનું એક પણ વખત દર્શન થયું નથી. એક વાત સમજી લેવાની છે કે હું અસંજ્ઞી મનુષ્ય સુધીની અનેક ગતિમાં આંટા મારી આવ્યો, પણ મારે મન ન હોવાથી મેં પ્રભુને પ્રભુ તરીકે ઓળખ્યા નથી અને તેમનું દર્શન મને થયું નથી.

કેટલાક પ્રાણીઓને સંસારમાં ફરવું ગમે છે. તેને મનમાં ઊંડુ ઊંડુ એમ થાય છે કે મોક્ષમાં તો ખાવાનું ન મળે, ફરવાનું ન મળે અને આખો વખત બેસી રહેવું પડે, તેના કરતાં આ સંસારમાં રહી સભાઓમાં ભાષણ કરવાની અને સગાં-સંબંધીઓના વેધવચકા જાળવવાની સ્થિતિ સારી. એવાને માટે આ સ્તવન નથી, પણ જેને સંસાર ઉપર કંટાળો ઊપજ્યો હોય અને જે તેનાથી થાકી ગયો હોય તેણે આ સ્તવનનો ભાવ ખૂબ મનન કરવા યોગ્ય છે. અંતે અહીંના પરિચયો તો છોડવા જ પડશે અને સર્વ સંબંધોને મૂકી જવું જ પડશે, એનો કોઈ બીજો માર્ગ નથી —એમ જેને લાગતું હોય તેણે વિધિપૂર્વક પ્રભુનું દર્શન કરવા જેવું છે. પછી ધીમે ધીમે પરિચય થશે અને પછી પ્રભુ જેવા થવાના કોડ જાગશે. એ જાગૃતિ લાવવા માટે આ સ્તવનનો બહુ મોટો ઉપયોગ છે. એમાં પ્રભુનું દર્શન કદી પણ થયું નથી, વિધિ પણ જળવાઈ નથી, એવો ભાવ રજૂ કર્યો છે. એ ભાવ સમજી પ્રભુદર્શનની મહત્તા સમજી આગમાનુસાર પ્રભુનું દર્શન કરવું અને પ્રભુ જેવા થવાના કોડ ઉત્પન્ન કરવા એ આ સ્તવનનો મુખ્ય આશય છે. એટલી પ્રસ્તાવના કરી આપણે આ સ્તવનનો ભાવ વિચારીએ. એ ઘણું વિચારવા લાયક સ્તવન છે એટલું તો સર્વ પ્રાણીઓ માટે કહી શકાય.

## સ્તવન

( રાગ કેદારો તથા ગોડી; કુમારી રોવે, આક્રંદ કરે, મુને કોઈ મુકાવે—એ દેશી )

દેખણ દે રે, સખી ! મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ; સખી૦
ઉપશમરસનો કંદ, સખી૦ ગત કલિ-મલ-દુઃખદંદ. સખી૦ ૧

**અર્થ**—હે સખી ! હે બહેન ! મને ચંદ્રપ્રભુ ભગવાનના મુખચંદ્રને જોવા દે, જોઈ લેવા દે, કારણ કે, તે શાંત રસનો કાંદો છે, એ ઉપશમ રસનું મૂળ છે અને એનાં કચરો અને દુઃખનાં દ્વંદ્વ નાશ પામી ગયેલાં છે. (૧)

**ટબો**[૧]—(એહવા પ્રભુનું દર્શન, કુણ ગતિ તેહની દુર્લભતા, કુણ ગતિ સુલભતા તે કહવાને શ્રી ચંદ્રપ્રભ સ્વામીનેં સ્તવેં છેં; હવેં શુદ્ધ ચેતનાતેં અશુદ્ધ ચેતના કહેં છેં) અરે સખી, અનાદિ અશુદ્ધ ચેતના આત્માઈં ઉપાધિભાવેં આદર્યા માટેં શ્રી ચંદ્રપ્રભ સ્વામીના મુખરૂપ ચંદ્ર પ્રતેં જોવાને દિઈં મુઝને. એ પ્રભુ ઉપશમરસનો સમતારસનો કંદક-કાંદો છે. અનેક સુર અને નર તેહનાઈં પ્રતે સેવેં છેં જેહનઈં. વલી જેહથી કલિ–કિલેસ મલદુખના દંદસમુદાય સર્વ ગયા છેં જેહથી એહવાનેં જોવા દઈં. (૧)

**વિવેચન**—અહીં તો પ્રભુના મુખચંદ્રને દેખવાની વાત છે. એ મુખરૂપ ચંદ્રમા એવો સુંદર છે કે પોતાની સખીને હૃદયની વાત કરે છે, કે હે પ્રિય સખી ! મને એ મુખરૂપ ચાંદાનાં દર્શન જરૂર કરી લેવા દે; મારા જીવને તેથી નિરાંત થશે અને મને આનંદ આવશે. આ સ્તવનમાં તો હજુ પ્રભુની પ્રથમ ઓળખાણ થાય છે, માટે માત્ર દર્શન કરવાની જ વાત તે

---

**પાઠાંતર**—એક પ્રતમાં ' ચંદ્રપ્રભુ મુખચંદ, સખિ મોનેં દેખણ દે ' એમ આ સ્તવનની શરૂઆત કરી છે. બીજી પ્રતમાં ' ચંદ્રપ્રભુ મુખચંદ સખી મો દેખણ દે ' એ પ્રમાણે શરૂઆત કરી છે. ' કલિ ' સ્થાને એક પ્રતમાં ' કલી ' શબ્દ વપરાયો છે. ' ઉપશમરસનો કંદ ' એ પાઠ બરાબર છે, પણ એની પાછળ ' સેવે સુરનરઇંદ ' એવો પાઠ મૂકે છે, અને તે રીતે ગાથા પૂરી કરે છે. (૧)

**શબ્દાર્થ**—દેખણ દે = જોવા દે, અવલોકવા દે. બીજી વાર તે શબ્દનો એ જ અર્થ છે. મુને = મને. મુખચંદ = મુખરૂપ ચંદ્રમા, મુખચંદ્ર. ચંદ્રપ્રભુ = આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુ. ઉપશમરસનો = શાંત રસનો, શાંતિનો, ચિર ઠંડાપણાનો. કંદ = એ કાંદો છે, એ એનું મૂળ છે. શાંત રસનો એ કાંદો છે. ગત = ગયું છે એવું જેનું, ગયેલ છે એટલે નાશ પામેલ છે. કલિ = કાદવ, ગાડાના પૈડામાં થતો મેલ. દુઃખ = પીડા, ઉપાધિ. દદ = એટલે એનું જોડલું, જેમનો મેલ તથા દુઃખ બંને નાશ પામી ગયાં છે એવા. (૧)

---

૧. આ સ્તવનના ટબામાં વિવેચનકર્તાની સરતચૂકથી કેટલોક ભાગ નવમા શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવનના ટબાનો નોંધાયો હતો, અને બાકીનો ભાગ પણ અધૂરો હતો તેથી આ આખા સ્તવનનો ટબો અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની નં. ૩૭૪૧ ની પ્રતને આધારે ઉતારીને અહીં આપ્યો. શ્રી મોતીચંદભાઈએ ટબાનો ભાવ મોટે ભાગે અત્યારની ભાષામાં ઉતાર્યો છે, પણ અહીં એમ ન કરતાં ટબો જેમનો તેમ જ આપ્યો છે.—**સંપાદક**

પોતાની વહાલી બહેનપણી પાસે મૂકે છે. ચંદ્રપ્રભુના મુખરૂપ ચાંદો એવો સુંદર છે કે એને ધરાઈ ધરાઈને જોવાના આ સ્ત્રી ( અશુદ્ધ ચેતના )ને કોડ થયા છે. આ પદમાં ' દેખણ દે ' શબ્દ બે વાર આવે છે, તેમાં પુનરુક્તિ દોષ નથી, પણ તે દેખનારની અગાઉ ન જોયેલ ચીજને દેખવાની તીવ્ર ઇચ્છા બતાવે છે. એ મુખચંદ્ર કેવું છે તેનું હવે તે સખી પાસે વર્ણન કરે છે અને પોતાની તેને દેખવાની ઇચ્છા શા માટે થઈ તેનું કારણ ગર્ભિતપણે તે વર્ણનમાં સમાવી દે છે.

એ પ્રભુનું મુખચંદ્ર ઉપશમરસના કાંદા સમાન છે. જેમ કાંદામાંથી અનેક અંકુરો જન્મે છે તેમ પ્રભુના મુખચંદ્રમાંથી આખો ઉપશમરસ જન્મે છે. અને વળી, એ મુખચંદ્રમાંથી કાદવ–કીચડ ગયો છે અને દુઃખનાં દ્વંદ્વો નાશ પામી ગયેલાં છે. દુઃખનાં દ્વંદ્વો એટલે સુખ અને દુઃખ; તેવી જ રીતે અનેક દ્વંદ્વો બને છે; જેમ કે સંસાર અને મોક્ષ અથવા ઉપશમ અને અનુપશમ. આવાં તેમ જ પુણ્ય-પાપ એ દ્વંદ્વ છે. તે સર્વ દ્વંદ્વો જેનાં નાશ પામી ગયાં છે, તે ચંદ્રપ્રભુના મુખચંદ્રનાં મને દર્શન કરી લેવા દે. પ્રભુ તો મોક્ષમાં બિરાજમાન થઈ ગયા છે, એને કોઈ જાતના સુખ-દુઃખનાં કે બીજાં કલ્પી શકાય તેવાં કોઈ દ્વંદ્વ રહ્યાં નથી. એવા પ્રભુના મુખચંદ્રને મને જોઈ લેવા દે, એનાં મને દર્શન કરી લેવા દે. હું પછી ધીમે ધીમે તેમની સાથે પરિચય કરીશ. આ સ્તવનમાં દર્શનનો મહિમા બતાવ્યો છે. પ્રભુ કેવા છે તેનો પરિચય પછીનાં સ્તવનોમાં થશે, હાલ તો તેમના મુખચંદ્રને જોઈ લેવાની જ વાત છે. તેમાં બે વાત જણાવી કે એ મુખચંદ્ર ઉપશમરસના કંદ છે અને એમાં કાદવ–કીચડ કોઈ પણ જાતનો નથી અને એને કોઈ પણ પ્રકારનાં દ્વંદ્વોનો સંબંધ અગાઉ હશે તે પણ હાલ તો ગયો છે. તેથી મને એમના મુખચંદ્રનાં દર્શન કરી લેવા દે. આ પ્રકારે અશુદ્ધ ચેતના શુદ્ધ ચેતના નામની પોતાની બહેનપણીને વહાલથી ઉદ્દેશી કહે છે. તે જોઈ લઈ તેનાં દર્શન કરવાના કોડ એને કેમ થયા છે તે હવે જણાવે છે. (૧)

સુહમ નિગોદે ન દેખીઓ, સખી૦ બાદર અતિહિ વિસેસ; સખી૦
પુઢવી આઉ ન લેખિયો, સખી૦ તેઉ-વાઉ ન લેસ. સખી૦ ૨

**પાઠાંતર**—પહેલી ગાથા પ્રતમાં બીજી ગાથાને છેડે પૂરી કરી તેને ૧ એક નિર્દેશ કર્યો છે. ' સુહમ ' સ્થાને ' સુહુમ ' શબ્દ બે પ્રતમાં છે. ' વિસેસ ' સ્થાને છાપેલ એક પુસ્તકમાં ' વિશેસ ' શબ્દ મૂક્યો છે. ' અતિહિ ' સ્થાને એક પ્રતમાં ' અતિહી ' પાઠ છે. ' લેખીઓ ' સ્થાને બે પ્રતમાં ' લેષીઓ ' પાઠ આપ્યો છે. ' ન લેસ 'ને બદલે ' ન દેશ ' પાઠ એક પ્રતમાં છે. ત્રીજા પાદમાં ' આઉ ન 'ને સ્થાને ' આન ન ' એવો પાઠ આપ્યો છે. (૨)

**શબ્દાર્થ**—સુહમ = સૂક્ષ્મ, જે નરી આંખે દેખી ન શકાય તેવી, અત્યંત નાની. નિગોદે = ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલ અવ્યવહારરાશિના એકેંદ્રિય જીવો. ન દેખીઓ = ન દેખ્યો, એ મુખરૂપ ચંદ્રમા ન દેખ્યો, ન જોયો, ન પરખ્યો. બાદર = આંખે દેખી શકાય તેવી, બાદરનિગોદમાં; નિગોદમાં શબ્દ અધ્યાહાર છે. અતિહિ = ઘણી, ખૂબ, વધારે. વિસેસ = વધારે, એટલે બાદરનિગોદમાં પણ જે મુખચંદ્રને ખાસ વધારે કરીને ન જોયું, ન દેખ્યું, ન જાણ્યું. પુઢવી = પૃથ્વીકાય, એકેંદ્રિય પૃથ્વીના જીવો. આઉ = પાણી, જળ,

**અર્થ**—એ પ્રભુના મુખચંદ્રને સૂક્ષ્મ નિગોદમાં મેં જોયો નથી અને ખાસ કરીને બાદર નિગોદમાં પણ મેં એને જોયેલ નથી; તેમ જ પૃથ્વીકાય અને અપ્કાયમાં એકેંદ્રિયમાં મેં તેને જાણ્યો નથી અને તેજસ્કાયમાં અને વાયુકાયમાં એને જરામાત્ર પણ જોયેલ નથી. (૨)

**ટબો**—(અનાદિ સંસારિ એટલી જાય ગાઇ તે પ્રભુને ન દેખ્યો તે વિનતિ રૂપે કહે છે.) સુહુમનિગોદે અવ્યવહાર નિગોદે અત્યંત અબોધ તીવ્ર મોહે કરી પ્રભુને દીઠો નહીં. તથા બાદર નિગોદમાંહિં પણ ન દેખ્યો. અહીં હે સહિયાણી, પૃથ્વી પાણીમાંહિં પણિ ન દેખ્યો, મિથ્યાત્વના ઘરમાંહિ હે સખિ, વલી તેઉકાય વાઉકાયમાંહિ પણિ લેસ માત્ર દીઠો નહીં; એ સર્વ સૂક્ષ્મ અને બાદર બેઉ લેવા. એગેંદિ નિયમા અનાણી ઇતિ આગમ—"**सम्मपि न तेउवाउभूया इति वचनात् । (२)**

**વિવેચન**—આ અશુદ્ધ ચેતના પોતાની બહેનપણીને કહે છે કે સૂક્ષ્મ નિગોદ, જે આ દુનિયામાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે અને જેના જીવોને માત્ર એક સ્પર્શેન્દ્રિય જ હોય છે, તે ગતિમાં એકેન્દ્રિય તરીકે આ જીવે અવ્યવહાર અને વ્યવહારરાશિમાં અનંત કાળ પસાર કર્યો છે. ત્યાં તો જીવવાનો સમય ઘણો ટૂંકો અને એક શ્વાસોશ્વાસ લેવાય તેટલા સમયમાં સાડાસત્તર ભવ નિગોદ કરે એટલે સત્તર વાર જન્મે અને મરણ પામે, અને અઢારમી વખત જન્મે, ત્યાં પ્રભુનાં દર્શન કરવાને માટે જે મન હોવું જોઈએ, તે હોતું નથી; એવા નિગોદ તરીકે મેં અનંત કાળ પસાર કર્યો, ત્યાં અનંત કાળમાં મેં ભગવાનનું દર્શન કર્યું નથી. મને ભગવાનને જોવાની ત્યાં ઇચ્છા થાય તોપણ તે બની શકે તેમ નહોતું, કારણ કે ભગવાનને ઓળખવા માટે જે મન જોઈએ તે મન જ મારી પાસે નહોતું. અવ્યવહારરાશિમાંથી નીકળી પ્રાણી વ્યવહારરાશિમાં ઘર્ષણઘૂર્ણન ન્યાયે આવે છે. જેમ નદીમાં પથરો ઘડાઈને પોતાની મેળે ગોળ મજાનો પાંચીકો થઈ જાય છે, તેમ હું વ્યવહારરાશિમાં આવ્યો. પણ ત્યાં પણ એક જ ઇંદ્રિય હોય છે અને મન હોતું નથી. મેં એ અનંત કાળમાં એક વાર પણ પ્રભુને દેખ્યા નહિ. અને સૂક્ષ્મ નિગોદ મટીને બાદર નિગોદમાં આવ્યો ત્યાં પણ મને પ્રભુને દેખવાનો વિશેષે કરીને મોકો ન જ મળ્યો; કારણ, બાદર નિગોદમાં આ જીવ વ્યવહારીઓ થાય છે, પણ તેને ઇંદ્રિય એક જ હોય છે અને તેને મન હોતું નથી. અને ત્યાર પછી હું પૃથ્વીકાયમાં આવ્યો, ત્યાં પણ મારા એકેંદ્રિયપણાને લીધે મેં પ્રભુનું દર્શન ન કર્યું, તેનું મુખચંદ્ર જોયું નહિ અને તેમને ઓળખ્યા નહિ. તેથી પૃથ્વીકાય પણ વિચારપથમાં લેવા લાયક નથી. ત્યાર પછી, ઘર્ષણઘૂર્ણન ન્યાયે, હું અપ્કાયમાં ગયો. ત્યાં પાણી–જળ થયો, પણ મેં તે ગતિમાં પણ પ્રભુને દેખ્યા નહિ. અપ્કાયને પણ એકલી સ્પર્શેન્દ્રિય જ હોય છે, તેઓને દેખવાનો સવાલ

---

જેમાં અપ્કાય એકેંદ્રિય જીવો છે તે ગતિમાં હું ગયો, ત્યાં પ્રભુમુખચંદ્રને મેં ન જોયું, ન ઓળખ્યું. તેઉ = તેજસ્કાય, અગ્નિના એકેંદ્રિય જીવો, ત્યાં ગયો એટલે તેજસ્કાય એકેન્દ્રિયપણે ઊપજ્યો ત્યારે પણ મેં પ્રભુમુખચંદ્રને ન જોયું. વાઉ = વાયુકાય, પવન, હવાના એકેંદ્રિય જીવોની ગતિમાં ગયો ત્યાં પણ પ્રભુમુખચંદ્ર ન જોયું. એકેંદ્રિયને મન હોતું નથી, તેથી તે જીવો પ્રભુને જુએ તો તેને પરખી–ઓળખી શકે નહિ. ન લેશ = જરા પણ નહિ. એકેંદ્રિયગતિમાં પ્રભુમુખચંદ્રને જરા પણ જોયું કે ઓળખ્યું નહિ. (૨)

જ રહેતો નથી. ત્યાર પછી આગળ વધતાં હું અગ્નિકાયમાં આવ્યો. ત્યાં મેં અનેક ભવ તેજસ્કાય–અગ્નિકાય તરીકે પસાર કર્યા. તેમને એક જ સ્પર્શેન્દ્રિય હોવાથી ત્યાં પ્રભુને દેખવાનો સવાલ જ નહોતો. જ્યાં આંખ નથી, મન નથી, ત્યાં પ્રભુના દર્શનનો સવાલ જ ક્યાં રહે? ત્યાર પછી નદીગોળપાષાણ ન્યાયે અને અકામ નિર્જરાના બળે હું વાયુકાયમાં આવ્યો. વાયુકાયના જીવોને પણ માત્ર સ્પર્શેન્દ્રિય હોવાથી અને મન ન હોવાથી ત્યાં પ્રભુમુખચંદ્ર જેવી અસાધારણ ચીજ જોઈ જ શકાય તેમ નહોતું, તેથી મેં એ ગતિમાં પણ પ્રભુને જોયા જ નથી. આ રીતે મારી અનેક રખડપાટો છતાં મને હજુ સુધી પ્રભુના મુખચંદ્રનાં દર્શન એક વાર પણ થયાં નથી.

સૂક્ષ્મ નિગોદને અવ્યવહારરાશિ કહે છે. ત્યાર પછી તે બાદર એટલે દેખી શકાય તેવી નિગોદમાં આવે, ત્યારે તેને વ્યવહારરાશિયો જીવ કહે છે. ત્યાર પછી એ અનેક વાર સૂક્ષ્મ નિગોદમાં જાય, તોપણ તે વ્યવહારરાશિયો કહેવાય છે. આ અનંત સૂક્ષ્મ નિગોદમાં અને ત્યાર પછી એકેંદ્રિય પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં પ્રાણી અથડાઈ–પછડાઈને આવે છે. જેમ નદીમાં સુંદર પાષાણ હોય તેને કોઈ ઘડવા જતું નથી, પોતાની મેળે અથડાઈને ઘડાય છે, તેમ મારા હાલ થયા અને અકામ નિર્જરા કરતો કરતો હું આગળ વધતો ગયો; પણ આંખ ન હોવાથી પ્રભુને દેખી શક્યો નહિ. આ પ્રમાણે આનંદઘન અથવા અશુદ્ધ ચેતના શુદ્ધ ચેતનાને પોતાની થયેલી સ્થિતિ અને મુખચંદ્ર આટલા લાંબા અનંત કાળમાં જોવાની પોતાને તક મળી નથી તે બતાવે છે. (૨)

વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી૦ દીઠો નહીં ય દીદાર; સખી૦
બિ-તિ-ચઉરિંદી જલ લીહા, સખી૦ ગતસન્નિ પણ ધાર. સખી૦ ૩

---

**પાઠાંતર**—પ્રતમાં 'વનસ્પતિ'નો તી દીર્ઘ કર્યો છે એક છાપેલ પુસ્તકમાં 'વનસપતિ' એવો પાઠ છે. 'ઘણ' સ્થાને પ્રતમાં 'ઘણી' પાઠ છે. 'દિહા' શબ્દને સ્થાને 'દીહા' શબ્દ એક પ્રતમાં છે. 'ચઉરિંદી' સ્થાને પ્રતમાં 'ચોઉરંદી' પાઠ છે અને 'જલ' શબ્દ વધારે છે. 'પણ' સ્થાને એક પ્રતમાં 'પીણ' પાઠ આપ્યો છે.(૨)

**શબ્દાર્થ**—વનસ્પતિ = ઝાડ કે છોડની વનસ્પતિકાયમાં ઘણા દિવસ ગયો, ત્યાં પણ મેં પ્રભુને દીઠા નહિ, દીઠા હોય તો ઓળખ્યા નહિ, જાણ્યા નહિ. અતિ=અત્યંત. ઘણ=ઘણાં, બહુ, એકથી વધારે દિહા= દિવસો, અનેક દિવસો સુધી હું વનસ્પતિકાય એકેન્દ્રિયમાં ઉત્પન્ન થયો, પણ ત્યાં મન ન હોવાને કારણે પ્રભુને જોયા નહિ, જોઈને ઓળખ્યા પણ નહિ. દીઠો=જોયો, જાણ્યો, ઓળખ્યો. નહીંય=નહિ, નહિ જ. ત્યાં પ્રભુને પિછાન્યા નહિ. દીદાર=ચહેરો, મુખ, મુખડું. વનસ્પતિકાય એકેન્દ્રિયમાં પણ પ્રભુને દેખ્યા નહિ, જોયા હોય તો ઓળખ્યા નહિ. બિ=બેઇન્દ્રિય જીવો. હું જળો, પોરો વગેરે થયો, પણ ત્યાં મનને અભાવે પ્રભુને ઓળખ્યા નહિ. તિ=તેઇન્દ્રિય થયો, માંકડ, જૂ વગેરે થયો, તેઇન્દ્રિયના અનેક ભવ કર્યા, પણ ત્યાં ભગવાનને ઓળખ્યા નહિ. બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા જીવને મન હોતું નથી. ચઉરિંદી=વીંછી થયો, ભમરી થયો અને ચૌરિન્દ્રિયના અનેક ભવ કર્યા, પણ ત્યાં પ્રભુને ઓળખ્યા નહિ. જળલીહા=પાણીમાં દોરેલ લીંટી; પાણીમાં દોરેલ લીંટી તો જોતજોતામાં નકામી થઈ જાય છે, નાશ પામે છે, વધારે વખત ટકતી નથી, એમ મારું ત્યાં જવું પણ નકામું થયું. એટલે આટલે સુધી આવ્યો, પણ ત્યાં પ્રભુને જોયા નહિ ગતિસંજ્ઞિ=જેની સંજ્ઞા

**અર્થ**—એકેન્દ્રિયમાં અતિ ઘણા દિવસ હું રહ્યો, પણ ત્યાં તે મુખચંદ્રને જોઈ શક્યો નથી. એ ચહેરો મારે તો તદ્દન જોયા વગર રહ્યો છે, અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં હું રહ્યો, ત્યારે જાણે પાણીમાં લીંટી કાઢતો હોઉં, તેમ તેમનાં દર્શન વગર હું રહ્યો અને સંજ્ઞા રહિત પંચેન્દ્રિયમાં પણ તેમને જોયા વગરનો છું. (૩)

**ટબો**—વનસ્પતિપણિ અનંત કાલ, માટિ ઘણુ દીહા કહિઈ. दीहठिई वणस्सइ त्ति આગમ, પાઠે. તિહા પણિ દીદાર–દર્શન ન પામ્યો. દ્રવ્ય થકી પિણ દેખવું નથી તિહાં. બેંદ્રી, તેંદ્રી, ચઉરેંદ્રી એહને પણિ જડની રેખા વિકલેંદ્રિય માટે અપર્યાપ્તા પર્યાપ્તા સર્વે જાણવા. ગતિ સન્નિયા પાંચ ઠાંમ છૈં તિહાં પણ ન દીઠો. (૩)

**વિવેચન**—એમ કરતાં ઘર્ષણઘૂર્ણન ન્યાયે, નદીગોળપથ્થરની પેઠે, ફરતો–રખડતો હું ઘણા કાળ સુધી વનસ્પતિકાયમાં રહ્યો. વનસ્પતિ અનેક પ્રકારની છે. કોઈ વખત હું ઝાડનો છોડવો થઈ આવ્યો અને કંદમૂળાદિમાં હું ઘણી વાર ગયો. ત્યાં એક શરીર અને અનંત જીવો હોય; તેઓ સર્વ એક જ શરીરને ભોગવ્યા કરે. આવી વનસ્પતિમાં હું ઘણા દિવસ રહ્યો. એ રીતે વનસ્પતિકાયમાં હું ઉત્પન્ન થયો, પણ ત્યાં મને માત્ર એક સ્પર્શેન્દ્રિય મળી હતી તે ચાલુ રહી, તેમાં કાંઈ વધારો થયો નહિ. ત્યાંથી આગળ જતાં, ઘણા દિવસ પસાર કર્યા પછી, હું બેઇંદ્રિય થયો. ત્યાં મને સ્પર્શેન્દ્રિય સાથે રસેંદ્રિય મળી. હવે હું સ્વાદ લેવા લાગ્યો, પણ આંખને અભાવે મેં પ્રભુને દેખ્યા નહિ. બેઈન્દ્રિય ગતિમાં ઘણો સમય કાઢ્યા પછી હું તેઈંદ્રિય થયો. મને સ્પર્શન અને રસના સાથે નાસિકાની ઇંદ્રિય મળી અને હું જગતમાં તેઇંદ્રિય તરીકે ઓળખાયો, પણ આંખ ન હોવાથી અને મન ન હોવાથી, મેં પ્રભુનાં દર્શન જ કર્યાં નહિ. મારો જન્મ એ રીતે વૃથા ગયો. ત્યાર પછી આગળ વધતાં હું ચઉરિન્દ્રિય થયો. આંખ મળી, પણ મન ન મળ્યું. પ્રભુને મેં આંખો વડે દેખ્યા હોય તોપણ મન ન હોવાથી પ્રભુ તરીકે જાણ્યા નહિ. મારી દશા તો પાણીમાં કાઢેલ લીંટી જેવી થઈ. પાણીમાં લીંટી કાઢે તો જોતજોતામાં ખલાસ થઈ જાય છે, પાણીના વિભાગ પડતા નથી અને લાઈન દોરવાની મહેનત માથે પડે છે, તેના જેવી મારી દશા થઈ. આ રીતે ચઉરિન્દ્રિય ગતિમાં પણ મેં પ્રભુનાં દર્શન કર્યાં નથી. અને ત્યાર પછી હું અસંજ્ઞી પંચેન્દ્રિય થયો. પુરુષનાં નવ દ્વારે અને સ્ત્રીઓનાં બાર દ્વારે હું ઉત્પન્ન થયો, મને વધારામાં પાંચમી શ્રોત્રેન્દ્રિય મળી. હું હવે સ્પર્શન, રસના, ગંધ, ચક્ષુ અને શ્રોત્રયુક્ત થયો, પણ મને મન ન હોવાથી પ્રભુને પ્રભુ તરીકે મેં જાણ્યા નહિ, અને મારી રખડપટ્ટી ચાલુ રહી.

---

ગયેલી છે એવા પંચેન્દ્રિયપણે મેં પ્રભુને ઓળખ્યા નહિ. પણ = પંચેન્દ્રિયપણામાં, પાંચ ઇન્દ્રિય મળી, પણ મને અસંજ્ઞીપણામાં મન ન મળ્યું એટલે પંચેન્દ્રિયપણું પણ મારું નકામું ગયું. ધાર = સમજ, વિચાર, જાણ; એમાં પણ એવી જ સ્થિતિ થઈ એમ તું જાણ. તિર્યંચો પંચેન્દ્રિયપણામાં જળચર, થળચર (ભૂચર), અને ખેચર થાય છે, અને કોઈ ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ થાય છે, ત્યાં પણ મન ન હોવાથી પ્રભુને દેખ્યા–જાણ્યા–પિછાન્યા નહિ. (૩)

ઉપર ચઢ્યા પછી પાછો જીવ પડી પણ જાય છે, એ રીતે આગળ વધતાં અનેક વખત હું પાછો પણ ગયો, પણ પ્રભુનું અત્યાર સુધીમાં ક્યારેય દર્શન થયું નથી. થીયરી ઓફ ઇવોલ્યુશન (Theory of Evolution)–ઉત્ક્રાંતિવાદમાં અને જૈનધર્મની સિદ્ધ વ્યવસ્થામાં ફેરફાર એ છે કે ઇવોલ્યુશનવાળા જીવની આગળ પ્રગતિ માને છે, પણ એમાં જીવ પાછો પડતો નથી; પણ જૈન સિદ્ધાંત પ્રમાણે જીવ પડી પણ જાય છે; એ આગળ જ વધ્યા કરે એમ સમજવાનું નથી. એ, વિષય-કષાયમાં લુબ્ધ થયો હોય તો, પાછો નિગોદમાં પણ જાય. આ રીતે પડતાં-આખડતાં અને આગળ વધતાં એ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી પહોંચ્યો છે, પણ અત્યાર સુધી એને પ્રભુનાં દર્શન થયાં નથી; મન ન હોવાથી એણે પ્રભુને કદી પણ પ્રભુ તરીકે પિછાન્યા નથી અને હજુ સુધી તેને તેવી તક પણ મળી નથી. એનો રખડપાટો તો ચાલુ જ રહ્યો છે અને તે મોટાંનાનાં આયુષ્ય ભોગવે, છતાં તેણે હજુ સુધી પ્રભુને ભગવાન તરીકે જાણ્યા-દેખ્યા નથી. શુદ્ધ ચેતનાને અશુદ્ધ ચેતના કહે છે કે તું હવે મને પ્રભુને દેખવા દે. (૩)

સુર તિરી નિરય નિવાસમાં, સખી૦ મનુજ અનારજ સાથ; સખી૦
અપજત્તા પ્રતિભાસમાં, સખી૦ ચતુર ન ચઢીઓ હાથ. સખી૦ ૪

**અર્થ**—એ ઉપરાંત, દેવો, તિર્યંચો અને નારકોનાં ઉત્પત્તિસ્થાનમાં પણ એના દર્શનથી વંચિત રહ્યો છું. અને અનાર્ય માણસોના સંગાથમાં પણ હું તેના દર્શનથી વંચિત રહ્યો છું. વળી, આગળ ચાલતાં, અપર્યાપ્તાના પ્રતિભાસને વખતે પણ એ ચતુર ભગવાન મારે હાથ ચઢ્યા નથી, હું એમનું મુખકમળ જોયા વગરનો રહી ગયો છું. (૪)

**ટબો**—સુર-દેવતા, તિર્યંચ, નારકી ૩ તેહના નિવાસમાં મનુષ્ય ૪ તેહંમાહિ, વલી અનાર્ય ઇત્યાદિક સમુદાયમાં સન્નિયા મધ્યે પણ; યદ્યપિ સન્નિયા પર્યાપ્તા છે તોપણ અપર્યાપ્તાભાસ ધર્મ-સંજ્ઞા વિના ત્યાં પણ ચતુર સર્વ કળાકલનકુશળ, દીનાનાથ, હાથ ન આવ્યા, માટે તું મને જોવા દે એમ તુજને કહું છું. (૪)

**વિવેચન**—ત્યાર પછી હું દેવગતિમાં પંચેન્દ્રિય તરીકે ગયો, પણ ત્યાં મેં પ્રભુને પ્રભુ તરીકે જાણ્યા નહિ. દેવગતિમાં દેવતાઓ આનંદ-મોજ-મજામાં અને વિષય-કષાયમાં એવા પડી જાય છે

---

**પાઠાંતર**—એક પ્રતમાં ' નિવાસ ' સ્થાને ' નીવાસ ' શબ્દ મૂકવામાં આવ્યો છે. એ પ્રતમાં ' અનારજ ' સ્થાને ' અનારિજ ' પાઠ મૂક્યો છે. ' અપજત્તા ' બદલે એક પ્રતમાં ' અપજતા ' પાઠ છે. ' ચતુર ન ' સ્થાને એક પ્રતમાં ' ચતુર નર ' પાઠ છે. ' હાથ ' સ્થાને એક પ્રતમાં ' હાથી ' પાઠ છે. (૪)

**શબ્દાર્થ**—સુર = દેવતા, દેવો અને અસુરો, ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક તિરી = તિર્યંચ, જળચર અને સ્થળચર અને ખેચર. નિરય = સાત નારકી, નારકોની ગતિ. નિવાસમાં = તેમને રહેવાનાં સ્થાનોમાં, ઠેકાણામાં. મનુજ = મનુષ્ય, પણ તે કેવા ?–અનારજ = અનાર્ય, આર્ય નહિ તેવા, હિંસક અને પાપી લોકો. સાથ = અનાર્ય મનુષ્યો સાથે, સોબતમાં. અપજત્તા = અપર્યાપ્તા, એટલે જેણે પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરી ન હોય તેવા. પ્રતિભાસ = દેખાવમાં, દેખીતા. એવા સર્વ પંચેન્દ્રિયોમાં, ચતુર = ડાહ્યો માણસ, શુદ્ધ ચેતન, પ્રભુ, ભગવાન. ન ચઢીઓ = ન ચઢ્યો. હાથ = મારા હાથમાં ન આવ્યો. (૪)

કે તેમને મન હોવા છતાં પ્રભુને પ્રભુ તરીકે બરાબર ઓળખી શકતા નથી. તો હે શુદ્ધ ચેતના ! અત્યારે મને પ્રભુને બરાબર જોઈ લેવા દે. હું કેંક વાર પંચેન્દ્રિય તિર્યંચગતિમાં ગયો. ત્યાં હું જળચર થયો અને મને મગરમચ્છ વગેરે જળચરનું રૂપ મળ્યું; ત્યાર પછી ગાય, ભેંસ, બકરો, બકરી વગેરે સ્થળચર થયો. અને પછી અનેક પ્રકારનો હું ખેચર પક્ષી થયો. પછી ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ થયો, પણ મને મન હોવા છતાં મેં ત્યાં પણ એ ગતિમાં પ્રભુને પ્રભુ તરીકે જાણ્યા નહિ. વળી, હું અનેક વાર નારક થઈ આવ્યો, ત્યાં મેં અનેક પ્રકારની પીડા ખમી, ત્યાં ક્ષેત્રદેવના, અન્યોન્યકૃત વેદના અને પરમાધામીકૃત વેદના મેં સહન કરી અને મને મન હતું પણ મેં પ્રભુને પ્રભુ તરીકે દેખ્યા નહિ, જાણ્યા નહિ. અને પરિણામ એ થયું કે એ શુદ્ધ ચેતનાવાળા પ્રભુ મારે હાથ ન ચઢ્યા અને મેં એમનાં દર્શન ન જ કર્યાં. હું તો આ રીતે બધી ગતિમાં રખડ્યો, પણ પ્રભુનું દર્શન પ્રભુ તરીકે કદી કર્યું જ નથી. હે શુદ્ધ ચેતના ! મારી સ્થિતિ આવી થઈ અને હવે તેમાં ફેરફાર કરવો છે. પ્રભુને એકાદ વખત ભાળું, તો તેમના જેવા થવાનું મન પણ થાય, તેથી આ વખતે તો હે બહેન ! તેમનાં દર્શન ધરાઈ ધરાઈને મને કરી લેવા દે અને મારી અભિલાષા પૂર્ણ થવા દે. (૪)

ઇમ અનેક થળ જાણીએ, સખી૦ દરિસણ વિણુ જિનદેવ; સખી૦
આગમથી મત આણીએ, સખી૦ કીજે નિરમળ સેવ. સખી૦ ૫

**અર્થ**—આવી રીતે જિનેશ્વરદેવનાં દર્શન કર્યા વગર હું અનેક સ્થળે રખડ્યા છું, હવે તો જૈન શાસ્ત્રોથી બુદ્ધિને ભાવિત કરીને એમની સેવા કરીએ એવી મારી ઇચ્છા છે. (૫)

**ટબો**—એમ અનેક સ્થાનક ચોરાશી લક્ષ જીવાયોનિમાં, હે દેવ ! તુમ્હારા દર્શન વિના સર્વ સ્થાનકો મેં ફરસ્યાં. સંજ્ઞીપણામાં પણ દેખ્યા તેમ કહ્યું. સદાગમથી નિર્મળ મતિ કરી શઠ-હઠાદિક દોષશુદ્ધિવાળી બુદ્ધિ કરી જ્યો નિર્મળ નિર્દંભથી સેવા કરવી. (૫)

**વિવેચન**—આવી રીતે એકેંદ્રિયથી માંડીને પંચેદ્રિય સુધીનાં અનેક સ્થાનોમાં મેં જિનેશ્વરદેવનાં દર્શન કર્યાં નથી અને હું તો અત્યાર સુધી પ્રભુને જોઈ-ઓળખી શક્યો નથી. કોઈ પણ જાતિ નથી, કોઈ પણ ગતિ નથી, કોઈ પણ યોનિ નથી, જ્યાં આ જીવ અનેક વાર ન ગયો

---

**પાઠાંતર**—'જાણીએ' સ્થાને પ્રતમાં 'જાણીઈ' પાઠ છે, તે અસલ ગુજરાતી સૂચવે છે. 'વિણુ' સ્થાને એક પ્રતમાં 'વિણ' પાઠ છે. 'મત' સ્થાને 'મતિ' પાઠ એક પ્રતમાં છે. 'કીજે'ને સ્થાને એક પ્રતમાં 'કીજૈ' પાઠ છે, તે જૂની ગુજરાતીને લઈને છે. એક પ્રતમાં 'મત' ને સ્થાને 'મન' પાઠ છે. 'આણીએ' સ્થાને એક પ્રતમાં 'યાણીએ' પાઠ છે. (૫)

**શબ્દાર્થ**—ઇમ = એમ, આગળ જણાવ્યા તે. અનેક = એક નહિ તે, બહુ, ઘણાં. થળ=સ્થળ, સ્થાન, ઠેકાણાં. જાણીએ = પ્રત્યક્ષ જોઈએ. દરિસણ = દર્શન, જોવું તે, જાણવા તે. વિણુ = વિનાના છે, એ સ્થાને ભગવદ્દર્શન થતાં નથી, ભગવાન ત્યાં જણાતા નથી. જિનદેવ = જિનેશ્વર ભગવાન, એએ સ્થાનોએ ભગવાનનાં દર્શન થતાં નથી. આગમથી = શાસ્ત્રથી, સમયથી, આગમથી. મત = મતિ, અભિપ્રાય. આણીએ = કરીએ, કીજે = કરીએ, સેવીએ. ભજીએ. વિચારીએ. નિરમળ = નિર્મળ, મેલ વગરની, ચોખ્ખી, શુદ્ધ. સેવ = સેવા. માટે અત્યારે સેવા કરવી. (૫)

હોય; એ સર્વ યોનિમાં ગયો, પણ મેં પ્રભુને ભાળ્યા નથી અને કદાચ જોવાનો બનાવ બની ગયો હોય તો મેં તેમને પ્રભુ તરીકે ઓળખ્યા નથી; જૈન શાસ્ત્રથી આ પ્રમાણે વાત સમજીએ; શાસ્ત્રમાં કહ્યું છે કે—

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

આવી રીતે આગમમાં કહ્યું છે તે ઉત્તરાધ્યયનની સાક્ષીએ તને જણાવું છું કે હું બધી ગતિઓમાં સર્વ સ્થાનકે જઈ આવ્યો છું અને મને એ અનેક ગતિઓમાં પ્રભુનાં દર્શન થયાં નથી. આ વાત તને જૈન આગમમાંથી જાણીને કહું છું. અને તને બીજી વાત કહું છું કે આવા મારા રખડપટ્ટીના હાલ પરથી પણ હું તને કહી શકું છું કે જે મેં કોઈ પણ વખત, અનેક ગતિમાં જવા છતાં, પ્રભુનાં દર્શન કર્યાં નથી. શાસ્ત્રગ્રંથોમાં કહ્યું છે કે જે પ્રભુની નિર્મળ ભક્તિ કરે તે પ્રભુ થાય અથવા પ્રભુ જેવો થાય. મને એ વચન પર શ્રદ્ધા છે, તેથી આ આગમગ્રંથોથી તને જણાવું છું: આ રીતે આ વખતે ભગવાનને પહેલી વખત જોઈને તેમની અનન્ય સેવા કરવી અને તેમની અને મારી વચ્ચે પડેલો આંતરો તોડી નાખવો. તે પ્રભુની સાચી ભક્તિ કેમ થાય તે પણ હવે બતાવે છે, જે પ્રમાણે પ્રભુની નિર્મળ ભક્તિ તમે કરો. એમ કરવાથી તમે પ્રભુ થઈ શકશો, અથવા પ્રભુ જેવા તો જરૂર થશો અને અત્યાર પહેલાંના તમારા પ્રયત્નો ઠેકાણે આવશે. તમને આવો અવસર વારંવાર મળતો નથી, તો આ અવસરનો લાભ લો અને અનન્ય ચિત્તે પ્રભુની ભક્તિમાં તરબોળ થઈ જાઓ. આ સર્વ મૂળ આગમના હુકમો છે અને તેને અનુસરવાનો મેં નિશ્ચય કર્યો છે. આ મારા નિશ્ચયને હે શુદ્ધ ચેતના ! તું વધાવી લેજે અને હવે પછી કહેવામાં આવશે તેવી રીતે ભક્તિ કરવાની મારી ભાવનાને ટેકો આપજે. (૫)

નિરમળ સાધુ ભગતિ લહી, સખી૦ યોગ–અવંચક હોય; સખી૦
ક્રિયા-અવંચક તિમ સહી, સખી૦ ફળ–અવંચક જોય. સખી૦ ૬

**અર્થ**—મેલ વગરની સંત–સાધુ પુરુષોની ભક્તિને પ્રાપ્ત કરીને પ્રાણી યોગાવંચક પ્રથમ થાય છે, પછી ક્રિયાવંચક થાય છે અને છેવટે તેને ફળાવંચક તરીકે આપણે જોઈએ છીએ. (૬)

**પાઠાંતર**—'તિમ' સ્થાને એક પ્રતમાં 'તેમ' પાઠ છે. 'જોય' સ્થાને એક પ્રતમાં 'હોય' પાઠ છે. 'નિરમળ' સ્થાને એક પ્રતમાં 'નિર્મળ' પાઠ છે. 'ક્રિયા' સ્થાને એક પ્રતમાં 'કિરિય' પાઠ છે.

**શબ્દાર્થ**—નિરમળ = નિર્મળ, મેલ વગરની. સારી, સાચી. સાધુ = સારા માણસની, સંત પુરુષની. ભગતિ = ભક્તિ. ઉપાસના. લહી = લઈને, મેળવીને, પામીને. યોગ-અવંચક = યોગાવંચક પ્રાણી થાય, એટલે વસ્તુ ન મળવાનું નથી તેવો અવંચક થાય, વસ્તુનો યોગ થવો તે યોગાવંચકતા છે. ક્રિયા-અવંચક = ક્રિયા બરાબર કરવી તે ક્રિયાવંચકતા. ફળ-અવંચક = ફળાવંચકપણું, આ યોગાવંચક ક્રિયાવંચક અને ફળાવંચક માટે વિવેચન જુઓ. જોય = જોવું, સમજવું. (૬)

**ટબો**—નિર્મળ નિરાશંસ સાધુભક્તિ પામીને વળી યોગ જો અવંચક હોય તો યોગ, જ્ઞાન, દર્શન ચારિત્રનું અવંચકપણું; ક્રિયા અવંચકપણે આશંસાદિ દોષે ક્રિયાનું અવંચકપણું ન થાય એટલે સફળ થાય, ફળઅવંચક તે ચારિત્રફળ, નિર્વાણ ઇણે જોગે એકીવારે નીપજે. (૬)

**વિવેચન**—આગલી ગાથામાં દેવની નિર્મળ ભક્તિ કરવાનું કહ્યું. એ તો જિનદેવના દર્શનની વાત થઈ. હવે અહીં સાધુમહારાજની ભક્તિ બરાબર કરવાનું જણાવે છે. આ છઠ્ઠી ગાથામાં યોગાવંચકપણાની, ક્રિયાવંચકપણાની અને ફળાવંચકપણાની યોગની વાત કરે છે. સાધુમહારાજની નિર્મળ ભક્તિ પ્રાપ્ત કરીને પ્રાણી પ્રથમ તો યોગાવંચક થાય. યોગ એટલે જોગ. આત્માના ગુણને ઠગનારી નહિ એવી જોગવાઈ થાય, પ્રથમ થવી જોઈએ. એને યોગની પરિભાષામાં યોગાવંચકપણું કહે છે. યોગનો અવંચકભાવ, ન ઠગનારો ભાવ, તે યોગાવંચકપણું. એવી ભક્તિ પ્રાપ્ત થવી અને તેમાં રસ લેવો તે યોગાવંચકપણું છે, એટલે એનો જોગ થવો એ ઘણું મુશ્કેલ છે. પહેલાં પોતે સંસારમાં ઘણું રખડ્યો છે, પણ એને સાધુમહારાજની ભક્તિનો યોગ થયો નથી. અત્યારે તેને તે કરવાનો યોગાવંચક ભાવ પ્રાપ્ત થયો છે તેથી તે પ્રાણી યોગાવંચકભાવને પામ્યો એમ કહેવાય છે. યોગાવંચકત્વની પછી તેને ક્રિયાવંચકત્વ મળે છે, એટલે જે કાળે જે ક્રિયા કરવાની હોય તે કાળે તે તે ક્રિયા કરવાની તેને વૃત્તિ થાય. પ્રભુનાં દર્શન કરે તે પણ શાસ્ત્રે કહેલી રીત પ્રમાણે. બધી વિધિ જળવાઈને ક્રિયા થાય તેને ક્રિયાઅવંચકત્વ પ્રાપ્ત થયું છે એમ કહેવાય. એ ક્રિયાઅવંચકત્વ કેમ પ્રાપ્ત થાય અને ક્રિયા કેમ કરવી જોઈએ તે માટે દેવવંદનભાષ્યમાં વિધિ જોવો. ત્યાં દશ ત્રિક તથા અધિગમ જાળવવાના છે, તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આવું ક્રિયાવંચકત્વ એટલે ખોટી રીતે ક્રિયા કરવાનું પ્રાપ્ત થાય તેનાથી ઊલટું, તેનું અવંચકત્વ મળે, ત્યાર પછી ત્રીજું ફળાવંચકત્વ યોગ માર્ગમાં સાંપડે છે. જે જે ક્રિયા કરવામાં આવે, તે જો બરાબર કરવામાં આવે તો આખર જતાં તેનાં ફળ જરૂર મળે છે. કારણ કે या या क्रिया, सा सा फलवती। એટલે બધી રીતે વિધિપૂર્વક અને કહી છે તે સર્વ રીતિને જાળવીને ક્રિયા કરવામાં આવે, તો જરૂર ફળાવંચકત્વ પ્રાપ્ત થાય છે; એટલે ફળની બાબતમાં પ્રાણી ઠગાતો નથી.

આવી રીતે યોગાવંચકત્વ, ક્રિયાવંચકત્વ અને ફળાવંચકત્વ પ્રાપ્ત કરવું જોઈએ એ ભાવ અહીં આપણને પ્રાપ્ત થાય છે. દર્શન કરવું અને તે બધી રીતે યોગ્ય થાય તો તે ફળ આપ્યા વગર રહેતું નથી, એ આ ગાથામાં છુપાયેલો ભાવ છે. તેને માટે દર્શનના પ્રાથમિક પગથિયાની જરૂર છે. ભગવાન મને તે જરૂર આપો એવી મારે માટે આપને વિજ્ઞપ્તિ કરવાની છે, તે હે શુદ્ધ ચેતના! મને પ્રાપ્ત કરાવ. આ યોગાવંચકત્વ અને ફળાવંચકત્વ એ ખાસ યોગના વિષયો છે અને પૂર્ણ શ્રદ્ધાથી સમજવા યોગ્ય છે; એને જે સમજે તે ખરું દર્શન પ્રાપ્ત કરે અને એનું નામ સફળ દર્શન કહેવાય.

'જોય' એટલે જોઈ લેવું. જે શુદ્ધ દર્શન કરે, જે ફળવતી ક્રિયા કહેલ વિધિ અનુસાર આદરે, તે સાચી ક્રિયા કરી, આખરે ફળાવંચકત્વ, આવતી ગાથામાં કહેશે તેમ, મેળવે. (૬)

પ્રેરક અવસર જિનવરૂ, સખી૦ મોહનીય ક્ષય જાય; સખી૦
કામિતપૂરણ સુરતરૂ, સખી૦ 'આનંદઘન' પ્રભુ પાય. સખી૦ ૭

**અર્થ**—જ્યારે વખત આવી લાગશે, ત્યારે જિનેશ્વરદેવ પ્રેરણા કરશે અને તે વખતે મોહનીય નામના ચોથા કર્મની સર્વ પ્રકૃતિનો ક્ષય થઈ જશે; એ પ્રભુ ઇચ્છાના પૂરનારા છે અને જાતે કલ્પવૃક્ષ સમાન છે, તેમ જ પ્રભુના પાદકમળ આનંદની છોળો ઉડાડનાર છે. એવા પ્રભુનું હવે મને દર્શન કરી લેવા દે. (૭)

**ટબો**—પ્રેરક કર્મવિવરે ઉદ્યમાદિ પંડિત વીર્યાદિ, તે સમયે જિનવરદર્શન નિમિત્તે મોહનીય કર્મ-ક્ષય જાતે હુતે, કામિત ઇષ્ટફલ તે મોક્ષપ્રાપ્તિ લક્ષણ, તે વિષે સુરતરુ કલ્પવૃક્ષ સમાન આનંદઘન પ્રભુ–પરમાત્મા ભગવંતના પદ, તે સેવો, એવે દુર્લભપણે સેવા પામીએ. (૭)

**વિવેચન**—જ્યારે ખરો વખત આવી પહોંચશે ત્યારે ભગવાન પ્રેરણા કરનાર છે. સર્વ બાબતમાં એ અંતે ભગવાનની સામુ જુએ છે; ભગવાનની પ્રેરણા થશે તો સર્વ સારાં વાનાં થશે એમ તે માને છે. અને ભગવાન પ્રેરણા કરે ત્યારે ક્રિયા સફળ થાય અને એ રીતે ત્રણે અવંચકત્વ પ્રાપ્ત થાય. આ ભગવાનની સાથે આત્મા તદાકાર પ્રમાણે વર્તે છે, કારણ કે સત્તાગતે ભગવાનનો આત્મા જેવો છે તેવો જ સર્વ કોઈનો આત્મા છે. અવસરે ભગવાન પ્રેરણા કરે, તો તેથી મોહનીય કર્મનો ક્ષય થઈ જાય, બધાં કર્મોમાં મોહનીય કર્મ આકરું છે, તે સર્વ કર્મમાં રાજા છે અને તે ક્ષાયિકભાવે પતી જાય તો મારું કામ થઈ જાય, તેથી ભગવાનની પ્રેરણાની રાહ જોઈને બેઠો છું. મોહનીય કર્મનો ક્ષય આ પ્રાણી માટે જરૂરી છે. જ્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જાય, ત્યારે મારી સર્વ આશા પૂરી થાય અને મારા સર્વ પ્રયત્નો સફળ થાય. એ પ્રભુચરણ અને જિનેશ્વરદેવની પ્રેરણા કેવી છે તે હવે છેલ્લે છેલ્લે બતાવે છે. પ્રાણીની જે જે ઇચ્છાઓ હોય તે સર્વને એ પ્રભુપ્રેરણા પૂરી કરનાર છે, એ કલ્પવૃક્ષ જેવી જ છે. જેમ પ્રાણી કલ્પવૃક્ષ પાસે જઈ જે માગે તે મળે છે, તેમ આનંદના ઘટ્ટ સમૂહ પ્રભુના પાદો તે કલ્પવૃક્ષ જેવા જ છે. એટલે એની પાસે જઈ જે માગીએ તે સર્વ તે આપનાર છે. અને તેની સાથે સ્તવનને છેડે કર્તાએ પોતાનું 'આનંદઘન' નામ પણ આડકતરી રીતે જણાવી દીધું.

---

**પાઠાંતર**—'જિનવરૂ' સ્થાને એક પ્રતમાં 'જીનવરુ' પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—પ્રેરક = પ્રેરણા કરનાર, ફરમાવનાર, દોરનાર. અવસર = વખતે, જ્યારે તેનો વખત આવશે ત્યારે, તેને લાયક વખતે. જિનવરૂ = જિનેશ્વર મહારાજ, ભગવાન, પ્રભુ. મોહનીય = ચોથું મોહનીય કર્મ; એ સર્વથી વધારે નુકસાન કરનાર કર્મ છે. ક્ષય = નાશ, કપાઈ જાય. જાય = થાય, ખલાસ થાય. કામિત = ઇચ્છિત, ઇચ્છેલ વસ્તુને. પૂરણ = પૂરું કરવાને, પૂરવાને. સુરતરુ = કલ્પવૃક્ષ, એ ઝાડ નીચે ઊભા રહીને જે માગીએ તે આપે, આનંદઘન = આનંદના ભરેલા, એ આનંદથી જાડા થયેલા, એ આનંદથી ભરેલ. પ્રભુ = ભગવાન, તીર્થંકર (તેના). પાય = પદો છે. આનંદથી ભરેલા પ્રભુના પગો છે. (૭)

આવી રીતે અનેક ગતિમાં હું જઈ આવ્યો છું, પણ કોઈ પણ સ્થાનકે મેં અત્યાર સુધી પ્રભુનાં દર્શન કર્યાં નથી. એ પ્રભુનાં દર્શન હું પામ્યો છું અને હવે તે તો કલ્પવૃક્ષ જેવા હોવાથી તેની પાસે જે માગીશ તે મળશે અને મારી સર્વ ઇચ્છાઓ તે પૂરી કરશે; એથી મેં એ પ્રભુનાં સાચાં દર્શન કરવા અને તેમને બરાબર ઓળખવા નિશ્ચય કર્યો છે. જેમ યુગલિક નરો કલ્પવૃક્ષ પાસે જઈ પોતાનાં સર્વ વાંછિતો પૂરાં કરતા હતા, તેમ પ્રભુના સંબંધમાં હું કરીશ. તે પ્રભુ કેવા સ્વરૂપના છે તે બરાબર જાણો, કારણ કે તમારે પ્રભુ જેવા પરમાત્મા થવું છે, તે માટે તમારે તેમને બરાબર ઓળખવા જોઈએ અને એમને સાચા કલ્પવૃક્ષ સમજવા જોઈએ. એ તો તમારી સર્વ ઇચ્છાના પૂરનાર પરમાત્મા છે. (૭)

## ઉપસંહાર

એ પ્રભુનાં દર્શન કરીને અટકતા નહિ; એમની તો, હવે પછી જણાવવામાં આવે છે તેમ, પૂજા કરજો, અને, માત્ર દર્શન કરીને સંતોષ ન પામતા, તેઓ કોણ છે, કેવા છે, તે બરાબર અભ્યાસ કરજો. તમે જાણતા નહિ કે પ્રભુદર્શન એ તમારું સર્વસ્વ છે. પ્રભુદર્શનથી તો માત્ર તમે પ્રભુને જોશો, પણ એથી તમારું બધું કામ નહિ થાય, તમારે તો દર્શન કર્યા પછી પ્રભુની પૂજા, પ્રભુની સેવા કરવાની છે. એ સેવા કેમ થાય તે હવે પછીના નવમા સ્તવનમાં બતાવી તમને જણાવવામાં આવશે કે તમે પ્રભુને સેવો, પ્રભુના પદકમળની પૂજા કરો અને પ્રભુને વાંદો. આ રીતે દરેક સ્તવનનો સંબંધ છે અને તેની વિગત તદ્યોગ્ય ઉપોદ્ઘાતમાં તમને પ્રાપ્ત થશે. અહીં તો એક જ વાત કરી છે : પ્રભુને દેખ્યા, એ પણ મારા પુણ્યનો ઉદય છે અને પ્રભુનાં દર્શનથી હું અત્યારે કલ્પવૃક્ષને પામ્યો છું. પ્રભુનાં દર્શન થાય તો મનવાંછિત ફળે. આપણા વ્યવહારનાં બે સૂત્રો છે તે યાદ કરવા જેવાં છે :

પ્રભુદર્શન સુખ સંપદા, પ્રભુદર્શન નવનિધ;
પ્રભુદર્શનથી પામીએ, સફળ પદારથ સિદ્ધિ

અને

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥

આ બન્ને સૂત્રોનો ભાવ બરાબર સમજી પ્રભુનાં દર્શન થાય તોપણ ઘણું લાભકારક છે. એ શ્લોકોનો ભાવ સમજવો. એમાં જરા પણ અતિશયોક્તિ નથી, એ સમજી–વિચારી સફળ દર્શન કરો, અને ત્યાંથી આગળ વધો. (૮)

જાન્યુઆરી : ૧૯૫૦ ]

૯

# શ્રી સુવિધિનાથ જિન સ્તવન

**સંબંધ**—ઘણું મુશ્કેલ છતાં, અનંત ભવે આ સંસારચક્રમાં ફરતાં ફરતાં, પ્રભુનું દર્શન તો, આગલા સ્તવનમાં બતાવ્યા પ્રમાણે થઈ ગયું. પંચેન્દ્રિયપણું મળ્યું, મનુષ્ય જન્મ મળ્યો, દેવગુરુની જોગવાઈ થઈ, સારો ધર્મ મળ્યો, સારું ક્ષેત્ર મળ્યું અને ધર્મશ્રદ્ધા પણ સારી રીતે થઈ. આ બધી ચીજો મળવી મુશ્કેલ છે તે તો નદીગોળપાષાણ ન્યાયે મળી ગઈ અને વળી, નીરોગતા મળી, પ્રભુની ઓળખાણ પણ મુશ્કેલ છે, તે થઈ : એમ પ્રત્યેક મુશ્કેલી મારી દૂર થઈ. હવે પ્રભુની પૂજા કરવાની છે તે કેવી રીતે અને કેવે પ્રકારે કરવી જોઈએ, તેનો ભાવ આ નવમા સ્તવનમાં આવે છે. આ મુશ્કેલીઓ માટે શાસ્ત્રકાર દશ દૃષ્ટાંતો આપે છે. એ દશ દાખલાએ આ મનુષ્યભવાદિ સામગ્રી મળવી અત્યંત મુશ્કેલ છે. આપણે એ દશ દૃષ્ટાંતોની બાબતનો ઉલ્લેખ આગલા સ્તવનમાં કરી ગયા. એ દશ દૃષ્ટાંતો 'સિંદૂરપ્રકર' ગ્રંથની શરૂઆતમાં 'પ્રકરણરત્નાકર' ભાગ પહેલામાં આપવામાં આવ્યાં છે. આવી રીતે આપણને મુશ્કેલીએ મળતી ચીજો મળી ગઈ તે જેમ તેમ વેડફી નાખવા જેવી ચીજો નથી, પણ જો આ ભવને સફળ કરવો હોય તો અતિ મુશ્કેલીએ મળેલ અત્યારની સગવડોનો ખરેખર ઉપયોગ કરી લેવો જોઈએ.

એ ઉપયોગની બાબતમાં બહુ સંભાળ રાખી પ્રભુની પૂજા કરવી અને તે પૂજા કરતાં પ્રભુને આદર્શ સ્થાને રાખવા. આદર્શ એટલે ભાવનામય મૂર્તિ. આપણે જેવા થવું હોય તેનો આદર્શ રખાય; તેના જેવા થવાના નિર્ણયને વળગી રહેવાય. અત્યારે જે પૌદ્ગલિક વાતાવરણના આનંદમાં આપણે મચ્યા રહીએ છીએ તેને બદલે આ જન્મમરણના ફેરા મટી જાય અને નિરંતરના અવ્યાબાધ સુખમાં આપણે મગ્ન થઈ રહીએ, એવી સ્થિતિ આપણે પોતે જ નીપજાવી શકીએ; કારણ કે આ સંસારના સર્વ સંબંધો તો સ્વાર્થ ઉપર રચાયેલા છે અને થોડો વખત ટકનારા છે. તેને બદલે પ્રભુ-ભગવાનની પેઠે સ્થાયી સુખ મેળવવું હોય તો ભગવાનને જ આદર્શસ્થાને રાખી તેમના જેવા થઈ જવાનો આદર્શ રાખવો અને તે દિશાએ બને તેટલા પ્રયત્ન કરી નિરંતરનું સુખ પ્રાપ્ત કરવું.

પૂજાના અનેક પ્રકાર છે. પ્રથમ બે પ્રકાર ખાસ વિચારવા યોગ્ય છે. તે આ રહ્યા : દ્રવ્યપૂજા અને ભાવપૂજા. દ્રવ્યપૂજામાં અનેક સારી સારી ઊંચી વસ્તુઓ વડે પ્રભુની પ્રથમ પૂજા કરવી, તેના અનેક પ્રકાર આ સ્તવનમાં કહેવામાં આવશે તે વિચારવા; અને સાથે હમેશ ધ્યાનમાં રાખવું કે દ્રવ્ય તે ભાવનું નિમિત્ત છે. ભાવપૂજા ઉત્તમ પ્રકારે થાય તે આશયને બરાબર લક્ષ્યમાં રાખવો અને એકલી દ્રવ્યપૂજા કરતાં તેને ઇતિકર્તવ્યતા ન માનવી; પણ ભાવપૂજા બહુ જ જરૂરી છે, ઉપયોગી છે અને આદર્શને પહોંચી વળે તેવી છે, તે ધ્યાનમાં રાખીને ભાવપૂજા વધારે સારી રીતે

કરવી. આ ભાવપૂજા કરવાથી આદર્શને પહોંચી જવાય છે અથવા તે માર્ગે ઘણી પ્રગતિ થાય છે, એ હમેશાં યાદ રાખવું. અને દ્રવ્યપૂજાનું મહત્ત્વ પણ ભાવપૂજાના અધિકારી થવા માટે છે. તેથી દ્રવ્યપૂજા સાથે ભાવપૂજા કરવી અને તે બનતી સારી રીતે કરવી તે આદર્શ છે. એકલી દ્રવ્યપૂજા અધૂરી છે, અને માત્ર સારી ગતિ અપાવનાર થાય છે. એટલા માટે આ કાળમાં ભાવપૂજા ઉપર બને તેટલો ભાર મૂકવામાં આવ્યો છે. આદર્શને પહોંચવાનો આ માર્ગ છે અને તે સાચો શુદ્ધ માર્ગ છે એમ વિચારવું. આ કાળમાં તો દેરાસરે જવાની વાત પણ ઘણા ભાઈઓને જરૂરી લાગતી નથી. દર્શન કરવાની જે મુશ્કેલી આગળના સ્તવનની અંદર બતાવવામાં આવી તે ઊભી જ રહે છે. નવયુગના માણસોએ જાણવું જોઈએ કે મહામુશ્કેલીએ મળે એવી આ સગવડો અત્યારે મળી છે, માટે તેનો લાભ ઊઠાવવો જોઈએ. અને યાદ રાખવું કે અત્યારનો સંબંધ તો ટૂંકા વખતનો છે અને અચોક્કસ છે. આવા જીવનમાં અનેક ખટપટો, રાજદ્વારી રમતો રમવી, તે કર્તવ્ય નથી, પણ પોતાની જાતનું બને તેટલું સુધારી લેવું, અક્ષય સુખ પ્રાપ્ત કરવા બનતો પ્રયાસ કરવો અને આ જીવન વગેરે મળેલી સામગ્રીઓનો પૂરતો લાભ લેવો એ જ જરૂરી છે. માટે દ્રવ્ય-ભાવપૂજા કરવી અને પ્રતિપત્તિપૂજા કરવાની ભાવના રાખવી એ જ કર્તવ્ય છે, એમ સમજી દેરાસરે તો જરૂર જવું અને દ્રવ્યપૂજાનો તથા ભાવપૂજાનો એકસરખો લાભ લેવો. આટલી પ્રસ્તાવના સાથે આપણે હવે આ સ્તવનને સમજવાનો પ્રયત્ન કરીએ અને પ્રભુદર્શનનો સાચો લાભ ઉઠાવી, આગળ વધી નિરંતરનું સુખ પ્રાપ્ત કરવા ઉદ્યમવંત થઈએ.

**સ્તવન**

(રાગ–કેદારો; એમ ધન્નો ધણીને પરચાવે–એ દેશી)

સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧

**પાઠાંતર**—'જિણેસર' સ્થાને પ્રતમાં 'જિનેસર' શબ્દ છે; અર્થ ફરતો નથી. 'પાય' સ્થાને પ્રતમાં 'પાદ' છે; અર્થ એક જ રહે છે. 'એમ' ને સ્થાને પ્રતમાં 'ઇમ' છે; અર્થ ફરતો નથી. 'ઊલટ' સ્થાને પ્રતમાં 'ઉલટ' પાઠ છે 'અતિઘણો' સ્થાને પ્રતમાં 'અતિગુણુ' પાઠ છે છે; ઘણાગણો એવો એનો અર્થ થાય છે. 'પૂજીજે રે' સ્થાને 'પૂજીજૈ રે' એવો પાઠ પ્રતમાં છે; એ જૂની ગુજરાતી છે. 'શુભ' સ્થાને 'સુભ' પાઠ એક પ્રતમાં છે; અર્થ એ જ છે. 'પૂજીજે રે' સ્થાને એક પ્રતમાં 'પૂજા રચીજે રે' એવો પાઠ છે; અર્થમાં ફેર નથી. (૧)

**શબ્દાર્થ**—સુવિધિ = સુવિધિ નામના નવમા તીર્થંકર. જિણેસર = ભગવાનને. પાય = પગને. નમીને = વાંદીને, પૂજીને, શુભ કરણી = સારી ક્રિયા, જે ક્રિયા કરવાથી સારો બંધ અને સારી ગતિ થાય તે. એમ = આ પ્રકારે, હવે પછી કહેવાય છે તે રીતે. કીજે = કરવી અતિ = ખૂબ ઘણો = પુષ્કળ. ઊલટ = હોંસ. અંગ ધરીને = મનમાં લાવીને, શરીરે પુલકિત થઈ ને. પ્રહ = સવારના પહોરમાં. પૂજીજે = પૂજવા, સેવા કરવી, આરાધના કરવી. (૧)

**અર્થ**—નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથના પગને નમીને સારાં કર્મ બંધાય, એવી કારવણી કરીએ, એ સંબંધી વિગતવાર કહેવાશે તેમ અને મનમાં ખૂબ હોંસ આણીને, તે પ્રભુની સવારમાં ઊઠીને સેવા કરીએ. (૧)

**ટબો**—આ સ્તવનનો જ્ઞાનવિમલસૂરિનો ટબો નીચે પ્રમાણે વર્તમાન ગુજરાતી ભાષામાં સુધારીને મૂક્યો છે : એવા પ્રભુનું દર્શન દુર્લભ કહ્યું, તો તેથી તેનું દર્શન પામી કેમ સેવા કરવી તે વિધિ કહેવાને સુવિધિનાથને સ્તવીએ છીએ. આ સુવિધિનાથ જિનેશ્વરના પગ નમી કરીને, કેમ કરીએ તે કહું છું : શુભ કરણીય યતના અને ભક્તિએ કરણી તે શુભ કરણી. ૨. આ વિધિએ કરવી. ઘણો ઊલટ-હર્ષ અંગમાં આનંદ આણી-ધરીને પ્રભાતે ઊઠી-જાગી-સાવધાન થઈ, પૂજા કરીએ. (૧)

**વિવેચન**—શ્રી સુવિધિનાથ ભગવાન નવમા તીર્થંકર, તેમનાં દર્શન તો આઠમા સ્તવનમાં કર્યાં, હવે તેમની પૂજા કરવી છે. આપણો આદર્શ સ્પષ્ટ હોય તો તે આદર્શે પહોંચવાનો અને તેમના જેવા થવાનો નિશ્ચય થઈ શકે. એ આદર્શે પહોંચવું એ આપણી ભાવના છે. ઘણા માણસો આદર્શને રાખી મુદ્દામ વખતે વીસરી જાય છે અને આદર્શને સ્થાને ગમે તેની સ્થાપના કરીને આખો વ્યવહાર બગાડી નાખે છે. એમ ન થવું જોઈએ. આદર્શ જે ભાવનામાં હોય તેને ખરે વખતે બરાબર યાદ રાખવો જોઈએ. તેને યાદ રાખવા માટે આ સ્તવન દ્વારા પૂજાના અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે. એ આદર્શની પૂજા કરવાનું ફળ અંતે જરૂર મળે છે, માટે તેની ભક્તિ-સેવા-ઉપાસના કરવી અને તે રીતે આદર્શને આદર્શ સ્થાને રાખી તેનું બહુમાન કરવું. તે કાંઈ આપણી પૂજા માગતા નથી, પણ જો પ્રભુ જેવા થવું જ હોય તો આપણી પોતાની ખાતર જ તેની પૂજા કરાય. એ પૂજાને પરિણામે એ આદર્શ જેવા કાળક્રમે થઈ જવાય. આદર્શપૂજાનું આ અનિવાર્ય પરિણામ છે. આદર્શને નિરંતર પૂજ્ય સ્થાને રાખવા અને તેમણે આ સંયોગોમાં કેમ કામ કર્યું હશે તે બરાબર સમજી લઈ, તેને અનુસારે પોતાનું જીવન ઘડવું એ આદર્શનો મહિમા છે.

સુવિધિ જિનેશ્વરના અથવા આપણા જે કોઈ આદર્શ હોય તેમના પગને નમન કરીને આપણે આગળ વધીએ, અને આપણો ઉદ્દેશ શો છે તે ધ્યાનમાં લઈએ. આપણે નિરંતરના સુખસ્થાને પહોંચવું છે અને ભગવાન આપણા આદર્શસ્થાને છે. જે ક્રિયા કરવાથી સારો સંબંધ થાય અને આપણી ગતિ સુધરે, તેવી સારી ક્રિયા આપણે કરવી છે. આ ક્રિયામાં પૂજાને મુખ્ય સ્થાન મળે છે એટલે સુવિધિનાથને પગે લાગીને સારી ક્રિયા કરવી : આ જાતનો સ્તવન સાથે ઉપદેશ આપ્યો. જે કામ કરવું તે ખૂબ હોંસપૂર્વક કરવું. ઘણા માણસ મન વગર કામ કરે છે. એ કામમાં કોઈ જાતનો દમ હોતો નથી. પણ જે કામ કરવું તે મનના ઉત્સાહથી કરવું. અહીં જે પૂજાનો પ્રકાર બતાવવામાં આવે છે તે પણ સવારના પહોરમાં અત્યંત હોંસપૂર્વક કરવું અને તે રીતે પૂજા કરવી. વહેલાં ઊઠવાના લાભો તો પારાવાર છે :

રાતે વહેલાં જે સૂઈ, વહેલાં ઊઠે વીર;
બળ, બુદ્ધિ, બહુ ધન વધે, સુખમાં રહે શરીર.

એટલે વહેલાં ઊઠી, સૂર્યોદય પહેલાં જાગીને હોંસપૂર્વક પ્રભુને નમીને આ કામ કરવું. એમાં બળ, બુદ્ધિ અને ઘણું ધન વધે છે અને શરીરની પણ સુખાકરી થાય છે. બળ વધવાનું કારણ શરીરની સુખાકારી છે; તે પરસ્પર કાર્યકારણભાવરૂપે કામ કરે છે. અને મગજ સારું હોય તો ધન કમાય છે, તે પણ એક એનું સુંદર પરિણામ છે. એટલા માટે વહેલાં ઊઠી, જે વખતે મન કોઈ જાતના વિકારને આધીન ન થયું હોય ત્યારે, સુવિધિનાથને અથવા આપણા આદર્શના સ્થાને જે હોય તેને હોંસપૂર્વક પગે લાગીને આ પૂજનકાર્ય કરવું, એ પ્રથમની ગાથાનો આશય જણાય છે. (૧)

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેરે જઈએ રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે; સુવિધિ૦ ૨

**અર્થ**—દ્રવ્યથી એટલે બહારથી અને ભાવથી પવિત્ર ભાવને ધારણ કરીને આનંદપૂર્વક દેરાસરે જવું અને ત્યાં દશ ત્રિક અને પાંચ અભિગમ સાચવતી વખતે પ્રથમ તો એકસરખા મનવાળા થઈએ. (૨)

**ટબો**—શુચિ-પવિત્ર, આશંસાદિ આશયે કલુષિત-મલિન નહિ એવો જે ભાવ-પરિણામ તેણે દ્રવ્ય ૧, ભાવ ૨, બન્ને પૂજા કરીએ. હરખી-ચિત્તસમાધિ કરી-દેરે જઈએ. ત્યાં પ્રથમ દશ ત્રિક સાચવીએ તે કેમ? ત્રણ નિસીહી ૧. ત્રણ પ્રદક્ષિણા ૨. ત્રણ પરિણામ ૩. ત્રિવિધા પૂજા ૪. અવસ્થા ત્રણ ભાવવી ૫. ત્રણ દિશાએ ન જોવું ૬. ત્રણ વાર ભૂમિપદ પૂજવા ૭. ત્રણ અવલંબન ૮. મુદ્રા ત્રણ ૯. ત્રણ પ્રણિધાન ૧૦. એ પ્રકારના ૩૦ (ત્રીસ) બોલ સાચવવા. પાંચ અભિગમ-વંદનચિહ્ન સાચવવાં. સચિત્ત દ્રવ્યત્યાગ ૧. અચિત્ત દ્રવ્યઅનુજ્ઞા ૨. મનની એકા-

---

**પાઠાંતર**—'ધરીને' સ્થાને પ્રતમાં 'ધરીને રે' એવો પાઠ છે, એ જૂની ગુજરાતી છે. 'શુચિ' સ્થાને પ્રતોમાં 'સૂચિ' પાઠ છે; અર્થમાં ફેર પડતો નથી. 'હરખે' સ્થાને એક પ્રતમાં 'હરષીં' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. (૨)

**શબ્દાર્થ**—દ્રવ્ય = સારાં કપડાં પહેરવાં, શરીરે મર્દન કરવું વગેરે દ્રવ્યો, પૌદ્ગલિક પદાર્થો. ભાવ = ભાવપૂર્વક મનને શુદ્ધ કરવું તે. શુચિ ભાવ = શૌચ; આની બે પ્રકારની વિગતો માટે જુઓ પ્રશમરતિ, શ્લોક-૧૭૧; બાહ્યથી અને અંતરંગથી પવિત્ર થઈ ને. ધરીને = લઈ ને, ધારણ કરીને. હરખે = આનંદ સહિત, આનંદમાં આવી જઈ ને, ઉલ્લાસ પામીને. દેરે = મંદિરે, જ્યાં પ્રભુને સ્થાપેલ હોય તે જગ્યાએ. જઈ એ રે = પોતે ચાલી-ચલાવીને જઈએ, જવું તે. દહ તિગ = દશ ત્રિક (આની વિગત માટે જુઓ વિવેચન), દેરાસરમાં દશ ત્રિક જાળવવાનાં હોય છે. પણ = પાંચ. અહિગમ = અધિગમ. (વિગત માટે જુઓ વિવેચન); દેરાસરમાં પાંચ અધિગમ જાળવવાના છે, તે જાળવવા. સાચવતાં = જાળવી રાખતાં, કરતાં. એકમના = Concentrated, એકાગ્રમનવાળા, સ્થિરચિત્ત, લબ્ધલક્ષ્ય. ધુરિ = પ્રથમ તો, શરૂઆતમાં. થઈ એ = થઈ જઈ એ. (૨)

ગ્રતા ૩. એક સાટિકા-ઉત્તરાસણ ૪. જિન દીઠે અંજલિ પ્રણામ ૫. અથવા વળી રાજા ખડગ ૧. છત્ર ૨. ઉપાનહ (જોડા) ૩. મુગટ ૪. ચામર ૫-એ રાજ્યચિહ્ન મૂકે ઇત્યાદિક વિચાર દેવ વાંદવાના ૨૦૭૪ બોલ થાય, તે સર્વ ભાષ્યપ્રમુખ આવશ્યકનિર્યુક્તિ તથા પ્રવચનસારોદ્ધારથી જાણવા, ભક્તિ ઉલ્લાસે કરીને. (૨)

**વિવેચન**—દ્રવ્યથી પવિત્ર થઈને એટલે સ્નાન કરી, તદ્દન ચોખ્ખાં વસ્ત્રો પહેરીને અને ભાવથી એટલે હોંસથી-મનની ઇચ્છાપૂર્વક, હર્ષપૂર્વક-દેરાસરે જઈએ. દેરાસરે જવામાં અને પૂજા કરવામાં દ્રવ્ય તથા ભાવની પવિત્રતા રાખવી અને આનંદપૂર્વક દેરાસરે જવું. વ્યવહારથી નાહી-ધોઈ સારાં વસ્ત્રો પહેરવાં અને ભાવથી-ઉલ્લાસપૂર્વક દેરાસરે જવું અને મનમાં આનંદ રાખવો, એટલે શોક કે દુગંછા કે કોઈ જાતની અરતિ દેરાસરમાં જતાં કે પૂજા કરતાં ન જોઈએ. આવા દ્રવ્ય અને ભાવથી પવિત્ર થનારને ખરેખરું ફળ મળે છે. પ્રવચનસારોદ્ધારાદિક ગ્રંથોમાં કહ્યું છે તે પ્રમાણે દશ ત્રિક અને પાંચ અધિગમ જાળવવાં. આ સર્વ વિધિ બહુ સમજવા યોગ્ય છે. ચૈત્યવંદનભાષ્યમાં દશ ત્રિક અને પાંચ અધિગમ જાળવવાનાં કહ્યાં છે. ત્રિક એટલે ત્રણ-ત્રણ બાબતોનો સમૂહ; તેને જાળવવાં, તે નીચે પ્રમાણે :

(૧) **નિસીહીત્રિક**—પ્રથમ નિસીહી દેરાસરમાં દાખલ થતી વખતે ઘર સંબંધી કે વ્યાપાર સંબંધી સર્વ વિચાર કે વ્યાપાર કરવો નહિ કે સંભારવો નહિ, તે આ પ્રથમ નિસીહી (નૈષેધિકી)-નું લક્ષણ છે. પછી દેરાસરમાં ત્રણ પ્રદક્ષિણા દેવી અને ભવનો ફેરો મટાડવો, પછી દેરાસરના મધ્યદ્વારમાં પેસતાં બીજી નિસીહી કહેવી. ત્યાર બાદ દેરાસર સંબંધી કોઈ વાતની ખટપટ તજવી; માત્ર પૂજાભક્તિ ઉપર જ ધ્યાન આપવું. પ્રભુની પૂજા કર્યા પછી છેવટે ચૈત્યવંદન કરવામાં આવે તેની શરૂઆતમાં ત્રીજી નિસીહી કરવી. ત્યાર પછી પૂજા સંબંધી પણ કોઈ દ્રવ્યનો વિચાર ન કરવો. આ પ્રમાણે દેરાસરમાં પેસતી વખતે પ્રથમ, દેરાસરના અગ્રદ્વારે બીજી અને ચૈત્યવંદન કરતી વખતે ત્રીજી નિસીહી બોલવી. આ રીતે પ્રથમ નિસીહીત્રિક થયું.

(૧) **પ્રદક્ષિણાત્રિક**—આપણા પૂજ્યને જમણી બાજુએ રાખી તેની ફરતા ત્રણ ફેરા મારવા. આમાં પૂજ્ય પુરુષનું બહુમાન જળવાઈ રહે તે માટે તેમને જમણી બાજુએ રાખવા. આ ત્રણ પ્રદક્ષિણા પ્રથમ નિસીહી પછી કરવાની છે.

(૩) **પ્રણામત્રિક**—ત્રણ પ્રકારનું નમન તે પ્રણામત્રિક કહેવાય છે. અંજલિબદ્ધ પ્રણામ એટલે માત્ર બે હાથ જોડી પગે લાગવું તે. અર્ધવિનત પ્રણામ એટલે જે પ્રણામ કરતી વખતે અર્ધું નમાય તે. અને ત્રીજા પંચાંગ પ્રણામમાં બે હાથ, બે ઢીંચણ અને મસ્તક નમે છે. આ રીતે અંજલિબદ્ધ પ્રણામ, અર્ધવિનત પ્રણામ અને પંચાંગ પ્રણામ એમ ત્રણ પ્રકારના પ્રણામનું પ્રણામત્રિક થાય છે.

(૪) **પૂજાત્રિક**—અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. જળ, ચંદન અને પુષ્પ (ફૂલ) અંગ-પૂજા કહેવામાં આવે છે. ધૂપ, દીપક, અક્ષત, ફળ, નૈવેદ્યથી પૂજા કરવામાં આવે તેને અગ્રપૂજા

કહેવામાં આવે છે. ભાવપૂજામાં ગીત, સંગીત અને એકાગ્રે કરીને પરમાત્મપદનું ધ્યાન થાય છે. આમાં સ્તવનાદિનો સમાવેશ થાય છે. આ રીતે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા તે પૂજાત્રિક કહેવામાં આવે છે. અથવા પ્રકારાંતરે વિઘ્નઉપશામિની, અભ્યુદયસાધિની અને નિવૃત્તિદાયિની એમ પણ પૂજાત્રિક ગણાય છે.

(૫) **અવસ્થાત્રિક**—પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત. તીર્થંકર કેવળજ્ઞાન પામે, તે અગાઉની તેમની છદ્મસ્થ અવસ્થાને પિંડસ્થ અવસ્થા કહેવામાં આવે છે. પદસ્થ અવસ્થા તે ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી થાય તે પછીની અવસ્થા. આ પદસ્થદશામાં સમવસરણમાં ઉપદેશ દેવાના સર્વ કામનો પણ સમાવેશ થાય છે. અને રૂપાતીત અવસ્થા તે સર્વ કર્મથી મુક્ત થઈ ભગવાન સિદ્ધ થાય તે દશા. ન્હવણ અને અર્ચન કરતી વખતે પ્રભુની છદ્મસ્થ અવસ્થા ભાવવી. અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ તથા છત્ર ચામરાદિ અષ્ટ પ્રાતિહાર્ય પ્રભુને કેવળજ્ઞાન થયા પછીની પદસ્થ અવસ્થા અને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા તે ભગવાનની રૂપાતીત અવસ્થા. આ રીતે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાનું અવસ્થાત્રિક થાય.

(૬) **ત્રિદિશનિવૃત્તદષ્ટિત્રિક**—પ્રભુ સામે જ દૃષ્ટિ સ્થાપિત કરી ઊર્ધ્વ (ઊંચે), અધો અને તીરછું એ ત્રણ દિશા અથવા પોતાની પુંઠ પછાડીની દિશા તેમ જ જમણી અને ડાબી દિશા એ ત્રણ દિશા તરફ દૃષ્ટિ દેવી નહિ એ ત્રિદિશનિવૃત્તદૃષ્ટિ એ છઠ્ઠું ત્રિક થયું.

(૭) **ભૂમિપ્રમાર્જનત્રિક**—પ્રભુને પંચાંગ પ્રણામ કરતી વખતે કે ચૈત્યવંદન કરતી વખતે ત્રણ વખત ભૂમિશુદ્ધિ કરવી તે. સાધુ રજોહરણ વડે અને ગૃહસ્થ ઉત્તરાસંગ વડે ત્રણ વખત ભૂમિમાર્જન કરે એ સાતમું પ્રમાર્જનત્રિક.

(૮) **આલંબનત્રિક**—પ્રભુ પાસે ચૈત્યવંદન કરતાં જે સૂત્રાદિક બોલવામાં આવે તેના અક્ષરો જે હ્રસ્વ કે દીર્ઘ હોય તે તેવી રીતે ન્યૂનાધિકરહિતપણે તેનાં પદ, સંપદા પ્રમુખનું લક્ષ્ય રાખીને બોલવા તે વર્ણાલંબન. તે વર્ણો બોલતાં તેના અર્થનું હૃદયમાં ચિંતવન કરવું તે અર્થાલંબન. અને તે સાથે પ્રભુની પ્રતિમાનું ઉત્તમ આલંબન લેવું તે પ્રતિમાલંબન. આ રીતે વર્ણાલંબન, અર્થાલંબન અને પ્રતિમાલંબન નામનું આલંબનત્રિક થાય છે.

(૯) **મુદ્રાત્રિક**—હાથની દશે આંગળીઓને માંહોમાંહે આંતરી કમળના ડોડા પેઠે બન્ને હાથ રાખી બંને હાથની કોણીઓ પેટ ઉપર સ્થાપવાથી જોગમુદ્રા થાય છે. પગના બે આગળના ભાગમાં ચાર આંગળનું અંતર રાખવું અને તેથી કાંઈક ન્યૂન અંતર પાછળના ભાગમાં રાખી ઊભા રહેવું તે બીજી જિનમુદ્રા. હાથની આંગળીઓને આંતર્યા વગર બન્ને હાથ પહોળા રાખીને લલાટ સ્થળે સ્થાપવા તેને ત્રીજી મુક્તાશુક્તિમુદ્રા કહેવાય છે. આ રીતે જોગમુદ્રા, જિનમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા એમ નવમું મુદ્રાત્રિક થાય છે.

(૧૦) **પ્રણિધાનત્રિક**—જાવંત ચેઇઆઈ, જાવંતી કેવિ સાહૂ અને જયવિયરાય (આભવમખંડા પર્યંત) એ ત્રણે પ્રણિધાનત્રિકના નામથી ઓળખાય છે. અથવા મન-વચન-કાયાના

યોગને એકાગ્ર કરવા, તે રૂપ પણ પ્રણિધાનત્રિક કહેવાય છે.

દેવગુરુ પાસે જતાં, ખાસ સાચવવા યોગ્ય મર્યાદા જાળવવી જોઈએ; તે સાચવવાની પાંચ મર્યાદાઓને પાંચ **અધિગમ** કહેવામાં આવે છે. એ પાંચે અધિગમ સહુ કોઈને સામાન્ય (એકસરખા) સાચવવાનું ફરમાન છે. (ચૈત્યવંદનભાષ્ય અનુસારે) તે પાંચે અધિગમ નીચે પ્રમાણે છે :

(૧) આપણા નિમિત્તે રાખેલાં ખાનપાન, આપણા ભોગમાં લેવા ધારેલી સચિત્ત વસ્તુઓ વગેરે સાથે લઈ અંદર પેસવું નહિ, એટલે દેવગુરુ પાસે જતાં સર્વ સચેત વસ્તુઓ અંદર ન લઈ જવી.

(૨) વસ્ત્ર, અલંકાર પ્રમુખ અચિત્ત વસ્તુઓ ખુશીથી સાથે રાખવી. એ બીજો અધિગમ છે.

(૩) મનમાં કશો વિક્ષેપ સંકલ્પવિકલ્પ ન રાખતાં જે કાંઈ મનમાં સંકલ્પવિકલ્પ થતા હોય તેને શમાવી દઈ એકાગ્ર ચિત્તે દેવગુરુ પાસે અંદર પ્રવેશ કરવો.

(૪) એક અખંડ વસ્ત્રનું ઉત્તરાસંગ કરવું, જેને જનોઈની પેઠે રાખી, વંદન કરતી વખતે તેના છેડા વડે ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન કરવું, તેમ જ તે ઉત્તરાસંગને પૂજા કે સ્તુતિ કરતી વખતે મુખ આગળ ધરી રાખવું.

(૫) ગમે તેટલે દૂરથી પ્રભુ દૃષ્ટિએ પડે કે તરત જ બે હાથ જોડી, મસ્તક નમાવવા-રૂપ અંજલિબદ્ધ નમસ્કાર કરવો.

આ પાંચ પ્રકારના અધિગમ (rules of decent approach) સર્વને સામાન્ય પ્રકારે દેવગુરુ પાસે જતાં જાળવવા યોગ્ય મર્યાદા છે. એ પાંચે અધિગમ અગ્રદ્વારમાં પેસતી વખત સાચવવાં એવી શાસ્ત્રકારની મર્યાદા છે.

પ્રથમ દેરાસરમાં જતાં પહેલાં અથવા ગુરુ સન્મુખ જતાં પહેલાં એકાગ્ર ચિત્તવાળા થવું એટલે મનને કોઈ પણ જાતના વિચારમાં ન જવા દેતાં પૂજા કરવાના એક નિશ્ચયથી દેવ-ગુરુ પાસે એકાગ્ર ચિત્તે જવું : આ પૂજા કરવાની પ્રથમ શરત છે એ ધ્યાનમાં રાખવું. આ પ્રમાણે દ્રવ્યથી અને ભાવથી પવિત્ર થઈને દેરાસરે જવું. શ્રી સુવિધિ અથવા કોઈ પણ ભગવાન, જે મોક્ષે ગયેલા છે, તેની આવી રીતે પવિત્ર થઈ નિર્મળ થઈ પૂજા કરવી. હવે તે પૂજાના પ્રકારો આગલી ગાથામાં બતાવશે. (૨)

કુસુમ અક્ષત વર વાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુવિધિ૦ ૩

---

**પાઠાંતર**—એક પ્રતમાં કુસુમ આગળ ૧, અક્ષત આગળ ૨, અને વર સુગંધી આગળ ૩, એવા અક્ષરો મૂકેલા છે. બીજી પ્રતમાં એવા અક્ષરો નથી ‘ અક્ષત ’ સ્થાને એક પ્રતમાં ‘ અષ્યત ’ શબ્દ છે; બીજી પ્રતમાં ‘અક્ષર ’ પાઠ છે. ‘ધૂપ ’ પછી એક પ્રતમાં ૪. અક્ષર મૂકે છે. ‘ દીપ ’ પછી એક પ્રતમાં ૫ અક્ષર મૂક્યો છે. ‘સાખી ’ને બદલે બન્ને પ્રતમાં ‘ સાષી ’ શબ્દ છે; એક પ્રતમાં ‘ સાષિ ’ એવો પાઠ છે. અંગપૂજાનો આખો પાઠ

**અર્થ**—કુસુમ (૧), અક્ષત (૨), સુંદર વાસક્ષેપ (૩), ધૂપ (૪), દીપક–દીવો (૫) મનમાં રાખીએ. આવી રીતે પાંચ પ્રકારની પૂજા છે. તેમાં કેટલીક અંગપૂજા છે. આ સર્વ વાત અમે ગુરુમહારાજને મુખેથી જાણી છે અને આગમગ્રંથોમાં કહેવામાં આવી છે. (૩)

**ટબો**—વિવિધવર્ણી ગ્રંથિમ ૧, પેઢિમ ૨, પૂરન ૩, સંઘાતન ૪–એ ચારે ભેદે કુસુમની પૂજા ૧. અક્ષત ફલ-નાણાદિક ૨. પ્રધાન ગંધ એવો વાસચૂર્ણ ૩. ધૂપ કૃષ્ણાગર પ્રમુખ ૪. દીપજ્યોતિ પ્રકટ ૫. એમ પૂજા મન સાથે કરો. એ પાંચ પ્રકારની પૂજા તે અંગપૂજા અગ્રપૂજાદિકે હોય. ગુરુમુખથી વાત સાંભળી આગમ–સિદ્ધાંત ભાષિત. (૩)

**વિવેચન**—૧. કુસુમ, ૨. અક્ષત, ૩. સુગંધી વાસક્ષેપ, ૪. દશાંગ ધૂપ અને ૫. દીવો. એમાં ન્હવણ, કેસર અને પુષ્પની એમ ત્રણ અંગપૂજા કહેવાય છે આ ગાથમાં તે પૈકી પુષ્પ-પૂજા જ આપવામાં આવી છે. વાસક્ષેપપૂજા પણ અંગપૂજામાં આવે છે. આ પાંચે પૂજાને કદાચ અગ્રપૂજા કહેવામાં આવતી હશે એમ જણાય છે, તેનું રહસ્ય સમજાયું નથી. પણ અત્યારે ઉપલબ્ધ થતાં શાસ્ત્રોમાં તો કુસુમ અને વાસક્ષેપ પૂજાને અંગપૂજા બતાવવામાં આવેલ છે અને અક્ષત–ચોખા, ધૂપ અને દીપક–દીવાની પૂજાને અગ્રપૂજા ગણવામાં આવેલ છે. એ ગુરુમુખથી ચાલી આવતી સાંપ્રદાયિક વાતો વચ્ચેના અંધકારના વખતમાં વીસરાઈ ગયેલ છે, તે તત્ત્વજ્ઞાની જાણે. અને આ પાંચ પ્રકારની પૂજા તે અમે અમારા ઘરની નથી કહેતા, પણ જેવી અમે ગુરુમુખે સાંભળી છે તેવી, અને શાસ્ત્રમાં વર્ણવી છે તેવી બતાવી છે.

આ પાંચે પૂજાને અંગપૂજાના નીચે કેમ ગણી તે એક કોયડો છે; પણ, ઉપર જણાવ્યું તેમ, સંપ્રદાયજ્ઞાનનો નાશ થવાને કારણે તે સમજમાં ઊતરતી નથી. તેથી તે વાતને આપણે બહુશ્રુત–જ્ઞાની ઉપર છોડીએ છીએ. તે જ પ્રમાણે સમાયક કે પ્રતિક્રમણ કરતી વખતે હાથને અમુક રીતે શા માટે રાખવા, ઊઠતી વખતે અમુક રીતે શા માટે રખાય છે, એવી એવી વાતો ગુરુ શિષ્યને સમજાવે છે, તે સંપ્રદાયજ્ઞાન નાશ પામવાને કારણે આજે આપણે જાણી–સમજી શકતા નથી. આ પ્રમાણે અંગપૂજાના પાંચ પ્રકાર છે તે કરવા.

પૂજા કરવાનું ફળ શું થાય તે હવે પછીની ગાથામાં મૂળ સ્તવનમાં બતાવે છે. (૩)

---

એક પ્રતમાં નથી. 'સુગંધી' સ્થાને ભીમશી માણેકની આવૃત્તિમાં 'સુગંધો' પાઠ છાપે છે. 'ઇમ' સ્થાને ભીમશી માણેકે છાપેલ પુસ્તકમાં 'એમ' એવો પાઠ છે. (૩)

**શબ્દાર્થ**—કુસુમ = ફૂલ, સુંદર પુષ્પો (૧). અક્ષત = ચોખા, તાંદુલ (૨). વર = સારો, સરસ. વાસ = વાસક્ષેપ, વાસખેપ (૩). સુગંધી = ખુશબોદાર, સારી ગંધ–સુવાસ આપનાર. ધૂપ = પ્રભુ પાસે બાળવાના પદાર્થો, જેમાંથી સુગંધી ધૂમાડા ઊડે છે તે (૪). દીપ = દીવો, દેરાસરમાં જાગતો દીવો રાખે છે તે (૫). મનસાખી = મનની સાક્ષીએ, સાચેસાચ, એમાં ગોટાળો ન કરવો. અંગપૂજા = પ્રભુને શરીરે લાગે તેવી પૂજા; અંગપૂજા અને અગ્રપૂજા પૈકી પણ = પાંચ. ભેદ = પ્રકારે. સુણી = સમજી, સાંભળી. ઇમ = એ પ્રકારે. ગુરુમુખ = ગુરુમહારાજની પાસે, ગુરુમહારાજને મોંએ. આગમભાખી = શ્રી સિદ્ધાંતમાં બતાવેલી છે, શ્રી આગમશાસ્ત્રમાં વર્ણવી છે તે. (૩)

એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ૦ ૪

**અર્થ**—એ દ્રવ્ય-ભાવપૂજાનું ફળ બે પ્રકારનું છે તે તમે સાંભળો : એક તુરતનું ફળ (અનંતર ફળ, જેમાં આંતરો નહિ તેવું), અને બીજું પરંપરાએ-આખરે-છેવટે થતું ફળ. આજ્ઞાનું પાલન કરવાથી ચિત્તની પ્રસન્નતા રૂપ ફળ થાય છે. અને મુક્તિ-મોક્ષરૂપ સારી ગતિ થાય છે અથવા મોક્ષ થાય છે અથવા મનુષ્યાદિ સારી ગતિ થાય છે અને ગ્રૈવેયકાદિ સુંદર દેવગતિ થાય છે. (૪)

**ટબો**—એ બન્ને પૂજાનાં ફળ બન્ને પ્રકારે-બન્ને ભેદે-એમ સાંભળીને અનંતર-આંતરા રહિત સાક્ષાત્ ફલ નિર્વાણ સાધે અને પરંપરાએ મોક્ષ સાધે, તે પરંપર ફલ કહાય. આજ્ઞાનું જ્યાં સંપૂર્ણ ચારિત્ર એક ફલ તે અનંતર અને ચિત્ત પ્રસન્ને વિશિષ્ટ દ્રવ્યાદિકનું જોડવું તે પરંપરા ફલ કહીએ. એટલે ઉત્કૃષ્ટ પૂજા મુગતિ, સ્વર્ગ ફળ અને ઉત્કૃષ્ટ યતનારૂપ ભાવાજ્ઞાપાલન. જે મુક્તિમંદિર. (૪)

**વિવેચન**—પૂજાનાં બે પ્રકારનાં ફળ થાય છે : એક અનંતર ફળ અને બીજું પરંપર ફળ. એટલે એક ફળ તાત્કાળિક થાય છે અને બીજું ફળ ધીમે ધીમે થાય છે. આ બે પ્રકારનાં ફળ બતાવવાનો આશય એ છે કે એમ વિગતવાર ફળ બતાવવાથી લોકોની પૂજા તરફ ભાવના થાય. તેટલા માટે બન્ને પ્રકારનાં ફળ એ બતાવે છે. અનંતર ફળમાં આજ્ઞાનું પાલન અને પરંપરા ફળમાં મુક્તિ (મોક્ષ), સારી ગતિ અથવા દેવગતિ. આ બન્ને પ્રકારનાં ફળ ખૂબ લક્ષ્યમાં લેવા યોગ્ય છે. આપણે કોઈની આજ્ઞાનું પાલન કરીએ ત્યારે તે માણસ આજ્ઞા કરવાની સ્થિતિમાં હોવો જોઈએ. રાજા કે ઉપદેશક આજ્ઞા કરે તે આપણે જાણે તેણે આપણા ઉપર મહેરબાની કરી હોય એમ ગણીએ છીએ. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું તે અનંતર-તાત્કાલિક ફળ છે : એમણે જે વાતને પોતાના જ્ઞાનથી હિતદૃષ્ટિએ જોઈ હોય તે, કોઈ પ્રકારના બદલાની

---

**પાઠાંતર**—'એહનું ફળ' સ્થાને એક પ્રતમાં 'એંહવો ફળ' એવો પાઠ છે. 'દોય' સ્થાને એક પ્રતમાં 'દો' પાઠ છે. 'ભેદ' સ્થાને બે પ્રતમાં 'ભાવ' પાઠ છે 'સુણીને' એ સ્થાને 'સુણિને' એવો પાઠ એક પ્રતમાં છે; એક પ્રતમાં 'સુણીની' પાઠ છે. 'પરંપર' સ્થાને એક પ્રતમાં 'પરંપરે રે' એવો પાઠ છે. 'પાલણ' સ્થાને એક પ્રતમાં 'પાલગ' એવો પાઠ છે. 'સુગતિ સુરમંદિર' સ્થાને એક પ્રતમાં 'સુરમુગતિ' પાઠ છે. (૪)

**શબ્દાર્થ**—એહનું = ઉપર જણાવેલ પૂજાનું, એનું. ફળ = લાભની, જમે બાજુની. દોય = બે (હવે પછી કહે છે તે બે) ભેદ = રીતે, પ્રકારે. સુણીજે = સાંભળીએ, જાણીએ. અનંતર = આંતરારહિત, દરમ્યાનગિરિ વગરનું, તાત્કાલિક, તુરત. પરંપર = પરંપરાએ, છેવટે. આણાપાલણ = હુકમનું માનવું તે, ફરમાનનો અમલ. ચિત્તપ્રસન્ની = મનમાં પ્રસન્નતા થાય તેને પરિણામે થતો હર્ષોદ્રેક (પ્રથમ સ્તવન જુઓ, ગાથા છઠ્ઠી). મુગતિ = મુક્તિ, મોક્ષ, નિરંતરને માટે જન્મમરણનો નાશ. સુગતિ = સારી ગતિ, મનુષ્ય-દેવગતિ. સુરમંદિર = દેવતાની ગતિ. (૪)

આશા વગર, એકાંત આપણા હિત ખાતર કહી. અને તેને તેમના ગણધર-શિષ્યોએ આગમમાં ગૂંથી લીધી છે, એ આજ્ઞાનું પાલન કરવું, એ આપણી ફરજ છે. આ રીતે અનંતર ફળમાં પોતાના ચિત્તની પ્રસન્નતા થાય છે. આ પણ અનંતર–તાત્કાળિક ફળ છે. ચિત્તપ્રસન્નતા કેવી રીતે થાય છે તે આપણે પ્રથમ સ્તવનમાં જોઈ ગયા છીએ.

તાત્કાલિક લાભ આત્મિક જ હોવો જોઈએ. આ આત્મિક લાભ તે આજ્ઞાપાલન અને ચિત્તની પ્રસન્નતા એ બે જ છે. અને પરંપરાએ ફળ તો મોક્ષપ્રાપ્તિ છે. આપણે અનંત સુખ મેળવવું હોય તો તે મોક્ષમાં જ મળે તેમ છે. તે સુખ અનંત કાળ માટેનું છે અને તે કદી નાશ પામવાનું નથી. જે સુખની પાછળ દુઃખ થાય તેને ખરેખરું સુખ કહી શકાય નહિ. આ મોક્ષસુખ માટે આપણો સર્વ પ્રયાસ છે. પણ આપણે કદાચ આયુષ્ય બાંધી દીધું હોય, તો પરંપરાએ પ્રાપ્ત થવાના ફળમાં આપણી સારી ગતિ થાય, આવતે ભવે મનુષ્યગતિ કે દેવગતિ મળશે, એટલે નરકાદિક ગતિનું એ નિવારણ થશે. આ કાળમાં મોક્ષ મળતો નથી, તો સધિયારાની વાત છે કે આપણને દેવગતિ મળશે.

આ ગાથામાં આપણે બન્ને પ્રકારનાં ફળ જાણ્યાં. પણ ફળની અપેક્ષાએ પૂજા ન કરવી. જે પ્રાણી એવી રીતે તથા હવે પછી કહેવાનારી રીતે પૂજા કરશે તેણે ખાતરીથી સમજવું કે પૂજાનાં અનંતર અને પરંપર ફળ સારાં છે જ માટે અનંત ભવ પછી આ મનુષ્યનો દેહ અને નીરોગિતા, ધર્મ અને ધર્મને બતાવનારા, પોતાની શ્રદ્ધા અને સમજણશક્તિ મળ્યાં છે, તેનો પૂરેપૂરો લાભ લઈ આ મળેલ અનુકૂળ સાધનોનો પૂરતો લાભ લેવો. આ ગાથામાં બતાવેલી પૂજાઓ તો પોતાનું કર્તવ્ય કરવાનું પ્રથમ પગથિયું છે; પછી શું કરવું તે આગળ ઉપર જણાશે. હવે આપણે બીજા પ્રકારની પૂજાઓ વિચારીએ. (૪)

ફૂલ અક્ષત વર ધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જળ ભરી રે;
અંગ-અગ્રપૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે. સુવિધિ૦ ૫

---

**પાઠાંતર**—'ફૂલ' પછી એક પ્રતમાં ૧–એકડો મૂકે છે. 'અક્ષત' પછી એ જ પ્રત લખનાર ૨–બગડો મૂકે છે. 'ધૂપ' પછી એ પ્રત લખનાર ૩–તગડો મૂકે છે. 'પઈવો' પછી એક પ્રત લખનાર ૪–ચોગડો મૂકે છે. બીજી પ્રતમાં એ ચારે અક્ષરો છે. 'ગંધ' પછી એ પ્રત લખનાર ૫–પાંચડો લખે છે બન્ને પ્રતમાં એમ જ છે. 'નૈવેદ્ય' પછી ૬–છગડો મૂકે છે; બીજી પ્રતમાં 'નિવેદ્ય' પાઠ છે. ફળ પછી એક પ્રતમાં ૭-સાતડો લખે છે. 'જલ ભરી રે' પછી બીજી પ્રતમાં ૮–આઠડો મૂકે છે, અને 'ફલ પૂજલ ભરે રે' એવો પાઠ આપે છે. 'મળીને' સ્થાને 'મિલિને' એવો પાઠ એક પ્રતમાં છે. 'અડવિધ' સ્થાને 'અદવિધિ' એવો પાઠ છે. (૫)

**શબ્દાર્થ**—ફૂલ = પુષ્પ, ફૂલ. અક્ષત = ચોખા, તંદુલ. વર = સરસ, સુંદર, સારા, ઊંચી જાતના. ધૂપ = દેવતા ઉપર ધુમાડો થાય તેવો સુગંધવાળો પદાર્થ. પઈવો = દીવો, લાઈટ, પ્રકાશ. ગંધ = કેસર, સુખડ વગેરે સુગંધવાળા પદાર્થો. નૈવેદ્ય = રાંધેલી કે તૈયાર કરાવેલી સુંદર રસોઈ, પક્વાન્ન કે મીઠાઈ. ફળ = ઝાડનાં ફળ, તરબૂચ, જમરૂખ વગેરે, ટેટી અને રાયણાદિ. જળ = પાણી. ભરી રે = પાણી ભરેલા કળશો. અંગ = પ્રભુને

**અર્થ**—ફૂલ, અક્ષત, સુંદર ધૂપ, દીવો, કેસર, નૈવેદ્ય, ફળ, જળ (કળસ ભરીને)—એ આઠ પ્રકારની અંગ અને અગ્રપૂજાઓ છે. અને એને આચરવાથી ભવ્ય પ્રાણીઓ સારી ગતિને પામે છે. (૫)

**ટબો**—કુસુમ-ફૂલ ૧, અક્ષત-ધાન્ય તંદુલાદિ ૨, પ્રધાન ધૂપ ૩, પઈવો-દીવો ૪, ગંધ-વાસાદિ ૫, નૈવેદ્ય-આહારાદિ ૬, ફલ-બીજપૂરાદિ, જલ ૮—એમ અંગપૂજા-અગ્રપૂજા મળી આઠ ભેદ થાય. આદિ શબ્દે ઘણા પ્રકાર હોય. જે ભવિક શુભ ગતિના પામણહાર, તેવે ભાવે પૂજા કરે, તે શુભ ગતિ વરે.

**વિવેચન**—પૂજા આઠ પ્રકારી છે. એ આઠ પ્રકાર આ રહ્યા : ૧. ફૂલ, ૨. અક્ષત (ચોખા), ૩. વર એટલે સુંદર ધૂપ, ૪. ગંધ, કેશર સુખડાદિ સારી સુવાસવાળા પદાર્થો, કસ્તૂરી વગેરે, ૫. દીપક-દીવો, ૬. નૈવેદ્ય-મીઠાઈ, પકવાન, ૭. ફળ-જમરૂખાદિ, ૮. જળ-પાણી—એમ અષ્ટ-પ્રકારી પૂજા થાય છે. આ પૂજાના પ્રકાર કરતાં હાલમાં જુદી રીતે પૂજા થાય છે. તેમાં પણ આઠ પ્રકારો જ, પણ તેનો ક્રમ ફરી જાય છે. તેમાં જળનો અભિષેક પ્રથમ આવે છે. બીજી કેશરપૂજા, તેમાં કસ્તૂરી, સુખડ વગેરે સુંદર સુગંધી પદાર્થો મળે છે. ત્રીજી પૂજા ત્યાર પછી અત્યારે પુષ્પ-ફૂલની થાય છે. ચોથી દશાંગધૂપની; પાંચમી દીવાની-દીપકની પૂજા, છઠ્ઠી ચોખા-તાંદુલની, સાતમી જમરૂખ, બદામ આદિ ફળની, અને આઠમી નૈવેદ્ય-પકવાનની પૂજા થાય છે. એ અષ્ટપ્રકારી પૂજામાં પ્રથમ ત્રણ (જળ, કેશર અને પુષ્પની પૂજા) તે અંગપૂજા કહેવાય છે અને બાકીની પાંચ અગ્રપૂજા છે. અંગપૂજામાં પ્રભુના શરીરને અડીને પૂજા કરવાની હોય છે અને અગ્રપૂજામાં પ્રભુને અડવાનું નહિ પણ પ્રભુ સન્મુખ ઊભા રહી કરવાની હોય છે.

એ અષ્ટપ્રકારી પૂજાને કરવાથી ભવ્ય પ્રાણીઓ સારી ગતિને પામે. આ સ્તવનનું આ રહસ્ય છે. પૂજા કરવાનો આ કાળમાં લાભ તો સારી ગતિ મેળવવાનો છે. દેવની કે મનુષ્યની ગતિ સુગતિમાં ગણાય છે. જે પ્રાણી રખડપાટાથી કંટાળી ગયો હોય એણે પૂજા કરી આવતા ભવે સારી ગતિ મેળવવી એ પૂજા કર્યાનો પરંપરાએ થતો લાભ છે. અને તે લાભ આ અનંત સંસારમાં કોઈ વાર જ મળે છે, માટે પૂજા કરી લાભ ઊઠાવવો એ આપણી ફરજ છે. આ કાળમાં આ ક્ષેત્રે મોક્ષ થવાનો નથી, તેથી સુગતિથી પણ સંતોષ માનવો અને આગળ જતાં પરંપરાએ મોક્ષ મળશે એમ જાણવું. હજુ પૂજાના વધારે પ્રકાર છે તે તરફ આવતી ગાથામાં ધ્યાન ખેંચશે. (૫)

---

શરીરે અડીને થાય તે પૂજાને અંગપૂજા નામ અપાય છે. અગ્રપૂજા = પ્રભુ સન્મુખ પૂજા કરવામાં આવે તેનું નામ અગ્રપૂજા છે. બહુવિધ = ઘણે પ્રકારે. અડ = આઠ; અષ્ટનું અર્ધમાગધી રૂપ. ભાવે = હૃદયના ઉલ્લાસપૂર્વક; ભવિક = ભવ્ય પ્રાણીઓ, મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવો. શુભ ગતિ = સારી ગતિ; દેવતા, મનુષ્યના ભવ તે સારી ગતિ ગણાય છે. વરી = પામી, મેળવી. (૫)

સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠોત્તર સત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે. સુવિધિ૦ ૬

**અર્થ**—વળી પૂજા સત્તર પ્રકારે થાય છે, એકવીસ પ્રકારે પણ થાય છે અને એકસો ને આઠ પ્રકારે પણ થાય છે. ભાવપૂજા તો બહુ પ્રકારે થાય છે અને તે દુર્ભાગ્ય અને ખરાબ ગતિને છેદી નાખે છે, દૂર કરે છે. (૬)

**ટબો**—સત્તર ભેદવાળી પૂજાના પ્રકાર : ન્હવણ ૧, વિલેપન ૨, અંગમાં ચક્ષુ જુઅલ અને વાસપૂજા ઇત્યાદિ. તથા વળી એકવીશ પ્રકારે યથા—સ્નાન ૧, વિલેપન ૨, વિભૂષણ ૩, પુષ્પરાસ ૪, ધૂપ ૫, પ્રદીપ ૬, ફળ ૭, તંદુલ ૮, પત્ર ૯, પૂગ (સોપારી) ૧૦, નૈવેદ્ય ૧૧, વારિ (પાણી) ૧૨, વસન (કપડાં) ૧૩, ચામર ૧૪, આતપત્ર ૧૫, વાજિંત્ર ૧૬, ગીત ૧૭, નટ ૧૮, સ્તુતિ ૧૯, કોશ ૨૦, વૃદ્ધિ ૨૧—એ પ્રમાણે એકવીશ વિધા જિનરાજપૂજા માટે વ્યાખ્યાન કરવામાં આવ્યું છે—

इत्येकविंशतिविधा जिनराजपूजा ख्याता सुरासुरगणेन कृता सदैव ।
खण्डीकृता कुमतिभिःकलिकालयोगात् यत्प्रियं तदिह भाववशेन योज्यम् ॥

તથા વળી અઠોતર સો (૧૦૮) ભેદે પણ પૂજા. એવં દ્રવ્યપૂજા અનેક પ્રકારે કહી. ભાવપૂજા શુદ્ધાજ્ઞા પાળવારૂપ, ઉગ્ર વિહાર સ્વરૂપે. તે પણ બહુ પ્રકારે નિરધાર–નિર્ણય કરીને. દોહગ –મિથ્યાત્વાદિ, દુઃખ-જન્મ-જરા-મરણાદિ, ઇત્યાદિકની ગતિ પરંપરાને ઉચ્છેદક થાય. (૬)

**વિવેચન**—દ્રવ્યપૂજા સત્તર પ્રકારે છે. સકળચંદજી ઉપાધ્યાયની તથા આત્મારામજી (આનંદવિજય)ની સત્તરભેદી પૂજા પ્રસિદ્ધ છે. એમાં શ્રી સકળચંદજીએ સત્તર પ્રકાર નીચે પ્રમાણે પાડ્યા છે : ૧. ન્હવણ પૂજા, (પાણીનું સ્નાન, અભિષેક), ૨. ચંદન (તેનું શરીરે વિલેપન કરવું), ૩. વસ્ત્રયુગલ, ૪. વાસપૂજા (વાસક્ષેપ), ૫. પુષ્પપૂજા (છૂટાં ફૂલ), ૬. ફૂલની

---

**પાઠાંતર**—'પ્રકારે' સ્થાને એક પ્રતમાં 'પ્રકારો' એવો પાઠ છે. 'સત' સ્થાને 'સો' એવો પાઠ બન્ને પ્રતમાં છે. 'પૂજા' સ્થાને 'પૂજન' પાઠ એક પ્રતમાં છે. 'દુરગતિ' સ્થાને એક પ્રતમાં 'ભાવિ ભાવિક શુભ ગતિ વરી રે' પાઠ છે; એક પ્રત 'દુખગતિ' એવો પાઠ પણ આપે છે. 'છેદે રે' સ્થાને એક પ્રતમાં 'છેદે રે' એવો પાઠ છે, (૬)

**શબ્દાર્થ**—સત્તર ભેદ = સત્તરભેદી પૂજા. (એના વિસ્તાર માટે વિવેચન જુઓ). એકવીશ પ્રકારે = એકવીશ પ્રકારની પૂજા (વિસ્તાર માટે જુઓ વિવેચન); પ્રકાર = જાતની. અઠોત્તર સત = એકસો ને આઠ (૧૦૮) (વિસ્તાર માટે જુઓ વિવેચન) સો ઉપર આઠ, શત એટલે સો, અઠોત્તર = એટલે જેમાં આઠ વધારવાના છે તે, એટલે ૧૦૮ પ્રકારી પૂજા. આ સર્વ દ્રવ્યપૂજા થઈ. ભાવપૂજા = ત્યાર પછી ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ થાય તે ભાવપૂજા, હૃદયના ઉલ્લાસથી થતી પૂજા. એ દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ પૂજાના બે પ્રકાર છે. બહુવિધ = અનેક રીતે, ઘણા પ્રકારે. ભાવપૂજાના અનેક ભેદો, પ્રકારો છે. નિરધારી = બતાવી છે. આગમ અને ત્યાર પછીના અનેક ગ્રંથોમાં તેનો વિધિ કહ્યો છે. દોહગ = ખરાબ નસીબ, દુર્ભાગ્ય, કમનસીબ. દુરગતિ ખરાબ ગતિ, નારકી, તિર્યંચાદિ ખરાબ ગતિ, નીચ ગતિ. છેદે = દૂર કરે, મટાડે. (૬)

માળા (ફૂલને પરોવવાં–માળામાં), ૭. ફૂલની આંગી રચવી, ૮. ચૂર્ણપૂજા (બરાસ ચૂર્ણ), ૯. ધ્વજપૂજા (ધજા), ૧૦. આભૂષણપૂજા, ૧૧. કુસુમગૃહપૂજા, (ફૂલનું ઘર), ૧૨. કુસુમમેઘ (ફૂલ વરસાવવાં), ૧૩. અષ્ટ માંગલિક (હાથમાં રકેબીમાં અષ્ટમાંગલિકને ધરીને ઊભા રહેવું), ૧૪. ધૂપ–દીપકપૂજા, ૧૫. ગીતપૂજા (તાલ સહિત પ્રભુગુણગાન કરવું), ૧૬. નૃત્યપૂજા (પ્રભુ આગળ નાચ કરવો), ૧૭. વર્ય વાદ્યપૂજા, જે કાળે જે વાજિંત્રો મળતાં હોય તે સર્વ વગાડવાં.

આત્મારામજીએ સત્તર પ્રકાર નીચે પ્રમાણે પાડ્યા છે : ૧. ન્હવણ, ૨. વિલેપન, ૩. ચક્ષુ-યુગલ (અહીં અને સકળચંદની સત્તરભેદીમાં ફેર છે), ૪. ગંધપૂજા (એમાં અને સંકળચંદની વાસપૂજામાં ફેર નથી.), ૫. પુષ્પપૂજા, ૬. ફૂલની માળા, ૭. આંગી રચવી તે, ૮. ચૂર્ણપૂજા, ૯. ધ્વજપૂજા, ૧૦. આભરણપૂજા, ૧૧. પુષ્પગૃહપૂજા, ૧૨. પુષ્પવર્ષણપૂજા (એ સકળચંદજીની પૂજામાંથી ૧૨મી કુસુમમેઘપૂજા જ છે.), ૧૩. અષ્ટમંગલપૂજા, ૧૪. ધૂપપૂજા, ૧૫. ગીતપૂજા, ૧૬. નાટક (એ સકળચંદજી નૃત્યપૂજા પ્રમાણે જ છે.), ૧૭. વાજિંત્રપૂજા (એ સકળચંદજીની સર્વ વાદ્યપૂજા પ્રમાણે જ છે), એટલે એમાં ચક્ષુયુગલ સ્થાને વસ્ત્રયુગલનો ફરક આવે છે.

મતલબ કહેવાની એ છે કે સારાં સુગંધીવાળાં દ્રવ્યો લઈ તેનાથી પ્રભુની સત્તરભેદી પૂજા કરવી. આ સર્વ પ્રથમ ભેદે દ્રવ્યપૂજા છે. ઉચ્ચ દ્રવ્યની અહીં મેળવણી છે. એમાં નોંધવા જેવી વાત ગીત અને નૃત્ય–નાચની છે. સંગીતથી એકાગ્રતા થાય છે, તે ખાસ સમજવા જેવી વાત છે.

એ જ સકળચંદજી ઉપાધ્યાયે એકવીસ પ્રકારની પૂજા બતાવી છે. તેમણે એકવીસ પ્રકારો આ પ્રમાણે આપ્યા છે : ૧. જલપૂજા, ૨. વસ્ત્રપૂજા ૩. ચંદનપૂજા, ૪. પુષ્પપૂજા, ૫. વાસપૂજા, ૬. ચૂઆચૂર્ણપૂજા (બરાસના ચૂર્ણમાં ચંદન નાંખવું.), ૭. પુષ્પમાળા, ૮. અષ્ટમાંગલિકપૂજા (ધરવા), ૯. દીપકપૂજા, ૧૦. ધૂપપૂજા, ૧૧. અક્ષતપૂજા, (ચોખા), ૧૨. ધ્વજપૂજા, ૧૩. ચામર-પૂજા, ૧૪, છત્રપૂજા, ૧૫. મુકુટપૂજા, ૧૬. દર્પણપૂજા (અરીસો–કાચ), ૧૭. નૈવેદ્યપૂજા, ૧૮. ફૂલપૂજા, ૧૯. ગીતપૂજા, ૨૦. નાટકપૂજા (પ્રભુ સન્મુખ નાટક કરવું.), ૨૧. વાજિંત્રપૂજા. આમાં સુંદર દ્રવ્ય વધારે આવે છે. મતલબ, આ એકવીસ પ્રકારી પૂજા દ્રવ્યપૂજાનો જ વિભાગ છે એમ સમજવું,

પ્રભુ આગળ સુંદર ફળ-નૈવેદ્ય ધરી એકસો આઠ પ્રકારની પૂજા કરવી. એ હાલમાં અષ્ટોત્તરી સ્નાત્ર તરીકે ઓળખાય છે. તેમાં ઉપર જણાવેલ અષ્ટપ્રકારી પૂજા અનેક સ્નાત્રીઓ વહેંચી લે છે અને તે વખતે ગીત-વાજિંત્ર વાગે છે. એ અષ્ટોત્તરી પૂજાનો ખાસ વિધિ છે તે શાસ્ત્રોથી જાણી લેવો. આ અષ્ટોત્તરી પૂજા એ પણ દ્રવ્યપૂજા જ છે અને તે ઉત્કૃષ્ટ પ્રકારની દ્રવ્યપૂજા છે. આ ઉપરાંત ચોસઠપ્રકારી, નવાણુપ્રકારી વગેરે પૂજાઓ છે. કહેવાની મતલબ એ છે કે ઉત્તમ દ્રવ્ય મેળવીને તે વડે પ્રભુની દ્રવ્યપૂજા કરવી; જે મળે તે દ્રવ્યનો ઉપયોગ કરવો અને પ્રભુનું અનેક રીતે બહુમાન કરવું.

અને ભાવપૂજા તો અનેક પ્રકારે કરવાની છે. પછી તેમાં 'જગજીવન જગ વાલહો' જેવું ભાવવાહી સામાન્ય સ્તવન બોલો કે આનંદઘનની ચોવીશીમાંથી કોઈ સુંદર સ્તવન કહીને ભાવ-

પૂજા કરો. દ્રવ્યપૂજાના અંગપૂજા અને અગ્રપૂજા એમ બે પ્રકાર પડી જાય છે. દ્રવ્યપૂજા તે ભાવપૂજાનું નિમિત્ત છે એટલે એ દૃષ્ટિએ એ કરવા યોગ્ય છે. ભાવપૂજા તો મનની એકાગ્રતા થાય, પ્રભુ ઉપર બરાબર ચિત્ત લાગે એ એનો ઉદ્દેશ છે. દ્રવ્યપૂજા ભાવપૂજાનું નિમિત્ત અને તેટલા પૂરતો જ તેનો ઉપયોગ છે. એટલા માટે સાધુઓ દ્રવ્યપૂજા નથી કરતા, પણ માત્ર ભાવપૂજા જ કરે છે. એ હેતુ ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. આ ભાવપૂજા દુર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરનારી છે. દુર્ભાગ્ય એટલે ill luck–ખરાબ નસીબ. ભાવપૂજા આ ખોટા નસીબને પણ સારા નસીબમાં ફેરવી શકે છે અને ખરાબ વખતને પણ સુધારી શકે છે. એટલા માટે ભાવપૂજા ખાસ કરવા યોગ્ય છે અને તેને માટે જ આ સર્વ ઉપદેશ છે, એટલું જ નહિ પણ નારકાદિ ખરાબ ગતિને પણ કાપી નાખે છે, દૂર કરે છે. નરક ગતિમાં તો આખો વખત ક્ષેત્રવેદના, અન્યોન્યકૃત વેદના અને પરમાધાર્મિકકૃત વેદના–એમ ત્રણ પ્રકારની વેદનાથી પ્રાણી રહેંસાઈ જાય છે, એટલે એને દુર્ગતિમાં ગણેલ છે. એ દુર્ગતિને ભવિષ્ય માટે છેદનાર પણ આ ભાવપૂજા છે, તેટલા માટે પૂજાના ત્રણ પ્રકારો અત્રે બતાવ્યા. અંગપૂજા, અગ્રપૂજા એ બે પ્રકાર દ્રવ્યપૂજાના થયા અને ત્રીજો પ્રકાર ભાવપૂજાનો છે તે ખૂબ આદરવા યોગ્ય છે; અને તે દુર્ભાગ્ય અને દુર્ગતિને છેદનાર હોવાથી ખાસ આદરણીય છે, એમ શાસ્ત્રાધારે આ ગાથામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. હવે પૂજાના બીજા પ્રકારો આપણે જોઈએ. અહીં સુધી પૂજાના ત્રણ પ્રકાર થયા : અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. (૬)

તુરિય ભેદ પડિવત્તીપૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે, ભાખી કેવળભોગી રે. સુવિધિ૦ ૭

**અર્થ**—ચોથો પ્રકાર તે પ્રતિપત્તિપૂજાનો છે. તે પૂજા અગિયારમા ઉપશમ ગુણઠાણે, બારમા ક્ષીણમોહ સ્થાનકે અને તેરમા સયોગીકેવળી ગુણસ્થાનકે થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એમ ચાર પ્રકારની પૂજા કેવળીએ–ભગવાને કહેલી છે. (૭)

**ટબો**—એટલે અંગ, અગ્ર અને ભાવપૂજા દેખાડી ચોથો ભેદ પ્રતિપત્તિપૂજા. તે પ્રતિપત્તિ શબ્દે ચરણ, સમાચરણ, સમાપત્તિ લક્ષણ જાણવો. ઉપશમ ક્ષીણમોહ સયોગી ઇત્યાદિક ફલ-

---

**પાઠાંતર**—'ખીણ' સ્થાને–ષીણ પાઠ પ્રતમાં છે. 'સયોગી' સ્થાને એક પ્રતમાં 'સહયોગી' પાઠ છે; બીજી પ્રતમાં 'સહજોગી' પાઠ છે; એક પ્રતમાં 'સંયોગી' પાઠ છે. 'ભાખી' સ્થાને 'ભાષી' પાઠ પ્રતમાં છે. (૭)

**શબ્દાર્થ**—તુરિય = ચોથો Fourth, ચતુર્થ, તુરીય. ભેદ = પ્રકાર, જાતિનો વ્યક્તભાવ. પડિવત્તી = પ્રતિપત્તિ, પોતાનું અસલ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ, સ્વરૂપનું ભાન થાય તે ચોથા પ્રકારની પૂજાનો ભેદ. પૂજા = પૂજા, સેવાનો ચોથો પ્રકાર. ઉપશમ = ઉપશાંતમોહ નામના અગિયારમે ગુણસ્થાનકે (જુઓ કર્મગ્રંથ). ખીણ = ક્ષીણમોહ નામના બારમે ગુણસ્થાનકે (જુઓ કર્મગ્રંથ) સયોગી = કેવળીને મળે તે સયોગીકેવળી નામનું તેરમું ગુણસ્થાનક. ચઉહા = ચાર પ્રકારની. પૂજા = પૂજાના ચાર પ્રકાર. ઉત્તરઝયણે = ઉત્તરાધ્યયન નામના સૂત્રમાં (મૂળ સૂત્ર છે). ભાખી = કહી બતાવી. કેવળ – કેવળજ્ઞાનીએ, જ્ઞાની મહારાજે: ભોગી = કેવળી, કેવળજ્ઞાનના ભોગ કરતાં, અનુભવ કરતાં (૭).

પ્રાપ્તિરૂપ તે પ્રતિપત્તિપૂજા ચોથી જાણવી. એમ ચાર પ્રકારની પૂજા ઉત્તરાધ્યયનમાં ભાખી-કહી, કેવળજ્ઞાનીએ. અથવા પ્રતિપત્તિ તે અનાશાતના-વિનયરૂપ. तत्र लोकोपचारविनयो यथा-

आभुट्ठाणं अंजलि आसणदाणं च अतिहिपूया य।
लोगोवयार विणओ देवयपूया य विहवेणं ॥

ઇતિ ઉત્તરાધ્યયન વૃત્તિમાં. તથા—

अहओ वयारिओ पुण दुविहो विणओ समासओ होइ।
पडिरूवजोगजुंजण तह य अणासायणाविणओ ॥१॥
पडिरूवो खलु विणओ, काइयजोगो य वाइमाणसिओ।
अट्ठचउव्विवत्तदुविहो परूवणा तस्सि इमा होइ ॥२॥

इति ज्ञेयम्। ઇતિ અધ્યાહાર છે. અથવા પ્રતિપત્તિ તે અનાશાતના કહી છે તે પણ અર્થ જાણવો, સદ્દહવો. ઇતિ (૭)

**વિવેચન**—અને ભાવપૂજાનો પ્રકાર એક પ્રતિપત્તિ પૂજા છે. એ દ્રવ્યપૂજાના બે ભેદ અંગ-પૂજા અને અગ્રપૂજા અને ચાલુ સ્તવનાદિકવાળી ભાવપૂજા એમ ત્રણ ભેદ ઉપરાંત આ ચોથો ભાવપૂજાનો ભેદ છે. એ રીતે સામાન્ય ભાવપૂજા અને આ પ્રતિપત્તિપૂજા એમ ભાવપૂજાના બે ભેદ થાય છે. પોતાના મૂળ સ્વભાવમાં આવવું અને વિભાવદશામાંથી પડી જવું એ પ્રતિપત્તિ પૂજાનો ભાવ છે. તે ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવળી નામના ૧૧ માં, ૧૨ મા અને ૧૩ મા ગુણસ્થાનકે ઉત્પન્ન થાય છે. એ ભાવપૂજામાં પ્રાણી પોતાની મૂળ દશામાં આવી જાય છે અને વિભાવદશામાંથી એનો પાત થાય છે. આ ૧૧ મા, ૧૨ મા, ૧૩ મા ગુણસ્થાનકે થતી પ્રતિપત્તિપૂજા ચોથા પ્રકારની ભાવપૂજા છે; તેથી પૂજાના ચાર પ્રકાર થયા : (૧) દ્રવ્યપૂજા-અંગપૂજા, (૨) દ્રવ્ય-પૂજાને અંગે અગ્રપૂજા, (૩) ત્રીજી સામાન્ય ભાવપૂજા અને (૪) પ્રતિપત્તિ ભાવપૂજા. એટલે કુલ ચાર પ્રકારની પૂજાઓ કેવળજ્ઞાનીએ **'ઉત્તરાધ્યયન'** નામના સૂત્રમાં બતાવેલી છે. કેવળજ્ઞાનનો ઉપભોગ બતાવતી વખતે આ ચાર પ્રકારની પૂજા શ્રી ઉત્તરાધ્યયન નામના મૂળ સૂત્રમાં કેવળ-જ્ઞાનીએ બતાવી છે. આ પ્રતિપત્તિપૂજામાં ચેતન પરભાવ-વિભાવદશા છોડીને એના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રમણતારૂપ મૂળ ધર્મમાં-અસલ રૂપમાં આવે છે. એમાં સર્વ પર વસ્તુને પર તરીકે પ્રાણી જાણે છે અને સર્વ પ્રકારના મમત્વનો ત્યાગ કરે છે. ત્યાં એને પ્રથમની બન્ને દ્રવ્યપૂજા કરવાનું રહેતું નથી, કારણ કે તે આત્માના મૂળ ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરી આત્મસ્વરૂપમાં એકાગ્ર થઈ જાય છે અને એને દ્રવ્યપૂજા કરવાનો કાંઈ પણ હેતુ હોતો જ નથી. આ પ્રતિપત્તિપૂજા એ આદર્શ પૂજા છે; તે અંતે અગિયારમે, બારમે અને તેરમે ગુણસ્થાનકે ઉદયમાં આવે છે. આ પ્રકારે ઉત્તરાધ્યયન નામના સૂત્રમાં કેવળજ્ઞાનીએ બતાવેલ ચારે પ્રકારની પૂજા આ ગાથામાં બતાવી. મનુષ્યજન્મ, આર્ય-ક્ષેત્ર, કર્મભૂમિ, શરીરે નીરોગતા, ધર્મશ્રવણની અનુકૂળતા, દેવગુરુની જોગવાઈ, ધર્મશ્રદ્ધા વગેરે અનુકૂળતા પામીને તેનો જેટલો બને તેટલો લાભ લેવો. આ જીવ અનંતી વાર તો દર્શન કે પૂજાનો લાભ મેળવી શક્યો નથી, પણ અત્યારે તેનો લાભ મળ્યો છે. તે સર્વ જોગવાઈનો જેટલો બની શકે

તેટલો લાભ લેવો. આવો અવસર પાછો ફરી ફરીને મળવો અતિ મુશ્કેલ છે, તેથી નકામાં કામો મૂકી દઈ, આ આત્મિક કામો કરવાં. જે આવી રીતે પૂજાનો લાભ લેશે તે પોતાની જિંદગી સફળ કરશે અને એની ઉત્તરોત્તર મંગળિકમાળા વિસ્તરશે. ચિદાનંદજી કહે છે કે 'વાર અનંતી ચૂકીઆ ચેતન, ઇણ અવસર મત ચૂકો.' એવી વાત ન થાય તે ધ્યાનમાં રાખવું અને ભાવપૂજા કરવી અને દ્રવ્યપૂજા તે ભાવ નિમિત્ત છે એમ સમજી પોતાની ભવિષ્યત્ ગતિને સુધારી લેવી. (૭)

ઇમ પૂજા બહુભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે, 'આનંદઘન' પદ ધરણી રે. સુવિધિ૦ ૮

**અર્થ**—આ પ્રકારે પૂજાના ભેદો જાણીને સુખને આપનાર સુંદર ક્રિયાઓ જે ભવ્ય જીવો કરશે, અમલમાં મૂકશે તે આનંદના સમૂહની ભૂમિકાએ જશે. (૮)

**ટબો**—એ પ્રકારે પૂજાના ઘણા ભેદ સાંભળીને એહી જ નિર્ધાર જે વિધિસ્યું જિનપૂજા તે સુખદાયક અને શુભ કરણી કહેતાં અનુબંધે નિરવદ્ય કરણી એવા જે ભવિ પ્રાણી કરશે તે જ પ્રાણી પામશે એ નિઃસંદેહ જાણવું, પરમાનંદની ઘન ચિત્ત ધરણી-ભૂમિકા. તે જ વીતરાગની ભક્તિ છે. એ સુવિધિનાથને વિધિથી પૂજીએ, શા માટે ? શીતળતા પામીએ તે માટે. એવી ભક્તિ કરતાં આત્મા પણ રાગદ્વેષરૂપ મલથી શીતળ થાય. તે ભણી શ્રી શીતળનાથ સ્વામીનું સ્તવન કહીએ છીએ. (૮)

**વિવેચન**—છેવટે કહે છે કે આ પ્રકારે પૂજાના બહુ ભેદો જાણીને અને એ સુખ આપનાર સારી ક્રિયા છે અને આત્માની પ્રગતિ વધારનાર છે, માટે તેને સાંભળીને-જાણીને, જે પ્રાણીઓ એને આદરશે તે આનંદઘન ધરણી એટલે પરમાનંદ સ્થાન મોક્ષ, તેને પામશે અને ત્યાં અનંત કાળ લહેર કરશે. પૂજાની બાબતમાં ઘણી ગેરસમજૂતી ચાલે છે તે આ સ્તવનથી દૂર કરી દેવા જેવી છે અને પૂજાના અનેક ભેદો જાણીને આ મોક્ષ મેળવવાનો માર્ગ આદરવા યોગ્ય છે. આ પ્રાણીએ અનેક વખત મળેલી તકો ગુમાવી છે, આ અવસરે વિભાવદશામાં ન પડતાં આ ભાવ-પૂજાના કામમાં પડી જઈ પોતાના ભવિષ્યત્ ભવોને સુધારી લેવા જેવું છે. નહિ તો અનંતો કાળ જેમ ગયો તેમ આ અવસર પણ ચાલ્યો જશે અને જીવનને અંતે કાંઈ લાભ નહિ મળે અને ખાલી હાથે જેવા આવ્યા તેવા ચાલ્યા ગયા જેવું થશે. મોડો મોડો પસ્તાવો થાય,

---

**પાઠાંતર**—'સુણીને' સ્થાને 'સુણીનૈ' એવો પાઠ છે. 'લેશે' સ્થાને એક પ્રતમાં 'લહસ્યે' પાઠ છે; બીજી પ્રતમાં 'લહસ્યૈં' પાઠ છે. ભીમસી માણેકની આવૃત્તિ 'લેસે' છાપે છે. પદો ગોટાળે ચઢ્યાં છે (એક પ્રતમાં). 'ભવિક' સ્થાને 'ભાવિક' ભીમસી માણેક છાપે છે. (૮)

**શબ્દાર્થ**—ઇમ = એ પ્રકારે, એ રીતે, સદરહુ જણાવ્યા પ્રમાણે. પૂજા = સેવાના, પૂજનના બહુ = ઘણા પ્રકાર છે, અનેક રીતે-ભેદે પૂજા થાય છે. ભેદ = પ્રકાર. સુણીને = સાંભળીને. સુખદાયક = સુખ આપનાર, પરિણામે લાભ કરી આપનાર. શુભ = મજાની, સુંદર. કરણી = ક્રિયા. ભવિક = ભવ્ય, મોક્ષમાં જવાની લાયકાતવાળા. જીવ = પ્રાણી, સંસારી કરશે = એને અમલમાં, ગતિમાં, ક્રિયામાં મૂકશે. લેશે = મેળવશે. પહોંચશે. આનંદઘન = આનંદનો સમૂહ, આનંદના થર. ધરણી = વાળી પૃથ્વી, જગા. (૮)

શરીર શિથિલ થઈ ગયા પછી સમજણ આવે તે કાંઈ બહુ કામની નથી. જો આ ક્રિયાઓને શુભ તરીકે મનાય અને કેવળજ્ઞાનીએ એને અનંત સુખ અપાવનાર છે એમ કહ્યું છે તે વાતની ખાતરી હોય, તો તેને કરવા યોગ્ય જાણી કરવી અને આચરીને પરમાનંદ ભાવમાં વિલાસ કરવો; અને નહિ તો જન્મમરણના ચાલુ રગડામાં પડયા રહેવું અને જેવા આવ્યા છીએ તેમ ચાલ્યા જવું. આવી તક ફરી ફરીને નહિ મળે, એમ સમજવું અને સમજીને મળેલ તકનો સદુપયોગ કરવો. બાકી તો આ જીવનની ખટપટો એટલી છે કે એનો પાર જ ન પમાય. માટે એ સર્વ પર વિજય મેળવવો હોય તો પૂજા કરવી અને ભાવપૂજાને બરાબર કરવી. એમ કરતાં જ્યારે પ્રતિપત્તિ ભાવપૂજા કરવાનો વખત આવશે ત્યારે બધું સમજાઈ જશે. તે વખતે કાંઈ અભ્યાસ કરવા જવું નહિ પડે. આ જીવન ફંગોળી દેવા યોગ્ય નથી અને જીવન તો એવું છે કે, પાંચ પ્રકારની ઉપાધિનો નિકાલ આવે, ત્યાં બીજી પંદર પ્રકારની ઉપાધિઓ ઊભી થાય. માટે શું જોઈને આમ રોફથી ચાલવું અને પોતાનો આત્મવિશ્વાસ ન રાખવો? આ સગાંસંબંધીઓ અંતે થોડા વખત માટેનાં છે. તેથી પોતાનો વિકાસ કરવાની આ મળેલી તક ગુમાવવી નહિ અને અંતે આનંદની ભૂમિકા પ્રાપ્ત કરવાનો વિચાર કાયમ રાખવો. તે કાંઈ આમ ગોટા વાળે ન મળી શકે. મન-વચન-કાયાની એકતા થાય ત્યારે જ એ આનંદઘનની ભૂમિકા મળે અને તે મેળવવા માટે ચાલુ પ્રયત્ન કરવો પડે. આ વાત જો મન પર રહેશે, તો રસ્તો ખુલ્લો છે અને કોઈ તેમાં અડચણ કરે તેમ નથી. માટે આ મળેલ તક ન ગુમાવવા નિશ્ચય કરવો અને આનંદની ભૂમિકાએ પહોંચવું અથવા તે માટે જાગતા રહેવું : આવો આ ગાથાનો ભાવ છે. (૮)

## ઉપસંહાર

આ રીતે પૂજાના અનેક ભેદો સમજાવનાર આ સ્તવન પૂર્ણ થયું. આનંદઘનજીએ એમાં કમાલ કરી છે અને તદ્દન રસ વગરના વિષયને રસવાળો બનાવ્યો છે. પ્રથમ તો આપણે દ્રવ્ય-પૂજાનું હિત માત્ર નિમિત્ત જ છે તે ધ્યાનમાં લઈએ. 'દ્રવ્ય તે ભાવ નિમિત્ત' આ સદૈવ જાગતો સિદ્ધાંત છે અને તેથી દ્રવ્યપૂજામાં આપણે કદી ઇતિકર્તવ્યતા ન સમજીએ. એનાથી પુણ્યબંધ જરૂર થાય, પણ પુણ્યને પણ સોનાની બેડી કહી છે; એટલે એમાં સોના ઉપર ભાર નથી, પણ બેડી ઉપર ભાર છે, એ સદેવ લક્ષ્યમાં રાખવું. અને ગમે તો અષ્ટપ્રકારી કે અષ્ટોત્તરશતપ્રકારી કે બીજી ગમે તેટલા પ્રકારવાળી પૂજા કરીએ, તે સર્વ ભાવપૂજાનું નિમિત્ત છે, એમ ન સમજીએ તો પુણ્યબંધ તો થાય, પણ એ સોનાની બેડી આપણને સંસારમાં રાખે અને આપણી જે આકાંક્ષા મોક્ષપ્રાપ્તિ માટેની છે, તે તો મનની મનમાં જ રહી જાય. પૂજાનો અસલ આ ઉદ્દેશ નથી. અલબત્ત, या या क्रिया सा सा फलवती એટલે ફળ તો જરૂર મળે, કોઈ ક્રિયા નકામી જતી નથી, પણ તે સંસાર વધારનાર ફળ છે : આ વાત નિરંતર ધ્યાનમાં રાખવી. ભાવપૂજાના બે પ્રકાર બતાવ્યા : એક સામાન્ય પૂજા અને બીજી પ્રતિપત્તિ પૂજા. એમાં પ્રતિ-પત્તિ પૂજા તો અગિયારમે, બારમે અને તેરમે ગુણસ્થાનકે થાય છે, તેની વાત તો આ કાળમાં કાંઈ થવાની નથી પણ ભાવપૂજા ઘણી મહત્ત્વની છે અને દ્રવ્યપૂજા એ માટે કરવાની હોવાથી તેની

પણ મહત્ત્વ છે. માટે ભાવપૂજા તો સારી રીતે કરવી અને તેમાં મન-વચન-કાયાની એકતા લાવવી. પૂજા કરતી વખતે મન ગમે ત્યાં દોડે, તે પાલવે નહિ. પણ આ સંબંધમાં આગળ ઉપર વિચાર કરવાનો છે; તે વાત તે વખત માટે મુલતવી રાખી, હાલ તો એટલું જ જણાવવાનું કે મન-વચન-કાયાની એકતા કરવી અને એકાગ્ર ધ્યાને પ્રભુની સેવા કરવી ભાવપૂજાની બલિહારી છે અને તે જેને મન-વચન-કાયાની એકત્વતાએ મળે તેનાં અહોભાગ્ય છે. આવાં અહોભાગ્ય પ્રાપ્ત કરવાનો આપણો પ્રયાસ છે અને તેમાં સફળતા મેળવવી એ આપણું કર્તવ્ય છે.

બાકી, ખાલી દ્રવ્યપૂજા કરવી અને ભાવપૂજા ઉપરોક્ત પ્રકારે કાંઈ ન કરવી તેમાં તો દ્રવ્યપૂજાનો ઉદ્દેશ આખો માર્યો જાય છે. તમે અષ્ટોત્તરી સ્નાત્ર જેવી ઉત્તમ દ્રવ્યક્રિયા કર્યા પછી, ભાવપૂજા ન કરો તો તમને ખરેખરો લાભ ન થાય—એવું વિચારી દ્રવ્યપૂજાનો હેતુ બરાબર સમજી ભાવપૂજા અંતઃકરણથી કરવી. તે કરતી વખતે તમને જે આનંદ થશે તે પારાવાર છે, અકથ્ય છે અને સર્વને અંત્યત લાભકારી છે. એમાં પૂજા કરનારની વર્તમાન સ્થિતિ ન જોવી, પણ એ ભવિષ્ય માટે કેવો સારો સંચય કરે છે તે પર લક્ષ્ય રાખવું અને આ રીતે મંગલિકમાળા વિસ્તારી, આ જીવન મળ્યાનો પૂરતો લાભ ઊઠાવવો. આવો અવસર ફરી ફરીને મળવો નથી. આનંદ એ બજારુ ચીજ નથી, એથી અંદરથી પ્રેમ જાગે અને આનંદનું આખું વાતાવરણ ઊભું થાય, તેમ કામ લેવું જોઈએ. એ પ્રમાણે જે કરશે તે આ મનખાદેહને સફળ કરી આત્મિક શ્રેયને માર્ગે ચઢશે.

એ પૂજા પુણ્ય કરાવનારી છે, એ ખ્યાલથી કરવાની નથી, પણ તે કર્મની નિર્જરા કરનાર છે, એ દુઃખ અને દુર્ભાગ્યને ઓછાં કરનારી છે એમ સમજીને કરવાની છે. પુણ્ય તો, અગાઉ જણાવ્યું તેમ, સોનાની બેડી છે; અને ભલે તે સોનાની બેડી હોય પણ અંતે તે બેડી છે, એ નજરે પૂજા કરવી અને દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા ઉપર વધારે ધ્યાન આપવું.

હવે પ્રભુ સંબંધી વધારે વિચાર કરતાં તે કેવા છે, કોણ છે, તે સમજવાનું છે. આપણા આદર્શને આપણે સારી રીતે જાણતા હોઈએ તો તો પછી તેને આદર્શ તરીકે સ્વીકારવાનું મન થાય છે. એટલા માટે પ્રભુમાં રહેલી ત્રિભંગીઓ સ્તવનમાં વર્ણવે છે. (૯)

જાન્યુઆરી : ૧૯૫૦ ]

# શ્રી શીતળનાથ જિન સ્તવન

**સંબંધ**—આપણે શ્રી જિનેશ્વરદેવને આદર્શ તરીકે રાખવા અને આપણો સર્વ વ્યવહાર એ આદર્શ પ્રમાણે રાખવો. એ વાત તો ઠીક છે, પણ કોઈ પણ વ્યક્તિને આદર્શ તરીકે રાખવા સાથે તે કેવા છે તેની બરાબર ઓળખાણ કરવી જોઈએ; કારણ કે આદર્શને બરાબર ઓળખ્યા વગર તેની પૂજા કરવા મંડી જઈએ તો, બરાબર અણીને વખતે એ આદર્શને છોડી દઈ, બીજી ભળતી વ્યક્તિ જ આદર્શ તરીકે લેવાનો પ્રસંગ આવી પડે. એટલે આદર્શ વ્યક્તિને આદર્શ તરીકે સ્વીકારવા માટે એ જિનેશ્વરદેવ કેવા છે તે બરાબર ધ્યાનમાં લેવું જોઈએ. એટલે પછી એક વાતનો સ્વીકાર કર્યા પછી તેને મૂકી દેવાનો પ્રસંગ ન આવે. એવી કફોડી સ્થિતિમાંથી બચી જવા માટે આદર્શની પિછાણ આ સ્તવનમાં આપવામાં આવી છે તે વાત બહુ યોગ્ય છે. તેથી તીર્થંકરદેવ અનેક રીતે આ આદર્શ તરીકે સ્વીકાર્ય છે, એ બતાવવા તેઓએ અનેક રીતે આશ્ચર્યકારી કામો કર્યાં છે તે ઠસાવવા અનેક ત્રિભંગી તેઓ અનુસર્યા છે તે આ સ્તવનામાં બતાવે છે. એ સર્વ વિસ્તાર સ્તવનમાં કરવામાં આવ્યો છે તે સમજી પછી તે ભગવાનને આપણા આદર્શ તરીકે સ્વીકારવા અને આદર્શને પછી નિમકહલાલ (faithful) રહેવું અને તેમ કરીને આપણી જીવનયાત્રા સફળ કરવી.

ઘણા માણસો કાં તો આદર્શ સ્વીકારતા નથી અથવા પ્રસંગ આવી પડે ત્યારે આદર્શને મૂકી દે છે. આ બન્ને વાત અયોગ્ય છે. સારો માણસ તો આદર્શને સમજીને સ્વીકાર્યા પછી, ગમે તેવા સંયોગોમાં, આદર્શને છોડતો જ નથી અને તે ચીવટનો તેને અંતે બદલો મળે છે. આ આદર્શ ન છોડવાની ચીવટને પૂરેપૂરો ન્યાય મળે તે સારુ અત્ર આદર્શનું ઓળખાણ કરવામાં આવેલ છે. આ સ્તવનમાં પ્રથમ દૃષ્ટિએ વિચિત્ર લાગતી અનેક ત્રિભંગીઓ બતાવવામાં આવી છે તે પ્રભુને લાગુ પડતી છે, તે આપણે તેમના જીવનથી જાણીએ છીએ; એટલે આદર્શ નક્કી કરવા પહેલાં અને પૂજા કરવા પહેલાં આ આદર્શ સ્થાને રાખવા યોગ્ય છે કે નહિ તેનો નિર્ણય કરવામાં આ અતિ ઉપયોગી સ્તવનના એકેએક અક્ષરો પર આપણે વિચાર કરીએ, અને પછી, આપણને બેસે તો, આદર્શ મુકરર કરવાનું કામ આપણે હાથ ધરીએ.

**સ્તવન**

(રાગ ધન્યાશ્રી ગોડી; ગુણહ વિશાલા મંગલિકમાલા –એ દેશી.)

શીતળ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમળતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શીતળ૦ ૧

---

**પાઠાંતર**—એક પ્રતમાં કોમલતા પછી ૧ અને તીક્ષણતા પછી ૨ છે. એક પ્રતમાં 'વિવિધ સંગી મનમોહી રે' એવો પાઠ છે. 'ત્રિભંગી' સ્થાને એક પ્રતમાં 'ત્રીભંગી' પાઠ છે. 'તીક્ષણતા' સ્થાને એક પ્રતમાં

**અર્થ**—શીતળનાથ નામના તીર્થંકરની સરસ ત્રિભંગીઓ તેમ જ અનેક ભંગીઓ મનને આકર્ષણ કરે છે. કરુણા, કોમળતા અને સાથે તીક્ષ્ણતા સાથે ઉદાસીનતા—એ ત્રિભંગી શોભે છે. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિનો ટબો નીચે પ્રમાણે છે (ફેરફાર સાથે) –: હે શ્રી શીતળ જિન! સામાન્ય કેવળીના સ્વામી! તમારી ત્રિભંગી–ત્રિપદી તે લલિત છે. સુખાબોધે પામીએ. વિવિધ –અનેક પ્રકારે ભંગી–રચનાએ કરી ભવી પ્રાણીનાં મન મોહે છે, મન હરે છે. કરુણા તે કોમળતા–અહિંસકભાવ, ૧. તીક્ષ્ણતા તે ક્રૂરતા ૨. ઉદાસીનતા તે બન્ને સર્વ અનેરે ધર્મે શોભીએ. (૧)

**વિવેચન**—હવે આપણે આપણા આદર્શને બરાબર ઓળખવા પ્રયત્ન કરીએ. એમાં ભારે નવાઈની વાત એ છે કે તેઓમાં ઉઘાડી રીતે વિચિત્ર દેખાય, પણ વિચાર કરતાં ઘડ બેસી જાય એવી અનેક ત્રિભંગીઓ દેખાઈ આવે છે. ઉઘાડી રીતે આ વિરોધ દેખાય તેવી વાત છે, પણ તે આભાસ માત્ર જ છે અને વધુ વિચાર કરતાં તે સમજાઈ જશે. આ ત્રિભંગી એક સ્થાને એકીવખતે શ્રી તીર્થંકરમાં–જિનેશ્વરમાં રહેલ છે, તે ભારે નવાઈની વાત છે, પણ તે એકીસાથે લભ્ય થઈ શકે છે, તે હકીકત છે. આપણે પ્રથમ તો એક એવી સુંદર ત્રિભંગીનો વિચાર કરીએ અને એવી એકબીજાની વિરુદ્ધ જાય તેવી દેખાતી હોય તે ખરેખર ભગવાનમાં લભ્ય છે એમ જાણી એ પ્રભુને આપણે પોતાના આદર્શ સ્થાને સ્થાપીએ. એ ત્રિભંગીઓ બહુ સુંદર છે, આકર્ષક છે અને મનને પ્રભુ તરફ આકર્ષણ કરે તેવી છે. પ્રથમ ત્રિભંગી તે ૧. કરુણા, ૨. તીક્ષ્ણતા અને ૩. ઉદાસીનતા છે. આનું સ્વરૂપ તમે જાણશો ત્યારે ઉઘાડી રીતે તમને આશ્ચર્ય લાગશે કે એકબીજાની વિરુદ્ધ જાય તેવી આવી ત્રણ વાત એક સ્થાને કેવી રીતે હોઈ શકે? અહીં ગુરુગમને અને ભગવાનના ચરિત્રને વિગતવાર જાણવાની જરૂર છે. તમે જરા ધીરજ રાખી સમજવા પ્રયત્ન કરો. આ પ્રથમ ત્રિભંગી તમને વિચિત્ર લાગશે, પણ સ્તવનકર્તા શ્રીમદ્ આનંદઘનજીએ જ તેનો ખુલાસો કર્યો છે તેથી તમારા જાણવામાં આવશે કે, એ ત્રિભંગી પ્રભુમાં એકીસાથે હોવી શકય છે. કરુણા સાથે તીક્ષ્ણતા હોવી અને સાથે ઉદાસીનતા હોવી, તે તમને પ્રથમ નજરે વિચિત્ર અને અણઘટતી વાત લાગશે, પણ એ તુરત

'તીક્ષતા' એવો પાઠ છે 'સોહે રે' સ્થાને 'સોહિ રે' એવો પાઠ છે; અર્થ ફરતો નથી. પ્રતમાં ૧ અને ૨ ઉપર પ્રમાણે લખેલ છે. એક પ્રતમાં ઉદાસીનતા આગળ ૩–તગડો છે. 'વિવિધ' સ્થાને એક પ્રતમાં 'વીવીધ' પાઠ છે. (૧)

**શબ્દાર્થ**—શીતલ = દશમા તીર્થપતિ શ્રી શીતળનાથ મહારાજની. લલિત = સુંદર, મજાની, સરસ. ત્રિભંગી = જેના ત્રણ ભંગ–ભાંગા થાય છે તે. વિવિધ = પૃથક્ પૃથક્. ભંગી = ભાંગાઓ, વિભાગો. મન = ચિત્તને, મનને. મોહે રે = આકર્ષણ કરે છે, પ્રેમમાં નાખે છે. કરુણા = દયા, સહાનુભૂતિ. કોમળતા = તે જ કરુણા, તે જ કોમળતા = અહિંસારૂપ કોમળતા. તીક્ષણતા = ખડઅચડાપણું, આકરાશ. ઉદાસીનતા = નિર્લેપભાવ, અંદર જઈને ઇરાદાપૂર્વક લેપાઈ જવું તે. સોહે રે – સારી લાગે છે. (૧)

વિચારમાં ઊતરી જાય તેવી સહેલી, આકર્ષક અને સાચી વાત છે તે તમે આવતી ગાથામાં સ્તવનકર્તાના શબ્દોમાં જ જોશો. વિરુદ્ધ દેખાતી વાત પણ વિચાર કરતાં અક્કલમાં ઊતરે છે. એટલા માટે તમે અમારી સાથે સહાનુભૂતિથી થોડો વિચાર કરો એટલે તમારી નજરમાં એ દેખીતા વિરોધવાળી વાત પણ બેસી જશે અને તમે પ્રભુને આદર્શ સ્થાને સ્થાપવાના તમારા વિચારમાં મક્કમ થશો. પરમાત્માની અપરંપાર દયા આગળ આ ત્રિભંગી એકીસાથે પ્રભુમાં ઘટે તેવી છે. તમે કોઈ પણ પ્રભુનું ચરિત્ર જુઓ, તો તેમાં તમને દેખાઈ આવે તેવી છે. અને પ્રભુ પ્રત્યે તમને તેથી જરૂર આકર્ષણ થાય તેવી તે ચીજ છે. હવે તમે ધીરજ ધરીને આ ત્રણે વિરુદ્ધ લાગતી બાબતો પ્રભુમાં કેવી રીતે એકીસાથે છે તે સમજો. અને પછી તમને આ વાત દીવા જેવી લાગશે. (૧)

સર્વ જંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;
હાનાદાનરહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતળ૦ ૨

**અર્થ**—સર્વ પ્રાણીઓના હિતની કરનારી કરુણા, અને કર્મોને કાપી નાખવાને સમર્થ તીક્ષ્ણતા અને ત્યાગ અને ગ્રહણ કરવાથી રહિતપણું તથા તેમાં તન્મય થવાપણું એ ત્રિભંગીને જોવી, સમજવી. (૨)

**ટબો**—એ ત્રિભંગી સલ્લક્ષણ ત્રિવિધ રીતે કહે છે. સકળ જંતુ-ત્રસ-સ્થાવર જીવ-ને હિતચિંતનરૂપ તે કરુણા. અને સ્વકર્મ વિદારવા વિષે તીક્ષ્ણતા સમૂલકાષ કર્મવૈરીઓ છેદવારૂપ પ્રકૃતિ ૨. અને હાનિ કહેતાં છાંડવું, આ દાન કહેતાં લેવું; ઇષ્ટ અનિષ્ટ વસ્તુમાં સમપરિણામે વર્તવું તે ઉદાસીનતા. વીક્ષણ કહેતાં દેખીએ છીએ. (૨)

**વિવેચન**—હવે એ ત્રિભંગી પ્રભુમાં એક સ્થાને કેમ છાજે ? કેમ રહી શકે ?—તે સ્પષ્ટ કરતાં સવાલ ઉપજાવે છે. પ્રથમ આ ત્રિભંગીને આપણે બરાબર સમજી લઈએ, કારણ કે સ્વરૂપ સમજવા પહેલાં જો નિર્ણય કરી બેસીએ તો આપણે પણ મૂર્ખ–અણસમજુમાં ગણાઈએ. આપણે 'અધ્યાત્મકલ્પદ્રુમ'ની શરૂઆતના પહેલા પ્રસ્તાવમાં જોયું છે કે 'પરદુઃખ છેદન ઇચ્છા

**પાઠાંતર**—'કરુણા' સ્થાને એક લખનાર પ્રતમાં 'કરતા' પાઠ મૂકે છે. અને 'કરણી' સ્થાને એ જ પ્રતમાં 'કરણિ' એવો પાઠ છે. 'હાનાદાન' સ્થાને એક પ્રતમાં 'દાનીદાન' એવો પાઠ છે 'પરિણામી' સ્થાને એક પ્રતમાં 'પરિણામે' એવો પાઠ છે. 'વીક્ષણ રે' સ્થાને એક પ્રતમાં 'વિખણા રે' એવો પાઠ આપે છે. કરુણા અને તીક્ષણ પાસે એક પ્રત લખનાર ૧ અને ૨ મૂકે છે (૨)

**શબ્દાર્થ**—સર્વ = સમસ્ત, કુલ. જંતુ = જીવ, પ્રાણી. હિત = લાભ, નફાકારક, કરણી = કરનારી કરવું તે. કરુણા = દયા, સહાનુભૂતિ. કર્મ = બંધાય તે કર્મો (પારિભાષિક), વિદારણ = કાપી નાખવા માટે, દૂર કરવા માટે. તીક્ષ્ણ = અણીદાર, પાણીદાર, તીક્ષ્ણતા. હાનાદાન = તજવું અને લેવું, ત્યાગ અને લેવું તે. રહિત = વગરની. પરિણામી = તન્મય થઈ જવું તે, તે-મય થઈ જનાર. ઉદાસીનતા = બેદરકારી, તે તરફ નિર્લક્ષ્યપણું. વીક્ષણ = જોવું, દેખવું, સમજવું. (૨)

કરુણા' એટલે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના પૈકી પારકાનાં દુઃખનો છેદ કરવો એ કરુણાભાવના છે, પારકાને દુઃખી થતાં જોઈને એની પર દયા રાખવી તે કરુણાભાવના; અને શરૂઆતના પંદરમાં શ્લોકમાં કહે છે : જે તદ્દન ગરીબ બિચારા હોય, વ્યાધિ કે બીજાથી પીડાતા હોય, જે ભયત્રસ્ત હોય, તેનાં દુઃખ દૂર કરવાની બુદ્ધિ રાખવી તે કરુણાભાવના છે; હવે આપણે કોઈ પણ તીર્થંકરનું ચરિત્ર જોઈએ, તેમાં દુનિયાદારીના સંસારી પ્રાણીઓને પેટ માટે પ્રયાસ કરતાં અને સાચું-જૂઠું બોલતા તથા પારકાની નિંદામાં પડેલા જોઈએ. અને તેના તરફ એ દુઃખમાંથી એમને બચાવી લેવાની બુદ્ધિ પ્રભુમાં ઝળહળતી જોવામાં આવે છે. તેઓ તો બની શકે તેટલા માણસોને બચાવી લેવાની ભાવનાથી રંગાયેલા હોય છે. 'સવી જીવ કરું શાસન રસી ઐસી ભાવદયા મન ઉલ્લસી' એવી રીતે સર્વ જીવોને શાસનના રસિયા કરવાની અને આ દુનિયાની અનેક આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી બચાવી લેવાની તેમની ભાવના જણાઈ આવશે. આવી અનેક જીવોને દુઃખ-દર્દમાંથી બચાવી લેવાની ભાવના–ઇચ્છા તે કરુણા છે. અને તે પ્રભુમાં ભરપૂર હોય છે; અથવા પ્રભુ આ ભાવનાને પરિણામે જ પ્રભુ થાય છે તેથી આ ત્રિભંગી પૈકી પ્રથમ કરુણા પ્રભુમાં સંભવે છે. આ ભાવના એટલી બધી જાણીતી છે કે તે પર વધારે વિવેચન કરવાની જરૂર ન જ પડે.

હવે એ ત્રિભંગી પૈકી બીજા 'તીક્ષ્ણતા' ભાંગાને જોઈએ. જ્યારે ભગવાન કર્મનો ક્ષય કરવા માંડે છે ત્યારે તે ઘણા ક્રૂર અને એટલા બધા અણીદાર હોય છે કે અનેક રીતે તેઓ કર્મના ચૂરેચૂરા વગર દયાએ કરી નાખે છે. એમને કર્મો ઉપર દયા નથી આવતી કે એ બિચારાં ક્યાં જશે કે એનું શું થશે? જે વખતે આ કરુણાભાવ હોય તે જ વખતે કર્મના સમૂહને કાપી નાખવાની તેઓની અણીદારપણાની સ્થિતિ જોવામાં આવે છે. આ રીતે પ્રભુમાં કરુણા અને તીક્ષ્ણતા એકીવખતે જોઈ આપણને નવાઈ લાગે છે. એમાં દેખીતો વિરોધ વિચાર કરવાથી ટળે છે, કારણ કે કરુણા કરવા યોગ્ય પ્રાણી અને કર્મ તદ્દન જુદાં છે; તે રીતે વિરોધ દૂર થાય છે. એ ત્રિભંગીમાં ત્રીજી ઉદાસીનતા આવે છે. એટલે અમુક વસ્તુનું હાન કરવું એટલે તજી દેવી અને અમુક વસ્તુનું આદાન કરવું એટલે અમુકને પકડી લેવી, એવી ઇચ્છાનો પ્રભુને ત્યાગ હોય છે. આ વસ્તુ વહાલી છે અને પેલી વસ્તુ રાખવા યોગ્ય છે એવી વૃત્તિ પ્રભુને હોતી નથી, એને તો સર્વ વસ્તુ સરખી છે, કારણ કે તેઓ આત્મજ્ઞાનને પામ્યા છે. એ હાનાદાન રહિત પરિણામ જેના થયા છે એનું નામ ઉદાસીનતા છે. પોતાને ઇષ્ટ વસ્તુ લેવી અને અનિષ્ટ વસ્તુનો ત્યાગ કરવો–એવી મારાતારાપણાની બુદ્ધિ ભગવાનને હોતી નથી. એને તો સર્વ વસ્તુ સરખી છે. એમને તજવાનું અને લેવાનું હોતું નથી; એનું નામ ઉદાસીનતા–બેદરકારી છે. તે કરુણા અને તીક્ષ્ણતા સાથે એકીવખતે કેમ સંભવે?–એવી ઉપલક દૃષ્ટિએ આશંકા થાય છે. શિષ્યને પ્રશ્ન થયો અને સ્તવનકર્તા તેનો જવાબ પોતે જ આપે તે રીત જ્ઞાન પ્રાપ્ત કરવાની છે. અત્ર ઊઠાવેલ સવાલનો જવાબ સ્તવનકર્તા પોતે જ આવતી બે ગાથામાં આપશે, આ દેખીતો વિરોધ મનમાંથી દૂર કરી પ્રભુમાં એ ત્રણે વસ્તુઓ––કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા

—એકીસાથે રહી શકે છે એ સંભવિતતાનો બરાબર ખ્યાલ કરી પ્રભુને આદર્શ સ્થાને આપણે મુકરર કરીએ, એ સવાલનો જવાબ આપવામાં હેતુ છે.

'ઉદાસીનતા વીક્ષણ રે' એટલે ઉદાસીનતાને જોવી. ત્રણે ચીજો એક સ્થાને હોઈ શકે તેમ જોવું કે સમજવું. એ કેમ હોઈ શકે તે આપણે સમજવા પ્રયત્ન કરીએ. (૨)

પરદુઃખછેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શીતળ૦ ૩

**અર્થ**—પારકાંનાં દુઃખને દૂર કરવાની જે મરજી, હોંસ, ઇચ્છા તે; એમાં કરુણા છે. અને બીજો પ્રકાર જે તીક્ષ્ણતા નામનો છે તે બીજાંને દુઃખમાં દાખલ થતાં જોઈને રાજી થાય છે. એ કરુણા અને તીક્ષ્ણતા બન્નેથી તદ્દન ઔર જ પ્રકારની ઉદાસીનતા. એ ત્રણે એક સ્થાને કેવી રીતે રહી શકે? એક જ માણસમાં એ એકીસાથે કેમ સંભવે? (૩)

**ટબો**—વળી ભંગ્યંતરે ત્રિભંગી દેખાડે છે. પરનાં દુઃખ છેદવાની ઇચ્છા તેને કરુણા કહીએ. તીષણા તે પરદુઃખ દેખીને રીઝવું. ઉદાસીનતા તે બેહુથી વિલક્ષણ ભાવે, જે માટે કરુણા છે, પણ ઇચ્છા નથી, તે ક્ષણે કર્મવિપાક દેખવું છે પણ રીઝ નથી, તે એક ઠામે ભેળી કેમ રહે? તે માટે બન્નેનો વિલક્ષણ ધર્મ અને એને એકઠી એમ કરતાં વિરોધ થાય. હવે એક ઠામે તમારે વિષે બન્નેને દેખીએ છીએ. (૩)

**વિવેચન**—આપણે ઉપર જોઈ ગયા કે પરને દુઃખી થતાં જોઈ તેઓનાં દુઃખો કેમ દૂર થાય એવી ઇચ્છા રાખવી તે કરુણા છે. આ કરુણા ભાવના આપણે 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રંથમાં જોઈ ગયા છીએ કે પારકાનાં દુઃખને જોઈને તેને દૂર કરવાની અને અન્યને કોઈ પણ પ્રકારનાં દુઃખો ન હોય તેમ જોવાની ઇચ્છા થાય છે. એ તો પારકાંને દુઃખી થતાં દેખીને એ દુઃખમાંથી એને હમેશને માટે કેમ છોડાવવાં તેની ઇચ્છા જ રાખ્યા કરે. આવી પારકાને–કોઈ પણ પ્રાણીને–દુઃખમાંથી છોડાવવાની ઇચ્છા તે ખરેખરી કરુણા છે. કરુણાનું લક્ષણ જ એ છે અને તે ભગવાનમાં હોય છે. હવે આવી કરુણા સાથે ભગવંતમાં પારકું દુઃખ જોઈને રીઝવું, આનંદ પામવો, રાજી થવાપણું હોય છે. પુદ્ગળોને દુઃખ પામતાં જોઈ ભગવાન રાજી થાય છે. પુદ્ગળના સંયોગથી પુદ્ગળને દુઃખ થતું જોઈ અથવા પુદ્ગળ ભગવાનને છોડી જાય ત્યારે તેને

---

**પાઠાંતર**—'દુઃખ' સ્થાને એક પ્રતમાં દુખ' પાઠ લખ્યો છે. 'એક ઠામે' સ્થાને એક પ્રતમાં 'એક ઠામિ' પાઠ છે. 'કેમ' સ્થાને એક પ્રતમાં 'કીમ' પાઠ આપે છે. (૩)

**શબ્દાર્થ**—પર = પારકાનાં, બીજાં, અનેરાં. દુઃખ = પીડા, ઉપાધિ, હેરાનગતિ. (તેને) છેદન = ઓછાં કરવાં, કાપી નાખવાં, દૂર કરવાં. ઇચ્છા = મરજી, હોંસ, મનથી કરવાની વાત–(તે જ) કરુણા = દયા. તીક્ષ્ણ = તીક્ષ્ણતા, અણીદારપણું. પરદુઃખ = અન્ય પ્રાણીની પીડા, અન્યની ઉપાધિથી. રીઝે રે = રાજી થાય, મજામાં આવી જાય, ઉદાસીનતા = બેદરકારી ઉભય = બન્નેથી, ઉપર કહેલા બન્નેથી. વિલક્ષણ = પૃથક્ પ્રકારની, જુદી જાતની. એક ઠામે = એક સ્થાનકે, એક જગોએ. કેમ = કેવી રીતે, શી રીતે. સીઝે = હોઈ શકે, સંભવી શકે, રહી શકે. (૩)

થતાં દુઃખને જોઈને રાજી થવું એ કરુણા સાથે પ્રભુમાં એ જ વખતે હોય છે. જડ પુદ્ગળના દુઃખે એ રાજી થાય. પ્રભુને પુદ્ગળોને દુઃખ આપવામાં મજા આવે છે અને તે તેમાં રાજી થાય છે. તેઓ ઇંદ્રિયના દમનમાં અને પુદ્ગળોને દમવામાં રસ લે છે અને ખુશી થઈ તે વખતે અણીવાળા શસ્ત્રની પેઠે તેને વધારે વધારે દબાવે છે. આ રીતે ભગવાનમાં જીવ ઉપર કરુણા અને પુદ્ગળો તરફ પાણીદાર તીક્ષ્ણ હથિયારપણું એકસાથે જ લભ્ય થઈ શકે છે. આ કરુણા અને તીક્ષ્ણતાથી તદ્દન જુદી જ જાતની ઉદાસીનતા પ્રભુમાં હોય છે. ઉદાસીનતા એટલે બેદરકારી. આ રીતે જીવ તરફ કરુણા, પુદ્ગળ તરફ તીક્ષ્ણતા અને એ બન્નેથી તદ્દન મધ્યસ્થતા એ જ વખતે હોય છે. અનેક પ્રાણીઓ કર્મ કરે છે, કોઈ સાચું બોલે, કોઈ જુઠું બોલે, પૈશુન્યવૃત્તિ રાખે, કોઈ ક્રોધી, અભિમાની કે માયાવી થાય, તે સર્વના તરફ પ્રભુ ઉદાસીન રહે છે. 'એ જાણે અને એનાં કર્મ જાણે'—એ કરુણાથી તદ્દન જુદી જાતની વૃત્તિ રાખવી તે ઉદાસીનતા છે. આ ત્રણે ચીજો એકસાથે એકીવખતે કેમ હોય? એ અતિ આશ્ચર્યની વાત છે. આ ત્રિભંગી પ્રભુમાં છે: પ્રભુ કરુણાવંત છે, પણ પુદ્ગળો તરફ તીક્ષ્ણ છે અને અનેક પાપ કરનારા જીવોને જોઈ તેના તરફ ઉદાસીન રહે છે. આવી પરસ્પરવિરુદ્ધ વાતો પ્રભુમાં આવે છે. એટલે તેઓ આદર્શ સ્થાનને યોગ્ય છે, એમ જણાવી નવાઈ બતાવી. આવી વિરોધાભાસ યુક્ત ત્રિભંગી ભગવાનમાં એકીસાથે છે, એ બતાવી હવે આવતી ગાથામાં એનો વિરોધ શમાવશે. (૩)

અભયદાન તિમ લક્ષણ કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શીતળ ૦ ૪

**અર્થ**—પ્રાણીને જીવિતવ્યનું દાન આપવું તે કરુણાનું લક્ષણ છે. અને તીક્ષ્ણતા ગુણ અને ભાવમાં વર્તે છે. પ્રેરણા વગર માત્ર સંકલ્પથી રહેતી કૃતિ–ક્રિયા તેથી તેમાં ઉદાસીનતા છે. આ રીતે વિરોધબુદ્ધિ કે અભિપ્રાય ન થાય. (૪)

**ટબો**—સકળ જીવને અભયદાને કરી કર્મ મળનો ક્ષય, અહિંસક પરિણામે સકળ હિંસક ભાવ નાશ તે કરુણા જાણવી અને તીક્ષ્ણતા–અકરાપણું તે ગુણ પ્રગટ થવાપણામાં અક્ષય ભાવે જ સર્વ ગુણાધારપણું; અને પ્રેરણા વિના કરવાપણું એક ઉદાસીનતા.

रागादिषु नृशंसेन सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः साम्राज्यं साधितं त्वया ॥ इति वचनात् ।

—શ્રી વીતરાગ સ્તોત્ર

---

**પાઠાંતર**—'લક્ષણ કરુણા' સ્થાને એક પ્રતમાં 'મલવિક્ષય કરુણા' એવો પાઠ છે. 'વિણ કૃતિ' સ્થાને એક પ્રતમાં વિનુ કૃત' પાઠ છે. 'નાવે રે' સ્થાને એક પ્રતમાં 'નાવૈ રે' પાઠ છે. (૪)

**શબ્દાર્થ**—અભયદાન = જીવિતવ્યનું આપવું તે. તિમ = તેમ, એ રીતે, ઉપર જણાવ્યા પ્રમાણે, સદરહુ રીતે. લક્ષણ = ચિહ્ન (ડેફીનીશન) કરુણા = દયા, અહિંસા, અભયદાન એ કરુણાલક્ષણ છે. તીક્ષણતા = તીક્ષ્ણતા, અણીદાર હોવાપણું. ગુણ ભાવે રે = ગુણ અને ભાવમાં છે. પ્રેરણ = પ્રેરણા, પછવાડેથી ધક્કો મારવો તે. વિણ = વિના, વગરની. ઉદાસીનતા = બેદરકારી. ઇમ = એમ, એ રીતે, એ પ્રકારે. વિરોધ = પરસ્પરવિરુદ્ધ જાય તેવી. મતિ = બુદ્ધિ, નિર્ણય. નાવે = ન આવે. ન થાય, સર્વે ગોઠવાઈ જાય (૪)

—એમ એક ઠામે ત્રિભંગી કરતાં વિરોધ ન આવે. (૪)

**વિવેચન**—એ રીતે પ્રાણીને અભયદાન આપવું એટલે જીવિતવ્યનું દાન આપવું તે ભગવાનમાં રહેલી કરુણા છે. કરુણાનું લક્ષણ જ અભયદાન છે, અને તે પ્રભુમાં હોય છે. કોઈ પણ પ્રાણી પ્રભુ પાસે આવે ત્યારે તેને લાગે કે હું હવે અભય થયો છું. અથવા નિર્ભયતા—પ્રાણી કોઈની બીક વિનાનો થાય છે—એ ભગવાનમાં રહેલ કરુણા છે. પ્રાણીને જીવિતનો ભય સર્વથી વધારે હોય છે, પણ પ્રભુ તો સર્વ પ્રાણાતિપાતથી વિરમેલ હોવાથી તેઓ ખરેખરા કરુણાના ભંડાર છે અને તેથી તેઓ પૂજાને સ્થાનકે આવેલા છે અને તેથી તેઓમાં કરુણા સદૈવ જાગતી છે. આ રીતે તેઓ કરુણાસમુદ્ર છે. અને તે તેઓનું લાક્ષણિક ઉપનામ સર્વ પ્રકારે યોગ્ય છે. અને ભગવાનમાં તીક્ષ્ણતા ગુણમાં અને ભાવમાં છે. પોતાના સ્વરૂપનો બોધ થતાં તેઓ પુદ્ગળ તરફ અરાગી થાય છે. પુદ્ગળના સંબંધથી ક્યારે છૂટું એ વિચાર તેમનામાં અણીદાર–તીક્ષ્ણ હોય છે. પુદ્ગળનો સંગ દૂર કરવા માટે તેઓ તેના દુશ્મન તરીકે કામ કરે છે. તેઓને વિચારમાં પણ એ જ આવે છે કે આ બધી પીડા પૌદ્ગલિક જ છે અને એ પુદ્ગળને મોટું સ્થાન આપવાથી જ થયેલી છે. હવે પુદ્ગળનો સંબંધ કેમ ઓછો કરવો તેનો જ તેઓ રાતદિવસ વિચાર કરે છે. એટલે ખરી રીતે તેઓ પુદ્ગળના દુશ્મન જ છે. આ પુદ્ગળના ભાવની વિચારણા જ તેઓને પુદ્ગળના પાકટ શત્રુ બનાવે છે. પ્રભુ વારંવાર આ પૌદ્ગલિક ભાવનો અને તે તજવા યોગ્ય છે એવો વિચાર કર્યા જ કરે છે. એને લઈને એનામાં તીક્ષ્ણતા જામી ગયેલી હોય છે. આવી રીતે એક (જીવ)ના તરફ કરુણા અને બીજા (પુદ્ગળ) તરફ તીક્ષ્ણતા પ્રભુમાં એકી જ વખતે રહેલી હોય છે. બન્નેનાં પાત્રો જુદાં હોવાથી એ જુદા જ છે, પણ વિરોધનો આભાસ કરાવે છે. આ રીતે પ્રભુમાં પુદ્ગળ તરફની દુશ્મનાઈ ભાવમાં છે. અને કોઈ પ્રકારની પ્રેરણાને અભાવે પ્રભુમાં એક પ્રકારની ઉદાસીનતા હોય છે. પ્રાણી કર્મને વશ છે, ખાટકી હોય ને જીવોને મારે તે તેને ભારે પડશે, સ્ત્રીઓ કે પુરુષો નિંદા કરે, તેના ભારે કર્મીપણાથી પ્રભુ ઉદાસીન થઈ જાય, તેનાં તરફ બેદરકાર થઈ જાય, એ ઉદાસીનતા છે. ઉદાસીનતા કુદરતી છે અને પ્રેરણા વિના થાય છે. આપણને અમુક વેપાર કે નોકરી કરાવે તે સર્વ આ પ્રેરણા ઉપર આધાર રાખે છે અને દુનિયાના ઘણાખરા ભાવોનો પ્રેરણા ઉપર આધાર છે. પ્રભુ તો આ દુનિયાનું સર્વ સ્વરૂપ જાણે છે એટલે એમનામાં પ્રેરક તત્ત્વ જ હોતું નથી. અને આ પદાર્થ પોતાને ગમે છે, પેલો પદાર્થ ગમતો નથી એવા પ્રકારની પ્રેરણા પ્રભુમાં હોતી નથી. પ્રેરણા એ ક્રિયાનું આગામી સ્વરૂપ છે. તેથી પ્રભુમાં કરુણા અને તીક્ષ્ણતા સાથે જ બેદરકારીરૂપ ઉદાસીનતા હોય છે. આ ત્રણે એક સ્થાને એકી-વખતે પ્રભુમાં જ મળી આવે છે.

આ પ્રમાણે એ ત્રણે વસ્તુ એક ઠામે એકીવખતે હોય તેમાં જે આશ્ચર્ય થયું હતું તે વિરોધ માત્ર દેખાવમાં જ હતો. આવી રીતે દેખીતો વિરોધ શમી જાય છે, નહિવત્ થઈ જાય છે અને બધી વાત સ્પષ્ટ થઈ જાય છે. પ્રેરણા કરીને જ્યારે કામ થાય ત્યારે એક જાતની

કામ પ્રત્યે ઉદાસીનતા આવે છે. એ કામ જાણે પોતે કર્યું છે એવું લાગતું નથી. ઉદ્યોગી હોવું કે નામ કાઢવું કે આળસ કરવું કે પ્રખ્યાતિ મેળવવી એ સર્વ કામ કરવાની પ્રેરણા હોય છે. માણસ એને લઈને કામ કરે છે, પણ થયું તોપણ ભલે અને ન થયું તોપણ ભલે, એવી વૃત્તિ કેળવવાથી આવે. પ્રેરણા કોઈ પ્રકારની ન હોય, હેતુ કે આશય ન હોય, છતાં કામ તો થયા જ કરે, તે પ્રેરણા વગર થયેલ કૃતિ કહેવાય છે. તીર્થંકર મહારાજને આબરૂ મેળવવી નથી, નામના કાઢવી નથી, એ વગેરે કામ કરવાની પ્રેરણાઓ હોય છે, તે પ્રભુમાં નથી, એ પ્રેરણા વગરની કૃતિ એટલે ઉદાસીનતા કામ તરફ આવે છે અને પ્રભુનું જીવન જોતાં એમની કૃતિને અંગે કોઈ પ્રકારની પ્રેરણા હોય એમ લાગતું નથી. એટલે કામ તરફ તેમની ઉદાસીનતા હોય છે. તેઓ વ્યાખ્યાન કરી ઉપદેશ આપે છે, સમવસરણમાં બેસે છે, પણ સમવસરણ હોય તોયે ભલે, ન હોય તોપણ ભલે, ઉપદેશ વખતે પર્ષદા ભરાણી હોય તોપણ ભલે, અને ન એકઠી થાય તોપણ ભલે, આ પ્રકારની વૃત્તિ થવી એ જ ઉદાસીનતા છે, એ તીર્થંકરમાં હોય છે. આ રીતે કોમળતા (કરુણા), તીક્ષ્ણતા અને ઉદાસીનતા એ ત્રણે એક સ્થાનકે એકીવખતે રહે છે. હવે આપણે બીજી ત્રિભંગીઓ વિચારીએ. (૪)

> શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
> યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતળ૦ ૫

**અર્થ**—શક્તિ એટલે પોતાનું સામર્થ્ય, વ્યક્તિ તે તે બતાવવાપણું અને તેની સાથે ત્રિભુવનની-સ્વર્ગ મૃત્યુ અને પાતાળની-શેઠાઈ-ઉપરીપણું તે; નિર્ગંથતા, કાંઈ ગ્રંથિ-ગાંઠ ન હોવા સંબંધે એક સ્થાને કેમ સંભવે? અને મન-વચન-કાયા યોગને સાધનાર ભોગી કેવી રીતે હોય? યોગીને વળી ભોગ શા? બોલનાર તથા મૌનમાં રહેનાર એકસાથે કેમ હોય અને ઉપયોગ વગર ઉપયોગમાં કેમ સંભવે? (૫)

**ટબો**—શક્તિ ગુણે કરુણા, વ્યક્તે તીક્ષ્ણતા અને ત્રિભુવન પ્રભુતાઈ એ ઉદાસીનતા અથવા શક્તિ ૧, વ્યક્તિ ૨, ત્રિભુવનપ્રભુતા ૩–એ ત્રિભંગી. અથવા નિર્ગ્રંથતા ને સંયોગે એ ત્રિભંગી. અથવા એ ત્રણ યોગે નિર્ગંથતા છે. યોગી ૧, ભોગી ૨, વક્તા અથવા મૌની ૧, અનુપયોગી ૨, ઉપયોગી ૩–એ પણ કરુણાદિકે અથવા જ્ઞાન, દર્શન અને મૌની સર્વ સંવરે,

---

**પાઠાંતર**—'વ્યક્તિ' સ્થાને એક પ્રતમાં 'વ્યક્તી' પાઠ છે. 'માની' સ્થાને એક પ્રતમાં 'મૌનિ' પાઠ છે; અર્થ એ જ રહે છે. 'ઉપયોગે રે' સ્થાને 'ઉપયોગી' પાઠ બે પ્રતમાં છે. (૫)

**શબ્દાર્થ**—શક્તિ = સામર્થ્યાઈ, બળ. વ્યક્તિ = દેખાડો. અને તેની સાથે ત્રિભુવન પ્રભુતા = સ્વર્ગ, મૃત્યુલોક-મર્ત્યલોક અને પાતાળની શેઠાઈ, એ નિર્ગ્રંથતા = કાંઈ ન રાખવાપણા સાથે છે. સંયોગે = સંબંધે છે. યોગી = મન-વચન-કાયાના યોગને સાધનાર. ભોગી = તે જ વખતે ભોગને ભોગવનાર. વક્તા = બોલનાર. મૌની = ચૂપ રહેનાર. અનુપયોગી = ઉપયોગ વગરના. ઉપયોગે રે = ઉપયોગમાં હોય ત્યારે સત્ ઉપયોગી છે. (૫)

અનુપયોગી યોગનિરુદ્ધાવસ્થા એ સ્વરૂપ સિદ્ધપણે સકલ કર્મમલ નાશે, કેવલોપયોગી તે ભણી ઉપયોગી. ૩ (૫)

**વિવેચન**—હવે આ ગાથામાં બીજી પાંચ ત્રિભંગીઓ બતાવે છે. પ્રથમ દૃષ્ટિએ એ પણ મુશ્કેલ બાબત છે, અને છતાં એનો વિરોધાભાસ સમજીએ ત્યારે પ્રભુમાં તે એકસાથે એકીવખતે હોવાનું આપણે એમના ચરિત્ર ઉપરથી જોઈ શકીએ છીએ. પ્રભુના પ્રમાણમાં આનંદઘન તો સામાન્ય છદ્મસ્થ હતા, તેઓ પણ મંત્રાક્ષરમાં વદે કે 'તેરે પતિ વશ હોવે ઉસમેં આનંદઘનકું કયા ? ઔર તેરે પતિ વશ ન હોવે ઉસમેં આનંદઘનકું કયા ?'—આવી વૃત્તિ કેળવી શકે તો પ્રભુ ઉદાસીનતાની વૃત્તિ અભ્યાસથી જરૂર કેળવી શકે છે.

આપણે એક બીજી ત્રિભંગી જોઈએ. ભગવાનમાં શક્તિ છે; અનંત વીર્યના ધણી પ્રભુ પોતાનું અનંત વીર્ય બતાવી શકે છે : તેઓને મેરુ ઉપાડવો હોય તો તેને પણ ઉપાડી શકે અને સમુદ્રને પણ તરી શકે. પોતાના સ્વગુણ-પર્યાયને ગ્રહણ કરવાનું સામર્થ્ય તે પ્રભુની અજબ શક્તિ છે; એ પ્રભુનો આત્મિક ગુણ છે. આવા અનંત શક્તિવાળા પ્રભુમાં શક્તિ છે, એ તો એમના ચરિત્ર ઉપરથી જણાઈ આવે છે. એક પગ ચાંપવાથી આખો મેરુ પર્વત જે અચળ કહેવાય છે, કંપી ઊઠયો અને મોટો ઘડઘડાટ અને હાહાકાર સમસ્ત પૃથ્વી ઉપર થઈ ગયો, જાણે મોટો ધરતીકંપ થઈ ગયો, એવી અજબ શક્તિ ભગવાનમાં છે. અને આવી અજબ શક્તિવાળા પ્રભુમાં વૈયક્તિક ભાવ હોય છે; પોતાની જાતને વ્યકત કરવી, પોતાપણું બતાવવું, તે વૈયક્તિત્વ છે. પ્રભુ જ્યાં હોય ત્યાં તેઓ છાના રહેતા નથી. તેમને યોગ્ય સમવસરણ દેવો ઠામ ઠામ રચે છે. આ રીતે એમનું વ્યક્તિત્વ પ્રસિદ્ધ થાય, વ્યક્ત થાય છે, આની સાથે જ ન વ્યક્તિ ન શક્તિ. એટલે આત્મામાં જે ગુણો હતા તે જ પ્રગટયા અને વ્યક્તિત્વ જેવું હતું તેવું જ પડયું, બીજું ન પડયું, એ ત્રીજી ત્રિભંગી ન શક્તિ ન વ્યક્તિ. પ્રભુએ કાંઈ શક્તિત્વ કે વ્યક્તિત્વ ઇરાદાપૂર્વક બતાવવા પ્રયત્ન કર્યો નથી. આવી રીતે શક્તિ, વ્યક્તિત્વ અને ન શક્તિ અને ન વ્યક્તિત્વ એ ત્રણ ગુણે-ત્રિભંગીઓ એકીસાથે પ્રભુમાં રહેલી છે અને તેથી તેઓ આદર્શ સ્થાનને યોગ્ય છે, એમ આપણને સહજ જણાય છે. આ રીતે બીજી અજાયબીથી ભરપૂર પણ જુદા જુદા પ્રસંગે દેખાતી આ લલિત ત્રિભંગી પ્રભુને આદર્શરૂપે ગ્રહણ કરવા આપણને પ્રેરણા કરે છે.

આવી જ રીતે એક વધારે આશ્ચર્યકારક ઘટના આપણે બીજી ત્રિભંગીમાં વિચારીએ. પ્રભુ ત્રિભુવનના પ્રભુ છે. તેઓના ચોત્રીશ અતિશયો કે આઠ મહાપ્રાતિહાર્યોનો વિચાર કરતાં ત્રણે ભુવનની ઠકુરાઈ જાણે તેમનામાં ઓતપ્રોત થઈ ગઈ હોય અને તેવી મોટાઈને તેઓ યોગ્ય હોય, એમ આપણને લાગે છે. તેઓ ખરેખર ત્રણ ભુવનને પૂજ્ય છે અને તેઓ મહાકલ્યાણના કરનારા છે. આ ત્રિભુવનની પ્રભુતાનો એક ગુણ થયો. અને આ ત્રિભુવનપ્રભુતાનો ગુણ હોવા સાથે જ પોતે નિર્ગ્રંથ છે; એટલે પ્રભુમાં નિર્ગ્રંથતા છે, બાહ્ય અને આભ્યંતર ગાંઠને જે છેદી નાખે, જેને દુનિયા સાથે કોઈ પ્રકારની લેવા દેવા નથી, જેમને કોઈ વસ્તુ. ઇષ્ટ નથી કે

અનિષ્ટ નથી, તે નિર્ગ્રંથતા છે. આવા નિર્ગ્રંથ પ્રભુ છે એટલે ત્રણ ભુવનની શેઠાઈ સાથે તેઓ જાતે તો નિર્ગ્રંથ છે. પરિગ્રહ રહિત હોય તે સર્વ નિર્ગ્રંથ કહેવાય. એટલે ઇંદ્ર અને ચક્રવર્તીથી પૂજનિક માણસમાં ત્રિભુવનપ્રભુતા, પણ તે જ વખતે જાતે નિર્ગ્રંથ ગુણથી ભરેલા હોઈ તેઓમાં નિર્ગ્રંથતા ગુણ છે આ રીતે પરસ્પરવિરોધી લાગતા ત્રિભુવનપ્રભુતા અને નિર્ગ્રંથતા નામના બે ગુણો ભગવાનમાં છે. આ રીતે ત્રિભુવનપ્રભુતા હોવા છતાં, પોતે જાતે નિર્ગ્રંથ છે અને તેમ છતાં, તેઓમાં ત્રિભુવનપ્રભુતાનો ગુણ છે, સાથે તેઓ જાતે નિર્ગ્રંથ છે અને તેઓમાં ન ત્રિભુવનપ્રભુતા છે અને ન નિર્ગ્રંથતા છે. તેઓ જાતે આવી રીતે અજાયબીથી ભરેલા છે, અને એકબીજાની સામે જતા ત્રણે ગુણો એકીવખતે ધરાવે છે, આ રીતે બીજી ત્રિભંગી પ્રભુમાં જણાવી.

હવે આપણે એક બીજી ત્રિભંગી વિચારીએ : એ વિરુદ્ધ લાગતી–દેખાતી ત્રણ વાત પ્રભુમાં એકીવખતે રહેલી છે. પ્રભુ જાતે યોગી છે, તેઓ મન-વચન-કાયાને પોતાને વશ રાખનાર છે. યોગીના સર્વ ગુણો તેમનામાં છે એટલે તેઓને યોગી કહી શકાય. અને તે જ વખતે ભગવાન સ્વગુણને, આત્મિક ગુણને અનુભવે છે એ દૃષ્ટિએ વિચારતાં પ્રભુ ભોગી છે. ભોગી હમેશાં ભોગ ભોગવનાર હોય છે. એટલે ભગવાન યોગી અને સાથે ભોગી છે એમ કહી શકાય. સર્વ કર્મનો ક્ષય થાય ત્યારે અયોગી ગુણસ્થાનકે અને મોક્ષ ગયા પછીની અવસ્થામાં તેઓ ન ભોગી કે ન યોગી છે. તેઓના સર્વ યોગો દૂર થઈ જાય છે. અને અયોગી ગુણસ્થાનકનો પંચ હ્રસ્વાક્ષર બોલતાં જેટલો સમય લાગે, તે વખતે અને સિદ્ધ અવસ્થામાં તેઓ અયોગી અને અભોગી છે. એટલે તેઓ ન તો યોગી છે કે ન તો ભોગી છે. આવી રીતે એક વધારે ત્રિભંગી થઈ. આવી રીતે આપણે આ ગાથામાં ત્રણ ત્રિભંગીઓ સંબંધી વિચાર કર્યો.

હવે આપણે એક ચોથી ત્રિભંગી જોઈએ. ભગવાન પોતે દ્વાદશાંગીના બોલનારા તેથી વક્તા છે. અને તેઓ દ્વાદશાંગીના બોલનાર તથા અનેક જીવોને ઉપદેશ આપનાર હોવા છતાં, તે સાથે જ આસ્રવ સંબંધી બોલનાર કે ઉપદેશ આપનાર ન હોવાથી, તેઓ મૌની છે, એટલે વક્તા હોવા છતાં આસ્રવને અંગે તેઓ મૌની છે. અને એ વક્તા અને મૌની હોવા છતાં તે જ વખતે તેઓ દ્વાદશાંગી સિવાય કાંઈ વચન બોલતા ન હોવાથી તેઓ એ જ વખતે ન વક્તા ન મૌની છે. આવી રીતે ચોથી ત્રિભંગી પ્રભુમાં અજબ રીતે મળી આવે છે.

હવે એક પાંચમી ત્રિભંગી વિચારીએ. સામાન્ય છદ્મસ્થ જ્ઞાનવાળાને કોઈ વાત કહેવી કે જાણવી હોય તો તેને ઉપયોગ મૂકવો પડે છે. પણ ભગવાન તો કેવળજ્ઞાનના ધણી હોવાથી, વગર ઉપયોગે તે વાતને જાણી શકે છે, તેથી તેઓ અનુપયોગી છે એટલે તેઓને સામાન્ય વાત જાણવા–સમજાવવા માટે ઉપયોગ મૂકવાની જરૂર પડતી નથી. વળી, કેવળજ્ઞાન સાથે કેવળદર્શનનો ઉપયોગ તો પ્રભુ મૂકે છે, એટલે તેઓ ઉપયોગવાન છે. જ્ઞાન અને દર્શન ભિન્ન છે. અને તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ કરે છે. એટલે ભગવાન કેવળજ્ઞાન અને કેવળદર્શનને અંગે ઉપયોગી–ઉપયોગવાળા થયા. અને યોગરુંધન થયા પછી, તેમને જ્ઞાનનો

અનુપયોગી યોગનિરુદ્ધાવસ્થા એ સ્વરૂપ સિદ્ધપણે સકલ કર્મમલ નાશે, કેવલોપયોગી તે ભણી ઉપયોગી. ૩ (૫)

**વિવેચન**—હવે આ ગાથામાં બીજી પાંચ ત્રિભંગીઓ બતાવે છે. પ્રથમ દૃષ્ટિએ એ પણ મુશ્કેલ બાબત છે, અને છતાં એનો વિરોધાભાસ સમજીએ ત્યારે પ્રભુમાં તે એકસાથે એકીવખતે હોવાનું આપણે એમના ચરિત્ર ઉપરથી જોઈ શકીએ છીએ. પ્રભુના પ્રમાણમાં આનંદઘન તો સામાન્ય છદ્મસ્થ હતા, તેઓ પણ મંત્રાક્ષરમાં વદે કે 'તેરે પતિ વશ હોવે ઉસમેં આનંદઘનકું ક્યા ? ઔર તેરે પતિ વશ ન હોવે ઉસમેં આનંદઘનકું ક્યા ?'—આવી વૃત્તિ કેળવી શકે તો પ્રભુ ઉદાસીનતાની વૃત્તિ અભ્યાસથી જરૂર કેળવી શકે છે.

આપણે એક બીજી ત્રિભંગી જોઈએ. ભગવાનમાં શક્તિ છે; અનંત વીર્યના ધણી પ્રભુ પોતાનું અનંત વીર્ય બતાવી શકે છે : તેઓને મેરુ ઉપાડવો હોય તો તેને પણ ઉપાડી શકે અને સમુદ્રને પણ તરી શકે. પોતાના સ્વગુણ-પર્યાયને ગ્રહણ કરવાનું સામર્થ્ય તે પ્રભુની અજબ શક્તિ છે; એ પ્રભુનો આત્મિક ગુણ છે. આવા અનંત શક્તિવાળા પ્રભુમાં શક્તિ છે, એ તો એમના ચરિત્ર ઉપરથી જણાઈ આવે છે. એક પગ ચાંપવાથી આખો મેરુ પર્વત જે અચળ કહેવાય છે, કંપી ઊઠચો અને મોટો ધડધડાટ અને હાહાકાર સમસ્ત પૃથ્વી ઉપર થઈ ગયો, જાણે મોટો ધરતીકંપ થઈ ગયો, એવી અજબ શક્તિ ભગવાનમાં છે. અને આવી અજબ શક્તિવાળા પ્રભુમાં વૈયક્તિક ભાવ હોય છે; પોતાની જાતને વ્યકત કરવી, પોતાપણું બતાવવું, તે વૈયક્તિત્વ છે. પ્રભુ જ્યાં હોય ત્યાં તેઓ છાના રહેતા નથી. તેમને યોગ્ય સમવસરણ દેવો ઠામ ઠામ રચે છે. આ રીતે એમનું વ્યક્તિત્વ પ્રસિદ્ધ થાય, વ્યક્ત થાય છે. આની સાથે જ ન વ્યક્તિ ન શક્તિ. એટલે આત્મામાં જે ગુણો હતા તે જ પ્રગટચા અને વ્યક્તિત્વ જેવું હતું તેવું જ પડ્યું, બીજું ન પડ્યું, એ ત્રીજી ત્રિભંગી ન શક્તિ ન વ્યક્તિ. પ્રભુએ કાંઈ શક્તિત્વ કે વ્યક્તિત્વ ઇરાદાપૂર્વક બતાવવા પ્રયત્ન કર્યો નથી. આવી રીતે શક્તિ, વ્યક્તિત્વ અને ન શક્તિ અને ન વ્યક્તિત્વ એ ત્રણ ગુણે-ત્રિભંગીઓ એકીસાથે પ્રભુમાં રહેલી છે અને તેથી તેઓ આદર્શ સ્થાનને યોગ્ય છે, એમ આપણને સહજ જણાય છે. આ રીતે બીજી અજાયબીથી ભરપૂર પણ જુદા જુદા પ્રસંગે દેખાતી આ લલિત ત્રિભંગી પ્રભુને આદર્શરૂપે ગ્રહણ કરવા આપણને પ્રેરણા કરે છે.

આવી જ રીતે એક વધારે આશ્ચર્યકારક ઘટના આપણે બીજી ત્રિભંગીમાં વિચારીએ. પ્રભુ ત્રિભુવનના પ્રભુ છે. તેઓના ચોત્રીશ અતિશયો કે આઠ મહાપ્રાતિહાર્યોનો વિચાર કરતાં ત્રણે ભુવનની ઠકુરાઈ જાણે તેમનામાં ઓતપ્રોત થઈ ગઈ હોય અને તેવી મોટાઈને તેઓ યોગ્ય હોય, એમ આપણને લાગે છે. તેઓ ખરેખર ત્રણ ભુવનને પૂજ્ય છે અને તેઓ મહાકલ્યાણના કરનારા છે. આ ત્રિભુવનની પ્રભુતાનો એક ગુણ થયો. અને આ ત્રિભુવનપ્રભુતાનો ગુણ હોવા સાથે જ પોતે નિર્ગ્રંથ છે; એટલે પ્રભુમાં નિર્ગ્રંથતા છે, બાહ્ય અને આભ્યંતર ગાંઠને જે છેદી નાખે, જેને દુનિયા સાથે કોઈ પ્રકારની લેવા દેવા નથી, જેમને કોઈ વસ્તુ ઇષ્ટ નથી કે

અનિષ્ટ નથી, તે નિર્ગ્રંથતા છે. આવા નિર્ગ્રંથ પ્રભુ છે એટલે ત્રણ ભુવનની શેઠાઈ સાથે તેઓ જાતે તો નિર્ગ્રંથ છે. પરિગ્રહ રહિત હોય તે સર્વ નિર્ગ્રંથ કહેવાય. એટલે ઇંદ્ર અને ચક્રવર્તીથી પૂજનિક માણસમાં ત્રિભુવનપ્રભુતા, પણ તે જ વખતે જાતે નિર્ગ્રંથ ગુણથી ભરેલા હોઈ તેઓમાં નિર્ગ્રંથતા ગુણ છે આ રીતે પરસ્પરવિરોધી લાગતા ત્રિભુવનપ્રભુતા અને નિર્ગ્રંથતા નામના બે ગુણો ભગવાનમાં છે. આ રીતે ત્રિભુવનપ્રભુતા હોવા છતાં, પોતે જાતે નિર્ગ્રંથ છે અને તેમ છતાં, તેઓમાં ત્રિભુવનપ્રભુતાનો ગુણ છે, સાથે તેઓ જાતે નિર્ગ્રંથ છે અને તેઓમાં ન ત્રિભુવનપ્રભુતા છે અને ન નિર્ગ્રંથતા છે. તેઓ જાતે આવી રીતે અજાયબીથી ભરેલા છે, અને એકબીજાની સામે જતા ત્રણે ગુણો એકીવખતે ધરાવે છે, આ રીતે બીજી ત્રિભંગી પ્રભુમાં જણાવી.

હવે આપણે એક બીજી ત્રિભંગી વિચારીએ : એ વિરુદ્ધ લાગતી–દેખાતી ત્રણ વાત પ્રભુમાં એકીવખતે રહેલી છે. પ્રભુ જાતે યોગી છે, તેઓ મન-વચન-કાયાને પોતાને વશ રાખનાર છે. યોગીના સર્વ ગુણો તેમનામાં છે એટલે તેઓને યોગી કહી શકાય. અને તે જ વખતે ભગવાન સ્વગુણને, આત્મિક ગુણને અનુભવે છે એ દૃષ્ટિએ વિચારતાં પ્રભુ ભોગી છે. ભોગી હમેશાં ભોગ ભોગવનાર હોય છે. એટલે ભગવાન યોગી અને સાથે ભોગી છે એમ કહી શકાય. સર્વ કર્મનો ક્ષય થાય ત્યારે અયોગી ગુણસ્થાનકે અને મોક્ષ ગયા પછીની અવસ્થામાં તેઓ ન ભોગી કે ન યોગી છે. તેઓના સર્વ યોગો દૂર થઈ જાય છે. અને અયોગી ગુણસ્થાનકનો પંચ હ્રસ્વાક્ષર બોલતાં જેટલો સમય લાગે, તે વખતે અને સિદ્ધ અવસ્થામાં તેઓ અયોગી અને અભોગી છે. એટલે તેઓ ન તો યોગી છે કે ન તો ભોગી છે. આવી રીતે એક વધારે ત્રિભંગી થઈ. આવી રીતે આપણે આ ગાથામાં ત્રણ ત્રિભંગીઓ સંબંધી વિચાર કર્યો.

હવે આપણે એક ચોથી ત્રિભંગી જોઈએ. ભગવાન પોતે દ્વાદશાંગીના બોલનારા તેથી વક્તા છે. અને તેઓ દ્વાદશાંગીના બોલનાર તથા અનેક જીવોને ઉપદેશ આપનાર હોવા છતાં, તે સાથે જ આસ્રવ સંબંધી બોલનાર કે ઉપદેશ આપનાર ન હોવાથી, તેઓ મૌની છે, એટલે વક્તા હોવા છતાં આસ્રવને અંગે તેઓ મૌની છે. અને એ વક્તા અને મૌની હોવા છતાં તે જ વખતે તેઓ દ્વાદશાંગી સિવાય કાંઈ વચન બોલતા ન હોવાથી તેઓ એ જ વખતે ન વક્તા ન મૌની છે. આવી રીતે ચોથી ત્રિભંગી પ્રભુમાં અજબ રીતે મળી આવે છે.

હવે એક પાંચમી ત્રિભંગી વિચારીએ. સામાન્ય છદ્મસ્થ જ્ઞાનવાળાને કોઈ વાત કહેવી કે જાણવી હોય તો તેને ઉપયોગ મૂકવો પડે છે. પણ ભગવાન તો કેવળજ્ઞાનના ધણી હોવાથી, વગર ઉપયોગે તે વાતને જાણી શકે છે, તેથી તેઓ અનુપયોગી છે એટલે તેઓને સામાન્ય વાત જાણવા–સમજાવવા માટે ઉપયોગ મૂકવાની જરૂર પડતી નથી. વળી, કેવળજ્ઞાન સાથે કેવળદર્શનનો ઉપયોગ તો પ્રભુ મૂકે છે, એટલે તેઓ ઉપયોગવાન છે. જ્ઞાન અને દર્શન ભિન્ન છે. અને તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ કરે છે. એટલે ભગવાન કેવળજ્ઞાન અને કેવળદર્શનને અંગે ઉપયોગી–ઉપયોગવાળા થયા. અને યોગરુંધન થયા પછી, તેમને જ્ઞાનનો

ઉપયોગ કે દર્શનનો ઉપયોગ મૂકવાનું પ્રયોજન રહેતું નથી, તે વખતે તેઓ ન ઉપયોગી છે ન અનુપયોગી છે. આ ત્રણે ભાંગાઓ પ્રભુને એકી વખતે લાગે છે, પણ તેનો કાળ જુદો છે, તેથી ઉપયોગી, અનુપયોગી અને ન ઉપયોગી ન અનુપયોગી એ ત્રિભંગીને લઈને આપણને અચંબો ઉત્પન્ન કરનાર થયા તેથી તેઓ આપણા આદર્શ સ્થાનને યોગ્ય છે. (૫)

ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે,
અચરિજકારી ચિત્ર-વિચિત્રા, 'આનંદઘન'પદ લેતી રે. શીતળ૦ ૬

**અર્થ**—ઉપર જણાવેલ વગેરે સર્વ બહુ પ્રકારના ભાંગાઓ અને ત્રિભંગીઓ ચિત્તને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારી છે. આ વિચિત્ર પ્રકારની નવાઈઓ આનંદઘનના પદને પ્રાપ્ત કરે છે. (૬)

**ટબો**—એ રીતે એક ત્રિભંગી સર્વમાં અથવા ઉત્પાદ-વ્યય, ધ્રુવાત્મક તથા દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે તથા સત્-૧, અસત્-૨, સદસત્-૩, ઇત્યાદિ ઘણી ત્રિભંગી પંડિતજનનાં ચિત્તમાં ચમત્કાર ઉપજાવતી; એ ત્રિભંગી વિચારીને તમારી ત્રિભંગી વિચિત્ર-નાનાપ્રકારની આશ્ચર્યકારી ચરિત્ર છે. એ ત્રિભંગી વિચારીએ તો આનંદઘન-પરમાનંદપદને લેતા પામતા છે. એ ત્રિભંગીના અર્થ ગુરુપરંપરાથી જાણવા. એટલે શ્રી શીતલનાથનું સ્તવન સંપૂર્ણ થયું. એવા ત્રિભંગીને ગુણે કરી શીતલતા પામ્યા, તે જિન. એવા જિન તેહી જ પરમાત્મા, શ્રી શ્રેયાંસ શ્રેયકારી તે માટે શ્રી શ્રેયાંસ જિનને સ્તવે છે, પ્રમોદ હર્ષેણ (૬)

**વિવેચન**—આ સર્વ ત્રિભંગીઓ આપણને નવાઈ પમાડે છે. પ્રભુમાં કરુણા અને તીક્ષ્ણતા અને ઉદાસીનતા છે એ એક વાત થઈ. પછી શક્તિ, વ્યક્તિ, ન શક્તિ ન વ્યક્તિ એ બીજી વાત થઈ. ત્રિભુવનપ્રભુતા સાથે નિગ્રંથતા અને વળી ન ત્રિભુવનપ્રભુતા કે ન નિગ્રંથતા એ ત્રીજી વાત થઈ. અને તેઓશ્રી યોગી છે, ભોગી છે અને ન યોગી કે ન ભોગી છે, એ ચોથી વાત થઈ. વક્તા છે, અને મૌની છે અને સાથે અવક્તા-અમૌની છે એ પાંચમી વાત થઈ. અને તેઓ ઉપયોગી છે, અનુપયોગી છે અને વળી ન ઉપયોગી ન અનુપયોગી છે એ છઠ્ઠી વાત થઈ. એ સર્વ ત્રિભંગીઓ અને અનેક ભાંગાઓ, જે સર્વ ઉપર કહેવાઈ ગયા છે; તે પ્રથમ નજરે આશ્ચર્ય ઉપજાવનાર છે; એ વિચારીને, સાંભળીને, ઘણી નવાઈ લાગે છે; મનમાં ચમત્કાર આવે છે કે આવી ત્રિભંગીઓ પ્રભુમાં કેમ સંભવતી હશે ? એનો ખુલાસો જ્યારે ચર્ચીએ છીએ અને સમજણવાળા પાસેથી જાણીએ છીએ ત્યારે આપણા મનમાં એ વાતનો ખુલાસો સાંભળી આનંદ આવે છે.

---

**પાઠાંતર**—'ઇત્યાદિક બહુ...ભંગી' એમ લખાયેલ છે. 'બહુ' સ્થાને 'બહૂ' પાઠ છે. તે પછી 'બહૂ કહૂં' શબ્દ મૂક્યો છે. 'ચિત્ર' સ્થાને 'ચરિત' પાઠ એ પ્રતમાં છે. (૬)

**શબ્દાર્થ**—ઇત્યાદિક = એ વગેરે, એ અને એ ઉપરાંતની, અનેક. બહુ = અનેક, ઘણાં. ભંગ = ભાંગાઓની, પ્રકારોવાળી. ત્રિભંગી = ત્રણ ભાંગાવાળી. ચમત્કાર = આશ્ચર્ય, નવાઈ, ખૂબી. ચિત્ત = મનમાં, ચિત્તમાં. દેતી = આપે છે, દે છે. અચરિજકારી = આશ્ચર્યકારક, નવાઈ ભરેલી. આનંદઘન = આનંદના સમૂહને. પદ = સ્થાન, મોક્ષપદ. લેતી = લાવનાર છે. (૬)

આવી વિચિત્ર ત્રિભંગીઓ ગુરુ પાસે સમજવી, તેમાં કોઈ જાતનું પારતંત્ર્ય નથી. ગુરુમાં એટલો અનુભવ હોય છે, કે તેઓ આ વિચિત્ર લાગતી વાતને પણ ઘટાવી દે છે અને ગુરુના જ્ઞાન પાસે કોઈનું તેમના જ્ઞાન સાથે સરખાવી શકાય તેટલું જ્ઞાન હોતું નથી. આ ત્રિભંગીઓ આપણા જન્મ-મરણના ફેરાને અટકાવનારી છે અને આનંદના ઘન--સમૂહમાં મોક્ષમાં લઈ જનારી છે, માટે આ પ્રભુઆદર્શને સ્થાને રાખવા યોગ્ય છે. આ ત્રિભંગી કોઈ ન સમજાય તો ગુરુને પૂછવી. ગુરુને પૂછવાથી જ્ઞાન થાય છે; કારણ કે સર્વ વાતો પુસ્તકમાં લખેલી હોતી નથી. આ સર્વ સંપ્રદાયજ્ઞાન છે તેનો મહિમા આગળ વર્ણવવામાં આવશે. આ રીતે આ સ્તવનનો ભાવ વિચારીને પ્રભુને આદર્શ સ્થાને સ્વીકારવા અને સ્વીકારી હજુ આગળ વધવું. આવતા સ્તવનમાં પણ પ્રભુને એને યથાયોગ્ય સ્થાને રાખવા એનો મહિમા વર્ણવશે. અને તેમ કરી એ પ્રભુ આદર્શ સ્થાને રાખવા યોગ્ય છે તે વાતને વધારે પુષ્ટિ આપશે. (૯)

## ઉપસંહાર

આ રીતે આ સ્તવન પૂર્ણ થયું. પ્રભુમાં અનેક પ્રકારની ત્રિભંગીઓ લભ્ય છે એ એનો પ્રધાન સૂર છે, અને એ ત્રિભંગીઓ કેમ ઘટમાન થઈ શકે તે આપણે વિવેચનમાં જોઈ ગયા છીએ. વાત એ છે કે એ રીતે અનેક દૃષ્ટિબિન્દુથી પ્રભુને ઓળખી એને યોગ્ય આપણું વર્તન રાખવું અને પ્રભુનો આદર્શ કદી મૂકી દેવો નહિ. આદર્શનો મહિમા જ ત્યાં છે. આદર્શ બરાબર સમજી-વિચારી મુકરર થાય તો પછી કોઈ રીતે પસ્તાવાનું કારણ રહે નહિ; કારણ કે આદર્શને આદર્શ સ્થાને રાખવાનું કારણ એ છે કે પછી કોઈ વખતે આદર્શને વીસરી શકાય નહિ અને આપણને કામ કરતી વખતે કોઈ પ્રકારની ગૂંચવણ પડે નહિ. બાકી જેઓ કોઈ જાતનો આદર્શ રાખતા નથી અને જેવા તેવા કામમાં પડી જાય છે, તેની સ્થિતિ તો હડકાયા કૂતરા જેવી થઈ જાય છે. પછી તે નથી રહેતો ઘરનો કે નથી રહેતો ઘાટનો. આવી કફોડી સ્થિતિ ન થાય તે માટે અહીં દીવાદાંડી ધરવામાં આવી છે. જો તમારો આદર્શ મુકરર કરેલો હશે તો અંતે પરમાનંદ સ્થાનની પ્રાપ્તિ થશે અને તમારા જીવનનો હેતુ સફળ થશે. આ દૃષ્ટિએ આ સ્તવનમાં ઘણી ઘણી ત્રિભંગીઓ આપવામાં આવી છે. તે જ વાત આવતા સ્તવનમાં બીજાં દૃષ્ટિબિંદુઓથી મુકરર કરી, તમને આદર્શ તરીકે ભગવાનને ઓળખવા અને સ્વીકારવા આગ્રહ કરશે. આ સ્તવન ઉપલક દૃષ્ટિએ વાંચવા જેવું નથી. એ બરાબર વિચારીને આચરણાને પાત્ર છે. જેઓ એ આચરણાનો અમલ કરશે તે આનંદઘન(મોક્ષ)ને જરૂર પામશે અને અનેક પ્રકારનો લાભ પ્રાપ્ત કરશે. (૧૦)

ફેબ્રુઆરી : ૧૯૫૦ ]

૧૧

# શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

**સંબંધ**— આ સ્તવનમાં સાચા અધ્યાત્મી કોણ, અને ખોટા કોણ, તેનો સૂક્ષ્મ વિચાર કરી પ્રભુને સાચા અધ્યાત્મી બતાવ્યા છે અને તે સ્વરૂપે તેઓ આદર્શ સ્થાનને યોગ્ય છે, એ બતાવ્યું છે. બાકી, સામાન્ય ઉક્તિ છે કે कलावध्यात्मिकनो भान्ति फाल्गुने बालका यथा। —આ કળિકાળમાં અધ્યાત્મી હોવાનો દાવો કરનારા ફાગણ મહિનાના બાળકો જેવા લાગે છે. ફાગણ માસમાં હોળી પાસે આવતી હોય તેવે વખતે સારું બાળક હોય, તે પણ અપશબ્દ બોલવામાં મજા લે છે, તેમ અધ્યાત્મીઓ પોતામાં અધ્યાત્મ છે એમ દાવો કરી, ફાગણ મહિનામાં બાળકો જેવા દેખાય છે, તેવા દેખાય છે; એટલે તેઓના મુખમાં અધ્યાત્મ શોભતું નથી એમ બતાવે છે. આ વાત સર્વથા સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે ઉમાસ્વાતિ મહારાજ, ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વગેરેએ અધ્યાત્મની ઘણી મજાની વાતો કરી છે અને તે પણ આજ કળિકાળમાં થયેલા છે. તેથી આપણે 'અધ્યાત્મ' શબ્દને એના જુદા જુદા આકારમાં બરાબર સમજવા અને સમજીને અધ્યાત્મ આચરવા પ્રયાસ કરીએ. કારણ કે સમજ્યા વગર ક્રિયા કરવામાં તો ઓડને બદલે ચોડ વેરાઈ જાય અને આપણને પસ્તાવાનું કારણ રહી જાય.

એક વાત સમજી લઈએ કે, સર્વ પ્રકારનાં અધ્યાત્મો આદરવા યોગ્ય નથી, એમ તો 'અધ્યાત્મ કલ્પદ્રુમ'ના લેખક મુનિ સુંદરસૂરિ મહારાજ પણ જણાવે છે, એટલે એમાં એક પ્રકારનું અધ્યાત્મ એવું આવશે કે જે ગ્રહણને યોગ્ય હોય. આવા પ્રકારના અધ્યાત્મને તમે આદરજો અને તેના પર તમારું ધ્યાન લગાવજો, પણ પસંદગી કરવા પહેલાં અધ્યાત્મના જુદા જુદા પ્રકારો કેટલા છે તે સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા પ્રયત્ન કરશો. પણ એમાં એક એવો સારો પ્રકાર છે કે જેને લઈને તમારા આ સંસારના ફેરા તદ્દન આળસી જશે. તમે માત્ર અધ્યાત્મ શબ્દથી જ લલચાઈ ન જશો. પણ આ સ્તવનમાં કહેલી સર્વ બાબતો જો પૂરી પાડે તેવું તે અધ્યાત્મ હોય, તો તેનો જ સ્વીકાર કરશો, એટલે આ ભવાટવીના તમારા ફેરાઓ મટી જશે. આ વાતની પુષ્ટિમાં અધ્યાત્મના જુદા જુદા અર્થોનો વિચાર કરવામાં આવ્યો છે, તે હવે આપણે જોઈએ. એમાં એક પ્રકાર એવો આવશે કે જે તમારી સર્વ ગૂંચવણો કાઢી નાખશે. એટલે તમારી સર્વ ક્રિયાઓ ફળવતી થશે અને તમારો પ્રયાસ નકામો નહિ જાય. આપણા લાભ માટે ગ્રંથકર્તાએ પોતાના સ્તવનમાં અધ્યાત્મ અને અધ્યાત્મીઓની જ ચર્ચા કરી છે તે આપણે વિચારીએ.

## ૧૧

### સ્તવન

(રાગ ગોડી; અહો મતવાલે સાજના–એ દેશી)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમપદ પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રેયાંસ૦ ૧

**અર્થ**—શ્રી શ્રેયાંસ નામના અગિયારમા તીર્થંકર પ્રભુ તે આપણા મનના ભાવને જાણનારા છે, તે આત્મસ્વરૂપમાં રમણ કરનાર છે અને પોતાનું નામ કાઢનાર અર્થાત્ કર્મરૂપ શત્રુને નમાવનાર છે, અધ્યાત્મજ્ઞાનના પૂરેપૂરા અભ્યાસ અને અનુસરણ પ્રાપ્ત કરીને વગર મહેનતે તેઓ મોક્ષમાં ગયેલા છે. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિ આ સ્તવનનો ટબો નીચે પ્રમાણે પૂરે છે : એવા શ્રી શ્રેયાંસ જિન, જે અંતર્યામી છે, ચિત્તમાં વસ્યા છે, ઘણા જ વહાલા છે. તે શ્રી શ્રેયાંસ જિન આત્મામાં રમતા સહજ ગુણભોગી છે, કર્મને નમાવનાર માટે નામી છે, શબ્દાર્થ છે. અધ્યાતમ આત્મસ્વરૂપ પૂર્ણ પામીને સહજ મુગતિ નિરુપાધિક સ્વભાવ ગતિને પામતા છે, પામ્યા છે. (૧)

**વિવેચન**—શ્રી શ્રેયાંસ નામના અગિયારમા તીર્થંકર–જિનવર આપણા હૃદયમાં–અંતઃકરણમાં થતા સર્વ ભાવને જાણનારા છે, ઊંડા અંતરની પણ કોઈ વાત એમનાથી ખાનગી રહેતી નથી; એવા એ સર્વ વ્યાપક અને સર્વ વસ્તુના જાણકાર છે. તેઓ પોતાના આત્મિક ગુણોમાં—જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વીર્યમાં—રમનારા છતાં નામાંકિત છે, એ ભારે નવાઈની વાત છે. આ ઉપરાંત તેઓ અધ્યાત્મમત, જે પર આપણે તરતમાં વિવેચન કરવાના છીએ, તેને સંપૂર્ણ આકારમાં પામેલા છે અને જે અધ્યાત્મ આપણે વખાણશું, તેને તેઓ પામેલા છે એ એક વાત થઈ. અને બીજી વાત એ છે કે તેઓ વિના કષ્ટે મુક્તિગતિને વરેલા છે. મોક્ષ મેળવવાની ઇચ્છા તેઓને હોતી નથી. તેઓ તો, આગળ સોળમા શાંતિનાથના સ્તવનમાં કહેવામાં આવશે તેમ, મોક્ષ અને સંસારને સરખો ગણનારા છે, પણ તેઓનું વર્તન એવા પ્રકારનું છે કે જરાયે મહેનત કર્યા સિવાય તેઓ મોક્ષગતિને પામી ગયા છે. સંસારમાં ચાર ગતિ છે :

---

**પાઠાંતર**—દેશીમાં એક પ્રતમાં 'સાંજનાં' શબ્દ મૂકે છે, તે 'સાજના' ને બદલે છે. 'અંતરજામી' સ્થાને એક પ્રતમાં 'અંતરયામી' પાઠ છે; અર્થ તે જ રહે છે. 'પદ' સ્થાને એક છાપેલ પુસ્તકમાં 'મત' શબ્દ છે. 'ગામી' સ્થાને એક પ્રતમાં 'ગીમી' પાઠ છે અને બીજી પ્રત 'ગાંમી' પાઠ આપે છે. (૧)

**'શબ્દાર્થ'**—શ્રી શ્રેયાંસ = અગિયારમા તીર્થંકર, ભગવાન, પ્રભુ. જિન = તીર્થંકરદેવ, ભગવાન, જિનેશ્વરદેવ. અંતર્યામી = મનના ભાવને જાણનાર, ઊંડા ભેદોને જાણનાર, સર્વજ્ઞ. આતમરામી = સ્વસ્વભાવમાં–આત્મસ્વરૂપમાં રમણ કરનાર, આત્મારામી. નામી = પોતાનું નામ કાઢનાર, પ્રખ્યાત, જાણીતા, પ્રસિદ્ધ, દુશ્મનોને–કર્મ દુશ્મનોને વંદાવનાર, નમાવનાર (શત્રુઓને). અધ્યાતમ = આત્માને ઉદ્દેશીને જણાવાયેલું, લખેલું, શાસ્ત્રપ્રસિદ્ધ આત્મા સંબંધી વાતો. મત = અભિપ્રાય, વિશેષ નિશ્ચય હોય તે તે. પૂરણ = સંપૂર્ણ રીતે. સવિશેષ, સારી રીતે. પામી = પ્રાપ્ત કરી, મેળવીને. સહજ = સ્વાભાવિક રીતે, મહેનત વગર. મુગતિ = મોક્ષ, સર્વ કર્મોથી મૂકાવું, સર્વ કર્મથી રહિત એવી. ગતિ = પાંચમી ગતિ. ગામી = ગયેલા છે તે, જનારા છે તે. (૧)

દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નારકગતિ. એ ચારે ગતિને છોડી દઈ, તેઓ પાંચમી ગતિ, જે મોક્ષગતિના નામથી ઓળખાય છે, તેને પામ્યા છે. જ્યારે પ્રાણી નિઃકર્મા થાય છે, જ્યારે એનો સર્વ કર્મભાર મુકાઈ જાય છે, ત્યારે લાકડું જેમ પાણીમાં તરી ઉપર આવે તેમ સહજ ભાવે તેઓ પાંચમી ગતિ, જે મોક્ષ છે, તેને પામે છે. તે રીતે તેઓ સહજ સ્વભાવે મોક્ષને પામેલા છે. આવા અંતરની વાત જાણનારા પૂર્ણ જ્ઞાની, નામના કાઢનાર, અધ્યાત્મ-નિશ્ચયમાં સાચો રસ્તો લેનાર અને વગર પ્રયાસે મોક્ષ મેળવનારને આપણે આદર્શ સ્થાને રાખીએ અને તેમના ગુણો બરાબર સમજવા માટે અધ્યાત્મના બધા પ્રકારો જોઈ જઈએ, અને પ્રભુએ તેમાંથી કયો પ્રકાર પકડી લીધો તે સમજવા યત્ન કરીએ; કારણ કે આપણી પસંદગી ઉપર આપણા ભવિષ્યનો આધાર રહે છે. આદર્શની પસંદગી કરવી ત્યારે સારામાં સારી કરવી, નહિ તો આપણે ડામાડોળ સ્થિતિમાં આવી જઈએ. પસંદગી સર્વોત્કૃષ્ટ હોય તો પછી આપણને 'આને આદર્શ બનાવ્યો હોત તો ઠીક થાત', એવો વિચાર પણ ન આવે. આ આપણા નિર્ણય માટે અધ્યાત્મને વિવિધ દૃષ્ટિબિન્દુથી પ્રથમ વિચારીએ : (૧)

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિ ગુણ[૧]આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે. શ્રી શ્રેયાંસ૦ ૨

**અર્થ**—સંસારમાં રહેલા અને સંસારને પોતાનો માનનારા ઇંદ્રિયોમાં રમનારા છે. પણ સાધુ-યતિઓ તો આત્મિક ગુણોમાં જ રમણ કરનારા છે. મુખ્યત્વે કરીને જે આત્મારામમાં રમણ કરનારા છે, તે તદ્દન નિઃસ્પૃહી-ઇચ્છા વગરના હોય છે. (૨)

---

**પાઠાંતર**—'મુખ્યપણે' સ્થાને બન્ને પ્રતમાં 'મુખ્યપણે' એવો પાઠ છે. (૨)

**શબ્દાર્થ**—સયલ = બધા, સર્વે. સંસારી = સંસારમાં અટવાઈ ગયેલા પ્રાણી, જીવના બે ભેદ પૈકી સંસારમાં ભટકનારા જીવો, ઇંદ્રિયોને વશ પડેલા, પંચેંદ્રિયને વશ પડેલા, તેમાં રમનારા. મુનિ = સાધુમહારાજો, યતિઓ. ગુણ = પોતાના આત્મિક ગુણમાં. આતમરામી = આત્મસ્વરૂપમાં રમણ કરનારા છે. મુખ્યપણે = મુખ્યત્વે કરીને. જે = જે સંસારી જીવો. આતમરામી = સ્વરૂપમાં જે રાચનારા અને રમનારા હોય છે. તે = તે સર્વ. કેવળ = માત્ર, તદ્દન. નિઃકામી કામના વગરના (હોય છે), કોઈ પ્રકારની સ્પૃહા વગરના (હોય છે.) (૨)

---

૧. આ સ્તવનોના વિવેચક શ્રી મોતીચંદભાઈએ 'મુનિ ગુણ આતમરામી રે' એવો પાઠ સ્વીકારીને એ પ્રમાણે જ એનો અર્થ કર્યો છે, એનું વિવેચન પણ એ રીતે જ કર્યું છે. પણ પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખે સંપાદિત કરેલ 'શ્રી-આનંદ-ધન-ચોવીશી'માં 'મુનિગણ આતમરામી રે' એવો પાઠ છે. અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની મૂળ સ્તવનોવાળી નં. ૨૦૧૩ તથા ૩૦૮૫ ની પ્રતોમાં પણ 'મુનિગણ આતમરામી રે' એવો પાઠ મળે છે. આ પાઠમાં અર્થસંગતિ સહજપણે બેસી જાય છે. આ રીતે આ ગાથાના પૂર્વાર્ધનો અર્થ એવો થાય છે કે-બધા સંસારી જીવો ઇંદ્રિયસુખમાં રાચે છે, જ્યારે મુનિગણ-મુનિવરોનો સમૂહ-આત્માના ગુણોમાં રમણ કરે છે. પણ 'મુનિ ગુણ આતમરામી' એવો પાઠ રાખવાથી અર્થસંગતિ કંઈક ખેંચીને બેસારવી પડે છે. આ સ્તવનો ઉપરના શ્રી જ્ઞાનવિમળસૂરિકૃત ટબાવાળી પ્રતો શ્રી મોતીચંદભાઈએ સ્વીકારેલ મુનિ ગુણ આતમરામી રે એવો પાઠ આપે છે.

—સંપાદક

**ટબો**—સકળ સંસારી જીવ તે ઇંદ્રિયના સોપાધિક સુખના આરામી છે. તે શ્રી શ્રેયાંસ નાથ જિન કેવા છે ? મુનિ ગુણ જે જ્ઞાનદર્શન, તન્મયી છે. આત્મા, તેને વિષે રમતા છે, મુખ્ય-પણે નિશ્ચયથી જે આત્મારામી છે, તેહી જ કેવલ શુદ્ધપણે નિઃકામી છે અને વ્યવહારક્રિયાએ જે આત્મા તે કેવળ નિઃકામી–અસદ્દારંભનિવર્તન માટે પર સહજ મુગતિગામી નહિ એવું પણ જણાવ્યું છે તે આગળ કહે છે. (૨)

**વિવેચન**—જીવોના સંસારી અને સિદ્ધ એવા બે ભેદ છે. તેમાં જેઓ સંસારી છે, અને સંસારમાં મસ્ત રહે છે, તેઓ એક અથવા વધારે ઇંદ્રિયોમાં આનંદ માનનારા હોય છે. એ તો ઇંદ્રિયોના ભોગોને ભોગવે અને એને પરિણામે સંસારમાં રખડયા કરે અને એ વાતનો આરો જ આવે નહિ. ઇંદ્રિયરામી એટલે ઇંદ્રિયમાં રમણ કરનાર. આ પ્રકારના જીવો દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચ ગતિમાં ભટકયા કરે છે, એક ગતિમાંથી બીજીમાં જાય અને એવી રીતે સંસારમાં આંટા માર્યા કરે છે, પણ તેઓનો નિસ્તાર થતો નથી. પણ જે ખરા યતિ અથવા મુનિ છે તે તો પોતાના ગુણમાં રમણ કરે છે, તેઓ દશે યતિધર્મમાં મહાલે છે અને સાધુગુણમાં રંજી તેને જ અનુરૂપ સર્વને ઉપદેશ આપે છે. દશ યતિધર્મો માટે જુઓ 'પ્રશમરતિ', પ્રકરણ સાતમું. એ એક સ્થાને લખેલા હોવાથી અત્ર તેનું પુનરાવર્તન કરતો નથી. મુનિ જોકે અત્યા . તો સંસારી જ છે, પણ યતિધર્મમાં રમણ કરે છે, અને તેને માટે પોતાનું સર્વ ધ્યાન વાપરે છે; અથવા મુનિ–યતિઓ જ્ઞાનાદિક આત્મિક ગુણમાં રમે છે. આ આત્મિક ગુણો તે જ્ઞાન, દર્શન, ચરિત્ર અને વીર્ય; તેઓ સંસારમાં રહેવા છતાં આત્મિક ગુણમાં રમણ કરે છે. તેઓની અને સામાન્ય સંસારી વચ્ચે આ ફેર હોય છે.

હવે આ સંસારી જીવો અને યતિધર્મો પૈકી, જેઓ આત્મિક ગુણમાં રમણ કરનારા હોય છે, તેઓ તદ્દન નિષ્કામ અને નિસ્પૃહ હોય છે. સંસારી જીવો જ્યારે લાડી-વાડી-ગાડીમાં આનંદ માને છે ત્યારે મુનિઓ નિજ ગુણમાં રમતા હોય છે અને તેને કોઈની કોઈ પ્રકારની સ્પૃહા હોતી નથી. તેઓ પુદ્ગળના તો સંગમાં પણ આવતા નથી. તેઓ યતિધર્મો અને સમા-ચારીએ કહેલા આચરણમાં એટલા મશગૂલ હોય છે કે તેમને પુદ્ગળરંગમાં રંગાવાનું હોતું જ નથી. આ વાત સાચા અર્થમાં જે યતિ હોય, દુનિયાદારીથી દૂર રહી શકતા હોય, તેને જ લાગુ પડે છે. માત્ર વેશ પહેરવાથી મુનિ કે યતિ, સાધુ કે ત્યાગી થવાતું નથી, પણ આચરણમાં દશે યતિધર્મોને મૂકવા જોઈએ. મુનિઓ ખરેખરી રીતે કોઈની આશા રાખતા નથી અને આત્મિક ધર્મમાં રોકાયેલા રહી માત્ર આત્મતત્ત્વનું ચિંતવન કરે છે. સાધુધર્મ બરાબર પાળવામાં આવે તો તે એવો છે કે મુનિને આખો વખત આત્મિક ચિંતવન જ થઈ શકે, પણ તે યતિ શબ્દના મૂળ અર્થ પ્રમાણે વર્તનાર અને અમલ કરનાર હોવો જોઈએ. હવે અધ્યાત્મ ખરેખરા અર્થમાં શું છે, તે સમજી પ્રભુને તે કેટલે અંશે લાગે છે, તેનો નિર્ણય કરીએ અને પ્રભુને આદર્શ સ્થાને રાખવામાં કોઈ પ્રકારનો વાંધો આવે છે કે કેમ તે વિચારીએ. (૨)

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦ ૩

**અર્થ**—જે પ્રાણી પોતાની આત્મિક ક્રિયા કરે તે ક્રિયાને અધ્યાત્મની ક્રિયા સમજવી, પણ જે ક્રિયા કરવાથી ચાર ગતિમાંથી કોઈ પણ એક ગતિ મળે, તેને અધ્યાત્મ નામે ન ઓળખી શકાય. (૩)

**ટબો**—જે ક્રિયા-સંયમાનુષ્ઠાન ચરણાદિ નિજ સ્વરૂપ સાધે તેને જ અધ્યાતમ લહીએ-જાણીએ. જ્ઞાને કરી જે ક્રિયા કાયિકી આદિ, રોધનરૂપ કરીને, ચાર ગતિને સાધે તે ક્રિયા અધ્યાત્મ ક્રિયા ન કહીએ, એટલે ભવાટવીબંધન ગુણસ્થાન પ્રાપ્તિ થકી સકામ ક્રિયા ત્યાંથી માંડી યાવન્નિજસ્વરૂપપ્રકટન લગે, તે ક્રિયા અધ્યાતમ. (૩)

**વિવેચન**—ખરેખરા અર્થમાં નિજ સ્વરૂપની જે ક્રિયાઓ હોય તેને સાધનાર તે જ સાચા અધ્યાત્મી કહીએ. અધ્યાત્મી હંમેશાં નિજ સ્વરૂપમાં રમણ કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર કે વીર્ય એ સર્વ આત્મિક ધર્મો કે દશ યતિધર્મો એ સર્વ સૂઝે અને એમાં રમણ કરે તેને ખરેખરા અધ્યાત્મી જાણીએ. અધ્યાત્મીઓનો આ અનેરો આનંદ છે. નિજ સ્વરૂપની ક્રિયા સાધવી એ એનું કર્તવ્ય હોય છે અને તે તેમાં જ રસ લે છે, અને પોતાનું અધ્યાત્મ સાચેસાચું ઝળકાવે છે. તેઓની સર્વ ક્રિયામાં આત્મસ્વરૂપ ઓતપ્રોત થઈ જતું દેખાય છે. આવા આત્મસ્વરૂપને ખરેખરું ધ્યાવનાર જ ખરા અર્થમાં મુનિ છે, સાચા યતિ છે અને તેઓમાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો ઝળકતા હોય છે. આવા મુનિ જ ખરેખરું અધ્યાત્મ સમજ્યા છે અને સમજીને તેને અમલમાં મૂકી રહ્યા છે એમ સમજવું. આવા આત્માર્થી ખરા મુનિ છે, અધ્યાત્મી છે. પણ જે ક્રિયા કરીને મનુષ્યાદિ ચાર ગતિ પૈકી કોઈ પણ ગતિ સાધે તે અધ્યાત્મી કહી શકાય નહિ. તેઓ ક્રિયા કરીને પરિણામે દેવગતિ મેળવે તોપણ અંતે તે નકામી છે; તેઓ અધ્યાત્મી નામને યોગ્ય નથી. દુનિયાદારીના લોકોને દેવગતિ સુંદર લાગે, પણ અંતે એ સોનાની બેડી છે, અને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. અને તિર્યંચગતિ કે નારકગતિમાં તો લેશમાત્ર પણ સુખ નથી. એટલે ટૂંકામાં દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી ગતિમાંથી કોઈ પણ એક ગતિ એના પરિણામે પ્રાપ્ત કરે

**પાઠાંતર**—'સાધે' સ્થાને પ્રતમાં 'સાધઈ' પાઠ છે, તે ફેર જૂની અને નવી ગુજરાતીનો છે. 'કહિએ' સ્થાને પ્રતમાં 'કહિઈ' પાઠ છે, તે જૂની-નવી ગુજરાતીનો ફેર છે. 'સાધે' સ્થાને પ્રતમાં 'સાધૈ' પાઠ છે, ફેરફાર ઉપરને કારણે છે. (૩)

**શબ્દાર્થ**—નિજ સ્વરૂપ = સ્વસ્વરૂપ, પોતાનું સ્વરૂપ, તેની. જે = જે કાંઈ. કિરિયા = ક્રિયા એટલે જે પોતાની સ્વરૂપસિદ્ધિ માટે તપ-જપ-સંયમાદિ ક્રિયા. સાધે = કરે. તેહ = તે (સંબંધક) અધ્યાતમ = તે ક્રિયાનું નામ અધ્યાત્મ ક્રિયા, આત્મસંબંધી ક્રિયા એટલે આત્મિક ક્રિયા; એટલે આત્મિક ક્રિયા તે અધ્યાત્મ ક્રિયા. લહિયે = લઈ લઈએ, સમજીએ. જે કિરિયા = જે ક્રિયા કરી ચઉગતિ સાધે = પામે મેળવે. કરી = કરવાને પરિણામે. ચઉગતિ = ચારમાંથી કોઈ એક ગતિ, દેવતા, મનુષ્ય, તિર્યંચ, નારકી એ ચાર ગતિ પૈકી. સાધે = મેળવે, પ્રાપ્ત કરે. તે ન = તેવી ક્રિયાને નહિ, ન અધ્યાતમ = અધ્યાત્મ. લહિયે રે = લઈએ, ગણીએ નહિ, ધારીએ નહિ. (૩)

તેને અધ્યાત્મ ન કહેવાય. એટલે અધ્યાત્મ ખરેખરું પ્રાપ્ત થયું હોય તો આત્મિક ગુણોમાં રમણતા જોઈએ. અને ચારમાંથી કોઈ પણ એક ગતિમાં જવાપણું જ્યારે ન રહે ત્યારે જ સાચા અધ્યાત્મ સાથે સંબંધ થાય. અધ્યાત્મની આ વ્યાખ્યા બહુ સમજવા લાયક છે; એમાં જરાયે વાંધો નથી. આત્મિક ગુણોમાં રમણતા તે અધ્યાત્મ, અને ચાર પૈકી કોઈ પણ ગતિ સાધે તેને અધ્યાત્મ ન કહેવામાં જ અધ્યાત્મની ખરી સિદ્ધિ છે, એમ જાણી જે યતિઓ આત્મિક ગુણમાં રમણ કરનારા હોય તેનો જ ખરો આશ્રય લેવાય તે તમારા હિતની નજરે ઇચ્છવા યોગ્ય છે. જ્યાં પોતાના સ્વરૂપને સાધવાની ક્રિયાઓ ચાલતી હોય ત્યાં ખરા અધ્યાત્મનો વાસો છે અને ચાર ગતિને સાધનારી જેની ક્રિયા હોય ત્યાં અધ્યાત્મની ગંધ પણ સમજવી નહિ. એવા માણસો ગમે તેટલો મોટો દાવો કરે, પણ તેઓ જરા પણ અધ્યાત્મી નથી, એમ સમજવું. અહીં જે નિજસ્વરૂપસાધનાનો માર્ગ બતાવ્યો છે તે માર્ગના જે અર્થીઓ છે, તેઓ સાચા અધ્યાત્મી છે અને આદર્શ સ્થાનને યોગ્ય છે. પ્રભુનો એ માર્ગે સંચાર છે એ આપણે તેઓના ચરિત્ર પરથી જાણીએ છીએ. અને તેટલા માટે તેઓ આપણા આદર્શને યોગ્ય છે એમ સમજવું. આમાં બાહ્ય–ઉપલક ક્રિયા કરનાર સાધુ–યતિનું શું સ્થાન છે તે સમજી લેવું અને આત્મિક ક્રિયાનો આદર કરવો એવો ઉપદેશ છે તે બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવા યોગ્ય છે. આ વાતની વધારે ચોખવટ કરવા માટે હજુ અધ્યાત્મના નામાદિ ચતુષ્ટયને વિચારી તેના વિભાગો પાડવામાં આવશે તે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવા યોગ્ય છે. (૩)

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦ ૪

**અર્થ**—અધ્યાત્મ પૈકી જે માત્ર અધ્યાત્મ શબ્દોચ્ચાર છે તેનું નામ નામ અધ્યાત્મ. અધ્યાત્મની સ્થાપના કરવી તે સ્થાપના અધ્યાત્મ. બાહ્ય દેખાવ માત્ર તે દ્રવ્ય અધ્યાત્મ. આ ત્રણે અધ્યાત્મો ત્યાગ કરવા યોગ્ય છે. ચોથું ભાવ અધ્યાત્મ છે, તે પોતાના ગુણને પ્રાપ્ત કરે છે, તો તેની સાથે રટના માંડો, તેને લાગી જાઓ અને તેના મય થઈ જાઓ. (૪)

---

**પાઠાંતર**—'નામ અધ્યાતમ' સ્થાને પ્રતમાં 'અરથ અધ્યાતમ' પાઠ છે; અર્થ તે જ રહે છે. 'તો તેહશું' સ્થાને 'તે તેહશું' એવો પાઠ એક પ્રતમાં છે. 'રઢ' સ્થાને એક પ્રતમાં 'રઢિ' એવો પાઠ આપ્યો છે. (૪)

**શબ્દાર્થ**—નામ = માત્ર નામનું જ, કહેવામાત્ર અધ્યાતમ = અધ્યાત્મ, આત્મા સંબંધી, અધ્યાત્મ એવું નામ તે ઠવણ = સ્થાપના, થાપેલ, સ્થાપેલ, આરોપણ કરેલ. અધ્યાતમ = સ્થાપના કરેલ અધ્યાત્મ, એટલે સ્થાપેલ અધ્યાત્મ. દ્રવ્ય = દેખાવમાત્ર, ખરેખરું નહિ તેવા પ્રકારનું અધ્યાત્મ, એમાં આત્મા ખોવાઈ જાય, ગોત્યો જડે નહિ. અધ્યાતમ = આત્મા નામનો જ માત્ર, દેખાવમાં છંડો = મૂકી દો, છોડી દો. ભાવ અધ્યાતમ = ખરેખરું, ભાવથી, હૃદયપૂર્વકનું અધ્યાત્મ. નિજ ગુણ = પોતાના ગુણ, આત્મિક ગુણ સાધે = મેળવે, પ્રાપ્ત કરે. તો = તે ખાતર, તેટલા માટે. તેહશું = ભાવ અધ્યાત્મમાં. રઢ = પ્રેમ, સ્નેહ, વારંવાર કહેવું તે. મંડો = માંડો, શરૂ કરો. (૪)

**ટબો**—વળી ચાર નિક્ષેપે અધ્યાતમ : નામ અધ્યાતમ ૧. થાપના અધ્યાતમ ૨. દ્રવ્ય અધ્યાતમ ૩. એ ત્રણુને જ્ઞેયપણે કરી હેયપણે કરવા. ભાવ અધ્યાતમ નિરુપાધિક નિરાશંસપણે જે ક્રિયાસાધક એવો જે પરિણામ, તે ભાવ અધ્યાતમ પોતાના ગુણને સાધે–નિપજાવે–નિરાવરણ કરે, તે માટે એ અધ્યાતમમાં દેવાનુપ્રિયો ! લોકરતિ–રુચિ–રાગ માંડો (૪)

**વિવેચન**—અધ્યાત્મને ચાર નિક્ષેપથી અત્ર જણાવવામાં આવે છે પ્રથમ તો નામમાત્ર અધ્યાત્મ, અધ્યાત્મનો શબ્દમાત્ર જાણે, પણ તે શું છે, તેનો ઊંડો આશય શો છે, તે વિચારે નહિ, માત્ર નામથી અમે અધ્યાત્મી છીએ એવું જાણે, પણ તેનો આશય જાણે નહિ. એ **નામ અધ્યાત્મ** કહેવાય. અધ્યાત્મ શબ્દને સ્થાપવો, તેને મોટો માનવો, પોતામાં તેના કાંઈ ગુણ ન હોવાપણું તે બીજો **સ્થાપના અધ્યાત્મ** નામનો પ્રકાર જાણવો. ઉપર ઉપર યોગનો ડોળ કરી કે રેચક, કુંભક, પૂરક નાડી દ્વારા બાહ્ય અધ્યાત્મનો ડોળ રાખવો કે પ્રાણાયામાદિ કરવા તે **દ્રવ્ય અધ્યાત્મ** કહેવાય. આ પ્રકારમાં દેખાવ સિવાય અંતરવૃત્તિ જરા પણ સુધરી ન હોય. અધ્યાત્મના આ ત્રણે પ્રકારો—નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ અને દ્રવ્ય અધ્યાત્મ—એ માત્ર જાણવા યોગ્ય છે, તે સમજી રાખવા યોગ્ય છે, પણ છોડવા યોગ્ય છે, તજવા યોગ્ય છે. તે સાચા અધ્યાત્મને સમજવા માત્ર જ્ઞેય વિભાગમાં આવે છે. જ્ઞેય વિભાગની કોઈ પણ ચીજ જાણવા યોગ્ય છે, એટલે એના એટલા વિભાગ થઈ શકે છે, તે સમજવા યોગ્ય છે; પણ એ નિક્ષેપ સંઘરવા યોગ્ય નથી.

હવે અધ્યાત્મનો ચોથો નિક્ષેપો **ભાવ અધ્યાત્મ**નો છે, તે આદરવા યોગ્ય છે. તે શું છે તે આપણે વિચારીએ. વસ્તુના ત્રણ પ્રકાર પડે છે : હેય, જ્ઞેય અને ઉપાદેય. હેય એટલે તજવા યોગ્ય, જ્ઞેય એટલે જાણવા યોગ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય. એમાં અહીં ઉપર જે અધ્યાત્મના ત્રણ પ્રકાર બતાવ્યા તે જ્ઞેય વિભાગના છે, પણ જાણીને તજવા યોગ્ય છે. એમાં કાંઈ લાભ થાય નહિ; અને તેમાં આપણને સંસારને છોડી દઈ, નિરંજન નિરાકાર સ્થિતિ પ્રાપ્ત કરવાનું થઈ શકે નહિ અને આપણો આશય મોક્ષ જવાનો છે, તે કાંઈ અમલમાં મુકાય નહિ; અને આપણા જન્મમરણના ફેરા તો ચાલુ જ રહે. આ ચોથો ભાવ અધ્યાત્મનો વિભાગ તો બહારની અને અંદરની સ્થિતિને એકસરખી રાખી અને પોતાના આત્મિક ગુણમાં પ્રવૃત્તિ કરાવી પોતાના આત્મિક ગુણને પ્રકટ કરે છે, અને તેમાં જ રમણ કરાવે છે; તે ઉપાદેય નિક્ષેપ છે. માટે નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ તથા દ્રવ્ય અધ્યાત્મને છોડી દઈ આ ભાવ અધ્યાત્મ ખાતર રઢ લગાવો. એમાં આત્માનું આ ભવસાફલ્ય છે અને એથી જીવનનો ઉદ્દેશ પાર પડે છે, માટે એને ઉપાદેય ગણીને સ્વીકારો. સંસારના ફેરામાંથી બચવાનો આ એક જ ઉપાય છે અને તે અમલમાં મૂકવા યોગ્ય છે. (૫)

શબ્દ અધ્યાતમ અર્થ સૂણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ૦ ૫

**અર્થ**—અધ્યાત્મ એવો શબ્દમાત્ર જાણીને તેનો અર્થ સાંભળજો અને પછી વિકલ્પ સર્વ મૂકી દઈને તેનો ભાવાર્થ સ્વીકારજો. શબ્દમાત્ર અધ્યાત્મમાં સાચાપણું હોય કે ન પણ હોય, તે સમજીને ત્યાગ અથવા ગ્રહણનો નિશ્ચય કરજો. (૫)

**ટબો**—એ અધ્યાત્મ શબ્દનો અર્થ પરમાર્થથી સાંભળીને નિર્વિકલ્પપણે સત્યપ્રીતિ તે કલ્પનાજાળ રહિત, તે જ ભાલ અધ્યાતમ આદરવો. શબ્દથી જે અધ્યાતમ બોલીએ તેમાં ભાવ અધ્યાત્મની ભજના જાણવી. જેમ દાન ગ્રહણાદિ શબ્દે. જેમ શબ્દ અધ્યાતમ શબ્દ અધ્યાતમ મતિ ધરીએ તેમ શબ્દે અધ્યાત્મની ભજના ધરવી. (૫)

**વિવેચન**—તમે 'અધ્યાત્મ' શબ્દ સાંભળીને બેલાશકપણે તેનો સ્વીકાર કરજો. જ્યારે તમે અધ્યાત્મ જાણો અને તેને આદરો ત્યારે તમને એવી મજા આવશે કે એની સાથે સરખાવી શકાય એવી આ દુનિયામાં કોઈ પણ વસ્તુ નથી, એ તો અણમૂલી વસ્તુ છે; એવા પ્રકારનું અધ્યાત્મનું મૂલ્ય છે. પણ એના મોહમાં ન પડતા; અને મોહ તો જગતમાં ફસાવનાર છે. તેથી અધ્યાત્મ શબ્દથી લેવાઈ ન જશો, પણ એને ખરા અર્થમાં સમજીને સ્વીકારજો. નામ, સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મ તજવા યોગ્ય છે અને માત્ર ભાવ અધ્યાત્મ આદરવા યોગ્ય છે. પણ તેનો બરાબર અર્થ શું છે તે વિચારજો અને સાચા અર્થમાં જ અધ્યાત્મને આદરજો. બાકી માત્ર શબ્દ અધ્યાત્મ હોય ત્યાં ગુણ હોય કે ન પણ હોય; ગુણ ન હોય તો તેને છોડી દેવાની અને ગુણ હોય તો તેને પકડી લેવાની બુદ્ધિ રાખજો. એકલા અધ્યાત્મ શબ્દમાં જ રાચી ન જતા. એવા તો અનેક અધ્યાત્મીઓ હોય છે કે જેઓ પોતાની જાતને અધ્યાત્મી હોવાનો દાવો કરે છે, પણ જો તેઓ માત્ર શબ્દ અધ્યાત્મી હોય, તેનાથી ફસાઈ ન જતા, અંતે તેઓ સંસારની નાવમાં અટવાઈ પડે છે. ભાવ અધ્યાત્મ ખરા અર્થમાં અધ્યાત્મ છે. બાકીના ત્રણ અધ્યાત્મમાં સંસારમાંથી તરવાની તેની મરજી છે કે નહિ, તે તો વિકલ્પ છે–ભજના છે અને ગુરુ પોતે ન તરે, તે બીજાને પણ તારવાના નથી જ, એટલે ગુરુને ગુરુપદે સ્થાપવા પહેલાં તે સાચા અર્થમાં અધ્યાત્મ સમજ્યા છે કે નહિ અને સમજીને તેને આચરનાર છે કે નહિ તે વાતની ખાતરી કરી તેનો અસ્વીકાર કે સ્વીકાર કરજો. અધ્યાત્મને અંગે આ ચેતવણી બહુ સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે. (૫)

---

**પાઠાંતર**—'આદરજો રે' સ્થાને 'આદરયો રે' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'જાણી' સ્થાને પ્રતમાં 'જાંણી' પાઠ છે, તે જૂની ગુજરાતી છે 'હાન' સ્થાને પ્રતમાં 'દાન' પાઠ છે, અહીં અર્થ ફરી જાય છે; દેવું લેવાના અર્થમાં આ શબ્દ તે. 'ધરજો' સ્થાને પ્રત લખનાર 'ધરયો' પાઠ આપે છે; જ–યનો જૂની ગુજરાતીમાં અભેદ છે. (૧)

**શબ્દાર્થ**—શબ્દ = અધ્યાત્મ શબ્દ જ, એનું નામમાત્ર. અધ્યાત્મ = શબ્દમાત્ર અધ્યાત્મ, અધ્યાત્મ શબ્દ જ તેના. અર્થ = ભાવાર્થ, કહેવાનો હેતુ. સૂણીને = સમજીને, સાંભળીને. નિર્વિકલ્પ = વિચાર કર્યા સિવાય.

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત વાસી રે. શ્રી શ્રેયાંસ૦ ૬

**અર્થ**—અધ્યાત્મમાં તો વસ્તુનો વિચાર જ હોય, બાકીના સર્વ માણસો ખોટા છે, ગોટાળિયા છે. વસ્તુ જેવી હોય, તેવી જે પ્રકટ કરે અને તેના પર અજવાળું ફેંકે તે આનંદના સમૂહ(મોક્ષ)માં વાસો કરે, ત્યાં રહેનારો થાય. (૬)

**ટબો**—વસ્તુગતે જે વિચારીને કહે તે અધ્યાત્મ કહીએ, બીજા જે વચનવિચાર તે લવાસી –વચનમાત્ર અને વસ્તુગતે જે પરમાર્થ જાણી વસ્તુ પ્રકાશે–કહે, આનંદઘનમત–સ્યાદ્વાદમત તેના વાસી જાણવા, એટલે અગીઆરમા શ્રી શ્રેયાંસ જિનનું સ્તવન પૂરું થયું. (૬)

**વિવેચન**—વિચારવાન પ્રાણી તેટલા માટે અધ્યાત્મને એના ખરા અર્થમાં સમજે. જેઓ ડોળઘાલુ હોય છે, તેનાથી ચેતે, જેઓમાં વિષય-કષાયની મંદતા થયેલી ન હોય, તેને છોડી દે અને જ્યાં પૂરા અર્થમાં અધ્યાત્મ દેખાય ત્યાં તેનો સ્વીકાર કરે અને ત્યાં આત્મસમર્પણ કરે. આ રીતનો વિચાર કરી સાચો અર્થ સમજનારને આપણે આધ્યાત્મી તરીકે બીજો બધો વિચાર કરીને, સ્વીકારવો. અને જે ખરા અર્થમાં ભાવ આત્મીય ન હોય તેને લબાડી કે ઢોંગી જાણવા. એવા લબાડ-લુચ્ચા માણસોનો વગર શંકાએ ત્યાગ કરવો. જે સંસારમાં રાચતા હોય, જે ઇન્દ્રિયને વશ પડેલા હોય, જેને વિષય-કષાય ઉપર કાબૂ ન આવ્યો હોય, તેવા માણસો પોતે તરે નહિ અને પોતાના આશ્રિતોને તારે નહિ, માટે જે ભવિષ્યમાં પોતાનું શ્રેય ઇચ્છતા હોય, તેમણે આવા ગુરુનો વગર શંકાએ ત્યાગ કરવો. જે પુરુષો વસ્તુગતે વસ્તુઓને જણાવે તે અંતે આનંદના સમૂહને પ્રાપ્ત થનાર છે, આનંદના ઘનમાં વસનાર છે અને અંતે આ સંસારનો નિસ્તાર પામી ઊર્ધ્વગમન કરનાર છે. તેમને સમજી, ઓળખી, આદરવા અને તેમને સ્વસમર્પણ કરવું. અને તેમની નિશ્રાએ ચાલી પોતાનું ભવિષ્ય પણ સુધારવું. (૬)

---

સંકલ્પ-વિકલ્પ વગર, વગર શંકાએ. આદરજો = સ્વીકારજો, તેનો અમલ કરજો. શબ્દ અધ્યાતમ = માત્ર અધ્યાત્મ શબ્દ જ. ભજના = હોય કે ન પણ હોય, વિકલ્પે હોવાપણું. જાણી = સમજી. હાન = ત્યાગ, ત્યજી દેવું તે. ગ્રહણ = સ્વીકારવું, આદરવું. મતિ = બુદ્ધિ, નિર્ણય. (૫)

**પાઠાંતર**—'વસ્તુ'સ્થાને પ્રતમાં 'વશુ' પાઠ છે; પણ જ્ઞાનવિમળસૂરિ વસ્તુ અર્થ કરે છે. 'જાણ'સ્થાને પ્રતમાં 'જાણિ' પાઠ છે, અર્થ ફરતો નથી. જૂની ગુજરાતી છે. 'ગતે' સ્થાને પ્રતવાળો 'ગતૈં' પાઠ આપે છે, તે જૂની ગુજરાતી છે. 'પ્રકાશે' સ્થાને 'પ્રકાશૈં' પાઠ છે, તે જૂની ગુજરાતી લઈને છે. 'મત' સ્થાને 'મતિ' પાઠ છે. આનંદઘનમત એટલે સ્યાદ્વાદમતે એવો તેનો અર્થ છે. આનંદઘનનો અર્થ બીજે છે તે માટે જુઓ વિવેચન (૬)

**શબ્દાર્થ**—અધ્યાતમ = અધ્યાત્મી પુરુષો, જે ખરેખરા અધ્યાત્મરંગથી રંગાયેલા હોય તે. જે = જેઓ વસ્તુવિચારી = વસ્તુનો વિચાર કરનાર હોય તે, સાચા આધ્યાત્મી. બીજા = અન્ય, કોઈ પણ એ સિવાયના. જાણ = સમજ, લે. લબાસી = ખોટા, જૂઠા. વસ્તુગતે = વસ્તુ જેવી હોય તેવી, વાત જેવી હોય તેવી. જે = જેઓ. વસ્તુ = વાતને. પ્રકાશે = જાહેર કરે, સમજાવે આનંદઘન = આનંદના સમૂહને વરનાર. મત = માર્ગ. રસ્તો. તેમાં. વાસી રે = વસનાર છે. (૬)

## ઉપસંહાર

આવી રીતે અધ્યાત્મને આપણે જુદા જુદા અર્થમાં અહીં સમજ્યા. એ અર્થ આપણા જીવન સાથે એટલો બધો અતલગનો (છેક નજીકનો) સંબંધ ધરાવે છે કે એના પર જેટલું વિવેચન કરવામાં આવે, તે અલ્પ ગણાય; પણ એની વિચારણામાં સર્વેથી વિશેષ મહત્ત્વની વાત ચાર નિક્ષેપે અધ્યાત્મને ઓળખવાની બાબત છે. એક નામ માત્ર અધ્યાત્મ હોય, પણ આત્માનો એક અક્ષર જાણે કે સદ્દહે નહિ, તે માત્ર નામ અધ્યાત્મી કહેવાય. પછી અધ્યાત્મની સ્થાપના કરે તે સ્થાપના અધ્યાત્મ કહેવાય. દ્રવ્ય અધ્યાત્મીઓ પ્રાણાયામાદિક કરે છે, સાધુનો સર્વ આચાર પાળે છે, પણ આ ત્રણે નિક્ષેપા તજવા યોગ્ય છે. આદર તો ભાવ અધ્યાત્મનો જ કરવા યોગ્ય છે. જેનામાં વિષય-કષાયની મંદતા હોય, જે ખરા સાધુ–યતિ નામને દીપાવનાર હોય, તેનો આદર કરવો અને બીજા–બાકીના ઉપર કહ્યા તે સર્વ નિક્ષેપાને લેભાગુ વર્ગમાં મૂકવા અને તેમનો આશ્રય ન કરવો, એ આખા સ્તવનનું રહસ્ય છે. જો ગુરુસ્થાને જેવા તેવાને રખાઈ જાય તો આપણો અવતાર એળે જાય છે, તેથી ભાવ અધ્યાત્મીને જ આદરવા અને તેમને જીવન અર્પણ કરવું.

ગુરુ કે દોરવણી આપનારની જેવી તેવી કસોટી ન કરવી. તે આપણી સર્વ કસોટીઓમાંથી પસાર થાય તો જ તેને ચરણે શિર ઝુકાવવું. આ બાબતને ઘણું મહત્ત્વ એટલા માટે આપવામાં આવ્યું છે કે આપણા ભવિષ્યનો આધાર ગુરુની પસંદગી ઉપર રહે છે. સાચા ભાવ અધ્યાત્મી ગુરુ મળે તો સંસારનો પાર પમાય છે. અને આપણે પોતે કયે પગથિયે ઊભા છીએ એ પણ આ ચાર પ્રકારના નિક્ષેપના જ્ઞાનથી સ્પષ્ટ થઈ જાય છે. ઘણીવાર પ્રાણી દેખાવમાત્રમાં દોરવાઈ જઈ, પોતામાં જે ગુણો ન હોય તે છે, અથવા હશે એમ માનીને ચાલે છે. તેની ધારણા કેટલી ખોટી છે તે આ સ્તવનને પોતાને લાગુ પાડવાથી બરાબર સમજાઈ જશે. વાત એ છે કે ચેતન પોતાને પણ કોઈ કોઈ વાર છેતરે છે અને પોતામાં ન હોય તેવા ગુણો પોતામામાં હશે, એમ ધારી લે છે. એવી કફોડી હાલતમાંથી બચવા માટે આ દીવાદાંડી છે અત્યારે જે જે અનુકૂળતાઓ મળી છે તેનો જો ખરેખરો લાભ લઈ લેવો હોય તો સદ્ગુરુને ચરણે આત્મસમર્પણ કરવું. આવો અવસર ફરી ફરીને નહિ મળે, તે માટે આદર્શ તો તીર્થંકરનો જ રાખવો, એ આદર્શની પસંદગીમાં મદદ કરે તો સ્તવનની કૃતિ ઉપયોગી થઈ ગણાય; એ દૃષ્ટિથી આ સ્તવન સમજવા યોગ્ય છે અને તેનો પ્રત્યેક ભાગ વિચારણીય છે. એ દૃષ્ટિએ બારમા ભગવાનનું સ્તવન પણ વિચારવા યોગ્ય છે. આપણે તે જોઈએ.

ફેબ્રુઆરી : ૧૯૫૦ ]

૧૨

# શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

**સંબંધ**—હવે આપણે બારમા ભગવાન શ્રી વાસુપૂજ્યના સ્તવન પર વિચાર કરીએ છીએ. એ સ્તવનમાં આત્મવિચારણા કરેલ હોવાથી બધાં સ્તવનોમાં જુદા જ પ્રકારની ભાત પાડે તેવું એ સ્તવન છે. આત્મવિચારણાને અંગે વિચારવાનું કે આત્મા કોણ છે, હું કોણ છું, એવો વિચાર તો દરેકને આવે જ, પણ એના નિશ્ચયમાં એ એવો પાછો પડી જાય કે એ પોતાની જાતને જ ઓળખતો નથી, એમ કહી શકાય. તમારું જે નામ હોય એ પણ તમે નથી. ત્યારે તમે કોણ? તમે શું આ પંચ ભૂતનાં પૂતળાં? એ સર્વ કાંઈ નથી; એ સર્વ તો તમે જાઓ ત્યારે અહીં પડી રહેનાર છે. એવી પરિસ્થિતિ હોવાથી તમારામાં એક સ્થાયી તત્ત્વ છે, જે તમારાં સર્વ કૃત્યોનાં સારા-નરસાં ફળ આપે છે અને અંતે તે એક જ તમારી સાથે રહે છે. જેને તમે તમારાં પોતાનાં માનો છો, તે પણ વધારેમાં વધારે તો મરણ સુધી જ સાથે રહેનાર છે. તમારો ઇષ્ટ મિત્ર પણ અહીં જ રહી જનાર છે. આ સર્વ વિચારણા કરી પોતાની સાથે કોણ આવનાર છે તેનો પાકો વિચાર કરવો તે આત્મવિચારણા છે. આત્મા એક જ તમારી સાથે આવનાર છે. કર્મનો કરનાર આત્મા, તેને ભોગવનાર પણ આત્મા અને એ આત્મા, તે જ તમે પોતે છો. તમને ગતિમાં મૂકનાર, તમને સ્થિતિમાં રાખનાર આત્મા છે. તેટલા માટે આપણી જાતને (પ્રથમ પુરુષ એકવચનને) અનેક દૃષ્ટિબિંદુથી ઓળખવાની જરૂર છે. ઘણી નવાઈની વાત છે, કે તમે પોતે કોણ છો, તે જાણતા જ નથી, અથવા તમારો ખ્યાલ ઉપરચોટિયો છે. તમારી જાતને ઓળખો અને અત્યારે જે વિસંવાદમાં તમે પડી ગયા છો, તેમાંથી ઊગરી જાઓ. આખા સ્તવનમાં તમારી જાતને ઘણી ઘણી રીતે ઓળખાવી છે, એ સમજી આવા વિચાર જે કરી ગયા છે તેને પગલે ચાલો, એટલા માટે આ બારમું વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન છે. આ સ્તવનની વિચારણા તમને ઘણી મદદગાર થઈ પડશે.

**સ્તવન**

(રાગ : ગોડી તથા પરજીઓ; તુંગીઆ ગિરિશિખર સોહે—એ દેશી.)

વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી ધનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે. વાસુપૂજ્ય૦ ૧

**પાઠાંતર**—'પરનામી' એ સ્થાને 'પરિણમી' પાઠ પ્રતમાં છે, પણ એ આગળ જોતાં પુનરાવર્ત થાય છે, તેથી પરનામી પાઠ પસંદ કર્યો છે. 'સચેતન' સ્થાને પ્રતમાં 'ચેતના' પાઠ છે; અર્થ ફરતો નથી, પણ વિચારણીય છે. 'નિરાકાર' સ્થાને પ્રતમાં 'નીરંકાર' પાઠ છે, પણ અસલ પાઠ સારો અર્થ આપે છે. 'કરમ કરમ' સ્થાને એક પ્રતકાર 'કરમ કરે' પાઠ આપે છે; અર્થ ફરતો નથી; જુઓ વિવેચન (૧)

**અર્થ**—વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકર સુરાસુરથી પૂજિત, ત્રણ ભુવન એટલે સ્વર્ગ, મનુષ્યલોક અને પાતાળના સ્વામી અને અનેક નામવાળા—નામધારી અને પરિણામ પામવાવાળા છે. એ પ્રભુ નિરાકાર છે, અને આકાર સહિત પણ છે. તેમ જ ચેતના(બે પ્રકારની)વંત છે. તેઓ આત્માના મૂળ ગુણ યુક્ત છે, કરમ કરનારા છે, અને એ સારાં-ખરાબ કર્મો થાય, તેના ફળના વાંછક છે. (૧)

**ટબો**—આ સ્તવન ઉપર જ્ઞાનવિમળસૂરિનો ટબો વર્તમાન ગુજરાતી ભાષા પ્રમાણે નીચે મુજબ છે : હવે બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય–સકળ દેવાધિદેવનું સ્તવન કહેશું. આ વાસુપૂજ્ય પ્રભુ ત્રણ ભુવનના સ્વામીનાથ છે, ઘન બહુ નામ છે, અરિહંત ભગવંતાદિક તે પરિણામી છે–તે સ્વભાવે છે. નિરાકાર-સાકાર ચેતના તે સામાન્ય-વિશેષ ઉપયોગવંત છે, કર્મ અને કર્મફલના કામી એટલે ધર્મ-ધર્મી ઉભયના પ્રાપક (મેળવી લેનાર) છે. (૩)

**વિવેચન**—વાસુપૂજ્ય નામના બારમા ભગવાન, જે સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એમ ત્રણે લોકના સ્વામી છે, જે દેવેન્દ્રથી પૂજ્ય છે, જે ચક્રવર્તીથી પૂજ્ય છે અને જે અસુરેન્દ્રથી પૂજ્ય છે અને નારકીના જીવોના પણ સ્વામી છે, જેઓ અનેક નામે જાણીતા છે—'ઘન' એટલે સમૂહ એમાંથી જ 'ઘણા' શબ્દ નીકળ્યો—આપણે એ પ્રભુનાં અનેક નામો સાતમા સ્તવનમાં વિચારી ગયા, જેઓ પોતે સારામાં સારા નામધારી છે, અતિ વિખ્યાત છે અને જે પરિણામ પામેલા છે, તીર્થંકર પદને વરેલા છે અથવા જેઓ દુશ્મનો–રાગદ્વેષાદિક કષાય–ને નમાવનાર છે. આનો સંબંધક તે હવે આવશે. એ આત્માને સમજાવનાર હોવાથી આખું સ્તવન ખૂબ સમજીને પચાવવા યોગ્ય છે, કારણ કે આખા સ્તવનમાં આત્મવિચારણા જુદાં જુદાં અનેક દૃષ્ટિબિંદુઓથી કરેલી છે. આ બધા ભાવોને જાણી–સમજી–વિચારી પ્રભુ આત્માના મૂળ ગુણમાં રમી રહેલ છે તેથી યોગ્ય રીતે તેઓ આપણા આદર્શ સ્થાનને યોગ્ય છે. આ આત્મા મૂળ ગુણે નિરાકાર છે, એનો કોઈ આકાર નથી, અને વ્યવહારથી પુદ્‌ગળ સંગે તેનામાં અમુક આકાર હોય છે. એ રીતે આત્મા બે પ્રકારનો ગણાય : મૂળ ગુણે–નિશ્ચયનયે–એ નિરાકાર છે, અને સંસારમાં હોય ત્યાં સુધી, વ્યવહારનયે, એ આકાર–આકૃતિનો ધારણ કરનાર–શરીરવ્યાપી–હોય છે. પ્રભુ જ્યારે દેશના આપે ત્યારે તે સાકાર છે અને જ્યારે મોક્ષમાં જાય ત્યારે નિરાકાર છે. આ દૃષ્ટિબિંદુએ આત્માના બે પ્રકાર થયા; તે બન્ને પ્રભુમાં સાબિત થયા. પ્રત્યેક આત્માને એ બે પ્રકારે

---

**શબ્દાર્થ**—વાસુપૂજ્ય = વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકર, જિનપતિ. જિન = કેવળજ્ઞાન પ્રાપ્ત તીર્થંકર ભગવાન. ત્રિભુવન = સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ–ત્રણ લોક. સ્વામી = શેઠ, માલેક. ઘનનામી = અનેક નામવાળા, અનેક નામ ધારણ કરનાર, એમાં ઘન એટલે સમૂહ. પરનામી = બહુ ઊંચા પ્રકારનું જેનું નામ છે તે, પરને નમાવનાર. નિરાકાર = જેને દખી શકાય એવી આકૃતિ વગરના, સિદ્ધદશામાં વર્તતા. સાકાર = દુનિયામાં હતા તે વખતે આકૃતિયુક્ત, સાકારી, આકારવાળા. સચેતન = ચેતનામય. ચેતના (તેમની) બે પ્રકારની હતી. કરમ = કર્મ, કામ, ક્રિયા. કરમફળ = કર્મફળ, કર્મનું પરિણામ. (૧)

સમજવાનો છે. આત્માને જુદી જુદી અવસ્થાને અંગે નિરાકાર અને સાકાર એમ કહેવો. એમાં જરા પણ વિરોધ નથી, કારણ કે એ અવસ્થાભેદે છે, એમ ધ્યાનમાં રાખવું. આત્મા વ્યવહારનયે કર્મનો કર્તા છે અને કર્મ-ફળને ઇચ્છનારો છે. જ્યાં સુધી આ સંસારમાં હોય ત્યાં સુધી તે કર્મ કરે છે, અને સારાં કર્મો કરે તો સારાં ફળ મળે અને ખરાબ કર્મો કરે તો ખરાબ ફળ મળે. પછી નિઃકર્મા થઈ તે સિદ્ધ થાય, ત્યારે તેને કોઈ કર્મ કરવાનું નથી અને ફળ ભોગવવાનાં નથી. આવો આત્મા છે, આવો ચેતન છે.

કર્મ તો પોતાનાં સારાં-માઠાં ફળો આપે જ છે. તે ટાળી શકાય તેમ નથી; તેમ ઇચ્છવું તે કર્મફળકામીનું સમજવા જેવું સ્વરૂપ છે. ઓછું બોલનાર અથવા આંખે કાણો થાય, લૂલો થાય, તે સર્વ કર્મનાં ફળ છે, અનિવાર્ય ફળ છે, અને મોક્ષમાં ગયા પછી તો કર્મ કરવાનાં રહેતાં નથી, પ્રાણી તદ્દન નિઃકર્મી થઈ જાય છે, નિજ ગુણોમાં પ્રવૃત્ત થાય છે તેથી તે જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણમાં રહે છે, તેથી તેને કર્મ કરવાપણું રહેતું નથી. આવી રીતે આત્માની સ્થિતિ સમજીને નિઃકર્મી થવાનો આદર્શ કાયમ કરવો અને તે માટે વિષયકષાયની મંદતા કરવી અને પરિણતિની નિર્મળતા કરવી; કારણ કે કાંઈ કર્યા વગર બેઠા બેઠા મોક્ષ જેવી ચીજ મળે તેમ નથી. એ સહેલી વાત નથી, પણ એ મેળવ્યા વગર બીજો માર્ગ નથી અને વગર કામ કર્યે તે સ્થિતિ મળવાની નથી, માટે એ વાતને અનુકૂળ કામ કરવું અને એ સ્થિતિ મેળવવાની ભાવના રાખવી. અતિ ઉપયોગી બોધ આપનારા આ સ્તવનને આપણે વધારે સમજવા યત્ન કરીએ. (૧)

> નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;
> દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦ ૨

**અર્થ**—આત્માના નિરાકારપણાના તેઓ ગ્રાહક છે અને ભેદ ગ્રાહક હોવાથી તેમનામાં સાકારપણું રહેલ જ છે. દર્શન અને જ્ઞાન તેઓમાં અભેદભાવે વર્તે છે તેથી તેઓની ચેતના કહેવાય છે, અને તે ચેતના વસ્તુને જાણવાનો ધંધો-વ્યાપાર કરે છે. (૨)

**ટબો**—નિકારાર ને અભેદગ્રાહક સામાન્ય ઉપયોગ રૂપ, સાકાર તે ભેદગ્રાહક વિશેષ

---

**પાઠાંતર**—'અભેદ' સ્થાને એક પ્રતમાં 'દુભેદ' પાઠ છે; અર્થ ફરતો નથી. 'વ્યાપારો' સ્થાને 'વિચારો' પાઠ એક પ્રતમાં છે. 'નિરાકાર' સ્થાને એક પ્રતમાં 'નિરંકાર' પાઠ છે, એ અશુદ્ધ લાગે છે. 'દર્શન' સ્થાને 'દશનિ' એવો પાઠ એક પ્રતમાં છે; એનો અર્થ સમજાતો નથી. 'દુભેદ' સ્થાને એક છાપેલ પુસ્તકમાં 'અભેદ' પાઠ છે, તે ઠીક નથી લાગતો. 'ચેતના' માથે-એક પ્રત 'ચેતના' લખીને ૦ મૂકે છે. 'ગ્રહણ' સ્થાને એક પ્રતમાં 'ધ્રહણ' પાઠ છે. જે અશુદ્ધ જણાય છે. (૨)

**શબ્દાર્થ**—નિરાકાર = એમની ચેતના, જે આકાર વગરની છે તે. અભેદ = વિભાગ-ભેદનો અભાવ. સંગ્રાહક = સંગ્રહનયે, સંગ્રહનયના દૃષ્ટિબિંદુએ. ભેદ = વિભાગ. ગ્રાહક = ગ્રહણ કરનાર. આકારો રે = આકૃતિ કોઈ પણ હોય તે સાકાર કહેવાય. દર્શન = દેખવું તે. જ્ઞાન = જાણવું તે, સમજવું તે. દુભેદ = બે ભેદે, બે પ્રકારે. ચેતના બે ભેદે છે. વસ્તુગ્રહણ = વસ્તુને-ચીજને લેવાની બે રીત છે. વ્યાપાર = વેપાર, તેને હસ્તગત કરવાની રીત. (૨)

જ્ઞાનોપયોગ. કેવળજ્ઞાન કેવળદર્શન. એ બે ભેદે ચેતના, તેણે કરી સકળ પદાર્થના ગ્રહણ વ્યાપારવંત છે. (૨)

**વિવેચન**—અત્યારે સુખ અથવા *દુઃખનો અનુભવ થાય છે. કોઈ વખત ઘરનો બધો* પરિવાર અનુકૂળ હોય છે, પોતાને શરીરે સારું હોય છે, તે સુખનો સારો અનુભવ સમજવો. અને કોઈ વખત કોઈ સગાંસ્નેહીઓ હોય તે શત્રુની ગરજ સારે છે, ઘરમાં પાંચ દિવસ ચાલે તેટલું અનાજ પણ હોતું નથી અને શરીર અસ્વસ્થ રહે છે : આ દુઃખનો કડવો અનુભવ સમજવો. આ બન્ને જણાવેલાં સુખ અને દુઃખો તે કર્મનું ફળ. આપણે આગલા ભવમાં જેવાં કર્મો કરીને આવ્યા હોઈએ અથવા આ ભવમાં કરીએ તેનો પરિપાક તે કાળે થાય છે અને તેનાં ફળ આપણે ભોગવવાં પડે છે, તેથી સુખ કે દુઃખનો અનુભવ થાય તે કર્મનાં ફળ છે એમ સમજવું. વ્યવહારમાં તેને કર્મનાં ફળો સમજવાં. બાકી નિશ્ચયનયને મતે તો આત્મા એક આનંદમય છે. તે કર્મનો કર્તા નથી, અને તેને ભોગવવાનું પણ કાંઈ નથી. આત્મા પોતાના અનંત આત્મિક ગુણમાં આનંદ કરે તે નિશ્ચય દૃષ્ટિબિન્દુ છે.

ભગવાન જિનચંદ્રદેવ કહી ગયા છે કે ચેતનપણું પરિણામ કદી ન ભૂલે; એ તો આંખો મીંચીને પોતાનું ફળ જરૂર આપે છે. પછી કોઈ રાજા થાય, કે રખડુ થાય કે પાંચમાં પુછાય તેવો થાય, પણ તે સર્વ ચેતનતા છે, તન્મય-પરિણામનો ભાવ છે. એ અનિવાર્ય પરિણામી ભાવ પ્રાણીને તન્મય બનાવે છે અને જાણે તે તદ્રૂપ હોય, તેવી રીતે તે વર્તે છે. તેથી આપણે કોઈને સુખી કે દુઃખી જોઈએ, કોઈને પૈસાદાર, કોઈને ગરીબ, કોઈને ધનધાન્યથી સમૃદ્ધ જોઈએ, તે સર્વ વ્યવહારથી કર્મનાં ફળો છે, એમ ખુદ તીર્થંકર મહારાજ કહે છે અને તેને આપણે વ્યવહારથી અનુસરવાનું છે. બાકી, નિશ્ચયનયે તો આત્મા અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રમણ કરનારો હોઈ આનંદ સ્વરૂપ છે, આનંદમય છે, પણ વ્યવહારથી કર્મનાં ફળની અપેક્ષા રાખનારો છે અને તેનો ઇચ્છક છે. આ વ્યવહાર અને નિશ્ચય બન્ને પરસ્પર સામે જતાં તત્ત્વોમાં જરા પણ વિરોધ નથી, એમ તીર્થંકરદેવ કહી ગયા છે અને તેને તે આકારે સમજવામાં આપણી ધન્યતા છે. આ વ્યવહાર-નિશ્ચયનો સમન્વય સાધવો એમાં પ્રાણીની વિશિષ્ટતા છે. ઉપર જે જ્ઞાન-દર્શન-ચારિત્રની વાત કરી તેમાં દર્શન એ સામાન્ય ઉપયોગ જાણવો. સામાન્ય એટલે અમુક જાતિ, દાખલા તરીકે માણસ, જનાવર વગેરે. એમાં અમુક ચોક્કસ માણસ એવો બોધ થાય તે જ્ઞાનોપયોગ સમજવો. પ્રથમ જાતિનો બોધ થાય તે દર્શન, પછી વિશેષ બોધ થાય તે જ્ઞાન. આ બે તફાવત બરાબર ધ્યાનમાં રાખવા. નિરાકારમાં તો તદ્દન અભેદ હોય છે, ત્યારે સાકાર બોધ ભેદને ગ્રહણ કરે છે. આવી રીતે ચેતનાના બે ભેદ છે : સામાન્ય બોધ તે દર્શન અને વિશેષ બોધ તે જ્ઞાન. વસ્તુગ્રહણ કરતી વખતે આ બન્ને પ્રકારના બોધ થાય છે. વસ્તુ-વ્યાપારમાં પ્રથમ સમયે સામાન્યનો બોધ થાય છે અને પછી વિશેષ બોધ એટલે બીજે સમયે જ્ઞાન થાય છે. આ તફાવત ખાસ લક્ષ્યમાં રાખવો. વસ્તુગ્રહણવ્યાપાર આ રીતનો થાય છે, અને તે લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. (૨)

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુપૂજ્ય૦ ૩

**અર્થ**—તેઓ કર્તાયે છે અને પરિણામ ભાવને પામીને પરિણમે પણ છે. આ પૈકી જે જીવો કરે તેને 'કર્મ' કહેવાય. એ રીતે આત્મા (તેમનો) એક રીતે એક છે, અને બીજી ' ' અનેક છે. આ સર્વ જુદા જુદા નયનાં દૃષ્ટિબિંદુઓ છે. આ જુદા જુદા નયોએ તેમને અનુસરવું જોઈએ. (૩)

**ટબો**—કર્તા છે. શુદ્ધનયે નિજ સ્વભાવના, અશુદ્ધનયે કર્માદિક, પણ તે માટે પરિણામી. જે પરિણામે જીવે કરીએ તે કર્મ, એટલે પરિણામનો પરિણામી, તે માટે શુદ્ધ નિશ્ચયનયે એક નયવાદી અનેક રૂપ છે. નિયતિ–નિશ્ચય થકી તેને જ અનુસરીએ, અવલંબીએ (૩)

**વિવેચન**—આ આત્મા કર્તા પણ છે. વ્યવહારથી એને કર્મનો કર્તા કહેવામાં જરા પણ વાંધો નથી. એ વ્યવહારથી કર્તા છે તેનું કારણ એ છે કે એનો સ્વભાવ પરિણમનશીલ છે. અને એ પરિણામને લાવનાર છે. આવી રીતે વ્યવહારથી એ કર્તા હોવાને કારણે અને તન્મય થઈ જતો હોવાથી તે પરિણમનશીલ છે અને પરિણામ બતાવે છે. એટલી જ પ્રથમ પાદમાં વાત કરી. અને જીવ જે કર્મ કરે તેને કર્મ કહેવાય. આપણે અગાઉ ભગવાનને ભોગકર્મના કામી કહ્યા, તે કર્મ એ જીવ વડે કરાય છે. किरइ जीएण हेतुहिं સત્તાવન બંધહેતુએ જીવ વડે જે કરાય તેને કર્મ કહેવાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના સત્તાવન પ્રકાર થાય છે. તેની વિગત મારા કર્મ સંબંધી લેખમાં આપી છે. તે પ્રાણી વડે આ બંધહેતુને લઈને જે કરવામાં આવે તે કર્મ કહેવાય છે. આ કર્મને યોગે પરિકર્મના શુભ-અશુભ યોગ વડે પ્રાણી સારા-નરસા પરિણમનભાવને પામે છે અને તદ્રૂપ થઈ જાય છે, પ્રાણી સંસારમાં મોટા દીવાન કે ભીખારીરૂપ થઈ જાય છે અને તે વખતે તે તન્મય થઈ જાય છે તે એનો પરિણમન-સ્વભાવ છે. આ ચેતન જુદા જુદા નયના દૃષ્ટિબિન્દુએ જોતાં એક પણ લાગે છે અને અનેક પણ

---

**પાઠાંતર**—'જીવે' સ્થાને પ્રતમાં 'જીવૅ' પાઠ છે, તે જૂની ગુજરાતીને લઈને લાગે છે. બીજા પાદમાં 'કર્મ જે જીવે કરિયા' એવો પાઠ છે. 'કરિયે રે' સ્થાને એક પ્રતમાં 'કરીઈ' એવો પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'નયતિં તે અનુસરીઈ રે' એ પ્રમાણે ચોથું પાદ એક પ્રતમાં છે; જૂની ગુજરાતી છે. 'અનુસરીએ' સ્થાને છાપેલ પુસ્તકમાં 'અનુસરિયે' પાઠ છે, તે અત્યારના ગુજરાતીના નિયમે પણ અશુદ્ધ છે; પુસ્તકનાં આપેલ પાઠ જ શુદ્ધ લાગે છે. 'અનુસરીએ' સ્થાને પ્રતમાં 'અનુસરઈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. (૩)

**શબ્દાર્થ**—કર્તા = કરનાર. પરિણામી = પરિણમન થાય તેવું, પરિણામી ભાવ પામે તેવી વસ્તુ. પરિણામો = પરિણમન, તન્મય થઈ જવું. કર્મ = ક્રિયા, અગાઉ કરેલ કર્મ. જે = તે, જેને કરવામાં આવે તે. કરીએ = કરવામાં આવે તે, જે ક્રિયા જીવ કરે તે. એક = માત્ર, એક, એકલો. અનેક = એકથી વધારે, ઘણા. રૂપ = અનેકરૂપી. નયવાદે = દષ્ટિબિંદુએ. નિયતે = નક્કીપણે, નિશ્ચયનયે. નર = આત્માને. અનુસરીએ = સમજીએ, જાણીએ, અનુસરીએ. (૩)

લાગે છે. જોકે આત્મા તો એક જ છે, પણ જે ગતિમાં જાય તે રૂપ તે ધારણ કરે છે. તેથી આત્મા અનેક હોય તેમ લાગે છે. એ જરા વખત પછી હાથી–ઘોડો થાય, ત્યારે તે જનાવર લાગે છે અને વળી પાછો વીંછી કે મંકોડો થાય, ત્યારે ચઉરિંદ્રિય કે તેઇંદ્રિય લાગે છે. આવી રીતે આત્માના પરિણમનભાવને લઈને અનેક રૂપ થાય છે. પણ નિશ્ચય મતે આત્મા છે, એક જ છે, અંતે એ સ્વરૂપે રહેનાર છે; તેનું જે અસલ સ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રમય તેને જ અનુસરીએ, તેને જ સ્વીકારીએ. આવી રીતે વ્યવહાર અને નિશ્ચયનાં આત્માને અંગે થતાં અનેક રૂપો સંબંધી ખુલાસો કરી નિશ્ચય મતે તેના એક રૂપને અનુસરવાની સલાહ તે આ કર્તાએ આપી. નિયતે એટલે નિશ્ચયપૂર્વક, ચોક્કસ રીતે. આત્માની સાચી ઓળખાણ તે આ નિશ્ચય નયની ઓળખાણ છે અને તે અનુસરવા યોગ્ય છે અને આપણે ગમે તે પ્રયાસ કરી આ નિશ્ચય મતવાળા આત્માને એના અસલ સ્વરૂપે પ્રાપ્ત કરવાનો છે એ જો આદર્શ રાખવામાં આવે તો આપણા સંસારના સર્વ ફેરા મટી જાય છે. બાકી પ્રાણી અનેક રૂપે પરિણમે, તદ્રૂપ થઈ જાય, તે સર્વ વ્યવહાર છે, કર્મનું ફળ છે; પરિણમનભાવ આત્માની શુદ્ધ દશા નથી. (૩)

દુઃખ–સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે ચેતન કહે જિનચંદો રે. વાસુપૂજ્ય૦ ૪

**અર્થ**—આ પ્રાણીને દુઃખ થાય, તે પણ તેના કર્મનું જ ફળ છે, અને સુખ થાય છે તે પણ તેના કર્મનું ફળ છે, એ સર્વ વ્યવહાર–દૃષ્ટિબિંદુ છે. બાકી, નિશ્ચયનયે તો તે એક આનંદમય છે. ચૈતન્ય પોતાના સ્વભાવમાં જરા પોતાના પરિણામને ચૂકતો નથી; તેને જિનચંદ્ર શ્રી તીર્થંકરદેવ ચેતન–વિશુદ્ધ આત્મા કહે છે. (૪)

**ટબો**—દુઃખ રૂપ તે સર્વકર્મફળ હેતુ રૂપે જાણીએ, વ્યવહારથી કોણો, નિશ્ચયથી એક આનંદ સ્વભાવે છીએ. એવી ચેતનાનો પરિણામ ન ચૂકે સમય સમય પ્રતે. એવો ચેતન તે જિનચંદ કહીએ અથવા ભગવંત તે જિનચંદ એ કહેવાય. (૪)

**વિવેચન**—આ પ્રાણીને જે દુઃખનો અનુભવ થાય છે, તે તેનાં કર્મનું ફળ છે એ ગરીબ

---

**પાઠાંતર**—'દુઃખ' સ્થાને પ્રતમાં 'દુખ' પાઠ છે, તે પ્રચલિત ગુજરાતીને અનુરૂપ છે; સંસ્કૃત કોશકારો 'દુઃખ' શબ્દ ગણે છે. 'જાણો' સ્થાને એક પ્રતમાં 'જાં' પાઠ છે. તે અશુદ્ધિ લાગે છે. 'ચેતનતા' સ્થાને 'ચેતના' પાઠ છે; અર્થ ફરતો નથી. 'ચૂકે' સ્થાને પ્રતવાળા 'ચૂકં' પાઠ આપે છે, તે પ્રાચીન ગુજરાતી છે. (૪)

**શબ્દાર્થ**—દુઃખ = જેનાથી આત્મા પીડા ભોગવે, હેરાન થાય તે (વ્યવહારિક નજરે). સુખ = જેનાથી આત્મા સુખનો અનુભવ કરે તે. રૂપ = તન્મય, તે પ્રકારનું. કરમ = ક્રિયા, કાર્ય. ફલ = તેનો નતીજો, ફળ. જાણો = જાણવા, સદ્દહવા. નિશ્ચય = નિશ્ચયનયને વિચારે. એક = માત્ર. આનંદો રે = આત્માનંદ, નિજગુણરમણ. ચેતનતા = ચેતન રહેવાપણું. ચૈતન્યપણું, પરિણામ = તન્મયતા. ન ચૂકે = ન ભૂલે, ન વિસરે. ચેતન = ચેતન, માત્ર આત્મા. કહે = કહે છે, જણાવે છે. જિનચંદો = જિનચંદ્ર, ભગવાન, તીર્થપતિ. (૪)

થાય, વ્યાધિગ્રસ્ત થાય, અને રાજા-મહારાજા થાય, ભૂખ લાગે તે પહેલાં રસોઈ તૈયાર થઈ જાય, અને તેનો પડચો બોલ ઉપાડી લે તેટલા નોકરો હાજર જ હોય, અને ખમાખમા થાય, તે સર્વ સુખ છે. આ દુઃખ અને સુખ થવાં તે કર્મનાં ફળ ઉપર આધાર રાખે છે: સારાં કર્મ હોય તો શુભ ફળ મળે છે અને ખરાબ કર્મ હોય તો અશુભ ફળ મળે છે. આવી રીતે દુઃખ અથવા સુખને કર્મનું ફળ જાણવું, કારણ કે નિશ્ચયનયે તો આત્મા કર્ત્તા નથી, અને સુખદુઃખ થતાં આપણે જોઈએ છીએ. પણ એ સુખદુઃખ તો કર્મનું ફળ છે, એની સાથે આત્માને નિશ્ચયનયના દૃષ્ટિબિંદુથી જોતાં કાંઈ લાગતુંવળગતું નથી; એ તો માત્ર કર્મનું જ ફળ છે અને એ કર્મ એણે આ ભવમાં કે પૂર્વના કોઈ પણ ભવમાં કરેલાં હોય, તેનું એ પરિણામ છે. એનો કરનાર વ્યવહારથી આત્મા છે. પણ નિશ્ચયનયે તો એને કર્મ સાથે સંબંધ નથી; ઊલટો નિશ્ચયનયના દૃષ્ટિબિંદુથી એ જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે, અનંત આનંદમય છે અને એ આનંદમાં તે લહેર કરનાર છે. ચેતનની આ નિશ્ચયનયની અનંત આનંદમય દશા બરાબર ધ્યાનમાં રાખવી. પણ વ્યવહારદૃષ્ટિબિન્દુથી, એની સાથે, લક્ષ્યમાં રાખવું કે ચેતનતા છે તે પરિણામને કદી ચૂકતી નથી. એ તો જેવાં કર્મ બાંધ્યાં હોય તદ્રૂપ થઈ જાય છે, અને તેમાં જરા પણ ગફલતી થતી નથી. આ વિચિત્ર પરિણમનદશા વખતે પણ ચેતન તો ચેતન જ રહે છે, એ ફરતો નથી.

સ્તવન કર્તા કહે છે કે આ હકીકત હું મારી પોતાની કહેતો નથી, પણ ભગવાન તીર્થંકર શ્રી જિનેશ્વર દેવ કહી ગયા છે અને તેઓએ પોતાના અનંત જ્ઞાનમાં એ જોયેલી છે, તે અનુસાર હું કહું છું, ચેતન તો નિશ્ચયનયે ત્રણે કાળમાં ચેતન જ રહે છે અને આ સુખદુઃખ તેને થાય છે તે માત્ર કર્મનાં પરિણામો છે. આત્માના આઠ રુચકપ્રદેશ તો સર્વ કાળે નિર્મળ જ રહે છે, તેને કર્મોની અસર જરા પણ થતી નથી. તે નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા કર્મનો કર્તા નથી, પણ તેને જે દુઃખ અથવા સુખ અનુભવવાં પડે છે, કર્મનું ફળ છે. આ વાત ભગવાન જણાવે છે અને તેને તે આકારમાં સમજવાની આપણી ફરજ છે, છતાં તેનું શું થાય છે તે હવે પછીની પાંચમી ગાથામાં કહેવામાં આવશે. તમે આ નિશ્ચય અને વ્યવહારનાં દૃષ્ટિબિન્દુઓથી જરા પણ મૂંઝવણમાં ન પડતા; એનો બરાબર સમન્વય કરવો તેમાં જ જૈન ધર્મની મહત્તા છે. (૪)

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાય કરમફળ ભાવી રે;
જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦ ૫

**પાઠાંતર**—'પરિણામી' સ્થાને એક પ્રતમાં 'પરિણામો' કર્યું છે; 'પરિણામી' પણ વાંચી શકાય. પ્રથમ પાદમાં 'પરિણામે ચેતન પરિણામો' પાઠ છે એક પ્રતમાં, પણ તે પાઠ અવ્યવસ્થિત લાગે છે; અને તે આ ગાથાને ચોથી ગાથા કહે છે. આ પ્રતમાં ચોથા પાદમાં 'લેયો' પાઠ છે. 'કહીએ' સ્થાને 'કહીઈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'લેજો' સ્થાને ચોથા પ્રતમાં 'લેયો' એક પાદમાં પાઠ છે, તે જૂની ગુજરાતીને આભારી છે; બીજી પ્રતમાં પણ 'લેયો' પાઠ છે; જૂની ગુજરાતીમાં 'જ' અને 'ય'નો અભેદ છે. (૫)

**અર્થ**—ફેરફાર થતા પરિણામવાળો ચેતન છે, તેથી આત્મા પરિણામી છે, અને ક્રિયાનાં ફળ એને અવશ્ય મળનાર છે. તેટલી સમજણ અને કરમનું ફળ એને જ ચેતન કહી શકાય. એ અભિપ્રાય તમે માન્ય કરજો અને બીજાને મનાવજો અને ખુદ તમારા આત્માને પણ તે રીતે સ્પષ્ટ કરજો. (૫)

**ટબો**—પરિણામી ચેતના પરિણામનો જ્ઞાનકર્મ તે ભાવી ફલ કહીએ, અને જ્ઞાનકર્મફળ તે ચેતન કહીએ. પ્રારંભ અને પ્રાપ્તિફળનો અભેદ ભાવી રહ્યો તે ચેતન કહીએ, તે જ મનાવીને લેવો પ્રાપ્તિ રૂપે. (૫)

**વિવેચન**—પરિણામને પામી તન્મય થઈ જાય એવા ચેતનના–આત્માના પરિણામો છે. એ જેવું કામ કરે તે વખતે તો તે તદ્રૂપ થઈ જાય; ચેતનનો આવો પરિણામીભાવ છે, એ આપણે જોઈ પણ ગયા. ચેતન જ્યારે કર્મમાં પ્રવર્તે ત્યારે વ્યવહારથી એ તેના જેવો જ થઈ જાય છે, કારણ કે એ પરિણામી સ્વભાવવાળો છે. એ તો સંસારમાં વર્તે ત્યારે તન્મય થઈ જાય પણ તે વ્યવહારથી છે. નિશ્ચયનયને મતે તો તે આનંદસ્વભાવ છે અને તેમાં જ આખો વખત મસ્ત રહે છે. અને કર્મનાં ફળ એને ચોક્કસ મળનાર છે એનું એને જાણપણું થાય છે. તે જાણે છે કે કરેલાં કર્મનાં ફળ અવશ્ય મળનાર છે. એ કુષ્ટી થાય, રૂપાળો થાય, શરીરે ખોડખાંપણવાળો થાય, તે તેનાં કર્મનાં ફળ છે. અને તે જાણે છે કે કર્મનાં ફળ અવશ્ય ભોગવવાનાં છે; એ ગમે તેટલો ઊંચોનીચો થાય, પણ એને કરેલાં કર્મનાં ફળ તો જરૂર ભોગવવાં પડશે : એ એનું જ્ઞાન એ ચૈતન્યલક્ષણ છે. એને સમજાવી લો, કે ન સમજાવો, પણ એ અવશ્ય તેને થવાનું છે. અને કર્મની વાત તો એવી છે કે એમાં કાંઈ ગોટાળો ચાલે તેમ નથી; એનું જાણપણું એ ચેતનભાવ છે, એ અવશ્ય ચેતન–આત્માનું લક્ષણ છે; અને તે એને પુદ્ગળ કે બીજા પદાર્થોથી જુદા પાડે છે. આ ચેતન અને અચેતન વચ્ચેનો તફાવત છે અને તે તફાવતને હંમેશા ધ્યાનમાં રાખવો જોઈએ. જ્યારે કાંઈ બનાવ ચેતનને અંગે બને તો પૂર્વકાળમાં કરેલ કોઈ કર્મનું તે ફળ છે એમ તેને લાગવું જોઈએ. દરેક ક્રિયા ફળ જરૂર આપે છે. પુદ્ગળને કે બીજા કોઈ પણ પદાર્થને આ વિજ્ઞાન મળતું જ નથી, તેથી તે અચેતન કહેવાય છે. પણ કર્મનાં ફળ જરૂર મળે છે એમ જાણે તે ચેતન છે. આ તફાવત બરાબર ધ્યાનમાં રાખવો અને ચેતનને અચેતનથી જુદો સમજવો. (૫)

---

**શબ્દાર્થ**—પરિણામી = તન્મયભાવ, તદ્રૂપભાવ. ચેતન = આત્મા. પરિણામો = જ્ઞાન-દર્શનરૂપ પરિણમન, તન્મયતા. જ્ઞાન = જાણવું તે. કરમ = ક્રિયા, કર્મ, કરવું તે ફળ = કર્મનું ફળ, પરિણામ. ભાવી = હોવાનું છે, થવાનું છે. જ્ઞાન = જાણવું તે, ઉપર કહેલ અર્થ. કરમ = કર્મ, ક્રિયા. ફલ = ફળ, પરિણામ. ચેતન = આત્મા, કહીએ = સમજીએ, સમજવું. લેજો = તમે અવધારશો. તેહ = તેને ( આત્માને ). મનાવી = જાણી, સમજી (૫)

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન'મત સંગી રે. વાસુપૂજ્ય૦ ૬

**અર્થ**—આત્માનું જે જ્ઞાન ધારણ કરે તે સાચા સાધુ સમજવા, અને બીજા સર્વ વેશ પહેરનારા તો માત્ર દ્રવ્યલિંગી છે. જેઓ વસ્તુ જેવી હોય તેવી જાહેર કરે, જણાવે, સમજાવે, તેઓ જ સર્વ કાળના આનંદની સોબત કરે છે અને તેઓ આનંદના સમૂહના સ્થાન સાથે સંગ કરે છે એમ જાણવું. (૬)

**ટબો**—તે માટે આત્મજ્ઞાની તે શ્રમણ કહીએ. नाणेण य मुणी होइ, समयाए समणो होइ સમતાએ આત્મજ્ઞાની તે શ્રમણ; બીજા તો સર્વ દ્રવ્યલિંગી કહીએ. વસ્તુગતે જે વસ્તુ-ધર્મને પ્રકાશે, તેહી જ આનંદઘનમતસંગી–પરમાત્મ સ્વરૂપ પ્રસંગી તેને જ જાણવો. એટલે બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીનું એ સ્તવન થયું. (૬)

**વિવેચન**—આ પ્રમાણે આત્માના સ્વરૂપને જાણનાર તે શ્રમણ–ખરા સાધુ મુનિ, યતિ–જાણવા. આત્મા પોતે આનંદમય છે, તેનામાં નિશ્ચયથી અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે, વ્યવહારથી એ કર્મનો કર્તા અને ભોક્તા છે: આવું જે સાચેસાચું જાણે તે ખરો સાધુ; બાકી બીજા સર્વ તો વેશધારી છે, દ્રવ્યલિંગી છે, બાહ્ય દેખાવમાં જ સાધુ છે. વેશને અને સાધુતાને (ખરેખરા અર્થમાં) તે બન્નેને સંબંધ નથી. દેખાવમાં સાધુ હોય, રાત્રે ફેંટો બાંધી ફરવા નીકળી પડતો હોય, તેનામાં વિષય-કષાયની મંદતા ન હોય, તે નામમાત્ર સાધુ છે. જ્યાં સુધી તેણે આત્માને પૂરેપૂરો જાણ્યો નથી અને આત્મા તથા અનાત્મા સંબંધી તફાવત જાણ્યો નથી, ત્યાં સુધી તે માથું મુંડાવે કે તપ-જપ કરવાના દેખાવો કરે, જંગલમાં રહે કે અનેક જાતના હઠયોગો કરે તે માત્ર બાહ્ય દેખાવ છે અને તેથી તે બાહ્ય લિંગે સાધુ કહેવાય, પણ ખરેખરો સાધુ નથી. આત્મજ્ઞાનમાં મસ્ત હોય અને જડ-ચેતનનો ભેદ જાણતા હોય તે જ ખરેખરા સાધુ છે. એની નજરે રાજા અને રંકમાં ભેદ ન હોય; એ ગરીબ–તવંગરમાં તફાવત ન પાડે; એ સર્વ જીવોને સરખું સન્માન આપે; ત્યારે એ સમજે કે એનો આત્મા અનંત ગુણથી ભરેલો છે

---

**પાઠાંતર**—'જ્ઞાની'ને બદલે એક પ્રતમાં 'જ્ઞાનિ' પાઠ છે, તે સમજણફેરનું પરિણામ જણાય છે; બીજી પ્રતમાં 'ગ્યાનિ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'કહાવે' સ્થાને 'કહાવૈ' પાઠ એક પ્રતમાં છે, તે જૂની ગુજરાતી છે. 'પ્રકાશે'ને બદલે એક પ્રતમાં 'પ્રકાસે' એવો પાઠ છે; બીજી પ્રતમાં 'પ્રકાશૈ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'મત' સ્થાને એક પ્રતમાં 'મતિ' એવો પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—આતમજ્ઞાની = આત્માને જાણનાર, સમજનાર; જેનો એને બોધ થયો છે તે. શ્રમણ=સાધુ, ત્યાગી, યતિ. કહાવે = વદી શકાય, કહી શકાય. બીજા = અન્ય, બાકીના સર્વે. દ્રવ્યલિંગી = માત્ર સાધુનો પરિધાન ધારણ કરનાર, ડ્રેસ પહેરનાર. વસ્તુગતે = જે વસ્તુને જેવી હોય તેવી કહે. જે = જે કોઈ પણ. વસ્તુ = ચીજ. પ્રકાશે = બોલે, કહે, જણાવે. આનંદઘન = મોક્ષ. મત = અભિપ્રાય, બોધ. સંગી = સાથ આપનાર, સોબતી, સાથે જનાર. (૬)

જેઓ વસ્તુને યથાસ્વરૂપે કહી બતાવે, સમજાવે તે જ આનંદઘનના મતમાં જોડાયલા છે, અંતે મોક્ષમાં જઈ અનંત આનંદમાં લહેર કરનાર છે, અને તે આનંદ જેને થાય તે સાધુ નામને બરાબર યોગ્ય છે. જેમાં એ ન હોય તે તો વેશધારી છે, નાટકિયા છે, રમત કરનારા છે. માત્ર સાધુનો વેશ લેવાથી ખરેખરા સાધુ થવાતું નથી. જેમ નાટકિયો રાજસિંહનો પાઠ ભજવે તે કાંઈ ખરેખરો રાજસિંહ થતો નથી, તેમ આત્માને ન ઓળખનાર શ્રમણ નામને યોગ્ય નથી. વસ્તુગતે જે વસ્તુને કહે, વસ્તુ જેવી હોય તેવી તેને જણાવે, બીજા પાસે પ્રકટ કરે, તે આનંદઘનના મતના પ્રેમધારી છે, તેના મતમાં રહેનાર છે, તેના હિમાયતી છે. મોક્ષવાચી શબ્દના અર્થમાં, અગાઉ પેઠે, આનંદઘને પોતાનું આ સ્તવનના કર્તા તરીકે નામ પણ જણાવી દીધું. આનંદઘન મત એટલે જેમાં આત્મા આનંદઘનના સમૂહ સાથે જોડાઈ જાય તેવો અભિપ્રાય. બાકી 'આનંદઘનનો મત' એવો કોઈ સંપ્રદાય થયો નથી અને જ્યાં આત્માને ઓળખવાની વાત હોય ત્યાં જુદો સંપ્રદાય ચલાવવાની વાત હોય જ નહિ. આ સ્તવન ઉપરથી આત્માનું ખરું ભાન થાય છે અને તે અતિ મહત્ત્વના પ્રશ્નને આ સ્તવનમાં ચર્ચવામાં આવેલ છે, તેને બરાબર સમજી તે પ્રમાણે જીવનક્રમ ગોઠવવો એ સ્તવન સમજવાનો હેતુ છે. नाणेण य मुणी होई એવું શાસ્ત્રવચન છે. જ્ઞાન વડે મુનિ થવાય. એમાં જ્ઞાન જે કહ્યું છે, તે આત્મજ્ઞાન સમજવાનું છે. જે વસ્તુ જેવી હોય તેવી જણાવે, કૂતરાને જે કૂતરો જ કહે, તેમાં શરમ ન રાખે, તે સાચા સાધુ છે—એમ જાણવું. બાકીના તો નાટક કરનારા છે એમ સમજવું. મોક્ષમાં જનાર અને ખરો આત્માનંદ માણનાર તો જુદા જ છે અને તે સાચા શ્રમણના નામને યોગ્ય છે એમ જાણવું. (૬)

## ઉપસંહાર

આ રીતે આ અગત્યનું સ્તવન પૂર્ણ થયું. તેનો પ્રધાન સૂર એ છે કે ચેતનને ચેતન તરીકે જાણો અને પછી તેમાં જ મસ્ત બનીને રહો. કર્મ પોતાનું ફળ આપે જ છે, એ જરૂરી હકીકત છે. પ્રાણી રાજા, રંક કે ભિખારી થાય તે તેનાં કર્મનું ફળ છે. પણ કર્મો અંતે પૌદ્ગલિક છે અને આત્માને આત્મા તરીકે સમજવો એ જ્ઞાન જરૂરી છે. જ્યાં સુધી આત્માની આત્મા તરીકે જાણ ન થાય અને પુદ્ગળને પુદ્ગળ તરીકે ન ઓળખાય, ત્યાં સુધી બધાં ફાંફાં છે, અને એમાં આત્માનો ઉદ્ધાર થતો નથી. આત્માના ઉદ્ધાર માટે આત્માને બરાબર ઓળખવો જોઈએ. અને તે પુદ્ગળથી ન્યારો છે, એમ સ્પષ્ટ જ્ઞાન થવું બહુ જરૂરી છે. એવા ચેતન અને અચેતનના બરાબર ખ્યાલ વગર પ્રાણી ઘણું રખડ્યો છે. અત્યારે એ જાણવા–સમજવાની એને બરાબર તક મળી છે. તો આત્માને આત્મા તરીકે ઓળખી, પુદ્ગળને પુદ્ગળ તરીકે ઓળખવાની અને તેનું સાર–રહસ્ય જાણવાની આ તકનો લાભ લેવાની ખાસ આવશ્યકતા છે. મળેલી તકનો લાભ લેવો એ આ સ્તવનનો પ્રથમ સૂર છે. અત્યારે તો આ પ્રાણીનો પૌદ્ગલિક પ્રેમ જોયો હોય તો ભારે નવાઈ લાગે. એ શરીરને પોતાનું માને, ઘરને ઘરનું ઘર માને અને સગાંને પોતાનાં સગાં

માને, પણ જ્યારે શરીર જવા બેસે છે, ત્યારે કોઈ વસ્તુ કે કોઈ સગાંસંબંધી સાથ આપતાં નથી. અને આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે—એનો પૂર્ણ વિચાર કરી આત્માને બરાબર ઓળખવો અને અત્યારના ખોટા વિચારોનો ત્યાગ કરવો. પ્રાણી જો એક વખત આત્માને ઓળખે અને તે પુદ્ગળથી અલગ છે એમ જાણે, ચેતનને જીવ જાણે, અને પુદ્ગળને અજીવ જાણે, તો એનું કામ થાય તેમ છે અને તેની સર્વ ઉપાધિ મટી જાય તેમ છે. અત્યારે તે અમુકને પોતાનાં ગણે છે, અને બીજાંને પારકાં ગણે છે, તે સર્વ પૌદ્ગલિક ભાવ છે. તેને જેમ જલદી મુકાય તેમ આત્માનું શ્રેય છે. પછી અત્યારનું જે હરીફાઈનું વાતાવરણ છે, જે પરનિંદા કરવાની ટેવ છે, જે ચાડી ખાવાની ટેવ છે, વાતવાતમાં ક્રોધ, માન, માયા થઈ જાય છે, વિષયો તરફ પ્રેમ થાય છે, રાગદ્વેષ કરાય છે, કોઈ સાથે કજિયા થાય છે, એ સર્વ પૌદ્ગલિક ભાવ છે, તેને છોડયે જ છૂટકો છે. અને તે ભાવ છોડીને અંતે ખરા આત્મિક ભાવને ઓળખી લેવાની અત્યારે તક છે. અને અત્યારે એ કરવા જેવું કામ છે. આવો અવસર વારંવાર મળતો નથી, તેથી અત્યારની તકનો પુરતો લાભ લેવો એ આપણું કર્તવ્ય છે. સમજુનું કર્તવ્ય છે કે આત્માને બરાબર ઓળખી, આ પુદ્ગળોનો સંબંધ અસ્થાયી છે, ટૂંક વખત માટેનો છે, તે છોડી દઈ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રમાં નિરંતરને માટે આનંદ માનવો. તેના રસ્તા હવે બતાવે છે અને તે સ્વીકારવા આગ્રહ કરે છે. એને માટે આગળ તેરમું સ્તવન જુઓ અને એમાં બતાવેલા આદર્શે પહોંચવા પ્રયત્ન કરો. (૧૨)

જાન્યુઆરી : ૧૯૫૦ ]

૧૩

# શ્રી વિમળ જિન સ્તવન

**સંબંધ**—અહીંથી સ્તવનોનો ઝોક ફરી જાય છે. અત્યાર સુધી જે અધ્યાત્મ સાથે એકતાની વાત હતી, તેને બદલે આનંદઘનજી શુદ્ધ ભક્તિમાં ઊતરે છે. શુદ્ધ ભક્તિ એકતા આણે છે અને આપણને તન્મય કરી દે છે. એનો ઝોક તો આદર્શસ્થાને પ્રભુને રાખવાનો જ છે, અને અહીં તેનાં કારણો બતાવી એક નવા પ્રકારનું જોમ આપણામાં ઉત્પન્ન કરે છે. ભક્તિયોગનો મહત્તા એ જ છે કે ભક્તને એ પોતામય બનાવી મૂકે છે. અને તન્મય થયેલો ભક્ત આખરે તેની ભક્તિ વડે તદ્રૂપ થઈ જાય છે. આ તદાકાર કરવાની જે શક્તિ ભક્તિમાં છે તે અન્યત્ર પ્રાપ્ત થઈ શકતી નથી; અને આદર્શસ્થાને ભગવાનને રાખવાની આપણી માગણીને વધારે મજબૂત બનાવે છે, તેથી આપણે આ ભક્તિનો આદર્શ સ્વીકારી તન્મય થવા પ્રયત્ન કરીએ. એક સામાન્ય કીડો હોય તે ભમરાને વિચારતાં વિચારતાં છેવટે પોતે જ ભ્રમરરૂપ થઈ જાય છે, તેમ ભક્તિના બળે પ્રભુને ધ્યાવતાં આખરે આ પ્રાણી તદ્રૂપ થઈ જાય છે, પોતે જ ભગવાન બની જાય છે. અને તેમ થાય ત્યારે એની સંસારની રખડપાટી દૂર થાય છે અને ભવના ફેરા મટે છે. આ કાંઈ જેવી તેવી વાત નથી. અનંત કાળથી આ પ્રાણી ભટકયા જ કરે છે અને એક ખાડામાંથી બીજામાં પડે છે અને એમ ઉત્તરોત્તર ચાલ્યા જ કરે છે. એનો છેડો આવતો જ નથી. આ ભવના આંટાનો કોઈ પણ રીતે અંત લાવવો જ જોઈએ. આ પ્રાણી અક્ષય સ્થિતિએ ટકી જાય, તો જ એના ભવના ફેરા અટકે અને તેને અનંત આનંદ થાય છે. આ સ્થિતિ સેવા-ભક્તિ આણે છે. માટે આ સ્તવનમાં ભક્તિ–ભાવને મહાન સ્થાન મળે છે અને એ આદર્શસ્થાન અપાવનાર હોવાથી આપણી બધી ઇચ્છાઓનું અંતિમ ધ્યેય છે. જોકે આગળ જતાં તો એવી સ્થિતિ ઇચ્છવાની પણ ના કહેશે, પણ આ તો વ્યવહારની વાત છે અને પ્રાથમિક નજરે રસ્તે ચઢાવનાર છે તેથી આદરણીય અને ઇચ્છવા જોગ છે.

સેવા–ભક્તિમાં જે તન્મયતા આવે છે, તે અસાધારણ છે. માણસ જ્યારે સેવા-ભક્તિમાં લીન થયેલ હોય, ત્યારે તે દુનિયાની સર્વ આળપંપાળ ભૂલી જાય છે અને પ્રભુ સાથે એકતા કેળવે છે અને અંતે તે પ્રભુમય થઈ જાય છે. આવો સેવાભાવનાનો સુંદર મહિમા છે અને તે અનંત આનંદ આપનાર સ્થિતિ હોવાથી સર્વ પ્રકારે આદરણીય છે.

ભક્ત જ્યારે ભક્તિરસમાં પડેલો હોય ત્યારે તે પોતાના કામને પણ વિસારી મૂકે છે, અને સર્વમાં પ્રભુને જ જુએ છે. આવી અદ્ભુત શક્તિ સેવા–ભક્તિમાં છે. રાવણ અષ્ટાપદ પર્વત ઉપર ચઢયો, ત્યાં સેવામાં પ્રભુ સાથે તન્મય થતાં જે ભાગ ભજવે છે તેને માટે લેખકને કહેવું પડયું કે अनंतं गीतवाइअे–ગીતવાજિંત્રથી અનંતગણું ફળ થાય છે એ તન્મયતા

બતાવે છે અને તન્મય થયેલ આખરે તદ્રૂપ થઈ જાય છે. અને ભક્તિમાં લીન થયેલા પ્રાણીને બીજું કશું સૂઝતું નથી. એ પોતાના ઇષ્ટ આદર્શને જ સર્વત્ર દેખે છે, એમાં જ એને તોષ થાય છે અને એનો સર્વ આનંદ એનામાં જ આવી જાય છે, સમાઈ જાય છે. આવી તન્મયતા પ્રાપ્ત કરવાની ખરી જરૂર છે અને તે માટે કરેલા પ્રયાસથી તે સિદ્ધ થઈ શકે તેમ છે, માટે બીજું કામ મૂકી દઈ આ પ્રભુસેવા-ભક્તિનો આદર્શ સ્વીકારવો અને તે માટે બનતું કરવું, કારણ કે આ સંસારના ફેરા મટાડવાનો એ સીધો અને ઇષ્ટ માર્ગ છે.

### સ્તવન

(રાગ મલ્હાર, ઇડર આંબા આંબલી રે ઈડર દાડિમ દ્રાક્ષ–એ દેશી; તથા અરિ બાઈ ભલો ભરતાર–એ દેશી.)

દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ. વિમળ જિન૦
દીઠાં લોયણ આજ, મારાં સીધાં વંછિત કાજ. વિમળ જિન૦ ૧

**અર્થ**—વિમળનાથ નામના તેરમા પ્રભુને આજે નજરે જોયા તેથી મારાં ભૂતકાળનાં સર્વ દુઃખો અને વર્તમાને તેનો અનુભવ તથા ભવિષ્યકાળની આપત્તિનું ખરાબ નસીબ—તે સર્વ છેટાં ગયાં અને સુખની સંપત્તિ સાથે મેળાપ થયો. મેં મારે માથે મજબૂત ધણીને–શેઠને ધારણ કર્યો છે, તો કયો તોફાની શિકારી લુચ્ચો માણસ હઠાવી કે હરાવી શકે? (૧)

---

**પાઠાંતર**—પ્રથમ પંક્તિમાં આંકણીરૂપે એક પ્રત લખનાર 'વિમળ જિનેસર દીઠા લોયણે રે' એવો પાઠ લખે છે. 'દુઃખ' સ્થાને 'દુખ' એમ એક પ્રતમાં પાઠ છે; અર્થ ફરતો નથી. 'દૂરે ગયાં રે' ને સ્થાને 'દુરિ ટલ્યા રે' એવો પાઠ એક પ્રતમાં છે. 'સંપદ' સ્થાને એક પ્રતમાં 'સંપદિ' પાઠ છે. 'ભેટ' સ્થાને તે જ પ્રતમાં 'ભેટિ' પાઠ છે. 'ધીંગ' સ્થાને 'ધિંગ' એવો પાઠ એ જ પ્રતમાં છે. 'કિયો રે' સ્થાને તે પ્રતકાર 'ધર્યો રે' એવો પાઠ લખે છે. 'ગંજે' સ્થાને તે જ પ્રતમાં 'ગંજૈ' એવો પાઠ છે. એક પ્રત લખનાર 'દોખ' પાઠ 'દુઃખ'ને બદલે લખે છે. 'સુખ સંપત્તિ સ્યું ભેટ' એ પ્રમાણે પાઠ એક પ્રત લખનાર આપે છે. 'ધણી'ને સ્થાને એક પ્રતમાં 'ધણિ' પાઠ છે. 'ગંજે'ને સ્થાને 'ધંજે' એવો પાઠ એક પ્રતમાં છે. ચોથા પદમાં 'દીઠા લોયણે' એવો પાઠ એક પ્રતમાં છે. (૧)

**શબ્દાર્થ**—દુઃખ = પીડા. અસુખ. દોહગ = દુર્ભાગ્ય, નસીબના ખરાબ લેખ. દૂરે = છેટે. ટળ્યાં = ગયાં (તેની નિર્જરા થઈ ગઈ), તે અળગાં થઈ ગયાં. સુખ = માનસિક આનંદ, મનનો આનંદ, સંપદશું = સંપત્તિ, મિલકત સાથે. ભેટ = મળવું તે, આવવું તે. ધીંગ = બહાદુર, મોટા, શક્તિશાળી. ધણી = શેઠ, ઉપરી, હુકમ કરનાર. માથે = નિજ ઉપર, મ્હોંએ. કિયો રે = કર્યો, કબૂલ રાખ્યો. કુણ = કોણ, શો, કોઈ પણ. ગંજે = હઠાવી શકે, ગાંજી શકે, હરાવે. નર = માણસ, મનુષ્ય. ખેટ = હલકી જાતિનો માણસ, મનુષ્યરાક્ષસ, નીચ માણસ. વિમળ = તેરમા ભગવાન. જિન = તીર્થંકર. દીઠાં = જોયાં, ભાળ્યાં લોયણ = મારી અંતરના આંખ વડે, લોચને, નજરે. આજ = આજે, અધુના, હમણાં. મારાં = પોતાનાં, મારાં પોતાનાં, સીધાં = સિધ્યાં, સફળ થયાં, ફળ્યાં. વંછિત = ઇચ્છિત, ઇચ્છેલાં, વહાલાં ગણેલાં. કાજ = કામ, કાર્ય. (૧)

**ટબો**—આ સ્તવનનો જ્ઞાનવિમળસૂરિનો અર્થ નીચે મુજબ છે (ફેરફાર સાથે) : હવે તેરમા તીર્થંકર વિગતમલ તે ગયો છે કર્મનો મેલ જેહથી તે શ્રી વિમલનાથનું સ્તવન કરે છે. ઘણા હર્ષે કરી વિમલ ક્હેતાં કર્મમલરહિત શ્રી વિમળ જિનેશ્વર જે વારે નયણાંએ દીઠા તે વારે દુઃખ, ચતુર્ગતિભવદોહગ–મિથ્યાત્વ અજ્ઞાન જનિત, તે વેગળાં ગયાં; સુખસંપદ આત્મજનિત, તેને ભેટીને પ્રસન્ન થયો. સમરથ ધીંગ ધણી માથે કીધો, તે વારે એટજન મોહાદિક કુગ્રહ અથવા ખલજન તેણે ગંજી જીતી ન શકે. (૧)

**વિવેચન**—આ તેરમા વિમળનાથ કે બીજા કોઈ પણ તીર્થંકરને દેખવાથી ચાર ગતિનાં સર્વ દુઃખો દૂર ગયાં, અને દુર્ભાગ્ય પણ ગયું. ચારે ગતિમાં દુઃખ ને દુઃખ જ છે : દેવગતિમાં બીજા દેવોનો ઉત્કર્ષ જોઈ તેમની પ્રત્યે અસૂયા થાય છે અને મરણ નજીક આવે ત્યારે જ્યાં ત્યાં જન્મપીડા થવાની છે, એ વિચારથી દુઃખ જ છે. અને મનુષ્યગતિમાં વૈરવિરોધ, નિંદાઓ, ભયો, અપવાદ, અવર્ણવાદ અને મારથી દુઃખ ને દુઃખ જ છે. તિર્યંચ ગતિમાં તો સમજે પણ બોલી શકે નહિ. અને નારકમાં તો પરસ્પર જીવો જ દુઃખ આપે છે, ક્ષેત્રની વેદના પણ સખત ઠંડી અને અસહ્ય ગરમીનું દુઃખ. એમ ચારે ગતિમાં દુઃખ દુઃખ અને દુઃખ જ છે. પણ પ્રભુના દર્શનથી, ભક્તિયોગને કારણે, એ સર્વ દુઃખ દૂર થઈ જાય છે, એ ભક્તાને એક મોટો લાભ થયો. અને બીજો મોટો લાભ દુર્ભાગ્યના નાશનો છે. ભવિષ્યમાં સર્વ પીડાઓ દુર્ભાગ્યથી થાય છે. દુર્ભાગ્ય એટલે ખરાબ નસીબ, કમનસીબી. પણ પ્રભુપૂજાથી ખરાબ નસીબ હોય તે પણ, સંક્રમણ, પરાવર્તન અને અપવર્તનને યોગે, ફરી જાય છે. આ રીતે પ્રભુભક્તિ કે પ્રભુદર્શનથી દુઃખ અને દુર્ભાગ્ય દૂર થઈ જાય છે. પ્રભુના ખરા ભક્તને દુઃખ સહન કરવાનું હોય જ નહિ; ભૂતકાળનું દુઃખ અને ભવિષ્યમાં થનારી પીડારૂપ દુર્ભાગ્ય દૂર ખસી જાય છે, તેથી રીઝીને સેવક બોલે છે કે વિમળનાથ પ્રભુનાં દર્શન થવાથી પોતાનાં દુઃખ અને દુર્ભાગ્ય દૂર થઈ ગયાં. પ્રભુદર્શનનો લાભ લેવાઈ ગયો છે તેનું આ અનાયાસે થતું ફળ સમજવું, કારણ કે ખરો ભક્ત તો પૂજાનું ફળ ઇચ્છે જ નહિ, પણ આ ફળ તો થાય જ છે, કારણ કે તે અનિવાર્ય ફળ છે. આવું સુંદર ફળ આપનારની ભક્તિ કરવાનું મન જરૂર થાય એમાં જરા પણ નવાઈ નથી.

અને આ તો દુઃખ ને દુર્ભાગ્ય ન થવાથી નકારાત્મક વાત થઈ, પણ હવે બે હકારાત્મક વાત કરે છે : સીધી રીતે સુખ અને સંપત્તિ સાથે મેળાપ થાય છે એ પ્રભુદર્શનનું હકારાત્મક ફળ છે. સુખ એટલે ઇષ્ટપ્રાપ્તિથી થતો આનંદ. એમાં વ્યાવહારિક ઋદ્ધિ મળે, અનુકૂળ સંતતિ થાય, સારી રીતે ખાવાનું અને સારા સોબતીઓ; ટૂંકામાં સર્વ અનુકૂળ જોગ આવી મળે અને નિશ્ચયદૃષ્ટિ કે સુંદર જ્ઞાન થાય, સાચા–ખોટાને બરાબર ઓળખાય અને સુદેવ, સુગુરુ અને સુધર્મની પ્રાપ્તિ થાય. આવી રીતે પ્રભુદર્શનને પરિણામે સુખ અને સંપત્તિ આવી મળે. આ સર્વ ફળો વગર ઇચ્છાએ મળે છે. જે માગે તેને એ ફળો મળે, પણ તે તરફ દરકાર ન હોય તેને પણ એવાં ફળની ભેટ થાય છે, એટલે એને બધી વાતે સુખ સુખ અને સુખ જ મળી આવે છે. એને બધી રીતે આનંદ વર્તે છે અને તે પણ વગર માગ્યે મળે છે.

આવી રીતે પ્રભુદર્શનથી દુઃખ અને દુર્ભાગ્ય દૂર હઠે છે, અને સુખ-સંપત્તિ આવી મળે છે, એ પ્રભુદર્શન કરનાર ગણાવી આવે છે અને પછી ઉદ્ગારરૂપે બોલે છે: મારે માથે તો મોટો બહાદુર મજબૂત ધણી શેઠ છે, તેથી જેને માથે આવો મજબૂત ધણી બેઠો હોય, તેવો માણસ કોનાથી હારે? કોનાથી ગાંજ્યો જાય? મારે હવે કોનાથી બીવાનું રહ્યું? ગમે તેવા 'ખેટ' એટલે તોફાની શિકારી માણસથી હઠવાનું પણ પ્રયોજન શું? જીવનમાં આ આધાર અને આધેય તત્ત્વની બહુ મહત્તા છે. આધાર આપનાર શેઠ આધેયને ટકાવી રાખે છે અને મને આવા પ્રભુ મળ્યા છે, મને એનાં દર્શન થયાં છે, તો પછી મારે કોઈનાથી બીવાનું કે ગભરાવાનું કારણ રહ્યું નથી. આ આધારતત્ત્વ દુનિયામાં ઘણું કામ કરે છે સ્ત્રીને એના પતિનો આધાર હોય, કે બાળકને એના બાપનો કે વડીલનો આધાર હોય, કે સારા મિત્રથી પોતાનો બચાવ થવાની ખાતરી હોય તો માણસ પોતાના બચાવ માટે તેના ઉપર આધાર રાખે છે. આધેયને કાંઈ આધારનો ટેકો વારંવાર લેવો પડતો નથી, પણ એને મનમાં શ્રદ્ધા હોય છે કે એવો વખત આવી પડશે, તો પોતાને દિલે કરાર છે: મારે માથે તો ભગવાન જેવા ધણી હોવાથી મને આફત વખતે તેનો ઘણો મોટો આધાર છે; હવે મને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સંપદા મળી ગયેલી હોવાથી અને મારાં દુઃખ અને દુર્ભાગ્ય દૂર ગયેલાં હોવાથી, અને માથે આવો શક્તિશાળી શેઠ હોવાથી સર્વ ફિકર નાશ પામી ગયેલી છે. હે વિમળનાથ પ્રભુ! આપ મારા ખરા સમર્થ શેઠ છો અને આપને દેખવાથી મારાં સર્વ કામ સિદ્ધ થયાં છે. હવે એ ભગવાન કેવા છે તે વર્ણવે છે. (૧)

ચરણકમળ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;
સમળ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમળ જિન૦ ૨

**અર્થ**—આપ (વિમળનાથ)ના પદકમળમાં–પગમાં લક્ષ્મીનો નિવાસ છે, કારણ કે આપનું મેલ વગરનું સ્થિર–સ્થાયી સ્થાન દેખીને એ ત્યાં આવી રહેલ છે, અને એણે મેલવાળું, કાલું-ઘેલું, અસ્થાયી પદ છોડી દીધેલ છે—જેમ કાદવમાં ઉત્પન્ન થયેલ કમળ પંકને-કાદવને સાધારણ જાણીને છોડી દે છે તેની પેઠે. (૨)

**પાઠાંતર**—'વસે' સ્થાને એક પ્રતમાં 'વશૈ' પાઠ છે; એક પ્રતમાં 'વશે' એવો પાઠ છે. 'નિર્મળ' સ્થાને 'નિરમલ' પાઠ બન્ને પ્રતમાં છે; ભીમશી માણેક પણ એ જ પાઠ છાપે છે. 'સમળ' સ્થાને એક પ્રતમાં 'સંમલ' પાઠ છે; બીજી પ્રતમાં 'સમલ' પાઠ છે. 'પરિહરે રે' સ્થાને એક પ્રતમાં 'પરિહરો રે' એવો પાઠ છે. 'પેખ' સ્થાને 'પેશ' પાઠ બન્ને પ્રતમાં છે, તે જૂની ગુજરાતી છે. 'પરિહરે' સ્થાને ભીમશી માણેક 'પરહરિ' એવો પાઠ છાપે છે. 'પેખ' સ્થાને એક પ્રત લખનાર 'વેપે' એવો પાઠ મૂકે છે. (૨)

**શબ્દાર્થ**—ચરણ = પગ, ચર્ણ, આપના પગે. કમળા = લક્ષ્મી, દોલત. વસે રે = રહે છે, વાસો કરે છે. નિરમળ = મેલ વગરનું, ચોખ્ખું. થિર = સ્થિર, નિશ્ચળ, ન હાલેચાલે તેવું. પદ = આપનું પદ, આપને રહેવાનું ઠેકાણું. દેખ = જોઈ ને, જાણીને. સમળ = કાદવ સહિત, મેલ સહિત. અથિર = અસ્થિર, હાલેચાલે તેવું. પદ = સ્થાન, ઠેકાણું. પરિહરે = ત્યજી દે, છોડી દે, મૂકી દે. પંકજ = કમળ, કચરામાંથી થયેલ. પામર = નકામું, હળવું, હલકું. પેખ = પ્રેક્ષીને, સમજીને. (૨)

**ટબો**—જે ભગવંતના ચરણકમળ વિષે કમળા–લક્ષ્મી, તે સદા વસે છે, તે ચરણકમળ નિરમળ થિર નિશ્ચળ દેખીને લક્ષ્મી અને લક્ષ્મીને વસવાનું કમળ અથિર સમલ–સપંક દેખીને પોતાનું હતું તોપણ છાંડીને પંકજથી ઉત્પન્ન થયું પામર–નીચ દેખીને. (૨)

**વિવેચન**—આપ (પ્રભુ) વિમળનાથ ભગવાનનું મેલ–પંક વગરનું સ્થાન જોઈને કમળા–લક્ષ્મી આપના પદકમળમાં વાસ કરે છે. આપ સદા લક્ષ્મીવંત છો, અને આપના પદકમળમાં આકર્ષણ હોવાથી લક્ષ્મી પણ ત્યાં વાસો કરે છે. આપનું પદકમળ તદ્દન નિર્મળ છે; તેમાં કોઈ જાતનો મેલ નથી અને આપના પદકમળમાં તે લક્ષ્મીનો વાસ નિર્મળતાને કારણે હોવાથી આપ જનતાને આકર્ષી રહ્યા છો. જ્યાં લક્ષ્મી વાસો કરે ત્યાં સર્વ ઋદ્ધિ-સિદ્ધિ આવી મળે છે અને આખો વખત આનંદ પસરે છે. ભગવાન તો જ્ઞાન-દર્શન-ચારિત્રની સંપાદામાં એવા રાચેલા છે કે ખુદ લક્ષ્મી પણ તેમના પદકમળમાં નિવાસ કરે છે, અને ત્યાં જ પોતાનું સ્થાન જમાવે છે. લક્ષ્મી જેવા તેવાને ત્યાં જતી નથી, પણ પ્રભુ તો સંપત્તિથી ભરેલા છે, તેમના ચરણકમળમાં વાસો કરે છે. કેટલાક સંપત્તિવાળાને પગે પદ્મ હોય છે. તેઓને પોતાને તો લીલાલહેર હોય છે, એટલું જ નહિ, પણ એ એવા સારા સુકનવંતા હોય છે કે એ જ્યાં જાય ત્યાં પણ ધન–દોલત અને વસ્તુની વિપુલતા હોય છે. આ દુનિયામાં પણ આવા પગે પદ્મવાળા માણસોનું બહુ સારું બોલાય છે અને તેઓ સારા પગવાળા ગણાય છે. પ્રભુના નિર્મળ અને સ્થિર પગો દેખીને પગે ચાલીને પ્રભુના પગમાં લક્ષ્મીએ રહેવાનું સ્થાનક જમાવ્યું છે. એટલે પ્રભુ એવા સારા શુકનવંત છે કે પોતે જ્યાં વસે ત્યાં બધી રીતે આનંદ આનંદ થાય.

લક્ષ્મી પોતાના લંછન કમળને તદ્દન સામાન્ય ગણે છે, કારણ કે કમળનું ઉત્પત્તિસ્થાન કાદવ છે. આવા કાદવમાંથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી પ્રભુના નિર્મળ પગ પાસે આવીને વાસો કરે છે; એ જાણે છે કે એ પગો તદ્દન મેલ વગરના અને સ્થિર છે. મતલબ, પ્રભુ લક્ષ્મીવંત છે અને સારા શુકનિયાળ છે. આ સર્વ પ્રભુ તરફના ભક્તિભાવને અંગે ભક્ત બોલી બતાવે છે અને તે સાચી વાસ્તવિક હકીકત છે. કહેવાનો ભાવ એ છે કે લક્ષ્મી પોતાનું અસ્થિર સ્થાન છોડી દઈને પ્રભુ પાસે આવીને રહેલી છે : એવા પ્રભુ સુંદર છે. જેનાં પદકમળ–પગમાં લક્ષ્મી વાસો કરે, તે ઉત્તમ માણસ હોય છે. અને તેઓ જ્યાં જાય ત્યાં પણ સુંદર કામ થાય છે : એવા મારા પ્રભુ છે, આવા ધીંગા ધણીને મેળવીને હું રાજી થયો છું. (૨)

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણમકરંદ;
રંક ગણે મંદર-ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમળ જિન૦ ૩

**પાઠાંતર**—'મુજ મન' સ્થાને 'મન મધુકર' પાઠ એક પ્રતમાં છે; પછીનો પાઠ તે પ્રતમાં આપે છે તે 'તુજ પદ પંકજે રે' એવો પાઠ લખે છે. 'લીનો' સ્થાને 'લીણો' પાઠ એક પ્રતમાં છે. 'ગણે' સ્થાને એક પ્રતમાં 'ગિણે' પાઠ છે. 'ચંદ્ર' સ્થાને પ્રતકાર 'ચંદ' પાઠ લખે છે. 'નાગેંદ્ર' સ્થાને 'નાગેંદ' પાઠ આપે છે, બીજી પ્રતમાં 'નાગિંદ' પાઠ છે. (૩)

**અર્થ**—મારું મન તમારા પદકમળમાં લાગી ગયું છે, વિલીન થઈ ગયું છે, તમારામાં તન્મય થઈ ગયું છે. જેમ ફૂલની રજ ઉપર ભમરો લીન થઈ જાય તેમ તમારા ગુણરૂપ રજમાં મારું ચિત્ત ચોંટી ગયું છે; તે મેરુ પર્વતની ભૂમિને ગરીબ–રાંક જેવી ઓછી કિંમતની ગણે છે અને દેવના પતિ ઇંદ્રના લોકને, ચંદ્રલોકને અને પાતાળવાસી નાગેંદ્રની ભૂમિને પણ ગરીબ–નકામી ગણે છે; તેની પેઠે આપના પદકમળને જ એ ચાહી રહેલ છે. (૩)

**ટબો**—મારો જે મનરૂપ મધુકર તમારા પદકમલને વિષે ગુણરૂપ જે મકરંદ–પરાગમાં લીન પામ્યો છે, એવો લીન છે, જે મંદર–મેરુ, ધરા–પૃથ્વી, જે મકરંદ મેરુ ધરા, પૃથ્વી, ઇંદ્ર, ચંદ્ર અને નાગેંદ્ર ઇત્યાદિક સર્વને રંકમાત્ર ગણે છે. અથવા રંક જે મલ્લ તે એ પદાર્થપ્રાપ્તિએ જેમ ગર્વિત થાય તેથી અધિક લીનપણું છે. (૩)

**વિવેચન**—ભમરો ફૂલના પરાગ ઉપર જાય છે એ એને બહુ આકર્ષક દેખાય છે, એવી રીતે મારું મન આપના ગુણરૂપ પુષ્પપરાગ તરફ લીન થઈ જાય છે. ભમરો જોશો તો તે ફૂલના પરાગ ઉપર વારી જઈ ફૂલ ફરતો ફેરફૂદડી ખાધા જ કરે છે, એમ હું આપના અનંત ગુણો તરફ આકર્ષાયો છું. પંકજ–કમળ કાદવમાંથી ઉત્પન્ન થાય છે, પણ તે અલગ થઈ જઈ ભ્રમરને ખૂબ આકર્ષણ કરે છે, તેમ આપણા ગુણરૂપ મકરંદ તરફ હું ખેંચાઉં છું. સ્વાભાવિક રીતે જ પ્રાણી પ્રભુના ગુણ તરફ લીન થઈ જાય છે. આપનામાં અનંત ગુણો છે તે મને ખેંચે છે અને હું આપનો ભક્ત, આપને આધીન થઉં છું, આપના ગુણનું બહુમાન કરું છું. એવા ગુણના આકર્ષણને પરિણામે મારું મન મેરુ પર્વતની ધરાને તદ્દન નકામી ગણે છે. મેરુ પર્વત તો સોનાનો છે, પણ પ્રભુના ગુણો પાસે તે કાંઈ હિસાબમાં નથી. એક બાજુ આપના ગુણ જોઉં છું અને બીજી બાજુ મંદરાચળ પર્વતની સોનાની ભૂમિ જોઉં છું તો આપના ગુણ આગળ એ ભૂમિ તદ્દન રાંકડી લાગે છે. ઇંદ્રલોકની સૌધર્મેન્દ્રની ભૂમિ મને નાની, સાંકડી કે રાંકડી લાગે છે. એ ભૂમિ ગમે તેવી હોય, પણ આપના ગુણ પાસે એ નિર્માલ્ય લાગે છે. કયાં આપના ગુણો અને કયાં ઇન્દ્રલોકની જમીન ! મને એ તુચ્છ લાગે છે. એ જ પ્રમાણે ચંદ્રલોકની જમીન આપના ગુણ આગળ તદ્દન ગરીબ લાગે છે. આપના ગુણો પાસે નાગલોકની પાતાળભૂમિ પણ રાંકડી લાગે છે. ભક્તજન પ્રભુગુણ સ્તવે, ત્યારે તેના મનની આવી દશા વર્તે છે. ગુણ માનસિક છે અને ભૂમિ સ્થૂળ છે. એ પૌદ્ગલિક ભૂમિ ભક્તના હૃદયમાં જરા પણ સ્થાન લેતી નથી; એની નજરમાં તદ્દન નિર્માલ્ય લાગે છે. આ સાચા ભક્તની રીત છે અને તે અનુકરણ યોગ્ય છે. અહીં મનને ભ્રમર સાથે સરખાવ્યું છે. પ્રભુગુણ તો સમજી શકાય તેવી ચીજ છે. તેમાં આપણું મન લીન થવું જરૂરી છે તે સાચા ભક્તની પાકી નિશાની છે. (૩)

---

**શબ્દાર્થ**—મુજ = મારું. મન = માનસ. તુજ = તમારા, આપના. પદ = પગરૂપ, પાદરૂપ. પંકજે રે = કમળ પર. લીનો = લાગી ગયું છે, વશ થઈ ગયું છે, ચોંટી ગયું છે. ગુણ = આપના ગુણોમાં. મકરંદ = ફૂલની રજ, ધૂળ. રંક = રાંક, નકામા, તુચ્છ. ગણે = સમજે, જાણે. મંદર = મેરુ પર્વત. ધરા = પૃથ્વીને. ઇંદ્ર = ઇંદ્રની જગ્યા. દેવલોકની જગ્યા. ચંદ્ર = ચંદ્રલોકનું સ્થાન, અંતરીક્ષ. નાગેંદ્ર = પાતાળની જગા = નીચેની જગ્યા. (૩)

સાહેબ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ જિન૦ ૪

**અર્થ**—હે સાહેબ, તું શક્તિશાળી શેઠ છો અને તે ખૂબ ઉદારને હું મેળવી શક્યો છું. તારામાં મારું મન નિરાંત પામે છે. તેને આધારે તે ટકે છે, અને તું મારા આત્માનો ખરો ટેકો છે. (૪)

**ટબો**—સાહિબ સમરથ તું સ્વામી પરમ ઉત્કૃષ્ટ ઉદાર પરમોત્કૃષ્ટ વસ્તુદાતાર. વળી સર્વ સુખ પરમ દાતાર છે, મનનો વાલહો મનને વિશ્રામભૂત વિસામા ઠામ, આત્મગુણનો આધાર અવલંબન. (૪)

**વિવેચન**—હે સાહેબ! વિમળનાથ પ્રભુ! હું ઉદાર અને સમર્થ પ્રભુને પામ્યો છું. આપ એવા ઉદાર છો કે તેની ગણતરી થઈ શકે નહિ. આપે વરસીદાન આપી જગતનાં દુઃખ હર્યાં છે અને કીર્તિપડહ વગડાવ્યો છે. આપ પૂરા સમર્થ છો. આપના અનંત બળ પાસે કોઈ ટકી શકે તેમ નથી. આવા અગણિત શક્તિશાળી પુરુષને મેં ભક્તે પ્રાપ્ત કર્યા છે, એ મારો અભ્યુદય છે. પ્રગતિને પંથે ચઢનારને આવા સામર્થ્યવાળા ઉદાર પુરુષની પ્રાપ્તિ થાય તેમાં નવાઈ નથી. મારું ભક્ત હૃદય જણાવે છે કે, આવા ઉદાર અને શક્તિશાળી પુરુષને મેળવવા હું ભાગ્યશાળી થયેલ છું. અને વળી મારું મન ટેકો પામી શકે એવા આપ છો. આપને જોઈ આપ મારા અભયદાતા હો એમ મારું મન કહે છે. આપનો મને આધાર છે. અને આપ વિમળનાથ! મારા વહાલા છો, આપના ઉપર મને ખૂબ વહાલ આવે છે અને છેવટે આપ મારા આત્માના આધાર છો. આપ વગર તો હું ક્યાંય રખડતો હોત, પણ આપ મારા ટેકા છો એટલે હું વહેલોમોડો આપ જેવો થઈ શકવાની આશા સેવતો હાલ તો અહીં ટકી રહ્યો છું. ભક્તહૃદય પ્રભુના ગુણ ગાવા માંડે છે, ત્યારે તે બધા ગુણ વર્ણવી બતાવે છે. તેમાં જ ભક્તની ભક્તિ અને મહત્તા છે અને તે ઉપર જ ભક્ત પોતાની સર્વ આશા બાંધે છે. આપનાં દર્શન કેવાં પવિત્ર છે, કેટલાં છે તે આપને તરતમાં જ જણાવું છું. આપ તે અવધારશો અને મને આપનાં દર્શન આપશો અને અંતે મને તમે જે સ્થાનકે છો ત્યાં લઈ જશો. (૪)

---

**પાઠાંતર**—'સાહેબ' સ્થાને પ્રતવાળો 'સાહિબ' પાઠ લખે છે.

**શબ્દાર્થ**—સાહેબ = માનને યોગ્ય, મોટા, ઉપરી. સમરથ = સમર્થ, શક્તિશાળી, બહાદુર. તું = આપ. ધણી = તેને માલિક તરીકે મેળવીને. પામ્યો = મેળવ્યો, પ્રાપ્ત કર્યો. પરમ = ખૂબ, ઘણો. ઉદાર = પૈસા આપનાર, ખર્ચનાર, વિશાળતાવાળા. મન = મારું મન, જીવન. વિસરામી = વિશ્રામી, જ્યાં આરામ પામે તેવું. વાલહો = ગમી જાય તેવો, પ્રેમાળ, વહાલો. આતમચો = આત્માનો, મારા આત્માનો, મારો. આધાર = ટેકો. (૪)

દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમલ જિન૦ ૫

**અર્થ**—શ્રી તીર્થંકર દેવનાં દર્શન પામીને, તેને જોઈને, કોઈ પણ પ્રકારના વિરોધનું સ્વપ્ન પણ આવે નહિ; જેમ સંસારમાં સૂર્ય એક હાથ જેટલો પસાર પામે, ત્યાં અંધારાની અટકાયત થાય છે તેની પેઠે, અથવા સૂર્ય કે કિરણનો સમૂહ છે, તે પસાર થતાં અંધારાનો નાશ થાય છે તેની પેઠે. (૫)

**ટબો**—દર્શન દેખીને શ્રી વીતરાગનો સંશય-મનભ્રાંતિનો વેધ ન રહે, જેમ દિનકર-સૂર્યનાં કિરણ પ્રસરતે હુવે અંધકારનો પ્રતિષેધ થાય, તેમ જિન દર્શને મારું મિથ્યાત્વ નિષેધ થાય. (૫)

**વિવેચન**—આપનું દર્શન કેવું સરસ છે, તે હું ગણી બતાવું છું. જિનેશ્વરનાં દર્શન કરવાથી મનમાં વેધ એટલે સામા પડવાપણાનો સંશય રહેતો નથી. વ્યવહારમાં કહેવાય છે કે **संशयात्मा विनश्यति** એટલે જેને મનમાં સંશય પડે, તે મય જે થાય, તે વિનાશ પામે છે. પણ આપનું દર્શન તો એવું સરસ છે કે મનમાં જે સંશય હોય, શંકા હોય, તે ભાંગીને સ્વયમેવ ભુક્કો થઈ જાય છે. ગુરુ મહારાજ મૌન રહે તેનાથી શિષ્યો જેમ શંકા વગરના થઈ જાય છે, તેમ આપને દૂરથી દેખવાથી બધા સંશયો-શંકાઓ નાશ પામી જાય છે અને વિરોધ બધો નાશ પામે છે. જેમ દિનકર એક હાથ જેટલો પસાર પામે, ત્યાં અંધારાનો નાશ થઈ જાય છે, તેમ આપનાં દર્શનથી વિરોધ સર્વ નાશ પામે છે. સૂર્ય તો એક હાથ લાંબો દેખાય છે, પણ તે જ્યારે દેખાય ત્યારે સર્વ અંધકારનો અટકાવ થઈ જાય છે. સૂર્યથી જેમ અંધારું અટકે છે, તેમ આપનાં દર્શનથી સર્વ વિરોધ અટકી જાય છે અને ચારે તરફ અજવાળું-જ્ઞાનનો ઉદ્યોત-થઈ જાય છે. આપ આવા પ્રકાશમય હોવાથી આપનું દર્શન મને ખૂબ વહાલું લાગે છે અને મારું મન એમાં રીઝે છે અને આપનો આદર્શ પણ મને કમનીય લાગે છે. આવા આપના દર્શનથી મારાં સર્વ કામ ફળે, સફળ થાય એ બાબતની મારા મનમાં જરાય શંકા નથી. અને આપને મારા આદર્શ તરીકે હું સ્વીકારી લઉં છું. (૫)

---

**પાઠાંતર**—'દરિસણ દીઠે જિન તણો રે' પાઠ પ્રથમ પંક્તિમાં મૂકે છે. 'સંશય ન રહે ભેદ' એવો પાઠ બીજા પાદમાં મૂકે છે અથવા આ પંક્તિ મૂકી દે છે. 'દીઠે' સ્થાને પ્રતમાં 'દીઠૈં' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'તણું રે' સ્થાને એક પ્રતકાર 'તણી' પાઠ લખે છે, તે લિંગવ્યત્યય છે. 'સંશય' સ્થાને એક પ્રતમાં 'સાંસો' પાઠ છે. 'રહે' સ્થાને પ્રતકાર 'રહૈ' પાઠ આપે છે, તે જૂની ગુજરાતીને લઈને છે. 'પસરંતા રે' સ્થાને એક પ્રતકાર 'વરસતાં રે' એવો પાઠ આપે છે. (૫)

**શબ્દાર્થ**—દરિસણ = દર્શન, દેખવું તે. દીઠે = જોયે, મળ્યે, પ્રાપ્ત થયે. જિનતણું = તીર્થંકર મહારાજનું. સંશય = શંકા, સંદેહ. ન રહે = થાય નહિ, નીપજે નહિ. વેધ = વાંધો, વચકો. દિનકર = સૂર્ય. કરભર = હાથ જેટલો, જેનું માપ હાથ થાય છે તે. પસરંતા = પસાર પામતાં, પ્રસરતાં. અંધકાર = અંધારું, તિમિર. પ્રતિષેધ = નો નાશ, અટકાયત. (૫)

અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
દૃષ્ટિ સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય. વિમલ જિન૦ ૬

**અર્થ**—આપની મૂર્તિ (પ્રતિમા) અમૃત ભરેલી બનાવેલી છે અને તે એવી સરસ બનેલી છે કે તેને કોઈ સાથે સરખામણીમાં મૂકી શકાય તેમ નથી, અને તેવી વસ્તુ ન હોવાથી તે યોગ્ય પણ થઈ શકે તેમ નથી. એ પ્રતિમાની દૃષ્ટિ અમૃત રસને ઝીલનારી છે, અને એને જોતાં જોતાં ધરવ પણ થતો નથી, સંતોષ પણ થતો નથી. (૬)

**ટબો**—અમૃતથી શીતળ તારી મૂર્તિ તે પ્રતિમા–પ્રતિબિંબ તેનું ઉપમાન કોઈ ન ઘટે. જે વીતરાગની દૃષ્ટિ અમૃત સુધારસે નાહતી અંઘોલતી છે, તે દેખતાં દેખતાં તૃપ્તિ પામતી નથી. (૬)

**વિવેચન**—આપની મૂર્તિ અમૃતથી ભરપૂર બનાવવામાં આવી છે. જેના હાથમાં હથિયાર નહિ અને રૌદ્ર રૂપ નહિ, એવી દેખતાં પણ શાંતિ થઈ જાય એવી આપની મૂર્તિ બનાવવામાં આવી છે. તમે દુનિયાના કોઈ પણ દેવની મૂર્તિ જોશો, તો તમને જણાશે કે, કાં તો તેના હાથમાં ભયંકર હથિયાર હશે, અથવા ભયંકર રૂપ હશે, ઉઘાડી આંખો અને ભયંકર રૂપ જોતાં જ માણસ ગભરાઈ જાય, પણ આપની મૂર્તિ તો પર્યંકાસને અને પડખે કામદેવની મૂર્તિ સમાન સ્ત્રી નહિ, આવી શાંત રસમાં નિમગ્ન થયેલી રચવામાં આવી છે. એક વાર ધનપાળ પંડિતને ભોજરાજાએ હુકમ કર્યો કે, તેણે દેવપૂજન કરી આવવું; દેવનું નામ ન આપ્યું. ધનપાળે પણ હાથમાં કેશર, ફૂલ વગેરે લીધાં, કાળીની મૂર્તિ જોઈ, પાછો ફર્યો, પછી કૃષ્ણની મૂર્તિ સાથે રાધાને જોઈ, પડદો કરી ચાલ્યો ગયો, અંતે દેવાધિદેવ તીર્થંકરની મૂર્તિ જોતાં તે બોલ્યો :

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

—પ્રશમ રસમાં ઓતપ્રોત થઈ ગયેલી જેની બન્ને આંખો છે, વદનકમલ પ્રસન્ન છે, ખોળો સ્ત્રીસંગ રહિત છે, હાથમાં શસ્ત્રનો સંબંધ નથી. હે ભગવાન! તું જ ખરો વીતરાગ છે, તું જ મારી પૂજાને યોગ્ય છે.

આવી રીતે અમૃત ભરેલી, શાંતિનું સામ્રાજ્ય બતાવતી શ્રી તીર્થંકરદેવની મૂર્તિ ખરેખર આદર્શ દેવના પ્રતીક સમાન છે. એ ખરેખરી દેવની મૂર્તિ છે, માટે પૂજ્ય છે અને ખરો

---

**પાઠાંતર**—'ઉપમા' સ્થાને એક પ્રતમાં 'ઉપમ' પાઠ છે. 'ઘટે' સ્થાને એક પ્રતમાં 'ગટે' પાઠ છે. 'દૃષ્ટિ સુધારસ' સ્થાને છાપેલ બુકમાં 'શાંત સુધારસ' પાઠ છે. 'નિરખત'ને સ્થાને 'નિરખિત' પાઠ ભીમશી માણેક છાપે છે. એક પ્રતનાં નિરખી પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—અમિય = અમૃત, દેવોને પીવાનું પેય ભરી = ભરેલી, પૂર્ણ. મૂરતિ = પ્રતિમા, મૂર્તિ. રચી = બનાવી, ઘડી. ઉપમા = તેની સરખામણી ન ઘટે = ન લાયક થાય. દૃષ્ટિ = નજર. સુધારસ = અમૃતરસ. ઝીલતી રે = લે છે, પકડની. નિરખત = દેખતાં, તેને જોતાં. તૃપ્તિ = સંતોષ, હાશ શબ્દોચ્ચાર. ન હોય = થતી નથી. (૬)

આનંદ આપનાર છે. એ સાચા દેવ છે અને આદર્શ સ્થાને પૂજ્ય છે. અને તે કોઈ ઉપમાને યોગ્ય નથી. આપની તુલ્ય ઉપમા આપી શકાય, તેવી કોઈ પણ વસ્તુ નથી જે કોઈ વસ્તુના ગુણ વિચારું છું, તો આપની સાથે સરખાવી શકાય એવી આ દુનિયામાં કોઈ પણ વસ્તુ જ નથી. આપ તો ખરેખર અનુપમેય છો. અને આપની દૃષ્ટિ અમૃતરસને-શાંતરસને પકડનારી છે. શાંતરસ કેવો હોય તે આપણે શાંતસુધારસ ગ્રંથમાં જોઈ આવ્યા છીએ. આવી શાંતરસને ઝીલનારી મૂર્તિને જોતાં આંખને ધરવ ન હોય; એમાં એને એમ થયા કરે કે, આને જોયા જ કરું, એવી સુંદર શાંત આપની પ્રતિકૃતિ છે. મારી આંખો એને જોતાં ધરાતી જ નથી અને ફરી ફરીને એને વારંવાર જોયા કરે છે, (૬)

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજિયે રે, 'આનંદઘન' પદ સેવ. વિમળ જિન૦ ૭

**અર્થ**—આ સેવકની એક અરજી આપ સ્વીકારો, ધ્યાનમાં લો, પસાર કરો; આપ તો જાતે તીર્થંકર દેવ છો એટલે મારી અરજી ઉપર 'હા'નો શેરો જ કરશો. મહેરબાની કરી મને આનંદના સમૂહની-તેને કરનારની-સેવાભક્તિ મળ્યા કરે, એવું મને આપજો. એટલે આપની સેવાભક્તિ નિરંતર મળે એવું આપજો ! (૭)

**ટબો**—એક અરજ-વિનતિ પોતાના સેવકની હે જિનેશ્વર દેવ ! તે ચિત્તમાં-મનમાં અવધારીને મુજ સેવક ઉપર કૃપા કરીને દીજિએ-આપીએ, આનંદઘન તે પરમાત્માના ચરણ-કમળની સેવના આપો મુજને. એટલે તેરમા શ્રી વિમળજિનનું સ્તવન સંપૂર્ણ. (૭)

**વિવેચન**—હે તીર્થંકર દેવ ! વિમળનાથ પ્રભુ ! આ સેવકની એક અરજ સાંભળો, આપ તેના પર લક્ષ્ય આપો અને મારી વિજ્ઞપ્તિને સ્વીકારો. આપ તો મોટા છો અને હું સેવક એકલો છું, આપને મારા જેવા અનેક અરજદારો હશે, પણ છતાં આપને હું જણાવું છું કે મારી અરજ ધ્યાનમાં લો. તે અરજ સાવ સાદી છે, એટલે એ અરજી સ્વીકારાઈ જશે, એમ સેવકની-ભક્તની ખાતરી છે. તે અરજ શું છે તે આપણે જોઈએ. આ રહી તે અરજી :

મને કૃપા કરીને-મહેરબાની કરીને-આનંદના સમુદાય આપ પોતે જ છો, તેની સેવના આપો અને મને આપના જેવો બનાવો. મારે કાંઈ ઘરબાર કે પૈસા માંગવા નથી, આ ભવમાં

---

**પાઠાંતર**—'તણી રે' સ્થાને 'તણિ રે' પાઠ એક પ્રતમાં છે. 'જિનદેવ' સ્થાને એક પ્રતમાં 'જીનદેવ' પાઠ છે. 'દીજિયે' સ્થાને એક પ્રતમાં 'દિજીઈ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે; એક બીજી પ્રતમાં 'દીજિયે' સ્થાને 'દીજીઈ' એવો પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—એક = માત્ર એક જ, એકથી વધારે નહિ, સેવકતણી = આપના નોકરની. અવધારો = ધારણ કરો, સ્વીકારો. જિનદેવ = તીર્થંકર મહારાજ ! કૃપા = દયા, મહેરબાની. કરી = લાવીને, ધારણ કરીને. મુજ = મને, પ્રાર્થના કરનારને. દીજીએ = આપીએ, દઈએ. આનંદઘન = આનંદના સમૂહ, આપ પોતે. પદસેવ = પગની નોકરી, ચાકરી, સેવા. (૭)

અને પરભવમાં આપના પદની સેવા મને મળ્યા કરો, એટલી જ મારી અરજી; મારે કાંઈ આપની પાસે જમીન કે દોલત માગવી નથી, પણ मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं આપની ચરણસેવા મને ભવોભવ મળ્યા કરો એવી મારી આપને વિજ્ઞપ્તિ છે. तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः— આપની સેવા, આપનું શરણ ભવોભવમાં મને મળ્યા કરો, એટલી જ મારી માગણી છે. આપ તે માગણી સ્વીકારો, ધ્યાનમાં લો અને મને સેવા આપ્યા કરો.

આ માગણીમાં ભારે રહસ્ય છે. 'જય વીયરાય'માં કહે છે કે 'આપના શાસનમાં નિયાણાનું બાંધવું અટકાવ્યું છે, છતાં હું તો એક નિયાણું કરું છું કે–આપના પદની સેવા મને ભવોભવ મળજો. આવી સાદી માગણી છે તે પૂરી કરવાની ભગવાનને વિનંતિ છે. આ પદની સાથે લાભાનંદજી જેઓ આનંદઘનના નામથી પદો અને સ્તવનો લખતા હતા, તેઓએ પોતાનું નામ પણ આડકતરી રીતે જણાવી દીધું છે. એમણે કોઈ સ્થાને 'લાભાનંદજી' એવું નામ આપ્યું નથી, પણ તેઓની સર્વ કૃતિને છેડે 'આનંદઘન' નામ આપ્યું છે. આ સંબંધમાં ખૂબ વિચાર કરવા યોગ્ય છે, તે માટે જુઓ ઉપોદ્‌ઘાતમાં આનંદઘનચરિત્ર. આ રીતે મારો આદર્શ યોગ્ય છે અને હું તો પ્રભુને જ મારા આદર્શ સ્થાને રાખવા ઇચ્છું છું. એ મારા પ્રભુ કેવા છે અને એ કેવાં વચનો બોલે છે તે આગળ ઉપર આવતા સ્તવનમાં પણ જોશું. આ તો શાસ્ત્રનું નવનીત–માખણ છે, જોઈ–વિચારીને કાઢેલ છે અને સંઘરી સમજવા યોગ્ય છે. (૭)

## ઉપસંહાર

આ રીતે તદ્દન જુદી રીતે લખાયેલું વિમળનાથ ભગવાનનું સ્તવન પૂર્ણ થયું. તે તદ્દન જુદી જ કૃતિ છે, અનોખી કૃતિ છે. પદની અને આ સ્તવનની ભાષામાં ઘણો ફેર છે. પદની ભાષા હિંદીને લગતી છે. આ સ્તવનની ભાષા ગુજરાતીને લગતી છે. આટલો ભાષાને અંગે ફેર કેમ થયો હશે તે વિચારતાં એમ લાગે છે કે આ સ્તવનો બનાવતી વખતે તેઓશ્રીનો–લાભાનંદજીનો વિહાર ગુજરાતમાં થયેલો હોવો જોઈએ, છતાં તેમાં હિંદી ભાષાની અસર તો છે જ, તેથી તે સ્તવનને ભાષા દૃષ્ટિએ ગુજરાતી તો ન કહી શકાય. આપણે પ્રથમ ગાથામાં જોયું કે 'ધીંગ' શબ્દ આવે છે, 'ખેટ' શબ્દ આવે છે, તે ગુજરાતીનો તે સમયનો શુદ્ધ લેખક હોય તે લખે નહિ, એટલે આ ભાષાનું લઢણ ગમે તેવું ગુજરાતી હોય, તોપણ તેમાં બુંદેલખંડના સંસ્કારના પાસા તો છે જ.

આખું સ્તવન પ્રભુના અનેક રીતે ગુણોને બતાવનારું છે તે નજરે વિચારતાં પ્રભુને આદર્શ સ્થાન રાખવાનો લેખકનો આગ્રહ ઉઘાડો જણાઈ આવે છે. પછી તો આત્મિક ગુણની વિચારણા અને તેની પૌદ્‌ગલિક ગુણો સાથે સરખામણીમાં પ્રભુની સાથે ઉપમા આપી શકાય તેવી કોઈ વસ્તુ કે વ્યક્તિ નથી, એમ બતાવી પ્રભુ તરફનો પોતાનો પ્રેમ બતાવતાં તેને કોઈ ઉપમા ન ઘટે, ત્યાં સુધી કહી નાખીને, પ્રભુને અનુપમેય સત્ય રીતે બતાવ્યા છે, એમાં જરા પણ અતિશયોક્તિ નથી. તમે દુનિયાનો કોઈ પણ મોટામાં મોટો પદાર્થ જુઓ કે કોઈ મોટા માણસને

શોધી કાઢો, પણ પ્રભુની સરખામણીમાં તે કાંઈ નથી અને પ્રભુ સાથે તેને સરખાવવા પ્રયત્ન કરવો એ નકામું છે. એવી કોઈ ચીજ નથી, કે એવી કોઈ વ્યક્તિ નથી, જેને પ્રભુ સાથે સરખાવી શકાય.

ભલા-ભોળા ભક્તે માગણી તો તદ્દન સાદી કરી છે. એ તો માત્ર પ્રભુની સેવા જ માગે છે, પણ એનું આંતર રહસ્ય વિચારતાં એ ભારે માગણી છે. અને પ્રભુમય થવાની તીવ્ર ઇચ્છા એ માગણીમાં વ્યક્ત થાય છે. માગીને આવી માગણી કેમ કરી, તે માગનારની બુદ્ધિમત્તા અને દીર્ઘ નજર સૂચવે છે. ઐહિક નશ્વર ચીજ ન માગતાં એ તો પ્રભુની સેવા ભવોભવ માગે છે અને તે દ્વારા પોતાનું કામ કાઢી લે છે. આવી વૃત્તિ સદાકાળ રહે તો પ્રાણીનો મોક્ષ નજીકમાં-જ છે એમ સમજવું. સ્તવનમાં એક સરસ વાત કરી છે. એ ભ્રમર પ્રભુગુણ મકરંદમાં લીન થઈ ગયો છે. ગુણ મકરંદમાં લીન થઈ જવું, તન્મય થઈ જવું, તેના ઉપર એકાગ્રતા લગાડવી એ કાંઈ જેવી તેવી વાત નથી. એ તો યોગની મહાસિદ્ધિ અને કર્તવ્ય છે, જેને પરિણામે આખરે પ્રભુમય થઈ જવાય છે. આ સર્વ સાધ્યના માર્ગો છે. અને ખરો સેવક આ દીર્ઘ-નજરની જ માગણી કરે, કારણ કે નશ્વર ચીજો તો અંતે અહીં રહી જનાર છે અને અસ્થાયી છે. એ આપણી નથી અને આપણી કદી થઈ નથી અને થવાની નથી. બાકી પ્રભુગુણમાં લીન થઈ જવું એ તો મોટો રાજયોગ છે અને જરૂર કર્તવ્ય છે. આવી રીતે સદ્વિચારણા કરી અને પોતાની મુક્તિ સાધી. જે પ્રાણી એ પ્રમાણે ભવ્ય વિચારણા કરશે તે અંતે મંગલિકમાળાને વરશે એ નિશ્ચિત હકીકત છે.

આ બતાવે છે કે પ્રભુ-તીર્થંકરદેવને આદર્શ સ્થાને રાખવાની આપણી પૂર્વ વિચારણા વધારે મજબૂત થાય છે. વિમળનાથ ગર્ભે આવ્યા પછી એમની માતા ખૂબ નિર્મળ થાય છે અને તે ચોખો ન્યાય કરવાની સદ્બુદ્ધિ દાખવે છે. તેઓ કાંપિલપુરના કૃતવર્મ રાજાના પુત્ર થાય, તેમની માતાનું નામ શ્યામા, સુવરનું લંછન અને સાઠ ધનુષ્ય કાયા—એવા મહાપુરુષ શ્રી વિમળનાથ આપણા આદર્શ સ્થાને હો! (૧૩)

ફેબ્રુઆરી : ૧૯૫૦ ]

## ૧૪

# શ્રી અનંતનાથ જિન સ્તવન

**સંબંધ**—આવા પ્રભુની સેવા કરવાનું-ભક્તિ કરવાનું-આપણે આગલા સ્તવનને છેડે નક્કી કર્યું. એ સેવા કરવાનું કામ કેટલું મુશ્કેલ છે અને પ્રભુના ઉપદેશ પ્રમાણે ચાલનાર કેટલા થોડા છે, તે આપણે જુદા જુદા મુદ્દાઓથી તપાસીએ. સેવા કરવા યોગ્ય છે અને તે સારી છે એમ તો કેટલાયે કહે, પણ સેવા બરાબર સમજવા જેવી ચીજ છે અને તે કરવી, તેમાં એકાગ્રતા કરવી, એ ઘણું મુશ્કેલી ભરેલું કામ છે, તે થોડાના જ સમજવામાં આવે છે. તેઓ તો ધારે કે એકદમ સેવા થઈ જશે, પણ સેવાધર્મ સર્વથી મુશ્કેલ છે એમ કવિઓ પણ કહે છે. શ્રી ભર્તૃહરી પણ કહે છે કે **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः** એનો અર્થ એમ છે કે સેવાધર્મ અત્યંત મુશ્કેલ છે અને તે યોગિઓને પણ ગૂંચવણમાં પાડી દે તેવો છે. આ રીતે કોઈની સેવા ઊઠાવવી એ અનેક મુશ્કેલીઓથી ભરપૂર માર્ગ છે. સામાન્ય રીતે એમ ધારવામાં આવે, કે સેવા કે ભક્તિ, એમાં શું છે? એ તો ગમે તે, ગમે ત્યારે કરી શકે. પણ આ સ્તવનકારના કહેવા પ્રમાણે તો, તે અત્યંત મુશ્કેલીથી ભરપૂર માર્ગ છે. તેથી આપણે એ વાત પ્રથમ ધ્યાનમાં રાખવી જોઈએ. સાધારણ ઔપચારિક સેવા તો આપણે વારંવાર કરીએ, પણ જે ભક્તિ કહેવાય તે તો લાકડાના લાડુ છે; અને યાથાતથ્ય તેનો અમલ કરવો એ તો બહુ આકરી વાત છે. તેથી તેમાં એકાગ્રતા કરી એકધ્યાનથી તેનું અનુકરણ કરવું અને જે પરમપદને આપણે મેળવવાની આશા રાખીએ છીએ, તેને અપાવનારની ભક્તિ કરવી. ભક્ત જ્યારે એકાગ્ર થાય છે અને સેવાકાર્યમાં પ્રવર્તે છે ત્યારે તેને બીજું કાંઈ પણ સૂઝતું નથી. એને મન પ્રભુ એ જ સર્વસ્વ હોય છે. તેની સાંનિધ્યમાં ગમે તેમ કરી રહેવું અને તેના સંબંધના દરરોજ વિચાર કરવા એ સિવાય કોઈ કામમાં એને મજા આવતી નથી આવો સેવાભાવનો અને ભક્તિ-પૂજાનો મહિમા છે. તે ઉપરાંત એક ઘણો અગત્યનો પ્રશ્ન આ સ્તવનમાં ચર્ચવામાં આવ્યો છે. તે સમજ્યા વગર ગતાનુગતિક ક્રિયા કરવાનો સવાલ છે. કેટલાક ક્રિયાવાદીઓ ક્રિયામાં જ સર્વસ્વ માને છે. તેમને અમુક પડિલેહણ કે પ્રતિક્રમણમાં એટલો રસ આવે છે કે તેના હેતુ, રહસ્ય કે અર્થને જરા પણ ન સમજતા હોય, પણ યંત્રવત્ ક્રિયા કર્યે જ જાય છે. તેઓને જે ક્રિયા કરવાનો શોખ થાય છે તે યંત્રની માફક ક્રિયા કરે છે, તેનું ફળ સંસાર વધવામાં જ આવે છે. ફળ તો થાય, પણ તેથી સંસાર વધે છે અને મોક્ષ દૂર થાય છે. આ માત્ર સમજણ વગરની ક્રિયા સંચા માફક કર્યે જવાનું ફળ છે. એવી તો અનેક ક્રિયા આ જીવે કરી, પણ એમાં એનો ખરો ઉદય ન થયો. ખરો ઉદય તો ત્યારે જ થાય કે જ્યારે આ જીવ પ્રભુ સરખો થાય અને એનાં આધિ, વ્યાધિ અને ઉપાધિ હમેશને માટે દૂર થઈ જાય. સમજ્યા વગરની

ક્રિયા આવા નિરવધિ આનંદનું કારણ નથી, પણ સમજણપૂર્વકની ક્રિયા છે. સમજ્યા વગર તો પ્રાણીએ અનેક ક્રિયા કરી, તેથી સારું ફળ, દેવયોનિ, વગેરે મળે, પણ એ સર્વ સંસારવૃદ્ધિનાં કારણ છે, અને સંસાર વધારનાર હોઈ અનિષ્ટ છે. એમ કહેવાય છે કે આ જીવે મેરુ પર્વત જેવડો મોટો ઢગલો થાય તેટલાં ઓઘા-મહુપત્તિ કર્યાં, પણ આત્મિક દૃષ્ટિએ હેતુ-રહસ્ય વગર કર્યાં, એમાં એની ઉપાધિનો અંત આવ્યો નથી. જ્યાં સુધી કોઈ પણ ક્રિયા સમજીને ન થાય, ત્યાં સુધી સર્વ કામ યંત્રવત્ થાય છે; તેનું ફળ સંસાર છે, તે આપણે તદ્યોગ્ય સ્થાનકે વિચારશું. આવા અનેક પ્રશ્નો આ સ્તવનમાં વિચારવામાં આવ્યા છે.

## સ્તવન

(રાગ રામગિરિ; કડખાની દેશી; વિમલ કુલકમલના હંસ તું જીવડા-એ દેશી.)

ધાર તરવારની સોહલી દોહલી, ચઉદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧

**અર્થ**—તરવારની ધાર સહેલી છે, પણ ચૌદમા તીર્થંકરના ચરણકમળની સેવા એ તેથી વધારે મુશ્કેલ છે. તરવારની અણી પર રમત કરનારાઓને જોઈને મજા આવે છે, પણ એ ભગવાનની સેવાની અણી ઉપર દેવતા પણ રહી શકતા નથી, સેવા કરી-આચરી-આદરી શકતા નથી. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિ આ સ્તવનના અર્થમાં જણાવે છે કે—એ આગલા તેરમા સ્તવનમાં પ્રભુ પાસે સેવના માગી, તે હવે ચઉદમા શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં તે સેવા, તેનું દુષ્કરપણું દેખાડી કહે છે, તે પૂજા કેવી છે? તરવારની ધાર સહુવી તે સોહીલી-સુગમ, પણ તેથી દોહિલી-દુર્ગમ ચૌદમા જિનવરની સેવના. તરવારની ધાર પર નાચતા-ખેલતા અનેક બાજીગર-ભવાયાદિક દેખે છે. પણ સેવનાની ધાર ઉપર રહેવું-તે આજ્ઞાએ ચાલવું, તે ધાર ઉપર રહેવું, તે દુર્ગમ છે. (૧)

---

**પાઠાંતર**—'સોહલી' સ્થાને ભીમશી માણેક 'સોહેલી' પાઠ છાપે છે. 'દોહલી' સ્થાને ભીમશી માણેક 'દોહેલી' પાઠ છાપે છે. 'સોહલી' સ્થાને પ્રતમાં 'સોહિલી' પાઠ લખે છે. 'દોહલી' સ્થાને પ્રથમ પાદમાં 'દોહિલી' પાઠ છે. 'નાચતા' સ્થાને પ્રતવાળો 'નાચતી' પાઠ લખે છે; અર્થ ફરતો નથી. 'દેખ' સ્થાને બન્ને પ્રતમાં 'દેખિ' એવો પાઠ લખે છે. 'રહે' ને બદલે પ્રતવાળો 'રહૈ' પાઠ લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'દેવા' ને બદલે એક પ્રતમાં 'હેવા' પાઠ છે; તેનો અર્થ 'ચાલવું' આપે છે. 'ધાર' સ્થાને એક પ્રતમાં 'ધારિ' પાઠ છે; અર્થ ફરતો નથી. (૧)

**શબ્દાર્થ**—ધાર = અણી, છેવટનો ભાગ. તરવારની = મારી નાખવાનું લોઢાનું શસ્ત્ર. સોહલી = સહેલી, સુલભ, સારી. દોહલી = મુશ્કેલ, દુર્લભ. ચૌદમા = ૧૪મા. જિનતણી = તીર્થંકર દેવની. ચરણસેવા = પગની સેવા, ચાકરી. ધાર પર = તરવારની અણી પર. નાચતા = રમતા, ગમત કરતા, ખેલતા. દેખ = દેખો, જુઓ. સેવના = સેવારૂપ. ધાર પર = અણી પર. રહે ન = ટકે નહિ. દેવા = દેવતાઓ પણ. (૧)

**વિવેચન**—તરવારની અણી ઉપર નાચવું ઘણું મુશ્કેલ છે. એમાં જરા ભૂલ થાય તો જીવનો સોદો જ થઈ જાય. એને કદાચ પ્રયાસથી અને પ્રયોગથી બરાબર કરી શકાય તેવી એને સહેલી ચીજ ગણવામાં આવે, તો એ સામાન્ય થઈ જાય. તમે કોઈ બાજીગરોને જોશો તો ચારે તરફ તે તરવારોને ગોઠવી તરવારની વચ્ચેથી એવા આબાદ નીકળી જાય છે કે તમને તો હર્ષનાં આંસુ આવે. અત્ર કહેવામાં આવે છે કે તરવારની ધાર પર નાચવું તો સહેલું છે, પણ ચૌદમા જિનેશ્વરદેવની સેવા કરવી એ ખાંડાની ધાર ઉપર ચાલવાથી પણ વધારે મુશ્કેલ છે. એ સવાલ અહીં રજૂ કરવાનું કારણ એ છે કે આગલા સ્તવનમાં છેવટે સેવાનો મહિમા કહ્યો, હવે અહીં કહે છે કે સેવા એ રમતની વાત નથી. તરવારની ધાર ઉપર રમત કરવી કે નાચવું એ તો પ્રમાણમાં સહેલી વાત છે, પણ ચૌદમા તીર્થપતિની સેવા ઉઠાવવી તે તરવારની ધાર ઉપર નાચવાથી પણ વધારે મુશ્કેલ બાબત છે, જે દેવતા જેવા અનુકૂળતાવાળા પણ કરી શકતા નથી. દેવતાઓ તો અવ્રતી હોય છે; તેઓને વ્રત-નિયમ ઉદયમાં આવતાં જ નથી. તેઓને કહેવામાં આવે કે નિયમ કરો તો એક નવકારશી જેવો નિયમ પણ કરી શકતા નથી. તેઓ સેવાની આવી આકરી અણી પર કેમ રહી શકે? સેવા એ તો સમજીને ઇરાદાપૂર્વક કરેલ ભક્તિ છે. તે અતિ સુખમાં ચમન કરતા દેવતાઓને અશક્ય લાગે, તે સમજી શકાય તેવી હકીકત છે અને મુખે બોલી ન શકે તેવાં અવાચક તિર્યંચોને સેવા બનવી લગભગ અશક્ય છે. અને નારકો તો સદા અનેક પ્રકારનાં દુઃખમાં નિમગ્ન છે. તેઓને સેવાની ધાર પર નાચવું મુશ્કેલ છે. એટલે સેવાની શક્યતા માત્ર મનુષ્યગતિમાં જ છે. આવી દેવતાને પણ મળવી દુર્લભ સેવા મનુષ્યને મળે, એ જેવો તેવો લાભ નથી. (૧)

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦ ૨

**પાઠાંતર**—'કહે' સ્થાને એક પ્રતમાં 'કહૈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી પાઠ છે. 'વિવિધ' સ્થાને એક પ્રતમાં 'વિવધ' પાઠ છે તે અશુદ્ધ જણાય છે. 'કિરિયા' સ્થાને પ્રતમાં 'કીરીઆ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'ન દેખે'માં એક પ્રતમાં 'ન' છોડી દીધો છે. 'કિરિયા' ત્રીજા પાદમાં 'કરીયા' શબ્દ લખે છે તે અશુદ્ધ જણાય છે. 'રડવડે' સ્થાને એક પ્રતમાં રડવડૈ' પાઠ છે, એ જૂની ગુજરાતી છે. 'ચાર' સ્થાને બન્ને પ્રતમાં 'च्यार' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'ગતિમાંહે' સ્થાને પ્રતમાં 'ગતમાહે' એવો પાઠ છે તે શુદ્ધ લાગતો નથી, એક પ્રતકાર 'ગતિમીહી' પાઠ આપે છે તે અશુદ્ધ જણાય છે. 'લેખે' સ્થાને એક પ્રતમાં 'લેખૈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. (૨)

**શબ્દાર્થ**—એક = કોઈક, some. કહે = જણાવે છે, બોલે છે. સેવિયે = અમે પૂજીએ છીએ, ભજીએ છીએ. વિવિધ = જુદી જુદી જાતની. કિરિયા = ક્રિયા (માત્ર) કરી = કરીને, અમલમાં મૂકીને. ફળ = પરિણામ. અનેકાંત = ફળ થાય તે ચોક્કસ નહિ, તે પ્રમાણે લાભ થાય કે ન પણ થાય. લોચન = નયન, આંખો. ન દેખે = જોનાર નથી. ફળ = પરિણામ. અનેકાંત = જેનું ફળ થાય અને ન પણ થાય. કિરિયા = ક્રિયા. કરી = બનાવી, અમલમાં મૂકી. બાપડા = મૂર્ખ માણસો, અણસમજુ લોકો. રડવડે = રખડે, આથડે. ચાર ગતિ = દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી. માહિ = માં, તેમાં. લખે = ચાર ગતિમાં રખડે, હિસાબે. (૨)

**અર્થ**—કોઈ કોઈ લોકો કહે છે કે જુદા જુદા પ્રકારની સેવા-ભક્તિ, અથવા ક્રિયા કરી ભગવાનની સેવા કરીએ છીએ, પણ તેઓની નજરે ક્રિયાનું ફળ જણાતું નથી, દેખાતું નથી. તેઓ બિચારા એકસરખા ફળને ન આપનારી ક્રિયા કરી ચારે ગતિમાં (દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિમાં) રખડે છે, આંટા માર્યા કરે છે. અને તેઓ તો ચાર ગતિમાં આખડે છે, તેઓનો નિસ્તાર થતો નથી, (૨)

**ટબો**—હમણાં કેટલાએક એમ કહે છે જે વિવિધ-બહુ પ્રકારની ક્રિયા કરીને સેવીએ, એકાંત ક્રિયાવાદી તે બોલ્યા, પણ તે અનેકાંતદૃષ્ટિ-સ્યાદ્વાદદૃષ્ટિનું ફલ દેખતા નથી, કેટલાએક અનેકાંત ક્રિયા કરીને સ્યાદ્વાદફળ નથી દેખતા, જિનમત નથી જાણતા, તે બાપડા પ્રાણી જાણતાં ચાર ગતિમાં રંજે-ફરે-ભમે. એકાંત જ્ઞાનને, એકાંત ક્રિયાને અનેકાંત દૃષ્ટિ ન કહીએ, જ્ઞાન-ક્રિયાએ મોક્ષ જાણીએ. તે અનેકાંત મત. (૨)

**વિવેચન**— या या क्रिया सा सा फलवती એ સૂત્રને માન આપનાર કેટલાક ક્રિયાવાદીઓ કહે છે કે, અમે ક્રિયા કરીને ભગવાનને મેળવશું, પણ ક્રિયાનું ફળ તો એકાંત નથી. કેટલીક વખત ક્રિયાનું ફળ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં થાય અને કેટલીક વખત સંસાર વધારનાર થાય. જેમ સંગમના જીવને દાન દેવાથી શાલિભદ્રનો અવતાર મળ્યો, પણ આખરે તો તેમનો સંસાર વધી જ ગયો. તેઓ અનેક ઋદ્ધિ પામ્યા, પણ તે તો થોડા વખત માટેની હતી. સંસાર વધી જવો એ, વિશાળ નજરે જોતાં, કોઈ પ્રકારનો લાભ નથી, એ તો 'ખાધું એટલે ખોયું' જેવી વાત છે. પછી તમે દૂધપાક ખાધો હોય કે ઘેંસ ખાધી હોય, તે જોવાનું નથી. પેટમાં ગયા પછી સર્વ સરખું બની જાય છે. ક્રિયાનું ફળ તાત્કાલિક લાભમાં તો આવે, પણ એથી અનંતકાળનો લાભ મળતો નથી; અને સુખ તો ભોગવ્યું એટલે ખલાસ થઈ જાય છે. ક્રિયાનો લાભ તો મળે, પણ તે પૌદ્ગલિક પ્રાપ્તિમાં હોય તો એનો કાંઈ અર્થ નથી. એ તો અસ્થાયી વસ્તુ છે અને જતી વખતે કચવાટ મૂકી જનાર છે. સર્વ ક્રિયાનો સાચોસાચ લાભ જ મળે એમ ન સમજવું, કાંઈક લાભ મળે, તે અનંતકાળને હિસાબે કાંઈ ગણતરીમાં નથી; અને આવા અનેકાંત લાભ પર આધાર બાંધી શકાય નહિ. ક્રિયાવાદી માત્ર ક્રિયામાં જ માને છે, એ સમજ્યા વગર આખો વખત યંત્રની જેમ ક્રિયા જ કર્યા કરે, પણ હેતુ સમજ્યા વગરની સંચા માફક કરેલ ક્રિયા તો સ્થાયી લાભ આપનાર નીવડતી નથી. એમાં દુનિયાદારી અને સુખસગવડ મળે, પણ મોક્ષ જેવા અનંત સુખ પાસે એ કાંઈ ગણતરીમાં નથી. જે ફળ હંમેશ ટકે નહિ, તે અંતે અર્થ વગરનું છે અને પરિણામે સંસાર તરફ ગમન કરાવનાર છે. આવું ફળ કદાચ થાય તો, તેઓ હિસાબ આપવા ચારે ગતિમાં જાય-આવે છે. કોઈ વાર ગાય-ભેંસ થાય. કોઈ વાર નારક થાય, કોઈ વાર દેવ થાય અને કોઈ વાર મનુષ્ય થાય, પણ એનો છેડો આવે નહિ. અને જે સુખની પછી તેનો અભાવ આવવાનો હોય, તેને સુખ જ કહી શકાય નહિ. 'ચાર દિવસનું ચાંદરડું અને ઘોર અંધારી રાત' જેવી એમાં વાત થાય છે. ક્રિયા અનેકાંત ફળને આપે પણ ખરી, પણ એને આપણે ખરા અર્થમાં ફળ કહેતા જ નથી. આપણે તો સ્થાયી સુખ આપનારને જ ફળનું નામ

આપીએ, બાકી એક ગતિમાંથી બીજીમાં, અને બીજી ગતિમાંથી ત્રીજી ગતિમાં ભમાવે, અને જરા સુખ આપે તેને સુખ કહેવું તે સુખની ખોટી વ્યાખ્યા છે. ઘણી વખત તો એવું પૌદ્ગલિક સુખ પણ ક્રિયાના ફળ તરીકે મળતું નથી, કારણ કે ફળ તો અનેકાંત છે; એ મળી જાય પણ ખરું અને ન પણ મળે. આવા અનેકાંત ફળને ફળ કહેવું કે સુખ કહેવું, તે અજ્ઞાન છે અને તે ખાતર માત્ર સમજ્યા વગર ક્રિયા કરવી. એને ખરેખરું ફળ કહેવાય જ નહિ. આ તો ચાર ગતિમાં જવાનો એક રસ્તો છે, તે સુજ્ઞને નકામો છે અને સંસાર વધારનાર હોઈ અગ્રાહ્ય છે. આવી રીતે કેટલાક ક્રિયાવાદીઓ, જેઓ માત્ર સમજ્યા વગર ક્રિયા કરે છે, તેઓ સેવાને એક પ્રકારની ક્રિયા સમજી તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કર્યા વગર, પોતાને લાભ થશે એમ માને છે, તેઓ ખરેખર સંસારને વધારે છે અને એક ગતિમાંથી બીજી ગતિમાં જઈ એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે. અને પ્રથમ કહેલ (या या क्रिया सा सा फलवती) નો ખુલાસો થાય છે. ફળ મળે પણ સંસાર વધારનાર ફળ મળે તો તે કાંઈ તાત્ત્વિક દૃષ્ટિએ ફળ નથી. થોડું સુખ મળે, કે ન મળે, પણ એમાં આપણું સાધ્ય જરા પણ જળવાતું નથી અને પ્રાપ્તવ્ય જરાય મળતું નથી, માટે ક્રિયાવાદીની સૂચના આપણને અગ્રાહ્ય છે એમ જાણવું જોઈએ. આ સંસાર વધારનારને ફળ કહેવું, કે તે ખાતર ક્રિયા કરવી, અથવા તેવી ગણતરીએ ક્રિયા કરવી તે પરિણામે લાભ કરનાર નથી અને તે ખાતર આપણો પ્રયાસ પણ નથી. એ તો રખડપાટો જ છે. સંસાર વધે તેવા ફળને તાત્ત્વિક દૃષ્ટિએ ફળ જ કહી શકાય નહિ. (૨)

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

**અર્થ**—ગચ્છનાં પ્રકારો, સંપ્રદાયભેદો અનેક પ્રકારના હોય છે, તે નજરે જોતાં તેઓ મુખેથી તત્ત્વની વાત કરે છે, તેમાં તેઓને શરમ આવતી નથી, તેઓ લાજતા નથી, પણ

**પાઠાંતર**—'નયણ' સ્થાને એક પ્રતમાં 'નયણિ' પાઠ છે, તે જૂની ગુજરાતી જણાય છે. 'થકાં' સ્થાને ત્રીજા પાદમાં 'થિકાં' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'રાજે' સ્થાને એક પ્રતમાં 'રાજૈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'કરતાં થકાં' સ્થાને એક પ્રતમાં 'કાંરતાથી' એવો પાઠ છે તે અશુદ્ધ જણાય છે. 'કલિ' સ્થાને ચોથા પાદમાં એક પ્રતમાં 'કલુ' પાઠ છે, તે અશુદ્ધ લાગે છે. 'કલિકાળ' સ્થાને પ્રતમાં 'કલિકાલ' પાઠ છે, છાપનારે છાપ્યો છે પણ તે જ પાઠ. 'નિહાલતા' સ્થાને ભીમશી માણેક 'નિહાલતાં' છાપે છે. 'કરતાં થકાં' સ્થાને ભીમશી માણેકનો છાપેલ પાઠ 'કરતા થકા' છે. (૩)

**શબ્દાર્થ**—ગચ્છના = વિભાગના, પેટાભેદના. ભેદ = પ્રકાર, ભેદો, પેટાભેદો. બહુ = ઘણાં, એકથી વધારે. નયણ = આંખે. નિહાલતાં = જોતાં, દેખતાં. તત્ત્વની = નવતત્ત્વ સંબંધી, આત્મિક. વાત = વાર્તા, સંબંધી વાતો કરવી તે. કરતાં = કહેતાં, વદતાં. ન લાજે = શરમાય નહિ, ભોંઠા પડતા નથી. ઉદરભરણ = પોતાના પેટને ભરવું તે, પેટે હાથ પંપાળવો. આદિ = વગેરે. નિજ = સ્વીય, પોતાનું. કાજ = કાર્ય, કામો. કરતાં = અમલમાં મૂકતાં. થકાં = કરતાં છતાં. મોહ = મોહ રાજા, મૂંઝવનાર રાજા. બળવાન કર્મ. નડિયા = હેરાન કરાયલા. કલિકાલ = કળિનો સમય. રાજે = રાજ્યમાં, અત્યારે વર્તતા કળિકાળના વખતમાં. (૩)

એ વાત તેમના મુખમાં શોભતી નથી. તેઓ તો પોતાના પેટને ભરે છે, એ પેટભરાનું કામ વગેરે કરતાં તેઓને જોઈને મોહરાજા તેઓને આ કળિયુગરાજમાં હેરાન કરી રહ્યો હોય એમ જરૂર જણાય છે. (૩)

**ટબો**—નજરે જોતાં ગચ્છના ભેદ બહુ દેખાય. મમત્વે કરી, અને તત્ત્વની વાત કરતાં લાજે પણ નહિ. વચનશૂરાપણું કરે અથવા ગચ્છાદિકના મમત્વકાર રાખે અને તત્ત્વની વાત કરે, તે શું જાણીએ છીએ. લાજતાએ નથી તે માટે કહ્યું છે. यत्र हि ममकारो, न तत्र श्रेयसां पदम् इति वचनात् । वाङ्मात्रसाराः परमार्थन्यूनाः इत्यादि । એવા ઉદર ભરવાદિકનું પોતાનું કાર્ય કરતા હુંતા મોહરાજાના પરાભાવ્યા કળિયુગ તે પંચમ કાળના રાજ્યમાં એવો બહુ દેખાય बहु मुंडा अप्प समणा इतिवचनात् ज्ञेयम् । (૩)

**વિવેચન**—અને આ સેવાની વાત ઉપરથી ગચ્છના ભેદો ઉપર સ્વાભાવિક રીતે કર્તાશ્રી જાય છે. એનો મુદ્દો પણ ભક્તિ-સેવાનો જ છે. ગચ્છના ભેદ જોતાં હું તપગચ્છીય છું, તમે પાયચંદગચ્છવાળા છો, એવા એવા મમત્વ કરે કે પોતાનો ગચ્છ જ સાચો છે. તેઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે સર્વ કરનારા છે, પણ પોતે જ સાચા છે એમ માને છે અને પોતાનો ગચ્છ એ જ પ્રભુનો ગચ્છ છે એમ માની બીજા સર્વની નિંદા-કૂથલી કરે છે. અને પોતાના ગચ્છની મહત્તા સ્થાપવા માટે કંઈક તોફાનો મચાવે છે; એવા માણસો તત્ત્વની વાત કરતાં પણ શરમાતા નથી. મમત્વ હોય ત્યાં તત્ત્વ નહિ અને તત્ત્વ હોય ત્યાં મમત્વ નહિ; પણ આ તો જાણે ઝઘડાના કેન્દ્ર હોય તેવા થઈ તત્ત્વની મોટી મોટી વાત કરે, પણ તેવા લાજ વગરના માણસોએ શરમાવું જોઈએ અને ગચ્છના પક્ષકારોએ જાણવું જોઈએ કે એવા ગચ્છવાદીઓના મુખમાં તત્ત્વ શોભતું નથી. તેઓ ગચ્છના પક્ષકાર થયા એટલે તત્ત્વ તો તેમનાથી સો માઈલ દૂર નાસે છે. આવા ગચ્છના આગ્રહી માણસો પોતાનું પેટભરાપણું વગેરે કરવાને કારણે, આ કળિકાળમાં મોહરાજા તેઓને પીડે છે એમ સમજવું. તેઓ ગચ્છની ભાંજગડમાં એટલા બધા પડી જાય છે કે બીજી વાતો તેમની નજરે ગૌણ બની જાય છે. પછી બૂમબરાડા પાડીને ક્રોધ કરે કે અભિમાન કરે કે માયા-કપટ કરે, પણ તેઓ સંસારમાં ભટકનાર છે અને જે સેવા-ભક્તિ માટે અગાઉ અનેક વાત કરી તેને માટે તેઓ તદ્દન અયોગ્ય છે.

આનંદઘનજી ગમે તે સંપ્રદાયના હોય, પણ તેમણે આ વાત ઘણા મક્કમપણે કરી છે. ગચ્છાચારી અને ગચ્છમાં પૂર્ણતા માનનારા વાસ્તવિક રીતે કેવા હોય છે તે આ ગાથાથી સમજવા જેવું છે. ગચ્છના મોરચા ન માંડવા અને ગચ્છની મોટી મોટી વાતો ન કરવાને અંગે આ વાત કરી છે. અને જે સેવા-ભક્તિ માટે આગ્રહ કરવામાં આવ્યો છે, તેને માટે આ ગચ્છના મોહમાં પડેલા લાયક રહેતા નથી, એ વાત બરાબર લક્ષ્યમાં લેવા જેવી છે. આ ગચ્છમોહ તજવાનો યોગ્ય ઉપદેશ છે અને આ કળિકાળમાં તો અત્યંત આવશ્યક છે. (૩)

વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચનસાપેક્ષ વ્યવહાર સાચો;
વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪

**અર્થ**—કારણ કે અપેક્ષા-દષ્ટિબિંદુ વગરનો સર્વ વ્યવહાર, આચરણ તે સર્વ ખોટો વ્યવહાર છે એમ કહેલું છે, પણ અપેક્ષાસહિતનું વચન-બોલવું અને તેનો વ્યવહાર કરવો તે સાપેક્ષ હોઈ બરાબર જાણવો, તે અનુકરણીય સમજવો. હવે એ પૈકી જે દષ્ટિબિંદુ-અપેક્ષા-ની બહારનું ભાષણ છે તે તો સંસારને વધારનાર છે, તેના ફળમાં સંસાર જ વધે છે. એવાં વચનને સાંભળીને અથવા તેના પ્રત્યે પ્રેમ બતાવી, તેને સ્વીકારીને શા અર્થે ખુશી થઈ જાઓ છો ? (૪)

**ટબો**—જ્યાં વચન અપેક્ષાએ નહિ, એટલે આગમાનુસારી નહિ, એવો જે વ્યવહાર તે જૂઠો જાણવો. અને જે વ્યવહાર વચનને અપેક્ષે-વાંછે એટલે આગમાનુસારી વ્યવહાર તે સાચો, ખરો સદ્દહવો-ધારવો તે માટે વચનનિરપેક્ષ ભવ્ય એટલે આગમ સાખીને ચાલે એવો એ અર્થની સૂઝ મહાનિશીથ, વ્યવહાર, અંગચૂલીયા શ્રુત હીલનાધ્યયન પ્રમુખ બહુ ગ્રંથે છે. તે શુદ્ધ વ્યવહાર સાંભળીને તથા આદરીને કિશ્યું મનમાં રાચવું, માચવું તે અશુદ્ધ વ્યવહારને અજ્ઞાન ફળ-સંસાર જાણી, શું હર્ષવું જે અમે વ્યવહારી છીએ. (૪)

**વિવેચન**—આ ગચ્છના મમત્વને અંગે યાદ રાખવું કે અપેક્ષા વગરનું કોઈ પણ વચન કહેવામાં કે ઉચ્ચારવામાં આવે, તો તે તદ્દન ખોટું છે. જૈનધર્મ આખો નયવાદ પર રચાયેલો છે. એક વાત એક દષ્ટિબિંદુથી સાચી હોય તે બીજા દષ્ટિબિંદુથી તદ્દન ઊલટી જ લાગે. આ અપેક્ષાવાદ બરાબર સમજીને જે બોલે, તે બરાબર, પણ જેણે અપેક્ષા અથવા દષ્ટિબિંદુ બરાબર ન પકડી લીધું હોય, તો તેની સર્વ વાત ખોટી સમજવી, કારણ કે કયે વખતે તે પડી જશે, તે કાંઈ કહી શકાય નહિ. અપેક્ષા ધ્યાનમાં લીધા સિવાયનું વચન ગમે તેવું હોય, તોપણ તે ખોટું છે એમ સમજવું. આ દષ્ટિએ ગચ્છના શોખીનો અપેક્ષા સમજ્યા વગર વાત કરે તે તેમનું વચન જૂઠ છે એમ ધારી લેવું. આ રીતે જ તમને સત્ય જ્ઞાન મળશે અને સાપેક્ષવચન હોય તો વ્યવહાર સાચો થાય છે. તમે અમુક માણસનો મુદ્દો સમજો અને તેનું દષ્ટિબિંદુ

---

**પાઠાંતર**—'ફળ' સ્થાને પ્રતમાં 'ફલ' પાઠ છે. 'સાંભળી' સ્થાને પ્રતમાં 'સાંભલી' છે. 'જૂઠો' પાઠને બદલે 'જુઠો' પાઠ એક પ્રતમાં છે. (૪)

**શબ્દાર્થ**—વચન = બોલવું તે. નિરપેક્ષ = મુદ્દા-અપેક્ષા વગરનું. વ્યવહાર = અમલ, બાહ્ય આચરણ. જૂઠો = ખોટો, ન પસંદ કરવા યોગ્ય. કહ્યો = જણાવ્યો છે. વચન = બોલવું તે. સાપેક્ષ = અપેક્ષા સહિત, મુદ્દામ. વ્યવહાર = વર્તવું તે, અમલ. સાચો = બરાબર. વચન = બોલવું તે, વદવું તે, નિરપેક્ષ = અપેક્ષા વગરનું, દષ્ટિબિંદુ વિનાનું. વ્યવહાર = વર્તન, વર્તવું તે. સંસારફળ = જેનું ફળ સંસાર વધે તેવું થાય તે, સંસાર વધારનારું. સાંભળી = જાણી, સમજી. આદરી = સ્વીકારીને, ગ્રહણ કરીને. કાંઈ = શા માટે. રાચો = તેમાં શું મજામાં આવી પડો છો ? (૪)

ધ્યાનમાં લો તો તમારો વ્યવહાર પણ સાચો થાય અને તમે મોક્ષને માર્ગે ચઢી જાઓ. અપેક્ષા વગરના અને અપેક્ષાવાળા જ્ઞાનમાં આટલો તફાવત છે, માટે બોલવા પહેલાં સામાનું દૃષ્ટિબિંદુ શું છે તે ધ્યાનમાં રાખીને જ તમે બોલો તો તમારું વચન અને વ્યવહાર બરાબર છે, એમ તમારે ધ્યાનમાં રાખવું. આ રીતે સેવાને તમે વિચારજો. અને તમારે યાદ રાખવું કે અપેક્ષા વગરનું વચન તો માત્ર સંસારવૃદ્ધિમાં પરિણમે છે, એમાં તમારા સંસારનો અંત આવતો નથી. સંસારફળ તમને મળે, એ આપણો ઉદ્દેશ નથી. સંસાર વધે કે તમે ખાડામાં પડો એ માટે આ વાત થતી નથી; તમારો સંસાર ન વધે અને તમે હંમેશને માટે સુખી થાઓ, એ નજરે નિરપેક્ષ વચનનું મૂલ્ય કોડીનું છે. છતાં તમે એવાં નિરપેક્ષ વચન સાંભળી, તેનો સ્વીકાર કરી, તેમાં કેમ રાચો છો? તમે એવી વાતોને કેમ ગ્રહણ કરો છો? તમે એને તમારી વાત કેમ બનાવો છો? તમને એમાં મજા કેમ આવે છે? હવે તમે એ નજરે સેવાનો વિચાર કરો. નિરપેક્ષ વચનનો કદી સ્વીકાર કરી લેશો નહિ. એમાં તમારો જયવારો નહિ થાય. તમે સમજુ હો તો સાપેક્ષ વચન બોલજો અને આદરજો. એમાં સરવાળે તમને ઘણા પ્રકારના લાભ થશે. અને તમારે તો ઘણી શ્રદ્ધાપૂર્વક જ બધી વસ્તુ તપાસવી જોઈએ. એ શ્રદ્ધા-પ્રતીતિનો મહિમા હવે આવતી ગાથામાં કહેશે. (૪)

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫

**અર્થ**—એવાં અપેક્ષા વગરનાં વચન બોલનારથી દેવ, ગુરુ અને ધર્મની પવિત્રતા કેમ જળવાઈ રહે અથવા આપ જણાવો કે દેવ, ગુરુ અને ધર્મની શુદ્ધિ કેમ રહે? અને શુદ્ધ શ્રદ્ધા કેમ રહી શકે?–તેની ધારણા કરો, કારણ કે શુદ્ધ પ્રતીતિ વગર, જે કાંઈ ક્રિયા કરવામાં આવે તે અપવિત્ર-મેલીઘેલી, ભોં ઉપર કરેલ લીંપણ જેવી છે, એમ તમારે ધ્યાનમાં રાખવું. (૫)

**ટબો**—તે અશુદ્ધ વ્યવહાર પ્રવર્તાવકથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મની શુદ્ધિ કયે પ્રકારે રહે, અને કેમ કરી શુદ્ધ શ્રદ્ધાન-પ્રતીત આણીએ. 'પુરુષ પ્રમાણે વચન પ્રમાણ' એ ન્યાય

**પાઠાંતર**—'કેમ' સ્થાને પ્રતમાં 'કિમ' પાઠ છે, જૂની ગુજરાતી છે (બંને સ્થાન). 'રહે' સ્થાને પ્રતમાં 'રહૈ' પાઠ છે. 'શ્રદ્ધાન' સ્થાને 'સરધાન' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'લીંપણું તેહ' સ્થાને 'લિંપણા સરિસ' પાઠ છે. 'કિરિયા' સ્થાને 'ક્રિયા' પાઠ એક પ્રતમાં છે.(૫)

**શબ્દાર્થ**—દેવ = ઇષ્ટદેવ, પરમાત્મા, મોક્ષમાં ગયેલા જિનેશ્વર દેવ. ગુરુ = ધર્મનો ઉપદેશ કરનાર, કુળનો ધર્મ સમજાવનાર અને વિદ્યા શીખવે તે વિદ્યાગુરુ. ધર્મ = ખરાબ ગતિમાં પડતાં જીવને રોકે, બચાવે તે ધર્મ. શુદ્ધિ = પવિત્રતા. કેમ = કઈ રીતે, કેવી રીતે. રહે = જળવાય, મળે. શ્રદ્ધાન = ખાતરી. ચોક્સાઈ. આણો = ધારણ કરો. શુદ્ધ = પવિત્ર, શંકા વગરની. શ્રદ્ધાન = ખાતરી. વિણ = વગર, વિના. સર્વ = કોઈ પણ, સર્વે, બધી. કિરિયા = ક્રિયા, વર્તના. કરે = અમલમાં મૂકે, ગોઠવે તે. છાર = કચરો, મેલ, ગંદુ. પર = ઉપર, માં. લીંપણું = લીંપણ, ગાર કરવી તે. જાણો = સમજો. (૫)

છે અને શુદ્ધ શ્રદ્ધાન વિના જેટલી ક્રિયા–અનુષ્ઠાન કરીએ તે સર્વ છાર ઉપર જેમ લીંપણું તે સરખી જાણવી, જેથી મોક્ષ પામીએ તેવી નિર્જરા ન થાય, ભવ હેતુ થાય. (૫)

**વિવેચન**—સમ્યક્ત્વ વગર સર્વ નકામું છે, એકડા વગર સર્વ મીંડાં નકામાં છે, માટે પ્રથમ સમ્યક્ત્વ શું છે તે આપણે જાણી લઈએ. આપણે આગલા સ્તવનમાં સમકિતના સડસઠ બોલ જોઈ ગયા. અહીં સંક્ષેપમાં જણાવવામાં આવે છે કે તમારે દેવ, ગુરુ અને ધર્મની શોધ-ખોળ શી રીતે રહી શકે તેની નિરંતર ચિંતા રાખવી ઘટે. અનેક ગુણોથી યુક્ત દેવ, જે અઢાર દોષ રહિત હોય, તેને દેવ સમજી, તેની સેવા–ભક્તિ કરવી. ગુરુના ગુણને યોગ્ય હોય તેની પાસેથી ધર્મનો બોધ લેવો અને નરકમાં પડતા ધારી રાખે તેવા સાચા ધર્મનાં ફરમાનોને અમલમાં મૂકવાં અને કુદેવ, કુગુરુની અને કુધર્મની સેવા ત્યાગવી. એમ બધી રીતે હકારાત્મક રીતે અને નકારાત્મક રીતે વિવેક અને શ્રદ્ધાથી તે ત્રણનો સ્વીકાર કરવો એ ખરું નિર્ણીત ચિંતવન છે. તો દેવ, ગુરુ અને ધર્મ વિશુદ્ધ કેમ મળે એની સેવા કેમ થાય તેનો પ્રાણી વિચાર કરે અને તે માટે સતત ચિંતવન કર્યા કરે અને નિરંતર તે માટે જાગ્રત રહે, અને તેમાં પણ વિશુદ્ધ શ્રદ્ધા કેમ રહે તે હંમેશની ચિંતાનો વિષય હોવો જોઈએ. સંસાર વધારનાર સેવા–ભક્તિ હોય; તો તેનો કોઈ અર્થ નથી; જરા સુખ આપે, પણ અંતે તે થોડા વખતની જ રમત છે. પ્રાણીએ જો પોતાનો નિસ્તાર કરવો હોય તો શ્રદ્ધાપૂર્વક દેવ, ગુરુ અને ધર્મની પ્રતીતિ કરવી જોઈએ અને તેને આનંદપૂર્વક વળગી રહેવું જોઈએ. આ શ્રદ્ધા અને દેવ-ગુરુ-ધર્મની શોધ ઉપર જીવનની ફત્તેહનો આધાર છે. આ જીવનમાં જેટલું એ કામ થાય, તે આપણું પોતાનું છે, કારણ કે સર્વ ચીજો, ઘરબાર અને સગાં સંબંધી તો બધાં અહીં રહી જવાનાં છે, એટલે તેઓ સાથે જે સુખદુઃખ ભોગવ્યાં હોય, તે પોતાની સાથે આવનાર નથી, પણ આ દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ સ્થાયી ચીજ છે, પરભવમાં પણ સાથે આવનાર છે, તેથી વિચારણા પૂર્વક તેની શોધ કરવી, અને એ રીતે સંસાર ઘટાડીને જીવનકાર્ય કરવું. આ પોતા પ્રત્યેની ફરજ છે અને એને કરવામાં દીર્ઘ કાળનો કે સર્વ કાળનો સાચો આનંદ છે. કારણ કે ચોખ્ખી શ્રદ્ધા વગર ગમે તેટલાં કામ કરવામાં આવે, તે સર્વ મેલીઘેલી જમીન ઉપર લીંપણ બરાબર છે. જેમ મેલી, બગડેલી, વાસીંદું વાળીને સાફ કર્યા વગરની ભૂમિ ઉપર ગાર કરવામાં આવે, તો તે નકામું થઈ પડે છે, તેમ શ્રદ્ધાથી સાફ કરેલ ભૂમિ એટલે મન પર દેવ-ગુરુ-ધર્મની ચીવટ પૂર્વક કરેલી શોધ હોય, તો જ તે ફળ આપે છે, ભૂમિકા આકર્ષક બને છે અને તે પર કરેલ લીંપણની સાફસૂફી કારગત નીવડે છે, તેમ શુદ્ધ આત્મભૂમિકા ઉપર કરેલ ક્રિયા ફળે છે અને કારગત થાય છે. ભૂમિ ઉપર લીંપણ કે ચિતરામણ કરવા પહેલાં તેને વાળીઝૂડીને સાફ કરવી ઘટે, પછી તેના પર લીંપણ થાય કે ચિત્ર કાઢવામાં આવે તે બરાબર ઝળકી જાય છે, તેમ તમારે સેવા–ભક્તિ કરવી હોય તો શ્રદ્ધાપૂર્વક સુદેવ, સુગુરુ અને સુધર્મની પ્રતીતિ કરો, તેને ઓળખીને આદરો એટલે તમારી ઇચ્છા મોક્ષ મેળવવાની છે તે પાર પડશે અને તમારું ખરું અંતિમ ધ્યેય પ્રાપ્ત થશે. આ સેવાનો સાચો અને એક જ માર્ગ છે તે સમજીને સ્વીકારવો.

આ ગાથામાં શ્રદ્ધાનો મહિમા ગાયો અને તેની સાથે શ્રદ્ધાપૂર્વક દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ કરવી તે ખાસ સેવા કરવાને અંગે જરૂરી છે અને તે પ્રમાણે ભૂમિકાશુદ્ધિ વગરની કરેલી સર્વ સેવા–ભક્તિ છાર ઉપર લીંપણ સમાન છે એમ જાણવું. આ ઘણી રહસ્યની વાત છે અને સમજવા યોગ્ય છે. (૫)

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬

**અર્થ**—તમે સમજો કે સૂત્રમાં જે જણાવ્યું છે તેનાથી ઊલટું બોલવું તેના જેવું કોઈ પાપ નથી અને મૂળ સૂત્રમાં કહેલી વાતને અનુસરવું તેના જેવો કોઈ ધર્મ નથી. સૂત્રમાં જે રીતે કહેલ છે તેને અનુસારે ભવ્ય પ્રાણી જે ક્રિયા કરે તેનું ચારિત્ર શુદ્ધ છે, એમ તમારે જાણવું જોઈએ. (૬)

**ટબો**—તે માટે ઉત્સૂત્ર–સૂત્રથી વિપરીત ભાષણ સરખો બીજો કોઈ અશુભ–પાપ નથી અને સુત્ર અનુસારે પ્રવર્તીએ–તે જ ચારિત્રીઓ. (૬)

**વિવેચન**—અને સેવા–ભક્તિને અંગે બીજી અગત્યની વાત કરી દે છે, તે પણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે; એ રીતે કરેલી સેવા ખરું ફળ આપે છે અને અંતે આપણી સર્વ ધારણા પાર પડે છે. મુદ્દો એ છે કે સૂત્રસિદ્ધાંતમાં કહેલી વાતથી વિરુદ્ધ વાત કરવી કે બોલવું, તેના જેવું કોઈ પાપ નથી અને અંતે આ જીવને તો પાપ-પુણ્ય સાથે જ સંબંધ છે. તે ઘરબાર, વસ્તુ કે સગાંસંબંધી તો અહીં જ રહી જવાનાં છે; પણ પાપ અને પુણ્ય એ તો એની સાથે જવાનાં છે. તેમાં મુદ્દો એ છે કે સૂત્રસિદ્ધાંતમાં જે વાત જે પ્રકારે કરવાની કહી હોય તેનાથી ઊલટું બોલવું તેના જેટલી કોઈ પાપની હદ નથી, માટે સૂત્રમાં કહેલી વાત પ્રમાણે જ બોલવું–ચાલવું. જે સાધુ અથવા શ્રાવક સૂત્રથી વિરુદ્ધ બોલે, તેમાં જેમ કહ્યું છે

**પાઠાંતર**—'નહીં' સ્થાને એક પ્રતવાળો 'નહી' લખે છે, તે જૂની ગુજરાતી છે. 'જિસ્યો' સ્થાને 'જિસ્યૌ' પાઠ એક પ્રતમાં છે; એક છાપેલ પુસ્તકમાં 'જિસાં' પાઠ છે. 'જગ' સ્થાને 'જગિ' પાઠ એક પ્રતમાં છે. 'સરિખો' સ્થાને એક પ્રતમાં 'સરિષો' પાઠ છે. 'અનુસાર' સ્થાને એક પ્રતમાં 'અનુસરિ' પાઠ છે. 'તેહનું' સ્થાને એક પ્રતમાં 'તેહનો' પાઠ છે; ભીમશી માણેક પણ તે જ પાઠ આપે છે. 'પરિખો' સ્થાને એક પ્રતમાં 'પરિષો' પાઠ છે, ખ અને ષ નો અભેદ હતો. (૬)

**શબ્દાર્થ**—પાપ = અશુભ કર્મબંધ, પાપ (પ્રસિદ્ધ છે.) નહિ = ના. ઉત્સૂત્ર = સૂત્ર સિદ્ધાંતથી ઊલટું, સૂત્ર વિરુદ્ધ. ભાષણ = વદવું તે. જિસ્યો = જેવો, સરીખડો. ધર્મ = પુણ્ય, શુભ કર્મબંધ. નહિ = ના, નગ્નાત્મક. કોઈ = કોઈ પણ, એક પણ. જગ = દુનિયામાં, વ્યવહારમાં. નહિ = ન હોઈ શકે, ન થઈ શકે, નગ્નાત્મક. કોઈ = એકે. સૂત્ર = મૂળ સૂત્ર, આગમ. અનુસાર = તે પ્રમાણે, તે રીતે. ભવિક = ભવ્ય પુરુષ, મોક્ષમાં જવાને યોગ્ય સંપત્તિ મળે તો જનાર. જે = કોઈ પણ. કિરિયા = ક્રિયા, ગતિ, હિલચાલ. કરે = અમલમાં મૂકે, આચરે. તેહનું = તેનું, તે વ્યક્તિનું. શુદ્ધ = પવિત્ર, અનુકરણીય. ચારિત્ર = વર્તન, વર્તવું તે. પરિખો = જાણો, પરખો, સમજો, પરીક્ષો. (૬)

તેમ ન બોલે, તેવા ભાષણ જેવું આ દુનિયામાં કોઈ મોટું પાપ નથી. સૂત્રથી વિરુદ્ધ બોલાય તો મહાપાપ લાગે છે અને તેનાં પરિણામ ભોગવવાં જ પડે છે. તેથી સૂત્રની આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ બોલાય નહિ તેની ખાસ ચીવટ રાખવી. અને સૂત્રમાં કહેલ વાત પ્રમાણે ચાલવું, તેના જેવો આ દુનિયામાં બીજો કોઈ ધર્મ નથી. સૂત્રમાં કહ્યું છે, તે પ્રમાણે વર્તવું, એ આ દુનિયામાં ઘણી અગત્યની અને મોટા પુણ્યની વાત છે. આ બે નિયમો સેવન કરનારે બહુ ધ્યાનમાં રાખવા. સૂત્ર વિરુદ્ધ ન બોલવું અને સૂત્રમાં કહેલ કરવું, તે ખરેખરો ધર્મ છે.

શું કરવું અને શું ન કરવું તે સૂત્રમાં પ્રભુએ બતાવેલ છે, તેને અનુસાર સર્વ ક્રિયા કરવામાં આવે તે શુદ્ધ ચારિત્ર છે, એમ તમે સમજો. એટલે સૂત્રમાં કહેલ હોય તેની વિરુદ્ધ કાંઈ ન કરવું અને તેમાં કહેલ છે તે પ્રમાણે કરવું તે વિશુદ્ધ ચારિત્રની નિશાની છે. શુદ્ધ ચારિત્રવાન માણસ સૂત્રમાં કહેલ સર્વ કરે અને તેની વિરુદ્ધ કાંઈ ન કરે. આ શુદ્ધ ચારિત્રવાળા સૂત્ર અનુસારે ક્રિયા કરે તે શુદ્ધ ચારિત્રશાળી છે, એમ સમજવું અને એ રીતે કરેલી સેવા ફળવાન થાય. પછી તે ફળને ઇચ્છવાની કાંઈ જરૂર રહેતી નથી, પણ તે સ્વતઃ ફળ આપે જ છે અને સારું ફળ આપે છે. આ અગત્યનો નિયમ શુદ્ધ સેવા કરનારે લક્ષ્યમાં રાખવો એ સેવાને અંગે ઘણી જ જરૂરની વાત છે. આ સૂત્ર-સિદ્ધાંતની વાતનો ટૂંક સાર એ છે કે પરિણતિની નિર્મળતા કરવી અને વિષય-કષાયની મંદતા કરવી બાકી તો સૂત્રમાં ઘણી ઘણી વાતો કરેલ છે. આપણને એ સર્વ સમજવાની શક્તિ કે ફુરસદ ન હોય તો ઉપર જણાવેલ ટૂંકો સાર સમજમાં રાખવો અને તેને અનુસરીને કામ લેવું, અને ચારિત્રીઓમાં પેટભરા કોણ છે અને શુદ્ધ ચારિત્રવાન કોણ છે તે આ ધોરણે સમજી લેવું. અને કોઈ વાતનો મમત્વ ન કરતાં સદા આનંદમાં રહેવું અને પરિણતિની નિર્મળતા રાખવી. જે કરોડો ગ્રંથમાં કહ્યું તે ટૂંકામાં આ સ્તવનકર્તા પણ જણાવશે; અને તમારે તેને અનુસરવું. આ નિયમો સર્વ ધ્યાનમાં રાખી તમારે સેવા–ભક્તિ કરવાની છે, એનો નિરંતર ખ્યાલ રાખવો એ તમને પોતાને જ અંતે લાભ કરનાર છે. (૬)

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત 'આનંદઘન' રાજ પાવે. ધાર ૦૭

**પાઠાંતર**—'ઉપદેશનો' સ્થાને ભીમશી માણેક 'ઉપદેશનું' પાઠ છાપે છે, તે કચ્છી ભાષા ફેર છે; એક પ્રતમાં એ પાઠ છે. 'ચિત્તમાં' સ્થાને ભીમશી માણેક 'ચિત્તમેં' પાઠ આપે છે. 'તે નરા' સ્થાને પ્રતમાં 'તેહ નરા' પાઠ છે. 'ધ્યાવે' સ્થાને 'ધ્યાવૈં' પાઠ એક પ્રતમાં છે, એ પ્રાચીન ગુજરાતી શૈલી છે. 'પાવે' સ્થાને પ્રતમાં 'પાવૈં' પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—એહ = એ, દિશાસૂચક, તે. ઉપદેશનો = શિખામણનો. સાર = રહસ્ય, પરમાર્થ. સંક્ષેપથી = ટૂંકામાં, થોડાં વચનમાં. જે નરા = જે માણસો. ચિત્તમાં = મનમાં, માનસમાં. નિત્ય = અહોનિશ, દરરોજ. ધ્યાવે = ધ્યાનમાં લે, સદ્દહે, વિચારે. તે = તેઓ. નરા = માણસો, મનુષ્યો. દિવ્ય = દેવતાઓનું, દેવ સંબંધી. બહુ = ઘણા, અનેક. કાળ = વખત સુધી, લાંબા સમય સુધી, સુખ = પુણ્યનું ફળ, આનંદ. અનુભવી = જાતે ભોગવી. નિયત = જરૂર, ચોક્કસ. આનંદઘન = આનંદનો જ્યાં સમુદાય છે તેવું, આત્મિક સુખ. પાવે = પામે, ભોગવે, પ્રાપ્ત કરે. (૭)

**અર્થ**—એ શિખામણરૂપ ઉપદેશનું રહસ્ય જે ટૂંકામાં જાણે છે અને તેની મનમાં વિચારણા કરે છે તે વ્યક્તિ બહુ કાળ સુધી દેવતાઓનું સુખ ભોગવીને અંતે જરૂર આનંદના સમૂહનું રાજ્ય પ્રાપ્ત કરે એટલે એ જરૂર મોક્ષે જાય છે. (૭)

**ટબો**—ઉપદેશ-શિખામણનો સાર તે જ સંક્ષેપથી જાણવો, જે પ્રાણી ચિત્તમાં-મનમાં નિત્ય-સદા ધ્યાઈ-ધારે-પાળે તે પ્રાણી દેવલોકના ચિરકાળ લગે સુખ અનુભવીને નિયત-નિશ્ચયે આનંદઘન રાજ્ય-પરમાનંદ સુખ પામે; પ્રાણી. એટલે ચૌદમા શ્રી અનંતનાથનું સ્તવન પૂરું થયું. (૭)

**વિવેચન**—આપણો આ સર્વ પ્રયત્ન મોક્ષ જવાનો છે, આ સેવા પણ મોક્ષપ્રાપ્તિ માટે છે, તેથી જે લોકો ઉપર જણાવેલ ઉપદેશનો સાર સંક્ષેપમાં સમજી જાય, પોતે તે રહસ્યને વિચારી અનુસરે, તે બહુ કાળ સુધી દેવગતિનાં સુખો અનુભવી, છેવટે જરૂર આનંદઘનનું રાજ્ય પામે એટલે મોક્ષ જાય. આ સ્તવનમાં કહેલ ઉપદેશ નિરપેક્ષ વચન ન બોલવાનો અને ઉત્સૂત્ર ન બોલવાનો તથા ગચ્છવાદી બની ન જવાનો છે. આ સર્વ વાત પર વિચાર કરવાનો છે અને એનું રહસ્ય. જે આ સ્વવનમાં ટૂંકાણથી કહેવામાં આવેલ છે, તેને પકડી લઈ તેને અનુસરવાનો છે. જે પ્રાણી એમ કરે તે ઘણા વખત સુધી દેવગતિનાં અનેક સુખો ભોગવીને જરૂર અંતે આનંદઘનનું રાજ્ય પામે, આનંદસમૂહમાં લયલીન થઈ જાય. અને એવું થાય ત્યારે ઉપદેશ જાણ્યાનું ફળ પ્રાણીને પ્રાપ્ત થાય. તેથી આ સ્તવનમાં કહેલ ઉપદેશને વિચારી જોવાની પ્રાણીની ફરજ છે.

દેવતા સંબંધી સુખને દિવ્ય સુખ કહેવામાં આવે છે. ત્યાં ખૂબ આનંદ કરવાનો અને ફરવાનું છે અને એ સુખ અનુભવી અંતે મોક્ષ જવાનું છે. એ આપણું સાધ્ય છે માટે મોક્ષ અપાવે એવા આ સ્તવનના વિસ્તારમાં ટૂંકા ઉપદેશને બરાબર અનુસરવો અને એમ કરવામાં આપણે કાંઈ ભોગ આપવાનો નથી. સાપેક્ષ વચન બોલવું, નિરપેક્ષ વચન ન બોલવું, ગચ્છની ખોટી મારામારીમાં કે ચડસાચડસીમાં ભાગ ન લેવો અને સૂત્ર વિરુદ્ધ ન બોલવું એ કાંઈ પ્રયત્ન કે ભોગ માગે એવી વસ્તુ નથી. એટલે આ ઉપદેશને બરાબર સમજવો અને સમજીને તેનો અમલ કરવો. માત્ર એકલું સમજવાથી પણ લાભ નથી, અને સમજીને તેનો અમલ ન કરવામાં તો ઉઘાડું નિદ્ધંધસપણું છે. તેથી આખા સ્તવનમાં કહેલ ભાવને બરાબર સમજવો અને સમજીને તે પ્રમાણે વર્તન રાખવું. આ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે અને તુરત વગર અપવાદે અમલમાં મૂકવા યોગ્ય છે.

એ બધાનો ઝોક તો અંતે સેવા-ભક્તિમાં જ આવે છે. સેવા તો જરૂર કરવી, પણ સેવા કરતી વખતે આ આખું સ્તવન યાદ કરવું અને તે અનુસાર જીવન વહન કરવું. આ તો માણસ પારકી વાતો કરે ત્યારે ડાહ્યો થઈ જાય, પણ એના વર્તનનું ઠેકાણું નહિ. પોતાની વાત કરે, તો જાણે પોતાની અક્કલ દુનિયાના માણસોમાં હોય છે, તેથી વધારે ચાલે છે, એમ વાત કરે અને ચાલે ત્યારે છાતી કાઢીને ચાલે, પણ તે વખતે તેણે યાદ રાખવું જોઈએ કે ઘડપણમાં બધું શરીર નિર્બળ થશે અને પોતે જર્જરિત દેહવાળો નબળો થઈ જશે, અને અંતે એ સર્વ

થોડા વખત માટેનો જ મામલો છે આ ઉપદેશ ધ્યાનમાં રાખી સેવા કરશે તે ઉત્તરોત્તર માંગલિક્યમાળા પામશે અને અંતે થોડા વખતમાં ધારેલ સ્થળે પહોંચશે. આ સર્વ વાત વિચારણા માગે છે. ખુદ વર્તન પણ વિચારણા માગે છે અને એ સર્વ માટે આનંદઘન જેવા સાચાં વચનો કહેનારની જરૂર છે. આ સાચાં વચનને જે અનુસરવા નિર્ણય કરશે અને તદનુસાર જે જીવન ગોઠવશે તે અંતે મોક્ષપદ પ્રાપ્ત કરશે. આ સ્તવનની આખરે આનંદઘન એના કર્તા છે એમ સમજાવ્યું. લાભાનંદજીએ આનંદઘનના નામે જ અત્યારે ઉપલબ્ધ થતી કૃતિઓ લખી છે એ ધ્યાનમાં રહે. (૭)

## ઉપસંહાર

સેવાને માટે તૈયારી કરવાના માર્ગને બતાવનારું આ અતિ મહત્ત્વનું સ્તવન પૂર્ણ થયું. તેમાં અનેક પ્રકારનો બોધ આપવામાં આવ્યો છે. તે પ્રભુસેવા માટે બહુ વિચારવા જોગ છે. ગચ્છના ભેદની વાત આનંદઘનજી જેવા નિઃસ્પૃહી માણુસ જ ચોખ્ખા અક્ષરમાં કહી શકે. આનંદઘનજીને એ પ્રશ્ન પર પ્રકાશ પાડવાની જરૂર લાગી હતી એમ લાગે છે. એક તો જૈનોની સંખ્યા જ ઘણી નાની છે, તેમાં પણ શ્વેતાંબર, સ્થાનકવાસી અને દિગંબર; અને તેમાં પણ ગચ્છના ઝઘડાઓ—એમ ભેદના પણ પેટાભેદ થઈ જાય છે. મૂળમાં તો ગચ્છના ભેદ વહીવટ કે વ્યવસ્થા માટે થયા હશે, પણ વખત જતાં પોતાની સમાચારી ખરી અને સામાની ખોટી એવો હઠાગ્રહ થઈ જાય છે અને હઠ પછી આગ્રહનું રૂપ લે છે અને પોતાનો કક્કો ખરો કરવા ગમે તેવી દલીલ ચલાવે છે. પછી તો શાસ્ત્રના દાખલા અપાય છે અને લડાઈઓ ચાલે છે અને યુદ્ધક્ષેત્ર જામી જાય છે. આને માટે આનંદઘનજી તો કહી દે છે કે આવા ગચ્છાચારીઓ તત્ત્વની વાત કરે ત્યારે લજવાતા પણ નથી. તેઓના મુખમાં એ વાત શોભતી નથી. એક બાજુએ ગચ્છની સમાચારી માટે તકરાર કરવી અને બીજી બાજુએ તત્ત્વની વાત કરવી તે બે વાતને બને તેવું નથી. તેઓને તો આનંદઘને પેટભરા તરીકે વર્ણવ્યા છે. આવી ભાષા તો આનંદઘનજી જ વાપરી શકે. એ તેમનું નિખાલસ યોગી દિલ બતાવી આપે છે.

અને બીજો હિતોપદેશ તેઓ કેવી રીતે આપે છે તે ખાસ વિચારણીય છે. તેઓ કહે છે કે નિરપેક્ષ વચન બોલવું, તે ખરા જૈનને પાલવે નહિ. તેનો આખો પ્રદેશ સાપેક્ષ વચન બોલવામાં આવી જાય છે. આખા નયવાદ પર જૈનધર્મનો આધાર છે અને નયને ધ્યાનમાં રાખવા એ બહુ જરૂરી છે. સ્યાદ્વાદનો અર્થ અવ્યવસ્થા નથી, પણ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ ઉપર લક્ષ્ય રાખવાની વાત છે. એક ને એક માણુસ અમુક અપેક્ષાએ પિતા હોય તે બીજી અપેક્ષાએ પુત્ર પણ હોય છે. આ બન્ને વચનમાં અપેક્ષાભેદ છે. એ અપેક્ષા ધ્યાનમાં રાખી જે વચનવ્યવહાર કરે તે સાચો છે અને તે મુદ્દો ભાષાનો ઉપયોગ કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જુદા જુદા દૃષ્ટિબિંદુથી એકબીજાથી જુદી પડતી કે વિરુદ્ધ પડતી વાત પણ

સાચી હોઈ શકે છે એની શકયતા જે ધ્યાનમાં લે, તે સાચો વહેવારુ જૈન કહેવાય. આ નયવાદ માટે ઘણું કહેવાનું છે અને આયુષ્ય હશે તો તે પર એક લેખ લખવાનો મારો વિચાર છે. જૈનશાસનમાં આ નયવાદ અને સ્યાદ્વાદ બહુ અગત્યના સિદ્ધાંતો છે અને તે સમજીને જમાવવા યોગ્ય છે, એટલું તો અહીં ખાસ કહેવું જોઈએ.

અને જે બોલવું તે સૂત્ર–મૂળ–સૂત્ર–ને અનુસરીને બોલવું અને સૂત્ર–સિદ્ધાંતનો વિરોધ કરે તેવી વાત કદાપિ પણ બોલવી નહિ અને તેનો આશય કે ઉદ્દેશ સમજવા પૂરતો પ્રયત્ન કરવો. કોઈ કોઈ વાત ન સમજાય, ત્યારે પૂર્વકાળના લેખકોએ જાહેર રીતે લખ્યું કે–આ મત સિદ્ધાંતકારનો છે અને આ મત કર્મગ્રંથકારનો છે, તત્ત્વ કેવળી જાણે. એટલે એમણે બે મતો હોય ત્યાં તત્ત્વ શું છે, ખરી વાત કઈ છે, તે જણાવવાને સ્થાને 'તત્ત્વ કેવળી જાણે' એટલું જ કહ્યું છે. આવા ઘણા મતફેરોનો પુરસ્કાર શ્રીમદ્ યશોવિજયજીએ કર્યો છે. અહીં કહેવાની વાત એ છે કે સૂત્ર-સિદ્ધાંતના મતે વિરુદ્ધ વાત બેસતી હોય ત્યાં પણ સરળતા રાખવી અને પોતાનો મત આપતી વખતે યાદ રાખવું, કે આ કાળમાં, આ ક્ષેત્રમાં તો બુદ્ધિની મર્યાદા છે. આવી સરળતાપૂર્વક બોલવાની ના નથી, પણ આખરે આપણી બુદ્ધિને પણ મર્યાદા છે. અને તેની હદમાં રહી શોભે તેવું બોલવું અને સૂત્ર સિદ્ધાંત વિરુદ્ધ તો ન જ બોલવું. આ હિતોપદેશ છે. તે હિતોપદેશ ધ્યાનમાં રાખી શુદ્ધ-ગુરુ-ધર્મને ઓળખી જે ક્રિયા કરશે તે પરમપદને પામશે અને આ ભવજળનો અંત લાવી મુક્તિ સુંદરીને સહેજે વરશે. આ વાત પર ધ્યાન રહે. (૧૪)

ફેબ્રુઆરી : ૧૯૫૦ ]

## ૧૫

# શ્રી ધર્મનાથ જિન સ્તવન

**સંબંધ**—આપણે અગાઉનાં સ્તવનોમાં પ્રભુપૂજા–સેવા–ભક્તિનો મહિમા વર્ણવ્યો. એ સેવામાં કેવી રીતે લીન થઈ જવું જોઈએ તે બતાવવાના અનેક દિશાએથી પ્રયત્ન કરવાના છે, કારણ કે આપણે સેવા–ભક્તિ કરી પ્રભુનું સામ્ય પ્રાપ્ત કરવું છે. આવો મજબૂત મુદ્દો હાથમાં આવી ગયો છે તેને બહુલાવવા અને તેને પ્રધાન સ્થાન પર લાવવાનો આ પ્રયત્ન છે, અને તેથી પ્રભુસેવા–ભક્તિનો આપણે જે એક મુદ્દો નક્કી કર્યો છે, એ જ મુદ્દા ઉપર આપણે કેટલાંક સ્તવનો તપાસ્યાં. એમાં લેખકનો એક જ આશય છે: સેવા–ભક્તિને જુદા જુદા દૃષ્ટિકોણથી તમે બરાબર સમજી જાઓ અને તે દ્વારા તમારી પ્રગતિ વધારો. એ પ્રમાણે કરવું તમારે જરૂરી છે. બાકી, આ દુનિયાનાં કાર્યોમાં ફસાઈ જશો, તેમાં જ તમારી ઇતિકર્તવ્યતા માનશો, તો તમારો આરો નહિ આવે. તમે સંસારસમુદ્રમાં ગોથાં ખાધા જ કરશો અને એનો પાર કદી પણ નહિ પામો. તમે જરા સંસારનાં વેધ–વચકા, નિંદા, કૂડ–કપટ અને રાજ્યદ્વારી રમતો જુઓ અને તેમનું પૃથક્કરણ કરતાં જણાઈ આવશે કે તે પણ એક જાતનો સંસાર જ છે અને તમને દુન્યવી બનાવવાનો જ પ્રયાસ છે અને રાગદ્વેષના પૂતળાને ચાવી દઈ જેમ નચાવશો તેમ નાચે, તેવા તે સર્વ પ્રયત્નો છે. આ પ્રયત્નમાંથી માખણ તારવવું અને તે પ્રયત્નોનો લાભ લેવો તે તમારી અનિવાર્ય ફરજ છે. અને પ્રાણી એક વાર આત્મસન્મુખ થાય ત્યાર પછી તેને સૂઝી રહે તેવો તે માર્ગ છે. આત્મસન્મુખતાની વાત પર છીએ, ત્યારે કહી નાખીએ કે એ અત્યંત મુશ્કેલ માર્ગ છે, પણ જરૂર આદરવા યોગ્ય છે, માટે તમારી જાતે વિચાર કરો અને વસ્તુ તેમ જ આજુબાજુના સંયોગોનું મૂલ્યાંકન કરો. અને તમે જેમ જેમ વિચાર કરશો તેમ તેમ તમને ખરી વસ્તુસ્થિતિ જણાશે અને દુન્યવી વાતાવરણ કરતાં વધારે બીજા સ્વચ્છ વાતાવરણમાં તમે આવી પડશો. આ રીતે તમે પ્રભુભક્તિમાં લીન થઈ જાઓ અને તેને જ તમારું કર્તવ્ય માનો એ દૃષ્ટિએ તમારા મન પર ઠસામણ કરવા માટે આ સ્તવન લખાયલું છે. તમારે બહુ ચેતવાનું છે, ઘણું સમજવાનું છે. આ દૃષ્ટિ ધ્યાનમાં રાખી આપણે સેવના કેળવવા માટે આ સ્તવનનો વિચાર કરીએ.

**સ્તવન**

(રાગ ગોડી, સારીંગ; દેશી રસીઆની; કોઈ સ્થાને સારંગ રસીઆની દેશી એમ લખેલ છે.)

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર;
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુલવટ રીત, જિનેશ્વર. ધર્મ૦ ૧

**પાઠાંતર**—'જિનેશ્વર' સ્થાને પ્રતમાં 'જિનેસર' પાઠ છે. 'ગાઉં' સ્થાને 'ગાવું' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'રંગશું' સ્થાને 'રંગસ્યું' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'પડશો' 'પડીયો' સ્થાને પાઠ છે

**અર્થ**—ધર્મનાથ નામના પંદરમા તીર્થંકરને હું આનંદપૂર્વક ગાઉં છું, તેમનાં ગુણગાન કરું છું. આ પ્રેમના વિષયમાં જરા પણ આંતરો ન પડશો, એ તો હમેશાં ચાલુ રહેજો. મારા ચિત્તરૂપ મંદિરમાં–સ્થાનમાં આપ સિવાય બીજા કોઈને લાવું નહિ, એમ કરવું એ અમારા સારા કુલીનપણાની રીતિ છે, સારા કુટુંબમાં હોવાની એ અમારી ટેક છે. (૧)

**ટબો**—આ સ્તવનનો ટબો જ્ઞાનવિમળસૂરિ નીચે પ્રમાણે વર્તમાન ગુજરાતીમાં જણાવે છે. એ ચૌદમા સ્તવનમાં સેવાનું દુષ્કરપણું કહ્યું. સેવામાં સ્તુતિસેવા વળી વિશેષે છે, જેટલા માટે ધર્મનાથના સ્તવનમાં પ્રભુના ગુણ ગાવા કહે છે. શ્રી ધર્મનાથ જિનેશ્વરની રંગકારી–પ્રેમધરી હું ગુણવર્ણના કરું, એ શ્રી વીતરાગ સાથે પ્રીતિપ્રેમનો ભંગ મ પડજ્યો. હે જિનેશ્વર! તમારા વિના બીજો અવર દેવ મનમાં ધ્યાવવા રૂપે ન આણું તે સેવનાની વાત એ તમારા કુલવટની–સમ્યગ્દષ્ટિના કુલની એ જ રીત છે, વીતરાગ વિના બીજો દેવબુદ્ધિએ ચિત્તમાં ન વંછું, ન વાસ કરાવું. (૧)

**વિવેચન**—પૂજા–સેવા–ભક્તિ ભગવંતની કરવી તેનો ગહિમા જુદાં જુદાં દષ્ટિબિંદુઓથી બતાવ્યો અને આ પ્રાણીઓએ જો પ્રભુની પેઠે મોક્ષ મેળવવું હોય અને સંસારમાં એક ખાડામાંથી બીજા ખાડામાં થોડા વખત માટે પડવાની રીતનો છેડો લાવવો હોય, તો તેનો એક રસ્તો સાચા દિલની સેવાનો અને તે પણ ભગવંતની સેવાનો છે એમ જાણ્યા પછી હવે તેવી સેવા કેમ થાય તેનો તે વિચાર કરે છે, તે આપણે જોઈએ :—

ધર્મનાથ નામના પંદરમા તીર્થંકરના ગુણોને હું ગાઉં છું, હું તેના ગુણ વર્ણવી બતાવું છું, તે તમે સાંભળો અને તે પણ રંગરાગપૂર્વક હોંસથી હું કહી બતાવું છું. મને કોઈ તે ગુણ ગાવાની ફરજ પાડતું ન હતું, પણ મારા હૃદયના ઉમળકાથી રંગરાગપૂર્વક સ્વતઃ હોંસથી એ ગુણો ગાઉં છું. મારે પ્રભુની પેઠે મોક્ષ મેળવવું છે, તેથી સર્વ કર્મ પર વિજય મેળવી મોક્ષમાં ગયેલા પ્રભુનાં ગાન કરું તો આખરે હું પણ પ્રભુના જેવો થઈ જઉં. તે ગાવાનો પ્રયત્ન હું કેવી રીતે કરું છું તે હું તમને કહી બતાવું છું. (આ આપણને આનંદઘન કહે છે.) તેમાં પહેલી શરત એ છે કે પ્રભુ સાથે મને જે પ્રેમ થયો છે તેમાં જરાં પણ વાંધો ન આવે એવું આપ કરશો; એટલે હું નિરંતર પ્રભુનાં ગુણગાન કર્યા કરું. મારા મનરૂપ મંદિરમાં બીજા કોઈ દેવને હું લાવું નહિ, પણ પ્રભુ તરફના પ્રેમને લીધે હું નિરંતર પ્રભુના ગુણનાં ગાનો

---

પ્રતમાં છે, તે વિચારણીય છે. 'રીત' સ્થાને એક પ્રતમાં 'રીતિ' પાઠ છે; બીજી પ્રતમાં 'રિતિ' શબ્દ છે. 'ધર્મ' સ્થાને પ્રથમ પંક્તિમાં 'ધમ્મ' પાઠ છે. 'જિનેશ્વર' સ્થાને બન્ને પ્રતમાં 'જિનેસર' પાઠ છે, અર્થ ફરતો નથી. (૧)

**શબ્દાર્થ**—ધર્મ = ધર્મનાથ નામના પંદરમા તીર્થંકર. જિનેશ્વર = દેવ, જિન ભગવાન, તીર્થંકરદેવ. ગાઉં = ગાન કરું, વર્ણવું. રંગશું = હોંશપૂર્વક, સ્નેહથી. ભંગ = અટકાયત, આંતરો. મ પડશો = ન થજો, ન હોજો. પ્રીત = પ્રીતિ, પ્રેમ, આકર્ષણ. જિનેશ્વર = જિનેશ્વર, પ્રભુ, દેવ. બીજો = અન્ય કોઈ, કોઈ પણ. મનમંદિર = મનરૂપ મંદિરમાં, મનરૂપ સ્થાનમાં. આણું નહિ = લાવું નહિ, લઉં નહિ. એ = ઉપર પ્રમાણે વાત કરવી. કુલવટ = અમારા ઘરની, કુળની, કુટુંબની ટેક. રીત = હદ, પરંપરા. (૧)

કર્યા કરું એ બીજી વાત થઈ. અમારા કુળની એવી રીત છે કે અમારા મનમાં કે સંકલ્પમાં બીજો કોઈ કદી આવે નહિ અને અમે જે કુળમાં જન્મ્યા છીએ તેની રીતિ અને વટ એવાં છે કે, એમાં બીજી ભળતી વાત હૃદયમાં આવે જ નહિ. જેમ સતી સ્ત્રીઓનો એવો કુળવટ-ધર્મ હોય છે કે તેના મનમાં અન્ય કોઈ પુરુષ પ્રવેશે જ નહિ; એ તો પતિને જ ઇચ્છે અને બીજાનો સંકલ્પ કદી કરે નહિ, તેમ મારા કુળવટની રીત છે કે હું એક માત્ર પ્રભુને જ મારા હૃદયમાં ધારી રાખું અને બીજો મારા હૃદયમાં કદાપિ પણ દાખલ થાય જ નહિ.

અહીં બીજા સર્વ દેવોને હૃદયમંદિરમાં સ્થાન ન આપવાનો અને માત્ર એક જ ધર્મનાથ સ્વામીની આરાધના કરવાનો અને તેને વળગી રહેવાનો નિર્ણય પ્રાણી કરે છે અને તેને વળગી રહેવાનો જાહેર એકરાર–કબૂલાત કરે છે, એમાં પ્રભુ તરફનો એનો પ્રેમ દેખાઈ આવે છે. એને બીજા દેવો દેરફ દ્વેષ નથી, પણ પ્રભુ તરફ પ્રેમ છે, પ્રીતિ છે, એનું એ પ્રદર્શન કરે છે. ઘણી અગત્યની વાત સેવા–ભક્તિમાં એકાગ્રતાને અંગે કરવાની છે તે આપણે હવે એક પછી એક જોશું. પણ કુળવટ આ રીતે નોંધવા લાયક છે અને અનુકરણ યોગ્ય છે. અને પ્રભુ પણ જેવા તેવા મળ્યા નથી. એ નિરંજન નિરાકાર છે, એમનામાં અરાગ, અદ્વેષ, વિકથાનો ત્યાગ વગેરે અસાધારણ ગુણો છે. અને તેને વશ પડેલો આ જીવ પ્રભુમાં એકાગ્ર થઈ, તેમના ગુણનું ગાન કરવાને અંગે તેને થયેલ નવીન અનુભવો વર્ણવે છે. (૧)

ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર;
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ, જિનેશ્વર. ધર્મ૦ ૨

**અર્થ**—દુનિયા આખીના લોકો મુખેથી ધરમ ધરમ કરતા ફરે છે, પણ તેઓ ધર્મનું રહસ્ય કે ધર્મનો સાર જાણતા નથી, સમજતા નથી. ધર્મનાથ તીર્થંકરના પદકમળને પકડ્યા પછી કોઈ પ્રાણી કર્મથી લેપાય નહિ, ખરડાય નહિ. (૨)

**ટબો**—'ધર્મ, ધર્મ' નામ કહેતા સૌ ફરે. 'ધર્મ' શબ્દે કુલ દેશ પાષંડાદિ ઘણાંએ નામ છે, પણ 'ધર્મ' શબ્દનો મર્મ નથી લેતો; દુર્ગતિમાં પડતાં ધરઈ તે ધર્મ અથવા આત્મ

---

**પાઠાંતર**—'જગ સહુ ફીરે' સ્થાને 'કાં સૌ ફીરે' એવો પાઠ પ્રતમાં છે; ભીમશી માણેક 'ફિરે' છાપે છે; એક પ્રતમાં 'કાં સુ ફિરે' એમ પાઠ છે. 'જાણે' સ્થાને પ્રત લખનાર 'જાણૈ' પાઠ લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'જિનેશ્વર' સ્થાને એક પ્રતમાં 'જિનેસર' પાઠ છે બંને સ્થાને. 'પછી' સ્થાને ભીમશી માણેક 'પછિ' છાપે છે. (૨)

**શબ્દાર્થ**—ધરમ = ધર્મ, ફરજ બજાવવી તે. ધરમ = ધર્મ ધર્મ ક્યાં કરે છે, મુખેથી બોલ્યા કરે છે. જગ = દુનિયા, માણસો. કરતો = બોલતો, ધર્મી થાઓ એમ કહેતો. ફીરે = ફરે છે, બોલતો જાય છે. પણ ધરમ = ધર્મ, એ ધર્મ શબ્દ શું છે. ન જાણે = સમજે નહિ, આદરે નહિ. મર્મ = રહસ્ય, તત્ત્વ, સાર. ધરમ = ધર્મ, પંદરમા પ્રભુ. જિનેશ્વર = તીર્થંકર દેવ, પ્રભુ. ચરણ = પગો, તે ગ્રહ્યા = પકડ્યા પછી. કોઈ = ગમે તે, કોઈ પણ. ન બાંધે = ન સ્વીકારે, ન આદરે. કર્મ = કોઈ જાતનું કર્મ, સંસારી પ્રાણીને બંધાતાં કર્મો. (૨)

સ્વભાવ તે ધર્મ, दुर्गतिप्रपतत्प्राणिधारणाद्धर्म उच्यते । संयमादिदशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥ તે માટે ધર્મ જિનેશ્વરના ચરણ ગ્રહ્યા–ધ્યાયા. એ પ્રમાણે કોઈ ધ્યાયતો કોઈ કર્મ ન બાંધે, જે શબ્દને ભાવે આદરતો જાય, તેમ તેમ કર્મના બંધ ન થાય. (૨)

**વિવેચન**—હવે ભક્તિ કરવા પહેલાં પ્રાણીને તૈયાર કરવાની શરતો વધારે કહે છે. આ દુનિયા 'ધર્મ, ધર્મ' એમ પોકાર કરતી ચાલે છે, પણ ધર્મનો ખરો સાર (રહસ્ય) જાણતી નથી. એ તો ધર્મની વાતો કરવામાં જ અને ધર્મી દેખાવામાં જ આનંદ લે છે, પણ ધર્મ શું અને ખરો તે કેવો હોય તે જાણતા નથી. ધર્મમાં આત્માને બરાબર ઓળખવો, આત્મિક ધર્મ શું છે તે સમજવું, તે ખરો ધર્મ છે એમ સમજવું અને આત્મા પુદ્ગળથી ન્યારો છે એમ સમજવું એ બહુ અગત્યની વાત છે. ધર્મી હોવાનો દેખાવ કરવાથી સાચે ધર્મ મળતો નથી. અને જ્યાં સુધી આત્મા પુદ્ગળથી જુદો છે એમ સમજાય નહિ ત્યાં સુધી સાચો ધર્મ સમજાતો નથી. અને એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી ધર્મી હોવાનો દેખાવ કરવાથી કાંઈ વળતું નથી, સાચો લાભ ઉઠાવી શકાતો નથી અને આપણું સાધ્ય પ્રાપ્ત થતું નથી. ખરી રીતે આત્માને ઓળખવો અને તેને પુદ્ગળથી જુદો જાણવો એ ધર્મના જ્ઞાનની પ્રાણીને બહુ જ જરૂર છે. જ્યાં સુધી આત્મા બરાબર ઓળખાય નહિ અને તેની અને પુદ્ગળ, જે અજીવ છે, તે વચ્ચેનો તફાવત જણાય નહિ ત્યાં સુધી પોતાને ધર્મી માનવો કે ધર્મી હોવાનો દાવો કરવો એ બેહૂદી વાત છે. માટે આ આત્મિક ધર્મનું રહસ્ય પ્રાણીએ જાણ્યું નથી અને પછી તે ધર્મી હોવાનો દાવો કરે તે વાત બરાબર નથી. ધર્મી ખરો કોણ હોય તે હવે સાથે જણાવી દેશે.

પહેલી વાત તો એ છે કે ધર્મનાથ નામના પંદરમા તીર્થપતિ કે બીજા કોઈના ચરણ-કમળ ઝાલ્યા પછી પ્રાણી કોઈ પણ કર્મને બાંધતો નથી; કર્મ બાંધતો નથી એટલે નિકાચિત કર્મ બાંધતો નથી એમ સમજવું. બાકી નિકાચિત ન હોય તેવાં સામાન્ય પ્રદેશોદયથી ઉદયમાં આવનાર કર્મ તો પ્રાણી છેલ્લી ઘડી સુધી બાંધે છે. વાત એ છે કે સંસારમાં રખડાવનાર નિકાચિત કર્મોને પ્રાણી બાંધતો નથી, એ સાચા ધર્મી હોવાની નિશાની છે. અને એ દૃષ્ટિએ એનો ધર્મી હોવાનો કે ધર્મી દેખાવાનો દાવો ટકી શકતો નથી. હું શિવધર્મી છું કે બૌધ છું એવો દાવો કરીને લોકો પોતાની જાતને કે જગતને છેતરવા પ્રયત્ન કરે છે, પણ જ્યાં સુધી એ આત્માને બરાબર ઓળખે નહિ અને પુદ્ગળથી અલગ છે એમ જાણે નહિ, ત્યાં સુધી ધર્મી દેખાવાના તેના ડોળને જરાયે વજૂદ આપવું નહિ. ખરો ધર્મી માણસ તો તે કહેવાય કે જે નવાં નિકાચિત કર્મ ન બાંધે અને સંસારનું પર્યટન પૂરું કરે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે તેનો ધર્મી હોવાનો દાવો ટકે છે, સાચો થાય છે. સાચા ધર્મને તો આત્માના પૃથક્કરણપૂર્વકના જ્ઞાનની જરૂર છે અને તે સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર સમકિતી પ્રાણીને જ પ્રાપ્ત થવા સંભવ છે. માટે ધર્મી હોવા કે દેખાવાનો ખોટો દાવો કરવો નહિ અને નવાં નિકાચિત કર્મ બાંધવાં નહિ, એ ખાસ આવશ્યક શરત છે. આ તફાવત જે જાણે તે પ્રાણી જ ખરો ધર્મી હોઈ શકે અને તે સિવાયના પ્રાણી સંસારમાં રખડનાર છે એમ સમજવું (૨)

પ્રવચન અંજન જો સદ્દગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર;
હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન, જિનેશ્વર. ધર્મ ૦ ૩

**અર્થ**—સાચા ગુરુ જો આગમરૂપ આંજણ કોઈની આંખમાં આંજે તો તેના પ્રતાપે મહામૂલ્યવાન દાટેલ ભંડારને જુએ, હૃદયરૂપ આંખ જગતના શેઠને–ઉપરીને જોઈ શકે અને એનો મહિમા તો ખૂબ મોટો છે, મેરુ પર્વત જેટલો તે ઊંચો છે, મોટો છે તેમ જુએ. (૩)

**ટબો**—તે ધર્મ તો પ્રવચનરૂપ અંજન જો સદ્દગુરુ કરે તો પરમનિધાન ધર્મરૂપ તે દેખીએ, હૃદય–ચિત્ત–નયનને વિષે જે નિહાળે–ચિંતવે, તે ત્રિભુવન ધણી, તેનો મહિમા–પ્રભાવ મેરુથી પણ અધિક હોય. (૩)

**વિવેચન**—આવી રીતે ધર્મ ધર્મ કરતો હું તો ભારે ગોટાળે ચઢી ગયો, પણ એમાં મારું કાંઈ વળ્યું નહિ; મારા અનંત ફેરા નકામા ગયા અને નફામાં હું અહીંતહીં રખડતો ફર્યા જ કર્યો અને મારા હાલ-બેહાલ થઈ રહ્યા છે. હવે તો સાચા ગુરુ મહારાજ મને પ્રવચનરૂપ આંજણ આંજે તો જમીનમાં દાટેલ મહામૂલ્યવાન ખજાનો દેખાઈ આવે. અસલ મેલી વિદ્યાને પરિણામે જમીનમાં દાટેલ ખજાનો પણ ઘટતા આંજણને પ્રયોગે મનુષ્યો જોઈ શકતા હતા, પોતે અદૃશ્ય થાય. અને હાલ જેમ કેટલાક જમીનમાં રહેલ પાણીની હાજરી ભાખી શકે છે (diviner કહેવાય છે), તેમ પ્રવચનરૂપ આંજણ જો સદ્દગુરુ આંજે, તો મહામૂલ્યવાન ખજાનો મારી નજરે પડે. આ પરમ ખજાનો તે આત્મિક જ્ઞાન છે. એક વાર જીવ અને પુદ્દગળ જુદાં છે એમ જણાઈ જાય અને તેનો ઉપદેશ મને ગુરુ મહારાજ કરે, તો જમીનની અંદર દાટેલ ખજાનાનાં દર્શન થાય. આ વાતમાં સોના-રૂપાની કે બીજી કોઈ મૂલ્યવાન દાટેલ વસ્તુની વાત નથી, પણ સાચો ભંડાર તો આત્માને ઓળખવો તે જ છે. એ રૂપ દાટેલ ધન દેખાઈ આવે, પ્રગટ થાય એવા સુગુરુની મારે અત્યારે જરૂર છે. એવા ગુરુથી જ્યારે સુંદર વક્તવ્ય થાય, તે મને સાચી સ્થાયી વસ્તુનું ભાન કરાવે, ત્યારે મારો આ ફેરો સફળ થાય અને મારું ચોક્કસ કામ થઈ જાય. ત્યારે મારી

---

**પાઠાંતર**—'કરે' સ્થાને પ્રતમાં 'કરૈ' એવો પાઠ છે, તે જૂની ગુજરાતી છે. પ્રથમ પાદમાં 'કરે' સ્થાને બીજી પ્રત લખનાર 'કેરે' પાઠ લખે છે. 'દેખે' સ્થાને બંને પ્રત લખનાર 'દેખૈ' પાઠ લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'નયન' પછી એક પ્રતકાર''ન' શબ્દ ઉમેરે છે. 'નિહાળે' સ્થાને ભીમશી માણેક 'નિહાલે' છાપે છે; પ્રતમાં પણ તે જ પાઠ છે. (૩)

**શબ્દાર્થ**—પ્રવચન = શાસ્ત્ર, આગમ. અંજન = આંજણ, મસ. જો = સંબંધક; જો, તો. સદ્દગુરુ = સારા ગુરુ, શિખવનાર મહાપુરુષ. કરે = આંજે, ભરે, ભરી આપે, આંખમાં આંજણ આંજે. દેખે = જુએ, ઓળખી શકે. પરમ = મૂલ્યવાન, કીમતી. નિધાન = જમીનમાં દાટેલ નિધિ. હૃદય = અંદરથી, આત્મિક. નયન = આંખ, ચક્ષુ. નીહાળે = નિરખે, જુએ, જાણે. જગધણી = જગતના શેઠને, દુનિયાના શિરતાજને. મહિમા = વડપણ, ગુરુતા. મેરુ = મેરુ પર્વત ઊંચાઇમાં લાખ ગાઉ છે, ખૂબ ઊંચી જગા. સમાન = બરાબર. (૩)

હૃદયરૂપ આંખો જગતના ધણીને બરાબર દેખે, નજરોનજર જુએ; ત્યારે એને માલૂમ પડે કે એ તીર્થપતિનો મહિમા–મોટાઈ તો મેરુ પર્વત જેટલી મહાન છે. એક લાખ જોજનનો સોનાનો મેરુ આ જંબુદ્વીપની વચ્ચે આવેલ છે. એ જેટલો ઊંચો છે તેટલો જ મારા તીર્થપતિ શ્રી જિનેશ્વર દેવનો મહિમા મોટો છે. આવી રીતે પ્રભુને ઓળખવાનું પરિણામ તેની એક વૃત્તિએ સેવા કરવામાં અને તેમાં તમન્ના લગાવવામાં આવે છે.

ગુરુ મહારાજ–સદ્ગુરુનો કેવો પ્રભાવ છે અને તેને માટે કેટલું માન હોવું જોઈએ, એ આ પદ્યથી સ્પષ્ટ થાય છે. તીર્થપતિનો મહિમા કેટલો મોટો છે, તે પણ આ ગાથાથી સ્પષ્ટ થાય છે. એ મહિમા મેરુ જેટલો છે એમ એને ખાતરી થતાં અને પોતાના ગુરુ પાસે એનું પ્રવચન સાંભળતાં એ રાજી થઈ જાય છે અને પોતાના કાર્યમાં લાગી જાય છે. તે આ દુનિયાના ફાંદાઓ જુએ છે અને સર્વ પૌદ્ગલિક છે એમ તેને ખાતરીપૂર્વક જણાય છે અને પોતાની સેવાભાવનાના વિચારમાં એ દૃઢ થાય છે. ખરી પિછાન પોતાની જાતને ઓળખવામાં છે: એક જાણે તો સર્વને જાણે, એક આત્માનો બરાબર પરિચય થતાં તે અનેક આત્માને પણ જાણે. એને પરિણામે એ સાચા દેવની સેવામાં ચાલુ રહ્યા કરે અને જે સેવાભાવની મુશ્કેલી અગાઉ જણાવી છે, તે હળવી થઈ જાય અને આ પ્રાણીનું કામ થઈ જાય. આત્માને બરાબર ઓળખવાની અત્ર પ્રેરણા છે. ઘણા જૂના કાળથી છુપાયેલું આત્મ-દ્રવ્ય પોતાની પાસે જ છે, અને પોતામાં જ ભરેલું છે એ જાણવાની અને એને ઓળખવાની બહુ જ જરૂર છે. એ જાણો એટલે સર્વ જાણ્યું અને એના જાણ્યા વગરના સર્વ પ્રયાસો નિરર્થક છે, એવું બરાબર સમજવું. માટે હૃદયચક્ષુને ખુલ્લાં કરો અને આવડો મોટો મેરુ પર્વત, તેના સરખા પ્રભુના મહિમાને બરાબર જાણો અને પ્રભુસેવા માટે તૈયાર થઈ જાઓ. (૩)

દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ, જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર. ધર્મ૦ ૪

**અર્થ**—આ પ્રાણી તો દોડતાં–નાસતાં–ભાગતાં દોડ્યો જ ગયો, એના મનની જેટલી દોટ હતી તેટલો તે ભાગી ગયો–દોડ્યો, પણ પોતાની નજીકમાં જ જે સૌહાર્દની ખાતરી છે તે તો વિચારો અને તે વિચાર કરી ગુરુ મહારાજ પાસેથી મળતું જ્ઞાન જોડી લેજો, જમાવજો. (૪)

---

**પાઠાંતર**—'દોડિયો' સ્થાને પ્રતકાર 'દોડીઓ' લખે છે; અર્થ ફરતો નથી. 'દોડ' સ્થાને બીજા પાદમાં પ્રતકાર 'દોડી' શબ્દ લખે છે. 'પ્રતીત' સ્થાને 'પ્રતીતિ' શબ્દ પ્રતમાં મૂકેલ છે. 'ઢુંકડી' સ્થાને પ્રતવાળો 'ઢુકડી' શબ્દ લખે છે, બીજી પ્રતમાં 'ઢૂંકડી' પાઠ છે; ભીમશી માણેક એ પાઠ છાપે છે. 'લેજો' સ્થાને પ્રતવાળો 'લેજ્યો' શબ્દ લખે છે.

**શબ્દાર્થ**—દોડત = દોડતાં, ચાલતાં, વર્તતાં. દોડિયો = દોડ્યો, આગળ વધ્યો. જેતી = જેટલી, જેવી. મનની = અંદરની. દોડ = નાસવું તે. પ્રેમ = આકર્ષણ, ખેંચાણ. પ્રતીત = પ્રતીતિ, ખાતરી, ચોખવટ. વિચારો = જાણો. ઓળખો. ઢુંકડી = નજીકની, પાસેની. ગુરુગમ = ગુરુ પાસે સમજણ લેવી તે. લેજો = સમજજો, જાણજો. જોડ = જોડી લેજો, એને સાથે રાખજો. (૪)

**ટબો**—દોડિ–આત્માની સંકલ્પાદિકે કરી અનેક પ્રકારે દોડે, જેટલી એક મન કલ્પના તેટલા લગે દોડે, પણ પ્રેમ પ્રતીતિ વિચારી જોતાં, તે ધર્મની–દોડિ (?) ઢૂંકડી છે. જે ગુરુગમ–ગુરુપારતંત્ર્યની જોડે લઈએ એટલે ગુરુપરાધીને પ્રવચનથી પામીએ. (૪)

**વિવેચન**—અને મારા પ્રભુ! મારી કેટલી કથની કહું? મેં ધર્મ ધર્મ એમ કહ્યા કર્યું, ધર્મી હોવાનો દાવો કર્યો, દેખાવ કર્યો, અને હું દોડતાં દોડતાં એટલું દોડયો કે મારું મન જ્યાં સંકલ્પ-વિકલ્પ કરે ત્યાં પહોંચી ગયો. મન તો આપણે અહીં હોઈએ ત્યાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જઈ આવે. મન એવી રીતે આખો વખત અનેક સંકલ્પ-વિકલ્પ કરે છે. અને ઘણા સંકલ્પ-વિકલ્પને પરિણામે એ ગમે ત્યાં જઈ આવે છે. આવી રીતે ઘણીવાર મારા મનથી તો અનેક જગ્યાએ જઈ આવ્યો અને હું જાતે તો અહીં જ રહ્યો. ઘણીવાર આ તીર્થમાં પ્રભુ હશે એમ ધારી ત્યાં આંટા મારી આવ્યો અને ધર્મને પણ નિષ્ફળ રીતે અનેક જગોએ શોધ્યો, છતાં મારો કાંઈ દિવસ ઊગ્યો નહિ. મારે જે કરવાનું હતું તે ન કરતાં આમ વલખાં માર્યાં જ કર્યાં. પણ પ્રેમની–સ્નેહની ખાતરી તો તમારી નજીકમાં જ છે. ખરેખરું તો મારે આત્માની ઓળખાણ કરવાનું છે અને તે માટે ગમે ત્યાં જવાનું નથી, એ તો તમારી પાસે જ છે. તેને આ પ્રાણી ઓળખતો ન નથી, અને તેને માટે જ્યાં ત્યાં દોડાદોડ કરી, તેને શોધવા આકાશ-પાતાળ એક કરે છે.

આ પ્રાણી પાસે રહેલ વિભૂતિને ઓળખી લેજો, અને તેને પિછાનવા માટે સ્તવનકર્તા ભલામણ કરે છે કે તમારી નજીકની વસ્તુનો પ્રેમ કરવા સારુ તમે ગુરુ તરફની દોરવણી ઉપર ધ્યાન આપજો. એમાં ગુરુની તરફ એક પ્રકારનું પારતંત્ર્ય થાય છે એમ ન ધારતા. આવી પ્રભુની સેવા માટે ગુરુ તમને કેટલીક દોરવણી આપશે, કેટલીક ચાવીઓ અને ટૂંકા માર્ગો બતાવશે. આ આત્મા, જે તમારી સાથે જ છે, તમારી પાસે જ છે, તમે જ છો, તે તમારી જાતને તમે બરાબર ઓળખી લેજો અને તેમાં આનંદ માનજો અને પછી પ્રભુની સેવા કરવાનો નિર્ણય કરજો. આ રીતે આત્માની ઓળખાણ કર્યા પછી તમે સેવા કરશો તે તદ્દન જુદી જ જાતની અને સાચી સેવા થશે માટે ખોટી દોડાદોડ છોડી દો અને તમારી નજીકની જે ચીજ છે, તમારા પોતાના મનમાં જે છે, તેને સારી રીતે ઓળખી લો અને તેને નખશિખ જાણી લો. અને ગુરુ મહારાજ જે કહે તે સમજજો. તેઓ આત્માને ઓળખવાની અનેક ચાવીઓ બતાવશે, તે તમારા ધ્યાનમાં રાખજો અને તેમાં કાંઈ પણ સંકોચ ન રાખતા. તે ગુરુગમ લેવામાં તમે પરાધીન થાઓ છો એમ તમે ગણશો નહિ. તમારું કામ સરળ અને સીધું થશે અને તમને ફાયદો જ થશે. તમે જરા પણ પારતંત્ર્યનો અનુભવ નહિ કરો; આ ખાલી દોડાદોડ મૂકી દો અને તમારા આત્માને જરૂર ઓળખો. એટલે પરિણામે તમને ખૂબ મજા આવશે અને આત્માને ઓળખ્યા પછી સેવા કરવામાં મજા આવશે, સાચી સેવા થશે. (૪)

એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મળ્યા હોય સંધિ, જિનેશ્વર;
હું રાગી હું મોહે ફંદીઓ, તું નીરાગી નિરબંધ, જિનેશ્વર. ધર્મ૦ ૫

**અર્થ**—એક બાજૂની પ્રીતિ-સ્નેહ કેમ પાલવે ? બન્ને જો ભેગા થાય તો સાંધણ થાય, એક યોગ થાય. આ તો હું તો સંસારના ઉપર ઉપરના રાગમાં તણાઈ-જકડાઈ-રહેલો છું અને તું તો તદ્દન સ્નેહ-પ્રેમ વગરનો અને બંધન-આકર્ષણ વગરનો છે. ત્યારે આપણો પ્રેમ કેમ જામે ? કેમ થઈ શકે ? (૫)

**ટબો**—એક પખી કાંઈ પ્રીતિ વરે ન પડે, કામ ન આવે, ફોકટ થાય. ઉભય પક્ષ મળે જ સંધિ થાય. જ્ઞાન-ક્રિયા તથા નિશ્ચય-વ્યવહાર તથા વચન પ્રવચનાનુસાર ગુર્વાજ્ઞા ઇત્યાદિ ઉભય ભાવે જ મોક્ષ પામે. તથા સેવક રાગી, મોહી, ફંદીઓ-માયાવી એવો હું; તમે નીરાગી, નિર્બંધન, નિર્માયી. તે માટે સમાન ધર્મે જ સંધિ-પ્રીતિ હોય, વિષમ ધર્મે ન હોય. (૫)

**વિવેચન**—આમાં પ્રભુની પ્રીતિ પણ નજીક જ છે એ વાતનો પણ સમાવેશ થઈ જાય છે. એ પ્રમાણે ધર્મ ધર્મની બૂમ માર્યા કરી અને પ્રભુને શોધવા માટે જ્યાં ત્યાં ગયો, રખડ્યા કર્યું, પણ આટલા અનંત ભવો થઈ ગયા, પણ મારું કાંઈ વળ્યું નહિ અને હું તો જેવો હતો તેવો ને તેવો જ રહી રખડયા કર્યો. મને તે સંબંધમાં શું લાગે છે તે પણ કહી બતાવું. એક પક્ષનો જે પ્રેમ-સ્નેહ હોય તે કેમ નભાવી શકાય ? તેને કેમ ચલાવી શકાય ? એ વાત કદી જામે જ નહિ. એક પક્ષનો પ્રેમ હોય, અને બીજાને તો તે સંબંધમાં બેદરકારી જ લાગે, એને એ વાતમાં કાંઈ લાગે જ નહિ, એ પ્રેમ-સ્નેહસંબંધ કેટલો ટકે ? અને એ જામે કેમ ? હું તો રહ્યો રાગી, મોહ-માયા-મમતામાં રાચી રહેલો અને જેની તેની સાથે પ્રીતિ-પ્રેમ-સ્નેહ કરવા જાઉં. અને ભગવાન ! તું તો તદ્દન રાગ વગરનો અને નિકાચિત કર્મ પણ નહિ બાંધનારો. એવા તારી સાથે એક પક્ષનો સ્નેહ કેમ જામે ? તમે તો તદ્દન રાગરહિત અને મારા પક્ષે હું રાગ સહિત-આવી એક બાજુની પ્રીતિ કેમ ટકે ? શી રીતે નભે ? વરેપડે એવો પાઠ છે. વરવુંનો અર્થ કોશમાં 'પસંદ કરવું' એમ થાય છે; એટલે એવા પ્રકારની મારા

---

**પાઠાંતર**—'પરવડે' સ્થાને ભીમશી માણેક 'વરેંપડે' પાઠ છાપે છે. 'મળ્યા' સ્થાને 'મિલ્યા' એમ ભીમશી માણેક છાપે છે. 'એક પખી' સ્થાને બન્ને પ્રતમાં 'એક પષી' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'સંધિ' સ્થાને પ્રતવાળો 'સિદ્ધિ' પાઠ લખે છે. 'તું' સ્થાને પ્રતમાં 'તૂં' પાઠ છે. (૫)

**શબ્દાર્થ**—એકપખી = એક બાજુની, એક તરફની, એકલાની. કિમ = કેમ, શી રીતે ? પ્રીતિ = પ્રેમ, આકર્ષણ. પરવડે = નભાવી લેવાય, ચાલે. ઉભય = બન્ને, બેય. મળ્યા = બે હાથે તાળી પડે, એક થઈ જાય તો. સંધિ = એક યોગ, મેળ થાય, મળવાનું બને. હું રાગી = હું તો રાગી છું, પ્રેમી છું. હું = પહેલો પુરુષ એકવચન. મોહે = મોહ વડે. ફંદીઓ = લપટાયેલો, ફંદાયલો, તેમાં રસ લઈ રહેલો. અને તું = તું પોતે તો. નીરાગી = વીતરાગ, રાગવગરનો. નિરબંધ = બંધન વગરનો, કોઈ જગોએ બંધાઈ ગયેલો કે જવાનો નહિ. (૫)

તરફની એકપક્ષીય પ્રીતિ કેમ પસંદ કરાય? એ કેમ જામે? તું તો તદ્દન નીરાગી રહ્યો, વીતરાગ રહ્યો અને હું તને વળગતો ચાલું એમાં પસંદગી શી કરાય? દુનિયામાં પણ એવું જોવાય છે કે એક માણસ બીજા ઉપર પડતો જાય, તેનો સ્નેહસંબંધ જાળવી રાખવા બને તે કરે, અને સામાને મનમાં તો સ્નેહઊર્મિ હોય જ નહિ—એવી એક પક્ષની પ્રીતિ તે કેમ કરીને જામે? તે પ્રમાણે હું પ્રીતિ કરવા ઇચ્છું છું અને તમારા મનમાં તો એ કાંઈ આવતું નથી, તો આપણો મેળ જ કેમ જામે? આપણી વચ્ચે પ્રીતિ જામતી નથી તેનું કારણ એ છે કે હું પ્રેમ કરવા પ્રયત્ન કરું છું, પણ સામેથી તમારા પક્ષે કાંઈ જવાબ મળતો નથી, તમે વીતરાગ હોવાથી કોઈ પ્રકારનો જવાબ આપતા નથી, સ્નેહ દાખવતા નથી; એટલે મારો એક પક્ષનો સ્નેહ માર્યો જાય છે. આ કારણે મને આપની ઉપર સ્નેહ થતો નથી. પણ મારા સ્નેહનો કાંઈ જવાબ આપો અને મને આપનો પોતાનો સેવક ગણો તો તો બધી વાત બની આવે. અત્યારે તો હું આપની સેવામાં પડ્યોપાથર્યો રહું છું અને આપમય થવા યત્ન કરું છું, પણ આપ તો નીરાગી રહ્યા; તેથી જવાબ આપતા નથી. હું અને તમે બન્ને મળીએ, તો તો કાંઈ મેળાપ થાય પણ ખરો, પણ આપ રહ્યા વીતરાગ અને હું તો સંસારમાં સરાગી. આ કારણે આપણા બે બચ્ચે-પ્રીતિ થતી નથી અને થાય તો નભતી નથી, આવી વિચિત્ર પરિસ્થિતિ છે તે છતાં એક વાત છે, તે ખૂબ વિચારવા યોગ્ય છે. (૫)

પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર;
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય, જિનેશ્વર ધર્મ૦ ૬

**અર્થ**—ઊંચામાં ઊંચો ખજાનો તો મુખ આગળ જ પડેલો છે, અને આ પ્રાણી તો આખી દુનિયાને ટપી જાય છે, જ્યાં ત્યાં ફર્યા કરે છે અને રખડ્યા કરે છે. પ્રભુ તરફના તેજ વગર જુઓ તો ખરા, એ તો આંધળાની પાછળ આંધળાની હાર લાગે, તેની જેમ વર્તે છે, ચાલે છે. (૬)

---

**પાઠાંતર**—'પરમ નિધાન' સ્થાને પ્રતમાં 'પર નિદાન' પાઠ છે. 'નિધાન' સ્થાને પ્રતમાં 'નિધી' પાઠ છે. 'પ્રગટ' સ્થાને 'પરગટ' પાઠ પ્રતમાં છે, અર્થ ફરતો નથી. 'મુખ' સ્થાને પ્રતમાં 'મુષ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'આગળે' સ્થાને પ્રત લખનાર 'આગલૈ' પાઠ લખે છે તે જૂની ગુજરાતી છે. 'ઉલ્લંઘી' સ્થાને 'ઉલંગી' પાઠ છે (બન્ને પ્રતમાં); અને ભીમશી માણેક 'ઉલંઘી' છાપે છે. 'જુઓ' સ્થાને પ્રતમાં 'જોઉ' પાઠ છે. 'જગદીશ' સ્થાને પ્રતમાં 'જગદીસ' પાઠ લખે છે. 'પુલાય' સ્થાને બન્ને પ્રતમાં 'પિલાય' પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—પરમ = સરસમાં સરસ, મહામૂલ્યવાન. નિધાન = ભંડાર, જમીનમાં દાટેલ. પ્રગટ = સ્પષ્ટ, ઉઘાડો. મુખ = મોઢું, મોં. આગળે = આગળ, સામે. જગત = સર્વ લોકો, ઘણા ખરા. ઉલ્લંઘી = તેની આડા થઈ, ટપી જાય. હો જાય = તેને ઓળંગી જાય, ટપી જાય. જ્યોતિ = પ્રકાશ, તેજ. વિના = વગર, સિવાય. જગદીશની = ઈશ્વરની, નાથની. અંધો = આંધળા પાછળ, પછવાડે. અંધ = આંધળો, આંધળા પછવાડે આંધળો, આંધળાની હાર લાગે. પુલાય = ચાલે છે, અનુસરે છે. (૬)

**ટબો**—પરમ ઉત્કૃષ્ટ નિધાન પ્રકટ મુખ આગળે દેખીને, જેમ દર્શન, તે રૂપ મહાનિધાન દેખીએ; જગત્–અજ્ઞાની લોક–તે ઉલંઘી જાય, દેખે નહિ. નિધાન જગદીશની જ્યોતિ વિના તે દેખે નહિ, અંધેઅંધો **જેમ પીલાય તેમ અજ્ઞાની** અજ્ઞાને કરી પીલાય છે. (૬)

**વિવેચન**—તે વાત એ છે કે ભારે મૂલ્યવાન સુંદર ખજાનો તો આ પ્રાણીના મોં આગળ પડેલો છે અને તેને શોધવા એ આખા જગતને શોધવા ફર્યા કરે છે પણ તે જાણતો નથી કે એ ખજાનો તો પોતાનામાં અંદર ભરેલો પડેલો છે, પોતામય છે, પોતે જ છે. અને તે જાણતો નથી કે એ ભંડાર શોધવા માટે દૂર જવાની કે પરદેશ જવાની કે રખડપાટો કરવાની જરૂર જ નથી. આત્મિક જ્ઞાન મેળવવા માટે દૂર દેશ જવું પડે તેમ નથી. તે ખજાનો તો પોતે જ છે, એનું બરાબર જાણકારપણું થાય અને પોતે પોતાને બરાબર ઓળખે, એટલું જ બસ છે. એ જો આત્માને–પોતાના મહામૂલ્યવાન ખજાનાને–જાણે, ઓળખે તો પછી આ જ્યાં ત્યાં રખડવાની તેને જરૂર પડતી નથી. ખજાનો શોધવા માટે દીવાના તેજની જરૂર પડે છે; કારણ કે કોઈ પણ વસ્તુની શોધખોળ કરવા માટે પ્રકાશની જરૂર પડે જ છે; પ્રકાશ વગર કોઈ પણ ખજાનો હાથ લાગતો નથી અને હાથ લાગે તો ખજાનાને જાણી શકાતો નથી. અંધારામાં કોઈ વસ્તુ જડે નહિ અને અંધારામાં વસ્તુ શોધવા પ્રયાસ કરવો તે તદ્દન નકામું છે. અંધારામાં વસ્તુ હોય તોપણ તેનો પત્તો લાગે જ નહિ. અહીં વીતરાગ ભગવાન જો સ્વયં પ્રકાશ ન આપે તો આંધળાની પાછળ આંધળો ચાલે અને તેની હાર લાગે તેવી સ્થિતિ થાય છે. તેટલા માટે આંધળાની પાછળ આંધળો ચાલે તેવી આપણી સ્થિતિ થઈ છે. આંધળો વસ્તુને દેખે જ નહિ તેવી મારી સ્થિતિ થઈ છે હું વીતરાગ ભગવાન, જે મારા સાચા પરમેશ્વર છે, તેની દોરવણી વગર જ્યાં ત્યાં આંધળાનું અનુકરણ કરી રહ્યો છું, પણ એ આંધળાની હારની હાર ચાલે તેમાં મારો શું શુક્રવાર વળે? અત્યારે તો હું આંધળાનું અનુસરણ કરી રહ્યો છું. જેઓ પોતે સ્વયંજ્ઞાની ન હોય તે મને શું દોરવણી આપે? પ્રભુની જ્યોતિ વગર મારી સર્વ શોધખોળ નકામી છે, હવે તો કોઈ પણ રીતે મને પ્રભુ તરફનો પ્રકાશ મળી જાય અને હું મારામાં રહેલ અચિંત્ય મૂલ્યવાન ખજાનાને જાણી જોઈ, પિછાની લઉં એવી મારી ભાવના, સાચી સેવના કોની કરવી તેની શોધને અંગેની છે.

આત્મિક જ્ઞાન એટલે પોતાના આત્માની પિછાણ. તે થઈ જાય તો કામ સરેડે ચઢી જાય તેમ છે. તે એક વસ્તુને બરાબર ઓળખવા માટે પ્રયાસ કરવો તે મારું અત્યારનું કર્તવ્ય છે. અને તે માટે મારા આંટાફેરા નકામા છે. મારે તો હવે શાંત બેસી રહી મારા આત્માને ઓળખવો અને તે માટે પ્રયાસ કરવો એ એક જ મારું કામ છે. અંધારામાં કોઈ વસ્તુ શોધાય નહિ અને શોધાય તો તેના ઉપર પગ પડે છતાં બીજે જ્યાં ત્યાં શોધવાનું ચાલ્યા જ કરે. આત્મિક અને પ્રભુના પ્રકાશ વચ્ચે અભેદ છે, એક હોય ત્યાં બીજાની હાજરી જરૂર હોય. તે પ્રમાણે પ્રભુની જ્યોતિના પ્રકાશમાં જો પરમ નિધાનને શોધીને મેળવવો હોય તો તે કામ કરવા જેવું છે અને તેને માટે અજવાળું જોશે જ, માટે એ મેળવવા પ્રયાસ કરો. એમ કરવામાં

નહિ આવે તો આંધળાઓની હારનું અનુકરણ જ થશે. આંધળો પોતે દેખે નહિ અને બીજાને શું દોરવણી આપી શકે ? તમારે પ્રભુની સેવા કરવી છે તો તેને બરાબર ઓળખો. તેને કેમ ઓળખાય તેનો માર્ગ આવતી ગાથામાં બતાવશે. (૬)

નિરમળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ, જિનેશ્વર;
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માત-પિતા કુળ વંશ, જિનેશ્વર. ધર્મ ૦ ૭

**અર્થ**—તદ્દન ચોખ્ખા, મેલ વગરના ગુણરૂપ રતનની ઉત્પત્તિભૂમિ રોહણાચળ પર્વત છે અને મુનિ મહારાજના મનરૂપ માનસરોવરને કાંઠે હંસ બેઠેલ છે. તે નગરી નસીબદાર છે, તે વખત અને તે સમય ભાગ્યવાન છે, અને તે માબાપ, જેમને ત્યાં એમનો જન્મ થયો છે, તે તથા તેમનું કુળ અને વંશ નસીબદાર છે, જ્યાં તેમનો જન્મ થયો છે. (૭)

**ટબો**—હે નિર્મળ ગુણરત્નના રોહિણાચળ–રત્નોત્પત્તિ–સ્થાનક ! મુનિજનના માનસરોવરને વિષે હંસ સમાન ! ધન્ય–પ્રધાન તે નગરી, તે વેળા–અવસર, ઘડી તે ધન્ય, જ્યાં તમે જગત્ ઉપકારી ઉપન્યા, માત-પિતા કુળ વંશ ગોત્ર–તે પણ ધન્ય. (૭)

**વિવેચન**—એક રોહણાચળ નામનો સિલોનમાં પર્વત છે. એ પર્વતમાં અનેક રત્નો થાય છે અથવા એ પર્વત રત્નમય જ છે, પ્રભુ તો અનેક ગુણોનું સ્થાન છે. જેમ રોહણાચળમાં અનેક રત્નો થાય છે, તેમ પ્રભુ પોતે અનેક ગુણરૂપ રત્નોના રોહણાચળ પર્વત જેવા છે. પ્રભુમાં એ ગુણો ભરેલા જ છે. એમના અનેક ગુણોની ગણતરી કરવી એ બહુ મુશ્કેલ બાબત છે, પણ તમે દુનિયાના અનેક સદ્ગુણોની ગણતરી કરો; એના સર્વ ગુણો પ્રભુરૂપ રોહણાચળમાં સમાઈ જાય છે. તેથી પરમાત્મા આપણી સેવા–પૂજા–ભક્તિને પાત્ર છે એ નિઃસદેહ વાત છે. આવા અનેક ગુણના ઉદ્ભવસ્થાન પ્રભુરૂપ રોહણાચળને હું નમુ છું, સેવું છું અને મુનિઓના મનરૂપ માનસ હંસો તે પર્વત પર કલ્લોલ કરે છે. મુનિઓનાં મન તદ્દન પવિત્ર છે, જેવા માનસરોવરના હંસો હોય તેવા માનસરોવરને કાંઠે ક્રીડા કરે છે અને ખૂબ આનંદમાં મસ્ત બને છે. આવા નિર્મળ ગુણોના રોહણાચળ અને મુનિઓના મનરૂપ હંસો જેમાં કલ્લોલ કરી રહ્યા છે એટલે અનેકગુણો અને પવિત્રતાના ધામ રૂપ બની ગયેલા આપ પ્રભુ મારે તો આધારભૂત છો, મારે મન સર્વસ્વ છો, મારી ઇચ્છાના આદર્શ છો. આવા પ્રભુની

**પાઠાંતર**—' નિરમળ ' પ્રથમ પાદમાં ' નિરબંધ મલ ગુણ મણિ ' પાઠ પ્રતમાં છે. (૭)

**શબ્દાર્થ**—નિરમળ = નિર્મળ, મેલ વગરનો પવિત્ર. ગુણ = સદ્‌ગુણ, ઉચ્ચ ચારિત્ર. મણિ = રત્ન. રોહણ = રોહણાચળ પર્વત, જ્યાં મણિ થાય છે તે રોહણાચળ પર્વત. ભૂધરા = પર્વત, ડુંગર. મુનિ = સાધુ, યોગી પુરુષ. મન = તેમનું ચિત્ત. માનસ = માનસરોવરમાં, જ્યાં એકલા હંસો જ વસે છે તે સરોવર. હંસ = હંસ પક્ષી, જે એકલો મોતીનો ચારો કરે છે તે પક્ષી. ધન્ય = નસીબદાર, ફાવેલી, ભાગ્યવાન. નગરી = શહેર. ધન્ય = નસીબદાર, સરસ, સુંદર. વેળા = વખત, ટાઈમ. ઘડી = ૨૪ મિનિટ, તે સમય. માતપિતા = માબાપ. કુળ = કુટુંબ, જે કુળમાં તેનો જન્મ થયો તે. વંશ = વિસ્તાર, પરિક્રમ્મા. (૭)

સેવા કરવી, તેમની ભક્તિ કરવી, એ મારા જીવનનો હેતુ છે અને તે ગુણની પ્રશંસા હું પૂરે-પૂરા શબ્દોમાં તો કરી શકતો નથી. આપ પ્રભુની દાનશક્તિ તો સ્થૂળરૂપે પણ પારાવાર છે અને આપે જે ત્રિપદીદાન આપ્યું તેનો જોટો આ દુનિયામાં મળવો મુશ્કેલ છે. આપની નિખાલસતા અને નિર્દંભતા, નિર્લોભતા અને નીરાગતા વગેરે આપના અનેક ગુણોમાંથી હું કેટલા ગુણો ગણાવું ? હું તો વિચારમાં આભો જ બની જાઉં છું અને આપના અનેક ગુણો મને સેવા કરવાની પ્રેરણા કરે છે. મને આપ પ્રત્યે ભક્તિપરાયણ બનાવે છે. આપના આદર્શ પ્રમાણે પ્રાણી અંતે તન્મય થઈ જાય છે. મારે આપના જેવા થવું છે, માટે હું આપના અનેક ગુણ જાણી આશ્ચર્ય પામું છું.

માનસરોવરને કાંઠે જેમ હંસ મોતીનો ચારો ચરે તેવા મૌન ધારણ કરનાર મુનિ નિર્મળ વિચારો કરે છે અને તેને અમલમાં મૂકે છે. મારાથી પણ આપ ગુણના રોહણાચળને દેખતાં અને મુનિ જેવા આપના મનને અવલોકતાં ઉદ્‌ગારરૂપે બોલાઈ જવાય છે કે જ્યારે પ્રભુ જન્મ્યા તે વખતને, તે નગરીને ધન્ય છે, એમનાં માબાપને અને જે કુળ વંશને એમણે અલંકૃત કર્યાં તેમને પણ ધન્ય છે, તે ખરાં નસીબદાર હતાં. જરા વિચારીએ, પ્રભુ જ્યાં જાય ત્યાં ઈતિ, ઉપદ્રવ, દુકાળ ન થાય, તેઓ બોલે, ત્યારે બધાં પ્રાણીઓ અને તિર્યંચો પણ પોતપોતાની ભાષામાં સમજે. જે નગરીમાં પ્રભુ હરેફરે ત્યાં મજા હોય; તે નગર પણ નસીબદાર ગણાય અને જે કુળમાં તેઓનો જન્મ થાય તે પણ ભાગ્યશાળી ગણાય. આવા ઉદ્‌ગારો સાહજિક છે, મારા મનમાં એમ આવે છે કે જે વખતે પ્રભુ આ ભારતભૂમિને અલંકૃત કરતા હતા અને તે વખતે જે સમય વર્તતો હતો તે પણ નસીબદાર છે. જેમ આપણે ગૌરવ લઈએ છીએ કે મહાત્મા ગાંધીના સમયમાં જ આપણે જીવ્યા, તેથી આપણે ખરા નસીબદાર છીએ; આપણે દુનિયાની બંને લડાઈ પણ જોઈ અને મહાત્મા જેવા શાંતિના સંદેશકને પણ જોયા : આવા આપણે ભાગ્યશાળી છીએ. પણ પ્રભુ જે સમયમાં પૃથ્વીને પાવન કરતા તે સમય તો ભારે નસીબદાર અને યાદગાર હતો. ધર્મનાથ પ્રભુ ગર્ભમાં આવ્યાથી પ્રભુનાં માતપિતા રૂડી રીતે દાનાદિ ધર્મપરાયણ થયાં એવો ગર્ભનો મહિમા જાણીને તેમણે પ્રભુનું અનુભવસિદ્ધ 'ધર્મનાથ' નામ પાડ્યું. એમનું રત્નપુર નગર, ભાનુ રાજા પિતા, સુવ્રતા રાણી માતા. એ માતપિતાને ખરેખર ધન્ય માનું છું. જેમને આવો સુંદર જગદ્‌વિખ્યાત પુત્ર થયો. આવા ધર્મતીર્થના પ્રવર્તાવનાર પુત્રના પિતા કે માતા થવું તે પણ મોટી વાત છે. (૭)

મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ, જિનેશ્વર;
ઘનનામી 'આનંદઘન' સાંભળો, એ સેવક અરદાસ, જિનેશ્વર. ધર્મ૦ ૮

**પાઠાંતર**—'કહે' સ્થાને પ્રતમાં 'કહૈ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'નિકટ' સ્થાને એક પ્રતકાર 'નીંકટ' શબ્દ લખે છે, તે અશુદ્ધ જણાય છે. 'નામી' સ્થાને પ્રતકાર 'નામિ' લખે છે. 'સાંભળો' સ્થાને પ્રત લખનાર 'સાંભલો' લખે છે, તે બાલાવબોધ લિપિફેર છે. (૮)

*અર્થ*—મનરૂપ ભ્રમર સુંદર હાથ જોડી–પગે લાગી–કહે છે કે આપના ચરણકમળની નજીકમાં મારો વાસ હજો. અનેક નામવાળા હે આનંદના સમૂહ! આપ શ્રવણ કરો, આ સેવકની એ જ અરજી છે, એટલી જ વિનતિ છે. (૮)

**ટબો**—પ્રધાન મનરૂપ મધુકર–ભ્રમર બે કર જોડી–હાથ જોડીને–કહું છું : તમારા પદકજ–ચરણકમળને નિકટ–સમીપે વાસ–વસવું તે આપો એ માગું છું. ઘન આનંદ નામી બહુ નામ બિરુદ એવા જે આનંદઘન પ્રભુ વીતરાગ! તે સાંભળો. એ જ સેવકની અરદાસ–વિનતિ છે. એટલે શ્રી પંદરમા ધર્મનાથ જિનેશ્વરનું સ્તવન, તેનો અર્થ પૂર્ણ રહ્યો. (૮)

**વિવેચન**—મારા મનરૂપ ભ્રમર હાથ જોડીને વિજ્ઞપ્તિ કરે છે કે આપના ચરણકમળની પાસે મારો નિરંતર વસવાટ–રહેવાનું બનજો, એટલે આપને હું હમેશાં યાદ કરું અને આપની સેવા કર્યા કરું. ચરણની પાસે વાસ કરવાની ઇચ્છા તે સેવા કરવાની તમન્ના સમજવી. જ્યારે આ પ્રાણી પોતાના ગત અનુભવ પર વિચાર કરે છે ત્યારે તેના મનમાં નિશ્ચય થાય છે કે પ્રભુની પાસે પોતાનો નિવાસ થાય ત્યારે જ પ્રભુની સેવા બને તેવી છે, તેથી આ સેવા હમેશ માટે બન્યા કરે તે માટે આ સેવાભાવી વ્યક્તિએ પ્રભુ પાસે વાસ માગ્યો. આપણે કલ્યાણ-મંદિરમાં માગણી કરીએ છીએ કે—

यद्यस्ति नाथ ! भवदङ्घ्रिसरोरुहाणां, भक्तेः फलं किमपि संततिसंचितायाः ।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः, स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥

જો આપની પદસેવાનું કાંઈ પણ ફળ હોય તો આપનું શરણ મને હમેશાં હોજો. એવી જ રીતે જયવીયરાયમાં तहवि मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं—આપના પદની સેવા મને ભવે ભવે મળજો—આવી માગણી આપણે વારંવાર કરીએ છીએ; અથવા મુમુક્ષુ પ્રાણી કરે છે. તે સર્વનો એક જ હેતુ છે કે પ્રભુસેવાની આ જીવને હવે તમન્ના બરાબર લાગી છે અને તેને માટે તે અનેક જાતના પ્રયત્નો કરે છે. પ્રભુની પાસે સ્થાન મેળવવું અને ત્યાં પોતાનો નિવાસ કરવો એટલે એ સ્થાને રહેવું તે પ્રભુસેવા માટેનો એક જાતનો પ્રયત્ન છે. અને આ પ્રાણીની એવી ઇચ્છા છે કે જો આવું સ્થાન મળી જાય તો ત્યાં પોતાનો મુકામ જમાવી દે અને પ્રભુ પાસે નિવાસ કરે, તો પ્રભુની સેવા–ભક્તિમાં પોતાની જાતને જોડી દે. દુનિયાનો આપણને અનુભવ છે કે આપણી પાસે જે હોય તેની આપણે વિચારણા કરીએ અને તે યોગ્ય હોય તો સેવા કરીએ. તે નિયમે પ્રભુની પાસે આ જીવે વાસ માગ્યો.

---

**શબ્દાર્થ**—મન = ચિત્તરૂપ, ચિત્ત. મધુકર = ભમરો. વર = સુંદર, સરસ. જોડી = પગે લાગી. કહે = બોલે, ભાખે, વદે. પદકજ = આપના પગરૂપ કમળ. નિકટ = નજદીક, નજીક. નિવાસ = સ્થાન, ઠેકાણું, રહેવાની જગા. ઘનનામી = અનેક નામવાળાં; બહુ–ઘણાં નામધારી. આનંદઘન = આનંદના સમૂહ. (પ્રભુ પોતે). સાંભળો = સૂણો. એ = તે, ઉપર જણાવેલ. સેવક = તાબેદાર, નોકર. અરદાસ = વિજ્ઞપ્તિ, વિનતિ. (૮)

આ પ્રાણીએ ધન, મિલકત, ઘરબાર કે છોકરા-છોકરી ન માગતાં માત્ર વિજ્ઞપ્તિમાં પ્રભુની નજીકમાં પોતાનો વસવાટ માગ્યો, એમાં બહુ ડહાપણ છે. ધનસંપત્તિ તો પૌદ્ગલિક છે, થોડા વખતની છે, પણ પોતાની સાથે કાંઈ આવવાનું હોય તો તે સત્પુરુષની કરેલી સેવા છે. આવી સેવાના કારણભૂત નિવાસસ્થાન માગવામાં આ જીવે દીર્ઘ દૃષ્ટિ વાપરી છે અને સેવા–ભક્તિની ખરી જડ શોધી કાઢી છે. અને પરિણામે એ સારી રીતે સેવા–ભક્તિ મેળવશે અને એની મુરાદ પાર પડશે. એને ખાતરી થઈ ગઈ છે કે, પ્રભુની સેવા–ભક્તિ વગર બીજાં સર્વ કાર્ય નકામાં છે. તેથી એણે પ્રભુને વિનંતિ કરીને તેમની પાસે હમેશ રહેવાનું માગી લીધું અને તે દ્વારા પોતાની સેવા કરવાની તમન્ના બતાવી આપી. એક આંધળા ઉપર ભગવાન પ્રસન્ન થયા, ત્યારે તેણે એક વાક્યમાં માગણી કરી કે મારા દીકરાના દીકરાની વહુને સાતમા માળની હવેલીએથી સોનાની દેગડીમાં છાશ વલોવતી જોઉં. આમાં એણે સાત માળની હવેલી માગી, દીકરાના દીકરા માગ્યા, તે થાય ત્યાં સુધી પોતે જીવે એમ માગ્યું અને સોનાના ઠામ માગવાને અંગે પોતાને એવી ઋદ્ધિ-સિદ્ધિ થાય એમ માગ્યું. આ પ્રાણીએ તો એવી સ્થૂળ ચીજ માગી જ નહિ; એણે તો માગણી એક જ કરી, પ્રભુની પાસે હમેશને માટે એનો નિવાસ થાય. પોતે તેને પરિણામે પ્રભુને ઓળખે અને સેવે એટલું જ માગ્યું. તેમાં તેની દીર્ઘ નજર અને સેવા કરવાની તમન્ના છે. (૮)

**ઉપસંહાર**

આ પ્રમાણે આ પંદરમા પ્રભુનું સ્તવન પૂર્ણ થયું. પ્રભુમાં કેટલી ભક્તિ-ભાવના ઉત્પન્ન થઈ છે, તે આ સ્તવન બતાવે છે. બાકી, આ પ્રાણીનાં પાપો એટલાં બધાં હોય છે કે તેનો તે વિચાર જ કરતો નથી. તે તો આખો વખત કૂથલી કરે, બીજાના અપવાદ–અવર્ણવાદ બોલે. પોતે ક્રોધ, માન, માયાથી મસ્ત રહે અને હાસ્ય કે શોકમાં દિવસો પસાર કરે અને ખોટું રડે; મનમાં કાંઈ ન હોય, તોપણ મોટી પોક મૂકે અને બીજાને રડાવે અને પ્રેરણા કરીને બીજાને કુટાવે; અને પોતે રાગદ્વેષનું પૂતળું હોય તેવો થઈ જાય, આમાંથી એ ઊંચો આવે તો જ પ્રભુને યાદ કરે. પોતે ધર્મી હોવાનો દેખાવ તો એવો કરે કે ન પૂછવી વાત! આ સર્વ ધાંધલ છે, અને એમ કદી પ્રભુ નજરે દેખાય નહિ અને સેવા થઈ શકે નહિ. માટે પાપનાં દ્વારો ઓછાં કરી નાખો, બને તો બંધ કરી દો અને દાન, શિયળ, તપ, ભાવનામાં પ્રવૃત્ત થાઓ. અને ધ્યાનમાં રાખો કે અત્યારનો પરિવાર તો અસ્થાયી છે. એ કાંઈ હમેશને માટે ચાલવાનો નથી અને તેને માટે સાચાં-ખોટાં કરવાં કે તર્કટ કરવું અને સાથે ધર્મી હોવાનો દાવો કરવો એ કોઈ પણ રીતે બંધ બેસતી વાત નથી. તમે વિચાર કરશો તો કાળાં બજાર કરનાર કે સરકારી નોકરોને લાંચ આપનાર કોણ છે? કંટ્રોલનો લાભ લેવો છે અને કાળાં બજારો કરવાં છે, છતાં પ્રભુની સેવા ઉઠાવવી છે, એ બે વાત કેમ બની શકે? એ તો ઉઘાડો વિરોધાભાસ છે અને એ માર્ગે તમને પ્રભુનું દર્શન પણ થવાનું નથી. અને સેવાની વાત તો દૂર રહી! માટે પ્રભુને મેળવવા હોય તો પ્રથમ પાપનો ત્યાગ કરી સાચે રસ્તે આવી જાઓ અને તમારી અત્યારની દોડાદોડી મૂકી દો. તમને જ્યાં ત્યાં પ્રભુ મળી જશે એમ ખોટી ભ્રમણામાં ન રહો.

પ્રભુને મેળવવા માટે તમારી જાતને બરાબર ઓળખો અને પ્રભુને સેવવાની યોગ્યતા સંપાદન કરો.

પ્રભુસેવા કાંઈ બજારુ બાબત નથી અને ગમે તેને તે મળતી નથી; તે માટે પણ યોગ્યતા મેળવવી પડે છે. આવી યોગ્યતા કેમ પ્રાપ્ત થાય તે આ સ્તવનમાં સમજાવ્યું છે. બાકી, ચાલુ પાપ કર્યા કરવાં અને અનેક તીર્થોમાં દોડાદોડ કરવી એ રસ્તે પ્રભુ મળતા નથી અને પ્રભુની સેવા થતી નથી. માટે આ તો મેળો છે એમ માની લઈ તું યોગ્ય વર્તન ચલાવ અને પ્રભુ-સેવાને સ્વીકાર અને તેને યોગ્ય થવા પ્રયાસ કર. પ્રભુસેવાને યોગ્ય કેમ થવાય તે આવતા સ્તવનમાં પણ કહેશે. તેને યોગ્ય તું થા અને પછી જોઈ લેજે કે તને આ ધાંધલ, દોડાદોડી અને દેખાવ સર્વ નકામાં જ લાગશે. પોતાની પાસે જ મોટો ભંડાર પડેલો હોય, છતાં એને શોધવા દૂર જવું એ બિનજરૂરી છે. માટે આ પ્રભુને શોધવા માટે તારા અંતરમાં જ રહેલ તારી જાતને ઓળખ અને પછી પ્રયાસ કરવા નહિ જ પડે; પ્રભુ તને મળી આવશે. તારી પાસે રહેલ આત્મા મોટો ખજાનો છે અને તેને ઓળખવા પ્રયાસ કરવો એ પ્રભુની શોધની બરાબર છે. પણ તું તો દોડાદોડ કરી જ્યાં ત્યાં શોધ કર્યા કરે છે, પણ તારી પાસે રહેલા ઉત્તમ મહા મૂલ્યવાન ખજાનાને જ બરાબર ઓળખી લે અને જ્યાં ત્યાં દોડ્યા જવાની તારી ટેવ છે તે છોડી દે. જેઓ ખજાનો શોધવા ઠેકાણે ઠેકાણે જાય છે, તે ભ્રમમાં છે, તેઓએ તો પોતામાં રહેલ ખજાનાને બરાબર ઓળખવો જોઈએ. એને જ્યારે તે બરાબર ઓળખશે ત્યારે તેની સેવા-ભક્તિની સર્વ કામના પૂરી થશે અને પછી તે અનંત સુખ પામશે.

પ્રભુને સેવવા માટે તેમના સમયની, તેમનાં માત-પિતાની, તેમના કુળ-વંશની પ્રશંસા કરવી, એમાં કોઈ જાતની ખુશામત નથી. એ પ્રશંસાને લઈને પ્રાણીને પ્રભુ પર રાગ થાય છે અને પોતાની સેવાની ઇચ્છા તમન્નામાં ફેરવાઈ જાય છે. આથી પ્રભુની સાચી સેવના કરવા માટે પ્રભુની સર્વ બાબતોનો પોતે વખાણનાર છે એમ કરવું. મનને ભ્રમર એટલા માટે કહેલ છે કે ભમરો જેમ એક ઝાડેથી ઊડી બીજા પર બેસે છે, તેમ ભમરા જેવું મન જ્યાં ત્યાં ગયા જ કરે છે. એને પ્રભુ પાસે રહી ત્યાં સ્થિરવાસ કરવાનો ઉપદેશ છે. (૧૫)

૧૬

# શ્રી શાંતિનાથ જિન સ્તવન

**સંબંધ**—આ સોળમા સ્તવનમાં શાંતિનું સ્વરૂપ વર્ણવ્યું છે, તે ઘણી અગત્યની બાબત છે. આ જીવે સેવાભાવના નક્કી કરી, ભગવાનનો આદર્શ ચોક્કસ કર્યો, પણ કામ ઉપર શાંતિ ન આવે તો વિનયવિજય ઉપાધ્યાયે કહ્યું છે તે પ્રમાણે :—

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનાં કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.

જેવું બને છે. પ્રાણી શાંતિ રાખ્યા વગર જો સારાં કામ કરે, સુખનો અનુભવ થાય તેવું પુણ્યનું કામ કરે, પણ તેની દોડાદોડી ઊભી હોય, તેના મનમાં સ્થિરતા જામી ન હોય, તો તે ગંદી ભૂમિ ઉપર ગાર કરવા જેવું કે ઝાંખરા ઝંટીઆની ભૂમિ ઉપર ચિત્ર દોરવા જેવું કામ થાય છે, તે નકામું છે, તેનું કાંઈ મૂલ્ય નથી. વાસ્તે સમતા–શાંતિ ઘણી અગત્યની વાત છે, અને તે ઉપર આ ઘણું લંબાણુ સ્તવન વિવેચન કરે છે, તે ઘણું મહત્ત્વનું હોવાથી તે પર ખાસ ધ્યાન આપવા યોગ્ય છે.

બાકી, આ પ્રાણીની વાત જોઈ હોય તો નવાઈ લાગે તેવું છે. તે તો ટૂંક વખતના કુટુંબના વેધ-વચકા કરવામાં, પારકી નિંદા કરવામાં, પોતાનાં-પારકાં કરવામાં, રાગદ્વેષ કરવામાં તથા પૈશુન્યમાં અને ખોટાંસાચાં કરવામાં એટલો બધો મશગૂલ રહે છે કે એનું કદાચ મોટામાં મોટું આયુષ્ય હોય તોપણ તે નિષ્ફળ જાય છે અને આ ભવ તેને માટે માત્ર એક ફેરા સમાન જ થઈ પડે છે. તમે એને નકામી વાતો કરતાં કે ગપ્પાં મારતાં જોશો તો જાણે અહીંથી એને કદી જવાનું જ નથી, એ તો પાકો ગરાસ લખાવી લાવ્યો હોય, તેટલો બધો તેને આગ્રહ, મમત્વ અને તંત હોય છે એમ તમે જોઈ શકશો. અને પ્રાણી ચાલે છે પણ કેવો ? એની અભિમાની અને ધમાલીઆ વૃત્તિ, એની દાંભિક વૃત્તિ અને એનો ક્રોધી સ્વભાવ એની ચાલમાં જ જણાઈ આવે છે. અને એ વાતો કરવા બેસે, ત્યારે એ કોઈ દિવસ મરવાનો જ નથી એવું બતાવી આપે છે; એનામાં સ્થિરતા કે શાંતિ શી ચીજ છે એ દેખાશે નહિ. અને એનો વેપાર કે નોકરી જોયાં હોય તો તો તેની કાંઈ વાત કરવી નહિ. તેમાં એ અનેક કૌભાંડો, સાચાંજૂઠાં કરશે. એ વેપાર કે નોકરી કરતી વખતે એ કદી મરવાનો છે એ એના ધ્યાનમાં પણ નહિ રહે. આવા પ્રકારની સ્થિતિમાં શાંતિ કેવી ? અને તેની વાત કેવી ? પણ પ્રાણી વાત કરે ત્યારે આવતી કાલનો પણ ભરોસો નથી એવી ચગાવીને વાત કરે; અને વર્તન કરે ત્યારે તેનું કાંઈ ઠેકાણું જ નહિ. આ વાતનો અને વર્તનનો મેળ મળતો નથી અને શાંતિ વગરનું એ જીવન એને પોતાને આકરું પડી જાય છે અને અનંતા ભવ કર્યા તેમાં માત્ર એકનો

વધારો થાય છે. પણ એ નિષ્ફળ જીવનનો કશો ઉપયોગ નથી અને તેને ફળ બેસતું નથી. તે તો આવ્યો હોય તેવો ને તેવો જ ચાલ્યો જાય છે અને પછી તો તેનું ઘણે વર્ષે નામ પણ ભુલાઈ જાય છે એ નિશાન પણ નાશ પામે છે. આવા જીવતરનું કાંઈ મૂલ્ય નથી.

જો જીવનને મૂલ્યવાન કરવું હોય તો સ્તવનમાં બતાવવામાં આવી છે તેવી શાંતિ પ્રાપ્ત કરો અને મનમાં આવે તે સર્વ કરો, પણ જે કરો તેમાં મનમાં શાંતિ રાખો. ઉકળાટવાળો માણસ ગમે તે કામ કરે તે સર્વ નિષ્ફળ થાય છે, અને, ઉપર જણાવ્યું તેમ, ઝાંખરા ઉપર ચિત્રકામ જેવું થાય છે, માટે જો તમારું જીવન સફળ કરવું હોય તો આ સ્તવનમાં રજૂ કરેલ શાંતિને રાખવાની ટેવ પાડો અને તેની ટેવ પડતાં ધીમે ધીમે તમે તેમય થઈ જશો અને જીવનને ફળવાન કરશો. આ વાતની મહત્તા ખાસ સમજવા જેવી છે અને અનુસરવા યોગ્ય છે. બાકી અનંતા ભવ કર્યા, તેમાં એકનો વધારો કરવો હોય, તો તો કાંઈ કહેવાની કે વિચારવાની જરૂર નથી; ચાલે છે તેમ ચાલવા દો!

આ પ્રકારની ગેરસમજૂતી અને મારામારી ઊભી કેવી રીતે થાય છે તે વિચારતાં એમ લાગે છે કે પ્રાણી પોતાની જાતનો વિચાર કરતો નથી અને અમરપટો લખાવીને અહીં આવ્યો હોય, તેમ વર્તે છે. અંતે તો એ ખાટલામાં પડયો પડયો પોતાની ભૂલ જુએ છે, પણ પછી ઘણું મોડું થઈ જાય છે. અને શરીર ચાલે નહિ, તે વખતનો પશ્ચાત્તાપ નિરર્થક છે. પાણી ચાલ્યા ગયા પછી પાળ બાંધવા જેવો તે મૂર્ખાઈનો નમૂનો છે અને પોતાની અક્કલમંદીનું પ્રદર્શન છે. એ સ્થિતિ ન થવા દેવી હોય તો આ નીચેના સ્તવનમાં બતાવેલા વિચારો ધ્યાન પર લો અને તે પ્રમાણે વર્તો.

## સ્તવન

(રાગ મલ્હાર; ચતુર ચોમાસું પડિક્કમી–એ દેશી.)

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે
શાંતિસ્વરૂપ કેમ જાણીએ, કહો મન કિમ પરખાય રે? શાંતિ૦ ૧

**પાઠાંતર**—'વિનતિ' સ્થાને એક પ્રતમાં 'વીનતિ' પાઠ છે. 'જાણીએ' સ્થાને 'જાણીઇ' પાઠ પ્રતમાં છે. 'મન કિમ' સ્થાને 'જિન મતિ' પાઠ છે. 'શાંતિ' સ્થાને એક પ્રતમાં 'શાતી' શબ્દ છે, 'મન કિમ પરખાય રે' સ્થાને એક પ્રતમાં 'કહો મન પરસ થાય રે' એવો પાઠ છે. (૧)

**શબ્દાર્થ**—શાંતિ જિન = શાંતિનાથ નામના સોળમા તીર્થપતિ, સોળમા જિનદેવ. એક = માત્ર એક, નાનીશી, નજીવી. મુજ = મારી. વિનતિ = વિજ્ઞપ્તિ, માગણી. સુણો = સાંભળો. ત્રિભુવનરાય = સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના રાજા, ઉપરી, પતિ. શાંતિસ્વરૂપ = શાંતિનું સ્વરૂપ, મનમાં ઉકળાટની ગેરહાજરી. કેમ = કેવી રીતે, કયે માર્ગે. જાણીએ = સમજીએ, પામીએ. કહો = કહી બતાવો, જણાવો. પરખાય = જણાવો, સ્પષ્ટ કરો, નિવેદન કરો. મન = ચિત્ત, આંતર વૃત્તિ. પરખાય = જાણી શકાય, પરખી શકાય. (૧)

**અર્થ**—હે શ્રી શાંતિ પ્રભુ! મારી એક વિનતિ તે, હે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના રાજા! આપ સાંભળો, નિસૂણો, અને શાંતિસ્વરૂપ કેમ પામીએ અને પોતાના દિલમાં એ કેવી રીતે સમજાય તે આપ સમજાવો. (૧)

**ટબો**—આ સ્તવનનો અર્થ કરતાં જ્ઞાનવિમળસૂરિ નીચે પ્રમાણે જણાવે છે તે વર્તમાન ગુજરાતીમાં મેં મૂકેલ છે. પંદરમા સ્તવનમાં પ્રભુચરણકમલે નિકટ વાસ માગ્યો તે આત્મા શાંતિ ગુણવાળો કરવો. હવે સોળમા શાંતિનાથના સ્તવનમાં આત્માનું શાંતિસ્વરૂપ કેમ જાણીએ, ત્યારે કહે છે હે શાંતિનાથ! એક અદ્વિતીય મારી વિનતિ, હે ત્રિભુવનનાથ! રાજા! સુણો-સાંભળો. તમે કેવા છો? સ્વર્ગ-મૃત્યુ-પાતાળના સ્વામી છો. આત્માનું શાંતસ્વરૂપ કેમ જાણીએ? પ્રભો! મનમાં પરખીને તેવું લખીએ સાહેબજી. (૧)

**વિવેચન**—હે શાંતિનાથ ભગવાન! સોળમા તીર્થપતિ! એક મારી વિનતિ સાંભળો. આપ તો સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણના રાજા છો! મારો એક સવાલ છે. આપ જ્યારે ગર્ભે આવ્યા ત્યારે આપનાં માતુશ્રીએ પાણીનાં છાંટણાં છાંટી મરકીનો ઉપદ્રવ મટાડયો હતો; અને તેથી, આપના પ્રતાપે, મરકી શાંત થઈ હતી, તેથી ગુણનિષ્પન્ન આપનું શાંતિનાથ નામ આપવામાં આવ્યું. આપનું ગજપુર નગર, આપના પિતા વજ્રસેન અને અચિરા રાણી આપની માતા. આવા, જન્મ પહેલાં શાંતિના કરનારા આપનું નામ પણ શાંતિ છે અને આપ પોતે શાંતિમય છો. આવા આપને હું એક સવાલ પૂછું છું. પ્રશ્ન પૂછીને જ્ઞાન મેળવવાની એક રીતિ છે. ભગવતી સૂત્રમાં શ્રી મહાવીરસ્વામીને હજારો સવાલ પૂછવામાં આવ્યા છે અને શ્રી મહાવીર-સ્વામીએ એના જવાબો આપેલા છે. એ પદ્ધતિ આ સ્તવનમાં સ્વીકારી આપણા ઉપર શ્રી આનંદઘનજીએ પરમ ઉપકાર કર્યો છે અને વસ્તુની ચોખવટ કરેલ છે, જે પર વાચકનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

શાંતિનાથ ભગવાનને નામે શાંતિનું સ્વરૂપ કહેવામાં આવે, તો તેમાં બાકી શું રહે? અત્યાર સુધીની સ્તવનની મર્યાદા મૂકીને સ્તવનકારે આ સ્તવન મોટું બનાવી પંદર ગાથાનું કર્યું છે; છતાં પોતે જ કહે છે કે આ શાંતિનું સ્વરૂપ ટૂંકામાં જણાવ્યું છે. ટૂંકામાં ઘણી મુદ્દામ વાત કરી નાખી છે અને તે લક્ષ્યપૂર્વક સમજવા અને અનુસરવા યોગ્ય છે. અત્યાર સુધી પ્રભુસેવાનો મહિમા જણાવ્યો. તેને માટે પ્રાણીને તૈયાર કર્યો, તેની પાસે પ્રભુનો આદર્શ સ્વીકારાવ્યો. અને આ સ્તવનમાં પ્રભુની શાંતિને જોઈને એ શાંતિનું સ્વરૂપ અનુયાયીએ (શિષ્યે) પ્રભુને સીધા સવાલના આકારમાં પૂછ્યું. પ્રભુ તેનો જવાબ આપે છે. આ પદ્ધતિએ શાંતિ કેમ થઈ શકે? તેનો મુદ્દામ રીતે ટૂંકામાં ખ્યાલ આપ્યો છે અને તેવા થવા તેને અનુકરણ કરવા પ્રભુએ પોતે ભલામણ કરી છે.

અહીં પ્રભુને ત્રણ ભુવનના રાજા કહેવાનું કારણ એ છે કે પ્રભુને આખી દુનિયાનો અનુભવ છે અને તેથી તે શાંતિમય અને શાંતિ નામના હોવાથી આ વિષયમાં પૂરતો પ્રકાશ પાડવાને

યોગ્ય છે. તેઓ જે પ્રકાશ પાડે અથવા તેઓના નામે જે પ્રકાશ પડે, તે ઉચિત બાબત હોવાથી ખાસ ધ્યાન આપવા યોગ્ય છે, અને આ જીવને ઉપકારક હોવાથી તેણે તેનું અનુકરણ કરવું તે તેના હિતનું જ કાર્ય છે.

આ પ્રાણી હવે ભગવાનને સવાલ કરે છે, તે આ પ્રમાણે છે : આ જે શાંતિ છે તેનું ખરેખરું સ્વરૂપ શું છે? તે કેમ પામીએ? અને પામીએ ત્યારે તે આપણામાં છે એમ કેમ જાણી શકાય? તેને ઓળખવાનો રસ્તો શું? ટૂંકામાં, આપ શાંતિની વિગતો મને સમજાવો અને બધી શાંતિની વાતો મને કહો અને તેવી શાંતિ મારામાં છે, તેની ખબર મને કેમ પડે?–તે જણાવો, આવો સવાલ જિજ્ઞાસુએ પ્રભુને કર્યો અને પોતે ખરી શાંતિની ઓળખાણ સમજવા ઇચ્છે છે એમ જણાવ્યું. તેનાં બાહ્ય ચિહ્નો જાણવાની ઇચ્છા જણાવી. ભગવાન એનો પ્રશ્ન સાંભળી, તેનો જે જવાબ આપશે તે હવે પછી આ સ્તવનમાં કહેવામાં આવશે. (૧)

ધન્ય તું આતમ જેહને; એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨

**અર્થ**—તારો આત્મા, જેને આવો સવાલ ઊભો થયો છે અને જેને આ સવાલ કરવાનું મન થયું છે, તે ખરેખર ભાગ્યશાળી–નસીબદાર છે. તો એ શાંતિનું પ્રતિબિંબ કેમ પડે, તે મનમાં ધૈર્ય રાખીને બરાબર સાંભળો. (૨)

**ટબો**—ધન્ય–કૃતપુણ્ય તું, અરે આત્મા! જેને એવો પ્રશ્ન પૂછવાનો અવકાશ થયો. ધૈર્ય મન કરીને એ પ્રશ્નનો અવકાશ સાંભળો : શાંતિજિનનો પ્રતિભાસ કહું છું યથાર્થ. (૨)

**વિવેચન**—હવે પ્રભુ એ સવાલનો જવાબ શું આપે છે તે આપણે જોઈએ. પ્રથમ તો સવાલનો જવાબ આપવા પહેલાં તે સવાલ પૂછનારને ધન્યવાદ આપે છે. તારા મનમાં આવો સવાલ થયો તેથી તું ધન્ય છો, નસીબદાર છો, ભાગ્યશાળી છો, તારા અત્યંત ગંભીર સવાલનો જવાબ આપું છું; તે તારા સવાલના જવાબને તારા મનમાં ધૈર્ય ધારણ કરીને તું સંભાળ. તારા સવાલના જવાબમાં હું હવે શાંતિનું બરાબર પ્રતિબિંબ તારી પાસે કહી સંભળાવું છું. તારો સવાલ ભારે અગત્ય ધરાવે છે અને તેનો જવાબ ઘણી મહત્તાથી ભરપૂર છે. તેની મહત્તાને

---

**પાઠાંતર**—'આતમ' શબ્દ એક પ્રત મૂકી દે છે; બીજી પ્રતમાં 'આતમા' પાઠ છે. 'તું' સ્થાને પ્રતવાળો 'તૂં' લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'જેહને' સ્થાને પ્રતકાર 'જેહનૈ' લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'એહવો' સ્થાને પ્રતમાં 'એહવો હવો' શબ્દો લખે છે. 'પ્રશ્ન અવકાશ' સ્થાને પ્રતમાં 'પ્રશ્નવકાશ' પાઠ છે. 'પ્રતિભાસ' સ્થાને બન્ને પ્રતવાળાઓ 'પ્રભાસ' લખે છે. (૨)

**શબ્દાર્થ**—ધન્ય = નસીબદાર, ભાગ્યશાળી. તું = તારા. આતમ = આત્મા. જેહને = જેને. એહવો = એવો, એવા પ્રકારનો. પ્રશ્ન = સવાલ, તપાસ અવકાશ = ઇચ્છા, વિચાર, હોંસ. ધીરજ = ધૈર્ય, શાણપણ. મન = ચિત્ત, અંદરના ભાગમાં. ધરી = ધારણ કરી. સાંભળો = નિસુણો, સમજો. કહું = સમજાવું, જણાવું. શાંતિ = એકતા, ગડબડ રહિત સ્થિતિ. પ્રતિભાસ = પ્રતિબિંબ, આકાર. (૨)

અનુરૂપ ધીરજ ધારણ કરીને તું મારો જવાબ વિચારજે. ધીરજ રાખ્યા વગર તું એ જવાબને સંક્ષેપમાં સમજી શકીશ નહિ.

હવે હું શાંતિના પ્રતિબિંબને રજૂ કરીશ. આપણા પ્રતિબિંબમાં અને આપણી આકૃતિમાં જરા પણ ફેરફાર હોતો નથી, તેથી પ્રતિબિંબ સમજાતાં અસલ શાંતિનો તને ખ્યાલ આવી જશે. આ રીતે શાંતિની મૂર્તિને પ્રસ્તુત કરી હવે શાંતિ કેવી હોય તે પ્રતિબિંબ સ્વરૂપે સમજાવે છે. શાંતિ કેવી હોય તે તેના પ્રતિબિંબ પરથી સમજાવવાનો આ અભિનવ પ્રયાસ છે.

શાંતિનું પ્રતિબિંબ શા માટે કહેવામાં આવ્યું તે મને બરાબર સમજાયું નથી. શાંતિની વાત શાંતિના પ્રતિબિંબથી શા માટે કહેવી પડે? શાંતિનું સ્વરૂપ જ સવાલ કરનારે પૂછ્યું છે અને તેના જવાબમાં શાંતિની વાત જ કરવી જોઈએ. મને તેના બે ખુલાસા સૂઝે છે: એક તો, શાંતિનો અર્થ 'મૂર્તિ' (Image) કરવો એ વધારે બંધબેસતું છે. અને બીજું, આનંદઘને આ શબ્દ 'અવકાશ'નો અનુપ્રાસ મેળવવા વાપર્યો હોય. અનુપ્રાસ મેળવવા ગમે તે શબ્દ વાપરવો એ આનંદઘનની પદ્ધતિ નથી. તેમણે પદમાં તથા સ્તવનોમાં એક પણ નકામો શબ્દ વાપર્યો નથી. એ જોતાં આ બીજો ખુલાસો બરોબર લાગતો નથી. એ વાત ગમે તે હોય, આપણે હવે શાંતિને બરાબર સમજવા અને તેને પારખવા યત્ન કરી, આ વાતને અહીં છોડી આગળ વધીએ. આખા સ્તવનનો ખાસ મહત્ત્વનો ભાગ હવે શરૂ થાય છે. અને આવો સરસ સવાલ કરનાર અથવા ઉઠાવનારને ધન્યવાદ આપી હવે આ કેંદ્રસ્થ પ્રશ્નને ન્યાય આપવા સ્તવનકાર આગળ વધે છે. (૨)

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવરદેવ રે;
તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાંતિ૦ ૩

**અર્થ**— તીર્થપતિએ જે જે ભાવો જે જે પ્રકારે બતાવ્યા છે, પ્રરૂપ્યા છે, તે અશુદ્ધ અને વિશુદ્ધ ભાવો ઉપર તે તે પ્રમાણે બરાબર યથાર્થપણે શ્રદ્ધા રાખે, તેને અનુસરે, એ શાંતિપદની સેવા કરવાની પહેલવહેલી વાત છે. (૩)

---

**પાઠાંતર**—'અવિશુદ્ધ' સ્થાને 'અશુદ્ધ છે' એવો પાઠ એક પ્રતમાં છે. 'સુવિશુદ્ધ જે' સ્થાને પ્રતમાં 'શુદ્ધ છે' પાઠ છે. 'કહ્યા' સ્થાને પ્રતમાં 'જે કહ્યા' પાઠ છે. 'તેમ' સ્થાને પ્રતમાં 'તિમ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'અવિતત્થ' સ્થાને ભીમશી માણેક 'અતથ્ય' છાપે છે. 'સદ્દહે' સ્થાને પ્રતનો લહિયો 'સદ્દહૈ' પાઠ લખે છે. (૩)

**શબ્દાર્થ**—ભાવ = વસ્તુની જુદા જુદા પ્રકારની સ્થિતિ. અવિશુદ્ધિ = શુદ્ધ નહિ એવા, ખરાબ, તુચ્છ. સુવિશુદ્ધ = સરસ, સારા, સુંદર. કહ્યા = બતાવ્યા. સમજાવ્યા. જિનવર = પ્રભુ, તીર્થંકરદેવે. તે = તે ભાવોને. તેમ = ભગવાને કહ્યા છે તે જ આકારે. અવિતત્થ = તે જ પ્રકારે, વગર વાંધે, વગર તકરારે. સદ્દહે = અનુસરે, જાણે, માને, શ્રદ્ધે. પ્રથમ = સર્વથી પહેલી શરત. એ = તે (દર્શક સર્વનામ) શાંતિપદ = ધીરજપદ, મનના આહદ્દોહદ્દની ગેરહાજરી, કુદરતી રીતે. સેવ = સેવનાની પ્રથમ શરત. (૩)

**ટબો**—સંસારમાંહે શુદ્ધ અને અશુદ્ધ ભાવપદાર્થ, એ બે ભાવ શ્રી જિનવરદેવે કહ્યા છે, તે તેમ જ અવિતત્થ સાચા સદ્દહે. અસ્તિ ૧, નાસ્તિ ૨, અસ્તિ-નાસ્તિ ૩. પણુ પ્રથમ સદ્દહણા શુદ્ધિ-શાંતિપદપણે એમ સેવવી. (૩)

**વિવેચન**—શાંતિના સ્વરૂપ સમજેલની પ્રથમ શરત એ છે કે તીર્થપતિએ જે સારા અને ખરાબ ભાવો વર્ણવ્યા છે, તે તે પ્રકારના છે એમ સમજે, એના ઉપર શ્રદ્ધા રાખે અને તેમ જ છે એમ જાણે એ શાંતિને બરાબર સમજ્યો છે એમ જાણવું. આપણામાં અનેક ભાવો હોય છે. ભાવ એટલે પ્રકૃતિ અથવા સ્વભાવ, અથવા અભિપ્રાય. તીર્થંકરદેવે જે પ્રકારે મૂળ સૂત્રમાં બતાવ્યા છે, જીવ સંબંધી વિચારો, નવ તત્ત્વો અને બીજા અનેક ભાવો પ્રભુએ જે પ્રકારે જણાવ્યા છે, તે પ્રકારે જ બરાબર છે, એવી શ્રદ્ધા રાખે એ શાંતિને સાચા સ્વરૂપે સમજવાની પ્રથમ શરત છે. પ્રભુએ ખરાબ ભાવો પણ બતાવ્યા છે. અનેક હલકા જીવો કર્મનાં કેવાં પરિણામ ભોગવે છે તેનાં ચરિત્રો પણ વર્ણવ્યાં છે અને કર્મનાં માઠાં ફળો જણાવ્યાં છે, તથા સૃષ્ટિકર્તૃત્વનો સવાલ ચર્ચી લઈ તેનો ખુલાસો મૂળ સૂત્રમાં આપ્યો છે. એ સર્વ ભાવોને ભગવાને કહ્યા છે તે જ આકારમાં સાચા છે એમ જે સંકોચ વગર માને અને સ્વીકારે, તેમાં જરા પણ શંકા ન કરે અને તેને તે પ્રકારે અનુસરવાનો સંકેત કરે, એના મનમાં જરા પણ અરુચિ હોય નહિ, એ તીર્થંકરના આધારભૂતપણાની ખાતરી કરી લે; પણ પછી તો पुरुषविश्वासे वचनविश्वासः એટલે કહેનાર પુરુષ ઉપર વિશ્વાસ પડે એટલે એનાં કહેલાં વચનો ઉપર પણ વિશ્વાસ બેસે. એટલે દેવ સંબંધી એના મનમાં જરા પણ શંકા રહે નહિ. મારા દેવે કહેલ છે, સારા ને ખરાબ ભાવો બતાવ્યા છે, તે તે જ પ્રકારે સાચા છે એવા નિર્ણયથી જ એ ચાલે, એ શાંતિસ્વરૂપની પ્રાથમિક શરત છે. અને આવી શ્રદ્ધા રાખનાર પ્રાણી જ ખરા ધર્મને અને શાંતિને પામી શકે છે, એ વાતની મનમાં પ્રતીત લાવવી એ બહુ જરૂરી બાબત છે. કેટલાક ભાવો તો દેખી શકાય છે, પણ દૂરના ભાવો દેખાતા નથી, લોકાલોકની વાત આંખે જોઈ શકાતી નથી, દેવલોક અને નારકી દૂર છે—એ સર્વ તે જ પ્રકારે છે, ભગવાને જણાવ્યા તે જ રીતે છે, એમ વગર શંકાએ જે કબૂલ રાખે તે શાંતિની પ્રથમ શરત છે. આ સમ્યક્ત્વનું લક્ષણ છે. દેવને દેવ તરીકે જાણે અને દેવે કહેલ વાતને, તે ગમે તેવી હોય તેને, તે પ્રમાણે જાણે, સમજે, સ્વીકારે અને એમાં કોઈ જાતની શંકા-કુશંકા ન કરે તે શાંતિને બરાબર સમજવાની પ્રથમ શરત છે. આ શાંતિને સેવવાથી શાંતિનાથની સેવા થાય છે, કારણ કે શાંતિ અને શાંતિનાથ સ્વરૂપે એક જ છે.

આ ગાથામાં શાંતિને બરાબર સમજવાનું લક્ષણ કહેવામાં આવ્યું. આ સમ્યક્ત્વ પ્રાણીનું લક્ષણ છે અને શાંતિનું સ્વરૂપ પ્રથમ ભૂમિકાએ છે. દેવ સંબંધી એના મનમાં જરા પણ ગોટાળો ન હોય, એનો પ્રભુ પર પરમ વિશ્વાસ હોય અને તેમનાં કહેલાં વચનો પર પૂરેપૂરી શ્રદ્ધા હોય. પ્રભુએ ભાખેલ છ દ્રવ્યનો વિચાર અને પ્રાણીઓના આંતરભાવો-સારા અને

પ્રરાણ-એ જ પ્રકારે છે એમ શ્રદ્ધાપૂર્વક માને, તેમ જ નવ તત્ત્વો અને અઢાર પાપસ્થાનકને તે જ પ્રકારે જાણે, માને અને મનાવે એ શાંતિનું પ્રાથમિક સ્વરૂપ છે એમ ભગવાન જણાવે છે. હવે આ શાંતિના સ્વરૂપની બીજી શરત આપણે જોઈએ. (૩)

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, સુચી અનુભવાધાર રે. શાંતિ૦ ૪

**અર્થ**—બીજી શરત : તેના શિક્ષક મૂળ સૂત્રોને ધારણ કરનાર, શુદ્ધ દેવ-ગુરુને ઓળખનાર અને ઓળખાવનાર અને ક્રિયા કરવામાં એટલા તત્પર હોય કે નવીન કર્મબંધનની સામે બારણું બંધ કરનાર એટલે નવાં કર્મબંધન ન કરનાર હોવા જોઈએ, તેમ જ વડીલના અભિપ્રાય અનુસાર વર્તનાર અને કોઈને છેતરનાર નહિ, તેમ જ જાતે પવિત્ર અને અનુભવરૂપ સમુદ્રને ધરનારા હોવા જોઈએ. (૪)

**ટબો**—આગમ-પ્રવચનના ધારણહાર એવા સમકિતી ગુરુ અને સંવરની ક્રિયાએ કરી સાર-પ્રધાન, એટલે જેણે એ કરી આશ્રવાનુબંધ ન થાય તે ક્રિયા, તે સંવરક્રિયા. સંપ્રદાયી -પરંપરાગત આમ્નાયવંત. વળી, નિરંતર क्रियायोगे फलनात् અવંચક-પવિત્ર અનુભવના આધાર એટલે ગુરુપરતંત્રી. (૪)

**વિવેચન**—અત્યાર સુધી શાંતિધારક સમકિતી કેવો હોય તેનું એક જાતનું વર્ણન કર્યું. હવે એના ગુરુતત્ત્વને વર્ણવે છે. સમકિતવંત પ્રાણી જેમ દેવ સંબંધી નિર્ણીત હોય છે, તેમ ગુરુ સંબંધમાં પણ નિર્ણીત હોય છે. તે કેવા પ્રકારના નિર્ણયવાળો હોય તે હવે ગુરુ-પરત્વે બતાવે છે. શાંતિની આ બીજી શરત છે. એ શાંતિવાંછુના ગુરુ આગમના ધારણ કરનારા હોય, એવાને જ એ ગુરુ માને. આગમ એટલે જૈનના સૂત્રગ્રંથો. ભગવાને કહેલ બાબતોને ધારણ કરી શ્રી સુધર્માસ્વામીએ પુસ્તકના આકારમાં આગમરૂપે ગોઠવી; તેના અભ્યાસી. આવા પઠિત મુનિ આ શાંતિવાંછુના ગુરુ હોય. એવા આગમના અભ્યાસી ગુરુને અનુસરવામાં એ સાચો શાંતિવાંછક છે, કારણ કે મૂળ આગમોમાં બહુ અસરકારક રીતે ઉપદેશક વાતો કહેલી છે.

---

**પાઠાંતર**—'સમકિતી' સ્થાને એક પ્રતમાં 'સમિષ્કતિ' પાઠ છે; ભીમશી માણેક 'સમકેતી' છાપે છે. 'કિરિયા' સ્થાને પ્રતકાર 'ક્રિયા' લખે છે, અર્થ એક જ છે. 'સંપ્રદાયી' સ્થાને બન્ને પ્રતોમાં 'સંપ્રદાઈ' પાઠ છે, અર્થ ફરતો નથી. 'અવંચક' સ્થાને 'અવચક' પાઠ છે. 'સુચી' સ્થાને બન્ને પ્રતમાં 'સુચિ પાઠ છે (૪)

**શબ્દાર્થ**—આગમધર = મૂળ સૂત્રના ધારણ કરનારા, સિદ્ધાંતને સમજાવનારા. ગુરુ = શિક્ષક, શિક્ષણ આપનાર. સમકિતી = દેવ-ગુરુ-ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા રાખનાર. કિરિયા = ક્રિયા કરનાર, પ્રવૃત્તિ કરનાર. સંવર = કર્મોનું રોકાણ, કર્મના આવતા પ્રવાહનું બારણું ઢાંકનાર. સાર = રહસ્ય, સુંદર, તેના કરનાર. સંપ્રદાયી = સંપ્રદાયથી, ઉપરથી ઊતરી આવેલી, વૃદ્ધ સંપ્રદાયને અનુસરનાર. અવંચક = નિર્દંભ ભાવે રહેલ, ભોળા, ઉઘાડા. સદા = હંમેશાં, ક્રિયા કરવામાં દરરોજ તૈયાર. સુચી = વિશાળ મનવાળા, પવિત્ર. અનુભવાધાર = અનુભવના મોટા દરિયા, સમુદ્રરૂપ. (૪)

તે ઉપરાંત એના ગુરુ એકલા અભ્યાસી જ ન હોય, પણ તેઓ શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર સાચી શ્રદ્ધા રાખનાર અને ધર્મ સંબંધી પડયો બોલ ઉપાડી લેનાર, તત્ત્વજ્ઞાનના અભ્યાસી અને સાચી દોરવણી આપનાર હોય. આવા ચારિત્રધારી લાયકને ગુરુ ધારે; એ શાંતિવાંછુના ગુરુતત્ત્વની પસંદગી કરવામાં આ સમકિતની બાબત બરાબર ધ્યાનમાં રાખે : આ બીજી શરત છે. ગુરુની પસંદગીમાં બહુ સંભાળ રાખવાની જરૂર છે. ચૌદમા સ્તવનમાં કહેલા ઉદરંભરી કે સાધુનો વેશ લઈ નીકળી પડેલા કે આખો વખત વેશ કાઢનારા અને ચારિત્રનાં ઠેકાણાં વગરનાને શાંતિવાંછુ ગુરુ કરે નહિ. એ તો સાધુના સત્તાવીશ ગુણો કે આચાર્યના છત્રીશ ગુણો ચકાસી ગુરુસ્થાને શુદ્ધ ચારિત્રના ખપી જીવને સ્થાપન કરે. તેઓ સંવરભાવે ક્રિયા કરનાર હોવા જોઈએ. ગતાનુગતિક ક્રિયા કરનાર કે દેખાવ માત્ર ક્રિયા કરનાર ગુરુસ્થાન માટે લાયક નથી. આવા ધાંધલિયાને, શાંતિવાંછુ હોય તે, સ્થાન જ ન આપે. સંવર એટલે આવતા કર્મના દ્વારને રોકે, બારણાં બંધ રાખે તેવો માર્ગ. સંવરના સત્તાવન પ્રકાર અગાઉ જણાવી ગયા છીએ. તે ભાવે કર્મ રોકે તેવી સંવરક્રિયા કરનારને એ ગુરુસ્થાને સ્થાપે; અને ચારિત્રમાં ઢંગધડા વગરનાને એ ગુરુસ્થાને રાખે જ નહિ. પૌદ્ગલિક સુખમાં આસક્ત આવા ગુરુઓ પોતાનું કે પારકાનું કાંઈ પણ સુધારી શકે નહિ. આવા કુગુરુને ગુરુસ્થાન આપે નહિ.

હજી પણ કેવા માણસને ગુરુસ્થાને રાખે તે વધારે જણાવે છે. સાચા ગુરુ સંપ્રદાયમાં માનનાર હોય છે. ગુરુ શિષ્યને સામે બેસાડી ક્રિયાના હેતુ–રહસ્ય સમજાવી જે જ્ઞાન આપે તેનો મહિમા ઔર છે. સંપ્રદાયમાં ખાસ માનનાર હોય તે ગુરુપદને દીપાવે છે. આવા સંપ્રદાયમાં માનનાર ગુરુને ગુરુ કહે; બીજા વાતોડીઆ કૂથલી કરનારા કે જેવા તેવાને ગુરુસ્થાને ન મૂકે. સાચા ગુરુને ઓળખવાની આ બધી ચાવીઓ છે. સંપ્રદાયનો મહિમા જબરો છે. બધું જ્ઞાન પુસ્તકમાં લખી શકાયું નથી, પણ પોતાના સંપ્રદાયમાં માનનારને સાચા ગુરુ માનવા, એ વૃદ્ધો પાસેથી કુળક્રમાગત વાત જાણતા હોય છે અને તે શિષ્યને સમજાવે છે. આ ત્રીજી ચાવી વિચારી.

વળી, ગુરુ નિષ્કપટ ભાવે–ભોળે ભાવે, દંભ–દેખાડો કર્યા વગર, ક્રિયા કરનારા કે વર્તન કરનારા હોવા જોઈએ. આવા ગુરુને શાંતિવાંછક ગુરુ માને. તે ઉપરાંત તેઓ પવિત્ર, નિર્મળ હોવા ઘટે. જે પોતે તરે અને પોતાના આશ્રિતોને તારે એને સાચા ગુરુ માનવા. ચાલચલગતના ઠેકાણા વગરના માણસથી એવું જરા પણ થઈ શકે નહિ. પથરાઓ કદી તર્યા નથી અને તેથી ગુરુની પસંદગી બરાબર નિયમે કરવી. અને બહુ ટૂંકાણમાં છેવટે કહે છે એ ગુરુ અનુભવના સમુદ્ર હોય. તેઓ અનેક આસ્માની–સુલતાની જોઈ, ઘડાઈને સીધા થઈ ગયેલ હોય છે. એવા અનુભવના દરિયાને પોતાના ગુરુને સ્થાને સ્થાપવાની તેની ઇચ્છા હોય છે.

આવી રીતે જેવા તેવાને ગુરુ ન કરે, પણ શાંતિના ઇચ્છક પ્રાણી હોય તે ૧. આગમધારી, ૨. સમકિતી અને સંવરની ક્રિયા કરનાર, તેમ જ ૩. સંપ્રદાયમાં માનનાર ૪. અને નિર્દંભ ૫. અને પવિત્ર ૬. અનુભવના દરિયો હોય તેને પોતાના ગુરુ બનાવે. આ શાંતિવાંછક દેવને

ઓળખ્યા પછી, આવા સુગુરુ કરે એ બીજી શરત કહી. એમાં સંપ્રદાય અને અનુભવના સમુદ્રની વાત ખૂબ મનન કરી અનુસરવા યોગ્ય છે. પાંદડું પોતે તો તરે છે, પણ બીજાને તારી શકતું નથી. તેવા પાંદડા જેવાને ગુરુ કરવા નહિ. એ તો આગમ ધરનાર અને સંપ્રદાયમાં માનનાર હોવા જોઈએ. આવા ગુરુ વહાણની પેઠે ભરદરિયામાં પણ પોતે તરે છે અને આશ્રિતોને પણ તારે છે. આવા ગુરુને પોતાનું સર્વસ્વ સોંપવામાં વાંધો નથી, એમ શાંતિને ઇચ્છનારો જાણે, (૪)

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવી પરિહરે, ભજે સાત્ત્વિક સાલ રે. શાંતિ૦ ૫

**અર્થ**—અને શાંતિગ્રાહક સાચાં-શાસ્ત્રમાં કહેલાં-અવલંબનો(આધારો)નો સ્વીકાર કરે અને તેને કરતી વખત કોઈ પણ પ્રકારની ખટપટ મૂકી દે, તેમ જ ઉશ્કેરણી કરે તેવી તામસ બુદ્ધિને છોડી દઈ, સાત્ત્વિક શાળ (વણકરની) પોતે ગ્રહણ કરે. (૫)

**ટબો**—વળી કેવા શુદ્ધ આલંબન આગમાનુયાયી આદરે, અપર અશુદ્ધ જંજાળને મૂકતાં તામસી વૃત્તિ કષાયજનિત જે ક્રિયા તે સર્વને છંડે, સાત્ત્વિકી આત્મગુણથી ઉપની જે વૃત્તિ તે ભજે-સેવે-આદરે. (૫)

**વિવેચન**—હવે ત્રીજી બાબત ધર્મ માટે કહે છે. એ (શાંતિવાંછુ) શેમાં ધર્મ માને? તે અહીં જણાવી શાંતિનું સ્વરૂપ કહે છે. તે ધર્મ કોને માને?–તે અહીં જોઈએ. એ ટેકો જેવા તેવાનો ન લે; પણ પુષ્ટ અવલંબનનો જ કરે, એટલે એની મૂર્તિપૂજા અટકે નહિ એ જેવાં તેવાં પુસ્તકો વાંચે નહિ અને જ્યાં ત્યાં અટકયા કરે નહિ. એ સારા ટેકાના આશ્રયમાં સ્થિર રહે અને સ્થિરતાનો પૂરતો લાભ લે. અને એવા વિશુદ્ધ ધર્મને અવલંબને ચાલે, ત્યારે તે બધી જંજાળોને છોડી દે છે. આખી દુનિયા ગમે તે કરે તે કાંઈ તેને લાગતું નથી, પણ એનું વિશુદ્ધ ધર્મનું અવલંબન એટલું મજાનું હોય છે કે એ વિશુદ્ધ ધર્મને ખેલે છે. અને એ પ્રાણી સર્વ પ્રકારની તામસી બુદ્ધિને છોડી દઈને આગળ વધે છે, તામસી વૃત્તિ એટલે અંધકારને વધારનાર ક્રોધી પ્રવૃત્તિ. તામસી સામે રાજસી અને સાત્ત્વિક વૃત્તિ ધરવા યોગ્ય છે. રાગદ્વેષજન્ય ક્રોધી પ્રવૃત્તિ એ અશુદ્ધ ધર્મમાં હોય છે, તેનો ત્યાગ કરે છે. આ રીતે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મને તે આદરે અને કુદેવ, કુગુરુ અને કુધર્મનો ત્યાગ કરી તે શું કરે તે હવે કહે છે. એ સાત્ત્વિક વૃત્તિને ધરે. સાલ એટલે શાલિ-ચોખા અને શાલ એટલે શાલા; કોઈ

---

**પાઠાંતર**—'તજી અવર' સ્થાને પ્રતમાં 'મૂકતો' પાઠ છે; બીજી પ્રતમાં 'તજિ' પાઠ છે. 'ભજે' સ્થાને પ્રત લખનાર 'ભજૈ' પાઠ લખે છે. 'સાત્ત્વિક' સ્થાને પ્રતવાળો 'સાતિવકી' લખે છે. (૫)

**શબ્દાર્થ**—શુદ્ધ = પવિત્ર, શાસ્ત્રસંમત. આલંબન = ટેકો, સાધ્ય. આદરે = સ્વીકારે, પોતાનું કરે. તજી = છોડી દઈ, મૂકીને. અવર = દૂસરી, બીજી. જંજાળ = માથાઝીક. તામસી = ક્રોધી, ઉશ્કેરણી કરે તેવી. વૃત્તિ = વર્તાવ, બુદ્ધિ. સવી = સર્વ, એકેએક પ્રકારની, સંપૂર્ણ. પરિહરે = છોડી દે, મૂકી દે સાત્ત્વિક=સાત્ત્વિક. ભજે = સેવે, આદરે, સ્વીકારે. સાલ = વણવાનું યંત્ર. (૫)

એને શાલદુશાલો પણ કહે છે. એ તામસી વૃત્તિ છોડી દે, અને સાત્ત્વિક વૃત્તિને ધારણ કરે અને એ કેવા ધર્મને આદરે તે આવતી ગાથામાં જણાવે છે. આવા સુધર્મને તે આદરે. (૫)

ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાંતિ૦ ૬

**અર્થ**—જેમાં આવું ફળ થશે કે બીજા પ્રકારનું થશે આવી અસંગતિ જ નથી, પ્રભુએ બોલેલ શબ્દ અને તેના અર્થના સંબંધમાં વિરોધ નથી; પણ સર્વત્ર ફલિતાર્થવાળો દૃષ્ટિબિંદુનો નયવાદ ફેલાઈ રહ્યો છે અને એ પ્રકારનો અવિરોધ અને અપેક્ષાવાદ મોક્ષ મેળવવાના સાધનનું મર્મ સ્થાન છે અને છેવટે તે અપાવે જ રહે છે. (૬)

**ટબો**—ફળ-મોક્ષ. તેનો વિસંવાદ-ભ્રાંતિ જેમાં ન હોય, તેવા શબ્દ અને અર્થ; તેનો સંબંધ સો યોગી. સકળ નયવાદ જેમાં વ્યાપી રહ્યો, એવો જે સ્યાદ્વાદ, તે જ મોક્ષસાધનનો સંધિ પ્રતિજ્ઞા છે, જેને. (૬)

**વિવેચન**—હવે એવા શાંતિને ઇચ્છનાર શાંતિવાંછકની સામાન્ય ચાલચલગત કેવી હોય, તેનું સામાન્ય ચારિત્ર કેવા પ્રકારનું હોય, તેનું વર્ણન અગિયારમી ગાથા સુધી કરે છે. આવી રીતે ત્રીજીથી અગિયારમી કુલ નવ ગાથાએ શાંતિવાંછક કેવો હોય, તે સ્પષ્ટ કર્યું છે, અને છતાં તે બહુ ટૂંકામાં વર્ણવ્યું છે અને વિસ્તારથી જાણવા ઇચ્છનારને આગમ ગ્રંથોનો હવાલો આપ્યો છે. આવી રીતે ઉપર જણાવેલ નવ ગાથામાં બહુ ટૂંકી રીતે શાંતિનું સ્વરૂપ બહુ મુદ્દામ રીતે વર્ણવેલ છે તે, જીવનમાં બહુ અગત્યનું હોવાથી, ધ્યાનપૂર્વક સમજી લેવાનું છે.

શાંતિઇચ્છકને વર્ણવતાં જણાવે છે કે એના મનમાં ફળની અસંગતિ ન હોય. આ કામ કરું છું તેનું ફળ મળશે કે નહિ, ક્યારે મળશે કે કેમ મળશે-એવી જેના મનમાં શંકા કે કુશંકા પણ ન હોય, તે શાંતિના ફળની બાબતમાં જરા પણ શંકા કરતો જ નથી. જે કરે છે તેનું ફળ બરાબર મળવાનું છે અને સારું જ ફળ મળવાનું છે, એમ જાણે છે. ફળ સંબંધી હા-નાની બેવડી ગૂંચવણો તેના મનમાં થતી નથી. તે જાણે છે કે या या क्रिया सा सा फलवती. અને એનો પ્રયાસ કે એની ક્રિયા કદાચિત્ પણ એવી ન હોય કે તેને ફળ સંબંધી મનમાં સંકલ્પ-વિકલ્પ કે દ્વિભાવ થાય. જ્ઞાનવિમલસૂરિ મોક્ષ ફળ અર્થ કરે છે તે વિચારણીય છે. પણ સર્વ ક્રિયાનું તે જ ફળ છે એમ હોતું નથી, છતાં તે અર્થ વિચારવો.

---

**પાઠાંતર**—'સંબંધી રે' સ્થાને 'સંબંધ રે' એવો પાઠ પ્રતમાં છે. 'સંધિ રે' સ્થાને 'સિદ્ધ રે' પાઠ પ્રતમાં છે. પ્રતવાળો 'તે' શબ્દ મૂકી દે છે, 'નયવાદ' સ્થાને 'નય' પાઠ છે. 'સકલ' સ્થાને ભીમશી માણેક 'શકલ' પાઠ છાપે છે. એક પ્રતમાં છેલ્લા પાદમાં 'તે' મૂકી દે છે. (૬)

**શબ્દાર્થ**—ફળ = પરિણામ, અમુક કાર્યનું ફળ, વિસંવાદ = અસંગતિ, ગોટાળો. જેહમાં = જેમાં, તેમાં. શબ્દ = પ્રભુએ કહેલ, ભાખેલ. અર્થ = તેનો માયનો, ભાવ. સંબંધી = લગતો. સફળ = ફલસહિત, સિદ્ધ સાર્થક. નયવાદ = દૃષ્ટિબિંદુએ જોવાનો મુદ્દો, ભાંજગડ. વ્યાપી રહ્યો = ચારે તરફ ફેલાયો. શિવસાધન = મોક્ષ પામવાનું સાધન, યંત્ર. સંધિ = વચલા ભાગનું માર્મિક સ્થળ, અપાવનાર. (૬)

અને ભગવાને કહેલા શબ્દો કે તેના ભાવાર્થ સંબંધમાં પણ તેને શંકા પડતી નથી. એ પ્રભુના શબ્દોને બરાબર સમજે છે અને તેનો અર્થ પણ બરાબર જાણે છે. એને મનમાં આવો અર્થ હશે કે બીજો અર્થ હશે એવી શંકા થતી નથી. એના જે શબ્દો હોય છે અને તેનો જે અર્થ હોય છે તે વગર વિરોધે કે વગર વાંધાએ એ સમજે છે અને કબૂલ રાખે છે. અને તેના સંબંધમાં તેને જરા પણ ગોટાળો થતો નથી અને આગળપાછળ અર્થમાં કે ખૂદ શબ્દોમાં જરા પણ વાંધો ન આવે અને પરસ્પર વિરોધ ન આવે ત્યાં એ સડસડાટ વગર શંકાએ સમાધાન આપે છે; અને એ અવિરોધપણું જાણતો હોવાથી એના નિર્મળ માનસમાં શંકા કે કુશંકાને સ્થાન જ હોતું નથી. શાંતિનો ઇચ્છક આવો નિર્મળ માનસવાળો હોય છે.

તેથી વધારે તે જાણે છે કે, એ વચનો અને તેમના રહસ્ય–અર્થમાં ચોતરફ નયવાદ–અપેક્ષાવાદ જામી રહેલો છે. અમુક વસ્તુનું તે તરીકે અસ્તિત્વ પણ જાણે અને બીજી અપેક્ષાએ નાસ્તિત્વ પણ જાણે. એ આખા શબ્દશાસ્ત્રમાં અપેક્ષાવાદ છે તે સમજાવે અને બહલાવે. એના મનમાં મિથ્યા ભ્રાંતિ થતી નથી અને એ અપેક્ષાવાદને વીસરતો નથી. એના મનમાં સર્વ ચોખવટ હોય છે. તે જાણતો હોય છે કે અમુક અપેક્ષાએ ચીજ રહેલી હોવાથી તેમાં અપેક્ષા પ્રમાણે અસ્તિત્વ નાસ્તિત્વ વગેરે ભાવો ભરેલા હોય છે. આ અપેક્ષાવાદને સમજવો–સમજાવવો તે મોક્ષપ્રાપ્તિને અંગે મર્મસ્થાન છે. એનાથી જરૂર તેનો મોક્ષ થાય છે અને મર્મસ્થાને હોવાથી તેના મોક્ષપ્રાપ્તિના સહાયકો તેને મદદ કરે છે. તે અપેક્ષાવાદના જાણકાર અને બહલાવનાર હોય છે; અને દરેક ગૂંચવણ આ અપેક્ષાવાદની મદદથી એ દૂર કરે છે. અને એનો અપેક્ષાવાદ એટલો સરસ હોય છે કે તે તેનાથી જરા પણ ચસતો નથી. આ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ સમજનાર અને સમજાવનાર શાંતિસાધક છે અને શાંતિને ઇચ્છનારો છે એમ સમજણ થાય છે. (૬)

વિધિ-પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે શાંતિ૦ ૭

**અર્થ**—આત્માએ આ કાર્ય આમ કરવું જોઈએ, અને અમુક કાર્ય ન જ કરવું જોઈએ એમ જણાવી પદાર્થને અવિરોધપણે જણાવે છે અને તેમાં વસ્તુને કેમ લેવી તેનો વિધિ બતાવે

---

**પાઠાંતર**—'વિધિ' સ્થાને પ્રતવાળો 'વિધી' લખે છે. 'પ્રતિષેધ' સ્થાને પ્રતમાં 'પ્રતિષેદ' પાઠ છે. 'આતમા' સ્થાને એક પ્રતમાં 'યાતમા' પાઠ છે. 'મહાજને' સ્થાને પ્રતમાં 'મહાજન' પાઠ છે. 'આગમે' સ્થાને બન્ને પ્રતમાં 'આગમ' પાઠ છે. 'બોધ રે' સ્થાને પ્રતવાળા 'બુધ રે' પાઠ લખે છે. (૭)

**શબ્દાર્થ**—વિધિ = આ કાર્ય આમ કરવું તેવી સ્થાપના. પ્રતિષેધ = અમુક કાર્ય ન કરવું તેવો હુકમ. કરી = એ બેથી, એને લઈને. આતમા = આત્મા. પદારથ = પદાર્થ, વસ્તુ. અવિરોધ રે = તેની સામે ન થાય તેવું. ગ્રહણ = લેવું તે, સ્વીકારવું તે. વિધિ = કરવું તે, તેની રીતિ. મહાજને = મોટા માણસોએ. પરિગ્રહ્યો = લીધો, સ્વીકાર્યો. ઇસ્યો = એ પ્રકારનો. આગમે = મૂળ સૂત્રમાં. બોધ = જાણવું તે, સમજાવટ. (૭)

છે. અને એને મોટા માણસોએ સ્વીકારેલ છે. આવા પ્રકારનો મૂળ સૂત્રોમાં ખુલાસો આપવામાં આવ્યો છે. (૭)

**ટબો**—વિધિ અને નિષેધ, તેણે કરી આત્મપદાર્થ તે અવિરોધી છે એટલે વિધિકરણનો વિધિ આચાર વિધિ; અનાચાર પ્રતિષેધ; એક જીવ પદાર્થને બેઉ ધર્મ રહ્યા છે—અન્યોન્યે રહ્યા છે. અને મહારાજ તે સજ્જન લોકે પરિગ્રહ્યો-આદર્યો જે ગ્રહણવિધિ છે, એવો જે આગમનો બોધ એટલે જ્ઞેયપણે સર્વ આશ્રવ સંવર, હેયપણે વિધિ-પ્રતિષેધના પરસ્પરે, ઉપાદેયપણે વિધિ-ગ્રહણ એહવો જે બોધ જાણણા, ભાષણશુદ્ધિ-શાંતિ પદ. (૭)

**વિવેચન**—અને શાંતિવાંછક પ્રાણી કેવો હોય તેનું વર્ણન કરતાં આગળ વધારે જણાવે છે કે અમુક કાર્ય આમ જ કરવું જોઈએ તેને 'વિધિ' કહેવામાં આવે છે; અને અમુક કાર્ય ન જ કરવું જોઈએ એને 'પ્રતિષેધ' કહેવામાં આવે છે. આવા વિધિ અને નિષેધમાં એ અપેક્ષાવાદને કારણે જરા પણ વિરોધ દેખાતો નથી. એની શાણી નજર વિધિને સ્વીકારે છે અને પ્રતિષેધ અથવા નિષેધને ત્યાગી દે છે. એને વિધિ-પ્રતિષેધમાં દૃષ્ટિબિંદુના જ્ઞાનથી જરા પણ ગૂંચવણ થતી નથી, શાસ્ત્રમાં ગરમ પાણી (જળ) પીવાનું કહ્યું હોય, એ વિધિ છે, અને રાત્રે કોઈ પણ પદાર્થ ન લેવાનું કહ્યું હોય, એ પ્રતિષેધ છે. એ બન્ને વાદ એના શાંતિવાંછકના અપેક્ષાવાદને કારણે તેને બરાબર બંધબેસતા લાગે છે. એક વાતમાં આમ કરવું જોઈએ અને બીજી વાતમાં આમ ન કરવું જોઈએ એનો ગોટાળો એને થતો નથી. શાંતિના ઇચ્છકની આવી સ્થિતિ હોય છે. શાંતિનો ઇચ્છક કેવો હોય તે ઉપરથી શાંતિનું સ્વરૂપ જાણવું. અત્ર તો શાંતિઇચ્છકના વર્ણનથી શાંતિનું સ્વરૂપ સમજાયું છે તે મનમાં શાંતિ ઇચ્છનારે ધરવાનું છે.

એને લેવાનો વિધિ મોટા માણસો અગાઉથી સ્વીકારતા આવ્યા છે અને આગમ ગ્રંથોમાં મૂળ સૂત્રોમાં ઉપદેશ છે. એ ઉપદેશ પ્રમાણે ચાલનાર આ શાંતિવાંછક જન હોય છે.

આગમ ગ્રંથોમાં-સિદ્ધાંતમાં અમુક બાબત ગ્રહણ કરવા યોગ્ય એમ કહ્યું હોય, તે શાંતિઇચ્છક સ્વીકારે અને તે પ્રમાણે પોતાના જીવનને ગોઠવી દે. એ બાબતમાં તેને ફેરફાર કરવાનો નથી તે વાત તે જાણે છે. અને જે વાત કરવાની ના કહી હોય તે કરે નહિ. આવા પ્રકારના ઉપદેશને તે બરાબર શબ્દશઃ અને અર્થતઃ અનુસરે છે અને તેમાં જરા પણ ફેરફાર હોય એવું તેના મનમાં પણ આવતું નથી.

આપણામાં એક જાણીતો નિયમ છે કે महाजनो येन गतः स पन्थाः (મોટા માણસો જે રસ્તે જાય તે માર્ગ). મોટા માણસોએ સ્વીકારેલો અને આદરેલો તે રસ્તો છે, એટલે આપણે પણ તે માર્ગે વળીએ અને દરેક વિચાર, વચન કે ક્રિયાને, દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખી, ગ્રહણ કરીએ. આ શાંતિવાંછકનો માર્ગ છે અને મહાજનો-મોટા માણસોએ તેને પોતાનો કરી લીધો છે. તેથી શાંતિવાંછક હમેશાં દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરે. અને વસ્તુતઃ તો કોઈ પણ વાત સ્વતઃ સારી કે ખરાબ નથી—વાતને સારી કે ખરાબ દૃષ્ટિબિંદુ-અપેક્ષા બનાવે છે. આ અપેક્ષા સમજાય તો ઘણા ઝઘડાનો અંત આવી જાય. આ શાંતિને સમજવાનો માર્ગ છે. (૭)

દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગસામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮

**અર્થ**—આવો શાંતિવાંછુ પ્રાણી ખરાબ માણસની સોબત છોડી દઈ, સારા ગુરુઓના ચેલાઓને સેવે, ભજે. તેના મનમાં યોગની સમર્થાઈ તો ઘણી જ હોય. આવો માણસ ચોક્કસ અંતે ને આખરે તેને મેળવે જ, પામી જાય. (૮)

**ટબો**—વળી શું કહે છે? દુષ્ટ જન-અસદ્ગ્રાહીની સંગતિ પરહરે, સુપરંપરાને ભજે-સેવે. મન, વચન, કાય યોગ સામર્થ્ય ભાવે તથા ઇચ્છા ૧, શાસ્ત્ર ૨, સામર્થ્ય ૩—યોગ અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને મુગતિનિદાનકરણ તે જ યોગને સેવે, એવું શાંતિપદ ભાવે. (૮)

**વિવેચન**—જે હલકા સ્વભાવના લોકો હોય, જાતે દયાહીન હોય, નીચ હોય તેવા માણસો સાથે એ સ્નેહ સંબંધ ન કરે, જે શાંતિવાંછક હોય તે ક્રૂર, હલકા માણસ સાથે ભળે નહિ અને તેનો અને હલકા માણસનો મેળ ખાય નહિ. માણસ જેવી સોબત રાખે છે તેવો તે હોય છે. શાંત માણસનું મન સ્વાભાવિક રીતે જ નીચ માણસ સાથે મળતું નથી. સોબત એક-સરખા મતવાળા માણસની જામે છે. મિત્ર પાસે-સોબતી પાસે-તો માણસ પોતાની ગુપ્ત વાતો કરે છે, સોબતીની સલાહ લે છે અને સરખેસરખાની પ્રીતિ જ જામે છે. જ્યાં નજર જ જુદી હોય ત્યાં મેળ બેસતો નથી. શાંતિતો વાંછુ માણસ એવા હલકા સ્વભાવના માણસનો પરિચય કરે નહિ અને કરે તો લાંબો વખત નભે નહિ.

અને એ શાંતિવાંછુ માણસ સારા કુટુંબના માણસોને સેવે છે. એને સારા કુળના માણસો માટે પક્ષપાત હોય છે. તે તેની સેવા-ભક્તિ કરવામાં પણ મોજ માણે છે અને પડી-આખડીને તેની નોકરી સ્વીકારે છે. એનું મન તુચ્છ ન હોવાથી એને સારા કુટુંબના માણસો તરફ પ્રેમ અને પક્ષપાત હોય છે. એ સારા માણસ પર વારી જાય છે અને તેની ભક્તિ કરવામાં રાજી રાજી થઈ જાય છે. બાકી, પોતાને મોટા માનનારા હલકા માણસોની સોબત એ કદી કરતો નથી, અને એના તરફ નૈસર્ગિક રીતે જ તેનો અભાવ હોય છે.

અને મન-વચન-કાયાના યોગોને કબજે કરવા, અને યોગસામર્થ્ય બતાવવું, તેના તરફ તેનું વલણ જ હોય છે. તે યોગસામર્થ્યની વાત આવે ત્યારે તેને પકડી પાડે છે અને તેના

---

**પાઠાંતર**—'પરિહરી' સ્થાને પ્રતમાં 'પરિહરૈ' પાઠ છે. 'ધરે' સ્થાને 'ધરો' પાઠ એક પ્રતમાં છે. (૮)

**શબ્દાર્થ**—દુષ્ટ = ખરાબ, હલકો, નીચ. જન = માણસ, મનુષ્ય. સંગતિ = સોબત, સંગ, મળવું તે. પરિહરી = તજી દઈ, મૂકી દઈ, મૂકી. ભજે = તાબે રહે, સેવે. સુગુરુ = ઉત્તમ ગુરુનો. સંતાન = શિષ્ય, ચેલો. જોગ = યોગ, મોક્ષની સાથે આત્માને જોડે તે. સામર્થ્ય = શક્તિ (ટેકનીકલ), યોગશક્તિ. ચિત્ત = મન, અંદરનું. ભાવ = અંદરની ઇચ્છા. ધરે = ધારણ કરી દે, પામે, મેળવે. મુગતિ = મુક્તિ, મોક્ષ. નિદાન = જરૂર, છેવટે. (૮)

ઉપર સ્વાભાવિક રીતે પ્રેમ દાખવે છે અને પોતાના સંયોગો પ્રમાણે યોગસામર્થ્યને અંગે જે બની શકે તેટલું કરે છે અને તેને યોગની વાતમાં ખૂબ મજા આવે છે. એ નકામી કૂથલી કરવામાં પોતાનો સમય પસાર કરતો નથી, પણ યોગસામર્થ્યની વાતોમાં ખૂબ રસ લે છે. જેને 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં હરિભદ્રસૂરિ સામર્થ્યયોગ કહે છે તેમાં તે રસ લે છે અને પારકી નિંદા કે પારકાના અવર્ણવાદ બોલવાનો તેને સમય પણ મળતો નથી. એ તો કર્મના વિનાશ માટે મન-વચન-કાયા કેમ કાબૂમાં આવે તેનો જ અહર્નિશ વિચાર કરે છે અને તેમાંથી બને તેટલું કરે છે.

આ રીતે શાંતિવાંછુ માણસ અંતે જરૂર મોક્ષને પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી એ કર્મનો ક્ષય કર્યા કરે છે અને એ કામમાં જ એને મોજ આવે છે. એ પ્રયત્નમાં એટલો મંડ્યો રહે છે કે એને બીજા કામની સૂઝ પડતી નથી. એ તો જ્યારે ફુરસદ મળે ત્યારે કર્મનો ક્ષય કરી અંતે મુક્તિને મેળવે છે. પછી એના જન્મમરણના ફેરા મટી જાય છે અને હમેશને માટે આપત્તિને દૂર કરનાર મુક્તિને એ જરૂર મેળવીને જ રહે છે, પછી એનો દુનિયાનો દોર દૂર થાય છે અને તે ધમધમાટ કરતો, છાતી કાઢીને ચાલતો અને ક્રોધ-માન-માયાનું પૂતળું હોય તો તે તરીકે અટકી જાય છે અને અનંત સુખમાં રહી નિરંતરને માટે મોજ માણે છે. એને મોક્ષની એટલી તાલાવેલી લાગેલ હોય છે કે એ મન-વચન-કાયાના યોગોને પોતાના સામર્થ્યથી પોતાના કબજામાં રાખે છે અને એ કાબૂને અંતે એ મોક્ષને જરૂર પ્રાપ્ત કરે છે અને હમેશને માટે આનંદનો અનુભવ કરે છે. શાંતિપ્રિય પ્રાણી આવો હોય, તેનું ભગવાન પોતે વર્ણન કરે છે અને જે જીવને એ હોય તેને શાંતિ છે એમ પ્રભુ કરેલા સવાલના જવાબમાં જણાવે છે. વળી, આવો શાંતિને સમજનારો માણસ કેવો હોય તેનું વર્ણન કરે છે તે આપણે આવતી ગાથામાં જોઈએ. યોગસામર્થ્ય પર ઘણું કહેવાનું છે; તે સંક્ષેપમાં મારા 'જૈન દૃષ્ટિએ યોગ' માં, પૃ. ૮૮–૯૧માં લખાઈ ગયું છે. અત્રે તેનો પુનઃપ્રવેશ કરતો નથી. એમાં ધર્મસંન્યાસ અને યોગસંન્યાસને અંગે વાતો કરી 'યોગ-દૃષ્ટિસમુચ્ચય' (હરિભદ્રસૂરિ મહારાજકૃત)નો હવાલો આપવામાં આવ્યો છે. 'જૈન દૃષ્ટિએ યોગ'ના બીજા વિભાગમાં હું એ વિષય ઉપર 'યોગબત્રીશી' વગેરેના અભ્યાસનો સાર આપવા ઇચ્છું છું. હાલ સદર ઉલ્લેખ વાંચી જવો અને શાંતિઇચ્છક જનતાએ એ વિષય 'યોગદૃષ્ટિ-સમુચ્ચય' માંથી જોઈ જવો. આ અતિ ગહન યોગનો વિષય સમજવા જેવો છે. (૮)

માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;
વંદક-નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાંતિ૦ ૯

**પાઠાંતર**—'ગણે' સ્થાને એક પ્રતમાં 'ગિણે' પાઠ છે; એક પ્રતમાં 'ગણૈં' પાઠ છે. 'ઇસ્યો હોયે તું જાણ રે', પ્રતકાર આ પાદને દ્વિતીય પાદ તરીકે મૂકે છે. 'નિંદક' સ્થાને 'નંદક' પાઠ પ્રતમાં છે. 'ગણે' સ્થાને 'ગિણે' પાઠ તૃતીય પાદમાં છે; એક પ્રતમાં 'ગણૈં' પાઠ છે. 'તું' સ્થાને એક પ્રતકાર 'તૂ' પાઠ લખે છે. (૯)

**અર્થ**—શાંતિવાંછક પ્રાણીનું કોઈ આદર-સન્માન કરે અને કોઈ તિરસ્કાર કરે તે બંને તેને મન એકસરખું જણાય અને શાન્તિઇચ્છક પ્રાણી સોનાને અને પથ્થરને સરખાં જ ગણે, તેમજ તેમને પૂજનાર અને તેમની ટીકા કરનાર બંનેને એકસરખા ગણે—આવા પ્રકારનો પ્રાણી તને ઓળખનાર હોય છે, ખરો શાંતિવાંછુ છે, એમ જાણવું. (૯)

**ટબો**—વળી માન અને અપમાન બંનેને સમાન ગણે, તોષ-રોષ ન આણે, દાનાંતરાયનો ઉદય ઉપશમ વિચારે, વળી કનક-પાષાણ સરખાં ગણે, વળી વંદક-નિંદક સરખાં ગણે; ઉપભોગાંતરાયનો ઉદય-ઉપશમ સમાન ગણે; અરે આત્મન્! એવો તું જાણ થા. (૯)

**વિવેચન**—આગળ પણ યોગને અંગે શાંતિવાંછકને વર્ણવે છે તે આ ગાથામાં આપણે જોઈએ. તેને કોઈ માન આપે અને કોઈ અપમાન કરે તે સરખું ગણે. આવી શાંતિ ગણી મુશ્કેલીએ રહી શકે છે. અપમાન કરનાર અને માન આપનારને સરખા ગણવા એ કહેવું જેટલું સહેલું છે તેટલું જીવવું સહેલ નથી. પ્રાણી ઘણેભાગે માનનો અભિલાષી હોય છે, પાંચ-પંદર માણસો તેનાં વખાણ કરે તે તેને ગમે છે. અને ભાઈ! અમે તો કાંઈ નથી! એમ કહેવાનો દેખાવ તો બધા શાણા માણસો કરે છે, પણ તે માત્ર દેખાવ જ છે. માન આપીને કોઈ પોતાની ખુશામત કરે છે ત્યારે તેને અંદરખાનેથી તે ગમે છે. અને પાંસ માણસો તેને ન ગમે તેવી વાત કરે તે જાણીને કે સાંભળીને તેને દુઃખ થાય છે. ભગવાન પાર્શ્વનાથ ઉપર કમઠ મોટો વરસાદ વરસાવે અને ધરણેંદ્ર તેમની સેવના કરી છત્ર ધરી ઊભો રહે, તે બંનેને સરખા ગણવાની વૃત્તિ કેળવવી એ ભારે મુશ્કેલીની બાબત છે, પણ કરવા યોગ્ય છે, વિકાસ કરીને કેળવવા યોગ્ય છે. અને એવી સમાન વૃત્તિ થાય ત્યારે જ સાચી શાંતિને આપણે જાણી છે, એમ સમજવું. આવી વૃત્તિ કેળવવી એ બહુ મુશ્કેલ બાબત છે, પણ એવા થવું એ જરૂરનું છે; એવો પ્રાણી જ મોક્ષને માટે લાયક થાય, અને જરૂર મોક્ષ મેળવે. હવે આપણે શાંતિની આગળ વ્યાખ્યા જોઈએ.

ખરો શાંતિવાંછક સોનાને અને પથ્થરને એકસરખાં ધારે. એની એક બાજૂ સોનાનો ઢગલો હોય અને બીજી બાજૂ પથ્થરનો ઢગલો પડ્યો હોય, તે બંને ઢગલાને તે એકસરખા જુએ. એને સોના ઉપર પ્રેમ અને પથ્થર તરફ ઘૃણા ન થાય. આ વૃત્તિ કેળવાવી વધારે મુશ્કેલ છે. અને તે ખૂબ વિકાસ માગે છે. આટલે સુધી જેની વૃત્તિ કેળવાય તે બહુ મોટી વાત છે. બાકી, આ પ્રાણી એવો છે કે એને લાલચ મળે તેને એ લાત મારે અને સીધે રસ્તે ચાલ્યો

---

**શબ્દાર્થ**—માન = સન્માન, ઊંચે ચઢાવવું તે. અપમાન = અવહેલના. ચિત્ત = પોતાને મને. સમ = સરખા. ગણે = સમજે, લેખવે. સમ = ઉપર પ્રમાણે. ગણે = ધારે, જુએ. કનક = સુવર્ણ. પાષાણ = પથ્થર, પથ્થરાને. વંદક = તેને વાંદનારને, પૂજનારને. સમ = એકસરખા, એક જ ધોરણસર. ગણે = માને, લેખવો. નિંદક = અવર્ણવાદ બોલનાર. સમ = એક જ ધોરણે, સરખા. ગણે = લેખવે, ટેવે, જાણે. ઇસ્યો = એવો. હોય = થાય. જાણ = જાણકાર, સમજનાર (૯)

જાય, ત્યારે એ ખરેખર દિવ્યમાંથી પસાર થઈ જાય છે અને એની નજરમાં જ ફેર પડી જાય છે. તેની નજરે સોનું અને માટી કે પથ્થર સરખાં જ દેખાય છે. આ શાંતિનું વર્ણન છે. એમાંથી શાંતિની વિચારણા સમજી લેવી.

અને શાંતિવાંછકની નજરમાં એની સેવા-પૂજા કે નિંદા કરનારા બંને સરખા જ લાગે. એ જાણે છે કે પૂજક મને કાંઈ આપી જવાનો નથી અને નિંદક મારું કાંઈ લઈ જવાનો નથી. એની નજરે સંગમ દેવ કે ઇંદ્ર બંને એકસરખા જ લાગે. એને એકની તરફ રુચિ નથી, બીજાની તરફ અભાવ નથી. આ સેવક કે નિંદકને સરખા ગણવા તે સિદ્ધાંતમાં વાત સરસ લાગે છે, પણ ચાલુ વ્યવહારમાં અશક્ય જેવી વાત છે, કારણ કે માણસ સામાન્ય કક્ષા પર પોતાની પ્રશંસા કરનાર તરફ પક્ષપાતને ટેવાયલો હોય છે. પ્રભુને સાચોસાચ જાણનાર આવો હોય, ખરો શાંતિનો વાંછક આવો હોય. તેવો જે હોય તે શાંતિને જાણે છે, એનું સાચેસાચું સેવન કરે છે. હે પ્રાણી! તું આવો જાણકાર થા. વિકાસ થતાં અંતે શાંતિની આ મુશ્કેલ શરતો જરૂર આવે છે. એ ટેવથી આવે છે, અને શાંતિ ચાહનારે તો એવા જ થવું જોઈએ, હજી પણ શાંતિના વાંછકનું વધારે સ્વરૂપ કહે છે તે વિચારવું. (૯)

સર્વ જગજંતુને સમ ગણે, ગણે તૃણ-મણિ ભાવ રે;
મુક્તિ-સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. શાંતિ૦ ૧૦

**અર્થ**—બધા જગતના પ્રાણીઓને એકસરખા ગણે, નાનામોટા ન ગણે. અને એક નકામા તરણાને-તરખલાને અને રત્નને એક ભાવે સદ્દહે, તેમ જ સર્વ કર્મથી મુક્તિ અને સંસારમાં સરકવાનો જે પૌદ્‌ગલિક ભાવ, તે બન્નેને એકસરખા ગણે અને આ સંસારસમુદ્રને તરવાની શાંતિ નાવડી છે, બલામડી છે, એમ જાણે, સમજે, સ્વીકારે. (૧૦)

**ટબો**—સકળ પ્રાણીને મૈત્રીમાં સરખા ગણે, તૃણ અને મણિમાં સમાન ભાવ રાખે, મુક્તિ અને સંસાર બન્ને પ્રતિબુદ્ધભાવે-પંડિતભાવે સરખા ગણે. સંકલેશ પરિણામ તે સંસાર-સંકલેશ, તેમાં સંસારસમુદ્રનો એવો સ્વભાવ છે-એવું શાંતિપદ છે. (૧૦)

**વિવેચન**—શાંતિને ઇચ્છનારો માણસ જગતના સર્વ પ્રાણીને સરખા ગણે. એને રાય અને

**પાઠાંતર**—'ગણે' સ્થાને 'ગણૈ' પાઠ પ્રતમાં છે, તે પ્રાચીન ગુજરાતી છે; 'ગણે' સ્થાને બીજી પંક્તિમાં 'ગણે' પાઠ પ્રતમાં છે. તે પણ સદર કારણે જ છે. 'ભાવ રે' સ્થાને પ્રતમાં 'એ ભાવ રે' એવો પાઠ છે. બીજી પંક્તિમાં 'હસ્યો હોય તું જાણ રે' એવો પાઠ એક પ્રતવાળો લખે છે. 'સંસાર'ને બદલે 'સંસાર સમ' એવો પાઠ એક પ્રતમાં છે. 'મુણે' સ્થાને એક પ્રતમાં 'ગણે' પાઠ છે. (૧૦)

**શબ્દાર્થ**—સર્વ = સકળ, કુલ. જગજંતુને = જગતના પ્રાણીઓને. સમ = એકસરખા. ગણે = માને, સમજે, ઠેવે. તૃણ = તરખલું, નકામી ચીજ. મણિ = રત્ન, મહામૂલ્યવાન ચીજ. ભાવ = વસ્તુ, ચીજ; બન્નેને સરખા ગણે. મુક્તિ = મોક્ષ, સર્વ કર્મોથી મુકાવું તે. સંસાર = પૌદ્‌ગલિક ભાવ, સંસારમાં સંચરવું તે. બેહુ = બન્નેને, બેયને. સમ = સરખા, એકસરખા. ગણે = લેખવે, ઠેવે. મુણે = જાણે, લેખવે. ભવ = સંસારને તરવા માટે. જલનિધિ = દરિયો, સમુદ્ર. નાવ = હોડી, બલામડી. (૧૦)

રંકનો ભેદ ન હોય; એને શેઠ અને મજૂરોમાં તફાવત ન લાગે; એ ઝાડુ કાઢનાર અને ખુરશી પર બેસનારને સરખા ગણે; એની નજરમાં રાણી અને દાસીનો તફાવત ન હોય. એને મન તિર્યંચો અને માણસમાં તફાવત ન લાગે; એ જનાવર અને માણુસ સર્વના આત્માને સરખા ગણે. એને એક ઇંદ્રિયવાળા જીવો અને પાંચ ઇન્દ્રિયવાળા જીવો સરખા જણાય. એ આત્મદૃષ્ટિએ વિચારે કે સર્વ જીવોનો આત્મા તો સરખો જ છે, અને પર્યાયભેદ એ શાંતિપ્રિયની નજરમાં કાંઈ તફાવત પાડતો નથી. સર્વ જીવોની આત્મિક દૃષ્ટિએ સમાવસ્થા જુએ છે, અનુભવે છે અને તે દૃષ્ટિએ એ પ્રત્યેક પ્રાણીને એકસરખા જુએ છે, માને છે, સમજે છે.

શાંતિના વાંછક તરખલાને અને મણિરત્નને સરખાં જ જુએ, તેની નજરમાં તરખલું હલકું લાગતું નથી અને રતન મૂલ્યવાન લાગતું નથી. વસ્તુઓના વસ્તુગત ધર્મને સમજનાર તે બન્નેમાં સરખાઈ જ ગણે છે. એને એક હલકો, ફેંકી દેવા જેવો લાગતો નથી અને બીજો જાળવીને તિજોરીમાં મૂકવા લાયક લાગતો નથી. અત્યારે લોકોએ જે નફા કર્યા છે તે નજરે આ પણ મુશ્કેલ વૃત્તિ છે, પણ તેવી વૃત્તિ વગર અંતે મોક્ષ નથી અને તે કેળવવાની જરૂર છે. અંતે એ વૃત્તિ જ મુક્તિને આણી દે છે અને જેનો મુક્તિમાર્ગ મેળવવાનો પ્રયાસ છે તેને તો આ વૃત્તિ વિકસાવે જ છૂટકો છે.

વળી, વધારે જણાવે છે કે ખરો શાંતિનો ઇચ્છક મોક્ષ અને સંસારને એકસરખા ગણે. એની મોક્ષ મેળવવાની ઇચ્છા પણ સાતમે ગુણસ્થાનકે નાશ પામે છે. એને ત્યાં (મોક્ષ) જવાની હોંસ પણ મરી જાય છે. એના મનમાં મોક્ષ અને સંસાર એ બન્ને એકસરખા હોય છે. આવી સ્થિતિ પ્રાપ્તિ કરવી એ ઘણી મુશ્કેલ છે, પણ એવી સ્થિતિ જરૂરી છે. શાંતિની સ્થિતિ આવી હોય છે તેનું વર્ણન ચાલે છે તે ધ્યાનમાં રાખવું. આવી વૃત્તિનો વિકાસ કરવો તે બહુ આકરી બાબત છે, પણ તે શાંતિવૃત્તિનો એક આવિર્ભાવ છે તે હકીકતરૂપે અત્ર જણાવ્યું છે. એ સ્થિતિને સમજવી અને સમજીને તેને સ્વીકારવી એ આપણું કર્તવ્ય છે.

આવો શાંતિઇચ્છક માણુસ તેને સંસારસમુદ્ર તરવાનું નાવ માને. એ સમતાને જ વહાણ ગણે અને સમતા જ તેને તરતા માટે જરૂરી છે એમ સમજે. એને શાંતિની એટલી રટના લાગેલી હોય કે તે સમતાને એટલે શાંતિને સંસારસમુદ્ર તરવાને પ્રવહણ સમાન માને. સંસાર–ભવ એ મોટો દરિયો છે. દરિયો પોતાથી તરી શકાય નહિ, તેને તરી પાર ઊતરવા માટે વહાણ જોઈએ. શાંતિ એવા પ્રકારનું વહાણ છે અને તરવાને અંગે એ અતિ જરૂરી છે એમ તે માને. (૧૦)

આપણો આતમભાવ જે, એક ચેતના ધાર રે;
અવર સવી સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦ ૧૧

**પાઠાંતર**—'આતમભાવ જે' સ્થાને 'આતમા ભાવ જે' પાઠ એક પ્રતમાં છે. 'સાથ' સ્થાને બન્ને પ્રતવાળા 'સવિ' પાઠ લખે છે. 'નિજ' સ્થાને 'જન' પાઠ એક પ્રત લખનાર આપે છે; 'નિજ' સ્થાને બીજી પ્રતિમાં 'નિજ' પાઠ છે. (૧૧)

**અર્થ**—આપણો પોતાનો આત્મસ્વભાવ છે તે તો માત્ર એક ચેતનાશક્તિને અવલંબે છે એમ તું સમજ, જાણ; અને એ સિવાયના બીજા સર્વની સોબત તો માત્ર સંયોગ સંબંધે થઈ આવેલ છે. ખરો પોતાનો પરિવાર-સથવારો તો પોતાના આત્મસંબંધનો છે. અને તેને જ તું તારા પોતાના પરિવાર તરીકે માન; એ તારી સાથે આવનાર છે એમ તું સમજ. (૧૧)

**ટબો**—પોતાનો આત્મા ચિદાનંદમયી એક શુદ્ધ ચેતનાનો આધાર અનંત વિજ્ઞાન વિદુર એવો ભાવ જે અપર પુદ્ગલાદિક સર્વ સંયોગ જનિત છે, એ તારું નથી, પોતાનો પરિકર જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રમુખ તે જ સાર-પ્રધાન છે; એ એ ધણી પદ શાંતિને પામે. (૧)

**વિવેચન**—શાંતિના સ્વરૂપ માટે નિવેદન કરવાની આ છેલ્લી ગાથા છે. આપણે શાંતિનું સ્વરૂપ ત્રીજી ગાથાથી વાંચીએ છીએ. એ માત્ર વાંચવા માટે અત્રે રજૂ કરવામાં આવ્યું નથી, પણ જીવવા માટે-આદરવા માટે-એ બહુ જરૂરી ભાગ ભજવે છે. એ દૃષ્ટિએ આ છેલ્લી ગાથા વિચારો.

આપણો સ્વભાવ છે, આપણો પોતાનો ભાવ છે તેને વિચારો, તે સંબંધી સાચાં મંતવ્યો ઉપર જણાવ્યાં છે અને એ ચેતનભાવ એકલો જ આત્મભાવનો આધારભૂત છે, બાકી આપણી આજુબાજુ જે સંબંધ થયેલો છે તે તો તદ્દન આકસ્મિક છે. આપણે જેને આપણા મિત્ર કે સગાંસંબંધી માનતા હોઈએ તે આકસ્મિક જ છે, અને સંયોગથી મળી ગયા છે, અને આ ભવ પૂરતા જ તેઓ સથવારે મળ્યા છે; અને આ ભવ પૂરો થશે ત્યારે, સવાર પડતાં જેમ પંખીઓ ઊડી જાય છે તેમ, ચાલ્યા જશે. અથવા એક તીર્થમાં મેળો મળે ત્યારે કોઈ માલ વેચવા આવે, કોઈ તડાકા મારવા આવે અને કોઈ પોતાના બીજા કામે આવે, પણ મેળો પૂર્ણ થતાં સૌ પોતપોતાનાં સ્થાનકે ચાલ્યા છે તેમ અત્યારનો મેળો સમજવો. આપણી દોલત કે ઘરબાર હોય તે સર્વ મૂકીને અંતે ચાલ્યા જવાનું છે અને કોઈ વસ્તુ કે સંબંધી કે માલ-મિલકત સાથે આવવાનાં નથી. આપણે તો એકલા આવ્યા છીએ અને એકલા જ જવાનું છે; નફામાં આ ભવમાં કરેલાં સારાં-ખરાબ કામો આપણે ભોગવવાનાં છે. આવી રીતે પરિવાર કે ધનદોલત પણ સંયોગ સંબંધે અને આકસ્મિક રીતે થયેલ સમજી લેવી અને એ આકસ્મિક-પણાને જેમ તુરત સમજાય તેમ સારું છે. આપણો ચૈતન્ય ભાવ એ જ આપણી સાથે આવનાર છે.

એક ભોળો માણસ પોતાના પરિવારને બહુ માનતો હતો. તે માંદો પડ્યો. ઉસ્તાદ વૈદ્યે તેનો સર્વ વ્યાધિ એક ઘૂંટડે પી જવાય તેવા પાણીમાં ઉતારી દીધો, પણ તે વ્યાધિવાળું પાણી

**શબ્દાર્થ**—આપણો = પોતાનો, પ્રાણીનો, જીવનો. ચેતનભાવ = ચૈતન્ય, ચેતના, હાલવારૂપ, અજીવથી જુદો પાડનાર પોતાનો સ્વભાવ. એક = માત્ર. ચેતના = જીવનરૂપ, આત્માની અચિંત્ય શક્તિ, ધાર. રે = વિચાર, સમજ. અવર = બાકીનું, બીજું, તે સિવાયનું સર્વ. સાથ = સથવારો, આવી પડેલો, સોબત. સંયોગથી = સંજોગને લઈ ને; સંયોગી, આવી ચડેલ. એહ = એ જ. નિજ = પોતાનો, આપણો. પરિકર = પરિવાર, સાથે આવનાર. સાર = ખરો. (૧૧)

કોઈએ મોઢે પણ અડાડયું નહિ. તેની પોતાની પત્નીને થયું કે હું તો જીવની જઈશ અને એ રહેશે તો બીજીને પરણશે. તેમ ભાઈ, બહેન, મા, બાપ, કાકા, વગેરે કોઈ એ વ્યાધિનું પાણી પીવા ન આવ્યાં. આ તો એવો મેળો મળ્યો છે; સૌ પોતપોતાના સ્વાર્થનાં સગાં છે અને જેની ખાતર તું આ બધું કરી રહ્યો છે તેને મન તો કોઈ ચીજ નથી. સ્વાર્થ પૂરો થયે કોઈ તારું સગું નથી અને કોઈ ઊભું રહેવાનું નથી. પણ તારી આત્મિક શક્તિ છે તે તારી પોતાની છે અને તારી સાથે આવનારી છે. આ રીતે બરાબર આત્માને અને આકસ્મિક સંયોગોને ઓળખી લે અને તારા પોતાને માટે તને યોગ્ય લાગે તે કર. આ ચૈતન્યશક્તિને બરાબર ઓળખી લેવી એ શાંતિવાંછકનું લક્ષણ છે. અને ઓળખ્યા પછી તદનુસાર પોતાનું જીવન બદલાવવું એ આ આત્માનું કર્તવ્ય છે. આ ચૈતન્યસ્વરૂપ સમજીને તું ખરી શાંતિનો ધારક થા અને નકામો આખો દિવસ વગર આરામે ફર્યા કરે છે એ સર્વ નકામું છે એમ તું સમજી લે. તારા પરિવાર તરીકે તારા પોતાના આત્માને જ તું જાણ, કારણ કે એ પર્વમિત્ર તને કોઈ કોઈ કાળે જ મળે છે, પણ તે તારો ખરો મિત્ર છે અને તે નિત્ય તારી સાથે રહેનાર છે: આવી ચોખવટપૂર્વક જે આત્માને ઓળખે તે ખરો શાંતિવાંછુ છે અને તેવો તું થા એમ શાંતિનાથ ભગવાન ઇચ્છે છે. (૧૧)

> પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
> તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨

**અર્થ**—ભગવાનના પોતાના મુખે એ સર્વ વાત સૂણીને મારો ચેતન કહે છે કે આપના (તારા) દેખાવ થકી હું તો તરી ગયો, પાર પામી ગયો અને મારાં બધાં કામો ફળવાળાં થયાં, સફળ થયાં. (૧૨)

**ટબો**—એવા શ્રી શાંતિનાથ પ્રભુના મુખથી એમ ભાવ ષડ્ પદાર્થ સાંભળીને હર્ષ પામ્યો આત્મા એમ કહે છે: પ્રભુ! હું તારે દર્શન-સમકિતે તથા શાંતિમુદ્રા દેખતે કરી સંસાર પાર પામ્યો-નિસ્તર્યો, મારાં સર્વ કામ-કાર્ય સિદ્ધ થયાં. (૧૨)

**વિવેચન**—ઉપર પ્રમાણે ત્રીજી ગાથાથી માંડીને અગિયારમી એમ કુલ નવ ગાથાથી

---

**પાઠાંતર**—'સાંભળી' સ્થાને એક પ્રતમાં 'સંભળી' પાઠ છે. 'સવિ' સ્થાને 'સવે' પાઠ પ્રતમાં છે. 'એમ' સ્થાને 'ઇમ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'કહે' સ્થાને એક પ્રતમાં 'કહૈ' પાઠ છે. 'તાહરે' સ્થાને એક પ્રતમાં 'તાહરૈ' પાઠ છે, એ જૂની ગુજરાતી છે. 'દરિસણે' સ્થાને પ્રતમાં 'દરિસણૈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'નિસ્તર્યો' સ્થાને 'નિસતર્યો' પાઠ છે, અર્થ ફરતો નથી. (૧૨)

**શબ્દાર્થ**—પ્રભુ = તીર્થપતિના, તીર્થંકરના, શ્રી શાંતિનાથ ભગવાનના. મુખથી = મોંએથી. એમ = એ પ્રમાણે, ઉપર પ્રમાણે. સાંભળી = સૂણી, નિસૂણી, સમજીને. કહે = વદે, બોલે. આતમરામ = આત્મા, ચેતન. તાહરે = તારા, આપના. દરિસણે = દર્શને, જોઈને, દેખીને. નિસ્તર્યો = પાર પામ્યો, ઓળંગી ગયો. મુજ = મારાં. સિદ્ધાં = સિધ્યાં, ફળીભૂત થયાં, સફળ થયાં. સવિ = સર્વ, બધાં. કાજ = કાર્ય, કામ, હોંસ. (૧૨)

શાંતિનું સ્વરૂપ પ્રભુના પોતાના મુખેથી સાંભળીને અથવા તેમણે જે આગમમાં બતાવ્યું તે તેમના કહેવા પ્રમાણે જાણીને પ્રાણી શું કહે છે, રસિક શ્રોતા શું વદે છે અથવા કેવા ઉદ્ગારો ઉચ્ચરે છે તે આપણે હવે પછી આ જ ગાથામાં જોઈશું. આ શાંતિનું સ્વરૂપ નવ જ ગાથામાં ઘણા ટૂંકાણમાં લેખકે વર્ણવ્યું છે. श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः–જે કરોડો ગ્રંથોમાં કહ્યું છે તેનો સાર અર્ધા શ્લોકમાં હું તમને કહીશ. આગમોમાં તો શાંતિનું સવિસ્તર સ્વરૂપ આપવામાં આવ્યું છે. તે આનંદઘને બહુ ટૂંકામાં માત્ર ઉપરની નવ (૩–૧૧) ગાથામાં જણાવ્યું. પણ આ જણાવવામાં શ્રી આનંદઘને અદ્ભુત સારરહસ્ય આપણા માટે હિતદૃષ્ટિએ કર્યું છે. અગાઉ સૂત્રની પણ આવી જ પદ્ધતિ હતી. એના ઉપર ભાષ્ય કે ટીકા ગમે તેટલી કરી શકાય, પણ ઘણાં સૂત્રોમાં તો તે વાત ટૂંકમાં પતાવવામાં આવે છે. ઘણી વાતનો ટૂંક સાર આ રીતિથી પ્રાણી ગ્રહણ કરી શકે છે. વાતનો મુદ્દો આ રીતે પ્રાપ્ત થાય છે અને તે ગ્રહણ કરનારના લાભ માટે જ છે. એ રીતે પ્રાપ્ત થયેલ સારને પછી શ્રોતા વધારી શકે છે. જેમ ત્રીજીથી અગિયારમી ગાથાનો આપણે વિસ્તાર કેટલાંક પાનાંમાં કર્યો એ રીતે ટૂંક સાર હોય તો તેને વધારી શકાય છે.

તીર્થંકર દેવે જે ભાવ કહ્યા તે ગણધરોએ સૂત્ર–આગમરૂપે ગૂંથ્યા તેથી આ સંક્ષેપમાં ભગવાનનાં પોતાનાં વચન છે એમ સમજવું. ભગવાનનાં વચનનો ટૂંકો સાર અત્ર આપવામાં આવ્યો છે. પણ એમ ટૂંકામાં મુદ્દામ વાત કરી છે અને તે આ જીવના એકાંત હિતની વાત જ છે. તે સમજવા ઉપરાંત તેને જીવી જાણવી અને આદરપૂર્વક તેનો સંવ્યવહાર કરવો. જ્યારે શાંતિના સ્વરૂપને પોતાના જીવન સાથે વણી દેવામાં આવશે ત્યારે તે ખરેખર ભવ્ય સ્વરૂપ ધારણ કરશે. ગ્રંથકર્તા–સ્તવનકર્તાએ એ આ નવ ગાથામાં જે વાત સંક્ષેપમાં કરી છે તે અતિ આકર્ષક છે અને એ પ્રમાણે વર્તી શકાય તો પરિણામ બહુ સરસ આવે તેમ છે. આટલો ઉપદેશ પ્રભુએ કરેલો અથવા તેમના નામથી રચાયેલાં શાસ્ત્રોમાં બતાવેલો તેનો સંક્ષેપસાર સાંભળીને આ આત્મારામ એટલો બધો લાગણીવશ થઈ ગયો છે કે તે આભારની લાગણીના શબ્દો બોલી નાખે છે. તેના એ શબ્દો આ પ્રમાણે છે :

'હે પ્રભુ! આપના દર્શનથી હું તો ખરેખર તરી ગયો છું અને મારાં તો સર્વ કામ સિદ્ધ થઈ ગયાં છે, પાકી ગયાં છે.' દર્શનથી એટલે આપને જોવાથી, આપની વાણી સાંભળવાથી અથવા આપે જે દર્શન બતાવ્યું તે દર્શનને જાણવાથી હું ખરેખર સંસારસમુદ્રનો પાર પામી ગયો છું. દર્શનના અહીં બે અર્થ સમજવા યોગ્ય છે : દર્શન એટલે દેખવું, અને દર્શન એટલે ભગવાને પ્રરૂપેલા દર્શનની પ્રાપ્તિ. આ બન્ને અર્થ બેસતા આવે છે અને પ્રાણી પોતાનો નિસ્તાર થયેલો માને છે. આવા હર્ષોદ્ગાર પ્રાણી જ્યારે ખૂબ આનંદમાં આવે છે ત્યારે કાઢે છે અને ઘણી મહત્ત્વની વાત સંક્ષેપમાં જાણવાનું પોતાને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું તેથી તેનાથી સહજ ઉદ્ગાર નીકળી જાય છે.

આટલું શાંતિસ્વરૂપ સાંભળીને પ્રાણીને થયું : પોતે જ્યારે તે શાંતિ અનુભવે, અમલમાં મૂકે, ત્યારે તો કેવો આનંદ થાય ! આનો ઉદ્ગારરૂપે જ હર્ષોદ્ગાર છે, પણ જ્યારે તે પ્રકારે પોતાનો જાતઅનુભવ થશે ત્યારે તો ખરેખરો આનંદ થશે. અને પછી એની (શાંતિની) ખરી મજા એ અનુભવશે. હવે આપણે શાંતિનું સંક્ષિપ્ત સ્વરૂપ માનનાર ચેતનના ખરા આંતરિક ઉદ્ગારો જોઈએ. (૧૨)

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાંતિ૦ ૧૩

**અર્થ**—હું મારી જાતને કહું છું કે, 'અરે! અરે!-મને નમો મને નમો!' કારણ કે જેનું માપ થઈ ન શકે તેવા દાન આપનારનો તને મેળાપ થયો છે તે કાંઈ જેવી તેવી વાત બની નથી. (૧૩)

**ટબો**—અહો શબ્દ અતિશયેં, તારો દર્શન, તેણે કરી ધન્ય થયો, તુજને ધન્ય છે, એવા આત્માને મારો નમસ્કાર હુઓ, જે મારાને અમિત ફલદાન દાતારની-પ્રભુની ભેટના મુજને થઈ, તે માટે હું ધન્ય. (૩)

**વિવેચન**—અહો ઇતિ આશ્ચર્યે. જ્યારે નવાઈ ભરેલી ઘટના બને ત્યારે અંતરાત્મા ઉદ્ગારરૂપે અહો બોલે છે! અહો અહો ! મને નમો ! મને નમો ! મારે કોઈને નમવાની જરૂર રહી નથી. મારી સર્વ ઇચ્છાઓ પૂરી થઈ ગઈ છે. મને નમો! મને નમો! હે અંતરાત્મન્! પોતાને નમી જા. તેમ કરવાનું કારણ શું છે તે આગળ ઉપર કહેશે, પણ પોતાની જે અત્યાર સુધીની બીજાને નમવાની અને તે માટે જ્યાં ત્યાં દોડી જવાની ટેવ હતી તે નકામી હતી એમ તેને જણાય છે. જે અંતરાત્મભાવ પામ્યો તેનો અંતરાત્મા જ નમવા યોગ્ય છે. એ કહે છે કે મને નમો! મને નમો! હું મારા અંતરાત્માને નમસ્કાર કરું છું. કારણ કે હું કેવો છું?-મેં પ્રભુ પાસેથી શાંતિનું સ્વરૂપ જાણ્યું છે અને પ્રભુ સાથે મને મળવું થઈ ગયું છે. આવો નસીબદાર

---

**પાઠાંતર**—'અહો અહો'-બીજા 'અહો' સ્થાને પ્રતમાં 'હું હું' પાઠ છે. 'મુજને' સ્થાને એક પ્રતમાં 'મુજનેં' પાઠ છે. 'કહું' સ્થાને પ્રતમાં 'ક્હૂ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'મુજ' સ્થાને બીજા પાદમાં બન્ને સ્થાને બન્ને પ્રતવાળા 'મુઝ' પાઠ આપે છે; એક પ્રતમાં 'મુજ્ઝ' પાઠ છે. 'દાન' સ્થાને પ્રતમાં 'દાંન' શબ્દ છે. 'દાતારની' સ્થાને પ્રતમાં 'દાતારનેં' પાઠ છે; એક પ્રતવાળો 'દાતાર હે' પાઠ આપે છે. 'જેહની' સ્થાને પ્રતમાં 'જેહનૈં' પાઠ છે. 'ભેટ' સ્થાને 'ભેટિ રે' શબ્દ સર્વથી છેડે મૂકે છે. 'હું' સ્થાને એક પ્રતમાં 'હૂં' પાઠ છે. 'તુજ' સ્થાને 'તુંજ' પાઠ એક પ્રતમાં છે. (૧૩)

**શબ્દાર્થ**—અહો = અહો ઇતિ આશ્ચર્યે, ધન્ય, ઊર્મિવાચક શબ્દ. અહો = અરે, અરે. હું = હું પોતે, આત્મા. મુજને = મને, જાતને, મારી પોતાની જાતને. નમો = વંદો, પૂજો, ધ્યાવો. મુજ = મને પોતાને, આત્માને. નમો = સેવો, વિચારો. મુજ = મને, આત્માને. ચેતનને. અમિત = જેનું માપ ન થઈ શકે તેવું, (Immeasurable). ફળ = પરિણામ, બદલો. દાન = આપવું તે. દાતાર = આપનાર (ની) જેહની = જેની. ભેટ = મળવું તે, મેળાપ. તુજ = તને. આત્માને. (૧૩)

માણસ નમવા યોગ્ય છે અને એને જેને તેને અથવા ઉચ્ચને નમવાની જરૂર રહેતી નથી. એક સાર્વજનિક સત્ય જાણવામાં આવે ત્યારે પ્રાણી કેવા હર્ષમાં આવી જાય છે અને કેવું કેવું બોલી નાખે છે તેનો આ નમૂનો છે. આટલા જ્ઞાનથી થયેલો પોતાનો આનંદ તે છુપાવી શકતો નથી અને હવે પોતે નમવા યોગ્ય થયો છે એમ બતાવે છે : પ્રભુના દર્શન અને મેળાપનો આવો મોટો મહિમા છે. એને જ્ઞાન થયું અને પચ્યું તેનો આ હર્ષોદ્ગાર છે. આવા અપરંપાર ફળ આપનાર પ્રભુનાં જાતે દર્શન થયાં એ કાંઈ જેવી તેવી ભાગ્યની નિશાની નથી. પ્રાણીને પોતાની જાતને ભૂલી જઈ ઉદ્ગાર કાઢવાની દશા–સ્થિતિમાં તે મૂકી દે છે. જ્ઞાનીનો મહિમા આવો છે. જ્યારે અસાધારણ વાત જાણવા કે સાંભળવામાં આવે ત્યારે પ્રાણી નાચી ઊઠે છે અને તેની સર્વ ગરીબાઈ નાશ પામે છે, અને તે પગે લાગવાની સ્થિતિમાં આવે છે. મનુષ્યસ્વભાવ જોતાં આમ થવું વાસ્તવિક અને કુદરતી છે, તે નિર્ભેળ સત્ય પણ આપણને સમજાય છે.

પ્રભુ અપરંપાર દાન આપનાર છે તે તો કોઈ પણ તીર્થંકરના ચરિત્ર પરથી જણાય છે—તેમણે વાર્ષિક દાન આપ્યું તે છદ્મસ્થભાવ વિચારતાં અથવા કેવળજ્ઞાન થયા પછી જ્ઞાન-દાન અને ઉપદેશ આપ્યો તે વિચારતાં અને સંક્ષેપમાં શાંતિનું આવું સ્વરૂપ કહી બતાવ્યું તે સાંભળવા જે ભાગ્યશાળી થયેલ હોય તેના ઉદ્ગારો અને હર્ષોદ્રેકની સ્થિતિ સારી રીતે સમજવા યોગ્ય છે, અને સમજીને વિચારવા અને વિચારીને આદરવા અને આચરવા યોગ્ય છે. (૧૩)

શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર-રૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાંતિ૦ ૧૪

**અર્થ**—શાંતિનું સ્વરૂપ ઘણું ટૂંકામાં ઉપર બતાવ્યું તે પોતારૂપ અને પરરૂપ છે, બાકી એના સંબંધી આગમ–મૂળ ગ્રંથોમાં ઘણો વિસ્તાર છે અને તેને શાંતિનાથ ભગવાને કહ્યો છે (પોતે). (૧૪)

**ટબો**—એનો વિસ્તાર બહુ છે પણ સંક્ષેપથી શાંતિપદનું સ્વરૂપ કહ્યું, પોતાનું તે પરરૂપે પ્રભુ નાના રૂપે, આગમમાં ઘણો વિસ્તાર કહ્યો છે, શ્રી શાંતિજિનરૂપે. (૧૪)

**વિવેચન**—આવી રીતે શાંતિનું વર્ણન ટૂંકમાં કરવામાં આવ્યું. એ વિષયમાં જો પૂરેપૂરું અવગાહન કરવું હોય તો મૂળ આગમ ગ્રંથો વાંચવા. એમાં ખૂબ વિસ્તારથી એ

---

**પાઠાંતર**—'કહ્યો' સ્થાને 'કહ્યું' પાઠ પ્રતમાં છે, તે એક જ અર્થમાં છે. 'પરરૂપ' સ્થાને એક પ્રતવાળો 'પ્રરૂપ' લખે છે. 'માંહે' સ્થાને 'માંહિ' પાઠ બન્ને પ્રતમાં છે, અર્થ એમ જ રહે છે. 'વિસ્તર' સ્થાને પ્રતમાં 'વિસ્તાર' પાઠ છે. 'ભૂપ' સ્થાને 'રૂપ' પાઠ પ્રતમાં છે. (૧૪)

**શબ્દાર્થ**—શાંતિ = ધીરજ, ધૈર્ય. સંક્ષેપથી = ટૂંકામાં. કહ્યો = જણાવ્યો. આગમમાંહી = મૂળસૂત્રોમાં. વિસ્તર = લંબાણ. ઘણો = ખૂબ. કહ્યો = મૂળ અસલ જણાવવું. શાંતિ જિન ભૂપ = સોળમા તીર્થંકર. (૧૪)

હકીકત આપવામાં આવી છે. અહીં તો માત્ર અગિયાર ગાથામાં ટૂંકાણમાં શાંતિવાંછક માણસ કેવો હોય તેનું વર્ણન કરવામાં આવ્યું છે. જેને વિસ્તારની ઇચ્છા હોય તેમણે મૂળ આગમ ગ્રંથો જોવા અને ત્યાંથી શાંતિનો અહેવાલ મેળવી તેને સમજવો અને સમજીને તે પ્રમાણે વર્તન કરવું. માત્ર વાંચવાથી ખાસ લાભ નહિ થાય પણ તેને અનુસારે પોતે જીવવાથી સાચો સ્થાયી લાભ થશે. ઉપરચોટિયા જ્ઞાનમાં અને ચારિત્રમાં મૂકવામાં ઘણો મોટો તફાવત છે. અને જેઓ તેને અમલમાં મૂકે છે અને પોતાની શક્તિ પ્રમાણે તેનો અમલ કરે છે તેને જુદી જ લિજ્જત આવે છે. તેથી આ ભવને સફળ કરવાના પ્રયત્ન માટે જે પ્રાણી ઉત્સુક હોય તેમણે ઉપર જણાવેલ સંક્ષિપ્ત વર્ણન આગમના બોધથી વધારવું.

અહીં ટૂંકાણમાં તે બતાવવાનો હેતુ એ છે કે ટૂંકા જ્ઞાનથી માણસને એનો રસ પડે તો એ જરૂર વિસ્તાર વાંચવાનો અને તેને પચાવી તેને અનુસરવાનો. એટલા માટે ટૂંકાણની પણ જરૂરીઆત છે. એ જો તમને રસાળ લાગે તો પછી તમારું જ્ઞાન વધારજો અને આવી રીતે વધારેલ જ્ઞાનનું ક્ષેત્ર તમને પૂરતો બદલો આપી રહેશે, અને શ્રી આનંદઘનજી કહે છે કે અહીં ત્રીજીથી અગિયારમી ગાથામાં કહેલ શાંતિનું સંક્ષિપ્ત સ્વરૂપ શ્રી શાંતિનાથ ભગવાને પોતે કહેલું છે. એ ભગવાન તો એ જ ભવમાં ચક્રવર્તી હતા. તેવા પુરુષે કહેલું શાંતિનું વર્ણન બહુ જ ટૂંકાણમાં મેં (આનંદઘનજીએ) તમારા લાભ માટે તમારી સમક્ષ કહી બતાવ્યું છે. તે તમને સમજવા જેવું લાગે તો વિસ્તારપૂર્વક એ આગમ ગ્રંથોમાંથી તમને પ્રાપ્ત થશે. આ હકીકત પણ વાચકના લાભ માટે બતાવી છે. (૧૪)

શાંતિરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'આનંદઘન'પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાંતિ૦ ૧૫

**અર્થ**—એ પ્રમાણે જે શાંતિના સ્વરૂપનો ખ્યાલ કરશે અને તે વખતે પવિત્ર મનઃશુદ્ધિ કરશે, એકચિત્ત કરશે, તે આનંદના ભરને–સમૂહને પામશે અને પ્રાણી મોટા સન્માનને મેળવશે. (૧૫)

**ટબો**—એ રીતે જે શાંતિપદનું સ્વરૂપ ચિત્તમાં ભાવશે, શુદ્ધ વિષયકષાયરહિત પ્રણિધાન મનની અલતાઈ ધરે, તે પ્રાણી આનંદઘન પામશે, પરમાનંદ પદ તરફ તે જશે, ઘણા યશ-માનપણે. એટલે સોળમા શ્રી શાંતિનાથ જિનનું સ્તવન થયું. એવું શાંતિપદ ભાવવું તે મનથીરતા કરવાને, જેમાં છે મન તે વિષમ છે, એક મન જીત્યો તો તેણે સર્વ જીત્યા યત :—

---

**પાઠાંતર**—'ભાવશે' સ્થાને એક પ્રતમાં 'ભાવશ' પાઠ છે, 'પામશે' સ્થાને પ્રતમાં 'પામસેં' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે 'લહેશે' સ્થાને 'લહસ્યે' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. (૧૫)

**શબ્દાર્થ**—શાંતિ = ધીરજ. સ્વરૂપ = હકીકત, રચના. એમ = ઉપર કહ્યું તેમ. ભાવશે = વિચારશે. ધરી = ધારણ કરી. શુદ્ધ = પવિત્ર. પ્રણિધાન = એકાગ્રતા આનંદઘન = આનંદનો સમૂહ. પદ = સ્થાન એટલે મોક્ષ. લેશે = મેળવશે. બહુમાન રે = મોટું સન્માન, ખૂબ આબરૂ. (૧૫)

मणमरणेंदियमरणं, इंदियमरणे मरंति कम्माइं ।
कम्ममरणेण मोक्खो, तम्हा य मणं वसीकरणं ॥

એ ન્યાય છે તે ઉપર મન જીતવાને શ્રી કુંથુનાથની સ્તુતિ કરે છે.

**વિવેચન**—આ પ્રમાણે આ સ્તવનમાં કહેલ શાંતિનું સ્વરૂપ એ આખા સ્તવનનું હાર્દ છે. એને પ્રણિધાનપૂર્વક વિચારપથમાં લેવું જોઈએ. જેઓ એને એક નવલકથા કે એવા આકારમાં વાંચી જાય તેને બહુ લાભ નહિ થાય, પણ જે સમજી–વિચારીને એને ભાવશે તે પ્રાણીને શું શું લાભ થશે તે સ્તવનરચયિતા પોતે જ કહે છે. આમાં 'ભાવશે' શબ્દ પર ભાર છે. ભાવશે એટલે સમજીને તેનો અમલ કરશે, અથવા જીવી જાણશે. આ કાંઈ મુખમાં મૂકીને ચાવીને ફંગોળી નાખવા જેવી વાત નથી, પણ પચાવવા જેવી હકીકત છે. જો તમારામાં રસ હું (આનંદઘન) કાંઈ પણ કરી શકયો હોઉં, તમને *શાંતિના સ્વરૂપને આસન્ન જણનામાં રાખવા* સમજાવી શકયો હોઉં, તો તમે એનો આગમગ્રંથોથી અભ્યાસ કરશો અને શાંતિને બરાબર સમજશો અને તેને ભાવીને એકાગ્રતાપૂર્વક એની સદ્દહણા કરજો અને તેને જીવી જજો. એ તમને ખૂબ લાભ કરાવનાર વસ્તુ છે.

પ્રાણી નકામી વાતોમાં વખત કાઢે તેમાં કાંઈ માલ નથી અને દુનિયાદારીનાં અનેક પાપ-સ્થાનકો આચરે તે અંતે સંસાર વધારનાર છે, પણ આ શાંતિનું સ્વરૂપ એ અનોખી જ વસ્તુ છે. તેનાથી તમને શો લાભ થશે તે સ્તવનકર્તા પોતે જ કહે છે : જે પ્રાણી એ રીતે શાંતિ-સ્વરૂપ જાણી તેને એકાગ્રતાપૂર્વક વિચારશે તે આનંદના સમૂહનું પદ પામશે. નિરંતરનો આનંદ તો મોક્ષમાં જ લભ્ય છે. પછી ત્યાંથી એક ગર્ભમાં આવી બીજામાં જવાનું નથી અને જન્મ-મરણના આંટામાં અટવાઈ જવાતું નથી. આવી મુક્તિ પામવી તે તમારો વ્યવસાય છે અને આનંદઘનનો પ્રયત્ન છે. અહીં સ્તવનકર્તાએ આડકતરી રીતે પોતાનું નામ પણ જણાવી દીધું. આ સંપ્રદાય સારો છે, અનુકરણ યોગ્ય છે. આ તો અહીંથી ગયા પછીની વાત થઈ. અહીં તેને શું થશે તે કહે છે. તે આવતા ભવમાં તો મોક્ષ પામશે, પણ આ ભવમાં પણ ઘણું માન-સન્માન પ્રાપ્ત કરશે. તેને અનેક પ્રકારે ધન્યવાદ મળશે. જોકે તે માન લેવા શાંતિ કરતો નથી, પણ દુનિયા જેમ પોતાના કામમાં લાગી જાય છે તેમ સારા માણસોને માન આપવું તે પણ મહત્ત્વની વાત છે, તે તે બજાવે છે. અને આપણા વર્તુળનું સન્માન કોને નથી ગમતું ? લોકો તો આરીસો છે. તે જેવું દેખે તેવું બોલે.

શાંતિવાંછુને પરભવમાં મોક્ષ અપાવનાર અને આ ભવમાં અનેક માનોને અપાવનાર આ શાંતિને સમજવા યોગ્ય અને આદરવા યોગ્ય છે. શાંતિનું ફળ આ ભવ અને પરભવમાં બહુ સરસ હોવાથી તેને વરવાની તમન્ના તમારામાં ઉત્પન્ન કરો એ આ સ્તવનકર્તાનો ઉદ્દેશ સમજી તેને અનુસરવા ઉદ્યમ કરવો. (૧૫)

## ઉપસંહાર

આ પ્રમાણે આ શાંતિના સ્વરૂપને દર્શાવનારા સ્તવનનું અત્ર વિવેચન પૂર્ણ થાય છે અને શાંતિના સ્વરૂપનું સાધન વિચારતાં અહીં એમ લાગે છે કે શાંતિ ઘણી દુર્ગમ વસ્તુ છે. માણસ તીર્થે તીર્થે દોડાદોડી કરી મૂકે છે અને અહીંથી શાંતિ લઉં કે પેલી જગાએથી લઉં એવી ભ્રાંતિમાં શાંતિને બદલે અશાંતિ વહોરે છે. માટે શાંતિ ક્યાં મળે અને કેમ મળે, તે ખાસ વિચારવા યોગ્ય છે. એ દોડાદોડીમાં મળતી નથી, અને રખડવાથી મળતી નથી. પણ પોતે જ શાંતિમય છે તેમાંથી શોધી કાઢવાની છે: આખા સ્તવનનો આ પ્રધાન સૂર છે અને તે ખાસ સમજવા યોગ્ય છે.

બાકી, પ્રાણીના આખા વર્તનને વિચારતાં એને આપણે કષાયથી પ્રેરિત જોઈએ છીએ. એને ખોટું-સાચું બોલવું, નિંદા-કૂથલી કરવી અને પાપસ્થાનકમાં મચ્યા રહેવું એ એનો વિષય થઈ ગયો હોય છે. પરિણામે એ એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે અને એનો છેડો આવતો જ નથી. સવારથી સાંજ કેમ પડે છે. અને દિવસો કેમ પસાર થાય છે તેનો એ કદી વિચાર જ કરતો નથી. એ તો 'મા જાણે દીકરો મોટો થયો, પણ આઉખામાંથી ઓછો થયો,' આવી આવી વાત તો કરે છે, પણ એ એનું રહસ્ય જાણતો નથી. દરેક દિવસ જાય છે તે અંતે હાથમાંથી સરી જાય છે અને ગયેલો વખત પાછો આવતો નથી તે એ જાણે છે, છતાં કેટલો કાળ કેવી રીતે ગયો તેનું તેને ભાન જ રહેતું નથી. એ તો દિવસ ઉપર દિવસ પસાર જ કરતો જાય છે. બીજાને મરતાં જોઈ એને ત્રાસ પણ થતો નથી અને પોતાને તો અમરપટ્ટો હોય તેમ વર્તે છે. અંતે એક વખત આવે છે ત્યારે તે ચાલ્યો જાય છે અને ભવમાં ભટકે છે. આ એની રખડપાટનો અંત જ આવતો નથી. અને તેનું કારણ એ છે કે એ ખરી શાંતિ કેમ મળે? ક્યારે મળે? કોને મળે?–તે વિષે વિચાર જ કરતો નથી. શાંતિ એ રમતમાં મળી જાય એવી ચીજ નથી, પણ એ અશક્ય હોય તેવી પણ ચીજ નથી. એને મેળવવા એ પ્રામાણિક યત્ન કરે તો તેને તે પ્રાપ્ત થઈ શકે એવી વસ્તુ છે. એની ગુપ્ત ચાવીઓ પણ આ સ્તવનમાં હસ્તગત થઈ શકે તેવું છે. તેથી પ્રાણીએ નકામા આંટા મારવાને બદલે અને પારકાને માટે મહેનત કરવાને બદલે આ શાંતિ મેળવવા માટે પ્રયત્ન કરવાનો છે.

બાકી શાંતિ મેળવવાની ઇચ્છામાં એ અશાંતિ વહોરે છે એમાં જરા પણ શંકા નથી એનો આખો કારભાર જોઈએ, એની પ્રવૃત્તિ વિચારીએ, તો અર્થશૂન્ય પ્રવૃત્તિ અને વિચારશૂન્ય કે પરિણામશૂન્ય વાતાવરણમાં એ રહેંસાઈ જતો જોવામાં આવે છે. કોઈ છોકરાએ બાપનો આભાર માન્યો નથી, છતાં તે ખાતર તે અનેક કાળાંધોળાં કામો કરવા દોરવાઈ જાય છે અને પાછો ખાડામાં અટવાઈ પડે છે. તે ખરી શાંતિને સમજવા કોઈ કોઈ વાર યત્ન તો કરે છે, પણ અનેક વખત શાંતિને નામે અશાંતિ લઈ આવે છે અને હેરાન થાય છે. આનું કારણ એની વિચારણાનો અલ્પભાવ કે અભાવ છે: આ બધું કોને માટે અને શા માટે?

તું વિચાર કર કે આ તારા પ્રયત્નોની સાથે તારે તો બે કે ચાર રોટલી જ જોઈએ અને તેને બદલે તું ધનના ઢગલા કરે છે, ને આખરે તો તારાં કર્મોનું ફળ તારે જ ભોગવવું પડશે; અને તે વખતે જેને તું તારા માની રહેલ છો તે કોઈ જરાય મદદ કરવા ઊભા રહેનાર નથી, માટે તારો પોતાનો વિચાર કર અને ખરી શાંતિ કોને અને ક્યારે મળે છે તેનો પાકો અભ્યાસ કર. આવા આનંદઘન (લાભાનંદ) જેવા કહે છે તે વિચારી જો અને ન્યાયથી તને તે વાત બેસતી હોય તો તારા પોતાના હિતનો માર્ગ પકડી લે અને અત્યારની વાતને વીસરી જા, અને સાચી વાતને સમજ. આ તો ત્રીજીથી અગિયારમી ગાથામાં બહુ ટૂંકાણમાં મુદ્દામ વાત કરી છે; તેની પાછળ તારું હિત જ માત્ર હેતુભૂત છે, તેને તું વીસરીશ તો આ ભવ માત્ર એક ફેરા સમાન થઈ જશે.

અને ઘણુંખરા આપણે આંખો બંધ રાખીને જ ચાલીએ છીએ, નહિ તો આપણા હિતની આવી ઉઘાડી વાતમાં વિચાર કરવાનો હોય જ નહિ. પણ કમનસીબે પ્રાણી વિચાર જ કરતો નથી અને છતાં 'ફુરસદ મળતી નથી' એવી ફરિયાદ કરે છે, અને આ સર્વ ફુરસદ મળતી નથી એટલાં કામો એ કોને માટે અને કોના લાભની ખાતર કરે છે તે જ્યારે તે વિચારે ત્યારે તક ગુમાવવા માટે એને પશ્ચાત્તાપ થાય છે, પણ આ પશ્ચાત્તાપ નકામો છે. એ તો જ્યારે આ પરિસ્થિતિનો અંત લાવશે અને પોતાને માટે નિરંતરનું હિત શોધી તે માટે પ્રયત્ન કરશે ત્યારે એની આખી દશા જ ફરી જશે. અને ખરી રીતે તો દશા ફેરવવાની જ આ વાત છે. એક વાર સ્વહિત દેખાય તો પછી સાચો રસ્તો સમજવામાં આવી જાય છે અને પરિણામે જીવનો ઉદ્ધાર થાય છે. માટે આ સ્તવનનું વારંવાર મનન કરવું અને તે પોતાને માટે ઉપકારી પુરુષે લખ્યું છે એમ સમજી તેને યથાર્થ સ્વરૂપે ભજવું.

એનો રસ્તો જ અત્યારે જુદો છે. પણ સાચો રસ્તો જડે તો તેને શોધવો જોઈએ અને પોતાનું એકાંત હિત શેમાં છે, તે નજરે વાત કરવી જોઈએ, બાકી બધાં ફાંફાં છે. ઊઠ, વિચાર કર અને જાગૃત થા ! તને કેટલીક અગત્યની વાતો આ સ્તવનની વિચારણામાંથી જરૂર મળશે. (૧૬)

માર્ચ : ૧૯૫૦ ]

૧૭

# શ્રી કુંથુનાથ જિન સ્તવન

## મન

**સંબંધ**—આવા નિરંજન નિરાકાર પ્રભુની સેવા કરી તેના જેવા થવાનો પ્રાણીએ નિર્ણય કર્યો. તેને એમ થયું કે ગુણપ્રાપ્તિનો માર્ગ સેવાને આશ્રયીને રહેલો છે. ત્યાં એના મનમાં એક સવાલ ઊભો થાય છે. તે જાણે છે, અને તેનો વહેવારુ અનુભવ છે કે—मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः એટલે મનુષ્યને કર્મબંધનનું અને કર્મથી તદ્દન છૂટી જવાનું કારણ માત્ર મન જ છે. તે મનને જેમ વારે અને એક જગાએ બાંધી રાખવા પ્રયત્ન કરે તેમ તે તો છેટું અને છેટું ભાગતું જાય છે. સામાયિક કે પૂજનનો ખાસ અભ્યાસ કરું છું ત્યારે મને માલૂમ પડે છે કે મનની સ્થિરતા કે એકાગ્રતા મેળવવી અને એને એક સ્થાન પર બાંધી રાખવું ઘણું મુશ્કેલ કામ છે. તેટલા માટે તે પ્રભુ પાસે જણાવે છે કે મનને વશ રાખવું તે ભારે દુર્ઘટ ઘટના છે. એ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત જાણે છે. એ એક રાજા હતા. શત્રુ રાજાએ એને હરાવી દીધા પછી એણે મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી હતી. એ સમવસરણની નજીકમાં જ તપ તપી રહ્યા હતા. તેઓનો તપનો દેખાવ તો ભારે સરસ હતો, પણ શ્રેણિક રાજાના બે સેવકો વાતો કરતા હતા. તેઓમાંથી એકે રાજર્ષિ શ્રી પ્રસન્નચંદ્રનાં વખાણ કર્યાં; અને બીજો કહે: 'છોકરાને રખડાવી આવી રીતે ભટકવું તે તું સારું ધારે છે? છોકરો તો રાજાનો પુત્ર હોવા છતાં ભીખ માગે છે! આવી દીક્ષાથી તો સર્યું!' પછી રાજા શ્રેણિકની સવારી આવી. રાજા રાજર્ષિને નમ્યો, અને ત્યાર પછી ભગવાનના સમવસરણમાં પહોંચી ગયો. આજે ઉપદેશ પણ મન સંબંધી ચાલ્યો. એટલે શ્રેણિકે ભગવંતને સવાલ કર્યો કે 'ભગવન્! રાજર્ષિ પ્રસન્નચંદ્રને મેં વાંદ્યા તે વખતે તે કાળ કરત તો તેમની શી ગતિ થાત?' ભગવાન કહે કે 'તે વખતે કાળ કરત તો તેઓ જરૂર નરકમાં જાત.' ત્યાં તો દેવદુંદુભિ વાગ્યા. ભગવાને જણાવ્યું કે 'પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન થયું, તેનો આ મહિમા દેવતાઓ કરી રહ્યા છે.' નરકે જવા યોગ્ય કાર્ય કરનારને આટલા થોડા વખતમાં કેવળજ્ઞાન કેમ થાય?—એવો સ્વભાવિક પ્રશ્ન ભગવંતને રાજાએ પૂછ્યો. ભગવંત કહે: 'જ્યારે તારા સેવકોને મુખે પુત્રની કરુણાજનક સ્થિતિની ચર્ચા પ્રસન્નચંદ્રે સાંભળી તે વખતે તેના મનમાં યુદ્ધ થવા માંડ્યું. શત્રુ રાજાને લડતાં લડતાં જાણે પોતે બધાં શસ્ત્રાસ્ત્રો ખોઈ બેઠો અને છેવટે માથા ઉપરનું બખ્તર તેને મારવા માટે માથા પર હાથ ફેરવવા લાગ્યો ત્યારે તેને ભાન થયું કે સાધુએ જીવહિંસા તો સર્વથા ત્યાગવી જોઈએ. કોના છોકરા અને કોણ બાપ? મારે અને પુત્રને હવે સંબંધ શો? ત્યાર પછી ધ્યાનધારાએ ચઢતાં અને મન પર કાબૂ આવતાં શુક્લ ધ્યાને ચઢી ગયા અને કર્મોને ખપાવી એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું!' નરકગામી જીવ બહુ જ થોડા વખતમાં મોક્ષ જવાનો છે એટલું મનનું સામ્રાજ્ય

જાણી શ્રેણિક રાજા આશ્ચર્ય પામી પ્રભુભક્તિમાં વધારે સાવધાન થયો. આવું મનનું પરિબળ છે : એક ઘડીમાં કર્મબંધન કરાવે અને બીજી ઘડીએ પ્રાણીને કેવળ કરાવે. આ મનના વિષયને વધારે ગૂંચવણવાળો જાણી એના પર આ આખું સ્તવન રચવામાં આવ્યું છે. એમાં મનની જ ચર્ચા છે અને તે બહુ અગત્યની હોવાથી આ સ્તવનમાં તેને જ ચર્ચેલ છે. આ વિષય અગત્યનો હોઈ આપણે માનસિક બંધારણ બરાબર સમજવા પ્રયત્ન કરીએ. મનના આખા બંધારણ અને એને વશ કરવાની રીતિ ઉપર ખાસ ધ્યાન આપવાની વિજ્ઞપ્તિ કરી આ મહત્ત્વના વિષયને વિચારીએ.

**સ્તવન**

( રાગ ગુર્જરી તથા રામકલી, અંબર દેહુ મુરારિ હમારો—એ દેશી. )

કુંથુજિન! મનડું કિમહી ન બાઝે, હો કુંથુજિન! મનડું૦
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો. કુંથુ૦ ૧

**અર્થ**—અહો કુંથુનાથ ભગવાન! મારું મન કોઈ રીતે પણ એકાગ્ર થઈને અમુક એક વિષયમાં લાગતું નથી. જેમ જેમ એને માટે પ્રયાસ કરી હું ઉદ્યમ કરું છું, તેમ તેમ એ દૂર ખસી જાય છે, વધારે આઘું થાય છે. (૧)

**ટબો**—આ સ્તવનનો અર્થ કરતાં જ્ઞાનવિમળસૂરી લખે છે કે, એવું શાંતિપદ ભાવવું–તે મનઃસ્થિરતા કરવાને માટે. મન વિષમ છે, એક મન જિત્યે સર્વ જિતાય, यतः

मणमरणेंदियमरणं, इंदियमरणे मरंति कम्माइं ।
कम्ममरणेण मोक्खो, तम्हा य मणं वसीकरणं ॥

એ ન્યાય છે, તે ઉપર મન જિતવાને શ્રી કુંથુનાથની સ્તુતિ કહે છે. હે કુંથુનાથ! મનડું–ચિત્ત તે કેમ (ગમે તેટલું) કર્યા છતાં કોઈ ઉપર ન બાઝે; જેમ જેમ ઉદ્યમ કરીને રાખવા જાઉં છું, તેમ તેમ અવળું અવળું વિપરીત મુક્તિનામ ગ્રંથિ ભાજે છે. (૧)

**વિવેચન**—હે કુંથુનાથ ભગવાન! મારું મન એક જગ્યાએ બાઝતું જ નથી, એકાગ્ર

---

**પાઠાંતર**—'કિમહી' ને સ્થાને બન્ને પ્રતમાં 'કિણહી' પાઠ છે, તેનો અર્થ 'કોઈમાં' થાય છે. 'બાઝે' સ્થાને 'બાઝૈ' પાઠ પ્રતમાં છે, તે પ્રાચીન ગુજરાતી છે; ભીમશી માણેક 'બાજે' છાપે છે. 'રાખું' સ્થાને બન્ને પ્રત લખતાર 'રાષું' લખે છે; 'ખ' લખવાની એ પ્રાચીન રીત છે. 'ભાજે' સ્થાને પ્રતવાળો 'ભાજૈ' લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'કુંથુ' સ્થાને એક પ્રતમાં 'કુથૂ' શબ્દ છે તે અશુદ્ધ જણાય છે. (૧)

**શબ્દાર્થ**—કુંથુજિન = કુંથુનાથ નામના સત્તરમા તીર્થંકર. મનડું = મન, મનનું નાનું રૂપક. જેની દરકાર ન કરવી ઘટે તેવું નાનું મન. કિમહી = ગમે તે કોઈ પણ રીતે, ગમે તેમ કરીને. બાઝે = લાગતું, એકાગ્ર થતું નથી. જિમ જિમ = જે પ્રકારે મહેનત કરીને, ગમે તેટલા પ્રયોગો કરીને. જતન = પ્રયત્ન, મહેનત. કરીને = લઈને. રાખું = જાળવું, વશ રાખવા પ્રયત્ન કરું. તિમ તિમ = તેમ તેમ, ઊલટાનું, સામું. અળગું = દૂર, છેટે. ભાજે = નાસી જાય. દૂર થાય છે. (૧)

થતું નથી. હું ગમે તેટલા પ્રયત્ન કરું છું, પણ તે એક ઠેકાણે કે એક ચીજમાં એકાગ્ર થતું જ નથી; એ એવું રખડું થઈ ગયું છે કે એ એક પ્રાણી કે વસ્તુ ઉપર ચોંટતું જ નથી. મનને બરાબર ઓળખ્યું હોય તેની રખડુ પદ્ધતિ આપણને જણાઈ આવે. એ તો ઘડીકમાં અહીં જાય, ઘડીકમાં પણે જાય અને ઘડીકમાં ત્રીજે ઠેકાણે જાય, પણ ઠરીઠામ થઈને એક સ્થાને એકાગ્ર કદી થાય જ નહિ. પ્રાણી કદાચ આરામ લે, જરા નિરાંત કરે, પણ મન તો ચકળવકળ થયા જ કરે છે. એ તો એક જગાએ લાંબો વખત સ્થિર થઈને બેસતું નથી. મનનો અભ્યાસ કરતાં જણાય છે કે એ તો તોફાની ચપળ છોકરા જેવું છે. જેમ ચપળ છોકરો એક બાબતમાં મન પરોવી ન શકે; એ તો દોડાદોડ અને ધમાધમ કર્યા જ કરે છે, અને પોતાનું ચપળપણું પ્રગટ કરે છે. આવું ધમાલીઆ બાળક જેવું મન આપ પરમાત્મામાં કદી એકાગ્ર થતું જ નથી. એને એક સ્થાને, એક વસ્તુ કે પ્રાણીમાં સ્થિર કરવું તે અશક્ય છે. એ તો બીજે–ત્રીજે સ્થાનકે રખડ્યા જ કરે છે, પણ એ કદી સ્થિર થતું નથી.

મને ખબર છે કે આપ મારા પરમાત્મા છો અને આપમાં મનને એકાગ્ર કરવું જોઈએ અને આપનું ધ્યાન કરવું જોઈએ અને તેમાં એકાગ્ર–સ્થિર થવું જોઈએ. આપની સેવા–ભક્તિ કરવા મને ઘણી હોંસ છે, પણ મન આપમાં કે બીજે કોઈ સ્થાનકે એકાગ્ર થતું જ નથી. અને જેમ જેમ એને એક ઠેકાણે બાંધી રાખવાનો પ્રયાસ કરું છું, તેમ તેમ તો ઊલટું તે દૂર જ જતું જાય છે. મારાં અનેક ફાંફાં છતાં એ તો મારું થતું જ નથી, મનને એકાગ્ર કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે તે સામું બંડ ઊઠાવીને વધારે છેટું થઈ જાય છે અને મારા બધા પ્રયાસને નિષ્ફળ બનાવે છે. આપ મારા તારણહાર છો એ જાણું છું, તેથી આપનામાં એકાગ્ર થઈ આપને જ ધ્યાવવા મેં નક્કી કર્યું છે, પણ મારું મન એવી વિચિત્ર રીતે કામ કરે છે કે તે આપનામાં બાઝતું જ નથી, આપનામાં લાગતું જ નથી હે પ્રભુ ! મારું મન આવું છે. હું મારા મનની કેટલી વાતો કરું ? મારા સર્વ પ્રયત્નને નકામા બનાવનાર એ મન કેવું છે તેની થોડીક વાતો આપને કરું, તે આપ ધ્યાન રાખી સાંભળશો. હવે એ મનની જ વાતો ભગવાન પાસે કરે છે તે આપણે વિચારીએ. (૧)

રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
'સાપ ખાય ને મુખડું થોથું,' એહ ઉખાણો ન્યાય હો. કુંથુ૦ ૨

---

**પાઠાંતર**—'રજની' સ્થાને એક પ્રતમાં 'રજનિ' પાઠ લખ્યો છે. 'પાયાલે' સ્થાને પ્રતમાં 'પયાલે' પાઠ છે, અર્થ ફરતો નથી. 'ખાય' સ્થાને બન્ને પ્રતમાં 'ષાય' પાઠ છે, તે ષ, ખના અભેદને લઈને છે; ભીમશી માણેકનો પાઠ 'ખાએ' છે. 'મુખડું' સ્થાને 'મનડું' પાઠ એક પ્રતમાં છે. 'એહ' સ્થાને પ્રતમાં 'એ' પાઠ લખે છે; બીજીમાં કોઈ શબ્દ નથી, 'ઉખાણો' સ્થાને 'ઉષાણું' પાઠ પ્રતમાં છે. ભીમશી માણેક 'ઓખાણો' પાઠ આપે છે 'ન્યાય' સ્થાને પ્રતમાં 'નાય' પાઠ છે; તેનો અર્થ એ જ છે. 'ગયણ' સ્થાને 'ગયણિ' પાઠ એક પ્રતમાં છે. 'જાય' સ્થાને 'જાઉં' પાઠ છે પ્રતમાં. (૨)

**અર્થ**—એ તો રાતનો વખત હોય કે દિવસનો વખત હોય, લોકો વસતી–સમુદાયમાં હોય કે એકાંત વાસમાં હોય એ તો આકાશમાં અને પાતાળ–અધોલોકમાં જાય. સર્પ ખાય અને તેનું મોં ખાલી ને ખાલી રહે, કદી એનું પેટ જ ભરાય નહિ, એ વાળી એ વાત છે. એ કહેવત સાચી ઠરે છે.

**ટબો**—રાત દિવસે વસ્તીમાં તથા ઉજડમાં–રાનમાં ગગન-આકાશે, પાતાળે–અધોલોકે જ્યાં જાઉં ત્યાં કેમે ન બાઝે, કોણ દૃષ્ટાંતે, જેમ સર્પ ભક્ષે, પણ થોથું–કસ્યો સ્વાદ ન પામે ચાવ્યા ચગળ્યાનો દાઢ–દાંત વિના, તેમ સર્વે કરે, પણ મન પાખે થોથું, એ ઉખાણો. અથવા વળી એ ઉખાણાના અર્થને દેશની ભાષાવાળાને પૂછવો. (૨)

**વિવેચન**—અને હે ભગવન્! આપ ધારતા હશો કે 'ફરે તે ચરે' તેવી રીતે મારું મન તો રાત અને દિવસનો વિચાર કર્યા વિના ફર્યા કરે છે. એને તો અંધારી રાત અને ધોળો દિવસ એકસરખાં છે. કેટલાક માણસ રાત્રે ઠંડા પડે, પણ મનડું તો રાત કે દિવસનો વિચાર કર્યા વગર ફર્યા જ કરે છે. એ રાત્રે પણ એકાગ્ર થતું નથી અને દિવસે પણ ફર્યા કરે છે; અને કોઈ પણ વખતે ઠરીઠામ બેસતું જ નથી. એ તો મને અહીં રહેવા દઈને વસતી કે તદ્દન રણ જેવા ઊજડ પ્રદેશમાં પણ ફરી આવે છે. એ તો ઘડીકમાં અમેરિકા જાય અને ઘડીકમાં સહરાના રણમાં જાય છે, અને આખો વખત ફર્યા જ કરે છે: આવું ચપળ મારું મન છે. અને એ ઘડીકમાં આકાશમાં જાય અને બીજી પળે અધોલોકમાં ચાલ્યું જાય, હું તો એની ભાળ લઉં તે પહેલાં તો આકાશમાં ઊડે છે અને બીજી પળે અધોલોકમાં જાય છે. એ તો ભટકયા જ કરે છે અને ધ્યાનમાં આવે ત્યાં જઈ આવે છે અને એ એક મિનિટ પણ ઠેકાણે બેસતું જ નથી. આવું મારું મનડું ચપળ છે અને તે પોતાની ચપળતા દાખવે છે.

ટૂંકામાં કહું તો એક માણસને કે પશુને સાપે ખાધો; અને તેના મુખમાં તો કાંઈ જ ન આવ્યું; એ વાળી વાત સાચી બનાવે છે. લોકોમાં કહેવાય છે કે ફલાણાને સાપે ખાધો, પણ સાપનું મુખ તો તદ્દન હતું તેવું ને તેવું જ અતૃપ્ત રહે છે એ વાળી વાત થાય છે. મન ગમે ત્યાં જા-આવ કરે છે, ગમે ત્યાં રખડે, રાતદિવસ જોયા વગર આકાશ-પાતાળ એક કરે અને વસતી કે વેરાનમાં જાય; એમાં એનું કાંઈ સર્પની જેમ વળતું નથી. એ કોઈ ચીજમાં એકાગ્ર થઈ શકતું નથી. આવું મારું ચપળ મન ગમે ત્યાં જાય છે, આવે છે, હરેફરે છે, પણ એને કોઈ વાતની તૃપ્તિ થતી નથી. (૨)

---

**શબ્દાર્થ**—રજની = રાત્રિ, રાત હોય કે. વાસર = દિવસ હોય. વસતી = મનુષ્યોની વચ્ચે, મનુષ્યો રહેતા હોય તેવી જગા. ઉજડ = મનુષ્ય ન રહેતા હોય તેવી રણની માણસ વગરની જગ્યાએ. ગયણ = ગગન, આકાશ, ખાલી જગાએ. પાયાલે = પાતાળે, જમીનની નીચે, અધોલોકમાં. જાય = ત્યાં એ આવજા કરે છે, ફરે છે, આંટા મારે છે. સાપ = એરું, સર્પ. ખાય = ગ્રાસ કરે, કરડે, ભરડે. મુખડું = મોં. થોથું = કોઈ જાતની તૃપ્તિ વગરનું, ભૂખ્યું. એહ = તે, એ. ઉખાણો = કહેવત, સામાન્ય રૂપક. ન્યાય = એ ન્યાયે, એના જેવા બનાવે. (૧)

મુગતિ તણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કુંથુ૦ ૩

**અર્થ**—મોક્ષને ઇચ્છવાવાળા પોતે નવું જાણે અને એકાગ્રતામાં લયલીન થાય અને તેનો અભ્યાસ કરે. પણ એ મારું વહાલું નાનકડું દુશ્મન એવો વિચાર કરે કે તેમને પણ ઊંધા નાખીને ગડદાપેચ કરી દે. (૩)

**ટબો**—મુક્તિની વાંછાએ તપિયા તપ કરે, જ્ઞાની જાણણહાર જ્ઞાનને અભ્યાસે, ધ્યાની પણ સાધનાદિ ધ્યાન અભ્યાસે, પણ કોઈ મન વૈરિડો એવો છે જે ચિંતવે કાંઈ અને અવળે પાસે નાખે, વાંકું કરે. (૩)

**વિવેચન**—હે ભગવન્! મનની તે આપની પાસે શી શી અને કેટકેટલી વાત કરું? મોક્ષમાર્ગના ઇચ્છક માણસો જ્ઞાનમાં મશગૂલ રહે અને ધ્યાન કરવા માંડે અને તેને માટે અભ્યાસ કરે. તેઓ સમજે કે જ્ઞાન-ધ્યાનમાં સમય જાય તો સારું, તેથી જ્ઞાની તરીકે વખત કાઢવા માંડે અને ધ્યાનમાં મસ્ત થઈ પડ્યા કરે અને આખો વખત ઈશ્વરપ્રણિધાનમાં વખત કાઢવાનો અભ્યાસ કરે. આવા જ્ઞાની અને ધ્યાની જ્ઞાન અને ધ્યાનનો અભ્યાસ કરે ત્યારે એનું મનડું તો ક્યાં ક્યાં ફરતું હોય છે. આવા ધ્યાનના અને જ્ઞાનના અભ્યાસ કરનારના એ કેવા હાલ કરે છે તે સાંભળો. મનરૂપી દુશ્મન એવો વિચાર કરે છે કે એવા મોટા જ્ઞાની અને ધ્યાનીને પણ ઊંધા પાડી ગડદાપેચ કરી દે છે. જ્ઞાની જ્ઞાનમાં મસ્ત હોય કે ધ્યાની ધ્યાનમાં પડે તે વૈરી મન તો ગમે ત્યાં ચાલ્યું જાય છે અને જ્ઞાનીના અને ધ્યાનીના હાલહવાલ કરી નાખે છે. આવા મોક્ષ-માર્ગના અભ્યાસીને પણ મનરૂપ વૈરી બચાવતું નથી પણ એને ચત્તોપાટ કરી મૂકે છે, અને રખડ્યા જ કરે છે. આવું મન છે. હજુયે મન કેવાં કેવાં કામ કરે છે તે ભગવન્! આપ જાણો અને આવા મનને માટે મારે શું કરવું તે કહો. તેને આપનામાં એકાગ્ર કેમ કરવું તે જ હું વિચારી રહ્યો છું. એ મનની કથા હું આપને હજુ વધારે વર્ણવી બતાવું. (૩)

**પાઠાંતર**—'તપિયા' સ્થાને એક પ્રતમાં 'તપીયા' પાઠ લખેલ છે. 'જ્ઞાનને' સ્થાને 'જ્ઞાનનૈ' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'જ્ઞાન' સ્થાને પ્રતમાં 'ગ્યાન' પાઠ છે. 'ને' બીજા પાદમાં પ્રતમાં મૂકી દીધો છે. 'અભ્યાસે' સ્થાને પ્રતકાર 'અભ્યાસૈ' લખે છે. 'વયરીડું' સ્થાને પ્રતવાળો 'વયરીડો' લખે છે; એક પ્રતમાં 'વૈરિડો' પાઠ છે. 'નાખે' સ્થાને પ્રતમાં 'નાખૈં' પાઠ છે. 'અવળે' સ્થાને ભીમશી માણેક 'અલવે' પાઠ છાપે છે. 'પાસે' સ્થાને પ્રતવાળો 'પાસૈં' લખે છે; ભીમશી માણેક પણ એ જ પાઠ છાપે છે. 'ચિંતે' સ્થાને 'ચિંતઈ' પાઠ પ્રતમાં છે, તે જૂની ગુજરાતી છે. (૩)

**શબ્દાર્થ**—મુગતિ = મુક્તિ, મોક્ષ, સર્વ કર્મથી રહિતપણું. તણા = 'ના', છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. અભિલાષી = વાંછું, હોંસવાળા, ઇચ્છાવાળા. તપિયા = તપનારા, તપ કરનારા. જ્ઞાન = અભ્યાસ, જ્ઞાન ભણવું તે. ધ્યાન = એકાગ્રતા, ધ્યાન કરવું, એનો વિચાર કરવો. અભ્યાસે = કરે, એનો અમલ કરે. વૈરીડું = હલકો દુશ્મન, વેરી, સામું કામ કરનાર. કાંઈ = હરકોઈ, કોઈ પણ એહવું = એવું, એવા પ્રકારનું. ચિંતે = વિચારે, યોજે, ઘટના કરે. નાખે = ઝાપટે, પાડે. અવળે = ઊલટે, સામી. પાસે = બાજુએ. (૩)

આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણી પરે વાંકું હો. કુંથુ૦ ૪

**અર્થ**—પૂર્વધારીઓ મોટા આગમો–સૂત્રગ્રંથો વાંચીને મોટા આગમધર થાય. પણ તેમના જેવાને હાથે પણ એ અંકુશમાં આવતું નથી; અને હું કોઈ જગોએ આગ્રહ ધરીને એને બળાત્કારે ધકેલી દઉં તો એરુંની પેઠે એ તો વક્ર થઈ જાય, પણ એ ઠેકાણે તો ન જ આવે, એવું મારું મન છે. (૪)

**ટબો**—આગમધરને હાથે યદ્યપિ આગમપ્રવચન છે, પણ કોઈ વિધિ પ્રકારે આંકડો મનનો ન પામીએ. કોઈ વેળાએ જો હઠ કરી–કદાગ્રહ હઠયોગે તાણી રાખું તો વ્યાલ–સર્પની પેઠે વાંકું થાય, વિપરીત ફળ આપે, કુરંડ બરડાદિકની પરે. (૪)

**વિવેચન**—ખુદ આગમના અભ્યાસીઓ દશ પૂર્વ સુધી ભણી જાય તોપણ મન તો જરા પણ અંકુશમાં આવતું નથી. આગમધારીઓ આગમમાં મનનો અધિકાર વાંચતા હોય ત્યારે પણ તેમનું પોતાનું મન અંકુશમાં આવતું નથી. અને એવા આગમધારી પુરુષો મારી નજીકમાં હોય ત્યારે પણ મારું મન અંકુશમાં રહેતું નથી. હું કહી કહીને થાક્યો કે આવા પૂજ્ય વિદ્વાનોની હાજરીમાં તો હે મન! તું જરા કાબૂમાં આવ, પણ તે તો મારું કહેલું માનતું નથી અને ભટક્યા જ કરે છે.

અને કોઈ જગ્યાએ હું એને કદાગ્રહ કરીને રોકું ત્યારે તો એ ઊલટું સર્પની જેમ વાંકું થઈ બેસે છે. જેમ જેમ એ મનને રોકું તેમ તેમ એ વધારે આડું થઈ વધારે જોરથી ફર્યા કરે છે. સામાયિક કરતા સસરાને માટે વહુએ જવાબ આપ્યો કે 'સસરા તો ઢેઢવાડે ગયા છે!' સસરાએ સામાયિક પૂરી થયા પછી આવો જવાબ આપવા માટે વહુને ખુલાસો પૂછ્યો તો વહુએ જવાબ આપ્યો કે તેઓ (સસરા) તો મનમાં સામાયિક જલદી પૂરું કરી ઢેઢવાડે ઉઘરાણી કરવા જવાનો વિચાર કરતા હતા! સસરાને માટે આવું બોલાવનાર મનને હું આગ્રહ કરીને

**પાઠાંતર**—'આગમધરને' બદલે પ્રતમાં 'આગમધરીને' પાઠ છે, બીજી પ્રતમાં 'આગમધરનેં' પાઠ છે 'હાથે'ને સ્થાને પ્રતમાં 'હાથેં' પાઠ છે; બીજી પ્રતમાં 'હાથૈં' પાઠ છે; 'નાવે'ને સ્થાને એક પ્રતમાં 'નાવૈ' પાઠ છે. 'કિણ'ને બદલે 'કિણે' પાઠ પ્રતમાં છે. 'કિહાંકણે' સ્થાને પ્રત લખનાર 'કેણેહિ જો' પાઠ લખે છે; બીજી પ્રતમાં 'કિંહારે કિણિ' પાઠ છે. 'હઠ' સ્થાને પ્રતમાં 'હટ' પાઠ છે. 'કરી' સ્થાને પ્રતમાં 'કરિ' પાઠ છે. 'હટકું' સ્થાને પ્રતમાં 'હડકું' પાઠ છે. 'તણી' સ્થાને પ્રત લખનાર 'તણિ' પાઠ લખે છે. 'પરે' સ્થાને 'પરૈ' પાઠ પ્રતમાં છે. 'વાંકું' સ્થાને 'વાકુ' પાઠ પ્રતમાં છે. (૪)

**શબ્દાર્થ**—આગમ = સૂત્ર, સિદ્ધાંત. આગમધર = આગમના મુખે જાણનાર, મૂળ સૂત્રના જાણકાર, આગમધારી. હાથે = પાસે, સામે, પડોશમાં. નાવે = ન આવે, થઈ શકે નહિ. કિણ = કોઈ, એક પણ. વિધિ = વિધ, રસ્તે. આંકું = અંકુશમાં, તાબામાં, કબજામાં. કિંહા = કોઈ. કણે = કને, સ્થાને. હઠ કરી = આગ્રહ કરી, જબરાઈ કરી. હટકું = લગાડું, વળગાડું. તો = તે બાબતમાં. વ્યાલ = વાંકો પ્રાણી, વાઘ, સર્પ. વાંકું = ઉદ્ધત, તોફાની, આડું. (૪)

કાંઈ કામમાં રોકી રાખું તો એ સર્પની પેઠે વાંકું થઈ જાય છે અને વાંકાઈમાં ને વાંકાઈમાં વધારે રખડે છે અને મને હેરાન પરેશાન કરી મૂકે છે. મનને અહીં સર્પ સાથે સરખાવ્યું છે, તે તેનું આબેહૂબ વર્ણન છે. સર્પ મૂળ તો વાંકો જ છે. એને ઉશ્કેરો તો એ પોતાની વાંકાઈ વધારે બતાવે છે. મારું મન સર્પની જેમ જાતે વાંકું અને હું એને ઉશ્કેરું અને એને કાબૂમાં રાખવા પ્રયત્ન કરું તો તે વધારે વાંકું થાય છે. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી, તેમ મનનું પણ એવું જ સમજવું. એને જેમ જેમ હું ઠરીઠામ બેસવા કહું છું તેમ તેમ તે વધારે વાંકાઈ કરે છે અને જરા પણ મારા અંકુશમાં આવતું નથી. એ તો નવા નવા બુટ્ટા ઉડાડી વધારે આડાઈ કરે છે અને જ્યાં ત્યાં ફર્યા જ કરે છે. ભગવાન્! મને મારા આવા હાલ કર્યા છે. હજુ પણ આપ મારા મનની કથની સાંભળો. (૪)

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહિ;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ૦ ૫

**અર્થ**—જો એને લુચ્ચું કહું તો એને કોઈને છેતરતાં પણ હું જોતો નથી. અને મને ખાતરી છે કે એ સાહુકાર (સાવકાર)–પોતાનો વટ રાખનાર પણ નથી જ. એ તો બધામાં છે અને બધાથી જુદું–દૂર રહેનાર છે. આવી આશ્ચર્યકારક ઘટના એને અંગે થયેલી છે. (૫)

**ટબો**—જો મનને ઠગ કહું તો દ્રવ્યથી ઠગાઈ કરતાં દેખતો નથી, પોતે છદ્મસ્થ છે માટે. અને સાહુકાર–ભલુંયે નથી જ, પુદ્ગળધર્મી માટે. એ મન સર્વમાં–પ્રશસ્ત અપ્રશસ્ત સર્વ સંકલ્પમાં છે અને આત્માના સર્વ પ્રદેશથી અળગું, એ મનમાં મોટું અચરિજ–વિસ્મયપણું છે. (૫)

**વિવેચન**—એ મનને ઠગારું કહું તો કોઈને છેતરતાં એને દેખતો નથી; એટલે એને લુચ્ચું કે ઠગારું પણ કહી શકાય તેમ નથી, કારણ કે યોગ્ય માણસે નજરે જોયા વગર કોઈના ઉપર તે ઠગારો–છેતરનાર છે એવું તહોમત ન મૂકવું જોઈએ. અને એને હું ઠગનાર તરીકે જોતો નથી; ઉઘાડી રીતે તો ઇંદ્રિયો જ કામ કરે છે. અને જ્યાં સુધી મનને હું છેતરપીંડી કરતું ન જોઉં ત્યાં સુધી એક ભલા માણસ તરીકે મારાથી એના ઉપર તહોમત ન જ મુકાય. એ એવી સિફતથી કામ કરે છે કે એને ઠગારું પણ ન કહેવાય. આવી રીતે એ ઠગારાના ઇલકાબને યોગ્ય નથી.

---

**પાઠાંતર**—'કહું' સ્થાને એક પ્રતમાં 'કહૂં' લખે છે. 'દેખું' સ્થાને બન્ને પ્રત લખનાર 'દેખું' એમ લખે છે, કારણ વ્યક્ત છે. 'પણ'ને સ્થાને પ્રતનો પાઠ 'પણિ' છે. 'નાંહી' સ્થાને પ્રતનો પાઠ 'નાહી' છે. 'સર્વ' સ્થાને પ્રતનો પાઠ 'સવિ' છે; બીજી પ્રતમાં 'સહુ' પાઠ છે. 'ને' સ્થાને પ્રતવાળો 'નેં' લખે છે. 'માંહી' સ્થાને પ્રત લખનાર 'માંહિ' લખે છે (છેલ્લા પાદમાં). (૫)

**શબ્દાર્થ**—જો = કદાપિ, કોઈ બાબતમાં, કોઈવાર. ઠગ = લુચ્ચો, ધમાલીઓ. કહું = વર્ણવું, બતાવું, દર્શાવું. ઠગતો = લુચ્ચાઈ કરતો. ન દેખું = દેખાતો નથી. હું જોઈ શકું નહિ. સાહુકાર = સાવકાર, ભલો માણસ, સારો માણસ. નાંહી = નથી, નહિ. સર્વમાંહે = બધામાં, સર્વમાં. સહુથી = સર્વથી. અળગું = દૂર, જુદું. અચરિજ = અચરીજ, આશ્ચર્ય, નવાઈ. મનમાંહી = મનમાં, દિલમાં. (૫)

અને એ શાહુકાર પણ નથી. પ્રમાણિક શરાફનો વટ તો એવો જાણીતો હોય છે કે એ રાતના બાર વાગે પણ પોતાનો વટ રાખી પૈસા દેવાના હોય તે ભરી આપે. મારું મન એવું જબરું છે કે એને શાહુકાર પણ કહી શકાય નહિ. જેમ એને ઠગબાજી કરતાં મેં નજરે જોયું નથી તેમ એના અંદરખાને રહીને કામ કરવાને અંગે એને શાહુકાર પણ કહેવાય તેમ નથી. આવી રીતે તેને કેમ વર્ણવવું અને તેને માટે કયું વિશેષણ વાપરવું તે મને માલૂમ પડતું નથી.

એ મન તો બધામાં છે અને બધાથી દૂર રહે છે, એવું વિચિત્ર છે. એ ઇંદ્રિય દ્વારા કામ કરે છે, સર્વમાં છે અને કોઈમાં નથી એમ છેટું ને છેટું રહે છે. ઘણા માણસો પણ એવા હોય છે. એને પૂછયા વગર કે એના હુકમ વગર તરખલું પણ ચાલે નહિ, છતાં એ, પોતાના આડતીયા મારફત ત્રીજા પક્ષકાર પાસે, એવી સિફતથી કામ લે કે એણે અમુક કામ કર્યું છે તેમ જણાય જ નહિ; તેમ મારું મન પણ એવું યુક્તિબાજ છે કે ઇંદ્રિય દ્વારા કામ લે છે. અમુક વસ્તુ મીઠી છે કે નહિ, અમુક જોવા લાયક છે કે નહિ કે અમુક શ્રુતિપ્રિય કે સુગંધી છે કે નહિ તેનો નિર્ણય એ કરે, પણ કામ ઇંદ્રિયો–કર્મેંદ્રિયો મારફત લે. એટલે એ સર્વમાં છે અને કોઈમાં જાણે નથી એમ લાગ્યા કરે છે. આવી રીતે મન કોઈ પણ કામ કરે છે એમ કહેવું તે પણ યોગ્ય નથી. અને આવી રીતે બધામાં હોવા છતાં કોઈમાં નથી એમ કહેવું અને એ સર્વથી દૂર હોય તેમ રહેવું એ વાતની મારા મનમાં નવાઈ લાગે છે. મને થાય કે દરેક બાબતમાં ભાગ લેતું હોવા છતાં તે દૂર ને દૂર કેમ રહી શકતું હશે? આવી મનની કાર્યપદ્ધતિ જાણી મને નવાઈ લાગે છે અને એના સંબંધમાં કયું વિશેષણ વાપરવું તેની મને ખબર પડતી નથી. હજુ હું એ મન કેવું છે તે આપની પાસે જણાવું છું. તે આપ જાણો અને મને રસ્તો બતાવો. (૫)

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર-નર-પંડિતજન સમજાવે, સમજે ન મારો સાલો હો. કુંથુ૦ ૬

**અર્થ**—હું જે કાંઈ પણ એને કહું છું તે એ સાંભળતું નથી, કાને ધરતું પણ નથી અને પોતાની બુદ્ધિએ મેલું જ રહે છે. એને દેવો કે માણસો કે ભણેલગણેલ માણસો સમજાવે પણ મારું સાળું એ તો કાંઈ સમજતું નથી અને એને અંગેના મારા પ્રયત્ન નકામા થઈ પડે છે. (૬)

**પાઠાંતર**—'કાન' સ્થાને પ્રત લખનાર 'કાને' પાઠ લખે છે; બીજી પ્રતમાં 'કાનિ' પાઠ છે. 'સુર' સ્થાને પ્રતમાં 'સૂર' પાઠ છે. 'આપ મતે' સ્થાને પ્રતમાં 'આપ મતિ' પાઠ છે. 'રહે' સ્થાને પ્રતમાં 'રહૈ' પાઠ છે. 'સમજાવે' સ્થાને પ્રતમાં 'સમઝાવૈં' લખેલ છે. 'મારો' સ્થાને પ્રતમાં 'માહરો' પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—જે જે = જે કાંઈ, કાંઈ પણ. કહું = જણાવું, બોલી બતાવું. કાન ન ધારે = સાંભળે નહિ. આપ મતે = પોતાની બુદ્ધિએ, પોતાની સમજણ પ્રમાણે. રહે = થાય, ચાલુ રહે. કાલો = મેલવાળું, કાળો. સુર = દેવતાઓ, મોટા દેવો. નર = માણસો, જનો. પંડિતજન = સમજુ માણસો, ભણેલા માણસો સમજાવે = ઠેકાણે લાવવા પ્રયત્ન કરે. સમજે ન = ગળે ઉતારે નહિ. મારો = આપણો, પોતાનો. સાલો = પત્નીનો ભાઈ, વહુનો ભાઈ. (૬)

**ટબો**—જે જે કહીએ તે કાનમાં ધરે જ નહિ, એટલે તેમાં પરિણમે નહિ, જેમ કાલો ને ઘેલો આપ મતે ચાલે, કોઈને કહ્યે પ્રવર્તે નહિ, દેવ વા મનુષ્ય પંડિતજન સર્વ મળી એ મનને સમજાવે, પ્રાર્થે, પણ મારો સાળો સમજે નહિ. અથવા મારો સાળો તે ઘણી રીસ–ઈર્ષ્યાવંત તે સમજે નહિ. અથવા સાળો તે દેશ વિશેષે ધણિયાણીના ભાઈને કહે છે ત્યાં અશુદ્ધ ચેતના ધણિયાણીનો ભાઈ, અશુદ્ધ સંકલ્પી મન કહો એ છે તથા કોઈ દેશ વિશેષમાં ભાંડભવાયાને સાળો કહે છે. (૬)

**વિવેચન**—હું જે કાંઈ કહું છું એને તે કાને જ ધારતું નથી; એક કાને કહું તે બીજે કાને ફેંકી દે છે અને મારી સર્વ શિખામણ બહેરા આગળ કહેવા જેવું થાય છે. બધિર માણસ પાસે વાત કરવી એ જેમ નકામું છે, તેમ હું કહું તે મન તો કાને જ ધરતું નથી અને મારે ગળાનો શોષ તદ્દન નકામો થાય છે, તેની પાસે હજારો વાત કરું તોપણ તે તો પોતાના મતમાં કાલો એટલે મલિન થઈને રહે છે. અથવા કાલો એટલે બાળકના જેવી ભાંગીતૂટી કે તોતડી ભાષા બોલનાર. એનો અર્થ મસ્ત પણ થાય. તે તો પોતાના અભિપ્રાય પ્રમાણે ચાલનાર અને તેમાં મસ્ત રહ્યા કરે છે. એ તો પોતાનું ધાર્યું જ કરે છે, એને ( મનને ) મારા અભિપ્રાયની જરાય દરકાર નથી. એને સમજાવવું એ તો કાંઈ બચ્ચાના ખેલ નથી. એ તો પોતાને મતે ચાલે છે અને પોતાને ફાવે ત્યાં જાય-આવે છે.

અને એને મોટા મોટા દેવતાઓ સમજાવે, કે માણસો સમજાવે, એને અનેક ડાહ્યા વિદ્વાન મોટા માણસો સમજાવે, એને ઠેકાણે લઈ આવવા પ્રયાસ કરે, પણ એ તો કોઈનું કહેવું સાંભળતું જ નથી. એ તો મારું સાળું સમજતું જ નથી. અહીં મનને સાળું કહેવામાં આવ્યું છે. વાકયમાં વપરાતાં સચોટતા ને મમતામાં એ શબ્દ વપરાય છે—એમ ગુજરાતી શબ્દકોષ કહે છે. લોકો 'મને સાળાને આ શું સૂઝયું.' અમ પણ બોલે છે. એટલે સાળાનો અર્થ પોતાની વહુનો ભાઈ એમ જ કરવો એવી ચોક્કસ વાત નથી. નહિ તો લોકો પોતાને સાળો કેમ કહે ? ઉપરના વાકયથી તેવો પ્રયોગ થઈ શકે છે એમ જણાય છે. સાળાનો અર્થ વહુનો ભાઈ તેમ કરવો હોય તે અત્ર અશુદ્ધ ચેતનાનો ભાઈ થાય છે. મારા સમજવા પ્રમાણે એ શબ્દ વહાલ અથવા તિરસ્કાર સૂચક છે અને સાળો શબ્દ વાપરી હિંદી ભાષામાં નપુંસકલિંગમાં કોઈ શબ્દ આવતો નથી તે બતાવ્યું છે. જોકે આવતી ગાથામાં એને સ્તવનના લેખક નપુંસકલિંગે કહે છે છતાં તેને માટે અહીં 'સાલો' શબ્દ વાપરવાથી તે નરજાતિ થાય છે. સ્તવનકર્તાની દેશભાષા ઉપર આ પ્રકાશ પાડે છે. હિંદીમાં નપુંસકલિંગ–નાન્યતરજાતિ નથી તેથી તેને અહીં નરજાતિમાં વાપરેલ છે. એ તિરસ્કારનો જ શબ્દ છે એમ મને સંબંધ ઉપરથી સમજાય છે. મોટા મોટા પંડિતો કે દેવ આવીને સમજાવે, પણ એ મારું સાળું તો સમજતું જ નથી ! એની પાસે પંડિત માણસો અનેક સમજાવટ કરે છે, પણ મારું એ મન તો કોઈને ગણતું નથી, નાના મોટાનો તફાવત રાખતું નથી અને બધી સમજાવટ ઉપર પાણી ફેરવે છે !

કવિ (આનંદઘન)ને ખબર છે કે એ અસલ નાન્યતરજાતિનો શબ્દ છે, છતાં તે એને અહીં

નરજાતિમાં વાપરે છે તે દેશભાષાના ધોરણની વાત જણાય છે. અને આ વિષયમાં આનંદઘનની ભાષા પરત્વે ઉપોદ્‌ઘાત ઉપર ધ્યાન ખેંચવામાં આવે છે. મનને સમજુ, ભણેલા અને મોટા મોટા પંડિતો ગમે તેટલું સમજાવે, પણ એ તો સમજતું જ નથી અને પોતાની ધારણા પ્રમાણે જ કર્યે જાય છે. ભગવન્ ! મારું મન આવું છે અને હાલ તો તે જ આધિપત્ય ભોગવે છે. (૬)

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો. કુંથુ૦ ૭

**અર્થ**—મને ખબર પડી ગઈ છે કે એ નાન્યતરજાતિનું નાનકડું મન બધા માણસોને ધક્કે ચઢાવે છે. મેં તો એની ત્રીજી જાતિ હોવાથી એ દમ વગરનું હશે એમ ધાર્યું હતું, પણ માણસ બીજી બધી વાતે શક્તિમાન છે, પણ એને પકડીને ઝીલી શકે એવો કોઈ પણ માણસ નથી. (૭)

**ટબો**—વળી કહે છે, મન શબ્દ તે નપુંસક લિંગે છે, એ શું કરશે એમ જાણતા, પણ તે તો ન બન્યું. સમસ્ત મર્દ–પુરુષ કામી, ક્રોધી સર્વને એ મન તે ઠેલે–હીણા કરે. બીજા સંસારમાં સર્વ વાતે સાધવાને સમરથ છે પુરુષ, પણ એને–મનને કોઈ રૂંધે તે વિરલા (૭)

**વિવેચન**—સંસ્કૃતમાં તથા ગુજરાતીમાં ત્રણ જાતિનાં નામો હોય છે : નરજાતિ નારીજાતિ અને નપુંસક અથવા નાન્યતરજાતિ. મને એમ ખબર હતી કે એ સંસ્કૃતમાં નપુંસક લિંગનો શબ્દ છે; હિંદીમાં એ નાન્યતરજાતિ ન હોવાથી નરજાતિમાં વપરાય છે. 'સાલો ' એવો મન માટે પ્રયોગ આગલી છઠ્ઠી ગાથામાં કરવામાં આવ્યો તે સ્તવનકર્તાની દેશભાષાને લઈને છે. સંસ્કૃતના ધોરણે એને 'સાળું ' પ્રયોગ જોઈએ. એ નપુંસકલિંગે હોવા છતાં તે કોઈને છોડતું નથી અને મોટા મોટા મજબૂત માણસને પણ એ હઠાવે છે. એ નપુંસકજાતિ શબ્દ હોવા છતાં નરજાતિના મર્દ માણસને પણ હરાવે છે, ધક્કે ચઢાવે છે અને લડાઈમાં હરાવી દે છે. એ જરાય કાચુંપોચું નથી. એ તો ગમે તેવા બહાદુર હિંમતવાન માણસને પણ પહોંચી

પાઠાંતર—પ્રથમ પાદમાં 'જાણ્યું ' સ્થાને એક પ્રતમાં 'જાણું ' પાઠ છે. 'નુપુસંક ' સ્થાને પ્રતવાળો પ્રથમ પાદમાં 'નપુસગ ' લખે છે. 'મરદને ' સ્થાને પ્રતવાળો 'મરદનેં ' લખે છે. 'ઠેલે ' સ્થાને પ્રતવાળો 'ઠેલૈં ' પાઠ લખે છે. 'બીજી ' બદલે પ્રતમાં 'બિજિ ' પાઠ છે. 'વાતે ' સ્થાને પ્રતમાં 'વાતેં ' પાઠ છે. 'સમરથ ' સ્થાને પ્રતમાં 'સમરપ્ર ' પાઠ છે. 'છે ' ત્રીજા પાદમાં 'છેં ' લખે છે, તે પ્રતકાર લહીઆનું જૂનું ગુજરાતી છે. 'જેલે ' સ્થાને પ્રતવાળો 'ઝેલે ' લખે છે; બીજી પ્રતમાં 'જાલે ' પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—મેં જાણ્યું = હું એમ ધારતો હતો, હું એમ સમજ્યો હતો. એ = (મન) મનડું. લિંગ = જાતે. નપુંસક = નાન્યતર, ત્રીજી જાતિ હોવાથી એનાથી ડરવાની જરૂર નથી. પણ એ = મન તો. સકળ = સર્વ, બધા. મર્દ = નરજાતિના માણસોને. ઠેલે = ધમધમાવે, ચલાવે. બીજી = અનેક બાબતે. સમરથ = સમર્થ, શક્તિમાન, સશક્ત. નર = માણસ, મનુષ્ય. એહને = એને, મનને. કોઈ = એક પણ મનુષ્ય. ન = નહીં, જેલે = પકડી શકે, ઝડપી શકે, ઝીલી લે. (૭)

શકે છે અને હરાવી દે છે. મનને નપુંસક જાણીને હું નિર્માલ્ય ધારતો હતો, પણ મારું જાણપણું બરાબર નહોતું. કારણ કે માણસ બીજી ઘણી બાબતમાં હિંમતવાળો છે, તે અનેકને જીતી જાય છે અને બહાદુરી બતાવે છે, પણ કોઈ એવો માણસ (નીચેના અપવાદ સિવાય) મારા જોવા કે જાણવામાં આવ્યો નથી કે જે એ મનને પકડી લે. મન એવું જબરું છે કે મોટા મોટા માણસના હાથમાં આવતું નથી અને એવું છટકી જનારું છે કે આવેલ પકડને પણ એ નકામી કરી આગળ વધી જાય છે. ક્રિકેટની રમતમાં અનેક રમનારના હાથમાંથી આવેલ દડો પણ છટકી જાય છે તેવી જ રીતે એ હાથમાં આવેલ હોય તોપણ ચાલ્યું જાય અને એને પકડીને કબજામાં રાખી શકે એવો કોઈ માણસ હું તો જોતો નથી. આવું ચપળ મારું મન છે અને તેને હું મારે વશ રાખી શકતો નથી. આવી મારા મનની સ્થિતિ છે, તેને હે ભગવન્ ! આપ જાણો છો. (૭)

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત તે મોટી હો. કુંથુ૦ ૮

**અર્થ**—જેણે મનને કાબૂમાં આણ્યું હોય તેણે બધાને કાબૂમાં લીધા છે એ હકીકત અસત્ય નથી, એ સાચી જ વાત છે; છતાં કોઈ એવો દાવો કરે કે પોતે પોતાના મનને કાબૂમાં લીધું છે તો તેની વાત કબૂલ કરવાને હું તૈયાર નથી, કારણ કે એ વાત તો ઘણી મુશ્કેલ છે અને એ વાત તો ખરેખર અગમ્ય છે. (૮)

**ટબો**—મન સાધ્યું તેણે સર્વ સાધ્યું એ વાત ખોટી નથી. મનને વશ કરતાં સર્વ રાગાદિ વશ કીધા. પણ કોઈ એમ કહે કે મેં મનને સાધ્યું, વશ કીધું, પણ એ વાત મોટી દુર્ગમ છે, ખોટી છે. અતિશયવંત કે શ્રુતજ્ઞાનીને તે પ્રમાણે હોય, પણ પોતાના માટે કરે તે ખોટું (૮)

**વિવેચન**—માટે જેણે પોતાના મનને કાબૂમાં આણ્યું, એકાગ્ર કર્યું, તેણે સર્વ વાતને સિદ્ધ કરી, સાધી લીધી છે, એમ હું સ્વીકારું છું. માણસ ગમે તેટલી ક્રિયા કરે, ઉનાળો

---

**પાઠાંતર**—'તેણે' સ્થાને એક પ્રતમાં 'તિણે' પાઠ છે. 'એહ વાત'ને સ્થાને પ્રતમાં 'એ કહેવત' પાઠ છે. 'નહિ ખોટી' સ્થાને એક પ્રતવાળો 'નહિ ષોટી' લખે છે. 'એમ કહે' સ્થાને પ્રતવાળો 'અમુકે' લખે છે. 'માનું' સ્થાને 'માન્યું' પ્રતમાં છે. 'કહી વાત' સ્થાને પ્રતમાં 'કહેવત' લખે છે. (૮)

**શબ્દાર્થ**—મન = દિલ, ચિત્ત. સાધ્યું = કબજે આણ્યું, પોતાનું કર્યું. તેણે = તે માણસે, તે મનુષ્યે. સઘળું = સર્વ, બધાને. સાધ્યું = મેળવ્યું, કબજે કર્યું. એહ = એ, તે, પેલી વાત = વાર્તા, સામાન્ય ઉક્તિ. ખોટી = અસત્ય, ન માનવા લાયક, ન બનવા જોગ. એમ = એ પ્રમાણે, એમ કોઈ પણ દાવો કરે. કહે = સ્થાપન કરે, દાવો કરે. સાધ્યું = કબજે કર્યું, વશ કર્યું, હુકમ-તાબામાં આણ્યું. તે = એવો દાવો, એવું કથન. નવિ = નહીં. માનું = સ્વીકારી ન લઉં, કબૂલ ન કરું. એ = તે. કહી = કીધેલ, દાવો કરેલ. વાત = વાર્તા, કથન, દાવો. મોટી = મુશ્કેલ, દુઃખે કબૂલ કરાય તેવી. (૮)

સેવે કે કાયકલેશ સહન કરે અથવા તપસ્યા કે જાપ કરે, પણ જો મનને કાબૂમાં લે તો સર્વ સાધના એની સફળ થાય છે. એકલા કાયાના કલેશની કાંઈ કિંમત નથી; એમ તો દ્રવ્ય-ક્રિયા કરવામાં ઢગલા થાય તેટલાં ઓઘા-મુહુપત્તિ કર્યાં પણ મન સાધ્યા વગર, મનને વશ કર્યા વગર તે કષ્ટક્રિયા તદ્દન નકામી ગઈ અને કાંઈ ફળ મળ્યું નહિ. આ વાત ખોટી નથી; એ સાચેસાચી વાત છે અને તેથી મનને વશ કરવાની વાત વધારે ચોક્કસ થાય છે. જે પ્રાણીએ મનને કાબૂમાં લઈ વશ કર્યું તેની સર્વ ક્રિયા સફળ થાય છે, એ વાતમાં સત્ય છે, પણ મનને વશ રાખવું અને એના ઉપર કાબૂ ચલાવવો તે ઘણી મુશ્કેલ વાત છે. પણ મનને કાબૂ વગરનું રાખવું અને કાયક્રિયાના ફળની અપેક્ષા રાખવી એ બે વાત બને તેમ નથી, કારણ કે તે પરસ્પર વિરોધવાળી વાત છે. હું કબૂલ કરું છું કે જેનું મન કબજે થયું તેણે સર્વ વાતને સિદ્ધ કરી લીધી. પણ કોઈ માણસ કહે કે 'પોતે પોતાના મનને કાબૂમાં આણ્યું' તો તે વાત હું સ્વીકારતો નથી. મને એમ લાગે છે કે એવો દાવો ન ચાલે તેવો અને ખોટો છે. એનું કારણ એ છે કે મનને સાધવું એ કાંઈક મોટી વાત છે અને મોટી વાતનો જેનો તેનો દાવો સ્વીકારવા હું તૈયાર નથી. મોટી વાત તો મોટા માણસને જ શોભે; નાના મોઢાને ન શોભે. આવી રીતે અનેક દાવાઓને પતાવી દઈ હવે એ પોતાને અંગે પ્રભુને વિનતિ કરે છે, તે ખાસ વિચારવા લાયક છે. (૮)

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ! માહરું આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ૦ ૯

**અર્થ**—આવા પ્રકારે દુઃખે કરીને કાબૂમાં લાવી શકાય એવા મનને તમે વશ કર્યું છે એ મૂળ સૂત્રથી હું સ્વીકારું છું, પણ હે આનંદના સમૂહ! જો મારું મન કાબૂમાં લાવો તો જ હું એ વાતને સત્ય તરીકે સ્વીકારું. (૯)

**ટબો**—મન તે દુરારાધ્ય—દુઃસાધ્ય છે–વશ આણવાને; તે પણ અગમથી મતિ આણું.

**પાઠાંતર**—'દુરારાધ્ય' સ્થાને પ્રતમાં 'દુરાસદ' પાઠ છે. 'તેં' સ્થાને 'તે' પાઠ પ્રતમાં છે. 'વશ' સ્થાને પ્રથમ પાદમાં 'વસિ' પાઠ છે, 'આણ્યું' સ્થાને પ્રતમાં પ્રથમ પાદમાં 'આણું' પાઠ છે. 'માહરું' સ્થાને પ્રતવાળો 'માહરો' લખે છે; બીજી પ્રતમાં પણ એ જ પાઠ છે. 'તો' સ્થાને છેલ્લા પાદમાં 'તે' પાઠ છે. 'સાચું' સ્થાને પ્રતમાં 'સાચૌ' લખે છે. 'કરી' સ્થાને પ્રતમાં 'કરિ' પાઠ છે. 'જાણું' સ્થાને પ્રતમાં 'જાંણું' પાઠ લખે છે. (૯)

**શબ્દાર્થ**—મનડું = ચિત્ત, દિલ. દુરારાધ્ય = પ્રયત્ને જીતી શકાય તેવું. તેં = આપે, આપશ્રીએ, તમે. વશ = કાબૂમાં લીધેલ છે, તાબે કરેલ. આણ્યું = કર્યું, તાબે કર્યું. આગમથી = ધર્મસિદ્ધાંતથી, તમે બતાવેલ શાસ્ત્રગ્રંથોથી. મતિ = બુદ્ધિ, નિર્ણય, કલ્પના. આણું = લાવું, સ્વીકારું. આનંદઘન = આનંદના સમૂહ, પ્રભુ. માહરું = મારું, મમ (મન). આણો = લાવો, કરો. તો = તે વિષયમાં, તે બાબતમાં, સાચું = ખરું, બરાબર, કરી = બનાવી, સમજી. જાણું = માનું, સ્વીકારું. (૯)

અરે આનંદઘન પ્રભુ ! હે પરમાત્મન ! હે વીતરાગ ! જો મારું મન વશ આણો તો તે સાચું કરી માનું. તું જ શરણુ છે. એટલે સત્તરમા કુંથુ જિનનું સ્તવન થયું. (૯)

**વિવેચન**—હે પ્રભુ ! તેં મહામુશ્કેલીએ મનને વશ કર્યું છે–આવી વિચારણા હું આગમને અનુસારે માનું છું. મન દુઃખે વશ થઈ શકે તેવું છે તે આપણે ઉપર જોઈ ગયા. આવા મહામુસીબતે વશ થાય તેવા મનને પણ તેં (પ્રભુએ) પોતાના કાબૂમાં લીધું હતું એ આગમ વાંચીને કે સાંભળીને મારી બુદ્ધિનો વિષય બનાવું છું. મન કેટલું મુશ્કેલીએ આરાધ્ય છે તે ઉપર જણાવાઈ ગયું છે. આગમની વાત ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ, તે બીજી વાત કરવામાં આવી. મૂળ સિદ્ધાંતમાં કહેલી વાતને સ્વીકારે તે સમકિતી હોવો જોઈએ. બધી મૂળ વાતને સ્વીકારી ચાલવાનું આપણું વલણ હોવું જોઈએ શુદ્ધ શ્રદ્ધાવાનનું એ લક્ષણ છે. આગમો વાંચવા–સાંભળવા ઉપરથી હું એટલું માનવા–સ્વીકારવા તૈયાર છું કે તેં તો તારા મનને બરાબર કાબૂમાં આણ્યું, મારો આ નિર્ણય મારા આગમ તરફના માનને અંગે છે. મારા દિલમાં હે પ્રભુ ! આપનું ચરિત્ર સાંભળતાં લાગે છે કે આપે આવા આકરા મનને પણ કાબૂમાં લીધેલ જ એ વાત ખરી છે, હું તે સાચી માનું છું પણ મનને કાબૂમાં લેવાની જરૂર છે અને આપે મનને કબજામાં લીધેલ હતું તે વાતને હે આનંદના સમૂહ ! હે પ્રભુ ! જો આપ મારું મન કાબૂમાં આણી દો અને મારે વશ બનાવી દો, તો હું સાચું માનું. આપ તો એવી અચિંત્ય શક્તિના ધારનારા છો કે આપ જે ધારશો તે કરી શકશો. તો પછી આપ મારા મનને કાબૂમાં લાવી દો એટલે પ્રત્યક્ષ પ્રમાણથી હું સાચું માની લઉં કે પ્રભુનું મન પણ વશ થયું હતું.

આ એક માગણી કરવાની રીત છે. જો પોતાનું મન વશ થાય તો પ્રભુએ તેમનું પોતાનું મન વશ કર્યું હતું, એ વાતને આ પ્રાણી સાચી માને ! મતલબ, મારું પોતાનું મન કાબૂમાં લઈ આવો એ મારી આપને વિજ્ઞપ્તિ છે. આપની વાત પ્રત્યક્ષ પ્રમાણથી હું પછી જરૂર માની લઈશ અને આપ તો આનંદના ઘન છો, આનંદમય છો, તો આટલું મારું કામ જરૂર કરી આપશો એટલી આપ પ્રત્યે મારી વિનતિ છે. અનુમાન કે શબ્દપ્રમાણને બદલે આ પ્રત્યક્ષ પ્રમાણની વાત વધારે યોગ્ય થશે અને મારું કામ થશે. આવી રીતે બેવડો લાભ થશે અને મને ખાતરી થઈ જશે કે પ્રભુ પણ એ જ કોટિમાં છે. માટે હે પ્રભુ ! મારું મન વશ આણો, એ કાબૂમાં રહે તેમ કરો અને મને ખાતરી આપો કે આપે પણ દુરારાધ્ય મનને વશ આણ્યું હતું. (૯)

## ઉપસંહાર

આવી રીતે મનને વશ કરવા સંબંધી આ ઘણું મહત્ત્વનું સ્તવન પૂર્ણ થયું. તેમાં આનંદઘનજી ઘણી અગત્યની વાત કરે છે. તે મનનું વર્ણન કરતાં એને ગમે ત્યાં રખડતું અને આકાશ–પાતાળને એક કરતું બતાવે છે. ઘડીકમાં અહીં જાય અને પાછું તુરતમાં ત્યાં જાય,

આવા વિચિત્ર મનને પોતાના કાબૂમાં રાખવું અને પ્રભુ–ભગવાનમાં એને લગાડી એકાગ્ર કરવું, તેવી સ્થિતિ કરી દેવા પ્રભુને વિજ્ઞપ્તિ કરવી એ આ સ્તવનનો ભાવ છે. અને જ્યારે આપણે મનને બરાબર અભ્યાસીએ છીએ ત્યારે જણાય છે કે એને કાબૂમાં રાખવું એ ઘણી મુશ્કેલ વાત છે. મનનાં કામો બરબર વિચારીએ છીએ ત્યારે જણાય છે કે એ તો જરા જરામાં પણ આકાશ ને પાતાળ એક કરી નાખે. અને નવરા પડીએ કે જરા એકાંત સાધીએ ત્યારે તો એ વધારે જોર કરી જ્યાં ત્યાં રખડવા ચાલ્યું જાય છે અને આપણો સરસ વખત બગાડી નાખે છે. સામાયિક-પૂજામાં પણ એની ચપળતા એટલી બધી છે કે એ સમતાભાવે આરામ લેતું નથી, પણ અતિ ચપળ થઈને દૂર દેશમાં જાય-આવે છે અને તેટલા માટે 'સસરા ઢેઢવાડે ગયા' એમ વહુ પાસે સામાયિક કરતા શ્વશુર માટે બોલાવે છે. મનની એક બીજી ખાસિયત છે કે અમુક વિચાર મનમાં ન કરવો એવો આપણે નિશ્ચય કરીએ ત્યારે તો તે વિચાર બેવડા જોરથી આવે છે. દાખલા તરીકે આપણે કૂતરા સંબંધી આજે કાંઈ વિચાર કરવો નથી કે અમુક માણસને યાદ જ કરવો નથી, એમ નિશ્ચય કરીએ ત્યારે તે કૂતરા અને અમુક માણસ તો બરાબર સાંભરે જ. અમુક કામ ન કરવા વિચાર કરીએ તે કામ ખૂબ વખત યાદ આવી આપણા નિશ્ચયને છિન્નભિન્ન કરી નાખે છે. આવું મન હોવાથી એને એક ઠેકાણે પ્રભુમાં એકાગ્ર કરવું એ ભારે મુશ્કેલ કામ છે. એ તો હજારો જાતનાં છટકાંઓ શોધશે અને ન યાદ રાખવા જેવી વાતને ફરી ફરીને આપણી યાદદાસ્ત પર લાવશે. આવા મનને વશ કરવા, એકાગ્ર કરવા શું કરવું તે સમજાતું નથી. અને મનને જેમ જેમ સમજાવવામાં આવે છે તેમ તેમ તે વધારે ચપળ બનતું જાય છે. એટલા માટે મનને એકાગ્ર કરવાને વાસ્તે અંતે પ્રભુને વિનંતિ કરવામાં આવે છે.

જ્યારે પોતાનું કંઈ ન ચાલે ત્યારે અંતે પ્રભુનો આશ્રય લેવો પડે છે. પ્રાણી જાણે છે કે પ્રભુ તો શુભ નિમિત્ત છે. એ કાંઈ કરવાના નથી અને એનાથી કાંઈ થઈ શકતું નથી, પણ ભગવાન કંઈ કરશે એવી આશામાં પ્રભુને તે વીનવે છે. વસ્તુસ્થિતિ એ છે કે પ્રભુ તો જાતે નિરંજન નિરાકાર છે એ કદી અવતાર લેતા નથી અને આપણી પાસે આવતા નથી. માટે સર્વ વિજ્ઞપ્તિ એક રીતે નિષ્ફળ છે. પણ પોતે જ જો સર્વ પૌદ્‌ગલિક સંગનો ત્યાગ કરી પોતાનું આત્મતત્ત્વ વિચારે તો આ અનંતશક્તિવાળો આત્મા પોતાની ધારણામાં સફળ થાય છે અને તે સ્થિતિ પોતે જ લાવી શકે છે. માત્ર પોતાના આત્માને તે વસ્તુને ક્ષમ કરવો જોઈએ અને ધ્યાનધારાએ વધવું જોઈએ. આવો ઉપાય પોતાની પાસે હોવા છતાં એ પોતાનું મન વશ કરવા પ્રભુને વિનંતિ કરે છે એ ભક્તિની દૃષ્ટિએ ઠીક છે, પણ વસ્તુતઃ તો પોતે જ જાતે ક્રમસર આગળ વધવું જોઈએ. મન આવું છે એ સમજી તેને વશ કરવા પ્રયત્ન કરવો અને મનને બરાબર ઓળખવું, એ આખા સ્તવનનો ભાવાર્થ છે. એને સમજી જે એને એકાગ્ર કરવા પ્રયત્ન કરશે તે આ ભવ પરભવમાં સુખી થશે અને અંતે અજરામર સ્થાનકે પહોંચશે. માટે મનને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરવો અને બહારના કોઈ કરી આપશે એ આશામાં પડી રહેવું નહિ.

આ કુંથુનાથ ભગવાન, જેમને અત્ર વિનતિ કરવામાં આવી છે, તેઓનું નામ કુંથુનાથ પાડવાનું કારણ એમ બન્યું કે ભગવાન જન્મ્યા પછી કંથુઆ વગેરે જીવોની જયણા દેશમાં પ્રવર્તી : એવો ભગવાનનો પ્રભાવ હતો. અથવા બીજું કારણ એમ કહેવાય છે કે 'કુ' એટલે પૃથ્વી, તેમાં સ્થિત એટલે ભગવાન ગર્ભમાં આવ્યા પછી તેમની માતાએ રત્નમય રાશિ પૃથ્વીમાં જોયો. આ કુંથુનાથ ભગવાન એ જ ભવમાં ચક્રવર્તી થયા હતા. આવા મોટા આખા ભારતદેશના મહાન સમ્રાટ અંતે દીક્ષિત થયા અને આખું રાજપાટ સોંપી દીધું. તેમનું નગર હસ્તિનાપુર, તેમના પિતાનું નામ શૂર રાજા, માતાનું નામ શ્રીમતી રાણી અને તેમની શરીરયષ્ટિ પાંત્રીશ ધનુષ્યની હતી. આવા પ્રભુ તમારી સર્વ વાંછના પૂર્ણ કરો અને મનને એકાગ્ર કરવાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરાવો. (૧૭)

ફેબ્રુઆરી : ૧૯૫૦ ]

૧૮

# શ્રી અરનાથ જિન સ્તવન

## ધર્મ

**સંબંધ**—મન જ્યાં ત્યાં રખડ્યાં જ કરે છે. તેને ઠેકાણે લઈ આવી એક ઠેકાણે એકાગ્ર કરવાની જરૂર છે. હવે આ જીવને વિચાર થાય છે કે દુનિયા 'ધર્મ ધર્મ' કરે છે અને દોડાદોડ કરે છે. એક મંદિરેથી બીજે મંદિરે દોડતો જાય છે, તીર્થમાં જાય છે, 'જય જય' કર્યા કરે છે, અને જ્યાં ત્યાં ધર્મને શોધે છે. તો દુર્ગતિમાં પડતાં ધારી રાખે–પકડી રાખે–તેવો ખરો ધર્મ કયો, એમ પ્રભુ અરનાથને સવાલ કરે છે. ધર્મની બાબતમાં એટલી બધી અચોક્કસ સ્થિતિ છે કે એમાં ધર્મ કોને કહેવો અને કોને ન કહેવો તે સમજ પડતી નથી. આવા સવાલનો જવાબ આપી પ્રભુ ધર્મને સમજાવે છે. આ સંબંધી ઘણા મહત્ત્વના વિચારો પ્રભુએ બતાવ્યા છે. વાત એ છે કે ઉપમિતિભવપ્રપંચા કથાના આઠમા ભાગને અંતે સાચા વૈદ્યની વાર્તા કહી છે એ સાચા વૈદ્યના કહેવા પ્રમાણે જેમણે વર્તન કર્યું, તેના સર્વ વ્યાધિઓ ગયા તેમ એક દેવ અને એક મોક્ષમાં માની કેટલાય માણસોએ પોતાનું કામ સાધ્યું છે અને નિરંતરને માટે વ્યાધિઓથી મુકાયા છે. આ આખી કથા અને તેનો ઉપનય સમજવા યોગ્ય છે. તે ઉપમિતિ-ભવપ્રપંચા કથા ભાગ ત્રીજાના પ્રસ્તાવ આઠમાં, પૃ. ૨૦૪૩ થી પૃ. ૨૦૬૩ સુધીમાં, છપાઈ ગયેલ છે. આ દર્શનની કેટલી વ્યાપકતા છે તે એ વિભાગ વાંચવાથી સમજાશે. અત્ર સ્થળ સંકોચથી વૈદ્યકથા અને તેનો ઉપનય રજૂ કર્યો નથી, પણ તે જૈનની વિશાળતા બતાવે છે અને એક નવીન પદ્ધતિએ–આ જમાનાના પુરુષોને બહુ મહત્ત્વની લાગે તેવી રીતે–લખાયલી હકીકત છે; અને તે સારી રીતે સમજણ–વિચારણા માગે છે. કોઈ પણ શાસ્ત્રકારે અને ખાસ કરીને પુરાણા કાળમાં *આવી વિશાળતાપૂર્વક સમજણ કરી હોય તેવું જોવામાં આવતું નથી, તેથી* આ વાત સમજવા યોગ્ય છે. આવા વિશાળ દર્શનને આ સ્તવનમાં સ્પષ્ટ કર્યું છે.

કોઈની સાથે વિરોધ નથી એમ બતાવી પરમતસહિષ્ણુતાના પાઠ શીખવવામાં આવ્યા છે; અને અહિંસા અને સત્યને આગળ કરી શાસ્ત્રનું રહસ્ય કહેવામાં આવ્યું છે. એમાં સંહિતાની વાત કરેલ છે, તે સંહિતા એટલે સમુચ્ચય કે સંયોગ સમજવો. પદ કે લખાણના સંગ્રહને **સંહિતા** કહેવામાં આવે છે. તેમાં જ્યાં જ્યાં જૈન મતને અનુકૂળ વાત હોય તે જૈન મતનાં શુદ્ધ બિંદુઓ છે અને તેટલે અંશે તે અનુસરણીય છે. આવી પરમતસહિષ્ણુતા તમે અન્યત્ર ક્વચિત્ જ જોશો. અને પોતાનો ધર્મ–મત ટૂંકામાં સમજાવવો અને તેને થોડી ગાથામાં લઈ મૂકવો અને લોકો સમજે તેવી ભાષામાં તેની હકીકત રજૂ કરવી એ અત્યંત મુશ્કેલ કામ

છે. નકામી વાતો કરનારા અને ટાયલાં કરનારા તો અનેક માણસો હોય છે, પણ મુદ્દામ થોડી ગાથામાં આવી અગત્યની વાત સમજાવનારા બહુ થોડા હોય છે તે આપણે સ્તવનની આખરે જોઈશું. રહસ્યને આટલા ટૂંકા સ્તવનમાં સમજાવવું તે અત્યંત મુશ્કેલ કામ છે, તે આનંદઘનજીએ સફળતાથી કરી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે તે આપણે નીચે જોઈશું. આખું સ્તવન રહસ્યમય છે અને ખૂબ લક્ષ્યપૂર્વક સમજવા યોગ્ય છે. તમે તેને ખૂબ લક્ષ્યપૂર્વક સમજવા યત્ન કરજો એવી ભલામણ કરવામાં આવે છે. આ સ્તવન ખાસ રહસ્યભૂત હોવાથી ખાસ વિચારણા માગે છે અને ઘોળી ઘોળીને પચાવવા યોગ્ય છે.

**સ્તવન**

( રાગ પરજીઓ મારું : ઋષભવંશ રયણાયરો–એ દેશી.)
( એક પ્રતમાં ઋષભનો વંશ રયણાયરો–એ દેશી એમ લખેલ છે.)

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધરમ૦ ૧

**અર્થ**—ભગવાન પ્રભુ શ્રી અરનાથનો ધર્મ ઉત્કૃષ્ટો છે, બહુ જ સરસ છે, તેને હે ભગવાન ! હું કયા પ્રકારે, કઈ રીતે જાણું ? તે માટે આપ પોતાનો ધર્મ અને પારકો ધર્મ અથવા બીજો ધર્મ મને ખુલાસાપૂર્વક જણાવો. આપ તો અણિમા–મહિમા વગેરે યોગસિદ્ધિવાળા છો અને આપ પોતે મોટા ત્યાગી છો ! આપને ઉદ્દેશીને હે સાધુપુરુષ ! આપ મારા પર કૃપા કરી એ બન્ને વાત સમજાવો. (૧)

**ટબો**—આ સ્તવન પર જ્ઞાનવિમળસૂરિનો ટબો ભાષાને વર્તમાન બનાવી નીચે પ્રમાણે આપ્યો છે. એ શ્રી કુંથુ જિનના સ્તવનને વિષે મન વશ કરવું તે દુર્ગમ કહ્યું તે મન વશ કરવાનો ધર્મ એક હેતુ છે, તે ધર્મસ્વરૂપે પ્રભુને–શ્રી અરનાથ જિનને–સ્તવે છે–કહે છે : ભવજલને આરે–પરતીરે પહોંચાવે તે શ્રી અરનાથ સ્વામીનો પરમ ઉત્કૃષ્ટ ધર્મ, તેને હે ભગવન્ ! કેમ કરી જાણું છું ? સ્વસમય–સ્યાદ્વાદ, પરસમય અપર કુદર્શન ગ્રહે કેમ સમજાવીએ તે પરમ ધર્મને, મોટા મહિમાવંત હે પ્રભુ ! અથવા સ્વસમય ! (૧)

---

**પાઠાંતર**—'સમય' સ્થાને એક પ્રતમાં 'સમયૈં' પાઠ છે. 'સમજાવીએ' સ્થાને પ્રતવાળો 'સમજાવઈ' પાઠ લખે છે. (૧)

**શબ્દાર્થ**—ધરમ = ધર્મ, પ્રાણીને દુર્ગતિએ પડતાં જે ધરી રાખે તે ધર્મ. પરમ = સુંદર, સારો, સર્વથી સરસ અરનાથનો = અરનાથ નામના અઢારમા પ્રભુ. કિમ = કેમ, કઈ રીતે, કયા પ્રકારે, શે પ્રકારે. જાણું = સમજી શકું, ગળે ઉતારું, આત્મામાં લઉં. ભગવંત = નાથ, પ્રભુ, પરમાત્મા. સ્વસમય = આપનો સ્યાદ્વાદ સમય, આપે સ્વીકારેલો ધર્મ, પરસમય = અન્યે સ્વીકારેલો ધર્મ, અન્યપર લોકોનો–પારકાનો ધર્મ. સમજાવીએ = ખુલાસાપૂર્વક વર્ણવીએ, સંક્ષેપમાં કહીએ. મહિમાવંત = હે પ્રતાપવાન, યશવાન ! મહિમા સિદ્ધિવાળા ! મોટું સ્વરૂપ યોગની સિદ્ધિવાળા. મહંત = મોટા સાધુ, મહાધિકારી, માણસ ! ( સંબોધન ) (૧)

**વિવેચન**—અરનાથ ભગવાનનો ઉત્કૃષ્ટ ધર્મ શો છે તે હે મોટા ભગવાન! આપ મને સમજાવો. આપનો પોતાનો ધર્મ શો છે અને પારકાનો ધર્મ શો છે, તે મને આપ કૃપા કરીને કહો. આ સવાલના જવાબમાં ઘણા સંક્ષેપથી પોતાના અને પારકાના ધર્મનો સાર શો છે તે કહે છે. અહીં પ્રાણી પોતાની અજાણ દશા બતાવે છે. તે કહે છે કે હું તો સંસારમાં ફસાઈ ગયેલો છું અને ધર્મનું રહસ્ય શું હશે તે હું કાંઈ જાણી શકતો નથી, તો આપ મને સમજાવો કે આપનો પોતાનો ધર્મ શો છે અને પરધર્મ શો છે? જ્ઞાન પ્રાપ્ત કરવાને અંગે સવાલ પૂછીને તેના જવાબ મેળવવાની રીતિ બહુ પ્રચલિત છે. ભગવતીસૂત્રમાં જાણે ભગવાનને ગૌતમસ્વામીએ સવાલો પૂછ્યા હોય અને ભગવાને તેના જવાબો આપ્યા હોય તે રીતે લગભગ છત્રીશ હજાર સવાલ-જવાબો આપ્યા છે. જૈનની આ જ્ઞાન મેળવવાની રીતિ સુપ્રસિદ્ધ છે. આનંદઘને પણ એ પદ્ધતિ સ્વીકારી છે.

આપ પોતે મહિમાવાળા મોટા માણસ છો તેથી કૃપા કરીને આપ સ્વ અને પરસમયને સુઠામ રીતે બતાવશો અને આ સેવકનું આટલું કામ જરૂર કરી આપશો. આપના પ્રતાપની તો હે મહંત પુરુષ! વાત શી કરવી? જે દેવાધિદેવ ઇંદ્રને કે ચક્રવર્તીને પૂજિત છે તે બધી રીતે મોટા છે એ વાત હું જાણું છું. મનને વશ કરવાની વાત પછી સ્વસમય અને પર-સમયનો સવાલ ઊઠે તે તદ્દન સ્વાભાવિક છે. ભગવાન આ અગત્યના સવાલનો શો જવાબ આપશે, તે આગમી ગાથામાં આવશે. (૨)

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જે પડે, તે પર સમય નિવાસ રે. ધરમ૦ ૨

**અર્થ**—તેના જવાબમાં ભગવાન ઉત્તર આપે છે–'જ્યાં પવિત્ર આત્માનો અનુભવ થાય ત્યાં હમેશાં સ્વસમય-મારો ધર્મ છે અને તે ત્યાં મોજ કરે છે, એમ (તારે) સમજવું. અને જ્યાં વારતહેવારે કોઈ કોઈ વાર મોડી મોડી છાયા પડે, એનો આત્માનુભવ કોઈક જ વાર

**પાઠાંતર**—'શુદ્ધાતમ' સ્થાને પ્રતમાં 'સુધાતમ' પાઠ છે. 'પરબડી' સ્થાને પ્રતવાળો 'પરવડે' પાઠ લખે છે. 'જે' સ્થાને પ્રતમાં 'જિહાં' લખે છે; એક પ્રતમાં 'જિહં' પાઠ છે. 'પડે' સ્થાને પ્રતવાળો 'પડૈ' લખે છે. (૨)

**શબ્દાર્થ**—શુદ્ધ = પરમ પવિત્ર, એકલો, જેમાં માત્ર આત્માનુભવ થાય તે. આતમ અનુભવ = આત્માનો અનુભવ, જેમાં એકલી આત્માના અનુભવની વાત કહેલી હોય તે. સદા = સર્વદા, એકલી, માત્ર, સ્વસમય = પોતાનો સમય-ધર્મ; સ્વસમય-મારા ધર્મનું એ લક્ષણ છે. એહ = તે જ, તે એકલી. વિલાસ = મોજ, ક્રીડા, આનંદ. પરબડી = ડુંગરની, કોઈક વારે આવે તેવી, મોડી મોડી કોઈ વાર થાય તેવી. છાંહડી = છાયા, ઓળો, કોઈ વાર અને મોડી મોડી આવે તે. જે = જે કોઈ, કોઈ કોઈ વાર આવી ચઢે. પડે = ઓચિંતી આવી પડે, કોઈ કોઈ વારે થાય, મોડી મોડી થાય. તે = ત્યાં, તેવી જગાએ. પરસમય = પારકાના ધર્મનો, પોતા સિવાયના ધર્મનો. નિવાસ = સ્થાન છે, ત્યાં પરધર્મ રહે છે એમ જાણવું. (૨)

થાય તે પરસમય-મારા સિવાયનો ધર્મ-છે. (એમ તારે સમજવું); ત્યાં પરસમય (તારે જાણવું). (૨)

**ટબો**—શુદ્ધ નિરુપાધિક જે આત્માનો સ્વભાવ, સદા-નિરંતર એહી જ સ્વસમય-જૈન આગમ તે જ; વિલાસ-લીલા છે. પર કહેતાં પુદ્ગળની વડાઈની છાંહડી-છાયા તથા પરબડિ કહેતાં સ્વ ઇચ્છા જ્યાં પડે તે જ પરસમયનો વિલાસ, એટલે જે ઇચ્છાચારી અશુદ્ધ અનુભવ તે જ પરસમય. (૨)

**વિવેચન**—અહીં ભગવાન પોતે જવાબ આપે છે. આ જવાબ ઘણો જ ટૂંકો છે. આખા શાસ્ત્રનું એ રહસ્ય બતાવે છે : આવો એ મહત્ત્વનો જવાબ છે. વિશુદ્ધ આત્માનો-કર્મ મેલથી રહિત આત્માનો-જ્યાં અનુભવ થતો હોય, જેમાં આત્માનુભવની વાતો કરેલ હોય, ત્યાં સ્વસમય છે, એમ તારે સમજવું, આત્મિક દશા મોક્ષમાં કેવી હોય એટલે આત્મા મોક્ષમાં એની અસલ સ્થિતિએ કેવો વર્તે છે, એનો અનુભવ કરવાની જે વાતો હોય તે સર્વ સ્વસમયની વાત છે. એટલે આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી હોવાથી એના અનુભવની વાત હોય. આત્માની જુદી જુદી દશાઓ કેવી વર્તતી હોય છે અને મૂળ સ્વભાવે એ કેવો વર્તતો હોય છે એ ઉન્નતગામી ઊર્ધ્વ વાતો સર્વ સ્વસમયની છે. આત્માનુભવ એની મૂળ વિશુદ્ધ અવસ્થામાં કેવો થાય, તેનું જ્યાં જ્યાં વર્ણન કરવામાં આવેલ હોય ત્યાં પોતાના સમયની વાત છે એમ જાણવું. શુદ્ધ નિર્મળ આત્માના સંબંધી સર્વ વાતો સ્વસમયમાં આવે છે. આત્મા એની કર્મમલરહિત દશામાં કેવો નિર્મળ હોય, એ કેમ વર્તે, એ સંબંધી થયેલ અનુભવની વાત જ્યાં હોય ત્યાં સ્વસમય -જૈનધર્મ છે એમ તારે જાણવું.

આત્માનો સ્વભાવ ઊર્ધ્વગામી છે અને પુદ્ગળનો સ્વભાવ અધોગામી છે. જ્યાં આત્માના મૂળ ગુણનો અનુભવ થતો હોય, તેવી વાતો જૈનધર્મમાં છે. આ જૈનધર્મના તત્ત્વજ્ઞાનની ચાવી સમાન વાત છે અને બરાબર સમજવા યોગ્ય છે. તમે જસવિલાસ, જ્ઞાનવિલાસ કે વિનય-વિલસ જોશો તો તેમાં આત્માના નિર્મળ ગુણની વાત કરેલ જોશો. આત્મા નિર્મળ હોય ત્યારે કેવો હોય અને શું કરે તેની વાતો એ સ્વસમયની વાત છે. આ 'વિલાસ' શબ્દ બહુ સમજવા યોગ્ય છે. 'ખેલ' અથવા 'ક્રીડા' એનો પર્યાય છે. માણસ આનંદ કરે ત્યાં પણ આવા પ્રકારનો આત્માનુભવ કરે અને એમાં મોજ માણે. આવો વિલાસ વિનયવિલાસ, જસવિલાસ કે જ્ઞાન-વિલાસમાં તમે જોશો. આનંદઘનજીનાં પદોમાં અને અનેક સ્તવન-સજ્ઝાયો (સ્વાધ્યાય)માં એ જ વાત છે.

અને પરબના દિવસે, વાર-તહેવારે, કોઈ કોઈ વાર છાંયડીની જેમ જે આવી ચઢે તે પારકાના શાસ્ત્રનું નિવાસસ્થાન-રહેવાની જગ્યા છે એમ તમારે જાણવું. એટલે, કોઈ કોઈ વાર એવી છાયા આવે, ઘણી વાત તો બીજી-ત્રીજી હોય, પણ જ્યારે આત્માનુભવની કથા કોઈ વાર જ આવતી હોય તો તે પરસમયસ્થાન છે એમ વિચારણામાં લેવું. પરસમય-કે પારકાના

ધર્મમાં આત્માનુભવની વાતો કોઈ કોઈ વાર જ હોય છે, એમાં પૌદ્‌ગલિક ભાવની વાતો વધારે હોય છે : આવું જે શાસ્ત્રલક્ષણ હોય તે પરસમય છે એમ તમારે સમજવું. સ્વસમયમાં આત્માનુભવની વાત હોય છે અને પરસમયમાં પૌદ્‌ગલિક વાત હોય છે : સમયને ઓળખવાની ચાવી આવી રીતે સંક્ષેપમાં બતાવી. 'પરબડી' એ 'વારપરબ' પરથી આવેલ શબ્દ છે. એનો અર્થ કોઈ 'વાર તહેવાર' એમ થાય છે. એટલે કોઈ કોઈ વાર છાયા માત્ર આત્માનુભવની વાતો આવે તે પરસમયની વાતો છે એમ સમજવું. અન્ય સર્વ શાસ્ત્રોમાં આત્માનુભવ, વૈદ્યકથાનકની પેઠે કોઈ કોઈ વાર જ જોવામાં આવે છે. બૃહસ્પતિ જેવા પરલોકને માને નહિ, તેનામાં આત્માનુભવની વાતો ન હોય તે પણ પરસમય છે; અને કોઈ કોઈ વાર જરા આત્માનુભવ થાય તે પણ પરસમય છે, એમ તારે સમજવું.

જ્ઞાનવિમળસૂરિ તો 'પર' એટલે 'પુદ્‌ગળ' અને 'બડી' એટલે 'કથન' એવો અર્થ કરી જ્યાં પૌદ્‌ગલિક વિષયોની ચર્ચા હોય એટલે જેનામાં પૌદ્‌ગલિક વાતો જ હોય તેને પરસમય કહે છે. તે અર્થ પણ વિચારવા જેવો છે. પર એટલે બીજાની–પુદ્‌ગળની વાતો : આ પ્રમાણે અર્થ પણ શકય છે; પણ મૂળમાં જે અર્થ આપ્યો છે તે ઉપર જણાવ્યો છે, તે પ્રમાણે અર્થ કરવો મને વધારે ઠીક લાગે છે. અમુક વાતનો નિષેધ નહિ, પણ, વૈદ્યકથાનકની પેઠે, કોઈ કોઈ વાર છૂટીછવાઈ છાયા આવી જાય તે પરસમયને ઓળખવાની રીત છે, એ વાત અહીં બતાવી. અમુક તત્ત્વજ્ઞાન સ્વસમય કે અપર છે તે જાણવાની આ વાત કહી તે નયના જ્ઞાનની ખૂબ વિચારણા માગે છે, અને સારી રીતે સમજવા યોગ્ય ચાવી પૂરી પાડે છે. એ જ વાતને વિસ્તારથી આગળ કહેવામાં આવશે. (૨)

> તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
> દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ૦ ૩

**પાઠાંતર**—'નક્ષત્ર' સ્થાને બન્ને પ્રતમાં 'નખ્યત્ર' લખ્યું છે. 'દિનેશ'ને બદલે એક પ્રતવાળો 'દિનાસ' લખે છે. 'મોઝાર' સ્થાને પ્રતવાળો 'મઝારિ' લખે છે; એક પ્રતમાં 'માઝારિ' છે. 'ચરણ થકી' સ્થાને 'ચરણ તણી' લખ્યું છે. 'શક્તિ' સ્થાને પ્રતવાળો 'શક્તિ' લખે છે. 'નિજાતમ' સ્થાને બન્ને પ્રતમાં 'ન જાતિમ' પાઠ છે. 'ધાર રે' સ્થાને 'મઝારિ' પાઠ છે; તેનો અર્થ 'તેમાં' એમ થાય છે. બીજી પ્રતમાં 'સારીસે' લખ્યું છે.

**શબ્દાર્થ**—તારા = આકાશમાં અનેક તારાઓ છે, આપણે રાત્રે તેને દેખીએ છીએ, તેઓ ઝળઝળાટ પ્રકાશ કરે છે. નક્ષત્ર = કૃત્તિકા, રોહિણી વગેરે અનેક નક્ષત્રો રાતે ઝળકે છે. ગ્રહ = બુધ, ગુરુ, શુક્ર વગેરે ગ્રહો આકાશમાં રાતે ઝળકે છે. ચંદ = ચાંદો આકાશમાં શુદ્ધ પક્ષમાં પ્રકાશે છે. જ્યોતિ = તેજ, પ્રકાશ, ઝળઝળાટ. દિનેશ = સૂર્ય; એ સર્વની જ્યોત સૂર્યમાં છે, સૂર્ય પાસે તે ઝાંખાઝબ લાગે છે તેમ. દરસન = દર્શન, સામાન્ય જ્ઞાન, વિશેષ વિગતો વગરનું જાણવાપણું. જ્ઞાન = વિશેષ જાણવાપણું, વિગતવાર સમજણ. ચરણ = ચારિત્ર, ચર્યા. થકી = થી, લીધે, તેનાથી થયેલી. શક્તિ = બળ. નિજાતમ = નિજ આત્માની, પોતાના આત્માની. ધાર = સમજ, ગણી લે. (૩)

**અર્થ**—આકાશમાં (અનેક) તારાઓ છે તથા (કૃત્તિકા, રોહિણી આદિ) નક્ષત્રો છે તેમ, જ ગુરુ, શુક્ર વગેરે ગ્રહો છે તથા ચાંદો છે. તે સર્વની જ્યોતિ–સર્વનો પ્રકાશ–સૂર્યના પ્રકાશ પાસે કાંઈ નથી; એમાં સર્વ ઝળકાટનો સમાવેશ થઈ જાય છે. તેમ જ વિશેષતા વગરનું જાણ-પણું, વિશેષતાવાળી સમજણ અને ચર્યાની શક્તિ–બળ પોતાના આત્મામાં છે એમ તું જાણી-સમજી–વિચારી લે. (૩)

**ટબો**—તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્રમાની જ્યોતિ દિનેશ–સૂર્યમાં સમાણી, પણ સૂર્યતેજ નિજ જાતિ વિના ન રહે, તેમ દર્શન, જ્ઞાન, ચારિત્રની શક્તિ શુદ્ધાતમ અનુભવ સ્વસમયમાં, પણ અપર જ્યોતિ પરસમય, તેમાં ન માવે. (૩)

**વિવેચન**—તારાઓ, નક્ષત્રો, ગ્રહો અને ચંદ્ર—એ સર્વનું તેજ સૂર્ય આગળ ઝાંખું થઈ જાય છે. એક સૂર્યના પ્રકાશમાં તે સર્વનો પ્રકાશ સમાઈ જાય છે. ગ્રહો અને ચંદ્રનો પ્રકાશ સ્વતંત્ર નથી, પણ તેઓ સૂર્યના પ્રકાશને જોરે પ્રકાશે છે એમ આધુનિક વિજ્ઞાન કહે છે. પણ સ્તવન-કર્તાનો આશય એ છે કે એ તારા વગેરે સર્વનો પ્રકાશ સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે, સૂર્ય ઊગે ત્યારે તેનો પ્રકાશ દેખાતો નથી. આ અર્થ બરાબર છે. જ્ઞાનવિમળસૂરિ કહે છે કે તારા વગેરેનો પ્રકાશ સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે તે અર્થ મને વધારે બંધબેસતો લાગે છે. બાકી તો એને માટે જે શોધખોળ થવી જોઈએ તે હજુ થઈ નથી. એટલે એની વાત તો જ્ઞાનીગમ્ય જ રહેશે. કહેવાની વાત, દાખલા તરીકે, મને એમ લાગે છે કે સૂર્ય ઊગે ત્યારે તેના પ્રકાશ પાસે તારા, ચંદ્ર, ગ્રહો અને નક્ષત્રો એટલા બધા ઓછા ઝળકે છે કે તેનો પ્રકાશ સૂર્યના પ્રકાશ વખતે નકામો થઈ જાય છે; સૂર્યના પ્રકાશમાં સર્વ પ્રકાશનો સમાવેશ થઈ જાય છે. એ વાતને હવે આત્માનુભવ સાથે સરખાવે છે. તે દાખલાને કેવી રીતે લાગુ કરવો તે હવે આપણે જોઈએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેના અનેક પર્યાયો થાય છે. દર્શનથી નિરાકાર સામાન્ય જ્ઞાન થાય છે. માણસ છે કે ઢોર છે વગેરે વિગતો જ્ઞાનથી જાણે. ચારિત્રના સામાયિક ચારિત્રથી માંડી યથાખ્યાત ચારિત્ર સુધી અનેક પર્યાય જાણે. આ જ્ઞાન-દર્શનના અને ચારિત્રના અનેક પર્યાયો જાણે; પણ તે સર્વ એક આત્મિક દ્રવ્યને બતાવે છે, તેને ઉદ્દેશીને થાય છે. જેમ પર્યાયો અનેક છે, પણ આત્મિક દ્રવ્ય એક જ છે, તેમ અનેક તારા, નક્ષત્ર, ચંદ્રનું તેજ હોય, પણ સૂર્યના તેજ પાસે તે ઝાંખું થઈ જાય છે. આત્મા તો એક જ દ્રવ્ય છે, તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર અનેક પર્યાયો થાય, પણ તે આત્માને ઉદ્દેશીને થાય અને તે અંતે એ આત્મામાં સમજાઈ જાય છે.

આ સર્વ આત્માના ગુણો છે એમ હે પ્રાણી! તું ધાર–સમજ. આ સર્વ એક આત્મિક દ્રવ્યનાં પરિણામો છે તેમ તું જાણ. આત્મા ન હોય તો તેના પર્યાયો પણ ન હોય એમ સમજી એક આત્મિક દ્રવ્યની મહત્તા તું સમજ. એટલે આ સર્વ પર્યાયો આત્માના છે. એટલે સર્વ પ્રકારનાં તેજો—પછી તે તારાનાં હોય કે ચંદ્રનાં હોય, તે સર્વ—સૂર્યના તેજમાં સમાઈ જાય છે; તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રના અનેક જુદા જુદા પર્યાયો થાય, પણ તેનો સર્વનો સમાવેશ એક આત્માનુભવમાં થાય છે. પર્યાયો ગમે તેટલા થયા કરે, પણ તે મૂળ-દ્રવ્ય એક આત્માને

અંગે જ છે એમ તારે સમજવું. આત્મા દ્રવ્યે એક છે, પણ એના પર્યાયો અનંત છે. આ આત્માના અનંત પર્યાયો હોવા છતાં આત્માને એક જ દ્રવ્ય સમજવો એ ચાવી છે. આત્માને બરાબર ઓળખાય તો સર્વ વસ્તુ સહેલાઈથી સમજાઈ જાય છે. મતલબ, એ જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ આત્માના જ આવિર્ભાવો છે અને આત્મા એક જીવવાળું માત્ર દ્રવ્ય છે એમ સમજ. આ મુષ્ટિજ્ઞાન બહુ સુદામ છે. આ વાતને આવતી ગાથામાં પણ દાખલો આપી વધારે મક્કમ રીતે સમજાવશે. (૩)

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દિજીએ, એક જ કનક અભંગ રે. ધરમ૦ ૪

**અર્થ**—તોલમાં ભારે, રંગે (વર્ણે) પીળા હળદર જેવા અને ગુણે ચોંટી જાય તેવા સોનાનો એકથી વધારે જાતનો દેખાવ થાય છે, પણ એ પર્યાય (રૂપ–આવિર્ભાવ)ની નજરે ન જોઈએ તો સોનું એકલું અખંડ દેખાય છે. (૪)

**ટબો**—ભારી–ગુરો, પીલો તે પીતવર્ણો, ચીકણો–સ્નિગ્ધ—એ સર્વ અનેક તરંગ–વિલાસ કનકને વિષે એ સર્વ, પર્યાયદૃષ્ટિ; અને તેણે ન જોઈએ તે વારે કનક તે અભંગ દ્રવ્યાર્થ છે તેમ ઉપને કરે છે. (૪)

**વિવેચન**—એક સોનાનો દાખલો આપણે લઈએ. એના વિશેષ આકારમાં એ તોલમાં ભારે ધાતુ છે. કલઈ કે પારા જેવી ધાતુના કરતાં તે તોલમાં ભારે છે. એની specific gravity એટલે સ્પષ્ટ ગુરુતા સર્વ જાણીતી સાત ધાતુઓથી વધારે છે. આવી તોલમાં ભારે ધાતુને આપણે સોના તરીકે જાણીએ છીએ. એ એનો વિશેષ આકાર છે અને બધી જાણીતી ધાતુથી એને જુદું પાડે છે. અને એનો રંગ પીળો દેખાય છે. ચાંદી સફેદ કે લોઢું કાળું પણ સોનું રંગમાં પીળું હોય છે. આ સોનાની પીળાશ એ એને બીજી ધાતુઓથી જુદું પાડે છે. અને એ ગુણે કરીને ચીકાશદાર–સ્નિગ્ધ હોય છે. એના પરમાણુ એકબીજાને વધારે જોરથી લાગેલા હોય છે. સોનાને તમે જતરડે ચઢાવો તો તેના પરમાણુઓ એકબીજાને જોરથી વળગી રહેશે; તે તૂટી નહિ જાય, લાંબું લાંબું થયા જ કરશે. આ જાતનો ગુણ સોના ધાતુમાં સવિશેષ હોય છે અને સ્નિગ્ધતા–ચીકાશી ગુણ એને એ બધી ધાતુમાંથી જુદું પાડે છે. આવી રીતે સોનાની હીરાકંઠી, મોહનમાળા, કંદોરો : એવા એવા સોનાના અનેક પ્રકારો થાય છે, એ એનાં વિશેષણો છે.

**પાઠાંતર**—'પીળો' સ્થાને પ્રત 'પાલો' લખે છે. 'દિજીએ' સ્થાને પ્રતવાળો 'દિજિયે' લખે છે; બીજી પ્રતવાળો 'દીજીઈ' લખે છે. 'પર્યાયદૃષ્ટિ' સ્થાને પ્રતમાં 'પર્યયદૃષ્ટિ' છે, અર્થ એક જ છે. (૪)

**શબ્દાર્થ**—ભારી = તોલમાં ભારે, સર્વ ધાતુમાં સુવર્ણ ભારે હોય છે. પીળો = વર્ણે પીળો, રંગે હળદર જેવો. ચીકણો = ગુણે ચોંટી રહે તેવું. કનક = સુવર્ણ, સોનું. અનેક = બહુ, એકથી વધારે. તરંગ = જાતિનું, જુદા જુદા પ્રકારનું. પર્યાયદૃષ્ટિ = જુદા જુદા રૂપની અપેક્ષા. ન દિજિયે = ન આપીએ, ન કરીએ તો. એક જ = એકલું. કનક = સુવર્ણ, સોનું. અભંગ = અખંડ, માત્ર, એકલું, (૪)

એ એને માટેની પર્યાયદષ્ટિ છે. પર્યાયદષ્ટિએ સોનું બીજી ધાતુથી આવી રીતે જુદું પડે છે. અને સોના ધાતુ તરીકે પર્યાયદષ્ટિએ જાણીએ છીએ, બીજી ધાતુથી જુદું પાડીએ છીએ. પણ એ પર્યાયદષ્ટિ મૂકી જોઈએ તો એક અને અભંગ સોનું જ છે, એના કાંઈ ભેદ પડી શકતા નથી. સોનું ત્રણુ કાળમાં સોનું જ રહે છે, તેથી સોનામાં ભારેપણાની પીળાપણાની કે સ્નિગ્ધતા કે જુદાં જુદાં ઘરેણાંની કલ્પના કરવી તે પર્યાયદષ્ટિ છે. આટલા ઉપરથી શું સમજવું તે આવતી ગાથામાં કહેશે. આ દ્રવ્યદષ્ટિ અને પર્યાયદષ્ટિ બરાબર સમજવાની વ્યાખ્યા છે અને તે માટે ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ બનાવી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. એ જોવાથી દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવે છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયોને સ્પષ્ટ જુદા જુદા સમજવા તે જૈન તત્ત્વજ્ઞાન સમજવાની ચાવી છે; અને બહુ વિચારણાપૂર્વક ગોઠવાયલો એ જૈન તત્ત્વજ્ઞાનનો અગત્યનો વિષય છે. આ દાખલાની સમજણ આવતી ગાથામાં કરવામાં આવશે. (૪)

દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિરવિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ૦ ૫

**અર્થ**—તે પ્રમાણે સામાન્ય ઉપયોગે, વિશેષ ઉપયોગે અને ચારિત્ર દષ્ટિએ અલક્ષ્ય આત્માના અનેક આવિર્ભાવ નજરમાં આવે, છે, પણ ભેદ વગરનું તેનું ધ્યાન કરવામાં તો તે જાતે પવિત્ર છે, દોષ વગરનો છે અને એક જ માત્ર છે, તે આત્મા તે વખતે અભેદપણે દેખાય છે. (૫)

**ટબો**—તેમ આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રપર્યાયે અલખ સ્વરૂપ : લખ્યો–કલ્પ્યો ન જાય એવો છે, અનેકભેદી છે. પર્યાય દ્રવ્યે જ્યાં રહે નિર્વિકલ્પ નિરુપાધિક રસે પીજીએ. અત્યંત સાદરે, પણ આત્મસ્વરૂપ ગવેષીએ તે વારે શુદ્ધ નિરંજન દ્રવ્યાર્થે એક છે. (૫)

**વિવેચન**—તે જ દાખલા પ્રમાણે-જેમ સોનાના અનેક તરંગ થાય છે તેમ-દર્શનથી, જ્ઞાનથી અને ચારિત્રથી આત્માના–અલક્ષ્યના અનેક તરંગો–પર્યાયો થાય છે. સામાન્ય ઉપયોગે તે જાતિઓને જુએ છે, તેનામાં તે તન્મય થઈ જાય છે, અને તે તેનું દર્શન બને છે. તેમાં તે માણસોને, જનાવર કે પક્ષીને, સુખદુઃખને સામાન્ય પ્રકારે જુએ છે. પછી જરા જ્ઞાન–ઉપયોગ થાય ત્યારે તે વધારે વિગતવાર હકીકતો જુએ છે. માણસનાં નામ, તેનો રંગ, તેની જાતિ અને અનેક વધારે વિગતો તેના જાણવામાં આવે છે. આ સર્વ જ્ઞાનનું પરિણામ છે. તેવી જ

---

**પાઠાંતર**—'પીજિયે' સ્થાને પ્રતવાળો 'પીજીઇ' લખે છે, અર્થ ફરતો નથી. (૫)

**શબ્દાર્થ**—જ્ઞાન = વિશેષ વિગતવાર જાણવું તે. દરશન = સામાન્ય જાતિનું ભાન. ચરણ = ચર્યા, ક્રિયા –ચારિત્રની નજરે. થકી = થી. અલખ = અલક્ષ્ય, ન સમજી શકાય તેવો, આત્મા. સરૂપ = સ્વરૂપ, આવિર્ભાવ. અનેક = ઘણા, એકથી વધારે. નિર્વિકલ્પ = ભેદ વગરનું. રસ = ધ્યાન. પીજિયે = પીએ, લઈએ. શુદ્ધ = દોષ –મેલ રહિત. નિરંજન = લેપ–દોષ વગરનો. એક = માત્ર એક જ છે. (૫)

રીતે ચારિત્ર ઉપયોગ મૂકે તે અનેક ચર્યા કરતો દેખાય છે. તે સામાયિકમાં સ્થિત હોય તો તેમાં તથા યથાખ્યાતાદિ ચારિત્રમાં રમણ કરતો દેખાય છે. આવી રીતે દર્શન, જ્ઞાન અને ચારિત્રની વિવિધતાથી તે જેવો ઉપયોગ મૂકે તેવો તેનો પર્યાય દેખાય છે. છતાં તે જ વખતે, એ અલક્ષ્ય –આત્માના આ રીતે અનેક પર્યાયો થાય છે, તે ઉપરાંત એના કર્મના સંયોગે પણ અનેક પર્યાયો થાય છે તેને એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિયપણું મળે, તેમ જ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી આદિ ગતિ મળે વગેરે તેના અનેક પર્યાયો થાય છે. એ જ અલખ–આત્માને નિર્વિકલ્પભાવે જોઈએ, શાંતભાવે નીરખીએ તો સોના તરીકે તે એકલો જ જણાય. આત્માના જ્ઞાનાદિ ભાવે કે કર્મસંયોગે અનેક પર્યાયો થઈ શકે છે, પણ સર્વ સંકલ્પ-વિકલ્પો તજી દઈએ અને શાંત ભાવે એકલા આત્માને જોઈએ તો આવરણ વગરનો તે એકલો જ લાગે.

જેમ સોનાનાં અનેક ઘરેણાં થાય છે, પણ અંતે તો એકલું સોનું જ રહે છે, તેમ અલક્ષ્યના અનેક પર્યાયો થાય પણ તે આત્મા સર્વ વિકલ્પો છોડે તો આવરણ વગરનો એકલો આત્મા જ દેખાય. કારણ કે એની અંતિમ દશામાં તો શુભ કર્મો પણ એને છોડી જ દે છે, કારણ કે તે પણ સોનાની બેડી છે. અને, સોનાની હોય કે ગમે તેની, બેડી તો અંતે બેડી જ છે. આત્માના સંકલ્પો જાય ત્યારે તે આવરણ વગરનો એક આત્મા જ દેખાય છે અને તેના સર્વ પર્યાયો તરફ નજર પણ નથી પડતી.

આ ઉપરથી નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરી આત્માનું આત્મત્વ જ ધ્યાવવા અને પ્રાપ્ત કરવા યોગ્ય છે એ વાત પણ કરી નાખી. આ અનેક પર્યાયો અત્યારે આત્માના થઈ રહ્યા છે તે દૂર કરી એની અસલ સ્વાભાવિક સ્થિતિએ એ નિરાવરણ એકલો જ છે, એ સ્થિતિ સોનાના દષ્ટાંતે વિચારવી અને તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, એ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન સમજવાની એક અતિ અગત્યની ચાવી છે. આ ગાથાથી આત્માનુભવ અને પરખડી છાંયડી દાખલાપૂર્વક સમજવામાં આવ્યાં હશે. (૫)

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ૦ ૬

**પાઠાંતર**—'પંથ' સ્થાને એક પ્રત લખનાર 'પંચ' લખે છે. 'કહે' સ્થાને પ્રત લખનાર 'કહૈ' લખે છે. 'રંજે' સ્થાને પ્રત લખનાર 'રંજૈ' લખે છે: 'વ્યવહાર' સ્થાને પ્રતમાં 'વ્યવહારી' શબ્દ લખેલ છે. 'રહે' સ્થાને પ્રતમાં 'રહૈ' લખે છે. (૬)

**શબ્દાર્થ**—પરમારથ = પરમાર્થ, નિશ્ચયનયની નજરે જોતાં. પંથ = માર્ગ, રસ્તો. જે = જે મનુષ્યો. કહે = સમજાવે, બોલે. તે = તે માણસો. રંજે = રીઝે, રાજી થાય, આનંદ પામે. એક = માત્ર એક, વધારે નહિ. વ્યવહારે = વ્યવહારનયે, ચાલુ પરિસ્થિતિમાં. લખ = સાધ્ય, લક્ષ્ય, દેખાય તેવા રૂપને. જે = જે માણસ. રહે = જોઈ રહે, સમજે, ટેકવે, જાણે. તેહના = તેના. ભેદ = પર્યાય, જુદાપણું. અનંત = અંત વગરના, છેડા વગરના. (૬)

**અર્થ**—નિશ્ચયમાર્ગે જે ચાલે છે તે એક તંત્રમાં રાજી થઈ જાય છે, બાકી વ્યવહાર-નયની દૃષ્ટિએ જે લક્ષ્યને ધ્યાન પર લે છે તેના તો અનંતા પ્રકારો છે. (૬)

**ટબો**—જે પરમારથ પંથ–મોક્ષપંથ, તે કરે તે એક આત્મદ્રવ્ય, શુદ્ધ નિશ્ચય એકનો નિર્ણય કહે. અને જે વ્યવહારે લખે તેના તો અનંત ભેદ છે, આજ્ઞા આચરણા ભવ્યત્વાદિ ઉપાદાનકારણતા અનેક ભેદે ભાવે–શુદ્ધ વ્યવહારે ગવેષે (૬)

**વિવેચન**—પોતાના ઉત્કૃષ્ટ પરમાર્થનો માર્ગ કહે તે એક તંત્રમાં–આત્માના એકત્વમાં–રીઝે છે, રાજી થાય છે, આનંદ પામે છે. આ પરમાર્થનો માર્ગ એટલે નિશ્ચયનો માર્ગ. એમાં સાત નયો પૈકી પ્રથમના ત્રણ અથવા ચાર નયો વ્યવહારનયના નામથી ઓળખાય છે અને છેલ્લા ત્રણ નયો તો પર્યાયાર્થિક હોવાથી નિશ્ચય જ છે. આત્માને ઉદ્દેશીને વાત કરાય ત્યારે શુદ્ધ રીતે તે નિશ્ચયથી વાત કરે છે. એના સંબંધમાં દાખલાઓ અનેક આપે છે. આપણે આ વાતની ચોખવટ કરવા એક સુપ્રસિદ્ધ દૃષ્ટાંત જોઈએ. છ આંધળાઓએ હાથીને જોયો. નયાભાસનું કેવું વિચિત્ર પરિણામ આવે છે તે આપણે જોઈએ. અમુક સત્યનો અંશ તો દરેક અંધને પણ હોય છે, તેઓને પોતાના અભિપ્રાય માટે આગ્રહ હોય છે અને આગ્રહ હોય ત્યાં શુદ્ધ જ્ઞાન હોતું નથી. એક અંધના હાથમાં હાથીનો કાન આવ્યો; તેણે કહ્યું કે હાથી સુપડા જેવો હોય છે. બીજા આંધળાએ હાથીની સૂંઢ પકડી હતી; તે કહેવા લાગ્યો કે હાથી સાંબેલા જેવો હોય છે. ત્રીજા આંધળાએ હાથીના દંતૂશળ પકડ્યા હતા; તેનો આગ્રહ હતો કે હાથી ભૂંગળા જેવો હોય; અને તે પોતાના મતમાં મક્કમ હતો. ચોથા આંધળાએ, જેણે હાથીના પગ પકડ્યા હતા, તે જણાવતો હતો કે હાથી થાંભલા જેવો છે. પાંચમા અંધે હાથીનું પેટ પકડ્યું હતું; તે કહે કે હાથી પખાલ જેવો હોય છે. છઠ્ઠા આંધળાએ હાથીનું પૂંછડું પકડ્યું હતું; તે કહે હાથી સોટી જેવો હોય છે. આ છયે નયાભાસવાળાઓ પોતાના મતમાં ખૂબ આગ્રહ રાખતા હતા. સાતમો દેખતો તેમની સાથે હતો. તે તો હાથીનું આખું સ્વરૂપ જાણતો હતો અને છયેનો આગ્રહ સાંભળીને હસતો હતો. નયાભાસીઓ પોતાના મતનો આગ્રહ રાખે અને બીજાના મતને સમજવાની પણ જરાય તકલીફ ન ઉઠાવે.

હવે આપણે નયનું ઉદાહરણ વિચારીએ. છ દેખતા સરલ પુરુષો અને એક વિચક્ષણ પુરુષનું પણ તે માટે જાણીતું ઉદાહરણ છે. એક ગામમાં હાથી નહોતો આવ્યો અને આવી પહોંચ્યો. તેને પેલા સાતે પુરુષોએ જોયો. હાથીને જોઈને તેઓમાંના પ્રથમ પુરુષે કહ્યું કે હાથી 'દ્વિપ' છે, કારણ કે તે બે મોઢેથી (સૂંઢથી તેમ જ મુખથી) પાણી પીતો હતો. બીજાએ કહ્યું કે તે 'દંતી' છે, કારણ કે તેના દાંત બહાર દેખાતા હતા. ત્રીજાએ કહ્યું કે હાથી 'હસ્તી' છે, કારણ, એના હાથ, જે સૂંઢ, તે વડે એ સર્વ કામ કરે છે. ચોથાએ મદ ઝરતો જોઈ કહ્યું કે તે 'ગજ' છે. પાંચમાએ બે દાંત પર લક્ષ્ય આપ્યું હતું, તે કહે કે આપણે એને 'દ્વિરદ' કહેવો જોઈએ. છઠ્ઠાએ એની હડપચી જોઈ તેથી એને 'કુંજર' કહ્યો. આવી રીતે એક એકનાં દૃષ્ટિ-બિંદુઓ હોય તે નયજ્ઞાન છે. એ સર્વ એક પર્યાયના જ્ઞાનથી થયેલ છે.

હવે વ્યવહારનયનો આશ્રય લઈ જે બોલે તેના તો અનંતા ભેદ થાય છે. આપણે એક સુવર્ણના દાખલાથી ઉપર જોઈ ગયા કે તેની અનેક વસ્તુઓ થાય છે, તેમ વ્યવહારનયે આપણે દરેક વસ્તુના અનેક પ્રકાર જાણીએ, પણ આત્મા તો એક જ છે અને આ સર્વ તેનાં જુદાં જુદાં સ્વરૂપો છે.

આવી રીતે માણસ કઈ અપેક્ષાથી બોલે છે અને એના ધ્યાનમાં શો મુદ્દો છે તે ધ્યાનમાં રાખી, તે વ્યવહારનયોનો આશ્રય લઈને બોલે છે કે નિશ્ચયનયે તે બોલે છે, તે સમજી તેનો નિર્ણય કરવો તેમાં નયના જ્ઞાનની અને અપેક્ષાના જ્ઞાનની બહુ જરૂર છે. આવી રીતે એક જ આત્માના અનેક પર્યાયો થાય તે વિચારવા માટે નયના જ્ઞાનની ચાવી પ્રાપ્ત કરવી જોઈએ. આ ચાવીઓ બરાબર હાથ આવી ગઈ છે તેથી તેને બરાબર ઝળકાવી તે જ વાતનું સ્પષ્ટીકરણ કરે છે. (૬)

વ્યવહારે લખ દોહિલો, કોઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવી રહે દુવિધા સાથ રે. ધરમ૦ ૭

**અર્થ**—વ્યવહારનયે તો લક્ષ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવું એ ઘણું મુશ્કેલ કામ છે; એમાં કાંઈ પણ હાથમાં આવતું નથી; બાકી જો નિશ્ચયનયોને સ્થાપન કરવામાં આવે તો દ્વિધાભાવ આખો ખલાસ થઈ જાય છે. (૭)

**ટબો**—(ટબાકાર જ્ઞાનવિમળસૂરી સાતમી ગાથા મૂકી દે છે.)

**વિવેચન**—વ્યવહારનયે લક્ષ્ય મળવો દુર્લભ છે. વ્યવહારથી ગમે તેટલી ક્રિયા કરવામાં આવે કે ગમે તેવો વેશ પહેરવામાં આવે, તેમાં કાંઈ વળતું નથી. વ્યવહારનયનો આશ્રય લેનાર અંતે પોતાને માત્ર કાયકષ્ટ જ આપે છે. એમ તો પ્રાણીએ મેરુ પર્વત જેટલો ઢગલો થાય તેટલાં ઓઘા-મુહુપત્તિ કર્યાં, પણ એ ગતાનુગતિક રીતે સર્વ વાતો થઈ. એમાં તો સંસાર-ભ્રમણ જ થયું. એમાં અનેક સુખસગવડો મળી, પણ આ જન્મ-મરણના ફેરા ટળ્યા નહિ; એક ખાડામાંથી બીજામાં પડવાની વાત ગઈ નહિ. વ્યવહારથી ગતાનુગતિક ગમે તેટલી ક્રિયા કરે પણ તેનું તેમાં કાંઈ વળતું નથી, તેના આ જન્મના ફેરા ટળતા નથી. અલબત્ત, તેને

---

**પાઠાંતર**—એક લખનારે પ્રતમાં આ આખી ગાથા મૂકી દીધી છે. બીજી પ્રતમાં 'વ્યવહાર' સ્થાને 'વ્યવહારી' મૂક્યું છે. 'લખ' સ્થાને એક પ્રતમાં 'લષ' આપેલ છે. 'હાથ' સ્થાને એક પ્રતમાં 'હાત' લખે છે. 'થાપના' સ્થાને એક પ્રતમાં 'થાપિ' પાઠ છે. 'દુવિધા'ને બદલે 'દુવીધાઈ' એક પ્રતમાં છે. 'સાથ' સ્થાને પ્રતમાં 'સાથ્ય' પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—વ્યવહારે = વ્યવહારનયે, ચાલુ રીતે. લખ = લક્ષ્ય, દેખાય તેવું સ્વરૂપ. દોહિલો = દુર્લભ્ય, દુઃખે કરીને મેળવી શકે. કાંઈ = કોઈ ચીજ, કોઈ વસ્તુ ન આવે=ન મળે, લાભ થતો નથી. હાથ રે = હાથમાં, કબજામાં. શુદ્ધ = નિશ્ચયનયે. નય = દૃષ્ટિબિંદુ. થાપના = સ્થાપના, પાકો વિચાર. સેવતાં = પાકો રાખતાં. નવી = ના, ન રહે. રહે = થાય, હોય. દુવિધા = ગોટાળો, બેપણું, બે વિચાર. સાથ = સથવારો (૭)

લાભ તો થાય છે, સારી ગતિ અને ત્યાં સગવડો મળે છે, પણ તેને જે ખરેખરો લાભ થવો જોઈએ તેના પ્રમાણમાં તે લાભ દમ વગરનો છે. અને એવા લાભ ખાતર દીર્ઘદ્રષ્ટા માણસ કોઈ કામ કરે નહિ. સમજુ માણસ તો સ્થાયી લાભ માટે જ પ્રયાસ કરે. ક્રાફર્ડ મારકેટથી એક બોજો ઉપાડી ગ્રાંટ રોડ જાય અને મજૂરીનો માત્ર એક પૈસો મળે તેના જેવી એ વાત છે. અલબત્ત, કાંઈ ન મળે તેના પ્રમાણમાં તો એ કાંઈ મળ્યું ગણાય, પણ જે મેળવવાનું છે તેના પ્રમાણમાં તદ્દન ઓછું અથવા નહિવત્ ગણાય. આખો દિવસ સમજણ વગર ક્રિયા કરવી તે આવી છે અને એ રીતે ભવના ભવ નીકળી જાય તેમાં કાંઈ મુદ્દામ વળતું નથી. વ્યવહારે લખ એટલે લક્ષ્ય–દેખાતું સ્વરૂપ પ્રાપ્ત થવું અત્યંત મુશ્કેલ છે. એમાં કાંઈ મુદ્દાસરની વાત આપણને મળે નહિ.

અને શુદ્ધનય, જે નિશ્ચયનય છે, તેની સ્થાપનાને સ્વીકારતાં કોઈ જાતનું બેપણું રહેતું નથી. પછી તો પૌદ્ગલિક ભાવ અને આત્મિકમાંથી કોનો સ્વીકાર કરવો તેનો સવાલ જ રહેતો નથી. શુદ્ધ નિશ્ચયનયે તો આત્માનો અંતે મોક્ષ કેમ થાય તેમ જ વર્તન ચલાવવાનું રહે છે. અને જાણીતું સૂત્ર છે કે એકલી ક્રિયા એ તો માત્ર વ્યવહાર છે, પણ વાત એમ છે કે **ज्ञानक्रियाभ्यां मोक्षः** એટલે સમજણપૂર્વકની ક્રિયાથી મોક્ષ થાય છે, નહિ તો માત્ર વ્યવહાર-પોષણા થાય છે, પણ એ તો એકંદરે નકામી છે. જે ક્રિયા કરવાથી આ આંટાફેરા અને દોડાદોડી ન મટે તેવી ક્રિયા સરવાળે નકામી નીવડે છે અને જ્ઞાનપૂર્વકની ક્રિયા તો અંતે મોક્ષને અપાવી અત્યારની માથાકૂટનો હમેશને માટે અંત લાવે છે.

આ ઉપરથી જણાય છે કે વ્યવહાર જળવાય તેટલા પૂરતી ગમે તેટલી ક્રિયા કરવામાં આવે તેથી કાંઈ ખરેખરો અર્થ સધાતો નથી અને એમાં આત્મિક દૃષ્ટિએ ખરો લાભ સ્થાયી-પણે થતો નથી. પણ જો જ્ઞાનપૂર્વકની ક્રિયા થાય તો સ્થાયી લાભ મળે છે. અને તે રીતે સર્વ કામ કરવા જોગ છે. શુદ્ધ નિશ્ચયનયે એ ક્રિયા સમજણપૂર્વક કરવા જેવી છે. અને શુદ્ધ નિશ્ચય-નય અને વ્યવહારનયનો સમન્વય કરવા જોગ છે. આ રીતે ચેતનને પ્રાપ્ત કરવો અને તેને બરાબર સમજી ગોઠવવો એ જ અંતે કર્તવ્ય તરીકે પ્રાપ્ત થાય છે. અને આ પૌદ્ગલિક ભાવ અને આત્મિક ભાવ વચ્ચેનો તફાવત બરાબર ધ્યાનમાં રાખીને માત્ર નિશ્ચયનયે આત્મિક ભાવ આદરવા યોગ્ય છે, કારણ કે એમાં પછી કોઈ જાતનો દુવિધાભાવ એટલે બેપણું કે ગોટાળો રહેતો નથી અને અંતે એનાથી જ પોતાનું કામ સરે છે. આના ઉપરથી છેવટે પ્રભુને વિનંતી કરે છે. તે કેવા પ્રકારે કરે છે તે હવે આપણે જોઈએ. (૭)

એકપખી લખ પ્રીતની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તમે ગ્રહી હાથ રે. ધરમ૦ ૮

**પાઠાંતર**—'પખી' સ્થાને પ્રત લખનાર 'પંખી' લખે છે. 'લખ' સ્થાને ભીમશી માણેક 'લખિ' છાપે છે; એક પ્રતમાં 'લષ' પાઠ છે. 'પ્રીતની' સ્થાને બન્ને પ્રત લખનાર 'પ્રીતડી' લખે છે. 'સાથે' સ્થાને એ 'સાથે' છાપે છે; એક પ્રતમાં પણ તે પાઠ છે. 'તમે' સ્થાને ભીમશી માણેક 'તલે' છાપે છે. 'નાથ' સ્થાને એક પ્રતમાં 'નાથા' પાઠ છે, 'કરીને' ને બદલે 'કરીને' લખેલ છે, તે પ્રાચીન ગુજરાતી

**અર્થ**—મારી પ્રીતિ તો એકતરફી પ્રેમ છે અને તે હે જગતના નાથ! આપની સાથે છે; આપની તરફ છે; તો મારા ઉપર મહેરબાની કરીને આપના પદકમળની નીચે આપ મારો હાથ પકડી રાખજો. (૮)

**ટબો**—હે જગનાથ! તારી સાથે એકપખી પ્રીતિ લાખોગમે નરની છે તથા સરાગીને લાખોગમે શુદ્ધ વ્યવહાર તારી સાથે મિલવાને પ્રીતિ બાંધનાર છે, તે માટે કૃપા કરીને તમારા ચરણતળે હાથે ગ્રહીને રાખજો, જેમ પરમ ચરણધર્મ, તે ધર્મ તમારો જાણીને આદરીએ. (૮)

**વિવેચન**—આપની સાથે મારો પ્રેમ તે એકપખો છે, હું રાગી અને તમે નીરાગી, હું દ્વેષીલો અને તમે દ્વેષ વગરના, હું હાસ્ય-રતિમાં ફસાયેલો અને તમે તેનાથી રહિત, હું વેદી અને તમે નિર્વેદી; આવી અરસપરસ વિરુદ્ધ મારી એકતરફી પ્રીતિ આપના તરફ છે. હું ગમે તેટલો આપના તરફ પ્રેમ કરું તે એક પક્ષનો જ પ્રેમ છે, કારણ કે આપ તો કોઈના તરફ પ્રેમ કરતા નથી, આપ વીતરાગ અને વીતદ્વેષ છો, મારી આપ તરફની પ્રીતિ એકપક્ષીય છે; પણ આપ ગમે તેવા મોટા જગતના નાથ છો પણ નિશ્ચયનયે તો આપના જેવો જ હું શુદ્ધ છું, તો આપ મારી એક વિજ્ઞપ્તિ સ્વીકારજો.

મોટાની સાથે પ્રેમ કરવા પહેલાં વિચાર કરવો જોઈએ. કહેવત છે કે સરખા માણસની પ્રીતિ શોભે, અને તે પ્રીતિ ટકે પણ ખરી. આપના જેવો જ હું શુદ્ધ આત્મા છું. તેથી હું આપની પાસે વિજ્ઞાપન કરીને જણાવું છું કે તમે મારો હાથ પકડીને આપ મારી સેવા સ્વીકારજો અને આપ મને આપશ્રીના પગ નીચે રાખજો.

આને મળતી સ્તુતિ એ 'જય વીયરાય' અને 'કલ્યાણમંદિર'માં પણ કરે છે અને અનેક સ્તવનમાં સીધો કે આડકતરો એવો જ ઘોષ હોય છે. मम हुज्ज सेवा भवे तुह्म चलणाणं –તમારા પદોની સેવા મને ભવોભવ મળજો. આટલી જ મારી આપ પ્રત્યેની વિજ્ઞપ્તિ છે. જોકે એ આપને એકપક્ષીય દેખાય તેવી પ્રીતિ છે, પણ મને ખાતરી છે કે આપનો આદર્શ, જે હું સેવી રહ્યો છું, તે વારંવાર મને મળ્યા કરે તેમ આપ કરજો. હું આ વિનંતિ મારા હિત ખાતર કરું છું કે આપ મારો હાથ પકડી રાખીને મને આપના ચરણકમળની સેવા જરૂર આપજો. મેં આપનો આદર્શ સ્વીકાર્યો છે અને નિશ્ચય કર્યો છે કે એ આદર્શને અનુરૂપ થવું; તો

છે. રાખજો' ને બદલે બન્ને પ્રત લખનાર 'રાષજો' લખે છે. 'ગ્રહી' સ્થાને પ્રતવાળો 'ગ્રહા' લખે છે. 'હાથ' સ્થાને એક પ્રતમાં 'હાથ્ય' પાઠ છે. (૮)

**શબ્દાર્થ**—એકપખી = એકતરફી. લખ = લક્ષ્ય, પ્રેમ. પ્રીતની = પ્રેમની. તુમ = તમારી. આપની, તારી. સાથે = જોડે, સંબંધ. જગનાથ = જગન્નાથ, જગતના નાથ, સર્વ પ્રાણીના ઉપરી. કૃપા = મહેરબાની, દયા, સૌહાર્દ. કરીને = ભજવીને, અમલમાં મૂકીને. ચરણ = પગ, પાદ. તમે = આપ પોતે. ગ્રહી = પકડી, ઉપાડી. હાથ = હસ્ત. (૮)

આપને વિનંતિ કે મારો હાથ આપ જેવા સમર્થ પુરુષ પકડે અને મને હુમેશા આપના ચરણ-કમળની સેવા મળ્યા કરે, તો અંતે જે અત્યારે મારી એકપક્ષીય સેવા છે તેનો પણ મને જરૂર લાભ મળે અને મારાં સર્વ કાર્ય સિદ્ધ થઈ જાય.

એકપક્ષીય પ્રેમ હોવા છતાં તે નિશ્ચયનયની નજરે શુદ્ધાત્માનો શુદ્ધ આત્મા સાથે પ્રેમ છે અને તે યોગ્ય હોઈ અંતે તે મારું કામ સિદ્ધ કરી આપે તેમ છે. આપ કેવા છો તે હું જાણું છું અને તે આપને આવતી ગાથામાં કહી બતાવું છું. આપ મારી ઉપર કૃપા કરજો અને કૃપા કરી મારી આટલી વિનતિ ધ્યાનમાં લેશો. (૮)

ચક્રી ધરમતીરથતણો, તીરથફળ તતસાર રે;
તીરથ સેવે તે લહે, 'આનંદઘન' નિરધાર રે. ધરમ૦ ૯

**અર્થ**—આપ તો ધર્મતીર્થના મોટા ચક્રવર્તી છો અને તીર્થનું પરિણામ તો તત્ત્વની પ્રાપ્તિ છે. આવા સાચા તીર્થની જે ભક્તિભાવે સેવના કરે તે આનંદના સમૂહને જરૂર પ્રાપ્ત કરે. (૯)

**ટબો**—તમે ચક્રી છો, ધર્મતીર્થનાથ છો, તે સર્વ જિન છે. વળી તમે સાતમા ચક્રી પણ છો, અનાથનાથ છો, તીરથ-પ્રવચનફલ એ તત્ત્વસાર-પ્રધાન છે. તે જે તમારું તીર્થ સેવે તે નિશ્ચયે આનંદઘન આત્મા પરમાત્મા સ્વરૂપ પામે. એવા ધર્મચક્રી મોહમલ્લને જિતે. એટલે શ્રી અરનાથ અઢારમા તીર્થંકરનું સ્તવન થયું સંપૂર્ણ. (૯)

**વિવેચન**—શ્રી અરનાથ ભગવાન એ જ ભવમાં ચક્રવર્તી હતા. શાંતિથાન, કુંથુનાથ તથા અરનાથ એ અનુક્રમે બાર પૈકી ત્રણ ચક્રવર્તી હતા. અને એ ચક્રવર્તી હતા એ ઉપરાંત ધર્મ-ચક્રના પ્રવર્તાવનાર હતા. 'અર' એટલે આરો, કાંઠો. પૈડાને છેડો-આરો હોય તે. સંસાર સમુદ્રનો પાર પામવાને લઈને તેમનું 'અર' નામ પડ્યું છે. 'અર'નો અર્થ 'પહોળું' એમ પણ થાય છે. અથવા 'અર' એટલે 'વૃદ્ધિ.' પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ રત્નમય આરો તથા શુભ

---

**પાઠાંતર**—'ચક્રી' સ્થાને ભીમશી માણેક 'ચક્ર' છાપે છે; પ્રતમાં 'ચક્રી' પાઠ છે.' 'તત' સ્થાને બન્ને પ્રતમાં 'તન' લખેલ છે. 'તીરથ'ને બદલે પ્રતમાં બન્ને સ્થાને 'તીરથ્થ' પાઠ છે 'સેવે'ને બદલે 'સેવે' પ્રતમાં લખેલ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'લખે' લખવાની રીત પ્રત લખનારની 'લહે' છે. (આઠ ગાથાએ સ્તવન એક પ્રતવાળો પૂરું કરે છે; બીજી પ્રતમાં નવ ગાથા છે. (૯)

**શબ્દાર્થ**—ચક્રી = ઉપરી, મોટા ચક્રવતી, પણ શેના? ધરમ-તીરથ = ધર્મતીર્થ, પ્રવર્તાવેલ ધર્મરૂપ તીર્થના અધિપતિ. તણો = નો (છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય). તીરથ = તીર્થનું (છઠ્ઠી વિભક્તિ અધ્યાહાર). ફળ = લાભ, પરિણામ. તતસાર = તત્ત્વસાર, તતબ માલ મળે તે, સારા તત્ત્વની પ્રાપ્તિ. તીરથ = તીર્થ, જેનાથી તરીએ તે તીર્થ. સેવે = પૂજા કરે, અનુસરે. તે = તે મનુષ્ય પ્રાણી. લહે = લે, મેળવે, પ્રાપ્ત કરે. આનંદઘન = આનંદના સમૂહને, આનંદની ઘટનાને. નિરધાર = નક્કી, ચોક્કસ. (૯)

દીઠાં, માટે જન્મ થયા પછી તેમનું 'અર' નામ આપ્યું : તેમનું ગજપુર નગર, સુદર્શન રાજા પિતા, દેવી રાણુા માતા, ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય. સુવર્ણ જેવો તેમનો દેહ : આવા અરનાથ પ્રભુ ધર્મચક્રના પ્રવર્તાવનાર હતા. તેઓએ જે ધર્મ પ્રવર્તાવ્યો તે ત્યાર પછી ઘણાં વર્ષ ચાલ્યો. તેમની આગળ ધર્મચક્ર ચાલતું. ચક્ર એ ગોળ વસ્તુ હોય છે અને સૂર્યથી દશગણી તેની ભવ્યતા હોય છે. આવા ધર્મચક્રના પ્રવર્તાવનાર હોવાથી મારા આદર્શમય છે. અને તેઓ મુક્તિ ગયેલા હોવાથી બધી રીતે આદર્શ સ્થાને સ્થાપન કરવા યોગ્ય છે. તેઓ દુનિયામાં ચક્રવર્તી થયા તે માટે નહિ, પણ દુનિયામાં પડતા આ જીવને ધારી રાખે અને તેને ઊંચો રાખે તે ધર્મચક્રી હોવાથી મારા ખરેખરા આદર્શ સ્થાને છે, પૂજ્ય છે અને સંસારનો આરો પામેલ હોવાથી અરનાથના નામને યોગ્ય છે.

તીર્થ એટલે જે તારે તે તીર્થ. સામે કાંઠે જવાનો રસ્તો બતાવે, પૂરો પાડે તે તીર્થ. આપણે ગંગા, નર્મદા કે તાપી નદીમાં જે આરા હોય છે, સામા કાંઠા પર જવાના માર્ગો હોય છે, તે આરા અથવા તીર્થ કહેવાય છે. ભગવાન જે તીર્થની સ્થાપના કરે તેનું ફળ તત્ત્વબુદ્ધિ છે. સાત અથવા નવ તત્ત્વો, જેનું સુંદર સંક્ષિપ્ત વર્ણન પ્રશમરતિ ગ્રંથમાં કર્યું છે, એ તત્ત્વજ્ઞાન એ તીર્થનું ફળ છે. સાત કે નવ તત્ત્વો જાણવાં, સદ્દહવાં, એ તીર્થ પામ્યાનું ફળ છે. આવું તીર્થ ભગવાન અરનાથે સ્થાપન કર્યું. એ સમજવું, નવ તત્ત્વ કે સાત તત્ત્વોને સમજીને સ્વીકારવાં, એ તીર્થ પામ્યાનું ફળ છે. દરેક ભગવાન 'नमो तित्थस्स' કહી સમવસરણમાં બેસે છે. એ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ, તેને આપ જેવા મોટા માણસો નમસ્કાર કરે છે તેને હું નમું છું. આખા તીર્થનો સાર તત્ત્વજ્ઞાનમાં સદ્દહણારૂપ છે. એવા તીર્થને હું પામ્યો છું અને સંસારને આરે બેઠો છું. એ સાત અથવા નવ તત્ત્વને જાણું એ આપના પ્રરૂપેલા તીર્થનો સાર છે, આવું જે પ્રાણી જાણે તેને આનંદનો સમૂહ એના પુષ્ટ આકારમાં પ્રાપ્ત થાય છે અને એની જિંદગી સફળ થાય છે. આવા તીર્થને પ્રાપ્ત કરીને મારા આદર્શ તરીકે આપશ્રી નાથનો હું સ્વીકાર કરું છું અને તેને અનુસરું છું. આપના તત્ત્વ આનંદસમૂહને હું પ્રાપ્ત કરું તેવી મારી જિજ્ઞાસા છે અને તેથી મને જરૂર આનંદનો ઘન મળશે એવી મારી ખાતરી છે.

અહીં આ સ્તવનના કર્તા 'આનંદઘન' નામથી લખનાર એક મહાપુરુષ છે એ વાતને પણ અર્થથી જણાવી. જૈન સંપ્રદાય પ્રમાણે લેખકનું નામ ગ્રંથને છેડે આવવું જોઈએ, તે સંપ્રદાય લાભાનંદજીએ અનંદઘન શબ્દ દ્વિ–અર્થમાં મૂકી જણાવી દીધો છે, તે આ ગાથાપરથી માલૂમ પડે છે. તીર્થની સેવના કરે તે આનંદના ઘન(સમૂહ)ને જરૂર પામે એ એનો બીજો અર્થ છે. આ સ્તવનમાં ઘણી અગત્યની વાત કરીને લેખકશ્રીએ મોટો ઉપકાર કર્યો છે. (૯)

## ઉપસંહાર

આવી રીતે આ અગત્યનું સ્તવન પૂર્ણ થયું. એમાં નયવાદની અગત્યની વાત કરી છે. આત્માનુભવ એ એક વસ્તુ છે, એ જ આત્માના અનંત પર્યાય છે, પણ અંતે આત્મા તો એક જ છે. જે સહભાવી (સાથે રહેનાર) ધર્મો હોય તેને ગુણ કહેવામાં આવે છે અને જે ક્રમભાવી ધર્મો હોય, જે એક પછી એક થયા કરે, તે પર્યાય કહેવાય છે. પર્યાય એટલે રૂપો અથવા આવિર્ભાવો, દાખલા તરીકે પ્રાણી તિર્યંચ, નારક, દેવ કે મનુષ્ય થાય તે તેના પર્યાય કહેવાય છે, તેમાં પણ લૂલો, લંગડો, એકેંદ્રિય વગેરે સર્વ પર્યાય કહેવાય છે. પર્યાય તો ફરતા જ જાય છે, તે સર્વ ક્રમભાવી ધર્મો છે અને એક પછી એક થયા કરે છે. એ અનેક પર્યાયોને મટાડવા આદર્શસ્થાને રાખેલ છે.

પર્યાયો કેવું કેવું રૂપ લે છે તે ખાસ લક્ષ્યમાં રાખવા જેવી હકીકત છે. આગળ જણાવ્યું તેમ, તે પ્રાણીને ચારે ગતિમાં રખડાવી દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક બનાવે. તેમાં તિર્યંચોની અંદર એકેંદ્રિય, દ્વીંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિયનો સમાવેશ ગણવામાં આવ્યો છે. પંચેંદ્રિયમાં એ જળચર, ભૂચર, ખેચર, ઉરપરિ સર્પ અને ભુજપરિસર્પ ગમે તે થાય. તેમાં પાછું સારું સુંદર શરીર, મળવું, શરીરે સ્વાસ્થ્ય રહેવું, સર્વ અંગોપાંગો બરાબર તેને સ્થાને થવાં અને કદ્રૂપાપણું, વાંકાચૂંકા ચાલવું તેમ પણ થાય છે. તેમાં સારા-ખરાબ કુળમાં જન્મ થાય છે, સ્વર ગંભીર અને લોકપ્રિય થવો તે વધારાની વાત છે, લોકોમાં પ્રિયતા મેળવવી કે યશકીર્તિ થવી એ અથવા ન થવાં એવાં અનેક રૂપો થાય છે. ચાલે ત્યારે પૃથ્વી ધણધણે, અને કોઈ વાર તે માંદો અને મરવાને વાંકે જીવતો જણાય. શરીર રોગરહિત પ્રાપ્ત કરવું કે રોગિષ્ઠ શરીર થવું તે બીજા પર્યાયો છે. ટૂંકા આયુષ્યમાં આ દુનિયા છોડવી પડે અથવા શરીર ન ચાલતું હોય અને વખત પસાર થતો ન હોય તેમ ઘસડીને જીવન પૂર્ણ કરવું એવાં પણ રૂપો આ પ્રાણીનાં થાય છે. ધર્મનો અભ્યાસ કરે અને કાંઈ યાદ ન રહે અથવા એકસો આઠ વસ્તુ પર એકીવખતે ધ્યાન આપી શકે, એવો થાય, અને દુનિયાને ચકિત કરે તેવા પ્રયોગો કરે. આવા અનેક પર્યાયો પ્રાણીએ કર્યા છે અને કરતો જાય છે. આ જુદાં જુદાં રૂપો ધારણ કરવાં તે પર્યાયદૃષ્ટિ છે. તે નજરે જોતાં અનેક રૂપો થાય છે, પણ આત્મા એક છે, એક જ્ઞાન-દર્શન-ચારિત્રનું સ્વરૂપ છે, અનંત ગુણથી ભરેલ, અક્ષય, અજર, અમર છે અને તે નિત્ય છે, એમ વિચારવું તે આત્માનુભવ છે.

આવી રીતે પર્યાયદૃષ્ટિએ અનેક રૂપો ધારણ કરવા છતાં આત્મા તો એક જ છે અને નિત્ય છે એ રીતે વિચાર કરવાનો અને નિજ સ્વરૂપ સાબિત કરવાનો આ સર્વ પ્રયાસ છે. આ આત્માને દ્રવ્યની દૃષ્ટિએ એક અને નિત્ય તરીકે ઓળખવાનો આ સર્વ પ્રયત્ન છે. તેને બરાબર ઓળખવો અને એની પર્યાયદૃષ્ટિ મૂકી દેવી એ આપણને કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી

આ પર્યાયદૃષ્ટિ ન છૂટે ત્યાં સુધી એક ખાડામાંથી બીજામાં પડવાનું અને સંસારના પરિભ્રમણમાં ભમવાનું જ છે, અને સારો કે ખરાબ જે પ્રકારનો આકાર મળે તેને ભોગવવાનું જ છે. એ ભોગવટો થોડા કે વધારે સમય માટે થાય તે પર્યાયદૃષ્ટિ; અને તેનો ત્યાગ કરી આત્માને અનંત નિત્ય અવ્યાબાધ રૂપે ઓળખવો તે આત્મિક દૃષ્ટિ. આ બીજા પ્રકારની દૃષ્ટિને જમાવવાનો અને તેને બરાબર ઓળખી કાઢવો તે માટેનો આ સર્વ પ્રયાસ છે. તમે નિરંતરના સુખમાં રહો એવી ભાવના આનંદઘન કરાવે છે. આત્માને બરાબર ઓળખવો તે, આ કારણે, આપણી ફરજ થઈ પડે છે. આપને સર્વને એ સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત થાઓ એવું ઇચ્છી અત્ર વિરમીએ છીએ. આ આત્માનુભવ અને પર્યાયપલટનનો પ્રધાન સુર નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે. (૧૮)

માર્ચ : ૧૯૫૦ ]

૧૯

# શ્રી મલ્લિનાથ જિન સ્તવન

### અઢાર દૂષણો

**સંબંધ**—આ ઓગણીશમા સ્તવનમાં અઢાર દોષો–દૂષણોને બતાવીને એ અઢાર દોષોને પ્રભુ નિવારનાર હતા, તે દ્વારા પ્રભુ આપણા આદર્શ છે અને આદર્શ હોઈ પૂજનિક છે, એ પ્રધાન સુર, જે કેટલાંક સ્તવનોથી ચાલ્યો આવે છે, તેને મુકરર કર્યો છે. પ્રાણી જ્યારે આદર્શ મુકરર કરે ત્યારે તે આદર્શને પહોંચવા પોતાના બની શકતા સર્વ પ્રયત્નો શરૂ કરી દે છે, કારણ કે અંતે પોતાના આદર્શને પહોંચવું અને આદર્શમય થઈ જવા પોતે પ્રયાસ કરવો એ તેની ઇચ્છા હોય છે. તેટલા માટે એ પ્રભુ કેવા હતા તે પ્રથમ નક્કી કરી નાખવું જોઈએ. અને તે ચોક્કસ થયા પછી પોતે તે આદર્શમય થવા પ્રયત્ન કરવા જોઈએ. એટલા માટે પ્રભુના ગુણો વિચારવા અને ખાસ કરીને તેઓમાં એક પણ દોષ નહોતો એમ ધારી રાખવું જોઈએ. આ અઢાર દોષો પર ભરૂચનગરનિવાસી વિદ્વદ્વર્ય શ્રાવકરત્ન શેઠ અનોપચંદભાઈએ એક પુસ્તક છપાવ્યું છે એમ મને, તે પુસ્તક વાંચેલ હોઈ, યાદ છે. મારા પુસ્તકાલયમાંથી તે પુસ્તક મળી શક્યું નથી, પણ તે વાંચી લેવા યોગ્ય છે એટલું જણાવવું અત્ર પ્રાસંગિક છે.

પ્રભુ સંબંધી વિચાર કરતાં પ્રભુને આ જગતના કર્તા માનવાની ભૂલ ન કરવી; તર્ક અને ન્યાયની દલીલો તેને સૃષ્ટિકર્તા તરીકે સિદ્ધ કરી શકે તેમ નથી. અને કોઈ સૃષ્ટિ બનાવે તો આવી આપત્તિ અને આફતોથી ભરપૂર સૃષ્ટિ બનાવે તે મગજમાં પણ ઊતરવું મુશ્કેલ છે. બનાવે, અને આવી અનેક આશાભંગ અને આઘાતથી ભરેલી સૃષ્ટિ કેમ બનાવે ? તેની પાસે નંદનવનનો આદર્શ તો હાજર હતો; છતાં આવી રોગ-શોક-દારિદ્રયમય પૃથ્વી તેણે બનાવી ?–તે કાંઈ સમજાતું નથી. અને શેમાંથી બનાવે ? આ છેલ્લો સવાલ ખાસ વિચારવા યોગ્ય છે. સૃષ્ટિ શેમાંથી બનાવે ? જો પ્રથમથી દ્વયણુક વગેરે પુદ્‌ગલોનો સ્કંધ હતો તેના ત્ર્યણુક થયા અને આખરે તેનો કપાટ થયો એમ માનીએ તો એ પુદ્‌ગલને બનાવનાર કોણ ?–એમ અનવસ્થા દોષ લાગી જાય છે. એટલે પ્રભુને આદર્શ સ્થાને રાખવા છતાં પ્રભુ સૃષ્ટિ બનાવનાર હોય એમ માની શકાય તેવું નથી. પોતાના વિનોદ માટે સૃષ્ટિ બનાવી એમ પણ માની શકાતું નથી. એક તો આદર્શ પ્રભુમાં વિનોદ જ ન હોવો જોઈએ, કારણ આપણા આદર્શમાં એ વિનોદનો ભાવ પણ હોતો જ નથી.

આ સંબંધમાં પ્રભુની લીલાને અંગે થોડા વિચારો પ્રથમ સ્તવનમાં આદર્શને અંગે બતાવ્યા છે, ત્યાંથી યાદ કરી જવા. આ સર્વ વિચાર કરતાં સૃષ્ટિ અનાદિ જ માનવી પડશે અને આપણે પ્રભુ જેવા થવું છે, તે માટે પ્રભુને આદર્શ સ્થાને–ભાવનામય સ્થાને જ રાખવા પડશે. પ્રભુમાં અઢારે પ્રકારના દોષ નહોતા તે આપણે જોઈ જઈએ. એ અઢાર દોષો દશમી ગાથામાં ગણાવશે.

## સ્તવન

(રાગ કાફી, સેવક કિમ અવગુણીએ—એ દેશી)

સેવક કિમ અવગણીએ, હો મલ્લિજિન । એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મલ્લિ૦ ૧

**અર્થ**—હે મલ્લિનાથ ! આપ આ સેવકને કેમ અવગણો છો ? એમ કરવામાં આપની આબરૂ શું વધશે ? આપની પ્રતિષ્ઠા અત્યારે ઘણી જામી ગયેલી છે. આપ તો એવું કરો છો કે બીજા લોકો જેનો આદરસત્કાર કરે, માને તેને તદ્દન વિસારી મૂકો છો ! એ તે કાંઈ સારી વાત કહેવાય ? આપે એમ ન કરવું ઘટે. અથવા જે આશાતૃષ્ણાને બીજા લોકો સન્માને છે, તેને તો આપે મૂળથી અટકાવી દીધી છે. આપે આશા પર વિજય મેળવ્યો છે. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિ આ સ્તવનનો અર્થ નીચે પ્રમાણે કરે છે. (ભાષાને વર્તમાન શૈલીમાં મૂકવા પ્રયત્ન મેં કર્યો છે.) એવા ધર્મ મહામોહ મલ્લને જીત્યા તે માટે મલ્લિનાથ જિન ભગવાનની સ્તુતિ કહીએ છીએ. હે શ્રી મલ્લિજિન ! એ તમારી હમણાં અજબ-ભલી શોભા દીસે છે. સદા સંસારી અવર-સહુને અત્યંત આદર દીજીએ બહુજનને, તે તો તમે મૂળથી નિવારી, તે કોણ તે કહે છે. (૧)

**વિવેચન**—હે મલ્લિપ્રભુ જિન ! આપ આ સેવકની કેમ અવગણના કરો છો ? આપ એને કશા લેખામાં પણ કેમ લેતા નથી ? આપ જાણો છો કે બેદિલ સેવક હોય તે તો દુશ્મનની ગરજ સારે. આપ આવા સુજ્ઞ હોવા છતાં આ સેવકની-મારા જેવા સેવા ઉઠાવનારની-અવગણના કેમ કરી રહ્યા છો ? એમાં આપની શોભા-મોભો કાંઈ વધે છે ? એ સારી વાત કરો છો ? એ આપ જેવા મોટા માણસને ઉચિત છે ? હું આપની સેવા ઉઠાવું અને આપના ધ્યાન પર પણ એ વાત ન લો એમાં આપની મહત્તા વધે છે ? અથવા આપ કેવળલક્ષ્મીને વર્યા અને સારી સારી શોભા થઈ તે વિચારતાં આપ મુજ સેવકની કેમ અવગણના કરો છો ? આપ તો એવા છો કે બીજા લોકો જે આશાને અતિ આદરસત્કાર આપે તેને મૂળથી જ અટકાવી

---

**પાઠાંતર**—'સેવક કિમ અવગણીએ' એ પાઠ પ્રત લખનાર મૂકી દે છે (બંને પ્રતમાં). 'જેહને' સ્થાને પ્રતમાં 'જેહનિ' પાઠ લખ્યો છે. 'અબ' સ્થાને 'જબ' પાઠ છે પ્રતમાં. 'અવર જેહને' સ્થાને પ્રતમાં 'અવસર જાણી' પાઠ છે. 'આદર અતિ'ને સ્થાને પ્રતમાં 'આદર દહિ જે' પાઠ છે; ભીમશી માણેક મારા પાઠને મળતો પાઠ છાપે છે. 'દીએ' સ્થાને પ્રતવાળો 'દિઈ' પાઠ લખે છે. (૧)

**શબ્દાર્થ**—સેવક = ભક્તિ-નોકરી કરનાર, સેવા ઉઠાવનાર. કિમ = કેમ ? શા માટે ? અવગણીએ = તિરસ્કારીએ, બેદરકાર રહીએ, આપ અવહેલના કરો છો. મલ્લિજિન = ઓગણીસમા તીર્થંકર-પ્રભુ-નાથ. અબ = હવે, હાલ, હમણાં. શોભા = મહત્તા, આબરૂ. સારી = સરસ, મજાની; એ આપને ઘટે છે ? અવર = બીજા માણસો, અન્ય લોકો, ગમે તેવા સાધારણ વહેવારુ માણસો. જેહને = જેને, જેમને. આદર = માન, સન્માન, આવો પધારો કરી રિઝવે, માન સન્માન. અતિ = ઘણો, ઘણું. દીએ = આપે, દે. તેહને = તેને, તેવા માણસને મૂલ = મૂળથી, પહેલેથી પાયેથી. નિવારી = અટકાવી, પ્રતિબંધ કરી. (૧)

દીધી છે. આપને કોઈની આશા નથી. આશાનું સૂત્ર શું છે તે આપણે અઠ્ઠાવીશમા પદમાં જોઈ ગયા છીએ. આ આશાને બીજા લોકો તો ખૂબ વધાવી લે છે, તેને આપે મૂળથી અકટાવી દીધેલ છે.

પ્રભુના જે અઢાર દોષનો ત્યાગ આ સ્તવનમાં બતાવવો છે, તેમાં આશાનો ત્યાગ કરવો એ પ્રથમ દોષનો ત્યાગ છે. પારકાની આશા રાખવી તે સદા નિરાશામાં જ પરિણમે છે. આપણામાં જો કાંઈ પણ સત્ત્વ હોય તો આપણે બરાબર તેને બહલાવવું ઘટે; પણ પારકો આપણું કામ કરી આપશે તે વાત જ ખોટી છે. અને આપે તો એ આશાદાસીનો ધરમૂળથી સર્વથી પ્રથમ ત્યાગ કર્યો છે, તે એટલે સુધી કે આપ બારમે ગુણસ્થાનકે ચઢ્યા ત્યારે તો આપે મોક્ષની પણ આશા છોડી દીધી છે. આવા મૂળથી આશાનો ત્યાગ કરનાર આપને હું વિચારું છું અને દુનિયાને જોઉં છું ત્યારે મને સવાલ પૂછવાનું મન થઈ જાય છે કે આપ આ સેવકને કેમ અવગણો છો? ક્યાં આપનો આશાત્યાગનો ગુણ અને ક્યાં લોકોની આશા! એ બે વાતનો મેળ જ મળતો નથી. તેટલા માટે આપની આશા પરની જીત મને કુતૂહળી બનાવે છે કે આપની શોભા મારા જેમ નમ્ર સેવકનો ત્યાગ કરવામાં નથી. પણ એને આપના જેવો બનાવવામાં છે.

સેવક તો પ્રભુને આ વિજ્ઞપ્તિ કરી દૂર રહે છે અને પ્રભુ તે વિનંતી સ્વીકારે છે કે નહિ તે જાણવાનો કે જોવાનો એ પ્રયાસ પણ નથી કરતો. એ પણ એની વિનંતીમાં વિશ્વાસ રાખે છે અને તે સ્વીકારાઈ ગઈ જ હશે એમ ધારીને ચાલે છે.

આ પ્રથમ ગુણના સંબંધમાં જરા મતભેદ છે: કેટલાક ટીકાકારો તેને આશા–તૃષ્ણાના ત્યાગનો ગુણ બતાવે છે ત્યારે કોઈ એકાદ ગુણ વર્ણવનાર એને આશાતના ત્યાગનો ગુણ બતાવે છે. તેઓ દેવવંદનભાષ્યમાં પ્રભુ પાસે તજવાની ચોરાશી આશાતના વર્ણવે છે. એ તો દેવવંદન-ભાષ્ય અને ભાષ્યત્રયમાં છપાઈ ગયેલ છે. તેઓ એક સૂત્ર લખે છે. તે સૂત્રમાં જણાવે છે કે 'આશાતનાની હાણ.' આ પાઠ કોનો છે કે ક્યાંનો છે તે જણાવવામાં આવ્યું નથી. ભગવાન કેવળજ્ઞાન પામ્યા પહેલાંના વખતમાં કેટલાક મત્સરી જીવ ભગવાનના અવર્ણવાદ બોલતા હોય છે. તે વખતે ચેતન પોતાની શક્તિ ફેરવીને પેલા ગમે તેવું બોલનારને અટકાવે અથવા દૂર કરે; તેને સમજાવીને તેને સ્થિર કરે અને દેવવંદનની ચોરાશી આશાતના ટાળે એવો વિચાર બતાવે છે. અહીં આશા અને આશાતનાનો ગોટાળો થયો છે એમ જણાય છે આનો નિર્ણય આપણે આપી શકતા નથી.

આ ગાથામાં પ્રભુના અઢાર પૈકીના પ્રથમ દોષના નિવારણની વાત કરવામાં આવી છે. હવે આપણે બીજા દોષો વિચારીએ. જ્ઞાનવિમળસૂરિ આશા–તૃષ્ણાના અર્થમાં તેને સમજ્યા છે. જ્ઞાનસાર પણ આશા–તૃષ્ણાના અર્થમાં તેને સમજે છે. મને તે અર્થ સ્વીકારવામાં જરા પણ વાંધો લાગતો નથી. ગાથાનો અર્થ સુગમ છે. લોકો જે આશાને આદર દે છે તેને તો આપે મૂળથી છોડી દીધી છે તેવા પ્રભુ! મારી અવગણના કેમ કરો છો? (૧)

જ્ઞાનસુરૂપ અનાદિ તુમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી. હો મલ્લિ૦ ૨

**અર્થ**—આપ તો અનાદિકાળથી જ્ઞાનસ્વરૂપી હતા. તે આપનું અસલ સ્વરૂપ આપ ખેંચીને લઈ આવ્યા. જુઓ, અજ્ઞાનપણામાં જે દશા હતી તેને આપે એટલી બધી રિસાવી દીધી, ખસિયાણી કરી કે એ અંતે રિસાઈને ચાલી ગઈ, દૂર ભાગી ગઈ. ત્યારે એને જતી જોઈને આપે એને માટે કાણ પણ ન માંડી, કાંઈ આપે તેની વાર્તા કે કથાયે ન કરી! (૨)

**ટબો**—હે નાથ! તમારું અનાદિ જ્ઞાન સ્વરૂપ–નિરુપાધિક જ્ઞાન તે તમારું તમે તાણી લીધું, નિરાવરણી થઈ સંગ્રહ્યું; તે દેખી અજ્ઞાનદશા અનાદિની હતી તે રિસાઈ ગઈ, તે જતી દેખીને કાંઈ મનમાં શંકા કાસલિ ન આણી, મનાવી પણ નહિ. (૨)

**વિવેચન**—આપનું જ્ઞાનરૂપ તે આપે ખેંચી લીધું, આપનું પોતાનું જ્ઞાનસ્વરૂપ હતું તેને આપે ઝૂંટવી લીધું અને આપની કેટલાક કાળથી અજ્ઞાનદશા હતી તે તો આપનાથી રિસાઈ ગઈ; તે એટલી બધી રિસાણી કે આપની પાસેથી તે ચાલી ગઈ, પણ આપે તેને જતી જાણીને કાણ પણ માંડી નહિ! આર્યાવર્તમાં એવો નિયમ છે કે પરગામ કોઈ મરણ થયું હોય તો સગાં-સંબંધી તેના લૌકિકે આવે તેને કાણ કહેવામાં આવે છે. આવા અર્થમાં 'કાણ' શબ્દ વપરાયો છે એમ મને લાગે છે. જ્ઞાનવિમળસૂરિ અને જ્ઞાનસાર બંને કાણનો અર્થ 'કથા' કરે છે. તેના કરતાં હું જે અર્થ ઉપર સૂચવું છું તે વધારે બંધબેસતો જણાય છે. પણ 'કાણ આણી' એવો શબ્દોપયોગ થતો નથી. 'કાણ માંડી' એમ કહેવાય છે. તેથી મૂળ લેખકનો શો આશય હશે તે જાણવું મુશ્કેલ પડે છે.

આ ગાથામાં કહેલ અજ્ઞાનદોષ અનાદિનો છે. તેથી આત્મા શું ચીજ છે, શરીર શું ચીજ છે, સુખ-દુઃખ શાથી આવે છે, તેનું યથાર્થ જ્ઞાન થતું નથી. પ્રાણી શરીરના દુઃખે દુખિયો

**પાઠાંતર**—'સુરૂપ' સ્થાને પ્રતમાં 'સરૂપ' પાઠ લીધો છે. 'અનાદિ' સ્થાને પ્રતમાં 'અનાદિનો' પાઠ છે. 'તમારું' સ્થાને એક પ્રતમાં 'ગાહરૂ' પાઠ છે. 'લીધું' સ્થાને પ્રતવાળો 'લીધો' લખે છે. એક પ્રતમાં 'લિધુ' પાઠ છે. 'તમે' સ્થાને પ્રતવાળો 'તુમે' લખે છે. 'જુઓ' સ્થાને એક પ્રતમાં 'જોઉ' પાઠ છે. 'રીસાવી' સ્થાને પ્રતમાં 'વીજાતાં' ઊઠ લખેલ છે. 'કાણ' સ્થાને પ્રતમાં 'કાંણિ' શબ્દ મૂક્યો છે; અર્થ માટે વિવેચન જુઓ. (૨)

**શબ્દાર્થ**—જ્ઞાનસુરૂપ = જ્ઞાનસ્વરૂપ, બીજી વસ્તુઓને જાણવાનો સ્વભાવ. અનાદિ = આદિ વગરના કાળથી; એટલે તમારું સ્વભાવિક અનાદિ કાળથી પોતાનું સ્વરૂપ, નિજરૂપ, તમારો સ્વાભાવિક અનાદિ ભાવ. તેહ = તેને, તે અનાદિ સ્વભાવને. લીધું તાણી = આકર્ષી લીધું, ખેંચીને લઈ આવ્યા, જોર કરીને પોતાનું બનાવ્યું. તમે = આપે, પોતે. જુઓ = અને લોકો! નજર કરો, દેખો. અજ્ઞાન દશા = અજાણપણું, નહિ જાણવાપણું, અણજાણપણું. રીસાવી = ક્રોધથી નારાજ થઈ, દૂર જઈ રિસાઈ બેઠી. કાણ = મરણ પાછળ રોવું, કૂટવું, ન આણી = ન કરી, ન સ્વીકારી, ન માંડી. (૨)

થાય છે, કુટુંબના દુઃખે દુખિયો થાય છે, સુગુરુને કુગુરુ માને, કુદેવને સુદેવ માને અને સુદેવને કુદેવ માને, સુધર્મને કુધર્મ માને છે; અને પાંચે ઇંદ્રિયના ત્રેવીશ વિષયોમાં લુબ્ધ થઈ પ્રવર્તે છે, અને ધન, કુટુંબ, જે પર વસ્તુ છે, તેને પોતાનાં માને છે. તે કર્મને ઓળખતો નથી અને કર્મ કેમ ઉદયમાં આવે છે અને તેને કેમ નિર્જરી શકાય તે જાણતો નથી. પ્રાણી અનેક ખોટાં કામ કરે છે. ષટ્ દ્રવ્યને એ ઓળખતો જ નથી. એ અજ્ઞાનદશામાં ચાલતો આવ્યો છે અને ચાલે છે અને અનાદિકાળથી સંસારમાં રખડે છે. આ અજ્ઞાનદશાનો સર્વથા ત્યાગ કરી જ્ઞાનગુણને સ્વીકારવો તે ઘણી મહત્ત્વની બાબત છે. જ્ઞાનથી લોકાલોક પ્રકટ થાય છે અને જે ભાવો મહાજ્ઞાની કહી શકે તેને શ્રુતજ્ઞાનથી તે કહી શકે છે. આપે જે જ્ઞાનદશાનો સ્વીકાર કર્યો અને અજ્ઞાનદશાને રિસાવી મૂકી તે એટલે સુધી કે તેની કાણ પણ ન માંડી, અને આપને તેના ચાલી જવાને અંગે મનમાં પણ કાંઈ ન આવ્યું તે આપનો બીજો ગુણ છે. આપે અઢાર દોષોને નિવાર્યા તેમાં અજ્ઞાનદશાનો આપે ત્યાગ કર્યો અને જ્ઞાનદશાનો સ્વીકાર કર્યો તે કાંઈ જેવું તેવું કામ નથી કર્યું. જ્ઞાન એ તો દીવો છે. જેમ દીવો પ્રકાશ આપે તેમ આપનું જ્ઞાન સુંદર ઝળકાટ આપે છે. અને આપે આ જ્ઞાનનો સ્વીકાર કરી મોટો સુંદર દાખલો બેસાડ્યો છે. આપ આવા મોટા છો તો આ સેવકની કેમ અવગણના કરો છો? આપે આ સેવકને તદ્દન વિસારી ન દેવો જોઈએ એવી મારી આપને વિનતિ છે.

> નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;
> નિદ્રા સુપનદશ રીસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦ ૩

**અર્થ**—ઊંઘ, સ્વપ્નાવસ્થા, જાગ્રતદશા અને ચોથી ઉજાગરદશા એ પૈકી ચોથી ઉજાગરદશા આપને મળી. આપની નિદ્રાદશા અને સુપનાની દશા–સ્વપ્નદશા એટલી બધી રીસાણી, આપનાથી છેટે ચાલી ગઈ અને આપે તે વાત જાણી પણ આપે–નાથે ન મનાવી, ફોસલાવી પણ નહિ, તે જાય તેને જવા દીધી. (૩)

**ટબો**—નિદ્રા ૧, સ્વપ્નદશા ૨, જાગરતા ૩, ઉજાગરતા ૪.

> 'मोहो अणाइनिद्दा, सुपणदशा भव्वबोहिपरिणामो।
> अपमत्तमुणी जागर जागर, उयागर वीयराउ त्ति ॥'

---

**પાઠાંતર**—'જાણી'ને બદલે બન્ને પ્રતમાં 'જાણિ' લખ્યું છે. (૩)

**શબ્દાર્થ**—નિદ્રા = ઊંઘ, સૂઈ જવું તે, પોઢી જવું તે, પલંગ કે તળાઈમાં ઊંઘી જવું તે. સુપન = સ્વપ્નદશા, ઊંઘમાં સ્વપ્નાં આવે તે. જાગર = જાગરૂકદશા, જાગતી સ્થિતિ, સમાધિ પણ જાગરૂક દશામાં ગણાય. ઉજાગરતા = સવિશેષ જાગૃત દશા, જેમાં ઊંઘ જ ન આવે તેવી દશા. તુરીય = ચોથી (જે ઉપર કહેલ ઉજાગર દશા છે તેને). આવી = મેળવી, આપને પ્રાપ્ત થઈ, આપે આણી. નિદ્રા = ઊંઘવાની દશા, જેને ઉપર પહેલી દશા કહી છે તે. સુપનદશા = સ્વપ્ન, જેમાં સોણલાં આવે તે ઉપર કહેલ બીજી દશા. રીસાણી = રિસાઈ ગઈ, ઊઠીને દૂર થઈ ગઈ, અળગી થઈ. જાણી = એમ ખબર હતી છતાં, સમજીને. ન = નહિ, નકાર. નાથ = ભગવાન, પ્રભુ. મનાવી = ફોસલાવી, સમજાવી. (૩)

इति त्रिंशतिकायाम् । ચોથી અવસ્થા આવી તે વારે-નિદ્રાદશા ૧, સ્વપ્નદશા ૨, રીસાણી જાણી, પણ હે નાથ! તમે મનાવી નહીં. ભલી શોભા. (૩).

**વિવેચન**—ઊંઘ અને જાગવાની સ્થિતિને અંગે ચાર પ્રકારની સ્થિતિ હોય છે. તેમાં પ્રથમની સ્થિતિ નિદ્રાદશા છે. આપણે જેમાં ઊંઘીએ છીએ તે નિદ્રા. સુખે–સહેલાઈથી જાગ્રત થઈ જાય તે નિદ્રા. મહામુશ્કેલીએ ઘણો હલાવ્યા, બોલાવ્યા કે હોકારા કર્યા પછી જાગે તે નિદ્રાનિદ્રા. ઊઠતાં બેસતાં ઊંઘ આવે તે પ્રચલા. અને હાલતાં-ચાલતાં ઊંઘ આવે તે પ્રચલાપ્રચલા. અને દિવસે ચિંતવેલ કામ રાત્રે ઊંઘમાં કરે તે થીણદ્ધિ અથવા સ્ત્યાનર્દ્ધિ. આ પાંચે પ્રકારની નિદ્રામાં દર્શન તદ્દન બંધ થઈ જાય છે, દર્શનને માટેની આંખો જ બંધ થઈ જાય છે. નિદ્રાદશાને અંગે આ પ્રથમ નિદ્રાદશા થઈ. નિદ્રાની બીજી સ્થિતિ સ્વપ્નદશા છે. એમાં ચિત્રવિચિત્ર સ્વપ્નો આવે અને તે પણ ઊંઘની એક દશા હોઈ તેમાં પણ દર્શન તદ્દન અટકી પડે છે આ સ્વપ્નદશા તે નિદ્રાની બીજી દશા થઈ. એમાં દર્શન તદ્દન બંધ થઈ જાય છે. આ ઊંઘ પણ ખરાબ છે અને તેનાથી દર્શન થતું અટકે છે. ઊંઘવા-જાગવાને અંગે ત્રીજી જાગ્રતદશા છે. માણસ જાગતો હોય ત્યારે સર્વ ચીજોને દેખી શકે છે અને તેનું દર્શન જાગતું રહે છે. એ જાગ્રતદશા તે નિદ્રાદશાથી તદ્દન ઊલટી છે. જાગવા-ઊંઘવાને અંગે ચોથી દશા તે ઉજાગરદશા કહેવાય છે, તે કેવળી, તીર્થંકર ને સિદ્ધના જીવોને હોય. તેઓ ઊંઘ ઇચ્છતા પણ નથી અને રાતદિવસ જાગતા રહે છે. આ ચોથી ઉજાગરદશામાં દર્શન સદૈવ જાગ્રત રહે છે અને આખો વખત દર્શન થયા કરે છે. બાકી તો, વ્યાખ્યાનમાં પણ શ્રવણ કરતાં માણસ નિદ્રાના જોરથી ઝોકાં ખાય છે અને ઘેર કે દુકાને ચોર ચોરી કરી જાય ત્યારે પણ ભાઈશ્રી તો ઊંઘતા જ રહે છે. આપે આ ચોથી ઉજાગરદશા રાખી છે અને નિદ્રાદશા તથા સ્વપ્નદશા તો આપથી સંપૂર્ણ રિસાઈ ગઈ છે. આપે તો, તેની સાથે ઘણા કાળનો પરિચય હોવા છતાં, એને મનાવવાનો પ્રયાસ પણ નથી કર્યો.

આ આપનો ત્રીજો ગુણ છે. જે અઢાર દોષનો આપે ત્યાગ કર્યો છે તેમાં આ નિદ્રા ત્રીજો દોષ છે. હે પ્રભુ! આપ આ સેવકની કેમ અવગણના કરો છો અને મારી સામે નજર પણ કેમ કરતા નથી? અહીં ત્રીજો નિદ્રાદશાનો ત્યાગ અને ચોથો સ્વપ્નદશાનો ત્યાગ એમ આ ગાથામાં બે ગુણનાં અથવા દોષનિવારણનાં વર્ણનો કર્યાં. (૩)

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦ ૪

**પાઠાંતર**—'સમકિત' સ્થાને પ્રતવાળો 'સમકીત' શબ્દ લખે છે. 'સાથે' સ્થાને એક પ્રતમાં 'સાથૈં' પાઠ છે, તે પ્રાચીન ગુજરાતી છે. 'પરિવાર શું' સ્થાને પ્રતવાળો 'પરિવારસ્યું' લખે છે. 'અપરાધણ' શબ્દને સ્થાને બન્ને પ્રતમાં 'અપરાત્રણિ' શબ્દ લખ્યો છે. (૪)

**અર્થ**—આપે તો સમ્યક્ત્વ-શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ પર શુદ્ધ શ્રદ્ધા સગપણસંબંધ-કર્યું, તે એકલા તેની સાથે જ નહિ, પણ તેના સગાસંબંધીઓ સાથે પણ પાકો સંબંધ કીધો અને મિથ્યામતિને તહોમતદાર તરીકે કે ગુનેગાર તરીકે ઓળખી લઈને એને તો ઘરમાંથી જ બહાર હાંકી દીધી, કાઢી મૂકી. (૪)

**ટબો**—સમકિત સગાઈ કીધી, સદાગમ સદ્બોધાદિ પરિવાર સાથે સુદૃઢપણે; મિથ્યામતિને અપરાધિણી–પાપકારિણી જાણીને ઘરથી–મનમંદિરવાસના ઘરથી સંજ્ઞારૂપથી પણ બહાર કાઢી. (૪)

**વિવેચન**—આ ગાથામાં પાંચમા મિથ્યાત્વ દોષના નિવારણની વાત કરે છે. સમકિત સાથે એના આખા પરિવાર સાથે સંબંધ–સગપણ કર્યું અને તે પણ ગાઢો સંબંધ કર્યો. અને મિથ્યાબુદ્ધિ–મિથ્યાત્વ સાથે એને એટલો વાંધો પડી ગયો કે તેને અપરાધ કરનારી તહોમતદાર ગણીને ઘરથી બહાર ધકેલી દીધી. સમ્યક્ત્વના સડસઠ બોલની વાર્તામાં સમકિતના સંબંધીઓ શમ, સંવેદ, નિર્વેદ, આસ્તિકય અને અનુકંપાને ઉપર જણાવી ગયા છીએ. એની સાથે–એ સમ્યકત્વના પરિવારની સાથે–એણે સગપણ–સ્નેહસંબધ કર્યો.

ખરી વસ્તુને ખોટી માનવી તે મિથ્યાત્વ; ખોટાને–સાચું માનવું, ધર્મને અધર્મ માનવો તે મિથ્યાત્વ. એના અનેક પ્રકાર છે :—

પ્રથમના મિથ્યાત્વને અભિગ્રહુમિથ્યાત્વ કહે છે. તેમાં કુદેવને સુદેવ માને, કુગુરુને સુગરુ માને, અધર્મને ધર્મ માને. આવી રીતે ગર્દભપુચ્છ પકડયું તેને છોડે જ નહિ, હઠ કદાગ્રહુથી બાપદાદાની હઠ પકડીને કુગુરુને મૂકે નહિ.

બીજો મિથ્યાત્વદોષ અનભિગ્રહિક મિથ્યાત્વ. તે બધા દેવને સરખા માને. સુદેવ અને કુદેવને સરખા માને. એને ખરાખોટાનો ભેદ થતો નથી. એ ખરો વિચાર જ કરતો નથી. એ અધર્મને પણ ધર્મ માને.

ત્રીજો મિથ્યાત્વનો પ્રકાર તે અભિનિવેશિક મિથ્યાત્વ. તેમાં તે સત્યદેવને માને નહિ, પણ બાપદાદાએ કર્યું તેમ જ કર્યા કરે. સાચો ધર્મ જાણે પણ તેને સ્વીકારી ન શકે.

ચોથો સાંશયિક મિથ્યાત્વ. એ વીતરાગનાં વચનમાં શંકા કરે. એના સંશયનું નિવારણ થાય જ નહિ.

મૂઢતાથી ખબર ન પડે તે પાંચમું અનાભોગિક મિથ્યાત્વ. એકેંદ્રિય પ્રમુખ જીવોને આ મિથ્યાત્વ હોય છે. એને ધર્મ-કર્મની ખબર જ પડતી નથી.

---

**શબ્દાર્થ**—સમકિત = શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા. સાથે = જોડે, ના સંબંધમાં. સગાઈ = સ્નેહ-સંબંધ, પ્રેમ. કીધી = કરી. સપરિવાર તેના પરિવાર સાથે, શમ, સંવેગ વગેરે તેના કુટુંબીજનો. સુ = ની સાથે. ગાઢી = ગાઢ, પાકી, જીવ હાડોહાડ. મિથ્યામતિ = ખોટી બુદ્ધિ, ખોટામાં સારાપણાની બુદ્ધિ. અપરાધણ = અપરાધિની, તહોમતદાર. જાણી = ઓળખી, શોધી કાઢી. ઘરથી = પોતાના ગૃહમાંથી, પોતાના ઘરેથી. બાહિર = બહાર, છેટે, આઘે. કાઢી = ફેંકી દીધી. (૪)

આવી અનેક પ્રકારની મિથ્યાત્વની બુદ્ધિ હોય છે તેનો આપે ત્યાગ કર્યો છે અને શમ, સંવેગ આદિ આખા પરિવાર સહિત સમકિત-શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ પર શુદ્ધ શ્રદ્ધા આપે આપનામાં જમાવી છે. સમકિતના પ્રકારો અગાઉ વર્ણવી ગયા છીએ. મિથ્યાત્વને અનેક પ્રકારે વર્ણવેલ છે. મતલબ, આપે સમકિત સાથે, એના પરિવાર સહિત, ગાઢ સંબંધ કર્યો અને 'પાંચમા દોષ મિથ્યાત'ને ઘરથી બહાર કાઢી મૂકવાનો અને તેની સાથે સંબંધ ન કરવાનો નિશ્ચય કર્યો. (૪)

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણિ ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મલ્લિ૦ ૫

**અર્થ**—હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા અને પેલી ત્રણ સાંધાવાળી દંતાળીને જ્યારે આપ નોકષાયરૂપ હાથી ને શ્રેણીની ઉપર ચઢ્યા તે વખતે એની બાપડીની કૂતરા જેવી ગતિ પકડાવી દીધી. (૫)

**ટબો**—હાસ્ય ૧, રતિ ૨, અરતિ ૩, શોક ૪, દુગંછા ૫, ભય ૬, ઇત્યાદિક પામર-નીચા લોક ધુરસાલી-રીસાલી ભું (?) છ નોકષાયાદિક એ શ્વાનની ગતિ-દશા લાધી; જેમ ગજ વાટે-રાજમાર્ગે જાય તે વારે શેરીમાં કૂતરા ભસે, પણ હાથી સ્વગતિ ન ભાજે, તેની સામો પણ ન થાય. (૫)

**વિવેચન**—આ ગાથામાં અઢાર દૂષણો પૈકી બીજાં છ દૂષણો કહેવામાં આવશે. એને જૈન પરિભાષામાં નવ નોકષાય કહેવામાં આવે છે. નોકષાય એટલે કષાયના ઉત્તેજક, કષાયને ઉત્પન્ન કરનાર.

આપણે પ્રથમ છઠ્ઠા દૂષણ અને કષાયને ઉત્પન્ન કરનાર પ્રથમ નોકષાયરૂપ દૂષણને વિચારીએ. હાસ્ય એટલે હસવું તે. હસવામાંથી ખસવું થઈ જાય છે અને માણસ હસે છે ત્યારે સામાને શું લાગશે તેનો તેને વિચાર રહેતો નથી. હસી હસીને માણસ એટલું હસી નાખે છે કે તેની હદ થઈ જાય છે. મારા એક મિત્ર એક વાર હસવા માંડે તે અંતે રૂએ ત્યાં સુધી હસ્યા જ કરે. અને મશ્કરી કે હાંસીમાં બોલેલાં વચનોને તો પ્રાણી કદી ભૂલી શકતો

**પાઠાંતર**—'અરતિ રતિ' સ્થાને પ્રતવાળો 'રતિ અરતિ' લખે છે; બીજી પ્રતમાં 'રતી અરતી' પાઠ છે. 'કરસાલી' સ્થાને બન્ને પ્રતમાં 'ધુરસાલી' શબ્દ પ્રતકાર લખે છે; અર્થ માટે વિવેચન જુઓ (૫)

**શબ્દાર્થ**—હાસ્ય = મશ્કરી, ઠઠ્ઠા, હસવું તે અરતિ = અપ્રેમ, મનમાં ધીરજ નહિ તે, ચિત્તવ્યાકુળતા. રતિ = પ્રેમ, પ્રીતલડી. શોક = ખેદ, માનસિક ઉદ્વેગ, દિલગીરી. દુગંછા = નાક મચકોડવું તે, નાકમાં પીડા થવી. ભય = બીક, બીક. પામર = તુચ્છ, સાધારણ, હલકી. કરસાલી = દંતાળી, ત્રણ દાંતાવાળી (સ્ત્રી-પુરુષ-નપુંસકવેદ). નોકષાય = નવ નોકષાય, હાસ્યાદિ નવ. ગજ = હાથી, હસ્તી. શ્રેણિ = પંક્તિ, પદ્ધતિ. ચઢતાં = આગળ વધતાં. શ્વાન = કૂતરું. તણી = ની, તેની. ગતિ = ચાલ, ગત, રીત. ઝાલી = પકડી, લીધી, આદરી, સ્વીકારી (૫)

નથી. કુમારપાળની બહેનને રમતાં રમતાં સોગઠાબાજીમાં જ્યારે પોતાના ધણીએ એટલું કહ્યું કે 'માર એ કુમારપાળના મુંડીઆને', ત્યારે એ રિસાઈને પિયર આવી. કુમારપાળે એ વાત જાણી ત્યારે આવું બોલનારની જીભ ખેંચાવી લઉં એમ જાહેર કરી મોટી લડાઈ જાહેર કરી. અને એના વખતમાં બે મોટી લડાઈઓ થઈ, તે પૈકી આ લડાઈ એક મોટી લડાઈ ગણાય છે. અંતે લડાઈમાં પોતાના બનેવીને હરાવ્યો. અને અંતે પ્રધાને સમજાવ્યો ત્યારે કુમારપાળે જામાની પાછળ ચીતરેલ જીભને ખેંચી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. આવી હાસ્યની વાત છે. હાસ્યની ટેવવાળા લોકોમાં મશ્કરા કહેવાય છે. આ હસવાની પ્રવૃત્તિ આત્મિક ગુણથી વિપરીત છે અને એ અનર્થદંડને ઘણો વધારી મૂકે છે. પછી તો હસતાં બાંધેલાં કર્મો રડતાં પણ છૂટતાં નથી અને નવીન કર્મબંધ કરાવે છે. માટે ભગવાનની પેઠે હસવાનો ત્યાગ કરવો. હસવાની ટેવ ખોટી છે; એમાં જરા પણ લાભ નથી. અને એ ક્રોધને ઉત્પન્ન કરનાર છે. અને 'હસે એના ઘર વસે' એ કહેવત ખોટે રસ્તે દોરનારી છે. ખરા આત્મિક ગુણને એ અટકાવનારી પદ્ધતિ છે અને તેથી પ્રભુનો આદર્શ રાખનારને એ સર્વથા ત્યાજ્ય છે. એ ટેવથી કોઈ જાતનો લાભ નથી અને એકંદરે-સરવાળે નુકસાન જ છે. હસવામાંથી ખસવું થઈ જતાં વાર લાગતી નથી, તેથી આ હસવાની કે મશ્કરી કરવાની ટેવ રાખવી યોગ્ય નથી. આવી રીતે હસવાની પદ્ધતિનો ત્યાગ કરવો એ પ્રભુને આદર્શ તરીકે સ્વીકારનારને માટે ખાસ જરૂરી છે. એ પ્રમાણે અઢાર પૈકી છઠ્ઠો દોષ થયો.

એ જ પ્રમાણે રતિ નામનો સાતમો દોષ પણ પ્રભુને થતો નથી. અનુકૂળ પૌદ્ગલિક પદાર્થ મળે ત્યારે રાજી થવું તે રતિ નામનો નોકષાય છે. તે દૂષણ પ્રભુને જરા પણ નથી. અનુકૂળ પદાર્થોમાં રાજી થવું, તેના ચેનમાં પડી જવું, એથી પ્રાણી ભારે કર્મબંધ કરે છે. પદાર્થને અનુકૂળ માનવો તે જ અજ્ઞાનતા છે. પદાર્થ તો જડ હોઈ અંતે વિનાશી છે. શરીર કે કોઈ પણ પદાર્થમાં રતિ ન કરવી, એ પ્રભુનો માર્ગ છે અને પ્રભુના માર્ગને અનુસરી આ સાતમા દૂષણનો ત્યાગ કરવો.

આઠમું દૂષણ અરતિ છે. રતિથી તે ઊલટો દુર્ગુણ છે. અરતિ એટલે ચીજ પર અરાગ. કોઈ વસ્તુ ઉપર અપ્રીતિ ન કરવી. આપણો લેણદાર ધન માગે ત્યારે તેને આપવું. સર્વ ચીજો અહીં મૂકી જવાની છે, આપણી સાથે કોઈ આવનાર નથી, એમ વિચારી કોઈ ચીજ પર અને કોઈ બનાવ પર અપ્રીતિ ન કરવી. આ આઠમા દૂષણને ભગવાને નિવાર્યું. અને ભગવાન આપણા આદર્શ હોઈ આપણે તેને અનુસરવું ઘટે. ધન ચાલ્યું જાય ત્યારે પણ અરતિ ન કરવી.

ચોથો નોકષાય અને નવમું દૂષણ શોક છે. કોઈ માંદુ પડે કે મરી જાય ત્યારે ખેદ થાય એ શોક છે. માણસ શોકથી તંદુરસ્તી ખોઈ બેસે છે, બજાર વચ્ચે અમર્યાદ કૂટવું, વરસ સુધી મોં વાળવાં, છાજિયાં લેવાં, એ પણ શોકનો એક પ્રકાર જ છે. આમાં શોભા મળતી નથી અને આપણે પણ જવાનું જ છે એ વાતનું ભાન રહેતું નથી. આ ભવ ને પરભવમાં હાનિ

કરનાર, સંયોગનો વિયોગ થાય જ એ નિયમને વીસરાવનાર અને પરભવમાં દુર્ગતિ અપાવનાર આ દૂષણ પર પ્રભુએ વિજય મેળવ્યો છે. આ પ્રમાણે શોક નામનું નવમું દૂષણ વિચાર્યું.

દશમું દૂષણ દુર્ગંછા નામનું છે. કોઈ ગંદી ચીજ કે વિષ્ટાને જોઈ એની ગંધ આવતાં મોં મચકોડવું તે દુગંછા છે. કોઈ પ્રાણીને હલકો માનવો નહિ અને અછુત ઉદ્ધાર માટે પ્રયત્ન કરવો એ દુગંછાનો ત્યાગ છે. આ દશમા દૂષણનો પ્રભુએ ત્યાગ કર્યો છે. આદર્શસ્થાને સ્થાપનાર આપણે એને (પ્રભુને) અનુસરવું એ આપણી ફરજ છે.

ભય સાત છે : આલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માત્‌ભય, આજીવિકાભય, મરણ-ભય અને અપકીર્તિભય. આને જુદા દૂષણમાં ગણવામાં નથી આવ્યું પણ તે તજવા યોગ્ય છે.

એ સર્વ નોકષાયો બાપડા–બિચારા છે. નોકષાય રૂપ હાથીની શ્રેણિ પર ચડતાં જેમ હાથી પછવાડે દૂર દૂરથી કૂતરા ભસે તેવા તેના હાલ છે. પ્રભુ તો હાથમાં દંતાળી લઈ ત્રણે વેદો ઉપર વિજય મેળવી એ સર્વને નિવારે છે. હાથી પછવાડે કૂતરાના ભસવાની કાંઈ અસર થતી નથી. આ ગતિ આપે પકડી છે અને આપ મારા આદર્શ હોઈ મારે તે માર્ગે કામ લેવા યોગ્ય છે. આ નોકષાયો નવ છે તેના પર મારે વિજય મેળવવો એવો મારો આદર્શ છે. (૫)

રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગપરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા. હો મલ્લિ૦ ૬

**અર્થ**—ચારિત્રમોહનીયના મોટા લડવૈયાઓ તો રાગ દ્વેષ અને અવિરતિની રીત છે, તે આપનામાં વીતરાગભાવ જામતાં બાપડા બાઘડ ભૂત જેવા થઈ ઊઠીને નાસી જ ગયા. (૬)

**ટબો**—રાગ દ્વેષ અવિરતિ પરિણામ એ સર્વ ચારિત્રમોહ નૃપતિના યોધા–સુભટ છે; તે સઘળા એ વીતરાગભાવની પરિણતિ પરિણમતે હુંતે પોતાની મેળે તે આફણીહી જ ઊઠી નાઠા. અત્યંત અબોધ અજ્ઞાન છે તે. (૬)

**વિવેચન**—રાગ એટલે મનને પસંદ પડે તેવી ચીજ પર પ્રીતિ અને દ્વેષ એટલે મનને પસંદ ન પડે તેવી ચીજ પર તિરસ્કાર; વિરતિભાવનો અભાવ-એ સર્વ મોહનીય કર્મ, જે રાજા પદે છે, તેના લશ્કરીઓ છે. મોહનીય કર્મને રાજાનું સ્થાન અપાય છે અને તેના લડ-વૈયા–લશ્કરી સ્થાને રાગ, દ્વેષ અને અવિરતિની પરિણતિને અપાય છે. રાગ એટલે પ્રીતિ અને

**પાઠાંતર**—'અવિરતિની' સ્થાને પ્રતમાં 'અવિરતિ' પાઠ છે; એક પ્રતમાં 'અવીરતી' પાઠ છે. 'યોધા' સ્થાને પ્રતમાં 'જોધા' પાઠ છે. 'પરિણમતાં' સ્થાને એક પ્રતમાં 'પરિણા રમતા' પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—રાગ = પ્રેમ, સ્નેહ. દ્વેષ = અપ્રીતિ, અપ્રેમ. અવિરતિ = ત્યાગભાવનો અભાવ, વિરમવાની ગેરહાજરી. ચરણમોહ = ચારિત્રમોહનીયના. યોધા = લડવૈયા, આગળ ચાલનારા, રંઢાનિશાનો. વીતરાગ = જેનો રાગ કપાઈ ગયો છે તે, ભગવાન, પ્રભુ. પરિણતિ = તેના જેવી હૃદયેચ્છા, વૃત્તિમાં તદ્રૂપ થવું તે પરિણમતાં = પામતાં. ઊઠી = ઊભા થઈ ને. નાઠા = દૂર થયા, ભાગી ગયા. બોધા = અક્કલ વગરના, સાદી અક્કલના પણ નહિ. (૬)

દ્વેષ એટલે ધિક્કાર અને વ્રત ન લેવાં તે અવિરતિ પરિણતિ. રાગકેસરી, દ્વેષગજેન્દ્ર અને મોહરાજાના અવિરતિભાવ એ સર્વે મોહરાજાના સેનાનીઓ છે, લડવૈયા છે, અને ચારિત્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય તરીકે રહી મોહરાજાના સૈનિક તરીકે કામ કરનારા છે. પણ આપ ભગવાનની વીતરાગવૃત્તિનો પ્રસાર થતાં એ લડવૈયા સુભટો તો ક્યાંના ક્યાં નાસી ગયા; તેઓ પોતાનું મુખ પણ બતાવતા નથી અને મૂર્ખા બનીને નાસી છૂટ્યા છે. એમને થયું કે જો તેઓ સામે લડવા જશે તો વીતરાગપરિણતિ પાસે હાર પામશે. આવો આપનો મહિમા છે. આપે જે ત્યાગ કર્યો છે તે અવર્ણનીય છે.

આ ગાથામાં અગિયારમા રાગ અને બારમા દ્વેષ દૂષણનો આપે સર્વથા ત્યાગ કર્યો છે તેનું વર્ણન છે. આ રાગત્યાગ અને દ્વેષત્યાગ એ બહુ મોટા ગુણો છે. આ ગાથામાં બતાવ્યું એ રાગદ્વેષનો પ્રભુએ ત્યાગ કર્યો છે અને તેરમો અવિરતિ પરિણતિનો દોષ, જે કર્મબંધ કરાવે છે, તેનો પણ પ્રભુએ ત્યાગ કર્યો છે. (૬)

વેદોદય કામા પરિણામા, કામ્યક રસ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસસાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મલ્લિ૦ ૭

**અર્થ**—વેદના ઉદયથી થતા કામના જે પરિણામ થાય છે, એ આખા કામરસને આપે તજી દીધો અને આપ તો કામના રહિત–ઇચ્છા વગરના–થઈ જે આપનામાં ચાર અનંત છે તેને પગલે પગલે આપે ચાલવા માંડ્યું. (૭)

**ટબો**—વેદ ત્રણનો ઉદય, કામ એવું અપર નામ છે, કામ્ય વિષયાદિક અને કર્મ જે નિપજાવીએ તે સર્વનો ત્યાગી, સર્વથા નિઃકામી–નિરભિલાષી અને કરુણારસનો સાગર, અનંત ચતુષ્ક–તે અનંતજ્ઞાન ૧, દર્શન ૨, સમકિત ૩, વીર્ય ૪, તેના પદનો પ્રાપક. (૭)

**વિવેચન**—આ ગ્રંથમાં ચૌદમું દૂષણ કામનો ત્યાગ અથવા કામ્યક રસનો ત્યાગ કરી આપે એ દોષનું પણ નિવારણ કરેલ છે તેનું વર્ણન છે. વેદ એ નોકષાયો છે. કષાયને ઉત્પન્ન કરનાર પુરુષની સ્ત્રી સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થાય તે ખડના તાપ તુલ્ય પુરુષવેદ, સ્ત્રીને

---

**પાઠાંતર**—' વેદોદય ' સ્થાને બંને પ્રતમાં 'વેદ ઉદય' લખ્યું છે. ' કામા ' ને સ્થાને પ્રતમાં ' કાયા ' પાઠ લખ્યો છે. ' પરિણામ ' સ્થાને બંને પ્રતમાં ' પરનામા ' પાઠ છે. ' રસ ' સ્થાને બંને પ્રતમાં ' કરમ ' પાઠ છે. ' નિઃકામી ' સ્થાને પ્રતમાં ' નીકામી ' પાઠ છે. ' ચતુષ્ક ' સ્થાને પ્રતમાં ' ચઉતુષ્ક ' પાઠ લખે છે. (૭)

**શબ્દાર્થ**—વેદોદય = પુરુષ, સ્ત્રી, નપુંસકને ભોગવવાની ઇચ્છા. કામા = કામભોગની ઇચ્છા, સ્ત્રીને પુરુષની, પુરુષને સ્ત્રીની તથા નપુંસકને બંનેની, પરિણામા = ભોગવવાની ઇચ્છા, મરજી. કામ્યક = પોતાને પસંદ આવે તેવા. રસ = તેને ભોગવવામાં રસોત્પત્તિ. સહુ = સર્વ; કુલ, બધો. ત્યાગી = તજી દઈ, છોડી દઈ ને. નિઃકામી = ઇચ્છા વગરના, હોંસ વગરના. કરુણા = દયા, સર્વવ્યાપી પ્રેમ. રસ = તત્ત્વ. સાગર = દરિયો. અનંત = અપરંપાર, પાર વગરની. ચતુષ્ક = ૧. જ્ઞાન, ૨. દર્શન, ૩. ચારિત્ર, ૪. વીર્ય–એ ચારેનો સમૂહ. પદ = ઠેકાણું, પદધામ. પાગી = ગોતનારા, શોધનારા. (૭)

પુરુષને ભોગવવાની ઇચ્છા થાય તે છાણાની–અડાયાની અગ્નિ સમાન સ્ત્રીવેદ, અને પુરુષને તથા સ્ત્રીને બંનેને ભોગવવાની ઇચ્છા થાય તે નગર-અગ્નિ સમાન નપુંસક વેદ. આ કામ્યક રસ, જે સર્વ ઇંદ્રિયોથી ઉત્પન્ન થાય છે, તે બહુ અધમ છે. આ કામ્યક રસને કવિઓએ અલંકારની ભાષામાં વર્ણવ્યો છે. આપને તો એ કામ્યક રસ જરા પણ ગમ્યો નથી. આપે તો કામરસનો સર્વથા ત્યાગ કરી આ તેરમું દૂષણ સર્વથા ત્યાગ કરેલ છે.

પાંચ ઇંદ્રિયના તેવીશ વિષયો છે તેને આપે તજી દીધા છે. અને હે કરુણારસના સાગર ! આપ તો તદ્દન નિઃકામી થયા છો. આપને દેવતાની દેવીઓ કે મનુષ્યની ગમે તેવી બાહ્ય રંગે રૂપાળી સ્ત્રીઓ પણ લલચાવી શકતી નથી. આપની આ ઉપદેશકથા સાંભળવા ગમે તેવી રૂપવતી સ્ત્રીઓ આવે તેની આપને પરવા નથી.

આપ તો અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યશક્તિને શોધનારા છો અને એ અનંતચતુષ્કમાં મસ્ત થઈ રહેલા છો.

હે કરુણારસના દરિયા ! આપ કોઈ પણ પ્રકારે મારી અવગણના ન કરો અને આપના જેવો થવાના મારા મનમાં કોડ જાગ્યા છે તે પૂરા કરો. આપ અનંત શક્તિના ધણી છો તે બધું કરી શકશો. આ ગાથામાં પ્રભુના નિઃકામી ભાવની પ્રશંસા કરી. આ આદર્શે આપણે પહોંચવું છે. આપણા આદર્શમાં સુદર્શન શેઠ છે. એણે રાણીની પ્રાર્થના સાંભળી નહિ અને શૂળી સ્વીકારી. એનો અને સ્થૂળીભદ્ર તથા નેમનાથનો આપણો આ આદર્શ છે એ લક્ષ્ય ચુકાય નહિ. (૭)

> દાનવિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
> લાભવિઘન જગવિઘન નિવારક, પરમ લાભરસ માતા. હો મલ્લિ૦ ૮

**અર્થ**—દાનાન્તરાયને અટકાવી આપ તો સર્વને અભયદાન આપો છો. આપ તેને જીવવા દો છો. અને આપ આખી દુનિયાના લાભમાં જે અંતરાય આવે તેને અટકાવનાર છો અને આપ પરમ મહારસમાં લદબદો છો. (૮)

**પાઠાંતર**—'દાન' સ્થાને 'દાંન' પાઠ પ્રતમાં લખ્યો છે. 'જનને' સ્થાને પ્રતમાં 'જનનૈ' પાઠ છે. 'જગ' સ્થાને પ્રતમાં 'જગિ' પાઠ છે. (૮)

**શબ્દાર્થ**—દાન = બીજાનું આપવું–દેવું તે. વિઘન = વિઘ્ન, અડચણ, અંતરાય. વારી = અટકાવીને, મટાડી દઈને. સહુ = સર્વ, બધા, કુલ. જનને = માણસને, મનુષ્યોને. અભયદાન = કોઈની પણ તારે બીક નથી, જીવતદાન. પદ = સ્થાન. દાતા = આપનાર. લાભ = પ્રાપ્તિ, મળવું તે, એક વાર જે વસ્તુ ઉપભોગમાં આવે તેની મેળવણી. વિઘન = વિઘ્ન, તેમાં અંતરાય. અડચણ, ન મળવું તે. જગ = અને જગતના (બીજાના), અન્યત્. નિવારક = અટકાવનારા, રોકનારા. પરમ લાભ = ઉત્કૃષ્ટ પ્રાપ્તિ, સારામાં સારી મોટી વસ્તુનું આવી મળવું તે. રસ = તેનો મહિમા, સ્વાદ. માતા = તે મેળવીને તેમાં એકરૂપ થઈ ગયેલા, મગ્ન થયેલા. (૮)

**ટબો**—દાનવિઘન-પોતાનું દાતાન્તરાય-વારીને સર્વ જનને અભયદાનપદદાયક થયા, લાભાંતરાય વારી જગતના વિઘ્નો નિવારવાને પરમ લાભભરરસે કરી માતા-પુષ્ટ છો; સર્વ સંસાર ઉદાર પરમ મૈત્રી કરુણા રસે માતા. (૮)

**વિવેચન**—આ ગાથામાં પંદરમા તથા સોળમા દૂષણનો પ્રભુએ કેવી રીતે ત્યાગ કરી દીધો તે વર્ણવે છે.

દાન પાંચ પ્રકારનાં છે : અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદન, કીર્તિદાન અને ઉચિતદાન.

સુપાત્રદાન તે તીર્થંકર, કેવળજ્ઞાની, આચાર્ય, ઉપાધ્યાય, મુનિરાજ, ઉત્તમ શ્રાવક, સમ્યગ્દષ્ટિ કે માર્ગાનુસારીને દાન આપવું તે. એવા પુરુષોનો યોગ બને અને પોતાની પાસે આપવા યોગ્ય વસ્તુની જોગવાઈ હોય તે આપવી તે સુપાત્રદાન.

મરતા જીવને બચાવી લેવો, એને અંગે તકલીફ પડે તે ઉઠાવી લેવી, તે અનુકંપાદાન. કોઈ દુઃખી હોય તેને જોઈતી વસ્તુ પોતાની પાસે હોય તે આપવી તે પણ અનુકંપાદાનનો પ્રકાર છે. અધર્મી જીવને જ્ઞાનનો બોધ કરવો તે પણ અનુકંપાદાન. ઔષધાદિ આપવું તે પણ અનુકંપાદાનનો એક પ્રકાર છે. ટૂંકામાં બીજા જીવને સુખી કરવા કાંઈ આપવું તે અનુકંપાદાન છે.

પોતાની કીર્તિ ગવાય તે સારુ આપવું તે કીર્તિદાન છે.

સંસારી કુટુંબાદિકને ઉચિત પ્રમાણે દાન આપવું તે ઉચિતદાન છે.

દાનનો અંતરાય એટલે ઉપર જણાવેલા પાંચ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારનું દાન કરનારને કહે જે દાન આપવું તે કરતાં પોતાના પેટમાં ખાવું તે વધારે ઠીક છે; તે છોડીને લોકોને આપવામાં શું ફાયદો છે? ગુણવંતને નિર્ગુણી ઠરાવી દાન આપે નહિ; દાન આપનારને ના કહેવી; અથવા દાન આપનારની નિંદા કરવી, તેને ઉડાઉ કહેવો, અને પોતે શક્તિમાન હોય અને દાન આપનારનો મહિમા થાય તે જોઈ તેના ઉપર રોષ કરવો; પોતાથી બને તો દાન દેનારનું બગાડે અથવા તેની અવહેલના કરે અથવા કદાપિ દાન આપે તો તેનો અહંકાર કરે; પોતાને કર્ણદાનેશ્વરી ગણાવે; એ વિચારે નહીં કે ભગવંતના વરસીદાન આગળ પોતનું દાન કાંઈ પણ નથી—આવી રીતે પ્રાણી કાં તો દાન આપી અથવા આપનારને અટકાવી દાનાંતરાય બાંધે છે. આપે તો દાનાંતરાયને અટકાવીને સર્વ પ્રાણીઓને અભયદાન આપ્યું અને આ રીતે દાનાંતરાયરૂપ પંદરમા દૂષણને આપે ટાળ્યું, તેથી મારા આદર્શસ્થાને આપ છો. આપે દાનાંતરાયને તદ્દન દૂર કરી દીધો છે, અને વરસીદાન, ઉપદેશ અને જ્ઞાનદાન આપી જગતનું દારિદ્ર કાપી નાખ્યું છે.

અને આપે લાભાંતરાયનો ત્યાગ કરી એ સોળમા મહાદૂષણને અટકાવી જગતનાં વિઘ્નોને અટકાવી દીધાં છે. સાંસારિક લાભ અને બીજા આત્મિક લાભ, એ બન્ને પ્રકારના લાભના અંતરાયોને આપે દૂર કરી દીધા છે. નીરોગી શરીરનો લાભ થવો, ધન મળવું, નોકરો મળવા, ઇષ્ટ વસ્તુ મળવી, વિદ્યા-કળા શીખવી તે સર્વ લાભ છે. તેના અંતરાયને નિવારીને આપ તો

ઊંચામાં ઊંચા પ્રકારના રસમાં લચપચી રહ્યા છો. આપને એ સર્વ વસ્તુ મળે છે, કારણ કે આપને લાભાંતરાય નામના સોળમા દોષનો સર્વથા અભાવ છે. આ સોળમો દોષ આપનામાં જરા પણ નથી તેથી આપ મારા આદર્શસ્થાનને યોગ્ય છો. આપે આવા બે અંતરાયના દૂષણ ઉપર વિજય મેળવ્યો છે તે ખરેખર પ્રશંસાપાત્ર છે. (૮)

વીર્યવિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મલ્લિ૦ ૯

**અર્થ**—અને આપ તો વીર્યાન્તરાયને પણ પંડિત શક્તિએ કરી તદ્દન હઠાવી દઈ સંપૂર્ણ પદવી સાથે જોડાઈ ગયા છો. અને ભોગાંતરાય તથા ઉપભોગાન્તરાય એ બન્ને અટકાવીને આપ તો સંપૂર્ણ ભોગને સારી રીતે ભોગવો છો. (૯)

**ટબો**—વીર્યાંતરાય હણવે પંડિત વીર્યના ઉલ્લાસ સર્વ જગને સ્વભાવધર્મ સંપાવક છે. સ્વભાવપ્રતીતજ્ઞાપકોપદેશાચરણાદિ અનેક નિમિત્તે પૂરણ પદવી ભોગી તીર્થંકર નામકર્માદિકે ભોગાંતરાય, ઉપભોગાંતરાય વિઘન નિવારીને પરમ ભોગરસ અનંતધર્માત્મક જ્ઞેય વસ્તુના ભોગી છો. (૯)

**વિવેચન**—આ ગાથામાં ત્રણ દૂષણનો ત્યાગ વર્ણવશે; અને એ રીતે સોળમા, સત્તરમા અને અઢારમા દોષનું નિવારણ થશે. આપનામાં અનંત શક્તિ છે. આપની શક્તિ પાસે ચક્રવર્તીની શક્તિ પણ વિસાતમાં નથી. અને આપની ગતિને વજ્ર પણ રોકી શકતું નથી.

આપે સમજુ–જાણકારના જોરથી વીર્યાંતરાયને કાપી નાખી–દૂર કરીને સંપૂર્ણ પદવી, જે મોક્ષ સ્થાનમાં મળે છે, તેનો યોગ સાધ્યો છે અને આપ એ સ્થાને પહોંચી ગયા છો. મારે પણ તેવા થવાની ભાવના છે. આપે તો આપની શક્તિને આત્મકાર્યમાં જોડી દીધી છે. લોકો તમાસા જોતી વખતે દોડાદોડ કરે છે, પણ ધર્મકરણી કરતાં પોતાની શક્તિ નથી એવાં બહાનાં કાઢે છે. પ્રતિક્રમણ બેઠા બેઠા કરવામાં તંદુરસ્તીનું નિમિત્ત બતાવે અને તપસ્યા કરતી વખતે અશક્તિ દાખવે. મન બળવાન હોય તો સર્વ બની શકે છે. ધર્મ સાંભળવા માટે ફુરસદ ન મળે અને નકામાં ગપ્પાં મારવામાં કલાકો કાઢી નાખે. આ સર્વથી વીર્યાંતરાય બંધાય છે.

---

**પાઠાંતર**—'વીર્ય' સ્થાને પ્રતમાં 'વિરજ' પાઠ છે. 'વિઘન' પ્રતમાં 'વીઘન' એમ લખેલ છે. 'વીર્યે' સ્થાને 'વીરજે' એમ પાઠ પ્રતમાં છે, અર્થ એ જ રહે છે. 'નિવારી' સ્થાને પ્રતમાં 'નીવારી' લખ્યું છે. 'પૂરણ' સ્થાને 'પરમ' પાઠ છે. 'ભોગ સુભોગી' સ્થાને પ્રતમાં 'ભોગરસ ભોગી' પાઠ છે. (૯)

**શબ્દાર્થ**—વીર્ય=શક્તિ, જોર, બળ, તાકાત. વિઘન = તેનું વિઘ્ન, તેની અટકાયત. પંડિત = પોતાની અક્કલથી, હુંશિયારીનું. વીર્યે = તાકાતના જોરથી, સામર્થ્યે, બળે. હણી = દૂર કરી, હડફેટી. પૂરણ = પૂર્ણ, મોટામાં મોટી, પારાકાષ્ઠાવાળી. પદવી = સ્થાન, સ્થળ. યોગી = જોડનાર, મેળવનાર. ભોગોપભોગ = એક વાર ભોગવાય તે ભોગ, અનેક વાર ભોગવાય તે ઉપભોગ. દોય = બન્નેના, બેના. વિઘન = વિઘ્ન, અંતરાય, અડચણ નિવારી = અટકાવી, દૂર કરી. પૂરણ = પૂર્ણ, સર્વ, સઘળા. ભોગ = ભોગવવું તે. સુભોગી = તેને સારી રીતે ભોગવનાર. (૯)

જે એક વાર વસ્તુ ભોગવાય તેને ભોગ કહેવામાં આવે છે. કેવળી કે તીર્થપતિ કેવળ જ્ઞાનને ભોગવે તે કેવળજ્ઞાન બારમા ગુણસ્થાનકને અંતે પ્રાપ્ત થાય છે. સાંસારિક જીવોને પૌદ્‌ગલિક ભોગ્ય વસ્તુ ન મળે તે ભોગાંતરાય સમજવો. આપે તો બુદ્ધિપૂર્વકના પ્રયાસથી ભોગાંતરાયને હણી નાખ્યો છે અને આપ અનંત આત્મિક સુખના ભોગને ભોગવી રહ્યા છો. એ આપનો મહિમા મોટો છે, અને મારે એવા થવું છે.

જે વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપયોગની વસ્તુઓ : જેમ કે ઘર, કપડાં, પાટલા, ખુરશી એ સર્વ વસ્તુ એકની એક અનેક વાર વપરાય છે. આપનારની મશ્કરી કરવાથી, પોતે ન આપવાથી ન આપવાની સલાહ આપવાથી, અથવા આપનારની નિંદા કરવાથી પણ એ કર્મ બંધાય છે, આવી રીતે આત્મિક અને પૌદ્‌ગલિક વસ્તુનો અંતરાય ન પડે તેવું કરીને આપે ઉપભોગાંતરાય દૂષણ પર વિજય મેળવ્યો છે અને આપના એ આદર્શને મારે અનુસરવો છે. પ્રભુએ આ રીતે સોળમા, સત્તરમા અને અઢારમા દૂષણ પર વિજય મેળવ્યો છે. એ પ્રભુનો મહિમા આ ગાથામાં વર્ણવ્યો. આપે તો કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કર્યું અને દુનિયાને માર્ગ બતાવી સિદ્ધપણું પણ મેળવ્યું; એવા આપ કૃતકૃત થયેલા છો. એ જબરી વાત આપે કરી નાખી છે. આપે તીર્થંકરપણું અને સિદ્ધપણું મેળવી મહાન કાર્ય કર્યું છે અને તેથી આપ મારા આદર્શ-સ્થાને છો. (૯)

એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજનવૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન આયા. હો મલ્લિ૦ ૧૦

**અર્થ**—એ ઉપર ગણાવ્યા તે અઢાર દોષોને નિવારી–અટકાવી આપે તો શરીરને પણ તે અંતરાયો વગરનું કરી નાખ્યું છે. અને આપનો મહિમા અનેક મુનિઓના સમૂહો ગાઈ બતાવે છે. એ અઢારે દોષો એ તો અવિરતિના–ત્યાગ ભાવના અભાવના–છે. આપ તો તે દોષોથી રહિત છો અને મને પસંદ આવી ગયા છો. (૧૦)

**ટબો**—એ અઢાર દૂષણે કરી વર્જિત શરીર મુનિજન જ્ઞાની સમુદાયે ગાયા–સ્તવ્યા; અવિરતિરૂપ જે દોષ, તેનું જે રૂપણ–કહેવું, તેણે કરીને નિરદૂષણ; અથવા અવિરતિ–અસંવર રૂપ શબ્દાદિ દોષ મિથ્યાત્વાદિ, તેની જે નિરૂપણા તેણે નિરદૂષણ એવા પાચ્યા–મનસિ માયા. (૧૦)

**પાઠાંતર—**'દૂષણ' સ્થાને પ્રતમાં 'દોષણ' પાઠ છે. 'વૃંદે' સ્થાને પ્રતમાં 'વૃંદો' પાઠ છે. 'ગાય' સ્થાને પ્રતમાં 'ગાયો' પાઠ છે. 'નિરૂપણ' સ્થાને પ્રતવાળો 'નીરૂપણ' લખે છે. 'નિરદૂષણ' સ્થાને પ્રતમાં 'નિરદોષણ' પાઠ છે. 'મન ભાયા' સ્થાને પ્રતમાં 'મિતિ નાયા' પાઠ છે. (૧૦)

**શબ્દાર્થ**—અઢાર = ૧૮, દશ અને આઠ. દૂષણ = દોષ, સંસારનાં દુઃખો, પાપો. વરજિત = વગરના. વિનાના, નિવારક, તનું = શરીર. મુનિ = સાધુઓ, ત્યાગી, મૌનધારી. જન = માણસો. વૃંદે = ટોળું, એકઠા મળેલા. ગાયા = વર્ણવ્યા, ગુણગાન કરાયા. અવિરતિ = વિરતિ–ત્યાગભાવ, તજવું, તેનો અભાવ. રૂપક=રૂપધારણ કરેલ, સ્વરૂપ સ્વીકારેલ. દોષ = સંસારમાં રખડાવનાર, પાપો. નિરૂપક = બતાવનાર, નિરૂપણ કરનાર. નિરદૂષણ = દોષ –પાપ–મેલ વગરના, તેનાથી રહિત, તેવા. મન = ચિત્ત, દિલ. ભાયા = પસંદ આવ્યા, મનમાં રહ્યા (૧૦)

**વિવેચન**—ઉપર વર્ણવેલા અઢાર દોષથી રહિત આપનું શરીર છે. એ અઢાર દોષોનું છેલ્લી નવ ગાથામાં સંક્ષેપથી વર્ણન કર્યું તેમાં જરા મતભેદ છે. તે અઢાર દોષો એક મતે નીચે પ્રમાણે થાય છે :—

| | |
|---|---|
| ૧. આશાનો ત્યાગ. | ૧૦. દુગંછાનો ત્યાગ. |
| ૨. અજ્ઞાનનો ત્યાગ. | ૧૧. રાગનો ત્યાગ. |
| ૩. નિદ્રાદશાનો ત્યાગ. | ૧૨. દ્વેષનો ત્યાગ. |
| ૪. સ્વપ્નદશાનો ત્યાગ. | ૧૩. અવિરતિનો ત્યાગ. |
| ૫. મિથ્યાત્વનો ત્યાગ. | ૧૪. કામ્યરસનો ત્યાગ. |
| ૬. હાસ્યનો ત્યાગ. | ૧૫. દાનાંતરાયનો ત્યાગ. |
| ૭. રતિનો ત્યાગ. | ૧૬. લાભાંતરાયનો ત્યાગ. |
| ૮. અરતિનો ત્યાગ. | ૧૭. ભોગાંતરાયનો ત્યાગ. |
| ૯. શોકનો ત્યાગ. | ૧૮. ઉપભોગાંતરાયનો ત્યાગ. |

કોઈ તેમાં સ્વપ્નદશાને લેતા નથી, અજ્ઞાનને પણ જુદો ગણતા નથી. આશાને બદલે આશાતના કહે છે. ભરૂચના સુપ્રસિદ્ધ અનોપચંદભાઈ મેળાપચંદે એ અઢાર દોષો સંબંધી પુસ્તક છપાવી પ્રસિદ્ધ કર્યું છે. પણ અઢાર દોષો કયા કયા છે તે ગણાવ્યું નથી. એ ગમે તે હોય, આપનું શરીર અઢાર દોષોથી રહિત છે. અને અનેક મુનિજનોએ આપનાં ગુણગાન અનેક પ્રકારે કર્યાં છે. દેવચંદ્રજી મહારાજ જેવાએ આપના ગુણનું ગાન કરેલું છે. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી તથા વીરવિજયજી જેવા અનેક પુરુષોએ આપના ગુણની સ્તુતિ કરી છે. એ સર્વ ચોવીશી–વીશીસંગ્રહમાં છપાઈ ગયા છે.

તે દૂષણોનું નિરૂપણ કરીને એક નિર્દૂષણ વ્યક્તિ કેવી હોઈ શકે તેનો જીવતો–સાચો દાખલો આપ્યો છે. અને તેથી આપ મારા મનમાં પસંદ આવો છો. જેનાં મોટા મુનિઓનાં ટોળાંઓ ગુણગાન કરે અને જે જાતે નિર્દૂષણનો દાખલો પૂરો પાડે તે મનમાં કેમ ન ભાવી જાય ? આપ તેવા છો, તે આપને કહી બતાવીને હું એક સવાલ પૂછવા માગું છું કે આપ આ સેવકની કેમ અવગણના કરો છો ? (૧૦)

> ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
> દીનબંધુની મહિર નજરથી, 'આનંદઘન' પદ પાવે. હો. મલ્લિ૦ ૧૧

**પાઠાંતર**—'વિધ' સ્થાને પ્રતમાં 'પર' પાઠ છે. 'પરખી' શબ્દ પ્રતવાળો 'પરધી' લખે છે. 'મન' સ્થાને પ્રતવાળો 'મનિ' લખે છે. 'વિસરામી' સ્થાને પ્રતમાં 'વિસરાંમી' પાઠ છે. 'ગાવે' સ્થાને 'ગાવે' પાઠ પ્રતમાં છે. 'પાવે' સ્થાને પ્રતમાં 'પાવૈ' પાઠ છે. એક પ્રત ૧૦ ગાથાએ સ્તવન પૂરું કરે છે. (૧૧)

**શબ્દાર્થ**—ઇણ = એ, તે. વિધ = રીતે, માર્ગે, રસ્તે. પરખી = જાણી, સમજી, વિચારી. મન = ચિત્ત, દિલ. વિસરામી = વિશ્રામી, મન જ્યાં આશ્રય પામે, નિરાંત પામે. જિનવર = ભગવાન, પ્રભુ. ગુણ = સારી

**અર્થ**—એ પ્રકારે જે પોતાના મનમાં પરીક્ષા કરીને જિનેશ્વર ભગવાનના ગુણોનું ગાન કરે તેના ઉપર પ્રભુની કૃપા થાય (મહેરબાની થાય), તો તે મીઠી સુંદર નજરથી તે પ્રાણી અંતે મોક્ષને મેળવે. (૧૧)

**ટબો**—એ પ્રકારે પરખી વિભાવભાવથી વીરમીને–ટાળીને મનમાં વિસરામીને થાપીને જે એકાગ્ર અને જિનગુણ ગાવે તે પ્રાણી દીનબંધુ જે વીતરાગ દુઃખિત જન શરણની કૃપા મહેર-નજરથી–કૃપાદૃષ્ટિથી આનંદઘન–મોક્ષપદ આત્મસ્વરૂપ પદ–પામે. એટલે ઓગણીશમા મલ્લિનાથનું સ્તવન પૂર્ણ થયું. (૧૧)

**વિવેચન**—આવી રીતે પરીક્ષા કરી મન જ્યાં વિશ્રામ પામે, અને પરીક્ષા કરીને જે જિનેશ્વર પ્રભુના ગુણનું ગાન કરે, જે ગુણો પૂર્વના અનેક મુનિઓના સમૂહને અનુસરે, તેને શું થાય, કેવા પ્રકારનો લાભ થાય, તે નીચે કહેશે.

પ્રભુના ગુણ ગાવા, તે પણ પરીક્ષા કરીને ગાવા, અને સર્વ ધર્મને એકસરખું માન આપવું, પણ ગુણગાનને યોગ્ય તો આ જિન પ્રભુ જ છે એમ સમજવું. કારણ કે તમે કોઈ પણ ધર્મ જોશો તો તેમાં આવા અઢારે દોષોનું નિવારણ કરનારા તમને મળશે જ નહિ. એ અઢાર પૈકી એક રાગ અથવા દોષ ગુણ જ એવો છે કે એ સર્વને ઢાંકી દે છે. મારાં–તારાં થાય, સ્ત્રીઓ સાથે પ્રેમ કરવો, તેને અને આ દોષનિવારણને કાંઈ સંબંધ જ નથી. અઢાર પૈકી પ્રત્યેક દોષથી મુક્ત રહેવું તે લગભગ અશક્ય વાત છે. આવી વિશાળ ભવ્યતા અને દોષ દૂર કરવાની વૃત્તિ તમે કોઈ પણ સ્થાને જોશો નહિ.

ધર્મનો કે ધર્મના નાયકનો સ્વીકાર સમજીને–પરીક્ષા કરીને કરવો; એમાં કોઈ જાતનો ગોટાળો ચાલે નહિ. એ તો રત્નની પરીક્ષા કરવાની વાત છે. આજના યુગમાં પરીક્ષા પસાર કરવી એ ભારે આતુરતા દેખાડે છે. પરીક્ષાનાં પરિણામને દિવસે ખાવાનું મન ન થાય કે ભાવે નહિ એવા વિદ્યાર્થીઓને મેં જોયા છે. આવી જિજ્ઞાસાપૂર્વક પરીક્ષા કરીને પ્રભુનો સ્વીકાર કરવો; બાપદાદા કે પૂર્વજો પૂજતા હતા માટે તેને પૂજવા, એ વૃત્તિ કાઢી નાખવી; અને પરીક્ષા કરી પોતાની પરીક્ષામાં જે અઢાર દોષ રહિત લાગે તેની જ પૂજા કરવી, અને તેના જ ગુણ ગાવા : એ પદ્ધતિ સ્વીકારવામાં આપણને તોષ થાય તેમ છે. એથી એમ લાગે કે આપણે પોતે જ પરીક્ષક છીએ અને એ પરીક્ષામાં પસાર થનાર આપણી ભાવનાને અનુરૂપ છે. આ રીતે પરીક્ષા કરીને અઢાર દૂષણ રહિત પ્રભુ હોય તેનો સ્વીકાર કરવો અને તેનાં ગુણગાન કરવાં. પછી ગરીબના બેલીની કૃપાનજરથી આ પ્રાણી આનંદઘન પદ એટલે જ્યાં નિરંતરનો આનંદ થાય છે તેવું મોક્ષ પ્રાપ્ત કરે.

---

વર્તના, સાચી વાતો. ગાવે = વર્ણન કરે, બોલે, સમજીને કહી દેખાડે. દીનબંધુની = પામરના મદદગાર, ગરીબની પડખે ઊભા રહેનાર. મહિર = મહેર, મહેરબાની, કૃપા, મીઠી નજર. નજરથી = જોવું તે, દૃષ્ટિ આપવી તે. આનંદઘન = મોક્ષ, આનંદનો જ્યાં સમૂહ છે તેવું સ્થાન, સ્થળ, જગ્યો. પદ = સ્થાન, જગ્યા. પાવે = મેળવે, પ્રાપ્ત કરે, પામે. (૧૧)

આવા મનના વિશ્રામી પ્રભુને શોધવા, અને શોધીને સ્વીકારવા, અને પરિણામે થતા લાભને મેળવવો; પણ ઘણા માણસો એને સ્વીકારે છે માટે તેને સ્વીકારવા એમ વાત નથી. પોતે જાતે પરીક્ષા કરીને સ્વીકાર કરવો.

પ્રભુની મહેરનજર–કૃપાદૃષ્ટિ એટલે કાળની પરિપક્વતા, વખત થતાં પ્રાણી મોક્ષસ્થાનને મેળવે : આ આપણો આદર્શ હોવો જોઈએ. પાંચ સમવાયી કારણમાં કાળની ગણના ઘણી અગત્યની ચીજ છે. એ પર ઉલ્લેખ અન્યત્ર થઈ ગયો છે. અત્ર તેનું પુનરાવર્તન ન કરતાં તેને માત્ર ગણાવવામાં જ આવે છે. બાકી, પ્રભુ કોઈને મોક્ષ દેતા નથી અને કોઈની ઉપર નજર કરતા નથી. તેઓ તો નિરંજન નિરાકાર છે. આપણે આ રીતે સાચા આદર્શને જમાવીને આપણા પોતાના પ્રયત્નથી મોક્ષસ્થાન મેળવવું એ અત્ર ભાવ છે. (૧૧)

## ઉપસંહાર

આવી રીતે આ ઓગણીસમું સ્તવન પૂર્ણ થયું. એ સ્તવનમાં પ્રભુ અઢાર દોષોના નિવારક છે એ બતાવી આપ્યું. એ અઢાર દોષોને કેમ ગણવા તે અગત્યનો સવાલ નથી. અઢારનો આંક શાસ્ત્રમાં બાંધેલ છે અને તે સ્વીકારી આનંદઘન ચાલે છે. કર્તાએ આ સ્તવનમાં ઘણી અગત્યની બાબત કહી નાખી છે, અઢાર દૂષણોનું નિવારણ કરવું એ કાંઈ જેવી તેવી વાત નથી. એ દૂષણોનો ત્યાગ કરનાર–તેને નિવારનાર–પ્રભુ છે તે સમજવું. દોષ ઉપર નજર કેમ નાખી ? આદર્શ સ્વીકારવામાં તો ગુણ ઉપર નજર નાખવી જોઈએ. એનો જવાબ એ છે કે દોષ ગયા પછી જ ગુણનો આવિર્ભાવ થાય છે. દોષોને દૂર કરવા, તેનું નિવારણ કરવું, એટલે સ્વાભાવિક રીતે, તે દોષોનું નિવારણ કરવા જતાં, સામેના ગુણો આવે જ છે. અને દોષો એટલી આકરી વસ્તુ છે કે તે હોય ત્યાં સુધી ગુણ આવી શકતા નથી. દોષનો ત્યાગ કે નિવારણ એટલે જ ગુણનું ગ્રહણ, એમ સમજવું. તમે કોઈ પણ દોષ જોશો તો તેની સામેના ગુણનું ગ્રહણ એ દોષના નિવારણમાં જ છે. આટલા માટે દોષોને દૂર કરી ગુણ ગ્રહણ કરવા એ ખાસ જરૂરી બાબત છે.

મલ્લિનાથ ભગવાન સ્ત્રીતીર્થંકર હતા. જ્યારે તેઓ ગર્ભમાં આવ્યા ત્યારે માતાને એક ઋતુમાં સર્વ ઋતુનાં સુરભિ ફૂલની શય્યા ઉપર સૂવાનો દોહલો ઉત્પન્ન થયો. તે દોહલાને દેવતાએ પૂરો કર્યો, અને તેમણે પરિષહરૂપ મલ્લને જીત્યા તે માટે માતા-પિતાએ તેમનું મલ્લિનાથ નામ પાડ્યું. તેમની મિથિલા નગરી. તેમના પિતાનું નામ કુંભ રાજા. તેમની માતાનું નામ પ્રભાવતી રાણી. તેઓએ રાજકુમારોને બોધ આપવા માટે પોતાના જેવડી જ સુવર્ણપ્રતિમા બનાવી, અને તેમાં દરરોજ એક એક કોળિયો અનાજ નાખી એના માથા પર રહેલું ઢાંકણું ઉઘાડી નાખી સર્વત્ર દુર્ગંધ બતાવી, અને આવી એક કોળિયો સંગ્રહનારમાં આટલી દુર્ગંધ છે. તો અનેક કોળિયા ખાનાર પોતાના શરીરમાં કેટલી દુર્ગંધ હશે તે દ્વારા અનેક રાજકુમારોને બોધ આપ્યો. તેમનું ચરિત્ર વાંચીને વિચારવા યોગ્ય છે. બાકી, પરીક્ષા કરીને પ્રભુનો આદર્શ તરીકે

સ્વીકાર કરવો તે વાત ખાસ વિચારણા માગે છે. જેનામાં ન્યાયબુદ્ધિ વિકાસ પામી હોય તે જ આ રીતે વિચાર કરી શકે છે. પોતાની વિચારણાશક્તિનો ઉપયોગ કરી આ સ્તવનનું હાર્દ સમજવું એ ઘણી મહત્ત્વની અને પોતાના લાભની વાત છે.

છેલ્લી ગાથામાં આડકતરી રીતે કર્તાએ પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે તે પદ્ધતિ સ્વીકારવા યોગ્ય અને સમજમાં લેવા યોગ્ય છે. આનંદઘન નામથી આ કૃતિ પ્રસિદ્ધ થયેલી છે. તે નામ પણ અતિ મનોરંજન કરનાર છે. એ રીતે આ અતિ મહત્ત્વના પ્રશ્નનો નિકાલ થાય છે. મોક્ષમાં ગયેલ પ્રાણી પાછા આવતા નથી. અને ત્યાં અનંત સુખમાં અનંત કાળ રહે છે, તે વિચારી તેવા થવા પ્રયત્ન કરવો અને આ સાંસારિક માયા-મમતાને ત્યાગી સમભાવમાં રહેવું અને જાતે પરીક્ષા કરી સત્યનો સ્વીકાર કરવો એ આ સ્તવનની ઉપયુક્તતા છે. (૧૯)

માર્ચ : ૧૯૫૦ ]

૨૦

# શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

### આત્મતત્ત્વ

**સંબંધ**—ઘણા ખેદની વાત છે કે આપણા પોતાના આત્મા સંબંધમાં ઘણો મતાગ્રહ દુનિયામાં ચાલે છે અને આપણે આપણી જાત માટે પણ નિર્ણીત મત પર આવી શક્યા નથી; અને દરેક દર્શનવાળાએ પોતાનાં જુદાં જુદાં મંતવ્યોને પણ એટલાં ખેંચ્યાં છે કે પોતે સાચા અને બીજા સર્વને જૂઠા સમજે છે. ખુદ આત્મા સંબંધી આવી ગૂંચવણવાળી સ્થિતિ એટલી બધી પ્રવર્તી રહેલ છે કે આપણને તે બોલતાં પણ શરમ આવે અને મનમાં ખેદ થાય. આવી વિષમ સ્થિતિ છે તે સમજીને આત્માને એવી સારી રીતે ઓળખવો જોઈએ કે એનું મૂળ સ્વરૂપ બરાબર લક્ષ્યમાં રહે અને આપણે તદ્રૂપ થઈ એની એવી સુંદર પ્રાગતિક સ્થિતિનો અનુભવ જાતે કરી આપણો જીવન પંથ સીધો, સરળ અને આપણને પોતાને લાભકારક કરી દઈએ. આત્મા કેવો છે? કેવો હોવો જોઈએ?–તેની તાર્કિક ચર્ચામાં પણ આટલો બધો મતફેર જોવામાં આવે છે, ત્યારે જો તેઓની કથા–વાર્તાઓ, દંતકથાઓ વિચારવામાં આવે તો તો વળી વધારે ગૂંચવણમાં પડીએ. એટલે આનંદઘન મહારાજે તો એકલી તાર્કિક દૃષ્ટિએ અન્ય મતની માન્યતામાં કેવાં કેવાં દૂષણો આવે છે, તેની જ માત્ર ચર્ચા કરી છેવટે પોતાનું સમ્યક્ મંતવ્ય રજૂ કર્યું છે. તેઓની મરજી હોત તો તેઓ, આખો વિષય ઘણી સરસ રીતે ચર્ચી, દંત-કથાની ચર્ચા ઉપાડી વિષયને વધારે મજબૂત બનાવી શક્યા હોત, પણ તેઓએ તે રસ્તો લીધો નથી. માત્ર ન્યાય–તર્કની નજરે પોતાથી અન્ય મંતવ્યોમાં ક્યાં ક્યાં દૂષણો આવે છે તે જણાવી તે સંબંધી પોતે પોતાનો મત બતાવ્યો છે.

આત્મા જેવા અગત્યના વિષયમાં દરેક દર્શન જુદું પડી પોતાના મતનો આગ્રહ ધરાવે તે ઘણું અનિષ્ટ છે, પણ જન્મની પાછળ અને મરણ પહેલાંની સર્વ બાબત એવી ગૂંચવાયલી સ્થિતિમાં છે કે દરેક પ્રાણીને જેમ ફાવ્યું તેમ પોતાના નિરનિરાળા મતની સ્થાપના કરી ગયા છે. એ સર્વ ગૂંચવણ વચ્ચેથી સાચો રસ્તો બતાવવો તે અતિ આકરું કામ છે અને તેમાં કોઈ જાતના આવેશ વગર કામ કરવું ઘણું મુશ્કેલ છે.

બાકી, આત્માનો વિષય એટલો વિશાળ છે કે એના પર અનેક પુસ્તકો લખાય. આવા અગત્યના વિષયને અંગે આનંદઘન એક સ્તવનની થોડી ગાથાઓ રચી મહાપ્રકાશ પાડે અને પોતાનું મંતવ્ય આદર્શરૂપે રજૂ કરે તે આ સ્તવનની મહત્તા બતાવે છે. આ સ્તવનની અંદર કહેલા–ચર્ચેલા વિષયની મહત્તા બહુ છે અને તેને ન્યાય તો લાભાનંદજી જેવા માણસ જ આપી

શકે આટલી આ વિષયની મહત્તા જાણી-વિચારી ફેંસલો કરવો એ મોટું મુશ્કેલ કાર્ય આપની ઉપર અંતે રહે છે. આપ આ સ્તવનના વિષયની મહત્તા વિચારી આપ પોતે કોણ છો? કેવા છો?-એ સર્વ વિચારશો. અને આપને ઇચ્છિત સ્થાનકે જવું હોય તો શુદ્ધ તર્કની નજરે બરાબર વિચાર કરશો અને આનંદઘનના મંતવ્યને ખૂબ લક્ષ્યમાં લેશો. આ વિષય કાંઈ જેવો તેવો કે ગબડાવી દેવા જેવો નથી. એ મહત્ત્વનો વિષય આપની પાસે ખૂબ વિચારણા માગે છે. આપ એ સંબંધી નીચેની હકીકત વાંચશો અને સ્વતંત્ર વિચાર કરશો.

કહેવાની વાત એ છે કે આ મહત્ત્વના વિષય ઉપર આપની તર્કબુદ્ધિ પણ સાથોસાથ ચલાવશો અને અંતે નિર્ણય પર આવી જશો. એટલી વાત છે કે આપ પોતે કોણ છો તે સંબંધમાં પણ આટલો બધો મતભેદ છે. પણ નિર્ણય તો એક જ છે. આપ તે નિર્ણયને સ્વીકારો એવો આગ્રહ નથી, પણ આપ આપની બુદ્ધિશક્તિ જરૂર લગાવશો અને સ્વતંત્ર તર્કશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરશો. એવા મતભેદોથી જરા પણ ગભરાઈ જવાનું નથી. આ આત્મા કોણ છે અને કેવો છે તેના સંબંધમાં જે મતભેદ પ્રવર્તે છે તે વિચારવાનું કામ આ રેલવે, ટેલીફોન અને એરોપ્લેન તથા રેડીઓના યુગમાં પણ આપને જ કરવાનું છે. હવે આ સંબંધમાં વધારે સમય ચર્ચામાં ન કાઢીએ; લખવું હોય તો ઘણું લખાય. તે ન કરતાં આપણે સ્તવનકર્તા સાથે હાલમાં તો ગમન કરીએ અને વિષયની મહત્તા તર્કની નજરે જાણીએ.

## સ્તવન

(રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય-એ દેશી)

મુનિસુવ્રત જિનરાજ, એક મુજ વિનતિ નિસુણો. (ટેક)
આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમળ, ચિત્તસમાધિ નહિ લહિયો. મુનિ૦૧

**પાઠાંતર**—'જિનરાજ' સ્થાને 'જિનરાય' પાઠ પ્રતમાં છે. એક પ્રતમાં ટેકનો પાઠ નથી. 'જાણ્યું' સ્થાને 'જાણું' પાઠ એક પ્રતમાં છે. 'કહિયો' સ્થાને બન્ને પ્રતમાં 'કહીઓ' પાઠ છે તે બરાબર લાગે છે. 'લહિઓ' સ્થાને એક પ્રતમાં 'લહીઓ' પાઠ છે તે બરાબર છે; એક પ્રતમાં 'લહિયે' પાઠ છે. 'વિણ' સ્થાને 'વિણું' પાઠ પ્રતમાં છે. 'નવિ' પ્રતમાં એ પાઠ 'નવી' તરીકે આપે છે. (૧)

**શબ્દાર્થ**—મુનિસુવ્રત = તે નામના વીશમા તીર્થંકર. જિનરાજ = તીર્થપતિ, જિનદેવ. એક = માત્ર એક જ, એકથી વધારે નહિ. મુજ = મારી. વિનતિ = વિજ્ઞપ્તિ. નિસુણો = શ્રવણ કરો, કાને ધરો. આતમતત્ત્વ = આત્મા કેવો છે, તેનું રહસ્ય. કયું = કેમ, શી રીતે. જાણ્યું = આપે ધાર્યું. અવધાર્યું. જગદ્‌ગુરુ = સર્વના ગુરુ, દુનિયાના ઉપરી. એહ = એ, તે. વિચાર = નિર્ણય, સમજણપૂર્વકનું તત્ત્વજ્ઞાન. મુજ = મને. કહિયો = કહો, જણાવો. આતમતત્ત્વ = આત્મા સંબંધી હકીકત જાણ્યા = સમજ્યા, અવધાર્યા. વિણ = વગર. નિરમળ = મેલ વગરનું, શુદ્ધ, તે ચિત્તસમાધિનું વિશેષણ છે. ચિત્તસમાધિ = દિલની શાંતિ, મનની ઠંડક. નવિ = નહિ, ન. લહિયો = લીધી. (૧)

**અર્થ**—હે મુનિસુવ્રત નામના તીર્થંકર ! મારી એક વિજ્ઞપ્તિ આપ ધ્યાન રાખીને સાંભળો. હે જગતના ગુરુ ! આપે આત્માને કેવી રીતે જાણ્યો છે–ઓળખ્યો છે, એ વિચાર મને કહી બતાવો. મારા સવાલનું કારણ એ છે કે ચોખેચોખું આત્મતત્ત્વ જાણ્યા વગર હું મારા મનની સમાધિ, સ્થિરતા, એકતા, ધીરજ લઈ શકતો નથી.

**ટબો**—આ વીશમા સ્તવનને અંગે જ્ઞાનવિમળસૂરિ (થોડા ફેરફાર) સાથે લખે છે કે હવે આગલા સ્તવનમાં મત કહેશે, તે તો બહુ છે, પણ લગારેક સ્વરૂપ–આતમતત્ત્વ કેમ કરી જાણીએ એ વિચાર મારા પ્રતિ કહો. કારણ કે આતમતત્ત્વ જાણ્યા વિના, સ્વસ્વરૂપ લહ્યા વગર, નિર્મળ વિશુધ્ધે નિરુપાધિક ચિત્તસમાધિ–મનઃસ્વાસ્થ્ય કેમ પામીએ, એટલે ન પામીએ જ. (૧)

**વિવેચન**—હે મુનિસુવ્રત તીર્થંકર દેવ ! મારી એક નમ્ર વિજ્ઞપ્તિ આપ જરૂર સાંભળો. મહારાજ ! આત્માને તમે કેવી રીતે જાણ્યો એ બાબતનો નિરધાર આપ મને જણાવો.

સત્ય હકીકત સમજવા માટે સવાલ જરૂર પૂછવો જોઈએ. આગમની પદ્ધતિ એ જાણીતી છે. એકલા ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામીએ છત્રીશ હજાર સવાલો કર્યા છે. એ દ્વારા સારું તત્ત્વજ્ઞાન અને ક્રિયાજ્ઞાન મેળવી શકાય છે. ભગવાન પોતાનો અભિપ્રાય, જે તેમણે જાતે અનુભવેલો હોય છે, તે શિષ્ય–પ્રશિષ્યના લાભ અને જાણ માટે પોતાના જવાબ દ્વારા જણાવે છે અને તે રીતે લોકોને તત્ત્વજ્ઞાન જણાવે છે. અને એ રીતે તત્ત્વજ્ઞાનનો સારો ફેલાવો થાય છે. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની આ પદ્ધતિ આનંદઘનજીએ સ્વીકારી તે લોકોને ખૂબ લાભ કરનાર છે. આ સવાલ–જવાબ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષપદ્ધતિ હોઈ આખી વાત ઘણી આકર્ષક પદ્ધતિએ રજૂ થાય છે. તેનો આપણે લાભ લઈએ. સવાલ–જવાબની પદ્ધતિ ખ્રિસ્તી પંથમાં ખૂબ જાણીતી છે.

હે મુનિસુવ્રત પ્રભુ ! આપે આત્માને કેવા પ્રકારનો છે એમ જાણ્યું છે–માન્યું છે, એ સવાલ હું આપની સમક્ષ પૂછું છું. તે સવાલ પૂછવા ખાતર જણાવતો નથી, પણ મારે તે સવાલ પૂછવાનું કારણ છે તે નીચે જણાવું છું, તો આપ તે સવાલનો જવાબ આપો. આપે આત્માને કેવી રીતે જાણ્યો છે તેનો મને જવાબ જણાવો. તેનું કારણ એ છે કે આત્મતત્ત્વને જાણ્યા વગર નિર્મળ ચિત્તની શાંતિ મને થતી નથી. એટલા માટે, મારા દિલની શાંતિ માટે, આપના જાણવા પ્રમાણે આત્મા કેવો છે તે મને જણાવો. કેટલાક માણસો मुखमस्तीति वक्तव्यं–મોં છે માટે કાંઈ બોલવું જોઈએ અને પોતાની હયાતી અને હાજરી જણાવવી જોઈએ તે ખાતર પણ બોલે છે. હું તે માટે બોલતો નથી, પણ મારા મનની નિર્મળ શાંતિ મેળવવા માટે આ તત્ત્વજ્ઞાનનો સવાલ આપની પાસે પૂછું છું. આને માટે જુદાં જુદાં મંતવ્યો શાં શાં છે અને કેવી રીતે તે મતભેદ પડેલા છે તેની સાથે પ્રભુનું મંતવ્ય આ સવાલ-જવાબમાં આવી જશે. આવી રીતે તત્ત્વજ્ઞાનનો એક મૂળ સિદ્ધાંત ( Fundamental Point ) જિજ્ઞાસુએ ઉપસ્થિત કર્યો તેના અનુસંધાનમાં હવે અન્ય મતોનાં મંતવ્ય તે જણાવે છે, તે આપણે આવતી ગાથામાં જોઈશું. (૧)

કોઈ અબંધ આતમતત માને, કિરિયા કરતો દીસે;
કિરિયાતણું ફળ કુણ કહો ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુનિ૦ ૨

**અર્થ**—કેટલાક લોકો આત્માને બંધ વિનાનો માની પોતાનો વહીવટ ચલાવે છે, છતાં તે લોકો જ પાછા ક્રિયા કરતાં—તપ, જપ, દાન, સેવા કરતાં—દેખાય છે. હવે એ ક્રિયાનું જે ફળ બેસે, પરિણામ થાય, તે કોણ ભોગવે—એમ જ્યારે તેઓને પૂછીએ છીએ ત્યારે મનમાં ગુસ્સે થાય છે. (૨)

**ટબો**—કેઈક સાંખ્યાદિકને મતે આતમતત્ત્વ અકર્તા-અબંધ માને છે, विगुणो न बध्यते न मुच्यते એ વેદવાક્ય છે, પ્રકૃતિ કાર્યકર્ત્તા માનીએ છીએ, ભોક્તા કેમ ન હોય તે મતે પણ ક્રિયા કરતો દેખીએ છીએ અને ક્રિયાનું ફળ કોણ ભોગવે છે? જો અક્રિય છે, તો ક્રિયા કાં કરે અને ક્રિયા કરે તો તજ્જન્ય ફળ એમ વિચાર પુછતાં તો રીસાવે, પણ પરમારથ આતમતત્ત્વ ન પ્રીછે. (૨)

**વિવેચન**—આ સંબંધમાં કેટલાંક દર્શનો કે મતો કેવા ગૂંચવાડા કરે છે તે આપને જણાવું. સાંખ્યમતના લોકો કહે છે કે 'विगुणो न बध्यते, न मुच्यते' તેઓ આત્માને વિગુણી માને છે. એવા આત્માને બંધ થતો નથી અને મોક્ષ પણ થતો નથી. આત્મા કર્મ બાંધતો નથી અને કર્મથી છુટકારો પણ તેનો કદી થતો નથી. આત્માને નિર્ગુણ માને છે. તેઓ એમ સમજે છે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણ એ ત્રણે ગુણો આત્માને બાધા કરતા નથી, અને આત્મા જાતે વિગુણી હોઈ એ કર્મ બાંધતો કે છોડતો નથી. આવા પ્રકારની તેની માન્યતા હોવા છતાં તે ક્રિયા કરે છે, દાન દે છે, કાશીમાં જઈ ગંગાસ્નાન કરે છે, પણ આત્મા જ્યારે કર્મ બાંધતો કે છોડતો નથી ત્યારે આ ક્રિયાઓ એ કોને માટે કરે છે? જે ક્રિયા કરવામાં આવે છે, તેના કરનારને ફળ તો મળવાં જ જોઈએ; એ જ્યારે ક્રિયા કરે ત્યારે તેનાં ફળ કોણ ભોગવે? ક્રિયા કરવી છે અને આત્માને તો તેની સાથે સંબંધ નથી, કારણ કે આત્મા વિગુણ છે.

**પાઠાંતર**—'અબંધ' સ્થાને 'અવંધ' પાઠ ભીમશી માણેક છાપે છે. 'તત' સ્થાને એક પ્રતમાં 'તત્ત્વ' પાઠ છે. 'માને' સ્થાને પ્રત લખનારે 'માનૈ' લખ્યું છે. 'દીસે'ને પ્રત લખનારે 'દીસૈં' લખ્યું છે. 'કિરીઆ' સ્થાને 'ક્રિયા' છાપેલ છે; અને પ્રતમાં પણ તેમ જ છે. 'પૂછ્યું' સ્થાને પ્રતમાં 'પૂછ્યૌ' પાઠ છે. 'ભોગવે' સ્થાને પ્રતવાળો 'ભોગવૈં' લખે છે, તે જૂની ગુજરાતી છે. (૨)

**શબ્દાર્થ**—કોઈ = વેદાંતી, સાંખ્ય. અબંધ = બંધ ન કરે તેવો, બંધાય નહિ તેવો, શુદ્ધ. આતમતત = આત્મતત્ત્વ, આત્માને. માને = સ્વીકારે છે, કબૂલે છે. કિરિયા = ક્રિયા, તપસ્યા, યજ્ઞ, જાપ વગેરે, પૂજા, સેવા, ભક્તિ આદિ. કરતો = અનુસરતો, અમલ કરતો. દીસે = જણાય, દેખાય છે. કિયાતણું = અનુષ્ઠાનનું, જપતપનું. કહો = જણાવો, બોલો. કુણ = કોણ, ક્યો માણસ. ભોગવે = પ્રાપ્ત કરે, અનુભવે. ઇમ = એમ, એ પ્રમાણે. પૂછ્યું = સવાલ કર્યો, પ્રશ્ન કર્યો. ચિત્ત = મનમાં, દિલમાં. રીસે = રીસાઈને, સામા પડીને, ગુસ્સામાં. (૨)

વેદાંતીઓ આત્માને નિર્ગુણ માને છે. નિશ્ચયનયે આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રમય જ છે, પણ વ્યવહારનયે કર્મનો કરનાર પણ છે. અને ભગવાનને મતે તો સર્વ નય ઉપયોગી હોવાથી એ એને વ્યવહારથી કર્મનો કર્તા માને, પણ વેદાંતી તો આત્માને અબંધ માને છે, ત્યારે તે ક્રિયા–તપ, જપ, અનુષ્ઠાન–કોને માટે કરતા હશે? આત્માનો અને ક્રિયાનો સંબંધ શો? અને એ ક્રિયાનું ફળ કોણ ભોગવે?–આવો સવાલ પૂછીએ ત્યારે તે સામો રીસે ભરાય છે અથવા મારા (સવાલ કરનારના) ચિત્તમાં રીસ ભરાય છે; અને એ સવાલ કરે છે કે આ વેદાંતીની સર્વ ક્રિયાનું ફળ કોણ ભોગવશે? આત્મા તો કર્મ બાંધતો કે છોડતો નથી, છતાં તમારી ક્રિયા ચાલુ રહે છે: એવી પરસ્પર મેળ ન ખાનારી વાત કેમ કરો છો? આવી રીતે આત્માને અંગે વેદાંત અને સાંખ્ય દર્શનની વાતમાં દેખીતો પરસ્પર વિરોધ છે.

એમ માનવામાં ફળ ભોગવનાર કોણ?–આ સવાલ સામો વાદી પોતાના મનમાં રીસ લાવીને કરે છે એવો અર્થ થાય. જ્ઞાનવિમળસૂરિ એ પદનો આવો વાદીનો સવાલ સાંભળીને સાંભળનાર રીસે ભરાય એવો અર્થ કરે છે તે પણ વિચારવા જોગ છે. 'રીસે'નો કર્તા કોણ છે તે સ્તવનકર્તાએ અધ્યાહાર રાખ્યું છે. આ જ્ઞાનવિમળસૂરિનો અર્થ પણ સારો અર્થ આપે છે. આ રીતે સાંખ્ય અને વેદાંત દર્શનનો આત્માનો મત તર્ક દૃષ્ટિએ બરાબર લાગતો નથી તેથી આત્માનું સ્વરૂપ સવાલ કરનાર પ્રભુ પાસેથી બરાબર જાણવા માગે છે. (૨)

જડ-ચેતન એ આતમ એક જ, સ્થાવર-જંગમ સરિખો;
સુખ-દુઃખ-સંકર દૂષણ આવે, ચિત્ત વિચાર જો પરિખો. મુનિ૦ ૩

**અર્થ**—પૌદ્‌ગલિક જડ પદાર્થો અને હાલતાચાલતા એ એક જ, આત્મા જ છે; હાલતા-ચાલતા અને સ્થિર રહેતા બંને પદાર્થો એ એકસરખા જ છે, એમ કોઈ માને છે, પણ એમાં શાતાનો અનુભવ અને અશાતાનો અનુભવ એની ગૂંચવણ થાય છે અને એ રીતે ન્યાયમાં સંકર-

---

**પાઠાંતર**—'આતમ એક જ' સ્થાને એક પ્રતમાં 'આતમ એ જ તત' એવો પાઠ છે; બીજી પ્રતમાં 'આતમ તત માને' પાઠ છે. 'સરિખો' શબ્દને 'સરિષો' લખે છે, તે પ્રાચીન ગુજરાતી છે, (બંને પ્રતમાં) 'સુખ-દુઃખ' સ્થાને એક પ્રતમાં 'દુઃખ-સ્રૂપ' પાઠ છે. 'સંકર' સ્થાને એક પ્રત લખનાર 'સંક' શબ્દ લખે છે. 'આવે' ને બદલે એક પ્રતમાં 'આવૈ' પાઠ છે, તે જૂની ગુજરાતી છે. 'પરિખો' સ્થાને બંને પ્રતમાં 'પરિષો' લખે છે. (૩)

**શબ્દાર્થ**—જડ = હાલેચાલે નહિ તો પુદ્‌ગળ. ચેતન = હાલે, સમજે તેવું. આતમ = આત્મા. એક જ = એકનો એક આત્મા, માત્ર સ્થાવર = સ્થિર રહેલ કે રહેવાનો પદાર્થ, હાલેચાલે નહિ તેવો. જંગમ = ચાલતો હરતોફરતો પદાર્થ. સરિખો = સરખો, એના જેવો, એકનો એક. સુખ = સારો અનુભવ. દુઃખ = કડવો અનુભવ, અપ્રિય દશા, અસુખ. સંકર = એક પ્રકારનો દોષ, એકબેકમાં ભળી જવું તે. દૂષણ = દોષ, ગોટાળો. આવે = લાગે, થાય, આવી પડે. ચિત્ત = મનમાં, વિચારણામાં, દિલમાં. વિચાર = વિચારીને, સમજીને. પરિખો = પરીક્ષા કરો, સમજીને તેનું પૃથક્કરણ કરો તો. (આ ગાથામાં અદ્વૈત મત જણાવ્યો.) (૩)

દોષ કહે છે તે આવે છે. જો તમે તમારા મનમાં વિચાર કરશો તો તમને એ પ્રમાણે પરીક્ષા થશે. (૩)

**ટબો**—કેટલાએક જડચેતનાદિકે સર્વ ઠામે એક આત્મતત્ત્વ 'जले विष्णुः स्थले विष्णुः' એવું કહે અથવા આત્માદ્વૈતવાદી એક આત્મા સર્વ જગત સ્થાવર જંગમ જાતાં આત્માં એક સરખો છે, દુઃખ સુખ એક સ્વરૂપે, એમ કરતાં સંકર દૂષણ આવે છે; ત્રિકાલે એક અવસ્થા એમ વિચાર પૂછતાં અનવસ્થા, ભ્રાંતી પ્રમુખ અનેક દૂષણ આત્મતત્ત્વે થાય. (૩)

**વિવેચન**—આવી રીતે તર્કની કોટિથી, અન્ય સર્વ દર્શનોને લઈને, તેમને દૂષણ આપી આત્મા કેવો છે તે સવાલ પ્રભુને પ્રસ્તુત બનાવે છે. ખૂબીની વાત એ છે કે આ ચર્ચા વિચારણામાં દંતકથાઓનો જરા પણ સ્પર્શ લેખકશ્રીએ કર્યો નથી, માત્ર ન્યાય-તર્કની દલીલે જ જુદા જુદા દર્શનમાં આવી રહેલ દૂષણ બતાવ્યું છે, એ ચિત્તની અને સવાલ કરનારની ઉદારતા બતાવે છે. કેટલાક દર્શનકારો જડ અને ચેતનને એક જ માને છે. આ મતવાળા આખા સચરાચર જગતને બ્રહ્મમય માને છે. સર્વત્ર માત્ર એક બ્રહ્મ જ છે અને તેથી જડ અને ચેતન. એ આત્માનો એક જ સ્વભાવ છે. હાલીચાલી ન શકે તે જડ અને હાલીચાલી શકે તે ચેતન. તેમના મતે આખું જગત્ બ્રહ્મમય હોવાથી જડ પણ જ્યારે ચેતનમાં ભળે છે ત્યારે એક જ થઈ જાય છે. આ અદ્વૈત મતના ત્રણ પ્રકાર છેઃ અદ્વૈતમતવાદીઓ, દ્વૈતાદ્વૈતમતવાદીઓ અને વિશિષ્ટાદ્વૈતમતવાદીઓ. તેઓને મતે આત્મા एकः सर्वगतो नित्यः છે. અને આ શ્રુતિને આધારે જડ અને ચેતનને તેઓ એકસરખાં માને છે. વળી, તેઓની નજરે સ્થાવર અને જંગમ એટલે એક સ્થાને રહેનાર અને હરતુંફરતું તત્ત્વ પણ એકસરખું જ છે. તેમના આ મતમાં પણ ન્યાયની નજરે દોષ આવે છે તે હવે બતાવવામાં આવશે; તેઓના આત્મા સંબંધી વિચાર યોગ્ય નથી એમ જણાવવામાં આવશે. તેઓ જણાવે છે કે 'एकं ब्रह्म, द्वितीयं नास्ति' એટલે આ સચરાચર જગત્ આખું બ્રહ્મમય છે, બ્રહ્મ છે અને બીજું કાંઈ નથી. તેઓ જણાવે છે કે 'जले विष्णुः, स्थले विष्णुः, विष्णुः पर्वतमस्तके' એટલે જળમાં, સ્થળમાં અને પર્વતના શિખર ઉપર પણ વિષ્ણુ છે. આ વાત સ્વીકારવામાં ઘણો વાંધો આવે છે. એક તો ન્યાયમાં જેને 'સંકર' દૂષણ કહે છે તે તેમાં આવે છે. 'સંકર' એટલે મિશ્ર. આ મિશ્ર દૂષણ એટલે અંદર અંદર ભળી જવું તે, ગોટાળો. સુખ એટલે શાતાનો સારો અનુભવ અને દુઃખ એટલે અશાતાનો કડવો અનુભવ. એ સર્વત્ર-સર્વ સ્થાને એક બ્રહ્મમાં માનવાથી સારા કે ખરાબ અનુભવનો ગોટાળો થઈ જાય છે. જો બરાબર વિચાર-પરીક્ષા કરવામાં આવે તો જરૂર આ પ્રમાણે સર્વત્ર બ્રહ્મ હોય તો પછી દુઃખ અને સુખ અથવા સારો અનુભવ અને કડવો અનુભવ મિશ્ર થઈ જાય છે. તેથી અદ્વૈતવાદીની આ વાત બેસતી નથી. અને સર્વત્ર બ્રહ્મ માનનાર પણ સારા અનુભવ અને કડવા અનુભવને તો જુદા જ માને છે. આ ગોટાળો; ભારે મોટી ગૂંચવણ ઊભી કરે છે અને એમાં હેત્વાભાસ હોય તેમ ચોખ્ખું દેખાય છે. તેથી આત્મા કેવો છે તે સંબંધી આપને સવાલ પૂછું છું.

અદ્વૈતના ત્રણ મતો છે : અદ્વૈત, દ્વૈતાદ્વૈત અને વિશિષ્ટાદ્વૈત. વિશિષ્ટાદ્વૈત મતવાળા તે વિષ્ણુના ઉપાસકો; તેઓ જડ એને ચેતનને એક માને છે, સ્થાવર-જંગમ સર્વ વસ્તુમાં વિષ્ણુને જુએ છે. તેમના મતે જીવાત્મા કદી પણ પરમાત્મા થતો નથી. આમાં સુખદુઃખનો ભારે ગોટાળો થાય છે અને તર્કમાં જેને 'સંકર' દૂષણ કહેવામાં આવે છે તે થાય છે. સામાન્ય રીતે સુખ અને દુઃખ જુદાં છે, જુદાં જણાય છે, તેને એકસરખાં માનવાની વાત કોઈ રીતે બેસી શકતી નથી. દ્વૈતાદ્વૈત નિંબાર્કના મતના અનુયાયીઓ પણ આ જ પ્રકારનો ગોટાળો કરે છે અદ્વૈત અને વિશિષ્ટાદ્વૈત વચ્ચે દ્વૈતાદ્વૈતનો મત આવે છે. તેઓ પણ સ્થાવર-જંગમ સરખાં માને છે અને સુખદુઃખ વચ્ચે કાંઈ તફાવત ન કરતાં 'સંકર' દૂષણ લાવે છે. એટલે મનમાં આત્મા સંબંધી જે ગોટાળો થયો તે તેમના મતે તો કાયમ જ રહે છે, માટે આપ ખરું આત્મ-તત્ત્વ જણાવો. (૩)

એક કહે નિત્ય જ આતમતત, આતમદરસણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુનિ૦ ૪

**અર્થ**—કેટલાક લોકો આત્મતત્ત્વ એક જ–એકસરખું જ રહે છે એમ કહી આત્માને નિત્ય માને છે અને આત્મદર્શનમાં એકમેક થઈ જાય છે; પણ તેમાં 'કરેલા કામનો નાશ અને નહિ કરેલા કામના ફળની પ્રાપ્તિ' નામનો દોષ આવે છે, તે બુદ્ધિ વગરનો માણસ જોઈ શકતો નથી. (૪)

**ટબો**—એક તો એમ કહે છે—આત્મા નિત્ય એકાંત છે, આત્મદર્શન દેખવામાં લીણયો રહે છે, તે વારે કૃતકર્મનો વિનાશ–ક્ષય અને અકૃતનો આગમ એ દૂષણ ઉપજે છે, તે દૂષણ મતિહીનપણે દેખતો–જાણતો નથી. (૪)

**વિવેચન**—વળી, કોઈ આત્માને નિત્ય માને છે. અદ્વૈત મતે આત્મા નિત્ય છે, આ આત્મ-દર્શન કરવાના કામમાં લીન થયેલા તેમાં પોતાની ભૂલ કેવા પ્રકારની થાય છે તે જોઈ શકતા

**પાઠાંતર**—'કહે' એક પ્રતમાં 'કહૈ' લખે છે. 'તત' ને બદલે 'તત્' એક પ્રતમાં છે. 'લીનો' સ્થાને એક પ્રતમાં 'લીણો' પાઠ છે; બીજી પ્રતમાં 'લિણો' પાઠ છે. 'અકૃતાગમ'ને બદલે એક પ્રતમાં 'અકૃતાનાગમ' પાઠ આપ્યો છે. 'દેખે'ને એક પ્રતમાં 'દેષૈ' લખ્યું છે, તે જૂની ગુજરાતીમાં 'ષ'ને 'ખ'ની લખવાની રીત છે. 'મતિહીણો' સ્થાને એક પ્રતમાં 'મતહીણો' પાઠ છે. (૪)

**શબ્દાર્થ**—એક = કોઈ (અદ્વૈતવાદી અથવા તેરાપંથી), એક એવો મત છે જે. કહે = જણાવે છે, સમજાવે છે, નિર્દેશ છે. નિત્ય જ = નિત્ય, સર્વ કાળે એકસરખું રહે તેવું, જેમાં વધારોઘટાડો ન થાય તેવું. આતમ = આત્માનું, આત્મિક, આત્મા. તત = તત્ત્વ. આતમ = આત્મ, સ્વ. દરસણ = દર્શન, સ્વરૂપ, નિજભાવ. લીનો = લય પામેલો, મગ્ન, કેન્દ્રિત થયેલો. કૃતવિનાશ = અગાઉ કરેલાં કે કરાતાં કામનાં ફળનો નાશ, ફળનો અભાવ, કરેલા કામના ફળનો ક્ષય. અકૃતાગમ = ન કરેલા કામના ફળનું થવું, ન કરેલા કામના ફળની પ્રાપ્તિ. દૂષણ = દોષ, પાપ, આવી પડવાનો ગોટાળો. નવિ=નહિ, ન (નકારાત્મક). દેખ = જુએ, વિચારે, જાણે. મતિહીણો = વિચારણાશક્તિ વગરનો, લાંબી નજરે ન જોનાર. (૪)

નથી. એમાં જે દૂષણો આવે છે તે આ રહ્યાં :–

આ જીવનમાં પ્રાણીને સુખદુ:ખ થાય છે. સારો કે કડવો અનુભવ થાય છે. સ્વરૂપમાં લીન હોય તે આત્મા કરણી–ક્રિયા કાંઈ કરી શકતો નથી, છતાં આત્મા તો સારાં-માઠાં પરિણામો ભોગવે છે, તે તો આપણે દરરોજ જોઈએ છીએ. આપણે સારી સખાવતો કરનારને જોઈએ છીએ, તપ-જપ-અનુષ્ઠાન કરનારને જોઈએ છીએ. આત્મદર્શનમાં લીન આત્મા તો ભોક્તા થઈ શકતો નથી, છતાં આપણે રાજા અને રંકના તથા ધનવાન અને ગરીબના તફાવતો તો દેખીએ છીએ. ત્યારે નિત્ય આત્માને નહિ કરેલા કર્મનું ફળ મળે અને કરેલાં કર્મોનો નાશ થાય. આવી રીતે કૃતનાશ અને અકૃત અભ્યાગમના દોષ આવે એ તો તર્કમાં પ્રવીણ માણસોને તુરત સમજાઈ જાય તેવું છે. નિત્ય આત્માને આ રીતના બેવડા દૂષણમાંથી બચવાનો કોઈ ઉપાય નથી, તે બુદ્ધિ વગરનો માણસ જોઈ શકતો નથી; પણ પોતાના મતે તેને નિત્ય માનવાનું ચાલુ રાખે છે.

આ કરેલાનો નાશ અને નહિ કરેલાની પ્રાપ્તિ એ દૂષણ બરાબર સમજવા યોગ્ય છે. માણસના સંયોગોમાં તફાવત જરૂર પડે છે. કેટલાક પાણી માગે ત્યાં દૂધ હાજર થાય છે અને બીજા કેટલાક આખો દિવસ માગે તો છ આના પણ મેળવી શકતા નથી. આ તફાવત આત્માને નિત્ય માનનારની નજરમાં કેમ આવી શકે તે તેઓ કહી શકતા નથી. અને માણસ માણસ વચ્ચેનો તફાવત તો આ યુગમાં વધેલા છે, તેનો આ આત્માને નિત્ય માનનાર ખુલાસો કરી શકતા નથી. આત્મા જો નિત્ય હોય તો તે કદી ભોક્તા થઈ શક્તો નથી અને કરેલી સર્વ ક્રિયાનો નાશ થાય છે, ન કરેલ ક્રિયાનું ફળ મળે છે. એ વાત અનુભવ અને આજુબાજુની સ્થિતિ જોતાં અક્કલમાં ઊતરતી નથી. આપ તેનો મારી નજરમાં ઊતરે તેવો ખુલાસો જરૂર કરો; મને ખરું આત્મસ્વરૂપ જણાવો. મને આ વાતોમાં કાંઈ દમ લાગતો નથી. હું આપની પાસેથી વિરોધ વગરનું સત્ય આત્મતત્ત્વ જાણવા ઇચ્છું છું. (૪)

સૌગતમતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ–મોક્ષ સુખ–દુ:ખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુનિ૦ ૫

**પાઠાંતર**—'સૌગત' સ્થાને પ્રતમાં 'સુગત' પાઠ છે; ભીમશી માણેક 'સુગતિ' પાઠ છાપે છે. 'ક્ષણિક' સ્થાને ભીમશી માણેક 'ક્ષિણક' છાપે છે. 'આતમ'ને બદલે પ્રતમાં 'આતમા' પાઠ છે. 'નવિ ઘટે' સ્થાને 'તે ન ઘટે' એવો પાઠ છે. 'મન' સ્થાને પ્રતાવાળો 'મનિ' લખે છે. (૫)

**શબ્દાર્થ**—સૌગત = બુદ્ધ મત = પંથ, રસ્તો, ધર્મ. રાગી = તેના તરફ પ્રેમ કરનાર, તેનો અનુયાયી કહે = જણાવે, સમજાવે. વાદી = વાદવિવાદ કરનાર, પૂર્વપક્ષ કરનાર. ક્ષણિક = દરેક પળે ઉત્પન્ન થાય, નવો, તાજો. આતમ = આત્મા. જાણો = જાણવો, સમજવો, અવધારવો. બંધ = કર્મનો બંધ (જુઓ, બીજો કર્મ-ગ્રંથ), બંધાવું લપટાવું તે. મોક્ષ = સર્વ કર્મોથી મુક્તિ, મુકાઈ જવું તે. સુખ = શાતાનો અનુભવ. દુ:ખ = અશાતાનો અનુભવ. નવિ = ન, નહિ (નકારાત્મક). ઘટે = શોભે, ભજે, હોઈ શકે. એહ = એ જ, એ. વિચાર = નિર્ણય, તર્ક. મન = ચિત્તમાં. આણો = લાવો, (૫)

**અર્થ**—બૌદ્ધ મત ઉપર પ્રેમ ધરનાર વાદવિવાદ કરનાર એ આત્માને ક્ષણવારમાં ઉત્પન્ન થનાર અને નાશ પામનાર કહે છે, એ તમે જાણો, પણ એ વિચાર પ્રમાણે તો આત્માને બંધ-મોક્ષનો કે સુખ-દુઃખનો અનુભવ શોભે નહિ, એવો તમે વિચાર તમારા દિલમાં કરો. (૫)

**ટબો**—સુગત કહેતાં બૌદ્ધાદિક મતરાગી, તે ક્ષણિકધર્મી આત્મા માને છે, એક સમયે ઉપન્યો, અન્ય સમયે નાશે. તેને મતિ બંધ, મોક્ષ, સુખ અને દુઃખ ઇત્યાદિ તનુ–શરીરાદિકે ઉપજવું ઘટતું યુક્ત નથી—એ વિચાર મનમાં આણતાં આગમતત્ત્વ ઠરતું નથી. (૫)

**વિવેચન**—બૌદ્ધમતાનુયાયી આત્માને ક્ષણિક માને છે, એટલે એક સમયે આત્મા વિચાર કરે તે આત્મા જુદો અને બીજે સમયે બીજો વિચાર કરે છે તે આત્મા જુદો. આમ ક્ષણે ક્ષણે પલટાતા આત્મા જુદા જુદા વિચારસ્વરૂપને ધારણ કરે છે. તેમના મત પ્રમાણે આત્મા નિત્ય નથી, એકનો એક નથી, આપણને જે જુદા જુદા વિચાર આવે છે તે કરનાર દરેક ક્ષણે આત્મા બદલાય છે. વિજ્ઞાનસ્કંધને તેઓ આત્મા કહે છે. એનાથી જ્ઞાન થાય છે, એટલે 'અહં–હું' એવું જેનાથી જ્ઞાન થાય છે તે સ્કંધ અને બીજા સ્કંધો ક્ષણે ક્ષણે બદલાય છે, કારણ કે જ્ઞાન તો દરેક ક્ષણે બદલાતું જ રહે છે. તેમના મતે આત્મા ક્ષણિક છે. આટલી ક્ષણવારમાં સુખદુઃખનો અનુભવ કેમ થાય? તેમ જ કર્મનો બંધ અને કર્મની મુક્તિ પણ સંભવતી નથી. છતાં બૌદ્ધો ચાર મહાસત્યને માને છે અને તેને આર્યસત્ય કહે છે. એમ તો પ્રાણી અનેક સારાં કે ખરાબ કામો કરે છે, તે ત્યાર પછી અનેક ભવ ગયા પછી ઉદયમાં આવે છે. એ ક્ષણિક આત્માને કેમ સંભવે? અને એ ભોગવનાર તો કોઈ બીજો જ આત્મા હોય એ વાતમાં સત્ય કે ન્યાય કેમ જણાય? અને 'બુદ્ધદેવે ઓગણપચાસ દિવસ સુધી સમાધિનું સુખ ભોગવ્યું' એમ તેમના માન્ય પુસ્તકમાં કહ્યું છે તે ક્ષણિક આત્મા માનનાર માટે કેમ સંભવે? ઓગણપચાસ દિવસોમાં તો હજારો આત્મા બદલાઈ જાય. માટે આત્માને ક્ષણિક માનવો એ મને ઉચિત લાગતું નથી.

બાકી, આત્માના અનેક પર્યાયો ફરે છે તે નજરે આ વાત બેસી જાય છે, પણ આત્માને ક્ષણિક માનવો, તેની સાથે આ વાત બંધબેસતી થઈ શકતી નથી. તેથી સૌગત મતવાદી આત્માને ક્ષણિક કહે છે અને છતાં આત્માના બંધ અને મોક્ષને માને છે તે વાત પરસ્પર ઘાટ ન બેસે તેવી છે. આ ગાથામાં કરેલ પૂર્વપક્ષનો અર્થ એ છે કે સૌગત મતવાદીઓ આત્માને ક્ષણિક એટલે એક સમયે વિચાર કરનારો અને બીજે સમયે નાશ પામનારો માને છે, તેમને તો બંધ અને મોક્ષ એ વાત સંભવતી જ નથી, પરસ્પરવિરુદ્ધ છે. આ વિચાર કરવા જેવી બાબત છે. પછી સખાવત કે તપ કરવાનો પણ હેતુ રહેતો નથી અને આ સંસારના પર્યટનથી મુકાવાનો અર્થ જ રહેતો નથી, કારણ કે બંધ (કર્મનો) કરનાર આત્મા પણ જુદો અને મુક્તિ પામનાર આત્મા પણ જુદો. આ વાતની ઘડ બેસતી નથી, માટે આત્મતત્ત્વમાં સત્ય શું છે તે સમજાવો : આવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે. હજુ પૂર્વપક્ષ ચાલુ જ છે અને શિષ્યની સત્ય જાણવાની તીવ્ર ઇચ્છા જણાઈ આવે છે. (૫)

ભૂતચતુષ્ક વર્જિત આતમતત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુનિ૦ ૬

**અર્થ**—પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ચાર મૂળ પદાર્થો સિવાય આત્મા નામનું જુદું તત્ત્વ છે જ નહીં અને તે સિવાય આત્મા છે જ નહિ (એમ કેટલાક કહે છે). હવે જો આંધળો ગાડાને દેખી જ શકતો ન હોય, નજર પણ તે પર માંડી શકતો ન હોય, તો એવા ગાડાનો શો અર્થ છે? અને તેમાં ગાડાનો વાંક–ગુનો પણ શો છે? (૬)

**ટબો**—કેટલાએક ભૂતચતુષ્ક પૃથ્વ્યાદિક વરજી એટલે પંચભૂત વિના આત્મતત્ત્વની સત્તા–સદ્ભાવ તે અળગી–જુદી માનતા નથી, લોકાયતિક મતના ચાર્વાક–નાસ્તિક; જેમ અંધ શકટને નજરે ન નિરખે–ન દેખે તેણે અંધે શકટે શ્યું કીજે? (૬)

**વિવેચન**—વળી લોકાયતો અથવા નાસ્તિકવાદીઓ કહે છે: પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ મૂળ ચાર પદાર્થો સિવાય કાંઈ જુદી સત્તા નથી; તેઓ તો આત્માની હયાતી જ સ્વીકારતા નથી. તેઓ કહે છે કે ચાર ભૂતો એકઠા થાય ત્યારે તેમાંથી સત્તા અથવા આતમા નીકળે છે અને જ્યારે ભૂતો ખલાસ થાય ત્યારે એ સત્તાનો વિલય–નાશ થઈ જાય છે. તેઓ કહે છે કે જેમ Chemical Compound એટલે વસ્તુનું મળવું થાય ત્યારે કોઈ નવી શક્તિ તેમાંથી નીકળે છે, તેવી રીતે સદર ચાર ભૂતોથી આ સત્તા જન્મે છે અને તે ચાર ભૂતોનો નાશ થાય ત્યારે મરણ થયું કહેવાય છે. પણ આત્મા નામનો કોઈ જુદો પદાર્થ હોય તે તેઓના મત પ્રમાણે ઉચિત નથી. ચાર મહાભૂતની હાજરી અથવા મિલનથી જ આ હાલેચાલે તેવી વસ્તુ ઉત્પન્ન થાય છે, પણ આત્મા નામનો જુદો પદાર્થ થતો નથી: આવો પણ આત્માને અંગે એક મત છે. નાસ્તિક મતવાળા આ પ્રમાણે આત્માની જુદી હયાતી જ સ્વીકારતા નથી એટલે તેઓ તો બધી બાબતમાં ના, ના અને ના કહીને નન્નો વાસે છે. તેને અંગે તો સવાલ કરનાર જ પોતે જવાબ આપી દે છે. આ સવાલજવાબ વિચારવા લાયક છે.

---

**પાઠાંતર**—'ભૂત' શબ્દને પ્રતમાં 'ભુત' લખ્યો છે. 'વર્જિત' શબ્દને પ્રતમાં 'વરજિત' લખેલ છે; બીજી પ્રતમાં 'વરજી' પાઠ છે. 'ઘટે' સ્થાને પ્રતવાળાએ 'ધન્ટે' લખેલ છે; બીજી પ્રતમાં 'ઘટૈ' પાઠ છે. 'જો' સ્થાને પ્રતમાં 'તો' પાઠ લખેલ છે (બન્ને પ્રતમાં). 'નજર ન દેખે' સ્થાને પ્રતમાં 'નિજરે ન નિરખે' બીજી પ્રતમાં 'નિજરે નિરખો' પાઠ છે. 'કીજે' સ્થાને એક પ્રતમાં 'કીજૈ' પાઠ છે. (૬)

**શબ્દાર્થ**—ભૂત = ચાર મૂળ પદાર્થો. ચતુષ્ક = ચારનો સમૂહ, પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ચાર. વર્જિત = છોડીને, બાકી રાખીને. સત્તા = હોવાપણું, સત્તાપણું. અળગી = જુદી, તેનાથી અપર–બીજી. ન = નહિ, ના. ઘટે = લાગુ થઈ શકે. અંધ = આંખે ન દેખી શકે તેવા માણસ, આંધળો, આંખે અપંગ. શકટ = ગાડાને, કોઈ પણ વસ્તુ લઈ જવાનું વાહન. જો = યદ્યપિ, ગમે તે કારણે. નજરે = આપ, જાતે જુએ તે, દેખે. ન = નહિ (નકારાત્મક) દેખે = જુએ, માલૂમ પડે તો = તો પછી, તે વખતે, ત્યારે. શું = કેમ. કીજે = કરીએ, ઉપયોગનું શું, એમાં ગાડાનો ગુન્હો શું? શકટે = વાહન, ગાડાએ. (૬)

એક આંધળો માણસ હોય, તે ગાડાને નજરે ન દેખે તે કાંઈ ગાડાની ગેરહાજરી બતાવે છે કે સિદ્ધ કરે છે? તેના જેવી આ વાત છે. આંધળાની નજરમાં ગાડું ન આવે, એટલે ગાડું નથી એમ જેમ સ્થાપન ન કરી શકાય, તેમ નાસ્તિકની નજરમાં કદાચ આત્મા જેવી અલગ વસ્તુ ન આવે તેથી કાંઈ આત્મા નથી કે આત્માની હાજરી કે હયાતી નથી એમ સાબિત થતું નથી. આત્મા તો અનુભવથી દેખાય છે અને જણાય છે. અને મરેલા માણસ કે જનાવરમાં ચારે ભૂતો હોય છે, છતાં તે હાલતોચાલતો નથી તે ઉપરથી જણાય છે કે આત્મા જેવી કોઈ અલગ વસ્તુ તો જરૂર છે. આંધળો માણસ ગાડાને ન દેખે તેથી કાંઈ ગાડાની ગેરહાજરી કે અભાવ થઈ જતો નથી. આ નાસ્તિકવાદ પણ સમજવા જેવો છે. અત્યારનો પાશ્ચાત્યવાદ પણ કાંઈક આને મળતો છે, તેથી જવાબ લક્ષ્યપૂર્વક સાંભળવો અને અંતરમાં સમજવો એ આપણું કર્તવ્ય થાય છે. વર્તમાન સાયન્સ–વિજ્ઞાન પણ માત્ર ભૌતિકવાદ પર રચાયલું છે અને તેને આત્મા સંબંધી કાંઈ ગતાગમ પડતી નથી. એના ઉપર ન ટકતાં વધારે ઊંડો વિચાર કરવો અને પ્રભુએ બતાવેલ માર્ગે આત્મતત્ત્વની શોધ કરવી એ આપણો ધર્મ છે અને ભૌતિકવાદમાં આનંદ ન લેતાં આત્મવાદ સમજવા પ્રયત્ન કરવો.

આત્માને અંગે આવાં આવાં જુદાં જુદાં મંતવ્યો છે, તેમાં સાચી વાત શું છે અને ક્યાં છે તે આપ મને સમજાવો. આપની પાસેથી સાચું આત્મતત્ત્વ હું જાણવા માગું છું અને આપે અનેક બાબતો કહી છે તે મને સાચી લાગી છે અને આપ આધારભૂત છો તેથી આપને હે મુનિસુવ્રત જિનરાજ! સવાલ કરું છું તે સમજાવો. અહીં સવાલ પૂરો થાય છે. આત્માને અંગેનાં જુદાં જુદાં મંતવ્યો અત્ર બતાવી સાચા તત્ત્વને જાણવાનો સવાલ કર્યો. હવે મુનિસુવ્રત-સ્વામી જવાબમાં શું કહે છે તે આવતી સાતમી ગાથામાં વિચારશું. (૬)

એમ અનેક વાદી મતવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધ તે માટે પૂછું, તુમ વિણ તત કોઈ ન કહે. મુનિ૦ ૭

**અર્થ**—આવી રીતે અનેક વાદવિવાદ કરનારે મારા મનમાં ગૂંચવણ ઊભી કરી છે અને હું તો આફતમાં પડી ગયો છું, તે માટે મારા મનની શાંતિ કરવા આ બાબતનો સવાલ

**પાઠાંતર**—'પડિયો' સ્થાને પ્રતમાં 'પડિઉ' પાઠ છે. 'લહે' સ્થાને પ્રતમાં 'લહઈ' પાઠ છે. 'સમાધ' સ્થાને 'સમાધિ' પાઠ છે. 'માટે' સ્થાને પ્રતમાં 'માટૈ' પાઠ છે. 'તત' સ્થાને પ્રતમાં 'તાત' પાઠ છે. 'કહે' સ્થાને પ્રતમાં 'કહૈ' પાઠ છે. (૭)

**શબ્દાર્થ**—એમ = એ પ્રમાણે. અનેક = એકથી વધારે, છૂટા છૂટા ઘણા. વાદી = સામો પક્ષ લેનાર. મતવાદી = મતીઆ, એક મતને અનુસરનારા. વિભ્રમ = ફેર, ભ્રમ, મતભેદ. સંકટ = કષ્ટ, ગૂંચવણ. પડિયો = પડ્યો, મત ધારણ કરી તેમાં પડેલો એક મતધારી પુરુષ. ન = નહિ, ના (નકારાત્મક). લહે = મેળવે, પામે, લે. ચિત્ત = મનની, દિલની. સમાધિ = ઠંડાપણું, એકતા. તે માટે = તે જાણવા ખાતર. પૂછું = સવાલ કરું. તુમ = આપ, તમે, તમારા. વિણ = વગર, સિવાય. તત = તત્ત્વ, સાર, સાચું રહસ્ય. કોઈ = બીજો કોઈ, અન્ય. ન કહે = જણાવે નહિ. (૭)

આપને પૂછું છું. આપના વગર એમાં સાચું તત્ત્વ શું છે તે અન્ય કોઈ પણ કહે તેમ નથી, તેથી આપને આ સવાલ કરું છું (૭)

**ટબો**—ઇતિ આતમ તત્ત્વ જાણ્યા વિના એમ અનેક પ્રકારે એકાંતવાદીઓના મત કદાગ્રહ તેના વિશેષ ભ્રમરૂપ સંકટમાં પડ્યું, તો આતમતત્ત્વ ન પામે. આતમતત્ત્વ પામ્યા વિના ચિત્ત સમાધિ ન પામે. તે ભણી હે પ્રભો! તમને એ પૂછું છું, જે માટે તમારા સિવાય તત્ત્વકથક બીજો કોઈ નથી. (૭)

**વિવેચન**—આવી રીતે અનેક વાદીઓના મત સાંભળી હું તો ગૂંચવણમાં પડી ગયો છું અને એવા સંકટમાં પડી ગયો છું કે મારા મનની સ્થિરતા અને એકતાને પણ ખોઈ બેઠો છું. આપના સિવાય કોઈ ખરું તત્ત્વ મને સમજાવશે કે કહેશે નહિ એ બાબત ખાતરી હોવાથી આપને પૂછું છું કે આત્માનું ખરું તત્ત્વ આપ જ જણાવો અને મારા ચિત્તની કાંઈક સમાધિ થાય એવું કરી આપો. માણસને જ્યારે અનેકની વાત સાંભળવી પડે છે ત્યારે તેને સ્વાભાવિક રીતે ગૂંચવણ-ગડબડ થાય છે; આ સાચું હશે કે પેલું તે વાતનો નિશ્ચય કરી શકતો નથી અને દિલમાં અસ્તવ્યસ્તતા થઈ જાય છે. અસ્તવ્યસ્તતા કે શંકા એ ગડબડનું એક રૂપ જ છે અને માણસ તો સારો છે, તેથી પોતાની સમાધિ-ચિત્તશાંતિ માટે ભગવાનને કહે છે કે આપ આમાં ખોટી-ખરી વાત શું છે તે સમજાવો. આપના તરફથી જે વાત આવશે તે નિઃસ્પૃહ હોવાથી મારી ચિત્તશાંતિ જરૂર લાવશે અને મને થયેલી ગડબડને એ અટકાવશે. તો મારા ઉપર કૃપા કરીને મને ખરું આત્મતત્ત્વ સમજાવો.

આ જાતના પ્રશ્ન દ્વારા જૈનદર્શન આત્માને કેવો માને છે તે વાતને પ્રાસંગિક બનાવી છે. હવે જૈનધર્મના મત મુજબ આત્મતત્ત્વ કેવું છે તે આગળ ઉપર આવતી ગાથામાં ખુદ તીર્થંકરદેવ શ્રી મુનિસુવ્રત ભગવાન કહેશે, તે ખૂબ અગત્યનું હોઈ બરાબર સમજવું અને સદ્દહવું. આવી રીતે જૈનદર્શનાનુસાર આત્મતત્ત્વ કેવું છે તે વાતને પ્રાસંગિક બનાવવામાં આવી છે. આપણે તેને સમજવાનો પ્રયત્ન કરીએ. (૭)

વળતું જગગુરુ ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી. મુનિ૦ ૮

**પાઠાંતર**—'વળતું' સ્થાને પ્રતમાં 'વલતું' પાઠ છે. 'ઇણિ' સ્થાને પ્રતવાળો 'ઇણ' પાઠ લખે છે. 'ભાખે' લખવાની રીત પ્રતવાળાની 'ભાષે' છે તે પ્રાચીન છે. 'સબ' સ્થાને પ્રતમાં 'સવિ' પાઠ છે. 'પખ' શબ્દને 'પષ' એ રીતે લખે છે. 'રઢ' સ્થાને 'રતિ' પાઠ પ્રતમાં છે. (૮)

**શબ્દાર્થ**—વળતું = સામું, સવાલના જવાબમાં. જગગુરુ = જગદ્ગુરુ, તીર્થંકર દેવ. ઇણિ પરે = એ રીતે. ભાખે = વદે, સમજાવે. પક્ષપાત = એક બાજુએ ઢળવાપણું. સબ = સર્વ, કુલ. છંડી = ત્યાગી, છોડી દઈ, તજી દઈ. રાગ = પોતાના મતનું આકર્ષણ-પ્રેમ. દ્વેષ = કોઈ પણ મતનો વિરોધ. મોહ = મૂંઝવે તે, પૌદ્ગલિક પ્રેમ. પખ = પક્ષ, એક બાજુ લેવી. વર્જિત = છોડી દઈને, તજી દઈને. આતમસું = આત્મામાં. રઢ = આકર્ષણ. ખેંચાણ. મંડી = માંડીને. (૮)

**અર્થ**—ઉત્તરમાં જગતના ગુરુ શ્રી મુનિસુવ્રતસ્વામી સર્વ પ્રકારનો પક્ષપાત છોડી દઈને કહે છે. રાગદ્વેષ–મારાતારાપણું અને મોહને છોડી દઈને આત્મામાં પ્રેમ લગાવવો તે સાચી વાત છે. આત્મા રાગદ્વેષમોહ રહિત હોય. (૮)

**ટબો**—એમ પૂછે વળતું જગગુરુ એમ કહે છે, સર્વ એકાંત મતનો પક્ષપાત–હઠ છોડીને, રાગદ્વેષ અને મોહ–અજ્ઞાન તેનો પખ વરજીને એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રતિ માંડીને એ લીનતા. (૮)

**વિવેચન**—આવો સવાલ જિજ્ઞાસુએ પૂછ્યો તેના જવાબમાં જિનેશ્વરદેવ ઉત્તર આપે છે અને એ ઉત્તર આપતાં સર્વ પ્રકારનો પક્ષપાત છોડીને સીધો અને સાદો જવાબ આપે છે. અને જવાબ આપતી વખતે સાચોસાચી વાત કરવી અને વાદીઓ ગમે તેટલા હોય તેનો પક્ષપાત કરવો નહિ, સાચા અને સીધા સવાલનો કોઈનો પક્ષ લીધા વગર, માણસ સમજે તેમ, જવાબ આપવો. જ્યારે માણસ કોઈનો પક્ષ લઈને જવાબ આપે છે ત્યારે તે સત્યવાદીપણા ઉપર છીણી મૂકી દે છે, અને કોઈ પણ એક બાજુ ઢળી જાય છે. તીર્થપતિએ કોઈનો પક્ષ લીધા વગર પોતે જેવું આત્મતત્ત્વ જાણ્યું તેવો જવાબ આપ્યો, તે જવાબ શું આપ્યો તે જોઈએ.

રાગ અને દ્વેષ–આકર્ષણ અને અરુચિ–એ બે વસ્તુ જગતમાં સર્વથી વધારે હેરાન કરે છે. કાંતો કોઈ વસ્તુ તરફ આકર્ષણ હોય અને કાંતો તેના તરફ અભાવ હોય, કાંતો તે ખૂબ ગમે, કાંતો તેના તરફ દાંતિયાં કઢાય અને કયારે તે દૂર થાય એવી વૃત્તિ થાય. આ રાગદ્વેષ દુનિયાને ખરેખર રખડાવનાર છે, પૌદ્ગલિક છે. એનો ત્યાગ કરીને હું અથવા મારું એવો મોહ છોડી દઈને શું કરે તે આવતી ગાથામાં કહેશે. (૮)

> આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
> વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુનિ૦ ૯

**અર્થ**—જે કોઈ પ્રાણી સ્વધ્યાન કરે તે ફરી વખત આમાંના કોઈ પણ પદાર્થમાં આવે જ નહિ. આ સિવાય બીજું સર્વ વાણીનો વિલાસ છે, બોલવાની ગૂંચવણ છે અને તેવો પ્રાણી તો એ જ સાચી વાતને હૃદયથી ચાહે છે, તેને તે ઇચ્છે છે. (૯)

**પાઠાંતર**—'જો' સ્થાને 'જે' પાઠ પ્રતમાં છે. 'ફિર' સ્થાને પ્રતમાં 'ફિરિ' પાઠ છે. 'ઇણમેં' સ્થાને પ્રતમાં 'ઇણમા' પાઠ છે. 'નાવે' પાઠ પ્રતવાળો 'નાવૈ' લખે છે. 'જાણે' સ્થાને પ્રતમાં 'જાણો' પાઠ છે (બંને પ્રતમાં). 'લાવે' સ્થાને પ્રતમાં 'ચાવે' પાઠ છે. (૯)

**શબ્દાર્થ**—આતમધ્યાન = આત્મધ્યાન, આત્માની પિછાણ. કરે = અનુસરે જો = જો કરે. સો = તે, તે માણસ. ઇણમેં = સંસારમાં, સંસારના ચક્કરમાં, રગડોળામાં. નાવે = ન આવે. વાગજાળ = મોઢેથી બોલવાની જાળ, અગડંબગડં બોલવું તે. બીજુ = અન્ય સર્વ. એથી અન્ય કોઈ પણ. સહુ = સર્વ. બધું. એહ = આ, એ જ. તત્ત્વ = સાર. ચિત્ત = મન, દિલ. લાવે = પસંદ કરે છે, ચાહે છે. (૯)

**ટબો**—જે કોઈ સ્વરૂપધ્યાન કોઈ જે કરે તે ફરીને સંસારમાં એ મતના ભ્રમમાં ન આવે, ન પેસે; એ વિના બીજો વચનવિલાસ તે જાળરૂપ જાણવો, એ જ તત્ત્વજ્ઞાન ચિત્તમાં–મનમાં વિચારવું. (૯)

**વિવેચન**—આત્મતત્ત્વનું અહીં જે પ્રકારનું વર્ણન કરવામાં આવ્યું છે, તેના ઉપરથી આત્મતત્ત્વ જે કબૂલ કરે તે આત્માને બરાબર ઓળખે છે. તો વાત એમ થઈ કે રાગદ્વેષ અને મોહને તજી દે એ આત્મતત્ત્વ જાણવાની પહેલી શરત છે. અને બીજી વાત શું છે તે કહે છે. આવો પ્રાણી (રાગદ્વેષમોહ વર્જિત હોઈને) આત્મધ્યાન કરે એટલે આત્માને જ ધ્યેય બનાવે. પ્રાણી આત્મા સંબંધી વિચારની એકાગ્રતા કરે એટલે પૌદ્ગલિક કોઈ પણ ચીજને ધ્યેય ન કરતાં આત્માનું જ ધ્યાન કરે અને બીજી કોઈ લપ્પનછપ્પનમાં ન પડે : આ બીજી શરત છે. આવો રાગદ્વેષમોહને તજી દેનારો પ્રાણી આત્માનું જ ધ્યાન કરે. તેને આત્માને ઓળખવાની ત્રીજી શરત એ છે કે એક વખત એ પૌદ્ગલિક ચીજનો સંબંધ મૂકે અને તદ્દન નિઃકર્મા થાય પછી તે કોઈ પણ વાર આ સંસારમાં પાછો ન આવે; એના જન્મમરણના ફેરા મટી જાય. તે તદ્દન કર્મ વગરનો થઈ આત્માને પામી મોક્ષ નગરે હમેશને માટે જાય છે અને પછી આ સંસારમાં ફરીને કદી પણ આવતો નથી.

આત્માને ઓળખવાની આ રીતે ત્રણ શરતો થઈ :–

(૧) રાગદ્વેષ અને મોહને તજી દેવા.

(૨) આત્માનું ધ્યાન કરવું, તેમાં એકાગ્ર થઈ જવું.

(૩) એકવાર કર્મ છોડ્યા પછી સંસારમાં કદી પણ પાછા ન આવવું.

આત્માના આ વર્ણન ઉપરથી આત્મતત્ત્વ કેવું છે તે સમજી લેવું, અને તેવી રીતે આત્માને ઓળખી લેવો. આત્માને વર્ણન દ્વારા ઓળખવાનો આ પ્રકાર છે અને તેમાં જ ખરી આત્માની પિછાણ છે. બીજાં સર્વ તો વાણીનાં જાળાં છે, બોલવાની ગૂંચો છે અને સંસારની રખડપાટી છે. એ સર્વ વિચારણા ન સ્વીકારતાં આ ત્રણ શરતવાળો આત્મા પસંદ કરવા લાયક છે. જે આવા પ્રકારના આત્માને બરાબર ઓળખશે અને બીજી આળપંપાળ છોડી દેશે તે બધી રીતે આત્મસુખ પામશે અને નિત્યાનંદ અનુભવી સંસારને હમેશને માટે મૂકી દઈ પરમ મહોદય પામશે. બાકી, સંસારમાં અવતાર લે કે રખડપટ્ટી કરે અને દુનિયાનો વ્યવહાર કરે તે રીતનો આત્મા જ છે નહિ, એ તો સર્વ વાણીના વિલાસ છે અને બોલવાના ભામા છે. બાકી, સંસારમાં કદી પણ ફરીવાર આવવાનું કે સંવ્યવહાર કરવાનું ન જ થાય તે પ્રકારે આત્માને ઓળખવા જેવો છે. અને ગમે તે કામે સંસારમાં આવવું ન પડે તેવા પ્રકારની સ્થિતિને સમજી લેવા જેવી છે. તે ખરી છે અને હમેશને માટે સંસારની ઉપાધિ મટાડનાર છે. આવી રીતના આત્માને જે ઓળખવો, તેમાં જ મોજ છે, અને તેના ધ્યાનમાં ઇષ્ટસિદ્ધિ છે. (૯)

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તતજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન'પદ લહીએ. મુનિ૦ ૧૦

**અર્થ**—જેણે સાચાખોટાની સમજણ કરી એ અભિપ્રાયને ધારણ કર્યો, ઝીલ્યો તેને સાચો તત્ત્વજ્ઞાની કહેવો; તે તે અભિધાનને યોગ્ય છે. હે શ્રી મુનિસુવ્રતનાથ! આપ દયા કરો, મહેર કરો, તો આમ સમજીને અમે ખૂબ આનંદસમૂહના સ્થાનને–ઠેકાણાને પ્રાપ્ત કરીએ. (૧૦)

**ટબો**—જે પ્રાણીએ વિવેક ધરીને એ પક્ષ–જ્ઞાન, દર્શન, ચારિત્રનું સ્વરૂપ–ગ્રહિયો, આદર્યો તે જ પ્રાણી તત્ત્વજ્ઞાની કહીએ: તો શ્રી મુનિસુવ્રત સ્વામી! જો કૃપા કરો–નિમિત્ત સહાયી થાઓ તો આનંદઘન પરમાતમ તત્ત્વપદ લહીએ–પામીએ. એટલે વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત-સ્વામીનું સ્તવન થયું. (૧૦)

**વિવેચન**—જે વ્યક્તિએ વિવેક રાખીને એ આત્માનું તત્ત્વ ધારણ કર્યું અને જેની માન્યતા એવી છે કે મોક્ષમાં ગયેલ પ્રાણી કદી સંસારમાં આવતા નથી તે સાચો તત્ત્વજ્ઞાની કહેવાય. વિવેક એટલે સાચા-ખોટા બન્નેમાંથી સાચાને તારવવું અને સ્વીકારવું. આ વિવેક તો દશમો નિધિ કહેવાય છે. સાચા ને ખોટા બન્ને સાથે ચાલતા હોય તે વખતે સાચાને આદરવાની અને તેને શોધી સ્વીકાર કરવાની જરા મુશ્કેલી છે, પણ જેણે એ મુશ્કેલી પસાર કરી સાચા પક્ષને પકડી લીધો છે તે સાચો તત્ત્વજ્ઞાની છે, અને તે સાચા માર્ગ ઉપર છે; એટલે વિવેક-પૂર્વક સાચા પક્ષનો સ્વીકાર કરવો એ અત્યુત્તમ અને આદરણીય વાર્તા છે. દુનિયામાં આત્મા સંબંધી અનેક મંતવ્યો ચાલે છે. તે બધાંમાંથી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી જે સાચું તત્ત્વ સ્વીકારે, જે વિષે તીર્થંકરદેવે પોતે જ ઘણા સંક્ષેપમાં વાતનો સાર જણાવી દીધો છે, તે સાચો તત્ત્વવેત્તા છે એમ જણાવ્યું છે.

અને હે મુનિસુવ્રત મહારાજ! હે તીર્થંકરદેવ! જો આપ મારા ઉપર મહેર કરો તો હું આનંદઘનપદ એટલે અનંત આનંદના સ્થાનના પદને પ્રાપ્ત કરું, એટલે હું આ સ્તવન બોલનાર–મોક્ષ નગરના પદને પ્રાપ્ત કરું. આ પદ એવું સરસ છે કે ત્યાંથી કદી કોઈ પણ વખતે પાછા આવવાનું થાય જ નહિ. અને એવા આનંદમાં દાખલ થઈ જઉં કે પછી આ ચક્રગતિવાળા સંસારમાં આવું જ નહિ. આ પદ પ્રાપ્ત કરવા મારા સર્વ પ્રયત્નો છે અને તે

---

**પાઠાંતર**—'જેણે' સ્થાને પ્રતમાં 'જિણિ' પાઠ છે (બન્ને પ્રતમાં) 'પખ' ને બદલે પ્રાચીન પ્રત 'પક્ષ' આપે છે. 'તતજ્ઞાની'ને સ્થાને 'તત્ત્વજ્ઞાની' પ્રતમાં છે. 'પદ' સ્થાને બંને પ્રતમાં 'મત' પાઠ છે. (૧૦)

**શબ્દાર્થ**—જેણે = જે પ્રાણીએ, જે વ્યક્તિએ. વિવેક = સાચાખોટાની પરીક્ષા. ધરી = ધારણ કરી. એ = સદરહુ. પખ = પક્ષ બાજૂ. ગ્રહિયો = લીધો, ધારણ કર્યો. તે = તે વ્યક્તિએ, તે મનુષ્ય. તતજ્ઞાની = તત્ત્વજ્ઞાની, સાર જાણનાર. કહીએ = સમજવો, જાણવો, સ્વીકારવો. શ્રી = લક્ષ્મીવંત. મુનિસુવ્રત = વીશમા તીર્થપતિ. કૃપા = દયા, મહેર. કરો = અમલમાં મૂકો. આનંદઘન = મોક્ષ, અનંત આનંદથી ભરેલ સ્થાન. પદ = પદવી. લહીએ = લઈએ, મેળવીએ. (૧૦)

પ્રાપ્ત કરવાની આ સ્તવન બોલનારની ભાવના છે. આ સ્તવનના કર્તા આનંદઘન–લાભાનંદ છે એ આડકતરી રીતે જણાવી દીધું. સંપ્રદાય પ્રમાણે સ્તવનકર્તાએ સ્તવનને છેડે પોતાનું નામ જણાવવું જોઈએ, તે અનુસાર લાભાનંદે પોતાનું નામ 'આનંદઘન' તરીકે જણાવી દીધું. (૧૦)

### ઉપસંહાર

આ રીતે આ અતિ મહત્ત્વનું સ્તવન પૂર્ણ થાય છે. તેમાં આનંદઘનજીએ આત્મતત્ત્વની અતિ મહત્ત્વની ચર્ચાની વાત કરી છે કે રાગદ્વેષ અને મોહનો સર્વથા ત્યાગ કરવાથી અને આત્માને એકાગ્ર ચિત્તે ધ્યાવવાથી આ આત્મા ફરીને સંસારમાં આવતો નથી. આ રાગ દ્વેષ કેવા છે તે આપણે જોઈએ, મોહને બરાબર પિછાનીએ અને આત્મતત્ત્વ ઉપર એકાગ્રતા કરવાને અંગે બરાબર નિર્ણય કરીએ. અને આત્મતત્ત્વ સમજાતાં નિર્ણય કરીએ કે એની સર્વ કર્મોથી મુક્તિ થાય તો પછી એ કદી સંસારમાં આવતો નથી. આવું આત્મતત્ત્વનું એક સ્વરૂપ સારી રીતે જાણી લેવાની અને તેને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવાની જરૂર છે. આ આત્મતત્ત્વ ભગવાને કેવી રીતે જણાવ્યું તે વાત પર જ વિચાર કરીએ એટલે આ સ્તવનરચનાનો ઉદ્દેશ પણ પાર પડે અને આપણે આપણું કર્તવ્ય બજાવ્યું ગણાય.

રાગ અને દ્વેષ આ સંસારવૃક્ષનાં મૂળો છે, કારણ કે કષાય એનાથી જ ઉત્પન્ન થાય છે. અમુક ચીજ કે વ્યક્તિ પોતાનાં છે, પોતાનાં માનેલાં છે, અને અમુક ચીજ કે માણસો આપણને દીઠાં જ ગમતાં નથી, આવો ભાવ અને અભાવ તે રાગ-દ્વેષનું મૂળ છે અને તે સંસારને વધારે છે. અને આપણને બીજી વસ્તુ કે વ્યક્તિ તરફ મોહ થાય, તેને દુઃખે દુઃખી થઈએ, તેને સુખે રાજી થઈએ, અને દારૂ પીધેલ માણસની પેઠે સંસારમાં પડ્યા રહીએ તેને લઈને બીજી વાત ન સૂઝે, એ સંસારનો મોહ કહેવાય. મોહ પ્રાણીને મૂંઝવી નાખે છે અને આ સંસારમાં ગમનાગમન કરાવે છે. અનંત કાળથી આપણે એ પ્રમાણે આંટા માર્યા કરીએ છીએ અને આ ચક્રભ્રમણનો છેડો જ આવતો નથી એ રાગ-દ્વેષ અને મોહને લઈને જ છે. એ ત્યાગવા યોગ્ય છે, એનો છેડો લાવવા યોગ્ય છે અને એના ઉપર કોઈ પણ પ્રકારનો વિશ્વાસ મૂકવા લાયક નથી, એવા પ્રકારની બુદ્ધિ થાય અને તેનો ત્યાગ કરવાનો નિર્ણય થાય તે આત્મજ્ઞાનની પ્રથમ શરત છે. પછી બીજી આત્મજ્ઞાનની વાત એ છે કે જે રાગ-દ્વેષ અને મોહે કરેલાં તથા બીજાં કર્મોને એક વાર છોડી દે છે, એનું આ સંસારમાં ચંક્રમણ કે આગમન થતું નથી; એ કાંઈ કોઈ પણ વખતે આ સંસારમાં પાછો આવતો નથી; તે તો ગયો તે હમેશને માટે ગયો. ભગવાન અવતાર લે એ આખો સિદ્ધાંત આત્મજ્ઞાનને કબૂલ નથી. જે મોક્ષ ગયો તે સદા માટે ગયો. એક વાર જનાર કોઈ પણ કારણે આ દુનિયાના આંટાફેરામાં પાછો આવતો નથી અને જન્મમરણના ચકરાવામાં પડતો નથી. 'ધર્મની ગ્લાનિ થાય અને અધર્મનું અભ્યુત્થાન થાય ત્યારે હું અવતાર લઉં છું'—એવો કોઈ દર્શનનો સિદ્ધાંત છે તે ખરા તત્ત્વજ્ઞાન પાસે ટકી શકતો નથી. એક વાર સર્વ કર્મથી મુક્તિ થાય તે કદી કોઈ પણ હેતુએ સંસારમાં આવી જન્મ-મરણમાં પડતા નથી, એવી જૈન આત્મજ્ઞાનની બીજી શરત છે. અને ત્રીજી શરત એ છે, કે

આવા પ્રકારના આત્માને ચાહવો. એના મૂળ ગુણ, જે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે છે, તે નિશ્ચયપણે પ્રગટ કરવા, અને આત્મિક ગુણને ચાહવો, તે પ્રગટ કરવા પૂરતો પ્રયાસ કરવો, તેને માટે એકાગ્રતા કરવી એ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ત્રીજી શરત છે.

આવી રીતે આત્માને બરાબર જાણવો, તેના ઉપર એકાગ્રતા કરવી, અને સોનાનું સુવર્ણત્વ પ્રગટ કરવા જેમ અગ્નિ લગાડી તેને ગરમ કરવામાં આવે છે તેમ આત્માના આ નિશ્ચયનયના મૂળ ગુણો પ્રકટ કરવા એને ધ્યાનાગ્નિમાં લગાડવો—આ ત્રણ શરત પૂરી પાડે તે ખરેખરો આત્મા છે અને તે તરીકે તેને સમજવો તે સાચી સમજણ છે. આવો સારો દેશ મળે, દેવગુરુની જોગવાઈ મળે, પોતામાં સમજશક્તિ અને તંદુરસ્તી સારી હોય, એનો પૂરતો લાભ લેવો એ આપણી ફરજ છે. નહિ તો આ ભવ માત્ર એક ફેરો થશે અને અનાદિ કાળથી આ પ્રાણીએ જે ફેરા મારેલા જ છે તેમાં એકનો વધારો થશે. સમજુ માણસ આવી સરસ તકને ગુમાવે નહિ; એ તકનો લાભ જ લે, અને દુનિયા શું કહેશે તે સાંભળવા તે અટકે જ નહિ. દુનિયા તો ખેંચીતાણીને પોતા તરફ લાવે છે અને પોતા તરફ આકર્ષી તેને પછાડી પોતા જેવો કરે તેવી છે, તે તરફ પ્રાણી ધ્યાન ન આપે, પણ તે પોતાની ફરજ બજાવવા સન્મુખ રહે. (૨૦)

એપ્રિલ–મે : ૧૯૫૦

## ૨૧

# શ્રી નમિનાથ જિન સ્તવન

**સંબંધ**—હિંદમાં છ દર્શનો છે : બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વેદાંત, લોકાયતિક (નાસ્તિક) અને જૈન. એ સમયપુરુષનાં અંગો છે અને અમુક નયની અપેક્ષાએ તેમની પ્રત્યેકની અથવા કોઈની પણ સેવા કરવી તે જૈનદર્શનની સેવા બરાબર છે, અને એ દર્શનને ઉતારી પાડવાનો પ્રયત્ન કરવો તે દુર્ભવ્યતાને બતાવનાર છે, તે આ સ્તવનનો પ્રધાન સૂર છે. જૈનોએ સહિષ્ણુતા કેટલી કેળવી છે તે આ સ્તવન-વિચારણામાં આપણું ગંભીરપણે ધ્યાન ખેંચે છે અને નાસ્તિકને પણ કૂખમાં દબાવી દે ત્યાં તો હદ કરે છે. આવી સહિષ્ણુતા હરિભદ્રસૂરિના વખતમાં કેળવાયલી હતી અને બસો કે અઢીસો વર્ષ પહેલાં લાભાનંદે પણ એને અપનાવી હતી તે ખાસ સમજવા જેવી વાત છે. અત્યારે તો બીજા ધર્મની વાત સાંભળીને લડાઈના મોટા મોરચા મંડાય છે અને ધર્મને નામે ઝઘડા ચાલ્યા જ કરે છે. એવા વખતમાં આવી ધર્મસહિષ્ણુતા દલીલપુરઃસર બતાવવામાં આવે તે આપણું સારું નસીબ છે. અને આટલું વિચારઔદાર્ય બતાવવા માટે આપણે લાભાનંદને ધન્યવાદ જ આપીએ. એ વિચારની મોટી ઉદારતા બતાવે છે અને આપણી તરફ એક જાતનો બોધ કરે છે. આવી વિચારણા જરૂર કરવા યોગ્ય છે અને બહુ સમજણ-પૂર્વક વિચારણા માગી રહે છે. મતઔદાર્ય રાખવું અને તે પરધર્મની દૃષ્ટિએ રાખવું એ કાંઈ જેવી તેવી વાત નથી. ખૂબ વિચારણા કરી નિર્ણય કરેલ હોય અને આજુબાજુના તુચ્છ વિચારોથી જે પર ગયેલ હોય તે જ આવા વિચાર કરે છે. અને વિચાર તો કેટલાક કરે, પણ બીજાને તે સમજાવી શકે અને તેને માટે દલીલો રજૂ કરે એવી વિશાળતા બહુ ઓછી દેખવામાં આવે છે. એને બદલે નાની–નજીવી વાતના ઝઘડા અને પોતાનું પુચ્છ પકડી રાખવાની ચીવટ લોકોમાં એટલી બધી હોય છે કે એક જ દર્શનના અનુયાયીઓ એલચીને સચિત્ત ગણવી કે અચિત્ત કહેવી એવી બાબતમાં મોરચા માંડી દે છે. પારકા દર્શનને તિરસ્કારનારા તો એટલી મોટી સંખ્યામાં હોય છે કે તે બાબતમાં તો આપણે છેલ્લી હદે ઊતરી ગયા છીએ. આવા દુઃખદ સંયોગોમાં મતસહિષ્ણુતા ગાવી અને તે પર દલીલો આપવી તેવું અદ્ભુત કામ આ નાના સ્તવનમાં આનંદઘનજી કરી બતાવે છે. આ રીતે જ્યારે દર્શનની સ્થાપના અને અન્ય તરફના ભાવમાં વિશાળતા થશે ત્યારે જ આપણો ઉદ્ધાર થશે. તે દૃષ્ટિએ આ સ્તવન સંતોષકારક રીતે સારો ભાગ ભજવે છે. અને મને આ સ્તવનનો ભાવ વિચારીને જીવવા યોગ્ય લાગેલ છે. એ દૃષ્ટિએ ખૂબ સહૃદયતાથી અને અત્યંત ધીરજથી આ સ્તવનનો ભાવ વિચારવા યોગ્ય છે.

ધર્મ-દર્શન-વિચારણામાં આટલી વિશાળતા રાખવી અને દીર્ઘદર્શિતા બતાવી મતફેરને મુખ્યતા ન આપતાં તેમાં સમદર્શિતા જોવી તે ભારે વિચારણા માગે છે. અગાઉ હરિભદ્રસૂરિના

સમયમાં તો વિશાળ નજર સાર્વત્રિક હતી, પણ આનંદઘનજીના સમયમાં તે વાત અસાધારણ હતી; છતાં આનંદઘનજીએ એવી ભવ્યતા બતાવી છે, તે બતાવે છે કે શાસ્ત્રના સમજનાર સત્તરમી સદીમાં પણ હતા. અને જોકે વ્યક્તિગતે વિશાળ નજર અને વિચારઔદાર્ય થવું કે રહેવું મુશ્કેલ છે, પણ તે દલીલથી સમજનાર પણ આવા કઠણ કાળમાં પ્રાપ્ય થઈ શકે છે. આ વિશાળ નજરે આ સ્તવનનો ભાવ વિચારવા અને ઉદારતાને અવકાશ આપવા પ્રાર્થના કરી હવે આનંદઘનજીની વિશાળતા અભ્યસીએ.

### સ્તવન

(રાગ—આશાઉરી; ધન ધન સંપ્રતિ રાજા સાચો—એ દેશી.)

ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણઉપાસક, ષડ્ દરશન આરાધે રે. ષડ્૦ ૧

**અર્થ**—છયે દર્શનો જિન ભગવાનનાં જુદાં જુદાં અંગો—અવયવો છે. છયે દર્શનો જે જુદાં જુદાં અંગો છે તેની સ્થાપના કરવાથી આ વાત માલૂમ પડશે જેઓ એકવીશમા પ્રભુ તીર્થંકર શ્રી નમિનાથ ભગવાનના પગને સેવે તે છયે દર્શનની સેવા કરે છે, આરાધના કરે છે. (૧)

**ટબો**—આ એકવીશમા સ્તવનનો અર્થ કરતાં જ્ઞાનવિમળસૂરિ જણાવે છે (થોડા જરૂરી ફેરફાર સાથે), તે નીચે પ્રમાણે છે : હવે જિનમતમાં સર્વ આવે તે રીતે આગલા સ્તવનમાં દેખાડે છે; તે જાણે તે વારે કર્મશત્રુને નમાવે, તે શ્રી નમિનાથ જિનના ધ્યાન-સ્તુતિથી નીપજે એ કહે છે. ષડ્ દર્શન જે કહ્યું તે શ્રી જિનમતનાં અંગ છે, તે માટે 'કારણે કાર્યોપચાર' તે જિનનાં અંગ કહીએ. દ્રવ્ય ષડંગ ન્યાસ તે આવર્તાદિક, અંગીકાર ન્યસન રૂપ; ભાવ ષડંગ ન્યાસ ઇંદ્રિયનો ઇંદ્રિય રૂપે ધ્યાનલીનતાનો ષડંગન્યાસ સાધે, તો જે જ્યાં તે તેટલે સાધે, તો શ્રી નમિનાથના જે ચરણસેવક સ્યાદ્વાદમતને જાણે છે તે જ ષડ્ દર્શનના આરાધક હોય. જે જિન-મત જાણે તે જ સર્વને તે રૂપે જાણે. (૧)

---

**પાઠાંતર**—'દર્શન' સ્થાને પ્રતમાં 'દરસણ' લખેલ છે. 'ભણીજે' સ્થાને એક પ્રતમાં 'ભણિજે' લખેલું છે. 'જો સાધે'ને સ્થાને એક પ્રતમાં 'જે સાધે' લખ્યું છે. 'સાધે' સ્થાને પ્રતમાં 'સાધેં' લખેલ છે. 'ઉપાસક' શબ્દ એક પ્રતમાં મૂકી દીધેલ છે. 'આરાધે' સ્થાને પ્રત લખનાર 'આરાધેં' લખે છે. (૧)

**શબ્દાર્થ**—ષડ્ દર્શન = છ દર્શનો : સાંખ્ય, યોગ, બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક અને જૈનદર્શન (હરિભદ્ર સૂરિ પ્રમાણે). જિન = જૈનદર્શનના (દર્શનની અહીં મનુષ્ય તરીકે કલ્પના કરી છે.) અંગ = દર્શનશરીરનાં અંગો, જુદા જુદા અવયવો. ભણીજે = જાણવા, સમજવા. ન્યાસ = સ્થાપના, મૂકવું તે. ષડંગ = છ અંગોને, છ અવયવોને. સાધે = આરાધના કરે, અનુસરે. નમિ જિનવર = નમિનાથ નામના એકવીશમા તીર્થંકર. ચરણ = ના પગ, નાં પાદકમળ. ઉપાસક = તેની સેવા કરનાર, તેના ઉપદેશ પ્રમાણે ચાલનાર. ષડ્ દર્શન = છયે દર્શનોને. આરાધે = પૂજે, સેવે, ભજે. (૧)

**વિવેચન**— ઉદાર મતની ઝાંખી કરાવતાં શ્રીમદ્ આનંદઘનજી શરૂઆત જ ઘણી ભવ્ય કરે છે. તેઓ જણાવે છે, છયે દર્શનો કે જે અમુક દૃષ્ટિબિન્દુ લક્ષ્યમાં રાખી તે દૃષ્ટિબિન્દુઓ બતાવવામાં આવ્યાં છે તે, એક જૈનદર્શન સિવાય, સમયપુરુષનાં અંગો છે અને જે એની વિરુદ્ધનો પ્રચાર કરે તે સંસારી છે, અને કોઈ પણ રીતે મુક્તાત્મા થઈ જ શકતો નથી. એક પણ અંગનો છેદ કરવાથી તે ખોડખાપણવાળો રહી જાય છે. અને તેવું કરનાર પ્રાણી તો આ અનંત સંસારમાં રખડ્યા જ કરે છે અને એ સંસારસમુદ્રને કાંઠે પહોંચતો જ નથી. આવી ઉદારતા બતાવવી અને દરેક દૃષ્ટિબિન્દુઓ સમજી તેને યોગ્ય સ્થાન આપવું તે આનંદઘનજીથી જ બની શકે. જોકે આનંદઘને આ સ્તવનમાં નવી વાત કહી નથી, છતાં સત્તરમી શતાબ્દીની આખરે અને અઢારમી શતાબ્દીની શરૂઆતમાં આવા ઉદાર વિચાર બતાવવા તે, તે કાળનો ઇતિહાસ વિચારતાં, અત્યંત કપરું કામ છે. અને ધર્મયુદ્ધમાં આ વિચારો નિઃશંકપણે બતાવવા તે ભારે વિચારશક્તિ દાખવે છે.

તેઓશ્રી તો ત્યાં સુધી કહે છે, જેમ શરીરના હાથ કે પગ કે કોઈ પણ અવયવ કપાય તો પ્રાણી ખોડખાપણવાળો કહેવાય છે અને રહી જાય છે, તેમ છયે દર્શનમાંથી કોઈ પણ દર્શનને કાપી નાખવું કે તેની ટીકા કરવી એ દુર્ભવીનું લક્ષણ છે. આવા વિચારને બતાવતાં તેઓના ધ્યાનમાં છે કે તેમાં નાસ્તિક જેવા મતનો પણ તે (છ દર્શન)માં સમાવેશ થાય છે. તેમના મત પ્રમાણે છ દર્શનો મુખ્યત્વે છે: બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વેદાંત, નાસ્તિક (લોકાયતિક) અને જૈન. આ દરેકના મુદ્દા સમજવા અને કોઈની પણ ટીકા ન કરવી અને જેટલાપૂરતી તેમણે દર્શનની પ્રરૂપણા કરી છે તેટલે અંશે તેઓ સત્ય સમજ્યા છે: આવી મત-ઉદારતા તમે અન્યત્ર કોઈ પણ દર્શનમાં નહિ જુઓ. તેઓ તો પોતે સાચું સમજ્યા છે અને પોતાથી અન્ય દર્શનકારો સત્ય સમજ્યા જ નથી અથવા જૂઠા છે એવી વાત સ્થાપશે; અને પોતા સિવાય કોઈ અન્ય કોઈ સત્ય સમજ્યું જ નથી એવી સ્થાપના કરશે, અને દર્શનને નામે મોટી જાદવાસ્થળી ખડી કરી દેશે.

છયે દર્શનો જુદાં જુદાં અંગો છે અને અંગ તરીકે ઉપયોગી છે; તેને તેટલા અંશસત્ય તરીકે સમજીને તેમને સ્થાપન કરવાં અને સ્વીકારવાં એ યોગ્ય વાત છે. અને તેની ટીકા કરવી, તેને કાપી નાખવા તે અયોગ્ય છે. સત્યના અંશ તરીકે તેનો સ્વીકાર કરવો તેમાં જ વ્યવહાર-દક્ષતા છે. જે નમિનાથના ચરણની સેવા કરે તે છયે દર્શનને સ્વીકારે છે અને તેની ટીકા કરવાથી કે તે જૂઠા છે એમ કહેવાથી દૂર રહે છે.

'ન્યાસ' શબ્દ યોગનો છે. 'ન્યાસ' એટલે 'સ્થાપના.' 'ન્યાસ' એટલે એને મોટા ગણી તેની આરાધના કરનાર. છયે દર્શનની આ દૃષ્ટિએ આરાધના-પૂજા-સેવા કરનાર ખરી રીતે તીર્થંકરદેવની સેવા કરે છે. સત્ય બે પ્રકારનું છે: સર્વસત્ય અને દૃષ્ટિબિંદુસત્ય. આ દર્શનકારોમાં સર્વસત્ય નથી પણ દૃષ્ટિબિંદુપૂરતા તેઓ સાચા છે તેમ માનવું અને તે તરીકે તેટલા પૂરતા તેઓને સાચા સમજવા એમાં કોઈ પણ પ્રકારનો વાંધો નથી. (૧)

જિન સુરપાદપ પાય વખાણો, સાંખ્ય-જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ષડ્૦ ૨

**અર્થ**—તીર્થંકર ભગવાનરૂપ કલ્પવૃક્ષનાં મૂળિયાં અથવા પગરૂપ સાંખ્ય અને યોગ દર્શનો; તેઓ આત્માની સત્તા ઉપર વિવેચન કરે છે, એમ એ બન્નેને જિનમતના બે પગોરૂપ અંગ-અવયવ તરીકે વગર થાક્યે તમે ધારી લો. (૨)

**ટબો**—જિનમતરૂપ જે સુરપાદપ–કલ્પવૃક્ષ, તેહના પાય કહેતાં પાદ શાખારૂપ કહીએ, તે કોણ? તે સાંખ્યમત અને યોગમત એ ભેદે કાપિલમતને ભેદે, તે માટે આત્માની સત્તા. અનેકતાનું વિવરણ તે આત્મનિષ્ઠિત માને છે. લહુ સામાન્યપણે દુગ–બેહુ દર્શન તે જિનઅંગ અખેદપણે છે. (૨)

**વિવેચન**—જૈનરૂપ જે કલ્પવૃક્ષ–ઇચ્છાપૂરનાર ઝાડ–છે તેનાં મૂળિયાં અથવા સમય-પુરુષનાં બે અંગો–પગરૂપે તે સાંખ્ય અને યોગ દર્શનો છે. આત્માની સત્તાનો તેઓ સ્વીકાર કરે છે, એને સત્ વસ્તુ માને છે, અને તમે તેમને ખેદ રહિત થઈને પ્રાપ્ત કરો : આવો આ ગાથાનો ભાવાર્થ છે. આપણે તે સમજવા યત્ન કરીએ. આ બન્ને દર્શનો–સાંખ્ય અને યોગ, અનુક્રમે કપિલ અને પતંજલિનાં દર્શનો–આત્માની અસ્તિતા સ્વીકારે છે. સાંખ્ય મતવાળા ચોવીશ પદાર્થને માને છે. પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ ભૂતો, પાંચ તન્માત્રા, મન, બુદ્ધિ-ચિત્ત અને અહંકાર, પચીસમો પદાર્થ આત્માને માને છે, પણ તેને અકર્તા ગણે છે. આત્મા તો માત્ર દ્રષ્ટા છે, તે સાક્ષીભાવે સર્વ જુએ છે. અને રાગદ્વેષ વગેરે પ્રકૃતિનાં કાર્ય છે. આત્મા કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી; તે તો માત્ર સાક્ષીભાવે છે. એક દૃષ્ટિએ સાંખ્ય મતની આવી સમજણ છે. જૈનના નિશ્ચયનયની અપેક્ષાએ પણ એ જ વાત આવે છે. આ દર્શન કપિલ મુનિનું દર્શન કહેવાય છે; તેના આદ્ય સ્થાપક કપિલ મુનિ થઈ ગયા. આ સાંખ્ય દર્શન જૈનદર્શનના નિશ્ચયદૃષ્ટિબિંદુની ઘણું નજીક આવે છે. જૈનદર્શન પણ નિશ્ચયનયે આત્માને કર્મનો કર્તા માનતું નથી. અને નિરીશ્વર સાંખ્ય તો ઈશ્વરને પણ ઉડાવી દે છે; તે

---

**પાઠાંતર**—'વખાણો' સ્થાને બન્ને પ્રતમાં 'વખાણું' અને 'વપાણું' એમ લખેલ છે. 'સાંખ્ય' સ્થાને એક પ્રતમાં 'સાંખ' પાઠ છે. 'ભેદે' સ્થાને 'યોગે' એવો પાઠ પ્રતમાં છે. 'કરતાં' સ્થાને પ્રતવાળો 'કર્તા' લખે છે. 'લહો' સ્થાને પ્રતમાં 'લહુ' પાઠ છે. 'દુગ' સ્થાને પ્રતમાં 'દુપ' લખે છે. 'અખેદે' સ્થાને પ્રતમાં 'અભેદે' પાઠ છે તે વિચારણીય છે. (૨)

**શબ્દાર્થ**—જિન = જૈન, જૈનદર્શનાનુયાયી. સુરપાદપ = કલ્પવૃક્ષ, પાસે આવી માગણી કરવાથી ઇચ્છિત વસ્તુ આપનાર વૃક્ષ. પાય = પગો, જમણા અને ડાબા બે પગ. વખાણો = જાણો, વર્ણવો. સાંખ્ય = કપિલ-મુનિપ્રણીત સાંખ્યદર્શન, સેશ્વર સાંખ્ય અને નિરીશ્વર સાંખ્ય. જોગ = યોગદર્શન. દોય = બે, બે પગો, મૂળિયાં. ભેદે = પ્રકારે, વિભાગે. આતમસત્તા = આત્માની સત્તા, શક્તિ. વિવરણ = વિવેચન, વર્ણન. કરતાં = વર્ણવતાં, સ્વીકારતાં. લહો = લો, સ્વીકારો, ધ્યાનમાં રાખો. દુગ = બન્નેને. અંગ = અવયવ, વિભાગ. અખેદે રે = જરા પણ મૂંઝાયા સિવાય, ઉઘાડી રીતે. (૨)

તો જૈન મતના નિશ્ચયનયની પાસે ઘણું નજીક આવે છે. આવા સાંખ્ય દર્શનને બે પગમાંથી એક પગ ગણવો. આ સમયપુરુષની કલ્પનાને લંબાવવામાં આવે છે. મોક્ષદશામાં અનંત વીર્ય હોય છે તે મોક્ષમાં ગયેલ પ્રાણી કદી ફેરવતા નથી, વાપરતા નથી, તેથી તે, આગમમાં કહેલ વીર્ય વાપરતા ન હોવાથી, નિરીશ્વર સાંખ્યની નજીક લગભગ પહોંચી જાય છે.

અને યોગ મતવાળા પતંજલિ-યોગદર્શનના આદ્ય પ્રણેતા-ચિત્તવૃત્તિના નિરોધ માટે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિના ઉપાયો હઠયોગના પ્રયોગથી બતાવે છે. આ યોગદર્શન પણ આત્માને સત્ પદાર્થ તરીકે સ્વીકારીને ચાલે છે. તેથી સાંખ્ય અને યોગ બન્ને પગ-અવયવનું કામ કરે છે. આત્મા વગર તો કોઈ કામ થઈ શકતું નથી એવી આત્માની સત્તા-હોવાપણું આ બન્ને દર્શનકારો સ્વીકારે છે, તેથી તેઓ સમય-પુરુષના બે પગ જેવા બની રહે છે. 'અખેદે' એ ક્રિયાવિશેષણ છે અને તેનો સંબંધ 'વિવરણ' અને 'લહો'-એમ બન્ને સાથે લઈ શકાય છે. અખેદે વિવરણ કરતાં પ્રાણીને એમ જણાય છે કે આ બન્ને દર્શનો સમયપુરુષના પગસ્થાને છે.

જૈનોની વિચારધારામાં હઠયોગને સ્થાન નથી. તેઓ તંદુરસ્તી-તબિયતને અંગે હઠયોગને સ્વીકારે છે, પણ ભલામણ તો રાજયોગની જ કરે છે. છતાં આ બન્ને દર્શનો આત્માને સત્ તરીકે સ્વીકારતાં હોવાથી સમયપુરુષના પગસ્થાને યોગ્ય છે અને અમુક દૃષ્ટિએ એટલા સત્યને સ્વીકારતાં હોઈ આરાધ્ય છે.

જ્ઞાનવિમળસૂરિ 'અખેદ'ને 'અંગ' સાથે લઈ અર્થ કરે છે તે પણ વિચારવા યોગ્ય છે. એ રીતે 'અખેદે'ને ત્રણ જુદી જુદી રીતે સમજાવવામાં આવે છે. મને 'લહો' સાથે તેને લઈ લેવું તે બરાબર-ઉચિત લાગે છે.

આ બન્ને મતો આત્માને વ્યવહારથી પણ અકર્તા માને છે, ત્યાં જૈનદર્શનનો અને તેમનો વિરોધ થાય છે. તેમના દર્શન પ્રમાણે આત્મા નિર્ગુણી છે. જૈનદર્શન સેશ્વર સાંખ્યની પણ નજીક આવે છે અને નિરીશ્વર સાંખ્યની તો ઘણું નજીક આવે છે. વિસ્તાર માટે અને ન્યાય-દૃષ્ટિએ એ તફાવત સમજવા માટે 'ષડ્દર્શનસમુચ્ચય'ની ટીકા વાંચવા ભલામણ કરવામાં આવે છે.

જૈન મતને કલ્પવૃક્ષ કહેવા છતાં બીજા મતોની અવગણના ન કરવાનો સુંદર રીતે ઉપદેશ આપેલ છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે; અને દરેક યુગમાં ધમાલીઆ વૃત્તિની બહુલતા હોવા છતાં ખાસ ઉપદેશ લેવા યોગ્ય દશા સૂચવે છે અને પરમતસહિષ્ણુતાનો સુંદર દાખલો પૂરો પાડે છે.

'સત્તા' એટલે 'શક્તિ' અર્થ પણ થાય અને થવાપણું, સત્પણું, હોવાપણું (existance) એવો અર્થ પણ થાય. અહીં બન્ને અર્થ ઘટે છે. રાજયોગમાં હઠને સ્થાન નથી, તે સુંદર છે અને બધી રીતે માન્ય થાય તેવો મત છે. જૈનો હઠયોગમાં માનતા નથી. આત્માની હયાતી સ્વીકારનાર આ બન્ને મતોને જૈન મત સ્વીકારે છે. (૨)

ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક આલંબન ભજીયે, ગુરુમુખથી અવધારી રે. ષડ્૦ ૩

**અર્થ**—સુગત–બુદ્ધદર્શનકાર–આત્માનો ભેદ માને છે. અલગ માને છે અને વેદાંતી–મીમાંસકો આત્માને અભેદસ્વરૂપે જુએ છે. એ સદર સમયપુરુષના બે મોટા–તોલવાળા હાથ છે, એક જમણો હાથ છે, એક ડાબો હાથ છે. તે દર્શનોના કહેવા પ્રમાણે લોક (જેમાં છ દ્રવ્યો હોય છે) અને અલોક (પોલાણ, જેમાં માત્ર આકાશાસ્તિકાય રહે છે) તેના ટેકાને આપણે સ્વીકારીએ–સેવીએ અને એની સમજણ માટે ગુરુમહારાજથી હકીકત જાણી અપેક્ષાએ તેમની હકીકત પણું ધ્યાનમાં લઈએ. (૩)

**ટબો**—સુગત–બૌદ્ધ અને મીમાંસક એ બે મત તે જિનેશ્વરમતના કર–હસ્તભૂત છે. જિન ભેદાભેદરૂપે માને તે ભણી કરણક્રિયા લક્ષણથી ભારી ગંભીર છે. જ્યાં લોક–પંચાસ્તિકાયાત્મક, અલોક–એકાસ્તિકાયાત્મક, તેનું અવલંબન આશ્રીને એ ભાવ ગુરુગમે જાણીએ અથવા લોકને અવલોકીએ; રૂપી–દ્રવ્ય, અલોક અરૂપી અવલંબન ઇત્યાદિ વિચાર ગહન તે ગુરુપરંપરાથી લઈએ. (૩)

**વિવેચન**—સુગત આત્માને ભેદસ્વરૂપે માને છે, અને મીમાંસક–વેદાંતીઓ આત્માને અભેદરૂપે માને છે. એ સમયપુરુષના ડાબા-જમણા ભારે હાથ છે. 'ભારે' કહેવાનું કારણ એને સમજવાની મુશ્કેલી છે. લોક એટલે સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ, તથા અલોક માત્ર આકાશ–પોલાણ જ છે. એવો છ દ્રવ્યવાન લોક અને માત્ર આકાશવાળો અલોક, એને ટેકારૂપે ભજીએ. આ સ્વરૂપની ડાબા-જમણા હાથ તરીકે કલ્પના કરવી, અને જ્યાં સમજ ન પડે ત્યાં ગુરુગમથી તેને સમજી લેવી. બૌદ્ધો આત્માને ક્ષણિક માને છે. બીજે ક્ષણે બીજો વિચાર આવે તે અન્ય આત્માનો, એમ સમજવું. આવી રીતે વિજ્ઞાનઘન આત્મા પ્રત્યેક ક્ષણે બદલાય છે. જૈનદર્શનકાર આને પર્યાયભેદ ક્ષણે ક્ષણે બદલાય છે એમ કહી તેનો ખુલાસો કરે છે. આ સમયે સમયે થતા ફેરફારને બૌદ્ધ દર્શને મૂળ ફેરફાર માન્યા છે. પર્યાયાર્થિક નયે બૌદ્ધ દર્શન સત્ય છે એમ માની સમયપુરુષના અંગ તરીકે છે એમ જાણી લેવું અને એની ટીકા ન કરવી. મીમાંસકો અભેદવાદી છે. તેઓ એક આત્માને જ માને છે, एकः सर्वगतो नित्यः विगुणो न बध्यते न मुच्यते

---

**પાઠાંતર**—'મીમાંસક' સ્થાને પ્રતમાં 'મીમાંશક' પાઠ છે; બીજી પ્રતમાં 'મીમાસક' પાઠ છે. 'દોય' સ્થાને પ્રતમાં 'દોઈ' પાઠ છે. 'ભારી' સ્થાને પ્રતમાં 'ભારિ' પાઠ છે. 'ભજિયે' સ્થાને પ્રતમાં 'ભજીઇ' પાઠ છે; બીજી પ્રતમાં 'ભજિઇ' પાઠ છે. 'અવધારી' સ્થાને એક પ્રતમાં 'અવધારિ' પાઠ છે. (૩)

**શબ્દાર્થ**—ભેદ = આત્મા જુદો છે એવી માન્યતાવાળા બૌદ્ધો. અભેદ = આત્મા જુદો નથી એવી માન્યતાવાળા મીમાંસકો–વેદાંતીઓ. સુગત = બુદ્ધના અનુયાયીઓ. મીમાંસક = વેદાંતના અનુયાયીઓ, શંકરાચાર્યના અનુયાયીઓ. જિનવર = તીર્થંકરદર્શનરૂપ શરીરના. દોય = બન્ને. કર = હાથ, જમણો અને ડાબો. ભારી રે = તોલદાર, તોલમાં ભારે. લોક = જેમાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો રહે છે તે પુરુષાકૃતિ, ચૌદ રાજલોક. અલોક = જેમાં એકલો આકાશાસ્તિકાય રહે છે તે લોકને અંતે આવેલ. અવલંબન = ટેકો, આધાર. ભજીયે = સેવીએ, સમજીએ. ગુરુગમ = પોતાને શીખવનાર ગુરુએ બતાવેલ રસ્તે. અવધારી = જાણી, સમજી. (૩)

એ સિદ્ધાંતથી એ આત્માને સર્વગત અને નિત્ય માને છે. જૈનોના નિશ્ચયનયાનુસાર આ વાત બરાબર છે : આત્મા બંધાતો નથી અને મુકાતો પણ નથી, પણ તેમાં અંશસત્ય છે. એ અંશસત્યને સર્વસત્ય ન માનવું, પણ તેની ટીકા ન કરવી. એમાં મતઔદાર્ય છે.

એક બીજી રીતે જોઈએ : બ્રહ્મરંધ્રની નીચેનો ભાગ તે લોક અને ઉપરનો ભાગ તે અલોક. આવી રીતે લોક-અલોકની કલ્પના કરી સાલંબન-નિરાલંબન ધ્યાન કરવા આ વેદાંતમાં બતાવેલ છે. આમાં જ્યાં સમજ ન પડે ત્યાં ગુરુગમથી તેને જાણી લેવું, પણ પૂરું સમજ્યા વગર ટીકા–ચર્ચા ન કરવી. एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः–એ જળમાં રહેલા ચંદ્રમાની પેઠે અલગ અલગ દેખાય છે એવો અભિપ્રાય આપી અભેદને આગળ કરે છે તે પણ સમયપુરુષનો જમણો હાથ છે અને તે તરીકે તેની આરાધના કરવી યુક્ત છે.

સાલંબન ધ્યાન રેચક, પૂરક, કુંભક નાડીઓથી થાય છે અને નિરાલંબન ધ્યાનમાં તો આલંબન કે કશાની જરૂર પડતી નથી. ચંદ્રનું દૃષ્ટાંત સમજવા યોગ્ય છે.

અહીં આ પ્રસંગે જણાવવું યોગ્ય છે કે જૈનો પ્રમાણસત્ય ધ્યાનમાં લઈ બધા સત્યાંશોને સ્વીકારી આત્માને ભેદાભેદરૂપે માને છે, એટલે દ્રવ્યાર્થિક નયે આત્માનો અભેદ અને તે સાથે જ પર્યાયાર્થિક નયે આત્માનો ભેદ માની ભેદાભેદભાવ સ્વીકારે છે. આ રીતે બૌદ્ધ અને મીમાંસકો વચ્ચે બીજો જ માર્ગ કાઢી જૈનદર્શન પોતાની સર્વનયાશ્રિતતા સાબિત કરે છે.

આવી રીતે બૌદ્ધમતનો ક્ષણિકવાદ અને વેદાંતનો શુદ્ધ અદ્વૈતવાદ પતાવ્યો. આ સંબંધી જાણવા લાયક હકીકત અને તેની ન્યાયદૃષ્ટિએ ચર્ચા 'સર્વદર્શનસંગ્રહ' અને હરિભદ્રસૂરિકૃત 'ષડ્દર્શનસમુચ્ચય'માં મળશે. 'ષડ્દર્શનસમુચ્ચય'નું ગુજરાતી ભાષાંતર સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કર્યું છે, અને પં. બેચરદાસે પણ સદર ગ્રંથનું ભાષાંતર કર્યું છે, તેનો સહેતુક અત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (૪)

લોકાયતિક કૂખ જિનવરની, અંશવિચાર જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે? ષ૰ ૪

---

**પાઠાંતર**—'કૂખ' સ્થાને એક પ્રતમાં 'કુખિ' શબ્દ લખ્યો છે; બીજી પ્રતમાં 'કૂશી' છે. 'જિનવરની' સ્થાને 'જિનવરના' એક પ્રતમાં છે; બીજી પ્રતમાં 'જીનવરની' છે. 'અંશ' સ્થાને એક પ્રતમાં 'અંસ' છે, બીજી પ્રતમાં 'અંજસા' છે. 'વિચાર'ને પ્રતમાં 'વીચાર' તરીકે લખેલ છે. 'કીજે' સ્થાને પ્રતમાં 'કીજૈ' મૂકેલ છે. 'ગમ' સ્થાને એક પ્રતમાં 'ગુણ' લખેલ છે. 'કિમ' સ્થાને પ્રતમાં 'કિં' લખ્યું છે. 'પીજે' સ્થાને પ્રતમાં 'પીજૈ' લખે છે. (૪)

**શબ્દાર્થ**—લોકાયતિક = નાસ્તિક, એ બૃહસ્પતિના અનુયાયી છે (વર્ણન માટે વિવેચન જુઓ). કૂખ = કુક્ષી, બગલ, હાથનો છેડો. જિનવરની = જિન તીર્થંકર ભગવાને બનાવેલ જૈનદર્શનની. અંશ = વિભાગ, તે મતનો એક ભાગ, તેનો વિચાર = કલ્પના, ધારણા, જોવું તે. કીજે = કરીએ, કરવામાં આવે. તત્ત્વ = રહસ્ય, તેનો બરાબર ખ્યાલ કરી રહસ્ય–સાર કાઢવામાં આવે તો. સુધારસ = અમૃતરસ, સારભૂત રહસ્ય. ગુરુગમ = એનો ઉદ્દેશ સમજાવનાર ગુરુ તરફથી મળેલ જ્ઞાન, ગુરુએ સમજાવેલ જ્ઞાન. વિણ = વગર, સિવાય.- કિમ = કેમ (જૂના વખતની વપરાશ). પીજે = પિવાય, ગળે ઉતારાય, (૪)

**અર્થ**—લોકાયતિક (નાસ્તિકો–બાર્હસ્પત્યો) તીર્થંકરદેવની–સમયપુરુષની–કૂખ છે. એવા તે દર્શનના એક ચોક્કસ ભાગને આપણે ધ્યાનમાં લઈએ તો આપણને સમજાઈ જાય તેમ છે. દર્શન–તત્ત્વજ્ઞાનના અમૃતરસની ધાર ગુરુ મહારાજની દોરવણી વગર કેમ પી શકાય? (૪)

**ટબો**—લોકાયતિક–ચાર્વાક, વૈશેષિકાદિક તે અંશવાદી. તે સર્વ કૂખ મધ્યે જિનવરના મતમાં નિરંશ–અવિભાગ વિભાગપલિચ્છેદાદિ વિચાર કીજે, તે વારે તે કૂખમાં એહવી તત્ત્વ વિચારની સુધારસધારા, તે ગુરુગમ વિના કેમ પીજીએ? બૌદ્ધ, સાંખ્ય, નાસ્તિક, પંચભૂત યા અદ્વૈતવાદી એ સર્વ વાદી જાણવા. શાસનમાર્ગને ઓળવે તે માટે મિથ્યાદષ્ટિ જાણવા. ક્રિયાવાદી તે આત્મા–ક્રિયાકારકને કર્તા માને તેના ભેદ ૧૮૦ થાય; અક્રિયાવાદી–આત્મા અકર્તાવાદી તેના ભેદ ૮૪ થાય; અજ્ઞાનવાદી ૬૭ થાય; વિનયવાદી ૩૨ થાય. એ સર્વ મળી ૩૬૩. અથવા ગુરુ મોટા ગુણ વિના જ્ઞાનાદિ વિના કેમ જાણી શકાય? (૪)

**વિવેચન**—લોકાયતિક–બાર્હસ્પત્ય–નાસ્તિક એ સમયપુરુષનું કૂખ નામનું અંગ છે. એના અંશનો વિચાર કરીએ તો એ સમયપુરુષની કૂખનું સ્થાન લે છે. વાણી કૂખમાંથી ઉત્પન્ન થાય છે તે પૂરતો એ વિચાર છે. અને નાસ્તિકો પણ ત્યાંથી ઉત્પન્ન થાય છે તે અંશે તે કૂખનું સ્થાન લે છે. કૂખનો ભાગ હમેશ પોલો રહે છે અને ખભા નીચે દબાય છે તેથી સમયપુરુષના આ દબાયલા–કચરાયલા અંગ તરીકે એક વિભાગ છે.

પાંચે દર્શનો વાણીથી ઉત્પન્ન થાય છે તે નજરે પણ નાસ્તિકને અને પેટને સ્થાન છે. નાસ્તિકની શરીરના દબાયેલ અંગ તરીકે ગણના કરવી એ વિશાળતા તો જૈન જ દાખવી શકે. આ વિચારધારા ન બેસે તેણે તે ગુરુગમથી સમજવા પ્રયત્ન કરવો. આ હકીકત ખૂબ વિચારપૂર્વક લખાયેલી છે.

સાધારણ રીતે પરભવ ન માનનાર અને બને તેટલાં ઇંદ્રિયસુખ ભોગવી લેવામાં જિંદગીને સાર્થક માનનાર નાસ્તિકને કશું સ્થાન નથી. તેઓ તો આ કાળના materialists (વસ્તુમાં જ માનનાર) છે. તેને પણ એક દર્શન તરીકે શરીરનો અવયવ ગણવામાં આનંદઘને કે હરિભદ્રસૂરિએ કમાલ કરી છે. નાસ્તિકને પણ એક દર્શન ગણવામાં નાસ્તિકોને દેખીતી રીતે અવગણ્યા છે કે વખાણ્યા છે તે ખૂબ દીર્ઘ નજરથી સમજવા યોગ્ય છે. મને લાગે છે કે કૂખને સ્થાને તે દબાવી રાખવા યોગ્ય છે અને માથું ઊંચકે તો બેસાડી દેવા યોગ્ય છે. અને તેમને કૂખ ગણીને–ગણાવીને તેમની હરિભદ્રસૂરિએ ઠેકડી કરી છે; પણ તેમના દર્શનની પણ ગણના કરી છે, તે સર્વ ગુરુ પાસેથી સમજવા જેવું છે.

આ ગાથાનો અર્થ કરતાં જ્ઞાનવિમળસૂરિએ પાખંડીના ત્રણસે ત્રેસઠ ભેદ પાડ્યા છે. તેમના જણાવવા પ્રમાણે ક્રિયાવાદી ૧૮૦, તેઓ આત્માને કર્તા માને છે. અક્રિયાવાદી ૮૪, જેઓ આત્માને અકર્તા માને છે. અજ્ઞાનવાદી ૬૭ અને વિનયવાદી ૩૨. મારી પાસે જે પ્રત

છે તેના જણાવવા પ્રમાણે આ છેલ્લા વિનયવાદીના ૨૩ ભેદ લખેલ છે, પણ 'ષડ્દર્શનસમુચ્ચય'ની ટીકા તપાસતાં તે ૩૨ જ ભેદ છે અને તે રીતે સરવાળો ૩૬૩ થઈ શકે છે. આવા અનેક પેટાભેદો છે. આ પાખંડીઓને આનંદઘન શું સ્થાન આપતે તે વિચારવા યોગ્ય છે. પણ તેઓની ઉદારતા જોતાં તેઓ તેમને પણ શરીરના કોઈ અવયવમાં જરૂર દાખલ કરી દેત. આવી વિચારણા કરવામાં આવે ત્યારે તત્ત્વવિચારના અમૃતની ધારા ગુરુગમથી પી શકાય. ગરુ એને સમજાવી શકે કે એને પણ સમયપુરુષનું અંગ જ ગણવાનું છે, પણ એને કૂખસ્થાને મૂકવામાં ભારે અક્કલ વાપરવામાં આવી છે. અને આવા અંગને અવયવ ગણવું કે હસી કાઢવું તે ગુરુ સમજાવી શકે. (૪)

> જૈન જિનેશ્વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
> અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્૦ ૫

**અર્થ**—છેલ્લું જૈન તીર્થંકરનું અંગ સમયપુરુષના મસ્તકરૂપ છે. તે બહિરંગ–બાહ્યથી અને અંતરંગથી એવા બે પ્રકારનું છે. જેઓ એના અક્ષરેઅક્ષરનું સ્થાપન કરી તેની ધરા–પૃથ્વીને પૂજે છે તે તેની સાથે સદર દર્શનનું પૂજન કરે છે. (૫)

**ટબો**—અને જિનેશ્વર મત તે વર–પ્રધાન ઉત્તમ અંગ છે, અંતરંગ અને બાહિર અંગે. અંતરંગ ઉત્તમ અંગ છે. સર્વાંશ માટે બાહિરગત પર્યાયાદિક અંશે, તેણે કરી બન્ને મીલીએ, કાય, અક્ષરન્યાસે આગમ; આ ત્યાં જે ન્યાસ થાપનાદિ કરે તે આરાધક કહીએ; તે જ પ્રાણી જિનશાસન સંગે હોય, તે જ આરાધક કહેવાય. (૫)

**વિવેચન**—ઉત્તમ અંગ એટલે મસ્તક, માથું. આપણે હવે જે દર્શન સંબંધી વિચાર કરવાનો છે તે જૈનદર્શન છે. એ જૈનદર્શન સમયપુરુષના મુખને સ્થાને છે. શરીરના જુદા જુદા અવયવો હોય તેમ જૈનદર્શન એ સમયરૂપ પુરુષનું મુખરૂપ અવયવ છે. આ ગ્રંથના લખનાર જૈન છે માટે તેમણે જૈન મતને સારા અંગ તરીકે બતાવ્યું છે એમ નથી, પણ એ એક દૃષ્ટિબિન્દુએ ઢાલની એક જ બાજુ જોનાર ન હોવાથી અને સર્વ દૃષ્ટિબિન્દુઓ ધ્યાનમાં લઈ કોઈ પણ મુદ્દા ઉપર બોલતા હોવાથી તે વિચારને વાસ્તવિક ઉત્તમાંગ–મગજ–મુખનું સ્થાન આપ

---

**પાઠાંતર**—'અંગ' સ્થાને એક પ્રતમાં 'અંગે' લખ્યું છે. 'ન્યાસ' સ્થાને પ્રતમાં 'નાસ' છે. 'આરાધે' સ્થાને એક પ્રતમાં 'આરાધૈ' એમ લખેલ છે; 'આરાધે' સ્થાને બન્ને પ્રતમાં 'આરાધક' છે; એક પ્રતમાં 'આરાધક' એટલું વધારે છે. 'ધરી' સ્થાને બન્ને પ્રતવાળા 'ધરિ' લખે છે; બીજી પ્રતમાં 'ગુરુ' લખેલ છે. (૫)

**શબ્દાર્થ**—જૈન = જૈનદર્શન. જિનેશ્વર = દર્શનપુરુષનું. તીર્થંકરનું ઉત્તમ અંગ = માથું, મગજ, મસ્તિષ્ક. અંતરંગ = હૃદયપૂર્વક, નિષ્ઠા–પ્રેમપૂર્વક. બહિરંગે = ઉપર ઉપરથી, વ્યવહાર જાળવવા, દેખાવ ખાતર. અક્ષર = ક, ચ, ટ, ત, પ વગેરે અક્ષરો. ન્યાસ = સ્થાપના. ધરા = જમીન, સ્થળ. સંગે રે = સાથે સોબતે. (૫)

વામાં આવ્યું છે; અને જૈનદર્શન તે સ્થાનને પોતાની યોગ્યતાએ પ્રાપ્ત કરે છે. એ અવયવ પ્રાપ્ત કરવાને અંગે જૈનદર્શન ઉપર કાંઈ મહેરબાની કરવામાં આવેલ નથી, પણ તે સ્થાન તેણે વાસ્તવિક રીતે પ્રાપ્ત કરેલ છે. આ સુંદર સ્થાન મેળવીને તેણે પોતાનો યોગ્ય મહિમા સિદ્ધ કરી આપ્યો છે અને સર્વ દૃષ્ટિબિન્દુઓ ઉપરાંત તે પ્રમાણસત્ય સ્વીકારતું હોવાથી તે બધી રીતે યોગ્ય છે. તેનાં બે અંગ છે : ૧. બહિરંગ અને ૨. અંતરંગ. બાહ્ય ક્રિયા કરવી, ઉપર ઉપરથી સમાચારી પાળવી, ચરણસિત્તરી અને કરણસિત્તરી પાળવી તે બહિરંગે જૈન-ધર્મ છે. અને રાગદ્વેષનો સર્વથા ત્યાગ કરી આત્માના ગુણો પ્રગટ કરવા તે એનો અંતરંગ વિભાગ છે. આ વૈરાગ્યવિભાગ છે અને તેમાં આત્માના અનેક ગુણો કેમ પ્રાપ્ત કરી શકાય તેને અંગે કારણ અને પરિણામ સાથે બતાવવામાં આવેલ છે. આવી રીતે બતાવેલ બહિરંગ અને અંતરંગ જૈનદર્શનનું સ્થાન સમયપુરુષના અવયવ તરીકે મુકરર કરવામાં આવ્યું. એના બહિ-રંગ અને અંતરંગ વિભાગને જેવો બતાવવામાં આવ્યો છે તે અક્ષરેઅક્ષર અનુસરવો, એટલે આવશ્યક પડિલેહણાદિ એના બહિરંગ અને રાગદ્વેષ અને ત્યાગભાવ એનો અંતરંગ વિભાગ વગર અપવાદે કે વગર શંકાએ અનુસરવો અને તે બન્ને વિભાગને બહલાવવા—તે રીતે એની ઉત્તમાંગ તરીકે ગણના થાય છે. આ રીતે જૈનદર્શનને સમયપુરુષના મગજનું–માથાનું સ્થાન આપવામાં આવ્યું છે.

અહીં અક્ષરન્યાસની વાત કરી તે અક્ષરમાં વધારો, ઘટાડો કે આગળપાછળ ન કરતાં જે રીતે તે અક્ષરો બતાવવામાં આવ્યા છે તે રીતે જ તેની સ્થાપના કરવાનો અને તેનું સેવન કરવાનો આગ્રહ બતાવવામાં આવ્યો છે. એટલે અમુક મુદ્રાએ 'જય વીયરાય' કહેવું કે અમુક મુદ્રાએ 'નમુત્થુણં' કહેવું, તેને તે પ્રકારે જ કહેવું એ અક્ષરન્યાસરૂપ પૃથ્વીનું આરાધન છે. અને તે જ પ્રમાણે અનુસરણ કરવું એવો જે સાથે સાથે આગ્રહ રાખે છે તે એને સેવે છે, પૂજે છે, આરાધે છે.

'Six Schools of Indian Philosophy' પુસ્તકમાં પ્રો. મેકસમ્યુલરે બૌદ્ધ, સેશ્વર સાંખ્ય, નૈયાયિક, વૈશેષિક, વેદાંત અને નિરીશ્વર સાંખ્યની ગણના કરી તેનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. સૃષ્ટિકર્તા ઈશ્વર છે એમ જૈનો ન માનતા હોવાથી તે (જૈન) હિંદ–ભારતની છ સ્કૂલોમાં આવતા નથી એમ તેઓની માન્યતા અનુમાનથી જણાય છે.

જેનું જ્ઞાન ન્યાય–તર્કમાં ખૂંચેલ હોય તેમને ગુણરત્નસૂરિવિરચિત 'ષડ્દર્શનસમુચ્ચય'ની ટીકા જોવાથી આ દર્શનોનો ખ્યાલ આવશે. મૂળ હરિભદ્રસૂરિના ૮૭ શ્લોકોને તેમને વૃત્તિ કરીને હજારો શ્લોકમાં અવતરણ કર્યું છે.

આ પ્રકારનું જૈનદર્શનનું સ્થાન સમજી તેને અક્ષરશઃ સ્થાપી આરાધના કરે અને સર્વ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખી તેને સેવે તે પ્રાણી, તે દર્શન પ્રમાણે હમેશને માટે મુક્તિના સુખને મેળવે. જૈનદર્શનનું સ્થાન સમયપુરુષને અંગે શું છે, તે આ ગાથામાં જણાવ્યું. આ ઘણી અગત્યની વાત હોવાથી જૈનદર્શન સંબંધી થોડી ભલામણ આવતી થોડીક ગાથામાં કરશે. (૫)

જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ષડ્‌૦ ૬

**અર્થ**—જિનવર-તીર્થંકર-જૈનદર્શનમાં સઘળાં દર્શનનો સમાવેશ થઈ જાય છે. પ્રત્યેક બીજા દર્શનમાં જૈનધર્મ આવે કે નહિ તે વિકલ્પ છે, હોય પણ ખરું અને ન પણ હોય; જેમ કે દરિયામાં સર્વ નદીઓ જરૂર આવી મળે છે, પણ નદીમાં સમુદ્ર હોય પણ ખરો અને ન પણ હોય. (૬)

**ટબો**—શ્રી જિનેશ્વર જિનાગમમાં સર્વ દર્શન છે, પણ બીજા એકેકા દર્શનમાં જિનમતની ભજના જાણવી. જિનમત અપર દર્શનમાં હોય અને ન પણ હોય, કોણ દૃષ્ટાંતે, તે કહે છે: જેમ સાગર-સમુદ્રમાં સઘળી તટિની-નદી સમાય સહી, પણ નદીમાં સમુદ્ર ન સમાય. તટિની-નદીમાં સાગરની ભજના છે. અને નહીં તે માટે છતિના. (૬)

**વિવેચન**—જિનવરના દર્શનમાં સઘળાં દર્શનો છે, કારણ કે તે પ્રમાણવાદને માન આપે છે, અને બીજાં દર્શનો એક બિંદુએ જુએ છે, તેથી બીજા દર્શનમાં જૈનદર્શન હોય કે ન હોય તે વાત વિકલ્પે છે. જૈન મત તેમાં હોય પણ ખરો, અને ન હોય તેમ પણ બનવા જોગ છે. જૈનદર્શનમાં સઘળાં દર્શનો તો આવી જ જાય છે, કારણ કે એ એકદેશીય મટીને સર્વદેશીય થાય છે. બીજાં દર્શનોમાં જૈન દર્શન આવે પણ ખરું અને ન પણ આવે, કારણ કે સર્વદેશીયતા જૈનધર્મે-દર્શને સ્વીકારી છે તે બીજાં દર્શનોએ, તે પૈકી કોઈએ, સ્વીકારેલ નથી. એના પર એક સરસ દાખલો આપે છે: સર્વ નદી અનેક ટેકરા, ડુંગર, ખાડા વટાવી અંતે સમુદ્રને મળે છે તેથી સમુદ્રમાં તો નદીઓ જરૂર હોય જ; પણ નદીમાં સમુદ્ર હોય પણ ખરો અને ન પણ હોય, આવો વિકલ્પવાદ છે. તે જ પ્રમાણે જૈનદર્શનમાં સર્વ દર્શનોનો સમાવેશ જરૂર થાય છે.

ખાડા, ટેકરા, ખીણ એ ક્રિયાના ભેદ સમજવા. જૈન મતને કે દર્શનને અહીં સમુદ્રનું સ્થાન છે; નદીઓરૂપ જુદાં જુદાં દર્શનો સમજાય છે. જૈન મતરૂપ સમુદ્રમાં સર્વ દર્શનોનો તો જરૂર સમાવેશ થાય છે, કારણ એ સર્વ દૃષ્ટિબિંદુને સ્વીકારે છે. આવી જૈનદર્શનની મહત્તા બતાવી તેમાં ભારે વિશાળતા ભરેલી છે એ વાતને એક વાર વધારે સ્પષ્ટ કરી છે. આવી વિશાળતા અન્યત્ર જ્યાં હોય ત્યાં નદીમાં પણ સમુદ્ર છે એમ જણાવ્યું. આવી વિશાળતા ખાસ આદરણીય

---

**પાઠાંતર**—'દરશન' સ્થાને પ્રતમાં 'દરિસન' શબ્દ લખેલ છે; બીજી પ્રતમાં 'અંતર દરિશન' છે. 'દર્શને' સ્થાને બીજા પાદમાં 'દર્શન શબ્દ છે. 'સહી' સ્થાને એક પ્રતમાં 'છૈ' પાઠ છે. અંતમાં 'ભજના' સ્થાને પ્રતમાં 'છતિના' લખેલ છે. (૬)

**શબ્દાર્થ**—જિનવર = તીર્થંકર, પ્રભુ, ભગવાન. સઘળા = સર્વ, કુલ, બધાં. દર્શન = મત, અભિપ્રાયો. દર્શન = મત, સંપ્રદાયભેદમાં. જિનવર = જૈનદર્શનની. ભજના = વિકલ્પ, હોય કે ન પણ હોય. સાગરમાં = દરિયામાં, સમુદ્રમાં. સઘળી = બધી, સર્વ, કુલ. તટિની = નદી. તટિનીમાં = નદીમાં. સાગર = સમુદ્ર, દરિયો. ભજના = હોય કે ન હોય, વિકલ્પ. (૬)

છે તે જણાવી તે જૈનદર્શનનો આદર કેવી રીતે કરવો તે પણ આગલી ગાથામાં બતાવવામાં આવ્યું છે. આ સંબંધમાં ઉપરોક્ત સદ્બોધકથા જોઈ જવી તે પ્રાસંગિક છે. સત્યના કોઈ કોઈ અંશો દર્શનોને પ્રાપ્ત થઈ જાય, પણ સર્વાંશે જૈનદર્શનની વિશાળ દૃષ્ટિ તેમાં હોવાનો વિકલ્પ છે. એ વિકલ્પનો સિદ્ધાંત બરાબર બેસે, સમજાય ત્યારે આ વાતનું રહસ્ય સમજાય તેમ છે. (૬)

જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષડ્૦ ૭

**અર્થ**—તીર્થંકર મહારાજમય થઈ તીર્થંકરનું આરાધન કરે–સેવે તે જરૂર અંતે જિનવર થઈ જાય; દાખલા તરીકે ભમરી ઇયળને ડંખે – ચટકો ભરે તે ઇયળ આખરે, જગત જુએ છે તેમ, ભમરી થઈ જાય છે, તેમ જિનવરને ભજનાર અંતે જિનેશ્વર થઈ જાય છે. (૭)

**ટબો**—જિનસ્વરૂપ થઈ જે જિનને આરાધે, રાગદ્વેષ અળગો રહી જે ધ્યાવે તે જ નિશ્ચયે જિનવર થાય; નિઃસંદેહ છે; જેમ ભૃગી–ભમરી તે ઇલિકાને ચટકો દઈ ફરસે તે જ ઇલી તે ભૃગીને દેખે. (૭)

**વિવેચન**—જ્યારે પ્રાણી સકળ કષાય-મોહને જીતનાર થઈ જિનની આરાધના કરે ત્યારે આરાધના કરતાં કરતાં પોતે જિન થઈ જાય અને સર્વ કર્મોને મૂકીને સિદ્ધ થઈ જાય. તેને માટે કુદરતનો એક સરસ દાખલો આપે છે. સવાલ એ છે કે જિનને ભજવાથી જિન કેમ થવાય? કુદરતી ભમરી ઇયળને ડંખ મારે છે, પ્રથમ તેને પોતાના દરમાં લઈ આવે, ત્યારે ઇયળ તેના મનમાં વિચાર કરે, હું પોતે જ ભમરી હોઉં તો મજા આવે. ભમરી તો ભારે ઉદ્યમી પ્રાણી છે. તે તો પોતાના સ્થાનને બંધ કરી દે છે, પણ ઇયળ ભમરીપણાના વિચારમાં મરી જાય છે અને તે જ શરીરમાં ભમરી તરીકે ઉત્પન્ન થાય છે. સત્તરમે દિવસે ભમરી પોતાનું દર ખોલી ઇયળને ડંખ મારે છે, ભમરીને કાંટો હોય જ છે. ઇયળ તે જ વખતે ભમરીરૂપે એ દરમાંથી બહાર નીકળી ઊડી જાય છે. આ સર્વ એકાગ્રપણે ધ્યાન કરવાનું પરિણામ છે. તેમ જિનદેવમાં જે એકાગ્રતા કરે, એકધ્યાને, સ્થિર ચિત્તે 'જિન', 'જિન' એમ કર્યા કરે અંતે રાગદ્વેષ-કષાય-મોહથી મુક્ત જિનદેવ થઈ જાય. આ સર્વ ધ્યાનની એકાગ્રતા છે. જેમ

**પાઠાંતર**—'સ્વરૂપ' પછી એક પ્રતમાં 'રૂપ' પાઠ વધારે છે. 'આરાધે' ને બદલે 'આરાધૈ' પાઠ પ્રતમાં લખે છે. 'હોવે' સ્થાને પ્રતમાં 'હોવૈ' છે. 'ભૃંગી' સ્થાને પ્રતમાં 'ભમરી' પાઠ છે. 'ઇલિકા'ને સ્થાને 'ઇલીકા' અને 'ઇલિકાને' ને સ્થાને 'ઇલિકા જે' પાઠ પ્રતમાં છે. 'ચટકાવે' સ્થાને પ્રતમાં 'ચટકાવૈ' લખેલ છે. 'જોવે' સ્થાને પ્રતમાં 'જોવૈ' લખેલ છે. (૭)

**શબ્દાર્થ**—જિન = વિજય કરનાર, જીતનાર. સ્વરૂપ = જેવા થવું તે, તન્મય બની. જિન = તીર્થંકર મહારાજ, જિનેશ્વરદેવ. આરાધે = સેવે, પૂજે, ભજે. સહી = ચોક્કસ, જરૂર. જિનવર = પ્રભુ, ભગવાન. હોવે = થાય, બને. ભૃંગી = ભમરી. ઇલિકાને = ઇયળને, ઇયળને. ચટકાવે = ડંખ મારે, ફટકાવે. ભૃંગી = ભમરી. જગ = દુનિયા, જગત, સંસાર. જોવે = દેખે, સ્વીકારે. (૭)

એળ ભમરીપણાનું એકાગ્ર ચિત્તે થોડા દિવસ ધ્યાન કરતાં ભમરી થઈ જાય છે તેમ નિર્વિકારી જિનદેવનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરતાં પ્રાણી જન્મ-મરણ અને તેને અંગે થતાં અસંખ્ય દુઃખો નિવારીને પોતે જ જિન થઈ જાય છે. આ સર્વ એકાગ્ર ધ્યાનનું પરિણામ છે.

એ ભગવાનને-જિનદેવને ધર્મધ્યાન અને શુકલધ્યાનથી એકાગ્ર ચિત્તે સેવવા. એ ધર્મ-શુકલ ધ્યાનના ઘણા ભેદો અને વિકલ્પો છે, તે માટે 'જૈન દૃષ્ટિએ યોગ'માં અવતરણ કર્યા છે, તેથી અત્ર તેનું પુનરાવર્તન કર્યું નથી. ત્યાંથી અથવા હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'થી તેને જાણી લેવા. એ જૈનદર્શનનો અતિ ઉપયોગી વિષય છે અને ખાસ લક્ષ્યપૂર્વક વિચારવા યોગ્ય છે. અને તેની મહત્તા સમજાય પછી અમલમાં મૂકવા યોગ્ય છે.

સત્તર દિવસના ચાલુ ધ્યાનથી એળ પણ ભમરી બને છે તેવી જ રીતે જિનવરનું ચાલુ એકાગ્ર ધ્યાન કરવાથી પ્રાણી પોતે જિન થઈ જાય છે એ વાત વિચારીને સમજવા યોગ્ય છે. પણ દુઃખની વાત એક છે કે જિનદેવ ડંખ કેવી રીતે અને ક્યારે મારે તે આપણે જાણતા નથી. પણ જિન થવાનો આ સીધો અને સહેલો માર્ગ છે એ સમજી રાખી જિનદેવના કષાય અને મોહત્યાગને અનુસરી જિન થવાના એકાંત ધ્યાનની રીતિને પ્રાણીએ અનુસરવું જોઈએ. ઘણે વખતે આવું સર્વદેશીય દર્શન મળ્યું છે, તે તકનો લાભ લઈ સુંદર ધ્યાન લગાવવું અને જિનવરના ડંખની રાહ જોવી. જો વગર અંતરાયે એકાગ્ર ધ્યાન લગાવવામાં આવશે તો સર્વ અંશને વિચારનાર જૈનદર્શનની પ્રાપ્તિ પ્રાણીની જિન થવાની ભાવનાને જરૂર સિદ્ધ કરશે. સમ્યક્ત્વરૂપ ચટકો લાગે તે ખરેખરું ધ્યાન છે અને તે પણ પ્રાણીએ પ્રાપ્ત કરવા યોગ્ય છે. એનાથી આ જન્મ-મરણકૃત અનેક કલેશોનો નાશ થાય છે અને તે પ્રાપ્ત કરવું એ આપણા હાથની વાત છે, એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ જૈનદર્શન કેમ પ્રાપ્ત થાય તેની થોડીક વાનગી પણ બતાવે છે. (૭)

> ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
> સમયપુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે. ષડ્૦ ૮

---

**પાઠાંતર**—'ચૂરણિ' સ્થાને ભીમશી માણેક 'ચૂરણ' છાપે છે; એક પ્રતમાં એ પાઠ છે. 'પુરુષના' સ્થાને પ્રતમાં 'પુરુષમાં પાઠ છે. 'છેદે' સ્થાને બન્ને પ્રતમાં 'છેદૈ' લખે છે. 'દુરભવ' સ્થાને 'દુરભવે' પાઠ છે. (૮)

**શબ્દાર્થ**—ચૂરણિ = પૂર્વધરે (અર્ધમાગધીમાં) કરેલ શબ્દાર્થ. ભાષ્ય = અર્ધમાગધીમાં કરેલ અર્થ. સૂત્ર = ગણધરોએ રચેલ મૂળ પાઠ. નિર્યુક્તિ = શબ્દને છણીને તેની, વ્યુત્પત્તિ; તે પણ અર્ધમાગધીમાં હોય છે. વૃત્તિ = સંસ્કૃત ટીકાકારે કરેલ અર્થ; એ સંસ્કૃતમાં હોય છે. પરંપર = સંપ્રદાયથી ચાલ્યો આવતો ગુરુએ શિષ્યને બતાવેલ. અનુભવ = જાતે કરેલ અનુભવ. સમય = આગમ, પિસ્તાળીશ સિદ્ધાન્તો. પુરુષ = સમયરૂપ કલ્પેલ માણસ, પુરુષાકાર. અંગ = અવયવ, શરીરના જુદા જુદા વિભાગો. છેદે = કાપી નાખે, કબૂલ ન રાખે, અસ્વીકાર કરે તે. દુરભવ = દુર્ભવી, સંસારમાં રખડનારો. (૮)

**અર્થ**—સમયપુરુષનાં છ અંગો છે: ચૂરણિ એટલે પૂર્વધરે માગધી ભાષામાં કરેલ અપરા શબ્દનો અર્થ. ભાષ્ય એટલે આખા પદનો પ્રાકૃતમાં અર્થ. સૂત્ર એટલે ગણધરે લખેલ અને તીર્થંકરે ભાષેલ મૂળ સૂત્ર. નિર્યુક્તિ એટલે શબ્દની વ્યુત્પત્તિ દ્વારા કરેલ અર્થ. વૃત્તિ એટલે સંસ્કૃત ટીકા. અને ગુરુ દ્વારા થયેલ પરંપરાનું જ્ઞાન અને કરેલ અનુભવ. આમાનું એક પણ અંગ જે કાપે છે તે દુર્ભવી છે, સંસારમાં રખડનાર છે, એમ જાણવું. (૮)

**ટબો**—ચૂર્ણિ તે પૂર્વધરકૃત છૂટા પદાર્થ વ્યાખ્યાન, ખંડિત ખંડિત તે ચૂર્ણિ. ભાષ્ય તે સૂત્રને સૂચે તે, તે પણ પૂર્વધરકૃત. સૂત્ર તે ગણધર, પ્રત્યેકબુદ્ધ, દશપૂર્વધર સંપૂર્ણ કૃત. નિર્યુક્તિ તે પદના બહુવિધ નિખેપાદિ રચના તે ચૌદપૂર્વધર કૃત. વૃત્તિ તે સર્વ શબ્દનો અર્થ, વ્યાખ્યાન. પરંપરા તે અત્તાગમ, અનંતરાગમ, પરંપરાગમ ગુરુસંપ્રદાયાન્વિત વળી અનુભવ યથાર્થ જ્ઞાન ઇત્યાદિક સઘળા સમયપુરુષ તે સ્યાદ્વાદપુરુષનાં એ અંગ છે. એ પંચાંગીને જે છેદે–ન માને તે દુર્ભવ, બહુલ સંસારી જાણવો. (૮)

**વિવેચન**—જૈનદર્શનને પ્રભુનું ઉત્તમાંગ કહેલું છે. તે યોગીરાજની દૃષ્ટિએ કેવું સુંદર છે તે માટે ઉત્તમાંગનો કયો વિભાગ ખાસ અનુસરવાનો તેમનો આગ્રહ છે તે અત્ર બતાવે છે. ભગવાને ગણધરને ત્રિપદી આપી અને ગણધરોએ એ ત્રિપદીમાંથી બાર અંગ રચ્યાં, તે મૂળ ગ્રંથો તરફ યોગીરાજની નજર હોય તે તદ્દન સ્વાભાવિક છે. પછવાડેના ગ્રંથો પણ ઉપયોગી છે, પણ પ્રમાણમાં મૂળ આગમ ગ્રંથો વધારે અગત્ય ધરાવે છે. એ બાર અંગો પૈકી અત્યારે અગિયાર આગમોને અગિયાર અંગ કહેવામાં આવે છે. તે મૂળ ગણધરકૃત હોવાથી ખૂબ પ્રસિદ્ધિ પામેલ છે, અને ખાસ વિશ્વસ્ત છે, તેના સંબંધી વિચાર કરતાં નીચેની હકીકત પ્રાપ્ત થાય છે :

**ચૂરણિ** : એટલે ચૌદપૂર્વધરે કરેલ છૂટા પદની વ્યાખ્યા. આ વ્યાખ્યા લોકભોગ્ય અર્ધ-માગધી ભાષામાં છે.

**ભાષ્ય** : મૂળ સૂત્ર, જે ચૌદપૂર્વધર ગણધરોએ રચેલા છે, તેનો વિસ્તૃત અર્ધમાગધી ભાષામાં પૂર્વધરે કરેલો સળંગ અર્થ.

**સૂત્ર** : ભગવંતના ગણધરે પોતે બનાવેલ મૂળ સૂત્ર; અત્યારે જે અગિયાર અંગ ઉપલબ્ધ થાય છે તે સુધર્માસ્વામીએ રચેલાં છે.

**નિર્યુક્તિ** : શબ્દનો અર્થ વ્યુપત્તિ દ્વારા પૂર્વધર કરે તે અર્ધમાગધી ભાષામાં લખેલ નિર્યુક્તિ કહેવાય.

**વૃત્તિ** : સૂત્ર ઉપર સંસ્કૃત ટીકા. આ ટીકા ગમે તે પૂર્વાચાર્યે લખેલ હોય છે. આ સંસ્કૃત ટીકા ઘણી વિસ્તૃત છે અને અત્યારે પણ ઉપલબ્ધ છે.

**પરંપર અનુભવ** : ગુરુએ શિષ્યને સામે બેસાડી પરંપરાનું કરાવેલું જ્ઞાન; દાખલા તરીકે સામાયિક લેતાં હાથની અમુક મુદ્રા કરવી, પારતી વખતે અમુક; પરંપરાથી ગુરુએ

શિષ્યને સમજાવેલ જ્ઞાન. એ ન હોય તો રજોહરણનો અર્થ broom (ઝાડુ) કરવા જેવું થઈ જાય. આ પરંપરા અનુભવજ્ઞાનનો મહિમા આપણે ચોથા સ્તવનમાં વિચારી ગયા છીએ.

સમયપુરુષનાં આ છયે અંગો કહ્યાં છે. એને જે લોપે અથવા ઓછી અગત્યનાં ગણે તે દુર્ભવી ગણવો. અનેક પ્રાણીઓ મોક્ષમાં જવાની લાયકાતવાળા હોય છતાં મોક્ષ જવાના જ નથી, જે અભવીની કોટે વળગેલા છે તે દુર્ભવી પ્રાણી છે. આ સંસારમાંથી સર્વ ભવી મોક્ષ ચાલ્યા જાય અને માત્ર આ સંસારમાં અભવી જ બાકી રહે એવો વખત કદી આવવાનો નથી. જે ઉપર્યુક્ત છમાંથી એક પણ અંગને છેદે-કાપે તે આવા પ્રકારના દુર્ભવી છે, સંસારમાં રખડનાર છે અને તેનો કોઈ કાળે પત્તો લાગવાનો નથી.

અમુક વ્યક્તિ કે વર્ગ પોતાને જૈન કહેવરાવે છે, અગિયાર અંગને માને છે, પણ ચૂર્ણિ, ભાષ્ય વગેરેને માનતા નથી; તેઓ કેવા છે અને જૈનદર્શનમાં તેઓને કયું સ્થાન છે તે અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તેઓ દુર્ભવ્ય છે એમ આ ગાથા ઉપરથી જણાય છે. જેમણે ઉત્તમાંગ તરીકે જૈનદર્શનની આરાધના કરવી હોય તેમણે ઉપર કહેલાં છયે અંગોને સમજવાં, શીખવાં, અનુસરવાં. છ અંગની જરૂરિયાત સમજી છયેને અનુસરવા યોગીરાજ ખાસ આગ્રહ કરી હજુ પણ જૈનદર્શન-ઉત્તમાંગની મહત્તા યોગ નજરે બતાવે છે, અને તે દ્વારા ક્રિયાઅવંચક યોગ બતાવે છે. (૮)

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયાઅવંચક ભોગે રે. ષડ્૦ ૯

**અર્થ**—મુદ્રા એટલે જુદી જુદી આરાધના માટે શરીરની વિવિધ આકૃતિ. બીજ=મૂળ પાયાનું ધ્યાન. ધારણા = અવધારવું તે, ધારણા કરી રાખવું. અક્ષરન્યાસ એટલે ક, ચ, ટ, ત, પ ઇત્યાદિ અક્ષરોની સ્થાપના. અરથ એટલે ભાવાર્થ. વિનિયોગે એ છયેના વિનિયોગે-મૂકવું, તે દ્વારા જે એનું ધ્યાન કરે તે ક્રિયાઅવંચકપણાનો ઉપભોગ કરે છે; તેને તે પ્રાપ્ત થાય છે, તે ક્રિયાઅવંચક થાય છે. (૯)

**ટબો**—મુદ્રા તે કરન્યાસ આવર્તાદિક, બીજ તે શ્રદ્ધાન, ધારણા તે ગ્રહણાદિ પટુતા, અક્ષર સંજ્ઞા લખેલું વગેરે, ન્યાસ તે હૃદયે થાપના, અર્થવિનિયોગ તે તત્ત્વજ્ઞાનાદિકે ફળ પ્રાપ્તિ-

---

**પાઠાંતર**—'અક્ષર'ને એક પ્રતમાં 'અખ્યર' લખે છે. 'વિનિયોગે'ને સ્થાને પ્રતમાં 'વિનયોગે' પાઠ છે. 'વંચીજે' સ્થાને 'વંચીઇજે' પાઠ એક પ્રતમાં છે. 'ક્રિયા' સ્થાને પ્રતમાં 'કિરિયા' લખેલ છે. 'ભોગે' સ્થાને પ્રતમાં 'ભોગૈં' પાઠ લખ્યો છે. (૯)

**શબ્દાર્થ**—મુદ્રા = આકાર, યોગમુદ્રા, શરીરની જુદી જુદી આકૃતિઓ. બીજ = મૂળ અક્ષર, ૐ, હ્રીં શ્રીં વગેરે. ધારણા = ધારણ કરી રાખવા, તેને ધ્યાવવા, ધ્યાન કરવું. અક્ષર = એકાદ અક્ષર, ક, ચ, ટ, ત, પ કે અ, ઇ, ઉ, ઋ વગેરે. ન્યાસ = થાપના, સ્થાપન કરવા, હૃદયાદિ સ્થાને અક્ષરો ગોઠવવા. અરથ = અર્થ વિનિયોગ = લક્ષ્ય, મૂકવું તે, કાર્ય, ક્રમનું વિધાન. ધ્યાવે = ધ્યાન કરે, એ મય થઈ જાય. વંચીજે = છેતરાય (નહિ). ક્રિયાઅવંચક = ક્રિયા ન મળવાથી ઠગાવું-છેતરાવું તે. ભોગે રે = ભોગવે, પ્રાપ્ત કરે (૯)

લક્ષણ. એ ષડંગે જે સમયપુરુષને ધ્યાવે તે વંચાય-ઠગાય નહિ. કિમેતે, તે વાત કહે છે : ૧. ક્રિયાવંચક, ૨. યોગાવંચક, ૩. ફલાવચંકાદિ લોગે ન વંચાય (૯)

**વિવેચન**—આ ગાથા યોગને અંગે ઘણી ઉપયોગી છે. એનો આશય જ્ઞાનસાર જેવા ત્રીશ વર્ષ વિચાર કરનારને પણ બેઠો નથી; આપણે તે સમજવા યત્ન કરીએ. જૈનદર્શનને ઉત્તમાંગ કહ્યું છે તેમાંથી યોગને અંગે શું શું મળે છે તેની અહીં વિગતો આપેલ છે.

પ્રથમ તો યોગમાં અનેક મુદ્રાઓ-શરીરની આકૃતિઓ-બતાવવામાં આવેલ છે. નવકારવાળી અમુક મુદ્રાએ જપવી અને 'જય વીયરાય' અમુક મુદ્રાએ કરવા : એ સર્વ હાથ, પગ, માથું વગેરેની મુદ્રાઓ ભાષ્યમાં કહી છે. યોગ્ય સમયે યોગ્ય મુદ્રાઓ ધારણ કરવાની વાત કરવી એ યોગના મુદ્રા શબ્દનો ભાવ પ્રથમ છે.

બીજું, બીજધારણા એટલે ૐ હ્રીં વગેરે અક્ષરોને બીજાક્ષરો ગણવામાં આવેલ છે. કઈ મુદ્રા ધારણ કરી કયા અક્ષરનું કેવી રીતે ધ્યાન કરવું તે બીજાક્ષરધારણા છે. એમાં અષ્ટદળ નાભિકમળમાં અક્ષરો કેમ સ્થાપવા તેની માહિતી યોગશાસ્ત્રમાં આપવામાં આવી છે. તે ગ્રંથ પરથી પદસ્થ ધ્યાન અંગે કેટલીક અગત્યની વાત 'જૈન દૃષ્ટિએ યોગ'માં લખી છે, તેમાં જ્ઞાનાર્ણવનો પણ આધાર જરૂરી સ્થાને લેવામાં આવ્યો છે. તે જુદા જુદા બીજાક્ષરોની જુદી જુદી રીતે સ્થાપના કરવી તે બીજાક્ષરધારણા અથવા બીજની ધારણા કરવી એમ અર્થ ન કરતાં બીજ અને ધારણા એમ જુદો અર્થ પણ કરી શકાય. આ યોગના છઠ્ઠા અંગ પરત્વે હેમચંદ્રાચાર્ય બહુ સંક્ષેપમાં વિવેચન કરે છે. ધ્યેય પર ચિત્તને સ્થાપન કરી ત્યાં તેને એકાગ્ર કરવું તેનું નામ ધારણા છે (૩-૧) : ભગવાન પતંજલિની 'ધારણા' શબ્દની આ વ્યાખ્યા સ્વીકારાયલી છે. ધારણા શબ્દની ચર્ચા કરતાં તેના બે વિભાગ બતાવવામાં આવ્યા છે : બાહ્ય અને આભ્યંતર. બાહ્યમાં સગુણ ઈશ્વરનું ધ્યાન; આભ્યંતરમાં નાસિકા, જિહ્વા તથા સપ્ત ચક્રોની વ્યવસ્થા બતાવેલ છે. પૃથિવી વારુણી વગેરે ધારણાની વિગત 'જૈન દૃષ્ટિએ યોગ'માં બતાવાઈ ગઈ છે. (જુઓ, પૃષ્ઠ ૧૫૯.)

**અક્ષર**—અમુક અક્ષરોમાં ચમત્કાર છે, યોગ છે, અ, ઈ, ઉ વગેરે અક્ષરોની અમુક ઢબે સ્થાપના કરવી તેની વિગત પિંડસ્થ ધ્યાનને અંગે બતાવવામાં આવી છે. એ યોગનો વિષય છે. (જુઓ, સદર પુસ્તક, પૃષ્ઠ ૧૫૮ અને આગળ.)

**ન્યાસ**—સ્થાપના. એ પણ યોગનો વિષય છે. વિધિપૂર્વક એનું સ્થાપન એ યોગમાં આવે છે, અથવા અક્ષરન્યાસ એટલે અક્ષરની અમુક બતાવેલ શાસ્ત્રસંમત વિધિએ સ્થાપના કરવી અને અક્ષર ઉપર જ ચિત્તને એકાગ્ર કરવું. એની વિવિધ રીતિઓ અન્યત્ર બતાવવામાં આવી છે.

અર્થવિનિયોગ એટલે અર્થનો સંબંધ-ફેરફાર-સ્થાપના કરવી તે.

આ છ અથવા આઠ પ્રકારે જે ધ્યાન કરે, એકાગ્રતા કરે તે ક્રિયાઅવંચકપણાને પામે. ક્રિયાઅવંચકપણું કેમ સધાય અને પ્રાણી ક્રિયાઅવંચક ક્યારે થાય તે પર આઠમા સ્તવનમાં વિવેચન થઈ ગયું છે, તે વિચારી આ ઉત્તમાંગ જૈનદર્શનને ધ્યાવવું.

આ રીતે યોગદૃષ્ટિએ આરાધના કરવાને અંગે આ ગાથામાં ચાર અથવા છ માર્ગો બતાવ્યા : યોગમુદ્રા, બીજધારણા, અક્ષરોની સ્થાપના અને અર્થવિનિયોગ; આ ચાર વાત કરી; અથવા મુદ્રા, બીજ, ધારણા, અક્ષર, ન્યાસ અને અર્થવિનિયોગ એમ છ વાત કરી.

આ ધ્યાન કરવાના સર્વ માર્ગો ખૂબ વિચારીને સમજવા યોગ્ય અને સમજીને એ સર્વ અમલમાં મૂકવા યોગ્ય છે. એ ક્રિયાઓ કરવી એટલે ક્રિયાઅવંચકપણું પ્રાપ્ત થાય છે. જૈન દર્શનની આ રીતે અનેક પ્રકારે આરાધના કરવી; કારણ કે એ સર્વદેશીય દર્શન છે અને સમગ્ર દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખનાર હોઈ યોગીરાજ એને અનુસરવા માટે ભલામણ કરે છે.

આ ગાથાનો અર્થ લખવામાં જ્ઞાનસારજીને લાગેલી મુશ્કેલી કાંઈ જણાતી નથી. પછવાડેના બીજા ટીકાકાર પ્રમાણે અર્થ યોગનજરે સરળ લાગે છે. (૯)

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિળે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે. ષડ્૦ ૧૦

**અર્થ**—શાસ્ત્રમાં જે રીતે કહેલ છે તે રીતે વિચાર કરીને હું બોલું છું-વચનવ્યાપાર કરું છું. પણ સારા ગુરુનો મને જેવો જોઈએ તેવો યોગ મળતો નથી, તેવા ગુરુ શોધ્યા મળતા નથી. ક્રિયા કરવામાં આવે અને સાધના ન થાય, એવી કચવાટ–કંકાસવાળી સ્થિતિ મનમાં થયા કરે છે, એ વાતની મને પીડા છે. (૧૦)

**ટબો**—તે માટે શ્રુત–આગમને અનુસરીને–વિચારીને કહું છું. તથાવિધ શ્રદ્ધા ૧, જ્ઞાન ૨, કથક ૩, કરણી ૪. શુદ્ધ ગુરુનો યોગસંબંધ ન મળે અને સૂત્રોક્તાનુસારિણી ક્રિયાએ કરી ચરણધર્મ સાધી ન શકીએ, અને મોક્ષ તે જ્ઞાન સમ્યગ્દર્શન યુક્ત, અને ચરણક્રિયા તેણે કરીને સાધીએ એ જ ચિત્તમાં સબલ સઘળે ઠામે વિષવાદ વર્તે છે. (૧૦)

**વિવેચન**—સમ્યગ્ શ્રુતજ્ઞાનને અનુસરીને હું બધી વાત કરું છું, ઉપર જણાવેલ સર્વ વાત શાસ્ત્રમાં કહેલ છે. પ્રાણી બીજા સાથે વાત કરે કે બીજા સંબંધી વાત કરે ત્યારે પહોળો પહોળો થઈ જાય છે, તે વખતે જાણે દુનિયાનું બધું ડહાપણ તેનામાં સમાઈ ગયું છે તેમ તે ડાહી ડાહી

---

**પાઠાંતર**—'અનુસાર' સ્થાને પ્રતમાં 'અનુસારિ' પાઠ લખેલ છે. 'વિચારી' સ્થાને પ્રતમાં 'વિચારીને' પાઠ છે. 'તથાવિધ' સ્થાને ભીમશી માણેક 'તથાવિધી' છાપે છે; પ્રતમાં પણ 'તથાવિધી' પાઠ છે. 'કિરિયા' સ્થાને પ્રતમાં 'કિરીયા' પાઠ છે; અર્થ ફરતો નથી. 'વિષવાદ' સ્થાને 'વિષાદ' પાઠ પ્રતમાં છે. 'સઘલે' સ્થાને પ્રતમાં 'સઘલેં' પાઠ છે. (૧૦)

**શબ્દાર્થ**—શ્રુત = સાંભળેલ જ્ઞાન, બીજા પ્રકારનું જ્ઞાન. અનુસાર = પ્રમાણે, શ્રુતજ્ઞાન જેમ જણાવે તે પ્રમાણે બોલું. વિચારી = સમજી, બોલવા યોગ્ય હોય તેટલું જ. બોલું = જણાવું, શબ્દોચ્ચાર કરું. સુગુરુ = સદ્ગુરુ, શિક્ષણ આપનાર–માર્ગદર્શન કરાવનાર, દોરવણી આપનાર. તથાવિધ = તેવા પ્રકારના, તદ્વિધ. મિલે = પ્રાપ્ત થાય, મળે. કિરિયા = ક્રિયા, અનુષ્ઠાન. કરી = અમલમાં મૂકી. નવી = નહિ (નકારાત્મક). સાધી = પ્રાપ્ત કરી, મેળવી. શકીએ = શક્તિમાન થઈએ. વિષવાદ = દિલગીરી, ઝેર પેદા થાય તેવી તકરાર, કજીઓ, ચિત્ત = મન, સર્વના મનમાં. સઘળે = બધે, સર્વમાં (૧૦)

વાતો કરે છે. બીજાને ઉપદેશ આપવામાં તે ખૂબ ડહાપણ બતાવે છે અને એમ માને છે કે દુનિયામાં વહેંચાયલી અરધી અક્કલ અને તેથી કંઈક વધારે અક્કલ પોતે જ ઉપાડી લાવ્યો છે અને અડધાથી ઓછી અક્કલ આખી દુનિયામાં વહેંચાયલી છે, એટલે મારી અક્કલ જેટલી ચાલે તેટલી તો દુનિયામાં કોઈની ચાલે જ નહિ! વાત એવી છે કે સદ્‌ગુરુ તરફથી જેવી દોરવણી મળવી જોઈએ તેવી મળતી નથી, પરંપરા-અનુભવ-જ્ઞાન, જેને સૂત્ર-સિદ્ધાંત જેટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે તેવા પ્રકારની દોરવણી ગુરુ તરફથી પણ આ કાળમાં મળતી નથી. જે યુગમાં એકલા તપગચ્છમાં જ બાવન વિદ્વાન પુરુષ થઈ ગયા અને જે યુગમાં યશોવિજય ઉપાધ્યાય જેવા બે હજાર વર્ષમાં પડેલા સંશયો કાઢનાર જીવી ગયા, તેવા યુગમાં પણ આનંદઘનને કહેવું પડ્યું કે સદ્‌ગુરુ જેવા જોઈએ તેવા અને દોરવણી આપે તેવા અત્યારે મળતા નથી, તો પછી ત્યાર પછી તો બસો વર્ષો તદ્દન ઠંડાં ગયાં અને અત્યારના નવયુગમાં તો માણસોને ધર્મના નામનો પણ તિરસ્કાર છે, તેવા યુગની વાત શી કરવી? ગુરુ તો સર્વને મળે છે, પણ શાસ્ત્રમાં બતાવેલા છે તેવા સદ્‌ગુરુનો યોગ આ કાળમાં પણ થતો નથી. તેઓ ભગવંત પાસે જણાવે છે કે સાધુઓના કે આચાર્યના ગુણથી સંપન્ન ગુરુનો આ કાળમાં પણ જોગ થતો નથી. ગુરુ બતાવે તે અને તેમ ક્રિયા થાય તે બરાબર ફળવતી હોય છે. આ તો ગતાનુગતિક કેટલીક ક્રિયા થાય છે, પણ જેવા કહ્યા છે તેવા ગુરુ અત્યારે મળતા નથી, તેઓ કોઈ પ્રકારની દોરવણી આપતા નથી.

ગુરુ તરફની દોરવણી બંધ થતાં અથવા અધૂરી થતાં પરિણામ એ થયું છે કે અનેક પ્રકારની ક્રિયા કરીએ છીએ, દ્રવ્યક્રિયા કરીએ છીએ, પણ ભાવસાધુનાં જે લક્ષણ શાસ્ત્રમાં કહ્યાં છે તેને અમે કોઈ રીતે પહોંચી શકતાં નથી. તેથી અમારું જે સાધ્ય છે તેને જમાવી–મેળવી શકતા નથી અને બાહ્ય ક્રિયા કરી ખાલી પુણ્યબંધ કરી સંસારમાં રખડીએ છીએ અને ખરેખરી નજરે અમારું એમાં કાંઈ વળતું નથી, અને એ વાતનો ખટકો અમારા દિલમાં નિરંતર રહ્યા જ કરે છે. અમને એમ લાગે છે કે આટલી બધી બાહ્ય ક્રિયા કરીએ અને જે મોક્ષપ્રાપ્તિ માટે એ સર્વ કરીએ છીએ તે ફળ તો સિદ્ધ થતું નથી, અને સંસારમાં થોડાંક સુખ મળે તે પૌદ્‌ગલિક હોઈ થોડા વખત માટેનાં છે. આ વાતની અમારા મનમાં દિલગીરી રહ્યા કરે છે; અમને એમ થાય છે કે આ તો ઘણી મહેનતને પરિણામે થોડું સંસારફળ જ મળે છે. આનું કારણ ગુરુમહારાજની દોરવણીની ગેરહાજરી છે.

ભગવાનની પાસે આવી કબૂલાત કરતાં આ પ્રાણીને જરા પણ વસવસો થતો નથી, કારણ કે તે પોતે કોણ છે, શું કરી રહ્યો છે, કેવું થાય છે તે સર્વ જાણે છે. પોતાનો હજુ નિસ્તાર થવાનો માર્ગ મળ્યો નથી એ પણ તે જાણે છે અને પ્રભુની પાસે મુક્ત કંઠે સ્વીકાર કરે છે કે જેવા ભગવાને કહ્યા છે તેવા સદ્‌ગુરુ તરફથી થવી જોઈતી દોરવણી આ કાળમાં થતી નથી.

જૈનદર્શનના ઇતિહાસમાં સત્તરમી સદીનો અંત એક સારો ઉદયકાળ હતો. તે વખતે પણ આવી ફરિયાદ અથવા કબૂલાત કરવી પડે, તો પછી વર્તમાન યુગ માટે તો કહેવું જ શું?

પ્રાણી સમ્યગ્ શ્રુત અનુસારે બોલે છે, પણ હજુ તે બરાબર સાધના કરી શકતો હોય એમ સદ્ગુરુની દોરવણી વગર ધારી શકતો નથી. (૧૦)

તે માટે ઊભો કર જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો, જિમ 'આનંદઘન' લહીએ રે. ષ૬૦ ૧૧

**અર્થ**—તેટલા માટે બે હાથ જોડી ઊભા રહી અમે–હું તીર્થંકર દેવ પાસે વિજ્ઞપ્તિ પૂર્વક કહીએ છીએ–કહું છું કે, મને શાસ્ત્રમાં કહેલી ચરણની સેવા એટલે ચારિત્રની સેવા અથવા આપના ચરણની સેવા ચોખ્ખેચોખ્ખી આપજો, જેથી કરીને હું આનંદના સમૂહને પ્રાપ્ત કરી શકું. આટલી મારી વિજ્ઞપ્તિ સાંભળજો. (૧૧)

**ટબો**—તે કારણ માટે ઊભા રહી નિઃગર્વપણે બે હાથ જોડી શ્રી જિનેશ્વરની આગળ કહીએ છીએ. સમયચરણ તે આગમોક્ત ચરણ–ચારિત્ર શુચિ-પવિત્રપણે તેની સેવા દેજો. હું ખુશાલ થાઉં જેમ આનંદઘન–પરમાનંદ સ્વસ્વરૂપ પદ પામીએ. એટલે શ્રી નમિનાથનો–એકવીશમા તીર્થંકરનો–સ્તવન સંપૂર્ણ થયો. (૧૧)

**વિવેચન**—આવો વખત વર્તે છે, સદ્ગુરુનો યોગ પણ મળતો નથી, તેવા વખતે હું તો હાથ જોડીને અતિ નમ્રતાથી આપની પાસે ઊભો રહી આપની ભક્તિ કરું છું. અત્યારે ગુરુના અભાવે મને કોઈ દોરવણી આપતું નથી. તેથી આપની ભક્તિ–સ્તવના કરી આપશ્રીને વિજ્ઞપ્તિ કરું છું કે આપે સમય એટલે શાસ્ત્રમાં કહ્યું છે તેવું શુદ્ધ ચારિત્ર અને તેની સેવા–ભક્તિ મને બરાબર આપજો, જેથી હું આનંદનો ઘન (સમૂહ) હમેશને માટે પામું.

આ પદ્ધતિએ ભક્તિયોગની પ્રધાનતા જણાવી છે. જ્યાં ગુરુ તરફથી જેવી દોરવણી મળવી જોઈએ તે મળી શકે તેવું નથી, તેવા સમયમાં આ પ્રાણી વર્તે છે, તેથી ભક્તિયોગની મહત્તા બતાવતાં પ્રભુને આ જીવ પ્રાર્થના કરે છે કે મને શુદ્ધ ચરણ આપજો. આ વિજ્ઞપ્તિને પરિણામે હું હંમેશને માટે આનંદનાં રહીશ અને મારું કામ થઈ જશે. આમ છેલ્લી પ્રાર્થના કરવામાં ગ્રંથકર્તાએ આ કાળમાં ભક્તિયોગનું માહાત્મ્ય બતાવ્યું અને જે 'આનંદઘન'ના તખલ્લુસથી તેઓએ અનેક સ્તવનો બનાવ્યાં છે તેમ આ સ્તવન પણ તેમની કૃતિ છે એમ કર્તાશ્રીએ પોતાના નામનો ઉલ્લેખ પણ કરી દીધો.

---

**પાઠાંતર**—'માટે' સ્થાને પ્રતમાં 'માટિ' પાઠ છે. 'આગળ' સ્થાને પ્રતવાળો 'આગલી' લખે છે. 'કહીએ' સ્થાને પ્રતમાં 'કહિઈ' લખે છે, અર્થ ફરતો નથી. 'લહીએ' સ્થાને પ્રતમાં 'લહિઈ' લખે છે, અર્થ ફરતો નથી. (૧૧)

**શબ્દાર્થ**—તે માટે = તેને લીધે (સદ્ગુરુ મળતા નથી તે કારણે). ઊભો = ખડો થયો, હાજર થયો. કર = હાથ. જોડી = એકઠા કરી, ભેગા કરી. જિનવર = તીર્થંકર, ભગવંત. આગળ = પાસે. કહીએ = જણાવું છું, કહું છું. સમય = શાસ્ત્રમાં જણાવેલ. ચરણ = ચારિત્ર. સેવા = પૂજા, આરાધના. શુદ્ધ = બરાબર, કહી છે તેવી. દેજો = આપજો. જિમ = જેમ. આનંદઘન = આનંદનો સમૂહ, ખૂબ આનંદ. લહીએ = પ્રાપ્ત કરીએ, લઈએ. (૧૧)

ચારિત્ર જો સમ્યક્ પ્રકારનું-શુદ્ધ હોય તો જ્ઞાન અને દર્શન આવે છે તે માટે ચરણ-સિત્તરી અને કરણસિત્તરીની મહત્તા વધારે બતાવી; અને આત્માના મૂળ ગુણો આ આરાધનાથી આવે છે તે જણાવવા દ્વારા જ્ઞાન-દર્શન-ચારિત્ર પૈકી ચારિત્રની મહત્તા સર્વથી વધારે છે એમ જણાવ્યું. ચારિત્ર હોય તો જ્ઞાન અને દર્શન સમ્યક્ પ્રકારનાં આવે છે; જ્ઞાન અને દર્શન હોય તો સમ્યક્ ચારિત્ર હોય પણ ખરું અને ન પણ હોય, એ વિકલ્પ બતાવવા દ્વારા કુલ આત્મિક ગુણ પ્રાપ્ત કરવા તરફ પોતાની શી વિજ્ઞપ્તિ છે તે જણાવી આ સ્તવન પૂર્ણ કર્યું.

હાથ જોડીને ઊભા રહેવું એ વિનયીનું કાર્ય છે અને ભક્તિયોગને અંગે જરૂરી છે. આપણને કોઈ પ્રત્યે પૂજ્યભાવ કે માન હોય તે, હાથ જોડીને બતાવવાનો નિયમ છે; અને આનંદઘનજીના સમયમાં તો તે સિદ્ધ નિયમ હતો. અત્યારે પણ માન બતાવવા માટે હાથ જોડવામાં આવે છે, એટલે એ રીતે એ નિયમ અત્યારે પણ પ્રચલિત ગણાય. સમય એટલે શાસ્ત્ર, અથવા વખત. શાસ્ત્રમાં કહેલ છે તે પ્રકારના ચારિત્રને મેળવવાની આ રીતે પ્રાર્થના કરી. આ પ્રાણી જાણે છે કે જ્યારે છેલ્લું અર્ધપુદ્ગળપરાવર્ત બાકી રહે ત્યારે જ આવા પ્રકારના ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તે પહેલાં તે મળતું નથી. એટણે સમય-ચારિત્રની વિજ્ઞપ્તિ કરી પોતે શાસ્ત્રનો આ સિદ્ધાંત માને છે અને સ્વીકારે છે એમ જણાવ્યું. પ્રભુ જેવા આપનાર હોય અને આ સેવક જેવો લેનાર હોય તેમાં પ્રાર્થના કરતાં કેટલો વિવેક જાળવીને વાત કરી છે તે નોંધવા જેવી છે.

આ પ્રાણીને નિરંતરનો આનંદ લેવો છે, અને તે સદ્ગતિ કે એવી કોઈ પૌદ્ગલિક બાબત માગતો નથી, એ એની ખરો આનંદ કોને કહેવાય તેની વિશિષ્ટ સમજણ તેને થઈ ચૂકી છે તેનું નિદર્શન છે. અત્ર આનંદઘનજીનું એકવીસમું સ્તવન અને તે પરનું વિવેચન પૂર્ણ થાય છે. નિયમ પ્રમાણે તે પર થોડો વિચાર કરી જવો એ અત્ર પ્રસ્તુત છે.

## ઉપસંહાર

આ સ્તવનમાં આનંદઘનજીએ છયે દર્શનને સમયપુરુષનાં જુદાં જુદાં અંગો ગણાવ્યાં અને તેમને જુદું જુદું યોગ્ય સ્થાન આપ્યું અને પછી ઉત્તમાંગ, જે મસ્તક, તેની સેવા કેવી રીતે કરવી તે સંબંધી થોડી વાતો બતાવી. યાદ રાખવા જેવી વાત એ છે કે જૈનદર્શનને ઉત્ત-માંગ–મસ્તક અવયવે ગણવામાં તેમણે પક્ષપાત નથી કર્યો, પણ દલીલને સ્થાન આપી દરેકને યોગ્ય સ્થાન આપેલ છે. તેમણે નાસ્તિક–લોકાયતિકને પણ કૂખનું સ્થાન આપીને ખરેખર કમાલ કરી છે. આ સંબંધી વિશેષ સમજણ કરવાને અંગે શ્રી હરિભદ્રસૂરિરચિત ‘ ષડ્દર્શનસમુચ્ચય ’ ગ્રંથ જોવો. જૈનદર્શનની સેવનાને અંગે ચારિત્રને ખૂબ સરસ સ્થાન આપ્યું અને તે પણ શુદ્ધ જોઈએ તેવો આગ્રહ સૂચવ્યો. આ ચારિત્રને અંગે ચરણસિત્તરી અને કરણસિત્તરીનો અભ્યાસ કરવા યોગ્ય છે. તે સંબંધી વિવેચન ‘ પ્રવચનસારોદ્ધાર ’ ગ્રંથમાં છે; ત્યાંથી એમ સમજાશે કે આ પ્રાણીના સંસારમાં રખડપટ્ટાનો આરો દ્રવ્યત્યાગ અને ભાવત્યાગથી થઈ શકે

તેમ છે. એ ઉપરથી જણાય છે કે આ જન્મ-મરણનો છેડો લાવવાનો એક માત્ર ઉપાય આ સંસારના ત્યાગનો છે અને મોક્ષ જેવું અનંત સુખ હમેશ માટે પામવું હોય તો તેને માટે પ્રયત્ન તો કરવો પડે; એ કાંઈ ઝાડ ઉપરનું ફળ નથી કે વગર પ્રયાસે ચૂંટી લેવાય. પ્રયાસ વગર તો કોઈ સિદ્ધિ થતી નથી, પણ હંમેશનું સુખ થઈ જતું હોય અને આ જન્મ-મરણના ફેરા આળસી જતા હોય તો એ પ્રયાસ કરવા જોગ છે. અને તે સિવાય બીજા કોઈ કામ માટે પ્રયાસ કરવો તે એક રીતે નકામો છે, કારણ કે થોડા પૈસા કે માનકીર્તિ મળે તે તો આ જીવનપૂરતાં મર્યાદિત છે અને પરિણામે તો સર્વ અહીં રહી જવાનું છે. જ્યારે બધું અહીં મૂકી જવાનું છે ત્યારે તેનો મોહ શા માટે કરવો ? અને અત્યારે તો આયુષ્ય પણ પરિમિત છે. કદાચ નસીબયોગે પૂરેપૂરું સો-સવાસો વર્ષનું આયુષ્ય હોય તોપણ તેને જતાં વાર લાગતી નથી, અને પછી તો ચાર નાળિયેર બંધાવેલાં હોય તે પણ સાથે આવતાં નથી. આ પ્રમાણે આપણો દરરોજનો અનુભવ છે. આપણી સાથે ખેલ્યા, રમ્યા, હસ્યા તે ગયા; તેમને આપણે પોતે સ્મશાન મૂકી આવ્યા, પણ તેઓની સાથે કોઈ ચીજ ગઈ નહિ અને તેઓનું શું થયું તે આપણે જાણતા પણ નથી. માટે પ્રયત્ન કરી આપણું પોતાનું સારું કરવા પ્રયાસ કરવો અને તે જ આપણી સાથે આવનાર છે એમ સમજવું. અને તે માર્ગ, આનંદઘને આ સ્તવનમાં બતાવ્યું તેમ, ચારિત્રનો છે. તેથી ચરણસિત્તરી, કરણસિત્તરી આચરવા પ્રયાસ કરવો અને તેને અંગે દુનિયા શું કહેશે તે સાંભળવાની દરકાર બહુ ન કરવી કારણ કે દુનિયાને પોતાના પરિવારમાંથી કોઈ પણ દૂર જાય તે ગમતું નથી; તેનો પ્રયાસ તો આપણને નાસિપાસ બનાવવાનો છે. તેથી દુનિયા શું ધારશે તે બહુ વિચારવામાં વખત ન કાઢવો, પણ અત્યારે મનુષ્યદેહ, બુદ્ધિ, શક્તિ, તેમ જ આર્યદેશ અને સામગ્રી મળી છે તેનો પોતાને માટે પૂરતો લાભ લેવો; તેમાં સ્વાર્થી ગણાઈએ તોપણ એવા ઊંચા સ્વાર્થને સાધવો, તે પરમાર્થ છે; અને હંમેશને માટેની આધિ, વ્યાધિ અને ઉપાધિનો અંત લાવવાનો તે અનુભવસિદ્ધ માર્ગ છે.

આ અનુભવ આપણો પોતાનો નથી, પણ કોઈ કોઈ તે માર્ગે ગયા છે, તેઓ જણાવે છે કે આ સંસારનાં સર્વ સુખો, દેવગતિની સગવડો એ મોક્ષસુખ પાસે ગણતરીમાં નથી. તે સુખ તો માત્ર જ્ઞાની–કેવળજ્ઞાની જ જાણે, પણ જાણે પણ કહી ન શકે. મોટું આયુષ્ય હોય અને કહેવા બેસે તો આખા મોટા જીવનમાં તે સુખને કેવળી કહી ન શકે, કારણ કે તે ભાષાનો સંપૂર્ણ વિષય થઈ શકતો નથી. આવા સુખની તમને આકાંક્ષા હોય, તે મેળવવા તમે નિશ્ચય કરો તે વખતે દુનિયાના સાંસારિક અભિપ્રાયો તમારી આડા આવે એ વાત અયોગ્ય છે. તમારે જે મહાન સ્થાન પ્રાપ્ત કરવું છે તેની સાથે તે વિચારોની તુલના થઈ શકે તેમ નથી, અને તમારું ભવિષ્ય અત્યંત રમણીય છે, માટે તે રસ્તે આગળ વધો અને બીજા દુન્યવી માણસોના અભિપ્રાય સાંભળી જરાય નબળાઈ ન બતાવો. એ આનંદઘન-સ્થાન મળે ત્યાં સુધી પ્રયાય આદરો. આવી વાતો આ સ્તવનમાં કહી છે, તેનો કાંઈક ભાવ અત્ર રજૂ કર્યો છે. (૨૧)

મે : ૧૯૫૦

૨૨

# શ્રી નેમિનાથ જિન સ્તવન

**સંબંધ**—આનંદઘનજીએ એકવીશ સ્તવનમાં, એક અથવા બીજા આકારમાં, તત્ત્વજ્ઞાનની હકીકત આણેલ છે અને દ્રવ્યાનુયોગના મહત્ત્વને બતાવેલ છે, જ્યારે આ બાવીશમા સ્તવનમાં વિષય તરીકે કથા મૂકેલ છે. આ સ્તવન સત્તર ગાથાનું બનાવેલ હોય તે જરા નવાઈ જેવું લાગે છે. અત્યાર સુધી એક શાંતિનાથના સ્તવન (ગાથા ૧૫) સિવાય કોઈ પણ સ્તવનની આટલી મોટી લંબાઈ આવેલ નથી ગ્રંથકાર વિવિધતા લાવવા માટે દ્રવ્યાનુયોગનો વિષય બદલે એ લેખકની મહત્તા છે. દ્રવ્યાનુયોગના કડક વિષયો પછી સરળતાને અંગે વાર્તા કે કથાનો આશ્રય આનંદઘન લે એ બનવા યોગ્ય છે. આનંદઘને પોતે સ્તવનના વિષયો ઘણા ફેરવ્યા છે. સ્તવન જુદી જ ઢબનું છે, તેથી તેનું વિવેચન પણ જુદી જ રીતે થશે. આપણે તેમાંથી તેનો સાર ખેંચવાનો છે, એથી સ્તવન પર વિચારણા કરી સાર-રહસ્ય સમજવા યત્ન કરીએ.

**સ્તવન**

(રાગ મારૂણી; વણરા ઢોલા—એ દેશી.)

અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ રે, મનરા વાલા.
મુગતિ-સ્ત્રી શું આપણે રે, સગપણ કોઈ ન કામ. મન૦ ૧

**અર્થ**—આગળના આઠ ભવમાં હું આપની વહાલી-પ્રિયપત્ની હતી અને તમે નેમનાથ મારાં વહાલા પતિ અને આરામ હતા. આપણે મોક્ષરૂપ સ્ત્રી સાથે કાંઈ સગાઈ નથી. અને હે મારા મનના વહાલા! આપણે-તમારે કે મારે-તેનું કોઈ પ્રકારનું કામ પણ નથી. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિનો અર્થ નીચે પ્રમાણે (ફેરફાર સાથે) છે. હવે નેમનાથ, તેનું નામ અરિષ્ટનેમિ; અરિષ્ટ એટલે વિઘ્ન, તેને વિષે નેમિ એટલે ચક્ર સરખા, તે નેમનાથ, તેની

---

**પાઠાંતર**—'વાલહી' પછી 'વાલા' શબ્દ પ્રતમાં ઉમેરે છે; બીજી પ્રતમાં 'વાલહિ' પાઠ છે. 'સ્ત્રીશું' ને બદલે પ્રતમાં 'નારીશું' પાઠ છે; બીજી પ્રતમાં 'નારિસ્યું' પાઠ છે, ભીમશી માણેક 'સ્ત્રીશું' પાઠ છાપે છે. 'આપણે' સ્થાને પ્રતમાં 'આંપણો' શબ્દ લખે છે. 'મનરા વાલા' પાઠ પ્રથમ પાદને અંતે છે. 'વાલા' શબ્દ ત્રીજા પાદને અંતે એક પ્રતમાં વધારે છે. 'કામ' ને 'કાંમ' તરીકે પ્રતમાં લખેલ છે. (૧)

**શબ્દાર્થ**—અષ્ટ = આઠ. ભવાંતર = આગળના ભવ. વાલહી = વહાલી, પ્રેમી, પ્રેયસી. તું = તમે. મુજ = મારો. આતમરામ = મારો પતિ, મારા આત્માનો ઉપરી, સ્વામી. મુગતિ = મુક્તિ, મોક્ષ, પંચમી ગતિ. સ્ત્રીશું = બૈરી સાથે, નારી સાથે. આપણે રે = મારે અને તમારે, અથવા આપ પોતાને, આપ સાહેબને. સગપણ = સંબંધ, વહેવાર, કન્યાની લેવડદેવડનો વ્યવહાર. કોઈ ન કામ = કોઈ ઉપયોગનું નથી, કોઈ કામનું નથી. (૧)

રાજેમતી સ્ત્રી, તેને મેલી વગર પરણ્યે ગયા તે વારે રાજેમતી વિયોગના ઓલંભારૂપે કહે છે, અથવા રાજીમતી તે શુદ્ધ ચેતના, તે પ્રીતમ આત્માને ઓલંભો, શિક્ષારૂપપણે કહેવાય; તે માટે પ્રથમ સ્તવનમાં શુદ્ધ ચેતનાને કંત આત્મા કરી થાપ્યો છે. તે માટે છેડે પણ એમ મેળવ્યાની ભાવના થાય. આઠ ભવના સ્નેહની હું વાલહી છું. ધનકુમાર-ધનવતીના ભવથી માંડી, તે અને ચેતનારૂપે જોઈએ તો, ભવાંતરે ભવાંતરે આઠ કર્મ પ્રેરણાએ તારી હું, મારે તું આતમ, રાજીમતી કહે છે, આપણે એ મુગતિ સાથે સગપણ છે, ત્યાં મળ્યાનો સ્યું કામ છે? (૧)

**વિવેચન**—આ આખું સ્તવન કર્તાએ ઉગ્રસેનપુત્રી રાજીમતીના મોંમાં મૂક્યું છે. બીજા બધા તીર્થંકરો કરતાં નેમનાથનું ચરિત્ર ઘણું અદ્ભુત છે અને રાજેમતીનાં મેણાં-ટોણાં તેની અદ્ભુતતામાં વધારો કરે છે. આ સ્તવનનો અર્થ કરતાં ધ્યાનમાં રાખવું કે નેમનાથ ભગવાન બાળ બ્રહ્મચારી છે અને આજીવન બ્રહ્મચારી તરીકે જ રહ્યા છે. મલ્લિનાથ અને નેમનાથ એ બે તીર્થંકરો જ પરણ્યા નથી, બાકીના બાવીશ પરણેલા છે. અને પછી તેઓએ દીક્ષા લીધી છે.

રાજેમતીને અંગે યાદ કરવું કે નેમનાથ તેને પરણવા માટે જાન કાઢીને વરઘોડે ચઢીને આવે છે. બધાં પશુ-પક્ષીઓને મારી નાખવા અને જાનૈયાને જમાડવા એક બંધ જગ્યામાં એકઠાં કર્યાં છે. તેઓ પોકાર કરે છે, કારણ કે તેઓ સંજોગો જોઈને સમજી ગયાં છે કે તેઓ સર્વનો થોડા વખતમાં જમણને અંગે વધ થવાનો છે. નેમનાથ પોતાના સારથિને પૂછે છે કે આ પશુઓ પોકાર શા માટે કરે છે? સારથિએ કહ્યું કે તેઓ આનંદથી નથી બોલતાં, પણ તેઓનો થોડા વખતમાં વધ થવાનો છે તેને અંગે દયા માગે છે અને પોકાર કરે છે. નેમનાથને ખેદ થયો કે પોતાના લગ્ન નિમિત્તે આ બધાં પશુઓની હિંસા થાય તે યોગ્ય નથી. તેમણે તે વખતે સારથિને રથ પાછો ફેરવવા ફરમાવ્યું. રાજીમતી ઝરૂખામાંથી આ સર્વ જોઈ રહી હતી. તેણે નેમનાથને આવતા પણ જોયા હતા અને રથ પાછો વાળતા પણ જોયા હતા. તે આક્રંદ કરે છે અને કેટલાંક વ્યાવહારિક મેણાં આપે છે. રાજીમતી કહે છે: આગલા આઠ ભવમાં હું તમારી વહાલી હતી અને તમે (નેમનાથ) મારા પતિ હતા. આપણને બન્નેને મુક્તિ-સ્ત્રી સાથેનું સગપણ કે સંબંધ શા કામનું છે? હું તો તમારી વાટ જોઈને અહીં બેઠી છું અને તમારે તો મુક્તિ-સુંદરી સાથે સગપણ કરવું છે, એ કેમ ઉપયોગી થાય? તમારે ઉપયોગની દૃષ્ટિએ વિચારવું ઘટે કે આપનો મારી સાથેનો સંબંધ આઠ ભવનો જૂનો છે અને તમે તો મુક્તિ સુંદરી સાથે સંબંધ કરવા ધારો છો એમાં તમને શું લાભ મળશે? સગપણ તો સમાન-શીલ-વ્યસનવાળા સાથે થાય. મારા જેવી રાજકુમારી સાથે સગપણ કરો તો હું તમારી સમોવડી કહેવાઉં. એને બદલે તમે તો મુક્તિ-સુંદરી સાથે સગપણ કરી તેને વરવા ચાહો છો, પણ એમાં કોઈ કામ સરશે નહિ. મારી સાથે તો આપની આઠ આઠ ભવની ઓળખાણ છે, તેને મૂકી દઈને આપ આવી અજાણી મુક્તિ સુંદરી સાથે સગપણ કરવા ઇચ્છા રાખો છો? તે તમારા કોઈ પણ પ્રકારના કામની નથી. તેથી મારી સામું જોઈ મારી સાથેનો સંબંધ યાદ કરો અને અજાણી મુક્તિ-સુંદરી સાથે સંબંધ જોડવાનું માંડી વાળો. (૧)

ઘર આવો હો વાલિમ! ઘર આવો, મારી આશાના વિસરામ; મન૦
રથ ફેરો હો સાજન! રથ ફેરો, મારા મનરા મનોરથ સાથ. મન૦ ૨

**અર્થ**—માટે હે પ્રિય પતિ! મારી સર્વ આશાઓનો પત્તો લાવી આપનાર! મારે રહેવાને સ્થળે આપ પધારો. અને હે સજ્જન પુરુષ! આપ આપના રથને પાછો ફેરવો અને તેની સાથે મારા મનની અંદર રહેલી સર્વ હોંસો સાથે રથ પાછો ફેરવીને પધારો. મારા મનને આપ ખૂબ વહાલા છો. (૨)

**ટબો**—તે માટે હો વાલમ! પ્રીતમ! મારા ઘરને વિષે આવો. અને, ભાવાર્થે જોઈએ તો, શુદ્ધ ચેતના કહે છે જે મારા ઘરને વિષે આવશો તે વારે મુક્તિ સ્યો વિશેષ છે? મારી આશા–સંકલ્પના વિશ્રામ, વિવિધ સાંસારિક ભાવ–મનોરથરૂપ રથ ફેરવીને મારા ઘરમાં આવો. અરે સાજન! અરે વલ્લભ! મારા મનોરથની સાથે વિરલો રથ પાછો ફેરવો, મારા ઘરમાંહી પધારો. (૨)

**વિવેચન**—તેટલા માટે હે પ્રિય નાથ! ઘર–મારા પિયરે–પધારો. આપ તો મારી આશાના કેન્દ્ર છો, આધાર છો, માટે આપ રથને ફેરવી ગયા છો તો અસલની દિશાએ પાછો ફેરવો, કારણ કે આપ મારા મનોરથના સાથી છો. આ ગાથામાં નીચેની ત્રણ વાત કરી : પોતે રાજેમતી જે સ્થાને રહે છે તે સ્થાન બતાવ્યું. હાલ કુંવારી હોવાથી પિયર રહે છે તે સ્થાન તરફ અંગુલીનિર્દેશ કર્યો. સ્ત્રીઓને અને તેમાં ખાસ કરીને કુંવારી કન્યાને પોતાના પિયરના સ્થાન તરફ પ્રેમ હોય છે તે કહ્યું. એનું ઘર તો લગ્નથી બદલાઈ જવાનું છે, પણ જે સ્થાનમાં પોતે રમી, ઊછરી હોય, નિર્દોષપણે આનંદ કર્યો હોય તેના તરફ એનો પક્ષપાત ખાસ હોય છે, અને કુંવારી અવસ્થામાં તે તેને પોતાનું ઘર ગણે છે રાજેમતીને પણ મળ્યા વગર નેમનાથ તરફ એટલો પ્રેમ છે કે એને તે વિશ્રાંતિનું સ્થળ ગણે છે. જેમ આપણે ડુંગરે ચઢીએ અને વિસામો આવે ત્યાં હાશ કરી શાંત થઈએ છીએ, તેમ રાજેમતીના મને નેમનાથ આશાનો આધાર છે. કુમારી છોકરીની બધી આશાઓ ભવિષ્યના પતિ પર અવલંબે છે. એણે જાગૃત અવસ્થામાં અનેક સ્વપ્નો સેવેલાં હોય છે, તે સર્વનો આધાર પતિ પર હોય છે.

---

**પાઠાંતર**—'ઘર' સ્થાને પ્રતમાં 'ઘરિ' પાઠ છે (બન્ને સ્થાને). 'આવો' શબ્દ પ્રત લખનાર મૂકી દે છે. 'મારી' સ્થાને પ્રતમાં 'માહરી' પાઠ છે 'ફેરો' સ્થાને એક પ્રતમાં 'ફેર્યો' પાઠ છે. 'રથ' સ્થાને પ્રતમાં 'રથ્ય' પાઠ લખેલ છે. 'મનોરથ' શબ્દને 'મનોરથ્ય' તરીકે પ્રતમાં લખેલ છે. 'સાથ' શબ્દને બદલે એક પ્રતમાં 'સાથ્ય' લખેલ છે; બીજી પ્રતમાં 'સાથિ' પાઠ છે; ભીમશી માણેક 'સાથ' છાપે છે. (૨)

**શબ્દાર્થ**—ઘર = મારે રહેવાને સ્થાને. આવો = પધારો. વાલિમ = નાથ, વહાલા, પ્રેમી. ઘર = મારે રહેણાકે. આવો = પધારો, મને પરણો. મારી = પોતાની. આશાના = મનોરથના, હોંસના, ભવિષ્યના. વિસરામ = વિશ્રામ, આરામનું ઠેકાણું, આરામસ્થાન. રથ = બેસવાનું વાહન, ચાર પૈડાંનું ઘોડા જોડેલ વાહન. સાજન = સજ્જન, સારા માણસ, આધાર રાખવા લાયક પુરુષ. મારા = અમારા, પોતીકા. મનરા = મનના, આંતરિક. મનોરથ = હોંસ, ઇચ્છાપૂર્વકની ભાવના. સાથ = સાથી, સાથે આવનાર, સથવારો. (૨)

તે મનના મનોરથના સાથી તરીકે પણ નેમનાથને જ ગણે છે; આશા એ જ મનોરથ; પણ અહીં એક જ વાત બે રૂપે રાજેમતી કરે છે. એ જોઈ રહી છે કે નેમનાથે રથને પાછો ફેરવવાનો હુકમ કરી વાળ્યો છે. એણે અનેક સ્વપ્નો સેવ્યાં હતાં તે બધાંના સારથિ નેમનાથ હતા. આ ગાથામાં 'ઘરે આવો' અને 'રથ ફેરવો' એ વાત બે વખત કહી છે તે પુનરુક્તિ દોષ નથી પણ, પ્રશમરતિમાં ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે તેમ, પ્રેમ અને વ્યાધિમાં પુનરુક્તિ દોષ લાગતો જ નથી (જુઓ પ્રશમરતિ શ્લોક ૧૫મો). ફરી વાર એ જ વાતની માગણી કરવાથી વાત ઉપર ખાસ ભાર આવે છે. રાજેમતીએ પોતાના પિયરને, દુનિયાની રીત પ્રમાણે, પોતાનું ઘર માન્યું હતું; ત્યાં પધારવાનું અને તે માટે રથ પાછો ફેરવવાનું નેમનાથને વીનવવામાં કવિતાની દૃષ્ટિએ પણ પુનરુક્તિ દોષ થતો નથી. આ રીતે રાજીમતીએ—

૧. નેમનાથને પોતાને ઘર આવવા અને તે માટે રથને પાછો ફેરવવા વીનવ્યા;

૨. નેમનાથને મનોરથના કેન્દ્ર-આરામસ્થાને વર્ણવ્યા;

૩. તેમને આશા-મનોરથના સારથિ તરીકે જણાવ્યા.

તેમાં કાવ્ય નજરે કાંઈ પણ વાંધો નથી. તેણે તેમ કરવામાં અને સાદી વિનવણી કરવામાં યોગ્ય વિજ્ઞપ્તિ જ કરી છે. રાજેમતી શુદ્ધ ચેતના છે, એ ભાવ લાવવા કોઈ અર્થ કરનારે પ્રયાસ કર્યો છે, તેના કરતાં સાદો અર્થ કરવો તે મને ઠીક લાગ્યું છે. એક તો તે અર્થ દુન્યવી છે અને બીજું, રાજેમતીને આ અવસરે શુદ્ધ ચેતના ગણવી તે મને યોગ્ય લાગ્યું નથી. (૨)

નારી પખો સ્યો નેહલો રે, સચ્ચ કહે જગનાથ; મન૦
ઇશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મન૦ ૩

**અર્થ**—એકલો સ્ત્રી પક્ષનો પ્રેમ-સ્નેહ, તેને હેત કેમ કહી શકાય? અને હે જગતના નાથ! સાચેસાચું કહેવાઈ જાય છે. જુઓ! મહાદેવ જેવા મોટા ભગવાને પાર્વતીને પોતાના અર્ધા અંગે ધારણ કરી, પણ તમે તો મારા એક હાથ જેવા નાનકડા અંગને પણ પકડતા નથી. આ વાત યોગ્ય છે? (૩)

---

**પાઠાંતર**—'મુજ'ને સ્થાને ભીમશી માણેક 'મુઝ' પાઠ છાપે છે. 'પખો' સ્થાને એક પ્રતમાં 'પખ' પાઠ છે; બીજી પ્રતમાં 'પખઇ' પાઠ છે. 'નેહલો'ને સ્થાને બન્ને પ્રતમાં 'નાહલો' લખેલ છે. 'સચ્ચ' સ્થાને ભીમશી માણેકમાં અને પ્રતમાં 'સાચ' પાઠ છે; બીજી પ્રતમાં 'આણી' પાઠ છે. 'અર્ધાંગે'ને બદલે બન્ને પ્રતમાં 'અધ અંગે' પાઠ છે; ભીમશી માણેક 'અરધંગે' છાપે છે. 'તુ'ને બદલે પ્રતમાં 'તૂં' લખેલ છે. 'ઝાલે ન હાથ'ને સ્થાને પ્રતમાં 'ધર આધાર' પાઠ છે. 'ઝાલે' સ્થાને પ્રતમાં 'ઝાલી' પાઠ લખેલ છે. (૩)

**શબ્દાર્થ**—નારી = સ્ત્રી. પખો = પક્ષનો, એકલો સ્ત્રીને પ્રેમ હોય તે નારી પખો પ્રેમ કહેવાય. સ્યો = કેવો. નેહલો = સ્નેહ, પ્રેમ, હેત. સચ્ચ = સાચું, સત્ય, ખરેખરું. કહે = લોકો કહે છે, જગતના નાથ કહે છે. જગનાથ = ત્રણ જગતના નાથ, પૃથ્વી, સ્વર્ગ અને પાતળના ધણી. ઈશ્વર = શિવ, મોટા દેવ, જાણીતા દેવ, ઈશ્વરે. અર્ધાંગે = અર્ધ શરીરે, પોતાનું ડાબું અંગ ખાલી કરીને, કાપીને. ધરી = ધારણ કરી, લીધી, પોતામાં સમાવી. તું = તું મારો પતિ, ધણી. મુજ = મારો. ઝાલે = પકડે, ગ્રહે, લે. હાથ = હસ્તને પણ અડતો નથી, મારું અંગ પણ ઝાલતો નથી. (૩)

**ટબો**—શુદ્ધ ચેતના વિના કંત–આત્મા તે કિસ્યો ? અશુદ્ધોપયોગી કામ આવે નહિ. જગ-નાથ–ભગવાન પણ એમ જ સાચું કહે છે : જેમ ઈશ્વર–મહાદેવે અર્ધાંગે ગૌરી–પાર્વતીને રાખી. અને, જો શુદ્ધ ચેતના પક્ષે ભાવીએ તો, ઈશ્વર–પરમેશ્વર સરીખા પણ અવગાહના રૂપે અર્ધાંગે રાખે છે. અને તું તો કર માત્રે પણ મુજને મમત્વ બુદ્ધિએ ફરસતો નથી. મમત્વ બુદ્ધે અને તું તો મને ઈં હાથી પણ ઝાલતો–ફરસતો નથી એવું રાજેમતી કહે છે.

**વિવેચન**—અને મારા પક્ષનો–એક પક્ષનો–નારીપક્ષનો એકલો પ્રેમ હોય તે, સાચું કહું તો, ટકે નહિ; જેમ જગતના નાથ મહાદેવે ઉમાને પોતાનું અરધું શરીર આપી પોતામય બનાવી દીધી; પણ તું તો મારો હાથ પણ ઝાલતો નથી, મને અડતો પણ નથી. આ આખું વ્યવહારનું વચન છે, અને વ્યવહારદૃષ્ટિએ સમજતાં આનંદ આપે તેમ છે. આમાં બે વાત કરી છે. મારો તો તમારા ઉપર આટલો બધો સ્નેહ છે, પણ તે સ્નેહ એકપક્ષી છે; બૈરીને સ્નેહ હોય અને સામાને મનમાં જરા પણ સ્નેહ હોય જ નહિ, એ સ્નેહ કેમ નભે ? રાજેમતી કહે છે કે મારા સ્નેહના બદલામાં તમારે પણ સ્નેહ કરવો જોઈએ, મારા સ્નેહનો જવાબ તમારે પણ સ્નેહથી આપવો જ જોઈએ. એક પક્ષી–નારીપક્ષી સ્નેહ કેમ નભે ? તેનો એક દાખલો જાણીતો છે. જગતના નાથ મહાદેવ–શંકર દેવી પાર્વતી વગર એક ક્ષણ વાર પણ રહેતા નથી અને સ્નેહને કારણે એને પોતાના ડાબા પડખા સાથે જોડી દીધી—સ્નેહ તો એવો હોય. એકપખો સ્નેહ જામે જ નહિ. અને એવા એક પક્ષીય સ્નેહને સ્નેહ કહેવો તે યોગ્ય જ નથી. અને તમે તો મારો હાથ પણ ઝાલતા નથી. તો એને સ્નેહ કેમ કહેવાય ? સાધુપુરુષો સ્ત્રીને અડતા પણ નથી. અને નેમનાથે રથ ફેરવ્યો એટલે એ જરૂર સાધુ થઈ જશે એ ગણતરીએ રાજીમતી કહે છે કે તમે તમારા હાથને અડવા પણ દેતા નથી. રાજીમતી તો પોતાના સ્વાર્થને અંગે ઠપકો આપે છે, પણ એ ઠપકો આપણે માટે તો સરસ ઉપદેશને સ્થાને છે. અખંડ બાળબ્રહ્મચારી નેમનાથ તો ખરેખર, આદર્શ સ્થાને છે, અને જેને આદર્શ જીવન જીવવું હોય તેને સમજવા લાયક છે. હવે આપણે ગ્રંથકર્તા સાથે આગળ વધીએ. (૩)

પશુજનની કરુણા કરી રે, આણી રૂદય વિચાર; મન૦
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર. મન૦ ૪

**પાઠાંતર**—'કરી રે' સ્થાને ભીમશી માણેક 'કરીને' છાપે છે. 'રૂદય' સ્થાને એ 'હૃદય' છાપે છે. 'માણસની' સ્થાને એક પ્રતમાં 'માણસરી' પાઠ છે. 'આચાર'ને બદલે બન્ને પ્રતમાં 'ઘર આચાર'ને સુધારી 'આચાર' લખ્યું છે. 'કુણ'ને 'કૂણ' તરીકે પ્રતમાં લખેલ છે. (૪)

**શબ્દાર્થ**—પશુ = જનાવર, એકઠાં થયેલાં, એકત્ર કરેલાં. પશુજન = પશુ જાતની, જનાવરની. કરુણા = દયા, લાગણી. કરી = બતાવી, દાખવી. આણી = લાવી. રૂદય = અંતઃકરણમાં. વિચાર = ધારણા. માણસની = મનુષ્યની, મારી, હું માણસ છું તેની. કરુણા = સ્નેહ, દયા, લાગણી. કુણ = ક્યા, કોના. ઘર = પોતીકો, ઘરઘરાઉ. આચાર = સભ્યતા. (૪)

**અર્થ**—આપે હૃદયમાં પશુઓ–જનાવરોની દયા કરી, પણ આપનામાં માણુસની જરા પણ દયા નથી. આવા પ્રકારનું વર્તન એ કોના ઘરની સભ્યતા છે? (૪)

**ટબો**—પશુ-પક્ષીજનની કરુણા–દયા કરી અપ્રાપ્તબોધ પશુપ્રાય જનની કરુણાને ચિત્તમાં આણો છો, કરુણા કરો છો. હૃદયમાંહી વિચાર્યું જે સર્વને સુખી કરીએ, પણ મારી સરખા માણુસની કરુણા નહિ. સહાયી ઉદારિક તનુની–શરીરની કરુણા નહિ આવી. आवीलए पिवीलए निव्वीलए इति आचारांगवचनात्। એ કોણ તમારા ઘરનો આચાર–વ્યવહાર છે? (૪)

**વિવેચન**—આટલાં બધાં જનાવરોની હિંસા થશે, એમ દયાભાવ લાવો છો અને દયાને પરિણામે મારો ત્યાગ કરો છો, પણ તેનાથી વધારે અગત્યની એક વાત તમે ભૂલી ગયા છો: શાસ્ત્રમાં કહ્યું છે કે પશુ કરતાં પણ મનુષ્યની દયા વધારે અગત્યની છે; તમે તો મારી–માણસની દયા જ કરતા નથી, એ વ્યવહાર કોના ઘરનો છે? એ કઈ જાતની વાત છે? એ આપને ઘટે છે? રાજીમતીએ આ વક્રોક્તિમાં તત્ત્વજ્ઞાનનું એક મહાન સૂત્ર ખડું કરી દીધું છે. ભગવાને શીખવ્યું છે કે દ્રવ્યદયા અને ભાવદયાને અંગે ચઢ–ઉતર ક્રમ રાખવો. એકેંદ્રિય કરતાં બે ઇન્દ્રિય જીવો એ ક્રમમાં વધે અને બે ઇન્દ્રિય કરતાં પંચેંદ્રિય પશુઓ વધે; અને તેનાથી પણ મનુષ્ય- પંચેંદ્રિયની દયાનું મૂલ્ય વધારે થાય. આપે પશુઓનો પોકાર સાંભળી તેની દયા કરી, પણ તેમ કરવા જતાં મુજ–મનુષ્યની દયા ભૂલી ગયા છો અને, ક્રમ પ્રમાણે તો, મનુષ્યદયાને વધારે મહત્ત્વ મળવું ઘટે. આપના લગ્ન નિમિત્તે એ સર્વ પશુઓની હિંસા થશે એ વિચારતાં આપ મારી–મનુષ્યની દયા વિચારતા નથી તે કોના ઘરના શુદ્ધ વ્યવહાર? આપે પશુની દયા કરતાં મનુષ્યની દયા વધારે કરવી જોઈએ. તો આપ જવાબ આપો કે એ આપનો આચાર કેવો છે? એમાં જે દેખીતો વિરોધ છે તે આપને યોગ્ય છે? એ અનેક તીર્થંકરના શિક્ષણની વિરુદ્ધ છે અને આપને એ આચાર શોભતો નથી. (૪)

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો યોગ ધતુર; મન૦
ચતુરાઈ રો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર. મન૦ ૫

**અર્થ**—આપે તો પ્રેમરૂપ કલ્પવૃક્ષને કાપી નાખીને તે સ્થાને જોગરૂપ ધતુરો રોપી દીધો

---

**પાઠાંતર**—'પ્રેમ' સ્થાને પ્રતમાં 'પેમ' લખે છે. 'કલ્પતરુ' સ્થાને પ્રતમાં 'કલપતરુ' શબ્દ લખેલ છે. 'છેદિયો' સ્થાને 'છેદીઓ' પ્રતમાં છે. 'ધરિયો' સ્થાને બંને પ્રત લખનારે 'ધરિઓ' લખ્યું છે. 'ચતુરાઈ' પછી 'દાખણ કહો' એવો પાઠ એક પ્રતમાં છે. 'કહો રે' સ્થાને પ્રતમાં 'કહૈ રે' લખેલ છે. 'મિલિયો' સ્થાને પ્રતમાં 'મિલિઓ' લખેલ છે. (૫)

**શબ્દાર્થ**—પ્રેમ = પ્રીતિ, સ્નેહ, લાગણી. કલ્પતરુ = કલ્પવૃક્ષ ઇચ્છા થાય તે આપનાર કલ્પવૃક્ષ. છેદિયો = કાપી નાખ્યો, નાશ કર્યો. ધરિયો = ધાર્યો, લીધો, વહોર્યો, ધારણ કર્યો. યોગ = જોગ, ત્યાગ, તજવું તે. ધતુર = ધતુરો (જાણીતો). ચતુરાઈ રો = ચાતુર્યનો, હોશિયારીનો, ડાવકાઈનો. કુણ = કોણ. કહો = જણાવો, બોલો. ગુરુ = માર્ગદર્શક, રસ્તો બતાવનાર. મિલિયો = મળ્યો, સાંપડ્યો. જગસૂર = દુનિયાનો કાંટો, સૂળ; અથવા હે જગતમાં સૂર્યસમાન. (૫)

છે. આવી ચતુરાઈના પાઠ ભણાવનાર, જગતના સૂળ જેવા પાઠ પઢાવનાર આપને કોણ મળી ગયો છે? (૫)

**ટબો**—પ્રેમરૂપ કલ્પવૃક્ષ ઉપાડીને, શુદ્ધ ચેતના પક્ષે અનાદિ પ્રેમ શબ્દાદિક ઉછેદીને, યોગધતૂર સુવર્ણ દેખાડવા માટે યોગક્રિયારૂપ ધત્તુર વૃક્ષ ધર્યો એ ચતુરાઈનો દેખાડનાર કોણ ગુરુ મળ્યો જગમાં? અથવા હે જગને વિષે સૂર્યસમાન! (૫)

**વિવેચન**—રાજીમતી એક વહેવારુ સ્ત્રી તરીકે જ હજુ સુધી વાત કરે છે. અનેક અર્થ કરનારે એને શુદ્ધ ચેતનાનું રૂપક બનાવવા પ્રયત્ન કર્યો છે, પણ તે અર્થ બરાબર ઘટિત લાગ્યો નથી. આ ગાથા પણ રાજીમતીના મુખમાં જ મૂકી છે. તેનો ભાવ નીચે પ્રમાણે મને બેઠો છે :

તમે (નેમનાથે) પ્રેમ-કલ્પવૃક્ષને છેદી નાખ્યો છે, અને તેના સ્થાન પર યોગ-જોગરૂપ ધતૂરો વાવ્યો છે. આવી હોંશિયારી શીખવનાર આપને કોણ ગુરુ મળ્યો? એ તો મારા માનવા પ્રમાણે જે હોય તે, આ દુનિયામાં કાંટા જેવો છે!

કલ્પવૃક્ષનું વર્ણન આદીશ્વરચરિત્રમાં હેમચંદ્રાચાર્યે વિસ્તારથી આપ્યું છે. તેની નીચે જઈ માણસ જે માગે, જે ઇચ્છે તે સર્વ ઇચ્છાઓને કલ્પવૃક્ષ પૂરી પાડે છે, તે કથન પ્રમાણે તે ચિંતામણિરત્ન જેવું દેવઅધિષ્ઠિત ઝાડ હોય છે. અને એ અપેક્ષાએ કલ્પવૃક્ષ તરફ લોકો અત્યંત માનની નજરે જુએ છે, એમ તે વર્ણનમાં આપેલ છે. તેની સરખામણી કામદુહા ગાય (કામધેનુ) સાથે કરેલ છે.

આપે આવા સરસ અને સફળ કલ્પવૃક્ષ—ઝાડને, પ્રેમરૂપ કલ્પતરુને મૂળમાંથી ઊખેડીને કાપી નાખ્યું છે, અને એ પ્રેમકલ્પતરુની ખાલી પડેલી જગ્યાએ ધતૂરાનું ઝાડ અથવા રોપ વાવેલ છે. કાઠિયાવાડમાં ધતૂરો ઘણો થાય છે અને માણસને તે નશો ચઢાવે છે. ધતૂરામાંથી દૂધ પણ જરા જરા નીકળે છે. એ ગાંડપણમાં વ્યાધિના ઉપચાર તરીકે વપરાય છે. આપે પ્રેમકલ્પતરુને કાપીને તે જ જગાએ સ્થાન ખાલી પડવાથી ધતૂરો વાવ્યો છે. કલ્પવૃક્ષને મૂળમાંથી ઉખેડવું અને તેને સ્થાને ધતૂરો વાવવો તેવી પામર અક્કલ કોણે—કયા ગુરુએ શીખવી—આપી? ગુરુ વગર કોઈ જ્ઞાન થતું નથી, તો ખરેખર તે ગુરુ જગતના શૂળ એટલે કાંટા સરખો હોવો જોઈએ. આવી જાતની ચતુરાઈ તમને બતાવનાર જગતનો કયો કાંટો નીકળ્યો?

આ આખું ગર્ભિત વચન છે, કટાક્ષવાણી છે, આડી વાચા છે. આપી આપીને એ ગુરુએ આવી અક્કલ—સમજણ આપી, જેને પરિણામે આપે ઇચ્છાપૂરક કલ્પવૃક્ષને મૂળમાંથી ઉખેડી તેને બદલે ધતૂરો વાવ્યો! આ કેવી જાતની સમજણની વાત! 'જગસૂર'નો બીજો અર્થ જગતમાં બહાદુર—શૂરવીર પણ થઈ શકે. એવો જગતમાં કોણ બહાદુર નીકળ્યો, જેણે આપને આવી સમજણ શીખવી? એ તો ભારે ચતુરાઈનું કામ કર્યું છે! આ ગાથામાં ચતુરાઈ શબ્દ માર્મિક રીતે વપરાયેલ છે. આવી અક્કલ આપનારને પણ ધન્યવાદ ઘટે છે!

હજુ સુધી મુગતિને એ નકામી–બિચારી–બાપડી ગણે છે અને અમને કલ્પતરુ ગણે છે. એ જ આખરે ફરી જાય છે અને જેણે હાથ પકડ્યો તેની પાસે સંયમ લઈ માથા ઉપર હાથ મુકાવવાનું માન લે છે. અત્યાર સુધી રાજેમતી દુન્યવી સંસ્કારવાળી સામાન્ય રાજપુત્રી છે, તે અંતે ફરી જશે, પણ એ સ્થિતિ આવતાં હજુ વખત લાગશે. અત્યારે તો એ સાંસારિક પ્રેમને –દુન્યવી પ્રેમને–કલ્પવૃક્ષ ગણે છે અને જોગને ધતૂરો ગણે છે. આ વાતને કર્તાએ મોટું સ્થાન આપ્યું છે. તે ૨૧ સ્તવનમાં દાખલ કરેલા તત્ત્વજ્ઞાનથી તદ્દન જુદી જ પદ્ધતિ છે. (૫)

મારું તો એમાં કહીં નહિ રે, આપ વિચારો રાજ; મન૦
રાજસભામાં બેસતાં રે, કિસહી વધસી લાજ. મન૦ ૬

**અર્થ**—અને હે રાજપુત્ર ! મારું પોતાનું એમાં કાંઈ નથી, મારી કાંઈ આબરૂ જવાની નથી, આપ મોટા રાજકુમાર છો તેથી આપ જ તે ધારીને જુઓ. જ્યારે આપ રાજસભામાં રાજ-કુમાર તરીકે બેસશો ત્યારે તમારી શોભા કેમ વધશે ? કેવા પ્રકારની થશે ?–તેનો જરા વિચાર તો કરો. (૬)

**ટબો**—મારું તો એમાં કાંઈ નથી; પોતે પોતાનું વિચારી જુઓ. વડા–વડા રાજવિયાંમાં બેસતાં કેવી શોભા વધશે ? (૬)

**વિવેચન**—રાજીમતી તો આજે મર્યાદામાં રહીને મેણાં ઉપર મેણાં દેવા માંડી છે. તે હજુ પણ નેમનાથને કહે છે અને મેણું આપે છે. તેના મનમાં જેવું આવ્યું તેવું બોલી બતાવે છે. તે કહે છે કે અત્યારે તમે રથે ચઢીને તોરણે આવ્યા છો અને લગભગ તોરણ પાસે આવીને રથ પાછો ફેરવી પાછા વળી ગયા છો, એમાં મને કોઈ પ્રકારનું લાંછન લાગે તેમ નથી. આપ તો તરત રાજસભામાં રાજપુરુષો પાસે બેસશો, ત્યાં આપની આબરૂ કેવી વધશે ? ત્યાં કોઈ પૂછશે કે રાજીમતીને (મને) આપે કેમ તજી દીધી ?–ત્યારે આપ તેનો શું ખુલાસો આપી શકશો ? આપની લાજ–આબરૂ એ જવાબથી કેટલી વધશે ? અને આપ જ્યાં સુધી સંતોષકારક જવાબ નહિ આપો ત્યાં સુધી આપની આબરૂ કેમ રહેશે કે કેમ વધશે ? આ દુનિયામાં પ્રાણી જ્યારે લગભગ સરખેસરખાની મંડળીમાં બેઠા હોય ત્યારે પોતાના પ્રત્યેક વર્તન માટે ખુલાસો આપવો પડે છે. માણસ પોતાના સરીખડા માણસો પાસે ખુલાસો જરૂર આપે છે. આપ શું

---

**પાઠાંતર**—'કહીં' સ્થાને ભીમશી માણેક 'કયું હી' છાપે છે; પ્રતમાં 'કયુ નહિ' પાઠ છે. 'વિચારો' સ્થાને ભીમશી માણેક 'વિચારે' છાપે છે. 'કિસહી' સ્થાને પ્રતમાં 'કિસડી' પાઠ છે. 'લાજ' સ્થાને પ્રતમાં 'લાંજ' લખ્યું છે. (૬)

**શબ્દાર્થ**—મારું = મમ, રાજીમતીનું. એમાં = તમે પાછા ફરો તેમાં. કહીં = કંઈ, કોઈ પણ ચીજ. આપ = તમે, નેમનાથ. વિચારો = ધારો, કલ્પો. રાજ = રાજન્, મહારાજા. રાજસભા = રાજાઓની સભા, મેળાપ થવાની જગા. કિસહી = કિસકી, કોની અથવા કેટલી. વધસી = વધશે, કહેવાશે. લાજ = આબરૂ. (૬)

ત્યારે પશુના પોકારની વાતો કરશો? આપ મોટે ઉપાડે જાન જોડીને રથમાં બેસીને પરણવા ગયા અને વગર પરણ્યે પાછા ફર્યા તેનો આપના રાજદ્વારી મંડળમાં શું ખુલાસો આપશો? આપ ચાલી-ચલાવીને, જાન જોડીને રથમાં બેસીને, મને પરણવા આવ્યા અને રથને ફેરવી પાછા ગયા, તો કોઈ બહુબોલા આપની મશ્કરી કરશે અને આપને સીધો સવાલ પૂછશે કે આપનું વગર પરણ્યે પાછા ફરવાનું કારણ શું છે, ત્યારે આપ અક્કલમાં ઊતરે તેવો કાંઈ ખુલાસો કહીને આબરૂ વધારશો કે નહિ? આપના ખુલાસા ઉપર આપની આબરૂનો સવાલ રહે છે. આપને હું વિનંતી કરું છું કે રથને પાછો ફેરવો અને આબરૂની ખાતર પણ મને પરણીને સિધાવો. રાજીમતીની આ વાત વ્યવહારુ છે અને દુન્યવી માણસને ખૂબ સરસ લાગે તેવી છે. રાજેમતી હજુ વ્યવહારમાં છે અને વહેવારુ વાત કરે છે. (૬)

પ્રેમ કરે જંગજન સહુ રે, નિરવાહે તે ઓર; મન૦
પ્રીત કરીને છોડી દે રે, તેસું ન ચાલે જોર. મન૦ ૭

**અર્થ**—આ દુનિયાના માણસો બધા સ્નેહ તો જરૂર કરે છે, પણ સ્નેહને ટકાવી રાખનાર તો તદ્દન જુદા જ માણસો હોય છે; અને એવા પ્રેમ કરીને છોડી દે–તજી દે–તેના ઉપર કાંઈ બળ વપરાતું નથી. (૭)

**ટબો**—પ્રેમ-પ્રીત સહુ જગમાં કરે છે, પણ જે જનમ લગે નિર્વાહે તે ઓર; બીજા જે પ્રીત કરીને છોડી દે તેની સાથે કોઈ જોર ચાલે નહિ. (૭)

**વિવેચન**—રાજેમતી એ જ સ્થૂલ રાગમાં આગળ ચલાવે છે. આ દુનિયામાં બધા માણસો પ્રેમ તો કરે છે, પણ કર્યા પછી તેને જાળવી રાખે તે તો તદ્દન અલગ માણસો જ હોય છે. બાકી, પ્રેમ કરીને તેને છોડી દે તો તેની સાથે કાંઈ બળાત્કાર થતો નથી અને કરવામાં આવે તો તે ચાલતો પણ નથી. પ્રેમ એ આંતર હેતુ છે. તે પ્રેમપાત્રોને જોડે છે. આવા પ્રકારનો પ્રેમ તો ઘણા માણસો કરે છે, પણ પ્રીતિ કરીને તેને જાળવી રાખે તે તો તદ્દન અલગ માણસો હોય છે. તમે મારી સાથે પ્રેમ કર્યો, પણ તેને નિભાવી રાખનાર તમે નથી, નિભાવનાર માણસો જુદા જ હોય છે. પ્રેમ સ્વાર્થ સાથે અંગત સંબંધ રાખે છે અને જ્યાં સ્વાર્થ હોય ત્યાં જ પ્રેમ હોય એટલે એકવાર પ્રેમ કરીને તેને ટકાવી રાખનાર તો કોઈક જ માણસો હોય છે. તમે પ્રેમ કર્યો તો ખરો, પણ તેને ટકાવી ન રાખ્યો. એટલે તમે 'ઓર'ના નાના વર્ગમાં ન આવ્યા. સાંસારિક પ્રેમ તો સર્વ કરે છે, પણ તેને જાળવનારા તો કોઈક જુદા જ વિલક્ષણ માણસો

---

**પાઠાંતર**—'સહુ' સ્થાને પ્રતમાં 'સહૂ' લખેલ છે. (૭)

**શબ્દાર્થ**—પ્રેમ = સ્નેહ, હેત. કરે = અનુભવે જગજન = દુનિયાના માણસો, સાંસારિકો. સહુ = સર્વ, બધા. નિરવાહે = ચલાવે, જાળવે. ઓર = બીજા, પૃથક પ્રકારના. પ્રીત = પ્રેમ, આકર્ષણ. કરીને = બતાવીને, અમલમાં મૂકતી વખતે. છોડી દે = મૂકી દે. તેસુ = તેના સંબંધી, તેની સંગાથે. ચાલે = ઉપયોગમાં આવે, જોર = બળ. (૭)

હોય છે. આ વાતનો સાર એ છે કે આપ પણ એ 'ઓર'ના વર્ગમાં આવો અને પ્રેમ કરી શકયા છો તો તેને નિભાવો. પણ પ્રેમ કરીને છોડી દે, પ્રેમપાત્રને તરછોડી દે તેના ઉપર પ્રેમપાત્રનું કોઈ પ્રકારનું બળ ચાલતું નથી. એ એને પ્રેમ કરવાનું કહી શકતો નથી, તાવી શકતો નથી. એટલે આપે મારી સાથે પ્રેમ કર્યો તો ખરો, પણ તેને ટકાવી ન રાખ્યો, તો આપના ઉપર મારું કાંઈ બળ ચાલતું નથી. આપ સામાન્ય કોટીના પ્રેમપાત્ર છો અને 'ઓર'ના વર્ગના જે થોડા માણસો છે તેમાં આપ આવી શકતા નથી. નહિ તો આઠ આઠ ભવનો આપનો અને મારો સંબંધ, તે તો વિચારો અને કરેલ પ્રીતને જાળવી રાખો અને પાછા ફેરવેલા રથને પાછો મારી સન્મુખ કરી દો ! રાજીમતી પોતાના પ્રેમનો પ્રેમથી જવાબ લેવા આતુર છે તેથી અનેક કોચાં વચન બોલીને એ નેમનાથને પાછા આવવાની, આવા આવા શબ્દોમાં, વિનવણી કરે છે. એ સર્વ દુનિયાદારીની રીત છે. હવે આવતી ગાથામાં એ કડક વલણ લે છે (૭)

> જો મનમાં એહવું હતું રે, નિસપતિ કરત ન જાણ; મન૦
> નિસપતિ કરીને છાંડતાં રે, માણુસ હુવે નુકસાન. મન૦ ૮

**અર્થ**—જો તમારા મનમાં આવા પ્રકારનું હતું તો તે જાણીને-સમજીને પછી તમારી સાથે સંબંધ કે ઓળખાણ પણ ન જ કરત. એકવાર સંબંધ કર્યા પછી તેનો ત્યાગ કરવો તેથી તો સામા માણસને હાનિ થાય છે, તે વાતનો આપે વિચાર કરવો જોઈએ. (૮)

**ટબો**—જો મનમાં એમ મૂકવાનું હતું તો પહેલાં જ નિઃસંપન્નતા–યોજના ન કરત; પણ નિઃસંપન્નતા–યોજના કરીને વળતું મેહલાઈ, તે વારે તે માણુસ નુકસાન–કલંકિત થાય. (૮)

**વિવેચન**—સાંસારિક સુખભોગવાંછુ રાજીમતી હજુ પણ દૂર રહી રહી નેમનાથને વીનવે છે; જે લય તેણે પ્રથમથી શરૂ કર્યો છે તે આ ગાથામાં પણ ચાલુ રાખ્યો છે. હવે આપણે તે જોઈએ. જો આપને પ્રીત કરીને છોડી દેવી હતી અને ઊંડા મનમાં એવી જ ધારણા હતી, તો જાણી જોઈને પ્રીતિ જ ન કરત; કારણ કે સંબંધ કરીને સામા માણસને તજી દે, તો તે માણસને હાનિ થાય છે. ત્યારે આપની ઇચ્છા પ્રથમથી જ આવી હતી તો આપની સાથે હું સંબંધ જ ન કરત. જાણીજોઈને એવો સંબંધ કોણ કરે? એમાં તો મોટું નુકસાન થઈ બેસવાનો પૂરતો સંભવ છે, તો હાથે કરીને એવો માર્ગ કોણ લે? આ વહેવારુ અને અક્કલની વાત રાજીમતી કરે છે. કારણ કે એકવાર વેવિશાળ થાય અને લગ્નમાં ન પરિણમે તો સામા માણસને મોટું નુકસાન થઈ જાય છે, એવા જોખમમાં હું મારી જાતને કદી પણ ન મૂકત. વેવિશાળ કરેલી

---

**પાઠાંતર**—'કરત ન' સ્થાને પ્રતમાં 'ન કર' છે. 'છોડતાં' સ્થાને પ્રતમાં 'છાડતાં' પાઠ છે.

**શબ્દાર્થ**—જો = યદિ. મનમાં = દિલમાં, હૃદયમાં. એહવું = એવું, એ પ્રમાણે. નિસપતિ = નિષ્પત્તિ, સંબંધ ઓળખાણ, સગાઈ. કરત ન = અમલમાં ન મૂકત. જાણ = જાણી સમજીને, અથવા હે જાણકાર પુરુષ. નિસપતિ = ઓળખાણ, સગપણ. કરીને = અમલમાં મૂકીને. છાંડતાં = મૂકી દેતાં. માણુસ = વ્યક્તિને, ખાસ કરીને સ્ત્રીને. હુવે = થાય છે. નુકસાન = હાનિ, ઓછું થવું તે. (૮)

કન્યાને વર અથવા વરપક્ષના છોડી દે તો તેમાં કન્યાને સારું ઘર કે સારો વર ન મળે એવું મોટું નુકસાન–હાનિ થઈ બેસે છે. અને દીકરીની નજરે તો એ ઘણું જ મોટું નુકસાન છે, અને તે નુકસાનનો બદલો પણ વળતો નથી.

'જાણુ' એટલે જાણી જોઈને, એવી રીતે ઓલામાંથી ચુલામાં પડત જ નહિ. જો આપની ઇચ્છા પહેલેથી જ મારો ત્યાગ કરવાની હતી અને છેલ્લી ઘડીએ મને છોડી દેવાની હતી તો જાણી જોઈને હું વિવાહસંબંધ કરત જ નહિ, કારણ કે એવી રીતે વેવિશાળ કરવું એમાં તો કન્યાને નુકસાન થવાનો ઘણો સંભવ રહે છે. અને હે જાણકાર! આ તો આઠ આઠ ભવનો સંબંધ ધ્યાનમાં ન લઈ તમે રથ પાછો ફેરવ્યો અને મારા આટલા સંબંધ ઉપર પાણી ફેરવ્યું તે તો ભારે નવાઈની વાત કરી છે. એમાં કન્યાને કેટલું નુકસાન થવાનો ભય છે તેનો આપે વિચાર કર્યો નથી. તો મારી આપને વિજ્ઞપ્તિ છે કે આપ આપના રથને પાછો ફેરવો અને મારા પિયર તરફ એને વાળો.

'નિસપતિ' એને માટે સંસ્કૃતમાં 'નિષ્પત્તિ'; એનો અર્થ 'સમાપ્તિ' અથવા 'સિદ્ધિ' એમ કોશમાં કર્યો છે. અહીં સંબંધ ઉપરથી 'વેવિશાળ' અર્થ કર્યો છે તે ઠીક જણાય છે. મેળ મળતો એનો એ અર્થ લેવો તે ઘણા ટીકા–અર્થ કરનારાઓને બેસતો લાગ્યો. આ સમજાવટની નેમનાથ ઉપર અસર ન થતાં રાજીમતી બીજી રીતે સમજાવટ કરે છે. (સામ નીતિને અનુસરે છે. (૮)

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ; મન૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મન૦ ૯

**અર્થ**—આપ વરસીદાન આપો છો તે વખતે સર્વ માણસો પોતપોતાની ઇચ્છા પ્રમાણે પોષણ–સંતોષ મેળવે છે; પણ આ સેવક પોતાની ઇચ્છામાં આવે તે મેળવે નહિ તેમાં ગુનો સેવકનો જ હોવો જોઈએ એમ મને લાગે છે, એટલે વરસીદાનમાં પણ આ સેવકને ઇચ્છિત ન મળ્યું તે તેનો વાંક હોવો જોઈએ. (૯)

**ટબો**—સંવત્સરી દાન દેતાં યાવત્ સર્વ પ્રાણી વંછિત પોષ–પુષ્ટ થયા, પણ મુજ સરીખે એ સેવકે વંછિત ન પામ્યું તે સેવકનો કર્મદોષ. (૯)

---

**પાઠાંતર**—'સંવત્સરી' સ્થાને પ્રતમાં 'સંવત્સરિ' લખે છે. 'સહુ' સ્થાને પ્રતમાં 'સહૂ' લખેલ છે. 'સેવકનો દોષ' સ્થાને પ્રતમાં 'સેવકરો દોય દોષ' પાઠ છે (બે પ્રતમાં). (૯)

**શબ્દાર્થ**—દેતાં = આપતાં, અર્પણ કરતાં. દાન = આપવું તે, માગનારને આપવું તે. સંવત્સરી = વાર્ષિક, વરસી, આપ એક વર્ષ દાન આપવાના છો. સહુ = સર્વ, બધા. લહે = લે, મેળવે. વંછિત = મનમાં ઇચ્છે તે, પોતાની માગણી હોય તે. પોષ = પોતાના સંતોષ પ્રમાણે. સેવક = આ નોકરડી, આ સેવા ઉઠાવનાર. વંછિત = મનમાં ઇચ્છેલ, ધારેલ, ઇચ્છિત. નવિ = (negative). લહે = લે, પામે, મેળવે. સેવકનો = દાસનો, નોકરનો. દોષ = ગુનો, વાંક. (૯)

**વિવેચન**—હવે હતાશ થયેલ રાજીમતી નમ્ર થઈને વાત કરે છે. દરેક તીર્થંકર દીક્ષા લેવા પહેલાં જે તેમની પાસે માગવા માટે આવે તેને સંવત્સરી-વરસીદાન આપે છે. નેમનાથે હજુ તો રથ પાછો જ વાળ્યો છે. સંવત્સરી દાન દેવાને હજુ વખત છે- પણ તત્કાળમાં તે દેવાના છે તે ઉપર જરા ભાર મૂકીને રાજીમતી હજુ પણ બોલે છે. પણ હવે તેની ભાષામાં કડવાશ હતી તેને બદલે નિરાશાનો ભાવ છે. તેનો ભાવ આ પ્રમાણે છે : આપ વરસીદાન આપો છો ત્યારે સર્વ લોક પોતાના મનમાં જે ઇચ્છા હોય તે પ્રમાણે પોષણ લઈ આવે છે, પણ આ સેવકને (મને) મારી ઇચ્છા પ્રમાણે ન મળે તેમાં આપનો કાંઈ વાંક નથી, એ તો મારા કર્મનો જ વાંક છે. પ્રભુ-તીર્થંકર દરરોજ એક લાખ આઠ હજાર સોનામહોર એક વર્ષ સુધી આપે છે અને તે માટે લોકાંતિક દેવો તેમને તીર્થ પ્રવર્તાવવા વિજ્ઞપ્તિ કરે છે. દેવો તે સોનામહોર પૂરી પાડે છે. આખા ગામના સર્વ લોકો પોતપોતાની મરજી પ્રમાણે દાન મેળવે અને સંતોષ મેળવે અને હું મારી ઇચ્છા પ્રમાણે આપનો હાથ મેળવી ન શકું એ મારા કર્મનો દોષ છે, એમાં મારે આપના ઉપર ગુસ્સે થવું કે માઠું લગાડવું એ નિરર્થક છે; હું એમ જ લખાવી લાવેલ હોઈશ. 'પોષ'નો અર્થ આ ગાથામાં 'પોષણ' કરવાનો બેસે છે. પોતપોતાની ધારણા પ્રમાણે પોષ-સંતોષ મેળવીને જાય છે. કોઈને ગાય જોઈએ એને ગાય દાનમાં મળે છે, કોઈને ભેંસ, કોઈને દાણા, કોઈને મીઠાઈ, એ જેની જેટલી જરૂરિયાત હોય તે ભગવાન પૂરી પાડે છે, પણ મારી ઇચ્છા આપને મેળવવાની છે અને આપ મળતા નથી એ મારા કર્મનો દોષ છે, એમાં આપનો વાંક નથી. આ વાતમાં પણ એને વાંકું બોલવું હોત તો બોલી શકત, પણ નેમનાથને ન મેળવી શકે તેમાં પોતાના કર્મનો વાંક કાઢે છે, તે રાજીમતી હવે વિચાર કરતી થઈ છે અને કર્મના સિદ્ધાંતનું તત્ત્વજ્ઞાન જાણતી થઈ છે એમ બતાવે છે. (૯)

> સખી કહે એ સામળો રે, હું કહું લક્ષણ સેત; મન૦
> ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મન૦ ૧૦

**અર્થ**—મારી બહેનપણીઓ કહેતી હતી, એ (-તમે) કાળા છો, ત્યારે હું તેમને કહેતી હતી કે આપ લક્ષણે-આચારે સફેદ છો. પણ હવે મને એમ લાગે છે કે આપનો વર્તાવ જોતાં

**પાઠાંતર**—'સખી' સ્થાને પ્રતમાં 'સખિ' લખેલ છે (બે વાર). 'રે' પ્રથમ પાદમાં મૂકી દઈ પ્રતમાં પહેલા તથા ત્રીજા પાદને અંતે 'વાલા' વધારે છે. 'હું' સ્થાને પ્રતમાં 'હૂ' લખ્યું છે. 'કહું' સ્થાને પ્રતમાં 'કહૂ' લખેલ છે. 'વિચારો' સ્થાને 'વિચારે' પાઠ ભીમશી માણેક છાપે છે. (૧૦)

**શબ્દાર્થ**—સખી = સ્ત્રીદોસ્ત, મિત્ર, સાથે ફરનારી. કહે = જણાવે, નિવેદન કરે. સામળો = કાળો, જેવો રંગ તેવું વર્તન. કહું = જવાબ દઉં, જણાવું. લક્ષણ = વર્તન, વર્તવું તે. સેત = શ્વેત, ધોળા, સારા વર્તનવાળા, એનો રંગ કાળો છે પણ વર્તન ધોળું છે. ઇણ = આ, તમારું પાછા ફરવારૂપ આ. લક્ષણ = વર્તનથી, રીતથી. સાચી = સત્ય, ખરેખરી. સખી = બહેનપણી, મિત્ર. આપ = તમે. વિચારો = ધારો, કલ્પો. હેત = પ્રેમ કરીને, જરા કલ્પો, પ્રેમપૂર્વક. (૧૦)

મારી બ્હેનપણી કહેતી હતી તે સાચું હતું. આપ પ્રેમપૂર્વક વિચાર કરો તો આપને મારી વાત બરાબર લાગશે. (૧૦)

**ટબો**—સખીઓ કહેતી હતી જે એ કાલો–સામલો તે નિર્દય–નિઃસ્નેહહૃદી હોય, તે વારે હું તેમને કહેતી જે લક્ષણે એ શ્વેત હાલ છે; પણ આ લક્ષણે સખીઓ સાચા જાણી ખરે પારખે એવી છે. આપ આપના વિચારને હેતે કરી જુઓ. (૧૦)

**વિવેચન**—રાજીમતીને પોતાની ધારણા પાર પાડવી છે, સ્વાર્થ છે, તેથી હજુ તે ન ગમે તેવું–કોચું બોલે છે અને નેમનાથને દૂરથી સંભળાવે છે, પણ તેની જે મેણાં મારવાની પદ્ધતિ હતી અને આકરા શબ્દો બોલતી હતી તેને બદલે હવે નિરાશા સાથે મિશ્ર થતાં હળવા શબ્દોમાં વિનંતિરૂપે બોલે છે. તે જે બોલીને નેમનાથને હળવો ઠપકો આપે છે તે હવે જોઈએ.

મારી સખીઓ કહેતી હતી કે એ રૂપમાં કાળો છે તેમ ગુણમાં પણ કાળો છે તેમને હું જવાબ આપતી કે આપ શરીરના રંગમાં તો કાળા છો, પણ લક્ષણે આપ સફેદ છો. પણ હવે મને લાગે છે કે મારી બહેનપણીઓ કહેતી હતી તે સાચું છે. આપ પ્રેમપૂર્વક વિચાર કરો તો આપને મારી સખીઓની વાતનું તથ્ય જણાશે. દુનિયામાં કોઈ કોઈ લોકોની માન્યતા છે કે જે શરીરે કાળા વર્ણના હોય તે લક્ષણમાં પણ ઘણા જ કનિષ્ઠ હોય છે. સખીઓ આપને કાળીઓ કહીને મને ચીડવતી હતી, ત્યારે હું બચાવ કરતી કે આપ વર્ણના શ્યામ છો, પણ સ્વભાવે ધોળા છો. આપનું આખું કુટુંબ જ કાળું છે; કૃષ્ણ પણ કાળા અને આપનાં સગાંઓ પણ કાળાં. હું આપનો બચાવ કરતી હતી. પણ અત્યારનાં તમારાં લખણ જોઉં છું અને મારા પ્રેમનો આપ જવાબ આપતા નથી તેથી મને એમ લાગે છે કે સખીઓ જે કહેતી હતી તે સાચું છે; આપનાં લક્ષણ પણ કાળાં જ છે, કારણ કે કાળા માણસોનાં કામ કાળાં જ હોય છે. આપ પોતે જ પ્રેમ કે સહાનુભૂતિપૂર્વક જોશો તો આપને એમ લાગશે પણ ખરું, કે મારી સખીઓ જે કહેતી હતી તેમાં સત્ય છે. આપ મારે આંગણે આવીને પાછા જાઓ અને મારી હોંશ પૂરી ન પાડો એ આપનું કાળું કૃત્ય બતાવે છે. માટે હે નાથ! મારી વિનંતિ સાંભળો અને આ કાળું કૃત્ય છોડી દો અને મારા પ્રેમને અનુરૂપ જવાબ આપો.

આ પણ બોલવાની એક રીત છે. માણસો બીજાનો આશ્રય લઈ પોતાનું કામ કાઢી લેવા પ્રયત્ન કરે છે અને તે દ્વારા મેણાં સંભળાવે છે. નેમનાથે જે મહાન સંપત્તિ પ્રાપ્ત કરવા પશુઓની દયા કરી છે કે રાજીમતીને પડતી મૂકી છે તે, તેના પ્રમાણમાં, કાળું કૃત્ય ગણાય કે નહિ એ મનુષ્યસ્વભાવ–અવલોકન અને ધ્યાનનો મોટો સવાલ છે અને નેમનાથ સાંભળત તો શો જવાબ આપત તે પણ એક કોયડો જ છે. રાજીમતીનું વચન સ્વાર્થી છે, પોતાનાં હિત અને ઇચ્છા પૂરતું જ છે અને દુનિયાદારીના લોકો આવા પ્રસંગમાં બોલે તેવું છે. પણ નેમનાથ તો વિશેષ મેળવવાના લોભમાં રાજીમતીનો ભોગ આપવામાં પોતાની કૃતકૃત્યતા માને છે. એ લક્ષણે ધોળા છે એમ રાજીમતીએ સાચું કહ્યું હતું, પણ એ જ વાતને અત્યારે તે પોતાના લાભની વાતમાં સમજીને, ઇરાદાપૂર્વક ફેરવી નાખે છે. (૧૦)

રાગીશું રાગી સહુ રે, વૈરાગી શો રાગ; મન૦
રાગ વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. મન૦ ૧૧

**અર્થ**—આ દુનિયામાં જે રાગ-પ્રેમ કરનાર છે તેના સંબંધમાં સર્વ પ્રેમ ધરાવે છે અને જે વેરાગી રામ જેવા નીરાગી હોય તેની સાથે પ્રેમ કેમ થઈ શકે? તે કરવાનો અર્થ શો? પણ વગર પ્રેમે આપ પોતે જ મુક્તિસુંદરીનો માર્ગ બતાવી કેમ તેના તરફનો રાગ ધરતા જણાઓ છો? (૧૧)

**ટબો**—રાગી સાથે સહુ રાગ દાખવે, પણ વિરાગીને શો રાગ? અને રાગ તે વારે વૈરાગ શો? અને રાગ વિના મુગતિસ્ત્રી સાથે રાગનો માર્ગ કેમ દાખવો છો? (૧૧)

**વિવેચન**—રાજીમતી એ જ પદ્ધતિએ વિનંતિના રૂપમાં રથ પાછો ફેરવવાની માગણી કરે છે. તે નીચે પ્રમાણે બોલે છે:—

આ દુનિયાનો એવો નિયમ છે કે સૌ પ્રાણી રાગી પુરુષ ઉપર રાગ કરે છે, પણ જે વૈરાગી હોય, જે રાગ વગરના હોય, તેના ઉપર રાગ શો કરવો? કારણ કે વિરાગી ઉપર કદાચ રાગ કરવામાં આવે તો તેનો જવાબ રાગમાં આપવાનો જ નથી. પણ એ વાતમાં મારી ભૂલ થાય છે. આપનામાં રાગ ન હોય એમ હું માનતી નથી; જો એમ હોય તો આપ સર્વને મુક્તિ-સુંદરીનો માર્ગ કેમ બતાવો છો? એથી જણાય છે કે આપને મુક્તિસુંદરી ઉપર તો રાગ છે અને તેથી આપ વૈરાગી ન કહેવાઓ. દુનિયામાં એવો નિયમ છે કે જે રાગ દેખાડશે તેના તરફ બચ્ચું પણ પોતાની રાગદશા બતાવશે. આ તો ઉઘાડો નિયમ છે કે રાગ બતાવે તેના તરફ રાગ કરવો. પણ આપ તો વૈરાગી થયા એટલે આપ રાગનો જવાબ રાગથી ન જ આપો, એટલે આપની સાથે મારે શા માટે રાગ કરવો? પણ એ પણ મારી વાત ખોટી છે; જો આપ રાગ વગરના હો તો મુક્તિ નામની સુંદરીનો માર્ગ આપ સર્વને બતાવો છો તેથી આપનો સુંદરી ઉપર રાગ તો છે જ, તેથી આપ રાગ વગરના છો એમ કહેવું પણ યોગ્ય નથી. મુક્તિ—મોક્ષ, જેમાં સર્વ કર્મથી મુક્ત થયેલા જીવો રહે છે, તે શબ્દ સ્ત્રીજાતિનો છે. તેને સ્ત્રી ગણીને આ બધી વાત કરી છે. પણ સ્ત્રીપ્રેમ એ તો એક પ્રકારનું મોહનીય કર્મ છે. તેને સ્ત્રીનું ઉપનામ આપીને રાજીમતીએ આ સર્વ ગોટાળો કર્યો છે આપ મુક્તિસુંદરીનો માર્ગ સર્વને બતાવવાના છો, તો હું શું ખોટી છું? માટે મારી વિજ્ઞપ્તિ સાંભળો અને ફેરવેલા રથને મારા પિયરના ઘર તરફ પાછો ફેરવો.

---

**પાઠાંતર**—'શો' સ્થાને ભીમશી માણેક 'સ્યો' છાપે છે. 'સુંદરી' સ્થાને પ્રતમાં 'સુંદરિ' લખે છે. (૧૧)

**શબ્દાર્થ**—રાગી = રાગ-પ્રેમ-હેત કરનાર. રાગીશું = રાગ કરનાર-પ્રેમીના સંબંધમાં. રાગી = પ્રેમ-આકર્ષણ કરનાર સહુ = સર્વ, બધા, દરેક વ્યક્તિ. વૈરાગી = વેરાગી, રાગ-પ્રેમ વગરના. શો = શા અર્થનો? કેવો? રાગ = પ્રેમ, આકર્ષણ, ખેંચાણ. વિના = વગર, સિવાય. કિમ = કેમ, શા માટે. દાખવો = જણાવો, બતાવો. મુગતિસુંદરી = મુક્તિસુંદરી, મોક્ષરૂપ સ્ત્રી, સુંદર સ્ત્રી. માગ = માર્ગ, રસ્તો. (૧૧)

'માગ' એ 'માર્ગ' શબ્દનું અપભ્રંશ રૂપ છે. તેનો અર્થ કોઈ ટીકાકાર 'માગણી' એમ કરવા જાય છે. તેને બદલે સંબંધ ઉપરથી 'માર્ગ' અર્થ કરવો વધારે યોગ્ય લાગે છે.

અને રાજીમતીની દલીલ હેત્વાભાસોથી ભરપૂર છે. મુક્તિને સુંદરી ધારીને તેના પર આ ચણતર કામ કરે છે, પણ પાયો જ ખોટો છે. કર્મનો અભાવ તે મુક્તિ અને સ્ત્રીરાગ–કામદેવ એ તો મોહનીય કર્મ પુરુષવેદની એક પ્રકૃતિ છે. એને અને મોક્ષને કાંઈ સંબંધ નથી; એ કર્મપ્રકૃતિ વગરના થવું એ મોક્ષ છે. હજુ આવતી ગાથામાં એ ને એ પદ્ધતિએ સ્ત્રીસુલભ દલીલ કરવા જાય છે, પણ વીતરાગની મહત્તા ક્યાં અને ક્યાં આ સંસારીની દલીલ! (૧૧)

> એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો જાણે લોગ; મન૦
> અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મન૦ ૧૨

**અર્થ**—એક ખાનગી વાત આપને યોગ્ય નથી, અને તે સઘળા માણસો જાણે છે. આપ મોટા બ્રહ્મચારી છો અને આપને કોઈ વ્યાધિ–પીડા નથી, છતાં અનેકાંત (સ્યાદ્વાદ)સુખનો ભોગ ભોગવી રહ્યા છો. આવું છાનું કામ આપને યોગ્ય નથી. (૧૨)

**ટબો**—એક અદ્વિતીય ઘટના–પોતાનું ગુહ્ય–રહસ્ય બીજો કોઈ ન જાણે, સઘળા લોક એમ જાણે છે જે પરણવા આવ્યા, પણ પાછા ફરતા ન આવ્યા, અનેકાંતની દશા, તે જ દશા ભોગવો છો, બ્રહ્મચારી છો, ગતશોક છો. (૧૨)

**વિવેચન**—અને આપના સંબંધમાં એક ખાનગી–ગુપ્ત રાખવા જેવી–વાત શોભા પણ પામતી નથી તે આપને જણાવું. આગલી અગિયારમી ગાથમાં જેવી રીતે મુક્તિને સ્ત્રી ગણીને તેને પરણવાની વાત કરી તેના જેવી જ આ વાત છે. આપના સંબંધમાં એક છાની વાત યોગ્ય નથી. આપ એમ જાણો છો કે આપની એ ખાનગી વાત કોઈ જાણતું નથી, પણ હું કહું છું કે એ વાતને તો સર્વ જાણે છે અને તેને ગુપ્ત વાત કહી શકાય નહિ. જાણીતા મોટા માણસની સર્વ વાતો ઉઘાડી હોવી જોઈએ. ગુપ્ત વાત હોય તે આપના નામને છાજે નહિ. આપ અનેકાંત બુદ્ધિનાં ફળને ભોગવો છો. જૈનધર્મનો સિદ્ધાંત છે કે વસ્તુનાં દરેક પાસાં તપાસવાં, ઢાલની બન્ને બાજુઓ જોવી, આત્માને જૈન દૃષ્ટિએ નિત્ય પણ કહેવાય અને અનિત્ય પણ કહેવાય;

**પાઠાંતર**—'નથી' સ્થાને પ્રતમાં 'નથિ' લખેલ છે. 'સઘળો' સ્થાને ભીમશી માણેક 'સઘળોઈ' પાઠ છાપે છે. 'અનેકાંતિક' સ્થાને પ્રતમાં 'અનેકાંતતા' પાઠ છે. 'ભોગવો' સ્થાને પ્રતમાં 'ભોગવે' પાઠ છે. 'ગતરોગ' સ્થાને ભીમશી માણેક 'ગાતરાગે' છાપે છે. (૧૨)

**શબ્દાર્થ**—એક = માત્ર, અનેક નહિ. ગુહ્ય = ગુપ્ત વાત, ખાનગી, છુપાવેલું કાર્ય. ઘટતું નથી = યોગ્ય નથી, પરસ્પર અસંબદ્ધ લાગે છે, ઘાટઘોટ વગરનું લાગે છે. સઘળો = સર્વ, આખો, બધો. જાણ = ખબર છે, અનુભવે છે. લોગ = લોકો, માણસો અનેકાંતિક = સ્યાદ્વાદરૂપી, એકાંત રહિત, એક પક્ષ લીધો તેને પકડી લીધો. ભોગવો = અનુભવો છો. બ્રહ્મચારી = મૈથુનત્યાગી, સ્ત્રીસંગ છોડનાર. ગતરોગ = જેના વ્યાધિઓ ગયા છે–નાશ પામેલા છે તેવા. (૧૨)

દ્રવ્ય દૃષ્ટિએ એ નિત્ય છે અને પર્યાયની દૃષ્ટિએ એ અનિત્ય છે. આવી દૃષ્ટિને અનેકાંતદૃષ્ટિ કહે છે. એને જાણવી એ આપનું કાર્ય છે. આપ કોઈ વસ્તુને એકાંતે પકડતા નથી. 'આ પ્રમાણે જ હોવું જોઈએ' એવી બુદ્ધિ આપે વિકસાવી નથી; પણ 'અમુક દૃષ્ટિએ બીજું પણ હોય,' એમ આપ માનો છો. આ અનેકાંતબુદ્ધિને સ્ત્રીલિંગનું રૂપ આપી, રાજીમતી કહે છે કે આ કહેવાઓ છો તો બ્રહ્મચારી અને પોતે તો ગતરોગ છો, આપને કોઈ રોગ થતો નથી અને આપ અનેકાંતબુદ્ધિને ભોગવો છો, તેમાં રાચોમાચો છો. બ્રહ્મચારીએ સ્ત્રીસંગ ન કરવો જોઈએ, છતાં આપ અનેકાંતબુદ્ધિને ભોગવો છો, આપને કોઈ વ્યાધિ થતો નથી અને આપ અનેકાંતબુદ્ધિ સ્ત્રી સાથે આનંદ ભોગવો છો. તે વાતને આપ ગુપ્ત તરીકે માનતા હશો, પણ બધા લોકને તેની ખબર પડેલી છે અને એને ગુપ્ત રાખવામાં આપ ફતેહમંદ થયા નથી.

આ વાણીવિલાસ છે. બુદ્ધિને સ્ત્રીનું રૂપક આપીને પોતાનો અભિપ્રાય બતાવવો, તેના ઉપર ભાર છે અને રથ પાછો વાળવાની જે વિજ્ઞપ્તિ રાજીમતી કરે છે તેને અનુરૂપ ખોટો ધડાકો છે.

અમુક અભિપ્રાયો હજુ તો નેમનાથે જણાવ્યા પણ નથી, પણ તે બે વર્ષ પછી સમવસરણમાં બેસી જણાવવાના છે; તેને સ્ત્રીનું રૂપક આપી તેને ભોગવો છો અને તે કામ બ્રહ્મચારીને ઘટતું નથી એવો આક્ષેપ કરવો એ એક મેણું મારવાની પદ્ધતિ છે, રથ પાછો ફેરવવાની વાતની પુષ્ટિમાં એ માગણી છે અને આલંકારિક ભાષામાં સંસારી–દુન્યવી રાજીમતીના મુખમાં જ શોભે છે.

પ્રભુને રોગ થતો નથી તે વાતને બ્રહ્મચર્ય સાથે શો સંબંધ છે તે બરાબર મને સમજાયું નથી વાતનો સાર એ છે કે તમે રથને પાછો ફેરવો અને આ બુદ્ધિસુંદરી સાથે પ્રેમમાં પડીને ધાંધલ કરો છો તે છોડી દો અને મારા પિયરના સ્થાને પધારી મને આપની સ્ત્રી તરીકે સ્વીકારો.

આ ગાથાની દલીલ વધારે પાતળી પડે છે. નેમનાથ જે બુદ્ધિ આપવાના છે તેનો ભવિષ્ય કાળનો વર્તમાનમાં આરોપ છે અને ગતરોગ સાચી વાત છે, પણ તેની પ્રસ્તુતતા અત્ર જણાતી નથી. સ્ત્રીને ભોગવવાથી અનેક રોગો થાય છે, અને આપ તો બુદ્ધિસુંદરીની સાથે ભોગો ભોગવો છો, તે પણ આપની વાત છાની રહી નથી. સર્વ લોક જાણે તે ખાનગી કહેવાય નહીં. આપ આ બધી ભાંજગડ છોડી દો અને રથ પાછો ફેરવો : આવો કોઈ ખુલાસો કરે છે, તે મને બરાબર લાગતો નથી. (૧૨)

> જિણ જોણી તુમને જોઉ રે; તિણ જોણી જુવો રાજ; મન૦
> એક વાર મુજને જુવો રે, તો સીજે મુજ કાજ. મન૦ ૧૩

**પાઠાંતર**—'જોણી' સ્થાને પ્રતમાં 'ગોગે' પાઠ છે. 'જુવો' સ્થાને ભીમશી માણેકમાં 'જોવો' પાઠ છે. 'મુજને' સ્થાને 'મુજ તે' પાઠ પ્રતમાં છે; પ્રતનો પાઠ 'મુજ તે જોઉં રે' એમ છે. 'સીજે' સ્થાને પ્રતમાં 'સિજે' પાઠ છે. (૧૩)

**અર્થ**—જે નજરે હું આપને જોઉં છું તે જ નજરે, હે રાજકુમાર, તે જ જોવાની પદ્ધતિએ, એકવાર આપ મને જુઓ ! જો એમ કરો તો મારાં સર્વ કામ સિદ્ધ થઈ જાય. (૧૩)

**ટબો**— જે રીતે તમને હું જોઉં છું, એક તમે જ સ્વામીનાથ ! તે રીતે જુઓ જો મને હે રાજ ! એકવાર પોતાના દાસભાવપણે જો નિરખો તો વંછિત કાર્ય સીજે મારાં સર્વે (૧૩)

**વિવેચન**—રાજીમતીએ તો જે એક આગ્રહ નેમનાથને રથ પાછો ફેરવવાની વિનંતિને અંગે લીધો છે તેમાં જ એ આગળ વધે છે. જે જોવાની રીતે હું તમને (નેમનાથને) જોઉં છું, તેવી જ તમે મને હે રાજન્ ! જુઓ, આખો વખત નહિ તો છેવટે એક વાર મને એ રીતે જુઓ. એમ કરશો એટલે મારાં કામ સરશે. અને આપ રથ પાછો વાળશો જ એમ મારી વિનંતિ છે.

જોવાની રીત એ 'જોણી', ગુજરાતી ભાષામાં 'જોણું' અથવા 'જોણી' એ જોવાની રીત સૂચવે છે. 'જોણી' શબ્દકોશમાં નથી, પણ ભાષામાં વપરાતો મેં અનેક વાર સાંભળ્યો. છે. તમારી જોણી જ એવી છે કે એમાં સર્વ વિકૃત દેખાય, જોણું—જોવું તે, પ્રકાશ; એ શબ્દ કોશકારે વાપર્યો છે; 'જોણી' અને 'જોણું'નો અર્થ સમાન છે.

હું આપને જે પ્રેમની નજરે જોઉં છું તે રીતે આપ મારી સામે જુઓ, આપ રાત-દિવસ મારી સાથે પ્રેમદૃષ્ટિએ નજર કરો તો બહુ સારું, પણ છેવટે એક વાર નજર કરો, તોપણ મારાં કામ સરે, મારી ઇચ્છા પૂરી થઈ જાય. પછી તો હું છું અને આપ છો; આગળ કામ કેમ લેવું તેની મને ખબર છે. એક વાર પ્રેમ નજરે મારી સામું જુઓ અને તે માટે આપનો રથ પાછો ફેરવો, એટલે મારું કામ થઈ જશે. નેમનાથને મનાવવા રાજીમતી અહીં ખુશામત કરતાં તેને 'રાજ' કહીને બોલાવે છે. એ માને છે, નેમનાથ એક વાર પ્રેમ કરશે તો પછી છટકી શકશે નહિ. એને પોતાની આવડત ઉપર એટલો બધો ભરોસો છે કે પછી કેમ કામ લેવું એ પોતાને આવડે છે. આ જાતની માગણી તેની એક વાર માટે છે, એ પોતાની શક્તિ ઉપર એને કેટલો વિશ્વાસ છે તે બતાવે છે. નેમનાથ આ વાત ન સમજે એવા નથી; એક વાર પ્રેમ નજર કરવાનું શું પરિણામ આવે તે તેઓ સારી રીતે સમજે છે. એ આવી ગૂંચમાં પડી જાય તેવા નથી. (૧૩)

---

**શબ્દાર્થ**—જિણ = જે. જોણી = જોવાની રીત, 'જોવું' ધાતુ ઉપરથી થયેલ નામ જોણું—જોવું તે પ્રસિદ્ધ છે; યોનિ સાથે સંબંધ નથી. તુમને = આપને, તમને, આપશ્રીને. જોઉં = નિહાળું છું, અવલોકું છું. તિણ = તે, એ, પેલી. જોણી = જોવાની રીત, પદ્ધતિથી. જુવો = જુઓ, દેખો, નીરખો. રાજ = રાજકુટુંબના નબીરા. એક વાર = એક વખત. મુજને = મને, રાજીમતીને. જુઓ = દેખશો, જોશો, નજર કરશો. સીજે = જામશે, થઈ જશે. મુજ = મારાં, મારું. કાજ = કામ, મનોકામના. (૧૩)

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મન૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મન૦ ૧૪

**અર્થ**—મેં મોહદશાથી આ ભાવના અત્યાર સુધી ધારણ કરી છે, પણ હવે તત્ત્વનો—મુદ્દાનો વિચાર કરીને જેના સર્વ રાગદ્વેષ ગયા છે એવી સ્થિતિ સ્વીકારી છે. હે મારા પ્રાણનાથ ! આ વાત ચોક્કસ છે. (૧૪)

**ટબો**—એમ મોહની દશા—રાગદશા કંતરૂપ ભાવતાં ભાવતાં ચિત્તમાં તત્ત્વવિચાર ઉપનો, તે શો ? વીતરાગ નીરાગ અવસ્થા પ્રાણનાથે આદરી તે માટે. (૧૪)

**વિવેચન**—હવે રાજીમતી ઠેકાણે આવી જાય છે. અત્યાર સુધી રથ પાછો ફેરવવાની વાત કરતી હતી તેને બદલે હવે ભાવના કરે છે, નેમનાથના કામને સમજે છે અને પોતે પણ તે રસ્તે જવાનો નિર્ણય કરે છે. એ નેમનાથને છોડી દઈ બીજાને પરણવાનો નિશ્ચય નથી કરતી; એ તો પોતાની જાતને વાગ્દત્તા માને છે અને નેમનાથે જેવો રસ્તો લીધો તેવો જ લેવાનો માર્ગ પોતા માટે પસંદ કરે છે. જેમ ગૌતમસ્વામી—ઇંદ્રભૂતિ—પ્રથમ ગણધરને પ્રથમ તો એમ થયું કે લોકવ્યવહાર છે કે મરણ વખતે છોકરા—છોકરીને પાસે બોલાવે; અને મહાવીરસ્વામીએ તો મને બોલાવવનો વ્યવહાર ન જાળવતાં દૂર મોકલ્યો : આવો વિચાર ક્ષણવાર આવ્યા પછી એ એકત્વભાવના ઉપર ચઢી ગયા અને પ્રભુ તો ખરેખરા વીતરાગ હતા; આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે એ ભાવના ભાવતાં રાગ તજી બેઠા; તેમ જ રાજીમતી પણ આટલાં મેણાં સંભળાવ્યા પછી નેમનાથની વીતરાગતા આરપાર જુએ છે અને નેમનાથ એમ જ કરે એવો તત્ત્વવિચાર કરી પોતે પણ નેમનાથનું અનુકરણ કરવા નિર્ણય કરે છે : આ દિશાપલટો અમુક ક્ષણે થાય છે, પોતાની ખરી વસ્તુસ્થિતિનો ખ્યાલ થાય છે અને માર્ગદર્શન થતાં નેમનાથને સત્ય સ્વરૂપે ઓળખે છે. તે ફેરફાર સમજવા આપણે પ્રયત્ન કરીએ. તે બોલે છે કે :—

મેં અત્યાર સુધી જે વિચાર કર્યા તે રાગના—મોહના વિચારો હતા. હવે તત્ત્વવિચારણા કરું છું ત્યારે મને સમજાય છે કે પ્રાણનાથે તો ખરેખરી વીતરાગતા સ્વીકારી છે. હું તેમની પત્ની ત્યારે જ ખરી કે તેમણે મારો હાથ ન પકડ્યો તો મારા માથા ઉપર તેમના હાથનો

---

**પાઠાંતર**—'દશા' સ્થાને પ્રતમાં 'દસા' પાઠ છે. 'ભાવના' સ્થાને 'ભાવતાં' પાઠ પ્રતમાં છે. 'વીતરાગતા' સ્થાને પ્રતવાળો 'વિતરાગતા' લખે છે; ભીમશી માણેક 'વીતરાગ મન' પાઠ આપે છે. 'આદરી' સ્થાને પ્રતમાં 'આદરિ' પાઠ છે. (૧૪)

**શબ્દાર્થ**—મોહદશા = સંસારમાં મૂંઝાવાની સ્થિતિ. ધરી = લઈ, પ્રાપ્ત કરી, ધારણ કરી. ભાવના = વિચાર, ચિંતવન. ચિત્ત = દિલ, મન. લહે = લે, કરે તત્ત્વવિચાર = સાત્ત્વિક અંતિમ ધારણા, છેલ્લો નિર્ણય. વીતરાગતા = નિર્મમત્વીપણું, રાગત્યાગ. આદરી = સ્વીકારી, લીધી, કબૂલી. પ્રાણનાથ = હૃદયનાથ, પતિ. નિરધાર = ચોક્કસ જરૂર. (૧૪)

વાસક્ષેપ લઉં અને પ્રાણનાથ જે માર્ગે ગયા છે તે માર્ગે જાઉં. પ્રાણનાથે તો વીતરાગને આદરવો જોઈએ તેવો જ માર્ગ લીધો છે અને મારે તેમના માર્ગે જ જવું જોઈએ. રાજીમતીનો આવો સારો વિચાર તે જીવનમાં કોઈ વાર આવતો મોટો ફેરફાર છે. તે એમ વિચાર નથી કરતી કે મારું માત્ર વેવિશાળ થયેલ છે, માટે હવે નેમનાથને મૂકીને બીજાને વરું. તે તો આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે એ જાતનો વિચાર કરી પ્રભુદત્ત વાસક્ષેપ પોતાના માથા પર ધરવા નિર્ણય કરે છે. આ નિર્ણયમાં સહજ સરળતા અને કૃતનિશ્ચયપણું છે અને તેમાં પોતાને વાગ્દત્તા તરીકે શું કરવું જોઈએ તેનો નિશ્ચય છે. નિશ્ચય તો જેવો લેવો હોય તેવો લેવાય અને રાજીમતીએ અન્યને પરણવા નિશ્ચય કર્યો હોત તો હજુ તે માત્ર વાગ્દત્તા જ હોવાથી એના નિશ્ચયમાં વ્યવહારદૃષ્ટિએ કાંઈ વાંધો લઈ ન શકાત. પણ અદ્ભુત ચારિત્રશીલ રાજીમતી તો એક વાર પતિ ધાર્યા તે હમેશને માટે ધાર્યા, એમ તાત્ત્વિક વિચારણા ઉપર ઊતરી જાય છે અને શું નિર્ણય લે છે તે આવતી ગાથામાં જોશું. પણ રાજીમતીએ દિશા બદલી નાખી, નેમનાથને રથ ફેરવવાની વિનતિ કરવાને બદલે પોતે જ નેમનાથનો માર્ગ આદરી રાજકુમારી હોવા છતાં સર્વત્યાગના માર્ગે ઊતરી ગઈ, એ એના નિર્ણયની ભવ્યતા છે.

તત્ત્વવિચારણામાં એ ગૌતમસ્વામી પેઠે એકત્વભાવના ઉપર ઊતરી જાય છે. આ જીવ એકલો આવેલો છે અને એકલો અહીંથી જવાનો છે; તે વખતે કોઈ તેનું સગું થતું નથી અને ભગવાને જે માર્ગ લીધો છે તે વીતરાગને છાજે તેવો માર્ગ છે. પોતાને તે અનુકરણ યોગ્ય છે : આ આત્મિક વિચાર એ જ તત્ત્વવિચાર છે અને બહુ સુંદર છાપ પાડે તેવો છે. આપે જે માર્ગ લીધો છે તે ચોક્કસ વીતરાગનો માર્ગ જ છે અને એ જ માર્ગ સમજુને ઘટે તેવો છે. તો હવે મારું કર્તવ્ય શું છે તે હું આવતી ગાથામાં કહું છું. (૧૪)

સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મન૦
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મન૦ ૧૫

**અર્થ**—આપની સેવક (હું), તેને જો એવી વીતરાગતા સ્વીકૃત થાય તો સેવકની આબરૂ રહે. આ આશય પ્રમાણે વર્તીએ એ જ સારું કામ છે. (૧૫)

**ટબો**—સેવક પણ તે દશા જો આદરે–અંગીકાર કરે તો જ સેવકની મામ–મહત્ત્વ રહે;

---

**પાઠાંતર**—'આશય' સ્થાને પ્રતમાં 'આસઅ' પાઠ છે. 'ચાલીએ' સ્થાને પ્રતમાં 'ચાલિઈ' પાઠ લખેલ છે; કોઈ પુસ્તકમાં 'ચાલિયે' પાઠ છે. 'રૂડું' સ્થાને પ્રતમાં 'રૂડા' શબ્દ લખે છે; ભીમશી માણેક 'રૂડૂ' છાપે છે. (૧૫)

**શબ્દાર્થ**—સેવક = અનુસરવાવાળો, હું અથવા કોઈ પણ અનુયાયી. પણ તે = આપે સ્વીકારેલ વીતરાગતાને પણ, તેને જરૂર. આદરે = સ્વીકારે, લે. તો = તે સંબંધમાં. રહે = જળવાય. સેવક = અનુયાયીની, મારી અથવા જે સેવક થયા હોય તેની. મામ = આબરૂ, મમત, ટેક. આશય = ધારણા, હેતુ, ઇરાદો. ચાલિયે = વર્તીએ, પ્રવૃત્તિ કરીએ. એહી જ = એ જ. રૂડું = સારું, બરાબર, યોગ્ય. કામ = કાર્ય. (૧૫)

જે પતિ-સ્વામીને આશયે-અભિપ્રાયે ચાલે સેવક, તે જે સ્વામીને અભિપ્રાયે ચાલે એ જ મોટાં-ભલાં કામ છે. (૧૫)

**વિવેચન**—હવે આ સેવક (હું) જો તે વિરાગદશા-વીતરાગભાવને આદરું તો જ મારી મામ એટલે ટેક રહે. જેવો સેવ્યનો આશય-અભિપ્રાય હોય એ જ સારું કામ છે. રાજીમતી આવા પ્રકારનો વિચાર કરીને એકત્વભાવના કરે છે અને તે દ્વારા સંસારત્યાગ કરવાના નિર્ણય પર આવે છે : આપનો સેવક-હું પોતે આપનો માર્ગ આદરું, વીતરાગતા-વિરાગતાને વરું તો જ મારી ટેક રહે.

'મામ' શબ્દનો અર્થ કોશકાર 'મમતા' અથવા 'ટેક' કરે છે. અહીં 'ટેક' શબ્દ લાગુ પડતો છે અને તે ભાવ અર્થ કરનારાઓએ સ્વીકાર્યો છે. જેવો શેઠનો અભિપ્રાય હોય એ સારું કામ છે; એમ કરવું એમાં સેવકની સેવક તરીકેની ભાવનાનું અનુકરણ છે. જેવા શેઠ તેવા નોકર, જેવા મુરબ્બી તેવા તેના અનુયાયી, જેવા સેવ્ય તેવા સેવક.

આપને પગલે ચાલવું તે મારી સેવક તરીકેની ફરજ છે. આપે વીતરાગભાવ સ્વીકાર્યો તો મારે પણ આપ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલવું ઉચિત છે. અને તેમ કરવું તેમાં જ મારી ટેક રહે તેમ છે. આપનો માર્ગ તે મારો માર્ગ : એમ કરવું તે સારું કામ છે અને મારે તે જ કરવું ઉચિત છે. રાજીમતીએ સાંસારિક માગણીઓ મૂકી દીધી.

જે પ્રમાણે એક માણસને ઉપદેશ આપવા ગૌતમને મહાવીરસ્વામીએ મોકલ્યા હતા, તે તેમનું નિર્વાણ સાંભળી પહેલાં તો મહાવીર પર પ્રેમ કરવા બદલ પસ્તાયા અને છેવટે મહાવીરની વીતરાગતા યાદ કરી તેમણે યોગ્ય જ કર્યું છે એમ સમજી ગૌતમ એકત્વભાવનાએ ચઢી ગયા અને તે જ રાત્રે કેવળજ્ઞાન પામ્યા, તેમ રાજીમતીએ એકત્વભાવ વિચારી વિરાગ-વૈરાગ્ય લેવા, પ્રભુ પાસે જ તેમને માર્ગે અનુસરવા નિર્ણય કર્યો. આવી રીતે સાંસારિકમાંથી આધ્યાત્મિક દશામાં રાજીમતી ઊતરી ગઈ. હજુ પણ એ જ દશામાં આગળ પ્રગતિ કરે છે તે હવે જોઈએ. (૧૫)

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર; મન૦
ધારણ પોષણ તારણો રે, નવ રસ મુગતાહાર, મન૦ ૧૬

**પાઠાંતર**—'યોગ' સ્થાને પ્રતમાં 'જોગ' લખે છે. 'આદર્યો' સ્થાને ભીમશી માણેક 'આદરયો' છાપે છે. 'ભરથાર' સ્થાને ભીમશી માણેક 'ભરતાર' છાપે છે. (૧૬)

**શબ્દાર્થ**—ત્રિવિધ = ત્રણ પ્રકારના યોગ, મન-વચન-કાયાના યોગો, એકાગ્રતા, એક્વાચ્યતા અને એક પૂજા. યોગ = સંન્યાસ, ત્યાગ. ધરી = લઈ, સ્વીકારી. આદર્યો = સ્વીકાર્યો, કબૂલ્યો, લીધો, નેમનાથ = નેમનાથ નામના ૨૨મા જિનપતિ ભગવાન દેવને. ભરથાર = ભરતાર, પતિ, ધણી તરીકે ધારણ = ધારવાવાળો, ઉપાડવાવાળો, ટેકો આપનાર. પોષણ = પોષનાર, પુષ્ટ કરનાર, મજબૂતી આપનાર. અને તારણો = તારનાર, સમુદ્રમાં પ્રવહણ-વહાણનું કામ કરનાર. નવ રસ = નવે રસ અથવા નવીન રસ, નવો રસ. મુગતાહાર = મુક્તાહાર, મોતીનો હાર. (૧૬)

**અર્થ**—મન-વચન-કાયાના યોગથી નેમનાથને પતિ તરીકે સ્વીકાર્યા છે. એ જ ખરેખર મને ટકાવી રાખનાર છે, ટેકો આપનાર છે, અને એ જ મને તારનાર છે. ખરેખર, એ નવ-રસભરપૂર સાચા મોતીનો હાર છે. (૧૬)

**ટબો**—ત્રિકરણયોગ–મન-વચન-કાયયોગે એ જ સ્વામી આદર્યો, શ્રી નેમિનાથ ભર્તાર નાયક–સ્વામીભાવે. એ નાયક કેવો છે? ધારણા–જ્ઞાનાદિ ગુણનો, સંયમ ગુણનો પોષક, તારણો–દુઃખનો પાર પમાડવા માટે એ નવ રસ–શાંતરસ તથા નવ રસમાં વિવિધ રસ, તદ્રૂપ મોતીહાર.

ધારણ, પોષણ, તારણનો અર્થ વળી એમ પણ કહ્યો છે, ધારણો જ્ઞાનદશાએ, પોષણો ભક્તિદશાએ, તારણો વૈરાગ્યદશાથી. તથા ધારણો–મને, પોષણો–વચનગોચરે–સત્યાદિકે, તારણો –કાયાદિક ક્રિયાએ, સ્વપર આશ્રી વિનયગુણે. ઇત્યાદિ બહુ અર્થ જાણવા. તથા નવ રસમુગતાહાર તે શું? તે નવ રસ લખીએ છીએ: શૃંગાર ૧, હાસ્ય ૨, કરુણ ૩, રૌદ્ર ૪, વીર ૫, ભયાનક ૬, બીભત્સ ૭, અદ્ભુત ૮, શાંત ૯—એ નવરસ. તથા आगमेऽपि—

वीरो सिंगारो अब्भुओ य, रूद्दो य होइ बोधव्वो।
वेलणओ बीभच्छो, हासो कलुणो पसंतो य॥
राज्यराजीमतीपरित्यागे तथा शत्रुजयविनाशादिलक्षणो वीररसः १।
हृदयोन्मादजनकगुणखनिरित्यादिसेवनत्यजनादिकः शृङ्गारः २।

अपूर्वकादपि भवोपग्राहिजन्मसम्बन्ध्यतिशयाद्युपेतलक्षणोऽद्भुतरसः ३। बद्धपशुदृष्टभृकुटि विडम्बितमुखदंष्ट्रौष्ठेत्यादिकलक्षणो रौद्ररसः ४। क्षणदृष्टनष्टपदार्थसार्थावलोकनस्वरूपलक्षणो भयानकः ५। અશુચિ કડેવર સંગથી ઉત્પન્ન તેહને વિષે આસક્ત થાવા વિરમણ બીભત્સરસ ૬, રૂપ, વય, દેશ, ભાષા ઇત્યાદિક વિષે પરિણમન રૂપ ધર્મલક્ષણ હાસ્ય ૭, પ્રિયવિપ્રયોગ, અપ્રિયસંયોગ, વધ, બંધ, વ્યાધિ, વિનિપાતાદિ સમુદ્ભવલક્ષણ કરુણરસ ૮, એ સર્વને વિષે રાગદ્વેષ ત્યજે તે સ્વભાવજનિત મધ્યસ્થપણે તે તે સ્વભાવનું અવધારણ કરી શાંતિપણે ત્યજન નિરનુબંધિફલૈ શાંતરસ ૯, ઇત્યાદિ નવ રસના વિસ્તાર અનુયોગ દ્વારાદિકથી જાણવા. તે માટે નવરસમુગતાહાર તે ભગવાન નેમિનાથ જાણવા. (૧૬)

**વિવેચન**—નેમનાથને પતિ તરીકે મન-વચન-કાયાથી સ્વીકાર્યો છે, તેને મારો ગણ્યો છે અને એ જ મને ધારણ કરનાર અને તારનાર છે, અને જેમ ગળામાં નવે રસમય મોતીનો-હાર શોભે તેમ શોભે છે, તેથી તેમને જ હું ત્રિવિધે આદરું છું અને તેમને જ અનુસરું છું. નેમનાથે આદરેલ યોગ, તે ધારણ કરનાર–ટેકો આપનાર છે. જેમ કોઈ માણસ પડતો હોય તેને ટેકો આપી ટકાવી શકે તે તેનો ધારણ કરનાર કહેવાય, તે માટે નેમનાથે આદરેલ યોગ–દીક્ષા એ જ મને ટેકો આપનાર છે, માટે હું એ યોગનો જ આધાર લઈશ. શરીરને પુષ્ટિ આપનાર પણ એ જ યોગ છે, એટલા માટે હું એને ધારણ કરીશ. અને એ યોગ મને તારનાર છે. જેમ સમુદ્રને પાર ઉતારી આપનાર વહાણ કે કોઈ તારુ હોય છે તેમ ભવજળ–સમુદ્રથી તારવાને એ યોગ જ સમર્થ છે, માટે એ મારો ટેકો છે. અને છેવટે એ મારા ગળામાં નવ રસનો મોતીનો

હાર છે. રસ નવ છે : શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત-રસ. એ નવ રસરૂપી મોતીનો હાર મારા ગળાને શોભાવે છે. શાંતરસનું રસત્વ ગણવા તેને નવમો રસ ગણવામાં આવ્યો છે. તે સંબંધી અલંકારશાસ્ત્રના અભ્યાસ અનુસાર એક લેખ લખવાની ઇચ્છા છે. તે નવ રસરૂપી મોતીનો હાર મારા ગળાને શોભાવે છે.

આ અર્થ કરવામાં એવા ધારણ કરનાર, પોષણ કરનાર અને તારનાર તેમ જ કંઠને શોભાવનાર મોતીના હાર તુલ્ય એ યોગ છે અને તેવા પ્રકારની યોગદીક્ષા લેવાનો નિર્ણય કરીને રાજીમતીએ એ અર્થ જ કર્યો છે. એમાં યોગદીક્ષા અને રાજીમતીની એકતા છે અને તે એક જ અર્થ મને શક્ય લાગ્યો છે. મન-વચન-કાયાથી એ યોગનો સ્વીકાર રાજીમતીએ કર્યો એટલે મનથી બીજો વિચાર કરવો નહિ, વચનથી બીજું બોલવું નહિ અને કાયાથી બીજી ક્રિયા કરવી નહિ. આ ત્રણ યોગથી પ્રાણી ક્રિયા કરે છે, પણ એ ત્રણે યોગને કાબૂમાં રાખી જ્યારે પ્રાણી યોગદીક્ષા ગ્રહણ કરી પ્રભુને પગલે ચાલવાનો નિર્ણય કરે છે ત્યારે આવો નિર્ણય કરવો અને સાંસારિક લાલસા મૂકી દેવી એ રાજીમતી માટે સહજમાન થાય છે, અને તે માટે તેનું નામ સોળ સતી સ્ત્રીઓ પૈકી એક ગણાય છે.

ધારણ, પોષણ, તારનાર અને હાર શબ્દનો ભાવ વિચારવો અને તે યોગને લાગે છે એવો અર્થ કરવો. આ ગાથાનો એ જ ભાવ રાજીમતીને સતીત્વ અપાવે છે.

આ ગાથાનો અર્થ લખ્યા પછી જ્ઞાનવિમળસૂરિ લખે છે કે ધારણો જ્ઞાનદશાએ, પોષણો ભક્તિદશાએ અને તારણો વૈરાગ્યદશાએ; તથા ધારણો અને પોષણો વચનગોચરે અને તારણો જ્ઞાનાદિકે. અને નવ રસનાં ઉપર જણાવ્યાં છે તે નામો આપી નેમનાથને નવરસમુક્તાહાર ગણાવ્યા છે તે ભાવ વિચારવા યોગ્ય છે. નવીન કોઈ અર્થ કર્યો નથી. જ્ઞાનવિમળસૂરિના હાથમાં આનંદઘનજીનાં આ ૨૨ સ્તવન આવ્યાં છે તે પર અર્થ લખ્યો છે તે અત્ર પણ સામેલ રાખ્યો છે અને અર્થ લખતી વખતે તે જોયો છે. (૧૬)

કારણ રૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ-અકાજ; મન૦
કૃપા કરી મુજ દીજીએ રે, 'આનંદઘન'પદ રાજ. મન૦ ૧૭

**અર્થ**—ઉપાદાન કારણરૂપ પ્રભુ-સ્વામીને મેં સેવ્યો છે, અને તેમ કરવામાં કાર્ય કે અકાર્યને ગણ્યું નથી. દયા કરીને મને આપ આનંદના સમૂહનું રાજ (મુક્તિ) આપો. (૧૭)

---

**પાઠાંતર**—'રૂપી' સ્થાને પ્રત લખનાર 'રૂપિ' લખે છે. 'મુજ' સ્થાને પ્રતમાં 'પ્રભુ' પાઠ છે. 'દીજિએ' સ્થાને 'દીજિઉ' પાઠ પ્રતમાં લખેલ છે. 'પદ રાજ' સ્થાને પ્રતમાં 'પદરા' પાઠ છે. (૧૭)

**શબ્દાર્થ**—કારણરૂપ = નિમિત્ત થયેલા, જે હેતુને લઈ ને કોઈ કામ થાય છે તે, નિમિત્તભૂત. પ્રભુ = ભગવાન. નેમનાથ. ભજ્યો = સેવ્યો, આરાધ્યો, અનુસરી. ગણ્યો = પરઠ્યો, ટેવ્યો. કાજ = કાર્ય, કરવા જેવું કામ. અકાજ = અકાર્ય, ન કરવા જેવું કામ, છોડી દેવા જેવું કામ. કૃપા = મહેરબાની, દયા. મુજ = મને. દીજીએ = દેજો, આપજો. આનંદઘન = જ્યાં આનંદ નિરવધિ-સમૂહરૂપે છે. રાજ = રાજ્ય, અવિચળપણું. આનંદઘનપદરાજ = મોક્ષ, એ ખરું નિરવધિ રાજ્ય છે. (૧૭)

**ટબો**—તે માટે કારણ સ્વરૂપી એ પ્રભુ ભજીએ, પોતાનાં ઉપાદાન શુદ્ધ થવાને એ પ્રભુ નિમિત્તરૂપી ભજ્યો-સેવ્યો, બીજું કાર્ય ન ગણ્યું, અકાર્ય અથવા એ કાર્ય બીજાં અકાર્ય. કૃપા કરીને પ્રભુજી! મુજને દીઓ-આપજો, સેવક જાણીને આનંદઘનનું રાજ્ય, મોક્ષપદનું આપો પ્રભુજી. એટલે નેમિનાથ બાવીશમા તીર્થંકરનું સ્તવન પૂર્ણ થયું.

લાભાનંદજીકૃત સ્તવન એટલાં ૨૨ દીસે છે, યદ્યપિ હશે તો એ આપણે હસ્તે નથી આવ્યાં. અને આનંદઘનની સંજ્ઞા તે સ્વનામની કરી છે એવું લિંગસ્વરૂપ મૂક્યાથી જણાય છે એ જાણવું. (૧૭)

**વિવેચન**—આ સત્તરમી ગાથામાં રાજીમતી અંતિમ પ્રાર્થના કરે છે, પણ તેનો લય આત્મિક થઈ ગયો છે તે ચાલુ જ છે. પ્રભુને શુભ વસ્તુના કારણ ગણીને મેં પ્રભુને સેવ્યા છે અને તેમ કરવામાં મેં કાજ કે અકાજ સામે જોયું નથી. મેં તો એક પ્રભુભજનનું જ કામ કર્યું છે; બીજું કામ મારે નથી. બીજાં કોઈ કામ સામે, તે કર્તવ્ય હોય કે અકર્તવ્ય હોય, તેની મેં ગણના કરી નથી, તે વાત મેં લક્ષ્યમાં લીધી નથી. મેં તો પ્રભુજીનું ભજન આદરી દીધું છે અને તે અત્યારે પણ ચાલુ છે. જેનાથી કાર્યસિદ્ધિ થાય એટલે કાર્યની પહેલાં જરૂર હાજર હોય તે કારણ. મારે આત્માને પિછાનવો છે, તેના કારણરૂપ પ્રભુને પણ ભજ્યા છે અને તેમાં હું કાર્ય-અકાર્ય ન ગણતાં તે એક જ કામને લાગી ગઈ છું. મને તો પ્રભુના ભજન-સેવન ઉપર જ મન લાગ્યું છે, અને તે સિવાય બીજાં બધાં સારાં કે ખરાબ કામ મેં છોડી દીધાં છે. તો કૃપા કરીને મને નિરતિશય આનંદ થાય, આનંદની ઘટના થાય તેવું સ્થાન આપજો.

ઉપાદાન અને નિમિત્ત એમ બે પ્રકારનાં કારણ હોય છે. ઉપાદાનકારણ તો રાજીમતીનો આત્મા છે, પણ નિમિત્તકારણ નેમનાથ છે. એ નેમનાથને રાજીમતીએ એકાગ્ર ધ્યાને એટલા બધા ભજ્યા કે તેણે બીજાં કોઈ કામ-સારાં કે ખરાબ-તરફ નજર પણ ન નાખી. અને એકાગ્ર ધ્યાનને પરિણામે એણે પ્રભુની પહેલાં મોક્ષગમન કર્યું. આવી રીતે રાજીમતીએ રથ પાછો વાળવાની વિનતિમાંથી આગળ વધીને પ્રભુ પાસે દીક્ષા લીધી, અને પ્રભુ પહેલાં એ સિદ્ધ થઈ. આ એની એકસ્વામિનિષ્ઠા અને વાગ્દત્તાનું સ્વત્વ હતું અને આ એકનિષ્ઠાને પરિણામે એ સોળ સતીમાં સ્થાન પામી પોતાની જાતને સતી તરીકે ગણાવી ગઈ. આવી એકનિષ્ઠા એ જ મહાફળદાયિની થાય છે અને સતીનું સ્થાન પ્રાપ્ત કરાવે છે. આવી એકાગ્રતાથી પ્રભુને ભજવામાં રાજીમતી પ્રભુની પહેલાં મોક્ષ ગઈ. એ આનંદઘનપદ સર્વને મળો એવી કર્તાની માગણી છે. (૧૭)

## ઉપસંહાર

આ રીતે બાવીશમા નેમનાથનું સ્તવન પૂર્ણ થયું. આપણે સ્તવનની વિગતોમાં ઊતરીએ ત્યારે મનુષ્યસ્વભાવની એક બાજુ તેમાં તરી આવે છે. પશુઓનો પોકાર શા માટે થાય છે તેનું કારણ જાણીને નેમનાથે રથના સારથિને રથને પાછો ફેરવવા કહ્યું. અને તે અનુસાર

સારથિએ રથને પાછો ફેરવ્યો. વરરાજા કેવા દીપે છે તે જોવા રાજીમતીએ પોતાના મહેલમાંથી જોયું અને એ વિચક્ષણ બાઈ તુરત સમજી ગઈ કે નેમનાથે રથ શા માટે પાછો ફેરવ્યો. તે જ વખતે તે નેમનાથને રથ પાછો ફેરવવા વિનતિ કરે છે અને કેટલાંક દુન્યવી મેણાં પણ લગાવે છે. જાણે નેમનાથ તે સાંભળતા હોય, પણ દરકાર કરતા ન હોય એવા આકારમાં આ પ્રાથમિક વિનતિ કર્તાએ બનાવી છે. માણસ ગમે તેવો વિચક્ષણ હોય, પણ તેને તાત્કાલિક તો આવી જ લાગણી થઈ આવે છે. પણ રાજીમતી આખરે દુન્યવી પ્રેમનું ક્ષણિકપણું સંભારે છે અને નેમનાથે જે કર્યું તે યોગ્ય જ છે એમ વિચારી તેમને માર્ગે જવા પોતે તૈયાર થાય છે.

ભવિષ્યમાં ગૌતમસ્વામીના મોક્ષગમનની પણ આવી જ હકીકત બને છે. તેઓ પણ પ્રથમ તો મહાવીરના મુક્તિગમનના સમાચારથી ઘણા ખિન્ન થઈ જાય છે, તેમને ધ્રાસકો પડે છે, પણ થોડા વખત પછી એ રાગનું સ્વરૂપ વિચારે છે અને એકત્વ ભાવનાએ ચઢી કૈવલ્ય પ્રાપ્ત કરે છે. આ બન્ને એકત્વભાવનાના દાખલાઓ છે. આ જીવાત્મા આ જીવનમાં એકલો આવેલો છે અને એકલો જવાનો છે; તેનું કોઈ સાથી થતું નથી. અને આઠ આઠ ભવનો પ્રેમ પણ અંતે પ્રાણીને એકલો જ રાખે છે. નમિ રાજર્ષિ દાહજ્વરથી પીડાતા આખા શરીરે બાવનાચંદન લગાવવા તૈયાર થયા. પાંચ સો સ્ત્રીઓ બાવનાચંદન ઘસવા લાગી, પણ હાથમાં પહેરેલ બંગડી એકબીજા સાથે અથડાય તે અવાજ રાજર્ષિને અસહ્ય થઈ પડયો. હુકમ છૂટયો કે સ્ત્રીઓએ માત્ર એક સૌભાગ્યકંકણ જ રાખવું. અવાજ બંધ થતાં પણ નમિ રાજર્ષિને સવાલ થયો કે શું ચંદન ઘસવાનું બંધ થયું ? જવાબ મળ્યો કે સ્ત્રીઓએ ચંદન ઘસવાને અંગે માત્ર એક એક સૌભાગ્યકંકણ જ રાખ્યું છે તેથી અવાજ નથી થતો, અને ઘસવાનું કામ તો ચાલુ જ છે. ત્યારે નમિ રાજર્ષિને જ્ઞાન થયું કે અહો ! એકત્વમાં જ મજા છે; ખડખડાટ તો એકથી વધારેમાં જ છે. આવી એકતા વિચારી એમને જ્ઞાન થયું. એ પ્રત્યેકબુદ્ધ ગણાય છે.

આવી વૃત્તિ રાજીમતીને થઈ આવી. એ એકતા વિચારી, નેમનાથને રથ ફેરવવા વિજ્ઞપ્તિ કરતી હતી તેને બદલે, નેમનાથની દીર્ઘદર્શિતા જોઈ શકી અને પોતે પણ પોતા માટે એનું જ અનુકરણ કરવાના નિર્ણય પર આવી ગઈ. એકત્વભાવનાનો સારો આ દાખલો છે અને સમજીને હૃદયમાં ઉતારવા યોગ્ય છે. પ્રાણીએ આવી રીતે એકત્વભાવના ભાવવી જોઈએ અને પોતાની ઉપર તે લાગુ કરવી જોઈએ. (૨૨)

મે : ૧૯૫૦ ]

# પુરવણી*

## તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૩ સ્તવનો તથા ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં ૩ સ્તવનો.

બાકીનાં સ્તવનો આનંદઘનજીના નામનાં છે તેથી તે પણ આખી ચોવીશી પૂર્ણ કરવા વિચારી જઈએ. એ આનંદઘનજીની કૃતિ નથી જ, એ તો સર્વસ્વીકૃત વાત છે. જ્ઞાનસાર બાવીશ સ્તવનનો અર્થ લખી વિ. સં. ૧૮૬૬ ના ભાદરવા સુદ ૧૪ ને રોજ જણાવે છે કે આ પછવાડેનાં બે સ્તવનો આનંદઘનજીનાં જ કરેલાં છે અને પછવાડેથી હાથ લાગેલાં છે: એ રીતે એ સ્વીકૃત વાત પણ અસ્વીકૃત થઈ જાય છે. જ્ઞાનસારે ત્રીસ વર્ષ સુધી આનંદઘનજીનાં સ્તવનો પર વિચારણા કરી હતી. તેમના મતને મહત્ત્વ આપવું જોઈએ, પણ કૃતિ અન્યની છે એમ, એમના તરફના માન સાથે, જણાવવું જોઈએ. ભાષા અને વિષય જોતાં એ સ્તવનો આનંદઘનજીનાં બનાવેલાં લાગતાં નથી, પછી તો तत्त्व तु केवलिगम्यं ગણીને તેનો અર્થ સમજવા આપણે યત્ન કરીએ. જ્ઞાનવિમલસૂરિએ રચેલાં બે સ્તવનો પર જ્ઞાનવિમલસૂરિનો અર્થ પણ છે, તે પણ અગાઉ પ્રમાણે આપણે વિચારીશું.

---

* યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજનાં મૂળ સ્તવનોવાળી તેમ જ શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત ટબાવાળી જે હસ્તપ્રતો જુદા જુદા ભંડારોમાંથી મળે છે, તે ઉપરથી એટલું તો નિશ્ચિત થઈ જ શકે છે કે શ્રી આનંદઘનજીએ શ્રી નેમિનાથ ભગવાન સુધીના બાવીસ તીર્થંકરોનાં સ્તવનો રચ્યાં હતાં, નહીં કે ચોવીસ તીર્થંકરોનાં. એટલે ચોવીશીમાં ખૂટતાં છેલ્લા બે તીર્થંકરો–૨૩ મા શ્રી પાર્શ્વનાથ અને ૨૪ મા શ્રી મહાવીરસ્વામી–નાં સ્તવનો બીજા કર્તાઓએ રચીને ચોવીશી પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે. આ સ્તવનોના વિવેચનકર્તા શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનાં ૩ સ્તવનો અને ૨૪મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં ૩ સ્તવનો મૂળ, પાઠાંતર, શબ્દાર્થ, અર્થ અને વિવેચન સાથે, આ ગ્રંથમાં ઉમેર્યાં છે, તે અહીં પુરવણીરૂપે આપવામાં આવ્યાં છે—**સંપાદક**

૨૩ (૧)

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**ભૂમિકા**[1]—આ સ્તવનના કર્તા આનંદઘન નથી એ સર્વસ્વીકૃત વાત છે, પણ ઘણું અટપટું હોઈ એ ખાસ વિચારણા માગે છે. તેને સમજવા માટે ખાસ તર્કનો અભ્યાસ જોઈએ. મારા ધારવા પ્રમાણે આ સ્તવનનો આખો ઝોક 'ધ્રુવ' શબ્દ પર છે. આત્મા દ્રવ્યરૂપે ધ્રુવ છે, અને આત્મિક દ્રવ્યરૂપે ધ્રુવ રહેનાર છે. એના પર્યાયો ગમે તેટલા ફરે, તે ગતિઓમાં ફર્યા કરે, ત્યાં એનાં નામ-રૂપમાં ફેરફાર થયા કરે, પણ આત્મારૂપે તો એક સ્થાયી-ધ્રુવ દ્રવ્ય છે. આ એની ધ્રુવતા સમજવી અને સાથે પર્યાયપલટન ભાવ સમજવો. આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. આ રીતે આત્માનો નિત્યાનિત્ય ભાવ શીખવનાર એક જૈન દર્શન જ છે. અને જૈન દ્રવ્યાનુયોગનું-તત્ત્વજ્ઞાનનું રહસ્ય એ નિત્યાનિત્યભાવ સમજવામાં જ છે. આત્માને અમુક અપેક્ષાએ નિત્ય પણ કહેવાય અને તે સાથે જ અમુક અપેક્ષાએ તેને અનિત્ય પણ કહેવાય. આ ચાવી જો એક વાર બરાબર બેસી જાય તો આખી જૈન ફિલસૂફી (philosophy) સમજવામાં બહુ મુસીબત નહિ પડે. અન્ય મતમાં દ્વૈત અને અદ્વૈત મતો અને અદ્વૈતમાં વળી વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધાદ્વૈત વગેરેમાં જે ગૂંચવણ પડે છે, તે જૈન તત્ત્વજ્ઞાન સમજનારને નથી પડતી. એ નિત્યપક્ષ પણ સ્વીકારે છે અને અનિત્યપક્ષ પણ સ્વીકારે છે એમાં જરા પણ અનિશ્ચિતતા નથી; માત્ર ઢાલની ડાબી અને જમણી બાજુ જોવાનું દૃષ્ટિબિન્દુ છે. ઢાલની એક બાજુ સોનાની હોય, બીજી બાજુ રૂપાની હોય, તો સોનાની બાજુ જોનાર ઢાલને પીળી કહે અને રૂપાની બાજુ જોનાર ઢાલને સફેદ કહે. પણ જૈન તત્ત્વજ્ઞાન કહે છે કે તમે ઢાલની બન્ને અને સર્વ બાજુઓ જુઓ. એ જ સ્યાદ્વાદ છે. અને તે સમજવો અને પચાવવો ઘણો કપરો છે. પણ એક વાર તે સમજાઈ જાય તો એ દીવા જેવી વાત છે અને અનિશ્ચિતતા વગરનું એ વસ્તુધર્મનું સત્ય નિરૂપણ છે. આ સ્તવનનો મુખ્ય સૂર આ છે.

બાકી, પ્રાણી જનાવર થાય, પક્ષી થાય, મગરમચ્છ થાય અને મછલું પણ થાય. એ તો એમ ને એમ ફરતો આવે છે, દરેક સ્થાને મા-બાપ, ભાઈ-ભાંડુ કરે છે અને થોડા વખતમાં ત્યાંથી બીજા ભાઈ-ભાંડુ કરે છે. આ સર્વ ફેરફારને પર્યાયપલટન કહે છે. એવાં અસંખ્ય સગાં-સંબંધીઓ આ પ્રાણીએ કર્યાં પણ તે તો એક જ રહ્યો. આ નિત્યાનિત્ય ભાવ સમજવો એ ચાવીરૂપ છે. એ ખૂબ સાદો છે, પણ ભારે ઝીણવટથી ભરેલો છે. અને એક વાર એની ઘડ બેસી જાય તો આખા જૈનધર્મના તત્ત્વવિભાગને સમજવામાં જરા પણ મુસીબત

૧. જ્ઞાનવિમળસૂરિએ આ સ્તવનનો અર્થ કર્યો હોય તો તે મારી પ્રતમાં આપેલ નથી, તેથી મને સૂઝ્યો તેવો અર્થ કર્યો છે.

પડે એમ નથી. આ સ્યાદ્વાદના ખુલાસા ઉપર—આ અનેકાંતવાદ ઉપર—નયનો આખો સિદ્ધાંત રચાયેલો છે. આ વિભાગ અથવા આ સ્તવનનો કોઈ પણ ભાગ ન સમજાય તો ગુરુ મહારાજ પાસે તે સમજવામાં અને ખુલાસા પૂછવામાં જરા પણ શરમાવું નહિ. ઘણી વખત ખુલાસા પૂછવામાં એક જાતનો ભય રહે છે અને તે કારણે પ્રાણી મનમાં મૂંઝાય છે. આ મૂંઝવણ દૂર કરી શંકા થાય ત્યારે ચોખવટ કરવા માટે ખુલાસા પૂછવા; એમાં જરા પણ શરમાવા જેવું નથી. એને બદલે મનમાં શંકા રાખવી એ વધારે ખરાબ છે. સંસ્કૃતમાં એક નિયમ છે કે संशयात्मा विनश्यति—જે પોતાના મનમાં શંકા રાખે છે તેનો અંતે વિનાશ થાય છે. આ વિનાશથી બચવા માટે ખુલાસા સારું સાધન પૂરું પાડે છે. મનમાં ડુહવાવું અને ગૂંચમાં સબડ્યા કરવું એ ડહાપણની વાત નથી.

આ સ્તવનનો અર્થ લખવામાં મને અનેક વાર ગૂંચવણ થઈ છે અને કોઈ કોઈ ગૂંચ તો મેં તદ્યોગ્ય સ્થાને રજૂ પણ કરી છે. એવી જાતની શંકા બતાવવાથી આપણામાં રહેલ અજ્ઞાનતા પ્રકટ થાય છે તે બીવાની વાત નથી, પણ મનમાં શંકા રાખવી તે તો બેવડો સડો છે અને તે નિરાદરણીય છે. આટલી પ્રસ્તાવના સાથે આપણે આ સ્તવનને સમજવા યત્ન કરીએ.

## સ્તવન

( રાગ સારંગ, રસિયાની દેશી )

ધ્રુવપદ રામી હો સ્વામી હમારા, નિઃકામી ગુણરાય, સુગ્યાની;
નિજગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧

**અર્થ**—હે નિશ્ચળ–શાશ્વત પદ રમણ કરી રહેલા ! અને હે અમારા સ્વામી ! આપ તો કોઈ જાતની કામના રાખનારા નથી. અને અનેક ગુણોમાં રાચનારા છો, અનેક ગુણોના સ્વામી છો. અને આપે તો સુંદર જ્ઞાન–કૈવલ્ય મેળવ્યું છે–પ્રાપ્ત કર્યું છે. આપ તો આત્મિક ગુણોના ઇચ્છુક છો, આપને પોતાના શેઠ તરીકે જે મેળવે તે હંમેશને માટે આરામમાં–નિજાનંદમાં મોજ કરનારો થાય. (૧)

---

**પાઠાંતર**—' રામી ' સ્થાને પ્રતમાં ' રામિ ' લખેલ છે. ' સ્વામી'ને બદલે પ્રતમાં ' સ્વામિ ' લખેલ છે; ભીમશી માણેક પણ એમ જ છાપે છે. ' નિઃકામી ' સ્થાને પ્રતમાં નિષ્કામી લખ્યું છે. ' કામી ' સ્થાને પ્રતવાળાએ ' કામિ ' લખેલ છે, 'પામી' સ્થાને પ્રતમાં ' પામિ ' લખેલ છે. ' આરામી ' સ્થાને પ્રતમાં ' આરામિ' લખેલ છે. છેલ્લા પાદમાં ભીમશી માણેક ' સુ૦ ' કે ' સુગ્યાની ' છાપતા નથી. (૧)

**શબ્દાર્થ**—ધ્રુવપદ = હમેશ છે છે ને છે એવું નિશ્ચયી, અચળ સ્થાન. રામી = રમણ કરનાર, આરામ કરનાર. સ્વામી = શેઠ, ઉપરી, માલેક. હમારા = અમારા, આપણા. નિઃકામી = નિષ્કામી, ઇચ્છા વગરના. ગુણરાય = ગુણોના રાજા, ગુણોના ઉપરી. સુગ્યાની = સારા જ્ઞાનવાન, કેવળજ્ઞાન યુક્ત, કેવલી. નિજગુણ = પોતાના આત્માના મૂળ ગુણ. કામી = ઇચ્છનારા, ભજનારા. શોધનારા. પામી = મેળવી. તું ધણી = આપ જેવા શેઠને. ધ્રુવ = હમેશના, શાશ્વત, સ્થાયી, આરામી = આરામ મેળવનાર, શાંતિ પ્રાપ્ત કરનાર, હો = જરૂર. થાય = નીપજે, બને. (૧)

**વિવેચન**—આપ ધ્રુવપદમાં રમણ કરનારા છો, આપનો આત્મા આત્મિક-નિજ ગુણમાં વિલસનારો છે અને આપ મારા શેઠ છો, અને આપને કોઈ વસ્તુની કે પ્રાણી તરફની કામના રહેલી નથી. તેમ આપ અનેક ગુણોના રાજા છો, આપ આત્મિક ગુણના ઇચ્છુક છો. આપને પ્રાપ્ત કરીને પ્રાણી ધ્રુવતામાં રમણ કરે એવા આપ છો. આપણે અગાઉ ધ્રુવતા સંબંધી કેટલુંક વર્ણન કરી ગયા. આત્મા દ્રવ્ય તરીકે સ્થાયી છે, ધ્રુવ છે, નિત્ય છે, એ આત્માની નિત્યતા ખાસ વિચારણીય છે, બહુ અસરકારક છે અને ખાસ આહ્લાદ કરાવે એવી સુંદર વસ્તુ છે. એ ઉપરાંત આપ મારા ધણી છો, આપને પગલે ચાલવું એમાં મારો સ્વાર્થ છે, પરમાર્થ છે અને તે મને અનંત સુખ આપનાર છે. અને આપના ગુણો તો એટલા બધા છે કે તેની વિગત હું કેમ જણાવી શકું ? મારાં વચનોની તો મર્યાદા છે. અને આપના ગુણોનો તો કાંઈ પાર આવે તેમ નથી. જાણવામાં આવે તોપણ આપના સર્વ ગુણો કહી શકાય તેમ નથી, કારણ કે આખા જીવન સુધી તે બોલવામાં આવે તોપણ તે કહી-બતાવી શકાય તેમ નથી. હું આપના થોડાક ગુણો વર્ણવું છું.

એક તો આપને કોઈ જાતની કામના નથી. આપને નથી ખાવાની કામના કે નથી ધનની કામના, નથી આબરૂની કામના કે નથી પ્રશંસાની કામના; આપ તો અનેક ગુણોના રાજા છો, આપનામાં એ અનેક ગુણો છે. અને આપ આત્મિક ગુણની ઇચ્છા રાખનાર છો. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનેક નિજ ગુણો છે તે સર્વને આપ ઇચ્છો છો. આપને પ્રાપ્ત કરીને પ્રાણી આપના જેવો ધ્રુવ રમણ કરનાર અને અનંત આનંદમાં વિલાસ કરનાર થઈ જાય. આપના મૂળ ગુણો એવા સુંદર છે કે આપ જો પ્રાણીને પ્રાપ્ત થાઓ તો આપની જેમ પ્રાણી આરામમાં અનંતકાળ સુધી રમણ કરે. આપના ગુણો એવા સરસ છે કે એ આકર્ષણ કરનાર ગુણો ચુંબકની જેમ પોતાની તરફ ખેંચે. આપના અનેક ગુણોનું જેટલું વર્ણન કરું તેટલું ઓછું છે. અને તે ગુણ મારામાં પ્રચ્છન્નપણે હોવાથી હું તેને પ્રગટ કરવા ઇચ્છું છું અને અનંત આનંદના વિલાસમાં મગ્ન થવા ઇચ્છું છું. આપ ધ્રુવતામાં રમણ કરો છો તો આપને મેળવીને હું તેના પરિણામ તરીકે ધ્રુવતા મેળવું એમ ઇચ્છું છું. (૧)

સર્વવ્યાપી કહે સર્વજાણગપણે પરપરિણમન સ્વરૂપ; સુ૦
પર રૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ ધ્રુ૦ ૨

---

**પાઠાંતર**—'જાણગ' સ્થાને ભીમશી માણેક ' જણંગ ' પાઠ છાપે છે. ' સ્વરૂપે ' સ્થાને પ્રતમાં ' સરુપ ' છે. ' તત્ત્વપણું ' સ્થાને પ્રતમાં ' તત્ત્વપણો ' પાઠ છે. (૨)

**શબ્દાર્થ**—સર્વવ્યાપી = બધી વસ્તુમાં વ્યાપેલ, સર્વ સ્થાનકે વ્યાપી કહે = સ્થાપન કરે, નક્કી કરે, વર્ણવે. સર્વ = કુલ જાણકાર હોવાથી, બધાના જાણપણાથી. પર = પારકા, બીજા, અન્ય. પરિણમન = તે તરીકે પરિણામી થાય, તન્મય થઈ જાય. સ્વરૂપ = રૂપ. પર = અન્ય, બીજી. રૂપે = આકારે, સ્વરૂપે. તત્ત્વપણું = તે રૂપ, તન્મય, તાત્ત્વિક રૂપ. નહિ = નકારાત્મક, હોય નહિ. સ્વસત્તા = આત્મિક સત્તા, પોતાની સત્તા. ચિદ્રૂપ = અનંતજ્ઞાન રૂપ. (૨)

**અર્થ**—આપ સર્વ વાતના જાણકાર છો તેથી આપને કેટલાક સર્વવ્યાપી કહે છે, પણ પર વસ્તુઓમાં પરિણામને પામવાની શક્તિને જોઈએ તો તે દૃષ્ટિએ સર્વવ્યાપીપણું લાગતું નથી અને તત્ત્વાવબોધ પણ નથી. પોતાની આત્મિક સત્તા તો જ્ઞાનરૂપ છે, સર્વ જાણપણાથી સર્વ-વ્યાપિત્વ આત્મિક સત્તાએ ઘટતું નથી. (૨)

**વિવેચન**—આપ સર્વ હકીકત અને ભાવો જાણો છો તેથી આપને કેટલાક સર્વવ્યાપી કહે છે. જે સર્વને જાણે તે સર્વવ્યાપી, એટલા પૂરતી તે વાત સત્ય છે; પણ પારકાની પરિણુતિમાં એ પરિણુમન કરે છે અને તેટલા માટે એ સર્વવ્યાપી છે એમ કહે તો તે બરાબર નથી. પર રૂપે તીર્થંકરને સર્વવ્યાપી પરિણુમનભાવ છે એમ કહે છે તે તત્ત્વને-યથાસ્થિત વસ્તુને-પામે નહિ; કારણ કે એની પોતાની સત્તા માત્ર જ્ઞાનરૂપ જ છે. સર્વને જાણે તે સર્વવ્યાપી એટલા પૂરતી વાત બરાબર છે, પણ સર્વવ્યાપી હોવાથી તે પરપરિણુતિરૂપ ભાવને વરે છે એમ કહે, તો તે વાત બરાબર નથી. અનેક દ્રવ્યો અસ્થિર સ્વભાવી છે અને કેટલાંક તો અભવ્ય જીવો જ હોય છે,અને ભવ્ય જીવો પૈકી અભવ્યની કોટે વળગેલા અનેક જીવો છે. જો વીતરાગ ભગવાન પરપરિણુતિ પામતા હોય તો એ અસ્થિર સ્વભાવને પણ પામે અને અભવ્ય તરીકે પણ પરિણુમે, પણ તેમ થતું નથી તેથી તે અર્થમાં સર્વવ્યાપિત્વ સ્વીકારી શકાય નહિ. તીર્થંકર કે જિનરાજ અસ્થિર સ્વભાવવાળા થતા નથી અને અભવ્ય તો હોય જ નહિ, માટે તેમને પર પરિણુતિમાં પ્રવૃત્તિ કરે એ અર્થમાં સર્વવ્યાપિત્વ ન સમજવું. તત્ત્વજ્ઞાનનો આ મોટો સવાલ છે : પ્રભુને સર્વવ્યાપી ગણવા કે નહિ ? અમુક અર્થમાં સર્વ જાણે તે માટે તેમને સર્વવ્યાપી ગણાય, પણ પરિણુમન-સ્વભાવમાં એ કદી અસ્થિર ન હોય અને અભવ્ય સ્વભાવમાં પણ પરિણુમન પામે નહીં, એટલે એને એ અર્થમાં સર્વવ્યાપી ન ગણુવા.

પરરૂપે એ પરણિમનભાવ પામે નહિ, કારણ કે એની પોતાની સત્તા જ્ઞાનરૂપ જ છે. આ ભાવ બરાબર સમજવો. દ્રવ્યાર્થિક નયે એ સર્વવ્યાપી છે, પણ પર્યાયાર્થિક નયે એ સર્વ-વ્યાપી નથી, એમ દ્વિભાવ જે સમજે તે જૈનધર્મને બરાબર સમજે. પ્રભુ તો જ્ઞાન સ્વરૂપે જ સર્વવ્યાપી છે અને પરિણુમનભાવે સર્વવ્યાપી નથી જ, એ સમજાય તો ઘણી મોટી વાત છે આત્મા પરભાવમાં રમણુ કરવાનો નથી. આત્મામાં તો અનંત જ્ઞાન વગેરે અનંત ગુણો છે, પણ એ પરમાં પરિણુમી જતો નથી, નહિ તો આત્મા અભવ્ય પણ થઈ જાય. તેમ બનતું નથી તેથી પર્યાયાર્થિક દૃષ્ટિએ આત્મા સર્વવ્યાપી નથી.

આત્મા પરિણામી છે, પણ તે મર્યાદિત હકીકત છે. એનું બરાબર સ્વરૂપ સમજવા જેવું છે. એ અનંત જ્ઞાનમય છે, પણ પરપરિણુતિથી તે અબાધિત છે. આત્માનું આત્મત્વ જે તત્ત્વરૂપે છે તે પરપરિણુતિરૂપે દેખાય નહિ; પરપરિણુતિરૂપે દેખાય તો તેનો અંત આવી જાય. આત્માની પોતાની સત્તા સર્વ જાણવાની હોઈ તેનો સ્વભાવ જ્ઞાનમય છે અને સર્વ જાણે છે માટે તે સર્વવ્યાપી છે એમ કહી શકાય. (૨)

શેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ; સુ૦
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો ખેમ. સુ૦ ધ્રુ૦ ૩

**અર્થ**—જાણવાની ચીજો અને વ્યક્તિઓ એકથી વધારે હોવાથી જ્ઞાન પણ અનેકપણું પામે છે—જેમ પાણીના ઠામમાં સૂર્ય એકથી વધારે દેખાય તેમ તે થાય છે; પણ સૂર્યની પેઠે જીવદ્રવ્ય પણ એક હોવાથી ગુણોની એકતા છે. અને સિદ્ધો તો પોતાના અનેક ગુણોમાં આનંદપૂર્વક રમણ કરતા હોય છે. (૩)

**વિવેચન**—જ્ઞેય, જે જાણવા યોગ્ય વસ્તુ છે અથવા જાણી શકાય એવી વસ્તુ છે, જે અનેક છે, તે અનેક હોવાથી જ્ઞાન પણ એકથી વધારે છે—જેવી રીતે પાણીના ઠામમાં સૂર્ય જુદા જુદા દેખાય તેમ. હવે તે વસ્તુ તરફ દ્રવ્યની નજરે જોઈએ તો એક જ ગુણવાળું તે હોય છે. આ ગુણમાં આપ આનંદપૂર્વક રમણ કરતા હો છો. જ્ઞેય વસ્તુઓ તો અનેક છે અને તેથી પર્યાયની અપેક્ષાએ જ્ઞાન પણ અનેક છે. જ્ઞેય અનેક એટલે તેના જુદા જુદા આવિર્ભાવની નજરે તેનું જાણપણું (જ્ઞાન) પણ અનેક પ્રકારનું છે. પ્રત્યેક વસ્તુ, એની ખાસિયત પ્રમાણે, પર્યાય અપેક્ષાએ, જુદા જુદા પ્રકારની લાગે છે. દરેક વસ્તુમાં ખાસિયત તો હોય જ છે. ફોર્ડ કહે છે કે એની દરેક મોટરને ચલાવતાં એ દરેકની ખાસ ખાસિયત તે જાણી શકે છે. પર્યાયાંતરગત વ્યક્તિત્વ દરેક વસ્તુમાં જરૂર હોય છે, એટલે પર્યાયદૃષ્ટિએ જ્ઞાન અનંત છે. જેમ વસ્તુ અનંત તેમ તેના પર્યાયો પણ અનંત; તે દરેક જુદા જુદા છે અને પર્યાય નજરે જુદા જુદા જડી આવે છે.

આ ભવ્ય કલ્પના છે. સાચી વસ્તુસ્થિતિ પર્યાયની અપેક્ષાએ છે. તમે બે મોટરમાં વારાફરતી બેસો તો તમે દરેકની ખાસિયત જરૂર જાણી શકો. તમને લાગે કે કોઈ ચાલવામાં અવાજ કરે છે, કોઈની ક્લચ અવાજ કરે છે વગેરે. પણ ગુણની નજરે જોઈએ તો તેમાં દ્રવ્યની એકતા જ છે, મોટરનો ચાલવાનો ધર્મ સર્વસામાન્ય છે. સહભાવી ધર્મને ગુણ કહેવાય છે અને ક્રમભાવી ધર્મોને પર્યાય કહેવાય છે. આ સહભાવી ધર્મ (ગુણ)ની અપેક્ષાએ સિદ્ધો કે તીર્થંકરો પોતપોતાના આત્મિક ગુણોમાં આનંદપૂર્વક રમણ કરે છે. ગુણની નજરે તેઓ સર્વ એકસરખા જ છે; કારણ કે તેઓ નિજ પદમાં આનંદપૂર્વક રમણ કરે છે.

આપનું આ ગુણપદ દ્રવ્યની અપેક્ષાએ જોવું; એ જોઈ–જાણી–વિચારીને ખૂબ આનંદ થાય છે અને તેવી અખંડ શાંતિ મેળવવા મન થાય છે. આ ભાવની વિશેષ સ્પષ્ટતા પાંચમી ગાથામાં આ સ્તવનમાં જ થશે. અહીં દ્રવ્યનું સ્થાયીપણું અને પર્યાયનું ફેરફાર થવાપણું

**પાઠાંતર**—'જ્ઞેય' ને સ્થાને પ્રતમાં 'ગ્યેય' લખેલ છે. 'જેમ' સ્થાને પ્રતમાં 'તેંજ' પાઠ છે. (૩)

**શબ્દાર્થ**—જ્ઞેય = જાણવાની વસ્તુ. અનેકે = એકથી વધારે. જ્ઞાન = જાણવાપણું. અનેકતા = જ્ઞેય અનેક હોવાથી જ્ઞાન પણ અનેક છે. જલભાજન = પાણીનું ઠામ. રવિ = સૂર્ય, સૂરજ. જેમ = માફક (દાખલા તરીકે). દ્રવ્ય = આત્મદ્રવ્ય, વસ્તુ. એકત્વપણે = એક હોવાથી. ગુણ = ગુણોની પણ. એકતા = એકપણું, નિજ પદ = આત્મિક દ્રવ્ય, સર્વજાણપણું વગેરે. રમતા = રમણ કરતા. ખેમ = ક્ષેમ, આનંદ, સારું, કલ્યાણ. (૩)

બતાવ્યું. અને આપ તો નિજ સ્વરૂપમાં રમણ કરતા રહો છો અને આપને પરિણામ પામી પલટનભાવ પામવાનો નથી તેથી મને આનંદ થાય છે. આપ ગુણની દૃષ્ટિએ ક્ષેમકુશળ છો, એ વાત બહુ આનંદદાયક છે. આપનામાં દ્રવ્ય એક જ હોવાથી એના સહભાવી ધર્મ-ગુણની પણ એકતા જ છે અને આપ ક્ષેમકુશળ છો, સ્થિર છો, આનંદમાં છો, એમ જાણી મને હર્ષ થાય છે. આપની આ ગુણએકતા છે તે જાણી તે મેળવવા માટે હું પ્રયાસ કરું છું. (૩)

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર ક્ષેત્રે થયું જ્ઞાન; સુ૦

અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યો, નિર્મળતા ગુણમાન. સુ૦ ધ્રુ૦ ૪

**અર્થ**—અન્ય ક્ષેત્રમાં જાણવા લાયક (જ્ઞેય) પદાર્થ હોય તેને જાણવાથી તે પરક્ષેત્રી જ્ઞાન થયું. હવે જ્ઞાન તો પોતાના ક્ષેત્રમાં રહેનાર આત્માને જ થાય છે અને તમે જ તેને અસ્તિભેદે સ્વીકાર્યું છે. આત્માને નિર્મળ કહેલ છે, મેલ વગરનો કહ્યો છે. (૪)

**વિવેચન**—પોતાની અવગાહનાથી પરક્ષેત્રમાં જે જ્ઞાન થાય તે પરક્ષેત્રીય જ્ઞાન કહેવાય છે. આ ગાથામાં જ્ઞાનના બે જુદા જ વિભાગો પાડવામાં આવે છે. જ્ઞેય પદાર્થ પોતાની (જ્ઞાનની) અવગાહનામાં ન હોય તો તેને પરક્ષેત્રીય જ્ઞાન કહેવાય, પણ આત્માના તો અસંખ્ય પ્રદેશ છે, અને જ્ઞાનની નિર્મળતા છે તેથી, જોકે જ્ઞેય પદાર્થ જ્ઞાન પાસે આવતો નથી છતાં, તે પરક્ષેત્રીય જ્ઞાન પણ નિજક્ષેત્રીય જ્ઞાન જેવું સ્પષ્ટ રહે છે. જેમ અરીસામાં નિર્મળતા છે અને તેમાં જ્ઞાનનો પ્રતિભાસ પડે છે, તેમ આ જ્ઞાનનો પણ અરીસાની જેમ પ્રકાશ પડે છે.

આ ગાથામાં સ્વક્ષેત્રીય અને પરક્ષેત્રીય એવા જ્ઞાનના બે પ્રકાર પાડવામાં આવ્યા છે. પોતાની અવગાહનાથી અન્ય ક્ષેત્રમાં રહેલ જીવ કે અજીવ દ્રવ્યનું જ્ઞાન થાય તેને પરક્ષેત્રીય જ્ઞાન થયું કહેવાય. પણ ગુણી અને ગુણનો અભેદ છે તેથી જ્ઞાન તો પોતાના અનંત આત્મપ્રદેશમાં રહેલું છે, એવું જ્ઞાન પણ અસ્તિપણે કહ્યું છે. નિર્મળતા જ્ઞાનનો સ્વભાવ છે તેથી એ જ્ઞાનમાં દ્રવ્ય અરીસાની પેઠે દેખાય છે, પણ એમાં જ્ઞાનને ક્ષેત્રે જ્ઞેય જતું નથી અને જ્ઞાન તે જ્ઞેયમાં આવતું નથી. આમાં ગુણગુણીનો અભેદ હોવાથી તે સહભાવી જ્ઞાનકધર્મ એક જ છે અને સાથે રહે છે. તે ધ્રુવ છે અને નિર્મળ હોઈ જ્ઞાન તરીકે પરિણમે છે. પરભાવમાં સર્વવ્યાપીપણું માનતાં આ મોટો દોષ આવે છે. (૪)

**પાઠાંતર**—'પરક્ષેત્ર' સ્થાને પ્રતમાં 'પરખેત્રે' (બે વાર) પાઠ છે. 'જ્ઞાન' સ્થાને 'ગ્યાન' લખે છે. 'ક્ષેત્રે' સ્થાને બીજી પ્રતમાં 'ખેત્રે' લખેલ છે. 'થયું' સ્થાને પ્રતમાં 'થયૂ' લખેલ છે; જૂની ગુજરાતી છે. 'તુમે' સ્થાને 'મહે' પાઠ પ્રતમાં છે. (૪)

**શબ્દાર્થ**—પર = બીજા ક્ષેત્રમાં, અન્ય ક્ષેત્રમાં. ક્ષેત્ર = ખેતર, સ્થાન, જગા. ગત = ગયેલા. જ્ઞેય = પદાર્થ, જેને જાણી શકાય એવો પદાર્થ. જાણવે = સમજવાને પરિણામે. પર ક્ષેત્રે = અન્ય જગોએ. થયું = નીપજેલું, ઉત્પન્ન થયેલું. જ્ઞાન = જાણપણું. અસ્તિપણું = છે છે તે રૂપ. નિજ ક્ષેત્ર = પોતાનું ક્ષેત્ર, પોતાને સ્થાને. તુમે = તમે, આપે. કહ્યો = જણાવ્યું. નિર્મળતા = મેલ રહિતપણું, નિર્મળ અરીસાપણું. ગુણ = સ્વભાવ. માન = સમજ, જાણ. (૪)

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે થાય; સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પરરીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫

**અર્થ**—અને જો જ્ઞેય પદાર્થ નાશ પામે તો જ્ઞાનનો પણ વિનાશ થાય છે, તે કાળ પ્રમાણે થાય છે. પોતાના કાળે કરી સ્વસત્તા કદી પરાનુયાયી ન જ થાય, એ તો સ્વકાળ પોતાની સત્તાએ લઈ થાય અને પરાનુયાયી ન જ થાય. (૫)

**વિવેચન**—અને પરપરિણામના રૂપે સર્વવ્યાપીપણું માનવામાં બીજો પણ દોષ આવે છે તે આ ગાથામાં બતાવે છે. જ્ઞેયનો નાશ થાય ત્યારે જ્ઞાનનો પણ વિનાશ થાય, એટલે જ્ઞાન નાશવંત થયું; તેથી તો આપણે શરૂઆતમાં ધ્રુવપદરામીપણું કહ્યું તે જ ઘટે નહિ, કારણ કે ગુણગુણીનો અભેદ છે. આવું વિચિત્ર પરિણામ આવે તો જાણનાર આત્મા-જ્ઞાતાનો પણ નાશ થાય, પણ સ્વકાળે સ્વસત્તાએ જ્ઞાનનો નાશ થતો નથી, પણ પર જ્ઞેય, તેના જ્ઞાનનો જ નાશ થાય છે. અને પર વસ્તુ-જ્ઞેય, તેનો તો નાશ થતો નથી પણ તે રૂપાંતરપણું પામે છે, એટલે એના પર્યાય ફરી જાય છે, અને એ બીજા પર્યાયો રૂપાંતર થઈ બીજી વસ્તુ તરીકે દેખાય છે. અને પર્યાયાંતર થાય તોપણ વસ્તુ તો કાયમ રહે છે. દ્રવ્યનું આ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય લક્ષણ માનવામાં આવેલું છે. તેટલા માટે પ્રભુને ધ્રુવપદરામી કહ્યા છે તે બરાબર જ છે.

આવી રીતે અતીત કે અનાગત પર્યાય ફરી જાય ત્યારે અતીત પર્યાય વર્તમાન પર્યાયપણું પામે છે. આ સર્વ પર્યાયનો ભાસનધર્મ જ્ઞાનમાં છે. એ ભાસનધર્મ બીજી રીતે પરિણમે છે તેથી જ્ઞાનમાં વિનાશિક ધર્મ છે અને તેથી તેમ લાગે છે. તે સ્વકાલે કરી પોતાના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન જોતાં એ જ્ઞાન ઉત્પાદ-વ્યયરૂપ છે, તોપણ એનો સ્વસત્તા ધર્મ છે તે કદી પણ પર-સત્તાપણું પામે નહિ. આ ભાવ આ ગાથામાં છે તે નીચે પ્રમાણે મને સમજાયો છે. તે પરાનુ-યાયી ચાલને ગ્રહણ કરે તેથી તે સ્વરૂપધર્મ છે.

જ્ઞેયનો નાશ થતાં જ્ઞાનનો વિનાશ થવો જોઈએ, વખત જતાં આ પ્રમાણે વાત બને છે. સ્વકાળ અને સ્વસત્તાએ જ તે રહે છે અને તે પરકીય દ્રવ્યને કે પરસ્વભાવે ફરી ન જાય, અને પરસત્તાપણે લે તોપણ પરસત્તામાં સ્થિર થતાં સ્વસત્તા છોડે નહિ. આ વાત આગામી છઠ્ઠી

---

**પાઠાંતર**—'જ્ઞેય'ને પ્રતમાં 'ગ્યેય' તરીકે લખેલ છે, અર્થ ફરતો નથી. 'વિનાશે' સ્થાને ભીમશી માણેક 'વિનાસે' છાપે છે. 'જ્ઞાન'ને પ્રતમાં 'ગ્યાન' લખ્યું છે. 'વિનિશ્વરુ' સ્થાને ભીમશી માણેક 'વિનિશ્વરૂ' પાઠ છાપે છે, પ્રતમાં તે જ પાઠ છે. 'પ્રમાણે પછી ભીમશી માણેક 'રે' વધારે છે. 'રીતે'ને ભીમશી માણેક 'રીત' છાપે છે. 'પરરીતે' સ્થાને 'પરીરીત' પાઠ પ્રતમાં છે. (૫)

**શબ્દાર્થ**—જ્ઞેય = જાણવા લાયક પદાર્થ. વિનાશે = નાશ પામ્યે છતે. જ્ઞાન = જાણપણું. સમજણ. વિનશ્વરુ = નાશને પાત્ર, અસ્થિર, અચોક્કસ. કાળ = સમય, કાળ, વખત. પ્રમાણે = તેને અનુસરી. થાય = નીપજે, ઊપજે. સ્વકાળે = પોતાને યોગ્ય કાળ. કરી = લઈ, તેથી. સ્વસત્તા = પોતાની સત્તા. સદા = હમેશાં. પરરીતે = પરસત્તાએ, પરાનુયાયી. ન જાય = ન થાય, ન જામે.

ગાથામાં પણ વધારે સ્પષ્ટ કરવામાં આવશે. આ હકીકત પ્રભુના જ્ઞાનની ધ્રુવપદરામીતા બતાવે છે. (૫)

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ૦
આત્મચતુષ્કમયી પરમાં નહિ, તો કિમ સહુનો રે જાણ. સુ૦ ધ્રુ૦ ૬

**અર્થ**—પરભાવમાં રમણ કરતાં જ્યારે તે તેના મય બને છે તે વખતે તે આત્માની સત્તામાં સ્થિર ઠામ–ઠેકાણું પામે છે. હવે આ આત્મિક ચતુષ્ક(અનંત જ્ઞાનાદિ)મય જે સ્વસત્તા છે, તે તો પરમાં હોતી નથી, ત્યારે એ સર્વજ્ઞ કેમ હોઈ શકે? થઈ શકે? (૬)

**વિવેચન**—આવી રીતે પરભાવને જાણવાથી જ્ઞાન પરપણું પામતું નથી, પણ એ સ્વસત્તારૂપ છે. હવે આ ગાથામાં એ જ વાતમાં વિશેષ કહે છે. પરવસ્તુ, જે જ્ઞેયાદિક, તેને જાણવાથી પરવસ્તુ પામવા છતાં પણ આત્માની પોતાની જાણવાની સત્તા તે સ્વસ્થાનકે જ સમજવી. અહીં શંકા થાય છે કે આત્મા પરપણું પામતો નથી? તો તેને જવાબમાં કહેવામાં આવે છે કે જ્ઞેયને આકારે જ્ઞાન પરિણમે છે, પણ આવો પરભાવ પામવા છતાં આત્મા પોતાની સત્તામાં સ્થિર રહે છે. આ સવાલનું સમાધાન આવતી ગાથામાં આપવામાં આવશે. સ્વસત્તારૂપ સ્થિર સ્થાનક છે તે કદી પરપણું પામે જ નહિ અને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, તે પરમાં ન પમાય. સર્વ જાણે તેથી તે સર્વવ્યાપી ન ગણાય, તેના સમાધાનમાં આ વાત કરી. સર્વ વસ્તુઓને જાણવાનું કારણ આવતી ગાથામાં જણાવે છે.

આ આખું સ્તવન સમજવું ઘણું મુશ્કેલ છે. અને તે આનંદઘનજીની કૃતિ નથી એ સ્વીકૃત વાત છે. પણ એ આનંદઘનની કૃતિ છે એ તરીકે તેના ઉપર જ્ઞાનસારે વિવેચન કર્યું છે. બાવીશમા સ્તવનની આખરના વિવેચન પરથી જણાય છે કે કૃષ્ણગઢમાં સંવત્ ૧૮૬૬ના ભાદરવા સુદ ૧૪ લખેલ છે. અત્યારે સંવત્ ૨૦૦૬ ચાલે છે, તે હિસાબે તેને લખાયાને ૧૪૦ વર્ષ થયાં. આ અર્થ કરવામાં એ ટબાની મદદ લીધી છે અને આનંદઘનનાં બાકીનાં ૨૧ અથવા ૨૨ સ્તવનનો ભાવ લખવામાં તે વાંચીને તેનો સીધી રીતે અને આડકતરી રીતે ઉપયોગ કર્યો છે. (૬)

---

**પાઠાંતર**—'થિર' સ્થાને ભીમશી માણેક 'ધિર' પાઠ છાપે છે; પ્રતમાં 'થ્થિર' પાઠ છે. 'નહિ' સ્થાને પ્રતમાં 'નહી' પાઠ છે; ભીમશી માણેક તે છાપે છે. 'સહુનો' સ્થાને ભીમશી માણેક 'સહૂનો' છાપે છે. (૬)

**શબ્દાર્થ**—પરભાવ = અન્ય વસ્તુના ભાવ, પરપરિણામરૂપ. પરતા = અન્યપણું, પરભાવમાં હોય ત્યારે પરતા પામે, સ્વને બદલે પરભવમાં રમણ કરે. પામતા = પ્રાપ્ત થતા. સ્વસત્તા = પોતાની આત્મિક સત્તા. થિર = સ્થિર, ઠાણ = સ્થાન. તે (સત્તા) કેવી હોય છે તે કહે છે: આત્મચતુષ્ક = આત્માના ચાર મૂળ ગુણો–અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય. મયી = મય, તદ્રૂપ. પરમાં = અન્યમાં, બીજી વસ્તુમાં. નહિ = ન હોય. તો કિમ = તો કેમ, કેવી રીતે. સહુનો = સર્વ પરવસ્તુનો. જાણ = જાણકાર, સર્વજ્ઞ. (૬)

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત; સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જળ દૃષ્ટાંત. સુ૦ ધ્રુ૦ ૭

**અર્થ**—જ્યારે તેઓશ્રી પોતાના અગુરુલઘુ ગુણને જુએ છે ત્યારે સર્વ દ્રવ્યોને પણ જુએ છે, અથવા અગુરુલઘુ ગુણને લઈને સર્વ વસ્તુઓને જુએ છે. સર્વસામાન્ય ગુણની સામાન્યતા એમાં છે, અને તે ઉપર અરીસો અને પાણીનો દાખલો છે. કાચમાં ચીજ દેખાય તેમાં ચીજને કાચમાં જવું પડતું નથી. (૭)

**વિવચન**—આગલી ગાથામાં કરેલ શંકાનું હવે નિવારણ કરે છે. અગુરુલઘુ નામનો આત્માનો ગુણ છે, તેને લઈને આત્મા પવન આવે અને ઊડી જાય તેવો હળવો પણ હોતો નથી અને ડુંગર જેવો ભારે પણ હોતો નથી. તે ગુણને લીધે અગુરુલઘુપણે આત્મા જ્ઞેય વસ્તુમાં ગયા સિવાય, જેમ અરીસામાં વસ્તુ પ્રવેશતી નથી છતાં આખી આણી શુદ્ધ દેખાય છે, અથવા જળમાં વસ્તુ પેસતી નથી છતાં તેનું પ્રતિબિંબ તેમાં પ્રવેશ કર્યા સિવાય પૂરેપૂરું પડે છે, તેમ જ્ઞેયમાં વસ્તુ પ્રવેશ કરવા સિવાય આત્મા સર્વ વસ્તુઓને દેખે છે. આ અગુરુલઘુ કર્મના ઉદયથી ગુણ પ્રાપ્ત થાય છે. જેમ અરીસામાં કે જળમાં વસ્તુ પ્રવેશ કરતી નથી, છતાં બરાબર નજરે પડે છે, તેમ આત્મા વસ્તુમાં પ્રવેશ ન કરે, છતાં પણ તેનું પ્રતિબિંબ આત્મામાં પડે છે. આગળ બે ગાથામાં જે શંકા પડી અને તેનો ખુલાસો કરવાનો હતો તે અગુરુલઘુ નામકર્મથી થાય છે. અગુરુલઘુ નામકર્મથી બીજી ચીજનો નાશ થતાં આત્માના જ્ઞાનગુણનો નાશ થતો નથી. એટલે આગલી ગાથામાં જ્ઞેય વિનાશે જ્ઞાન વિનાશે જ્ઞાન વિનશ્વરુ એવી જે શંકા થઈ હતી એનો અહીં નિકાલ થઈ જાય છે. અને જ્ઞાન સર્વવ્યાપી હોય તેથી આત્મા પણ સર્વવ્યાપી છે એનો ખુલાસો અગાઉ થઈ ગયો.

આ શંકા ઘણી મહત્ત્વની છે. જ્ઞેય વસ્તુનો નાશ તો વહેલો કે મોડો જરૂર થાય છે, એટલે જો તેના નાશે જ્ઞાનનો નાશ થતો હોય તો આત્મા ક્ષણિક છે એમ થાય; તે વાત બરાબર નથી. સ્વકાળે અને સ્વસત્તાએ જ્ઞાનનો નાશ થતો નથી, પણ રૂપાંતર તો જરૂર થાય છે. અને પર્યાય બદલાય છે, પલટાય છે. આવી રીતે બદલાયલો પર્યાય જ્ઞાનમાં તે રૂપે દેખાય છે. આ કારણે જ્ઞાનનો નાશ થતો નથી. સ્વકીય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જ્ઞાન તો નિત્ય

---

**પાઠાંતર**—'દેખતાં' સ્થાને પ્રતમાં 'દેષતાં લખ્યું છે. 'સાધર્મ્યતા' સ્થાને પ્રતમાં 'સાધર્મ્મતા' લખેલ છે. 'દર્પણ' સ્થાને ભીમશી માણેક 'દપ્પણ' છાપે છે. 'જળ' સ્થાને ભીમશી માણેક 'જળને' છાપે છે; પ્રતમાં 'જલનેં' પાઠ છે. 'દૃષ્ટાંત' સ્થાને પ્રતમાં 'દ્રષ્ટાંત' લખેલ છે.

**શબ્દાર્થ**—અગુરુલઘુ = હળવો નહિ અને ભારે નહિ. નિજ ગુણ = આત્મિક ગુણ. દેખતાં = જોતાં, વિચારતાં. દ્રવ્ય = ચીજો, સત્, મૂળ, દ્રવ્ય (દ્રવ્ય, ગુણ અને પર્યાય પૈકી). દેખંત = જુએ છે, જાણે છે. સાધારણ = સર્વસામાન્ય, સર્વ જગોએ હોય તેવું (આ તર્કનો શબ્દ છે). ગુણ = તે જ તેનો ધર્મ. સાધર્મ્યતા = સમાનધર્મી હોવાપણું, સમાનતા હોવાપણું. દર્પણ = અરીસો, કાચ. જળ = પાણી. (૭)

રહે છે. દ્રવ્યની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે જોતાં આ વાત મજબૂત થાય છે. આટલા ઉપરથી પ્રભુને ધ્રુવપદરામી કહ્યા છે તે વાત તદ્દન યોગ્ય છે અને તેમનું તે વર્ણન યથાઘટિત છે.

એક ટીકાકાર નોંધે છે કે અગુરુલઘુ ગુણ સર્વ દ્રવ્યને સાધારણ છે અને જીવમાં પણ તે સર્વવ્યાપી છે. તે પોતાનો અગુરુલઘુભાવ દેખતાં સર્વ દ્રવ્યને દેખે, સર્વને જાણે એટલે દર્શનઉપયોગ, જ્ઞાનઉપયોગ અને સાધારણ ગુણ, નિત્યત્વાદિકને અને અગુરુલઘુત્વાદિકને સમાન-ધર્મી હોવાથી એકને જાણવે સર્વનું જાણવું થાય. આ રીતે જોતાં અરીસાની પેઠે જ્ઞેય વસ્તુમાં જ્ઞાન ગયા વગર પણ વસ્તુ જાણી શકાય છે. એટલે જ્ઞાન જ્ઞેયમાં પરિણમે નહિ એ રીતે સ્વ-અવગાહનાગત જ્ઞાનગુણ તે આત્માનું સ્વરૂપ છે : આ દષ્ટિએ અર્થ પણ વિચારવો. આ સ્તવનનો અર્થ જરા અટપટો હોવાથી ખૂબ વિચારણા અને કોઈ કોઈ સ્થાને ગુરુની દોરવણી માગે છે. (૭)

શ્રી પારસ જિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ નાંહિ; સુ૦
પૂરણ રસિયો હો નિજ ગુણ પરસમાં, 'આનંદઘન' મુજ માંહી. સુ૦ ધ્રુ૦ ૮

**અર્થ**—શ્રી પાર્શ્વનાથ ભગવાન તો પારસરસ સમાન છે, એ જેને સ્પર્શે તે સોનાનું થઈ જાય, પણ એ પારસ રસ અહીં મારામાં છે જ નહિ, સંપૂર્ણ રસિક પોતાના આત્મિક ગુણના સ્પર્શમાં છે અને તે આનંદનો રસસમૂહ મારામાં ભરેલો છે. (૮)

**વિવેચન**—શ્રી પાર્શ્વનાથ ભગવાન તો પારસ પાષાણના રસ જેવા છે. પારસ પથ્થર એવો હોય છે કે કથાનક પ્રમાણે ચિંતામણિ રત્ન જેમ સર્વ વસ્તુ પૂરી પાડે છે અથવા કલ્પ-વૃક્ષ ઇચ્છિત સર્વ ચીજો આપે છે, તે રીતે પારસનાથ પારસરસ જેવા છે. તેમને એકાગ્રતાથી ધ્યાવવાથી તે સર્વ મનોવાંછિત પૂરા પાડે છે. પારસ નામનો પથ્થરનો રસ એવો સરસ હોય છે કે તે જેને લાગે તેને સુવર્ણમય બનાવી દે છે. પણ હું પારસ એટલે હૂં (પા) રસ પણ નથી. જ્યાં પોતાનામાં હૂં રસ પણ ન હોય ત્યાં એ ધ્રુવપદના રમણ કરનાર પારસ સાથે શું વાત કરી શકે, પણ એનામાં એક વાત છે. મને તો નિજગુણનો સ્પર્શ થાય તેમાં ખૂબ રસ લઉં છું અને આનંદનો સમૂહ તો મારામાં જ છે. તમને એ આવિર્ભાવ પામેલો છે અને એ જ રસ મારામાં તિરોભાવે ભરેલો છે. મારામાં તે રસ જામે તે માટે હું પ્રયાસ કરું છું. અને

---

**પાઠાંતર**—'નાંહિ' સ્થાને પ્રતમાં 'નાહિ' પાઠ છે; ભીમશી માણેક 'નાહિં' પાઠ છાપે છે. 'પરસમાં' સ્થાને ભીમશી માણેક 'પરસનો' પાઠ છાપે છે. 'મુજ' સ્થાને પ્રતમાં 'મુઝ' લખ્યું છે. 'માંહી' સ્થાને ભીમશી માણેકમાં 'માંહિં' પાઠ છે; પ્રતમાં તે જ પાઠ છે. (૮)

**શબ્દાર્થ**—પારસજિન = પાર્શ્વનાથ ભગવાન, ત્રેવીશમા તીર્થંકર. પારસરસ = પારસના પ્રવાહી જેવો, એ ઇચ્છિત પૂરું પાડે તેવો રસ હોય છે. સમો = સરખો. પણ = ઉલટું, તથાપિ. ઇહાં = મારામાં, અહીં, આ જગાએ. પારસ = ઇચ્છિત પૂરનાર રસ. નાંહિ = નથી. પૂરણ = સંપૂર્ણ, ભરેલો; તદ્દન. રસિયો = રસમાં લદબદ થયેલો, રસિક. નિજ = પોતાના, આત્મિક. પરસમાં = સ્પર્શમાં, રમણ કરવામાં. આનંદઘન = આનંદ રસનો સમૂહ, ઘટ્ટરસ. મુજમાંહી = મારામાં, મારા અંતરમાં. (૮)

આપ તો ધ્રુવપદમાં હંમેશને માટે આરામ કરી રહેલા છો. ધ્રુવપદમાં આરામ કરતા હોય તેની અને મારી વાતની હું સરખામણી કેમ કરું ? હું તો પા (¼) ભાગે પણ નથી. આપ તો ધ્રુવ-પદમાં આરામ કરી રહ્યા છો.

આ આખું સ્તવન વિચારણા માગે છે અને કોઈ વિભાગ ન બેસે તો પોતાથી વધારે વિદ્વાન કે ગુરુની પાસે તેની સમજણ લેવી, પણ સામાન્ય રીતે વાત બેસાડવા પ્રયત્ન કર્યો છે તે પ્રમાણે અર્થ બેસી જાય તો સારી વાત છે. (૮)

## ઉપસંહાર

આ પ્રમાણે આ આનંદઘનજી (લાભાનંદજી)ને નામે કોઈએ બનાવેલ આ પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન પૂર્ણ થયું. તે સ્તવનમાં કર્ત્તાએ પોતાની વિદ્વત્તા દેખાડી છે, પણ તેની ભાષાનો અને આનંદઘનજીની ભાષાનો જેને પરિચય થયો છે અને શૈલી (style)નો જેણે અભ્યાસ કર્યો છે તે આનંદઘનજીએ પ્રથમ ૨૨ સ્તવનોમાં જે ભાષા વાપરી છે તેનાથી આ ભાષા જુદી પડે છે એ તુરત સમજી શકશે.

આ સ્તવન કોઈ વિદ્વાન મુનિએ આનંદઘનજીને નામે બનાવેલ છે અને જોકે જ્ઞાન-વિમલસૂરિ આને આનંદઘનના સ્તવન તરીકે જણાવે છે, પણ તે અન્ય કોઈની કૃતિ હોય એમ જરૂર લાગે તેવું છે. આ તેવીશમા સ્તવનની રચના 'ધ્રુવપદ રામી' એ શબ્દ ઉપર થઈ હોય તેમ લાગે છે. તીર્થંકર અથવા સામાન્ય કેવળી એક વખત મોક્ષમાં જાય પછી આ સંસારમાં પાછા આવતા નથી, તેઓ અવતાર લેતા નથી; અને તેમનાં જન્મ–મરણનો ક્ષય થયો તે જ ધ્રુવપદ છે. આ સિદ્ધના જીવો ધ્રુવતાથી હંમેશને માટે એ પદમાં રમણ કરનારા હોય છે. એ ધ્રુવપદને અંગે સ્તવનકારે સારા વિકલ્પો ઉઠાવ્યા છે. તેઓ પ્રથમ તો સવાલ ઉઠાવે છે કે સર્વ વસ્તુ જાણતા હોવાથી તેને સર્વવ્યાપી ગણી શકાય નહિ. હવે સર્વ વ્યાપી ગણવામાં એક મોટો દોષ આવે છે. કેટલાક જીવો અભવ્ય હોય છે, ઘણા જીવો મિથ્યાત્વી હોય છે. તે પરભાવને કેવળી કે પ્રભુ જાણે ખરા પણ તદ્રૂપ થતા નથી, નહિ તો સર્વવ્યાપી માનવામાં તેઓ પણ મિથ્યામતિ થઈ જાય, આ દૃષ્ટિબિંદુથી વિચાર કરતાં પ્રભુ કે કેવળી સર્વવ્યાપી નથી. તે તો પોતાની શુદ્ધ દશામાં મસ્ત રહે છે અને ધ્રુવપદમાં આરામ લે છે અને રમણ કરે છે. આ રીતે સર્વ-વ્યાપિત્વમાં અનેક દોષો આવે છે તે વિચારી આ સ્તવનમાં એમ બતાવી આપ્યું છે, અને સર્વ વ્યાપિત્વનો આખો સિદ્ધાંત જ રદ બાતલ કર્યો છે. આ રીતે આ સ્તવનમાં એક મહાન સિદ્ધાંતનું સ્થાપન કરવામાં આવ્યું છે અને તે રીતે આ સ્તવત ઘણું ઉપયોગી છે. જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે સર્વવ્યાપિત્વ માનવામાં આવતું નથી, પણ જ્ઞાનની દૃષ્ટિએ સર્વવ્યાપિત્વ છે એનો તેમાંથી ખુલાસો મળે છે.

અને પારસમણિની વાત તો દંતકથાથી ચાલી આવે છે. તે મણિથી કોઈ પણ વસ્તુનું સોનું થઈ જતું હતું. આ વાતનું રહસ્ય આર્થિક દૃષ્ટિએ બેસે છે, બાકી એવા પારસમણિ

આજના સમયમાં મળતા નથી. તે ગમે તેમ હોય પણ સત્યનિષ્ઠા અને પ્રામાણિકપણા તથા અંગ મહેનત પાસે ધૂળમાંથી પણ સુવર્ણ મળી શકે છે એ રીતે એનો બચાવ થાય છે. પણ પારસનાથે આવા પારસમણિનો ઉપયોગ તો કોઈ વખત કર્યો હોય એવું જાણવામાં નથી. આ રીતે વાતને મૂકી દેવામાં કોઈ જાતનો વાંધો નથી. યોગ પાસે કોઈ પણ સિદ્ધિ અશક્ય નથી, પણ સુજ્ઞ પ્રાણી તેનો ઉપયોગ કરતો નથી, કરે તો મરણ ગણાય છે. નંદિષેણ જેવા સાધુઓ ભલે તેનો ઉપયોગ કરે, પણ તે માર્ગ નથી, મુનિને કર્તવ્ય નથી, આવું આ સ્તવનનું રહસ્ય છે, તે અગાઉની પદ્ધતિ પ્રમાણે લખવામાં આવ્યું છે.

બીજા અનેકે આ તેવીશમા પ્રભુનાં સ્તવન બનાવ્યાં છે, તે પણ આપણે જોઈ જશું, પણ તે આનંદઘનજીની કૃતિ તરીકે તો નહિ જ ગણવામાં આવે, માત્ર ચોવીશીની સંખ્યા પૂરી કરવા તે અત્ર દાખલ કર્યાં છે તેમ સમજવું. (૨૩-૧).

મે : ૧૯૫૦ ]

## ૨૩ (૨)

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**ભૂમિકા**—આ સ્તવન જ્ઞાનસારના ટબામાં છે, પણ જ્ઞાનવિમળસૂરિને જે સ્તવન આનંદઘનનું પોતાનું કરેલું સાંપડ્યું તેમાં આ સ્તવન આવતું નથી. તેથી આ સ્તવન પર જ્ઞાનવિમળસૂરિનો અર્થ–ટબો જણાતો નથી; પણ તે અર્થ વગર મેં સ્તવન પર અર્થ લખ્યો છે તે જ્ઞાનસારના અર્થને અનુસરીને લખ્યો છે, આનંદઘનજીએ બાવીશ સ્તવનમાં બતાવેલ તત્ત્વચર્ચા કેવી પ્રૌઢ અને રમતી ભાષામાં કરેલ છે તે સરખામણી કરવાની વાચકને અનુકૂળતા આવે તે માટે આ સ્તવન પણ મેં આ ગ્રંથમાં આનંદઘનજીની કૃતિ તરીકે, માત્ર સરખામણીની દૃષ્ટિએ, સ્થાન આપ્યું છે, પણ તે આનંદઘનજીની કૃતિ નથી એ તો ઉપલક ભાષા દૃષ્ટિએ પણ અનુમિત થાય છે. આ સ્તવન પર બહુ વિવેચન કે વિસ્તાર કરવાની જરૂર નથી, પણ તે સરખામણી કરવા યોગ્ય છે અને આનંદઘનજીની ભાષાથી તેની ભાષા તદ્દન જુદી પડી જાય તેવી છે, તે નોંધ કરવા લાયક બીના છે.

આ સ્તવનમાં 'સત્તા' શબ્દ ઘણો ઉપયોગી અને કેન્દ્રસ્થાને છે એમ મને લાગે છે. 'સત્તા' એટલે અંગ્રેજીમાં જેને potentiality કહે છે તે છે. એટલે પૂર્વકાળમાં જે કર્મ બાંધ્યાં હોય તે આત્મા સાથે લાગેલાં રહે અને તે તથા સંક્રમણ પામીને ફરી ગયેલાં કર્મો હોય તે આત્મામાં રહે તેનું નામ 'સત્તા' કહેવામાં આવે છે. એટલે ઉદયમાં કર્મ ન આવે અને આત્મા સાથે સ્થિતિની રાહ જોતાં પડ્યાં રહે તે સત્તાગત કર્મો છે. એ કર્મો ક્યાં ક્યાં હોય એ વગેરેની વિગતવાર હકીકત બીજા કર્મગ્રંથમાં વિસ્તારથી ચર્ચવામાં આવી છે.

તેવી જ રીતે સત્તાગત આત્મસ્થિતિ કેવી ભવ્ય છે, અને તેને પ્રયાસથી ઉદયમાં લાવી શકાય છે અને તેનો પ્રતિભાસ પ્રાદુર્ભાવ થઈ શકે છે, એ સ્થિતિનું આ સ્તવનમાં વર્ણન છે. પોતાની વાત સત્તા ગતે છે, ભવિષ્યમાં પ્રયાસે પ્રાપ્ત થઈ શકે તેવી તે સ્થિતિ છે. અને એ સ્થિતિ કેવી રીતે પ્રતિભાસમાં લઈ આવવી તેને માટે આ મુમુક્ષુ જીવનો સવાલ છે. પોતાની સત્તાગત–ભવિષ્યમાં પ્રાપ્ત કરવાની—સ્થિતિ અને ભગવાને પ્રાપ્ત કરેલી સ્થિતિ સત્તા અને પ્રાદુર્ભાવથી એકસરખી જ છે એમ આ સ્તવનમાં બતાવવા પ્રયાસ કર્યો છે, અને વ્યવહાર અને નિશ્ચયનયને એક ગણવામાં આવે તો ભગવાન અને આ જીવ એક સરખા જ છે એમ આ સ્તવનમાં બતાવવામાં આવ્યું છે. 'આવિર્ભાવથી તેહ સયલ ગુણ માહરે;' એટલે જ્યારે ભવિષ્યકાળમાં યોગ્ય પ્રયાસથી તે ગુણો મારામાં પ્રકટ થશે ત્યારે નિશ્ચયદૃષ્ટિએ સર્વ ગુણો મારામાં જ છે, મારા જ છે; એમાં તફાવત એટલો જ છે કે તમારા ગુણો પ્રકટ થયેલા છે અને તે જ ગુણો મારામાં અંદર પડી રહેલા છે. આ છુપાયલા અને પ્રગટ કરેલા ગુણોનો મારો અને ભગવાનનો આંતરો છે,

અને એ છેટાપણાને દૂર કરવાનો જ આ પ્રયાસ છે. આ કેન્દ્રસ્થ વિચારને જુદી જુદી ભાષામાં અને જુદી જુદી પરિસ્થિતિમાં બતાવવામાં આવેલ છે. આ કેન્દ્રસ્થ વિચારનો વિકાસ આ સ્તવનમાં કરવામાં આવેલ છે. તેના પર બહુ નોંધ કરવાની જરૂર નથી. આ મુદ્દાની વાત ધ્યાનમાં રહે અથવા ભૂમિકા તરીકે અગ્રવચનમાં ગણવામાં આવે તો આખું સ્તવન બરાબર સમજાઈ જાય તેવું છે. તેથી તે પર પ્રથમ ધ્યાન આપવું અને પ્રભુમાં અનેક ગુણો પ્રાદુર્ભાવ પામેલા છે અને આ પ્રાણીમાં તે સર્વ ગુણો પ્રચ્છન્ન ભાવે છે તે ધ્યાનમાં રહે તો આ સ્તવનનો બાકીનો ભાવ સ્પષ્ટ થઈ જશે; એ પ્રાથમિક વાત તરફ આ ઉપોદ્ઘાતમાં ધ્યાન ખેંચવાની જરૂર જણાઈ છે. આ વાત ધ્યાનમાં રાખી આ સાદા સ્તવનનો વિકાસ કરીએ તો માર્ગ ઘણો સરળ થઈ જશે.

## સ્તવન[1]

(શાન્તિ જિન એક મુજ વિનતિ—એ દેશી)

પાસ જિન તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;
તુઝ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોય રે, પાસ૦ ૧

**અર્થ**—શ્રી પાર્શ્વનાથ ભગવાન ! તારા રૂપનો મારામાં સાક્ષાત્કાર કેમ થાય ? એક રીતે સત્તાએ તો તારામાં અને મારામાં અભિન્નપણું છે–એકતા છે. આપ આપના સ્વરૂપથી ચલાયમાન થાઓ તેવા નથી, તેમ હું પણ સત્તાગતે ખસું તેવો નથી. તમે કર્મરહિત છો, તેમ સત્તાએ મને કર્મ લાગતાં નથી ( નિશ્ચયનયે ). અને આપ કોઈથી કળી–જાણી શકાઓ તેવા નથી, તેમ હું પણ અકળ છું તે દેખીને–વિચારીને હું આપને પૂછું છું કે આપનું સ્વરૂપ હું પ્રત્યક્ષ કેમ કરી શકું ? (૧)

**વિવેચન**—હે શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! તારું રૂપ જે છે તેનું જ્ઞાન–આવિર્ભાવ મને કેમ થાય ? તે રૂપ ચલાયમાન થતું નથી, તું તો એકસરખો અચલાયમાન–સ્થિર રહે છે, તું તદ્દન નિર્મળ છે–કર્મમેલથી અલિપ્ત છે અને સમજી ન શકાય તેવો છે. અને મારે અને તારે સત્તાએ તો એકતા છે. તો તારું જે સ્વરૂપ છે તેવું મારે કેમ આવિર્ભાવ પામે ?–એવો મારો આપને સવાલ છે. સત્તાગત કર્મ એ પૂર્વે બાંધેલાં કર્મો પૈકીનાં કર્મો ઉદય અથવા ઉદીરણા પામે, પણ જેનો કાળ ન પાક્યો હોય તે સત્તામાં પડ્યાં રહે. પણ સત્તાની નજરે જોઉં અને તમારા અને

**શબ્દાર્થ**—પાસ જિન = તેવીસમા તીર્થંકર, જિનદેવ. તાહરા = તારા, આપના. રૂપનું = સ્વરૂપનું. મુજ = મને, આ જીવને. પ્રતિભાસ = સાક્ષાત્કાર, દેખવું તે. કેમ = શી રીતે. હોય = થાય, બને. તુજ = તમારી, આપની, તારી. મુજ = મારી. સત્તા = Potentiality, હોવાપણું. એકતા = એકત્વ, સરખી. અચલ = ચાલે નહિ તેવી, ખસે નહિ તેવી. વિમલ = નિર્મળ, મેલ વગરની. ( નિશ્ચયનયે શુદ્ધ. ) અકલ = સમજ્યામાં ન આવે તેવી, જાણી ન શકાય તેવી. જોય = જોઈને, દેખીને, જાણીને. (૧)

૧. આ સ્તવન ભીમશી માણેકના પુસ્તકમાં છપાયેલ છે, તે પરથી લીધું છે. બીજી કોઈ પ્રતમાં આ સ્તવન મળ્યું નથી, તેથી આ સ્તવનનો કોઈ પાઠાંતર નોંધ્યો નથી.

મારા સ્વરૂપનો વિચાર કરું છું તો તમે અચલ, વિમળ અને અકલ્પ્ય છો, તેવી જ રીતે સત્તાગતે હું પણ તેવો જ છું. આપનામાં જે અનેક ગુણો છે તે પૈકી ત્રણ ગુણો અચળતાનો, વિમળતાનો અને અકલ્પ્યતાનો સત્તાગતે મારામાં પણ છે, તો હવે મારા ગુણો આવિર્ભાવ શી રીતે પામે અથવા પ્રગટ કેમ થતા નથી તેનું કારણ આપ મને જણાવો, સ્પષ્ટ કરો. આપ અચળ છો, આપના મૂળ ગુણથી ખસતા નથી. આપ નિર્મળ છો, આપને કર્મનો મેલ લાગતો નથી, આપ ન સમજી શકાય તેવા અકલ્પ્ય છો. તો અનેક ગુણો પૈકી સત્તામાં એ ત્રણ ગુણો મારામાં પણ છે, તો આપના ગુણો આવિર્ભાવ પામ્યા અને હું તો છું તેવો જ રહ્યો, તો મારા એ ગુણો આવિર્ભાવ કેમ પામે અને આપના જેવો હું કઈ રીતે થાઉં, તેનું કારણ મને સમજાવો. આ પ્રશ્ન સ્વાભાવિક છે. હવે તેનો પાર્શ્વનાથ શો જવાબ આપે છે, તે હવે પછીની ગાથામાં જણાવે છે તે લક્ષ્યપૂર્વક વિચારવા જેવો છે.

> મુઝ પ્રવચન પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે;
> વિવહારે લખી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ લોય રે. પાસ૦ ૨

**અર્થ**—પ્રભુ તે સવાલનો જવાબ આપે છે; શુદ્ધ શાસ્ત્ર દૃષ્ટિએ, નિશ્ચયનયે જોઈએ તો મારામાં અને તારામાં કાંઈ તફાવત નથી. વ્યવહારનયની અપેક્ષાએ વિચાર કરીએ તો તો મારામાં અને તારામાં તફાવત અને પેટાભેદો અનેક છે, તે જોવા લાયક છે. (૨)

**વિવેચન**—સત્તાગતે પોતામાં રહેલા પ્રભુના ગુણો પ્રગટ કરવાની ઇચ્છાથી પૂછેલા સવાલનો પાર્શ્વનાથ ભગવાન આ જીવને નીચે પ્રમાણે જવાબ આપે છે. મારા પ્રવચન પક્ષથી નિશ્ચયનયે મારામાં અને તારામાં કોઈ પ્રકારનો ભેદ-તફાવત નથી, નિશ્ચયનયે આત્માને કર્મ લાગતાં નથી સત્તાગતે તું મારી પેઠે અચલ, વિમળ અને અકલ્પ્ય ગણી શકાય; અને જ્યારે વ્યવહારનયે વિચાર કરી જોઈએ ત્યારે એના અનેક ભેદ અને પેટાભેદ થાય એવી સ્થિતિ છે.

જૈન દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ છે, એકને દ્રવ્યાર્થિકનય કહે છે, બીજાને પર્યાયાર્થિકનય કહે છે. એ દ્રવ્યાર્થિકનયના ચાર ભેદ છે અને પર્યાયાર્થિકનયના ત્રણ ભેદ છે. દ્રવ્યાર્થિકનયની સત્તાગત અપેક્ષાએ જોઈએ તો મારામાં અને તારામાં જરા પણ તફાવત નથી, અને જો પર્યાયાર્થિકનયે વિચારીએ તો ભેદ અને પેટાભેદનો પાર નથી. દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચ એના ભેદ છે, અને હાથી, ગાય, બળદ, પોપટ, કાગડો, કબૂતર, સર્પ, શિયાળ વગેરે એના અપરંપાર પેટા ભેદો છે. એમાંથી કઈ નજરે આ જીવ તરફ અને ભગવંત તરફ જોવામાં આવે છે તે ઉપર ઘણો આધાર છે. વસ્તુને જોવા માટે દૃષ્ટિબિંદુ

---

**શબ્દાર્થ**—મુઝ = મારી. અને પ્રવચન = શાસ્ત્ર, નિશ્ચયનયે પક્ષથી = વાદથી, મતથી. નિશ્ચય = નિશ્ચયનયે, ધોરણે. ભેદ = જુદા પડે તેવું સ્વરૂપ. ન કોય = ન કોઽપિ, કોઈ નથી. વિવહારે = વ્યવહારે, વ્યવહારનયે. લખી = જાણીએ. દેખીએ = જોઈએ, અવલોકીએ. ભેદ = જુદા પડવાનું. પ્રતિભેદ = પેટા ભેદ, સામા ભેદ. બહુ = ઘણા. લોય રે = થાય, જણાય, સમજાય. (૨)

ધ્યાનમાં લેવું પડે, કઈ નજરે એની સામે જોવામાં આવે છે તે જોવાનું છે. એક રીતે આ જીવમાં અને ભગવંતમાં જરાપણ તફાવત નથી અને બીજી રીતે તેમની વચ્ચેના તફાવતો પાર વગરના છે. આ જવાબ સમજવા યોગ્ય છે અને સાચો છે. દૃષ્ટિબિન્દુનો તફાવત એ જૈન દ્રવ્યાનુયોગનો મહત્ત્વનો વિષય છે અને તે જુદાં જુદાં દૃષ્ટિકોણ લક્ષ્યમાં લેવા યોગ્ય છે. (૨)

બંધન મોખ નહિ નિશ્ચયે, વિવહારે ભજ હોય રે;
અખંડિત અબાધિત સોય કદા, નિત અબાધિત સોય રે. પાસ૦ ૩

**અર્થ**—નિશ્ચયનયથી આત્માને કર્મનો બંધ અને કર્મથી મુકાવું થતું નથી, પણ વ્યવહારથી એને બન્ને પ્રકારની બાધા-પીડા થાય છે. અને કદાચિત એ પીડાને ભોગવે છે પણ ખરો, બાકી નિશ્ચયનયે એ અવ્યાબાધ છે, નિરંતર બાધા-પીડા રહિત છે. (૩)

**વિવેચન**—શ્રી પાર્શ્વનાથ ભગવાન આ જીવને આત્માનું વધારે સ્વરૂપ સમજાવે છે. એને કોઈ પ્રકારે બંધ નથી અને બંધ ન હોય તેને મોક્ષ તો હોય જ નહિ. આ સર્વ નિશ્ચયનયની વાત છે, એ અપેક્ષા તારે ધ્યાનમાં રાખવી, અને તારો સવાલ હતો કે એ અચલ છે કે નહિ ? તો અમુક દૃષ્ટિએ એ અખંડિત છે અને બીજી દૃષ્ટિએ એ ખંડિત છે, અચલ નથી અને નિશ્ચયનયે એ અબાધિત છે, પણ વ્યવહારનયે બાધિત છે. પ્રથમ ઉપર જે વાત કરી તેના અનુસંધાનમાં પ્રભુ પોતે કહે છે; એને કર્મનો બંધ જ નથી, આત્માના આઠ રુચક પ્રદેશ તો તદ્દન નિર્મળ રહે છે એમ જ્ઞાની કહે છે. અને નિશ્ચયનયે અરૂપી આત્માને પૌદ્ગલિક કર્મો લાગતાં જ નથી, અને જે આત્માને કર્મનો બંધ જ નથી, તેને તેનાથી છૂટાવાનું કેમ જ હોય ? એટલે નિશ્ચયનયે આત્માને કર્મનો બંધ અથવા મોક્ષ થતો નથી. અને કોઈ વાર એ અખંડિત હોય છે. તને ઉપર અચળનો અર્થ કરતાં જણાવ્યું તેમ એ કોઈ વાર અખંડિત ન પણ હોય, એટલે ખંડિત હોય. એ શુદ્ધ દશામાં હોય ત્યારે એને બાધા-પીડા પણ હોય જ નહિ, એટલે એ નિત્ય અબાધિત અવસ્થામાં હોય છે, અને વ્યવહારથી એ બાધિત પણ છે. આવી આત્માની સ્થિતિ છે, એ સમજવું. આ વાત બીજી ગાથામાં કહેલી વાતનો વિસ્તાર છે. આ પ્રકારે આત્માને અનેક દૃષ્ટિબિંદુથી જાણવો જોઈએ. (૩)

---

**શબ્દાર્થ**—બંધન = કર્મનું બાંધવું તે, કર્મનો બંધ. મોખ = મોક્ષ, કર્મથી મૂકાવું, તદ્દન કર્મ રહિત થવું. નહિ = નથી, હોય નહિ. નિશ્ચયે = નિશ્ચયનયની અપેક્ષાએ. વિવહારે = વ્યવહારે, વ્યવહાર નયની અપેક્ષાએ. ભજ = સમજ, જાણ, અવધાર. હોય રે = એ છે, જુદા છે. અખંડિત = જેના ટૂકડા ન થઈ શકે તેવો. અબાધિત = જેને કોઈ પ્રકારની બાધા-પીડા ન થાય તેવો. સોય = આત્મા, તે આત્મા. કદા = કોઈ વાર. નિત = નિત્ય, હમેશા. અબાધિત = અવ્યાબાધ, પીડા જેને કોઈ વખતે પણ ન થાય તેવો. (૩)

અન્વય હેતુ વ્યતિરેકથી, અંતરો તુઝ મુઝ રૂપ રે;
અંતર મેટવા કારણે, આત્મસ્વરૂપ અનૂપ રે. પાસ૦ ૪

**અર્થ**—અન્વયને કારણે અને વ્યતિરેકને (વિવેચન જુઓ) કારણે મારી અને તમારી વચ્ચે આ છેટાપણું પડી ગયું છે; તમે લોકને છેડે ગયા છો અને હું અહીં રહી ગયો છું. અને તેથી તમે અને હું જુદા જુદા રૂપે થઈ ગયા છીએ. એ છેટાપણું અળસાવવા માટે આત્માનું સ્વરૂપ જે અનુપમેય છે, કોઈની સાથે સરખાવી શકાય તેવું નથી, તે જાણવું ઘટે. (૪)

**વિવેચન**—સવાલનો સીધો જવાબ આપતાં ભગવાન કહે છે કે મારો અને તારો જે આંતરો પડ્યો છે, જે છેટાપણું દેખાય છે, તે મારા સ્વરૂપને કારણે છે. હવે એ આંતરો દૂર કરવા માટે આત્માનું સ્વરૂપ જે અનુપમ છે, જેને બીજા સાથે સરખાવી ન શકાય તેવું છે, તેને તું પ્રાપ્ત કર. ન્યાયમાં બે પ્રકારની વ્યાપ્તિ હોય છે : અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ. **यत्र यत्र धूमः तत्र तत्र वाह्निः**—એટલે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય, ધૂમાડાના સદ્ભાવે અગ્નિનો સદ્ભાવ સમજી જ લેવો. આવી હકારાત્મક સ્થાપનાને, જ્યાં એક હોય ત્યાં બીજાની હાજરી હોય જ એવી સાર્વત્રિક હાજરીને, અન્વયવ્યાપ્તિ કહેવામાં આવે છે. અને **यत्र वह्न्यभावः तत्र धूमाभावः**—એટલે જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડાનો અભાવ હોય છે એ વ્યતિરેકવ્યાપ્તિ. અન્વયવ્યાપ્તિ હકારાત્મક હોય છે અને વ્યતિરેકવ્યાપ્તિ નકારાત્મક હોય છે.

અહીં પ્રભુ કહે છે કે મારા અને તારામાં આંતરો પડવાનું કારણ અન્વય અને વ્યતિરેક-વ્યાપ્તિ છે. એમાં અન્વયવ્યાપ્તિ એ છે કે **यत्र यत्र स्वरूपं तत्र तत्र परमात्मभावः**—જ્યાં સ્વરૂપ હોય ત્યાં પરમાત્મભાવ હોય અને વ્યતિરેકવ્યાપ્તિ એ કે જ્યાં સ્વરૂપનો અભાવ હોય ત્યાં પરમાત્મભાવનો અભાવ હોય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં રમણ કરવું એ સ્વરૂપ છે, નિજરૂપ છે, આત્માનું રૂપ છે. આ તારામાં ન હોવાથી તારામાં પરમાત્મભાવનો અભાવ છે. આંતરો પડવાનું આ કારણ છે.

આ આંતરો દૂર કરવા માટે સ્વરૂપની પ્રાપ્તિ કરવી તે અનુપમ ઉપાય છે, કોઈની સાથે સરખામણી કરી ન શકાય તેવો તે ઉપાય છે. એટલે ઉપર જે વાત સત્તાગતે તારામાં હતી તે તારે આવિર્ભાવ રૂપે પ્રાપ્ત કરવી એ જ આત્મસ્વરૂપ પામવાનો ઉપાય છે. એટલે સત્તાગતે રહેલા તારા મૂળ રૂપને તું યોગ્ય પ્રયત્ને આવિર્ભાવ પમાડે એ માર્ગ છે. ઉપરની વાત ન્યાયની પરિભાષામાં ભગવંતે જણાવી એ આ ગાથાનો ભાવ છે. આ સવાલનો વધારે વિગતવાર જવાબ આવતી ગાથામાં સ્તવન કર્તા આપે છે, તે હવે આપણે જોઈએ. (૪)

---

**શબ્દાર્થ**—અન્વય = જ્યાં એક વસ્તુ હોય ત્યાં બીજી વસ્તુ હોય. હેતુ = કારણ, તેને લઈને. વ્યતિરેક = જ્યાં એક વસ્તુ ન હોય ત્યાં બીજી વસ્તુ પણ ન હોય (તે તથા અન્વય તર્કના શબ્દો છે.) અંતરો = આંતરો, છેટાપણું. તુઝ = તું, પૂછનાર. મુઝ = મારી. રૂપ રે = જુદા જુદા દેખાય છે. અંતર = છેટાપણું, દૂરપણું. મેટવા = અળસાવવા, બંધ કરવા. કારણે = 'આત્મ = આત્માનું, આત્મિક. સ્વરૂપ = રૂપ, તેની સિદ્ધતા. અનૂપ = જેને કોઈની ઉપમા આપી ન શકાય તેવું, નિરુપમ. (૪)

આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ ન એક રે;
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે. પાસ૦ ૫

**અર્થ**—આ આત્મા છે, બહિરાત્મા છે કે અંતરાત્મા છે અને તે પરમાત્મા છે, પણ શુદ્ધ નયે એવો કોઈ તફાવત નથી. આ અને બીજા આરોપ કરેલા–ધારેલા ધર્મ છે, તેના તો ઘણા પ્રકાર છે, પણ તે સર્વ માની લીધેલા ભેદ છે. (૫)

**વિવેચન**—આત્મતા અને પરમાત્મતામાં શુદ્ધ નયની નજરે જરા પણ તફાવત નથી. નિશ્ચયનયથી આત્મત્વ અને પરમાત્મત્વ બન્ને એકસરખાં જ છે, એમાં જરા પણ તફાવત નથી. બાકી બીજા એના ધર્મો છે તે તો આરોપ કરેલા છે, તેના ઉપર ધારી લીધેલા–લાદેલા ધર્મો છે અને એવા તો અનેક પર્યાયો છે. અને પ્રત્યેક પર્યાય તે તેના પ્રકારો છે.

નિશ્ચયનયની નજરે આગળ જણાવ્યું તેમ, આત્મા એ જ પરમાત્મા છે અને તે બન્ને વચ્ચે જરા પણ તફાવત નથી. બાકી કર્મોથી એ દેવ થાય, મનુષ્ય થાય, નારક થાય કે તિર્યંચ થાય, તેમ જ એકેંદ્રિય થાય, દ્વીંદ્રિય થાય ગરીબ થાય કે તાલેવંત થાય, તેમ જ રોગી કે નીરોગી થાય, સૂક્ષ્મ થાય કે બાદર થાય, કીર્તિમાન થાય કે અકીર્તિમાન થાય વગેરે અનેક ભેદ પડે છે, પણ એ કર્મે કરેલા આરોપિત ધર્મ છે; આત્મા એની મૂળ દશામાં તો નિઃકર્મા છે; શુદ્ધ દશાએ તો એ અને પરમાત્મા એકસરખા છે, એમાં જરા પણ તફાવત નથી. બાકી આ આત્મા કેવો થઈ શકે તે હજુ પણ વધારે જાણવું હોય તો આવતી અને છેલ્લી ગાથા જુઓ. (૫)

ધરમી ધરમથી એકતા, તેહ મુજ રૂપ અભેદ રે;
એક સત્તા લખ એકતા કહે તે મૂઢમતિ ખેદ રે. પાસ૦ ૬

**અર્થ**—અને ધર્મી અને ધર્મની તો એકતા કહેલી છે; તે દૃષ્ટિએ જોતાં મારામાં અને તારામાં અભેદ છે; કાંઈ તફાવત નથી. સત્તાને એક જાણવાથી તારે એકતા સમજવી; પણ એવી એકતાને એકતા માનવાનો મૂર્ખમતિ ખેદ સાથે પ્રયાસ કરે છે, એવું સમજનાર મૂર્ખ છે. (૬)

**વિવેચન**—હવે સત્તાગત એકતાને એકતા માનવામાં એકાંત પક્ષ લેતાં ભૂલ થાય છે તે

---

**શબ્દાર્થ**—આતમતા = આત્મતા, આત્મા હોવાપણું. પરમાત્મતા = પરમાત્મા હોવાપણું. શુદ્ધ નય = નિશ્ચયનય. ભેદ = જુદાપણું, પૃથક્પણું. ન એક = કોઈ પણ નથી. અવર = બીજા. આરોપિત = આરોપ કરેલા, ધારેલા, માનેલા. ધર્મ = વસ્તુ, ખાસિયત. તેહના = તેના. ભેદ = પ્રકાર. અનેક = ઘણા, એકથી વધારે. (૫)

**શબ્દાર્થ**—ધરમી = જેને ધર્મ હોય તે. ધરમથી = ધર્મ સાથે, ધર્મ થકી. એક્તા = એકત્વ, એકપણું. તેહ = તે. મુજ = મારી, રૂપ = સ્વરૂપે, અભેદ = એક્તા. એક સત્તા = એક સત્તા, એકત્વ. લખ = જાણે છે, એક્તા = એકપણું. કહે = જાણે, સમજે. મૂઢમતિ = મૂર્ખ. ખેદ = પ્રયાસ છે. (૬)

બતાવે છે અને પછી છેવટે આત્મા પરમાત્મ કેમ થાય તેનો માર્ગ બતાવે છે. પાર્શ્વનાથ ભગવાન હવે સ્યાદ્વાદધર્મનું સ્વરૂપ સમજાવતાં કહે છે: ધર્મી અને ધર્મની એકતા છે. અને તે દૃષ્ટિએ મારામાં (પ્રભુમાં) અને તારામાં અભેદ છે, પણ તે સત્તાગતે એકતા છે, તેને એકતા કહેવી તે મૂર્ખ–અણુશીખેલા માણસનો નકામો પ્રયાસ છે. જે વાત કરી હતી. તે હવે ફેરવી નાખે છે. ધર્મી અને ધર્મની એકતા છે એટલે માણસનું મનુષ્યત્વ તો એક જ છે, અને તે રીતે તારામાં અને મારામાં એકતા છે, પણ અનેકાંતદૃષ્ટિએ સત્તાગત એકતાને–ભવિષ્યમાં થવાની એકતાને–એકતા કહેવી તે અયુક્ત છે, એટલે અત્યાર સુધી તેં જે પ્રયાસ કર્યો તે તારી મૂઢતા છે, એવો પ્રયાસ કરવો તે અસ્થાને છે, અણઘટિત છે. એને માટે કેવો પ્રયાસ કરવો જોઈએ તે છેલ્લી ગાથામાં બતાવશે અને સવાલનો છેવટે પ્રભુ જવાબ આપશે.

આ ગાથામાં અનેકાંતવાદનું સ્વરૂપ બતાવ્યું છે તે બહુ સુંદર છે. સત્તાગત એકતા તો છે જ, પણ તેને એકતા મનાવવામાં કે માનવામાં મૂર્ખાઈ થાય છે, એકાંત પક્ષ થઈ જાય છે, તે અયોગ્ય છે; એ તો ભવિષ્યમાં થવાની વાતને વર્તમાનમાં થવાની છે, એવું રૂપક છે એ એકાંત થઈ જાય છે. (૬)

આતમધરમ અનુસરી, રમે જે આતમરામ રે;
'આનંદઘન' પદવી લહે, પરમ આતમ તસ નામ રે. પાસ૦ ૭

**અર્થ**—આત્માના મૂળ ગુણનો અંગીકાર–તેનું અનુસરણ–કરે અને જે તેમાં રમણ કરે તે આત્મારામ છે. અને તે આનંદના સમૂહની પદવીને પ્રાપ્ત કરે અને તેનું નામ પરમાત્મા છે. એટલે ત્યાં એકતા થાય છે. (૭)

**વિવેચન**—આવી રીતે સત્તાગત એકતા સમજવા જેવી છે. પણ તે પોતે અનુસરવા યોગ્ય કે માનવા યોગ્ય અને તેના પર આધાર રાખવા યોગ્ય નથી, કારણ કે અનેકાંતદૃષ્ટિબિન્દુથી જોવાની છે. અને તેની એકાંતદૃષ્ટિ કરતાં મોટો ગોટાળો થાય તેમ છે. આવી અનેકાંતદૃષ્ટિને એકાંત જોવાની ભૂલ ન કરવી. આવી ગૂંચવણ ઊભી થઈ તેને, ભગવાન કહે છે કે, આત્મધર્મ જાણી–સમજીને તેને અનુસરે, તે પ્રમાણે વર્તન કરે તે આત્મારામ થાય છે, તેમાં રમણ કરે છે. અંતે તે આનંદઘનની પદવી પ્રાપ્ત કરી પરમાત્માનું નામ પામે છે. એટલે સર્વ વાતનો આધાર આત્મ-ધર્મના અનુસરણને અવલંબે છે. આ તો સંસારના ચક્કરમાં પડવું અને આત્મારામની વાત કરવી એ બે વાત બને તેમ નથી. જો આનંદઘન પદવી પ્રાપ્ત થાય તો તે પરમાત્મા થાય છે, કહેવાય છે. આપણે પરમાત્માનું સ્વરૂપ પાંચમા સ્તવનમાં વિસ્તારથી જોઈ ગયા છીએ. જે આત્માના મૂળ ગુણમાં રમણ કરી આત્મામાં લીન થઈ જાય એ પરમાત્માનું પદ પામે.

**શબ્દાર્થ**—આતમધરમ = આત્મધર્મ, પોતાનો ધર્મ. અનુસરી = તેની પાછળ જઈ, અંગીકાર કરી. રમે = રમણ કરે, તદાકારપણું પામે. આતમરામ = આત્મરામ. તે આનંદઘન = આનંદનો સમૂહ. પદવી = સ્થાન, મહોદય. પરમ આતમ = પરમાત્મા. તસ = તેનું. નામ = તેનું અભિધાન. (૭)

આ વાત સમજવા જેવી છે. સંસારમાં કે પૌદ્ગલિક ભાવમાં રમવું અને સત્તાગતે હું પોતે પ્રભુ સાથે એક છું એવી વાતો કરવી, એમ આનંદઘન પદવી હાથમાં આવી જતી નથી. આત્માના મૂળ ગુણમાં રમણ કરી અંતરાત્મભાવ આદરવો અને પરમાત્મા થવું એ સર્વ આ જીવથી યોગ્ય પ્રયત્ને બને તેવું છે; પણ તે સ્થિતિ તો પ્રાપ્ત થાય ત્યારે વાત છે. અત્યારે સરખાઈમાં આવી જવાનો પ્રયત્ન કરવા જેવો છે, પણ આરોપિત ધર્મને અંગે ગેરસમજૂતીમાં રહેવા જેવું નથી અને અનેકાંતધર્મને પોતાના એકાંતવાદમાં ખેંચી લઈ જઈ પોતાની જાતે છેતરપીંડી કરવામાં કોઈ જાતનો લાભ નથી. આનંદઘનના નામે આ કોઈ પૂર્વ પુરુષની કૃતિ છે, પણ આનંદઘનજીના કાવ્યથી એ જુદું પડે તેવું સ્તવન છે, પણ કૃતિ સુંદર અને સમજવા લાયક છે. (૭)

## ઉપસંહાર

આ રીતે પાર્શ્વનાથનું આ સ્તવન પૂર્ણ થાય છે. જ્ઞાનસારના ટબા પ્રમાણે તો આનંદઘનજીનાં પોતાનાં કરેલાં આ બે સ્તવનો હતાં તે પ્રતો ઉપરથી જડ્યાં. અને તે બે પ્રતના લખનારે એવું લખ્યું હતું કે એ બે સ્તવનો આનંદઘનજીનાં સ્વકૃત છે. આ સ્તવનોનો અર્થ જ્ઞાનસારે કર્યો છે.

આ સ્તવનનો કેન્દ્રસ્થ વિચાર 'સત્તા' શબ્દ ઉપર છે. તે ઉપર કેટલાક વિચારો ભૂમિકામાં બતાવવામાં આવ્યા છે. તેટલો જ અગત્યનો વિચાર પરમાત્માનો છે. પરમાત્મા શબ્દ ઉપર જરૂરી વિવેચન આગળ પાંચમા સ્તવનના વિવેચનમાં થઈ ગયું છે. આ શરીરે પરમાત્મા થઈ શકાય છે અને અમુક અપેક્ષાએ સત્તાગતે આ આત્મા પરમાત્મા જ છે, આ દૃષ્ટિબિન્દુ સમજવું અને આ આત્માનું પરમાત્મપદ પ્રાપ્ત કરવું તે માટે આપણો સર્વ પ્રયાસ છે અને આખા સ્તવનનો એ જ કેન્દ્રસ્થ વિચાર છે.

બાકી, આત્માના આરોપિત ધર્મમાં માચી જવું નહિ. તે પોતાના ધર્મ તો જરૂર છે જ, પણ હાલ પોતાના ધર્મ છે એમ પોતે માની-મનાવી લેવું નહિ. પ્રયાસ કરતાં એ ધર્મ પ્રાપ્ત કરી શકાય છે. અને આત્મારામ કરવા માટે એ જરૂર પ્રાપ્ત કરવા જેવા છે એ વાત બરાબર લક્ષ્યમાં રાખવા જેવી છે. બાકી આ પ્રાણીને દેહ, ધન, પુત્ર વગેરેનો અભ્યાસ એવો પડી ગયો છે કે તે છૂટવો અને આત્માના મૂળગુણમાં રમણ કરવું એ જરા પ્રયત્નસાધ્ય વાત છે, પણ અશક્ય નથી. જો તેના સંબંધમાં ચીવટ રાખવામાં આવે તો તે થઈ શકે તેવી બાબત છે. પણ પ્રાણી અભ્યાસ છોડે નહિ અને છતાં, વાંદરાની પેઠે, એમ માને કે પોતાના સંબંધો જ તેને છોડતા નથી. વાંદરાને પકડવા માટે એક ગાગરમાં બોર ભરે છે. વાંદરો તેમાં હાથ નાંખે છે, પછી હાથ છોડતો નથી અને માને છે કે એને બોરે પકડી રાખ્યો છે. મદારી આવી ગળે દોરડું બાંધી એને એક ચાબુક મારે ત્યાં હાથ છૂટી જાય છે, ત્યારે તેને મોડી મોડી ખબર પડે છે કે બોરે તેને પકડ્યો નથી, પણ પોતે બોરને પકડી રાખેલ હતાં! પણ આ સમજણ ઘણી મોડી આવે છે. તેવી જ રીતે આ પ્રાણી ધન, દેહ, પુત્ર વગેરેને પકડી રાખે છે અને માને છે

એમ કે તેમણે આ પ્રાણીને પકડી રાખેલ છે. વસ્તુતઃ તેમ છે જ નહિ, પણ યમનો એક આંચકો વાગે ત્યારે તેનો અધ્યાસ છૂટી જાય છે અને ડહાપણ આવે છે, પણ તે તો ઘણું મોડું થઈ પડે છે. આવી જીવનની સ્થિતિ છે. પણ જેણે પરમાત્મપદ પ્રાપ્ત કરવું હોય તેને વહેલું આવે છે, તે આત્મારામમાં રમણ કરી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે, પણ તેને માટે પુરુષાર્થ કરવો પડે છે, દુન્યવી ભોગોને વિસારવા પડે છે અને તપ તપવાં પડે છે. આ અનેક કષ્ટો દુનિયામાં પણ સહન કરવાં પડે છે, પણ જેનું લક્ષ્યસ્થાન પરમાત્મા થવાનું હોય છે તે સાધ્ય સ્થાને પરમાત્માને ભજે છે અને સાધ્યના ફેરફારે લાભપ્રાપ્તિને અંગે ઘણો મોટો ફેર પડે છે. આ વાત આ સ્તવનમાં સમજવા જેવી છે અને બરાબર સમજીને વ્યવહારમાં મૂકવા જેવી છે. (૨૩-૨)

જૂન : ૧૯૫૦

## ૨૩ (૩)

### શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**ભૂમિકા**—આ પાર્શ્વનાથનું સ્તવન જ્ઞાનવિમલસૂરિએ બનાવી તેની આખરે પોતાનું નામ મૂક્યું છે અને તેનો અર્થ પણ લખ્યો છે. જ્ઞાનવિલાસના કર્તા આવું તદ્દન સાદું સ્તવન લખે એ નવાઈ ભરેલું લાગે તેમ છે. તેનો અર્થ પણ ઉઘાડો હોવાથી એના પર બહુ વિસ્તારથી વિવેચન કરવામાં નહિ આવે. એમાં આનંદઘનજીની ભાષા કે ઊંડાણ મને જણાયાં નથી અને તે સરખામણી કરવા માટે જ એને અહીં ૨૩ (૩) અને મહાવીરસ્વામીના સ્તવનને ૨૪ (૩) તરીકે સ્થાન આપેલ છે.

જ્યાં સુધી આ પ્રાણી પૌદ્‌ગલિક વિષયો કે અહીં મળેલાં સગાંઓમાં રાચીમાચી રહે ત્યાં સુધી એ નિજ સ્વરૂપને ઓળખતો નથી, અને પરભવ–પૌદ્‌ગલિક ભાવમાં રમણ કરે છે ત્યાં સુધી એનો નિસ્તાર થતો નથી, પણ એ એક ખાડામાંથી નીકળી બીજા ખાડામાં પડે છે અને વિચિત્ર પ્રકારનાં જુદાં જુદાં જીવન પસાર કરે છે. થોડાં વર્ષ સુધી એ રાજ્ય કરે છે. કોઈ પ્રધાન થાય છે, કોઈ દીવાનગીરી કરે છે, કોઈ નોકરી કરે છે, કોઈ શેઠીઓ બને છે અને કોઈ ગુલામગીરી કરે છે: એમ પોતાને જે અનેક પ્રકારના પાઠ ભજવવાના મળે તે થોડાં કે વધારે વર્ષ સુધી ભજવી અંતે વીસરાળ થઈ જાય છે અને પાછો બીજી જગ્યાએ બીજો જ પાઠ ભજવે છે અને નવાં સગાંઓ–સંબંધીઓ કરે છે. એ અનેક ખટપટો કરે છે, અને દુનિયાની અરધી–ઝાઝી સમજણ પોતામાં છે એમ માની પોતાની નજર ખૂબ પહોંચાડવાનો દાવો કરે છે. અને આ પ્રમાણે મનુષ્ય થાય ત્યારે તો સમજ્યા, પણ કોઈ વાર તિર્યંચ ગતિમાં જઈ ત્યાં મૂંગે મોઢે માર સહન કરે છે અને ભૂખ્યો તરસ્યો રહે છે અને મરજી ન હોય તોપણ જોતરે જોડાય છે. આમાં જો એના જીવનનું પૃથક્કરણ કરવામાં આવે તો સુખ જેવું કાંઈ દેખાતું નથી, છતાં અદ્‌ભુત વાત તો એ છે કે કોઈને–ઘણાખરાને–આમાંથી નીકળવાનું અને સાચું શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનું મન પણ થતું નથી અને કોઈ સંસારમાંથી જાય ત્યારે એ પોકે પોક રડે છે. પણ અંતે સર્વને માટે એ જ માર્ગ છે એ તે જાણે છે, છતાં તદનુસાર વર્તન કરતો નથી, કરવાનું મન પણ કરતો નથી.

આ સ્તવનમાં આવા આવા વિચારો બતાવ્યા છે તે ચાલુ વિચારો છે, અને ઘણાએ અનેક સ્થાને બતાવ્યા છે, તેથી અર્થ સમજવા પૂરતું જરૂરી વિવેચન જ આ સ્તવનને અંગે કરવામાં આવશે. જ્ઞાનવિમલસૂરિની આ ગંભીર કૃતિ છે એમ ધારી એનું મનન કરવું.

## સ્તવન[1]

( કહણી કરણી તુજ વિણ સાચો કોઈ ન દેખ્યો જોગી—એ દેશી )

પાસ પ્રભુ પણમું શિર નામી, આતમગુણ અભિરામી રે;
પરમાનંદે પ્રભુતા પામી, કામિતદાય અકામી રે, પાસ૦ ૧

**અર્થ**—મારા મસ્તકને ઝુકાવીને હું પાર્શ્વનાથ ભગવાનને નમું છું, પ્રણમું છું. તે ભગવાન પોતાના ગુણોમાં મનોહર છે અને ખૂબ આનંદપૂર્વક ભગવાનપણું પ્રાપ્ત કરીને જેની ઇચ્છા હોય તેને આપનારા છે. અને પોતે કોઈ વાતની ઇચ્છા કરનારા નથી, અકામી છે. (૧)

**વિવેચન**—પાર્શ્વનાથ નામના તેવીશમા તીર્થપતિને નમું છું. પ્રથમ તો, એ પાર્શ્વનાથ કેવા છે તે હવે વર્ણવે છે. એ પોતાના ગુણમાં મનોહર છે. એ બહુ સારા લાગે છે તે તેમના નૈસર્ગિક ગુણોનો મહિમા છે. તેઓએ જે ભગવાનપણું પ્રાપ્ત કર્યું છે તે અત્યંત આનંદ-પૂર્વકનું છે. અને તેઓ નમનારના કે સર્વ પ્રાણીના ઇચ્છિતને પૂરા કરનાર છે, પ્રાણીને ધન, વસ્તુ કે પુત્ર, દારા કે સગાં-સંબંધીઓ જે ઇચ્છે તે આપનાર છે. અને તેમાં ખૂબી એ છે કે આવા કામિતને પૂરા કરી દેનાર પાર્શ્વનાથ ભગવાન જાતે અકામી છે, કોઈ બાબતની પોતાને માટે ઇચ્છા રાખતા નથી, અને પોતાના ગુણે કરી મનોહર લાગે છે. જેમને કાંઈ બહારની શોભાની દરકાર નથી. તેમને હું પ્રણામ કરું છું, વંદું છું. (૧)

ચોવીશીમાં થેં તેવીસા, દૂરી કર્યા તેવીસા રે;
ટાળ્યા જેણે ગતિ-થિતિ ચોવીશા, આયુ ચતુષ્ક પણવીસા રે, પાસ૦ ૨

**અર્થ**—આ વર્તમાન ચોવીશીમાં જેઓ તેવીશમા છે, જેમણે પાંચે ઇન્દ્રિયના તેવીશ વિષયોને છેટે જ કરી નાખ્યા છે, દૂર કર્યા છે, જેમણે ગતિ અને સ્થિતિના ૨૪-૨૪ દંડકને

**શબ્દાર્થ**—પાસ પ્રભુ = ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ ભગવાન, પણમું = નમન કરું, નમું, પૂજું. શિર નામી = મસ્ત નમાવીને, માથું ઝુકાવીને. આતમગુણ = આત્મગુણ, નિજગુણ, આત્માના નિશ્ચય નયે પોતાના ગુણ. અભિરામી = મનોહર, સુંદર. પરમાનંદે = ઉત્કૃષ્ટ આનંદે, પ્રભુતા = મોટાઈ, વડીલપણું. પામી = પ્રાપ્ત કરી. કામિત = ઇચ્છિત, ઇચ્છેલ. દાય = દાતા, દેનારા. અકામી = અનિચ્છક, ઇચ્છા નહીં કરનારા (૧)

**શબ્દાર્થ**—ચોવીશી = વર્તમાન ચોવીશ તીર્થંકર થાય તેમાં. થેં = આપ. તેવીશા = તેવીશમા. દૂરી કર્યા = છેટે રાખ્યા, દૂર કર્યા. તેવીસા રે = પાંચ ઇંદ્રિયોના તેવીસ દોષો-વિષયોને ગતિ = ગતિનો દંડક. થિતિ = સ્થિતિનો દંડક. ચોવીશ = ચોવીશ પ્રકારના. આયુ = આયુષ્ય, આઉખું, જીવન. ચતુષ્ક = ચાર; પણવીસા = પચીસ; ચાર પચીશી એટલે એક સો વર્ષનું. (૨)

[1] આ સ્તવન તો જ્ઞાનવિમલસૂરિનું જ કરેલું છે; અને તેમણે પોતાનું જ નામ આપ્યું છે. તેથી સ્વાભાવિક રીતે તેમાં **પાઠાંતર નથી**, તેથી તેનું સ્થાન અહીં ખાલી છે. વળી, આનો અર્થ તેમણે કરેલા અર્થ પ્રમાણે કર્યો છે, તેથી તેમનો **અર્થ (ટબો)** અહીં લખવાની જરૂર નથી; કારણ કે તેથી પુનરાવર્તન થાય.

અટકાવી દીધા છે, અને જેમનું આયુષ્ય ચાર પચીશી એટલે એકસો વર્ષનું છે, એ પાર્શ્વપ્રભુને હું પ્રણમું છું. (૨)

**વિવેચન**—ચોવીશીમાં જેઓ તેવીશમા તીર્થંકર છે, જેઓએ પાંચ ઈંદ્રિયના તેવીશ વિષયો દૂર કર્યા છે, જેમણે ગતિ અને સ્થિતિના ૨૪-૨૪ દંડક દૂર કર્યા છે, અને જેઓનું આયુષ્યચક્ર સો વર્ષનું છે તેવા પાર્શ્વપ્રભુને હું પ્રણામ કરું છું.

આ ગાથાનો અર્થ સમજાય તેવો છે. પાંચ ઇંદ્રિયના વિષયો તેવીશ છે. સ્પર્શેન્દ્રિયના આઠ, રસેંદ્રિયના પાંચ, ઘ્રાણેંદ્રિયના બે, ચક્ષુરિંદ્રિયના પાંચ અને શ્રોત્રેંદ્રિયના ત્રણ—એ તેવીશે વિષયોનો એમણે વિજય કર્યો છે અને વિષયોમાં જરા પણ લપટાયા નથી. ગતિ અને સ્થિતિના ૨૪-૨૪ દંડક છે. દંડક પ્રકરણમાં ગતિ દંડકનું વર્ણન પ્રથમ દ્વારમાં અને સ્થિતિ-દંડકનું વર્ણન અઢારમા દ્વારમાં છે. ગતિ ચાર છે અને દરેક ગતિમાં કેટલો વખત રહેવાનું થાય તે સ્થિતિ-દંડકમાં બતાવ્યું છે. આની વધારે વિગત દંડક નામના પ્રકરણમાં જોવી. પ્રભુનું આયુષ્યચક્ર ચાર પચીશી એટલે સો વર્ષનું છે. એ સો વર્ષના આયુષ્યવાળા પ્રભુ શ્રી પાર્શ્વનાથને હું નમું છું, પ્રણામ કરું છું. (૨)

લોહ કુધાતુ કરે જે કંચન, તે પારસ પાષાણો રે;
નિર્વિવેક પણિં તુમચે નામે, એ મહિમા સુપ્રમાણો રે. પાસ૦ ૩

**અર્થ**—એક પારસ નામનો પથ્થર છે તે લોઢા જેવી તુચ્છ ધાતુને સારામાં સારી મૂલ્યવાન સોનાની ધાતુ બનાવી દે છે. તે પારસ તો ખરેખર પથ્થર છે, એક જાતનો પાષાણ છે, તેવી જ રીતે આપના નામે વિવેકની ગેરહાજરી હોય તે પણ સારી ચીજમાં ફરી જાય છે. એ આપના નામની મોટાઈ સારા આધારથી નક્કી થયેલ છે, એવો આપના નામનો મહિમા છે. (૩)

**વિવચન**—અને આપના નામને હું કેટલું વર્ણવું ! જે પારસ નામનો પથ્થર છે તેનો સ્પર્શ થવાથી લોઢા જેવી તુચ્છ અથવા હલકી ધાતુ સોના જેવી થઈ જાય છે, તેમ વિવેકની ગેરહાજરી હોય તે આપના નામથી વિવેકી થઈ જાય છે : એવો આપના નામનો મહિમા છે. તેથી હું આપને-આપના નામને-વર્ણવું છું. પ્રાચીન કાળથી એવી માન્યતા ચાલુ છે કે પારસ નામના પથ્થરને લગાડવાથી લોહ-લોઢું પણ સુવર્ણ થઈ જાય છે, એટલે લોઢા જેવી તુચ્છ ધાતુ પણ સોના જેવી પવિત્ર-મૂલ્યવાન સરસ ધાતુ થઈ જાય છે, તેમ આપના નામના સ્પર્શ માત્રથી નિર્વિવેક હોય તે વિવેકીમાં ફરી જાય છે. આપનામાં એટલા ગુણો છે કે આપનું

---

**શબ્દાર્થ**—લોહ = લોઢું કુધાતુ = સાત ધાતુમાં તુચ્છ-હલકી ધાતુ. કરે = બનાવે, નિપજાવે. કંચન = સોનું, સુવર્ણ. પારસ = પારસ નામનો એક જાતનો મણિ, જે લોઢાને સોનું કરે છે. પાષણો = પથ્થર, જાતે પથ્થર છે પણ લોઢાને સોનું કરે છે. નિર્વિવેક = વિવેક રહિતપણું, સાચુંખોટું પારખાની શક્તિની ગેર-હાજરી. પણિં = છતાં. તુમચે = તમારા, આપના. નામે = નામના ગુણે કરી, મહત્તાથી. મહિમા = મોટાઈ, મોટાપણું. સુપ્રમાણો = સારો, આધારભૂત. (૩)

નામ પણ પારસ પાષણ જેટલું કામ કરે છે. આ પારસનું રૂપક લઈને આ ગાથાનો વિસ્તાર કરવામાં આવ્યો છે, તે પારસનાથનો મહિમા બતાવવા માટે છે. આપનો મહિમા સારા આધારથી નક્કી થયેલો છે, તે બતાવ્યું. (૩)

ભાવે ભાવનિક્ષેપે મિલતા, ભેદ રહે કિમ જાણો રે?
તાને તાન મિલે સ્યો અંતર, એહવો લોક ઉખાણો રે. પાસ૦ ૪

**અર્થ**—હૃદયના ભાવપૂર્વક ભાવનિક્ષેપાએ જ્યારે મેળાપ થાય ત્યારે તમે સમજો કે પછી આંતરો કેમ રહી શકે, નભી શકે, ચાલી શકે? તાનમાં એકસરખા તાનવાળા મળે, પછી આંતરો કે છેટું કેમ ટકી શકે?–એવી લોકોમાં પણ કહેવત છે. આપની સાથે તાન મળે પછી અંતર કેવું? (૪)

**વિવેચન**—ભાવપૂર્વક ભાવનિક્ષેપે આપનો મેળાપ થતાં મારી અને આપની વચ્ચે આંતરો કેમ રહે? તાનમાં તાન મળે ત્યારે ખરી મજા જામે–લોકોમાં પણ એવી કહેવત છે. તે મારે આપની સાથે તાન મેળવવું છે. જૈન તત્ત્વજ્ઞાનમાં ચાર નિક્ષેપા છેઃ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. આ ચાર નિક્ષેપા પૈકી ભાવનિક્ષેપાથી આપને ભાવીએ ત્યારે ખરો આંતરિક આનંદ જામે. જેવી રીતે સંગીતકાર ગાયન ગાવા પહેલાં નરઘાં અને હારમોનિયમ સાથે પોતાનો રાગ મેળવી પછી ગાયન શરૂ કરે છે, તે પ્રમાણે મારું તાન ભગવાનના તાન સાથે મળે, પછી સૂરની જમાવટ પેઠે મારી એકાગ્રતા થાય, તે ઔર આનંદ આપે. તાન સાથે તાન મેળવવાની કહેવત લોકોમાં જાણીતી છે. તેમ જ ભાવપૂર્વક આપને ધ્યાવવાનું થતાં મારી અને આપની વચ્ચે આંતરો કેમ રહે? હું આપના જેવો કેમ ન થાઉં? આંતરા માટે આપણે છઠ્ઠા પદ્મપ્રભુના સ્તવનમાં વિવેચન કરી ગયા છીએ. આ કારણે ભાવથી આપને હું ભાવું છું અને આશા રાખુ છું કે મારો અને આપનો આંતરો ભાંગી જાય. એટલા માટે હું આપને પ્રણમું છું, તે આપ સ્વીકારશો. (૪)

પરમ સરૂપી પારસરસસું, અનુભવ પ્રીતિ લગાઈ રે;
દોષ ટલે હોય દૃષ્ટિ સુનિર્મળ, અનુપમ એહ ભલાઈ રે. પાસ૦ ૫

---

**શબ્દાર્થ**—ભાવે = ભાવપૂર્વક, હૃદયોર્મિપૂર્વક. ભાવનિક્ષેપે = ચાર નિક્ષેપા પૈકી ભાવ નિક્ષેપે. મિલતા = એકત્ર થતાં, એક થતાં. ભેદ = તફાવત, જુદાઈ, અંતર. રહે = હોય, થાય. કિમ = કેમ. શા માટે, કેવી રીતે. જાણો = સમજો, અવગાહો, તાને = એકસરખા, સરખા તાન–સુરવાળા. સ્યો = શું, કેમ. અંતર = આંતરો, છેટાપણું. એહવો = એવો, એ પ્રમાણે. લોક = જનતામાં, લોકોક્તિમાં. ઉખાણો = ઉખાણો, લોકોક્તિ, કહેવત. (૪)

**શબ્દાર્થ**—પરમ = ઉત્કૃષ્ટ, સહુથી સરસ. સરૂપી = સ્વરૂપ ધારણ કરનાર, નિજ ગુણના ધારક. પારસરસ = લોહને સોનું બનાવે તેવો રસ ધારણ કરનાર, પાર્શ્વનાથ. અનુભવ = જ્ઞાનઅનુભવ, ભોગવવું તે. પ્રીતિ = પ્રેમ, સ્નેહ, સગાઈ. લગાઈ = લગાવી, માંડી, જોડી. દોષ = પાપ, સંસારમાં રખડાવનાર કર્મ. ટલે=દૂર થાય. હોય = થાય. દૃષ્ટિ = નજર, જોવાની શક્તિ. સુનિર્મળ = તદ્દન ચોખ્ખી, ખૂલે તેવી થાય. અનુપમ = અદ્‌ભુત, કોઈની સાથે ન સરખાવી શકાય. એહ = તે, એ. ભલાઈ = સારાવાટ, ભલમનસાઈ. (૫)

**અર્થ**—ઉત્કૃષ્ટ–સારામાં સારા–રૂપને ધારણ કરનાર પાર્શ્વનાથ સાથે જ્યારે અનુભવની પ્રીતિ–પ્રેમ લગાડવામાં આવે, એટલે એવી પ્રીતિનો સંયોગ–સંબંધ થાય, ત્યારે સર્વ રખડાવનાર દૂષણો ટળી જાય, દૂર થાય, અને જોવાની શક્તિ વધારે ચોખ્ખી થાય. એ જે પ્રભુની ભલમનસાઈ છે તે કોઈની સાથે સરખાવી શકાય તેવી નથી. (૫)

**વિવેચન**—પરમરસરૂપી પાયસ(ખીર)ના રસમાં અનુભવનો રસ લગાવવામાં આવે ત્યારે બધા દોષો દૂર થાય છે અને વળી નજર પણ વધારે ચોખ્ખી થાય છે. આ આપની ભલમનસાઈ એવી તો અદ્ભુત છે કે તેની સાથે કોઈની સરખામણી થઈ શકે નહિ. તેથી આપને નમું છું, પૂજું છું, સેવું છું. પાયસરસ એટલે ખીરનો રસ અનેક રસમાં ઉત્તમ ગણાય છે. એ દૂધની બનાવેલી ખીરનો રસ સર્વ રસોમાં ઉત્તમ રસ આપણે ગણીએ છીએ. એ રસ જેવી અનુભવની પ્રીતિ આપને લાગે. એ અનુભવ એટલે આત્માનુભવ; એ અનુભવથી ઘણું સુંદર કામ થાય છે અને રસોમાં જેમ ખીરનો સરસ રસ–ઉત્કૃષ્ટ રસ ગણાય છે તેમ આ અનુભવનો રસ જામે ત્યારે બહુ સુંદર પરિસ્થિતિ થાય છે. અનુભવમાં પણ જ્યારે આત્માનુભવ કર્યો હોય ત્યારે સંસારમાં રખડાવનાર સર્વ દૂષણો દૂર થાય છે, એટલે સાંસારિક વૃત્તિ દૂર થાય છે અને આત્મસન્મુખ વૃત્તિ જાગે છે, જામે છે. અને આપની એ ભલમનસાઈ એવી સુંદર છે કે એની કોઈની સાથે સરખામણી જ થઈ શકે નહિ. આપ આવા અદ્ભુત, અનુપમ, મહાન છો. તેથી શિર નમાવીને આપને પ્રણમું છું, નમું છું. (૫)

કુમતિ ઉપાધિ કુધાતુને તજીએ, નિરુપાધિક ગુણ ભજિયે રે;
સોપાધિક સુખદુઃખ પરમારથ, તેહ લહે નવી રજીએ રે. પાસ૦ ૬

**અર્થ**—ખરાબમાં સારાની બુદ્ધિરૂપ કુમતિને તજી દઈએ, તેને તુચ્છ હલકી ધાતુ જાણીને દૂર કરીએ અને જેમાં કોઇ પ્રકારની સાંસારિક–પૌદ્ગલિક ચીજ ન હોય તેવી શુદ્ધ ચીજને સેવીએ; ઉપાધિવાળો સારો કે ખરાબ સુખદુઃખનો અનુભવ, તે મળી જાય તેમાં આનંદ–લહેર ન માનીએ, તેમાં રાચીએ નહિ. (૬).

**વિવેચન**—કુમતિરૂપ ઉપાધિરૂપ તુચ્છ ધાતુને તજી દઈએ, લોઢું કે કથીર એવી તુચ્છ ધાતુ સાત ધાતુમાં છે, તેને આપણે છોડી દઈએ. ખરાબ મતિથી આપણો સંસાર વધે છે અને આપણે સારો વખત જોવો હોય તો કુમતિરૂપ હલકી ધાતુને હલકી સમજી તેનો ત્યાગ કરવો જ જોઈએ, અને ભવિષ્યમાં પણ ઉપાધિ ન કરે તેવા ગુણોને ભજીએ, સેવીએ. ઉપાધિ સહિત સુખ અને દુઃખ આપણને

**શબ્દાર્થ**—કુમતિ = પારકાને–પૌદ્ગલિકને સારા ધારવાની બુદ્ધિ. ઉપાધિ = વળગાડ. કુધાતુને = તુચ્છ ધાતુ, લોઢા જેવી ધાતુને. તજીએ = ત્યાગ કરીએ. નિરુપાધિક = ઉપાધિ રહિત, જેમાં પૌદ્ગલિક ભાવનો અંશ ન હોય તેને. ગુણ = લાભ. ભજીએ = સેવીએ. સોપાધિક = પૌદ્ગલિક, સાંસારિક. સુખ = પૌદ્ગલિક સારો અનુભવ. દુઃખ = પૌદ્ગલિક ખરાબ અનુભવ. પરમારથ = પરમ તત્ત્વે, વસ્તુતઃ, અંતે જતાં. તેહ = તે. લહે = મળ્યે, પ્રાપ્ત થયે. નવી રજીએ = રાજી ન થઈએ, ખુશી ન થઈએ (૬)

થાય ત્યારે સુખમાં આપણે રાજી ન થવું અને દુ:ખથી ગભરાઈ ન જવું. એ ખરો પરમાર્થ છે, જાણવા લાયક સત્ય છે અને તેમ કરીને આપણે આપણો સંસાર ઘટાડવો જોઈએ. જેઓ સુખને માણે છે અને દુ:ખ વખતે રડે છે કે નિસાસો નાખે છે, તેવા ઉપાધિવાળા સુખમાં આપણે રાજી કે અરાજી થઈ ન જવું. એમાં અંતે-સરવાળે આપણને પરમાર્થ લાભ થતો નથી અને પરમાર્થ પણ અંતે ઉત્કૃષ્ટ સ્વાર્થ હોઈ એમાં પણ વિવેક રાખવાની જરૂર છે. (૬)

જે પારસથી કંચન જાચું, તેહ કુધાતુ ન હોવે રે;
તેમ અનુભવ-રસ ભાવે ભેદ્યો, શુદ્ધ સરૂપે જુવે રે. પાસ૦ ૭

**અર્થ**—હું પારસથી એવા સોનાની યાચના કરું છું કે તે કદી તુચ્છ ધાતુ થાય જ નહિ, તે જ પ્રમાણે જે અનુભવભાવે ભેદાણો છે અને સુવર્ણમય થયો છે તે વસ્તુને નિર્મળ સ્વરૂપે જુએ, નીરખે. (૭)

**વિવેચન**—એ આગલી ગાથામાં અનુભવ-રસની હકીકત કહી તે કેવો હોય અને તે થાય પછી તેનું પરિણામ શું આવે તે આ સાતમી ગાથામાં જણાવે છે. હું પારસનાથ પાસે સોનાની યાચના કરું છું; પાછું કદી લોઢું ન થાય એવું સોનું માગું છું. આ અનુભવ જેને ભેદે, થાય તે પોતાને શુદ્ધ સ્વરૂપે જુએ છે, એટલે એ જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે એમ પોતાની જાતને જુએ છે અને તે અનંત કાળ માટે જુએ છે અને એ સુવર્ણ થઈ ગયા પછી કદી પાછો તુચ્છ ધાતુ—લોઢું થતો જ નથી; એ તો સર્વ કાળને માટે સોનું થાય છે. એવા સુવર્ણત્વને હું યાચું છું. માગવું ત્યારે વળી સાધારણ શા માટે માગવું? આવી માગણીને નાદર કહેવાનું કારણ એ છે કે એવી માગણી કરવી એ માગનારને મન સાધારણ છે, પણ વસ્તુત: એ મોટામાં મોટી માગણી છે. અને એ કરવામાં એનો અનુભવરસ પ્રાણીની મદદે આવે છે. તેટલા માટે હું પ્રભુને પ્રણામ કરું છું અને તેમની પાસે મારી નાદર માગણી રજુ કરું છું. અનુભવ-રસનો આ ચટકો છે અને અનુભવ-રસથી જાગ્રત થયેલો ચેતન નમન કરીને આ માગણી કરે છે. (૭)

વામાનંદન ચંદન શીતલ, દર્શન જાસ વિભાસે રે;
'જ્ઞાનવિમળ' પ્રભુતા ગુણ વાધે, પરમાનંદ વિલાસે રે. પાસ૦ ૮

---

**શબ્દાર્થ**—જે = જે ધાતુને. પારસ = પારસ પાષાણથી, અથવા પાર્શ્વનાથ સંબંધથી. જાચું = યાચું. માગું, મેળવવા ઇચ્છું. તેહ = તે, એ. કુધાતુ = તુચ્છ ધાતુ, હલકી ધાતુ. ન હોવે = ન થાય. તેમ = તિમ, તે રીતે, એ પ્રમાણે. અનુભવ = સ્વાનુભવ, આત્માનુભવ. રસ = પ્રવાહી. ભાવે = ભાવ-દ્રવ્યથી, તન્મય થવાથી. ભેદ્યો = તન્મય થયો. શુદ્ધ = નિર્મળ, પરમાર્થે પવિત્ર. સ્વરૂપે = નિજરૂપે. જોવે = નીરખે, સદ્દહે. (૭)

**શબ્દાર્થ**—વામનંદન=વામા દેવીના પુત્ર, શ્રી પાર્શ્વનાથ ભગવાન. ચંદન = સુખડ જેવા. શીતલ = ઠંડા, ટાઢા. દર્શન = આકાર. જાસ = જેનો. વિભાસે = વિશેષ શોભા આપે, જ્ઞાનવિમળ = જ્ઞાન ચોખ્ખું, નિર્મળ (કર્તાનું નામ પણ ગર્ભિત રીતે). પ્રભુતા = મોટાઈ, ભગવાનપણું. ગુણ = તે ૩૫ સદ્ગુણ. વાધે = પ્રાપ્ત થાય. પરમાનંદ = ખૂબ આનંદ (ગર્ભિત રીતે આનંદઘનજીનું નામ પણ જણાવ્યું.) વિલાસે = લીલા માત્રમાં, સહજ રીતે. (૮)

**અર્થ**—વામાદેવીના પુત્ર શ્રી પાર્શ્વનાથ ચંદન જેવા ઠંડા છે, જેમનું દર્શન વિશેષ શોભા આપનારું છે. નિર્મળ જ્ઞાનરૂપ ભગવાનને લીલામાત્રમાં–રમત કરતાં–પમાય છે અને પછી ખૂબ આનંદમાં વિલાસ–મોજમજા કરવામાં આવે છે. (૮)

**વિવેચન**—વામાદેવીના પુત્ર ચંદન જેવા શીતળ છે, એમનું દર્શન એક પ્રકારની શોભા આપનાર છે. જ્ઞાન એનાથી નિર્મળ થાય અને પછી છેવટે પરમાનંદમાં વિલાસ થાય, તે પાર્શ્વનાથ પ્રભુને હું પ્રણામ કરું છું. વામાદેવી ભગવાન શ્રી પાર્શ્વનાથની માતાનું નામ; તેમના પુત્ર તે પાર્શ્વનાથ ભગવાન છે. તેમનું દર્શન થવું તે એક જાતની શોભા આપનાર છે. જેમ જ્ઞાનવિલાસે આનંદ કરતાં જ્ઞાનવિલાસ બનાવ્યો, તેવો તે સરસ આનંદ છે, એક જાતની લહેર છે. એમાં આનંદ લેવાથી પોતાની પ્રભુતા પ્રાપ્ત થાય અને છેવટે પરમાનંદમાં વિલાસ થાય એવા પાર્શ્વનાથ પ્રભુને હું પ્રણમું છું, નમું છું. સેવું છું. પ્રભુ પાર્શ્વનાથનો શીતળતા ગુણ અતિ સમજવા લાયક છે. કમઠ અને ધરણેન્દ્ર પર સમાન બુદ્ધિ રાખનારનું નામ લઈએ છીએ તો અત્યારે જ આપણામાં એક જાતની શીતળતા આવે છે, પ્રભુતાનો ગુણ પ્રાપ્ત થાય છે, અને અંતે આપણો પરમાનંદમાં વિલાસ થાય છે. આ ગાથામાં જ્ઞાનવિમળસૂરિએ પોતાનું નામ જણાવ્યું અને આનંદઘનજીને આડકતરી રીતે યાદ કર્યા (૮)

## ઉપસંહાર

આ જ્ઞાનવિમળસૂરિના બનાવેલા તેવીશમા સ્તવનનો કેન્દ્રસ્થ વિચાર આત્મિક મૂળ ગુણ પ્રગટ કરવાનો છે. એ મૂળ ગુણો કંચનરૂપે આત્મામાં રહેલા જ છે. પણ અંદર રહેલ કંચનત્વ જેમ સુવર્ણ ઉપર લાગેલ માટી પ્રયાસથી દૂર કરીને પ્રગટ કરાય છે, તેમ આત્મગુણો પ્રકટ કરવાના છે. એ પ્રકટ કરવા માટે અનેક આધ્યાત્મિક અને યૌગિક ઉપાયો કામે લગાડવાના છે. આત્મા જેમ યમ-નિયમાદિકનો ઉપયોગ કરે તેમ તેના મૂળ ગુણો પ્રકટ થાય છે, અને એક વખત એ ગુણો પ્રાપ્ત થાય ત્યાર પછી તે અંત વગરના કાળમાં આનંદમાં લહેર કરે છે. એ આત્મિક આનંદ તદ્દન સ્વાભાવિક છે અને એનો અનુભવ એવો અલૌકિક છે કે દુન્યવી કોઈ પદાર્થ સાથે એની સરખામણી ન થઈ શકે. દુન્યવી સર્વ વસ્તુઓ આનંદ આપે તો તે મર્યાદિત કાળ સુધી જ હોય છે. એ મર્યાદાનો અંત આવે એટલે આનંદ વીસરાઈ જાય છે. વસ્તુતઃ તે આનંદમાં આનંદ જેવું કાંઈ નથી, કારણ કે પૌદ્ગલિક સર્વ આનંદ માન્યતામાં જ છે. ગળ્યું ખાવામાં આવે કે ઇન્દ્રિયના કોઈ વિષયને સેવવામાં આવે, તેમાં જરા વખતનું સુખ લાગે છે, પણ એમાં વસ્તુતઃ આનંદ જેવું કાંઈ નથી; છતાં તેને થોડા વખતનું સુખ માનીએ તો તે પણ લાંબો વખત ટકતું નથી. પણ આત્મિક આનંદ તો ભારે ચીજ છે; એ એક વાર આવ્યા પછી જતો નથી અને અનંત કાળ સુધી તેમ ને તેમ ચાલ્યા કરે છે.

પ્રાણી છાતી કાઢીને દુનિયામાં ચાલે છે, અને બોલતી વખત ગમે તેવું બોલી નાખે છે. પણ તેને લક્ષ નથી કે વર્તમાન સર્વ દમદમાટ કે ધમધમાટ લાંબો વખત ટકવાનો નથી. અને જે

સુખની પાછળ દુઃખ ડોકિયું કરી રહેલ હોય, તેને કયા અર્થમાં સુખ કહેવાય? આવી ખોટી માન્યતાનાં સુખ પ્રાપ્ત કરવા માટે તે ખટપટ કરે છે, અને પોતાની હોંશિયારી બતાવે છે. પણ માંડેલ બાજીને પલટાતાં વખત લાગતો નથી. અને પછી એકના એક છોકરાના મરણ વખતે કે વહાલાં સગાંઓના વિલય વખતે પોતાનું જીવન પણ અકારું લાગે છે. માન્યતાનાં સુખની આવી સ્થિતિ હોવાથી એ સુખને મેળવવા પ્રયાસ કરવો, અને કદાચ થોડા વખત માટે સુખ મળે તો તેમાં રાચવું, એ વસ્તુસ્થિતિનું અજ્ઞાન બતાવે છે એટલા માટે આત્મિક સુખ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો તે આ સ્તવનનો ઉદ્દેશ છે. તેમાં બહુ વિવેચન આવશ્યક નથી, કારણ, અર્થ સમજાય તેવો ઉઘાડો છે. તેટલા માટે આ સ્તવન પર જરૂરી વિવેચન કર્યું છે.

સ્તવનની આખરે જ્ઞાનવિમળસૂરિએ પોતાનું નામ પણ આડકતરી રીતે બતાવી દઈ એ કોની કૃતિ છે તે સ્પષ્ટ કર્યું છે. તેઓ સુંદર અર્થ કરનાર અને જાતે કવિ થઈ ગયા. તેમનો ધર્મપ્રેમ વિશાળ હતો અને તગપચ્છની પાટને પોતાના જીવનના સમયમાં દીપાવી ગયા હતા. તેમની કૃતિઓ ઉપલબ્ધ થઈ તે પ્રકટ કરવામાં આવી. તેઓનું નામ અવિચળ રાખવાનો યોગ્ય પ્રયત્ન થયો છે તે સુંદર વાત છે. તેમના આદર્શ ચરિત્રની પણ લોકહિતાર્થે જરૂર છે. તેમની કૃતિનું એક મહાવીરસ્વામીનું સ્તવન રજૂ કરી આ આનંદઘન ચોવીશીનો અત્યંત રસિક વિષય પૂર્ણ કરવામાં આવશે. (૨૩-૩)

જુલાઈ : ૧૯૫૦ ]

૨૪ (૧)

શ્રી આનંદઘનજીનું કહેવાતું

# શ્રી મહાવીર જિન સ્તવન

**ભૂમિકા**[૧]—આ સ્તવનનો કેન્દ્રસ્થ વિચાર વીરપણું–બહાદુરપણું છે. અસલની દૃષ્ટિએ આપણો ધર્મ ક્ષત્રિયનો ધર્મ હતો. જૈનધર્મે તો જ્ઞાતિનો સ્વીકાર જ કર્યો નથી. પણ આપણો ધર્મ ક્ષત્રિયનો ધર્મ છે એ વાત આપણે ભૂલી ગયા. જે ક્ષત્રિયે એ ધર્મ ઉપદેશ્યો, જેને પગલે આપણે ચાલીએ છીએ, તેમની નજરમાં સર્વ જીવો સરખા હતા. અને માણસ ગમે તે જાતનો હોય, તેનો મોક્ષમાં જવાનો અધિકાર હતો એમ તેઓની સમજણ હતી, અને એ પ્રકારનો ઉપદેશ તેઓએ એકસરખી રીતે આપ્યો છે. એટલે પ્રાણી જો પોતાનું આત્મિક જોર કરે તો તેનો મોક્ષ કોઈથી, નાતજાતને કારણે રોકી શકાતો નહોતો. આનું નામ વીરતા છે.

આ સર્વ વાત આપણે વીસરી ગયા અને ઓસવાળ, પોરવાડ, શ્રીમાળીના ઝઘડામાં પડી ગયા એ આપણું દુર્દૈવ છે. એને દુર્દૈવ કહેવાનું કારણ એ છે કે એ આપણને આપણું ખરું સ્થાન ભુલાવે છે અને ખોટે રસ્તે ચઢાવે છે. આપણે એ રસ્તો છોડી દેવો જોઈએ અને મહાવીરસ્વામીના અસલ રસ્તે આવી જવું જોઈએ. એમાં આપણી શોભા છે. આપણે જો ખરેખરા મહાવીરના અનુયાયી હોઈએ તો આપણે તો બહાદુરના પુત્રો છીએ. આપણો મોક્ષ આપણને કુલ સ્વાધીન છે. એ વીરતા વીસરાઈ ગઈ છે તેથી આ સ્તવનની અંદર આપણે એ વીરતા માગી એનો ઉદ્ધાર કરીએ છીએ. વીરતા કોઈ આપી જવાનું નથી, એ વસ્તુ માગી મળતી નથી, પણ એ આપણને યાદ કરાવનાર એક સૂત્ર છે અને તે બરાબર યોગ્ય વખતે આપણને સાંપડે છે.

આત્મા ખરેખર વીરતાને વરેલો જ હોવો ઘટે. એને કષાયો-વિષયોને જીતવા છે, અને સમુદ્‌ઘાત કરવો છે. એને ત્રણે કારણો સાધવાં છે, એને ગુણસ્થાનકમારોહ કરવું છે, તો પછી એ કામ કાંઈ નિર્બળથી સાધ્ય નથી; એ તો વીરપુરુષ હોય કે થાય તે જ તેને મેળવી શકે. આ વીરતા આ સ્તવનમાં માગી છે. વીરના પુત્રો વીરત્વ કેળવે એ આ સ્તવનનો મુખ્ય હેતુ છે.

સ્તવન કોઈ કોઈ સ્થાને ગૂંચવણ કરે તેવું છે. જે સાદી-સીધી વાત આનંદઘનજી કરતા હતા તે, વિદ્વત્તા ગમે તેવી હોય તોપણ, કર્તા આ સ્તવનમાં લાવી શક્યા નથી. 'નમો મુજ નમો મુજ રે' એ સ્તવન (૧૬ મું)ની અને આ સ્તવનની ઘણી ઊંડી વાતો ભાષાફેર બતાવે છે. અને, મારી માન્યતા પ્રમાણે તો, બાવીસ સ્તવનમાં પ્રૌઢ ભાષામાં વિચારોની પ્રૌઢતા જળવાઈ રહી છે, પણ ત્યાર પછી એ સુકરતા આવી શકી નથી, તેથી આનંદઘનજીનું સ્થાન તો અદ્વિતીય જ છે, અને તે તેવું જ રહેશે. આપણે સરખામણી કરવા આ સ્તવન બને તેટલા સંક્ષેપથી વિચારી જઈએ.

---

૧. આ પદ ઉપર જ્ઞાનવિમલસૂરિનો ટબો નથી, બહુ જ જરૂર પૂરતું આ સ્તવન પર વિવેચન કર્યું છે.

### સ્તવન

(રાગ-ધન્યાસરી)

શ્રી વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જિત નગારૂં વાગ્યું રે. વીર૦ ૧

**અર્થ**—શ્રી મહાવીર પરમાત્માને પગે લાગું અને તેમની પાસે વીરતા-બહાદુરીની માગણી કરું છું. મિથ્યામોહનીયરૂપ અંધકારની બીક ભાગી ગઈ છે અને મારો તેને પરિણામે વિજય-ડંકો વાગ્યો છે. (૧)

**વિવેચન**—મહાવીરસ્વામીને-વર્ધમાન શ્રીવીરને પગે લાગીને તેમની પાસે વીરતા-બહાદુરી માગું છું. હું પૈસા કે ઘર માગતો નથી, પણ એ મોટા પુરુષ પાસે હું માગું છું કે મને એકલી વીરતા આપો; હું મારા દુશ્મનોને પહોંચી શકું તેટલી બહાદુરી-તેટલું શૂરવીરપણું મને આપો.' માણસ માગે તો ધન કે ઘરબાર કે છોકરા-છોકરી કે આવું કાંઈ માગે, પણ આ ડાહ્યો માણસ કોઈ ચીજ કે કોઈ વસ્તુ માગતો નથી, પણ ભગવાન પાસે વીરતા જ માગે છે. એ માગણી કરવાનો એનો વિચાર દીર્ઘદૃષ્ટિનો છે. પૈસા કે સ્ત્રી-પુત્ર તો આ ભવમાં જ કામ આપે છે, પણ શત્રુઓને જીતવા માટે જે શૂરવીરપણું આ પ્રાણી માગે છે એ તો ઘણા કાળ માટેની અને ભવાંતરની વાત છે. એ માગણી કરી એણે અરહિંતપદના અર્થને ચરિતાર્થ કર્યો છે. 'અરિ' એટલે શત્રુ, તેને હણવા માટે હૃદયબળ જોઈએ અને તે વીરતામાંથી ઉદ્ભવે છે, એટલે આ માગણીમાં ભારે રહસ્ય રહેલું છે. વીરતાનું નીચેનું વર્ણન વાંચવાથી એ બરાબર સમજણમાં આવશે.

મિથ્યાત્વને લીધે અવસ્તુમાં વસ્તુનું ભાન થાય છે અને અવાસ્તવિકમાં વાસ્તવિકતાનું ભાન થાય છે. આ મિથ્યાત્વ તરફનો પ્રેમ એ તદ્દન અંધકાર છે. ચારે તરફ ઘોર અંધારું છે અને તેનો ભય એટલો બધો છે કે પ્રાણી એને લઈને અનાદિકાળથી સંસારમાં અટવાયા કરે છે. વીરતા હોય તો અંધકારનો ભય દૂર થાય અને પ્રાણીમાં હૃદયબળ આવી જાય. આવી રીતે મિથ્યાત્વમોહનીયના અંધકારને દૂર કરવાની માગણી કરવામાં પ્રાણીની દીર્ઘ નજર રહેલી છે અને એ વીરતાને પરિણામે આખરે એનો વિજયડંકો વાગે છે. ભગવાનને પગે લાગી તેમની પાસે આવી નાની માગણી કરી તેમાં ભારે સમજણ રહેલી છે. 'મારા દીકરાના દીકરાની વહુને સાતમા માળેથી

---

**પાઠાંતર**—'જિનેશ્વર' સ્થાને પ્રથમ પંક્તિમાં 'જિન' ('વીર જિન') એવો પાઠ ભીમશી માણેક છાપે છે. ત્રીજા પાદમાં 'ભાંગું' એવો પાઠ 'ભાગું' સ્થાને છે. (૧)

**શબ્દાર્થ**—વીર જિનેશ્વર = ચોવીશમા તીર્થંકર મહાવીરસ્વામી ચરણે = પગે. લાગું = પાય પડું છું. વીરપણું = શૂરવીરતા, બહાદુરી. માગું = યાચું, પ્રાર્થું. મિથ્યા = જૂઠો, ખોટો, પ્રથમ ગુણસ્થાનક. મોહ = મોહનીય કર્મ, મિથ્યામોહનીયરૂપ. તિમિર = અંધારું. ભય = બીક. ભાગું = નાશ પામેલ, દૂર થવું, ભાગેલ. જિત = વિજય, જયનો. નગારૂં = ડંકો. વાગ્યું રે = ગગડયું, થયું. (૧)

સોનાની દોણીમાં છાશ વલોવતી જોઉં"—એવી અંધ પુરુષની માગણીમાં લાંબા આયુષ્યની, અંધાપો દૂર થવાની અને ઘરનાં ઘરની માગણી આવી જ જાય છે. આવી દીર્ઘ નજરની માગણી વીરતા માગવામાં છે. તે ભવાંતરના સુખ માટે અને સ્થાયી લાભ માટે છે. (૧)

છઉમત્થ વીરજ લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મથૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વીર૦ ૨

**અર્થ**—છદ્મસ્થ વીર્યના ક્ષયોપશમથી અને કર્મ લેવાની દશા અને કર્મ લેવાની સ્વયંબુદ્ધિ થવાથી તેને અંગે તથા આત્મિક અને સ્થૂળ-વ્યાવહારિક ક્રિયા કરવાનો રંગ લગાવી મહાવીરસ્વામી હોંસે હોંસે સાધુ બન્યા. (૨)

**વિવેચન**—છદ્મસ્થ વીર્ય લેશ્યાને સંબંધે કર્મગ્રહણ યોગ્ય બુદ્ધિ થાય છે. એ સર્વ જોઈને સ્થૂળ અને સૂક્ષ્મ ક્રિયા કરવાનો રંગ લાગવાથી વીરસ્વામી આનંદપૂર્વક-ઉત્સાહથી જાતે યોગી થઈ ગયા.

'છદ્મ' એટલે કપટ અથવા છલ. 'છદ્મ' એટલે ઘર પણ થાય છે. છદ્મસ્થ એટલે સાંસારિક છદ્મસ્થ વીર્ય અને મુક્ત વીર્ય એ બે જાતનું વીર્ય છે. લેશ્યા એટલે આત્મિક અધ્યવસાય. સાંસારિક અપેક્ષાએ થતું વીર્ય, એને જે લેશ્યા થાય, મનોવ્યાપાર થાય અથવા આત્મિક અધ્યવસાય થાય એ સર્વ અભિસંધિજ છે, એટલે કર્મ ગ્રહણ કરવાને યોગ્ય છે. આ સર્વ જોઈને શ્રી વીરને તો સ્થૂળ અને સૂક્ષ્મ ક્રિયા કરવાનો એવો સુંદર મોકો મળી ગયો, એમને સંસાર પર એવી ઘૃણા આવી ગઈ કે એ ઘણા ઉત્સાહથી સંસાર ત્યાગી યોગી થયા, દીક્ષા લીધી અને સંસારથી મુક્ત થયા. આવો વીરના ત્યાગનો મહિમા છે, અને તે પ્રશસ્ત હોઈ અનુકરણીય છે.

અભિસંધિજ એટલે કર્મ ગ્રહણ કરવાને યોગ્ય; એની વ્યાખ્યા 'કમ્મપયડી' ગ્રંથમાં આપવામાં આવી છે. છદ્મસ્થ વીર્ય અને લેશ્યાને લીધે કર્મ ગ્રહણ થાય છે. એ સર્વ જોઈને વીર પરમાત્મા યોગી થયા અને તે પૂરતા ઉત્સાહથી થયા. તે વીરને પગલે ચાલવા જેવું છે. (૨)

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખો, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગળગણુ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વીર૦ ૩

---

**પાઠાંતર**—'વીરજ' સ્થાને ભીમશી માણેક 'વીરય' છાપે છે. 'સૂક્ષ્મ' સ્થાને ભીમશી માણેક 'સુક્ષ્મ' છાપે છે. (૨)

**શબ્દાર્થ**—'છઉમત્થ' = છદ્મસ્થ, સાંસારિક. (વિવેચન જુઓ). વીરજ = વીર્ય, શક્તિ, ક્ષાયોપશમિક સમકિતવાળી આત્મપરિણતિ. સંગે = સોબતે, સાથે. અભિસંધિજ = કર્મ લેવાની દશા, કર્મ ગ્રહણ કરવાની સ્થિતિ (જ્ઞાનસાર.) મતિ = બુદ્ધિ, સમજણ. અંગે = ને લીધે. સૂક્ષ્મ = દેહકંપનરૂપ ક્રિયા, આત્મિક ક્રિયા. થૂલ = શરીર સંકોચાવું, ટાચકા ફૂટવા વગેરે બાહ્ય ક્રિયા. ક્રિયા = કાર્ય, વર્તન. રંગે = ઉત્સાહ. યોગી = ત્યાગી, વૈરાગી. થયો = ઉપન્યો. ઉમંગ = હોંસ, આનંદ. (૨)

**પાઠાંતર**—'પ્રદેશે' સ્થાને ભીમશી માણેક 'પ્રશે' છાપે છે. 'અસંખો' સ્થાને પ્રથમ પાદમાં ભીમશી માણેક 'અસંદેખે' છાપે છે. 'લેખે'ને બદલે ભીમશી માણેક 'લેખેં' છાપે છે. (૩)

**અર્થ**—અસંખ્ય પ્રદેશે વીર્ય-શક્તિ-બળ પણ અસંખ્યાતું છે. અને તેને લઈને આત્મા સંખ્યા વગરના મન-વચન-કાયાના યોગને ઇચ્છે છે, તેમાં તે જાય છે. અને પુદ્‌ગળનો સમૂહ લેશ્યા અનેક જાતની હોવા પ્રમાણે પોતાની શક્તિ પ્રમાણે બુદ્ધિને ગણે છે, તે અનુસાર બુદ્ધિને માપે છે. (૩)

**વિવેચન**—શરીરમાં આત્માના અસંખ્યાતા પ્રદેશો છે. અને દરેક પ્રદેશે અસંખ્ય યોગ છે. એમ આત્માના ન ગણી શકાય તેટલા યોગો છે એમ 'કમ્મપયડી' ગ્રંથમાં કહ્યું છે. પોતામાં –પોતાના આત્મામાં–કેટલી શક્તિ છે તે હવે સંભારે છે. અને સંભારતાં સંભારતાં એને એમ લાગે છે કે પ્રભુ પાસે વીરત્વ માગવાની એની વૃત્તિ થઈ તે પણ અનુચિત હતી. શરીરમાં તો અસંખ્ય પ્રદેશો છે અને તેથી તેની પોતાની જ યોગશક્તિ અસંખ્ય છે એ વાત એને જણાઈ અને પોતે પ્રભુ પાસે જે માગણી કરી તે પોતામાં જ છે એમ તેના જાણવામાં આવ્યું. વળી તેણે જાણ્યું કે તેનો પોતાનો પુદ્‌ગળસમૂહ છે, શરીર છે, લેશ્યાવિશેષે એટલે આત્મિક અધ્યવસાયને યોગે કરીને પોતાની બુદ્ધિ પ્રમાણે તેને ગ્રહણ કરે છે. આ પ્રકારનો જે આત્મવિશ્વાસ આવવો અને પોતાના જ જોર ઉપર આધાર રાખવો એ ઘણી મોટી વાત છે, મનુષ્ય ગતિમાં યોગોનું જોર હોય છે, બીજી ગતિમાં લેશ્યા–આત્મિક અધ્યવસાયનું જોર હોય છે, અને પોતે ભગવાન પાસે વીરપણું માગી રહેલ છે તે તો પોતામાં ભરેલ છે એ વાત એના ધ્યાનમાં આવી ગઈ. અને સાથે સાથે તેણે જાણ્યું કે બીજી ગમે તે ગતિમાં પોતે જાય તો આત્મિક અધ્યવસાય તે લે, ગ્રહણ કરે તેથી તેને વીરપણું બીજા પાસે માગવાની જરૂરિયાત નથી. તે તો ગમે તે ગતિમાં પોતામાં છે જ અને વીરપણાની માગણી પોતે કરી તેની કાંઈ જરૂરિયાત નથી.

આ તો હજુ વિચારને પરિણામે એનામાં આત્મવિશ્વાસ આવવાની શરૂઆત જ છે. માણસ જ્યારે આત્મવિશ્વાસ રાખે, પોતા પર ભરોંસો રાખે, પછી એને બહારથી કોઈ વસ્તુની માગણી કરવાનું કારણ રહેતું નથી. હવે એને વિચાર કરતાં જણાય છે કે પોતે જે વસ્તુ બહારથી માગી રહ્યો છે, તે તો પોતાનામાં જ છે, પોતા પાસે હતી, પોતે જ એટલા આત્મિક બળવાળો હતો. એટલે આવી માગણી કરવાની જરૂર નહોતી. આત્મવિશ્વાસ એ બહુ મોટી ચીજ છે. પછી એ પોતાના જોર ઉપર ટકી રહે છે અને ગમે તેટલી મુસીબતો આવે તેને ભેદી શકે છે. આવી આત્મ-વિશ્વાસની વાત તેને આ સ્તવનમાં છઠ્ઠી ગાથામાં સૂઝે છે. તેની શરૂઆત આ ગાથાથી થાય છે. (૩)

---

**શબ્દાર્થ**—અસંખ્ય=સંખ્યા વગરના, ગણ્યા ગણાય નહિ તેવા. 'પ્રદેશે'=અંશે, વિભાગે, દરેક ભાગમાં. વીર્ય=શક્તિ, જોર, બળ. અસંખો=અસંખ્યાતો, પાર ન આવે તેવું, ગણી ન શકાય તેટલું. યોગ=મન-વચન–કાયાનો સંબંધ, તેનો વેપાર. અસંખિત=અસંખ્ય, અનેક, ગણી ન શકાય તેટલા. કંખે=ઇચ્છે છે, કાંક્ષે છે, કરવા સમર્થ થાય છે. પુદ્‌ગળ=વસ્તુ, Matter. ગણ=સમૂહ, એકઠા થયેલા. તેણે=તેને લીધે, તે માટે, લેશુ=લેશ્યા. આત્માનાં પરિણામ. વિશેષે=પૃથક્ પૃથક્ લેશ્યાઓને લઈને યથાશક્તિ=શક્તિને અનુસાર, शक्तिमनतिक्रम्य। મતિ=આવડત, હોશિયારી. લેખે=માપે છે, મર્યાદામાં રહે છે. (૩)

ઉત્કૃષ્ટે વીરજને વેસે, યોગક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વીર૦ ૪

**અર્થ**—ઊંચામાં ઊંચા પ્રકારના વીર્યને આધારે મન-વચન-કાયાના યોગોની ક્રિયા અંદર દાખલ જ થતી નથી, પેસતી જ નથી. યોગની નિશ્ચળતા આત્મશક્તિને જરા પણ ડગાવી શકે નહિ. (૪)

**વિવેચન**—જ્યારે ચેતન પોતાનું ઉત્કૃષ્ટ વીર્ય ફેરવે–વાપરે, ત્યારે મન-વચન-કાયાના યોગો કાંઈ કર્મબંધન કરે નહિ. યોગની ધ્રુવતાનું એ લક્ષણ છે કે એ જ્યારે ઉત્કૃષ્ટ દશામાં હોય ત્યારે મન ગમે તે કામ કરે, વચન બોલે કે કાયા કામ કરે તે કોઈ જાતનું કર્મબંધન કરાવતાં નથી. તેથી સર્વ ક્રિયાઓ અટકી જાય છે. જેમ આત્માના આઠ રુચક પ્રદેશને કર્મ લાગતાં જ નથી, તેમ આત્મા જ્યારે ઉત્કૃષ્ટ વીર્ય ફેરવે છે તે વખતે ત્રણે પ્રકારના યોગ કોઈ કર્મબંધન કરતા નથી, આ ઉત્કૃષ્ટ વીર્યનું પરિણામ છે અને આત્મા જ્યારે ઉત્કૃષ્ટ વીર્ય ફેરવે છે ત્યારે કોઈ પ્રકારનું કર્મબંધન થતું નથી, અને આત્મશક્તિ જરા પણ મચક આપતી નથી. પણ તેણે તેનું ઉત્કૃષ્ટ-વીર્ય ફેરવવું જોઈએ. આવી રીતે પ્રાણી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષમાં જાય છે. એવા વીર્યને પ્રગટ કરવાની મારી ભાવના છે. તેને હે પ્રભુ! પ્રકટ કરાવો અને હું મારું ઉત્કૃષ્ટ વીર્ય વાપરું એવું આપ મારા સંબંધમાં કરી આપો એવી મારી આપને વિજ્ઞપ્તિ છે. આત્માની ધ્રુવતા કેવી લાક્ષણિક છે તે આપણે આગળ જોઈ આવ્યા છીએ અને તેવા ઉત્કૃષ્ટ વીર્યમાં જ્યારે ચેતન પડે છે ત્યારે યોગો મુદ્દલ નવીન કર્મબંધ કરતા નથી, એ સ્થિતિ પ્રાપ્ત કરવાની આ જીવની ભાવના છે. (૪)

કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
સૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે. વીર૦ ૫

---

**પાઠાંતર**—'વીરજ' સ્થાને ભીમશી માણેક 'વીરય' છાપે છે. 'નવિ' સ્થાને ભીમશી માણેક 'નવી' પાઠ છાપે છે. 'શક્તિ' સ્થાને ભીમશી માણેક 'શગતી' પાઠ છાપે છે, (૪)

**શબ્દાર્થ**—ઉત્કૃષ્ટ = સારામાં સારું, વધારેમાં વધારે, સરસમાં સરસ. અચળ. વીરજ = વીર્ય, શક્તિ, બળ. વેસે = હોય ત્યારે, વેશમાં, આવેશમાં. યોગક્રિયા = મન-વચન-કાયાની હિલચાલ. નવિ = નહિ, (નકારાત્મક). પેસે = દાખલ થાય. યોગતણી = મન-વચન-કાયાના યોગોની. ધ્રુવતા = નિશ્ચલપણાને લીધે. લેશે = જરા પણ, લેશમાત્ર પણ. આતમશક્તિ = આત્મશક્તિ, પોતાના આત્માની શક્તિ. ખેસે = ચલાવે, ગતિમાં મૂકે. (૪)

**પાઠાંતર**— 'તેહ' સ્થાને ભીમશી માણેકે 'તેહને' પાઠ છાપ્યો છે. (૫)

**શબ્દાર્થ**—કામ = પુરુષને સ્ત્રીની ઇચ્છા, સ્ત્રીને પુરુષની ઇચ્છા. વીર્ય = ભોગવવાની મરજી, વલણ. વશે = વશ પડીને, તાબે થઈને. જેમ = યથા, જે પ્રમાણે. ભોગી = સંસારી પ્રાણી, સાંસારિક જન. તેમ = તથા, તે પ્રમાણે. થયો = નીપજ્યો. ભોગી = તેનો અનુભવ કરનાર. સૂરપણે = બહાદુરીથી. આતમ = આત્મા, જિન. ઉપયોગી = ઉપયોગમાં વર્તી. થાય = નીપજે. તેહ = તે, એ જ, અયોગી = યોગ વગરનો, યોગહીન. (૫)

**અર્થ**—જ્યારે સ્પર્શસુખ ભોગવવાની ઇચ્છા થાય છે અને તેમાં પોતાની શક્તિ વાપરવા પ્રાણી લલચાય છે, ભોગી ભોગને ભોગવવા તત્પર બને છે, તે પ્રમાણે આત્મા ભોગ ભોગવવા તૈયાર થાય છે અને તેટલી બહાદુરીથી તે આત્મા ઉપયોગને શુદ્ધપણે પ્રવર્તાવે છે અને તેમ કરતાં તે તદ્દન યોગ વગરનો–અયોગી થઈ જાય છે. (૫)

**વિવેચન**—આત્માને લગતાં કેટલાંક મહાસત્ય જણાવે છે :—

જેમ ઇંદ્રિયસંગી ભોગવિલાસઆસક્ત પુરુષ ઇંદ્રિયના ભોગને ઇચ્છે છે, ખાવાનો શોખીન પુરુષ ભાવે તેવા પદાર્થ ઘેબર-જલેબી-લાડવાનો ભોગ કરવા-ખાવા ઇચ્છે છે, જેમ સ્ત્રીનો ઇચ્છક પુરુષ સ્ત્રીને મેળવવામાં સુખ માને છે, તેમ આત્માનો ભોગ ઇચ્છનારો પુરુષ આત્માના ઉપયોગમાં શૂરવીરતા વાપરી છેવટે યોગ ઉપર વિજય મેળવી અયોગી થાય છે. અને તે રીતે પુરુષ પોતાનો આત્મભોગ શું છે તે દાખવે છે અને તે રીતે પોતાના ભોગનું સ્થાન શું છે તે જણાવી અંતે યોગ વગરનો થઈ જાય છે. આત્મા જ્યારે શૂરવીર થાય છે ત્યારે તેના મૂળ ગુણમાં ઉપયોગ રાખી એ જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણને ભોગવી તેનો ભોગ કરે છે અને પોતે મન-વચન-કાયાના યોગ પર વિજય મેળવી અયોગી થાય છે.

આમ નિજગુણરમણતાનો ઉપયોગ આત્માનું અયોગીપણું પ્રાપ્ત કરે છે, એ મહાન સત્ય આ ગાથામાંથી પ્રાપ્ત થાય છે. અયોગીપણું પ્રાપ્ત કરવાનો ઉપાય આત્મા શૂરવીરપણે પોતાના મૂળગુણોના ઉપયોગ કરે–રાખે એ જ છે, એમ તેથી સમજાય છે. આ વાત ગળે ઊતરે તે માટે કામી પુરુષનો અને ભોગી, સાંસારિક ધનાર્થીનો દાખલો આપ્યો છે. ધન ખાતર માણસ પરદેશ જાય છે, પર્વતને શિખરે ચઢે છે અને સમુદ્રને પેલે પાર જાય છે, તેની પેઠે જેને યોગો પર વિજય કરવો હોય તે આત્માના મૂળ ગુણમાં રાચે છે, તેમાં મસ્ત બની જાય છે અને યોગો પર વિજય પ્રાપ્ત કરે છે. (૫)

> વીરપણું તે આતમ-ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
> ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજધ્રુવપદ પહિચાણે રે. વીર૦ ૬

**અર્થ**—વીરપણું (જે હું આપની પાસે માગતો હતો તે) તો મારા આત્મામાં જ છે અને એ હકીકત મેં આપની ભાષાથી જ જાણી છે. એનો આધાર તો મારા ધ્યાન, સમજણ અને વીર્યોલ્લાસ પર છે અને પ્રાણી પોતાના ધ્રુવપદને એ રીતે જ ઓળખે છે. (૬)

---

**પાઠાંતર**—'શક્તિ' સ્થાને ભીમશી માણેક 'શકતિ' છાપે છે. (૬)

**શબ્દાર્થ**—વીરપણું = બહાદુરી, જોરશોર, શક્તિવિશેષ. આતમ-ઠાણે = આત્મગુણસ્થાને, ચઢતાં ચઢતાં એ આવે છે, આત્મામાં જ છે. જાણ્યું = પરખ્યું, અનુભવ્યું. તુમચી = તમારી, આપની. વાણે = વાણીએ, વાચાએ, શબ્દોચ્ચારથી. ધ્યાન = ચિંતવન, meditation. વિનાણે = વિજ્ઞાન, જાણવું તે, સમજવું તે. શક્તિ = આવડત. પ્રમાણે = માપમાં, તેટલું જ. નિજ = પોતાનું, આત્મિક. ધ્રુવપદ = સ્થિરતા-સ્થાન, મનની સ્થિરતા. પહિચાણે = જાણે, સાધે, પ્રગટ કરે છે. (૬)

**વિવેચન**—આ દરેક ગાથામાં મેં વીરપણું માગ્યું છે તેને અંગે ઘણું રહસ્ય છે, તે આપની પાસે જણાવું છું.

આ વીર્યપણું-વીરપણું-બહાદુરી તો મારા પોતામાં જ—મારા આત્મામાં જ—છે એમ આપના કહેવાથી જાણ્યું. અને ધ્યાન—એકાગ્રતા અને વિજ્ઞાનના પ્રમાણમાં તે ધ્રુવપદને ઓળખવાની જ મારે વાર છે. હું ધ્યાનમાં જેટલો સમય કાઢું અથવા વિજ્ઞાનથી મારામાં રહેલું શૌર્ય ઓળખું અને વધારું તેટલી જ વાર છે. જેટલી હું એકાગ્રતા કરીશ અથવા મારા પોતાના વિજ્ઞાનના યોગે તેને જાણીશ, તેટલે અંશે તે વધતું જ જશે : એ આપના તરફથી થયેલી માહિતી માટે અને મારી આંખો ઉઘાડવા માટે આપનો ઋણી છું. મતલબ, જ્ઞાનથી યા ધ્યાનથી આત્માનુભવ કરવાની ઘણી જરૂરિયાત છે, અને આપે જ તે જણાવ્યું તે બહુ સુંદર કામ કર્યું છે. હવે એ મારી શક્તિ મારે કેવી રીતે પ્રગટ કરવી તેની બાબતનો પણ જરા ઉલ્લેખ કરી નાખું છું. (૬)

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, 'આનંદઘન' પ્રભુ જાગે રે. વીર૦ ૭

**અર્થ**—ટેકનું સાધન જે મૂકી દે અને પર પરિણતિને દૂર કરે તે ક્ષય ન પામે તેવા દર્શન, જ્ઞાન અને વૈરાગ્યની અનુકૂળતાએ અંતે આનંદઘનના પદને જાગ્રત કરે. (૭)

**વિવેચન**—આ પ્રાણી જ્યાં સુધી સાધ્યને પ્રાપ્ત કરવાને માર્ગે હોય ત્યાં સુધી અનેક અવલંબનો-ટેકાઓને લે છે. એ પ્રતિક્રમણ કરે, તપસ્યા કરે, વિનય-વૈયાવચ્ચ કરે, પ્રભુની મૂર્તિનું પૂજન કરે વગેરે અનેક અવલંબનો લે અને અમુક સાધ્ય પ્રાપ્ત કરવા માટે ટેકાઓ અને અવલંબનોને આદરે પણ આખરે એ આલંબનો તો બહારની વસ્તુ છે, પરભાવ છે, પરપરિણતિ છે, એમાં ને એમાં અનેક જીવન સુધી પડી રહેવાનું નથી; જ્યારે બને ત્યારે આ પરાવલંબન કે પરસાધનોને છોડી દેવાનાં છે. પોતે પરાવલંબન ત્યાગવાનાં છે, પણ તેની મર્યાદા હોય છે. એ જ્યારે સ્વાવલંબન કરી શકે, પોતાના આત્માની ઉપર આધાર રાખી શકે, ત્યારે આ આલંબનો તજવાં જોઈએ; આખા જીવન સુધી કે અનેક ભવાંતરો સુધી આ આલંબનો અને ટેકાઓ ઉપર આધાર ન રાખવો; કારણ કે એ આલંબનો-સાધનો આખરે પરવસ્તુ છે, પરપરિણતિ છે. પણ સ્વાવલંબન માટે પોતાની તૈયારી છે કે નહિ તે બરાબર વિચારવું

---

**પાઠાંતર**—'પરિણતિ' સ્થાને ભીમશી માણેક 'પરીણતિ' છાપે છે. (૭)

**શબ્દાર્થ**—આલંબન = ટેકા, પ્રાથમિક દશાને અવલંબનો. સાધન = ટેકા, જેવર, વાડના વેલા. ત્યાગે = તજી દે, છોડી દે, મૂકી દે. પર = આત્માથી અન્ય, પર વસ્તુ, બીજી વસ્તુ. ભાગે રે = છેટો જાય, આઘો ખસે. અક્ષય = કદી જેનો નાશ ન થાય તેવું, હમેશનું. દર્શન = દેખવું તે, મોક્ષ, બીજું કર્મ. જ્ઞાન = જાણવું તે, પ્રથમ કર્મ. વૈરાગે = વિરાગતાએ આનંદઘન = આનંદનો સમૂહ, જથ્થો. જાગે = જાગૃત રહે, ઊંઘે નહિ. (૭)

જોઈએ. પરાવલંબનની જરૂરિયાત છે, પણ અંતે તે છોડી દેવા જેવાં છે, ત્યાગવા જેવાં છે. એમાં જો અઘટિત ઉતાવળ થાય તો પ્રાણી યોગથી ભ્રષ્ટ થાય છે. માટે તેનો સમય અને પોતાની વૈયક્તિક લાયકાત બરાબર વિચારવાં ઘટે. પણ હાલ નહિ તો વહેલાંમોડાં આ પરાવલંબન અને સાધનને ત્યાગવાનાં જ છે. પરાવલંબન ત્યાગવાનો પોતાનો સમય પાકી ગયો છે તેનો નિશ્ચય બરાબર કરવો ઘટે. અંતે આત્મા સ્વાવલંબી થાય ત્યારે તેની આનંદ મેળવવાની ઇચ્છા પૂરી થાય છે અને આત્માનું વીર્ય સ્ફુરે છે.

જ્યારે આ પરાવલંબન અને બાહ્ય સાધનનો ટેકો છૂટી જાય અને આત્મા સ્વાવલંબી થાય ત્યારે જ્ઞાન અને વૈરાગ્યથી એ અક્ષય દર્શન પામે, વસ્તુઓ કે વ્યક્તિઓ એની નજરમાં બરાબર આવી જાય. તે વખતે એનો વસ્તુસ્થિતિનો બોધ (જ્ઞાન) અને વિરાગતા એની બાજૂએ મદદમાં રહે છે અને વસ્તુતત્ત્વબોધ અને વૈરાગ્યની મદદ લઈ એનામાં આનંદનો સમૂહ જાગૃત થાય છે. આ જ્ઞાન અને વૈરાગ્યનો મહિમા બરાબર સમજવા યોગ્ય છે. જ્ઞાનથી વસ્તુ ખરેખરી અંતિમ અવસ્થાએ શું છે તેનું મૂલ્ય બેસે છે, અને વૈરાગ્યથી તેના ઉપરથી અણઘટતો રાગ કે આકર્ષણ દૂર થાય છે. આવી આત્માની અનંત જ્ઞાન-દર્શનમય સ્થિતિ, જેને મૂળ ગુણ કહ્યા છે, તેનામાં રમણ કરતાં જે આનંદસમૂહ જાગૃત થાય છે તેનો અંતે, પરભાવનો ત્યાગ કરવાથી અને પોતા ઉપર આધાર રાખવાથી, પોતે જાતે અનુભવ કરે છે. આત્મા પોતાના મૂળ ગુણમાં રમણ કરે એવી ઇચ્છવા યોગ્ય સ્થિતિ તો સાતમા ગુણસ્થાનક પછી પ્રાપ્ત થાય છે; તે આ કાળમાં અને આ શરીરમાં લભ્ય નથી, તેથી આલંબનોનો લાભ લેવો અને તેનો ત્યાગ આવતા ભવાંતરમાં થઈ જશે એમ આશા રાખવી, અને આલંબનો અને સાધનોને પુષ્ટ કરવાં, અને છેવટે પ્રગતિ થતાં આત્માના મૂળ ગુણમાં રમણતા કરી આનંદ-સમૂહ જાગૃત થશે, એમ ધારણા રાખવી. (૭)

## ઉપસંહાર

આ પ્રમાણે આ ચોવીશમું સ્તવન પૂર્ણ થયું. એ કૃતિ જ્ઞાનસારની હોય કે અન્ય કોઈની હોય, તે શંકાસ્પદ છે. પણ ખૂદ જ્ઞાનસારજી કહે છે કે આ બન્ને સ્તવનો પણ આનંદઘનજીનાં સ્વકૃત છે અને જ્ઞાનવિમળસૂરિએ મહાવીરસ્વામીના સ્તવનનો અર્થ પણ લખ્યો છે. આમાં સત્ય શું હશે તેની ખબર પડતી નથી. આમાં ભારોભાર તત્ત્વજ્ઞાન આલેખવા છતાં તત્ત્વજ્ઞાન કેવી શુષ્ક રીતે અપાયું છે તેની સાથે આનંદઘનની કૃતિ કેટલી ઊંચી છે તેનો ખ્યાલ આવે એ માટે ત્રેવીશમા અને ચોવીશમા જિનેશ્વરની કૃતિઓ સરખામણી માટે આમાં આપવામાં આવી છે. આ કૃતિ આનંદઘનજીની હોય એમ મને ભાષાપદ્ધતિને અંગે લાગતું નથી. વિવેચન તેટલા માટે સંક્ષેપમાં કર્યું છે અને જેટલાં સ્તવનો પર જ્ઞાનવિમળસૂરિએ અર્થ કર્યો છે તે પણ અત્ર છાપવામાં આવ્યો છે.

આ સ્તવનમાં વીરત્વ–બહાદુરીની માગણી કરી છે તે ભૂમિકામાં જણાવ્યું. છે, પણ

વીરપણું તો પોતાના આત્મામાં જ છે અને પ્રભુ પાસે તેની માગણી કરવાની રહેતી નથી અથવા માગણી કરવી નકામી છે એ વાતને ઉપર છઠ્ઠી ગાથામાં જણાવવામાં આવી છે. વાત પોતામાં રહેલ અનંત વીર્યને પ્રગટ કરવાની છે અને તે અન્ય પાસે વિનતિ કરવાથી આવતું નથી અને આવે તો કાંઈ ઉપયોગનું પણ નથી. એથી ખરેખરું આત્મવીર્ય પ્રગટ કરવાનું કામ છે, તે કરવા માટે સ્તવન નિમિત્તે આ સર્વ ઉપદેશ છે. એ સમયસર જાણી લેતાં પોતાના આત્માની પ્રગતિ થાય છે: આ સત્ય સમજાય તો સ્તવનની બાકીની વાતો સમજાઈ જાય તેવું છે. પછી પ્રભુએ સંયમ શા માટે લીધો તે અને બીજી અનેક વાતો સ્તવનમાં કરી છે, તેમાંની તત્ત્વજ્ઞાનની વાતો પર તે તે સ્થાનકે પૂરતું જરૂરી વિવેચન સંક્ષેપમાં કરવામાં આવ્યું છે. તે સર્વ વિચારી આત્મપ્રગતિ સાધવા યોગ્ય પ્રયાસ કરવો. (૨૪–૧)

મે : ૧૯૫૦ ]

## ૨૪ (૨)

### શ્રી આનંદઘનજીનું કહેવાતું

# શ્રી મહાવીર જિન સ્તવન

**ભૂમિકા**—આ ચોવિશમા તીર્થંકરનું બીજું સ્તવન થયું. તે જ્ઞાનસારની કૃતિ છે કે કોઈ બીજાની કૃતિ છે તે સ્પષ્ટ થતું નથી. જ્ઞાનસારે બે સ્તવન બનાવ્યાં છે. તેની ખાસિયત એ છે કે એના કર્તા તરીકે તેમણે આનંદઘનજીનું નામ આપ્યું છે. પણ ૨૩ (૧)થી ૨૩ (૨) અથવા ૨૪ (૧) થી ૨૪ (૨) એ બેમાંથી કયું સ્તવન એમનું બનાવેલું છે, તે તેઓ સ્પષ્ટ કરતા નથી. પણ ભાષાદૃષ્ટિએ વિચાર કરતાં એ ચારે સ્તવનો આનંદઘનજીની કૃતિ તો લાગતી જ નથી, કારણ કે એ ચારે સ્તવનમાં વપરાયલી ભાષા અને આનંદઘનજીનો શબ્દપ્રયોગ છાનો ન રહી શકે, જુદો પડી જાય છે. આ સ્તવનમાં બતાવેલા દ્રવ્યાનુયોગના વિચારો પણ ઘણા સંઘટ્ટ છે, અને તેમાં આનંદઘનનો સરળ ભાષાપ્રયોગ મળતો નથી તેથી સાહિત્યની દૃષ્ટિએ એ જરૂર અન્યની કૃતિ છે એમ લાગ્યા વગર રહેતું નથી. એ વાત તો અચોક્કસ સ્થિતિમાં રહેશે, કારણ કે જ્ઞાનસાર, જેમણે ત્રીસ વર્ષ સુધી આનંદઘનનાં ૨૧ અથવા ૨૨ સ્તવન પર વિચાર કરી પોતાનાં મંતવ્યો નોંધી લીધાં છે તે કહે છે કે તેમને આનંદઘનજીનાં બે સ્તવનો એક પ્રત પરથી જડ્યાં અને તેના પર તેમણે અર્થ લખ્યો. અને તે અહીં દાખલ કર્યાં છે. તે ૨૩ (૧) અને ૨૪ (૧) છે કે ૨૩ (૨) અને ૨૪ (૨) છે, કે કયાં છે તે તેમણે સ્પષ્ટ કર્યું નથી.

જ્ઞાનવિમળસૂરિએ બાવીસ સ્તવન પર અર્થ લખ્યો છે. ઉપરાંત, તેમણે તેવીસમા અને ચોવીસમા જિનનાં સ્તવનો બનાવ્યાં છે. તે પણ સરખામણી યોગ્ય હોવાથી અહીં ૨૩ (૩) અને ૨૪ (૩) તરીકે દાખલ કર્યાં છે. કાંઈ નહીં તો ભાષાની સમજણ માટે તે સ્તવનો ઉપયોગી છે.

આ ૨૪ (૨) સ્તવનનો કેન્દ્રસ્થ વિચાર 'અકલ્પ્ય,' શબ્દમાં સમાય છે : પ્રભુ–ભગવાનનું સ્વરૂપ બેસે તેવું નથી, કળી–કલ્પી શકાય તેવું નથી, કોઈની સાથે સરખાવી શકાય તેવું નથી. એ કેવી રીતે અકલ્પ છે તે આ સ્તવનમાં બતાવ્યું છે. આપણે તે પર વિચાર કરીએ.

બાકી, સંસારની અનેક આંટીઘૂંટીમાં તથા પૌદ્ગલિક વાસનામાં લુબ્ધ થયેલા આ પ્રાણીને પરમાત્મતત્ત્વનો વિચાર જ આવતો નથી; એ તો પોતાને જે મળ્યું તે ભોગવવામાં અને વધારે મેળવવામાં ખૂબ આડાઅવળા પ્રયાસો કરે છે, વલખાં મારે છે અને પોતે જે વિચાર, ઉચ્ચાર કે ક્રિયા કરે તે પ્રત્યેકના જવાબ આપવા પડશે, તેનો વિચાર પણ કરતો નથી, પણ અભિમાનમાં છાતી કાઢીને ચાલે છે અને કાં તો તદ્દન રાંકડો બની યાચના કરે છે; અને એવી રીતે અભિમાન કે રાંકપણામાં જીવન ગુજારે છે અને મોતે કે કમોતે મરી જાય છે. આવા પ્રાણીને અનેક સ્થિતિમાંથી પસાર થવું પડે છે; એ એક ખાડામાંથી નીકળી બીજામાં પડે છે. અને એને

ખરી સ્થિતિનું ભાન કરાવનાર કોઈ નીકળી આવે અને તેનું ધ્યાન દોરે તો એનામાં જ્ઞાન ભાસતું જ નથી. અને એ આવ્યો હોય તેવો ખાલી હાથે અત્ર સર્વ મૂકીને ચાલ્યો જાય છે. તેવા માણસને વિચારમાં નાખી દે તેવું આ સ્તવન છે. તે કોની કૃતિ છે તે સહજ વિચારી ગયા. હવે એ શું કહે છે તે આપણી આવડત પ્રમાણે આપણે વિચારીએ.

સ્તવન[1]

(પંથડો નિહાળું રે બીજા જિનતણો—એ દેશી)

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું, ભાવું કેમ સ્વરૂપ?
સાકારી[2] વિણુ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ. ચરમ૦ ૧

**અર્થ**—છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું સ્વરૂપ તો અત્યારે નાશ પામેલ છે; તો શુદ્ધ ચેતના કહે છે કે સાકારી ન હોય તેનું ધ્યાન તો શક્ય કેમ થઈ શકે? એ તો પોતે કોઈ જાતના વિકાર વગરના છે, ફેરફાર વગરના છે, પોતાના રૂપ–આકાર વગરના છે. તો શુદ્ધ ચેતના કહે છે કે એનું હું ધ્યાન કેમ કરીને કરું? મારા રસ્તામાં અનેક મુશ્કેલીઓ છે. (૧)

**વિવેચન**—છેલ્લા તીર્થંકર, જે વિગતસ્વરૂપી છે, જેનું સ્વરૂપ સમજવું ઘણું મુશ્કેલ છે, તે હું કેવી રીતે ભાવું? કારણ કે સાકારી વગર તે સ્વરૂપનો ખ્યાલ આવવો ઘણો મુશ્કેલ છે. અને તેઓ પોતે અવિકારી અને અરૂપી છે. આવા અવિકારી અને અરૂપીનું ધ્યાન પણ કેમ કરવું? કારણ કે ધ્યાન કરતાં રૂપ તો જોઈએ. આ મુસીબતનો જવાબ આપે છે તે આપણે આગળ જતાં વિચારીશું.

આ વિગતસ્વરૂપીનું ધ્યાન મનઃપર્યવજ્ઞાનીથી પણ જાણી ન શકાય તેવું છે. રૂપસ્થ ધર્મ-ધ્યાન સુધી આકાર હોય છે અને ત્યાં સુધી તો મૂર્તિપૂજાનો સ્વીકાર આગમમાં કર્યો છે. રૂપાતીત ધર્મધ્યાનનો પ્રકાર પ્રાપ્ત કરવો એ કેટલો મુશ્કેલ છે તે આપણે વિચારવા જેવું છે. બાકી, આ કાળનાં સંઘયણ અને સંસ્થાન વિચારતાં તો રૂપ વગર ધ્યાન સંભવતું નથી; ત્યારે કેમ કરીને પ્રભુનું ધ્યાન આ કાળમાં થઈ શકે?—એવો આ પ્રાણીને પ્રશ્ન થવો તે સાહજિક

---

**શબ્દાર્થ**—ચરમ = છેલ્લા. જિણેસર = જિનેશ્વર, તીર્થંકર. વિગત = ગયેલું છે, નાશ પામેલ છે, નથી. સ્વરૂપ = પોતાનું રૂપ, દેખાવ. ભાવું = જાણું, ધ્યાનમાં લઉં. કેમ = કઈ રીતે. સ્વરૂપ = પોતાનું રૂપ, બાહ્ય દેખાવ. સાકારી = આકારને ધારણ કરનાર, આકાર સહિત હોય તે. વિણ = વગર, વિના, સિવાય. ધ્યાન = એકાગ્રતા, શાસ્ત્રમાં બતાવેલ ધ્યાનના પ્રકારો. ન સંભવે = શક્ય નથી. એ = તે, પેલા, તીર્થંકર અવિકાર = જેમાં વિકાર ન થાય તેવા, અવિકારી, ફેરફાર વગરના. અરૂપ = રૂપ વગરના, અરૂપી. (૧)

---

૧. જ્ઞાનસારનું આ સ્તવન ભીમશી માણેકના ગ્રંથમાં છપાયેલું છે. તેને સરખાવવા માટે બીજી કોઈ પ્રત મળી નથી તેથી એનાં પાઠાંતર આપી શકાયાં નથી. સ્તવનમાં ઘણા અર્ધમાગધી શબ્દો આવે છે; તે સમજવા માટે વિવેચન જોવું.

૨. ભીમશી માણેકના ગ્રંથમાં અહીં 'સારી' પાઠ છે; પણ મને 'સારી'ને બદલે 'સાકારી' પાઠ યોગ્ય લાગે છે; એટલે અર્થને ધ્યાનમાં લઈ મેં 'સાકારી' પાઠ લીધો છે.

બાબત છે. આમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. પ્રભુ પોતે તો અવિકારી અને અરૂપી છે, તો તેઓનું ધ્યાન કેમ કરવું તે વાત પણ વિચારવા યોગ્ય છે અને તેઓ તો સાત રાજ અળગા જઈને બેઠેલા છે અને પ્રભુના ધ્યાન વગર પ્રભુ જેવા થઈ શકાય નહિ તે પણ વાત જાણવામાં છે. અહીં આ કાળ અને સર્વ કાળની બેવડી ગૂંચવણ થઈ. ધ્યાન વગર સિદ્ધિ નથી, તો એ અવિકારી અને અરૂપી ધ્યાન કઈ રીતે કરવું ?–તેવો સવાલ આ જિજ્ઞાસુને ઊઠ્યો. તેનો જવાબ આ પ્રાણી પ્રભુ પાસે માગે છે. પ્રભુ એ સવાલનો જવાબ આપે છે તે આવતી ગાથામાં જોવામાં આવશે. ધ્યાન સાકારીનું થઈ શકે છે, અને પ્રભુ નિરાકાર છે, તે વિચારી જવાબ આપવાનો છે. (૧)

આપ સરૂપે રે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;
અસંખ ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ. ચરમ૦ ૨

**અર્થ**—પોતાના સ્વરૂપમાં હોય ત્યારે તે આત્મામાં રમણ કરે છે, આત્મભાવમાં રમે છે; તેના પ્રથમથી તો બે પ્રકાર છે : (૧) અસંખ્ય ઉત્કૃષ્ટ ભાવે એ સાકારી પદે છે, તેનું રૂપ હોય છે. અને (૨) જ્યારે તે સિદ્ધ થાય છે, ત્યારે તે આકાર વગરના, એકસરખા છે અને ભેદ–પ્રકાર વગરના છે. (૨)

**વિવેચન**—આત્મસ્વરૂપે એ પરમાત્મા આત્મામાં રમણ કરે છે. પ્રથમ તો તેના બે પ્રકાર પડે છે : અસંખ્ય વર્ષો સુધી તે સાકારીપણે રહે અને પછી છેવટે તે નિરાકારી અને નિર્ભેદ થાય. આવા પરમાત્માને તે કેમ ભજવા ? નિરાકારીને આકાર કેમ આપવો ? આત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં હોય છે, એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં હોય છે, ત્યારે એ પોતાના ગુણમાં રમણ કરે છે. પણ અસંખ્ય વર્ષો સુધી એને ઘાતી કર્મ લાગેલાં હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મને ઘાતી કર્મ કહેવામાં આવે છે. કેટલાક પ્રાણી ઘાતી કર્મવાળા હોય છે અને કોઈ કોઈ અઘાતી કર્મવાળા હોય છે. તે બે પ્રકાર પૈકી કોઈ તીર્થંકર હોય છે, માન-પ્રતિષ્ઠા-પૂજાને પાત્ર હોય છે અને કોઈ અતીર્થંકર હોય છે. ઉત્કૃષ્ટ કાળે ૧૭૦ તીર્થંકર લાભે છે અને અતીર્થંકર તો નવ ક્રોડ હોઈ શકે છે. તીર્થંકર બધા સિદ્ધ થાય છે. તે અવિકારી અને અભેદી કહેવાય છે; કારણ કે સિદ્ધ તરીકે તો પછી કોઈનો ભેદ રહેતો નથી, સર્વ સમાન છે. આવા અવિકારી પ્રભુનું ધ્યાન કેમ કરવું ?–એ સવાલ છે અને આ પ્રાણી પ્રભુને તેનો સવાલ કરે છે. (૨)

**શબ્દાર્થ**—આપ = આત્મા, પોતે, નિજ. સરૂપે = સ્વરૂપે, રૂપે, સ્વભાવે. આતમમાં = આત્મામાં, પોતામાં. રમે = રમણ કરે, વિલસે. તેહના = તેના. ધુર = પહેલેથી, પ્રથમથી. બે = એકને વધતાં એક. ભેદ = પ્રકાર. અસંખ = અસંખ્ય, જે ગણી ન શકાય તેટલા. ઉક્કોસે = ઉત્કૃષ્ટ, વધારેમાં વધારે. સાકારી = આકારે કરી સહિત, તીર્થંકર. પદે = પદવીએ. નિરાકારી = આકાર વગરના, રૂપ વગરના, સિદ્ધ. નિરભેદ = ભેદ વગરના, એકસરખા, નિર્ભેદ. (૨)

સુખમ નામકરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત;
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત. ચરમ૦ ૩

**અર્થ**—એક તો ચર્મચક્ષુથી ન દેખાય તેવું નિરાકારપણું, તેના પ્રકારનો અંત આવતો નથી. અને નિર્ગતિક કર્મના યોગે જે આકારરહિતપણું–નિરંજન-નિરાકારપણું પ્રાપ્ત થાય છે, તેના પ્રકાર પણ અનંત છે. (૩)

**વિવેચન**—હજુ સવાલ ચાલે છે. નિરાકારપણું બે જાતનું છે : એક સૂક્ષ્મ નામકર્મને લઈને; અને તેના તો અનંતા ભેદ છે. બીજું નિર્ગતકર્મથી નિરાકારીપણું પ્રાપ્ત થાય છે, કર્મ ન હોય ત્યારે; તેના પણ અનંત ભેદો છે. દરેક સિદ્ધો અસંખ્યાત પ્રદેશાત્મક છે અને અનંતા પ્રાણી સિદ્ધ થયેલા છે તેથી તેના અનંતા ભેદ થાય. સૂક્ષ્મ નામકર્મના ઉદયે અનંત જીવો સૂક્ષ્મ થાય છે. પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય, વાઉકાય અને વનસ્પતિ–સૂક્ષ્મને આ સૂક્ષ્મ નામકર્મનો ઉદય હોય છે, તેથી પણ તે પ્રાણીનું શરીર ન દેખાય. અને સર્વ કર્મનો નાશ થતાં નિરાકારીપણું મળે તે સિદ્ધના જીવો અનંત હોવાથી સરવાળે અનંતા થાય. આ બે પ્રકારના અનંતા બતાવવાનો હેતુ એ છે કે કર્મજન્ય સૂક્ષ્મપણું અને કર્મનાશજન્ય અવિકારીપણું, આવું આપનું તો કાંઈ રૂપ નથી. ત્યારે મારો સવાલ એ છે કે આપને કઈ રીતે ધ્યાવવા ? આનો માર્ગ મને મળતો નથી. આપ કાંઈ રસ્તો બતાવો ત્યારે મને સૂઝ પડે.

નિગોદના સર્વ પ્રાણીઓને સૂક્ષ્મ શરીર હોય છે. તેઓનાં શરીર દેખાતાં નથી અને આપ અને બીજા અનંત સિદ્ધો કર્મ રહિત થવાથી અવિકારી અને અશરીરી થયા છે. આપ નિરાકાર છો, તો પછી મારે આપનું ધ્યાન કઈ રીતે કરવું ? પ્રથમ ગાથાથી જે સવાલ ઉપસ્થિત થયો છે તે ચાલુ છે. હજુ તે જ આકારે જુદી જુદી દલીલથી એ સવાલ આ પ્રાણી ચાલુ રાખે છે. (૩)

રૂપ નહિ કંઈયે બંધન ઘટયું રે; બંધ ન મોક્ષ ન કાય;
બંધ મોખ વિણુ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય? ચરમ૦ ૪

**શબ્દાર્થ**—સુખમ = સૂક્ષ્મ, બાદર નહીં તે સૂક્ષ્મ નામકર્મનો ઉદય. નામકરમ = નામકર્મ, સૂક્ષ્મ દશકા પૈકી પ્રથમ નામકર્મ. નિરાકાર જે = ચર્મચક્ષુથી ન દેખાય તેવું. તેહ = તે, સો, એ. ભેદે = પ્રકારે. નહિ = ન (નકારાત્મક). અંત = છેડો, પાર. નિરાકાર = આકાર રહિત, નિરંજન નિરાકાર. જે = કે, જે કોઈ. નિરગતિ = નિર્ગતિક, જેમની કોઈ ગતિ નથી. કર્મ = નિઃકર્મા, કર્મરહિત. ભેદ = પ્રકાર. અનંત = પાર–છેડા વગરના, અપરંપાર. (૩)

**શબ્દાર્થ**—રૂપ = સ્વરૂપ; આકાર. નહિ = ન. કંઈયે = ક્યાંથી, ક્યા પ્રકારે, કેવી રીતે. બંધન = બંધાઈ જવું તે. ઘટયું = સંભવ્યું, યોગ્ય થયું. બંધ ન = બંધ નહિ, બંધાવું નહિ. મોક્ષ = મુકાવું તે. છૂટા થવું તે, કર્મ વગરના થવું તે. ન = નહિ. કાય = શરીર. બંધ = બંધન, બંધાવું તે. મોખ = મોક્ષ, મુકાવું તે વિણુ = વગર. સાદિ = જેની શરૂઆત છે તેવું. અનંત = અંત વગરનું. ભંગ = ભાંગો. પ્રકાર. સંગ = સાથે હોવાપણું, તેપણું. કેમ = શી રીતે. હોય = સંભવે, થાય. (૪)

**અર્થ**—જો રૂપ ન હોય તો બંધન સંભવ્યું ક્યાંથી ? એટલે જેનો બંધ નહિ તેનો છુટકારો અને શરીર સંભવતાં નથી. અને બંધન અને મોક્ષ વગર સાદિ અનંતનો ભંગ છે તે સુસંગત કેમ હોઈ શકે ? (૪)

**વિવેચન**—હવે આ પ્રાણી શંકામાં અંદરની શંકા કરે છે. આપ અરૂપી છો, તો અરૂપીને બંધન ન હોય, કારણ કે બંધન માટે રૂપની જરૂર છે. તો પછી આપને બંધન કેમ સંભવે ? અને જ્યાં કર્મનો બંધ ન હોય ત્યાં પછી તેમાંથી મોક્ષ કાંઈ પણ હોતો નથી, કારણ કે બંધન હોય તો તેમાંથી મુકાવાનું-છૂટવાનું હોય. અને જ્યારે બંધ અને મોક્ષ ન હોય તો સાદિ અનંતનો આપનો ભાંગો કહેવાય છે, તેનો સંભવ કેમ હોય ? આ તો મારી ગૂંચવણમાં વધારો જ થતો જાય છે. આપની બધી વાત જેમ જેમ હું વિચારું છું, તેમ તેમ મારી શંકાઓ વધતી જાય છે. તો આપનું ધ્યાન હું કેમ કરું, તે આપ મને સમજાવો.

ચાર ભાંગા છે : અનાદિઅનંત, અનાદિસાંત, સાદિઅનંત અને સાદિસાંત. તેમાં આપનો સાદિઅનંતનો ભાંગો છે તે બેસતો કેમ આવે ? સર્વ સિદ્ધો આ સાદિઅનંતને ભાંગે વર્તે છે. સર્વ જીવોને આશ્રયીને મોક્ષ અનાદિ અને અનંત ભાંગે છે, એટલે મોક્ષની આદિ પણ નથી અને અંત પણ નથી. પણ પ્રત્યેક જીવ આશ્રયી મોક્ષની આદિ ખરી, પણ અંત નહિ. તો આપના સંબંધમાં સાદિઅનંતનો ભાંગો સુસંગત કેમ થાય, અને આપનું ધ્યાન હું કેમ કરું તે આપ મને સમજાવો. (૪)

દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહે રે, સત્તા વિણ સ્યો રૂપ ?
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સરૂપ. ચરમ૦ ૫

**અર્થ**—દ્રવ્ય-ચીજ વગર સત્તા-છતાપણું ન હોય, અને સત્તા વગર રૂપ તો કેમ હોઈ શકે ? અને રૂપ વગર સિદ્ધની અનંતતા કેમ હોઈ શકે ? ત્યારે આપનું અકળ સ્વરૂપ મારે કેમ ધ્યાવવું તે આપ મને જણાવો-સમજાવો. (૫)

**વિવેચન**—અને વધારે શંકા-સમાધાન કરાવવા માટે પ્રભુને કહે છે કે દ્રવ્ય વગર સત્તા હોઈ શકે નહિ અને સત્તા વગર રૂપ કેમ સંભવે ? અને રૂપ વગર સિદ્ધની અનંતતા કેમ હોય ? તો અકળ-અકલ્પ સ્વરૂપને કેવી રીતે ભાવું ? આ ગાથામાં દ્રવ્યાનુયોગનું ઊંડું તત્ત્વજ્ઞાન છે, તે આપણે સમજવા યત્ન કરીએ.

---

**શબ્દાર્થ**—દ્રવ્ય = વસ્તુ, ચીજ. વિના = વગર, સિવાય. સત્તા = સત્તા, હોવાપણું, છતાપણું. નવી = ન (નકારાત્મક). લહે = પામીએ. સત્તા = સત્તા, હોવાપણું. વિણ = વગર, સિવાય. સ્યો = કેમ, શું. રૂપ = આકાર. રૂપ = આકાર, સ્વરૂપ. વિના = વગર, સિવાય. કેમ = કઈ રીતે, કેવી રીતે. સિદ્ધ = મોક્ષમાં ગયેલાની, મુક્તની. અનંતતા = પાર વગરપણું. ભાવું = ધ્યાવું, જાણું. અકલ = ન કળી શકાય તેવું, અકલ્પ્ય. સરૂપ = સ્વરૂપ. (૫).

પૃથ્વીતળ ઉપર ઘડો ન હોય તો તેને કાંઈ નામ આપી શકાતું નથી; ભૂતળ ઘટ વગરનું છે એવું તો ન કહેવાય; અભાવનો ભાવ છે એમ ન કહેવાય. આ સત્‌ના સ્વરૂપ વિષે જુદા જુદા દર્શનકારોનો જુદો જુદો મત છે. કોઈ દર્શન સત્ પદાર્થને નિરન્વય ક્ષણિક માને છે. તેઓ ઉત્પાદ અને વ્યયને જ સ્વીકારે છે. કોઈ દર્શન આત્માને કેવળ ધ્રુવ (કૂટસ્થનિત્ય) અને પ્રકૃતિતત્ત્વ રૂપ સત્‌ને પરિણામી નિત્ય (નિત્યાનિત્ય) માને છે. કોઈ દર્શન અનેક સત્‌પદાર્થોમાંથી પરમાણુ, કાળ, આત્મા આદિ કેટલાંક સત્ તત્ત્વોને માત્ર ઉત્પાદવ્યયશીલ (અનિત્ય) માને છે, પરંતુ જૈનદર્શનનું સત્‌ના સ્વરૂપ સંબંધનું મંતવ્ય ઉક્ત બધા મતોથી જુદું છે. અને તે કહે છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી યુક્ત હોય-તદાત્મક હોય-તે સત્ કહેવાય. (તત્ત્વાર્થસૂત્ર, ૫-૨૯). જૈનદર્શનનું માનવું એ છે કે સત્-વસ્તુ છે તે ફક્ત સમગ્ર કૂટસ્થનિત્ય, અથવા ફક્ત નિરન્વયવિનાશી, અથવા એનો અમુક ભાગ કૂટસ્થનિત્ય અને અમુક ભાગ પરિણામી નિત્ય, અથવા એનો કોઈ ભાગ તો ફક્ત નિત્ય અને કોઈ ભાગ તો માત્ર અનિત્ય એમ હોઈ શકતું નથી. એના મત પ્રમાણે ચેતન અથવા જડ, મૂર્ત અથવા અમૂર્ત, સૂક્ષ્મ અથવા સ્થૂળ બધી સત્ કહેવાતી વસ્તુઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપે ત્રિરૂપ છે. આ રીતે દ્રવ્ય જ પોતે ન હોય તો તેની સત્તા નથી. અને સત્‌પણું ન હોય તો તેને રૂપ કેમ સંભવે? અને સત્તા ન હોય તો સિદ્ધોમાં અનંતતા કેમ સંભવે? ત્યારે મારે આપનું રૂપ કેમ ભાવવું?—આવો સવાલ પૂછ્યો તેનો ભગવાન્ શ્રી મહાવીરસ્વામી જવાબ આપે છે તે આવતી ગાથામાં કહેશે. અત્યાર સુધી સંશયમાં પડેલા પ્રાણીનો સવાલ પોતાની સમજણ માટે અને વસ્તુરૂપના જ્ઞાન માટે હતો. પ્રભુ-ભગવાન એનો સારો જવાબ આપે છે તે આખો વિચારવા યોગ્ય છે. તે વિચારી તદનુસાર પોતાની જાતને ગોઠવવી. (૫)

આત્મતા પરિણતિ જે પરિણમ્યા રે; તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધ પ્રતિષેધ. ચરમ૦ ૬

**અર્થ**—પોતાના આત્માની અસલ-મૂળ પરિણતિને જે પ્રાણી પામે તેવા આત્મા સાથે અમુક રીતે મારો ભેદ છે અને અમુક રીતે અભેદ છે; બાકી તત્સ્વરૂપ આકાર વગર બહિરાત્મપણે મારા સ્વરૂપને તારે ધ્યાવવું, તેને કેમ કરવું અને તેનો નિષેધ કેમ કરવો (તે મેં બતાવ્યું છે). (૬)

**વિવેચન**—આત્મતા, 'જે જ્ઞાન-દર્શન-ચારિત્ર, તેની પરિણતિ જે પામ્યા, તન્મય થઈ ગયા, તે પ્રભુની સાથે ભેદાભેદરૂપે થઈ ગયેલ છે, એટલે બહિરાત્મદશાએ પ્રાણી વર્તે ત્યારે

---

**શબ્દાર્થ**—આત્મતા = અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રતા, સ્વસ્વરૂપ પરિણતિ = તદ્રૂપ થવું, એક્તા પ્રાપ્ત કરવી. પરિણમ્યા = પામ્યા, પ્રવર્તમાન થયા. તે = ત્રીજો પુરુષ એકવચન. મુજ = મારી સાથે. ભેદાભેદ = ભેદ અને અભેદ. તદાકાર = તે આકારનું. વિણ = વગર. મારા રૂપનું = સ્વરૂપનું. ધ્યાવું = ધ્યાવવું, વિચારવું, જાણવું. વિધ = કરવું તે, બહિરાત્મભાવે કરવું તે. પ્રતિષેધ = નિષેધ, ન કરવું તે, અટકાયત કરવી તે. (૬)

ભગવાન સાથે તેનો ભેદ છે, તે ભગવાનથી જુદો છે, અને આત્મપરિણતિમાં પરિણમે ત્યારે અભેદ રૂપે છે; એટલે ચેતનનો ભગવાન સાથેનો આ જ અભેદ છે. આ આકારના રૂપ વગર તેના-મય થવું તે વિધિ છે અને તેના-મય ન થવું તે નિષેધ છે; એટલે અમુક અંશે તન્મય થવું અને રૂપાતીત ભાવે ધ્યાવવની પોતાની યોગ્યતા થાય ત્યારે તેનો નિષેધ છે. આ વિધિ અને નિષેધને બરાબર સમજી લેવા; એમાં યોગ્યતા વગર નિષિદ્ધ બાબતોને આદરવી નહિ, અને સાકાર ભાવ હોય તેને આદરવો–સ્વીકારવો. એ વિધિ અને નિષેધ વચ્ચે સમતુલતા રાખવી એ કર્તવ્ય છે.

કઈ હદે સાકાર ધ્યાન કરવું અને ક્યારે તેને છોડીને નિરાકાર ધ્યાન કરવું, એના સર્વ વિધિ અને નિષેધો યોગગ્રંથમાં વિસ્તારથી વર્ણવવામાં આવ્યા છે. ત્યાંથી સમજીને તે વિધિ અને નિષેધને તે પ્રમાણે અનુસરવા. પોતાની યોગ્યતા સાકાર ધ્યાન કરવાની હોય, છતાં નિરાકાર ધ્યાન કરે તો તે નિષિદ્ધ વાત છે; તેમ જ ઊલટું પણ સમજવું અને સમજીને પોતાની યોગ્યતા હોય તે પ્રમાણે યોગપ્રગતિ કરવી. કોઈ વાત અમુક રીતે જ કરવી અને અમુક રીતે ન જ કરવી એવો વિધિ-નિષેધ આમાં છે જ નહિ; લાભની દૃષ્ટિએ જેમાં લાભ દેખાય તે કરવું અને નુકસાન થાય તે ન કરવું.

મુદ્દાની વાત એ છે કે ભગવાનના કહેવા પ્રમાણે અધિકારીએ પોતાનો અધિકાર જોઈને યોગ્યતા–અયોગ્યતાનો નિર્ણય કરવો. વાત એવી છે કે આત્મિક પરિણતિમાં પરિણમવું અને બાહ્ય ભાવનો ત્યાગ કરવો, અને તે માટે પોતાની યોગપ્રવૃત્તિ કેટલી વધી છે, તેની સમજણ કરવી તે પ્રત્યેક વ્યક્તિનું કામ છે. આ અનેકાંતમત પ્રમાણે એનો એક નિર્ણય નથી; દરેક વ્યક્તિએ પોતા માટે નિર્ણય કરવાનો છે. અંતે તો નિરાકાર ભાવે આત્માની અસલ પરિણતિમાં તન્મય થવાને રસ્તે જ પોતાનો ઉદ્ધાર છે, પણ તે માટે સમય અને પોતાની યોગ્યતા જોવી. છેવટે આ નિરાકારભાવને આદરવા છેલ્લી સાતમી ગાથામાં જણાવશે. ભગવાનનો આ જવાબ છે. અને તેમાં સર્વ સવાલોના જવાબ અંતર્ગત થાય છે. (૬)

અંતિમ ભવગહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;
તઈએ 'આનંદઘન'પદ પામશું રે, આતમરૂપ અનૂપ. ચરમ ૭

**અર્થ**—જ્યારે મારો છેલ્લો (અંતિમ) ભવ મને પ્રાપ્ત થશે અને જ્યારે મારે સંસારમાં આવવાનું નહિ હોય ત્યારે—તે ભવમાં—તમારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરશું, ત્યારે–તે–વખતે–

**શબ્દાર્થ**—અંતિમ = છેલ્લા, જ્યાર પછી સંસારમાં આવવાનું ન હોય તેવા. ભવ = સંસારયાત્રા, છેલ્લો ભવ. ગહણે = લીધે, પ્રાપ્ત થયે. તુજ = તમારા, તારા, પરમાત્મભાવનું. ભાવશું = વિચારશું, ચિંતવશું. શુદ્ધ = આત્મિક, વિશુદ્ધ, અંતે પ્રાપ્ત થવાનું. સ્વરૂપ = રૂપ, શુદ્ધ સ્વભાવ. તઈએ = ત્યારે, તે વારે, તદા. આનંદઘન = આનંદઘન સ્વરૂપ, નિજ સત્-ચિત્-આનંદપણું, પોતાનું રૂપ. પામશું = પ્રાપ્ત કરશું, મેળવશું. આતમ = આત્માનું, આત્મિક, સ્વકીય, પોતાનું. રૂપ = સ્વરૂપ. અનૂપ = જેને કોઈ સાથે સરખાવી ન શકાય તેવું incomparable. (૭)

આનંદના સમૂહનું સ્થાન પામશું. અને તે આત્માના રૂપનું એવું સુંદર સ્થાન છે કે જેની સરખામણીમાં કોઈ પદાર્થ સાથે થઈ શકે નહિ. (૭)

**વિવેચન**—આ પ્રાણી જવાબનો જવાબ આપે છે કે હે પ્રભુ! મારો છેલ્લો ભવ થશે ત્યારે એ શુદ્ધ સ્વરૂપ, જે આપે બતાવ્યું, તેનું ધ્યાન કરશું. એવો વખત આવશે ત્યારે અખંડ આનંદને અમે પણ પામશું. અને તે આત્મિકરૂપ અનુપમ હશે, એને કોઈ સાંસારિક સુખ સાથે સરખાવી ન શકાય.

અંતિમ ભવ આવશે એટલે ત્યાર પછી ભવ કરવાના નહિ હોય, ત્યારે અમે–આ જીવ–હું પોતે–ક્ષપક શ્રેણિ માંડીશ. ક્ષપક અને ઉપશમ શ્રેણીનું સ્વરૂપ ઉમાસ્વાતિ વાચકના પ્રશમરતિ ગ્રંથમાં સવિસ્તર જોવું. આ પ્રશમરતિ ગ્રંથમાં પ્રશમ શ્રેણિમાં શું શું થાય છે તે વિસ્તારથી બતાવવામાં આવ્યું છે. (જુઓ સદર ગ્રંથ, પ્રકરણ ૧૪મું). એ પ્રશમશ્રેણિ જ્યારે આ જીવ કરશે ત્યારે આનંદના સમૂહને પામશે અને તે કોઈની સાથે સરખાવી ન શકાય તેવું આત્માનું રૂપ હશે. આ મારી હોંસ છે, મારે પ્રાપ્ત કરવાનો પરમ પદાર્થ છે અને તે વખતે મને અવર્ણ્ય, નિરુપમ આનંદ થશે.

## ઉપસંહાર

આ સ્તવન કદાચ જ્ઞાનસારનું બનાવેલું હોય. એમણે તેવીશમું અને ચોવીશમું એક એક સ્તવન બનાવ્યું, અને પછી તેમને આનંદઘનનાં પોતાનાં બનાવેલાં મૂળ સ્તવન મળી ગયાં, તેનો પણ તેમણે અર્થ લખી ચોવીશી પૂર્ણ કરી. આમાંનાં કયાં સ્તવન તેમનાં બનાવેલાં અને કયાં આનંદઘનજીનાં બનાવેલાં તેમને મળ્યાં તે સ્પષ્ટ બતાવેલ નથી. પણ મને ૨૩ (૧), ૨૪ (૧), ૨૩ (૨), ૨૪ (૨) એ ચારે સ્તવનમાંથી એક પણ સ્તવનમાં આનંદઘનની ભાષા દેખાતી નથી. આનંદઘને જે સરળતાથી તત્ત્વજ્ઞાન ચર્ચ્યું છે, તેવી સરળતા, મારી માન્યતા પ્રમાણે, જ્ઞાનસાર કે બીજા કોઈ કવિ લાવી શકયા નથી.

આ સ્તવનમાં આત્માનું સ્વરૂપ અનેક દૃષ્ટિબિંદુથી ચર્ચવામાં આવ્યું છે. આત્માનું સ્વરૂપ બે રીતે વિચારાય: એક તો મૂળ–અસલ સ્વભાવે કેવો છે તે સ્વભાવની અપેક્ષાએ જોઈ શકાય; અને અનાદિ અભ્યાસને લીધે એનું મૂળ સ્વરૂપ અવરાઈ ગયું છે અને પરભાવને એ પોતાનો ભાવ માનતો થઈ ગયો છે તે દૃષ્ટિએ જોઈ શકાય છે. એકને નિશ્ચયદૃષ્ટિબિન્દુ કહેવામાં આવે છે, બીજાને વ્યવહારદૃષ્ટિબિન્દુ કહેવામાં આવે છે. આ આત્માના નિશ્ચયદૃષ્ટિબિંદુના સ્વરૂપને વારંવાર ભાવવું, ધ્યાવવું અને વારંવાર વિચાર–ધ્યાન કરી એ પ્રાપ્ત કરવું એ જીવનનો મુખ્ય હેતુ છે. અને તેને અંગે સર્વ પ્રયાસ છે. અને પ્રાપ્ત કરવામાં જીવનસાફલ્ય છે અને તેને અંગે આપણી વર્તમાન મહેનત છે. આ આત્માના મૂળસ્વભાવને ઓળખવો અને ઓળખીને આપણી સાથે જોડી દેવો એ આપણું કર્તવ્ય છે. એની નજીક જેટલા જવાય તેટલું યોગ્ય છે. બાકી સર્વ નકામી ધાંધલ છે અને અર્થ વગરના આંટાફેરા છે. તેથી આત્માને અનેક દૃષ્ટિબિન્દુથી

ઓળખવા પ્રયત્ન કરવો અને ઓળખીને ન અટકતાં પોતે પરિપૂર્ણતામય થવા બનતો પ્રયાસ કરવો. અને તે વાતમાં આ ભવમાં પરિપૂર્ણતા ન મળે તો તેની નજીક જેટલા જવાય તેમાં આપણા પ્રયાસની સિદ્ધિ છે; કારણ કે જેમ રસ્તો નજીક થાય તેમ આપણા મુદ્દાની નજીક જવાય તેટલો રસ્તો કપાય છે. અને એ આત્મસ્વરૂપ તો અંતિમ-છેલ્લા ભવમાં મળે તેવું છે, પણ તેની નજીક જવાય તોપણ જીવન સફળ છે. કારણ કે ખૂબ વિચાર કરતાં આ નિજસ્વરૂપ, એ એક જ વસ્તુ મેળવવા યોગ્ય છે. બાકી છોકરાં, બૈરી, ઘરબાર કે પૈસા અહીં ગમે તેટલાં મળે તે સર્વ અહીં જ રહી જવાનાં છે. તેને મૂકીને જવાનું છે અને તે મૂકવાનાં છે તે ચોક્કસ છે. પછી વહેલાં કે મોડાં-જેટલું આયુષ્ય હોય તેના પ્રમાણમાં-આ વાત સ્વીકારવા યોગ્ય છે.

આ જીવ તો એવો છે કે એ સ્વરૂપને સમજતો નથી, અને સમજે તોપણ 'પડશે એવા દેવાશે,' એમ માની અત્યારે તો પરભાવમાં રમણ કરે છે. આ દીર્ઘદૃષ્ટિની કે ડહાપણની વાત નથી; આ સમજણનું સ્પષ્ટ પરિણામ નથી. એ જેટલે અંશે જલદી સ્વીકારવામાં આવશે તેટલે અંશે લાભ થશે અને તે સ્થાયી લાભ છે; અને સ્થાયી લાભ તે જ ખરેખરો લાભ છે. આજે મોટર પોતાની હોય અને ઘરનાં ઘર હોય, પણ અંતે તે સર્વ અહીં રહી જનાર છે, અસ્થાયી છે, તેથી હમેશનો-સ્થાયી લાભ થાય તેવા નિજપદાર્થ તરફ જવાની અને તેને પોતાના બનાવવવાની જરૂર છે, અને તે પોતાના હિત માટે છે. આવી રીતે આત્માને એના શુદ્ધ સ્વરૂપે ઓળખવા અથવા તેની નજીક જવા માટે પ્રયાસ કરી આ ભવને સફળ કરવો. (૨૪-૨)

૧૪ (૩)

## શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત

# શ્રી મહાવીર જિન સ્તવન

**ભૂમિકા**—આ સ્તવન જ્ઞાનવિમળસૂરિએ બનાવેલ છે અને છેલ્લી ગાથામાં તેમનું નામ પણ તેમણે આડકતરી રીતે સૂચવ્યું છે. સ્તવનની અંદર અનેક પ્રકારની ત્રિભંગીઓ આવે છે. ત્રિભંગીની ખૂબી એ છે કે એમાં ત્રણ વિભાગ બરાબર પાડવામાં આવે તો એક પ્રકારનો વિચાર-પરિપૂર્ણ થઈ જાય. આપણે સ્તવનના વિવેચનમાં જોઈશું કે આવી ત્રિભંગીઓ જ્ઞાનવિમળસૂરિએ અનેક રીતે પૂરી પાડી છે. એ રીતે આ સ્તવન જુદી ભાત પાડે છે અને તેના લેખકની વિદ્વત્તા બતાવે છે.

આ સ્તવન પર બહુ વિવેચન કરવાની જરૂર નથી. સમજવાપૂરતી અને ત્રિભંગી બતાવવાપૂરતી વિવેચના થશે. બાકી, આનંદઘનનું તત્ત્વજ્ઞાન ક્યાં અને તેના પ્રમાણમાં આ કૃતિ ક્યાં?—એ સરખામણી કરવા માટે આ સ્તવન અહીં આપ્યું છે; તે બન્ને કવિઓની વિદ્વત્તામાં કેટલો ફેર છે તે નિદર્શન કરાવવાપૂરતું ઉપયોગી છે.

આ પ્રાણીનું અભિમાન જોઈએ ત્યારે નવાઈ લાગે છે કે એ છાતી કાઢીને કેમ ચાલતો હશે? એનાં તોફાન જોઈએ ત્યારે એને કદી મરવાનું હોય એમ લાગતું જ નથી. અને એનાં કાવાદાવા અને ધમાલ તો જોવા જેવાં હોય છે. એના મનમાં રમત જુદી, એની સમજાવટ જુદી. અને એનો પોતાના માનેલા અને પારકા માનેલાની સાથેના વર્તાવનો તફાવત જોવા લાયક હોય છે. અને મનના વિકારો અને ગોઠવણો બધું જાણે એ અહીં જ બેસી રહેવાનો હોય તે રીતે જ કરતો જોવામાં આવે. એ ચારિત્ર અને સદ્‌ભાવની વાતો કરે, પણ વર્તન વખતે તેના ગોટાળા તપાસ્યા હોય તો તે જુદી જ જાતનો મનુષ્ય જણાય. અને એના પ્રચ્છન્ન ભાવો એને તદ્દન જુદા જ પ્રકારની વ્યક્તિ બતાવી આપે. આવી વ્યક્તિઓ વળી મોક્ષની વાત કરે ત્યારે એ જુદો જ પ્રાણી હોય તેમ બોલે, પણ એને કામ કરતાં જોયો હોય તો તેના વિચારો અને વર્તન વચ્ચેના તફાવતને અંગે એક આખું પુસ્તક ભરાઈ જાય! આ સંસાર આવો છે, નિઃસાર છે અને એવા સંસારમાંથી રસ્તો શોધવાનો છે, એ રસ્તો જડવો મુશ્કેલ છે. પણ આ જીવનયાત્રાને સફળ કરવા તેવા સાચા માર્ગની પ્રાપ્તિની જરૂર છે. આને અંગે ખૂબ વિચાર કરવાનો છે. એ વિચાર આ સ્તવનના કર્તા કેવા શબ્દોમાં બતાવે છે તે હવે જોઈએ અને આનંદઘને તત્ત્વજ્ઞાનને કેવી રીતે રમત કરતાં અપનાવ્યું છે, તે સરખાવીએ.

## સ્તવન

(રાગ મારૂણી ધનશ્રી; ગિરિમાં ગોરો ગિરૂઓ મેરુગિરિ ચઢો રે એ-દેશી)

કરુણા-કલ્પલતા શ્રી મહાવીરની રે, ત્રિભુવન મંડપમાંહિ પસારી રે;
મીસરી રે પરે મીઠી અભયે કરી રે. ૧

**અર્થ**—શ્રી મહાવીરસ્વામીની કરુણારૂપ કલ્પવેલ સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ—એમ ત્રણે લોકમાં ફેલાઈ ગઈ છે; તે અભયદાન આપવાના યોગે કરી સાકરની પેઠે મીઠી છે, ચોતરફ ત્રણે લોકમાં ફેલાણી છે. (૧)

**ટબો**—જ્ઞાનવિમળસૂરિ આ સ્તવનનો અર્થ લખતાં જણાવે છે કે–આ મહાવીર જિનની કરુણા પર-દુઃખ ટાળવારૂપ જે કલ્પલતા–વેલડી એટલે કલ્પવેલ તે ત્રિભુવન–સ્વર્ગ, મૃત્યુ, પાતાળ–રૂપ માંડવાને વિષે પસરી–વિસ્તરી છે. તે કેવી છે? જેમ મીસરી એટલે સાકર પ્રમુખ મીઠાઈ દ્રવ્ય, તેથી પણ અધિક મીઠી છે, અભયદાન રસે કરીને. (૧)

**વિવેચન**—કરુણા તે કલ્પવેલડી જેવી છે. જેમ કલ્પની વેલડી પાસે જે માગીએ તે મળે છે, જે ઇચ્છીએ તે હાજર થઈ જાય છે—જેમ યુગલિક સમયમાં બનતું હતું—તેમ મહાવીરસ્વામીની કરુણા કલ્પલતા જેવી છે, એની પાસે જે માગો તે મળે; તે સ્વર્ગ, મર્ત્ય અને પાતાળના લોકોમાં પસરેલી છે. ભગવાનની કરુણા કાંઈ અમુક વર્ગના, ધર્મના કે સગાં સુધીની નથી, પણ એ સાર્વત્રિક છે, દુનિયાના ત્રણ લોકના પ્રાણીને લાગે છે. અને એ કરુણારૂપ કલ્પલતા તે સાકરના જેવી મીઠી છે, તેનું કારણ તેમાં અભયદાનનું તત્ત્વ ભળેલું છે તે છે. મારા સંબંધમાં આવનાર ત્રણ ભુવનનો ગમે તે પ્રાણી કોઈ પણ પ્રકારનો ભય ન પામો, તે સુખી થાઓ, એવા અભયરસે કરી એ વ્યાપ્ત છે. આવી સુંદર કરુણા અભયરસથી મિશ્ર થઈ સાકરના જેવો સ્વાદ આપે છે. એવા મહાવીર પ્રભુ છે, અને એવી તેમની સાકારમિશ્રિત કરુણા છે. તે વીર પ્રભુને હું સ્તવું છું. (૧)

શ્રી જિન આણા ગુણઠાણે આરોપતાં રે, વિરતિતણે પરિણામ પવને રે;
અવને રે અતિ હિ અમાય સભાવ રે. ૨

---

**શબ્દાર્થ**—કરુણા = દયા, sympathy. કલ્પલતા = કલ્પવેલડી, ઇચ્છિત પૂરનાર વેલડી. મહાવીરની = ચોવીશમા પ્રભુ શ્રી મહાવીરસ્વામીની, તીર્થંકર વીતરાગ દેવની. ત્રિભુવન = સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં. મંડપ = માંડવો, વિશ્રામસ્થાન, વિશાળ જગા. પસારી = ફેલાવી, વિસ્તારી. મીસરી = મિશ્રી, સાકર, મીઠાઈ. પરે = પેઠે. મીઠી = ગળી. અભયે = અભયદાનથી, જીવોને અભય આપવાથી. કરી = વડે, તેનાથી. (૧)

**શબ્દાર્થ**—શ્રી જિન = શ્રી તીર્થંકર, જિનેશ્વર દેવ–તેમની. આણા = આજ્ઞા, ફરમાન, કહેવું તે. ગુણઠાણે = ગુણસ્થાનકે, ચોથે ગુણઠાણે. આરોપતાં = તન્મય કરીએ, તદ્રૂપ પરિણમાવીએ. વિરતિ = ત્યાગભાવે, તજવે, એટલે પાંચમે ગુણઠાણે જતાં. તણે = તે, ના. પરિણામ=જમાવીએ, કરીએ. પવને = હવાએ, વાયરાએ. અવને = રક્ષણ, સાચવવું. અતિ હિ = ઘણી. અમાય = નિષ્કપટ ભાવ. (૨)

**અર્થ**—તે અમૃતવેલી તે જિનઆજ્ઞાને અનુસરવાને ગુણસ્થાનકે એટલે ચોથે ગુણસ્થાનકે એટલે અવિરતિ શ્રદ્ધાન ગુણસ્થાનકે તે સમકિતરૂપ પ્રાણ આરોપીએ, પરમ શુભ પવને કરી પરિણમાવીએ અને એ વેલને નિષ્કપટતારૂપ જે સહજ સ્વભાવ, તેનાથી—(અપૂર્ણ છે, તેથી આવતી ગાથા જુઓ.) (૨)

**ટબો**—તે કરુણારૂપ અમૃતવેલી, તે જિનઆજ્ઞાને ગુણઠાણે શ્રદ્ધાન ગુણઠાણું તે, સમક્તિરૂપ સ્થાન આરોપીએ; વિરતિ તેણે પરિણામ શુભ પવને કરી પરિણમાવીએ. તે વેલડીનું અવન એટલે રાખવું, સ્યે કરી? અમાય એટલે નિઃકપટરૂપ સહજભાવથી. (૨)

**વિવેચન**—જિનેશ્વર ભગવાનની-શ્રી મહાવીર પ્રભુની-આજ્ઞા ગુણસ્થાનકે આરોપણ કરવી અને તે વખતે વિરતિના પરિણામ રાખવા; એ પરિણામરૂપ પવને કરી કરુણા-કલ્પવેલી હાલે-ચાલે. અને તે વખતે માયાનો ત્યાગ કરી સ્વસ્વભાવમાં આવી જવું. આ રીતે એ કરુણા-કલ્પ-વેલડીનું પોષણ કરવું. પ્રભુની આજ્ઞા સ્વીકારવારૂપ ચતુર્થ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે વિરતિ-ત્યાગભાવ-ના પરિણામ કરવા એટલે પાંચમે ગુણસ્થાનકે જવા નિર્ણય કરવો. આ ગુણસ્થાનક આરોહણરૂપ પવન તદ્દન માયાના ત્યાગપૂર્વક ગ્રહણ કરવો. માયાનો ત્યાગ કરવાનું અત્ર કહેવામાં આવ્યું છે તે ઘણું સૂચક છે. માણસોને ગોટા વાળવાની ટેવ પડેલી હોય છે. એ કરુણા-વેલડી હોવાનો ઢોંગ કરે તે તેનો સ્વભાવ નથી; પણ અનાદિકાળથી વિભાવ એનો સ્વભાવ થઈ પડચો છે, તે કારણે ખરા ધર્મને બદલે એ ધર્મિષ્ઠ હોવાનો દેખાવ કરી પોતાની જાતને અને પરને છેતરે છે. એ સર્વ પદ્ધતિ મૂકી દઈ નિષ્કપટ ભાવે ત્યાગભાવરૂપ પાંચમે ગુણઠાણે આવે. ત્યાં પછી શું થાય તે આગળ આવતી ગાથામાં કહેશે અને કરુણા-કલ્પતાનું વધારે વર્ણન પણ કરશે. (૨)

સર્વ સંવર ફ્લે ફ્લતી મિલતી અનુભવે રે, શુદ્ધ અનેકાંત પ્રમાણે ભલતી રે;
દલતી રે સંશય-ભ્રમના તાપને રે. ૩

**અર્થ**—તે વેલડી (કરુણા-કલ્પલતા) સંવરરૂપ ફળે કરી ભરાવદાર છે, અને એ વેલડી અનુભવને મળતી છે, તેમ જ અનેકાંત પ્રમાણે બહુ મળતી-ભળતી આવે છે. અને કોઈ પ્રકારની શંકા થાય કે, આ હશે કે તેમ એવો ભરમ થઈ જાય છે, તેને દૂર કરનારી અને તેને ખલાસ કરનારી છે. (૩)

**ટબો**—તે વેલડી સર્વ સંવરરૂપ ફળે કરી ફળતી છે, અનુભવરસે મિલતી છે, નિર્દૂષણ

**શબ્દાર્થ**—સર્વ = કુલ, બધા. સંવર = આડા દ્વારબંધ. ફળ = તે રૂપ પરિણામ. ફ્લતી = ફળ ધારણ કરનારી. અનુભવ = અનુભાવ, experience. મિલતી = મળતી. શુદ્ધ = ચોક્કસ. અનેકાંત = એકાંત નહિ, સ્યાદ્વાદ. પ્રમાણે = પ્રમાણ પ્રમાણે, સત્ય જ્ઞાન પ્રમાણે. ભલતી = તત્સ્વરૂપી. સંશય = વહેમ, શંકા. ભ્રમ = આમ હશે કે તેમ તેવી શંકા. તાપ = ગરમી. (૩)

અનેકાંત–સ્યદ્વાદ પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણાદિકમાં ભળતી છે. વળી કેવી છે? સંશય–ભ્રમરૂપ તાપ, તેને એ દળતી છે. (૩)

**વિવેચન**—એ ભગવાનની કરુણા-કલ્પવેલડી સર્વ સંવરના ફળ વડે કરીને ફળવતી થાય છે, અને એમાં અનુભવરસ મળતો આવી જાય છે તેમ જ અનેકાંતમતના પ્રત્યક્ષ–પરોક્ષ ભાવને અનુરૂપ છે. આવી એ ભગવાનની કરુણા-કલ્પલતા છે.

સંવર, બાર ભાવના વગેરે ભેદે, કર્મની આવક–સામે બંધન છે. તે આવકનાં બારણાં બંધ કરેલાં હોય તેને સંવર કહેવામાં આવે છે. એ સંવરની વિગત 'પ્રશમરતિ'માં, 'નવતત્ત્વ પ્રકરણ'માં તથા કર્મના લેખમાં મેં વિગતવાર લખી નાખી છે. આ સંવરરૂપ ફળ તે કલ્પલતા પર થાય છે; એવી સુંદર કલ્પલતારૂપે એ કરુણા-વેલડી. અને એ કરુણાની સાથે અનુભવ અને અનેકાંત ભળતા છે, તેને તે અનુરૂપ છે. અનુભવ એટલે અંદરની મન અને હૃદયપૂર્વકની સારી જાગૃતિ, અને આખો જૈનધર્મ એટલે અનેકાંતવાદ. આ કરુણાભાવમાં અનુભવ અને અનેકાંત અને તેને સિદ્ધ કરનાર પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણ અને તેનાની સિદ્ધ થતો સ્યાદ્વાદ; એમાં બરાબર ભળી જાય એવી ભગવાનની કરુણા છે. અને સંશય અને તેનાથી થતો ભ્રમ અને તેનાથી થતી ગરમીને એ દળી નાખનાર છે. એટલે આ વસ્તુ આમ હશે કે તેમ હશે તેવા પ્રકારની શંકાને લીધે ઉત્પન્ન થતો ભ્રમ, તેનાથી થતા તાપને દળી નાખનાર–કાઢી નાખનાર–એ કરુણા છે. એટલે ભગવાનની કરુણા સાથે પાછો સંવરભાવ, અનેકાંતન્યાય અને સંશયનું દૂરીકરણ એ ત્રણ ભાવો જોડાયલા છે. એ કરુણાભાવ સાથે બીજી અનેક ત્રિભંગીઓ લાગે છે, તે આવતી ગાથમાં વિચારશે. (૩)

ત્રિવિધ વીરતા જેણે મહાવીરે આદરી રે, દાન-યુદ્ધ-તપ રૂપ અભિનવ રે;
ભવોભવિ રે દ્રવ્ય-ભાવથી ભાષી રે. ૪

**અર્થ**—જેણે-ભગવંત શ્રી મહાવીરે–ત્રિવિધ–ત્રણ પ્રકારની–વીરતા આદરી છે, તે કઈ: દાનવીરતા ૧, યુદ્ધવીરતા ૨, તપોવીરતા ૩. ભવોભવથી અભિનવ–નવી દ્રવ્યથી અનુભાવથી તે કહે છે. (૪)

**ટબો**—જેણે-ભગવંતે શ્રી મહાવીરે–ત્રિવિધ–ત્રણ પ્રકારની–વીરતા આદરી છે, તે કઈ: દાનવીરતા ૧, યુદ્ધવીરતા ૨, તપવીરતા ૩. ભવોભવીથી અભિનવ–નવી દ્રવ્યથી અનુભાવથી ઉદ્‌ઘોષણા કરી છે. (૪)

**વિવેચન**—જે મહાવીરપ્રભુએ ત્રણ પ્રકારની વીરતા આદરી છે, તેનાં નામ માત્ર આ

**શબ્દાર્થ**—ત્રિવિધ = ત્રણ પ્રકારની, આગળ કહેવામાં આવતા ત્રણ પ્રકારની. વીરતા = બહાદુરી. જેણે = જેમણે. મહાવીરે = મહાવીરસ્વામીએ. આદરી = શરૂ કરી. દાન = બીજાને દેવું તે, આપવું તે. યુદ્ધ = લડાઈ (યૌગિક). તપ = ત્યાગ, તપ. અભિનવ = નવીન પ્રકારની. ભવોભવિ = ભવોભવમાં. દ્રવ્ય = પૈસાથી, સત્તાથી. ભાવથી = પ્રેમથી, potentially. ભાષી = ઉદ્‌ઘોષણા કરી. જાહેરાત કરી. (૪)

ગાથામાં બતાવે છે; તેનું વર્ણન હવે પછીની ગાથામાં આવશે. એ ત્રણ પ્રકારની વીરતા તે દાનવીરતા, યુદ્ધવીરતા અને તપોવીરતા. એ ત્રણે પ્રકારની વીરતા તે હે ભવ્ય જીવો ! ભાવથી તે અભિનવ એટલે જુદા જુદા નવીન પ્રકારની હોવાથી દ્રવ્યથી અને ભાવથી સ્વીકારો. આ ત્રણ પ્રકારની વીરતાનું વર્ણન આગળ આવવાનું છે તેથી અત્ર તે નહિ જણાવીએ, કારણ કે અત્ર તે પર વર્ણન કરવાથી પુરાવવર્તન દોષ થાય. વીરરસના આ દાન, યુદ્ધ અને તપોવીરતા એ સ્થાયી રસો છે, તેથી ભગવંતે તેને આદરવા ભાખ્યું છે. તે ત્રણેને તમે આદરો એટલો અહીં આ આડકતરો ઉપદેશ છે. દ્રવ્ય અને ભાવ એ નિક્ષેપા છે. એના પર વિવેચન 'પ્રશમરતિ' ગ્રંથમાં કરેલું છે, ત્યાંથી જોવું. દ્રવ્યથી અને ભાવથી એટલે વસ્તુ તરીકે અને સમજીને, ભગવાને બતાવી છે તેને, તમારે ભગવાન જેવા થવું હોય તો, હૃદયપૂર્વક સ્વીકારો. એમાં ભગવાનનું સાધ્ય સિદ્ધ થયું છે અને તમારું થઈ શકે તેમ છે. (૪)

હાટક કોડિ દેઈ દાદિદ્ર નસાડીઉં રે, ભાવે અભયનું દાન દેઈ રે;
કેઈ રે લેઈને સુખીઆ થયા રે. ૫

**અર્થ**—કરોડો સોનામહોરનું દાન દઈને ગરીબાઈને ભગાડી મૂકી; અને ભાવપૂર્વક હૃદયથી અભયનું દાન આપ્યું. જરા પણ બીક ન થાય, તેવું તેમના તરફનું દાન મેળવીને લેનારા અનેક લોક સુખી થયા, પોતાની જાતને ભાગ્યશાળી સમજવા લાગ્યા. (૫)

**ટબો**—જગતત્રયને વિષે દારિદ્રનું નામ નસાડ્યું એ દ્રવ્યથી દાનવીરતા અને ભાવથી દાનવીરતા તો સર્વ જગજીવનને સાધુપણાને વિષે એવું દાન લઈને કેઇક-અનેક પ્રાણી સુખીઆ થયા. (૫)

**વિવેચન**—આ ગાથામાં દાનવીરતા બતાવે છે. દ્રવ્યથી સ્થૂળ રીતે સોનાનું દાન કર્યું અને ભાવથી દીક્ષા લીધા પછી અભયદાન કર્યું, સર્વ જીવોને નિર્ભય કર્યા. આ બે પ્રકારના દાનથી તેમણે દાનવીરતા બતાવી, તે ત્રણ પ્રકારની વીરતાનો પ્રથમ પ્રકાર છે. તેઓએ દરરોજ એક ક્રોડ ને સાઠ લાખ સોનામહોર-સોનાનું દાન કરી દારિદ્રને ભગાડી મૂક્યું અને એ પ્રમાણે દ્રવ્યથી દાન કર્યું. અને ભાવથી દીક્ષા લીધા પછી સર્વ જીવને અભયદાન કર્યું. પ્રભુ પાસે જે દાન મેળવે તે ભવ્ય પ્રાણી જ હોય અને તે ભવમાં પણ સુખી થાય. આ પ્રકારની દાનવીરતા ચોથી ગાથામાં કહેલ તેમ દ્રવ્યથી અને ભાવથી કરી; અને પરિણામે દાન લેનારા સુખી થયા. સામાન્ય રીતે દાન લેનારનો હાથ નીચે હોય છે અને દાન આપનારને લાભ થાય છે; દાન

**શબ્દાર્થ**—હાટક = સોનું, સુવર્ણ. કોડિ = કોટિ. કરોડ, લાખના સોગણા. દેઈ = દાન આપી. દારિદ્ર = ગરીબાઈ, ભિખારીવેડા. નસાડીઉં = દૂર કર્યું, ભગાડ્યું. ભાવે = ભાવથી, પ્રેમપૂર્વક, હૃદયપૂર્વક. અભય = કોઈને બીક ન લાગે, સર્વ ભય વગરના થાઓ. દાન = આપવું તે. દેઈ = આપી, આલી. કેઈ રે = કેટલાય. લેઈને = મેળવીને, પ્રાપ્ત કરીને. સુખીઆ = સુખી (દ્રવ્યથી અને ભાવથી.) થયા = હુઆ, બન્યા. (૫)

લેનાર તો આપનારને શુભ કર્મબંધનું નિમિત્ત થાય છે, પણ લેનાર જરા હલકો ગણાય છે. પણ પ્રભુ પાસેથી દાન લેનાર તો સુખીઓ થાય છે, અને તેને પરિણામે પ્રભુમાં દાનવીરતા પ્રશસ્ય છે. આ ત્રણ પ્રકારની વીરતામાંથી પ્રથમ પ્રકાર થયો. (૫)

રાગાદિક અરિ મૂલ થકી ઉખેડીઆ રે, લહી સંયમ-રણરંગ રોપી રે;
ઓપી રે જિણે આપ કલા નિરાવરણની રે. ૬

**અર્થ**—યુદ્ધવીરતા વીર પ્રભુએ બતાવી : રાગદ્વેષ વગેરેને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધા. દીક્ષા લઈ, રણભૂમિ-યુદ્ધક્ષેત્ર સ્થાપન કરી જેમણે આવરણરહિતતાની પોતાની કળા સ્થાપી (૬)

**ટબો**—હવે યુદ્ધવીરતા કહે છે: એ દ્રવ્યથી પરિષહસહનથી, ભાવથી રાગદ્વેષાદિક અરિ મૂળથી ઉખેડી નાખ્યા–મૂળથી કાઢયા, સંયમરૂપી રંગભૂમિકા આરોપીને વૈરી નિકંદન કર્યા, જે ભગવાને પોતાની નિરાવરણી કલા ઓપી એટલે નિર્મળ કરી. (૬)

**વિવેચન**—આ ગાથામાં પ્રભુ મહાવીરની યુદ્ધવીરતા વર્ણવી તેમને નમન કરે છે. રાગ-દ્વેષ જેવા મોટા શત્રુઓને જેમણે મૂળથી ઉખેડી નાખ્યા અને જેમણે સંયમ લઈને પોતાના પંડિતવીર્ય વડે વિનોદમાત્રમાં પોતાની જાતને શોભાવી મોહનીય કર્મમાં રાગ અને દ્વેષ સર્વથી મોટા દુશ્મનો છે. તે બન્નેને અનુક્રમે રાગ-કેશરી અને દ્વેષગજેન્દ્રનાં નામ આપવામાં આવ્યાં છે. આ બન્નેની સાથે લડી વિજય મેળવી વીર ભગવાને યુદ્ધવીરતાનું લાક્ષણિક દૃષ્ટાંત આપ્યું છે અને જીતવા યોગ્ય મોટા દુશ્મનો સાથે આમ લડત કરી યુદ્ધવીરતા આમ બતાવાય એમ જણાવ્યું છે. આમ તદ્દન શાંત પણ રાગદ્વેષ સાથે લડવામાં તેઓ જરા પણ પાછા પડ્યા નહિ. અને તેમણે પોતાની જાત પર અસાધારણ સંયમ રાખ્યો, ઇંદ્રિયોને વશ કરી, તેના વિષયોને વશ કર્યા અને નિરાવરણતાને શોભાવી. જ્યાં જ્ઞાન-દર્શનને આવરણ કરનાર કર્મ ન હોય, પછી લડવામાં પ્રભુ પાછા કેમ હઠે ? પછી તો તેમણે પરિષહોને જીત્યા, કષાયો પર વિજય મેળવ્યો અને અંતે યોગો પર વિજય મેળવ્યો. આવા લડવામાં પણ બહાદુર વીર અંતે નિરાવરણ થઈ મોક્ષ પહોંચી ગયા. આ નિરાવરણતાની કળા–વધારે નિર્મળ કરવાનું કામ–ખૂબ યુદ્ધવીરતા માગે છે, તે પણ વીર ભગવાને દાખવી. એવા સંયમબહાદુર આંતર શત્રુ પર વિજય મેળવનાર વીરને માટે હું જે કહું તે ઓછું છે. વીરને હું યાદ કરું છું, ભજું છું, નમું છું. (૬)

---

**શબ્દાર્થ**—રાગાદિક = રાગ, પ્રેમ, આકર્ષણ, આ મારું છે તેવી ભાવના. અરિ = દુશ્મન, શત્રુ સામી બાજુ. મૂલથકી = તેના પાયામાંથી, તદ્દન. ઉખેડીઆ = કાઢ્યા, દૂર કર્યા, તાણીને ફેંકી દીધા. લહી = પ્રાપ્ત કરી, સ્વીકારી. સંયમ = અંકુશ, ત્યાગભાવ, તે રૂપ ભૂમિ. રણરંગ = રણભૂમિ, રોપી = વાવી, ઓઈ. ઓપી = નિર્મળ કરી, ઓપ ચાઢ્યો, ગિલ્ડ કરી. જિણે = જેણે. આપ કળા = આત્મકળા, પોતાની કળા. નિરાવરણ = આવરણરહિતતા. (૬)

નિરાશંસ વળી શિવસુખ હેતુ ક્ષમા ગુણે રે, તપ તપીઆ જિણે એમ આપે રે;
થાપે રે વર પંડિત વીર્ય વિનોદથી રે. ૭

**અર્થ**—કોઈ જાતની આશંસા-ઇચ્છા-આશા નહિ તે ભાવ મોક્ષના સુખનું કારણ થાય છે. અને ક્ષમા ગુણે કરીને તપ તપ્યા. પોતે તપ કર્યો અને પંડિત વીર્યના વિનોદથી વીરતા સાધી. (૭)

**ટબો**—દ્રવ્યથી ચોવિહાર, ભાવથી નિરાશંસ-નિરનુબંધ, વળી શિવસુખ-મોક્ષનું હેતુ, ક્ષમાપ્રધાન ગુણે કરી तवे णं दाणफले इति आगमवचनात्. જેમ ભગવાને એવાં તપ તપ્યાં, પોતે તપવીરતાએ વર પ્રધાન પંડિતવીર્યના વિનોદથી વીરતા સાધી; વિશેષપણે રાજે-શોભે તે વીર. અથવા विदारयति यत्कर्म, तपसा च विराजते ।

तपोवीर्येण युक्तश्च तस्माद्वीर इति स्मृतः ॥

**વિવેચન**—આ ગાથામાં ત્રીજા તપોવીરત્વની હકીકત રજૂ કરી છે. કોઈ પ્રકારના આશંસા-રહિતપણાથી અને મોક્ષનું કારણ બને એવાં તપ પ્રભુએ પંડિત વીર્યથી કર્યાં એ એમની ત્રીજી વીરતા છે. આ રીતે વીરતાનો આ ત્રીજો પ્રકાર બતાવીને શ્રી વીર પરમાત્માની ત્રિવિધ વીરતા બતાવી.

જ્યારે દ્રવ્ય કે સ્ત્રી મેળવવાની ઇચ્છાએ તપ કરવામાં આવે છે ત્યારે તે આશીભાવનું તપ કહેવાય છે. પણ પ્રભુએ જે તપ તપ્યું તે ચોખ્ખા મોક્ષ મેળવી આપે તેવા અને તદ્દન નિરાશંસ ભાવે કર્યું અને તે પણ ગરીબ-બાપડા-બિચારા થઈને નહિ, પણ પંડિતવીર્યપૂર્વક-બહાદુરીથી. આ રીતે પ્રભુ તપોવીર થયા તેનાં ત્રણ વિશેષણો આપ્યાં : (૧) તપ નિરાશંસભાવે-વગર ઇચ્છાએ-આશાએ કર્યું. અને (૨) માત્ર મોક્ષ મેળવે એવું ઉત્તમ પ્રકારનું તપ કર્યું અને તે પણ (૩) બહાદુરીથી કર્યું. મહાવીરસ્વામીએ દીક્ષા લઈને સાડા બાર વર્ષ તપ કર્યું. તેમાં પારણાં માત્ર ત્રણસે ઓગણપચાસ દિવસ જ કર્યાં, એટલે લગભગ સાડા અગિયાર વર્ષ સુધી બહાદુરીથી તપ કર્યું. એવા વીર ભગવાનને હું નમું છું, પૂજું છું, સેવું છું. તેને તમે પણ નમો અને તેમને માર્ગે અનુસરો. (૭)

દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિવિધની વીરતા રે, મહાપદ શોભિત ભાવી ભાસે રે;
વાસે રે ત્રિભુવન જનમન ભાયણા રે. ૮

---

**શબ્દાર્થ**—નિરાશંસ = કોઈ જાતની આશાથી રહિત. વળી = અને, પણ, તો, તેમ જ. શિવ = મોક્ષ, મુક્તિ. સુખ = ત્યાં પ્રાપ્ત થતો આનંદ. હેતુ = કારણ. ક્ષમા = માફ કરવાની દયાવૃત્તિ. તપ = શરીરનું દમન. તપીઆ = તપ્યા, તપ કર્યાં, સેવ્યાં. જિણે = જેણે. આપે = પોતે, જાતે. થાપે = સાધે. વર = સુંદર, સરસ. વીર્ય = શક્તિ. વિનોદથી = મજા કરતાં કરતાં. (૭)

**શબ્દાર્થ**—દર્શન = વસ્તુનું સામાન્ય જ્ઞાન, આ છે એટલું દેખવું. જ્ઞાન = વસ્તુનું વિશેષ જ્ઞાન, જાણવું તે. ચારિત્ર = રમણ કરવું તે. ત્રિવિધ = ત્રણ પ્રકારની, આ બીજી ત્રિવિધ વીરતા. વીરતા = બહાદુરી. મહા = પ્રધાન, સરસ, સુંદર. પદ = પદવી, સ્થાન, ઉન્નતિસ્થાન. શોભિત = સુંદર લાગતા, સારા દેખાતા. ભાવી = ભવ્યના. ભાસે = દેખાય. જણાય, લાગે. વાસે = વાસ્યા છે. ત્રિભુવન = સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ. જન = લોકો. મન = ચિત્ત. ભાયણા = ભાજન, ઠામ, વાસણ. (૮)

**અર્થ**—જ્ઞાન, દર્શન અને ચારિત્રની ત્રણ પ્રકારની બહાદુરી આપને જે પ્રધાન પદ મળવાનું અને મળેલું છે તે ભવ્ય લોકોને ભાસે છે, અને ત્રણ ભુવનના માણસોના મનના આપ ભાજન-પાત્ર થયા છો. (૮)

**ટબો**—વળી દર્શન, જ્ઞાન, ચારિત્રની ત્રિવિધ વીરતા કહે છે. મહાપદે કરી શોભિત મહાદર્શન, મહાજ્ઞાન, મહાચારિત્ર, તેની શોભા ભાવથી ભાસે છે; મહાશબ્દે પ્રધાન કહીએ. એ ત્રણ તત્ત્વની વાસનાએ કરી સવી જનમરૂપ જે ભાજન, તે જેણે વાસ્યાં છે. (૮)

**વિવેચન**—ઉપર પ્રમાણે એક ત્રિવિધતા થઈ (દાન, યુદ્ધ અને તપની વીરતાની). આ ગાથામાં એક બીજી ત્રિવિધતા કહે છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્ર, જે આત્માના મૂળ ગુણો છે, તે આપના મહાન પદને શોભતા છે અને તેવા જ દેખાય છે. અને ત્રણ ભુવનના લોકોના મનના ભાજન રૂપ થઈને રહેલા-વાસ્યા છે. આ દર્શન એટલે સામાન્ય બોધ અને જ્ઞાન તે વિશેષ બોધ અને ચારિત્ર એટલે રમણતા. આ ત્રણ મૂળ ગુણોથી દીપતું ભાવી ભાસે છે અને ત્રણ ભુવનના લોકોના મનના ભાજન વાસેલ છો, એટલે આપ તો એ ત્રિવિધતાથી ભરેલા છો. એવા ત્રિગુણ ધરનાર આપના મૂળ ગુણોને એટલે એને ધરનાર આપને હું નમું છું. અને આપના એ ત્રણે ગુણને લઈને આપની જેવો થવા ઇચ્છા રાખું છું, અને તે મેળવવા માટે આપને સ્તવું છું. આ ગાથામાં મૂળ આત્મિક ગુણ-જ્ઞાન, દર્શન અને ચારિત્ર-ની ત્રિવિધતાની પ્રશંસા કરવામાં આવી છે. આ રીતે એક વધારે ત્રિવિધતા બતાવવા દ્વારા પ્રભુનાં ગુણગાન કરી તેના જેવા થવાની પ્રાણીએ આશા બતાવી અને હોંશ ધરી. (૮)

વીર ધીર કોટિર કૃપારસનો નિધિ રે, પરમાનંદ પયોદ વ્યાપે રે;
આપે રે નિજ સંપદ ફળ યોગ્યતા રે. ૯

**અર્થ**—આપ બહાદુર છો, ધીરજવાળા છો અને તેમાં મુગટ સમાન છો, અને કૃપારસની ખાણ છો અને આપ પરમાનંદ રૂપ વાદળાની પેઠે ચોતરફ વ્યાપો છો અને પોતે જાતે જ પોતાની ઋદ્ધિના ફળની યોગ્યતા-લાયકાત બક્ષનારા છો. (૯)

**ટબો**—વીરમાં ધીર અથવા કર્મ વિદારવાને વીર, વળી લોકાલોકપ્રકાશકે ધીર, તેમાં કોટિર -મુગટ સમાન; વળી કૃપારસનો નિધાન; પરમાનંદ, જે પયોદ એટલે મેઘ, તેણે કરી વ્યાપતો -પ્રસરતો, કરુણાવેલીને સીંચતો છે. વળી આપે-પોતાની સંપદા એટલે સ્વરૂપે-એક ચેતન સ્વભાવ માટે નિમિત્તે-તદાવરણ ટાળવારૂપે. (૯)

---

**શબ્દાર્થ**—વીર = બહાદુર, બળવાન. ધીર = ધૈર્યવાન, ધીરજવાન. (ને બધામાં) કોટિર = મુગટ સમાન, સર્વથી મોટા, ઉત્કૃષ્ટ. (અને) કૃપા = પ્રેમ, દયા, સહાનુભૂતિ. નિધિ = નિધાન, ખાણ. (અને) પરમાનંદ = ઉત્કૃષ્ટ મજા, અદ્‌ભુત આનંદ. પયોદ = (રૂપ, વાદળાં, વરસાદ, મેઘ. વ્યાપે = પસરે, ફેલાય. આપે = પોતે, જાતે. નિજ = પોતાની, તેની. સંપદ = સ્વરૂપ, મિલકત. ફળ = પરિણામ. યોગ્યતા = તેને લાયક છે. (૯)

**વિવેચન**—આ ગાથા બીજી એક ત્રિવિધ રચના કહે છે, તે વિચારણીય છે. મહાવીરસ્વામી (૧) કૃપારસના મુગટ સમાન ધૈર્યવાળા છે, અને (૨) પરમાનંદરૂપ પયોદ (વાદળ)થી સુગંધિત થયેલા છે અને (૩) પોતાને જે સંપત્તિ મળેલી અને મળવાની છે, તે પ્રાપ્ત કરવાની યોગ્યતા–લાયકાત આપે છે. આ ત્રિપદી સરસ છે અને સમજવા જેવી છે. તેવા તે ત્રિપદીને ધરનાર વીરને હું નમું છું. ઉપર પ્રથમ ગાથામાં જે કૃપારસની કરુણાવેલડીની વાત કરી તેના મુગટને ધીરજથી વહનાર : આ ત્રિપદીમાંથી એકની વાર્તા થઈ. બીજું, તેઓ જાતે પરમાનંદ –ખૂબ આનંદરૂપ પયોદ (પાણીને આપનાર વાદળાં)થી ભરેલા છે. અને ત્રીજું, પોતે જે સંપદા પામેલા અને પામવાના છે તેની યોગ્યતાવાળા છે. આવા વીર પરામાત્મા ત્રણ પ્રકારે ખૂબ પૂજવાને યોગ્ય છે. આવા વીર પરમાત્માને હું નમું છું, સેવું છું, તેને તમે પૂજો, સેવો, અનુસરો. બીજી કેટલીક ત્રિપદી હવે પછીની ગાથામાં વિચારવાની છે તે આપણે જોઈશું. (૯)

બંધ ઉદય સત્તાદિક ભાવાભાવથી રે, ત્રિવિધ વીરતા જાસ જાણી રે;
આણી રે ત્રિપદીરૂપે ગણધરે રે. ૧૦

**અર્થ**—બંધ, ઉદય અને સત્તાના જે ભાવો છે, તેની ગેરહાજરીથી જેમની ત્રણ પ્રકારની બહાદુરી સમજાણી છે અને ત્રિપદીરૂપે ગણધર–મુખ્ય શિષ્યો–લઈ આવ્યા છે. (૧૦)

**ટબો**—બંધ, ઉદય, સત્તા ભાવે કરી કર્મના અભાવ કીધા છે, ત્રિવિધ પ્રકારે એવી વીરતા પ્રગટપણે જેની જાણીએ એવી જ ગણધરે, ત્રિપદીરૂપે આણી છે—હૃદયમાં જ્ઞાન, દર્શન, ચારિત્રભાવે કરી. (૧૦)

**વિવેચન**—હવે એક વધુ ત્રિપદી કહે છે. પ્રથમ, કર્મનો બંધ થાય તે બંધ; બાંધવા પછી તેનો વિપાકથી કે પ્રદેશથી ઉદય થાય તે ઉદય; અને ઉદય ન થાય, પણ બાંધેલ કર્મ પડ્યાં રહે તે ત્રીજી સત્તા. કર્મના આ બંધ, ઉદય અને સત્તાનો જેના સંબંધમાં અભાવ થયો છે, જેમને કર્મ બાંધવાનાં જ નથી એટલે પછી ઉદય કે સત્તાનો પ્રશ્ન જ રહેતો નથી, આવી ત્રણ પ્રકારની જેમની વીરતા સમજાણી છે, તે વીર છે એમ આપણે જાણીએ છીએ. ખુદ ગણધરે ત્રિપદરૂપે આ પ્રરૂપી છે : उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा–એ ત્રણ શબ્દોરૂપ ત્રિપદી ભગવાન ગણધરને આપે છે. આ ત્રણ શબ્દો સાંભળી ગણધર વિચાર કરે છે. આ પણ એક ત્રિવિધ રચના થઈ. તે બધા પદાર્થોને ઉત્પન્ન થતા અને કાળક્રમે નાશ પામતા જુએ છે, પણ એ પદાર્થમાં એક નિત્ય તત્ત્વ જાણે છે અને તેઓ સૂત્રોની રચના કરે છે. એમને કર્મના બંધ,

---

**શબ્દાર્થ**—બંધ = કર્મનું આત્મા સાથે જોડાવું. ઉદય = કર્મને ભોગવવાં, કર્મનાં ફળ મેળવવાં. સત્તા = પૂર્વે બાંધેલાં કર્મોનો ઉદયકાળ ન થવાથી અંદર પડ્યાં રહેવાથી. ભાવ = હોવાપણું, વર્તવાપણું. અભાવ = ન હોવાપણું. ત્રિવિધ = ત્રણ પ્રકારની, મન-વચન-કાયાની. જાસ = જેની, તેઓની. જાણી = સમજી, લક્ષ્યમાં લઈ. આણી = લાવ્યા છે. ત્રિપદી = ઉપ્પનેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા : ઊપજે છે, ક્ષય પામે છે અને સ્થિર રહે છે, ગણધર = પ્રથમ મુખ્ય શિષ્યોએ. (૧૦)

ઉદય અને સત્તાનો અભાવ હોય છે, કારણ કે એમને કર્મ જ નથી. આ વાત ગણધરોએ બનાવેલા આગમ ગ્રંથોમાં કહેલી છે. આ બે ત્રિવિધ રચનાને લઈને પૂજો, સેવો. (૧૦)

ઠાણગ જાણગ ગુણઠાણક ત્રિહું વિધે રે, કાઢચા જેણે ત્રિદોષ પોષો રે;
શોષો રે રોષ-તોષ કીધા તુમે રે. ૧૧

**અર્થ**—આપે તો ત્રણ પ્રકારનાં સ્થાનકને જાણ્યાં છે અને જેણે ત્રણ દોષો–પ્રમત્ત, ક્ષીણ-મોહ અને અયોગીપણું–તેને દૂર કર્યા છે, અને રોષ-તોષની પોષણાનો ત્યાગ કર્યો છે. એમ ત્રણ પ્રકારની અનેક વીરતા ધારણ કરી છે. (૧૧)

**ટબો**—સ્થાનક મિથ્યાત્વાદિના જ્ઞાયક; સ્થાનક અવિરતાદિ ગુણસ્થાનક–ગુણઠાણું પ્રમત્તાદિ અથવા અવિરતિ, પ્રમત્ત, ક્ષીણમોહાદિ ત્રિધિધ ગુણઠાણે ત્રિદોષ કાઢચા, અથવા પ્રમત્ત, ક્ષીણમોહ, અયોગી ઇત્યાદિ સ્થાનકે અજ્ઞાન, અસંયમ, અસિદ્ધ એ ત્રિદોષનો પોષ નાશ કીધો. વળી રોષ-તોષનો શોષ જેણે કીધો. પાપપુષ્ટિ, પુણ્યતુષ્ટિ ઉભય નાશ ઇત્યાદિ ત્રિવિધ વીરતા છે. (૧૧)

**વિવેચન**—વળી બીજી ત્રિપદીઓ–ત્રિવિધ પ્રકારો–જુદી જુદી રીતે બતાવે છે. તમે ગુણસ્થાનકો–ગુણઠાણાને ઓળખી ત્રણ પ્રકારના દોષોને ટાળી નાખ્યા છે, દૂર કર્યા છે અને તમે રોષ-તોષની પોષણા ન કરી; એવા તમને હું નમું છું. અવિરતિ (ચોથું ગુણઠાણું), પ્રમત્ત (છઠું ગુણસ્થાનક) અને ક્ષીણમોહ (અગિયારમું ગુણસ્થાનક)—એ ત્રણે ગુણસ્થાનકે થતા દોષોને આપ જાણો છો, એટલે આપ ગુણસ્થાનકના જાણગ—જાણનાર છો. આ એક ત્રિપદી થઈ. અને એ ગુણસ્થાનકે અવિરતિ (ત્યાગભાવનો અભાવ) પ્રમાદ અને અસિદ્ધપણાના દોષો આપના લક્ષમાં છે. આ બીજી ત્રિવિધ સંપત્તિ થઈ. અને આપે રોષતોષનો શોષ કર્યો છે. રોષ–પાપતુષ્ટિ અને તોષ–પુણ્યતુષ્ટિ, એટલે પાપ-પુણ્ય એ બન્નેનો નાશ કર્યો છે. આવી અનેક ત્રિપદીઓ આપને લાગે છે. આપને હું નમું છું, વંદુ છું. (૧૧)

સહજ સ્વભાવ સુધારસ સેચનવૃષ્ટિથી રે, ત્રિવિધ તાપનો નાશ હોવે રે;
જોવે રે ત્રિભુવન ભાવ સભાવથી રે. ૧૨

---

**શબ્દાર્થ**—ઠાણગ = સ્થાનક. જાણગ = જ્ઞાયક, જાણનારા. ગુણઠાણક = ગુણસ્થાનક. ત્રિહું = ત્રણ. વિધે = પ્રકારે. કાઢચા = દૂર કર્યા. ત્રિદોષ = ત્રણ દોષો : પ્રમત્ત, ક્ષીણમોહ, અયોગિતા. પોષો = પોષણા. શોષો = શોષણા. રોષ–તોષ = પાપપુષ્ટિ અને પુણ્યતુષ્ટિ. કીધા = કર્યા. તુમે = તમે, આપે. (૧૧)

**શબ્દાર્થ—વિવેચનકાર શ્રી મોતીચંદભાઈએ આ કડીનો શબ્દાર્થ નથી લખ્યો. એટલે એનો શબ્દાર્થ હું અહીં આપું છું.** સહજ સ્વભાવ = પોતાના મૂળ સ્વભાવ, આત્મભાવરૂપ. સુધારસ = અમૃતરસનું. સેચનવૃષ્ટિથી = સિંચન કરનાર વરસાદથી. ત્રિવિધ = ત્રણ પ્રકારનો : મિથ્યાત્વ, અવિરતિ અને કષાયરૂપ; અથવા જન્મ, જરા અને મૃત્યુરૂપ. તાપ = ગરમી. નાશ = વિનાશ. હોવે = થાય. જોવે = નિહાળે. ત્રિભુવનભાવ = સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ–એ ત્રણ લોકના ભાવો–પદાર્થોને. સભાવથી = સ્વભાવથી, આત્માના સહજ સ્વભાવરૂપ જ્ઞાનથી. (૧૨)—**સંપાદક**

**અર્થ**—આત્માના સહજ સ્વભાવરૂપ અમૃતરસને સિંચનાર વૃષ્ટિથી મન, વચન, કાયાના કે જન્મ, જરા, મૃત્યુના ત્રણ પ્રકારના દોષને દૂર કરનારા અને સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એવા ત્રણ ભુવનના ભાવ પોતાના સ્વભાવથી જ પામી ગયા છે (એવા વીર પ્રભુને હું નમું છું.) (૧૨)

**ટબો**—વળી ત્રિવિધ વીરતા કહે છે. સહજ સ્વભાવ, પરમ મૈત્રી, પરમ કરુણારૂપ સુધારસ વૃષ્ટિ અમૃતને વર્ષણ સીંચવે કરી ત્રિવિધ લોકના ત્રિવિધ તાપનો નાશ થાય, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અથવા જન્મ, જરા, મરણનો તાપ, તેનો નાશ થાય. વળી દેખે સ્વર્ગ, મૃત્યુ, પાતાળના એકેક ભાવ-પદાર્થને સહજ સભાવથી; ઉત્પાદ, નાશ, ધ્રૌવ્ય પણ જોઈ. (૧૨)

**વિવેચન**—આમાં થોડી વધારે ત્રિવિધતા બતાવે છે. સહજ સ્વભાવ ત્રિપ્રકારે છે. તેની વૃષ્ટિથી, ત્રિવિધ તાપનો નાશ કરે અને ત્રણ ભુવનને પોતાના સુંદર ભાવ-સ્વભાવથી પોષે એવા વીરપ્રભુને હું તેટલા માટે નમું છું.

જ્ઞાનવિમળસૂરિએ આ ગાથામાં ત્રણ ત્રિભંગી બતાવી છે એમ કર્તા પોતે જ સ્તવનના અર્થમાં જણાવે છે.

(૧) અતિ વિશાળ કરુણા (૨) ઉત્કૃષ્ટ પ્રકારનો મૈત્રીભાવ અને (૩) સહજ સ્વભાવ—આ પ્રથમ ત્રિભંગી થઈ એમ કર્તા પોતે જ અર્થ કરે છે. આ મૈત્રી અને કરુણાભાવનું 'શાંત સુધારસ' ગ્રંથમાં વર્ણન થઈ ગયું છે. અને સહજ ભાવ, એ આત્મિક નૈસર્ગિક ગુણો આપણે પદો અને સ્તવનોમાં જોયા.

હવે બીજી ત્રિભંગીમાં ત્રિવિધ તાપ, જે (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ અને (૩) કષાયથી થાય છે, તેનો તેઓ નાશ કરે છે. અને તે એક જીવનો કે પોતાનો જ નહિ, પણ સર્વ-ત્રણ ભુવનના-જીવોનો (૧) સ્વર્ગ, (૨) મૃત્યુ અને (૩) પાતાળના જીવોનો, સર્વનાં પાપોનો નાશ કરે છે. અને ત્રિવિધ તાપને અંગે જ્ઞાનવિમળસૂરિ પોતે જ કહે છે કે (૧) જન્મ, (૨) જરા-ઘડપણ અને (૩) મૃત્યુના તાપને પણ લઈ શકાય. આવા સ્વર્ગ, મર્ત્ય અને પાતાળના ત્રણ પ્રકારના તાપને મટાડનાર પ્રભુને હું યાદ કરું છું. તેઓનો આ સ્વભાવ સહજ છે, કુદરતી છે. પર જીવના તાપને, તે ગમે તે પ્રકારનો હોય તેને, જેટલો બને તેટલો દૂર કરવો તે તેમને સાહજિક છે, નૈસર્ગિક છે. આવી અનેક પ્રકારની ત્રિભંગી જેની પાસે છે તેવા વીરભગવાનને હું સ્મરું છું. (૧૨)

'જ્ઞાનવિમલ' ગુણગણમણિરોહણ ભૂધરા રે, જય જય તું ભગવાન નાયક રે;
દાયક રે અખય અનંત સુખનો સદા રે. ૧૩

**શબ્દાર્થ**—જ્ઞાન = જ્ઞાનગુણ. વિમલ = મેલ વગરનો, ચોખ્ખો. ગુણગણ = આત્મિક ગુણોનો સમૂહ. મણિ = રત્ન, ઝવેરાત. રોહણ = રોહણાચલ (જેમાં રત્નો પાકે છે.) ભૂધરા = પર્વત, ડુંગર. જય જય = તું જય પામ, જય મેળવનાર થા. ભગવાન = પ્રભુ. નાયક = સરદાર, ઉપરી. દાયક = આપનાર, દાતાર. અખય = અક્ષય, ક્ષય ન પામનાર, હમેશનું. અનંત = જેનો છેડો ન આવે તેવા. સુખનો = આનંદનો, મોજનો. સદા = હમેશાં. (૧૩)

**અર્થ**—નિર્મળ જ્ઞાનરૂપ ગુણોના સમૂહરૂપ રત્નોને માટે રોહણાચલ પર્વત સમાન હે પ્રભુ! તું સરદાર છો; તારો જય થાઓ અને ક્ષય ન પામે તેવા અંત વગરના સુખને તું આપે છે. તેવા પ્રભુને હું નમું છું. (૧૩)

**ટબો**—જ્ઞાનવિમળ ગુણના ગણ–સમુદાય, તદ્રૂપ જે મણિ-રત્ન, તેના ભૂધર–પર્વત–રોહણાચલ છો. એવા ભગવાન શ્રી મહાવીરસ્વામી જગતના નાયક, શાસનનાયક જયવંતા વર્તો છો જ્ઞાનવંત. વળી, દાયક–દેણહાર છો, અખય–ખાયિક ભાવે થયા જે અનંત સુખ, સકલ કર્મના નાશથી, તેહના સદા–નિરંતર આપ સ્વરૂપે દાતા છો. ઇણ પ્રકારે શ્રી મહાવીર જિન સ્તુતિ–સ્તવના કહી. (૧૩)

**આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ટબાનો કળશ**

**ચોવીસ જિનવર વિશ્વહિતકર ગતિ ચઉવીસ નિવારતા,**
**ચઉવીસ દેવનિકાયવંદિત સંપ્રતિ કાલે વર્તતા;**
**આનંદઘન બાવીસ (સિ) માંહી હોય સ્તવ પૂરણ ભણી,**
**શ્રી જ્ઞાનવિમલસૂરીંદ ગાતાં અખય સંપદ અતિ ઘણી.**

**વિવેચન**—છેવટે કહે છે કે આપ નિર્મળ જ્ઞાનના ધરનારા છો, અને નિર્મળ ગુણોના સમૂહરૂપ રત્નોને ધારણ કરનાર રોહણાચલ પર્વત સમાન છો. આપ ભગવંત શ્રી મહાવીર પરમાત્મા જય પામો, જય પામો; આપ નાયક–ઉપરી છો અને આપ અક્ષય અને અનંત સુખને આપનારા નાયક છો–ઉપરી છો.

રત્નો–મણિઓ પર્વતમાંથી જડી આવે છે, તેવા ગુણરૂપ મણિઓને અનેકને ધારણ કરનાર આપ છો. અને આપ અક્ષય–કદી ક્ષય ન પામનારા–એવા અંત વગરના સુખના આપનારા છો. આપને હું નમું છું એવો અત્ર ભાવ છે. આ ભાવ સમજીને પ્રભુની બને તેટલી સેવના કરી જીવન સફળ કરવું.

## ઉપસંહાર

આ રીતે આ સ્તવન પૂર્ણ થયું. આ મહાવીર સ્વામીનું સ્તવન જ્ઞાનવિમળસૂરિએ બનાવ્યું છે, અને પોતાનું નામ આપ્યું છે. કહેવાય છે કે આનંદઘનજીએ પોતે પણ પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી બન્નેનાં સ્તવન બનાવ્યાં હતાં, તે ૨૩ (૧), ૨૪ (૧), ૨૩ (૨) અને ૨૪ (૨) પૈકી ક્યાં હશે તે જડવું મુશ્કેલ છે, કારણ કે તે આનંદઘનજીને નામે લખાયેલાં છે. પણ એમાં મને કોઈ પણ કૃતિ આનંદઘનજીની લાગતી નથી. કારણ કે જે પ્રૌઢ રીતે આનંદઘનજીએ તત્ત્વજ્ઞાન બાવીશ સ્તવનમાં સુંદર રીતે વણી દીધું છે તે ઉપરનાં ચારે સ્તવનમાં નથી એવો મારો મત છે. જોકે 'ધ્રુવ સ્વામી' વાળું સ્તવન કાંઈક થોડું થોડું તેની નજીક જાય છે, પણ તે સંબંધી એકે પ્રકારનો નિર્ણય થઈ શકતો નથી. મારા પોતાના મત પ્રમાણે તો પ્રથમનાં બાવીશ સ્તવન આનંદઘન (લાભાનંદ)નાં પોતાનાં બનાવેલાં છે અને બાકીનાં ક્ષેપક છે.

આ સ્તવનમાં અનેક પ્રકારની ત્રિભંગીઓ બતાવવા જ્ઞાનવિમળસૂરિએ પ્રયાસ કર્યો છે. જૈન તત્ત્વજ્ઞાનની એક ખૂબી એ છે કે તેઓ વિભાગ પાડે તે પરિપૂર્ણ હોય છે, એટલે તેમાં અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિનો દોષ ન આવે, અને એ સ્વયં પરિપૂર્ણ હોય. ઉપર જે ત્રિભંગીઓ આપી છે, તે તેવા પ્રકારના ભંગ-વિભાગો છે. એ વિભાગો સ્વયં સંપૂર્ણ છે અને તર્કાનુસારી છે. સ્તવનમાં સામાન્ય રીતે ઠીક વિચારો દાખલ કર્યા છે; જોકે તે આનંદઘનજીની સાથે ઊભા રહી શકે તેવા ઊંડાણવાળા નથી, પણ સમજવા લાયક છે અને સમજીને અનુસરવા લાયક છે.

પૂર્વપુરુષોએ જનોપકાર કરવા આવી કૃતિઓ સુંદરમાં સુંદર ભાષામાં કરી છે અને આનંદઘનજીનાં પ્રથમનાં બાવીશ સ્તવનો તો ભાવવાહી છે, ઘણા ઊંડાણવાળાં છે, અને સ્તવનોમાં અનેરું સ્થાન ભોગવે છે. એ વાંચીને પચાવવા યોગ્ય છે અને જીવન સાથે વણી દેવા યોગ્ય છે. (૨૪-૩)

ઓગસ્ટ : ૧૯૫૦

# મૂળ સ્તવનો

卐

## ૧. ઋષભદેવ સ્તવન

[ખરા પ્રભુપ્રેમનું સ્વરૂપ; અલખની લીલા-વીતરાગતા; ચિત્તપ્રસન્નતા-આનંદમયતા]

(રાગ-મારુ; "કર્મ પરીક્ષા કરણ કુમર ચલ્યો"-એ રાગ)

ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.
ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે. ૧.
પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીતસગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨
કોઈ કંત કારણ કાષ્ઠ-ભક્ષણ કરે રે, મિલસ્યું કંતને ધાય;
એ મેલો નવિ કહિયે સંભવે રે, મેલો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩
કોઈ પતિરંજણ અતિ ઘણો તપ કરે રે, પતિરંજણ તનું તાપ;
એ પતિરંજણ મેં નવિ ચિત્ત ધર્યો રે, રંજણ ધાતુ-મિલાપ. ઋષભ૦ ૪
કોઈ કહે લીલા રે લલક અલખ તણી રે, લખ પૂરે મન આસ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ-વિલાસ. ઋષભ૦ ૫
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યો રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ આપણો રે, 'આનંદઘન' પદ રેહ. ઋષભ૦ ૬

## ૨. શ્રી અજિતનાથ સ્તવન

[માર્ગદર્શનના ચાર ઉપાયો; વર્તમાને ચારે ઉપાયોની વિરલતા; ભવિષ્યમાં પંથદર્શનની આશા]

(વેલીની દેશી; મનડું મોહ્યો રે શ્રી સિદ્ધાચલે રે—એ દેશી)

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતીયો રે, પુરુષ કિસ્યું મુજ નામ.
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે. ૧
વાટડી વિલોકું રે બીજા જિનતણી રે.

ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલો સયલ સંસાર;
જેણ નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨

પુરુષ પરંપર અનુભવ જોવતા રે, અંધો અંધ પીલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુ ગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

વસ્તુવિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી! જાણીયો રે, "આનંદઘન" મત અંબ. પંથડો૦ ૬

## શ્રી સંભવનાથ સ્તવન

**[સેવન-કારણ: ભગવાનની સેવા અગમ અને અનુપ છે; ભૂમિકામાં નિર્ભયતા દ્વેષરહિતતા, અથાકતા છે; સાચી સેવા પ્રાપ્ત કરવી એ જીવનનો લહાવો છે.]**

(રાગ—રામગિરિ; રાતલી રમીને કિહાંથી આવીઆ રે–એ દેશી)

સંભવદેવ તે ધૂર સેવો સવે રે, લહી પ્રભુ-સેવન ભેદ;
સેવન-કારણ પહિલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.
સંભવદેવ તે ધૂર સેવો સવે રે. ૧

ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લિખાવ. સંભવ૦ ૨

ચરમાવરત ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપતિ પ્રવચન વાક. સંભવ૦ ૩

પરિચય પાતિક ઘાતક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભવ૦ ૪

કારણ જોગે હો કારજ નીપજે રે, એહમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીએ રે, એ નિજ મત ઉનમાદ. સંભવ૦ ૫

મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, "આનંદઘન" રસ રૂપ. સંભવ૦ ૬

## ૪. અભિનંદન જિન સ્તવન

**[દર્શનપ્રાપ્તિની તલસના; દર્શનપ્રાપ્તિની દુર્લભતા; પ્રભુકૃપાથી એની સુલભતા]**

(રાગ–ધન્યાસિરિ; સિંધુઓ; આજ નિહેજો રે દીસે નાઈલો રે–એ દેશી)

અભિનંદન જિન! દરિસણ તરસીએ, દરસણ દુરલભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.
અભિનંદન જિન! દરિસણ તરસીએ. ૧

સામાન્યે કરી દરિસણ દોહિલું, નિરણય સકલ વિશેષ;
મદમેં ઘાર્યો રે અંધો કિમ કરે, રવિ-શશિ-રૂપ વિલેખ. અભિનંદન૦ ૨

હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબળો વિષવાદ. અભિનંદન૦ ૩

ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ કોઈ ન સાથ. અભિનંદન૦ ૪

દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. અભિનંદન૦ ૫

તરસ ન આવે હો મરણજીવન તણો, સીજે જો દરિસણ કાજ;
દરિસણ દુરલભ સુલભ કૃપા થકી, 'આનંદઘન' મહારાજ. અભિનનંદન ૬

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

(રાગ–વસંત તથા કેદારો; ભવિલોકા તુજ દરશન હોઈ–એ દેશી)

સુમતિ-ચરણ-કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુગ્યાની;
મતિ તરપણ બહુસમ્મત જાણીએ, પરિસરપણ સુવિચાર, સુગ્યાની.
સુમતિ-ચરણ-કજ આતમ અરપણા. ૧

ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુગ્યાની;
બીજો અંતર આતમા તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુગ્યાની. સુમતિ૦ ૨

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ, સુગ્યાની;
કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ, સુગ્યાની. સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે પુરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ, સુગ્યાની;
અતીંદ્રિય ગુણગણમણિઆગરૂ, ઇમ પરમાતમ સાધ, સુગ્યાની. સુમતિ૦ ૪

બહિરાતમ તજ અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ, સુગ્યાની;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ, સુગ્યાની. સુમતિ૦ ૫
આતમ-અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ, સુગ્યાની;
પરમ પદારથ સંપતિ સંપજે, 'આનંદઘન' રસ પોષ સુગ્યાની. સુમતિ૦ ૬

## ૬. શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

### [ આંતરો છેટાપણું ]

( રાગ-મારુ તથા સિંધુઓ, ચાંદલીઆ, સંદેશો કહેજે મારા કંતને-એ દેશી )

પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?
કરમ વિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પદ્મપ્રભ૦ ૧
પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે મૂળ-ઉત્તર બહુ ભેદ;
ઘાતી-અઘાતી હો બંધોદય-ઉદીરણા રે, સત્તા કર્મ-વિછેદ. પદ્મપ્રભ૦ ૨
કનકોપલવત્ પયડિ પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ૩
કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેય-ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ૪
યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યો રે, અંતરભંગ સુઅંગ. પદ્મપ્રભ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાજસે રે, વાજસે મંગળ તૂર;
જીવ-સરોવર અતિશય વાધશે રે, 'આનંદઘન' રસપૂર. પદ્મપ્રભ૦ ૬

## ૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

### [ અનેક નામો ]

( રાગ-સારંગ, મલ્હાર; લલનાની દેશી )

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ-સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ લલના.
શ્રી સુપાસ જિન વંદીએ. (ટેક) ૧
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના. શ્રી સુપાસ૦ ૨

શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તિત્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન, લલના. શ્રી સુપાસ૦ ૩
અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ, લલના;
અભયદાન-દાતા સદા, પૂરણ આતમરામ, લલના. શ્રી સુપાસ૦ ૪
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ, લલના. શ્રી સુપાસ૦ ૫
પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;
પરમ પદારથ પરમેષ્ઠી પરમ દેવ પરમાન, લલના. શ્રી સુપાસ૦ ૬
વિધિ વિરંચિ વિશ્વંભરુ ઋષીકેશ જગનાથ, લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના. શ્રી સુપાસ૦ ૭
એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના;
જે જાણે તેહને કરે, 'આનંદઘન' અવતાર, લલના. શ્રી સુપાસ૦ ૮

## ૮. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

### [ પ્રભુનાં દર્શન ]

( રાગ-કેદારો તથા ગોડી; કુમારી રોવે, આક્રંદ કરે, મુને કોઈ મુકાવે-એ દેશી )

દેખણ દે રે, સખી! મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ; સખી૦
ઉપશમરસનો કંદ, સખી૦ ગત કલિ-મલ-દુઃખદંદ. સખી૦ ૧
સુહમ નિગોદે ન દેખીઓ, સખી૦ બાદર અતિહિ વિસેસ; સખી૦
પુઢવી આઉ ન લેખિયો, સખી૦ તેઉ-વાઉ ન લેસ. સખી૦ ૨
વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી૦ દીઠો નહીં ય દીદાર; સખી૦
બિ-તિ-ચઉરિંદી જલ લીહા, સખી૦ ગતસન્નિ પણ ધાર. સખી૦ ૩
સુર તિરી નિરય નિવાસમાં, સખી૦ મનુજ અનારજ સાથ; સખી૦
અપજત્તા પ્રતિભાસમાં, સખી૦ ચતુર ન ચઢીઓ હાથ. સખી૦ ૪
ઇમ અનેક થળ જાણીએ, સખી૦ દરિસણ વિણુ જિનદેવ; સખી૦
આગમથી મત આણીએ, સખી૦ કીજે નિરમળ સેવ. સખી૦ ૫
નિરમળ સાધુ ભગતિ લહી, સખી૦ યોગ-અવંચક હોય; સખી૦
ક્રિયા-અવંચક તિમ સહી, સખી૦ ફળ-અવંચક જોય. સખી૦ ૬
પ્રેરક અવસર જિનવરૂ, સખી૦ મોહનીય ક્ષય જાય; સખી૦
કામિતપૂરણ સુરતરૂ, સખી૦ 'આનંદઘન' પ્રભુ પાય. સખી૦ ૭

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(રાગ–કેદારો; એમ ધન્નો ધણીને પરચાવે–એ દેશી)

સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧
દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેરે જઈએ રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે. સુવિધિ૦ ૨
કુસુમ અક્ષત વર વાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે;
અંગ-પૂજા પણ ભેદ સુણી ઈમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુવિધિ૦ ૩
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ૦ ૪
ફૂલ અક્ષત વર ધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જળ ભરી રે;
અંગ–અગ્રપૂજા મળી અડવિધ, ભાવે ભાવિક શુભ ગતિ વરી રે. સુવિધિ૦ ૫
સત્તર ભેદ, એકવીસ પ્રકારે, અઠોત્તર સત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે. સુવિધિ૦ ૬
તુરિય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે, ભાખી કેવળભોગી રે. સુવિધિ૦ ૭
ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે, 'આનંદઘન' પદ ધરણી રે. સુવિધિ૦ ૮

## ૧૦. શ્રી શીતળનાથ જિન સ્તવન

(રાગ–ધન્યાશ્રી ગોડી; ગુણહ વિશાલા મંગલિકમાલા–એ દેશી)

શીતળ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમળતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શીતળ૦ ૧
સર્વ જંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષ્ણ રે;
હાનાદાનરહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતળ૦ ૨
પરદુઃખછેદન ઇચ્છા કરુણા, તીક્ષ્ણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શીતળ૦ ૩
અભયદાન તિમ લક્ષણ કરુણા, તીક્ષ્ણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શીતળ૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતળ૦ ૫

ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્ર-વિચિત્રા, 'આનંદઘન' પદ લેતી રે. શીતળ૦ ૬

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(રાગ-ગોડી; અહો મતવાલે સાજના-એ દેશી)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમપદ પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રેયાંસ૦ ૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે. શ્રી શ્રેયાંસ૦ ૨

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦ ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦ ૪

શબ્દ અધ્યાતમ અર્થ સૂણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત વાસી રે. શ્રી શ્રેયાંસ૦ ૬

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ-ગોડી તથા પરજીઓ; તુંગીઆ ગિરિશિખર સોહે-એ દેશી)

વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે. વાસુપૂજ્ય૦ ૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦ ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુપૂજ્ય૦ ૩

દુઃખ-સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુપૂજ્ય૦ ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફળ ભાવી રે;
જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત સંગી રે. વાસુપૂજ્ય૦ ૬

## ૧૩. શ્રી વિમળ જિન સ્તવન

(રાગ–મલ્હાર; ઈડર આંબા આંબલી રે ઈડર દાડિમ દ્રાક્ષ–એ દેશી; તથા અરિ બાઈ ભલો ભરતાર–એ દેશી)

દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદ શું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ. વિમળ જિન૦
દીઠાં લોયણ આજ, મારાં સીધાં વંછિત કાજ. વિમળ જિન૦ ૧

ચરણકમળ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;
સમળ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમળ જિન૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણમકરંદ;
રંક ગણે મંદર-ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમળ જિન૦ ૩

સાહેબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમળ જિન૦ ૪

દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ વિમળ જિન૦ ૫

અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
દૃષ્ટિ સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય. વિમળ જિન૦ ૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજિયે રે, 'આનંદઘન' પદ સેવ. વિમળ જિન ૭૦

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ–રામગિરિ; કડખાની દેશી; વિમલ કુલકમલના હંસ તું જીવડા–એ દેશી)

ધાર તરવારની સોહલી દોહલી, ચઉદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણુ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩
વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચનસાપેક્ષ વ્યવહાર સાચો;
વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪
દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણુ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત્ 'આનંદઘન' રાજ પાવે. ધાર૦ ૭

## ૧૫. શ્રીધર્મનાથ જિન સ્તવન

(રાગ—ગોડી, સારીંગ; દેશી રસીઆની; કોઈ સ્થાને સારંગ રસીઆની દેશી એમ લખેલ છે.)

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર;
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુલવટ રીત, જિનેશ્વર. ધર્મ૦ ૧
ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર;
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર. ધર્મ૦ ૨
પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર;
હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન, જિનેશ્વર. ધર્મ૦ ૩
દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ, જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર. ધર્મ૦ ૪
એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મળ્યા હોય સંધિ, જિનેશ્વર;
હું રાગી હું મોહે ફંદીઓ, તું નીરાગી નિરબંધ, જિનેશ્વર. ધર્મ૦ ૫
પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય, જિનેશ્વર;
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય, જિનેશ્વર. ધર્મ૦ ૬
નિરમળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ, જિનેશ્વર;
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માત-પિતા કુળ વંશ, જિનેશ્વર. ધર્મ૦ ૭
મન મધુકર વર કર જોડી કહે, પદરજ નિકટ નિવાસ, જિનેશ્વર;
ઘનનામી 'આનંદઘન' સાંભળો, એ સેવક અરદાસ, જિનેશ્વર. ધર્મ૦ ૮

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ–મલ્હાર; ચતુર ચોમાસું પડિકમી–એ દેશી)

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કેમ જાણીએ, કહો મન કિમ પરખાય રે ? શાંતિ૦ ૧
ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવરદેવ રે;
તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાંતિ૦ ૩
આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, સુચી અનુભવાધાર રે. શાંતિ૦ ૪
શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવી પરિહરે, ભજે સાત્ત્વિક સાલ રે. શાંતિ૦ ૫
ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાંતિ૦ ૬
વિધિ-પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. શાંતિ૦ ૭
દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગસામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮
માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે
વંદક-નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાંતિ૦ ૯
સર્વ જગજંતુને સમ ગણે, ગણે તૃણ-મણિ ભાવ રે;
મુક્તિ-સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. શાંતિ૦ ૧૦
આપણો આતમભાવ જે, એક ચેતના ધાર રે;
અવર સવી સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦ ૧૧
પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાંતિ૦ ૧૩
શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર-રૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાંતિ૦ ૧૪
શાંતિસરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'આનંદઘન' પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાંતિ૦ ૧૫

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

(રાગ–ગુર્જરી તથા રામકલી; અંબર દેહુ મુરારિ હમારો–એ દેશી)

કુંથુજિન! મનડું કિમહી ન બાઝે, હો કુંથુજિન! મનડું૦
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો. કુંથુ૦ ૧
રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
'સાપ ખાય ને મુખડું થોથું,' એહ ઉખાણો ન્યાય હો. કુંથુ૦ ૨
મુગતિ તણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કુંથુ૦ ૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણી પરે વાંકું હો. કુંથુ૦ ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહિ;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ૦ ૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુન-નર-પંડિતજન સમજાવે, સમજે ન મારો સાલો હો. કુંથુ૦ ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો. કુંથુ૦ ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કુંથુ૦ ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
'આનંદઘન' પ્રભુ! માહરું આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ૦ ૯

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

[ધર્મ]

(રાગ–પરજીઓ મારુ : ઋષભવંશ રયણાયરો–એ દેશી)
(એક પ્રતમાં ઋષભવંશ રયણાયરો–એ દેશી એમ લખેલ છે)

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધરમ૦ ૧

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જે પડે, તે પરસમય નિવાસ રે. ધરમ૦ ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ૦ ૩

ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દિજીએ, એક જ કનક અભંગ રે. ધરમ૦ ૪

દર્શન જ્ઞાન ચરણ થકી; અલખ સ્વરૂપ અનેક રે;
નિરવિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ૦ ૫

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ૦ ૬

વ્યવહારે લખ દોહિલો, કોઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધરમ૦ ૭

એક પખી લખ પ્રીતની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તમે ગ્રહી હાથ રે. ધરમ૦ ૮

ચક્રી ધરમતીરથતણો, તીરથફળ તતસાર રે;
તીરથ સેવે તે લહે, 'આનંદઘન' નિરધાર રે. ધરમ૦ ૯

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

[ અઢાર દૂષણો ]

( રાગ–કાફી; સેવક કિમ અવગુણીએ–એ દેશી )

સેવક કિમ અવગણીએ, હો મલ્લિ જિન ! એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મલ્લિ૦ ૧

જ્ઞાનસુરૂપ અનાદી તુમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી. હો મલ્લિ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;
નિદ્રા સુપનદશા રીસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦ ૩

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણિ ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મલ્લિ૦ ૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગપરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા. હો મલ્લિ૦ ૬
વેદોદય કામા પરિણામા, કામ્યક રસ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસસાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મલ્લિ૦ ૭
દાનવિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભવિઘન જગવિઘન નિવારક, પરમ લાભ રસ માતા. હો મલ્લિ૦ ૮
વીર્યવિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મલ્લિ૦ ૯
એ અઢાર દૂષણ વરજિત તનું, મુનિજનવૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન આયા. હો મલ્લિ૦ ૧૦
ઈણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહિર નજરથી, 'આનંદઘન' પદ પાવે. હો મલ્લિ૦ ૧૧

## ૨૦. મુનિસુવ્રત જિન સ્તવન

[ આત્મતત્ત્વ ]

( રાગ—કાફી, આઘા આમ પધારો પૂજ્ય—એ દેશી )

મુનિસુવ્રત જિનરાજ, એક મુજ વિનતિ નિસુણો. (ટેક)
આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમળ, ચિત્તસમાધિ નવિ લહિયો. મુનિ૦ ૧
કોઈ અબંધ આતમતત માને, કિરિયા કરતો દીસે;
કિરિયાતણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુનિ૦ ૨
જડ-ચેતન એ આતમ એક જ, સ્થાવર-જંગમ સરિખો;
સુખ-દુઃખ-સંકર દૂષણ આવે, ચિત્ત વિચાર જો પરિખો. મુનિ૦ ૩
એક કહે નિત્ય જ આતમતત, આતમદરસણ લીનો;
કૃતિવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુનિ૦ ૪
સૌગતમતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ સુખ-દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુનિ૦ ૫
ભૂત ચતુષ્ક વર્જિત આતમતત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુનિ૦ ૬

એમ અનેક વાદી મતવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્તસમાધ તે માટે પૂછું, તુમ વિણુ તત કોઈ ન કહે. મુનિ૦ ૭
વળતું જગગુરુ ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી. મુનિ૦ ૮
આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણુમેં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુનિ૦ ૯
જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તતજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહીએ. મુનિ૦ ૧૦

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ–આશાઉરી; ધન ધન સંપ્રતિ રાજા સાચો–એ દેશી.)

ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરશન આરાધે રે. ષડ્૦ ૧
જિન સુરપાદપ પાય વખાણો, સાંખ્ય–જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ષડ્૦ ૨
ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક આલંબન ભજીયે, ગુરુમુખથી અવધારી રે. ષડ્૦ ૩
લોકાયતિક કૂખ જિનવરની, અંશવિચાર જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે? ષડ્૦ ૪
જૈન જિનેશ્વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્૦ ૫
જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે; ષડ્૦ ૬
જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષડ્૦ ૭
ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમયપુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે. ષડ્૦ ૮
મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયાઅવંચક ભોગે રે. ષડ્૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિળે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે. ષડ્૦ ૧૦
તે માટે ઊભો કર જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો, જિમ 'આનંદઘન' લહીએ રે. ષડ્૦ ૧૧

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ મારૂણી; વણરા ઢોલા–એ દેશી.)

અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ રે, મનરા વાલા.
મુગતિ-સ્ત્રી શું આપણે રે, સગપણ કોઈ ન કામ. મન૦ ૧
ઘર આવો હો વાલિમ! ઘર આવો, મારી આશાના વિસરામ; મન૦
રથ ફેરો હો સાજન! રથ ફેરો, મારા મનરા મનોરથ સાથ. મન૦ ૨
નારી પખો સ્યો નેહલો રે, સચ્ચ કહે જગનાથ; મન૦
ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મન૦ ૩
પશુજનની કરુણા કરી રે, આણી રૂદય વિચાર; મન૦
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર. મન૦ ૪
પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો યોગ ધતુર; મન૦
ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર. મન૦ ૫
મારું તો એમાં કહીં નહિ રે, આપ વિચારો રાજ; મન૦
રાજસભામાં બેસતાં રે, કિસડી વધસી લાજ. મન૦ ૬
પ્રેમ કરે જગજન સહુ રે, નિરવાહે તે ઓર; મન૦
પ્રીત કરીને છોડી દે રે, તેહું ન ચાલે જોર. મન૦ ૭
જો મનમાં એહવું હતું રે, નિસપતિ કરત ન જાણ; મન૦
નિસપતિ કરીને છાંડતાં રે, માણસ હુવે નુકસાન. મન૦ ૮
દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ; મન૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મન૦ ૯
સખી કહે એ સામળો રે, હું કહું લક્ષણ સેત; મન૦
ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મન૦ ૧૦
રાગીશું રાગી સહુ રે, વૈરાગી શો રાગ; મન૦
રાગ વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. મન૦ ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો જાણે લોગ; મન૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મન૦ ૧૨
જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જુવો રાજ; મન૦
એક વાર મુજને જુવો રે, તો સીઝે મુજ કાજ. મન૦ ૧૩
મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મન૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મન૦ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મન૦
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મન૦ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર; મન૦
ધારણ પોષણ તારણો રે, નવ રસ મુગતાહાર. મન૦ ૧૬
કારણ રૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ—અકાજ; મન૦
કૃપા કરી મુજ દીજીએ રે, 'આનંદઘન' પદ રાજ. મન૦ ૧૭

# પુરવણી

## ૨૩. (૧) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ સારંગ; રસિયાની દેશી.)

ધ્રુવપદ રામી હો સ્વામી હમારા, નિઃકામી ગુણરાય, સુગ્યાની;
નિજગુણ કામી હો પામી તું ધણી, આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧
સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે, પર પરિણમન સ્વરૂપ; સુ૦
પર રૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ ધ્રુ૦ ૨
જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ; સુ૦
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો ખેમ. સુ૦ ધ્રુ૦ ૩
પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર ક્ષેત્રે થયું જ્ઞાન; સુ૦
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યો, નિર્મળતા ગુણમાન. સુ૦ ધ્રુ૦ ૪
જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે થાય; સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫
પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ૦
આત્મચતુષ્કમયી પરમાં નહિ, તો કિમ સહુનો રે જાણ. સુ૦ ધ્રુ૦ ૬

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત; સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જળ દષ્ટાંત સુ૦ ધ્રુ૦ ૭
શ્રી પારસ જિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ નાંહિ; સુ૦
પૂરણ રસિયો હો નિજ ગુણ પરસમાં, 'આનંદઘન' મુજ માંહી સુ૦ ધ્રુ૦ ૮

## ૨૩ (૨) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(શાન્તિ જિન એક મુજ વિનતિ—એ દેશી).

પાસ જિન તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;
તુઝ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોય રે. પાસ૦ ૧
મુઝ પ્રવચન પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે;
વિવહારે લખી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ લોય રે. પાસ૦ ૨
બંધન મોખ નહિ નિશ્ચયે, વિવહારે ભજ દોય રે;
અખંડિત અબાધિત સોય કદા, નિત અબાધિત સોય રે. પાસ૦ ૩
અન્વય હેતુ વ્યતિરેકથી, અંતરો તુઝ મુઝ રૂપ રે;
અંતર મેટવા કારણે, આત્મ સ્વરૂપ અનૂપ રે. પાસ૦ ૪
આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ ન એક રે;
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે. પાસ૦ ૫
ધરમી ધરમથી એકતા, તેહ મુજ રૂપ અભેદ રે;
એક સત્તા લખ એકતા, કહે તે મૂઢમતિ ખેદ રે. પાસ૦ ૬
આતમધરમ અનુસરી, રમે જે આતમરામ રે;
'આનંદઘન' પદવી લહે, પરમ આતમ તસ નામ રે. પાસ૦ ૭

## ૨૩ (૩) શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત
### શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(કહણી કરણી તુજ વિણુ સાચો કોઈ ન દેખ્યો જોગી—એ દેશી.)

પાસ પ્રભુ પ્રણમું શિર નામી, આતમગુણ અભિરામી રે;
પરમાનંદે પ્રભુતા પામી, કામિતદાય અકામી રે. પાસ૦ ૧
ચોવીશીમાં થે તેવીસા, દૂરી કર્યા તેવીસા રે;
ટાળ્યા જેણે ગતિ-થિતિ ચોવીસા, આયુ ચતુષ્ક પણવીસા રે. પાસ૦ ૨

લોહ કુધાતુ કરે જે કંચન, તે પારસ પાષાણો રે;
નિર્વિવેક પણિં તુમચે નામે, એ મહિમા સુપ્રમાણો રે. પાસ૦ ૩
ભાવે ભાવનિક્ષેપે મિલતા, ભેદ રહે કિમ જાણો રે,
તાને તાન મિલે સ્યો અંતર, એહવો લોક ઉખાણો રે. પાસ૦ ૪
પરમ સરૂપી પારસરસસું, અનુભવ પ્રીતિ લગાઈ રે;
દોષ ટલે હોય દૃષ્ટિ સુનિર્મળ, અનુપમ એહ ભલાઈ રે. પાસ૦ ૫
કુમતિ ઉપાધિ કુધાતુને તજીએ, નિરૂપાધિક ગુણ ભજીએ રે;
સોપાધિક સુખદુઃખ પરમારથ, તેહ લહે નવી રજીએ રે. પાસ૦ ૬
જે પારસથી કંચન જાચું, તેહ કુધાતુ ન હોવે રે;
તેમ અનુભવ-રસ ભાવે ભેદ્યો, શુદ્ધ સરૂપે જુવે રે. પાસ૦ ૭
વામનંદન ચંદન શીતલ, દર્શન જાસ વિભાસે રે;
'જ્ઞાનવિમળ' પ્રભુતા ગુણ વાધે, પરમાનંદ વિલાસે રે. પાસ૦ ૮

## ૨૪ (૧) શ્રી આનંદઘનજીનું કહેવાતું
## શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ–ધન્યાસરી)

શ્રી વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જિત નગારૂં વાગ્યું રે. વીર૦ ૧
છઉમથ્થ વીરજ લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મથૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વીર૦ ૨
અસંખ્ય પ્રદેશે વીર્ય અંસખે, યોગ અંસખિત કંખે રે;
પુદ્ગળગણ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વીર૦ ૩
ઉત્કૃષ્ટે વીરજને વેસે, યોગક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વીર૦ ૪
કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
સૂરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે. વીર૦ ૫
વીરપણું તે આતમ-ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજધ્રુવપદ પહિચાણે રે. વીર૦ ૬
આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે.
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, 'આનંદઘન' પ્રભુ જાગે રે. વીર૦ ૭

## ૨૪. (૨) શ્રી આનંદઘનજીનું કહેવાતું
## શ્રી મહાવીર જિન સ્તવન

( પંથડો નિહાળું રે બીજા જિનતણો—એ દેશી. )

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું, ભાવું કેમ સ્વરૂપ?
સાકારી વિણુ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ. ચરમ૦ ૧
આપ સરૂપે રે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;
અસંખ ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ. ચરમ૦ ૨
સુખમ નામકરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત;
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત ચરમ૦ ૩
રૂપ નહિ કંઇયે બંધન ઘટયું રે, બંધ ન મોક્ષ ન કોય;
બંધ મોખ વિણુ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય? ચરમ૦ ૪
દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહે રે, સત્તા વિણુ સ્યો રૂપ?
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સરૂપ. ચરમ૦ ૫
આતમતા પરિણુતિ જે પરિણુમ્યા રે, તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણુ મારા રૂપનું રે, ધ્યાવું વિધ પ્રતિષેધ. ચરમ૦ ૬
અંતિમ ભવગહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;
તઇએ 'આનંદઘન' પદ પામશું રે, આતમરૂપ અનૂપ. ચરમ૦ ૭

## ૨૪ (૩) શ્રી જ્ઞાનવિમળસૂરિવિરચિત
## શ્રી મહાવીર જિન સ્તવન

( રાગ મારૂણી ધનશ્રી; ગિરિમાં ગોરો ગિરૂઓ મેરૂ ગિરિ ચઢો રે—એ દેશી. )

કરુણા-કલ્પલતા શ્રી મહાવીરની રે, ત્રિભુવન મંડપમાંહિ પસારી રે;
મીસરી રે પરે મીઠી અભયે કરી રે. ૧

શ્રી જિન આણા ગુણ ઠાણે આરોપતાં રે, વિરતિતણે પરિણામ પવને રે;
અવને રે અતિહિ અમાય સભાવ રે. ૨

સર્વ સંવર ફલે ફલતી મિલતી અનુભવે રે, શુદ્ધ અનેકાંત પ્રમાણે ભલતી રે;
દલતી રે સંશય-ભ્રમના તાપને રે. ૩

ત્રિવિધ વીરતા જેણે મહાવીરે આદરી રે, દાન-યુદ્ધ-તપ રૂપ અભિનવ રે;
ભવોભવિ રે દ્રવ્ય-ભાવથી ભાષી રે. ૪

હાટક કોડિ દેઈ દારિદ્ર નસાડીઉં રે, ભાવે અભયનું દાન દેઈ રે;
કેઈ રે લેઈને સુખીઆ થયા રે. ૫

રાગાદિક અરિ મૂલ થકી ઉખેડીઆ રે, લડી સંયમ–રણરંગ રોપી રે;
ઓપી રે જિણે આપ કલા નિરાવરણની રે. ૬

નિરાશંસ વળી શિવસુખ હેતુ ક્ષમા ગુણે રે, તપ તપીઆ જિણે એમ આપે રે;
થાપે રે વર પંડિત વીર્ય વિનોદથી રે. ૭

દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિવિધની વીરતા રે, મહાપદ શોભિત ભાવી ભાસે રે;
વાસે રે ત્રિભુવન જનમન ભાયાણા રે. ૮

વીર ધીર કોટિર કૃપારસનો નિધિ રે, પરમાનંદ પયોદ વ્યાપે રે;
આપે રે નિજ સંપદ ફળ યોગ્યતા રે. ૯

બંધ ઉદય સત્તાદિક ભાવાભાવથી રે, ત્રિવિધ વીરતા જાસ જાણી રે;
આણી રે ત્રિપદીરૂપે ગણધરે રે. ૧૦

ઠાણુગ જાણુગ ગુણઠાણુક ત્રિહું વિધે રે, કાઢયા જેણે ત્રિદોષ પોષો રે;
શોષો રે રોષ-તોષ કીધા તુમે રે. ૧૧

સહજ સ્વભાવ સુધારસ સેચનવૃષ્ટિથી રે, ત્રિવિધ તાપનો નાશ હોવે રે;
જોવે રે ત્રિભુવન ભાવ સભાવથી રે. ૧૨

'જ્ઞાનવિમલ' ગુણગણમણિરોહણ ભૂધરા રે, જય જય તું ભગવાન નાયક રે;
દાયક રે અખય અનંત સુખનો સદા રે. ૧૩

